


# ભાવના ભવ નાશિનિ

મુનિરાજ શ્રી અરુણવિજયજી મહારાજ



**પ.પૂ. મુનિરાજ શ્રી અરૂણવિજયજી મહારાજ**
(રાષ્ટ્રભાષારત્ન—વર્ધા, સાહિત્યરત્ન-પ્રયાગ)
(ન્યાય દર્શન શાસ્ત્રી—મુંબઈ)

શ્રી રાતામહાવીર પ્રાચીન તીર્થ સમીપ બિજાપુર (પાલી-રાજસ્થાન)ના પ્રસિદ્ધ શ્રી ચંદુલાલ ખુશાલચંદ ઝવેરી પરિવારના રત્નકુક્ષી તપસ્વીનિ અ.સૌ. શાન્તાબ્હેન ગુલાબચંદ જૈનના તેજસ્વી આ નબીરાએ ભરયુવાનીના ૧૮મા વર્ષે મહાભિનિષ્ક્રમણના પંથે પ્રયાણ કરી પવિત્ર ચારિત્ર સ્વીકારી અણગારી સાધુ બન્યા.

ન્યાય-દર્શન-સાહિત્ય ક્ષેત્રે વિવિધ ભાષાઓમાં **ઉત્તમ અભ્યાસ** કરી શિક્ષણ ક્ષેત્રે માન્ય વિવિધ ઉપાધિઓ પ્રાપ્ત કરતા પૂજ્ય શ્રી **સ્વ-પર શાસ્ત્ર** જ્ઞાતા છે. મહારાષ્ટ્ર અને ગુજરાતની ધરતી પર વિચરતા અનેક ભવ્યાત્માઓને ધર્મ પમાડતા, યુવાનોને ધર્મ માર્ગે જોડતા આત્મકલ્યાણના નિસ્પૃહ સાધક છે.

બહુમુખી પ્રતિભા ધરાવતા તેઓ શ્રી સંસ્કૃત પણ્ડિત પરિષદ, ચર્ચા સત્રોના આયોજન તથા વિદ્યાર્થી આલમના કાયાકલ્પસમાં જીવનોદ્ધારનું ભગીરથ કાર્ય તેઓશ્રી શિબિરો યોજીને કરે છે.

તત્ત્વચિંતક પુજ્ય મુનિશ્રી મૌલિક તત્ત્વચિંતનને સચિત્રરૂપે સરલ-સચોટ અને મધુરશૈલીમાં પ્રવચનો આપતા જૈન સમાજના પ્રસિદ્ધ વક્તા છે. અનેક ગુમરાહ યુવાનોના માર્ગદર્શક, જીવન ઘડવૈયા પૂજ્યશ્રી સ્વ. શાસ્ત્રવિશારદ જૈનાચાર્યશ્રી વિજય ધર્મસૂરીશ્વરજી મ. ના પટ્ટધર સ્વ. આચાર્યદેવશ્રી વિજયભક્તિસૂરીશ્વરજી મ. ના પ્રશિષ્ય તરીકે મીઠી સુવાસ ધરાવે છે.

ચાતુર્માસિક રવિવારીય શ્રીમહાવીર જૈન શિક્ષણ શિબિર




પ્રમોદ

સંચાલક: શ્રી મહાવીર વિદ્યાર્થી કલ્યાણ કેન્દ્ર

રવિવારીય સચિત્ર જાહેર વ્યાખ્યાનમાળા-વડોદરા

# ભાવના ભવનાશિનિ

પ્રવક્તા: પરમપૂજ્ય મુનિરાજશ્રી અરુણવિજયજી મહારાજ

શ્રી આત્માનંદ જૈન ઉપાશ્રય, ઘડિયાળી પોળ, જાની શેરી, વડોદરા નગરે-વિ. સં. ૨૦૩૯ (ઇ. સ. ૧૯૮૩)માં **પૂ. મુનિરાજ શ્રી અરૂણ-વિજયજી મહારાજ**ના ચાતુર્માસ દરમ્યાન શ્રી સમસ્ત વડોદરા જૈન શ્વે. મૂર્તિ સંઘ શિબિરઆયોજન સમિતિ દ્વારા આયોજિત ચાતુર્માસિક ૧૬ રવિવારીય "**શ્રી મહાવીર જૈન શિક્ષણ શિબિર**" માં ભાવના યોગ સંબંધી અપાયેલ "**સચિત્ર જાહેર વ્યાખ્યાનમાળા**" "**ભાવના ભવનાશિનિ**" વિષયક પ્રવચન શ્રેણિની સંકલિત પુસ્તિકા.......

* પુસ્તકનું નામ – " ભાવના ભવનાશિનિ " વડોદરા ચાતુર્માસ-
ની ૧૬ રવિવારીય સચિત્ર જાહેર વ્યાખ્યાન માળાની
સંકલિત પુસ્તિકા.

* શ્રી મહાવીર જૈન સાહિત્ય પ્રકાશન પુષ્પ–નં. ૬.

* વ્યાખ્યાતા– પ. પૂ. મુનિરાજ શ્રી અરૂણવિજયજી મહારાજ
* અવતરણકાર – પ પૂ. સા. શ્રી ઓંકારશ્રીજી મ.ની શિષ્યા
પ. પૂ. સા. શ્રી જયન્તપ્રભા શ્રીજી મ. આદિ
સાધ્વીજી મહારાજ.

* પ્રકાશક – શ્રી સમસ્ત વડોદરા જૈન શ્વે. મૂર્તિ સંઘ શિબિર
આયોજન સમિતિ, શ્રી આત્માનંદ જૈન ઉપાશ્રય,
જાનીશેરી, વડોદરા – ૩૯૦ ૦૦૧.

* સંચાલક સંસ્થા– શ્રી મહાવીર વિદ્યાર્થી કલ્યાણ કેન્દ્ર (મુંબઈ)
સંચાલિત – શ્રી મહાવીર જૈન શિક્ષણ શિબિર.

* પ્રથમ આવૃત્તિ – પ્રતિ–૩૦૦૦
* વીર સં. ૨૫૦૯ વિ. સં. ૨૦૩૯ ઈ. સ. ૧૯૮૩

કિંમત→ રૂા. ૨૫–૦૦

* મુદ્રક – બિન્દુ પ્રિ. પ્રેસ, પટેલ એસ્ટેટ, વડોદરા–૩૯૦ ૦૦૪.

* પ્રાપ્તિસ્થાન –

૧ શ્રી આત્માનંદ જૈન ઉપાશ્રય, ઘડિયાળી પોળ–જાનીશેરી, વડોદરા–૧
૨ શ્રી મહાવીર વિદ્યાર્થી કલ્યાણ કેન્દ્ર, ૩૯ વસન્ત વિલાસ, બીજે માળે,
ડૉ. ડી. ડી. સાઠે માર્ગ, વી. પી. રોડ, પ્રાર્થના સમાજ, મુંબઈ–૪.
૩ શ્રી મહાવીર જૈન સાધર્મિક કલ્યાણ કેન્દ્ર, રમણસ્મૃતિ, બીજે માળે,
૨૩૫, વી. પી. રોડ, પ્રાર્થના સમાજ, મુંબઈ–૪૦૦ ૦૦૪.
૪ સાગર પ્રિન્ટર્સ – પાદશાહની પોળ, પરબડી સામે, મોદીનું ડહેલું,
રીલીફ રોડ, અમદાવાદ–૩૮૦ ૦૦૧.
૫ પાર્શ્વ પ્રકાશન – નિશાપોળનાકા ઝવેરીવાડ, રીલીફ રોડ, અમદાવાદ.
૬ સરસ્વતી પુસ્તક ભંડાર – રતનપોળ, હાથીખાના, અમદાવાદ.

# વિષયાનુક્રમણિકા.....


| વ્યાખ્યાન નં. | વિષય | ભાવના | પૃષ્ઠ |
|---|---|---|---|
| | દાતાઓની નામાવલી | | ૪ |
| | પ્રસ્તાવના—શ્રી કિરણભાઈ | | ૬ |
| | અવતરણકારના બે બોલ—સા. શ્રી ઓંકારશ્રીજી મ. | | ૮ |
| | ભાવના યોગમાં પ્રવેશ—ઉપોદ્દ્ધાત—અરૂણવિજયજી મ. | | ૧૦ |
| | એક યશસ્વી ચાતુર્માસ.... | | ૩૧ |
| વ્યાખ્યાન નં. ૧ | ભાવના ભવનાશિનિ | ... | ૧ થી ૩૨ |
| ,, નં. ૨ | વિશ્વના વિનાશી અવિનાશી ભાવો | અનિત્ય | ૧ થી ૩૨ |
| ,, નં. ૩ | તુજ વિણ શરણ અવર ન કોય | અશરણ | ૧ થી ૩૨ |
| ,, નં. ૪ | સંસાર ભાવના | ...સંસાર | ૧ થી ૪૬ |
| ,, નં. ૫ | એકલો રે આવ્યો—એકલો... રે જવાનો | એકત્વ | ૧ થી ૩૨ |
| ,, નં. ૬ | તુમ નહીં કેરા...કોઈ નહીં તેરા | અન્યત્વ | ૧ થી ૪૦ |
| ,, નં. ૭ | કયા તનમાંજતારે... એક દિન મિટ્ટિમે | અશુચિ | ૧ થી ૫૦ |
| ,, નં. ૮ | શુભાશુભ કર્મોનો આશ્રવ | આશ્રવ | ૧ થી ૪૪ |
| ,, નં. ૯ | પાપને અટકાવવાના ઉપાયો | સંવર | ૧ થી ૩૬ |
| ,, નં. ૧૦ | કર્મક્ષયાર્થે—"નિર્જરા" | નિર્જરા | ૧ થી ૪૬ |
| ,, નં. ૧૧ | લોકસ્વરૂપ ભાવના | લોકસ્વરૂપ | ૧ થી ૫૪ |
| ,, નં. ૧૨ | પરમ દુર્લભ સમ્યકત્વ રત્ન | બોધિદુર્લભ | ૧ થી ૪૪ |
| ,, નં. ૧૩ | ધર્મનું સ્વરૂપ અને મહિમા | ધર્મસ્વાખ્યાત | ૧ થી ૪૬ |
| ,, નં. ૧૪ | જીવમાત્ર પ્રત્યે મૈત્રી | મૈત્રી | ૧ થી ૪૦ |
| ,, નં. ૧૫ | ગુણાનુરાગી પ્રમોદ ભાવના | પ્રમોદ | ૧ થી ૫૦ |
| ,, નં. ૧૬ | સર્વ દુઃખ વિનાશિનિ કરુણા ભાવના | કરુણા | ૧ થી ૩૪ |
| ,, નં. ૧૭ | માધ્યસ્થ ભાવના | માધ્યસ્થ | ૧ થી ૩૮ |

# વ્યાખ્યાન પુસ્તિકાઓ છપાવનાર દાનવીર દાતાઓ

વ્યા. નં. ૧—શ્રી ચંદ્રકાન્તભાઈ, તથા પ્રવિણભાઇ મહેતા
(મેટ્રો પ્રિન્ટીંગ હાઉસ)

વ્યા. નં. ૨—શ્રી નવીનચંદ્ર (બાબુભાઈ) રણછોડલાલ ઝવેરી
(અલંકાર પ્રિન્ટર્સ)

વ્યા. નં. ૩—શ્રી કચ્છી અચલગચ્છ જૈન સંઘ, ભાલેરાવ ટેકરા, વડોદરા.

વ્યા. નં. ૪—શ્રી લક્ષ્મી મેટલ ડિસ્ટ્રીબ્યુટર્સ, વાઘેલા પરિવાર, વડોદરા

વ્યા. નં. ૫—સંઘવી પ્રતાપચંદ વકતાજી ગાંધી, (ગાંધી જ્વેલર્સ), વડોદરા.

વ્યા. નં. ૬—વકીલ શાન્તિલાલ ન્યાલચંદ ગાંધી પરિવાર, વડોદરા.

વ્યા નં. ૭—શ્રીમતિ લક્ષ્મીબેન રતીલાલ શાહ (ખાદીવાળા), વડોદરા.

વ્યા. નં. ૮—શ્રીમતિ કંચનબેન લલ્લુભાઇ શાહ (ખાદીવાળા), વડોદરા.

વ્યા. નં. ૯—શ્રી શાહ મોહનલાલ તથા પ્રાણલાલ ભવાનીદાસ સોપારીવાળા, વડોદરા.

વ્યા. નં. ૧૦—શ્રી નંદલાલ વિઠ્ઠલદાસ ડગલી પરિવાર, વડોદરા.

વ્યા. નં. ૧૧—શ્રી વર્ધમાન સહકારી બેંક લિમિટેડ, કોઠીપોળ, રાવપુરા, વડોદરા.

વ્યા. નં. ૧૨—શ્રી પાનાચંદ ખેમચંદ ગાંધી (વૈભવવાળા), વડોદરા.

વ્યા નં. ૧૩—શ્રી મુક્તિકમલ જૈન, મોહન જ્ઞાનમંદિર, કોઠીપોળ સંઘ, વડોદરા

વ્યા. નં. ૧૪—મનુભાઈ તથા અશ્વીનભાઈ સોભાગચંદ શાહ (અશ્વીન પેટ્રોલિયમ)

વ્યા. નં. ૧૫—શેઠ શ્રી વ્રજલાલ ભૂખણદાસ શાહ (જેલવાળા પરિવાર), વડોદરા.

વ્યા. નં. ૧૬—શ્રી મુકિતકમલ જૈન મોહન જ્ઞાન મંદિર, કોઠીપોળ સંઘ, વડોદરા.

વ્યા. નં. ૧૭—શ્રી સમસ્ત વડોદરા જૈન શ્વે. મૂર્તિપૂજક સંઘ શિબિર આયોજન સમિતિ, વડોદરા.

શ્રી સમસ્ત વડોદરા જૈન શ્વે. મૂર્તિપૂજક સંઘના ઉપરોકત ભાગ્યશાળી દાનવીર દાતાઓનો આ પુસ્તિકાના પ્રકાશમાં ઉદાર સહયોગ સાપડયો તે બદલ આભાર.

# ચાતુર્માસિક ૧૬ રવિવારીય શ્રી મહાવીર જૈન શિક્ષણ શિબિરમાં શિબિરના જમણવારમાં લાભ લેનાર

## —ભાગ્યશાળીઓ—

શિબિર ૧. પારસ બિલ્ડર્સ, હ. ઉમાકાન્ત ચંદુલાલ સરૈયા તથા ઉમાકાન્ત ડાહ્યાભાઈ શાહ.

,, ૨. શાહ ભુવનકુમાર બાપુલાલ, જયંતિલાલ નાથાલાલ કોઠારી તથા નરેન્દ્રકુમાર ગુલાબચંદ ઝવેરી.

,, ૩. એપેક્ષ ડ્રાયફ્રૂટસ તથા દીનેશચન્દ્ર ચંદુલાલ શાહ.

,, ૪. નીઝામપુરા જૈન સંઘ તથા પારસ મેટલ વર્કસ.

,, ૫. ભોગીલાલ પ્રભુદાસ વડતાલવાલા તથા હંસકુમાર ભોગીલાલ ઝવેરી.

,, ૬. બરોડા ઓટોમોબાઈલ્સ હ. ચંદુલાલ પ્રભુદાસ શાહ તથા શાન્તિલાલ બાપુલાલ શાહ

,, ૭. વૈદ્ય કુટુંબ તથા મહેન્દ્રભાઈ શાન્તિલાલ ગાંધી.

,, ૮. ચીમનલાલ ત્ર્યંબકલાલ શાહ ધંધુકાવાલા

,, ૯. રંગીલદાસ છગનલાલ શાહ, મણીલાલ બાપુલાલ શાહ તથા તારાબેન વાડીલાલ શાહ

,, ૧૦. શાહ નાનાલાલ ભવાનીદાસ સોપારીવાળા, વસંતલાલ બાપુલાલ શાહ.

,, ૧૧. રમણલાલ રતીલાલ ઝવેરી, ઈન્દુલાલ અમથાલાલ ગાંધી તથા શાહ ભોગીલાલ મોહનલાલ (મહાવીર ટ્રેડર્સ).

,, ૧૨. શાહ રમણલાલ સુરજમલ, શાહ મહેન્દ્રભાઈ ગીરધરલાલ તથા કારેલીબાગ જૈન સંઘ.

,, ૧૩. શાહ રતીલાલ ચુનીલાલ સરારવાળા તથા મગનલાલ ગુલાબચંદ જૈન.

,, ૧૪. અજિતભાઈ મણીયાર તથા ભુવનકુમાર ચુનીલાલ શાહ.

,, ૧૫. શાહ ચંપાલાલ જેઠમલ, દેવીચંદ મોતીચંદ ઝાબક, ભિખમચંદજી ખીમાજી (રાજસ્થાન સ્ટોર્સવાલા) તથા કાનજી મનજીભાઈ (સાઢલીવાલા)

,, ૧૬. સંઘવી ચંપાલાલ કેસરીમલ, શા. આશકરણ નેમીચંદ, દલીચંદ કુઆજીની કું. ભીખાલાલ જવાનમલ (શાહ જિનેન્દ્ર કું.વાલા) તથા શિવલાલ ડી. શાહ.

આ ઉપરાંત સમસ્ત વડોદરા જૈન શ્વે. મૂર્તિપૂજક સંઘના વિવિધ સંઘો તથા ઉદાર દાનવીર ભાઈબહેનોએ નાનોમોટો ફાળો આપીને ઉદાર સહયોગ આપ્યો છે. તે બદલ સર્વેનો આભાર.

# પ્રસ્તાવના

— શ્રી કિરણભાઈ

શ્રી સૂત્રકૃતાંગ આગમમાં ફરમાવ્યું છે કે:

**भावनाजोग सुधप्पा, जले नावा व आहिया ।**
**नावा व तीर सम्पजा, सव्व दुक्खा ति अट्टइ ॥**

—જે આરાધકનો અંતરાત્મા ભાવના યોગથી વિશુદ્ધ થાય છે, તેનો આત્મા જલમાં રહેલી નૌકાસમાન સંસાર સાગરથી તરીને સર્વ દુ:ખોથી મુક્ત થઈ પરમ સુખને પ્રાપ્ત કરે છે.

ભાવના માનવ જીવનની એક અદ્‌ભુત શક્તિ છે. શુદ્ધ, પવિત્ર અને નિર્મળ ભાવના વડે જીવનનો વિકાસ કઈ રીતે કરવો તે સોળ (૧૨+૪) ભાવનાના નિરૂપણ દ્વારા પૂ. મુનિરાજ શ્રી અરૂણવિજયજી મહારાજશ્રીએ (વ્યાખ્યાતા અને લેખકશ્રીએ) પોતાના વ્યાખ્યાનોમાં સુંદર રીતે દર્શાવ્યું છે.

કહ્યું છે કે : **मंत्रे तीर्थे द्विजे देवे, दैवज्ञेभेषजे गुरौ ।**
**यादृशी भावना यस्य, सिद्धिर्भवति तादृशी ॥**

—મંત્રમા, તીર્થમાં, બ્રાહ્મણ પ્રત્યે, દેવતા પ્રત્યે, જ્યોતિષી પાસે, ઔષધ અને ગુરુ પ્રત્યે જેની જેવી ભાવના હોય છે તેવા પ્રકારની સિદ્ધિ મળે છે.

શ્રી આવશ્યક સૂત્રની ટીકામાં પૂ. શ્રી હરીભદ્રસૂરીજીએ ભાવનાની પરિભાષા જણાવતા કહ્યું છે કે–" भाव्यतेऽनेनेति भावना " જેના વડે મનને ભાવન કરવામાં આવે, સંસ્કારિત કરવામાં આવે તેને ભાવના કહે છે.

આયુર્વેદમાં કોઈક ઔષધને અધિક અસરકારક બનાવવા માટે તેને કોઈ રસમાં ડુબાડી રાખવામાં આવે છે, અથવા તે રસમાં ઘુંટવામાં આવે છે ત્યારે તે ઔષધને તે રસની ભાવના આપી એમ કહે છે. જો આમળાના રસમાં પાંચ વાર ઘુંટવામાં આવે તો તેને પાંચ ભાવના આપી એમ

કહેવાય છે. આ જ નિયમને માનસિક અધ્યવસાયમાં લઈએ તો મનને જે પ્રકારના ભાવોના રસમાં વારંવાર ડુબાડી રાખવામાં આવે, સંસ્કારિત કરવામાં આવે તે ભાવોની, વિચારોની અસર મન પર દૃઢ થતી જાય છે, માટે સમ્યકત્વની ચાર ભાવના અને વૈરાગ્યની બાર ભાવનાનું સેવન વારંવાર કરવાનું કહ્યું છે. તેથી પવિત્ર ભાવનાઓ વડે મનને પવિત્ર બનાવી શકાય છે.

પૂ. શ્રી હરીભદ્રસૂરિજીએ ભાવનાને "વાસના" પણ કહી છે. જે વડે મનને વાસિત કરવું, સંસ્કારિત કરવું તે વાસના છે, મહાયોગીશ્રી આનંદઘનજી કહે છે કે,

"તરતમ જોગે રે તરતમ વાસના, વાસિત બોધ આહાર"
પંથડો નિહાળું રે બીજા જિન તણો રે..."

વિશેષ સૂક્ષ્મ ભાવના વડે વાસિત થયેલું મન વિશેષ સૂક્ષ્ણ બોધ પ્રગટાવી શકે છે.

શ્રી અનુયોગ દ્વાર સૂત્રની ટીકામાં ભાવનાની એક ઉપયોગી પરિભાષા પ્રાપ્ત થાય છે— "**अव्यवच्छिन्न पूर्व पूर्वतर संस्कारस्य पुनः पुनस्तदनुरूपा भावनेति**" —પૂર્વથી પૂર્વતર એટલે સંસ્કારોનો અસ્ખલિત ધારાપ્રવાહ હોય તથા આ ધારાપ્રવાહને કાર્યરૂપે-અનુષ્ઠાન રૂપે પરિણત કરવો એ ભાવના છે.

વારંવારના જે વિચારો વડે મન તદઅનુરૂપ ભાવિત થઈ જાય છે તે વિચારોની ધારા એ ભાવના છે.

ભાવનાના પુનઃપુનઃ અભ્યાસ વડે જ ધ્યાનની પાત્રતા પ્રાપ્ત થાય છે, અને તેથી વૈરાગ્યપ્રધાન બાર ભાવનાઓ મનોબળને સુદૃઢ બનાવવા માટે અનિવાર્ય છે. અને સમ્યકત્વની ચાર ભાવનાઓ મૈત્રી-આદિ દુર્ભાવોનું વિસર્જન કરવા માટે આવશ્યક છે.

પુસ્તિકારૂપે પ્રગટ થતાં ભાવના યોગના આ વ્યાખ્યાનો કોઈ પણ સાધકને જીવનમાં પરિવર્તન લાવવા માટે અવશ્ય ઉપયોગી થાય એ જ શુભેચ્છા

માઘ સુદ ૩, વિ. સં. ૨૦૪૦.
મરિન ડ્રાઈવ-મુંબઈ.

કિરણભાઈ

# અવતરણકારના બે બોલ

'ભાવના ભવ નાશિનિ' આપુસ્તકમાં સંસારી આત્માને સંયમી બનવા, રાગીને વિરાગી બનવા, બાર ભાવનાનું ખૂબ રોમાંચક સ્વરૂપનું વર્ણન કરવામાં આવ્યું છે. સંસારને છોડયા વિના ચાલે તેમ નથી. આ પુસ્તકનું મનન, ચિંતન કરવાથી અનુપમ અદ્વિતીય જ્ઞાનની પ્રાપ્તિ થશે, સાંસારને તિલાંજલી આપવાની રૂચિ જાગશે.

અનંતાનંત જન્મોની મુસાફરી કરતાં કરતાં, આત્મા અકામ નિર્જરા કરતા કરતા માનવ ગતિમાં આવ્યો. ચતુર્ગતિરૂપ સંસારની અપેક્ષાએ માનવ ગતિને વિશિષ્ટ ગણવામાં આવે છે. બાહ્ય રિદ્ધિ સિદ્ધિની અપેક્ષાએ, ભૌતિક સુખોની અપેક્ષાએ દેવગતિને ઉચ્ચ સ્થાન આપવામાં આવે છે પરંતુ આધ્યાત્મિક ક્ષેત્રમાં વિકાસ સાધવા માટે, શિવલક્ષ્મીને મેળવવા માટે માનવ જીવનનું મૂલ્યાંકન અતિ ઉચ્ચત્તમ છે. માનવ જીવન તે મોક્ષમાર્ગમાં પ્રયાણ કરવાનો રાજમાર્ગ છે' 'નેશનલ હાઇવે' છે. માનવ જીવન વિના મોક્ષ માર્ગમાં જવાતું નથી. માનવ મોક્ષ માર્ગનો સાધક છે. મોક્ષમાર્ગ તે સાધ્ય છે પરંતુ તે સાધ્યબિંદુને સાધવા માટે ધર્મરૂપ સાધનની અતિ આવશ્યકતા છે.

અનાદિ કાળથી સંસારમાં પરિભ્રમણ કરતાં જીવે ધર્મની પ્રાપ્તિ ઘણીવાર કરી પરંતુ જ્યાં સુધી ધર્મ આત્મપરિણત ન થયો હોય ત્યાં સુધી તે ધર્મ દ્રવ્યરૂપે પરિણમે છે. દ્રવ્ય ધર્મ તે પુણ્યનો બંધ કરાવે છે પરંતુ તે જ ધર્મ ભાવધર્મ રૂપે પરિણમે છે ત્યારે કર્મની નિર્જરાનો કારણ બની સકલ કર્મનો ક્ષય કરી મોક્ષમાર્ગને મેળવી શકે છે.

સમવસરણમાં બિરાજતાં શ્રી અરિહંત પરમાત્મા ચતુર્મુખે દેશના આપે છે, ચાર પ્રકારનો ધર્મ બતાવે છે. દાન, શીલ, તપ અને ભાવરૂપ ધર્મનું પ્રતિપાદન કરે છે. ભાવ ધર્મ વિના પ્રથમના ત્રણ ધર્મો તે એકડા વિનાના મીંડા જેવા છે, પાયા વિનાની ઈમારત જેવા છે. જ્ઞાનીઓએ જીવોને સંસારમાંથી તરવાના ઘણાં યોગો બતાવ્યા છે, તેમાં ભાવના યોગનું ખૂબ જ માહાત્મ્ય છે.

ભાવના યોગથી શું શું લાભ થાય છે? ભાવના યોગ તે સાંસારી જીવોના વિકાસ માટે અતિ ઉત્તમ યોગ છે. ભવનો રોગ દૂર કરવા,

ભવનો ભય નાશ કરવા ભાવના યોગની ખૂબ જરૂર છે. ભાવના, ચિંતન કે ધ્યાન આ બધામાં આત્માના અધ્યવસાયો, વિચારો જ કામ કરે છે. ધ્યાન બે પ્રકારનું છે : શુભ ધ્યાન અને અશુભ ધ્યાન છે. શુભ ધ્યાન, (ભાવથી) ભવનો નાશ થાય છે. અશુભ ધ્યાનથી, (ભાવથી) ભવની વૃદ્ધિ થાય છે.

ભાવનાયોગની મહાન સાધના તીર્થંકર પરમાત્મા પોતાના જીવનમાં 'સવિ જીવ કરૂં શાસન રસી એસી ભાવ દયા દિલમાં વસી'. આ ભાવના લઈને આવ્યા હોય છે. કેટલા મહાન યોગની સાધના છે. જે પરમાત્મા સકલ જીવોના દ્રવ્ય અને ભાવરોગના ચિકિત્સક છે, અહિંસાના સાક્ષાત પયગંબર છે. જીવનમાં જેવા થવાની કામના હોય તેવી ભાવના આવે છે.

વીતરાગ પરમાત્મા જ્યારે પોતાના ચરમ ભવમાં શરીરને ધારણ કરે છે ત્યારે પરમાત્માની કાયા અતિ નિર્મળ હોય છે. કાયામાં રહેલી સાત ધાતુઓમાં બિલકુલ વિકૃતિ હોતી નથી હેમચંદ્રાચાર્ય વીતરાગ સ્તોત્રમાં કહે છે કે હે પરમાત્મા! તારું મન જ કેવળ રાગ-મુક્ત થયું છે તેમ નથી, પરંતુ તારા શરીરમા રહેલ માંસ, રૂધિર વગેરે તે પણ ક્ષીરધારા એટલે કે દૂધની ધારા જેવું ઉજ્વળ છે. આ બનવામાં મુખ્ય કારણ પરમાત્માને જગતના સર્વ જીવો પ્રત્યે વાત્સલ્ય ભાવ છે તેના કારણે તેમના સંપૂર્ણ શરીરમાં રહેલી ધાતુઓ પણ ઉજ્વવળ બની છે.

પૂર્વ જન્મમાં વાવેલા ભાવના યોગના બીજના કારણે જ વસ્તુ પ્રાપ્ત થઈ છે. જેટલી ભાવના ઉત્તમ હશે તેટલો ભવનો નાશ જલદી થશે. ભાવનાનું ક્ષેત્ર અતિ વિશાળ અને વ્યાપક હોવું જોઈએ.

લાઈટનું બટન દબાવીએ અને લાઈટ ન થાય તો તેમાં જરૂર કાંઈક ખામી હોવી જોઈએ, તેવી રીતે ભાવના યોગની સાધના કરવા છતાં ભવનો રોગ નાશ ન પામે તો જરૂર ભાવના યોગમાં ત્રુટી છે. તેને શોધી કાઢવી જોઈએ.

'ભાવના ભવ નાશિનિ' પુસ્તક નાનું હોવા છતાં અર્થની ગંભીરતા વધારે છે. તેમાંથી જે આત્મા જે ભાવનાને મેળવવાની જિજ્ઞાસાવાળો હશે, તેને તે ભાવનાનું અવલંબન લેવું અને આત્મકલ્યાણ કરવું.

પોષ સુદ ૧૫, વિ. સં, ૨૦૪૦. સાધ્વીજી શ્રી ઓંકારશ્રીજી મહારાજ
મહિલા જૈન ઉપાશ્રય, સાધ્વીજી શ્રી જયન્તપ્રભાશ્રીજી મહારાજ
ઘડિયાળી પોળ, વડોદરા.

વ્યાખ્યાતા અને લેખક શ્રીની કલમે.................ઉપોદ્ઘાત

# ભાવનાયોગમાં પ્રવેશ .... ....

**–મુનિ અરૂણવિજય.**

અવસરે માલસામાન સાથે લઈને વેચવા નિકલેલા બે વ્યાપારી બીજા મુકામે એક વૃદ્ધા ડોશીના ઘરમાં પ્રવેશ્યા. " અતિથિ દેવો ભવ " ના ભાવથી ડોશીએ સ્વાગત કર્યું. ઘીના ડબ્બા વેચવા નિકળેલા વ્યાપારીને ઘરના ઓટલા ઉપર બહાર અને ચામડાનો ઢગલો તથા બૂટ-ચંપલવાલા વ્યાપારીને ઘરની અંદર ગાલીચા ઉપર એમ બન્નેને ડોશીમાંએ જમવા બેસાડયા. અંદરવાલાને ચાંદીના થાળમાં મિષ્ટાન્નાદિ જમાડયા અને બહારનાને પાંદડાની પત્રાવલમાં દાળભાત.

જમીને પોતાનો રસ્તો પકડીને મનમાં અટકળો વિચારતા બન્ને વ્યાપારી દૂર શહેરમાં પહોંચી પોતાનો માલસામાન વેચી કરીને સ્વદેશ પાછા ફર્યા. રસ્તામાં ફરીથી એ જ ડોશીમાંના ઘરે આવ્યા. અતિથિ-સત્કારના ભાવથી ડોશીએ બન્નેને જમાડવાની તૈયારી કરી. આ વખતે ઘીના વ્યાપારીને ઘરની અંદર ગાલીચા ઉપર બેસાડી મિષ્ટાન્નાદિથી ચાંદીની થાળીમાં, અને ચામડાના વ્યપારીને બહાર ઓટલે પત્રાવલમાં દાળભાત જમાડયા. પહેલાથી તદ્દન ઉલટું કર્યું.

બન્ને વ્યાપારી જમી રહ્યા. આ પ્રકારના માન-અપમાનના ભેદ-ભાવવાળા ડોશીમાંના અતિથિ–સત્કારના આશયને જાણવાના આશયથી પૂછ્યું, માજી ! તમે પહેલાં અને અત્યારે જુદીજુદી રીતે જમાડયા તેનું શું કારણ હશે ?

માજી–જુઓ ભાઈ ! ભાવનાની અસર ઘણી મોટી હોય છે. ખરાબ ભાવનાવાળાથી હું બહુ ડરૂં છું. રખે કયાંક એવી ખરાબ ભાવનાવાળાના વિચારો મને અસર ન કરી જાય...અને મારી આ પાછળની જિન્દગી ન બગડી જાય માટે..

* શ્રી મહાવીર વિદ્યાર્થી કલ્યાણ કેન્દ્રના પ્રેરક..........
* શ્રી મહાવીર જૈન સાધર્મિક કલ્યાણ કેન્દ્રના પ્રેરક.............
* શ્રી મહાવીર જૈન શિક્ષણ શિબિરના સુકાની..........
* " કર્મ તણી ગતિ ન્યારી "...ના વ્યાખ્યાતા...........



પ. પૂ. મુનિરાજ શ્રી અરુણવિજયજી મહારાજ

[ રાષ્ટ્રભાષા રત્ન–વર્ધા; સાહિત્ય રત્ન–પ્રયાગ, ન્યાય–દર્શન શાસ્ત્રી–મુંબઈ ]

વ્યાપારી-માજી ! તમને અમારી ભાવના કયાંથી ખબર પડી ! માજી-જુઓ ભાઈ ! હું ગામડાની અભણ છું, પણ આખી જિન્દગી સારી ભાવનામાં રહેનાર મેં તમને પારખ્યા. એનો ખુલાસો કરૂં છું. ગઈ વખતે માલ સાથે આવ્યા ત્યારે ઘીના પુષ્કળ ડબ્બાવાળા વ્યાપારીના મનમાં એવી ભાવના હતી કે દુષ્કાળ પડે તો સારૂ, ઘણાં ઢોરો મરે તો સારૂં ગાય, ભેંસ વગેરે પશુઓને ખાવા ન મળે તો સારૂં જેથી દૂધ નહીં મળે તો ઘી કયાંથી થશે ? તો જ ઘીની અછતમાં મારા ઘીના ભાવ વધશે અને હું અઢળક કમાઈશ. એટલે આવી ખરાબ હિંસક સ્વાર્થી ભાવનાના કારણે મેં એને બહાર ઓટલે બેસાડયો

અને ચામડાના વ્યાપારીના મનમાં ઘણી સારી ભાવના હતી કે દુષ્કાળ ન પડે, કોઈ ઢોર મરે જ નહીં, બધાને સારૂ ખાવા મળે. ઘણું દૂધ આપે જેથી કોઈ કતલખાને જ ન જાય. કતલખાના ચાલે નહીં, બંધ થઈ જાય તો ઘણું સારૂં જેથી ચામડાની અછત વર્તાય અને મારા બૂટ-ચંપલ વેચાય. થોડો સ્વાર્થ હોવા છતા ભાવના ઘણી ઉદાર હતી એટલે મેં સ્વાગત કરી ઘરમાં ગાલીચા ઉપર ચાંદીની થાળીમાં મિષ્ટાન્ન જમાડયું

વ્યાપારી-પરન્તુ માજી ! તમે આ વખતે બીજી વાર સાવ ઉંધું કેમ કર્યું ? માજી-જુઓ ભાઈ ! તમારો બન્નેનો માલ વેચાઈ ગયા પછી હવે પાછા ફરતા બન્નેના ભાવ બદલાઈ ગયા. સાવ ઉંધા થઈ ગયા. નવો માલ મેળવવા-બનાવવા માટે બન્નેની ભાવના સાવ ઉલટી થઈ ગઈ. ઘીના વ્યાપારીના મનમાં સારો સુકાળ પડે. ખૂબ ઘાસ ચારો વધે, પશુઓને ખૂબ ખાવા મળે જેથી ગાયભેંસો ખૂબ દુધ આપે. કોઈ પશુ કતલખાને જ ન જાય, વગેરે સારી ઉદાર ભાવનાથી મેં તેને ઘરમાં, અને ચામડાના વ્યાપારીના મનમાં વિપરીત ભાવના જાગી મોટો દુષ્કાળ પડે. ઘણાં પશુઓ મરે, કતલખાના ખૂબ ચાલે. વગેરે ભાવના જાગી જેથી મને ચામડુ ખૂબ મળે અને ખૂબ માલ બનાવું. આ

ખરાબ ભાવનાના કારણે તેને બહાર ઓટલે બેસાડયો, ઘરમાં ન આવવા દીધો. વ્યક્તિ બન્ને એ જ છે પરન્તુ ભાવના બદલાઈ ગઈ.

## જેવી ભાવના એવી વ્યક્તિ અને ભક્તિ

ભાવના બદલાતા માતા રાક્ષસી બની જાય છે. અને ભાવના બદલાતા ડાકુ સાધુ બની જાય છે, ચોર ઉદાર દાતા બની જાય છે. ભાવના ફરી જતા સાધુ પણ (શૈતાન) ડાકુ બની શકે છે. ભાવનાના આધારે વ્યક્તિ બદલાઇ જાય છે. તો તમારી ભાવના ને ન્યાય આપીને મેં સ્વાગત કર્યું છે. ભાવનાને અનુરૂપ ભકિત કરી છે, વ્યક્તિ મહત્વની નથી, વ્યક્તિની ભાવના મહત્વની છે.

"ભાવના ભવનાશિનિ" પણ છે અને ભાવના ભવવર્ધિની પણ છે. ભવ એટલે સંસાર સંસાર એટલે વિષય + કષાય અને પાપોથી ભરેલો દરિયો. ભાવનો સંસારનો નાશ પણ કરે અને સંસાર વધારે પણ ખરી. પાપ ખપાવે અને પાપ વધારે. જેવા ભાવ અને જેવી ભાવના તેવું ફળ અને તેવી સિદ્ધિ. એટલે જ કહ્યું છે કે - "**यादृशी भावना यस्य सिद्धिर्भवति तादृशी**". આ જ વાતને બાઈબલમાં લેવામાં આવી છે. As a man thinketh, so he becometh —Bible.

એટલે ભાવનાને શુભ ભાવના અને અશુભ ભાવના એમ બન્ને પ્રકારની કહી છે. નયસાર જેવો આત્મા શુભ ભાવનાના યોગે મુનિને આહારદાનના નિમિત્તે સમ્યકત્વ પામી ૨૭મા ભવે મહાવીર બનીને મોક્ષે ગયો. શુભ ભાવના ભાવીને મહાન પણ બન્યા છે અને આસુરી કે દાનવી ભાવનાના યોગે દુષ્ટ–દુર્જન–શૈતાન પણ બન્યા છે. જેવી ભાવના એવું ફળ મળે છે.

## ભાવનાની વ્યાખ્યા અને અર્થ :

"**भाव्यते इति भावना**" સરળ અને સીધી વ્યાખ્યા કરીએ તો મનમાં જે ભાવવામાં આવે છે તે ભાવના. ભાવવું આર્થાત્ વિચારવું,

ચિંતવવું તે ભાવના. માત્ર એક વાર એક વિચાર આવી ગયો એટલા માત્રથી એ ભાવના નથી કહેવાતી; પરન્તુ એ જ વિચારને જાપની જેમ વારંવાર ઘૂંટવામાં આવે. જો સારો હોય તો શુભ ભાવના અને ખરાબ વિચાર ઘૂંટાય તો અશુભ ભાવના. 'भू' ધાતુ થવું કે હોવું એવા અર્થમાં છે. भूથી '**भावना**' શબ્દ વ્યાકરણના નિયમો પ્રમાણે બન્યો છે, આર્થાત્ આત્માએ પોતે થવું. કોના જેવા કે કેવા થવું ? એ સાધકના સાધ્ય ઉપર આધાર રાખે છે. જેના જેવા થવા માટે જે વિચારવું ચિન્તવવું તે ભાવના.

"**भवितुः भवनानुकूल भावक व्यापारविशेषः भावना**" જેવા થવાનું છે. બનવાનું છે, એને અનુકૂલ ભાવુક આત્માની પ્રવૃત્તિ વિશેષ તે ભાવના, વ્યાપાર એટલે પ્રવૃત્તિ વિશેષ. ભાવના એ મનનો વ્યાપાર છે.

મનમાં ઊઠતી વિચાર તરંગો જ્યારે વારંવાર ઘૂંટાય છે, સ્થિર બને છે ત્યારે ભાવનાનું રૂપ લે છે. **મનના પૂર્વના સ્વભાવને ભૂલી જઈ આ નવીન વિચાર પ્રમાણે જ પોતાનો સ્વભાવ ગ્રહણ કરે એનું નામ ભાવના.** ભાવના-એટલે વિચારણા. કોઈ પણ એક વસ્તુના સ્વભાવની વિચારણા કરી તેનો નિર્ણય કરવો અને મન ઉપર તેની સચોટ અસર કરવી. તે ભાવના. આયુર્વેદમાં ઔષધનિર્માણના નિયમમાં એક ઔષધની બીજી ઔષધને કે દ્રવ્યાદિની ભાવના આપવામાં આવે છે. જેને પુટ કહીએ છીએ. દાખલા તરીકે નિંબુના રસની ભાવના, અથવા ત્રિફળાની ભાવના આપવામાં આવે છે. અર્થાત્ એ ગોળી કે ચૂર્ણને એ રસમાં પલાળીને આટલી વાર રાખવામાં આવે છે. તે રસ તેના ઉપર ચઢાવવામાં આવે છે. પુટ દેવામાં આવે છે તેને ભાવના કહી અને તે ૨૧ વાર, ૬૦ વાર, ૧૦૦ વાર એમ જેટલી ભાવના આપવામાં આવે છે. એ જ 'પ્રકારે મનને ૧૨ વાર, ૧૬ વાર' ૨૦ વાર જેનું પુટ આપવામાં આવે છે તે ભાવના. અનિત્યાદિ ૧૨ ભાવના. એ ૧૨ + મૈત્રી આદિ ૪ એમ ૧૬ ભાવના અને એ ૧૬ + જ્ઞાનાદિ ૪ એમ વીશ ભાવના. પુટથી ઔષધિના જેમ ગુણધર્મ-સ્વભાવ બદલાઈ જાય છે તેમ ભાવના

ભાવવાથી મનનો સ્વભાવ બદલાઈ જાય છે. અનાદિ કાળથી મનનો જે સ્વભાવ રાગ-દ્વેષનો પડયો છે. પુદ્ગલોમાં જે સુખની ભ્રાન્તિ રાખીને બેઠો છે તે દિશા ભાવના યોગથી બદલાઈ જાય છે અને હવે અનિત્યને બદલે નિત્યને શોધે છે. આ પરિવર્તન ભાવના લાવે છે.

વિચારણા, ઇચ્છા, મનિષા, અભિલાષા, વાસના વગેરે શબ્દો ભાવના શબ્દના પર્યાયવાચી શબ્દો તરીકે સાર્થક નથી નિવડતા. 'ભાવના' શબ્દનો વાચ્યાર્થ વધુ વિશાળ અને વ્યાપક છે. જ્યારે બીજા શબ્દો સંકુચિત અર્થ ધરાવે છે. Feelings, Instinct, Emotion આવા અંગ્રેજી શબ્દો Psychologyની Dictionaryમાં મળે છે. Emotion એટલે મનની લાગણી વગેરે થશે. Instinct એટલે સંજ્ઞા વગેરે લેવાશે. ત્યારે Feelingsને ભાવનાના સંદર્ભમાં લઈ શકાશે.

**અનુપ્રેક્ષા :** તત્ત્વાર્થાધિગમ સૂત્રમાં પૂ. વાચક મુખ્ય શ્રી ઉમાસ્વાતિજીએ ભાવનાઓને "અનુપ્રેક્ષા" કહી છે. અનુપ્રેક્ષા શબ્દમાં **'अनु'** અને **प्र** ઉપસર્ગપૂર્વક **"ईक्षू"** ધાતુ જે જોવાના અર્થમાં છે તે લઈને **'अनुप्रेक्षा'** શબ્દ બન્યો છે. માત્ર જોવું એટલુ જ અર્થ નહીં પરન્તુ ઉપસર્ગો અર્થમાં પરિવર્તન લાવે છે, અને તેથી અનુપ્રેક્ષા એટલે ચારે બાજુ સારી રીતે જોવું. મારી અર્થાત્ આત્માની ચારેબાજુ શું છે? કયા અને કેવા પદાર્થો કે ભાવો છે? તે જોઈને પછી આત્માનો નિર્ણય કરવો તે અનુપ્રેક્ષા. એટલે અનુપ્રેક્ષાનો આત્માવલોકન (Self-Introspection) અર્થ જ યોગ્ય છે.

જોવાની ટેવ તો બધાને છે. પરન્તુ શું જોવું? કયાં જોવું? કેવુ જોવું? કેવી રીતે જોવું? વગેરેનું ભાન નથી. પરીક્ષાર્થિઓ પરીક્ષા હોલમાં પરીક્ષા આપતા હોય ત્યારે નિરીક્ષણ કરવા માટે એક નિરીક્ષક (Superviser) રાખવામાં આવે છે. જે Supervision કરી કરી શકે, સારી રીતે જોઈ શકે. કારખાના કે સોસાયટી, કે દુકાનની બહાર Watchman રાખવામાં આવે છે જે બીજાને જોતો રહે અને

માલ સામાનનું રક્ષણ કરતો રહે. પરન્તુ આ બધું બાહ્ય નિરીક્ષણ છે. અનુપ્રેક્ષા આન્તરનિરીક્ષણ કરાવે છે. બધા માલમિલકત ઉપર ચોકી કરતો રહે, જોતો રહે. વસ્તુ ખોવાઈ ન જાય.

પરન્તુ વિચારતા જણાશે કે વસ્તુઓ ખોવાઈ છે? કે આપણે ખોવાયા છીએ? કે બન્ને ખોવાયા છીએ? અથવા વસ્તુઓમાં આપણે ખોવાયા છીએ? કે આપણામાં વસ્તુઓ ખોવાઈ છે.? આ વિકલ્પોના નિરાકરણની શોધ કરવી એ અધ્યાત્મશાસ્ત્રમાં ભાવનાયોગ છે. માત્ર જડ, ભૌતિક પૌદ્‌ગલિક વસ્તુઓની શોધ કરનારું વિજ્ઞાન જડ વિજ્ઞાન. માત્ર વસ્તુનો સંશોધક તે સંસારનો ભોગી, અને વસ્તુઓમાં પદાર્થોમાં હું ખોવાઈ ગયો છું. વસ્તુઓમાં પોતાને (આત્માને) શોધવો તે અધ્યાત્મ યોગી. વસ્તુઓ નથી શોધવી પણ તેનાથી જુદો એવો આત્મા શોધવો છે. હું કોણ છું? હું કેવો છું? હું ક્યાં છું? હું શું છું? હું ક્યાંથી આવ્યો છું? હું ક્યાં જવાનો છું? આવા અનેક પ્રશ્નોના ઉકેલ માટે આન્તર ખોજનાં પગથિયા ચઢવાં પડશે. તે માટે ભાવના યોગ સહાયક કઠેડા જેવો છે. ભાવના યોગના આલંબન વિના પ્રવેશ મુશ્કેલ છે.

## ૧૨ અને ૧૬ ભાવના :

જ્ઞાની ભગવંતોએ મુખ્ય ૧૨ ભાવનાઓ કહી છે. અનિત્ય, અશરણ, સંસાર, એકત્વ, અન્યત્વ, અશુચિ, આશ્રવ, સંવર, નિર્જરા, લોકસ્વરૂપ, બોધિદુર્લભ અને ધર્મવ્યાખ્યાત—આ ૧૨ની સાથે સાથે મૈત્રી, પ્રમોદ, કરુણા અને માધ્યસ્થ આ ૪ જોડતા ૧૬ ભાવના થાય છે. આ ૧૨ ભાવનાઓમાં સ્વ-પર પદાર્થનું વર્ગીકરણ કરીને આપણે આપણી જાતને શોધવી જોઈએ. 'સ્વ' એટલે આત્મા. તેનો અભ્યાસ અધ્યયન તે 'સ્વાધ્યાય' આભ્યંતર તપના ૬ ભેદમાં બતાવેલા સ્વાધ્યાયની અંદર અનુપ્રેક્ષા બતાવી છે. એ જ અનુપ્રેક્ષા એટલે ઉપરોક્ત ૧૨ ભાવના તેનું ચિંતન એ ઉત્તમ સ્વાયાય. સ્વાધ્યાયમાં સ્વની અનુપ્રેક્ષા કરવી છે અને જડ એવા પર પદાર્થની ઉપેક્ષા કરવી છે.

## સાપેક્ષભાવે સ્વ-પરનો નિર્ણય :

નવ્યન્યાયની ભાષામાં ઘટ પદાર્થને 'घटेतराभाववान्' તરીકે ઓળખવો પડે છે, અર્થાત્ ઘટથી ઇતર સર્વ પદાર્થોના અભાવવાળો હું ચેતન આત્મા છું. સ્યાદ્વાદ સિદ્ધાન્તમાં સપ્તભંગીના ૭ ભંગોમાં સ્યાદસ્તિ, સ્યાન્નાસ્તિ વગેરે ભંગોથી સાપેક્ષ ભાવપૂર્વક વસ્તુનું સ્વરૂપ નક્કી કરવામાં આવે છે. "સ્યાદસ્તિ" અર્થાત્ સ્વ-દ્રવ્ય-ક્ષેત્ર-કાલ-ભાવની અપેક્ષાથી છે અને સ્યાન્નાસ્તિ અર્થાત્ પર દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવની અપેક્ષાથી નથી. અર્થાત એક જ વસ્તુ સ્વ-સ્વરૂપે છે અને પરરૂપે નથી. વસ્તુ પોતાના (સ્વ) સ્વરૂપે હોવા છતાં પરરૂપે નથી. એ જ પ્રમાણે આ ભાવનાયોગમાં આત્મા પોતાને સાપેક્ષ ભાવે જુએ (પ્રેક્ષા કરે) તો એ અનિત્યાદિ ભાવનામાં દેખાશે કે હું પરરૂપે અર્થાત્ જડરૂપે નથી, પણ સ્વરૂપે અર્થાત્ ચેતન-આત્મા રૂપે છું એવી જ રીતે હું શું છું ? હું કેવો છું ? હું શું નથી ? હું કેવો નથી ? હું કોનો છું ? મારું કોણ છે ? હું કોઇનો નથી. મારું કોઇ નથી વગેરે બધા પ્રશ્નોના ઉત્તરો આ ભાવના યોગમાં મળશે.

## અનિત્યાદિ ભાવના વડે આત્મસિદ્ધિ

સ્વમાં ઈતર વસ્તુ કે વ્યક્તિનો અભાવ નકકી કરવા માટે અનિત્યાદિ ભાવનાઓ છે. દા.ત. પહેલી અનિત્ય ભાવનામાં નાશવંત, ક્ષણિક અને અનિત્ય ઘટ-પટાદિ પદાર્થોની ઓળખ કરાવી. શાસ્ત્રવાર્તા સમુચ્ચય ગ્રંથમાં તાર્કિક શિરોમણી સૂરિપુરંદર પૂ. હરિભદ્રસૂરિ મહારાજે ફરમાવ્યું છે કે—

अनित्यः प्रियसंयोगः, इहेर्ष्या-शोकवत्सल :<br>
अनित्यं यौवनं चापि, कुत्सिताचरणास्पदम् ॥<br>
अनित्याः सम्पदस्तीव्र-क्लेशवर्ग समुद्भवाः ।<br>
अनित्यं जीवितं चेह-सर्वभावनिबंधनम् ॥

—પ્રિય વસ્તુનો સંયોગ અનિત્ય છે, અને ઈર્ષ્યા-શોકથી ભરેલો છે. યૌવન અનિત્ય અને નિન્દનીય આચરણ કરનાર છે. દુઃખ વેઠીને

મેળવેલી ધન-ધાન્યાદિ સુખસંપત્તિ પણ અનિત્ય છે. અને વ્યવહારનું કારણભુત જીવન પણ વીજળીના ચમકારા જેવું ક્ષણિક છે, અનિત્ય વસ્તુઓ અને વ્યક્તિ સંયોગો-સંબંધો ક્ષણજીવી છે. તેના સમાગમો દુઃખદાયિ છે. લાલસા પાછળ તૃષ્ણા છે પણ તૃપ્તિ નથી. ભોગમાં પણ અસંતોષ છે, સંતોષ નથી દુઃખ છે પણ સુખ નથી.

નાશવંત અને ક્ષણિક એવા ઘટ-પટાદિ પૌદ્ગલિક પદાર્થો હું નથી. આજે બન્યા અને કાલે બગડયા નાશ થયા એવો હું નથી હું ભૌતિક નથી. ભૂતસંઘાતજન્ય નથી. હું પૌદ્ગલિક નથી. પુદ્ગલપદાર્થજન્ય નથી. જે જે ભૂતભૌતિક અને પૌદ્ગલિક છે તે તે અનિત્ય અને નાશવંત છે. જ્યારે હું આનાથી જુદો નિત્ય, અવિનાશી, શાશ્વત, અજર-અમર, અનાદિ-અનન્ત એક ચેતન-આત્મા છું. અને આ દેહ, ધન, પુત્રપરિવારાદિ સંબંધો પદાર્થો બધું ક્ષણિક અને નાશવંત છે. તે હું નથી. પોતાને પર પદાર્થોથી જુદો તારવી લેવો તે પહેલી અનિત્ય ભાવનાનું કર્તવ્ય છે, એવી જ રીતે આગળ બધી ભાવનાઓ વસ્તુ સ્વરૂપનું ભાન કરાવી આત્માને જુદો તારી આપવાની અદ્ભુત પ્રક્રિયા છે. એ માટે જ ભાવનાયોગ છે. આ અનુપ્રેક્ષાના મંથન-દોહન અને ચિંતનમાંથી જ આત્મા સ્વસ્વરૂપની સાચી દિશા સમજી શકશે. હું ખોવાઇ ગયો છું, મારે મને જ શોધવો છે. પુદ્ગલ-ભૌતિક પદાર્થોની શોધ કરવી વૈજ્ઞાનિકો માટે સરળ છે. પરન્તુ હું કોણ છું, હું કેવો છું વગેરે આત્મ-સ્વરૂપની શોધ કરવી વૈજ્ઞાનિકો માટે ઘણી કપરી છે. એ માર્ગે એ શકય નથી. એ શોધ માટે તો વિજ્ઞાનવાદ નહીં પરન્તુ અધ્યાત્મમાર્ગની જ આવશ્યકતા છે. ભાવનાયોગ એ શોધ માટેની ( Sef Examination ) આત્મતપાસ માટેની પગદંડી છે. નિસરણી છે. આત્મ-સંશોધનનો માર્ગ છે.

### ભાવનાઓનું વર્ગીકરણ :

ભાવનાઓના વર્ગીકરણમાં મુખ્ય બાહ્ય અને આભ્યન્તર એવા બે ભેદ પાડી શકાય છે. પહેલી ૭ ભાવનાએ બહારની સામાન્ય સ્થિતિનું દર્શન કરાવે છે, અને પાછલી ૭ ભાવનાઓ આન્તરિક સ્થિતિમાં

આત્માની જુદી જુદી સ્થિતિનું ભાન કરાવે છે. સંસારભાવના (૩) અને લોકસ્વરૂપ (૧૦) ભાવના વિશાળ નજરે બાહ્ય અવલોકન કરાવે છે. તે Objective ભાવના છે. ૧ અનિત્ય, ૨ અશરણ, ૪ એકત્વ. ૫ અન્યત્વ, ૬ અશુચિ એ પાંચ ભાવનાઓ આંતરગ્રાહી (Subjective) છે. ૧૧ બોધિદુર્લભ, ૧૨ ધર્મસ્વાખ્યાત સ્વરૂપલક્ષી, સાધનધર્મલક્ષી Instrumental છે, અને ૭ આશ્રવ, ૮ સંવર, ૯ નિર્જરા ભાવનાઓ આત્માનો કર્મ સાથેનો સંબંધ, સ્થિતિ સમજાવે છે. અનિત્યાદિ પહેલી પાંચ ભાવનાઓ આત્માને ઉદ્દેશીને છે. છઠ્ઠી અશુચિ ભાવના શરીરને ઉદ્દેશીને છે. અને પુણ્ય-પાપ રૂપ-કર્મના આગમન, અટકાવ, અને ક્ષયને ઉદ્દેશીને આશ્રય, સંવર અને નિર્જરાની ભાવના છે. ચૌદ રાજ લોકમાં પોતાનો ભૌગોલિક ( Geographical ) સ્થાન શોધવા માટે ૧૦મી લોકસ્વરૂપ ભાવના છે. આનાથી હું ક્યાં છું અને ક્યાં રહેવુ જોઈએ તે સ્થાનનું ભાન થશે. ૧૧ અને ૧૨મી ભાવના ધર્મ અને ધર્મ શ્રદ્ધા ના વિષયમાં છે.

૧૦ ભાવના સુધી પોતાનું સ્વરૂપ અને સ્થાન નક્કી કર્યા પછી હવે મારે શું કરવાનું છે તેના ઉત્તરરૂપે ૧૧ અને ૧૨મી ભાવના માર્ગ-દર્શક બને છે, આત્માને નવો ઓપ આપે છે. ત્યારપછી જગતના સર્વ જીવોની સાથેની વ્યવહાર સૂચવનારી મૈત્રી આદિ ૪ ભાવનાઓ છે.

## ભાવના યોગમાં–આત્મવિકાસ

ભાવનાઓ આત્મવિકાસની પ્રગતિ સૂચવનાર પગથિયા છે. The Evolutionary Stages of Soul Developments. ધ્યાન પદ્ધતિએ બારે ભાવનાઓમાં આત્મવિકાસની ક્રમિક અવસ્થાનો વિચાર કરતા જણાશે કે—

પહેલી અનિત્ય ભાવનામાં ક્ષણિક, નાશવંત અને અનિત્ય એવા જડ જગતથી ભિન્ન અવિનાશી, શાશ્વત, નિત્ય, અજર–અમર–અનાદિ–અનન્ત–અનુત્પન્ન એવા આત્માની સિદ્ધિ કરી. આત્મા જડ પૌદ્ગલિક ભૂતભૌતિક કે ભૂતસંઘાત જન્ય નથી પરન્તુ તદ્દભિન્ન

એક ચેતના શક્તિમાન ચેતન આત્મ દ્રવ્ય છે. બીજી અશરણ ભાવનામાં જડથી ભિન્ન નિત્ય એવો ચેતન આત્મા શરણ રહિત–અશરણ છે. એને શરણ આપનાર કોઈ સંસારમાં નથી. અનાથ છે કારણ સંસાર સ્વાર્થ અને પાપનો ભરેલો છે. સંસાર સાર રહિત અસાર છે. એવા સંસારનું સ્વરૂપ ઓળખવા માટે ત્રીજી ભવ ભાવના–અર્થાત્ સંસાર ભાવના દર્શાવી. આ સંસાર ભાવના રાગ–દ્વેષ; વિષય+કષાયથી ભરેલા સંસારનું સ્વરૂપ દેખાડી આત્માને મોહના બંધનમાથી છુટવા સજાગ કર્યો. "**ज्ञानस्य फलं विरति**"–હે ચેતન ! તારા જ્ઞાનનું ફળ તો વિરતિ છે. તુ સંસારથી વિરક્ત બન. તે માટે તું પ્રયત્ન કર. પુરુષાર્થ આદર.

જડ વસ્તુઓ અને સંસાર સાથેના સંબંધનું વાસ્તવિક ભાન થયા પછી હવે પોતાની સૂક્ષ્મ સ્થિતિનું જ્ઞાન મેળવવા માટે ચોથી અને પાંચમી એકત્વ અને અન્યત્વ ભાવનાનું સ્વરૂપ દેખાડયું. બાહ્ય જડ પદાર્થો, તેના સંબંધો અને સંસારના મોટા ક્ષેત્રમાંથી આત્મા હવે પોતાની અંદર કેન્દ્રિત થતો જાય છે. હું કોણ છું એ ઓળખ્યા પછી હું કોનો છું એનો નિર્ણય કરવા ૪થી અને ૫મી ભાવના કહી. એમાં આત્માને જ્ઞાન થયું કે હું એકલો છું. એકલો આવ્યો છું, અને એકલો જવાનો છું. મારું કોઈ નથી અને હું કોઈનો નથી. મારું કંઈ નથી. મારું છે તે મારી પાસે જ છે, બહાર નથી. બહારની વસ્તુ અને વ્યક્તિઓમાંથી વિરક્ત થઈને અન્દર પ્રવેશેલો આત્મા રખે કયાં પોતાના દેહમાં જ આસક્ત ન થઈ જાય. દેહરાગ અને દેહભાવમાં જ ન ખેંચાઈ જાય. તે માટે જ્ઞાની ભગવંતોએ છઠ્ઠી અશુચિ ભાવના બતાવી. હે આત્મા ! જે દેહ ઉપર તું ખૂબ રાગ કરે છે તે દેહ કેવી અશુચિ અને મળમૂત્રથી ભરેલો છે, ગંધાતી ગટર જેવો છે. એની ઉત્પત્તિ અને મૃત્યુની દુઃખદાયી અવસ્થાનો વિચાર કર. અપવિત્ર હાડપિંજર જેવા આ દેહનો વિચાર કર...એમ લાલબત્તી દેખાડતી આ અશુચિ ભાવના આત્માને સાવધાન કરે છે.

હવે આત્મારામ આવ્યો વિકાસના સાતમાં પેગથિયે. ભલા ભાઈ ! તું જ્યારે તારા સ્વરૂપનો નિર્ણય કરી ચૂકયો છે ત્યારે અને બીજો કોઈ તારો નથી ત્યારે આટલો ઉપર ચઢયા પછી હવે તું તારી અંદર જૂઓ, આન્તરનિરીક્ષણ કર, બાહ્ય પદાર્થોનું ભાન, સંસારનું ભાન, અને દેહનું પણ ભાન કરાવ્યા પછી ૭, ૮, અને ૯ મી ભાવના આત્માને અંતર્મુખ કરી. આત્માને લાગેલા કર્મનું ભાન કરાવે છે. આશ્રવ, સંવર અને નિર્જરા ભાવના કર્મના આગમન, અટકાવ ( નિરોધ ) અને ક્ષયની પ્રક્રિયા આ ત્રણ ભાવના ઓળખાવે છે.

મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ, કષાય, યોગ, ક્રિયા વગેરે માર્ગે કેટલા કર્મચોરો હે આત્મા ! તારા ઘરમાં ઘૂસે છે અને તારું બગાડે છે. તારા ગુણો લૂટે છે તેનાથી તું સાવધાન રહેજે આશ્રવ ભાવના આ ભાન કરાવે છે. ત્યારપછી મિત્ર જેવી ડાહી શિખામણ આઠમી સંવર ભાવના આપે છે. સમિતિ, ગુપ્તિ, પરીષહ, યતિધર્મ, ભાવના અને ચારિત્રની મદદથી હે આત્મા ! તારા ઘરમાં પેસતા કર્મચોરોને તું અટકાવ. એમને આવાની મદદથી તું રોક એવું સંવરભાવના સમજાવે છે.

ઠીક થયું નવાં કર્મો તો આવતાં અટકયાં પણ પગમાં રહેલા કાંટાની જેમ ખૂંચતાં જૂનાં કર્મોને કાઢવા માટે નવમી નિર્જરા ભાવના હવે આત્માને શુદ્ધ કરવા માટે તૈયાર કરે છે. આ ભાવના માતા જેવી માતૃભાવવાળી ભાવના છે. કડવી દવા પીવરાવીને પણ તાવ મટાડે છે. ભલે આત્માને થોડું કષ્ટ પડે, થોડું તપવું પડે, થોડુ સહન કરવું પડે... પણ વર્ષો અને જન્મો જૂનો કર્મનો મેલ તો ધોવાય છે, નિકળે છે. એ કામ નવમી નિર્જરા ભાવના કરાવે છે. ૧૨ પ્રકારના તપથી આત્માની શુદ્ધિ કરનારી ખરેખર હિતોષી ભાવના છે.

નવમી ભાવનામાં કર્મો ખપવાં માંડયાં એટલે દશમી ભાવનાએ કર્મ સાથેના યુદ્ધક્ષેત્રમાંથી આત્માને બહાર લાવીને વિશાળ બ્રહ્માણ્ડ—આખું ચૌદરાજનું લોકસ્વરૂપ દેખાડયું. કર્મસહિત હોય ત્યારે અને કર્મરહિત

હોય ત્યારે આ લોકમાં તારે રહેવાનું સ્થાન કયાં છે અને કેવું છે ? હે જીવ. તારા મૂળ સ્થાન નિગોદને તું જોઇ લે જ્યાંથી તું આવ્યો છે. સ્વર્ગ-નરક અને મનુષ્ય લોક પણ જોઈ લે જ્યાંથી તું ૮૪ લાખ યોનિના ચક્કરમાં ભટકયો છે. વિષ્કંભક પુરુષાકારવાળા ૧૪ રાજપ્રમાણ આ અનન્ત બ્રહ્માણ્ડની મષ્તક શિખાએ લોકના અગ્રભાગે કર્મરહિત જીવો ને રહેવાનું સ્થાન ( મોક્ષ ) છે. તારે અનન્ત કાળ સુધી ત્યાં બેસવાનું છે. એ તારું પરમ ધામ છે.

આ પ્રમાણે દશમી લોકસ્વરૂપ ભાવનાએ પરમધામ મોક્ષનું લક્ષ દેખાડયા પછી એ મોક્ષને કેવી રીતે મેળવવો ત્યાં જવું કેવી રીતે એ માટે શું કરવું આ પ્રશ્નોનો ઉત્તર ૧૧મી બોધિદુર્લભ ભાવના આપે છે. મોક્ષને મેળવવા માટે ચઢવાનું દોરડું અથવા નિઃસરણીરૂપ સમ્યક્ શ્રધ્ધાનું સ્વરૂપ આ ભાવના બતાવે છે. આત્માને શુધ્ધ શ્રધ્ધાળુ બનાવે છે. મોક્ષપ્રાપ્તિનું લક્ષ જાગ્રત થાય છે. મોક્ષ રૂડો અને સંસાર ભૂંડોલાગે છે. શમ-સંવેગના ભાવો પ્રગટ થાય છે. ત્યારે હવે શ્રધ્ધા તો પ્રગટ થઇ પરંતુ આગળ આચરણ શું કરવું તે ૧૨મી ધર્મસ્વાખ્યાત ભાવનામાં ધર્મ આચરવાનો રસ્તો દેખાડે છે. દાન-શીયળ-તપ-ભાવાદિ પ્રકારે આત્માને ધર્મ આચરવાનું આ ૧૨મી ભાવના શિખવાડે છે. હે ચેતન ! તારા જ ગુણોને પૂર્ણપણે પ્રગટાવવા તે જ ગુણોનું આચરણ અને આરાધન કરવા જે પુરુષાર્થ ફોરવવાનો છે તે તારુ સ્વાખ્યાત ધર્મસ્વરૂપ છે. બસ એને જ તું આરાધ. હવે આત્મા બરોબર મોક્ષમાર્ગે પ્રયાણ કરવા માંડયો છે. ત્યારે સાસરે જતી દીકરીને માતાપિતા જેમ શિખામણો આપે છે તેમ આત્માને પણ મોક્ષ તરફ જતા માર્ગમાં સાવચેતી રાખવા માટે મૈત્રી આદિ ૪ પરાભાવનાથી હિતશિક્ષા આપવામાં આવે છે.

હે આતમભાઇ ! આવો સુંદર આત્મવિકાસ સાધતી વખતે મારી મીઠી શિખામણ ધ્યાનમાં રાખજે કે સર્વ જીવમાત્ર સાથે મૈત્રી રાખજે ( મૈત્રી ભાવના ) કોઇની પણ સાથે વેરઝેર રાખીશ નહીં. ( Love towards Equals ) અને ગુણવાન પુરુષોના ગુણો

જોઈને તું રાજી થજે. પ્રમોદ આનન્દ વ્યકત કરી ગુણાનું રાગી બનજે. ( પ્રમોદ ભાવના ) ( Love towards Superiors ) અને સાથે સાથે દીન, દુઃખી, અનાથ પ્રત્યે હૈયામાં કુણી લાગણી સાથે દયાભાવ રાખજે. એવી કરુણા ભાવનાનું ઝરણું સુકાવા ના દઈશ. (કરુણા ભાવના) ( Love towards Inferiors ) અને દયા તો રાખીશ પરન્તુ તારું બગાડનાર, ન સાંભળનાર, ન માનનારા, પાપાદિની પ્રવૃત્તિ પણ ન છોડનાર પ્રત્યે તું રાગદ્વેષ કરી તારું ન બગાડતો. તે માટે માધ્યસ્થ ભાવના રાખજે. ( Indifference towards Opposition ) પોતાના વિરોધીઓ ઉપર પણ પ્રેમની લાગણી રાખવાનું આ ભાવના શિખવાડે છે.

અનુકૂળ પ્રત્યે રાગ અને પ્રતિકૂળ પ્રત્યે દ્વેષ એ બન્ને વૃત્તિઓનો ત્યાગ કરવાનું શિક્ષણ આ ૪ ભાવનાઓ આપે છે. એનાથી સર્વ પ્રત્યેનો સમભાવ પ્રગટ થાય છે અને એ સમતાથી સાધક આત્માનું કલ્યાણ થાય છે. અધ્યાત્મ ક્ષેત્રે આગળ વધતા આત્મા માટે આ ૪ ભાવનાઓ સમ્યકત્વ માટે ખૂબ જ ઉપયોગી તથા ઉપકારી છે. તેથી સમ્યકત્વ ભાવના પણ કહેવાય છે. આ પ્રમાણે આત્મવિકાસના ક્ષેત્રે ભાવના યોગની પ્રક્રિયા કેટલી મહત્ત્વની, અગત્યની અને ઉપયોગી છે તે આપણે આ ક્રમથી સમજી શકશું. ભાવનાઓ કેટલી મહત્ત્વની છે, કેવું તેનું કાર્યક્ષેત્ર અને ફળ છે, આત્માને વિભાવમાંથી સ્વભાવદશામાં કેવી રીતે લઇ જાય છે, બહારથી અન્દર-અન્દર કેવી રીતે લઈ જાય છે, અને ધ્યાનયોગમાં કેવી રીતે પ્રવેશ કરાવે છે, તે સ્પષ્ટ દેખાય છે. બહાર જડ પદાર્થો–વસ્તુ અને વ્યક્તિના સંબંધોમાંથી આત્માને પોતાની અંદર દેખતો કર્યો. પછી શરીર ઉપરથી પણ એનું મન ખેંચી લીધું. પછી કર્મનું સ્વરૂપ અને અસર દેખાડી. પછી બ્રહ્માણ્ડ દેખાડી મોક્ષાનુ-લક્ષી બનાવ્યો, શ્રદ્ધાળુ બનાવી ધર્મ–આરાધક બનાવ્યો. આ રીતે આન્તરમુખી બનાવી સ્વ તરફ કેન્દ્રિત કર્યો. હવે ધ્યાનની પ્રક્રિયા પ્રારંભ કરે અને સમાધિ સુધી પહોંચે.

**ધ્યાનયોગમાં પ્રવેશ કરાવનારી ભાવનાઓ**

જે વખતે જે ક્ષેત્રમાં પ્રવેશ કરવો હોય તે વખતે તે ક્ષેત્રની

'ભૂમિશુદ્ધિ' કરવી પ્રથમ આવશ્યક છે. ધ્યાનમાં પ્રવેશ કરવા માટેની ભૂમિકા ભાવનાયોગમાં છે. ખેડીને સાફ કરેલા ક્ષેત્રમાં બીજ વાવવાથી તે સારી રીતે ઊગી નિકળે છે. જેમ બીજ વાવતા પહેલાં ભૂમિ ( ખેતર ) તૈયાર કરવી પડે છે તેમ ધ્યાનમાં જતા પહેલાં ભાવનાઓ ભાવવી પડે છે. જે યોગ્યતા-પાત્રતા નિર્માણ કરે છે. ભાવનાને પૂ. હરિભદ્રસૂરિ 'વાસના' શબ્દથી પણ સંબોધે છે. વિષય-કષાયના વિકારોથી મલીન મનને સુવાસિત કરવા માટે અશુભ ભાવના ઉપર શુભ ભાવનાની વાસના આપવી પડે છે. અશુભ વાસના નિકળી જતા શુભ વાસના સ્થિર થાય છે જેથી ધ્યાન સાધનામાં વચ્ચે બીજા વિકારો ઉત્પન્ન ન થાય, ધ્યાનની ધારા ન તૂટે. જેમ મદિરા-લસણ વગેરેની વાસ ( દુર્ગંધ )-થી વાસિત વાસણને ખટાસાદિથી વાસિત કરી રાખવામાં આવતા પહેલાની મદિરાદિની વાસ ( દુર્ગંધ ) દૂર થઈ જાય છે અને પાત્ર જેમ બીજા પદાર્થ માટે યોગ્ય બને છે તેમ ભાવના ( વાસના )થી વાસિત મન શુદ્ધ થતા ચિત્તવૃત્તિના નિરોધરૂપ યોગસાધના માટે આત્મા યોગ્ય બને છે.

આ સર્વ ભાવનાઓ આત્માને લક્ષમાં રાખીને ભાવવાની હોવાથી તે 'આત્મ-ભાવના' અથવા 'અધ્યાત્મ-ભાવના' પણ કહી શકાય છે. આત્મા જ આ ભાવના યોગનું પ્રાણ છે. કેન્દ્ર વિના જેમ વર્તુળ ન બને તેમ આત્મા વિના ભાવના યોગ, કે ધ્યાનયોગ ન રહે. ભાવના યોગમાં પ્રકાશમાન થયેલો આત્મા પરમાત્વ સ્વરૂપની સાથે 'સોઽહં' ભાવથી તલ્લીન થઈ જાય, અને અંતરના ઊંડા પ્રદેશમાંથી ભાવોલ્લાસ પ્રગટે એ જ ધ્યાનયોગ છે. ધ્યાનયોગની સાધનામાં જવા માટે ભાવના યોગ પ્રવેશદ્વાર છે. ધ્યાનયોગ મહેલ છે તો ભાવના તેનો દરવાજો ( દ્વાર ) છે. ધ્યાનયોગ પ્રદીપ્ત અગ્નિ જેવો છે જે પાપ-કર્મોને બાળીને ભસ્મ કરે છે, પરન્તુ ભાવના યોગ વિના ધ્યાન યોગ પત્તાના મહેલની જેમ વિખરાઈ જતા વાર નહીં લાગે. મણકાઓને એક માળારૂપે જોડી રાખનાર જેમ એક 'સૂત્ર' ( દોરા )નું મહત્ત્વ છે તેમ ધ્યાનયોગનો સંધાન કરનાર ભાવના યોગ છે. ભાવનાઓ ધ્યાનયોગના માળાના મણકાની અંદર પરોવાયેલ સૂત્ર ( દોરા ) રૂપે છે. ભાવનાઓથી જેણે

મનને વાસિત ન કર્યું હોય તેનું ધ્યાન ટકતું નથી. તે ધ્યાનને લાયક થતો જ નથી. રસાયણ ખાવા માટે જેમ પ્રથમ પેટ સાફ કરવુ પડે છે, તે માટે હરડે વગેરેનો જુલાબ લેવો પડે છે તેમ શરીરના જુલાબની જેમ મન સાફ કરવા માટે ભાવના જુલાબ તરીકેનો ઉત્તમ કલ્પ છે. ભાવનાઓ ધ્યાનને પુષ્ટ કરવા ઉત્તમ રસાયણ છે. રાગ-દ્વેષ-કામ-ક્રોધ-વિષય-કષાયાદિને કાઢવા કે શમાવવા માટે, ચિત્તશુદ્ધિ માટે ભાવનાની પરમ આવશ્યકતા છે.

**ભાવનાનું મહત્ત્વ અને આવશ્યકતા—**

**यस्याशयं श्रुतकृतातिशयं विवेक, पीयूषवर्षरमणीयतरं श्रयंते ।**
**सद्भावनाः सुरलता न हि तस्य दूरे, लोकोत्तर प्रशम-सौख्यफलप्रसूतिः ॥**

—ભાવનાની સ્તુતિ કરતા ફરમાવે છે કે-શ્રુતશાસ્ત્રોના વિશેષ અભ્યાસથી પ્રાપ્ત થયેલ વિવેકરૂપી અમૃતની વૃષ્ટિ વડે અત્યન્ત સુંદર બનેલા જે સાધકના હૃદયમાં ઉત્તમ ભાવનાઓ ઉદ્ભવે છે તે સાધકને લોકોત્તર એવા પ્રશમસુખ (શાન્તિ-સુખ)ની પ્રાપ્તિ સુલભ છે. વિષય-કષાયાદિ ભાવોની નિવૃત્તિ કરાવનાર ભાવના યોગ અમોઘ રામબાણ ઈલાજ છે.

આત્મવિકાસના ગુણસ્થાનકોની શ્રેણિ ચઢવા માટે ભાવના યોગનું આલંબન મહત્ત્વનું છે.

**जन्मजरामरणभयैः पीडितमालोक्यविश्वमनगाराः ।**
**निःसंगत्वं कृत्वा ध्यानार्थं भावना जग्मुः ॥**

—ધ્યાનદીપિકા ગ્રંથમાં કહે છે કે જન્મ-જરા મરણના ભય વડે દુઃખી સંસારને સંતપ્ત જોઈને જ્ઞાનીઓ નિઃસંગપણું ધારણ કરી ધ્યાન માટે ભાવનાનો આશ્રય લે છે. તેથી ચિત્તશુદ્ધિ તથા હૃદયની વિશુદ્ધિ થાય છે.

भूतेषु भज समत्वं चिंतय चित्तो निजात्मरूपं च ।
मनसः शुद्धिं कृत्वा भावय चित्तं च भावनया ॥

હે સાધક! સર્વ જીવમાત્ર પ્રત્યે સમભાવ રાખ, મનમાં નિજ શુદ્ધ-સ્વરૂપનું ચિંતન કર અને મનની શુદ્ધિ કરીને ચિત્તને ભાવના વડે વાસિત કર.

## જ્ઞાનાદિ ચાર આત્મભાવના

भावनाद्वादशैता स्ता अनित्यादिकताः स्मृताः ।
ज्ञान-दर्शन-चारित्र-वैराग्याद्यास्तथा परा: ॥

—અનિત્યાદિ બાર ભાવનાઓ કહી છે અને તે પછી બીજી જ્ઞાન–દર્શન–ચારિત્ર અને વૈરાગ્ય ભાવના એવી ચાર ભાવનાઓ પણ આવે છે.

भावनाभिः रसंमूढो मुनिर्ध्याने स्थिरी भवेत् ।
ज्ञान–दर्शन–चारित्र–वैराग्योपगताश्चताः ॥

—ભાવના વડે દઢ નિશ્ચયવાળો મુનિ ધ્યાનમાં સ્થિર થાય છે. તે ભાવના-જ્ઞાન–દર્શન ચારિત્ર વૈરાગ્ય ભાવના એમ ૪ પ્રકારે છે. બારમી ધર્મસ્વાખ્યાત ભાવનાની અંતર્ગત જ્ઞાનાદિ જે ચાર ધર્મનો વિચાર કર્યો છે. તે જ્ઞાન–દર્શન–ચારિત્રાદિ આત્મ ગુણો છે. તે જ આચાર ધર્મ તરીકે આરાધવા જોઈએ જ્ઞાનાચાર, દર્શનાચાર, ચારિત્રાચાર, તપાચાર અને વીર્યાચાર એ પાંચ આચાર (પંચાચાર) રૂપ ધર્મ છે. તેને આરાધવા, પ્રાપ્ત કરવા જે જ્ઞાનાદિનું ચિંતન કરવું તે જ્ઞાનભાવના, દર્શનભાવના, ચારિત્રભાવનાદિ છે. આ ભાવનાઓ ભાવવાથી આત્મા તે તે ગુણ તરફ આગળ વધે છે. ભાવના યોગમાં એક ઉત્તમ ચુંબકીય શક્તિ છે. જે તે તે ગુણને આકર્ષે છે. દુર્ગુણ–દોષને દૂર કરી સદ્ગુણોની સ્થાપના કરાવે છે. તેથી ભાવનાનું ચિંતન તે તે જ્ઞાનાવરણીયાદિ કર્મ–દોષોનો વિલય કરવાપૂર્વક જ્ઞાનદર્શનાદિ ગુણોનો પ્રાદુર્ભાવ કરે છે. જ્ઞાનભાવના જ્ઞાનગુણને, દર્શનભાવના શ્રદ્ધાને પ્રગટ કરે છે. એને જ

સમ્યકત્વ ભાવના કહી છે. મોહનીય કર્મનો ક્ષય કરવા ચારિત્ર ભાવના ઉત્તમ છે અને મુમુક્ષુ માટે વૈરાગ્ય ભાવના, શમ-સંવેગ-નિર્વેદ ભાવ જગાડનારી છે. મોક્ષ રૂડો અને સંસાર ભૂંડો બતાવનાર વૈરાગ્ય ભાવના છે. હકીકતમાં આ સ્વતંત્ર ભાવના નથી પરન્તુ બારે ભાવનાઓ ભેગી થાય ત્યારે વૈરાગ્ય ભાવના બને છે. જે સાધક માટે સહાયક, મુમુક્ષુ માટે ઉપયોગી છે. સંસારથી વિમુખ કરાવનારી છે.

## ભાવના એક અધ્યાત્મ સાધના

> भावना स्वासु संलीनं विधायाध्यात्मिकं स्थिरं ।
> कर्मपुद्गलजीवानां स्वरूपं च विचिन्तयेत् ॥
> नित्यमाभिर्यदा विश्वं, भावयत्यखिलं मुनिः ।
> विश्वौदासीन्यमापन्न श्चरत्यत्रैव मुक्तवत् ॥

—ભાવના વિના અધ્યાત્મ શાસ્ત્ર જીવ વિનાના મૃત દેહજેવો છે અને અધ્યાત્મ વિના ભાવના લુખી છે. ભાવનાથી ભાવિત અંતઃકરણવાળો જ અધ્યાત્મયોગમાં પ્રવેશ કરવાને યોગ્ય બને છે. ભાવનાઓ-ભાવવામાં મનને તરબોળ કરી (વાસિત કરી) આત્મભાવમાં-નિજરૂપમાં મનને સ્થિર કરવો. આત્મા અને કર્મના સ્વરૂપનું ચિંતન કરવું. મુનિ એટલે વિરકત જ્ઞાની આત્મા જ્યારે ભાવના વડે વિરાટ વિશ્વને ભાવિત કરે છે અર્થાત્ સંસારનું ચિંતન કરે છે ત્યારે સંસાર ઉપર ઔદાસીન્ય ભાવ પ્રગટ થાય છે. તેથી સંસારની કોઇ પણ વ્યકિત કે વસ્તુ ઉપર રાગદ્વેષ રહેતો નથી. વીતરાગ ભાવ તરફ પ્રયાણ કરે છે. આવી ઉદાસીનતા (વૈરાગ્ય)ના યોગે જીવ મુકતાત્માની જેમ અહીં જ સુખમાં મ્હાલે છે, વિચરે છે. ભાવનાયોગ માનસિક તથા આધ્યાત્મિક સુખ મેળવવા માટેની અદ્ભુત સાધના છે. આ સાધનામાં દુઃખ, દારિદ્રય, વેદના કયાંય અદશ્ય થઈ જાય છે. અને સુખના સામ્રાજ્યમાં આત્મા પોતાને ચક્રવર્તી સમ્રાટ તરીકે અનુભવે છે. આ અનુભૂતિની પ્રતીતિ તો સાધક જ કરી શકે છે.

**આજના યુગમાં ભાવનાની વધુ આવશ્યકતા :**

દશકે દશકે કૂદકે ને ભૂસકે બદલાતા કાળ અને માનસમાં આજના માનવીનું મન કેટલું વિકૃત થઈ ગયું છે, એટલું જ નહીં પણ એક કુમળા છોડ જેવા નાના બાળકનું મન પણ કેટલાય વિકારોથી ખદબદી રહ્યું છે. તેની બદીની જાણ તો સૌને છે. તદ્દન વિપરીત ભાવોથી ખદબદતા આ કપરા કળિકાળમાં માનવીનું મન વિષય-કષાયોની પાછળ વધારે પડતુ ખેંચાઇ રહ્યું છે. અતિરેક થઈ રહ્યું છે. તેનો જ વિચાર, તેનો જ આચાર આજના યુવાનોના જીવનમાં દેખાય છે. આટલી નાની ઉંમરથી આટલા વિકૃત થયેલા મનને પાછો વાળવા શું ઉપાયો કરવા જોઈએ ? વધેલા રોગને નાથવા ડોકટરો દવાની મદદ લે છે. વધેલા લોહીના દબાણને નીચે ઉતારવા અને ચઢેલા તાવને ઉતારવા પણ દવા ઉપચારની સારવાર અપાય છે. વિષય-કષાય કામવાસના મોહ-મમત્વ, હિંસા-જૂઠ, ચોરી વગેરે જે ખૂબ વધી ગયા છે, ભયજનક સપાટી વટાવી ગયા છે તેને ઉતારવાનો એક માત્ર રામબાણ ઉપાય આ 'ભાવનાયોગ' છે. એથી જ "ભાવના ભવ નાશિનિ" કહેવાય છે. નાનામોટા દરેક વર્ગના સાધક માટે ભાવનાયોગ સરળ ઉપાય છે.

વાસના-વિકારો, વિષય કે કષાયો અને બધા પાપોનો મૂળ ઉદ્‌ગમસ્થાન તો મન જ છે. પ્રથમ આ બધાં મનના માનસિક વિચારોમાં ઉત્પન્ન થાય છે અને પછી જ આચરણમાં ઊતરે છે. જ્યારે મનમાં ઉદ્‌ભવે ત્યારે એ જ વખતે જો ત્યાં ભાવનાઓ ભાવવામાં આવે તો અવશ્ય એ જીવ પાપ કરતા અચકાશે અને અટકી પણ જશે. ખોટા માર્ગે જતા બચી જશે. 'ભાવના યોગ' પોતાને જ પોતાના ગુરૂ બનાવી શકે છે અને (Self-Suggetion, Auto-Suggetion) સ્વયં સ્વ-આદેશથી પોતે જ પોતાના ઉપર શાસન કરીશકે છે. આને 'આત્માનુંશાસન' કહેવાય છે.

વર્તમાનકાળમાં જીવનકલહ ભારે આકરો થતો જાય છે. ચોરી, ખૂન, બળાત્કાર, બહેન-દીકરી ઉપરના બળાત્કારો, અનાચાર, વ્યભિચાર,

ભ્રષ્ટાચાર વગેરે ભયજનક સપાટીએ જોવામાં આવી રહ્યા છે. પાશ્ચાત્ય આચાર-વિચારની સંસ્કૃતિની હવા આર્ય દેશની સંસ્કૃતિ ઉપર કુઠરાઘાત કરી રહી છે. આર્યદેશના માળખાને તોડી રહી છે અને આ આક્રમણ એટલું ઠંડુ ધીમું ઝેર ( slow poision ) છે કે તે ભલભલાને ભ્રમમાં નાંખે છે. માનવ આ પ્રવાહમાં તણાંતો જાય છે. વિજ્ઞાનના ભૌતિક સુખના સાધનોએ માનવ આલમને ઘેલું લગાડયું છે. ગાંડો બનાવ્યો છે. પરિણામે આધ્યાત્મિક સાધનાની શ્રદ્ધા હચમચી ગઈ છે. હજારોની ભીડમાં પણ સારી અને સાચી ભાવના તથા વૃત્તિવાળા જીવો શોધતાય નથી જડતા. ખરેખર સારી ભાવનાનો આ કારમો દુષ્કાળ વર્તાય છે.

આર્યદેશની પારિવારિક અખંડતા, સંયુક્ત કુટુંબની ભાવના ખલાસ થતી જાય છે. સમાજવ્યવસ્થા તૂટતી જાય છે, આર્થિક સમસ્યા વધતી જાય છે, સંબંધો પત્તાના મહેલની જેમ કડડભૂસ થતા જાય છે. પૂર્વકાળમાં માનવી ધર્મોપદેશના શ્રવણ, મનન કે ચિંતનથી પણ થોડો ઘણો અંતર્મુખ થતો હતો તે પણ પ્રક્રિયા આજે લોપાતી જાય છે. અને માનવ કસ્તુરીમૃગની જેમ બહિર્મુખ થઈને સુખ-સાધનોની પાછળ હરણફાળ ભરતો દિશાશૂન્ય દશામાં દોડતો જાય છે. ઝાંઝવાના નીર પીવા ભાગે છે પણ હાશ-હતાશ થઈને પાછો પડે છે. આજના વિકસતા વિજ્ઞાનકાળનો કહેવાતો યંત્રયુગનો માનવી જેટલો સુખની પાછળ હરણ-ફાળ ભરતો દોડતો જાય છે તેટલો જ કમનશીબ ! વિનાશની દિશામાં ધસડાતો જાય છે.

સુખ તેના જ પડછાયાની જેમ આગળ ભાગે છે. પરિણામે થાકી ને પડે છે. "**सर्वं स्ववशं सुखं, सर्वं परवशं दुःखं**"ના સનાતન સિદ્ધાન્તો ભુલાતા જાય છે. દોરી હાથમાં આવવા છતાં પણ પતંગ જેમ દૂર છે તેમ સુખ પણ ઘણું દૂર છે. કોને ખબર પતંગ હાથમાં આવશે કે તે પહેલા જ કપાઈ જશે ? આ શંકા સંશયાત્મક છે. કાચા દોરાની કપાયેલી પતંગની જેમ હવામાં ઝોલા ખાતું ભૌતિક સુખ છે. વિજ્ઞાન

યુગનો વીસમી સદીનો કહેવાતો સુધરેલો માનવી વિનાશના માર્ગે છે. ધીમે ધીમે વિનાશ–સર્વનાશ તરફ ધસી રહ્યું છે તેનું પણ તેને ભાન નથી. આથી વધારે તો તેની બીજી દુર્દશા કઈ હોઈ શકે ?

આવા કપરા સંજોગોમાં ભાવના યોગની ખૂબ જ આવશ્યકતા છે, અનિવાર્યતા છે. તે માનવ મનને શાન્ત કરશે. અધ્યાત્મ ભાવમાં પ્રવેશ પામેલો, ભાવનાનો ભાવુક જ સુખને અનુભવશે. બાર ભાવનાથી મનઃશાંતિ અને ૪ ભાવનાથી વિશ્વશાંતિનું સામ્રાજ્ય સ્થાપી શકાય છે. જીવનકલહને શમાવી શકાય છે. આચાર વિચારના ઉભય ક્ષેત્રે ભાવનાઓ પરિવર્તન લાવી શકશે. જીવ–જીવ પ્રત્યે મૈત્રી, દયા, ગુણાનુરાગ વગેરેના ભાવો જાગશે તો જ વિશ્વમૈત્રી અને વિશ્વશાન્તિ શક્ય બનશે. માત્ર વિશ્વશાંતિની વાતો કરવી અને અંદર અણુ યુદ્ધની તૈયારી કરવી એ વિપરીત ભાવ શાંતિનો ઘાતક છે. યુદ્ધથી ક્યારેય શાન્તિ નથી આવતી.

વાસના અને વિકારોનો શિકાર બની ચૂકેલી આજની યુવા આલમ. જેના મુખ ઉપરથી સાત્વિકતાનું નૂર, તેજ અને ખુમારી ઊડી ગઈ છે એવી નવી પેઢીને વિષય–કષાયની જાળમાંથી બહાર કાઢવા "ભાવના ભવનાશિનિ"ના શીર્ષક હેઠળ ભાવના યોગ સંબંધી વ્યાખ્યાનો આપ્યા. વિ. સં. ૨૦૩૯ ના વડોદરા નગરે ચાતુર્માસ દરમ્યાન યોજાયેલ ચાતુર્માસિક ૧૬ રવિવારીય "શ્રી મહાવીર જૈન શિક્ષણ શિબિર"માં રવિવારીય સચિત્ર જાહેર વ્યાખ્યાનમાળામાં ભાવનાવિષયક વ્યાખ્યાનો અપાયા.

વ્યાખ્યાનમાં કાળમર્યાદા હોવાથી વિષયની પૂર્ણ સમાપ્તિ ન થતા લેખનમાં મર્યાદાને થોડી દૂર રાખી ભાવનાશતક, ધ્યાનદીપિકા અને શાન્તસુધારસ આદિ પૂર્વજ મહાપુરુષોના ગ્રન્થોનું આલંબન લઈને સ્વમતિના ક્ષયોપશમાનુસાર "ભાવના ભવ નાશિનિ" પ્રસ્તુત પુસ્તકનું નિર્માણ કર્યું છે. આની સાથે પૂજ્ય વિનયવિજયજી મહામહોપાધ્યાયશ્રીએ રચેલા "શાન્તસુધારસ"નાં સંસ્કૃત પદ્યો, ગેય પદ્યકાવ્યો વગેરે જોડવામાં આવ્યાં હોત તો જરૂર સોનામાં સુગંધ ભળત, પરન્તુ કદવિસ્તારના કારણે તે સાથે ન જોડી શકાયું.

શુભ ભાવ અને ભાવનાથી "ભાવના ભવનોશિનિ"ના ભાવના યોગ સમજાવતા જિનવાણી અને વીતરાગ શાસનનાતત્વ વિરુદ્ધ મતિસ્ખલના કે પ્રમાદાદિ દોષવશ અંશમાત્ર પણ વિપરીત લખાયુ હોય તો તે બદલ અંતઃકરણપૂર્વક ક્ષમાયાચના સાથે સુજ્ઞ જનોને આ અંગે મારું ધ્યાન દોરવા નમ્ર વિનંતિ કરવા સાથે વિરમું છું.

સર્વની ભાવના ભવનાશિનિ નીવડો, સર્વની ભાવના ભવ (સંસાર)નો નાશ કરનારી થાઓ એ જ શુભ ભાવના...

❁ શિવમસ્તુ સર્વજગત : ❁

આત્માનંદ જૈન ઉપાશ્રય,
ઘડિયાળી પોળ, વડોદરા.
મહા માસની પૂર્ણિમા વિ. સં. ૨૦૪૦ મુનિ અરુણવિજય

॥ મિચ્છામિદુક્કડં ॥

સચિત્ર જાહેર વ્યાખ્યાનમાં સમય ઓછો અને વિષય ઘણો ઊંડો તલસ્પર્શી અને વિશાળ સમયમાં વધુ કહેવાના ભાવથી. તથા અલ્પ સમયમાં અલ્પ મર્યાદામાં વધુ લખવાના ભાવથી ભાવાતિરેકમાં જિનેશ્વરના સિદ્ધાંતથી વિરૂદ્ધ વીપરીત પ્રરૂપણાં થઈ હોય કે લેખન થયું હોય, શ્રોતા કે વાચક કોઈની ભાવના હણાઈ હોય, મન દુઃખ થયુ હોય, મતિસ્ખલના કે પ્રમાદ દોષવશ અંશ માત્ર પણ જાણે-અજાણે જિન શાસનની આશાતના થઈ હોય તે બદલ સકલ શ્રી સંઘ સમક્ષ અંતઃકરણપૂર્વક ક્ષમાપનાના ભાવથી મિચ્છામિદુક્કડં. પ્રેસની અશુદ્ધિ સુધારીને વાંચવા વિનંતિ. ભૂલો પ્રત્યે ધ્યાન દોરવા ગીતાર્થ જ્ઞાનીઓને નમ્ર વિનંતિ.

મુનિ અરૂણવિજય

સંસ્કાર નગરી વડોદરાનું એક સંભારણું

# વડોદરાના ઇતિહાસમાં એક યશસ્વી અને યાદગાર ચાતુર્માસ

શ્રી આત્માનંદ જૈન ઉપાશ્રય કમિટી તથા સમસ્ત વડોદરા જૈન સંઘ એ વાતનુ ગૌરવ અનુભવે છે કે વિ. સં. ૨૦૩૯નું પ. પૂ. મુનિરાજ શ્રી અરૂણવિજયજી મહારાજ આદિ ઠાણાનું વડોદરાના ઇતિહાસમાં એક યશસ્વી અને યાદગાર અદ્દભુત ચાતુર્માસ થયુ.

સાધુ જીવન સ્વપર ઉપકારક હોય છે. એમનો વિહાર, ઉપદેશ, એમની ચારિત્ર સાધના, એમની આચાર સંહિતા, એમનું સ્વપર–ઉભય ઉપકારક હોય છે. સુવાસિત હોય છે. વહેતી પવિત્ર ગંગા નદીની જેમ ગામે-ગામ ધર્મપ્રભાવનાથી લોકોને પાવન કરતા મુનિ મહારાજો વિચરતા હોય છે.

જૈન જગતના તેજસ્વી રત્ન પ.પૂ. સ્વ. ૧૦૦૮ શાસ્ત્રવિશારદ આચાર્યદેવ શ્રીમદ્દ વિજય ધર્મસૂરિશ્વરજી મહારાજ, ના પટ્ટપ્રભાવક પ. પૂ. સ્વ. ૧૦૦૮ વૈરાગ્યોપદેશક તપોમૂર્તિ જૈનાચાર્ય શ્રીમદ્દ વિજય ભક્તિસૂરીશ્વરજી મહારાજના પ્રશિષ્ય બહુમુખી પ્રતિભાસંપન્ન પ પૂ મુનિરાજ શ્રી અરૂણવિજયજી મહારાજ તથા તેમના શિષ્ય પ. પૂ. મુનિશ્રી ધનપાલવિજયજી મહારાજ મુંબઈથી વિહાર કરીને વલસાડ નગરે ભવ્ય શિક્ષણ શિબિર કરી સુરત નગરે ચાતુર્માસ પધાર્યા. સુરત નગરે સેંકડો યુવાનોને શિબિરમાં જોડી તેમનું જીવનઘડતર કર્યું. ઉપધાન તપ આદિ શાસન પ્રભાવનાના વિવિધ કાર્યો સાથે એક ભવ્ય ચાતુર્માસ કર્યું.

પુષ્પની સુવાસથી આકર્ષાઈ ને જેમ ભમરો ફળ પાસે જાય છે. તેમ પૂજ્યશ્રીની સુરતના ચાતુર્માસની મીઠી સુવાસથી આકર્ષાઈને પૂ.

વિદુષી સાધ્વીશ્રી ઓંકારશ્રીજી મ. ની પ્રેરણાથી અમારો શ્રી સંઘ પૂજ્યશ્રી અરૂણવિજયજી મહારાજને વડોદરા નગરે ચાતુર્માસની વિનંતિ કરવા ગયો. વડોદરા નગરે ભવ્ય શિબિરનું આયોજન કરવાની ભાવના વ્યક્ત કરી. પૂજ્યશ્રી વડોદરા પધાર્યા. પ્રાતઃ કાળના પ્રભાતી વ્યાખ્યાનો થયા. યુવાનોએ સારો લાભ લીધો.

પૂજ્યશ્રીને બીજાં શહેરો તથા સ્થળોની ચાતુર્માસની વિનંતિ હોવા છતાં અમારી વિનંતિ નો સ્વીકાર કર્યો. મુંબઈ બિરાજમાન પ. પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય પ્રેમસૂરિશ્વરજી મહારાજ તથા પ. પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય સુબોધસૂરીશ્વરજી મહારાજ ઉપર પૂજ્યશ્રી ચાતુર્માસ અનુમતિ અંગે પત્ર લખી આપ્યો. અને અમારા સંઘના પ્રતિનિધિએ મુંબઈ જઈ લેખિત આજ્ઞાનો અનુમતિ પત્ર પૂજ્ય આચાર્ય ભગવંતશ્રી પાસેથી લખાઈ લાવ્યા. અને શ્રી આત્માનંદ જૈન કમિટીના સભ્યોએ અમદાવાદ મુકામે જઈ પૂજ્યશ્રીના ચાતુર્માસની જય બોલાવી.

પૂજ્યશ્રી અરૂણવિજયજી મહારાજે અથાગ પરિશ્રમ કરી અમદાવાદ મુકામે જૈન ન્યાયદર્શનશાસ્ત્રીની અંતિમ ખંડની પરીક્ષા આપી. પાલીતાણા તરફ તીર્થયાત્રાર્થે પ્રયાણ કર્યો. અક્ષય તૃતીયાની શત્રુંજય મહાતીર્થની યાત્રા કરી વર્ષીતપના પારણા પ્રસંગે મહાતીર્થમાં રહ્યા પછી ભાવનગર પધાર્યા. ભાવનગર શ્રી સંઘમાં મે માસના ગ્રિષ્માવકાશકાલીન શ્રી મહાવીર જૈન શિક્ષણ શિબિરનું ૧૫ દિવસીય આયોજન કર્યું. શિબિરાર્થી વિદ્યાર્થીઓ સાથે ઘોઘાતીર્થની યાત્રા કરી ધંધુકા ખંભાત આદિ સ્થળે વિહાર કરતા વડોદરા નગરે પધાર્યા.

વડોદરા શહેરની ચારેબાજુ એક પરિક્રમારૂપે પૂજ્યશ્રીના વ્યાખ્યાનોની હારમાળા ગોઠવાઇ, નગરપ્રવેશ સાથે પૂજ્યશ્રીની અમૃત વાણી શહેરમાં ગૂંજી ઊઠી. વિવિધ સંઘોના ઉપક્રમે વ્યાખ્યાનો ગોઠવાયાં. શિબિર યોજના જાહેર થઇ અને યુવાનો જોડાતા ગયા.

**ચાતુર્માસ પ્રવેશ** : શહેરની પરિક્રમા સાથે વિવિધ સંઘોમાં વ્યાખ્યાનોની હારમાળા પૂર્ણ કરી શ્રી કોડીપોળ જૈન દેરાસરથી ઉત્સાહ અને ઉમંગ સાથે શ્રી ચતુર્વિધ સંઘ સાથે વિશાળ માનવ મેદની સાથે વાજતે-ગાજતે સ્વાગત સામૈયા સહ શ્રી આત્માનંદ જૈન કમિટીએ શ્રી આત્માનંદ જૈન ઉપાશ્રયે ઘડિયાળી પોળમાં પૂજ્યશ્રીનું ચાતુર્માસ પ્રવેશ કરાવ્યો.

## ચાતુર્માસિક સૂત્રવાંચનનાં વ્યાખ્યાનો :

સૂત્રાધિકારે-કળિકાળ સર્વજ્ઞ શ્રી હેમચન્દ્રાચાર્ય વિરચિત શ્રી યોગ-શાસ્ત્ર મહાગ્રન્થ તથા ભાવનાધિકારે પૂ. સૂરિપુંગવશ્રી હરીભદ્રસૂરિ મહારાજ વિરચિત શ્રી સમરાદિત્ય ચરિત્રગ્રંથના ચાતુર્માસિક સૂત્રવાંચન-રૂપ વ્યાખ્યાનાર્થે ચઢાવા બોલાયા અને શુભ મુહૂર્તે પૂજ્યશ્રીએ પોતાની આગવી શૈલીમાં વ્યાખ્યાનોં શરૂ કર્યા, શ્રાવક જીવન, માર્ગાનુસારી જીવન દ્વાદશ વ્રત સ્વરૂપ તથા અધ્યાત્મ યોગ સાથે ધર્મકથાનુ યોગરૂપે રસિક ચરિત્રગ્રંથ વાંચતા પૂજ્યશ્રીએ અદ્ભુત કર્મની વિચિત્રતા સમજાવી. એક પણ દિવસ પાડ્યા વિના પૂજ્યશ્રીએ સતત નિયમિત આઠ માસ સુધી વ્યાખ્યાનોં સંભળાવ્યાં.

## શિબિર સમિતિની રચના :

હિંદુસ્તાન ભરમાં જૈન સમાજે ગૌરવ લેવા જેવી વાત એ છે કે સમસ્ત વડોદરાના નાનામોટા લગભગ ૧૨થી ૧૪ સંઘો એકત્ર થયા અને શિબિરનું ભગીરથ કાર્ય સર્વના લાભાર્થે છે એમ સમજીને સમસ્ત વડોદરાના વિવિધ સંઘોના પ્રતિનિધિઓની એક સમિતિ બનાવી કાર્યની વહેંચણી કરી. "શ્રી સમસ્ત વડોદરા જૈન શ્વે. મૂર્તિપૂજક સંઘ શિબિર આયોજન સમિતિ"ની રચના થઈ. સમસ્ત વડોદરા શહેરના ભાઈબહેનોએ દાનનો પ્રવાહ વહેવડાવ્યો અને કહેતા આનન્દ થાય છે કે જોતજોતામાં ૧૬ રવિવારના શિબિરનાં જમણો તથા પુસ્તક પ્રકા-શનાર્થે સૌજન્ય પણ નોંધાઈ ગયા (જેની યાદી આગળ છે) અને છુટક ફંડ પણ સારું થયું. સમિતિના પ્રમુખ શ્રી હંસકુમાર ભોગીલાલ ઝવેરી,

ઉપ-પ્રમુખ શ્રી ચંપાલાલ કેશરીમલ સંઘવી, અને રતીલાલ ચુનીલાલ શાહ રહ્યા. મંત્રી તરીકે ઉર્મીકાન્ત ડાહ્યાભાઈ શાહ, પ્રવીણચંદ્ર ચંદુલાલ મહેતા, અને રમેશચંદ્ર નેમચંદ શાહ, તથા કોષાધ્યક્ષ પદે જયંતિલાલ છગનલાલ શાહ અને ઉમાકાન્ત ચન્દુલાલ સરૈયા સાથે ૨૪ સભ્યોની સમિતિએ કાર્ય પ્રારંભ કર્યું. તેમાં પેટાસમિતિઓ રૂપે ભંડોળ સમિતિ ૪૦ સભ્યોની, તથા ૧૫ સભ્યોની ભોજન સમિતિ, અને ૩૬ સભ્યોની પ્રચાર સમિતિ એમ વિવિધ સમિતિઓ નિમવામાં આવી. એમ લગભગ ૧૧૦ સભ્યોની શિબિર આયોજન સમિતિએ આ ભગીરથ કાર્ય પ્રારંભ કર્યું.

## ચાતુર્માસિક ૧૬ રવિવારીય શ્રી મહાવીર જૈન શિક્ષણ શિબિરનું ભવ્ય ઉદ્દઘાટન :

સમસ્ત વડોદરા શહેર-જિલ્લા તથા આજુબાજુનાં શહેરોમાં શિબિરના ભણકારા વાગતાની સાથે જ ચારેબાજુથી યુવાનો ઉમટી પડ્યા. અમદાવાદ, સુરત, ભરૂચ, ખંભાત, પાદરા, ડભોઈ આદિ શહેરો તથા ગામોના મળીને ૧૫થી ૪૫ વર્ષની ઉંમરની અંદરના જ ૯૪૫ યુવાનો એ શિબિરનાં ફોર્મ ભર્યાં. ડોક્ટરો, એન્જિનિયરો, સરકારી નોકરિયાતો તથા વ્યાપારીઓ પણ શિબિરમાં જોડાયા અને શિબિરની શિસ્ત તથા નિયમ પ્રમાણે શુદ્ધ સફેદ પહેરવેશમાં, બિલ્લા સાથે ઉપસ્થિત થવા માંડ્યા.

અષાઢ શુદ ૮, રવિવાર, તા. ૧૭-૭-૧૯૮૩ના સવારે શ્રી આત્માનંદ જૈન ઉપાશ્રય જાની શેરી, ઘડિયાળી પોળમાં હજારોની ભરેલી માનવ મેદની વચ્ચે "કલ્પના ટ્રેડર્સ"વાલા શ્રી કુમારભાઈ સી. શાહના અધ્યક્ષપદે, વડોદરા શહેરના જાણીતા ઉદ્યોગપતિ અવની પેટ્રોકેમ પ્રા. લિ.ના યુવાન ડિરેક્ટર શ્રી દીપકભાઈ જેશિંગભાઈ શાહે જ્ઞાનદીપક પ્રગટાવી શિબિરનું મંગળ ઉદ્દઘાટન કર્યું. આ શુભ પ્રસંગે અતિથિ વિશેષ પદે શ્રીયુત અજીતકુમાર ચિમનલાલ મણીયાર (શ્રી વાડીલાલ એન્જિ. પ્રા. લિ. ના મેનેજિંગ ડાયરેક્ટર), હિન્દુસ્તાન સ્ટીલ કોર્પોરેશનવાળા



સચોટ અને સરલ શૈલીમાં
જિનશાસનના સિદ્ધાંતોને જોશીલા
વ્યાખ્યાનો દ્વારા યુવાનોમાં ક્રાંતિ
સર્જનારા

**પ. પૂ. મુનિરાજ શ્રી**
**અરૂણ વિજયજી મહારાજ**

શિબિરમાં પ્રવચન કરી રહ્યા છે.



સ્વ. લીલાવતીબેન જેશિંગલાલ છોટાલાલ શાહ ધર્માદા દવાખાનાનું ઉદ્ઘાટન
કરતા શેઠશ્રી દીપકભાઇ જેશિંગલાલ શાહ.



પ. પૂ મુનિરાજ શ્રી અમીસાગરજી મ., પ. પૂ. મુનિરાજ શ્રી અરૂણવિજયજી મહારાજ આદિ મુનિ મંડળની પવિત્ર નિશ્રામાં વડોદરાના આંગણે શ્રી મહાવીર જૈન શિક્ષણ શિબિરનું મંગળ ઉદ્દઘાટન કરતા ઉદ્યોગપતિ દીપકભાઇ જે. શાહ સમિતિના પ્રમુખ હંસકુમારભાઈ ઝવેરી; કુમારભાઈ શાહ આદિ.



૧૬ રવિવારીય શિક્ષણ શિબિરમાં જિનવાણીના સિદ્ધાન્તોને સમજવા પૂજ્યશ્રીનું વ્યાખ્યાન સાંભળવા મગ્ન થયેલા શ્રોતાગણ તથા વ્યાખ્યાન અવતરણ કરનાર પૂજ્ય પંજાબ કેસરિ સમુદાયનું સાધ્વી મંડળ.

શ્રી પારસમલ ભગરાજ કાનુગો, તથા લોખંડના વ્યાપારી શ્રી બિપીનચંદ્ર વર્ધમાન શાહ, આ ત્રણે શહેરના જાણીતા યુવાન ઉદ્યોગપતિઓ પધાર્યા હતા. એમ શહેરના દાનવીર દાતાઓનો ઉદાર ફાળો, લોકોનો સહકાર વગેરે સાંપડતા શિબિરના શ્રીગણેશ મંડાયા.

## શિબિરની શિક્ષા-દિક્ષા :

* Jain Philosophy * Jain History, * Jain Psychollogy, * Jain Yoga and Meditation, * Jain Karm Philosophy, * Jain Geography, Jain Cosmology, * Jain Metaphysics * Jain Religion and Ethics * Jain Biology

વગેરે અનેક વિષયો ઉપર પૂજ્યની વાચનાનો ધોધ વહેવા માંડ્યો. વિદ્વાન મુનિરાજ શ્રી અરૂણવિજયજી મહારાજે વિવિધ ભાષામાં સચોટ રીતે સરળ અને સુગમ શૈલીમાં રંગીન ચાર્ટ ચિત્રો સાથે ઉપરોક્ત વિવિધ વિષયો ઉપર સમજાવ્યું. સુંદર પ્રાર્થના-ધ્યાન-આસન સાથે પ્રારંભ થતી રવિવારની સોનેરી પ્રભાત જીવનમાં શાંતિ પાથરી જતી હતી. સવારે ૯-૦૦ થી ૧૨-૩૦ સુધીમાં ત્રણ વિષયો સાથે પૂજ્યશ્રી જૈન જગતના વિવિધ સિદ્ધાન્તો યુવાનોના હૈયે ઉતારતા હતા. સુરીલા સંગીતની સાથેના ભકિત ગીતોની ધૂન વચ્ચે વચ્ચે તાજગી પૂરતી હતી. ત્યાર બાદ ૧૨-૩૦ થી ૨-૦૦ પાંજરાપોળમાં દરેક આગન્તુક શિબિરાર્થીઓની સાધર્મિક ભક્તિ કરવામાં આવતી હતી. શહેરના વિવિધ દાતાઓ તરફથી ઉત્તમ ભોજનથી બધાને તૃપ્ત કરવામાં આવતા હતા

## ૧૬ રવિવારીય સચિત્ર જાહેર વ્યાખ્યાનમાળા :
## " ભાવના ભવ નાશિનિ "

વર્તમાન યુગના અશાન્ત અને ધનલોભી માનવીને જેની પૂરી આવશ્યકતા છે એવી શાન્ત સુધારસની અનિત્યાદિ ૧૨ તથા મૈત્રી આદિ ૪ ભાવનાઓ ઉપરના મનનીય સચિત્ર જાહેર વ્યાખ્યાનોની હારમાળા

બપોરે ૨-૦૦ થી ૪-૦૦ ચાલતી હતી. પૂજ્યશ્રી એકલા જ દર રવિવારના ૫ કલાક વ્યાખ્યાન આપવા છતાં થાક વિનાની તાજગી અનુભવતા સેંકડો યુવાનોની શંકાઓનો સમાધાન કરતા. જિજ્ઞાસા સંતોષતા હતા. શિબિરમાં તો ફક્ત યુવાનોને જ પ્રવેશ હતો પરન્તુ આ જાહેર વ્યાખ્યાનમાળામાં ચતુર્વિધ સંઘના સર્વે ભાઈબહેનો લાભ લેતા હતા. સર્વે શ્રોતાઓ પૂજ્યશ્રીની જાદુભરી વાણીથી મંત્રમુગ્ધ થતા હતા. સુરત-મુંબઈ-અમદાવાદ આદિ દૂર-દૂરના જિજ્ઞાસુઓની જિજ્ઞાસા સંતોષવા વડોદરા શહેરના વિવિધ દાતાઓના સૌજન્યથી આ ભાવનાઓ સંબંધી સચિત્ર જાહેર વ્યાખ્યાનોને છપાવી પ્રસિદ્ધ કરવાનો સમિતિએ નિર્ણય કર્યો. ચિત્રકાર નયનસોની તથા બિન્દુપ્રેસનો આ તકે અમે આભાર માનીએ છીએ કે જેમને વ્યાખ્યાનની લઘુ પુસ્તિકામાં ચિત્રો કરી આપ્યા. તથા સમયસર પુસ્તિકા છાપી આપી

પુજ્ય સાધ્વીજી શ્રી ઓંકારશ્રીજી મહારાજના શિષ્યા વિદ્વાન સાધ્વીજી શ્રી જયન્તપ્રભાશ્રીજી મહારાજ આદિ સાધ્વીજી મહારાજોએ વ્યાખ્યાનોનું અવતરણ કર્યું અને પૂજ્યશ્રીએ તેને મઠારી-ગોઠવી ઉત્તમ લેખન કરી આપ્યુ અને "ભાવના ભવનાશિનિ" ના શીર્ષક હેઠળ આ પુસ્તિકા સાકાર થઇ શકી તે બદ્દલ પૂજ્યશ્રીના અમે ઋણી છીએ. પ્રસિદ્ધ થતાની સાથેજ પુસ્તિકાઓ સુરત-મુંબઈ અમદાવાદ આદિ ક્ષેત્રો માં બીજા દિવસે પહોંચી જતી અને ભાવિકોને મળતી હતી. પ્રસ્તુત પુસ્તિકા ૧૭ વ્યાખ્યાનોની સંકલિત પુસ્તક છે.

## શિબિરથી શુદ્ધિ અને સિદ્ધિની ફળશ્રુતિ

દૂર દૂરથી આવીને આ શિબિરમાં જોડાયેલા યુવાન શિબિરાર્થીઓને તર્ક-યુકિત તથા દલીલોથી સમજાવતા પૂજ્યશ્રીએ જાહેરમાં તથા વ્યકિતગત નિયમ પચ્ચખાણો આપ્યા હતા. સુશિક્ષિત યુવાનોને અપીલ કારી લાગતા ભાવનાઓના વ્યાખ્યાનોએ તેમના અંતરમાં ભાવના જગાડી હતી. જેથી તેઓ ભવનો નાશ કરવા પાપ ન કરવાની પ્રતિજ્ઞા કરવા

કટીબદ્ધ થયા હતા. આજીવન અનન્તકાય-કંદમૂળ રૂપે કાંદા-બટાકાદિનો ત્યાગ, મદ્ય-મદિરા દારૂનો ત્યાગ, ઇંડા, માંસ તથા તેની બનેલી વસ્તુઓનો ત્યાગ કર્યો B. W. C. ચલચિત્ર દ્વારા પ્રત્યક્ષ માહિતી અપાતા ઘણાં ભાઇ-બહેનોએ દારૂ માંસ તથા ઇંડા અને તેની વસ્તુઓ તેમજ રેશમી વસ્ત્ર, તથા સૌંદર્ય પ્રસાધનોનો પણ ત્યાગ કર્યો હતો. ચોરી-જુગાર, પાન-બીડી-તંબાકુ, સીગારેટ, ગાંજો, ચરસ, અફીણ જેવા કેફી વ્યસનોને ઘણાંએ જીવન માંથી તિલાંજલી આપી હતી. જીવન બગાડતા નાટકો-ફિલ્મો અને ગંદા અશ્લીલ સાહિત્યને પણ સજ્જનોએ છોડયા હતા. જુગાર, મટકા અને સટ્ટા ન રમવાની પ્રતિજ્ઞા ઘણાંએ લીધી હતી બકરી ઈદ નિમિત્તે સારી સંખ્યામાં ફંડ ઉઘરાવી ઘણાં બકરાઓ તથા ગાયો ભેંસોને બચાવીને પાંજરાપોળમાં રાખ્યા હતા. અને સાથે સાથે એ બકરી ઈદના નિમિત્તે સકળ સંઘ માંથી ૧૨૦૦ની સંખ્યામાં સામૂહિક આયંબિલ થયા હતા. જિનપૂજા, રાત્રિભોજન ત્યાગ, દર્શન સામાયિક, પ્રતિક્રમણ, જાપ, આદિના નિયમો તથા બ્રહ્મચર્ય આદિ જેવા વ્રતો પણ યુવાનોએ લઇને પોતાના આચાર વિચારમાં આવતા પરિવર્તનની ઝાંખી કરાવી શિબિર ની સફળતાને પૂરવાર કરી આપી હતી.

## સમૂહ સામાયિક શિબિર

૧૫ વર્ષથી નાના બાળક-બાળિકાઓ માટે દર શનિવારે બપોરે સમૂહ સામાયિક શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતુ. જેમાં ૩૫૦ થી ૪૦૦ ની સંખ્યામાં બાળકો સામાયિક કરતા હતા. ચિત્રો અને વાર્તાઓ દ્વારા પૂજ્યશ્રી તેમને સમજાવી સૂત્રપાઠ આદિ કરાવતા હતા વિવિધ દાતાઓ વિવિધ વસ્તુઓની પ્રભાવના આપતા હતા. અન્તમાં રત્નાકર પચ્ચીશી કંઠસ્થ, ભકતામર, અજિતશાંતિ આદિની ૬ હરિફાઇઓ રાખવામાં આવી હતી. જેમાં મોટા આકર્ષક ઈનામો બાળકોને ઈનામી મેળાવડામાં આપવામાં આવ્યા હતા. ફટાકડા ન ફોડવા, દર્શન, પૂજા, સામાયિક વગેરેની વિવિધ પ્રતિજ્ઞાઓ બાળકોએ લઈને સંસ્કારનું સિંચન દેખાડી આપ્યું હતું.

## રાત્રિ તત્વાર્થ ક્લાસ

ઉપરોક્ત વિવિધ વિષયો ઉપર ફક્ત પુરૂષો માટે રાત્રે ૯થી૧૦ ક્લાસો ચલાવવામાં આવતા હતા. સૂત્રાર્થ, તત્વાર્થસૂત્ર, આચાર-વિચાર વગેરે વિષયો ઉપરની ઝીણવટભરી સમજણ રાત્રી ક્લાસોમાં લગભગ ૩૦૦ જિજ્ઞાસુઓ લાભ લેતા હતા. પ્રશ્નોત્તરી સાથે ચાર્ટ-ચિત્ર પદ્ધતિએ પૂજ્ય શ્રી વિષય સમજાવતા હતા.

## પરીક્ષા અને ઈનામ વિતરણ

"કર્મ તણી ગતિ ન્યારી" તથા "જૈન દર્શન" બે પુસ્તકોની લેખિત પરીક્ષા શ્રી મહાવીર વિદ્યાર્થી કલ્યાણ કેન્દ્ર (મુંબઈ) તરફથી યોજવામાં આવી હતી. જેમાં પુના, મુંબઈ, વલસાડ, સુરત, વડોદરા, અમદાવાદ અને ભાવનગરના વિવિધ કેન્દ્રોમાંથી વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી તેનો ઈનામી મેળાવડો આત્માનંદ જૈન ઉપાશ્રયે યોજવામાં આવ્યો હતો. જેમાં ઉત્તીર્ણ વિદ્યાર્થીઓને "પ્રમાણ-પત્રો" અને મોટા ઇનામો શિબિર સમિતિ તરફથી આપવામાં આવ્યા હતા.

## "કર્મ તણી ગતિ ન્યારી"નું પ્રકાશન

પૂજ્યશ્રીના સુરત ચાતુર્માસ દરમ્યાન ગતવર્ષ શિબિરમાં અપાયેલા કર્મ વિજ્ઞાન સંબંધી પ્રવચનોની એક અનોખી પુસ્તકની બીજી આવૃત્તિની ૨૦૦૦ નકલ શિબિર સમિતિ તરફથી છપાવવામાં આવી છે.

## ચાતુર્માસિક અનુષ્ઠાનો તથા તપશ્ચર્યાઓ

શુભ મુહૂર્તે પૂજ્યશ્રીના આગમનની સાથે જ શરૂ થતા અસરકારક વ્યાખ્યાનોના પ્રભાવથી શ્રી સંઘમાં અનેકવિધ આરાધનાઓ થઈ. આયંબિલ તપ, છઠ્ઠ તપ, એકાસણું તપ, જાપ, અઠ્ઠમ તપ, વર્ધમાન તપ, ઓળી તપ આદિ વિવિધ તપશ્ચર્યાઓ સંઘમાં થઈ શ્રી વીશ સ્થાનક તપની સામૂહિક આરાધના રૂપે ૬૫૦ ઉપવાસ પૂર્વક શ્રી વીશ સ્થાનક મહાપૂજનના અનુષ્ઠાન સાથે થઇ. ભક્તિ ભાવ સાથે બધા પૂજનમાં તરબોળ બન્યા હતા. ઉપવાસના આરાધકોને શ્રી સંઘ તરફથી

શ્રી વીશસ્થાનક તથા શ્રી સિદ્ધચક્રના યંત્રો જાપ માટે ભેટ આપવામાં આવ્યા હતા.

પરમ તારક તીર્થંકર પરમાત્માના જન્મ કલ્યાણકની ઉજવણી રૂપે ત્રણ દિવસનો ભવ્ય અર્હદ મહાપૂજન શ્રી સંઘ તરફથી ભણાવવામાં આવ્યો હતો. જેમાં નૃત્ય અને સંગીત સાથે ઈન્દ્ર મહોત્સવ તથા જન્માભિષેક તથા છપ્પનદિક્કુમારીકા મહોત્સવ ઉજવવામાં આવ્યો હતો. ભાવિકોએ સ્વ આભુષેણાં વડે પ્રભુજીની આભુષણ પૂજા કરી હતી વડોદરાની ધરતી પર પ્રથમવાર આવી મહાન આરાધના ઉજવાઈ.

## શ્રી પર્યુષણ મહાપર્વની વિશિષ્ટ આરાધના

જિન વાણીના ઉપદેશાત્મક વિશિષ્ટ વ્યાખ્યાનોથી મહાપર્વની આરાધનાનો ઉત્સાહ ઉમંગ શ્રી સંઘમાં અનેરો વધ્યો હતો. યુવાન વર્ગમાં અનેરો ઉમંગ હતો અને તેથી ઘણાં યુવાન યુવતિઓએ અઠ્ઠાઈઓ તથા ચોસઠ પ્રહરી પૌષધ તથા માસખમણ વગેરે કર્યા હતા.

પૂજ્યશ્રીના સચોટ ઉપદેશથી સાધર્મિક ભાઈઓને વિના વ્યાજે લોન આદિ રૂપે સહાય કરવા માટે મોટું ફંડ ભેગુ કરવામાં આવ્યું. શ્રી સંઘમાં સાધારણ ખાતાનો કાયમી ફંડ સારો થયો. શ્રી ભગવતી સૂત્રના પ્રકાશનનો ફંડ, ચાર્ટ–ચિત્રાવલીનો ફંડ તથા શ્રી મહાવીર જૈન શિક્ષણ શિબિરનો ફંડ, તરસાલીની ટીપ, જીવદયા ટીપ, આયંબિલ શાળા, ચૈત્યપરિપાટી, ભોજન શાળાની ટીપ આદિ વિવિધ ફંડો થયા હતા અને અમને કહેતા ખૂબ આનંદ થાય છે કે સકલ સંઘના ભાઈ-બહેનોએ ખૂબ ઉમંગથી ઝોળી છલકાવી દીધી હતી.

કલ્પસૂત્ર ઉપરના રસિક અને સ્પષ્ટ વ્યાખ્યાનોએ ઘણાં લોકોને આકર્ષ્યા હતા. ગણધરવાદનું સચિત્ર ૫ કલાકનું વ્યાખ્યાન શ્રવણ જીવનનો એક લ્હાવો હતો. સંવત્સરીની આરાધના બાદ સમસ્ત શહેરના સામૂહિક પારણા તથા વરઘોડા સાથે મહાપર્વની આરાધના અનેરા ઉત્સાહ સાથે પૂર્ણ થઈ હતી.

## ચૈત્યપરિપાટી ( શહેર યાત્રા )

શ્વેત વસ્ત્ર સજ્જ શિબિરના યુવાનો અને ચતુર્વિધ શ્રી સંઘના સાધુ-સાધ્વી-શ્રાવક-શ્રાવિકાઓ સાથે શહેરના વિવિધ જિનપ્રાસાદોના દર્શનાર્થે ચૈત્યપરિપાટી નિકળી હતી. શ્વેતક્રાંતિ સર્જતા યુવાનોએ વડોદરાના ઇતિહાસનું પાનું સુવર્ણાક્ષરે લખ્યુ હતું.

## પૂજ્યશ્રીને શાસ્ત્રી-પદવીદાન સમારંભ :

એક વ્યાખ્યાતા અને પ્રભાવી વકતાની સાથે સાથે પુજયશ્રી સ્વયં અભ્યાસુ વિદ્યાર્થી છે. રાષ્ટ્ર ભાષા રત્ન, સાહિત્ય રત્ન ( M.A. With Hindi Literature ) ની પરીક્ષાઓ પૂજ્યશ્રી વર્ધા અને પ્રયાગથી આપી ચુકયા હતા. અને ભારતીય વિદ્યા ભવનની ન્યાય-દર્શન શાસ્ત્રીની સંસ્કૃત માધ્યમથી અભ્યાસ કરી ગત વર્ષે અમદાવાદ મુકામે અંતીમ પરીક્ષા આપી. અથાગ પરિશ્રમે પૂજ્યશ્રી પ્રથમ કક્ષામાં પ્રથમ નંબરે ઉતીર્ણ થયા. તે પ્રસંગે પૂજ્યશ્રી ને " જૈન ન્યાય-દર્શન શાસ્ત્રી " ના ઉપાધિપત્ર તથા " પ્રમાણ પત્ર " સાથે પદવી અર્પણ કરવા મુંબઈથી ભારતીય વિદ્યાભવનના પ્રધાનાચાર્યજી પં. શ્રી ભાઇશંકરજી પુરોહિત અત્રે વડોદરા પધાર્યા હતા. રવિવારીય શિબિરમાં ભારે દબદબા ભર્યા સમારંભમાં પૂજ્યશ્રીને " જૈનન્યાય-દર્શન શાસ્ત્રી " ની પદવી આપવામાં આવી હતી. આ પ્રસંગે પૂજ્યશ્રીએ સંસ્કૃતમાં ભાષણ કર્યુ હતું. આ પ્રસંગે પૂજ્યશ્રી ના અધ્યાપક પુનાના પંડિતજી શ્રી રામચંદ્રશાસ્ત્રી જોશી, પં. ભાઇશંકરજી પુરોહિત આદિનું વિશિષ્ટ સન્માન કર્યું હતું.

## ગ્રન્થ પ્રકાશન કાર્ય :

પંડિતજી રામચંદ્રશાસ્ત્રી જોશી સાથે પરિશ્રમ કરીને પૂજ્યશ્રી અરૂણવિજયજી મહારાજે તૈયાર કરેલ ગ્રન્થ " પ્રમાણનયતત્વાલોક " જે મૂળ વાદિદેવસૂરિ મહારાજનું સૂત્રબધ્ધ છે. તેના ઉપર સુંદર ટીકા તથા હિન્દી અનુવાદ સાથે તૈયાર કર્યો છે બીજો ઉપાધ્યાયશ્રી યશોવિજયજી વાચક વિરચિતશ્રી " ન્યાયાલોક " ગ્રન્થ પણ ટીકા-ભાષાંતર સાથે જે



વડોદરાના મેયર શ્રી તથા જૈન આગેવાન દાતાઓ તથા શ્રી મહાવીર જૈન મેડિકલ સેન્ટરના ટ્રસ્ટીઓ વડોદરામાં યોજાયેલ ૮ ભવ્ય તબીબી શિબિરોના ઉદ્ઘાટન પ્રસંગે દીપક પ્રગટાવી રહ્યા છે.



દર્શનશાસ્ત્રી પરીક્ષામાં પ્રથમ વર્ગમાં પ્રથમ નંબરે ઉત્તીર્ણ પૂજ્ય વિદ્વાન મુનિરાજ શ્રી અરૂણવિજય મ. ને "જૈન ન્યાયદર્શન શાસ્ત્રી" પદવી અર્પણ કરતા ભારતીય વિદ્યાભવન (મુંબઈ)ના પ્રધાનાચાર્યજી પં. શ્રી ભાઈશંકરજી પુરોહિત



ચાતુર્માસિક ૧૬ રવિવારીય શ્રી મહાવીર જૈન શિક્ષણ શિબિરનું ઉદ્‌ઘાટન કરતા
શેઠ શ્રી દીપકભાઈ જેશિંગલાલ શાહ.



પૂજ્યશ્રીએ યોજેલી “સંસ્કૃત પાણ્ડિત પરિષદ”માં વિવિધ ધર્માચાર્યો તથા
વિદ્વાન પંડિતો.

તૈયાર કરી રહયા છે. તે તથા મુંબઇના પંડિતજીશ્રી ઈશ્વરચંદ્રજી શર્માએ લખેલો ગ્રંથ "આસ્તિકવાદકા સ્વરૂપ" એ ત્રણે ગ્રન્થો છાપીને પ્રસિધ્ધ કરવા માટે પદવી દાન સમારંભ પ્રસંગે શ્રી આત્માનંદ જૈન ઉપાશ્રય કમિટિ જ્ઞાનખાતા, તથા કોઠી પોળ જૈન સંઘના જ્ઞાનખાતામાંથી, તથા વ્યકિતગત દાનવીરોના સહકારથી આ ગ્રન્થો પ્રકાશિત કરવામાં આવશે. અત્યારે ક્રમશઃ પ્રેસમાં છાપકામ ચાલુ છે.

## દીપાવલી મહાપર્વ શ્રી વીરમહાપ્રભુના નિર્વાણ કલ્યાણક પ્રસંગે શ્રી વીરપ્રભુની અંતિમ દેશના તથા જલમંદિર પાવાપુરીની રચના

ચરમ તીર્થપતિ શ્રી મહાવીર પ્રભુના નિર્વાણ કલ્યાણકની અનોખી આરાધના વડોદરાની ધરતી ઉપર પૂજ્યશ્રીએ સર્વપ્રથમવાર અદ્ભુત રીતે કરાવી હતી. આબેહૂબ પાણીના મોટા હોજમાં જલમંદિર પાવાપુરીની સુંદર રંગીન પ્રતિકૃતિ છાણીવાલા ભાઇએ ગોઠવી હતી. અને તેની સમક્ષ આસોની ચૌદશ તથા અમાવસ્યાના બે દિવસ પૂજ્યશ્રીએ શ્રી વીરપ્રભુની અંતિમ દેશનારૂપે "શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર" આગમના ૩૬ અધ્યયનના વાંચન પૂર્વક સારગર્ભિત અંતિમ દેશના સવાર-બપોરે ૭ ૮ કલાક એકધારી શ્રવણ કરાવી હતી. ચતુર્વિધ શ્રી સંઘે એકધારી એકાગ્રપણે શ્રવણ કરતા અશ્રુભીની આંખે વિલાપ અનુભવ્યું હતું દિવાળીની રાત્રે રાત્રીજાગરણ તથા જાપ-આરાધના શ્રી સંઘમાં સુંદર થઈ હતી. નૂતન વર્ષ તથા ભાઇબીજના પર્વો સુંદર રીતે ઉમંગથી ઉજવાયા હતા.

## ચાતુર્માસ પરિવર્તન તથા તરસાલી તીર્થયાત્રા

કાર્તિકી પૂર્ણિમાએ એપેક્ષ ડ્રાયફ્રુટવાળા ચંપકભાઈ ભાવસારે શ્રી સંઘમાં વિનંતી કરી પૂજયશ્રી તથા સર્વ સાધ્વીમંડળ આદિનું ચાતુર્માસ પરિવર્તન કરાવ્યું હતું. વ્યાખ્યાન શ્રવણ તથા તીર્થપટ જુહારવા આદિની આરાધના કરી કારતક વદ ૩ના સકલસંઘ સાથે નજીકના તરસાલી તીર્થની યાત્રા કરવામાં આવી હતી.

## વ્રતોચ્ચારણ સમારંભ :

ચાતુર્માસની પૂર્ણાહૂતિ સમયે પુજ્યશ્રીએ સકલ સંઘના ભાઈ-

બહેનોને વ્રતસ્વરૂપ સમજાવતા હતા. ઘણાં ભાઇ-બહેનોએ ૧૨ વ્રત તથા તપશ્ચર્યા વગેરે ઉચ્ચરીને ગૃહસ્થમાંથી સાચા વ્રતધારી શ્રાવક બન્યતાહા.

### શહેરના વિવિધ સ્થળોમાં વ્યાખ્યાનો :

સંસ્કારનગરી વડોદરા શહેરમાં વિવિધ સ્કૂલોમાં, તથા અન્ય ક્ષેત્રે પૂજ્યશ્રીના વ્યાખ્યાનો યોજાયા. વડોદરાની સેન્ટ્રલ જેલમાં કેદીઓને પુજ્યશ્રીએ વ્યાખ્યાન આપી પશ્ચાતાપ સાથે પ્રાર્થના કરાવી હતી. અને નરક ચિત્રાવલીના ચાર્ટો જોઇને કેદીભાઇઓએ આશ્ચર્ય અનુભવ્યું હતું. શહેરની ચારેતરફ વિવિધ ક્ષેત્રે પૂજ્યશ્રીની મીઠી સુવાસ પ્રસરી રહી હતી.

### શિક્ષણ શિબિરનો પૂર્ણાહુતિ સમારંભ

૪થી ડીસેમ્બરે ચારમહિનાથી ચાલતી ચાતુર્માસિક ૧૬ રવિવારીય શિક્ષણ શિબિરની પુર્ણાહૂતિનો સમારંભ ગોઠવાયો. સુરત, મુંબઈ, અમદાવાદ આદિથી પધારેલા મહેમાનોએ પ્રાસંગિક વકતવ્ય કર્યા હતા.

શિબિરાર્થી યુવાનોએ શિબિરના ફાયદા વિષે સ્વ અનુભવો વ્યકત કર્યા હતા. શ્રી સમસ્ત વડોદરાની એકતા તથા એકવાકયતા વિષે પૂજ્યશ્રીએ સંતોષ વ્યકત કર્યો હતો, સમાજની એકતા વિષે ભાર આપ્યો હતો. શિબિરમાં સેવાની કામગિરિ બજાવનારા વડોદરા શહેરના વિવિધ મંડળો આદિનો આભાર માનવામાં આવ્યો હતો. શિબિર સમિતિના પ્રમુખ-ઉપપ્રમુખશ્રી હંસકુમારભાઈ ઝવેરી, શ્રી ચંપાલાલજી સંઘવી આદિએ આ ગૌરવગાથાને વડોદરાના ઇતિહાસમાં સુવર્ણાક્ષરે લખાયાની હિમાયત કરી હતી. વિવિધ પેટા સમિતિઓ આદિમાં ઉત્તમ સેવા આપનાર સર્વેનું તથા દાતાઓનો આભાર વ્યકત કરવામાં આવ્યો હતો.

### શ્રી સમસ્ત વડોદરા જૈન સમાજ તરફથી વડોદરાના આંગણે સર્વ પ્રથમ એક સાથે ૮ તબીબી શિબિરોનું આયોજન

કૂદકેને ભૂસકે વધતાં જતા વિવિધ પ્રકારના રોગોએ સમગ્ર વિશ્વભરમાં માનવજાતનો ભોગ લેવાનું કાર્ય જ્યારે ચાલુ રાખ્યું છે. ત્યારે મોંઘવારીના ખપ્પરમાં હોમાતી સામાન્ય જનતા તેનો ભોગ બને છે. એવા પ્રસંગે વ્યાપક અને વિશાળ પાયા ઉપર મુંબઇની જાણીતી અને

પ્રસિદ્ધ સેવાભાવી સંસ્થા શ્રી મહાવીર વિદ્યાર્થી કલ્યાણ કેન્દ્ર સંચાલિત–શ્રી મહાવીર જૈન મેડિકલ સેન્ટર, તથા શ્રી મહાવીર જૈન સાધર્મિક કલ્યાણ કેન્દ્રના નેજા હેઠલ મુંબઇ–તથા વડોદરાના દાતાઓના ઉદાર સહકારથી શ્રી સમસ્ત વડોદરા જૈન સમાજે ૮ મોટી તબીબી શિબિરોનું ભવ્ય–આયોજન કર્યું હતું. નેત્રયજ્ઞ, દંતયજ્ઞ, ચશ્મા વીતરણ, જનરલ તથા પ્લાસ્ટિક સર્જરી, આયુર્વેદિક, હોમિયો પેથિક, તથા હૃદય રોગ–નિદાન ચિકિત્સા શિબિરો સંપૂર્ણ મફત રાખવામાં આવી હતી. G.I.D.C મકરપુરા વિભાગમાં સર્વોદય આરોગ્યનિધિના સહકારથી ૧૦ હજારની આંખો તપાસી મોતીયા, ઝામર વગેરે આંખના લગભગ ૪૫૦ ઓપરેશનો કરવામાં આવ્યા હતા, ડૉ. ધનસુખભાઇ બી. શાહ, ડૉ. એમ. વી. વશી, ડૉ. આનંદલાલ કોઠારી, ડૉ. કાન્તિભાઇ, ડૉ. અશ્વિનભાઈ પટેલે આદિ નિષ્ણાંત સર્જન ડૉકટરોએ પ્લાસ્ટિક તથા જનરલ સર્જરીના લગભગ ૨૦૦ નાના–મોટા ઓપરેશનો કર્યા હતા. દીપક મેડિકલ ફાઉન્ડેશન, સી. કે. ફાઉન્ડેશન આદિનો ઉત્તમ સહયોગ મળ્યો હતો.

વડોદરાના મેયરશ્રી જ. રા. પટેલે તા ૧૭–૧૨–૮૩ના રોજ રતીલાલ ચુનીલાલ સરારવાલાના અધ્યક્ષપદે ઉદ્દ્ઘાટન કર્યું હતું. આ પ્રસંગે શાંતિલાલ બાપુલાલ શાહ પધાર્યા હતા, લગભગ ૧૩ થી ૧૪ હજાર માણસોની આંખો તપાસી નંબરના ચશ્મા કાઢી આપ્યા હતા. દર્દીઓને ચશ્મા પહેરાવી સંતોષથી વિદાય અપાતી હતી, એક સાથે ૫ થી ૭ આયુર્વેદિક તથા હોમિયોપેથિક વૈદ્યો તથા ડૉકટરો તે શિબિરોમાં દર્દીઓને તપાસી મફત દવાઓ આપતા હતા, ૮ થી ૧૦ દાંતના નિષ્ણાંત સર્જનોએ સેંકડો લોકોના દાંતની સારવારો કરી હતી. શ્રી મહાવીર હાર્ટ રીસર્ચ ફાઉન્ડેશનના સહયોગથી "હૃદય રોગના દર્દીઓ માટે શિબિર યોજાઈ હતી. કલ્પના ટ્રેડર્સ તથા અલકાપુરીના જૈન ભાઇઓ તરફથી યોજાયેલ હૃદય રોગ શિબિરમાં વડોદરાના ૧૦ એમ. ડી ડૉકટરોએ દર્દીઓને તપાસ્યા હતાં.

મુંબઈથી હૃદયના નિષ્ણાત સર્જન ડૉકટરોએ તા. ૭–૧–૮૪ના રોજ વડોદરામાં શિબિરમાં સયાજી હોસ્પીટલમાંદર્દીઓને તપાસી

ઓપરેશનોનો નિર્ણય લીધો હતો. સનત મહેતા નાણામંત્રીએ ઉદ્‌ઘાટન કરી આ શિબિરની સફળતા ઇચ્છી હતી. વડોદરા લાયન્સ કલબની સાથે યોજાયેલ આ હૃદય રોગ શિબિરમાં ૪૪૦ હૃદયના વૉલ્વ, કાણાં વગેરેના ઓપરેશનો દર્દીઓને મુંબઈ લઈ જઈ કરવામાં આવશે. આજ સુધી લગભગ ૩૦ ઓપરેશનો મુંબઈની મોટી હોસ્પીટલોમાં કરવામાં આવ્યા છે નાના બાળકો ઓપરેશન પછી નવું જીવન પામી હસતા મુખે નવા જીવનનો આનંદ માણી રહ્યા છે.

કુમારભાઈ સી શાહ, કાન્તિલાલ શાહ, ચંદ્રકાન્તભાઈ, હસમુખભાઈ ઠાકોરભાઈ, પ્રકાશભાઈ, આદિ વ્યકિતઓએ, મુંબઈ તથા વડોદરાના જૈન-જૈનેતર દાતાઓએ તથા પાંચપોળ મંડળ, શ્રુતોપાસકગણ, વિજય વલ્લભ સેવા મંડળ, ભાવસાર મંડળ, મહિલા જૈન સમાજ વિવિધ સંઘો આદિના ઉદાર સહયોગ-સહકારથી આ કેમ્પો સફળ થવા પામી હતી. એફ. એ. ચશ્માવાલા ફીદાહુસેનભાઈ, તથા એ. રઝાકભાઈએ ચશ્માઓ આપ્યા હતા. અને રેમ્કો ઓપ્ટીશીયન (મુંબઈ)વાલા રમણિકભાઈ કોઠારીના સૌજન્યથી યોજાયેલ ચશ્મા શિબિરમાં રતીલાલ ગાંધીએ સહકાર આપ્યો હતો. ડો. માલતીબેને તથા ડો. જોશીએ ચશ્માના નંબરો કાઢયા હતા. વડોદરા શહેર તથા જિલ્લા તથા સુરત-ભરૂચ અને ખેડા જિલ્લા આદિની લગભગ ૫૦ થી ૬૦ હજારની આમ જનતાએ આ શિબિરમાં લાભ લીધો હતો.

શિબિરોની પૂર્ણાહૂતિ પ્રસંગે એક સન્માન સમારંભ યોજાયો હતો. આ પ્રસંગે પૂ. આચાર્યશ્રી ઇન્દ્રદિન્નસુરી મ., પૂ. પં. શ્રી જનક વિજયજી ગણીવર્ય પૂ. ઓંકારશ્રીજી મ. આદિ સાધ્વીજી મહારાજોએ પધારીને પ્રેરક ઉપદેશ આપ્યો હતો. સોભાગચંદ ચુનીલાલ શાહના અધ્યક્ષપદે શેઠ શ્રી વ્રજલાલ ભૂખણદાસ શાહ, તથા વિનોદચંદ્ર કે. શાહ ડોકટરો, સેવાભાવી સ્વયંસેવકો તથા સંચાલકોને સેવાની સ્મૃતિમાં પ્રમાણપત્ર સાથે મોટા પદકો અર્પણ કર્યા હતા. શ્રી મહાવીર વિદ્યાર્થી કલ્યાણ કેન્દ્ર મુંબઈ તરફથી ટ્રસ્ટીઓએ શત્રુંજયના ચિત્રો તથા ઘડીયાળો

વગેરે અર્પણ કર્યા હતા. વડોદરાના પોલીસ કમીશ્નર શ્રી પ્રભાતકુમાર કે. દત્તાએ જૈન સમાજની ખૂબ પ્રશંસા કરી હતી. ૧૫ દિવસ ચાલેલા આ માનવતાના મહાયજ્ઞમાં જૈન સમાજે આમ જનતાને ખૂબ સંતોષ તથા પ્રેમથી ઉત્તમ સારવાર આપી હતી.

## કાયમી ધર્માદા દવાખાનું

તા. ૭-૨-૮૪ના રોજ ડો. વી. જી. પટેલ નર્સિંગ હોમમાં શહેરની મધ્યમાં ડો. અશ્વિનભાઈ પટેલના ઉદાર સહયોગથી એમને આપેલી જગ્યામાં "સ્વ. લીલાવતીબેન જેસિંગલાલ શાહ ધર્માદા દવાખાનું" ખોલવામાં આવ્યું હતું. જેનું મંગળ ઉદ્ઘાટન જાણીતા ઉદ્યોગપતિ શેઠ શ્રી દીપકભાઈ જેસિંગલાલ શાહે કર્યું હતું. આ પ્રસંગે રમણલાલ વકીલ, મોતીચંદ ઝાબક, ભોગીલાલ શાહ તથા મેયરશ્રીએ ઉપસ્થિત રહી સમારંભ શોભાવ્યો હતો. શ્રી મહાવીર વિદ્યાર્થી કલ્યાણ કેન્દ્ર મુંબઈ સંચાલિત શ્રી મહાવીર જૈન મેડીકલ સેન્ટર સંસ્થાપિત આ ધર્માદા દવાખાનામાં આયુર્વેદ, હોમિયોપેથિક, આંખ તથા દાંતની ચિકિત્સાના વિભાગો રાખવામાં આવ્યા છે. નજીવા દરે દવાઓ તથા ચશ્મા અપાશે. જાણીતા વૈદ્યો તથા ડોકટરો સેવા આપે છે. મુંબઈની સંસ્થા શ્રી મ. વિ. ક. કેન્દ્રના ઉપક્રમે વડોદરાની ૧૧ સભ્યોની ધર્માદા દવાખાના સંચાલન સમિતિ નિમવામાં આવી હતી. તિથિ યોજના આદિ રીતે ઘણા લોકોએ સારું દાન આપ્યું હતું. એફ. એ ચશ્માવાલા ફીદાહુસેનભાઈ એ ચશ્મા ભેટ આપ્યા હતા. વડોદરા શહેરની મધ્યમાં આવું ધર્માદા દવાખાનું આમ જનતાને રાહત રૂપ બની રહેશે. તબીબી શિબિરોના નિમિત્તે શ્રી મહાવીર વિદ્યાર્થી કલ્યાણ કેન્દ્ર-મુંબઈ તરફથી આ એક કાયમી સંભારણું ભેટરૂપે મળ્યું છે.

## વડોદરાના ઇતિહાસમાં એક અભૂતપૂર્વ—"સંસ્કૃત પંડિત પરિષદ"

## "જૈન ન્યાય-દર્શન શાસ્ત્ર-ચર્ચા સત્ર"

પ. પૂ. વિદ્વદ્વર્ય મુનિરાજશ્રી અરૂણવિજયજી મહારાજે અથાગ

જહેમત ઉઠાવી પુનાના પંડિત શ્રી રામચન્દ્રશાસ્ત્રી જોશીના સાથ અને સહકારથી ભારતના સંસ્કૃતના ટોચ કક્ષાના વિદ્વાનોને વડોદરાના આંગણે ભેગા કરી એક "સંસ્કૃત પંડિત પરિષદ"નું ભવ્ય આયોજન કર્યું હતું જેમાં પુના, નાગપુર, દિલ્હી, અમદાવાદ, મુંબઈ, ધારવાડ, કાશી આદિ વિવિધ સ્થળોથી સંસ્કૃત ભાષાના ન્યાય-દર્શનાદિ વિષયના ધુરંધર વિદ્વાનો પધાર્યા હતા. તા. ૨૬-૧-૮૪ના રોજ વિવિધ ધર્માચાર્યોની ઉપસ્થિતિમાં ભવ્ય ઉદ્ઘાટન સમારંભ યોજાયો હતો. જેમાં જગદ્‌ગુરૂ શંકરાચાર્ય સ્વરૂપાનંદ સરસ્વતીજી મહારાજ જેમના હસ્તે ઉદ્‌ઘાટન રાખ્યું હતું. (આકસ્મિક કારણસર તેઓ આવી શક્યા નહોતા) તેમના સ્થાને વલ્લભાચાર્યશ્રી મથુરેશજીએ પરિષદનું ઉદ્‌ઘાટન કર્યું હતું. વલ્લભાચાર્યશ્રી વ્રજેશકુમારજી તથા ડભોઈના રામાનુજપીઠાધીશ્વરશ્રી અનિરૂદ્ધાચાર્યજી, વિવિધ વિદ્વાનો, તથા શહેરી નાગરિકવર્ગ પધાર્યા હતા.

ચર્ચા સત્રમાં બે દિવસ સંપૂર્ણ સંસ્કૃત ભાષામાં અનેકાન્તવાદ, ઈશ્વરવાદ, જગત્-કર્તૃત્વવાદ, આસ્તિક-નાસ્તિકવાદ, આદિ વિવિધ વિષયો ઉપર વિદ્વાનોમાં પ્રશ્નોત્તરી સાથે ચર્ચા થઈ. મુંબઈના વિદ્વાન પંડિત ઈશ્વરચંદજી શર્માએ વિવિધ વિષયો ઉપર વિદ્વતાપૂર્ણ પ્રકાશ પાડયો હતો. રામાનુજાચાર્યશ્રી અનિરૂદ્ધાચાર્યજીએ સમારોપ કરતા કહ્યું હતું કે આત્મા, કર્મફળ અને પરલોકમાં માનનાર અને તેની પ્રરૂપણા કરનાર જૈનધર્મ નાસ્તિક હોઈ શકે જ નહીં. તે પરમાસ્તિક પ્રાચીનતમ ધર્મ છે. જૈનધર્મ નિરીશ્વરવાદી ધર્મ નથી. માત્ર જગત્-કર્તૃત્વવાદી નથી પરંતુ પરમાત્માનું વીતરાગી શુદ્ધ સ્વરૂપ 'અરિહંત' તથા સિદ્ધરૂપે તેઓ માને છે.

મહારાજા સયાજી વિશ્વવિદ્યાલય વડોદરામાં યોજાયેલ બે દિવસી આ ચર્ચાસત્રના અંતિમ સત્કાર સમારંભમાં વડોદરાના મેયરશ્રી જયંતિલાલ રા. પટેલે અધ્યક્ષ સ્થાનેથી બધાને આવકાર્યા હતા. યુનિવર્સિટીના પ્રો. વા. ચા. શ્રી કે. સી. મહેતાએ આવી સંસ્કૃત પરિષદ અંગે ખૂબ સંતોષ વ્યક્ત કર્યો હતો ડો. શ્રી સુરેન્દ્ર કાંટાવાલા, ડો. શ્રી અરૂણોદય

જાની, પં. શ્રી કસ્તુરીરંગાચાર્ય, ભૂતપૂર્વ મેયરશ્રી નાનાલાલ ચોકસી આદિએ પ્રાસંગિક વક્તવ્ય કર્યું હતું. બધા વિદ્વાનોએ વિવિધ વિષયો ઉપર નિબંધો લખીને લાવ્યા હતા અને તેના ઉપર ચર્ચા થઈ હતી. તે નિબંધો એક પુસ્તકરૂપે પ્રકાશિત કરવાની યોજના છે. પૂજ્યશ્રી અરૂણવિજયજી મહારાજે બે દિવસ સંસ્કૃતમાં ભાષણ કરી સત્રની ફળશ્રુતિ વ્યક્ત કરી હતી અને પોતાના ૪ નિબંધો રજૂ કર્યા હતા. આ પ્રસંગે પૂ. સાધ્વીજીશ્રી ૐકારશ્રીજી મહારાજ તથા શ્રી કોઠીપોળ જૈન સંઘ શ્રી શાંતિનાથ જૈન દેરાસરના ઉદાર સહયોગથી પધારેલા પંડિતો તથા વિદ્વાનોનું શાલ તથા રકમ આપી સ્વાગત કરવામાં આવ્યું હતું. વડોદરાના ઇતિહાસમાં આ એક અવિસ્મરણીય સંભારણું બનશે. સંદેશ, ગુજરાતસમાચાર આદિ પત્રોએ એની ઉત્તમ નોંધ લીધી હતી.

## મુદ્રિત તથા હસ્તલિખિત ગ્રન્થોનું પ્રદર્શન :

પ્રાચ્ય વિદ્યામંદિર તથા હંસા મહેતા લાયબ્રેરી, લા. દ. પ્રાચ્ય વિદ્યામંદિર, તથા હંસવિજયજી જ્ઞાનભંડાર આદિના સહયોગથી જૈન ધર્મના દાર્શનિક પુસ્તકોનું એક અમુલ્ય પ્રદર્શન પૂજ્યશ્રીએ મ.સ. યુનિવર્સીટીમાં હોમ સાયન્સ ફેકલ્ટીમાં ગોઠવ્યું હતું. ડો. સુરેન્દ્ર કાંટાવાલાના સહયોગથી પ્રાચીન હસ્તલિખિત દાર્શનિક પ્રતોનું પ્રદર્શન તથા મુદ્રિત ગ્રન્થોનું પ્રદર્શન સુંદર ગોઠવાયું હતું જેનું ઉદઘાટન અનિરૂધ્ધાચાર્યજીએ કર્યું હતું સંસ્કૃત મહાવિદ્યાલયનો સહયોગ મળ્યો હતો. પુનાના પંડિતજીશ્રી રામચન્દ્ર શાસ્ત્રી જોશીએ સત્રનું નિયમન કર્યું હતું તથા પ્રધાનચાર્ય પં. શ્રી ભાઈશંકરજી પુરોહિતે સભા સંચાલન કર્યું હતું

## ધાર્મિક કેસેટો તથા પુસ્તક ઉદ્‌ઘાટન સમારંભ :

મુંબઈના જાણીતા તત્વચિંતક શ્રી કિરણભાઈના ધાર્મિક વાર્તાલાપોની વિવિધ વિષયો ઉપરની ધાર્મિક કેસેટો ટેપ કરાવીને શ્રીમહાવીર વિદ્યાર્થી કલ્યાણ કેન્દ્ર સંચાલિત ' શ્રી મહાવીર કેસેટ સેન્ટર " મુંબઈ પ્રકાશિત કરે છે. દેશ-પરદેશની જનતા સુધી પહોંચાડે છે. શ્રી કિરણભાઈની ટેપ કરેલી કેસેટોનો એક ભવ્ય ઉદ્‌ઘાટન આ પ્રસંગે વડોદરામાં

ઉજવાયો, શ્રી કિરણભાઇએ વડોદરામાં બે દિવસ ધાર્મિક વાર્તાલાપોમાં આધ્યાત્મિક ભાષણો આપ્યા. આ પ્રસંગે પૂજ્યશ્રીના સુરતના પ્રવચનોંની સંકલિત પુસ્તિકા ' કર્મ તણી ગતિ ન્યારી ' જેની બીજી આવૃત્તિ શ્રી સમસ્ત વડોદરા જૈન શ્વે. મૂ. સંઘ શિબિર આયોજન સમિતિ તરફથી છપાવી પ્રસિધ્ધ કરવામાં આવી છે તેનું ઉદ્ઘાટન થયું. અને સાથે સાથે પૂજ્યશ્રીના વડોદરામાં શિબિર પ્રસંગે અપાયેલ ભાવના વિષયક વ્યાખ્યાનોની સંકલિત પુસ્તિકા–" ભાવના ભવ નાશિનિ " નું પણ મંગળ ઉદ્ઘાટન આ સમારંભ પ્રસંગે કરવામાં આવ્યું. વડોદરા જૈન સંઘનું ગૌરવ છે કે આવુ અમુલ્ય કાયમી સંભારણું પૂજ્યશ્રી તરફથી વડોદરા શહેરની જનતાને તથા શ્રી સંઘને પ્રાપ્ત થયું છે.

અમને કહેતા ખૂબ આનન્દ થાય છે કે વિ.સં. ૨૦૩૯ નું પૂજ્યશ્રી મુનિરાજ અરૂણવિજયજી મહારાજનું ચાતુર્માસ તેમની બહુમુખી પ્રતિભાના કારણે ઉપરોકત શૃંખલા બધ્ધ અનેકવિધ કાર્યો દ્વારા સંપન્ન થયું. ખૂબ આરાધના, વ્યાખ્યાન શ્રવણ આદી દ્વારા શ્રી સંઘના ભાઇ–બહેનોમાં અનેરો ઉત્સાહ તથા આનંદ જાગ્યો. અમારી સ્મૃત્યનુસાર વડોદરાના ઇતિહાસમાં અભૂતપૂર્વ શાસન પ્રભાવના વિવિધ કાર્યોથી સભર આ ચાતુર્માસ એક યાદગાર અને યશસ્વી ચાતુર્માસ થયું છે. વડોદરાના ઇતિહાસમાં સુવર્ણાક્ષરે કોતરાશે શ્રી સમસ્ત વડોદરા જૈન સંઘ પુજ્યશ્રી ના ઉપકારને ભૂલે તેમ નથી પુજયશ્રીને ભૂરિ ભૂરિ વંદનાં સાથે વિરમીએ.

તા. ૨૪–૩–૧૯૮૪ **લિ. શ્રી સમસ્ત વડોદરા જૈન શ્વે. મૂર્તિ**
આત્માનંદ જૈન ઉપાશ્રય. **સંઘ, શિબિર આયોજન સમિતિ.**
ઘડીયાળી પોળ, **વડોદરા.**

# શુદ્ધિપત્રક

## પ્રેસની અશુદ્ધિઓને શુદ્ધ કરીને વાંચવા વિનંતિ

વ્યા. નં. ૧

| પૃષ્ઠ | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|
| ૨ | સંતુષ્ટે | સંતુટ્ઠે |
| ૨ | નમુત્થૂણું | નમુત્થુણં |
| ૪ | श्रेसः | श्रेयांसः |
| ૫ | આયો | ગાયો |
| ૬ | માંખી | માખી |
| ૬ | ભટકીનો | ભટકીને |
| ૭ | | |
| ૮ | નિશ્ચે | નિશ્ચે |
| ૧૦ | પુષ્પનો | પુષ્પનું |
| ૧૬ | કાનો | કાનું |
| ૧૮ | अश्रवनीघो | आश्रवनिरोघो |
| ૧૮ | मनुप्रक्षाः | मनुप्रेक्षाः |
| ૨૦ | પડિત | પંડિત |
| ૨૨ | લગાડવ | લગાડવા |
| ૨૪ | કચ્ચડા | કચ્ચડાઈ |
| ૨૪ | शर्न | दर्शनं |
| ૨૪ | પ્રધારજો | પધારજો |
| ૨૬ | શાતાવેદની | શાતાવેદનીયે |
| ૨૭ | અવતા | આવતા |
| ૨૮ | સવ | સર્વ |
| ૨૯ | કો | કોઈ |
| ૩૦ | ખુબ | ધ્રુવ |
| ૩૨ | ભાવની | ભાવવી |
| ૩૨ | અંકાગિર | અંગીકાર |

વ્યા. નં. ૨

| પૃષ્ઠ | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|
| ૨ | માંખી | માખી |
| ૨ | करूणय | कारूण्य |
| ૪ | હો એ | હોઈએ |
| ૪ | भूतगणां: | भूतगणाः |
| ૪ | भवन्तु | भवतु |
| ૫ | જૂઓ | જુઓ |
| ૮ | દ્રવ્યની | દ્રવ્યના |
| ૮ | અનન્તી | અનન્તા |
| ૧૨ | જો એ | જોઈએ |
| ૧૪ | નાંક | નાક |
| ૧૪ | કાંન | કાન |
| ૧૯ | સાંધવા | સાધવા |
| ૨૦ | પુ | પુરૂ |
| ૨૦ | આગળમાં | આગમમાં |
| ૨૦ | इदि | इन्द्रि |
| ૨૧ | શીક | શ્રી |
| ૨૧ | છોડતી | છોડાતી |

| પૃષ્ઠ | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|
| ૨૩ | સૌધાન્તિક | સૌદ્ધાન્તિક |
| ૨૪ | नहवी | नहीं |
| ૨૫ | स्यानियत्वं | स्यादनित्य |
| ૨૫ | स्यद | स्याद् |
| ૨૫ | મરણુદિની | મરણાદિની |
| ૨૮ | આનિત્ય | અનિત્ય |
| ૨૯ | નત્ય | નિત્ય |
| ૩૦ | કાઇની | કોઇની |
| ૩૨ | ચન્તવવું | ચિન્તવવું |
| | વ્યા. નં. ૩ | |
| ૧૪ | કોએ | કોઇએ |
| ૧૧ | તાકિક | તાર્કિક |
| ૧૫ | સિહસેન | સિદ્ધસેન |
| ૧૭ | પરમાઆત્મા | પરમાત્મા |
| ૨૪ | પળંઅ | પલંગ |
| ૨૫ | સમળું | સસલું |
| ૨૭ | કોપાયન | કોપાયમાન |
| ૨૯ | शेचन्ति | शोचन्ति |
| ૨૯ | मूढबुयद्धः | मूढबुद्धयः |
| ૩૦ | જવાળમાં | જવાબમાં |
| | વ્યા. નં. ૪ | |
| ૫ | असंवीज्जाओ | असंखेज्जाओ |
| ૬ | કહવામાં | કહેવામાં |
| ૭ | તિર્યાવોકમાં | તિરર્છાલોકમાં |
| ૧૫ | સ્વીકાર | સ્વીકારી |
| ૨૧ | પ્રત્યાખ્યાનીય | અપ્રત્યાખ્યાનીય |
| ૨૧ | અપ્રત્યાખ્યાનીય | પ્રત્યાખ્યાનીય |
| ૨૨ | મન હોય | મન ન હોય |
| ૨૩ | અનાદ | અનાદિ |
| ૨૪ | नत्थिहुहं | नत्थिसुहं |
| ૨૭ | તમતે | તમને |
| ૨૯ | કરવતા | કરાવતા |
| ૩૦ | દ્વષ | દ્વેષ |
| ૩૧ | ચિહ્ન | ચિન્હ |
| ૩૧ | ૮૪ જીવયોનિમાં | ૮૪ લાખ જીવયોનિમાં |
| ૩૧ | ગુરૂ | ૩ ગુરૂ |
| ૩૯ | અઢારના તરાના | અઢાર નાતરાના |
| ૪૨ | બાળક ન | બાળકને |
| ૪૨ | નું | ણું |
| ૪૩ | અસંયમ્જસ | અસમંજસ |
| ૪૩ | સગે | રાગે |
| | વ્યા. નં. ૫ | |
| ૪ | ઓળખા | ઓળખાણ |
| ૫ | હં | હું |
| ૬ | મળયું | મળ્યું |
| ૯ | સાથી | સાથે |
| ૧૦ | ભાગવવા | ભોગવવા |
| ૧૨ | વસ્તીઓથી | વસ્તુઓથી |
| ૨૧ | એદ્વતવાદી | અદ્વૈતવાદી |
| ૨૭ | लमव | लमस्व |

| પૃષ્ઠ | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|
| ૨૭ | नमिराजवत | नमिराजवत् |
| | વ્યા. નં. ૬ | |
| ૬ | मोजिहत | मोहजित् |
| ૭ | બાળી | બળી |
| ૮ | કુક્ષીએ | કુક્ષીએ |
| ૮ | અધારામાં | અંધારામાં |
| ૧૨ | ચક્રવર્ણી | ચક્રવર્ત્તી |
| ૧૨ | ગુર | ગુરૂ |
| ૨૨ | ભારત | ભરત |
| | વ્યા. નં. ૭ | |
| ૨ | જન્યો | જનમ્યો |
| ૧૬ | બધાયે | બનાયે |
| ૨૪ | પૈંડામાં | પેંડામાં |
| ૩૫ | અટવાવી | અટકાવી |
| ૪૦ | માળ | માલ |
| ૪૦ | ગાળ | ગાલ |
| ૪૩ | મૂળમૂત્રની | મળમૂત્રની |
| ૪૮ | સોકેતપુર | સાકેતપુર |
| ૪૯ | એજ | રોજ |
| | વ્યા. નં. ૮ | |
| ૧૫ | अल्पार-भ | अल्पारंभ |
| ૧૮ | ગાંઢ | ગાંઠ |
| ૨૧ | વાપ | પાપ |
| ૨૩ | ૧૪ | ૧ |
| ૨૩ | सव्व सावज्ज | सव्वं सावज्जं |
| ૩૧ | કાળે | કાલે |

| પૃષ્ઠ | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|
| ૩૨ | निछा | निद्दा |
| ૩૯ | तस्य | तस्स |
| | વ્યા. નં. ૯ | |
| ૨૨ | ધાણી | ઘાણી |
| ૨૩ | સારલતા | સરલતા |
| ૩૩ | नेच्छीन्ति | नेच्छन्ति |
| ૩૪ | નવદળ | નવદલ |
| | વ્યા. નં. ૧૦ | |
| ટાઈટલ પાનુ | त्व | त्वं |
| ૪ | પ્રાણાતિપાત નોપાપકહ્યો | પ્રાણાતિપાતને પાપ કહ્યું |
| ૭ | પરદા | પડદા |
| ૮ | આ આઠ વરણ | આઠ આવરણ |
| ૧૧ | એક જનથી | એકજ નથી |
| ૧૧ | નિર્જરા અને અને | નિર્જરા અને |
| ૧૧ | જેમ ધૂમાડો | જ્યાં ધૂમાડો |
| ૧૨ | કાળે પારણું | કાલે પારણું |
| ૧૩ | મેહનત | મહેનત |
| ૧૭ | ઉભેર | ઉભરાઈ |
| ૧૯ | પૈ'ડાની | પૈડાની |
| ૧૯ | કયાં કર્મ | કયા કર્મ |
| ૧૯ | પશ્ચાત્તાપ | પશ્ચાત્તાપ |
| ૨૦ | પેડે છે | પડે છે. |
| ૨૧ | जरण्णाडिह | जरणाद्रिह |
| ૨૩ | ચોવિહાના | ચોવિહારના |

| પૃષ્ઠ | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|
| ૨૫ | નિજરા | નિર્જરા |
| ૩૨ | अब्भितरओ | अब्भिंतरओ |
| ૩૬ | વચને | વચન |
| ૩૭ | બગલાની | બંગલાની |
| ૩૭ | कम्म | कम्मं |
| ૩૭ | उसासमेत्तोणं | उसासमित्तोणं |
| ૩૭ | શ્રોત્રમા | ક્ષેત્રમાં |
| ૩૮ | ધ્યાનાનળ | ધ્યાનાનલ |
| ૩૯ | અમોધ | અમોધ |
| ૪૦ | ધનધાતી | ઘનઘાતી |
| ૪૦ | વાધર | વાધર |
| ૪૧ | વાંસનાંની | વાસનાની |
| ૪૧ | કીતીધર | કીર્તિધર |
| ૪૧ | આતધ્યાનમાં | આર્તધ્યાનમાં |
| ૪૧ | બાછતા | બાંધતાં |
| ૪૨ | વંદનાથે | વંદનાર્થે |
| ૪૨ | ધોર | ઘોર |
| ૪૩ | ધનધાતી | ઘનઘાતી |
| ૪૩ | દેષ | દ્વેષ |
| ૪૫ | થૂકેલો | થૂંકેલો |
| ૪૬ | રગ | રાગ |
| | વ્યાખ્યાન નં. ૧૧ | |
| ૫ | દ્વાદશાંડગીનાં | દ્વાદશાડગીનાં |
| ૭ | દક્ષિાર્ધભરતે | દક્ષિણાર્ધભરતે |
| ૯ | લોક પુરૂષનુ સ્વરૂપ | લોક પુરુષનું |

| પૃષ્ઠ | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|
| ૧૧ | ઢોળ | ઢોલ |
| ૧૩ | સૌરમાળાથી | સૂર્યમાળાથી |
| ૧૪ | બાહર | બહાર |
| ૧૫ | માછળીને | માછલીને |
| ૧૬ | ૬ આરાઓનુ સમજાવ્યું | ૬ આરાઓનું સ્વરૂપ સમજાવ્યું |
| ૨૩ | ધનોદધિ | ઘનોદધિ |
| ૨૩ | જંધન્યઆયુષ્ય | જઘન્ય |
| ૨૫ | દ્રિપને | દ્વિપને |
| ૨૬ | (૧૧) ધ્રુતવર | ધૃતવર |
| ૨૮ | બાહર | બહાર |
| ૨૯ | ધાતકી સંભૂચ્છિંમ | ધાતકી સંમૂચ્છિંમ |
| ૩૩ | વિસ્તરવાલો | વિસ્તારવાલો |
| ૩૪ | પદ્મદ્રહમ | પદ્મદ્રહ |
| ૩૫ | તિગિચ્છ હ | તિગિચ્છદ્રહ |
| ૩૬ | તમે સીમંધર ભગવાન જજો | તમે સીમંધર ભગવાન પાસે જજો |
| ૩૬ | મહાવિદેહ ક્ષેધને | મહાવિદેહ ક્ષેત્રને |
| ૩૭ | બકવાસ | બકવાદ |
| ૩૭ | | |
| ૩૮ | પુથ્વીથી | પૃથ્વીથી |
| ૪૧ | પ્રકોર્ણક | પ્રકીર્ણક |

| પૃષ્ઠ | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|
| ૪૧ | દેવાંર્ગના | દેવાંગના |
| ૪૧ | લોકાર્ગ | લોકાગ્ર |
| ૪૪ | મૌક્ષનું | મોક્ષનું |
| ૪૪ | અવ્યાબાધ | અવ્યાબાધ |
| ૪૪ | કતૃત્વ | કર્તૃત્વ |
| ૪૬ | સૂષ્ટના | સૃષ્ટિના |
| ૪૬ | બ્રહમા | બ્રહ્મા |
| ૪૬ | એકોડહ્તં | एकोऽहं |
| ૪૬ | કિશ્ચ્યનોએ | ક્રિશ્ચયનીઓએ |
| ૪૬ | અને કે શ્વરવાદિ | અનેકેશ્વરવાદિ |
| ૪૬ | માનજો | માનતો |
| ૪૭ | कोप्यास्ति | कोप्यस्ति |
| ૪૭ | सम्यतो | सम्मतो |
| ૪૮ | सोए | लोकः |
| ૪૮ | कतोनकेनापि | कुतो न केनापि |
| ૪૯ | દ્રયેવ્યયો | છએ દ્રવ્યો |
| ૫૦ | મૃત્યુ થવી | મૃત્યુ થવું |
| ૫૦ | પરદા | પડદા |
| ૫૨ | अज्ञापाय | आज्ञापाय |
| ૫૨ | सस्थानस्य | संस्थानस्य |

વ્યા. નં. ૧૨

| પૃષ્ઠ | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|
| ૩ | શેખચિલ્લી | શેખચલ્લી |
| ૪ | અનંતકકાય | અનંતકાય |
| ૫ | છત્રીશી મન્થમાં | છત્રીશી ગ્રન્થમાં |
| ૧૦ | બાહર | બહાર |
| ૧૧ | બાહર | બહાર |
| ૧૨ | પરિણામો | પરિણામે |
| ૧૨ | ગતિમાંપડે પડે | પડે |
| ૧૩ | અઢીએ | ચઢીએ |
| ૧૩ | નિરસન | નિરાકરણ |
| ૧૪ | कालं संखाइअं | काममसंखाइअं |
| ૧૫ | જણાવ છે | જણાવે છે |
| ૧૯ | લઘુતારૂપ | લઘુતારૂપ |
| ૨૬ | જધન્ય | જઘન્ય |
| ૨૬ | सोहिंमणुषत्ता | सोहिंमणुपत्ता |
| ૨૯ | ખુંધનાર | ખુંદનાર |
| ૩૦ | अहोण पचिंदिअया | अहोणपचिंदिया |
| ૩૧ | રંગ | સંગ |
| ૩૨ | કુતીથીકાની | કુતીર્થિકાની |
| ૩૨ | ભોગ પ્રભાત | ભોગ પ્રધાન |
| ૩૪ | નુ | અશાતાનું |
| ૩૪ | ધુણુ | ઘૂણુ |
| ૩૫ | ધખરાઈને | ગભરાઈને |
| ૩૮ | ભાના | ભાવના |
| ૩૯ | પુરૂપણા | પ્રરૂપણા |
| ૪૧ | ખેળવી | ખેલવી |
| ૪૩ | આયોગી | અયોગી |
| ૪૪ | विरणिमेव | विरतिमेव |

વ્યા. નં. ૧૩

| પૃષ્ઠ | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|
| ૫ | ધમ | ધર્મ |

| પૃષ્ઠ | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|
| ૬ | બકવાસજ | બકવાદજ |
| ૧૦ | तद्गुणसंघये | तद्गुणलब्धये |
| ૧૧ | સંઘપણ | સંઘયણ |
| ૧૪ | असद्धहणे | असद्दहणे |
| ૧૬ | ધમનો | ધર્મ તો |
| ૨૩ | कथ | कर्था |
| ૨૬ | કોડા | કીડા |
| ૨૭ | સ્વપાતિ | સ્વપતિ |
| ૨૮ | સુખ અપાવો | સુખ અપાવે |
| ૨૯ | આત્મશુદી પરક | આત્મશુધ્ધીપરક |
| ૨૯ | ધમમાં | ધર્મમાં |
| ૩૦ | બાહરથી | બહારથી |
| ૩૧ | આવ્યો | આપ્યો |
| ૩૧ | પાયમાળ | પાયમાલ |
| ૩૫ | मायं चाज्जव लोंभसंतोणओ | माया चाज्जव भावेण लोभं संतोषओ |
| ૩૬ | ધુળિ | ધુલિ |
| ૩૮ | સવ | સર્વ |
| ૪૧ | માનને | મનને |
| ૪૧ | પંચરાત્મક | પંચાત્મક |
| ૪૩ | સમ્યગે | સમ્યગ |
| ૪૪ | હાય છે | હોય છે. |
| ૪૫ | ધમ્મ | ધમ્મ |

| પૃષ્ઠ | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|
| | વ્યા. નં. ૧૪ | |
| ૨ | વિષયમા | વિષયમાં |
| ૭ | त्रुटितापि | त्रुटितामपि |
| ૧૦ | સવ | સર્વ |
| ૨૩ | ખાવાવો | ખાવાનો |
| ૨૬ | ઘાણીમાં | ઘાણીમાં |
| ૩૩ | ઘબરાયા | ગભરાયા |
| ૩૩ | ઓધો | ઓઘો |
| ૩૩ | આશ્વાસન | આશ્વાસન |
| ૩૩ | પ્રશ્ન | પ્રશ્ન |
| ૩૪ | ઝાડા | ઝાડ |
| ૩૫ | વસુધા | વસુધા |
| ૩૬ | ધાતક | ઘાતક |
| ૩૬ | ઓળાવાતો | ઓલવાતો |
| ૩૭ | સજાજાવે | સમજાવે |
| | વ્યા. નં. ૧૫ | |
| ૮ | પદાથ | પદાર્થ |
| ૮ | दृष्णगुण: | दृष्टगुण: |
| ૮ | અજીવન | અજીવના |
| ૧૦ | નામો આયરિયાણં | નમો આયરિયાણં |
| ૧૧ | આભાં | આભામાં |
| ૧૨ | ભાડોતી | ભાડુતી |
| ૧૮ | દોષો ના | દોષોના |
| ૨૦ | સસારમાં | સંસારમાં |
| ૨૧ | બેચારા | બિચારા |

| પૃષ્ઠ | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|
| ૨૮ | બાહર | બહાર |
| ૨૯ | આકર્ષે | આકર્ષે |
| ૩૧ | ગુણી | ગુણો |
| ૩૧ | આરાધનાનો | આરાધવાનો |

વ્યા. નં. ૧૫

| પૃષ્ઠ | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|
| ૩૫ | श्रणुट्ठाणं | अणुट्ठाणं |
| ૩૭ | સમ્યકાવી | સમ્યકત્વી |
| ૪૦ | કંઈક ન | કંઈક ને |
| ૪૧ | પાર્શ્વનાથ | પાર્શ્વનાથ |
| ૪૩ | બેચારો | બિચારો |
| ૪૪ | પ્રેભુએ | પ્રભુએ |
| ૪૬ | ક્રેમશઃ | ક્રમશઃ |
| ૪૮ | અતે | અને |

વ્યા. નં. ૧૬

| પૃષ્ઠ | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|
| ૮ | તાપાસ | તાપસ |
| ૮ | સવ | સર્વ |
| ૮ | હર્યું | કર્યું |
| ૯ | બાષ્પાદ્યો | બાષ્પાર્દ્રયો |
| ૧૧ | ગુરૂભગવંતને | ગુરૂભગવંતે |
| ૨૨ | જાશોમાં | જાશો માં |
| ૨૬ | દર્શન | લક્ષણ |
| ૨૯ | વિચાર | વિચારે |
| ૨૯ | અરવિદ | અરવિંદ |
| ૩૩ | વષયમાં | વિષયમાં |

વ્યા. નં. ૧૭

| પૃષ્ઠ | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|
| ૮ | બેચારા | બિચારા |
| ૧૦ | ધમ | ધર્મ |
| ૧૬ | ખોપડીવાળા | ખોપરીવાળા |
| ૨૧ | અનત | અનંત |
| ૨૭ | બેચારીને | બિચારીને |
| ૨૮ | કાષાઈ | કસાઈ |
| ૨૯ | ઉન્સૂત્ર | ઉત્સૂત્ર |
| ૩૦ | ધાતક | ઘાતક |
| ૩૧ | ઓળવતો | ઓલવતો |
| ૩૨ | સમાવાળા | સામાવાળા |
| ૨૭ | સસારના | સંસારના |
| ૩૮ | સાંખ્યું | સાંખ્યુ |

# પ. પૂ. મુનિરાજ શ્રી અરૂણવિજયજી મહારાજ

—ની શુભ પ્રેરણા અને સદુપદેશથી સ્થપાયેલ—

યુવા પેઢી, વિદ્યાર્થી આલમ, આમ જનતા, સંઘ અને સમાજના

—કલ્યાણાર્થે સ્થપાયેલ એક સેવાભાવી સંસ્થા—

## * શ્રી મહાવીર વિદ્યાર્થી કલ્યાણ કેન્દ્ર *

(80જી. નિયમાનુસાર કરમાફી પત્ર પ્રાપ્ત ટ્રસ્ટ રજીસ્ટર નંબર E-7526
(Bombay)

વિદ્યાર્થી આલમમાં આચાર-વિચારના સંસ્કારોનું સિંચન કરતી, નવયુવાનોના જીવનનું ઘડતર કરતી, સમ્યગ્જ્ઞાનનો પ્રચાર કરતી, સંસ્થાની પ્રાણભૂત એક મહત્વની પ્રવૃત્તિ→

## * શ્રી મહાવીર જૈન શિક્ષણ શિબિર *

વિવિધ સ્થળે યોજાયેલી ગ્રિષ્માવકાશકાલીન શિબિરો—

(૧) શ્રી સર્વોદય પાર્શ્વનાથ મંદિર-માથેરાન (મહારાષ્ટ્ર)
(૨) શ્રી આદિનાથ સોસાયટી પુના-સાતારા રોડ, (મહારાષ્ટ્ર)
(૩) શ્રી વર્ધમાન આયંબિલ ભવન-ભિવંડી (મહારાષ્ટ્ર)
(૪) શ્રી મહાવીરસ્વામી જૈન દેરાસર- વલસાડ (ગુજરાત)
(૫) શ્રી મહાવીરસ્વામી જૈન દેરાસર, દાદા સાહેબ કાળાનાળા-ભાવનગર (સૌરાષ્ટ્ર)

વિવિધ સ્થળે યોજાયેલી ચાતુર્માસિક ૧૬ રવિવારીય શિબિરો—

(૧) શ્રી કલ્યાણ પાર્શ્વનાથ જિન મંદિર, ઉપાશ્રય, ચોપાટી, મુંબઈ,
(૨) શ્રી આરાધના ભવન, ગોવાળીયા ટેંક, મુંબઈ
(૩) શ્રી ચંદ્રપ્રભ જૈન મંદિર, ઉપાશ્રય, પ્રાર્થનાસમાજ, મુંબઈ
(૪) શ્રી ને.મે.વાડી ઉપાશ્રય, ગોપીપુરા, સુરત (ગુજરાત)
(૫) શ્રી આત્માનંદ જૈન ઉપાશ્રય, ઘડીયાળી પોળ, વડોદરા (ગુજરાત)

(સંસ્કારી સંતતિ એજ સાચી સંપત્તિ છે)

ચાતુર્માસિક રવિવારીય શ્રીમહાવીર જૈન શિક્ષણ શિબિર

મૈત્રી — પ્રમોદ — કરુણા — માધ્યસ્થ

આયોજક: શ્રી સમસ્ત વડોદરા શ્વેતાંબર મૂ.પૂ. સંઘ

સંચાલક: શ્રી મહાવીર વિદ્યાર્થી કલ્યાણ કેન્દ્ર




રવિવારીય સચિત્ર જાહેર વ્યાખ્યાનમાળા-વડોદરા

# ભાવના ભવ નાશિની

પ્રવક્તા: પરમપૂજ્ય મુનિરાજશ્રી અરુણવિજયજી મહારાજ

અષાઢ સુદ ૮. ૨૦૩૯ પ્રથમ વ્યાખ્યાન રવિવાર, તા. ૧૭-૭-૧૯૮૩

द्रारिद्रयनाशनं दानं, शीलं दुर्गति नाशनम् ।
अज्ञाननाशिनि प्रज्ञा, भावना भवनाशनि ॥

– પ. પૂ. ચરમ તીર્થપતિ શ્રમણ પરમાત્મા શ્રીમહાવીરસ્વામિને નમસ્કારપૂર્વક...

દાન દારિદ્રયનો નાશ કરે છે, શીલ દુર્ગતિનો નાશ કરે છે, અજ્ઞાનનો નાશ પ્રજ્ઞા કરે છે અને ભાવના ભવનો નાશ કરે છે.

## ભય અને ભવ :

જગતમાં દેખાતા ભયોનો ભય તો સૌને છે, અને ભવનો નાશ કરવા માટે તો સૌ કોઈ પ્રવૃત્તિ કરે છે. એવા તો સેંકડો ભયો સંસારમાં છે.

रोगजलजलणविसहरचोरारिमइंदगयरणभयाइं
पासजिणनाम संकित्तणेण पसमंति सव्वाइम् ॥

રોગનો ભય, પાણી, અગ્નિ, સર્પ, ચોર, શત્રુ, સિંહ, હાથી અને રણક્ષેત્ર આદિના ભયો તો શ્રીપાર્શ્વજિનના નામનું સંકીર્તન કરવા-માત્રથી જ શાન્ત થઈ જાય છે.

पासहसमरण जो कुणइ, संतुष्टे हियअेण ।
अट्ठुत्तरसयवाहिभय नासइ तस्स दूरेण ॥

જો મનુષ્ય સંતુષ્ટ હૃદયથી શ્રીપાર્શ્વપ્રભુનું સ્મરણ કરે તો એવા એકસોને આઠ ભયો હોય તોપણ ક્ષણમાત્રમાં તેનાથી દૂર ભાગી જાય છે. જ્યાં સુધી આપણામાં ભય છે ત્યાં સુધી આપણે સાચા અહિંસક નથી ગણાતા. માટે ભયમાંથી નિર્ભયી બનવાનું છે. આપણે જો ખોટું નથી કર્યું, ખોટું નથી બોલ્યા, ચોરી નથી કરી તો આપણને ભય શેનો? ચોરી કરી હોય કે ખોટું બોલ્યા હોય એને ભય લાગે છે માટે નિર્ભય બનવા માટે નિષ્પાપ બનવું જરૂરી છે અને જગતમાં નિર્ભયી પણ ઘણાં બની શકશે પરંતુ અભયદાતા કેટલા બની શકશે?

अभयदयाणं અને "नमोजिणाणं जिअभयाणं"નાં વિશેષણો તીર્થંકર પરમાત્મા માટે આપણે નમુત્થૂણંસૂત્રમાં બોલીએ છીએ. જેમને સર્વ ભયો જીતી લીધા છે, જે સર્વ જીવોને અભયના દાતા છે એવા

જિનને નમસ્કાર થાઓ. માટે ભયવાલામાંથી નિર્ભયી બન્યા પછી પણ હવે અભયદાતા બનવા પ્રયત્ન કરવાનો છે.

## ભવનો ભય અને ભવરોગ

અનેકવિધ રોગોમાં ભવ પણ રોગરૂપે છે. ૦ આત્મા ⊕ અને + □ શરીર–આ બન્નેનો સંયોગ એ જ સંસાર છે. તાવ આવવો, પેટ કે માથું દુખવું વગેરે રોગો તો શરીરના છે. આત્માએ ઉપાર્જન કરેલા અશાતા વેદનીય કર્મના કારણે ઉદયમાં આવેલા શારીરિક રોગો તો શમી પણ જશે પરંતુ ભવરોગનું શું ? શરીરના રોગોનું જ્ઞાન કે ભાન તો ઘણાને છે પરંતુ આત્માને લાગુ પડેલા ભવના રોગનું ભાન કેટલાને છે ? શારીરિક રોગો પણ જે કર્મજન્ય છે છતાં પણ જીવરોગના મૂળ કારણ કર્મને ન જોતો માત્ર ઉપરના રોગને જ જુએ છે.

"ઔષધ વિષે કરું યત્ન પણ હું ધર્મને તો નવ ગણું" અને માત્ર ઔષધિ વિષે જ પ્રયત્ન કરે છે પણ કર્મક્ષયકરવા માટે ધર્મને તો ગણતો જ નથી. માત્ર ઔષધોપચાર કરવાથી જ રોગ મટશે ? ના, એમ નથી, પરંતુ રોગના કારણભુત અશાતા વેદનીય કર્મનો ક્ષય કે ક્ષયોપશમ થતા તે રોગ મટશે.

રોગ કોને થાય છે ? શું ઈંટ, ચૂનો, પથ્થર કે મકાનને ? શું ભીંતને તાવ આવે છે ? ના, કારણ એ જડ છે. માટે રોગ જડને નથી થતો. તે તો ચેતન એવા આત્માને જ થાય છે અને આત્માએ ઉપાર્જન કરેલા અશુભ અશાતા વેદનીય કર્મના કારણે થાય છે.

આત્માને લાગુ પડેલ મોટામાં મોટો જો કોઈ રોગ હોય તો તે છે 'ભવરોગ". ભવ એટલે સંસાર અને સંસાર એટલે જન્મ–મરણનું ચક્ર.

આ ભવરોગના કારણે જીવ સંસારમાં જન્મ–મરણના ચક્રમાં

ભટક્યા જ કરે છે, અનાદિ કાળથી ભટકી રહ્યો છે. હજી સુધી એનો છેડો જ નથી આવ્યો, અંત જ નથી આવતો.

ફરીથી જન્મવું, ફરીથી મરવું? દેહને ધારણ કરવું એ જન્મ, અને દેહને છોડવું એ મરણ. આ જન્મ-મરણના ચક્રરૂપ ભવરોગથી ઘેરાયેલો જીવ કેટલાય દુઃખની યાતના ભોગવે છે.

भवरोगार्त जन्तूनामगदकारदर्शन ।
निःश्रेयस श्री रमणः, श्रे ांसः श्रेयसेस्तु व. ॥

—હેમચન્દ્રાચાર્યજી સકલાર્હત્ સ્તોત્રમાં અગિયારમા શ્રેયાંસનાથ ભગવાનની સ્તુતિમાં વિનવે છે:

રોગની પીડામાં અંતિમ ઘડીઓ ગણાતી હોય ત્યારે ડૉક્ટર કે વૈદ્યના દર્શન પણ આશ્વાસનકારી હોય છે તેમ હે પ્રભુ! આ ભવરોગથી પીડાતા જીવો માટે આપના દર્શન પણ આશ્વાસન અને સાન્ત્વના આપનાર છે. નિઃશ્રેયસ એવા મોક્ષરૂપ લક્ષ્મીના સ્વામી શ્રીશ્રેયાંસનાથ ભગવાન અમારા કલ્યાણને માટે થાઓ.

શારીરિક રોગો કરતાં પણ ભવરોગની પીડા આપણને અહર્નિશ લક્ષમાં રહે તો સમજવું કે આપણે ખરેખર ધર્મ પામ્યા છીએ. દેવ, ગુરુ, ધર્મ ઉપર શ્રદ્ધા જાગી છે. આપણે સમ્યક્ત્વી છીએ. ભયથી બચવા જેટલી મહેનત કરીએ છીએ તેનાથી ઘણી વધારે ભવથી બચવા કરવી પડશે.

**જય વીયરાય! જગ ગુરૂ! હોઉ મમં તુહ પભાવઓ ભયવં! ભવનિવ્વેઓ**— પ્રણિધાન સૂત્રની આ પ્રાર્થનામાં: "હે વીતરાગ! હે ગુરુ! હે ભગવંત! તારા પ્રભાવથી મને ભવ એટલે સંસારનો નિર્વેદ અર્થાત્ ઉદાસીનપણું પ્રાપ્ત થજો." આવી પ્રાર્થના કરીએ છીએ.

**વાણિ સંદોહદેહે ભવવિરહવરં દેહિ મે દેવિ! સારં.**

૧,૪૪૪ ગ્રન્થના પ્રણેતા પૂજ્ય હરીભદ્રસૂરિ મહારાજે ૧,૪૪૦ ગ્રન્થો તો બનાવી લીધા પરંતુ શેષ ૪ બાકી રહ્યા. એટલે છેલ્લે "સંસારદાવાસૂત્ર" બનાવી રહ્યા છે. તેની અંતિમ કડીમાં વિનવે છે—દ્વાદશાઙ્ગીરૂપ વાણીના સમૂહરૂપી શરીરવાળી એવી એ શ્રુતદેવી ! મને ભવ સંસાર )ના વિરહરૂપ મોક્ષનું શ્રેષ્ઠ વરદાન આપો.

આવ્યો શરણે તમારા, જિનવર ! કરજો આશ પૂરી અમારી,
નાવ્યો ભવપાર મ્હારો, તુમ વિણ જગમાં, સાર લે કોણ મારી ।
આયો જિનરાજ આજે, હરખ અધિકથી, પરમઆનંદકારી;
આયો તુમ દર્શનાશે, ભવો ભવ ભ્રમણા, નાથ સર્વે અમારી ॥

—હે જિનવર ! તમારા શરણે આવ્યો છું. મારી આશા પૂરી કરજો. પ્રભુ તારા વગર આ જગતમાં મારો ભવનો પાર ( અંત ) હજી સુધી આવ્યો નથી, તારા વિના મારી સારસંભાળ કોણ લે ? આજે હે જિનરાજ ! અધિક હર્ષ અને પરમ આનંદથી ગાઈ રહ્યો છું. તમારું દર્શન હું આજે પામ્યો છું. તો હે નાથ ! મારા ભવોભવ અર્થાત્ જનમ જનમની ભ્રમણા આજે ટાળો. આવી પ્રભુ આગળ પ્રાર્થના કરીએ છીએ. ભવ એટલે જન્મ–મરણના ચક્રવાળો સંસાર અને વિરહ એટલે નાશ, વિયોગ.

ભવવિરહ અર્થાત્ સંસારના ત્યાગરૂપ મોક્ષ. **ભવ કોના? જીવના કે જડના ?** કોણ ભમે છે ? ભવ કોના થાય છે ? જીવના કે જડના ?

મડદું – મૃત શરીર અહીં જ લાકડામાં બળે છે, અને શરીર એ જડ છે. ચેતન જડ શરીરમાં હોય ત્યારે તે ચેતનવંતો જીવ ઓળખાય છે. માટે શરીર નથી ફરતું, આત્મા ફરે છે. આત્મા જાય છે અને આવે છે.માટે ભવ એટલે જન્મ-મરણ. સંસાર આત્માનો છે, જડનો નહીં.

## આત્માએ કરેલા ભવોની સાબિતિ :

મૂળભૂત નિગોદના ગોળામાંથી નિકળેલો જીવ એક પછી એક એમ અનન્તા ભવો કરતો જ જાય છે એક શરીર બનાવવું અર્થાત્ જન્મ લેવો અને એને છોડીને ચાલ્યા જવું અર્થાત્ મરવું. જન્મ્યા પછી મરવું અને મર્યા પછી જન્મવું એ જ ભવચક્રની પરંપરા સતત વણથંભી ચાલી જ રહી છે. પાણીના જીવ તરીકે મરીને વાયુ થયો, વાયુમાંથી મરીને અગ્નિમાં જન્મ્યો, અગ્નિમાંથી મરીને વનસ્પતિમાં ઝાડ-પાન થયો, ત્યાં મરી બે ઈન્દ્રિયમાં અળસિયો થયો, અળસિયો મરીને શંખલા તરીકે જન્મ્યો, શંખલો મરી પેટમાં કૃમિ થયો, ત્યાંથી મરીને તે ઈન્દ્રિયમાં આવી કીડી થયો, કીડી મરી જૂ થઈ, જૂ મરી ઈયળ થઈ, ઈયળ મરી ધનેડામાં જન્મી-ત્યાંથી ચઉરિન્દ્રિયમાં માંખી થયો. માંખી મરી મચ્છર, મચ્છર મરી ભ્રમર અને ત્યાંથી પંચેન્દ્રિયમાં વગેરે ગાય, બળદ, હાથી, ઊંટ, બકરી, ગધેડો, ઘોડો, સાપ તિર્યંચ પંચેન્દ્રિયના ભવો કરતો કરતો દેવ-નરકમાં ભટકીનો પાછો આજે મનુષ્યના ભવમાં આવ્યો. અનાદિ કાળથી ભટકી રહ્યો છે અને અનન્ત ભવ ધારણ કરતા જીવે અનન્ત કાળ કાઢી નાંખ્યો છે, અને હજી ક્યારે આ ભવપરંપરાનો છેડો આવશે તે ખબર નથી. એક નાનો બાળક પાટી ઉપર આવો ગોળ ચકરડા દોરે છે તે જ એના ભવભ્રમણની સાબિતિ આપે છે.

આત્માની રખડપટ્ટીરૂપ આ ભવપરંપરાનો નાશ કરવો એ જ એકમાત્ર આપણું લક્ષ હોવું જોઈએ. તે અર્થે જ આપણે પ્રયત્ન અને પ્રવૃત્તિ કરવાની છે. સમ્યગ્ ધર્મની આરાધના પણ તે હેતુથી જ કરવાની છે.

**ઈઅ સંથુઓ મહાયસ, ભત્તિબ્ભર નિબ્ભરેણ હિઅએણ,**
**તા દેવ દિજ્જ બોહિં, ભવે ભવે પાસજિણચંદ ॥**

— હે મહાયશસ્વિન્ પાર્શ્વજિનચંદ્ર ! ભક્તિપૂર્ણ હૃદયથી તારી સ્તુતિ કરીને હું ઇચ્છું છું કે ભવોભવ અર્થાત્ જનમ જનમ મને સમ્યકત્વની પ્રાપ્તિ થાય.

સમ્યકત્વની પ્રાપ્તિ એ જ ભવપરંપરાનો અંત લાવનાર છે. જે ઘડીએ સમ્યકત્વ પ્રાપ્ત થયું કે તે જ ઘડીએ આપણો મોક્ષ નિશ્ચિત થઇ જાય છે, અને ભવભ્રમણનો કાળ પણ નિશ્ચિત થઈ જાય છે. બસ હવે ફક્ત અર્ધ પુદ્દગલ પરાવર્ત કાળમાં મોક્ષે અવશ્ય જવાનું જ છે

**૪ પ્રકારનો ધર્મ** — આ ભવભ્રમણા ટાળવા માટે ચાર પ્રકારની આવશ્યકતા રહે છે.

कल्पद्रुमसधर्माणमिष्टप्राप्तौ शरीरिणां ।
चतुर्धा धर्मदेष्टारं, धर्मनाथमुपास्महे ॥

જીવોને ઇચ્છિત ફળની પ્રાપ્તિ કરવામાં કલ્પવૃક્ષ સમાન ધર્મવાળા અને ચાર પ્રકારના ધર્મને બતાવનારા એવા શ્રીધર્મનાથ ભગવાનની અમે ઉપાસના કરીએ છીએ :

(૧) દાન, (૨) શીયળ, (૩) તપ, (૪) ભવ.

दानं दहति दौर्गत्यं, शीलं सृजति संपदम् ।
तपस्तनोति तेजांसि, भावो भवति भूतये ॥

— દાન દુર્ગતિનો નાશ કરે છે-બાળી નાંખે છે, શીયળ સંપત્તિને સર્જે છે, તપ તેજને વધારે છે, અને ભાવ

તીર્થંકર પરમાત્માએ સમવસરણમાં દેશના આપતા ધર્મતીર્થની સ્થાપના કરી. ચતુર્મુખે દાન-શિયળ તપ અને ભાવધર્મની ચાર પ્રકારે પ્રરૂપણા કરી.

ભાવનું મહત્ત્વ :

| | I | II | III |
|---|---|---|---|
| (૧) | દાન | નામ | દ્રવ્ય |
| (૨) | શિયળ | સ્થાપના | ક્ષેત્ર |
| (૩) | તપ | દ્રવ્ય | કાળ |
| (૪) | **ભાવ** | **ભાવ** | **ભાવ** |

ત્રણે રીતમાં ભાવની પ્રાધાન્યતા છે. હકીકતમાં ભાવ વિના દાન, શિયળ તપાદિ પણ વ્યર્થ લાગશે. ભાવ હોય તો જ બધાની કિંમત છે. ભાવ વિના કોઈ કિંમત નથી.

आकर्णितोऽपि महितोऽपि निरीक्षितोऽपि;
नूनं न चेतसि मया विधृतोऽसि भक्त्या ।
जातोस्मि तेन जनबांधव ! दुःखपात्रं;
यस्मात् क्रियाः प्रतिफलन्ति न भावशून्याः ॥

— હે જનબાંધવ ! મેં આપને સાંભળ્યા છે, આપની પૂજા કરી છે, આપને નીરખ્યા છે, દર્શન કર્યા છે. પરંતુ ભકિત વડે નિશ્ચે આપ ચિત્તમાં ધારણ કરાયા નથી. તેથી કરી હું દુઃખના પાત્રરૂપે ઉત્પન્ન થયો છું, કારણ કે ભાવરહિત ક્રિયાઓ ફળ આપતી નથી. આ પ્રમાણે સિદ્ધસેન દિવાકરસૂરીએ ભાવધર્મનું મહત્વ કહ્યું છે. ભાવ વિના બધું વ્યર્થ વિશુદ્ધ ભાવયુકત ક્રિયા જ ફળ આપે છે.

દાન આપવામાં તો સંપત્તિ જોઈએ છે. પૈસા હોય તો જ દાન આપી શકાય છે. અર્થાત્ કંઈક જાય છે, કંઈક આપવું પડે છે.

શિયળમાં પણ નિયમયુકત રહેવું પડે છે. તપમાં ઇચ્છા નિરોધ કરી આહારાદિનો ત્યાગ કરવો પડે છે, પરંતુ ભાવધર્મમાં પૈસાદિ કંઈ જ આપવા નથી પડતા છતાં પણ ભાવધર્મ બહુ જ કપરો છે.

## ભાવ અને ભાવના

ભાવ જ્યારે ઘુંટાય છે ત્યારે ભાવના બને છે. ભાવમાં તો ૧-૨ નિશ્ચિત ભાવો આવે છે, પરંતુ અનેક ભાવો મળીને ભાવના બને છે. ભાવના ભાવોના સમૂહની બનેલી હોય છે. કહ્યું છે કે :

**ભાવે જિનવર પૂજીએ, ભાવે દીજે દાન ।**
**ભાવે ભાવના ભાવીએ, ભાવે કેવળજ્ઞાન ।।**

—ભાવપૂર્વક શ્રીજિનેશ્વરની પૂજા કરવી, ભાવપૂર્વક દાન આપવું અને ભાવપૂર્વક ભાવના ભાવવી, તેમ જ ભાવ વડે જ કેવળજ્ઞાન પણ થાય છે. ભાવ વગરની પૂજા કે દાન પણ લાભ નથી આપતા.

દ્રવ્યપૂજા અને ભાવપૂજા એમ બે પ્રકારની પૂજા કહી છે. દ્રવ્યપૂજા પણ ભાવની વૃદ્ધિ માટે છે અને ભાવપૂજા દ્રવ્યપૂજાના ફળરૂપે છે. દ્રવ્ય ભાવની વૃદ્ધિ માટે સહાયક બને છે, પણ આપની ભાવના કેવી હોવી જોઈએ ?

**પાંચ કોડીને ફૂલડે પામ્યા દેશ અઢાર ।**
**રાજા કુમારપાળનો વર્ત્યો જયજયકાર ।।**

પાંચ કોડીના ફૂલ વડે પૂજા કરી અને રાજા કુમારપાળ અઢાર દેશ પામ્યા. તો શું આપણે અઢાર દેશ પામવાની ભાવનાથી પૂજા કરવી ? ના અઢાર દેશની ઈચ્છા ન રાખતા માત્ર કર્મક્ષય-નિર્જરાના હેતુ ભાવથી પ્રભુપૂજા કરવી. ફળની ઈચ્છા રાખ્યા વિના એક માત્ર નિર્જરાના ભાવથી ધર્મારાધના કરવી એ જ શ્રેષ્ઠ છે.

ભાવના વડે કેવળજ્ઞાન ;

નાગકેતુ બાલ્યવયે જિનપૂજા-ભક્તિ સ્વદ્રવ્યે ઉત્તમ રીતે કરે છે. પરમાત્માની પૂજામાં તરબોલ થઈ જાય છે, ભક્તિમાં તલ્લીન થઈ જાય છે. એક વખત પ્રભુની પુષ્પપૂજા કરી રહ્યો હતો. ખૂબ જ ભાવપૂર્વક તલ્લીનતાથી પ્રભુચરણે એક પછી એક પુષ્પો ચઢાવી રહ્યો હતો. આવી અદ્‌ભુત ભક્તિથી અધિષ્ઠાયક દેવ પ્રગટ થયા અને કહ્યું. હે નાગકેતુ! તારી ભક્તિથી હું પ્રસન્ન થયો છું. હું પરમાત્માનો ભક્ત અધિષ્ઠાયક છું. તો માંગ, તારે જે માગવું હોય તે માંગ. હું આપવા તૈયાર છું. બોલ શું જોઈએ છે ?

**નાગકેતુ**—ના.. મારે કંઈ નથી જોઈતું.

**દેવ**—ના...ના ન કર, કંઈક માંગ દેવદર્શન નિષ્ફળ નથી જતા.

**નાગકેતુ** હું જે માગીશ તે તમે આપી શકશો ?

**દેવ**—હા હા. માંગ માંગ.

**નાગકેતુ** તો મેં જે પરમાત્માની પુષ્પપૂજા ખૂબ ભાવનાથી કરી તેના ૧ પુષ્પનો જે ફળ થતો હોય તે આપો.

**દેવ**—એટલી તો શક્તિ નથી.

**નાગકેતુ**—અરે ! ફૂલની એક પાંખડીનું ફળ ?

**દેવ**—(પોતાની અશક્તિ બતાવતા કહે છે) એ પણ મારી શક્તિ બહારની વાત છે...

**નાગકેતુ**—તો બસ, કંઈ જ નથી જોઈતુ. મેં પહેલાં જ માંગવાની ના પાડી હતી.

દેવ સોનૈયાની વૃષ્ટિ કરી ચાલ્યો જાય છે.



નાગકેતુ એક પછી એક પુષ્પ ચઢાવતો પરમાત્માની અંગરચનામાં તલ્લીન થઈ ગયો છે, ભાવવિભોર બની ગયો છે, ભાવના એટલી પ્રબળ હતી કે એમાં ઘનઘાતી કર્મો ખપતાં ગયાં અને નાગકેતુ કેવળજ્ઞાન પામ્યા, સર્વજ્ઞ બન્યા અને ભવ્ય જીવોને દેશના આપવા લાગ્યા.

આયુર્વેદમાં ઔષધનિર્માણ કરવાની પદ્ધતિમાં અમુક ઔષધિઓને ભાવના આપવાની વિધિ છે—કોઈને ત્રિફલાની ભાવના, કોઈને લીંબુના રસની ભાવના, તો કોઈને બીજી કોઈ ભાવના. એમ કોઈને ૨૧ વાર, કોઈને ૫૦ વાર તો કોઈને સોવાર પણ ભાવના આપવી પડે છે. ત્યારે તૈયાર થયેલ ઔષધિ વિશેષ પ્રમાણમાં કામ કરે છે. જો ઔષધિને ભાવના આપી શકાય છે તો શું જીવને ભાવનાની જરૂર નથી ?

ભાવના વિના ધર્મ પણ નહીં થાય ભાવના વિના ભક્તિ પણ નકામી. ભાવના વિના સમ્યક્ત્વની પ્રાપ્તિ, કેવળજ્ઞાન કે મોક્ષની પ્રાપ્તિ, અને કર્મનું અટકવું અને ક્ષય થવું પણ મુશ્કેલ છે. માટે જ ભાવનાયોગની બહુ જ અગત્યની જરૂરિયાત છે ભાવના — ભવનાશિની જે ભવનો નાશ કરે એ શ્રેષ્ઠ ભાવના અને જે ભાવના હોય તે ભવનો નાશ કરે એમ પરસ્પર ભવનાશ અર્થાત્ મોક્ષાનુલક્ષી ભાવનાયોગ છે ભાવના ભવ એટલે સંસારનાશિનિ છે. માનવ ભાવનાશીલ, ભાવુક પ્રાણિ છે જેને મન છે તે ભાવના ભાવી શકે છે. પશુને પણ મન છે. તેને પણ ભાવના હોય છે

મનુષ્ય પોતાના ભાવોને ભાષામાં વ્યક્ત કરી શકે છે જ્યારે પશુ માટે એ અશક્ય છે, છતાં પણ હાવભાવથી અસ્પષ્ટ ભાવો જણાવી શકે છે.

## ભાવના અને મન :

ભાવનાનો મુખ્ય આધાર મન ઉપર છે. ભાવના ભાવવામાં મન મોટો ભાગ ભજવે છે. મનનું કામ વિચાર કરાવવાનું છે. આત્મા આકાશમાંથી મનોવર્ગણાના પુદ્ગલો ખેંચીને મન બનાવે છે અને તે વડે વિચાર કરે છે. ભાવના પણ વિચારાત્મક છે. સંભવ છે કે વિચાર સારા પણ હોય છે અને વિચાર ખરાબ પણ હોય છે. સંભવ છે કે ખરાબ પદાર્થના નિમિત્તે સારા વિચાર પણ આવી શકે છે અને

સંભવ છે કે સારા પદાર્થના નિમિત્તે ખરાબ વિચાર પણ આવી શકે છે. શુભ વિચારમાં એકાગ્રતા રહેવી અને તે શુભ વિચારને વિસ્તારરૂપે પુનઃ પુનઃ વિચારવું તે ભાવના. ભાવનાની જાગૃતિ કયારેક અદ્ભુત પરિવર્તન પણ લાવી શકે છે.

## સ્થૂલિભદ્રજીનું પરિવર્તન :

નંદરાજાના કોઈએ કાન ભંભેર્યા કે તમારો મંત્રી શકડાલ તો તમને મારવાના કાવતરાની યોજનામાં શસ્ત્રો બનાવી રહ્યો છે. આ સાંભળી રાજા કોપાયમાન થયો. મંત્રીને રાજાના મોઢાના ભાવાદિથી ખબર પડી કે રાજા મારા ઉપર ક્રોધે ભરાયા છે.

શકડાલ મંત્રીએ પોતાના પુત્ર શ્રીયકને બોલાવ્યો અને કહ્યું કે હે પુત્ર ! આવતીકાલે સવારે રાજદરબારમાં હાજર થઈને હું જ્યારે રાજા આગળ માથું નમાવું ત્યારે તું તલવારથી મારું માથું કાપી નાંખજે.

પુત્ર–પિતાજી ! શું કહો છો તમે ? શું હું પુત્ર થઈને પિતાની હત્યાનો હત્યારો બનું ?

પિતા—ના પુત્ર ! તને પિતૃહત્યાનું પાપ નહીં લાગે, કારણ હું જીભ નીચે તાલપુટ વિષ મૂકી દઈશ એટલે હું તો વિષથી જ મરી જઈશ પરંતુ રાજાને પ્રતીતિ કરાવવા તું આટલું કરજે.

પુત્રે કબૂલ રાખ્યું અને બીજા દિવસે સવારે રાજદરબારમાં પિતાના કહ્યા પ્રમાણે તલવારથી પિતાનું માથું કાપી નાંખે છે. માથું ધડથી જુદું થઈ જમીન ઉપર પડે છે. રાજા આશ્ચર્ય સાથે ચમકે છે !

રાજા—અરે શ્રીયક ! તેં આ શું કર્યું ?

શ્રીયક—રાજન્ ! આપને ખાત્રી કરાવવા !




રાજા—અરેરે ! મારી ભૂલ થઈ. હું કોઈના કહેવામાં આવી ગયો અને વિશ્વાસુ મંત્રીને ખોઈ બેઠો.

શ્રીયક ! હવે તો આ મંત્રીપદ તું જ સંભાળ. આજથી તું મંત્રી.

શ્રીયક - ના રાજન ! મારા મોટાભાઈ સ્થૂલિભદ્ર છે તેમને આ પદ આપો.

રાજા તો જા, મોટાભાઈને બોલાવી લાવ.

શ્રીયક જાય છે. સ્થૂલિભદ્ર મોટાભાઈને સર્વ હકીકત જણાવે છે અને રાજા સમક્ષ મોકલે છે.

( સ્થૂલિભદ્રરાજા સામે ઉપસ્થિત થાય છે. )

રાજા— સ્થૂલિભદ્ર ! પિતાના વારસદાર તરીકે હવે આ મંત્રીપદ તું સંભાળ અને રાજ્યસેવા કર.

સ્થૂલિભદ્ર— રાજન ! થોડો સમય આપો. વિચાર કરીને આવું છું.

રાજા— સારું જા. જલદી આવજે.

કોશા વેશ્યાને ત્યાં રંગરાગમાં વિલાસી વૈભવનું સુખ ભોગવતા જેને ૧૨-૧૨ વર્ષ વીતી ગયાં છે, જેને અચાનક આ મંત્રીપદનો ભાર ઉપાડવાની વાત મળી, જેનો સ્વાને પણ વિચાર નહોતો કર્યો તે કાર્યની આજે હા પાડવી વગેરે વિચારો કરવા સ્થૂલિભદ્ર આંબાવાડીના બગીચામાં એક ઝાડ નીચે એકાંતમાં બેઠા બેઠા વિચારોમાં ડુબી ગયા. વિચાર- સાગરમાં ડૂબેલા સ્થૂલિભદ્ર વિચારે છે.

શું આ મંત્રીપદ ? અરે ! મારા પિતા જેવા વિશ્વાસુ મંત્રીની પણ આ દશા થઈ, રાજાના વિશ્વાસ ખાતર જેને માથું કપાવવું પડ્યું એવા રાજ્યનું મારે શું કામ ? ના, નથી જોઈતું આ મંત્રીપદ. અરેરે ! આ સંસાર શું આવો છે ? ધિક્કાર છે આ સંસારને. બસ નથી રહેવું આ સંસારમાં; અને ત્યાંને ત્યાં દઢ વિચારોની ભાવનામાં કેશનો લોચ કરીને દીક્ષા સ્વીકારી ચાલ્યા ગયા. યોગ્ય ગુરુના યોગે

વ્રતાદિ ઉચ્ચરી, શિષ્ય બની સાચા સાધુ બન્યા અને રાજદરબારમાં રાજા સમક્ષ આવી રાજાને ધર્મલાભ આપ્યો. રાજન ! ધર્મલાભ.

રાજા— અરે સ્થૂલિભદ્ર ! તેં આ શું કર્યું ? મંત્રીપદ લેવું હતું ને !

સ્થૂલિભદ્ર— રાજન ! મંત્રી કરતાં પણ ઘણું ઊંચું શ્રેષ્ઠ મુનિપદ પ્રાપ્ત કર્યું છે.

ધન્ય હતા એ સ્થૂલિભદ્ર સ્વામિ માત્ર બે ઘડીના વિચારમાં ઊંડું મંથન કરીને ઉત્તમ ભાવના જાગ્રત કરી અને સંસારત્યાગી અણગાર બન્યા.

આ છે ભાવનાનો પ્રભાવ, મહાન પરિવર્તન—મહાભિનિષ્ક્રમણ.

**ભવનાશનો આલંબન :**

ભવપરંપરાનો નાશ કરવા આપણે કોનો આલંબન લેવો ? જેને ભવપરંપરાનો નાશ કર્યો છે એનો કે પછી જે ભવપરંપરાના ચક્રમાં અટવાયા છે એનો ?

જે તર્યા છે તે જ તારી શકશે, જે નથી તર્યા તે ક્યાંથી તારી શકે ? તે તો ડુબાડશે.

"पारगयाण, परंपरगयाणं" જે પાર પહોંચી ગયા છે અને જે પરંપરાએ સંસારનો ઉચ્છેદ કરી પાર પહોંચી ગયા છે એવાનો જ આલંબન આપણને તારી શકશે.

જે ભગવાન હોય તે પાપ કરી ભવપરંપરાના સંસારમાં ભટકે નહીં અને જે સંસારની ભવપરંપરામાં ભટક્યા કરે તે ભગવાન કહેવાય નહીં. માટે આલંબન તો ભવચક્રનો નાશ કરી ગયેલા વીતરાગ પરમાત્માનો જ લેવો.

"तिन्नाणं तारयाणं" અને જે ભવસંસાર તરી ગયા છે તે જ તરવાનો માર્ગ બતાવી ગયા છે. એવા આપ્ત શ્રીસર્વજ્ઞ ભગવંતે મૂળભૂત નવ તત્ત્વો બતાવ્યાં છે.

**ભાવના અને સંવર તત્ત્વ :**

નવ તત્ત્વ

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ |
|---|---|---|---|---|---|---|---|---|
| જીવ | અજીવ | પુણ્ય | પાપ | આશ્રવ | **સંવર** | નિર્જરા | બંધ | મોક્ષ |

| સમિતિ | ગુપ્તિ | પરીષહ | યતિધર્મ | ભાવના | ચારિત્ર્ય |
|---|---|---|---|---|---|
| ૫ | ૩ | ૨૨ | ૧૦ | ૧૨ | ૫ = ૫૭ |



"आश्रवनिरोधो संवरः"—આશ્રવ એટલે આત્મામાં કર્મનું આવવું અને તેનો નિરોધ કરવો અર્થાત્ આવતા કર્મને અટકાવવા તે "**સંવર**". સંવરના ૫ + ૩ + ૨૨ + ૧૦ + ૧૨ + ૫ = ૫૭ ભેદ છે. તેમાં ૧૨ ભેદ ભાવનાના છે. મુખ્યરૂપે બાર પ્રકારની ભાવના બતાવી છે અને ભાવના સંવરની અંતર્ગત હોવાથી કર્મોને આવતા અટકાવવાનું કામ કરે છે. ભાવના એક ઉત્તમ ભાવનાયોગ છે.

## ૧૨ અને ૧૬ ભાવના :

ઉપરોકત મુખ્ય ૧૨ ભાવના અને તેની સાથે ભળતી મૈત્રી, પ્રમોદ, કરુણા તથા માધ્યસ્થ એવી બીજી ૪ ભાવનાના યોગે કુલ ૧૬ ભાવનાઓ માનવામાં આવે છે.

## ભાવના અને અનુપ્રેક્ષા :

अनित्याशरणसंसारैकत्वान्यत्वाशुचित्वाश्रवसंवर
निर्जरालोकबोधिदुर्लभधर्मस्वाख्यातत्वानुचिन्तनमनुप्रेक्षाः ॥

—તત્ત્વાર્થાધિગમસૂત્રમાં પૂર્વધર વાચક મુખ્યજી શ્રીઉમાસ્વાતિજી ભગવંત આ નામો આપીને બાર ભાવનાને ચિન્તનના અર્થમાં લઈ અનુપેક્ષા તરીકે જણાવે છે. તત્ત્વાનુચિન્તનમનુપ્રેક્ષા—આ છેલ્લા ભાગમાં તત્ત્વચિન્તનને અનુપ્રેક્ષા કહી છે, અને અનુપ્રેક્ષા એટલે જ ભાવના અને ભાવના એટલે અનુપ્રેક્ષા.

અનુપ્રેક્ષા એટલે ગહન-ખૂબ ઊંડું ચિન્તન. તત્ત્વનું ચિન્તન તે અનુપ્રેક્ષા (ભાવના).

## ચિન્તન અને ચિન્તા :

વિચારોના પ્રવાહમાં ખોવાઈ જવું તે ચિન્તન અને ચિન્તા બન્ને કહેવાય છે. શું આ બેમાં ભેદ છે? હા. શું આ બન્નેની

પદ્ધતિ કે રીતિમાં ભેદ છે? ના. તો પછી ભેદ કેવી રીતે છે? શેમાં ભેદ છે?

હકીકતમાં ચિન્તા અને ચિન્તન બન્નેની પ્રક્રિયા વિધિ, રીતિ બધી એકસરખી જ લાગે છે, પરંતુ ફરક માત્ર એટલો જ છે કે બન્નેના વિષયો જુદા જુદા છે.

પત્ની, પુત્ર, કુટુંબ, પરિવાર, ધન, પૈસા વગેરેના આર્તધ્યાનના વિચારોને ચિન્તન નહીં પણ "ચિન્તા કહેવાય છે." માનવીને એક નહીં સેંકડો ચિન્તાઓ સતાવે છે, ચિન્તાથી બચવા માનવ ઊંઘની ગોળીઓ–ઘેનની દવાઓ લે છે, પરંતુ તે પણ ઊંઘ લેવાતી હશે કે કેમ એ પ્રશ્ન છે. સંસારના સર્વ મોહજન્ય ભાવો જે પદાર્થોમાં છે, પછી તે કુટુંબપરિવાર હોય કે ધનસંપત્તિ હોય પણ તે બધા ચિન્તાજનક છે, ચિન્તનજનક નથી.

આત્મા-પરમાત્મા, પુણ્ય–પાપ, બંધ–મોક્ષ વગેરે પદાર્થોના તાત્ત્વિક વિચારોને ચિન્તન કહેવામાં આવે છે! ચિન્તન તત્ત્વજ્ઞાન-પ્રધાન હોય છે જ્યારે ચિન્તા અર્થજ્ઞાનપ્રધાન હોય છે.

સંસાર છે ત્યાં સુધી ચિન્તા રહેશે અને ચિન્તા રહેશે ત્યાં સુધી સંસાર રહેશે. સંસારનો રાગ હશે ત્યાં સુધી તત્ત્વચિન્તન નહીં થાય અને તત્ત્વચિન્તન હશે તો સંસારની ચિન્તા નહીં રહે. માટે ચિન્તનનું મહત્ત્વ ખૂબ છે, ચિન્તન એ જ અનુપ્રેક્ષા કે ભાવનાના નામે ઓળખાય છે. પદ્ધતિમાં ચિન્તા અને ચિન્તન કરનારા બન્ને સરખા દેખાશે પરન્તુ ચિન્તા કરનારના મોઢા ઉપર ખેદ કે વિષાદ દેખાશે જ્યારે ચિન્તન કરનારના મોઢા ઉપર તત્ત્વચિન્તનનો આનન્દ દેખાશે.

**પ્રશ્ન :** આપણને ચિન્તા કરતા આવડે છે કે ચિન્તન? શું આપણને ચિન્તા કરવાની ટેવ પડી છે કે ચિન્તન? ચિન્તા કરવી સરળ છે કે ચિન્તન કરવું સહેલું છે?

સભામાંથી—ચિન્તા કરતા આવડે છે, ચિન્તા કરવાની જ ટેવ વર્ષોથી પડેલી છે, અને માટે જ ચિન્તા કરવી સરળ લાગે છે.

હકીકતમાં ચિન્તા એ આર્તધ્યાન છે. કર્મબંધ કરાવે છે જ્યારે ચિન્તન એ ધર્મધ્યાન છે. કર્મક્ષય કરાવે છે. માટે હવે આપણે ચિન્તા છોડીને ચિન્તન તરફ પાછા વળીએ.

## ચિન્તા અને ચિન્તન - કપિલકેવલિ

પિતાના મૃત્યુ બાદ માતા બાળકને ભણવા માટે કાશી મોકલે છે. કાશીમાં પિતાના મિત્ર પંડિત બ્રાહ્મણ પાસે બાળક પહોંચ્યો અને હકીકત જણાવતા નિવેદન કર્યું—પંડિતજી, મને ભણાવશો ?

પંડિતજી જરૂર ભણાવીશ, બેટા.

એમ કહી વિગત પૂછીને સ્મૃતિ તાજી કરી, પણ બેટા તારા ખાવાપિવાની ચિન્તા–વ્યવસ્થા તું કરજે.

બાળક કપિલ—જી પંડિતજી !

એટલામાં એક શેઠ આવે છે અને પંડિતજી કપિલની સામે અંગુલિનિર્દેશ કરી દેખાડતા કહે છે આ છોકરો ભણવા માટે આવ્યો છે–જમાડવાની વ્યવસ્થા તમે કરશો ?

પંડિતજી—હા.....હા, કરીશ મહારાજ. છોકરો રોજ—મારા ઘરે જમવા ભલે આવે. જમી જાય અને આપની પાસે ભણે આ પ્રમાણે નિશ્ચિત થઈ ગયું. રોજના ક્રમ પ્રમાણે કપિલ પ્રભાતે ગુરુજી પાસે ભણવા જતો અને મધ્યાહ્નને શેઠના ઘરે જમવા જતો. શેઠના ઘરની દાસી કપિલને જમાડતી–થાળી પીરસતી.

મહિનાઓ વીતતા ગયા. કપિલ અને દાસી વચ્ચે પ્રેમના સંબંધો બંધાઈ ગયા. ધીમે ધીમે આ સંબંધ ગાઢ થતા ગયા, અને એક દિવસે

દાસીએ લગ્નની વિનંતિ કરી. કપિલ તૈયાર થયો પરંતુ પૈસા વગર શું કરશું ? એ ચિન્તા એને ઘેરી વળી.

દાસીએ કહ્યું – એક યુકિત છે આ નગરનો રાજા શાસ્ત્રપ્રેમી, કાવ્યપ્રેમી અને સંસ્કૃતપ્રેમી છે અને રોજ સવારે જે બ્રાહ્મણ પંડિત જઈને નવા બનાવેલા સંસ્કૃત શ્લોકો જો કલ્યાણ રાગમાં સંભળાવે તો રાજા રોજ એક સોનામહોર ભેટ આપે છે, અને તમે પણ સંસ્કૃત આટલું ભણ્યા છો તો જાઓ અને સોનામહોર લઈ આવો. પછી લગ્ન કરીશુ.

કપિલ વિચારે છે કે યુકિત તો સારી છે પણ મને જ એટલી ઊંઘ આવે છે કે સવારે વહેલો પહોંચીશ કેવી રીતે ? અને મારા પહેલા બીજા પંડિત જો આવી ગયા તો ? એમ વિચાર કરીને રાત્રે જ નિકળ્યો અને રાજમહેલે પહોંચ્યો. સવારે હું પહેલા રાજાને શ્લોકો સંભળાવીશ એ વિચારમાં ફરવા લાગ્યો પરંતુ પહેરેદારોએ ચોરની શંકાથી એને પકડી લીધો અને સવારે રાજદરબારમાં બંદી તરીકે રાજા સમક્ષ હાજર કર્યો.

રાજા – એ કેમ ચોરી કરવા આવ્યો હતો ?

કપિલ – ના હજૂર ! આપને જગાડવા. સંસ્કૃત શ્લોક સંભળાવવા.

રાજા—તો રાત્રે કેમ ફરતો હતો ?

કપિલ– રાજન્ ! મને ઊંઘ ન આવી જાય અને બીજો કોઈ પંડિત વહેલો ન આવી જાય માટે.

રાજા —( કપિલની સરળતા અને સચ્ચાઈ ઉપર પ્રસન્ન થઈ ગયો ) બોલ કયો શ્લોક સંભળાવે છે ?

કપિલ નવા બનાવેલા સંસ્કૃત શ્લોકો કલ્યાણ રાગમાં સંભળાવે છે. સુંદર શ્લોકો સાંભળી રાજા ખૂશ થયો.

રાજા—બોલ તારે શું જોઈએ છે ? માંગ, તારે કેટલી સોનામહોરો જોઈએ છે ? ૧, ૧૦, ૧૦૦, ૧,૦૦૦ કે વધારે ?

કપિલ—આ શું ( આશ્ચર્યમાં ) ૧, ૧૦, ૧૦૦, ૧,૦૦૦. આ બધું શું ? કંઈ જ જાણતો નથી, પરંતુ એકથી બીજા મોટા આંકડા સાંભળીને સમજ્યો કે રાજા વધારે આપવા માંગે છે.

કપિલ—રાજન્ ! હું થોડી વારમાં વિચાર કરીને આવું સાહેબ ! થોડો સમય આપો.

રાજા—સારું જા. વિચારીને આવ.

કપિલ નજીકમાં ગામ બાહર એક ઝાડ નીચે જઈને બેઠો. વિચારે છે કે કેટલી સોનામહોર માંગું ? ૧...ના, ૧૦...ના, ...૧૦૦...ના. અરે ! ...૧૦૦થી શું થવાનું ? ૧,૦૦૦, ના લગ્નના ખર્ચમાં જોઈશે ? લાખ ? ...ના, લગ્ન પછી બંગલો બાંધવાનો છે ? કરોડ ?...ના. પછી છોકરાઓ થશે, તેમને ભણાવવા, ધંધે લગાડવ વગેરે વગેરે. તો હજી વધારે ? અબજ ? ના. પછી છોકરાઓના છોકરાઓને શું આપીશ ? શેખચલ્લીના હવાઈતરંગો એની નજર સામે ફરવા લાગ્યા. સંસારના અનેક સ્વાનસમા વિચારો સામે એને બધા આંકડા ઓછા લાગ્યા.

( એકાએક ) અરે ! હું કોણ ? એક બ્રાહ્મણપુત્ર. પિતા મૃત્યુ પામ્યા છે. માતાને એકલી મૂકીને આવ્યો છું. શા માટે અહીં આવ્યો છું ? ભણવા. કોના માટે આ બધું માંગું છું ? દાસી માટે. અરે ! એ દાસી કોણ ? હું બ્રાહ્મણ અને એ દાસી ? અરે ! શેઠે તો ઘરે જમવાની વ્યવસ્થા કરી છે. હે આત્મા ! ધિક્કાર છે તને. બસ કંઈ જ નથી જોઈતું. કંઈ જ નથી માંગવું. લોભનો અન્ત જ નથી. મારે શું કરવું. છે ? નથી પરણવું ? ( વિચારો બદલાયા. ભાવનાની ધારા ચઢવા માંડી, ધ્યાનની અગ્નિ પ્રજ્વલિત થઈ અને ઘનઘાતી કર્મો ખપવા માંડ્યા. થોડીવારમાં કપિલ કેવળજ્ઞાન પામ્યા—કેવળજ્ઞાની સર્વજ્ઞ મહાત્મા બન્યા.

સાધુ વેષે ચારિત્ર્યધારી કપિલકેવલિ રાજદરબારે પહોંચ્યા. ધર્મલાભ રાજન રાજાને ઉપદેશ આપી પ્રતિબોધ પમાડ્યો.

વિચારધારા બદલાતા, ભાવના યોગે ચઢતા, ધ્યાનમાં તલ્લીન થતાં કેવું સુંદર પરિણામ આવ્યું ? ધન્ય ધન્ય કપિલ કેવલિ.

## નિર્જરા અને ભાવના :

કર્મક્ષય કરાવનાર નિર્જરા છે. નિર્જરાના ૧૨ પ્રકાર છે.




બહુ ઊંડાણથી તાત્ત્વિક ચિન્તન કરતા ભાવના ભાવવી એ અનુપ્રેક્ષા છે. ભાવના યોગની ધારામાં ચઢેલો આત્મા જો એ વખતે આયુષ્ય કર્મ બાંધે તો ઉત્તમ સદ્‌ગતિ પ્રાપ્ત કરે છે. “ यथा मति तथा गति ” આ નિયમ પ્રમાણે મતિ-વૃત્તિ અનુસાર ગતિ મળે છે. વાવમાંથી નિકળેલો દેડકો શ્રેણિક રાજાના સૈન્ય સાથે પરમાત્મા મહાવીર પ્રભુના દર્શનાર્થે ચાલ્યો. દર્શનની

ઉત્તમ ભાવનાથી નિકળ્યો, પરંતુ સૈનિકોએ ઘોડા નીચે કચડાઈને મરી ન જાય એ ભાવનાથી દેડકાને લઈ જઈ પાછો વાવમાં મૂકી દીધો, પરંતુ દેડકો પાછો આવ્યો. એક વાર, બીજી વાર અને ત્રીજી વાર દેડકો પાછો આવ્યો. અંતે ઘોડાના પગ નીચે કચડાઈને મૃત્યુ પામ્યો દેડકો મરીને દેવ થયો આ છે ભાવનાનું ઉત્તમ ફળ.

જો એક દેડકો દર્શનની ભાવનાથી મરીને દેવ બની શકે છે તો માણસ કેમ નહી ?

दर्शनं देवदेवस्य, दर्शनं पाप नाशनम् ।
दर्शनं स्वर्ग सोपानं, दर्शनं मोक्ष साधनम् ॥

## જીરણ શેઠ ભાવના ભાવે રે.. !

ભાવનાયોગ કેટલો પ્રબળ હોય છે તેની પ્રતીતિ જીરણ શેઠના પ્રસંગ ઉપરથી સમજી શકાશે. જીરણ શેઠ પ્રભુ મહાવીર સ્વામિને પારણા પ્રસંગે વિનંતિ કરવા જાય છે. હે કૃપાળુ ! આજે પારણા પ્રસંગે ભિક્ષાર્થે મારા ઘરે પ્રધારજો. મારા ઉપર આટલો ઉપકાર કરજો. આટલી વિનતિ કરી મૌનમાં પ્રભુની સંમતિ માની ઘેર આવી આહાર-પાણીની તૈયારીમાં લાગે છે અને પ્રભુના આગમનની રાહ જોતો ઘરના ઓટલા ઉપર બેઠો બેઠો રાહ જોઈ રહ્યો છે અને રાહ જોવાના ઉમળકામાં ભાવનામાં ચઢી ગયા છે



પૂજ્યશ્રી વીરવિજયજી મહારાજ તેમની રચેલી ચોસઠ પ્રકારી પૂજામાં, ત્રીજી વેદનીય કર્મનિવારણ પૂજામાં, ચોથી ધૂપપૂજામાં સુંદર, સુગમ કાવ્યચિત્રમાં આ દૃશ્ય રજૂ કરે છે.

ચઉમાસી પારણું આવે, કરી વિનંતિ નિજઘર જાવે;
પ્રિયા પુત્રને વાત જણાવે, પટકુળ જરી પથરાવે રે ॥

મહાવીર પ્રભુ ઘેર આવે, જીરણ શેઠ ભાવના ભાવે રે ॥ મહા૦ ૧

ઉભી શેરીએ જળ છંટકાવે, જાઈ કેતકી ફૂલ બિછાવે;
નિજઘર તોરણ બંધાવે, મેવામિઠાઈ થાળ ભરાવે રે ॥ મહા૦ ૨

અરિહાને દાન જ દીજે, દેતા દેખી જે રીજે;
ષટમાસી રોગ હરીજે, સીઝે દાયક ભવ ત્રીજે રે ॥ મહા૦ ૩

તે જિનવર સનમુખ જાઉં, મુજ મંદિરીયે પધરાવું;
પારણું ભલો ભકતે કરાવું, જુગતે જિનપૂજા રચાવું રે ॥ મહા૦ ૪

પછી પ્રભુને વોળાવા જઈશું, કર જોડી સામા રહીશું;
નમી વંદી પાવન થઈશું, વિરતિ અતિરંગે વહીશું રે ॥ મહા૦ ૫

દયા, દાન, ક્ષમા, શીલ ધરશું, ઉપદેશ સજ્જનને કરશું;
સત્ય જ્ઞાનદશા અનુસરશું, અનુકંપા લક્ષણ વરશું રે ॥ મહા૦ ૬

એમ જીરણ શેઠ વદંતા, પરિણામની ધારે ચઢંતા;
શ્રાવકની સીમે ઠરંતા, દેવદુંદુભિ નાદ સુણંતા રે ॥ મહા૦ ૭

કરી આયુ પૂરણ શુભ ભાવે, સુરલોક અચ્યુતે જાવે;
શાતાવેદની સુખ પાવે, શુભવીર વચન રસ ગાવે રે ॥ મહા૦ ૮

માત્ર પ્રભુને આહાર-પાણી વહોરાવવાની ભાવનામાં આયુષ્ય પૂરું થતા દેવગતિનું શાતાવેદનીયયુક્ત આયુષ્ય બાંધી બારમાં અચ્યુત દેવલોકે ગયા.

## ભાવનાયોગે તીર્થંકર બની શકાય છે :

ભાવનાયોગનું કેટલું મહત્ત્વ છે તે આ વિષય ઉપરથી સમજી શકાય છે ભાવનાથી શું સાધ્ય નથી ?

- ભાવનાથી ભવનો નાશ
- ભાવનાથી કર્મ અટકાવી શકાય.
- ભાવનાથી કર્મ ખપાવી પણ શકાય.
- ભાવનાથી ઉત્તમ સદ્‌ગતિ પામી શકાય.

અને ○ ભાવનાથી તીર્થંકર પણ બની શકાય.

જગતના સર્વ ધર્મોમાં અવતાર વાદની માન્યતા છે. એક જ મૂળભુત બ્રહ્મા ફરી ફરી જુદા જુદા રૂપે અવતાર લે છે જ્યારે જૈન ધર્મમાં કોઈ પણ ભવ્યાત્મા પરમાત્મા બની શકે છે. મોક્ષે ગયા પછી ફરી અવતાર નથી લેતાં પાછા સંસારમાં નથી આવતા. મોક્ષમાંથી સંસારમાં નથી અવાતું પણ સંસારમાંથી મોક્ષમાં જવાય છે.

સમ્યક્ત્વ પામી ભવપરંપરામાં આગળ વધતો જીવ તીર્થંકર થવાના પૂર્વના ત્રીજા ભવે વીશ સ્થાનક તપની આરાધના કરે છે અને સાથે સાથે સર્વજીવના કલ્યાણની ભાવના ભાવે છે. કેવી ભાવના ભાવે છે તે વાતને પૂ. વીરવિજયજી મહારાજ સ્નાત્રપૂજામાં રજૂ કરે છે :

સમકિત ગુણ ઠાણે પરિણમ્યા, વળી વ્રતધર સંયમ સુખ રમ્યા
વીશ સ્થાનક તપ વિધિએ કરી, એસી ભાવદયા દિલમાં ધરી ॥ ૧
**જો હોવે મુજ શક્તિ ઈસી, સવિ જીવ કરૂં શાસન રસી.**
શુચિરસ ઢળ તે તિહાં બાંધતા, તીર્થંકર નામ નિકાચતા ॥ ૨

—જો મારામાં એવી શકિત હોય તો જગતના સર્વ જીવમાત્રને હું શાસનના અર્થાત્ ધર્મના રસિક બનાવી દઉં જેથી સર્વ જીવો ધર્મ કરે, ધર્મી બને, કોઈ પાપ જ ન કરે. તો કોઈ દુઃખી જ ન થાય. એવી

ભાવદયા સતત મનમાં ભાવે છે અને પરિણામે તીર્થંકર નામકર્મ બંધાય છે.

## ૧૧,૮૦,૬૪૫ માસક્ષમણ કર્યા :

પરમાત્મા શ્રીમહાવીર પ્રભુએ પચ્ચીસમા નંદન રાજર્ષિના ૨૫ લાખ વર્ષના આયુષ્યમાં ૨૪ લાખ વર્ષ તો સંસારમાં કાઢયા. ૧ લાખ વર્ષ બાકી રહ્યાં ત્યારે દીક્ષા લીધી, અને ૧ લાખ વર્ષમાં ૧૧ લાખ ૮૦ હજાર ૬૪૫ માસક્ષમણની ઉત્કૃષ્ટ તપશ્ચર્યા કરી. શેષ દિવસો પારણાના અને સાથે વીશસ્થાનક તપની આરાધના કરતા કરતા "સવિજીવ કરૂં શાસન રસી"ની ભાવના ભાવતા ભાવતા તીર્થંકર નામકર્મ બાંધે છે અને તેના ફળસ્વરૂપે ૨૭મા ભવે તીર્થંકર બની શકયા.

શ્રેણિક મહારાજા તપ નથી કરી શકયા પરંતુ સર્વજીવના કલ્યાણની ભાવના પ્રબળ રીતે ભાવીને, તીર્થંકર નામકર્મઉપાર્જન કર્યું. આવતી ચોવીશીમાં પ્રથમ તીર્થંકર શ્રીપદ્મનાભસ્વામી બનશે.

ઉત્તમ ભાવનાનું ઉત્તમ ફળ જૈન શાસનમાં સર્વ મંગલમાંગલ્યં, સર્વ કલ્યાણકારણંની ઉદાર ભાવના બતાવી છે. સ્વ-મંગલમાંગલ્યં, સ્વ-કલ્યાણકારણંની સ્વાર્થવૃત્તિ નથી. ફક્ત સ્વના જ કલ્યાણમાં સ્વાર્થવૃત્તિ છે જ્યારે સર્વના કલ્યાણની ભાવનામાં પરમાર્થવૃત્તિ છે

## જેની જેવી ભાવના હોય તેને તેવું ફળ મળે છે :

પરમાત્મા મહાવીર પ્રભુનો જીવ નયસારના પ્રથમ ભવમાં જંગલમાં ધૂમ તાપમાં કઠિયારાનું કામ કરી રહ્યા હતા. મધ્યાહ્ને ભરબપોરે ૧૨ વાગે કામ પતાવી ભોજન કરવાની તૈયારી કરે છે ત્યાં એક ઉત્તમ ભાવ મનમાં જાગ્યો. ખાધું તો ઘણું છે. ઘણી વાર ખાધું છે. આજે ખવરાવીને પછી ખાઉં. બસ આટલા જ પવિત્ર ભાવથી માર્ગની સામે

જોતો કોઈ અતિથિના આગમનની રાહ જોવા લાગ્યો. કોઈ અતિથિ પધારે તો આપીને પછી જ ખાવું છે એવા નિર્ણય ઉપર સ્થિર છે.

પરંતુ વિચાર કરો. ભયંકર જંગલ-અટવી છે. કોઈ ધોરીમાર્ગ નથી. પગદંડીએ ખાસ ગમનાગમન નથી. ભરબપોરનો ધૂમ તાપનો સમય પણ પ્રતિકૂળ છે ધરતી તવાની જેમ ધગધગ તપી રહી છે. આવા પ્રતિકૂળ સંજોગોમાં કોણ આવે ? કલ્પસૂત્રના રચયિતા ચૌદપૂર્વધારી પૂજ્યશ્રી ભદ્રબાહુસ્વામિ મહારાજ આ પ્રસંગ વર્ણવતા લખે છે કે - "यादृशी भावना यस्यसिद्धिर्भवति तादृशी"—જેની જેવી ભાવના હોય છે સિદ્ધિ (ફળ) પણ તેને તેવી જ મળે છે. ખરેખર નયસારની ભાવના ખૂબ ઉત્તમ અને સાચી હતી. તે ભાવના ફળી. સામેથી મુનિમહારાજને આવતા જોયા. હર્ષઘેલો બની નાચ્યો, આનંદવિભોર હૈયે મુનિને આમંત્ર્યા અને આહાર પડિલાભી અવસરે વળાવવા માટે મુનિમહાત્માની સાથે ગયો માર્ગ દેખાડ્યો. મુનિ મહાત્માએ કહ્યું બસ ભાગ્યશાળી ! હવે તમે જાઓ હું જઈશ.

નયસાર – કૃપાળુ ! મેં તો આપને જંગલની પગદંડીનો માર્ગ દેખાડ્યો. હવે આપ મને સાચો માર્ગ દેખાડો.

મુનિમહાત્માએ ઉત્તમ યોગ્ય જીવ સમજી મોક્ષનો માર્ગ બતાવ્યો. શ્રદ્ધા જાગી સમ્યકત્વ પામી ૨૭મા ભવે મહાવીર બની તીર્થંકર થઈ મોક્ષે સિધાવ્યા સમ્યકત્વનું બીજ વવાયું તો મોક્ષ મળ્યો. ભાવના હતી તો ફળી ભાવના જ ન હોય તો શું ફળે ? ઘણાં ઓછા જીવોને ઉત્તમ ભાવ કે ભાવના જાગ્રત થતી હશે. ખરાબ ભાવના તો જગતમાં ઘણાંની હોય છે પરંતુ બહુ ઓછા જીવોની ભાવના ઉત્તમ જાગતી હશે.

અધ્યાત્મ યોગ. આધ્યાત્મિક જગતમાં પ્રવેશ કરવાનો સર્વોત્તમ માર્ગ "ભાવના"નો છે. અનુપ્રેક્ષા ચિન્તન કે ભાવનાની પ્રક્રિયા જો જાગી શકે તો એના માટે અધ્યાત્મ યોગસાધના બહુ જ સરળ છે. ધ્યાનયોગ

સહજ બની જાય છે. ભરત ચક્રવર્તી, મરૂદેવામાતા, પ્રસન્ન ચંદ્રરાજર્ષિ, કુરગડુ મુનિ જે ભાવનાથી તર્યા, કેવળજ્ઞાન પામ્યા એવી ભાવના ૧૨ કહી છે.

## બાર ભાવના :

अनित्यत्वाशरणते, भवमेकत्वमन्यताम् ।
" अशौचमाश्रवं चात्मन् ! संवरं परिभावय ॥
कर्मणो निर्जरां धर्म–सूक्ततां लोकपद्धतिम् ।
बोधिदुर्लभतापेता, भावयन्मुच्यसे भवात् ॥

(૧) **અનિત્ય ભાવના :** સંસારના સર્વ પદાર્થો અનિત્ય છે. પદાર્થોનો સંયોગ-વિયોગ થતોજ રહે છે. વસ્તુ ઉત્પાદ–વ્યય અને ધ્રુવ સ્વભાવવાળી છે. ક્ષણિક નાશવંત અને અનિત્ય છે સંબંધો, સંયોગો અને અંતે આ શરીર પણ અનિત્ય છે એવી ભાવના તે અનિત્ય ભાવના.

(૨) **અશરણ ભાવના :** સિંહના પંજામાં ફસાયેલા હરણના માટે હવે કોઈ શરણ નથી. આધિ, વ્યાધિ અને ઉપાધિથી ઘેરાયેલો હું પણ અશરણ છું. દુઃખમાં કોઈ સાથ આપે તેમ નથી. મને કોઈનો આધાર નથી એવી ભાવના અશરણ ભાવના.

(૩) **સંસાર ભાવના :** અનાદિ–અનન્તકાળથી ચાલતી જન્મ-મરણની વણથંભી પરંપરાના ચક્રને સંસારચક્ર કહ્યો છે. કર્મસત્તા નીચે સમસ્ત સંસાર છે એના નિર્વેદની ભાવના તે સંસાર ભાવના.

(૪) **એકત્વ ભાવના :** હું એકલો છું, હું જ મારો માલિક છું' હું કોઈનો નથી, મારું કોઈ નથી, હું એકલો જ જન્મું છું, મારું દુઃખ હું જ ભોગવું છું. બીજાનો નહીં. આ એકત્વ ભાવના છે

(૫) **અન્યત્વ ભાવના :** મારો આત્મા સર્વથી ભિન્ન છે. આત્માનું

કોઈ સગું નથી...આ શરીર પણ મારું નથી. સર્વ બાહ્ય વસ્તુઓ માં હું નથી એવી ભાવના તે અન્યત્વ ભાવના.

(૬) **અશૌચ ભાવના :** આ શરીર અશુચિમાંથી જ જન્મ્યું છે, અશુચિમય જ છે. આ શરીર હાડ, માંસ, મેદ, મજ્જા, ચરબી, રૂધિરાદિથી બનેલું છે. ભારે અશુચિ ભાવના છે.

(૭) **આશ્રવ ભાવના** : મિથ્યાત્વ અવિરતિ, પ્રમાદ, કષાય અને રાગદ્વેષના યોગે જીવ કર્મ બાંધે છે. હું રોજ કેટલાંય કર્મો બાંધું છું. આ વિચાર તે આશ્રવ ભાવના.

(૮) **સંવર ભાવના** : સમિતિ, ગુપ્તિ પરીષહ, યતિધર્મ ભાવના ભાવવી તેમ જ નિર્જરાની સહાયક ધ્યાન-ચારિત્ર્યની આરાધના કરી આવતાં કર્મોને અટકાવવાં તે સંવર ભાવના

(૯) **નિર્જરા ભાવના :** બાહ્ય તપમાં અનશનાદિ ઉપવાસ કરવાની ભાવના, ઈચ્છાનો ત્યાગ, પ્રાયશ્ચિત્તાદિ વિનય-વૈયાવચ્ચથી કર્મો કેમ ખપાવું એવી ભાવના તે નિર્જરા ભાવના.

(૧૦ **ધર્મસ્વાખ્યાત ભાવના :** આત્મસ્વરૂપ, કર્મ, પુણ્ય. પાપ, મોક્ષાદિનું સ્વરૂપ, તેની પ્રાપ્તિનો ઉપાયાદિ બતાવ્યાં છે તેની પુષ્ટિરૂપ વિચારણા તે ધર્મસ્વાખ્યાત ભાવના.

(૧૧) **લોકસ્વરૂપ ભાવના :** સમસ્ત બ્રહ્માણ્ડ, વિશ્વ, લોકાકાશ, અલોકાકાશ, સ્વર્ગ, નરક અને સંસારમાં જન્મ-મરણનાં સ્થાનો આદિનું ચિંતન કરવું તે લોકસ્વરૂપ ભાવના છે.

(૧૨) **બોધિદુર્લભ** આ સંસારમાં ધર્મની પ્રાપ્તિ અને શ્રદ્ધા થવી અતિ દુર્લભ છે. મોક્ષની શ્રદ્ધા, મોક્ષમાર્ગની શ્રદ્ધા આદિ રત્નત્રયીની આરાધના ઘણી દુર્લભ છે એવી અનુપ્રેક્ષા-બારમી બોધિ દુર્લભ ભાવના કહેવાય છે.

આ બાર ભાવનાઓ નિત્ય ભાવની જોઈએ જેથી આંતર-જગતમાં મહાન પરિવર્તન આવી શકે છે. અરે ! ચોર મટીને સાધુ થયા

## ભાવનાથી પરિવર્તન—ચોર સાધુ થયા.

લગ્નની પ્રથમ રાત્રિના સમયે જંબુકુમાર પત્નિઓને દીક્ષાર્થે સમજાવી રહ્યા છે. એવા સમયે ચોરી કરવા આવેલાં પ્રભવાદિ ૫૦૦ ચોરો જંબુકુમારની વાતો સાંભળી સ્તબ્ધ બની ગયા છે. મનમાં વિચારે છે (ભાવના ભાવે છે) અરે ! જેને અમે લૂંટવા આવ્યા છે એ તો સવારે જ બધું સ્વેચ્છાએ લૂંટાવીને, દાનમાં આપીને દીક્ષા લઈ સાધુ થવાના છે. ભાવનામાં પરિવર્તન ગજબનો આવી ગયો. ૫૦૦ ચોરો સાથે પ્રભવ પ્રભાતે જંબુકુમાર સાથે પ્રવૃજિત થઈ દીક્ષા અંગીકાર કરે છે. ગજબનો ચમત્કાર છે. આ ભાવનામાં ભાવના ભાવતા આવડવી જોઈએ. આત્માનું કલ્યાણ અવશ્ય છે.

મૈત્રી આદિ ચાર ભાવનાઓ વગેરેનું વર્ણન આગામી વ્યાખ્યાનાવસરે કરવામાં આવશે.

☐ શુભં ભવતુ. ☐



• સૌજન્યે •
સ્વર્ગસ્થ જશુમતિબહેન ચંદુલાલ મહેતાના સ્મરણાર્થે
તેમના સુપુત્રો (મેટ્રો પ્રિન્ટીંગ હાઉસ વાળા)
શ્રી ચન્દ્રકાન્ત ચંદુલાલ મહેતા-કોલાખાડી, ઘડિયાળી પોળ, વડોદરા.
શ્રી પ્રવિણચન્દ્ર ચંદુલાલ મહેતા-દુધેશ્વર કૉલોની, આજવા રોડ,
વડોદરાના સહયોગથી આ પુસ્તિકા પ્રગટ કરવામાં
આવી છે.

મૈત્રી

ચાતુર્માસિક રવિવારીય શ્રી મહાવીર જૈન શિક્ષણ શિબિર

પ્રમોદ

આયોજક : શ્રી સમસ્ત વડોદરા શ્વેતામ્બર મૂ.પૂ. સંઘ




સંચાલક : શ્રી મહાવીર વિદ્યાર્થી કલ્યાણ કેન્દ્ર

માધ્યસ્થ

રવિવારીય સચિત્ર જાહેર વ્યાખ્યાનમાળા-વડોદરા

કરુણા

# ભાવના ભવ નાશિની

પ્રવક્તા : પરમપૂજ્ય મુનિરાજશ્રી અરુણવિજયજી મહારાજ

| અષાઢી પુર્ણિમા ૨૦૩૯ | બીજુ વ્યાખ્યાન | રવિવાર તા. ૨૪-૭-૧૯૮૩ |
|---|---|---|

## વિષય : " વિશ્વના વિનાશી–અવિનાશી ભાવો "

### ( અનિત્ય ભાવના )

यत् प्रातस्तन्न मध्याह्ने यन्मध्याह्ने न तन्निशि ।
निरीक्ष्यते भवेऽस्मिन् ही !, पदार्थानामनित्यता ॥

—પરમ પૂજ્ય ચરમ તીર્થપતિ શ્રમણ પરમાત્મા શ્રીમહાવીર સ્વામિને નમસ્કારપૂર્વક......

—કળિકાળસર્વજ્ઞ શ્રી હેમચન્દ્રાચાર્ય મહારાજા યોગશાસ્ત્રમાં ફરમાવે છે કે જે સવારે હોય છે તેવું જ મધ્યાહ્ને એટલે બપોરે નથી હોતું. ખરેખર આ જ ભવમાં પદાર્થોની અનિત્યતા દેખાય છે.

ભાવના યોગ એક અદ્‌ભૂત યોગ છે એક ઉત્તમ પ્રક્રિયા છે. કસરત-વ્યાયામ અને આસનથી જો શરીર ઘડાય છે તો ઉત્તમ ભાવના ભાવવાથી મન ઘડાય છે. ઘણા ભાવોને ઘૂંટવાથી ભાવના નિર્માણ થાય છે અને ભાવના ભાવવાથી ભાવો જાગૃત થાય છે. દુકાનમાં મૂકવામાં આવતા Fix Rate ( એક જ ભાવ )ના પાટિયાની જેમ જો માનવીના મનમાં પણ સર્વની પ્રત્યે એક જ ભાવ અથવા એકસરખો ભાવ પણ રહે તો હોય તો કેટલું સારું ? મન હોય તેજ ભાવના ભાવી શકે છે. મન જ ન હોય તેવા જીવો ભાવ ક્યાંથી નિર્માણ કરે અને ભાવના કેવી રીતે ભાવે ? એકેન્દ્રિયમાં-પૃથ્વી, પાણી અગ્નિ, વાયુ, વનસ્પતિના જીવો તથા બેઇન્દ્રિયમા અળસિયાં, શંખલા, કૃમી વગેરે, તેઇન્દ્રિયમાં કીડી, માંકડ, મંકોડા, ધનેડા, ઈયળ વગેરે, તેમ જ ચઉરિન્દ્રિયમાં માંખી, મચ્છર, ભમરા વગેરે તેમ જ પંચેન્દ્રિયમાં અસંજ્ઞિ જીવોને મન જ નથી તો ભાવના ભાવવાનો પ્રશ્ન જ નથી રહેતો. અને સંજ્ઞિ પંચેન્દ્રિય મનવાળા મનુષ્યને મન મળ્યું છે. ભાવના ભાવિ શકે છે તો પોતે જ ભાવનાથી દૂર છે, અને કદાચ ભાવતા પણ હશે તો ખરાબ ભાવો અને અશુભ ભાવનાવાળા ઘણા જીવો છે.

## મૈત્ર્યાદિ ચાર ભાવના :

**मैत्री-प्रमोद-कारुण्य-माध्यस्थ्यानि नियोजयेत् ।**
**धर्मध्यानमुपस्कर्तुं, तद्धि तस्य रसायनम् ॥**

મૈત્રી, પ્રમોદ, કરુણા અને માધ્યસ્થ. આ ચાર ભાવનાઓ ધર્મધ્યાન માટેની ઉત્તમ ભાવનાઓ છે. તૂટતા એવા ધર્મધ્યાનને સાંધવા

આ ચાર ભાવનાઓ સહાયક છે. વૃદ્ધાવસ્થામાં આ ભાવનાઓ જ શ્રેષ્ઠ રસાયન રૂપે ઉપકારક નિવડે છે.

ધ્યેયને અનુરૂપ ધ્યાન, સાધ્યને અનુકૂળ સાધના અને વૃત્તિને અનુરૂપ પ્રવૃત્તિ હોવી જોઈએ. જો ધ્યેય બદલાઈ ગયું તો ધ્યાન વ્યર્થ જશે, અને જો સાધ્ય ચૂકી ગયા તો સાધના પણ ભૂલી ગયા સમજજો, માટે ધ્યેયને અનુરૂપ ધ્યાન, અને સાધ્યને અનુકૂળ સાધના રહેવી જોઈએ તેની ખાસ કાળજી રાખવી જોઈએ.

મૈત્ર્યાદિ ચાર ભાવનાઓની સમ્યકત્વ માટે પરમ આવશ્યકતા છે. આ ચારે ભાવનાઓ ઘૂંટાય છે ત્યારે ભાવુકની શ્રદ્ધા નિર્મળ થાય છે. જગતમાં અનન્તા જીવો છે અને અનન્તાની વચ્ચે હું પણ એક છું. તો અનન્તાની સાથે મારો વ્યવહાર મૈત્રીપૂર્ણ, પ્રમોદયુક્ત, કરુણા–દયાથી ભરેલો અને માધ્યસ્થ ભાવવાળો હોવો જોઈએ.

**मा कार्षीत् कोऽपि पापानि, मा च भूत कोऽपि दुखितः ।**
**मुच्यतां जगदप्येषा, मतिर्मैत्री निगद्यते ॥**

સંસારમાં કોઈ પણ પ્રાણી પાપો ન કરે, કોઈ પણ જીવ દુઃખી ન થાય, સર્વ જીવો સંસારના બંધનથી છુટી મુક્ત થાઓ—આવી ઉત્તમ ભાવના તે મૈત્રી ભાવના કહેવાય.

ગુણવાન પ્રત્યે ગુણાનુરાગનો ભાવ તે પ્રમોદ ભાવના, દીન, દુઃખી, આર્ત અને પીડાતા જીવો પ્રત્યે દુઃખ દૂર કરવાની બુદ્ધિ તે કરુણા ભાવના અને ધર્મ ન પામનારા અધર્મી, હિંસક, ક્રૂર, દેવ-ગુરૂનિન્દક આદિ જીવો ઉપર ઉપેક્ષા ભાવ રાખવો તે માધ્યસ્થ ભાવના કહેવાય છે. અનિત્યાદિ બાર ભાવના તથા મૈત્ર્યાદિ ચાર ભાવના એમ કુલ સોળ ભાવનાઓનો એક ઉત્તમ ભાવના યોગ નિર્માણ થાય છે. તે ભાવવાથી પરિણામો નિર્મળ થઈ ચિત્ત શુદ્ધિ કરે છે.

**ભાવના અને પ્રાર્થના :** આ જ મૈત્ર્યાદિ ભાવનાઓને પ્રાર્થના રૂપે રૂપાન્તર કરીને સર્વના કલ્યાણ માટે ભાવી શકાય છે. આપણે આપણા મનમાં આપણા લાભાર્થે ભાવીએ છીએ ત્યારે તે ભાવના કહેવાય છે અને તે જ જ્યારે પ્રગટપણે સર્વ જીવોના હિતાર્થે ભાવીએ છીએ ત્યારે પ્રાર્થના બની જાય છે. ભાવનાને પ્રાર્થનામાં ફેરવીએ અને પ્રાર્થનાને ભાવના બનાવીએ તો ઘણું ઉત્તમ લેખાશે. જેવી ભાવના ઉત્તમ છે તેવી જ જો પ્રાર્થના કરતા હોઈએ તો કેટલું સારું, અને જેવી પ્રાર્થના કરતા હોઈએ તેવી જો ભાવના રાખી શકતા હોઈએ તો કેટલું સારું ? બન્ને યોગોમાં સામ્યતા આવી જાય તો કેટલો લાભ ?

એવી જ મૈત્ર્યાદિ ચારે ભાવનાની બનેલી એક ઉત્તમ વિશ્વકલ્યાણની પ્રાર્થના.

## વિશ્વ કલ્યાણની પ્રાર્થના

**शिवमस्तु सर्व जगतः...** ... ... ... ... ...મૈત્રી ભાવના ૧
**परहित निरता भवन्तु भूतगणाः** ... ... ...પ્રમોદ ભાવના ૨
**दोषाः प्रयान्तु नाशं...** ... ... ... ... ...કરુણા ભાવના ૩
**सर्वत्र सुखी भवन्तु लोकः...** ... ... ...માધ્યસ્થ ભાવના ૪

**સર્વ વિશ્વનું કલ્યાણ થાઓ...** ... ... ... ...મૈત્રી ભાવના ૧
**સર્વ જીવો પરોપકારમાં તત્પર બનો...** ... ...પ્રમોદ ભાવના ૨
**સર્વના પાપ દોષો નાશ પામો...** ... ... ...કરુણા ભાવના ૩
**સર્વત્ર લોકો સુખી થાઓ...** ...... ... ...માધ્યસ્થ ભાવના ૪

**सर्वेऽपि सन्तु सुखिनः...** ... ... ... ... ... ...મૈત્રી ભાવના
**सर्वे सन्तु निरामया,** ... ... ... ... ... ...કરુણા ભાવના
**सर्वे भद्राणि पश्यन्तु...** ... ... ... ... ...પ્રમોદ ભાવના
**मा कश्चिद् दुःखभाग् भवेत्...** ... ... ....માધ્યસ્થ ભાવના

**સર્વ જીવો સુખી થાઓ...** .... ... .... .... ....મૈત્રી ભાવના
**સર્વ જીવો નિરોગી થાઓ....** .... .... ... ....કરુણા ભાવના

**સર્વ જીવો કલ્યાણ ને જૂઓ... .... .... .... ...પ્રમોદ ભાવના**
**કોઈ પણ જીવ દુઃખી ન થાઓ.... .... ... ...માધ્યસ્થ ભાવના**

**સર્વમાં સ્વ સમાયેલું છે :** સર્વ શબ્દ વિશાળ અને વ્યાપક છે. સ્વ શબ્દ સંકુચિત અને પોતા પૂરતો મર્યાદિત છે. મોટામાં નાનો સમાઈ જાય એ ન્યાયે સર્વના કલ્યાણની પ્રાર્થના કરીએ તો સ્વનો કલ્યાણ પણ એમાં સમાઈ ગયો છે. પરંતુ માત્ર સ્વના જ કલ્યાણની પ્રાર્થના કરીશું તો તેમાં સર્વ નહીં સમાય. જૈન શાસનમાં "**स्व मंगल मांगल्यं, स्व कल्याण कारणं**"ની વાત નથી કરી આ તો સ્વાર્થી ભાવના છે. જ્યારે પરમાર્થ ભાવથી

**"सर्व मंगल मांगल्यं सर्व कल्याण कारणं ।**
**प्रधानं सर्व धर्माणां जैनं जयति शासनम् ॥**

ની વ્યાપક વિશાળ ભાવના રાખવામાં આવી છે. સર્વના કલ્યાણની પ્રાર્થનાને જ પરાવર્તિત પ્રાર્થના ( Reflective Prayer ) કહેવામાં આવે છે.

ભીંત ઉપર ફેંકેલો પ્રકાશ કે બોલ પાછો આપણી પાસે જ આવે છે તેમ સર્વના કલ્યાણ માટે કરેલી પ્રાર્થના કે ભાવના પણ પરાવર્તિત થઈને સ્વનું પણ કલ્યાણ કરે છે.

**અનિત્ય ભાવના :**

**इष्टजन-संप्रयोगर्द्धिविषयसुखसम्पदस्तथारोग्यम् ।**
**देहश्च यौवनं जीवितश्च सर्वाण्यनित्यानि ॥**

પ્રિયજનોના સંયોગ સંબંધો, ઋદ્ધિ-વૈભવ, વિષય સુખો, સંપત્તિઓ આરોગ્ય, શરીર, યૌવન અને જીવન બધુ જ અનિત્ય છે. એવી ભાવના ભાવવી એ અનિત્ય ભાવના કહેવાય.




એક માત્ર અજરામર નિત્ય આત્માની ચારે તરફ બધા જ અનિત્ય પદાર્થો–ભાવો છે. જે પરિવર્તનશીલ છે તે અનિત્ય છે અને જે અનિત્ય છે તે પરિવર્તનશીલ છે. આજે બને છે અને કાલે બગડે છે. ઘડીભર પહેલા જે જોવા પણ ગમતા હતા તે હવે જોવાય ગમતા નથી.

## અનિત્ય જાણી સંસાર છોડયો

પ્રણમું તુમારા પાય, પ્રસન્નચંદ્ર પ્રણમું તુમારા પાય.
તુમે છો મોટા રૂષિરાય.... પ્રસન્નચંદ્ર............

રાજ છોડી રળિયામણું રે, જાણી અથિર સંસાર,
વૈરાગે મન વાળીયુ રે, લીધો સંયમભાર ॥ પ્રસન્ન॥ ૧।

શ્મશાને કાઉસ્સગ્ગ રહી, પગઉપર પગ ચઢાય;
બાહુ બે ઉંચા કરી રે, સૂરજસામી દષ્ટિ લગાય. ॥ પ્રસન્ન ॥ ૨।




સન્ધ્યાના સમયે રાજમહેલના ઝરુખામાં બેસીને આથમતા સૂર્યને જોઈ રહ્યા છે. જગતને પ્રકાશ આપનાર આથમી ગયો છે. આકાશમાં સોનેરી કિરણોમાં વાદળાંઓ સોનાની જેમ ચમકી રહ્યા છે. કોઈ વાદળાં સોનેરી રથ, ઘોડા, હાથી વગેરે જેવા દેખાતા મનને ઘડીભર આનન્દ

આપી રહ્યાં છે. પરન્તુ અરે આ શું ? કાળાં ભમ્મર બીહામણાં વાદળાં...અરે ! આ તો બધું જ ક્ષણિક છે... થોડીવાર પહેલાં સોનેરી દેખાતાં હતાં તે બધાં હવે કાળાં ભમ્મર બીહામણાં ?...... અરે થોડીવાર પહેલાં જે આનન્દ આપતાં હતાં તે હવે ભય પમાડે છે. શું છે આ સંસારમાં ? બધું ક્ષણિક છે, નાશવંત છે. બસ, આ ભાવનામાં લીન થયા. નિર્ણય લીધો કે રાજપાટ, વૈભવ, પુત્ર-પત્નીનો પરિવાર છોડી સાધુ થઈને ચાલ્યા ગયા.

## વિશ્વના વિનાશી–અવિનાશી પદાર્થો

"**गुणपर्यायवद् द्रव्यम्**"—ગુણ અને પર્યાયવાળો હોય તે દ્રવ્ય. ગુણ અને પર્યાય વિનાનો દ્રવ્ય નથી. એટલે ગુણ અને પર્યાય દ્રવ્ય ને આશ્રયિને રહે છે. એવા દ્રવ્યની ત્રણ અવસ્થા છે.

### દ્રવ્યની અવસ્થા

| ઉત્પાદ | વ્યય | ધ્રુવ (નિત્ય) |
|---|---|---|

"**उत्पादव्ययध्रौव्ययुक्तं सत्**"—તત્ત્વાર્થસૂત્રમાં કહ્યા પ્રમાણે ઉત્પન્ન થવું, નષ્ટ થવું અને નિત્ય રહેવું એ પદાર્થનું સ્વરૂપ છે. જે ઉત્પન્ન થાય છે, નષ્ટ થાય છે છતાં નિત્ય રહે છે. ગુણ અને પર્યાય બદલાતા વસ્તુનું ઉત્પન્ન થવું કે નષ્ટ થવું એ સ્વભાવ છે. એક જ દ્રવ્યની અનન્તી પર્યાયો બદલાય, જૂના પર્યાયનું નષ્ટ થવું અને નવા પર્યાયનું ઉત્પન્ન થવું છતાં પણ તેની વચ્ચે દ્રવ્યનું યથાવસ્થિત નિત્ય રહેવું (ધ્રુવ રહેવું) એ પદાર્થનું સ્વરૂપ–સ્વભાવ છે.

વહુને વીંટી પસન્દ ન આવી એટલે સસરાને કહ્યું કે ચેન (હાર) બનાવી આપો. સસરાએ સોનીને આપી હાર બનાવી આપ્યો, વરસ પછી ફરી વહુએ કહ્યું કે હવે કંન્દોરો બનાવી આપો. સસરાએ તેમ કરી આપ્યું. વરસ પછી ફરી વહુએ કહ્યું કે ના, હવે તો સોનાની બંગડી બનાવી આપો.

સસરાએ પહેલાંની જેમ જ સોનીને આપીને બંગડી બનાવી આપી. દર વર્ષે મનગમતા પર્યાયો મળવાથી વહુ રાજી થતી, ન ગમતી તો નારાજ થઈ ને પાછી બીજી બનાવરાવતી. પરન્તુ સસરાને નારાજગી કે રાજીપણું કંઈ જ નથી, કારણ વીંટી તરીકે ઉત્પન્ન થઈ, નષ્ટ થઈ. ચેન તરીકે ઉત્પન્ન થયું, ચેન નષ્ટ થઈ. કંદોરાના આકારે ઉત્પન્ન થયું, કંદોરો નષ્ટ થઈને બંગડીના પર્યાયે ઉત્પન્ન થયું. એવી રીતે ગમે તે પર્યાયે ઉત્પન્ન થાય કે નષ્ટ થાય. પરન્તુ મૂળભૂત સોનું તો એનું એ જ છે ને . કારણ મૂળ દ્રવ્યતો નિત્યજ રહે છે.

એજ પ્રમાણે જન્મ અને મરણ કોના થાય છે ? જીવના કે શરીરના ? પુનર્જન્મ પુનઃ + જન્મ = ફરીથી જનમવું. તો ફરીથી કોણ જન્મે છે ? જીવ કે શરીર ? શરીરને તો અગ્નિદાહમાં બાળી દેવાય છે, કોઈ દાટે છે. શરીર તો જતો નથી ? કોણ ગયો ? કોણ આવ્યો ? આત્મા...... તો જન્મ કોણ લે છે ? આત્મા. નિત્ય એવો આત્મા જે જન્મ લે છે, અર્થાત્ જે શરીરમાં આવે છે, તે પર્યાયને ધારણ કરે એટલે તે પર્યાયના નામે વ્યવહાર થાય છે, મનુષ્ય કે ઘોડો કે ગાય-બળદ. સોના અને દાગીનાની જેમ એક જ આત્મા એક વાર ગાય, ફરી મરીને ઘોડો, ફરી મરીને વાંદરો, ફરી મરીને માણસ તરીકે જન્મ લે છે. તો ગાય, ઘોડો, વાંદરા, માણસ તરીકેની એ તો બધા પર્યાયો છે. પર્યાયનું ઉત્પન્ન થવું તે જન્મ અને નષ્ટ થવું તે મરણ, પણ તેમાં નિત્ય રહેનાર તો આત્મા. આત્મા નિત્ય દ્રવ્ય છે અને આ બધી બદલાતી પર્યાયો અનિત્ય છે. પર્યાય શરીરરૂપે ગમે તેવા હોય. કોઈની ૨ પગવાળી, ૪ પગ, ૬ પગ, ૮ પગ, ઘણાં પગ અને વગર પગવાળી કાયા પણ મળે છે. બધા પર્યાયો છે. ૨ પગવાળો માણસ, ૪ પગવાળાં પશુ, ૬ પગવાળી કીડી-માંખી, ૮ પગવાળો કરોળિયો ઘણા પગવાળો કાનખજૂરો અને વગર પગવાળો સાપ વગેરે ભિન્ન ભિન્ન પર્યાયવાળા શરીર ધરાવતા જીવો જ છે. તેમાં એક માત્ર અજર-અમર ધ્રુવ-નિત્ય તો આત્મા જ છે અને અનિત્ય પર્યાય છે. જે પરિવર્તન-શીલ છે, જે ક્ષણિક છે, નાશવંત છે, પૌદ્ગલિક છે તે અનિત્ય છે

અને જે પરિવર્તનશીલ, ક્ષણિક, નાશવંત કે પૌદ્‌ગલિક નથી તે આત્મા નિત્ય-ધ્રુવ દ્રવ્ય છે, પરંતુ નિત્ય આત્મા અનિત્ય શરીર પર્યાય અને જન્મ-મરણના કારણે "નિત્યાનિત્ય" કહેવાય છે.

જ્યાં સુધી કર્મનો બંધ છે ત્યાં સુધી સંસાર છે અને સંસાર છે ત્યાં સુધી જન્મ-મરણ છે, અને આજ સુધી અનન્ત જન્મ-મરણ ધારણ કરનાર આત્મા એ અનન્ત શરીર ધારણ કરીને છોડી દીધા છતાં પણ નિત્ય આત્મા આજે પણ એવો ને એવો જ છે.

## નિત્યાનિત્ય પદાર્થો

મૂળભૂત પદાર્થ
- જીવ
- અજીવ
  1. ધર્માસ્તિકાય
  2. અધર્માસ્તિકાય
  3. આકાશ
  4. કાળ
  5. પુદ્‌ગલ
     1. સ્કંધ
     2. દેશ
     3. પ્રદેશ
     4. પરમાણું

ષડ્ દ્રવ્ય
1. જીવ
2. ધર્માસ્તિકાય
3. અધર્માસ્તિકાય
4. આકાશ
5. કાળ
6. પુદ્‌ગલ

પંચાસ્તિકાય
1. જીવાસ્તિકાય
2. ધર્માસ્તિકાય
3. અધર્માસ્તિકાય
4. આકાશાસ્તિકાય
5. પુદ્‌ગલાસ્તિકાય

### નિત્ય પદાર્થો

1 જીવાસ્તિકાય | 2 ધર્માસ્તિકાય | 3 અધર્માસ્તિકાય | 4 આકાશ | 5 પરમાણું

### અનિત્ય પદાર્થો

પુદ્ગલાસ્તિકાય અને કાળ

1 સ્કંધ | 2 દેશ | 3 પ્રદેશ

મૂળભૂત છ દ્રવ્યોમાં જીવ વિભાગમાં આત્મા નિત્ય છે. તે જ પ્રમાણે અજીવ વિભાગમાં ધર્માસ્તિકાય-ગતિસહાયક દ્રવ્ય, અધર્માસ્તિકાય-સ્થિતિસહાયક દ્રવ્ય, આકાશાસ્તિકાય-અવકાશદાયક દ્રવ્ય તથા પુદ્ગલના રૂપોમાં ફક્ત પરમાણુઓ બસ આટલા જ પદાર્થો નિત્ય છે. તે સિવાય પુદ્ગલના ભેદો અનિત્ય છે. અજીવ તત્ત્વમાં પણ નિત્ય પદાર્થો છે.

પુદ્ગલ-પૂરણ અને ગલન સ્વભાવવાળો અર્થાત્ બનવા અને બગડવાના સ્વભાવવાળો પુદ્ગલ દ્રવ્ય અનિત્ય છે. પરમાણું નિત્ય છે પરંતુ પરમાણુંઓનો સમૂહ બનીને પ્રદેશ બને છે, પ્રદેશો ભેગા થઈને દેશ બને છે અને દેશ સમૂહ તે સ્કંધ બને છે. જે જગતમાં વસ્તુ, પૌદ્ગલિક ભૌતિક વસ્તુના નામે વ્યવહારમાં આવે છે તે અનિત્ય, વિનાશી, ક્ષણિક અને નાશવંત છે.

## અનિત્ય યોગે મળતું સુખ પણ અનિત્ય :

માનવી આ સંસારમાં સંપૂર્ણ સુખનો આધાર પોતાની સંગ્રહિત વસ્તુઓમાં જ માની બેઠો છે. શું પુદ્ગલની બનેલી પૌદ્ગલિક વસ્તુ જે અનિત્ય સ્વભાવી છે તે શું કાયમ નિત્ય ટકવાની છે ?

શું ટીવી; રેડિયો, ઘડિયાળ, મકાન, બંગલો વગેરે બધું નિત્ય છે ? ના પૌદ્ગલિક છે, માટે અનિત્ય જ છે, અને અનિત્ય છે માટે ક્ષણિક

અને નાશવંત છે. જે આજે બન્યું છે અને કાલે નષ્ટ થવાનું છે. તો પછી એવા ક્ષણિક નાશવંત પદાર્થ ઉપર સાચા-કાયમી સુખની કલ્પના અને આશા રાખીને બેઠેલો મનુષ્ય શું મૂર્ખ નથી ?

સુખ કેવું જોઈએ છે ? કાયમ નિત્ય ટકી રહે તેવું કે આવીને ચાલ્યું જાય તેવું ?

ના, કાયમ નિત્ય ટકી રહે તેવું સુખ જોઈએ જે પદાર્થો જ અનિત્ય અને ક્ષણિક છે તો તેમાંથી મળતું સુખ તો નિત્ય અને કાયમ ટકી રહે તેવું કયાંથી સંભવે ? આ તો બહુ મોટી ભૂલભરેલી માન્યતા છે.

આવીને ચાલ્યું ન જાય, નિત્ય ટકી રહે. જે સ્વાધીન-સ્વવશ હોય તે જ સુખ સાચુ સુખ છે, અને જે પરવશ, પરાધીન, અનિત્ય પદાર્થશ્રયિ. ક્ષણિક છે તે સુખ નથી, સુખાભાસ છે. પરન્તુ વાસ્તવિક તો તે દુઃખ જ છે સુખને પામવા પહેલા દૃષ્ટિ બદલવી પડશે, નિત્ય અનિત્યની વાસ્તવિકતા સમજવી પડશે.

જે વિનાશી છે તેનો જ વિનાશ થવાનો છે. કાચનો જગ ફૂટે તો આશ્ચર્ય પામવા જેવું નથી, અને બંગલો ખખડી જાય તો આશ્ચર્ય પામવા જેવું નથી. જે અનિત્ય, વિનાશી, નાશવંત હતું તે પોતે પોતાના જ સ્વરૂપને પામ્યો છે માટે ચિન્તા ના કરવી. તેને જોઈને ચિન્તન કરવું

## વીંટીના નિમિત્તે કેવળજ્ઞાન :

છખંડના અધિપતિ મહારાજ ભરત ચક્રવર્તીની વીંટી સ્નાન સમયે આંગળીમાંથી સરી પડી. જમીન ઉપર પડેલી વીંટિ સામે નજર નાંખી જોઈ રહ્યા. પછી હાથની આંગળી તરફ નજર નાંખી. વીંટીના કારણે હવે આંગળી ઉપર કાપો પડી ગયો છે. તેથી આંગળી હવે વીંટી વગર શોભતી નથી. વીંટીને હાથમાં લઈને આપણી જેમ ચિન્તામાં નહીં પરન્તુ ચિન્તનની ધારામાં ચઢી ગયા. મનમાં ને મનમાં શું વીંટીથી આંગળી શોભે છે કે આંગળીથી વીંટી શોભે છે ? આ પ્રશ્ન મનમાં ઉપસ્થિત થયો. દ્વન્દ્વ શરૂ થયુ. ના ના વીંટી થી આંગળી ? ના ના. આંગળીથી વીંટી જો આંગળી વગર વીંટી

શોભતી હોત તો તો આપણે વીંટી કબાટમાં જ મૂકી રાખત પરન્તુ ના. દુકાનદાર પણ સ્ત્રીનું પૂતળુ બનાવી દાગીના પહેરાવીને દુકાનમાં આગળ શો કેસ ઉપર મૂકી રાખે છે.

## અનિત્ય ભાવના ભાવતા ભરત ચક્રવર્તીને કેવળજ્ઞાન.



અરે તો શું ? વીંટીથી આંગળી શોભે છે ? કે આંગળી થી વીંટી શોભે છે ? ના. ના. અરે વીંટી પણ જડ છે. તે પણ મરી ગયેલા એકેન્દ્રિય પૃથ્વી કાયના જીવનું મડદું કલેવર જ છે. અરે માણસ જેવો પંચેન્દ્રિય માણસ મરે તો શ્મશાનમાં લઈ જઈ બાળી દેવાય છે. અને એકેન્દ્રિય જીવ મરી જાય તો તેના મડદાને (કલેવરને) શું આપણા શરીર ઉપર જડવાનું ? માણસની કબર જમીનમાં બને અને સોના-ચાંદી, હીરા જેવાની કબર માણસના શરીર ઉપર ? અરે તે પણ નાંક-કાંન વીંધાવીને શરીરમાં જડે છે. શું આ એકેન્દ્રિયના મડદાને માથે લઈને ફરનાર ફેશન પરેડનો કે શ્મશાન યાત્રાનો ડાઘુ ન કહેવાય ? અરેરે માણસની કિંમત વધારે કે એકેન્દ્રિય પૃથ્વીકાયના જીવના કલેવરની કિંમત વધારે ? અરેરે ! દુલર્ભ એવા મનુષ્યની કિંમત હીરા કરતાં પણ ઓછી. હીરો તો લાખો-કરોડો ડોલર કે રૂપિયાનો પણ હોય છે અરે અરબી ઘોડાની કિંમત પણ ૬ કરોડથી ૨૦-૨૫ કરોડ સુધીની પણ હોય છે. તો માણસની કેટલી ?

અરે વીંટી એકેન્દ્રિય જીવ પૃથ્વીકાયનું શરીર છે તો આ મારી આંગળી પણ પંચેન્દ્રિય શરીર છે. શરીર તો પુદ્ગલનો બનેલો છે.

પુદ્ગલ તો અજીવ-જડ છે. તે અનિત્ય, નાશવંત, ક્ષણિક છે. શરીર તો અહીં જ બળવાનું છે. તો કોના ઉપર મોહ રાખવો. ના, કોઈ કોઈનાથી નથી શોભતું. બન્ને અનિત્ય જ છે.

અનિત્ય ભાવનાની ધારામાં ચઢી ગયા. ક્ષપક શ્રેણિ મંડાઈ ગઈ. કર્મના ભૂકકા બોલાવા માંડયા અને. મહારાજા ચક્રવર્તી ભરત આત્માનું સામ્રાજ્ય કેવળજ્ઞાન પામી સર્વજ્ઞ-સર્વદ્રષ્ટા બન્યા.

## મોહનીય કર્મને તોડવા પ્રબલ ભાવના યોગ :

જે અનિત્ય છે તેને નિત્ય માનીને તેને કાયમ ટકાવી રાખવા, સાચવી રાખવાના પ્રયત્ન કરતો માનવી કેટલો મોહગ્રસ્ત છે ? જે નિત્ય નથી રહેવાનો તેની ચિંતા કેટલી ? તેને કાયમ રાખવાની ચિંતા

અને જહેમત કેટલી ? અને જે નિત્ય–અજર–અમર રહે છે અને રહેવાનો છે તેની પાછળ કેટલી મહેનત છે ? નથી. જ્ઞાનીઓ કહે છે. હે જીવ ! જેટલી મહેનત અને જેટલી જહેમત તેં અનિત્યની પાછળ કરી છે એની અર્ધી પણ જો તે નિત્યની પાછળ કરી હોત તો જરૂર તું સદાના માટે નિત્ય–ધામને પામી ગયો હોત. પરંતુ હાય રે ! અજ્ઞાન હાય રે ! ભયંકર મોહ. સંસારના અનિત્ય, ક્ષણિક અને નાશવંત પુદ્ગલના બનેલા પૌદ્‌ગલિક–ભૌતિક પદાર્થો માં જ જીવને મોહ છે. પોતામાં એને કંઈ જ દેખાતું નથી. આ ભારે અજ્ઞાન છે, મહા મોહ છે. અનિત્યાદિ બાર ભાવનાઓને ભાવવાથી ભાવના યોગમાં સ્થિર થવાથી અવશ્ય મોહકર્મ તૂટે છે અને નિત્ય આત્મા અજરામર પદ પામે છે.

### આપણે કોની જાતના ?:

જગતમાં બે જ જાત છે : નિત્યની જાત અને અનિત્યની જાત. શું આપણે અનિત્યની જાતના છીએ ! ના. અનિત્ય તો ક્ષણિક, નાશવંત, છે. શું આત્મા બળે છે, નષ્ટ થાય છે, ક્ષણિક છે ? ના. માટે જે પરમાત્મા અજરામર પદને પામેલા, મોક્ષે ગયેલા મુક્ત છે. નિત્ય છે તેમની જ જાતના નિત્ય આપણે છીએ. નથી તો આપણે અનિત્યની જાતના કે નથી અનિત્ય આપણી જાતનો.

(૧) નિત્ય + અનિત્ય સંયોગે=દેહધારી.

(૨) અનિત્ય + નિત્ય સંયોગે=શરીરધારી શરીરી.

(૩) અનિત્ય + અનિત્ય સંયોગે=પુદ્ગલ વસ્તુઓ.

(૪) નિત્ય + નિત્ય સંયોગે=મુકત સિદ્ધ.

આપણો આત્મા નિત્ય છે. અને મુકત સદા માટે નિત્ય છે. આપણે અનિત્ય એવા શરીરનો સંગ છોડીને નિત્ય–સંગી–મુકત થવું છે.

## શરીર-નિત્ય કે અનિત્ય ?

શરીર શું છે ? માતા-પિતાના રજ-વીર્યના સંયોગે, મળ-મૂત્રની ક્યારીમાં અશુચિમય કાયામાં ઊંધા માથે સાડાનવ માસ લટકીને આહારના પુદ્ગલો લઈને આ શરીર નિર્માણ કર્યું છે. ઈંટ ઉપર ઈંટ ચણાયેલી ભીંત જેવું હાડકાં ઉપર હાડકા ચઢાવેલું આ માળખું એ શરીર છે. જે બન્યું છે તે બગડવાનું જ છે, જે જન્મ્યું છે તે મરવાનું જ છે, જે અહીંથી લીધું છે તે અહીં જ છોડવાનું જ છે એમાં કોઈ શંકા નથી. શરીર પણ રોગગ્રસ્ત અને નાશવંત છે, આધિ-વ્યાધિથી ઘેરાયેલું છે, જીર્ણ-શીર્ણ થવાના સ્વભાવવાળું છે.

## સનત્ ચક્રવર્તીનું અદ્ભુત રૂપ :

૭ ખંડપૃથ્વીના માલિક એકચક્રી શાસન ચલાવતા ચક્રવર્તી સનત્કુમારના વખાણ દેવલોકમાં ઈન્દ્રસભામાં ઈન્દ્રે કર્યા અહો ! રૂપ લાવણ્ય, સૌંદર્ય ગજબનું છે. બે દેવતાઓ બ્રાહ્મણ વેશે આવ્યા. એ સમયે સ્નાનાગારમાં સ્નાન કરતા સનત્ કુમારનું રૂપ જોઈ આશ્ચર્ય પામેલા દેવતાઓ કહે છે, સ્વામિ, શું તમારું અદ્ભુત રૂપ !

સનત્ કુમાર કહે છે : અરે મારું રૂપ જો જોવું હોય તો અત્યારે શું જૂઓ છો ? હું વિલેપન કરી અલંકાર પહેરી રાજસિંહાસને બેસું ત્યારે આવજો રૂપ જોવા. દેવતાઓ કહેવા પ્રમાણે રાજદરબારમાં આવ્યા. અદ્ભુત રૂપ જોયું. મુખમાં પાન અને થૂંકેલી પિચકારીમા કીડા. અરેરે ! કાયાનો ક્યાં ગર્વ કરવાનો છે ?

યૌવન, રૂપ અને સૌન્દર્ય બધું જ ક્ષણિક છે. રૂપ તો આજે છે અને કાલે નહીં પણ હોય. યૌવન તો ચાલ્યું જવાનું છે અને દેખાતી રૂપાળી આ કાયા રોગથી ઘેરાઈને ક્ષીણ થઈ જવાની છે.

## દેહરાગ અને દેહભાવનો ત્યાગ :

વર્ષો પછી ચક્રવર્તી સનતકુમારની કાયા એક નહીં અનેક રોગોથી ઘેરાઈ ગઈ. ચક્રી સંસારત્યાગી સમતાના સાધક સાધુ બન્યા. કાયા ઉપરનો મોહ અને અભિમાન બધું ઊતરી ગયું. આ કાયાથી જેટલું

સાર સધાય તેટલું સાધી લેવું, નિકળે તેટલું કસ કાઢી લેવાની ભાવનાથી ઘોર તપશ્ચર્યામાં ઉતરી ગયા. કાયાની માયા ટાળી, દેહનો રાગ તજ્યો, દેહભાવ અને દેહમમત્વનો ત્યાગ કર્યો.



સંસારમાં જીવોને વધુમાં વધુ રાગ જો કોઈના પણ ઉપર હોય તો પુત્ર, પત્ની કે સોના-ચાંદી કે હીરા-મોતી ઉપર પણ નહીં પરંતુ દેહ, શરીર કે પોતાની કાયા ઉપર છે. પુત્ર, પત્ની કે સંપત્તિ આદિ સર્વનો ત્યાગ કરવો સરળ છે પરંતુ દેહમમત્વ, કાયાની માયા ત્યજવી બહુ કપરી વાત છે; અને વૈરાગ્યની શરૂઆત કાયાની માયા ઘટાડવાથી જ કરવાની છે અને અધ્યાત્મમાં પ્રવેશ પણ દેહનું વિભાવ દશારૂપ ભાન થવું, દેહભાવ, દેહરાગ અને દેહ મમત્વ ઘટાડવાથી જ થાય છે. વીતરાગતાની સાધનાનાં પ્રાથમિક સોપાન પણ દેહરાગના ત્યાગમાં જ છે. તો જ વીતરાગી થનાર સાધક ઉપસર્ગ અને પરીષહો સહન કરી શકશે. વિહાર કરી શકશે, ધ્યાન-સાધના કરી શકશે, માથા ઉપર ખેરના અંગારા સહન કર્યા, કપાળે ચામડાના પટ્ટા વિંટાયા તે પણ હસતા મોઢે સહન કર્યા. અને પાપી પાલકે ઘાણીમાં પીલ્યા છતાં પણ સમતા સાધી કેવળજ્ઞાન પામ્યા, કાનમાં ખીલા ઠોકયા છતાં પણ ગજબની સમતા, આ બધું મહાપુરુષોના જીવનમાં કયારે બન્યું હશે ? દેહરાગ કે દેહરાગ-દેહભાવના ત્યાગે ?

ત્યજી દીધી છે કાયાની માયા જેમને એવા સનતમુનિની પાસે દેવતાઓ વૈદ્યનું રૂપ લઈને આવ્યા- વિનંતિ કરી—મહાત્માજી ! અનુમતિ આપો. આપની કાયા નિરોગી કરી દઈએ.

સનતમુનિ— ના ના આ રોગોનો તો મારા ઉપર ઘણો મોટો ઉપકાર છે. આ રોગોથી હું સમતામાં રહી શકું છું, કર્મ નિર્જરા કરી શકું છું. મારે કંઈ નથી કરવું.

દેવો ના. ના, રોગોથી ઘેરાયેલી કાયા શોભતી નથી. આપ આજ્ઞા આપો.

સનતમુનિ-- ટચલી આંગળી મોઢામાં નાંખી થોડીવારે કાઢી બતાવી. જુઓ...

તપસ્વી મુનિની લબ્ધિ ગજબની હતી. જેના થૂંકમાં પણ લબ્ધિ છે એને ઔષધની શી જરૂર ? બસ, દેવતાઓ આશ્ચર્ય પામી ગયા, પરન્તુ સનતમુનિ તો ખરેખર પામી ગયા. તો શું પણ સાધી ગયા.

### ૬૦ હજાર વર્ષ આયંબિલ ?

ષટ્ખંડ પૃથ્વીના ભોક્તા ભરત ચક્રવર્તીને સ્રીરત્ન સુંદરીના રૂપ–સૌન્દર્ય ઉપર ભારે મોહ હતો બીજાને દીક્ષાની અનુમતિ આપતા પરંતુ સુંદરીને નહીં. સુંદરીએ ઘણી આજીજી કરી— મને દીક્ષાની અનુમતિ આપો પરન્તુ ભરત ભારે રાગના કારણે નથી આપતા.

અવસરે ભરતજી ને છે ખંડ સાંધવા દિગ્વિજય કરવા માટે જવું પડયું. બસ, સુંદરીએ તક સીધી. અને વિચાર કર્યો. મારું રૂપ પણ મારી આરાધનામાં અંતરાય કરનાર નીવડયું. અરેરે! મારી કાયાનું રૂપ મારું તો બગાડે પરંતુ સારામાંમોહિત થનારનું બગાડે છે નથી રાખવું હવે આ રૂપ અને સુંદરીએ કાયાની અનિત્યતા ચિન્તવી આયંબિલની તપશ્ચર્યા શરૂ કરી દીધી; અને શાસ્રકાર ભગવંતો લખે છે કે ૬૦,૦૦૦ વર્ષ સુધી આયંબિલની તપશ્ચર્યા કરી કાયાને શોષવી નાંખી. કુમળા ગુલાબના છોડની જેમ શરીર સૂકવી નાંખ્યું. હાડપિંજર જેવું કરી નાંખ્યું.

ભરત મહારાજા દિગ્વિજય સાધીને આવ્યા...અને સુંદરીનું રૂપ શરીર જોયું. સુંદરીએ કારણ સમજાવ્યું અને ભરતજીની અનુમતિ મળતા સૌન્દર્ય સામ્રાજ્ઞી સુંદરીએ સદાના માટે સંસારનો અને સદાના માટે દેહરાગનો ત્યાગ કર્યો.

### ક્ષણભંગુર આયુષ્ય :

**कुसग्गे जह ओसबिन्दुए, थोवं चिट्ठइ लंबमाणए ।**
**एवं मणुआण जीवियं, समयं गोयम ! मा पमायए ॥**

અન્તિમ દેશનામાં જણાવતા શ્રી વીર વિભુ ફરમાવે છે કે ઘાસના અગ્ર ભાગ ઉપર રહેલ ઝાકળ( ઓસનું નું પાણીનું બિન્દુ એ કેટલી વાર સુધી ટકશે ? જયાં સુધી એક પ્રવનનો ઝપાટો નથી

આવ્યો ત્યાં સુધી ? અને પવનના ઝપાટાનાને આવતા કેટલી વાર લાગવાની છે ? તે જ પ્રમાણે માનવીનું આયુષ્ય પણ ઘાસના અગ્ર ભાગ ઉપર રહેલા ઝાકળના બિન્દુ જેવું છે..આયુષ્ય પુ થતા વાર કેટલી ? કઈ ઘડીએ, કઈ ક્ષણે આયુય પુરું થઈ જશે જીવિત પુરું થઈ જશે તેની કશો જ ખબર નથી પડતી. ચાર દિવસની ચાંદની અને પછી અંધારી રાત જેવો આ સંસાર છે. કોઈ જન્મીને તરત, તો કોઈ બાલ્ય વયે, કોઈ યૌવનમાં તો કોઈ પ્રૌઢ વયે..કોણ ક્યારે આ સંસાર-માંથી વિદાય લેશે તે કોણ જાણે છે ?

આયુષ્ય ક્ષણિક
યૌવન ક્ષણિક
રૂપસૌન્દર્ય ક્ષણજીવી
આરોગ્ય પણ ક્ષણિક
દુઃખદાયી વૃદ્ધાવસ્થા

જો ચેતીને ન ચાલ્યા તો સંસારમાં રખવપટ્ટી ચાલુ જ રહેવાની. **તે પહેલાં ધર્મ કરી લેજે.**

**जरा जाव न पीडेइ, वाहि जाव न वड्ढई ।**
**जाव इन्दिया न हायंति ताव धम्मं समायरे ॥**

—દશવૈકાલિક આગળમાં કહ્યું કે હે ભવ્ય !

(૧) વૃદ્ધાવસ્થા જ્યાં સુધી નથી પીડતી ( આવતી, )
(૨) વ્યાધિઓ જ્યાં સુધી નથી વધતી,
(૩) ઈન્દ્રિયો જ્યાં સુધી ક્ષીણ નથી થતી,

બસ તે પહેલાં, ત્યાં સુધી ધર્મ આચરી લો અન્યથા પછી શું કરશો ? કારણ, આ ત્રણ અવસ્થા પહેલાં જ ધર્મ શકય બને છે.

વૃદ્ધાવસ્થાનું રૂપ તો કેટલું કષ્ટજનક છે. ત્યારે પરવશતા અને પરાધીનપણું, અને તેમાં પણ જો કાયા નિરોગી રહી તો સારું

અન્યથા એક બાજુ વૃદ્ધાવસ્થા, બીજી બાજુ રોગો. તો શીઠ દશા થશે? વૃદ્ધાવસ્થાનું ચિત્ર રજૂ કરતા કહ્યું છે કે..

**अंगं गलितं मुंडं पलितं, दशनविहीनं जातं तुण्डं।**
**वृद्धो याति गृहित्वा दण्डं, तदपि न मुञ्चति आशापिण्डं॥**

— અંગ ગલો ગયા હોય, ડોક વળી ગઈ હોય, અને દાંત પડી ગયેલુ મોઢું હોય, વૃદ્ધાવસ્થા જાણે હાથમાં લાકડી લઈને આવી હોય, છતાં પણ આશા તૃષ્ણા નથી છોડતી. કોણ ઘરડું થાય છે? શરીર કે મન? એંશી વર્ષે, સાઠ વર્ષે ફરી પરણવાનું મન કેમ થાય છે?

**જન્મકુંડળી અને ભવિષ્ય :**

—રાજકુળમાં જન્મેલા પુત્રના જન્માક્ષર બનાવવા રાજજ્યોતિષીને બોલાવવામાં આવ્યા. રાજા જોશી મહારાજ! રાજકુમારની જન્મપત્રિકા બનાવો.

જ્યોતિષી— જી મહારાજ! (સમય પ્રમાણે પત્રિકા તૈયાર કરી)

જ્યોતિષી- મહારાજ! બસ, ઘણી સારી છે. પણ..

રાજા—કેમ પણ એટલે શું? બોલો...બોલો શું કહેવા માંગો છો?

રાજા—કેમ જ્યોતિષી મહારાજ! કેવી છે પત્રિકા? શું ફળાદેશ છે?

જ્યોતિષી—મહારાજ! થોડીક સાવચેતી માટે કહું છું, કે આ રાજપુત્રને ..(૧) ઘરડા માણસથી (૨) મૃતક (મરદા)થી, અને (૩) રોગી–ગરીબથી દૂર રાખજો–આ ત્રણ એની નજરે ચઢવા ન દેતા. બસ આ ત્રણથી રાજપુત્રને દૂર રાખીને સાચવજો.

રાજા – અરે ! જ્યોતિષી શું કહો છો ?

શું હું ઘરડો નથી થવાનો ? શું હું નથી મરવાનો ? મારું મડદું કોણ ઉપાડશે ? કોણ અગ્નિસંસ્કાર કરશે ? આ પ્રશ્ન પુત્રને પૂછી તો જુઓ. પુત્ર કહેશે કે બાપુજી તમને બાળવાનો તો વગર ચઢાવો બોલે મારો જ હક છે.

અરે.. રે..! કેવો છે આ સંસારનો વ્યવહાર ? કેવો કાયદો ? પુત્ર જ પિતાને બાળનાર પણ આજના કાળમાં તો ચિતામાં બાળનાર કરનાર ચિંતામાં બાળનારાની સંખ્યા વધતી જાય છે ?

અને રાજપુત્રે એક દિવસ એક વૃદ્ધને જોયો, શ્મશાનયાત્રામાં લઈ જવાતા મૃતકને જોયો, રસ્તાના ખૂણે પડેલા રોગિષ્ઠ ભિખારીને જોયો બસ સંસારની અનિત્યતા સમજાઈ ગઈ અને ભરયૌવન વયે પુત્ર રાહુલ અને પત્ની યશોદાને તજીને રાત્રે અપાર વૈભવ ધનસંપત્તિ રાજપાટ છોડીને સાધનાના માટે સંસાર છોડી જંગલની કેડીએ એકલા નિકળી પડયા અને ગૌતમ બુદ્ધ તરીકે પ્રસિદ્ધ થયા

**ક્ષણિક વિષય સુખ—** જે પોતાની કાયા નાશવંત છે, વીજળીના ચમકારા જેવું આયુષ્ય છે, પાણીના પરપોટા જેવું જીવન છે અને તેમાં પણ અંજલિમાંથી ગળતા અને પડતા પાણીના જેવું જીવીતવ્ય છે છતાં પણ પોતાની કાયાનો રાગ તો ઠીક પણ પોતાની વિષય-વાસનાને સંતોષવા માનવી પારકાની કાયાનો ઉપભોગ કરે છે પારકાના ભોગે પોતે સુખી થવા પ્રયત્ન કરે છે. કેવી વૃત્તિ છે ?

બળાત્કારના માર્ગે ગયેલો, ભાન વગરનો, વિવેકહીન પશુ કરતાં પણ અધમ અને નીચ બની જાય છે. પોતાના હવસને સંતોષવા બીજું કંઈ જ ન જોતા માત્ર વાસનાને સંતોષવા બળાત્કાર પણ કરી બેસે છે અને આજે તો મર્યાદા ગઈ. સાંભળીએ છે કે પિતા પોતાની પુત્રી ઉપર આ અધમ કૃત્ય કરી બેસે છે. હાય રે કળિયુગ ! તારા નામે

કયું કલંક નહીં ચઢે ? એક માત્ર ક્ષણિક સુખ, ૨-૪ મિનિટના સુખ કે મજાની પાછળ વર્ષો સુધીની નરકાવાસની કારમી સજા. અરેરે.. ! કયારે સમજશે માનવી કે ક્ષણિક વૈષયિક સુખ એ સુખ નથી પરંતુ મહાદુઃખની ખાણ છે.

## સર્વં ક્ષણિકં સર્વં શૂન્યં સર્વં અનિત્યં. ...

રંગુન બર્મા થાઈલેન્ડ વગેરે પ્રદેશોમાં જૂનો રિવાજ હતો અને આજે પણ કદાચ હશે જ્યાં ગલીઓમાં મોટા રસ્તાઓ ઉપર બૌદ્ધ ભિક્ષુઓ મોટા ઢોલો વગાડતા વગાડતા જોર જોરથી તથાગત શ્રી બુદ્ધના સિદ્ધાન્તો કહેતા ફરતા હતા

સર્વં ક્ષણિકં— બધું જ ક્ષણિક છે.

સર્વં શૂન્યં— બધું શૂન્ય છે, કશું નથી.

સર્વં અનિત્યં— બધું અનિત્ય છે.

આ પ્રમાણે લોકોને સમજાવતા હતા. બૌદ્ધધર્મનો આ મુખ્ય પાયો છે, પ્રમુખ સિદ્ધાન્તો છે. પરંતુ સૈદ્ધાંતિક તત્ત્વજ્ઞાનની દૃષ્ટિએ જોઈએ ત્યારે જૈન અને બૌદ્ધ સિન્દ્ધાતોમાં આકાશ-પાતાળ જેટલું મોટું અંતર સ્પષ્ટ દેખાય છે કારણ બૌદ્ધ ધર્મમાં આત્મા જેવો શાશ્વત પદાર્થ પણ નિત્ય નથી માનવામાં આવ્યો...મુક્તાવસ્થા નિત્ય માનવાની વાત તો કયાં રહી ? પરંતુ આત્માના નિર્વાણને દીપકલિકા નિર્વાણવત્ કહીને જ્યાં હવે કંઈ જ નથી રહેતું તેનું નામ મોક્ષ. કંઈ જ નહી એટલે આત્માનું અસ્તિત્વ પણ રહેતું અને છતાં પણ મોક્ષ ? આ પરસ્પર વિરુદ્ધ વાત કેમ ગળે ઉતરે ? છતાં પણ બૌદ્ધ દર્શન નૈરાત્મ્ય વાદની વાત કરે છે આવું અસામજસઝ તો બન્ને દર્શનોની વચ્ચે ઘણું મોટું છે એટલું જ નહીં ભારતના સર્વ ષડ્ દર્શનોમાં ઘણાં સૈધાન્તિક મત ભેદો છે, વિચારભેદ છે.

## અનિત્ય ભાવનાની અગત્ય :

યદ્યપિ સર્વ દર્શનોની દાર્શનિક ભૂમિકામાં મતભેદ છે...દરેકની માન્યતાઓ જુદી જુદી છે છતાં પણ સંસારની ક્ષણિકતા આયુષ્યની ક્ષણભંગુરતા વગેરે સમજાવીને દરેક ધર્મે માનવીને ધર્મસન્મુખ કરવા પૂરતો પ્રયત્ન કર્યો છે. હા, જે ધર્મની પાછળ દાર્શનિકતાનો આધાર જ નથી તેની વાત જુદી છે નાસ્તિકતાની અનિત્યતાને અનિત્યરૂપે સ્વીકારવા તૈયાર નથી. તે તો અનિત્યને પણ નિત્ય સમજાવીને માનવીને " ખાઓ, પીઓ ઔર મોજ કરો "ની વાત સમજાવે છે.

પરંતુ આર્ય દેશની સંસ્કૃતિના સર્વ ધર્મ અને સંસ્કૃતિઓએ પદાર્થોની ક્ષણિકતા, સંસારની અનિત્યતા, આયુષ્યની ક્ષણભંગુરતા વગેરે સમજાવવા પ્રયત્ન કર્યો છે

" **ब्रह्मसत्यं जगन्मिथ्या** "–બ્રહ્મ એક જ સત્ય છે અને જગત્ મિથ્યા ભાસમાનની છે વાત વૈદિક પરંપરાએ કરી, અને **सव्वमणिच्च सव्वमनत्तं, सर्वं शून्यं, सर्वं क्षणिकं**ની વાતો બૌદ્ધ પરંપરાની વિચારણા રહી તેમ જ નિત્ય, અનિત્ય અને નિત્યાનિત્ય પદાર્થોનું વિશ્લેષણ જૈન પરંપરાએ કરી " **असारे संसारे नहवी सुहं** " અસાર સંસારમાં સુખ નથી— આ તત્ત્વજ્ઞાનને જીવનમાં ચરિતાર્થ કરાવનાર જૈન પરંપરા આજે પણ વિશ્વમાં મોખરે છે જૈન સંસ્કૃતિમાં આજે પણ લક્ષાધિપતિ અને કરોડપતિ ધનાઢ્ય, ગર્ભશ્રીમંત કુટુંબના નવયુવાન નબીરાઓ અને સુંદર સુશિક્ષિત યુવતિઓ હર્ષોભર્યો સંસાર છોડીને લઘુવયે સંયમના અનુરાગી અને અધિકારી બને છે. એ સંસારની અસારતા કે અસ્થિરતા અને અનિત્યતા સમજ્યા વિના શક્ય જ નથી

## નિત્યાનિત્યની સપ્તભંગી–અને સ્યાદ્વાદ :

વસ્તુગત અનન્ત ધર્મો છે. " **अनन्तधर्मात्मकं वस्तु** " તેમાં નિત્ય–અનિત્ય પણ એક ધર્મ છે. સર્વ વસ્તુઓમાં અનુગત છે.

સ્વ પર સાપેક્ષ દૃષ્ટિએ વસ્તુ નિત્યાનિત્ય સાબિત થાય છે. તેના સાત ભંગ થાય છે :

(૧) स्यानियत्वं
(२) स्यदनित्यं
(३) स्यान्नित्यानित्यं
(४) स्याद्‌वक्तव्यं
(५) स्यान्नित्यमवक्तव्यम्
(६) स्याद्‌नित्यमक्तव्यम्,
(७) स्यान्नित्योनित्यमवक्तव्यम् ॥

સ્યાદ્ અવ્યયથી અપેક્ષા સાથે વિચારણા કરવી એજ સ્યાદ્‌વાદ કે સાપેક્ષવાદ કહેવાય છે. સ્વદ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવની અપેક્ષાથી નિત્ય છે..., પર-દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવની અપેક્ષાથી વસ્તુ અનિત્ય છે ઉદાહરણાર્થ સ્વ-દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવની અપેક્ષાએ આત્મા નિત્ય છે, સ્વગુણાદિની અપેક્ષાએ આત્મા-નિત્ય છે, અને પર-દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ...અર્થાત્ પર એટલે જન્મ, મરણ, જીવન, શરીરની અપેક્ષાથી અનિત્ય છે, કારણ જન્મે છે, મરે છે, જીવે છે, આવ્યો, ગયો વગેરે બધા વ્યવહારો કોને આધારે થવાના ? જીવના જ આધારે થવાના છે. તો પછી નિત્ય માટે જન્મ્યો, મર્યો વગેરે વ્યવહારો કરવા શું યોગ્ય છે ? ના કહેશો તો કોના માથે નાંખશો ? વ્યવહાર તો ચાલે છે. નજરે દેખાતા વ્યવહારોને કેવી રીતે ખોટા કહેશો, અને જન્મે, મરે, આવ્યો, ગયો વગેરે વ્યવહારો અનિત્ય છે છતાં નિત્ય આત્માના છે માટે સ્પષ્ટીકરણ એ છે કે-સ્વ-દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવની અપેક્ષાથી આત્મા નિત્ય છે, અને પર-દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવની અપેક્ષાથી અર્થાત્ શરીરની અપેક્ષાથી જન્મ, મરણ,દિની અપેક્ષાથી અનિત્ય છે માટે આત્મા " નિત્યાનિત્ય " છે. આ સિદ્ધાન્ત જૈન દર્શનના સ્યાદ્વાદ સાપેક્ષવાદથી સિદ્ધ થાય છે.

## સ્વપ્નવત્ ક્ષણિક :

ખરેખર સમસ્ત ચરાચર વિશ્વ સ્વપ્નની જેમ ક્ષણિક અને અનિત્ય છે. માનવીને નિદ્રામાં આવતાં સ્વપ્નાંઓ...કેવાં ક્ષણિક હોય છે. ઘડીભર ૫-૧૦ મિનિટનાં આવતાં સ્વપ્નાંઓમાં ક્યારેક તો માનવી રાજા-સમ્રાટ બની ગયેલો પોતાને જુએ છે, ક્યારેક પોતે સ્વપ્નામાં લગ્ન કરે છે, પિતા બને છે પુત્રાદિને રમાડે છે, ક્યારેક સ્વપ્નામાં હીરા-મોતી સોનું-ચાંદી વગેરે ધનના ઢગલાને જુએ છે કે મેળવે છે. ક્યારેક વૈષયિક સુખભોગોનાં સ્વપ્નાંઓ જુએ છે. સ્વપ્નમાં રાજા બનેલો આનન્દ પામે છે, બધો વૈભવ ભોગવે છે. સ્વપ્નનો બાદશાહ કેવો મસ્ત હશે, પરન્તુ થોડો વિચાર કરો કે સ્વપ્નનું રાજ્ય કે ધન વગેરે ક્યાં સુધી સુખ આપશે. જ્યાં સુધી આંખ નથી ખુલી ત્યાં સુધી. અને આંખ ખુલ્યા પછી ? પછી શું...જેવો રંક કે તવંગર હતો તેવો જ ઊઠ્યા પછી આનન્દ ક્યાં ગયો ? ઉપરથી ઉદાસ, નારાજ. અરે ! મારું રાજ્ય ? મારું સિંહાસન ? મારી ધનસંપત્તિ ? બધી જ વાતમાં આશ્ચર્ય વ્યક્ત કરતો ચારે બાજુ આંખો ફાડી ફાડીને જુએ છે. પરન્તુ કંઈ જ નથી દેખાતું. પરિણામે ઉદાસ થઈ, નિરાશ થઈ કામે લાગે છે.

ભાગ્યશાળી ! આ સંસાર પણ સ્વપ્ના જેવો જ છે. ફરક એટલો જ છે કે સ્વપ્નમાં આંખ ખુલ્યા પછી કંઈ જ નથી એમ દેખાય છે અને જીવનમાં આંખ મિચાયા પછી કંઈ જ નથી એમ સ્પષ્ટ જ દેખાય છે. તો પછી સ્વપ્નમાં અને જીવનમાં શું ભેદ છે ? માટે મહાજ્ઞાની ભગવંતો કહી ગયા છે કે સંસારને સ્વપ્નવત્ માની નિરર્થક સમજીને છોડવા પ્રયત્ન કરજે. એમાં રાચી રાચીને રાજી ન થતો. જેમ સ્વપ્ન સુખ ક્ષણિક છે તેમ સંસારસુખ પણ ક્ષણજીવી જ છે.

## અનિત્યની અનેક ઉપમાઓ :

સમસ્ત પદાર્થોને અનિત્ય કહ્યા, પદાર્થોના સમૂહને પણ અનિત્ય કહ્યા અને પદાર્થોમાંથી ભોગવાતા સુખને પણ અનિત્ય કહ્યા. તો કેવા



અનિત્ય છે તેની ઉપમા આપે છે :

(૧) વીજળીના ચમકારા જેવું : ક્ષણિક આયુષ્ય કેવું છે ? વીજળીના ચમકારા જેવું

(૨) ઈન્દ્રધનુષના રંગ જેવું : વરસાદમાં આકાશમાં વાદળાંઓની વચ્ચે થયેલું ઈન્દ્રધનુષ, જે સપ્તરંગથી શોભતું, કેવું આહ્‌લાદક લાગે છે ? પરંતુ થોડી જ મિનિટોમાં એ અદૃશ્ય થઈ જાય છે. એમ સંસારનાં સુખો થોડી જ મિનિટો પૂરતાં જ છે

(૩) પવનના ઝપાટા જેવું : ઘાસના અગ્ર ભાગ ઉપર રહેલું જલબિન્દુ પવનનો એક ઝપાટો લાગતા જેમ પડી જાય તેવું અલ્પજીવી આયુષ્ય છે.

(૪) પાણી બીચ પતાસા જેવું : પાણીની વચ્ચે પતાસું હોય તો તેને ગળતા વાર કેટલી ? તેમ જ અનન્ત મૃત્યુના પ્રકારોની વચ્ચે મરતા વાર કેટલી ?

(૫) પાણીના પરપોટા જેવું : પાણીમાંથી ઉત્પન્ન થયેલો હવાનો પરપોટો કેટલો કાળ પાણીમાં રહેશે ? થોડીવારમાં તો એ ફૂટીને હવામાં મળી જવાનો છે. તેવું જ આયુષ્ય પણ છે, જીવન છે.

(૬) અંજલિ ગયં તોયં : બે હાથની અંજલીમાં રહેલું પાણી કેટલી વાર ટકશે ? તે જ પ્રકારે આ જીવન સંસારમાં કેટલું ટકશે ?

(૭) હાથતાળી દઈ જાય તેવું : સંતાકૂકડીની રમતમાં હાથે તાળી દઈને ચાલ્યો જાય પરંતુ પકડનાર પકડી નથી શકતો, અને ખ્યાલ નથી આવતો કારણ કેટલો જલદી ચાલ્યો જાય છે.

(૮) દરિયાની ભરતી અને ઓટના મોઝા જેવું : થોડીવાર ભરતી અને પછી થોડીવાર ઓટ જેવું આ સુખ-દુઃખમાં અથડાતું આ જીવન છે.

**अनित्यानि शरीराणि, विभवो नैव शाश्वत ।**
**नित्यं सन्निहितो मृत्यु, कर्तव्यो धर्म संचयः ॥**

શરીરાદિ અનિત્ય છે, વૈભવ ધનસંપત્તિ પણ શાશ્વત નથી., અને મૃત્યુ તો હંમેશા પાસે ફરે છે, માટે ધર્મસંચય ધર્મારાધના કરતા રહેવું :

જે જે પરિવર્તનશીલ છે તે અનિત્ય છે, જે જે ઉત્પન્ન થાય છે અને નષ્ટ થાય છે તે અનિત્ય છે, જે જે બને છે અને બગડે છે

તે સર્વ અનિત્ય છે. આવી અનિત્ય ભાવના ભાવવી જોઈએ જેથી જીવનમાં સાચો પરિવર્તન લાવી શકાય.

**બળદ જોઈ પ્રતિબોધ પામ્યા :**

સ્વયં પ્રતિબોધ પામી પ્રત્યેક બુદ્ધ થયેલા મહર્ષિ કરકંડુ ઋષિના વૈરાગ્યમાં એક બળદ નિમિત્ત બન્યો. કરકંડુ રાજાએ નગરમાં ફરતા શરીરે હષ્ટપુષ્ટ એક બળદને રસ્તામાં જોયો

ખૂબ ખાતોપિતો સુંદર દેખાવડો, શરીરે ભરાવદાર સારામાં સારો બળદ જોયો અને રાજા ખુશ થયો. ૮–૧૦ વર્ષ પછી ફરી એક વાર રાજ્યમાં ફરતા રસ્તાના એક ખૂણામાં રહેલા એ જ બળદને ફરી રાજાએ જોયો. બળદ અતિશય ઘરડો થઈ ગયો છે. ડોક વળી ગઈ છે, આહારનું પોષણ પુરતું મળતું નથી, પેટ પાતાળમાં ગયું છે, શરીર સાવ દુર્બળ કૃશ થઈ ગયુ છે ઊભા થવાની પણ શક્તિ રહી નથી. જાણે મરવાના આરે ન જીવતો હોય એવી દયનીય દશામાં જીવતા એ બળદને કરકંડુ રાજાએ જ્યારે જોયો. ત્યારે રાજા સ્તબ્ધ થઈ ગયો અને ત્યાં જ જોતો ઊભો રહ્યો વિચારધારામાં ચઢવા લાગ્યો, બળદની બદલાયેલી કાયાને અસ્થિર કે અનિત્ય ભાવમાં જોઈ રહ્યો છે.

જોતા જોતા વિચાર મગ્ન થઈ ગયા અરે ! શું આ એજ બળદ છે ? જે મેં પહેલા જોયો હતો. અરેરે ! કેવી દશા થઈ છે, બિચારાની ? અરે હવે તો યમરાજ નો કોળીયો બની ગયો છે બસ મૃત્યુ એની રાહ જૂએ છે ? કે એ મૃત્યની રાહ જુએ છે ? આ અનિત્ય સ્વરૂપ ને નજર સામે જોતા જોતા ... અનિત્ય ભાવના ભાવતા રાજા કરકંડુએ રાજ વૈભવ છોડી સંસારનો ત્યાગ કરી સંયમમાર્ગે સાચા અણગાર સાધુ બન્યા પ્રત્યેક બુદ્ધ થયા

જેવો બીજાનો શરીર છે એવો જ મારો શરીર છે. જીર્ણ શીર્ણ થનાર તે શરીર. શરીર નત્ય નથી તો પછી શરીરને કેન્દ્રમાં રાખી એની ચારે બાજુ ફરતા આયુષ્ય. લક્ષ્મી ધન સંપત્તિ, યૌવન, વિષય સુખ આદિ તો કયાંથી નિત્ય હોય ? સંભવજ નથી. અને તે બધા માત્ર અનિત્ય જ છે. એટલું જ નહીં પરન્તુ ક્ષણિક, ક્ષણભંગુર અને નાશવંત છે.




જે અનિત્ય અને નાશવંત પર પદાર્થ છે. તેમાં નિત્યતા ની બુદ્ધિ રાખી રાગી થઈ ને તેની પાછળ ગાંડા થવું, તેમાં જ મસ્ત રહેવું, તેમાંજ સુખ માનવું એ મોટી અજ્ઞાનતા, મિથ્યા ભ્રમ દશા છે. અને જે નિત્ય સ્વરૂપ આત્મા છે. જે ગુણો નિત્ય સ્વરૂપે રહેનારા છે. તેનો જ લક્ષ રાખી તેજ ગુણો પૂર્ણપણે પ્રગટ કરવાના લક્ષ ભૂત મોક્ષાનુ લક્ષી ધર્મ આરાધવો એજ જ્ઞાનદશા છે એજ સમ્યગ દશા છે. જરૂર સુખ સહુને જોઈએ છે. કોઈ જીવ એવો નથી કે જેને સુખ ન જોઈતુ હોય વાત બરોબર સાચી છે. પરન્તુ સુખ પ્રાપ્તિ ની દિશા સાચી પકડો સાચા સુખનો લક્ષ બાંધો તો જરૂર મળશે. પરમસુખી, પરમાનંદો થવા માટે જ તો આ ધર્મની આરાધના છે.

## લક્ષ્મીની ચંચળતા

“ ચંચળ એ લક્ષ્મીનેકાજે શાને ઘસી રહ્યો તું કાયા. ” લક્ષ્મી ચંચળ છે, ચપળ છે. તે કોઈની પાસે ટકી નથી અને ભાવિમાં સતત કોઈની પાસે ટકવાની પણ નથી. તેનું આગમન અને ગમન તો વિજળીના ચમકારા જેવું છે. કદાચ લક્ષ્મીનું આગમન સહેલુ હશે તો સ્થિરતા ( રહેવાનું ) બહુ જ અસ્થિર છે. અને કદાચ ટકે તો કાયમ નથી

ટકતી. તેને નિત્ય ટકાવી રાખવાની કેટલી મહેનત ? કોઈ તિજોરીમાં કોઇ સેફ ડીપોઝીટ વોલ્ટમાં, કોઈ જમીન માં દાટી રાખે છે. શું આ બધા ઉપાયોથી લક્ષ્મી ટકવાની છે ? ના સંભવ નથી.

મનમાં વિચારો—શું હું નિત્ય રહેવાનો છું કે લક્ષ્મી ? લક્ષ્મી વહેલી જવાની કે હું ? મારૂં આયુષ્ય વધારે ? કે પૈસાનું ટકવાનું કાળ વધારે ? કોણ અનિત્ય ? કોણ નાશવંત ? લક્ષ્મી કે હું ? માણસ મરી જાય છે અને લક્ષ્મી ( રૂપિયા ) એમની એમ પડી રહે છે. જેની પાછળ ગધ્ધા મજુરીની જેમ આખી જિન્દગી વેડફી તે તો એમની એમ જ પડી રહેવાની છે, અને સંગ્રહ કરનાર સંસારમાંથી વિદાય લઈ લેશે, સોનાનો દાંત કે સોનાની વીંટિ, ચેન કંઈ સાથે નહીં આવે. બે ભાઈઓએ કમાયેલી મિલ્કત ઝાડ નીચે દાટી.. અને મરીને ત્યાં જ ઉંદર સાંપ-નોળીયા વગેરેના ૧૭ ભવ કર્યા છતા ધન તો ત્યાં જ દાટેલુ રહ્યું માટે જે અહીં જ પડયુ રહેવાનું છે એની પાછળ આખી જિન્દગી મહેનત કરીને વેડફવી ? કે જે સાથે આવવાનું છે તેની પાછળ મહેનત કરીને જીવન સાર્થક કરવું ? વિચારવા જેવું છે.

ત્યાગમાં સુખ છે. ભોગમાં દુઃખ છે.

લક્ષ્મી ધન-સંપત્તિની અનિત્યતા, ક્ષણિકતા સમજીને ત્યાગ કરવો એ જ હિતાવહ છે, મમત્વ, મૂર્ચ્છા ઓછી કરવી એ જ ઉપાદેય માર્ગ છે.

**ગ્રહણ જોઈ સંસાર છોડયો :**

ભર બપોરના મધ્યાહ્ન સમયે જ્યારે સૂર્ય તપી રહ્યો હતો.. જગતનો પ્રકાશક, દિવાકર મહાપ્રતાપી, ભયંકર અગ્નિની જેમ બળતા સૂર્યને મર્યાદા પુરૂષોત્તમ રામચંદ્રજીના પૂર્વજ રાજા કીર્તિધર આકાશમાં જોઈ રહ્યા હતા ધૂમ તાપમાં સૂર્યની સામે જોવું મુશ્કિલ છે. આંખો બંધ થઈ જાય. પરન્તુ થોડી વારમાં તો ભર બપોરે અંધારૂં છવાઈ ગયુ. અરે ! આ શું થયું સૂર્ય ગ્રહણ રાહુ સૂર્યને ગ્રસિત કરી રહ્યો છે અને ચળકતા તેજસ્વી સૂર્ય ઉપર કાળુ અંધારૂં છવાઈ ગયું. રાહુનું વિમાન આગળ આવી ગયુ.

રાજા કીર્તિધર આ પ્રસંગ જોઈ રહ્યા છે...અરે રે ! આવા સૂર્યનારાયણની પણ આ દશા છે તો બીજા રાજા-મહારાજા કે મોટા સમ્રાટોનું

તો પુછવું જ શું ? ષટ્ખંડ રાજ્ય લક્ષ્મીમાં મોહિત ચક્રવર્તી પણ નરકમાં ચાલ્યા જાય છે. તો બીજાનું તો પુછવું જ શું ? અરે આ બધું જ અનિત્ય છે, ઝાડ ઉપરથી ખરતા પાંદડા જેવું છે. ધોળા દિવસે અંધારૂં ? શું આ જગની માયા ? તો બીજા કયા પદાર્થો ઉપર હું મદાર બાંધું ? ના સંસારમાં એવો કોઈ પદાર્થ જ નથી. જ્યાં નજર નાંખું તે બધા જ ક્ષણિક અને નાશવંત છે. અનિત્ય છે, અસ્થિર છે. એ જ્ઞાન થઈ ગયું અને રાજા કીર્તિધર એજ ઘડીએ બધું જ છોડીને સાધુનો વેશ સ્વીકારી સંસારને છેલ્લી સલામી આપી ચાલ્યા જાય છે. અનિત્યને છોડી નિત્યની સાધનાના પગલે પગરણ માંડયા.

**इत्यंनित्यं जगदूवृत्तं, स्थिर चित्तः प्रतिक्षणम् ।**

**तृष्णाकृष्णाहि मन्त्राय, निर्ममत्वाय चिन्तयेत् ॥**

ખરેખર સ્થિર ચિત્તવાળા બનીને પ્રત્યેક ક્ષણે ક્ષણે જગતનું સંપૂર્ણ વૃત્તાન્ત અનિત્ય જાણીને નિર્મતત્વના ભાવ માટે ચન્તવવું જોઈએ. કારણ તૃષ્ણારૂપી કાળા ઝેરી સાપ ના ઝેરને ઉતારવા માટે અનિત્ય ભાવના જ પરમ મંત્ર છે આ પ્રમાણે યોગશાસ્ત્રમાં પૂ. કળિકાળ સર્વજ્ઞ ભગવંત હેમચન્દ્રાચાર્યજી મહારાજ ફરમાવે છે.

શિવમસ્તુ સર્વ જગતઃ



* સૌજન્ય *

**શ્રી નવીનચંદ્ર ( બાબુભાઈ) રણછોડલાલ ઝવેરી તથા સુપુત્રો હરીશભાઈ તથા હેમચંદ્રભાઈ (U.S.A) આદિ ઝવેરી પરિવાર ( અલંકાર પ્રિન્ટર્સવાળા )ના સહયોગથી આ પુસ્તિકા પ્રગટ કરવામાં આવી છે.**

ચાતુર્માસિક રવિવારીય શ્રીમહાવીર જૈન શિક્ષણશિબિર

મૈત્રી | પ્રમોદ

આયોજક: શ્રી અખિલ વડોદરા શ્વેતાંબર મૂ.પૂ.સંઘ

સંચાલક: શ્રી મહાવીર વિદ્યાર્થી કલ્યાણ કેન્દ્ર




માધ્યસ્થ | કરુણા

રવિવારીય સચિત્ર જાહેર વ્યાખ્યાનમાળા-વડોદરા

# ભાવના ભવ નાશિની

પ્રવક્તા: પરમપૂજ્ય મુનિરાજશ્રી અરુણવિજયજી મહારાજ

| અષાઢ વદ ૬, ૨૦૩૯ | ત્રીજું વ્યાખ્યાન- ૩ | રવિવાર, તા. ૩૧-૭-૧૯૮૩ |
|---|---|---|

## વિષય " તુજ વિણ શરણ અવર ન કોય ......"
## ( અશરણ ભાવના )

जन्मजरामरण भयरभिद्रुते व्याधिवेदनाग्रस्ते ।
जिनवरवचनादन्यत्र नास्ति शरणं क्वचिल्लोके ॥

—પ. પૂ. ચરમ તીર્થપતિ શ્રમણ પરમાત્મા શ્રીમહાવીરસ્વામિને નમસ્કાર પૂર્વક......

પૂજ્ય વાચકમુખ્ય ઉમાસ્વાતિજી ભગવંત પ્રશમરતિ પ્રકરણ માં ફરમાવે છે કે જન્મ, જરા, મરણના ભયોથી વ્યાપ્ત, વ્યાધિ અને વેદનાથી ગ્રસ્ત આ સંસારમાં જીવને જિનવચન સિવાય બીજો કોઈ શરણ નથી.

જિનવચનના અમૃતપાન સિવાય જન્મ જરા-મરણ થી શાંતિ અને વિશ્રાંતિ બીજે કયાંય નથી મળતી અને નથી મળવાની એ હકીકત સ્પષ્ટ છે. આ ચિન્તન અશરણ ભાવના છે.

> જઈ ઈચ્છહ પરમપયં, અહવા કીત્તિં સુવિત્થડં ભૂવણે ।
> તા તે લુકકુધ્ધરણે, જિણવયણે આયરં કુણહ ॥

જો પરમપદ મોક્ષની ઈચ્છા હોય અથવા લોકમાં યશકીર્તિ પ્રસરે એવી ઈચ્છા પણ હોય તો ત્રણે લોકનો ઉદ્ધાર કરનાર એવા જિનવચનમાં અવશ્ય આદર કરવો.

**બધા છે છતાં કોઈ નથી :**

ભરયુવાનીની ઉંમરે ધાનઢય શ્રીમંત યુવાનના શરીરે રોગોની વેદના ઊપડી. આખા શરીરે દાહ-બળતરા શરૂ થઈ. ઘણાં પ્રયત્નો કરવા છતાં પણ રોગ શાંત થતા નથી. માંને કહ્યું – માં તુ તો રોગને મટાડ. પોતાની પ્રાણપ્યારી પ્રિયતમાઓને કહ્યુ— અરે ! તું તો આ રોગને મટાડ. પિતાજી ! તમે આ રોગમાંથી મને છોડાવો. વૈદ્ય-હકીમોએ ઘણા ઉપચારો કર્યા પરંતુ કર્મજન્ય રોગો છે તે મટતા નથી, કારણ રોગો માતા-પિતાદિ વ્યક્તિજન્ય નથી. જો વ્યક્તિજન્ય હોત અથવા ઈશ્વર-જન્ય હોત તો વ્યક્તિ કે ઈશ્વરથી મટી શકત. પરંતુ કર્મજન્ય રોગો તો કર્મક્ષયથી જ મટશે. માટે રોગો મટાડવા અર્થાત્ કર્મોને ખપાવવા, એમાં માં પણ શું કરીશકે ? અરે ! પ્રાણપ્યારી પ્રિયતમા પણ શું કરી શકે ? અને કોઈ પણ શું કરી શકે ? ભલેને બધા પાસે હોય તોપણ શું ફાયદો ?

દાહ અને બળતરામાં ઊંઘ આવતી નથી. યુવાન ભારે મૂંઝાઈ ગયો છે. સગાસંબંધી, સ્નેહી, મિત્રો, કુટુંબ-પરિવાર, ભાઈ, ભાભી, બહેન, પત્ની, પતિ, માતા-પિતા કદાચ સેંકડોનો પરિવાર પાસે ઊભો હોય છતાં પણ શું કરી શકવાના છે ? માટે બધા જ છે છતાં અત્યારે તો કોઈ નથી એ સ્પષ્ટ દેખાય છે, કારણ કોઈનું દુઃખ કોઈ લઈ શકતું નથી પરંતુ દુઃખ કોઈ પણ કોઈને આપી શકે છે, પહોંચાડી શકે છે પણ દુઃખ લઈ શકતો નથી. આ કેવી વિચિત્રતા છે ? જ્ઞાનીઓ કહે છે–હે ભાગ્યશાલી ! જો તું કોઈનું દુઃખ લઈ શકતો નથી તો કોઈને પણ દુઃખ આપતો નહીં. જો દુઃખ બીજાને આપીશ નહીં તો દુઃખ આવશે પણ નહીં, જો બીજાને દુઃખી કરીશ નહીં તો દુઃખી થવાનો વખત પણ નહીં આવે, અને દુઃખ આવશે ત્યારે તારે એકલાને જ ભોગવવાનું રહેશે. દુઃખમાં કોઈ ભાગ નહીં પડાવે માટે આજે માતા-પિતા-પત્ની બધા છે છતાં કોઈ નથી એ વાત ચોક્કસ સાચી છે.

## નાથ નથી માટે અનાથ :

હાય રે ! પ્રાણવલ્લભા પ્રિયતમા છે છતાં પ્રિયતમનો કોઈ નથી. આજે પ્રિયતમાનો પ્રાણપ્રિયપ્રિતમ અનાથ છે, આજે માતાનો લાડીલો અનાથ છે, આજે પિતાનો પ્યારો અનાથ છે. આ રોગો શમતા નથી. ભયંકર દાહની વેદનામાં ત્રાસીને ત્રાહીમામ ત્રાહીમામ પોકારી ઊઠેલો ગુણસુંદર યુવાન એક દિવસ અંધારી રાતે ઊંઘ નથી આવતી અને પથારીમાં બેઠો બેઠો વિચાર કરે છે.

હવે આ જીવન શી રીતે જીવાશે ? આ જિંદગી કેમ પૂરી કરાશે ? ભલે લક્ષ્મી અપાર છે પણ શું કામની ? ભલે પત્ની સ્વર્ગની અપ્સરા જેવી સુંદર, રૂપ-રૂપની અંબાર છે પણ શું કામની ? આ વિચારતા વિચારતા...

કાયાનો દાહ તો નહીં પરંતુ મનનો દાહ શમવા લાગ્યો. મહિનાઓ પછી આજે યુવાનને ઊંઘ આવી ગઈ. શાંતિથી સૂઈ ગયો, પ્રાતઃકાળે ઊઠયો. મનમાં ચિંતા નહીં પણ ચિન્તન કરે છે.

હે પ્રભુ ! બધા છે, બધા માથે છે. હું સનાથ છું છતાં ખરેખર તો અનાથ છું. બધા છે છતા કંઈ કામના નથી. આ રોગોને શાંત કરવાનો એક ઉપાય છે. રોગો જ્યારે ઉદયમાં આવે ત્યારે બધા હાય ! હાય ! કરે છે. અરે બાપ રે ! હાય રે ! હાય બોલતા કાળજામાં કેટલી મોટી ફાળ પડી જાય છે ? શું હાય હાય કરવાથી કે બોલવાથી રોગો મટી જવાના છે ? અરે ! આ હાય હાય તો આર્તધ્યાનના શબ્દો છે. હતાશાના શબ્દો છે, અને હાય હાય કરવાથી પણ રોગ તો એ જ રીતે સહન કરવાના છે. રોગ તો હસતા હસતા સહન કરો કે રડતા... રડતા સહન કરો ગમે તે રીતે સહન કરો...સહન તો કરવાના જ છે; અને આર્તધ્યાનમાં હાય હાય કરીને રોગ સહન કરતા કરતા નવાં કર્મો બંધાય છે રોગ તો કર્મક્ષય સાથે જ શમવાના છે, કારણ તે તો શાતા, અશાતા વેદનીય કર્મ છે. તો પછી હાય હાય કરીને નવાં કર્મ બાંધવા, આર્તધ્યાન કરવું, મનને રોગમાં જ પરોવી રાખવું જેથી રોગની વેદના વધે છે એટલે હાય હાય કરવાના બદલે હોય હોય કરીએ તો કેટલું સારું ? ફક્ત હાય ઉપર એક માત્રા જ વધારવાની છે. હે જીવ ! હોય ભાઈ હોય, તારા જ બાંધેલા છે તો હવે ઉદયમાં છે, તો રોગ હોય ભાઈ હોય. બસ હસતા હસતા બાંધ્યા છે તો હસતા હસતા જ ખપાવ. બાંધતા હસતો હતો તો હવે ખપાવતા શા માટે રડે છે ? આ પ્રમાણે હોય. હોય બોલવાથી મન રોગ ઉપરથી ખસીને આત્મા તરફ કેન્દ્રિત થશે, આત્મા મનને સમજાવતો થશે. અને મન રોગની પકડમાંથી ખસ્યો એટલે લક્ષ બદલાતા જ વેદના ઓછી લાગશે.

બસ ગુણસુંદર યુવાને વિચાર કર્યો હે પ્રભુ ! જો આ રોગો શમી જાય તો હું શેષ જીવન તો આપનાં ચરણોમાં, આપની સેવામાં આત્મ કલ્યાણમાં વીતાવું ? જીવન સાર્થક કરું સંસારનો ત્યાગ કરી બધાને દૂર છોડી એકલો સાધના સાધી લઉં.

આજે ઘણા જીવો રોગાદિથી કંટાળે છે ત્યારે કોઈ આત્મહત્યાનો વિચાર કરે છે, કોઈ ઝેર, કૂવા કે સમુદ્રનો અથવા અગ્નિસ્નાનનો આશ્રય લે છે. શું એ યોગ્ય છે ?

આ યુવાને તો સંયમનો આશ્રય લેવાનો નિર્ણય કર્યો અને ભાવનાનુસાર રોગ શમવા લાગ્યો. ઊંઘ સુંદર આવી. મહિનાઓ પછી આજે ઊંઘ આવી. પ્રાતઃકાળે યુવાને માતાપિતા અને પ્રિયતમા પત્નીને નિર્ણય જણાવીને સંસારમાંથી મહાભિનિષ્ક્રમણ કરી દીક્ષા અંગિકાર કરી સંસારને છેલ્લી સલામ ભરી સાધનાના માર્ગે ચાલી નિકળ્યા ધન્ય . ધન્ય. અનાથી અણગાર કાયાનો તો શું પણ માયાનો રોગ પણ કાઢી નાખ્યો

ઉદ્યાનમાં ઝાડ નીચે કાયોત્સર્ગ ધ્યાનમાં મગ્ન અનાથી મુનિને દૂરથી જોઈ મગધના સમ્રાટ મહારાજા શ્રેણિક આવ્યા. ઘોડા ઉપર બેઠા બેઠા મહામુનિને જોઈ રહ્યા છે. મનમાં ને મનમાં અહો શું અદ્ભુત રૂપ ! શું સૌંદર્ય ! અરે કેવા ધનાઢ્ય શ્રીમંત હશે એવું લાગે છે. અરે આવી નાની ઉંમર અને યુવાની ! આહા ! મુનિએ ધ્યાન પુરું કર્યું. શ્રેણિક–અરે મુનિ ! આ ઉંમરમાં, આવી જુવાનીમાં, આવા સુંદર રૂપમાં દીક્ષા શા માટે લીધી ? શું કોઈ મળી નહીં ? શું પૈસા-સંપત્તિ ન હતી ?

અનાથી મુનિ – રાજન્ ! હું અનાથ હતો માટે દીક્ષા લીધી.

શ્રેણિક – અરે ! શું તમે અનાથ છો ? તમારા માતાપિતા કોઈ નથી ?

અનાથી—બધા છે છતાં કોઈ નથી.

શ્રેણિક—શું કહો છો ? કંઈ સમજાતુ નથી.

હા, સંસારની મમત્વની મોહમયી ભાષામાં ટેવાયેલાને અધ્યાત્મ યોગની ભાવનાની ભાષા તો કયાંથી સમજાય ? ઘણી વખત સંસારની ભાષામાં પણ ગજબનું તત્ત્વજ્ઞાન ભરેલું હોય છે, સમજનાર જ કાઢી શકે છે. બસ, અનિત્ય અસારમાં સાર જોવું એ જ સંસારની પ્રવૃત્તિ છે. જ્યારે એ જ સંસારમાં અસારતા જોવી, અનિત્યતા, અશરણપણું જોવું એ જ તત્ત્વજ્ઞાન, અને એ જ આધ્યાત્મ યોગની ભાવના છે.

અનાથી મુનિ –રાજન્ ! મારો ઈતિહાસ પણ સાંભળી લો. એમ કહીને મુનિએ પોતાનો પૂર્વવૃત્તાન્ત સંભળાવ્યો.



અરે રાજન્ ! માતાપિતાસ્વરૂપવાન પત્ની વગેરે બધો જ પરિવાર તથા ધનસંપત્તિ, ઐશ્વર્ય વગેરે કંઈ જ કમી નહોતી પરંતુ અસાધ્ય અને અસહ્ય રોગમાં મને કોઈ બચાવી ન શક્યો. હું અશરણ થયો અને હું અનાથ બન્યો.

શ્રેણિક—એવું હોય તો ચાલો મારે ત્યાં. હું મગધની સર્વ પ્રજાનો નાથ છું, તો તમારો પણ નાથ છું. તમને સાચવીશ. તમારી ઈચ્છા પ્રમાણે બધું જ થશે. ચાલો.

અનાથી (નિડરપણે) રાજન્ ! તમે પોતે જ અનાથ છો ત્યાં બીજાને ક્યાં સનાથ કરવાના છો ?

શ્રેણિક—શું વાત કરો છો ? આટલી લાખોની પ્રજાનો નાથ હું છતાં તમે મને અનાથ કહો છો ? પુત્રો, રાણીઓ વગેરેનો આટલો મોટો બહોળો

પરિવાર છે. અરે, વૈભવનો રિદ્ધિસિદ્ધિનો તો કોઈ પાર નથી * અને તમે મને અનાથ કહો છો ?

અનાથી—રાજન્ ! આ બધાં અને આટલું બધું હોવા છતાં શું તમને રોગો નથી આવવાના ? શું મૃત્યુ નથી આવવાનું ? તો તમને રોગો, દુઃખો અને મૃત્યુમાંથી શું આ બધા બચાવશે ? શું યમરાજને (મૃત્યુને) અટકાવી શકશે ? તો પછી તમે નાથ શેના ? તમે તમારા જ નાથ નથી ત્યાં બીજાના નાથ તો ક્યાંથી બનવાના ?

શ્રેણિક રાજાના ગળે આ વાત ઊતરી ગઈ. રાજા સમજી ગયો અને વિચારમગ્ન થયો. ક્ષણભરમાં વિચાર કરી સત્ય સમજી રાજા ઘોડા ઉપરથી નીચે ઊતરી મહામુનિના ચરણોમાં મસ્તક ઝુકાવી નમી પડ્યો. એક રાજાએ મહારાજનું શરણ સ્વીકાર્યું. ધન્ય મુનિ અનાથી.

## જે અનિત્ય છે તે અશરણ છે :

પહેલી અનિત્ય ભાવના પછી ક્રમમાં બીજી અશરણ ભાવના આવે છે. આ ક્રમનું પણ વિશેષ મહત્ત્વ છે. જગતમાં જે જે અનિત્ય ભાવો છે, વિનાશી, ક્ષણિક તથા નાશવંત ભાવો, સંબંધો અને પદાર્થો છે, તે શું આપણને શરણ આપશે ? શું નિત્ય આત્મા અનિત્યનું શરણ સ્વીકારે ? શું અનિત્ય સંબંધીનું શરણ સ્વીકારે ?

ના, એ સંભવ નથી. કોઈ અનિત્ય નિત્યને શરણ આપી શકે નહીં. આ સંસારના ઘણા ભાવો અનિત્ય છે. માટે બધા અશરણરૂપ છે અને એવા અનિત્ય પદાર્થો, અનિત્ય સંબંધો, ક્ષણિક-નાશવંતના શરણે જઈને એમાં જ મોહ-મમત્વની વૃત્તિથી બેસી રહેવું, નાશવંતમાં નિત્યબુદ્ધિ રાખીને એમાં જ લુબ્ધ રહેવું એ તો નરી અજ્ઞાનતા છે. શું રોગ, દુઃખ કે મૃત્યુ સમયે ઘર, બંગલો કે અઢળક ધનસંપત્તિ રક્ષણ-શરણ આપશે ? શું તે બચાવી શકશે ?

ક્યારેય સંભવ નથી. માટે તે બધા જ અનિત્ય, ક્ષણિક, નાશવંત પદાર્થો અશરણરૂપ છે, અને અશરણરૂપ છે માટે તેમાં રાગી કે મોહીત થવું નહીં. એટલા માટે અનિત્ય પછી અશરણ ભાવના ભાવવાનું કહ્યું.

બાર ભાવનાઓમાં એક પછી બીજી એવા ક્રમનો અને એકની સાથે બીજીના સંબંધનો ઘણો મહત્ત્વ છે. માટે એક ભાવના બીજી ભાવના સાથે સંલગ્ન છે. "ભાવના ભવ નાશિનિ" છે. એકે એક ભાવના ભવનો, ભવ પરંપરાનો સંપૂર્ણ નાશ કરવા સમર્થ છે. ભાવતા આવડવી જોઈએ. અશરણ ભાવના ભાવતા ઘણાંએ ભવનો અર્થાત્ સંસારનો ત્યાગ કર્યો છે. સંસારનો અંત લાવ્યો છે.

**સંસારનું અશરણ સ્વરૂપ :**

માછલીની જાળની જેમ પથરાયેલા લાંબા-પહોળા સંસારમાં અનેકોની વચ્ચે આપણે જીવીએ છીએ. અનેક સંબંધોથી આપણે બંધાયેલા રહીએ છીએ. પિતા-પુત્ર, માતા-પુત્ર, ભાઈ-બહેન, રાજા-રાણી વગેરે અનેક સંબંધો છે. પરંતુ કયા સંબંધો આત્માને ઉપયોગી અને આત્માના ઉપકારી છે તે વિચારણીય છે. કોઈને ત્યાં ૧૦૦ થી ૨૦૦ માણસ જેટલું લાંબું વિશાળ કુટુંબ-પરિવાર છે. મિત્ર મંડળ આદિ હજારોનું ટોળું હશે. અરે એટલું જ નહીં પરંતુ રાજા-મહારાજાઓને ત્યાં અંતઃપુરની રાણીઓ, પુત્ર પૌત્રાદિ તથા મંત્રી મંડળ-સૈન્ય પ્રજા આદિનો કેટલો બહોળો પરિવાર છે. અરે, એટલું જ નહિં પરંતુ છ ખંડના માલિક ચક્રવર્તીને ત્યાં શું ઓછું છે ? ચોસઠ હજાર તો અંતઃપુરમાં સ્ત્રીઓ છે. છન્નુ કરોડ તો પાયદળ સૈન્ય છે, છ ખંડ હાથમાં છે. સેંકડો રાજાઓ એના તાબામાં છે. પુત્રાદિનો પરિવાર કેટલો ગજબનો છે ? અને શું નથી ? શેની કમી છે ?

આટલું હોવા છતાં પણ અરે આ તો કંઈ જ નથી. દેવલોકના અધિપતિ સૌધર્મ ઈન્દ્રને ત્યાં શું ઓછું છે ? ચક્રવર્તિ કરતાં પણ કંઈક ગુણા સંપત્તિ અને વૈભવ ઈન્દ્રની પાસે છે. એના પગની મોજડીમાં જડેલા એક રત્નહીરાની તોલે સમસ્ત પૃથ્વીના હીરાઓ પણ ઝાંખા પડે. આવી અઢળક સંપત્તિના સ્વામી હોવા છતાં મૃત્યુના મોઢામાંથી એમને કોણ બચાવી શકે છે ? મૃત્યુ સમયે કોનું શરણું ? ભયંકર જીવલેણ રોગો ઘેરી વળે છે ત્યારે કોણ શરણ આપે છે ? તીવ્ર વ્યાધિઓ અને દુઃખોમાં શરણ કોનું સ્વીકારે કે જેથી બચી

શકે ? મૃત્યુ (યમરાજ)ના આગમન સમયે ગમે તેવા માંધાતાઓના કોળિયા બનીને બધાની વચ્ચેથી સંસારમાંથી વિદાય લઇ લે છે.

જો સંસાર અને સંસારી બધા જ આપણા છે તો કેમ કોઈ બચાવી નથી શકતું ?

## જમ બાપજી આને લઈ જાઓ

રાત્રે સૂવાના સમયે ઘરનો દરવાજો બંધ કરવાનું માજી ભૂલી ગયા. અને દરવાજામાં જ ખાટલો નાંખીને માજી સૂઈ ગયા. દરવાજો ખુલ્લો હોવાથી રાત્રે અંધારામાં ગાયનું વાછરડું ઘરમાં પ્રવેશ કરવા આવ્યું. પરન્તુ સામે જ માજીના ખાટલે ભટકાયું અને જે મોઢામાં આવે તે ખાવાના સ્વભાવવાળું પશુ તો પથારીમાં જ મોઢું નાંખીને માજીનો સાડલો ખાવા માંડયો. સાડલો ખેંચાવા માંડયો એટલે માજી જાગ્યા. સમજી ગયા અરે રે. આ તો જમ બાપજી (યમરાજ) લેવા આવ્યા હોય એવું લાગે છે. હાય હાય, હવે તો જવું પડશે ? અરે ! બસ ઉંમર પૂરી થઈ ગઈ ? બસ જવાનો વખત આવી ગયો ?

ત્યાં તો પથારીમાં પડયા પડયા માજી એકદમ બોલ્યા-ઓ જમ બાપજી ! હું માંદી નથી. મને ટાઈફોઈડ નથી થયો. એ તો આ બાજુમાં સૂતેલા દીકરાના દીકરાને થયો છે. માંદો તો એ છે, હું નથી. જમ બાપજી ! એને લઈ જાઓ. મને કયાં પકડી તમે ? રસ્તો ભૂલ્યા લાગો છો.

વિચાર કરો આ વાત માંદો છોકરો સાંભળી રહ્યો છે. એના મન ઉપર શું છાપ પડે ? એંશી વર્ષના માજી પોતે જવા તૈયાર નથી પરન્તુ આઠ વર્ષના છોકરાને લઈ જવા કહ્યું.

**सव्वे जीवावि इच्छन्ति जीविउं न मरिज्जीउम् ।**

શ્રીદશવૈકાલિકમાં કહ્યું છે કે સર્વ જીવ માત્ર જીવવા ઇચ્છે છે, કોઈ મરવા નથી ઈચ્છતું. છતા પણ ઈચ્છા વિરુદ્ધ મરવું તો પડે જ છે.

મોત નિશ્ચિત છે. "**जातस्य ध्रुवो मृत्युः**" એમાં તો શંકા નથી. મરવાના છીએ એ હકીકત સ્પષ્ટ છે. મૃત્યુ સામે કોઇનું ચાલવાનું નથી. અને મૃત્યુ વખતે કોઈ શરણ આપનાર નથી, કોઈ બચાવનાર નથી. બધાની વચ્ચેથી જીવ ચાલ્યો જવાનો છે છતાં પણ કોઈ મરવા ઈચ્છતું નથી, કોઈની તૈયારી નથી. જગતમાં મરે છે તો ઘણા પરન્તુ કોઈ વિરલાને જ મરતા આવડતું હશે. માત્ર આપઘાત કે આત્મહત્યા કરી દીધી એને મરતા આવડે છે એ જગત કબૂલ નથી કરતું.

**મરણ અને શરણ :**

અસહાય, નિરાધાર, અનાથ જેવી દશા મૃત્યુ સમયે થાય છે. પરિવારના બધા પાસે ઊભા હોવા છતાં કોઈ કંઇ જ નથી કરી શકતા. પોતે પણ કંઈ જ નથી કરી શકતો ત્યારે મરનારને ભારે દુઃખ અને અફસોસ થાય છે. અરે, મારો જ ઉભો કરેલો આ સંસાર, અરે મારા જ છોકરા, અરે મારી જ પત્ની, અરે મારો જ બંગલો આ રીતે મારું મારું કરતો કરતો મહાદુઃખી થાય છે. બધાને જોઈને એને રડવું આવે છે. પારાવાર આર્તધ્યાનમાં ડૂબી જાય છે. ચિન્તન નહીં ચિન્તામાં ઘેરાયેલા આર્તધ્યાનીની શી દશા અને કઈ ગતિ થતી હશે ?

ઉપરથી બોમ્બ પડે ત્યારે સરકારે વર્તમાનપત્રો દ્વારા સલાહ સાથે ચેતવણી આપી કે "તમારા ઘરની પાછળ ખાડો ખોદીને કાનમાં રૂનાં પૂમડા ભરાવીને ઊંધા સૂઈ જજો."

ભાગ્યશાળી ! વિચાર કરજો. અરેરે જીવતા જ તમે તમારા હાથે જ કબર ખોદવાની તૈયારી કરો છો. રૂનાં પૂમડાં કાનમાં ભરાવી દીધા પછી હવે કોઈની પાસેથી નવકાર કે કશું જ સાંભળવાની વાત જ ના રહી. અરેરે ! સરકાર તમને આમ મરતા શીખવાડે છે કે બચવાનું શિખવાડે છે ? પ્રશ્ન બહુ જ વિચારણીય છે.

એ વખતે કોણ તમારું શરણ ? તમે કોની શરણે જશો ? જ્યાં મૃત્યુ ઉપરથી વરસી રહ્યું છે, ત્યાં કોને યાદ કરશો ? કોઇ જ બચાવી

નહીં શકે, કોઈ જ શરણ નહીં આપી શકે. સાધુ-સંતો કે ધર્મશાસ્ત્રો આ રીતે મરતા નથી શિખવાડતા, તે તો જીવતા શિખવાડે છે, અને મરતા પણ એવી રીતે શિખવાડે કે જેથી જનમોજનમ સુધરી જાય. એ મરણનું નામ છે 'સમાધિ મરણ" સમાધિનો અર્થ એટલો જ છે કે "जस्स धम्मे सया मणो" ધર્મમાં સદાવ જેનું મન એકાગ્ર ચિત્તો સ્થિર છે. મૃત્યુ સમયે પરમાત્માનું નામસ્મરણ, નવકાર મહામંત્રનું સ્મરણ, આરાધના સ્તોત્ર ક્ષમાપનાના સ્તોત્રો વગેરે દેવ, ગુરુ ધર્મની વાણી એટલા જ માટે સંભળાવવામાં આવે છે, આરાધના કરાવવામાં આવે છે કે જેથી પરમાત્માનું જ શરણ સ્વીકારીને પ્રસન્ન ચિત્તે હસતા મોઢે જીવ સદગતિ પામી શકે. જેનું શરણ સ્વીકારવા યોગ્ય છે તે જ દેવ-ગુરુ-ધર્મનું નામસ્મરણ કે આરાધના અંત સમયે થઈ શકે. જે તારક છે, જે રક્ષક છે, તેનું જ શરણ સ્વીકારવું યોગ્ય છે. માટે જે તારક છે રક્ષક છે તે જ શરણદાતા છે. અને જે શરણદાતા છે તે જ તારક કે રક્ષક બની શકે છે જે તારક નથી કે રક્ષક નથી તેનું શરણ સ્વીકારવામાં જોખમ છે. ડૂબેલો બીજાને પણ ડુબાડશે, પડેલો બીજાને પણ પાડશે પરંતુ તરેલા બીજાને તારશે. પામેલા બીજાને પમાડશે. માટે શરણ સ્વીકારતા પહેલાં સો વાર વિચાર કરવો પરંતુ શરણ સ્વીકાર્યા પછી સર્વ સમર્પિત ભાવ દાખવવો.

## પરમાત્મા પ્રત્યે તાલાવેલી છે?

ગંગાના કાંઠે બેઠેલા સન્યાસી પાસે એક યુવાન ગયો અને કહે છે:

**युवान—स्वामिजी!** मुझे भगवान से मिलना है। मैं भगवान को देखना चाहता हूं। क्या आप बता सकते हैं?

**स्वामिजी—जरुर!** अच्छा, तो चलो पहले गंगा में स्नान करके पवित्र हो जाएँ, फिर भगवान की बात.

**युवान—अच्छा स्वामीजी!** मंजुर है। चलिए।

બન્ને ગંગામાં જાય છે, પાણીમાં ડુબકી લગાડી. સ્વામીજીએ પાણીમાં જ હાથ વડે પેલા યુવાનની ડોક પકડી દબાવી રાખ્યો. ૨-૫ સેકંડ પછી હાથ છોડયો. બન્ને પાણીની બહાર આવ્યા.

युवान–(घबराया हुआ) स्वामीजी! बड़ी तकलीफ हुई, पानी में बड़ी मछली ने मुझे पकड़ लिया।

स्वामीजी—तब क्या हुआ था। आपने क्या करते थे? किसको याद किया था?

युवान—अरे बाप रे......!, अरे बाप रे......! मैं तो अपने पिता को याद कर रहा था!

स्वामीजी—अच्छा भाई, चलो अबकी बार दूसरी जगह जाके स्नान करेंगे।

થોડે દૂર જઈ ફરી ડુબકી લગાડી, અને સ્વામીજીએ એક મિનિટ યુવાનને પાણીમાં પકડી રાખ્યો. ત્યારે યુવાન ઓ મા રે ઓ માં રે યાદ કરતો હતો. પાણીમાંથી બન્ને બાહર આવ્યા.

स्वामीजी—क्यों भाई क्या हुआ? इस बार किसको याद किया था?

युवान—मांको।

ત્રીજી વાર, ચોથી વાર એમ બેચાર વાર આ પ્રયોગો થયા પરંતુ યુવાને એકે વાર ભગવાનને યાદ પણ નથી કર્યા

स्वामीजी—अरे युवान! चले जाओ। भगवान को मिलने और देखने आप हो; कोई तमन्ना, और कोई तल्लीनता की जिज्ञासा परमात्मा के प्रति तो है नहीं और निकल पड़ा है भगवान को मिलने और देखने? भगवान तुम्हें नहीं

मिल सकते ! पहले प्रबल जिज्ञासा और तल्लीनता प्राप्त करो तो ही परमात्मा मिल सकते हैं ।

**માંએ દીકરાને વેચ્યો :–**

સંસારમાં ઘણી વખત જીવો માતા-પિતા ઉપર વિશ્વાસ રાખીને બેસે છે. નિશ્ચિંત થઈને રહે છે. અરે ! બા-બાપુજી આપણી માથે છે પછી આપણે શું ચિંતા ? મારા પતિ જીવતા છે પછી મારે શું ચિંતા ? આપણા રાજા બળવાન છે પછી આપણે શું ચિંતા ? આવા વિચારોમાં ઘણાં નિશ્ચિંત હોય છે, પરંતુ આ એ જ પ્રસંગ એક માતા-પુત્રની વચ્ચેનો છે કે જેમાં માતા પુત્રને વેચી દે છે.

મહારાજા શ્રેણિકના સૈનિકો ચિત્રશાળાનો દરવાજો સ્થિર કરવા માટે બ્રાહ્મણોના કહેવા પ્રમાણે બત્રીસ લક્ષણા પુરુષનો હોમ-હવનમાં ભોગ આપવા માટે શોધવા નિકળ્યા છે. જાહેરાત કરે છે કે તે પુરુષના ભારોભાર વજન પ્રમાણે રાજા તરફથી એટલું સોનું આપવામાં આવશે. આ સાંભળી ભદ્રામાતાએ મનમાં વિચાર કર્યો. મારે તો ચાર છોકરા છે અને ગરીબી ભારે છે. એક છોકરો આપી દઉં તોપણ ત્રણ છોકરા તો રહે જ છે. અને પાછું આટલું ભારોભાર સોનું મળે છે. તો તો આખી જિંદગીનું દારિદ્રય ટળી જશે.

એમ વિચારી રાજ સુભટોને ઊભા રાખી, બોલાવીને પોતાના પુત્ર " અમરકુમાર "ને આપી દીધો. અને વજન પ્રમાણે સોનું મેળવી લીધું. આ છે સંસાર. સોનાની ખાતર માંએ પોતાનો છોકરો વેચી દીધો.

**સંસારમાં કોણ છે શરણદાતા ?**

માના હાથે વેચાયેલો રાજસુભટો વડે હોમવા માટે લઈ જવાતો અમરકુમાર રસ્તામાં પોતાનાં સગાં-સંબંધી મામા મામી, કાકા-કાકી માસી, બહેન વગેરેને હાથ જોડી, પગમાં પડીને આજીજી કરે છે : કાકા ! તમે મને બચાવો. હું આખી જિન્દગી તમારી સેવા કરીશ.

કાકી અરે તમે મને રાખી લો, બચાવી લો.

કાકા-કાકી – અરે-અમર તારી માંએ તને વેચ્યો ત્યાં અમે કયાંથી રાખી શકીએ ?

ઓ મામા ! તમે મને ઉગારી લો. હું આખી જિન્દગી તમારે ત્યાં નોકરી કરીશ, મને બચાવો.

ઓ મામી ! તમે તો રાખો, તમે તો મને બચાવો.

મામા-મામી-તારી માંએ વેચ્યો તો હવે અમે શું કરીએ ?

આટલાં બધાં સગાં-સંબંધીઓ હોવા છતાં અમરકુમારને બચાવવા કોઈ તૈયાર ન થયું. કોઈએ હિમ્મત ન કરી. શું આ છે સ્વાર્થી સંસાર ? સગા સંબંધી હોવા છતા કોઈ શરણુ ન આપી શકયો તો બીજાની તો વાત જ કયાં રહી ? અરેરે ! એક નાના છોકરાને બિચારાને કોઈ બચાવવા તૈયાર નથી ત્યાં આખા સંસારને બચાવવા, સર્વ જીવનું કલ્યાણ કરવાની વાત તો કયાં રહી ? બોલવું સહેલું છે પરંતુ આચરણ કેટલું કપરું છે ? વીશસ્થાનક તપની ઓળી કરવી સહેલી છે પરંતુ સવી જીવ કરું શાસન રસીની ભાવના બહુ કપરી છે, કારણુ મારા પાડોશીનું પણ કલ્યાણુ થાય, મારા સાસુનું પણ ભલું થાય એટલી પણ ભાવના જાગતી નથી ત્યાં સર્વજીવ, સર્વ જીવો, જીવ માત્રના કલ્યાણુની ભાવના તો કેવી રીતે સંભવે ? શકય પણ નથી.

રડતી આંખે એકલો અસહાય, નિરાધાર, અનાથ, અશરણુ-બિચારો અમરકુમાર મોતના મોઢામાં—હોમમાં હોમાવા માટે લઈ જવાઈ રહ્યો છે. હાય રે ! આ સંસાર નિષ્ઠુર હૃદયી સગાં વહાલાં, અરેરે ! બધાં નિર્દયી બની ગયાં છે.

બસ, હવે અમરકુમાર સમજી ગયો, ઓળખી લીધા. અરે. સારી રીતે ઓળખી લીધા આ સગાં-સંબંધીને. કોણુ સગું છે ? કોણુ સંબંધી

છે ? બસ, સૌ સ્વાર્થી આ સગા છે. હવે જ્યારે કોઈ મારું નથી રહ્યું હવે હું એકલો અસહાય, નિરાધાર, અનાથ, અશરણ છું, જ્યારે મારા સગાં-સંબંધીઓ હાજર છે છતાં મને નથી બચાવી શકતા, તો પછી બીજાં તો કોણ બચાવશે ?

**પ્રભુનું શરણ :**

હે પ્રભુ ! તુજ વિણ શરણ અવર ન કોય. હે પ્રભુ ! તું સગો નથી છતાં રક્ષક છે. તું સંબંધી નથી છતાં પણ બચાવનાર છે. નિષ્કારણ દયાળુ તું જ છે. હે જગવત્સલ ! હે ત્રણ ભુવનના ત્રાતા ! તૂ જ એક માત્ર શરણદાતા છે.

**पणमामि ते भवभयमूरण जगसरणा मम सरणं ॥**

- સંસારના ભયનો નાશ કરનારા, જગતના શરણરૂપ એવા હે અજિતનાથ ભગવાન ! હું તમને પ્રણામ કરું છું, અને તમારું શરણ ગ્રહણ કરું છું.

**संतिमहं महामुणिं सरणमुवणमे ॥**

— મહામુનિ શ્રી શાન્તિનાથને હું શરણે જાઉં છું.

**त्वं नाथ ! दुःखिजनवत्सल ! हे शरण्य !**
**कारुण्यपुण्य वसते ! वशिनां वरेण्यं ! ॥**
**भक्त्या नते मयि महेश ! दयां विधाय;**
**दुःखांकुरोद्‌दलनतत्परतां विधेहि ॥**

મહાન તાર્કિક શિરોમણી શ્રી સિંહસેન દિવાકર સૂરી મહારાજા કલ્યાણ મંદિર સ્તોત્રમાં ફરમાવે છે કે :

હે નાથ ! હે દુઃખી જનો ઉપર કરૂણાવાલા ! શરણ કરવાલાયક ! તમે, હે દયાના પવિત્ર સ્થાન ! ઇન્દ્રિયો વશ કરનારાઓમાં હે શ્રેષ્ઠ હે પ્રભુ ! હે મહેશ ! ભક્તિ વડે નમેલા મારા ઉપર દયા કરીને દુઃખના અંકુરો નાશ કરવાપણું આપો.

निसंख्यसारशरणं शरणं शरण्य,
मासाद्य सादितरिपु प्रथितावदातम् ।
त्वत्पादपंकजमपि प्रणिधानवन्ध्यो,
वन्ध्योऽस्मि चेद् भुवनपावन ! हा हतोऽस्मि ॥

—અનન્ત બળનું ઘર અને શરણ કરવાયોગ્ય એવા હે શરણ-દાતા ! નાશ કર્યા છે રાગાદિ શત્રુ જેણે એવા તથા પ્રસિદ્ધ પ્રભાવવાળા. તમારા ચરણકમળનુ શરણ પામીને, તમારા ધ્યાને કરીને શૂન્ય એવો હું હે ત્રણ જગત ને પવિત્ર કરનાર ! જો હું એવો છું તો હણવા યોગ્ય દુર્દૈવથી હણાયો છું.

અમરકુમાર આ પ્રમાણે મનમાં ને મનમાં જગતના શરણરૂપ પરમાત્માની શરણ સ્વીકારતો સ્વીકારતો રાજસુભટો સાથે ચાલ્યો.



ચિત્રશાળાના દરવાજે લઈ જવાયો અને હોમકુંડમાં હોમવા માટે પધરાવી દેવાયો. યમરાજ જેવા યજમાનોએ આહુતિ નાંખી હવનની પ્રક્રિયા આગળ ધપાવી પરંતુ સળગતી જવાળાઓની વચ્ચે કાયાથી બેઠેલો અને મનથી પરમાત્માનું શરણુ સ્વીકારી મહામંત્રમાં મન પરોવી એકચિત્તે નવકારનું સ્મરણ કરવાના પ્રભાવે શૂળી એ સિંહાસન બની ગયું. અમરકુમાર મહામંત્રના સ્મરણથી ખરેખર સાચા અર્થમાં અમર બની ગયો. આ નમસ્કારના પ્રભાવે ચમત્કાર સર્જાયો છે, નહીં કે ચમત્કારના કારણે નમસ્કાર. આપણે ચમત્કાર જોઈને નમસ્કાર કરીએ છીએ જ્યારે મહાપુરુષો નમસ્કાર કરતા હતા અને ચમત્કાર સર્જાતો હતો.

## કોણ કોની શરણ સ્વીકારે ?

જગતમાં પામર અને પરમ એવા બે આત્મા છેઃ પામર આત્મા અને પરમાત્મા. બન્ને આત્મા જ છે. પરંતુ એક કર્મયુક્ત પામર છે અને બીજો કર્મરહિત પરમ છે. પામર સંસારી છે અને પરમ મુક્ત છે. હવે પ્રશ્ન છે કોણ કોનું શરણુ સ્વીકારે ?

(૧) શું પરમ — પરમનું શરણુ સ્વીકારે ? ના ×

(૨) શું પામર — પામરનું શરણુ સ્વીકારે ? ના ×

(૩) શું પરમ — પામરનું શરણુ સ્વીકારે ? ના ×

(૪) પામર — પરમનું શરણુ સ્વીકારે ? હા √

પરમને શરણુ સ્વીકારવાની આવશ્યકતા જ નથી રહેતી. માટે પરમાઆત્મા ન તો પરમાત્માનું શરણુ સ્વીકારે કે ન તો પામર. આત્માનું શા માટે પામરનું શરણુ પરમ સ્વીકારે ? શું એને ફરી સંસારમાં આવવું છે ? શું પામર કરતાં પરમ વધારે દુઃખી છે ? ના. એવી જ રીતે બીજા ભેદમાં પામર પામરનું અર્થાત્ સંસારી-સંસારીનું શરણુ સ્વીકારીને પણ શું કરે ? શું ફાયદો ? સંસારી પોતે જ નથી તરી શકતો તો બીજાને ક્યાંથી તારે ?

માટે ૧, ૨, ૩–ત્રણે ભેદ ખોટા છે. માત્ર ચોથો ભેદ જ સાચો છે. પામર અર્થાત્ દુઃખી જીવ જ પરમનું શરણ સ્વીકારે. સંસારી જ મુકતનું શરણ સ્વીકારે.

(૧) શું દુઃખી — દુઃખીનું શરણ સ્વીકારે ? ના ×
(૨) શું સુખી — સુખીનું શરણ સ્વીકારે ? ના ×
(૩) શું સુખી — દુઃખીનું શરણ સ્વીકારે ? ના ×
(૪) શું દુઃખી — સુખીનું શરણ સ્વીકારે ? હા ✓

સંસારનો દુખિયારો બીજા દુઃખીનું શરણ સ્વીકારીને શું કરે ? એક મરવા પડચો હોય ત્યાં એનું શરણ કયાં સ્વીકારાય ? અને એવી જ રીતે સુખી–સુખીનું શરણ શા માટે સ્વીકારે ? સુખીને તો બીજા સુખીને જોઈને ઈર્ષ્યા આવે છે. એ તો આ સંસારનું ચક્ર છે અને સુખી શા માટે દુઃખીનું શરણ સ્વીકારે ? એ વાત પણ પ્રયોજન વિનાની વ્યર્થ છે. હા. દુઃખી જરૂર સુખીનું શરણ સ્વીકારશે કારણ આશા છે અને અપેક્ષા છે.

એ જ પ્રમાણે ભક્ત અને ભગવાનમાં

(૧) શું ભકત — ભકતનું શરણ સ્વીકારશે ? ના ×
(૨) શું ભગવાન — ભગવાનનું શરણ સ્વીકારશે ? ના ×
(૩) શું ભગવાન — ભકતનું શરણ સ્વીકારશે ? ના ×
(૪) શું ભકત — ભગવાનનું શરણ સ્વીકારશે ? હા ✓

આ ન્યાયે જોતા એટલું જરૂર સ્પષ્ટ થાય છે કે ભકતે ભગવાનનું શરણ સ્વીકારવાનું છે. એ જ એક માત્ર શરણદાતા છે અને ભકત એક માત્ર શરણ ગ્રહણ કરનાર છે. પામરે જ પરમાત્માનું શરણ સ્વીકારવું પડશે અને દુઃખી જ સુખીનું શરણ સ્વીકારશે. એ જ જગતનો સાચો ન્યાય છે.

## પારેવાએ મેઘરથ રાજાની શરણુ સ્વીકારી :

ભગવાન શાંતિનાથના પૂર્વભવની આ વાત છે રાજદરબારમાં બેઠેલા મેઘરથ રાજાના ખોળામાં આવીને એક પારેવો (કબુતર) બેસી ગયું. ઘભરાતો-ઘભરાતો, હાંફતો-હાંફતો, શ્વાસે ભરાયેલું કબુતર રાજાની સાથળ ઉપર બેઠું ત્યાં તો એને ખાવા માટે પાછળ ધસી આવતો. બાજ પક્ષી (સીંચાણો) પણ રાજદરબારમાં પ્રવેશ્યો અને રાજાની સમક્ષ ઉભો રહી કહેવા માંડ્યો-રાજન્ ! આ મારું ભક્ષ્ય છે અને હું ભૂખ્યો છું. માટે તમે એને છોડી દો.

રાજા મેઘરથ — સિંચાણા ! અમે ક્ષત્રિય છીએ. અમારી શરણે આવેલાનું રક્ષણ કરવું એ અમારું કર્તવ્ય છે.

સિચાણો — રાજન્ ! તમારી વાત સાચી છે પરંતુ મારા ભક્ષણને શરણ આપીને મને ભૂખ્યો મારીને શું ફાયદો ?

રાજા — ભાઈ ! એક વાર શરણુ આવ્યા પછી તો પ્રાણના ભોગે એની રક્ષા કરવી એ ફરજ અમારાથી ચુકાય નહીં.

સિંચાણો — તો મને ખાવા મારું પેટ ભરવા શું કરશો ?

રાજા — તારે પેટ ભરવાથી જ મતલબ છે અને નહીં કે આ પારેવાથી.

સિચાણો — હા, મારે મારું પેટ ભરાય તો ઘણું થઈ ગયું. પછી ભલે ને ગમે તે મળે પણ હા રાજા ! પારેવાના વજન જેટલું માંસ તો મળવું જ જોઈએ.

રાજા — સારું તો તને એના વજન પ્રમાણે ત્રાજવામાં તોળીને ભારોભાર મારું પગ કાપીને માંસ આપી દઉં છું.

એમ કહી રાજા ત્રાજવું મંગાવે છે અને એક પલ્લામાં કબૂતરને

બેસાડે છે અને બીજા પલ્લામાં એના ભાર પ્રમાણે પોતાની સાથળ ઉપરથી માંસ કાપી કાપીને મૂકતો જાય છે.

ધન્ય છે એવા મેઘરથ રાજાને કે જે શરણે આવેલા પારેવાની ખાતર પોતે પોતાનું માંસ કાપીને આપવા તૈયાર થયો. પોતાના ભોગે બીજાનું રક્ષણ ! ખરેખર અદ્ભુત વાત છે. ઉત્તમ બલિદાન છે આને કહેવાય શરણ.

## શરણ અને કરુણા ભાવ

આજે તો કોઈનું શરણ સ્વીકારવી હોય તો સંસારમાં સર્વપ્રથમ તો વિશ્વાસ જ ન આવે. કોનું શરણ સ્વીકારવું એ વિચારશરણીય ચિંતાજનક પ્રશ્ન છે, કારણ માનવીએ માનવી ઉપરથી વિશ્વાસ ગુમાવી બેઠો છે અને માણસ માણસને દગો કે વિશ્વાસઘાત કરવાની વૃત્તિવાળો થતો જાય છે. મનની મેલી મુરાદો ઘણો મોટો ભાગ ભજવી જાય છે.

રસ્તામાં ગુંડાઓના હાથથી બચવા, અથવા કદાચ શીલની રક્ષા કાજે, કદાચ બૂમો પાડીને પણ શરણ માગ્યું હોય તો શરણદાતા જ કદાચ શીલ ખંડિત કરી જાય છે. કયાં છે. કયાં કોના ઉપર વિશ્વાસ મૂકવો એ પ્રશ્ન છે.

કયાં છે આ કાળમાં ઉત્તમ શરણદાતાઓ કે જે પોતાના ભોગે પણ શરણાર્થીનું રક્ષણ કરે ? કારણ શરણ આપવા માટે કરુણા ભાવ જોઈએ, દયાળુ વૃત્તિ જોઈએ, ઉપકાર વૃત્તિ તથા કૃતજ્ઞ ભાવ જોઈએ પરંતુ સામર્થ્ય જોઈએ, ઔદાર્ય ગુણ જોઈએ, તો જ શરણ આપી શકાય. અને સંસારમાં આવા ગુણવાનો દુર્લભ હોય છે. માટે આ સંસાર અશરણ છે. સંસારમાં કોઈનું શરણ સ્વીકારવા જેવું નથી. કોઈ શરણ આપવા સમર્થ નથી અને શરણ આપે તો સ્વાર્થ વૃત્તિ હોય છે.

**ઉત્તમ શરણદાતા મુનિ મહારાજ :**

મુનિવર પરમ દયાલ, ભવિયાં મુનિવર પરમ દયાલ
જિણે એ ઋષિનું શરણ ગ્રહ્યું તિણે,
પાણી પહેલી બાંધી પાળ. ભવિયા મુનિવર

પદ્મવિજયજી મહારાજ નવપદ પૂજામાં સાધુપદની પૂજામાં લખે છે કે, મુનિ મહારાજો પરમ દયાળુ હોય છે અને એવા ઋષિમુનિનું શરણું જેણે કોઈએ સ્વીકાર્યું હોય, તો ખરેખર પાણીનું પૂર આવતાં પહેલાં એણે પાળ બાંધવા જેવું ઉત્તમ ડહાપણભર્યું કાર્ય કર્યું છે, મુનિનું શરણ આત્માનો તારક છે, કારણ જેણે સંસાર છોડયો છે. જેણે વિષય સુખો અને ભોગો તેમ જ કંચન-કામિનિનો ત્યાગ કર્યો છે એ જ બીજા શરણાર્થીને તારી શકશે. નિષ્કારણ હિતેચ્છુ અને દયાળુ તો મુનિભગવંતો હોય છે સંસારના દાવાનળથી દાઝેલા અને ત્રાસેલાને વિશ્રાંતિનું શરણું એક માત્ર મુનિમહાત્મા જ છે. સંસારના કષાયને જે શમાવે છે. "નિત્થારપારગાહોહ" અને ધર્મલાભના અર્થાત્ આ સંસારથી તમારો નિસ્તાર-પાર (કલ્યાણ) થાઓ, ધર્મનો તમને લાભ થાઓ એવા ઉત્તમ આશીર્વાદ મુનિભગવંતો આપે છે. મુનિ મહારાજો-સાધુ-સંતોની શરણે આવેલા અનેક શરણાર્થીઓને મહાત્માઓએ તાર્યા છે એક ભિખારીને તાર્યો, ઉત્તમ આરાધના કરાવી અને એક જ દિવસનું ચારિત્ર્ય પાળી એ ભિખારી જગતનો મહાન સમ્રાટ સંપત્તિ રાજા થયો જેને આ પૃથ્વી ઉપર ચારેતરફ ઉત્તમ ધર્મસ્થાનોથી સુશોભિત કરી અને ઈતિહાસના પાને સુવર્ણાક્ષરે અમર થઈ ગયા.

મેઘરથ રાજા જેમ જેમ સાથળનું માંસ કાપી ત્રાજવાના પલ્લામાં માંસના ટુકડા મૂકતો ગયો તેમ તેમ પારેવારૂપે આવેલ દેવ પોતાની માયાથી વજન વધારતો જ ગયો અને એજ પ્રમાણે પ્રતિજ્ઞામાં બંધાયેલો રાજા પણ માંસના ટુકડા સાથળ ઉપરથી કાપી કાપીને મૂકતો જ ગયો, અને અંતે રાજા મેઘરથ સ્વયં પોતે જ ત્રાજવાના પલ્લામાં બેસી ગયો.

ધન્ય હતા મેઘરથ રાજા. આ હતુ ઔદાર્ય ગુણ તો શરણાર્થીની પાછળ રક્ષા કરવા માટે પોતાના પ્રાણોની આહૂતિ.

શરણ આપતા પહેલાં જરૂર સો વાર વિચાર કરવો પરંતુ અસહાય નિરાધાર, અનાથને રક્ષણ આપ્યા પછી તો પ્રાણોની આહૂતિ આપવી પડે તોપણ પ્રાણોના ભોગે પણ રક્ષણ કરવું.

સિંચાણો (બાજ) અને પારેવું બન્ને પોતાના સાચા દેવ સ્વરૂપમાં પ્રગટ થયાં. રાજા મેઘરથની જય બોલાવી સ્વાગત કર્યો. ક્ષમા માંગી અને આનન્દથી રાજાનો ઉત્સવ કરી. યશકીર્તિ વધારી દેવતાઓએ વિદાય લીધી. આ એ જ મેઘરથ રાજા છે.

**ભક્તિ અને શરણ, શરણ અને ભક્તિ :**

આવ્યો શરણે તુમારા જિનવર, કરજો આશ પૂરી અમારી.

પહેલા ભક્તિ શરૂ થાય છે કે પહેલાં શરણ સ્વીકારાય છે ? હકીકતમાં શરણ સ્વીકારાર્યા પછી જ ભક્તિ શરૂ થાય છે. શરણ ન સ્વીકારાતા જો ભકિત કરવામાં આવે તો તે ભકિતમાં

સમર્પિત ભાવ નથી હોતો, અને સમર્પિત ભાવ વગરની ભકિત એ તો ગળપણ વિનાના ગોળ જેવી છે. જેને ભજીએ છીએ, જેને પૂજીએ છીએ, જેને સતત સ્મરીએ છીએ, જે આપણા પરમારાધ્યપાદ પરમાત્મા છે એનું શરણ ન સ્વીકારવું એના પ્રત્યે સર્વસમર્પિત ભાવ પ્રગટ ન કરવો, તો પછી એનું સ્મરણ, કીર્તન, નમન, વંદન, પૂજન શા કામનું ? નિરર્થક લેખાશે, વ્યર્થ લેખાશે, નિષ્ફળ જશે. માટે ભક્તિ તો સર્વસમર્પિત ભાવથી જ થવી જોઈએ, અને સર્વસમર્પિત ભાવનો અર્થજ "શરણ" થાય છે, અને સમર્પિત ભાવ વિનાનું "અશરણ" કહેવાય શરણ એ જ સમર્પિત ભાવ અને સમંર્પિત ભાવ એ જ શરણ, બન્નેમાં પરસ્પર અન્યોન્ય ભાવ છે.

**શરણ અને શરત :**

ક્યારેક શરણ સ્વીકારનારાઓ શરત મૂકવાની વાતો કરે છે. શું એ યોગ્ય છે ? શરત મૂકીને શરણ સ્વીકારવું એ શું ભક્તિ છે ? હે પ્રભુ ! જો સંતાનની પ્રાપ્તિ થઈ જાય, જો કારખાનું ચાલુ થઈ જાય, જો લગ્ન થઈ જાય, જો રેસમાં ઘોડો જીતી જાય, જો લોટરી લાગી જાય તો ! . તો ! તારી પૂજા ભણાવીશ, તો પૂજન ભણાવીશ, તો ભંડારમાં રૂપિયા નાંખીશ, તો સવ્વા રૂપિયાની સુખડી ચઢાવીશ, તો તારી જાત્રા કરવા આવીશ વગેરે વગેરે. સંસારમાં અનેક પ્રકારના જીવો છે. ભિન્ન ભિન્ન રુચિવાળા જીવો છે. શરત મૂકીને, શરતની ભાવના સાથે ભકિત કરનારા પણ ઘણાં ભકતો છે. પરન્તુ એ ભયંકર અજ્ઞાનતા છે. જો ભકત ની ઇચ્છા ફળે, માથું દુઃખતુ મટે કે લોટરી લાગે તો નવકાર સાચો. ઘોડો રેસમાં જીતે તો શંખેશ્વર ની જાત્રા સાચી, જાત્રા ફળી, સંતાનપ્રાપ્તિ થાય તો મહારાજનો વાસક્ષેપ સારો, અને નહીં તો નવકાર પણ ખોટો, વાસક્ષેપમાં કંઈ જ નથી, શંખેશ્વર પણ .. આવાં વિચારો કરતા થઈ જાય છે. શું તમારી ઇચ્છા જો ફળે તો જ ધર્મ સાચો અને નહીંતર બધું વ્યર્થ ? આ વૃત્તિ શા માટે ? માટે આ અજ્ઞાનતાને વહેલી તકે દૂર કરીને નિષ્કામ ભકિત કરવી એ જ ઉત્તમ ભકિત છે, એ જ ઉત્તમ શરણ છે.

શરત હોય ત્યાં શરણ નિરર્થક છે અને શરણ હોય ત્યાં શરત વ્યર્થ છે. શરત સર્વસમર્પિત ભાવને આવવા જ ન દે. અને સર્વ સમર્પિત ભાવ શરતને પ્રવેશવા જ ન દે. અંતરભકિતના આર્દ્ર હૃદયથી પલ્લવિત હોવું જોઈએ ભકિત નિર્દોષ, સરળ, અને સ્વચ્છ હૃદયે થવી જોઈએ. બાળ ભાવે થવી જોઈએ. નાગકેતુ જેવો પવિત્રાત્મા પૂજા ભકિતમાં કેવળજ્ઞાન પણ પામ્યો.

**ચરણ કી શરણ :**

જિન તેરે ચરણ કી શરણ ગ્રહું....
હૃદય કમળ મેં ધ્યાન ધરત હું, શિર તુજ આણ વહું, ...૧

તુજ સમ ખોલ્યો દેવ ખલકમેં વેખ્યો નહીં કબહું. ...૨
તેરે ગુણ કી જપું જપમાળા, અહનિશ પાપ દહું. ...૩
મેરે મન કી તુમ સબ જાનો, કયા મુખ બહુત કહું, ...૪
કહે જશવિજય કરો ત્યું સાહિબ, જ્યું ભવ દુ ખન લહું, ...૫
જિન તેરે ચરણ કી શરણ ગ્રહું.

પરમાત્માના ચરણકમલ ની શરણ સ્વીકારવામાં આવે છે. જે છે તે પ્રભુના ચરણમાં જ છે. ભકત માટે પરમાત્માના ચરણ એજ તરવાનું આલંબન છે. મંત્રશાસ્ત્ર વિશારદ માનતુંગસૂરિ મહારાજે ભક્તામરસ્તોત્રમાં પરમાત્મા યુગાદિદેવશ્રી ઋષભદેવ પ્રભુના ચરણ કમળમાં કરાતા સમ્યગ્ પ્રણામ કરીને ચરણ કમળને ભવસંસારમાં ડુબતા જીવો માટે ઉત્તમ આલંબન બતાવ્યું છે. એજ ચરણની શરણ ( આલંબન ) મહાન તારક છે.

## હાથીએ સસલાને શરણ આપ્યું :

ઉત્કૃષ્ટ વૈરાગ્યથી પ્રતિબોધ પામીને મહારાજા શ્રેણિકના પુત્ર મેઘકુમારે શ્રી વીરપ્રભુ પાસે દીક્ષા લીધી. દીક્ષાપર્યાયના ક્રમે રાત્રે તેમનો સંથારો છેલ્લે દરવાજા પાસે આવ્યો. પુષ્પોની સુકોમળ શય્યામાં સૂનારા સુખશેલીયા રાજકુમારને મુનિજીવનમાં સંથારામાં અને છેલ્લે સૂવાનો વખત આવ્યો. રાત્રે લઘુ શંકા આદિ માટે જતા આવતા મુનિવરો દ્વાર પાસે રહેલા મેઘમુનિના સંથારા ઉપર પગ મૂકીને જતા આવતા. પરિણામે સંથારામાં ધૂળ ભરાઇ ગઈ. મેઘમુનિને ઉંઘ આવી નહીં. કારણ કયાં સુકોમળ પુષ્પોની શય્યાનુ પળંગ અને કયાં આ ધૂળનો સંથારો જમીન ઉપર મેઘ મુનિ રાત્રે બેઠા બેઠા વિચાર કરે છે. મારાથી આ દીક્ષા નહીં પળાય. સવારે પ્રભુને આ ઓઘો પાછો આપીને ઘરે જઈશ. અનંત પુણ્યયોગે મળતુ દુર્લભ ચારિત્ર છોડવાનો નિર્ણય મનમાં કરી લીધો.

પ્રભાતે પ્રભુ પાસે આવે છે. ત્યારે તો કરૂણાસાગર વીરપ્રભુએ પરમ વાત્સલ્ય ભાવથી કહ્યું હે વત્સ ! સાધુઓના પગની ધૂળથી કંટાળી ગયો ? થોડો વિચાર કર. ગયા ભવમાં તુ હાથી હતો. જંગલમાં ભયંકર દાવાનળ લાગ્યો હતો. ત્યારે તે ઘણો વિસ્તાર ઝાડ-પાન તોડી દૂર કરીને સાફ કરી દીધો હતો જેથી અગ્નિની જ્વાલા આ કુંડાળામાં ન આવે અને તૂ બચી જાય. પરન્તુ જેમ તને બચવાની ઇચ્છા હતી એવી જ બીજા ઘણાં પશુઓને જીવવાંની ભાવના હતી, એટલે તારા બનાવેલા કુંડાળામાં ચારે તરફથી ઘણા પશુઓ આવીને પ્રાણ બચાવવા સમાઇ ગયા. જેને જ્યાં જગ્યા મળી ત્યાં ખીચોખીચ ભરાઇ ગયા. તે ઉદાર ભાવથી બધાને પોતાની જગ્યામાં શરણ આપ્યું. ત્યાંતો એક નાનું સમળુ બેચારૂ પરાણે સંકોચાઈને બેઠું હતુ. એકાએક તારા શરીરે ખંજવાળ ઉપડી અને તે એક પગ ઉપર કરીને શરીરની ખંજવાળ દૂર કરી. પરન્તુ પગ ઉપર કરતા સસલાને લાગ્યું હાશ ! ઘણી જગ્યા થઇ છે. એટલે પરાણે સંકોચાઇને બેઠેલા સસલાએ તારા પગની જગ્યામાં બેસીને નિરાંતનો દમ ખેંચ્યો. અને જ્યારે તૂ પગ નીચે મૂકવા ગયો ત્યારે સુકોમળ સ્પર્શથી વિચાર કર્યો અરે આ કોણ ? જોયું એક નાનું પ્રાણી. તે કરૂણા ભાવથી એની દયા ચિંતવી ભલે એને પણ બચવાની ઈચ્છા છે. ભલે બેઠો એટલે તે પગ અધ્ધર રાખ્યો દાવાનળને ઓળવાતા ત્રણ દિવસ લાગ્યા અને તે પણ પેલા સસલાને બચાવવા ખાતર ત્રણ દિવસ પગ અધ્ધર રાખ્યો. વાહ ભાઇ ! કેવી સરસ દયા. અને આવી દયા ભાવનાથી સસલાને કેવું અભય શરણું આપ્યું હતુ.? હે મેઘ ! આવી દયા અને કરૂણા ભાવમાં તો તે મહાન પુણ્ય ઉપાર્જન કર્યું. ત્રણ દિવસે દાવાનળ શમ્યા બાદ બધા પશુઓ ચાલ્યા ગયા. ત્યારે ઝલાઇ ગયેલો પગ નીચે મૂકવા જતા તૂ નીચે ઢલી પડયો અને ત્યાંજ મૃત્યુ પામી અને હે વત્સ ! આવા ઉત્તમ કુળમાં તૂ જન્મો છે. તૂ સંયમના માર્ગે આવ્યો છે પશુના ભવમાં આવી કરૂણા રાખી શકયો હતો તો હે મેઘ ! આજે આ મનુષ્યના ભવમાં શું સંભવ નથી ? સાધુ-મુનિ રાજોના ચરણની રજથી કંટાળ્યો ? હે આત્મન્ વિચાર કર.

મહામુનિ મેઘ સાવધાન થઈ ગયા. આત્મા જાગૃત થઈ ગયો. જાતિસ્મરણ જ્ઞાનમાં પ્રભુએ કહ્યું એવું સ્પષ્ટ દેખાવા માંડ્યું. જ્ઞાનદશા જાગૃત થઈ ગયા પછી શું ?

હે પ્રભુ ! ક્ષમા કરો. હું આજથી આજીવન છઠ્ઠના પારણે છઠ કરીશ, આખા શરીરની શુશ્રુષા તજી દઉં છું ધ્યાનમાં રહીશ, આંખ સિવાય સંપૂર્ણ શુશ્રુષા ત્યાગ કરી દીધી.

સાધનામાં મહામુનિ સાધી ગયા.

**અશરણ ભાવના** સમસ્ત સંસારમાં કોઈ શરણ આપે તેમ નથી. આપી શકે એમ નથી કારણ સંસારમાં બધા જીવો પોતે જ અસહાય અનાથ, નિરાધાર અશરણ છે. અશરણ બીજાને ક્યાંથી શરણ આપી શકે. યોગશાસ્ત્રમાં કળીકાળ સર્વજ્ઞ હેમચન્દ્રાચાર્ય મહારાજ ફરમાવે છે કે—

**इन्द्रो पेन्द्रादयोऽप्येते, यन्मृत्योर्यान्ति गोचरम् ।**
**अहो ! तदन्तकातङ्के, कः शरण्यः शरीरिणाम ॥.**

— ઈન્દ્ર, ઉપેન્દ્ર આદિદેવતાઓ, તથા મનુષ્યો વગેરે ને મૃત્યુ ને આધીન તો થવુ જ પડે છે. ખરેખર આકારણે સંસારમાં અંતસમયે જીવોને કોણશરણભૂત થાય ? સ્વર્ગના સ્વામી ઇન્દ્ર જેવાને પણ મરણ સમયે કોઇ શરણભૂત થતુ નથી. જીવનપ્રદ ઔષધિયો, મૃત્યુંજયાદિ મંત્રો પણ મૃત્યુથી બચાવી શકતા નથી. રાજાએ ચારે બાજુ ખુલ્લી તરવાર સાથે અંગરક્ષકો ગોઠવ્યા હોય, ચતુરંગી સેના રક્ષા માટે સાવધાન હોય છતા પણ બધાની વચ્ચેથી મૃત્યુ ઉપાડી જાય છે. ચારે બાજુથી રક્ષાયેલો રાજા પણ બચી નથી શકતો મૃત્યુથી બચવા કોનું શરણું ?

— સગરચક્રવર્તીના સાઠહજાર પુત્રોને જ્વલનપ્રભદેવે ઘાસની જેમ ક્ષણવારમાં બાળી નાખ્યા. ત્યારે ચક્રવર્તીનું શું ચાલ્યું ? શુ કરી શકયા ? શું પોતાના પુત્રોને બચાવી શકયા ? ચક્રવર્તી જેવા પિતાપણ પુત્રોને શરણ ન આપી શકયા.... હાય રે અશરણ આ સંસાર ?

અરે રે ? યમસરખા ક્રૂર એવા પાપી પાલકે સ્કંદકાચાર્યને જકડીને તેમના ૫૦૦ શિષ્યોને ઘાણીમાં નિર્દયપણે પીલીને મારી નાંખ્યા. ત્યારે તેમને કોણે શરણ આપી ? ખૂબ સમતા ભાવથી ક્ષપકશ્રેણિએ ચઢીને મરનારા

જો એ કેવળજ્ઞાન પામી આત્મ કલ્યાણ નું પરમધામ મોક્ષ સાધી લીધું પરન્તુ મારનાર નું શું થશે ? કરેલા પાપ માંથી એને કોણ બચાવશે ?

—મૃત્યુનું પ્રતિકાર કરી શકાતુ નથી. ત્યારે જીવ અશરણ હોય છે.

મગધાધિપતિ મહારાજા શ્રેણિકની પણ અન્ત સમયે કેવી કફોડી દુર્દશા થઈ ? પુત્ર કોણિકે જેલમાં પૂરી દીધા. અને કેવી મૃત્યુ થઈ. અરેરે કહેવા જતા પણ દુઃખ થાય. સાંભળતા પણ દુઃખ થાય. અધિપતિ સમ્રાટ ને પણ કોણ બચાવી શક્યું ?

- નંદની સોવન ડુંગરી આખર નાવી કો કાજ રે ;
ચક્રી સુભૂમ તે જલધિમાં હાર્યો છખંડ રાજ રે ।।
બુડયો ચરમ જહાજ રે દેવ ગયા સવિભાજરે,
લોભે ગઈ તસ લાજરે.

—નંદરાજા એ સોનામહોરોની ડુંગરીઓ નિર્માણ કરી હતી, છતા પણ એમાંનુ કંઈ જ કામે ન આવ્યું નતો અહી વાપરી શક્યા, કે નતો એનાથી મૃત્યુને અટકાવી શક્યા, કે નતો સાથે લઈ જઈ શક્યા.

—સુભૂમ જેવા છખંડના માલિક ચક્રવર્તી પણ અતિભયંકર સીમાતીત લોભના કારણે ઈજ્જત આબરૂ તો ખોઈ બેઠા પરન્તુ ૧૬ હજાર યક્ષદેવો પણ ચર્મરત્નના મોટા વહાણને ભરદરીએ વહાણ ને મૂકીને ભાગી ગયા. દેવોનું શરણ શું કામ આવ્યું અને વિશાળ સમૂહ પરિવાર માંથી ચક્રીવર્તી ને શરણ આપી કોઈ બચાવી ન શક્યું અને સાતમી નરક જેવી ભયંકર દુર્ગતિ થઈ

**દારૂના પાપે બળેલી દ્વારકા :**

દ્વીપાયન દહી દ્વારિકા, બલવંત ગોવિંદ રામરે;
રાખી શક્યા રે રાજવી, માત-પિતા સુત ધામરે ।
તિહાં રાખ્યા જિન નામરે, શરણ કો એ નેમિસ્વામરે,
વ્રત લેઈ અભિરામરે, પહોતા શિવપુર કામ રે ।।

તપસ્વીઓને ક્યારેય સતાવતા નહીં; તપસ્વીઓને સતાવશો તો કદાચ દ્વૈપાયન થતા પરિણામ વીપરીત આવી જશે. ભાગ્યશાળી ! કોઈના કર્મ ખપાવવામાં સહાયક ન બની શકો તો કાંઈ નહીં, પરન્તુ કર્મ બાંધવામાં તો નિમિત્ત ન જ બનતા. કોઈનો સંસાર ઘટાડવામાં કારણભૂત

ન બની શકો તો વાત દૂર રહી પરન્તુ કોઈનો સંસાર પરંપરા વધારવામાં તો નિમિત્ત ન જ બનતા.

શાંબ અને પ્રદ્યુમ્ન જેવા જો દારૂના નશામાં મહાન ઋષિ દ્વૈપાયનને સતાવ્યા. કોપાયમાન કર્યા, મારવા દોડયા. અરે રે ! દારૂ શું નથી કરતો ? પોતાના શરીરનો તો નાશ કરે જ છે. પરન્તુ સાથે સાથે ઘણાનો સત્યાનાશ કરે છે. તપથી તપેલા ઋષિ વિશેષ તપ્યા. ક્રોધ ચઢયો કારણ ઋષિને દારૂડિયાઓએ ખૂબ માર્યા હતા. બસ ઋષિએ નિયાણું કર્યું. કે હું દ્વારકા બાળનાર થાઉં તપના ફળ રૂપે આવુ નિયાણું કરનાર દ્વૈપાયન ઋષિ પાસે ખબર પડતા જ કૃષ્ણ મહારાજા આવે છે. ક્ષમા યાચના કરે છે. ઓ તપસ્વી મહાત્મા ! આ યુવાનો દારૂના નશામાં ચકચૂર થઈને આપને સતાવ્યા તે બદ્દલ ક્ષમા કરો-આપ તો મહાન તપસ્વી છો. વગેરે ઘણું કહ્યું. પરન્તુ નિયાણું કરી ચૂકેલા ઋષિ ન માન્યા તે ન જ માન્યા. બોલતા પહેલા સો વાર વિચારો, અને કરતા પહેલા હજાર વાર વિચારો.

**શરણ, તપ, સંયમ અને પ્રભુનું :**

શ્રી કૃષ્ણ મહારાજાએ શ્રી નેમિનાથ ભગવંતની શરણ સ્વીકારી. પ્રભુને બચવાનો ઉપાય પૂછ્યો.

અરિષ્ટનેમિનાથે—કહ્યું હે કૃષ્ણ ! આયંબિલનો તપ કરનાર અને સંયમનો માર્ગ સ્વીકારનાર–બચીજશે.

બસ શ્રીકૃષ્ણે સમસ્ત દ્વારિકામાં તપ કરવાનું જાહેર કરાવ્યું અને જેને સંયમની અભિલાષા હોય તેમને ચારિત્ર સ્વીકારવા તૈયાર થવાનું કહ્યું ખરેખર જે આત્માઓ આ માર્ગે વળયા અને ચારિત્ર સ્વીકારી પ્રભુની શરણે ગયા તેઓ બચી ગયા અને શેષ દ્વારિકાનું દહન થઇ ગયું.

અહો આશ્ચર્ય તો એ છે કે બળતી દ્વારિકાને નજરે છતા પણ મહાન વાસુદેવ શ્રીકૃષ્ણ અને બળરામ જેવા મોટા સમ્રાટ રાજા જેવા પણ ન બચાવી શકયા, રક્ષા ન કરી શકયા, કોઈ શરણ ન આપી શકયા. અશરણ દ્વારિકા બળીને રાખ થઈ ગઈ અરે આ દારૂના પાપે શું નથી થયું ? અને આવી દ્વારિકાઓ બળી ગઈ છતા દારૂ કયાં બળી ગયો છે ?

હજારો ના કાળજા બાળનાર એ દારૂ તો હજી જીવતો જ છે.

**पितुर्मातुः स्वसुर्भ्रातुस्तनयानां च पश्यताम् ।**
**अत्राणो नीयते जन्तुः, कर्म भिर्यमसद्मनि ॥**

—પિતા-માતા, બહેન-ભાઈ કે પુત્રો નો અનાદર કરીને શરણ વગર નો જીવ શુભાશુભ કર્મ વડે યમરાજ ને ત્યાં લઈ જવાય છે. લોકોની વાત પ્રમાણે આમ બોલાય છે, વાસ્તવિક તો ચતુર્ગતિરૂપ સંસારમાં પોતાના કર્મના અનુસાર તે તે ગતિમાં લઈ જવાય છે.

**शोचन्ति स्वजनानन्त, नीयमानान् स्वकर्मभिः ।**
**नेष्यमाणं तु शोचन्ति, नात्मानं मूढबुध्दयः ॥**

—મૂઢ બુદ્ધિ મનુષ્યો, પોતાના કર્મો વડે અંત (મૃત્યુ) તરફ લઈ જવાતા સ્વજનોને શોક કરે છે. પરન્તુ ભવિષ્યમાં પોતાને તે તરફ લઈ જવાશે તે નો શોક કરતાં નથી.

**કાયમની શરણ**

બ્રિટનના ગવર્નરે ગાંધીજીને સાંજે ૬-વાગે મળવા આવીશ એમ જણાવ્યું ત્યારે વળતા જવાબમાં ગાંધીજીએ કહેવરાવ્યુ "માફ કરજો સન્ધ્યાનો સમય તો કાયમ માટે બીજાની સાથે એંગેજ થઈ ગયો છે. માટે આપ સમય બદલી લેજો જેથી ધક્કો ન થાય.

ગવર્નરને ખોટુ લાગ્યુ. કંઈ વાંધો નથી. જેની શરણ સદાના માટે સ્વીકારી છે, જેની પ્રાર્થના ભક્તિનો સમય નિયત કરેલો છે તેને જ ખોટુ ન લાગવુ જોઈએ. ભક્તિ માટે નિયત સમયની પણ ખૂબ આવશ્યકતા છે.

કદાચ તમારૂં ચાલે તો તમે તો મૃત્યુને પણ કહી દો કે, કેમ એમને એમ વગર ટાઈમે આવ્યા. આ યમરાજ અપોઈન્ટમેન્ટ લઈને આવવાનો રિવાજ અમારા ઓફીસમાં છે. શું તમે અપોઈમેન્ટ આપો ત્યારે અને તોજ યમરાજ આવે ? ના એને કોઈના અપોઈન્ટમેન્ટ કે કોઈની પરમીશનની જરૂર નથી. મૃત્યુ કોઈની રાહ નથી જોતો આયુષ્યની સમાપ્તિ થતા ચાલતા થવુ પડે છે.

**હવે દેવાધિદેવનીજ શરણ સ્વીકારી**

ચૌદ પૂર્વધારી ભદ્રબાહુસ્વામી કલ્પસૂત્રમાં એક પ્રસંગ વર્ણવે છે.

સ્વર્ગના માલિક સૌધર્મ ઈન્દ્રની રાજસત્તા, ૩૨ લાખ વિમાનોના અધિપતિનું સ્વામિત્વ, અપાર વૈભવની અદેખાઈ ઈર્ષ્યા જાગતા ચમરેન્દ્રને થયું કે હું આ કેમ ન પ્રાપ્ત કરૂં ? ઈન્દ્રની જ માલીકી ક્યાં સુધી ? એમ વિચાર કરી લોભમાં બીજાની સત્તા પડાવવા યુદ્ધના મેદાને ચઢયો.

સુધર્મા સભામાં બેઠેલા ઈન્દ્રની સમક્ષ ચમરેન્દ્રે તીર ફેંક્યું... અને યુદ્ધની શરૂઆત કરી ઈન્દ્રને આશ્ચર્ય લાગ્યુ અરે ! આ શું ? સ્વર્ગ–દેવલોકમાં પણ આવા તુચ્છ–અને હલકા લોભની વૃત્તિઓ ? અરે ! આ ચમરને શું ઈચ્છા થઈ છે ?

અને બળતા જવાળમાં ઈન્દ્રે વજ્ર છોડયુ. ઈન્દ્રનો વજ્ર જ્યારે સામે આવ્યો ત્યારે વજ્ર જોઈને જ ચમરેન્દ્ર તો ઘભરાઈ ગયો. ડઘાઈ ગયો. અરે..હવે શું થશે ? ઈન્દ્રનો વજ્ર તો કયાંય પણ છોડશે નહીં.

અરે...! હવે ત્રણે લોકના ચૌદે રાજલોકમાં બચાવનાર કોણ ? કોણ બચાવશે ? હવે શું થશે ?

માનવીને જ્યારે રોગ, દુઃખ, આપત્તિ કે મૃત્યુ આવી પડે ત્યારે જ શરણુ શોધવા નિકળે છે. પાણી આવે ત્યારે પાળ બાંધવી અને આગ લાગે ત્યારે કૂવો ખોદવા જેવી આ વાત છે. જેને અશરણ ભાવના ભાવી પહેલાથી જ આ સંસાર પ્રત્યે અણગમો વ્યકત કરી સંસારના ત્યાગીઓની શરણ જો સ્વીકારી હોત તો કેટલું સારૂ હતું ! અપૂર્ણ પૂર્ણની શરણ સ્વીકારશે તો જ તરશે. સર્વસમર્પિત ભાવથી શરણુ સ્વીકારવી જ પડશે.

ક્ષણ ભર ચમરેન્દ્રે શરણ સ્વીકારવા નજર દોડાવી. વિચાર કર્યો... મને કોણ બચાવશે...

ત્યાં તો અચાનક પ્રભુ મહાવીર નજરે ચઢયા,–હા જંબુદ્વિપના ભરતક્ષેત્રમાં પ્રભુ ધ્યાનસ્થ છે...અને વિચાર આવતા જ ચમરેન્દ્ર તુરંત એ દિશામાં દોડયો....વૈક્રિય શકિત શાળીને વાર કેટલી ? આવી ગયો પ્રભુ પાસે.

ધ્યાનસ્થ પ્રભુની સમીપમાં આવીને પોતાની વૈક્રિય લબ્ધિથી નાનું રૂપ કરીને પ્રભુના ચરણોમાં સમાઈ ગયો. બેસી ગયો. જેની પાછળ ઈન્દ્રનું વજ્ર પડેલુ છે તો શરણે ગયો...ત્યાં તો ઈન્દ્રે વિચાર કર્યો

અરે ! વજ્રને આટલીવાર કેમ લાગી ? અને ઈન્દ્ર વિચાર કરી ઉપયોગ મૂકી તુરંત દોડયો. પલભરમાં તો આવીને તુરંત દૂરથી વજ્રને ખેંચી લીધો.

અર્ધાવનત નતમસ્તક થઈને પ્રભુને ત્રણ પ્રદક્ષિણા દઈને સ્તુતિ-સ્તવના કરીને નમસ્કાર કરીને પાછા વળતા ચમરેન્દ્રને કહે છે હે ચમરેન્દ્ર ! ત્રણ જગતના નાથ ત્રિલોક ગુરૂ, પરમ રક્ષક, પરમશરણ દાતાની તે શરણુ સ્વીકારી છે માટે હવે મારા તરફથી પણ ભયમુક્ત છે. એમ કહી ચાલ્યા ગયા

વિચાર કરવા જેવું છે એક દેવને પણ સમસ્ત ચૌદરાજ લોકના વિશ્વમાં બધા જ અશરણ હતા. પરંતુ શરણદાતા હતા એક માત્ર દેવતાઓના પણ દેવ...દેવાધિ દેવ પરમાત્મા મહાવીર.

જો દેવાણવિ દેવો, જં દેવા પંજલિ નમંસંતિ,
તં દેવ દેવ મહિઅં, સિરસા વંદે મહાવીર ॥

જે દેવોના પણ દેવ છે, જેમને દેવતાઓ અંજલિ જોડી નમસ્કાર કરે છે, તે દેવના પણ દેવ ઈન્દ્ર વડે પૂજાયેલા શ્રી મહાવીર પ્રભુને મસ્તક વડે નમસ્કાર કરું છું.

**ચત્તારિ શરણં :**

આ જગતમાં એક માત્ર શરણ ગ્રાહ્ય જો કોઈ હોય તો તે ચાર શરણા છે. અને શરણ-ગ્રાહ્ય એટલા માટે છે કે તે જ ચારે લોકોત્તમ છે, અને તે જ ચાર લોકોત્તમ એટલા માટે છે કે તે જ પરમ મંગળ રૂપ છે. માટે મંગળરૂપ, લોકોત્તમ અને શરણ દાતા એવા ચારેનો સ્વીકાર શરણરૂપે કરવાનો છે. એ સિવાય બીજા શરણ નથી. બીજુ બધુ અશરણ છું.

તુજ વિણ અવર ન શરણ કોય

ચત્તારિ મંગલં.......!
અરિહંતા મંગલં,
સિદ્ધા મંગલં,
સાહૂ મંગલં,
કેવલિ પન્નત્તો ધમ્મો મંગલમ્ !

ચત્તારિ લોગુત્તમા......, અરિહંતા લોગુત્તમા
સિદ્ધા લોગુત્તમા ..., સાહૂ લોગુત્તમા....,
કેવલિપન્નત્તો ધમ્મો લોગુત્તમો...... ॥

ચત્તારિ શરણં પવજ્જામિ...। અરિહંતે શરણં પવજ્જામિ...। સિદ્ધે શરણં પવજ્જામિ.., સાહૂ શરણં પવજ્જામિ...।
કેવલિ પન્નત્તં ધમ્મં શરણં પવજ્જામિ...॥

(૧) અરિહંત પરમાત્મા (૨) સિદ્ધ ભગવાન,
(૩) સાધુ ભગવંત (૪) અને સર્વજ્ઞ કેવલિ ભગવંતનો ધર્મ આ ચાર જ મંગલરૂપ, લોકોત્તમ અને શરણદાતા છે. આ ચારની જ શરણ સૂતા...બેસતા...ઉઠતા અવશ્ય સ્વીકારવાની છે. આ ચાર સિવાય બીજા કોઈની પણ શરણ સ્વીકારવાની જરૂર નથી. બીજો કોઈ શરણ દાતા નથી.

**अन्यथा शरणं नास्ति, त्वमेव शरणं मम ।**
**तस्मात् कारुण्य भावेन, रक्ष रक्ष जिनेश्वर ! ॥**

— હે પ્રભુ ! તૂ જ એક માત્ર મારે શરણરૂપ છો, તારા વિના અન્ય શરણ કોઈ નથી. તેથી કરૂણાના ભાવ વડે હે જિનેશ્વર ! રક્ષા કરો...રક્ષા કરો...।

તુજ વિણ શરણ અવર ન કોય...।

* સૌજન્ય *

# શ્રી કચ્છી અચલ ગચ્છ જૈન સંઘ

**ભાલેરાવ ટેકરા, પ્રતાપ રોડ, રાવપુરા.**
**વડોદરા-૩૯૦ ૦૦૧ ફોન ૫૬૨૯૧**
**ના સહયોગથી આ પુસ્તિકા પ્રગટ કરવામાં આવી છે.**

મૈત્રી ચાતુર્માસિક રવિવારીય શ્રીમહાવીર જૈન શિક્ષણ શિબિર પ્રમોદ

સંચાલક: શ્રી મહાવીર વિદ્યાર્થી કલ્યાણ કેન્દ્ર




કારુણ્ય રવિવારીય સચિત્ર જાહેર વ્યાખ્યાનમાળા-વડોદરા માધ્યસ્થ

# ભાવના ભવ નાશિની

પ્રવક્તા: પરમપૂજ્ય મુનિરાજશ્રી અરુણવિજયજી મહારાજ

| | | |
|---|---|---|
| અષાઢ વદ ૧૪, ૨૦૩૯ | ચોથું વ્યાખ્યાન-૪ | રવિવાર, તા. ૭-૮-૧૯૮૩ |

## વિષય :
## (સંસાર ભાવના)

अनन्तान्पुद्‌गलावर्तान नन्तानन्तरूपभृत ।
अनन्तशो भ्रमत्येव जीवोऽनादि भवार्णवे ॥

પ. પૂ. ચરમતીર્થપતિ શ્રમણ પરમાત્મા શ્રી મહાવીર સ્વામિને નમસ્કાર પૂર્વક........

—અનન્ત પુદ્ગલ પરાવર્તકાળ જ્યાં અનન્તાઅનન્ત રૂપે જીવે કાઢી નાંખ્યો છે. અને અનન્તા જીવો જે ભવરૂપી મહાસાગરમાં ભ્રમણ કરી રહ્યા છે એવા અનાદિ અનન્ત સંસાર સાગરમાં જીવોના પરિભ્રમણનો કોઈ અન્ત જ નથી દેખાતો. પૂજ્ય મહામહોપાધ્યાય શ્રી વિનયવિજયજી મહારાજ શાન્તસુધારસમાં આ પ્રમાણે સમજાવતા જણાવે છે.

**સંસાર સ્વરૂપ :**

(૧) અનન્ત લોકાલોકમય બ્રહ્માણ્ડ પણ સંસાર છે.

(૨) ચૌદરાજ લોક પણ સંસાર છે.

(૩) દેવ–મનુષ્ય–નરક અને તિર્યંચ-ચરૂપ ચાર ગતિમય ચક્ર પણ સંસાર છે.

(૪) ચોર્યાસી લાખ જીવ યોનિમાં જન્મ-મરણ રૂપ પ્રવૃત્તિ પણ સંસાર છે.

(૫) સતત ભવ પરંપરામાં પરિભ્રમણ કરતા જ રહેવું એ પણ સંસાર છે.

(૬) વિષય + કષાયાત્મક સળગતી હોળીના જેવો પણ સંસાર છે.

(૭) અનેક રાષ્ટ્ર અને દેશમય ખંડોની દુનિયા પણ એક સંસાર છે.

એવી તો અનેક અપેક્ષાઓ છે કે જે ભિન્ન ભિન્ન દ્રષ્ટિએ સંસારને જોઈ શકીએ છીએ.

**સંસાર શાશ્વત છે :**

આ જગતમાં સંસારથી લઈને મોક્ષ સુધીના ઘણા ભાવો શાશ્વતા છે. એની બીજી બાજુના ઘણા ભાવો અશાશ્વતા પણ છે.

**सृ–गतौ** સતત ચાલતા રહેવું. "**संसरणशीलः संसार** " **सम्** ઉપસર્ગ પૂર્વક **सृ** ધાતુથી "સંસાર" શબ્દ બન્યો. **અર્થાત્** સંસરવું એટલે પ્રવાહની જેમ વહેવું, સતત ચાલવું, ગતિ-ગમન કરવું એનું નામ છે સંસાર. **सरति इति सरिसृप-सांप.** **સરકીને** જે ચાલે

છે તે સાંપ તેમ ગતિ અર્થમાં સંસાર છે. સંસાર કોઈ વસ્તુનું કે પદાર્થનું નામ નથી. પરંતુ જ્યાં જીવોનું ગમન-આગમન જવા-આવવાનું સતત ચાલ્યા કરે છે તેનું નામ છે સંસાર. અર્થાત્ જ્યાં એક ગતિમાંથી બીજી ગતિમાં, એક જન્મમાંથી બીજા જન્મમાં સતત જવા-આવવાપણું અર્થાત્ ગમનાગમન, એટલે જન્મ-મરણ ચાલ્યા જ કરે છે એનું નામ છે "સંસાર".

ઉત્તરાધ્યયન સૂત્રના ત્રીજા અધ્યયનમાં વીર પ્રભુ ફરમાવે છે કે—

**एगया देवलोएसु नरएसु वि एगया ।**
**एगया आसुरं कायं अहाकम्मेहिं गच्छइ ॥**
**एगया खत्तियो होइ तओ चंडाल बुक्कसो ।**
**तओ कीड पयंगो य तओ कुंथु पिपीलिया ॥**

—આ જીવ એક વખતે દેવલોકમાં ઉત્પન્ન થાય છે અને એક વખત નરકમાં જાય છે અને એક વખત અસુરકુમારમાં પણ જન્મે છે. અર્થાત્ જેવા કર્મ કર્યા હોય તેવી ગતિ થાય છે. અરે ! એક જન્મમાં ક્ષત્રિય બનેલો જીવ બીજા જન્મમાં ચંડાળ બને છે. વર્ણસંકર કે તેના કરતા પણ ઉતરતી જાતિમાં જન્મે છે. એટલું જ નહીં પણ કીટ, પતંગ કંથુઆ અને કીડીરૂપે પણ જન્મે છે.

**स्वर्गीपतति साक्रन्दं, श्वास्वर्गमधिरोहति ।**
**श्रोत्रियः सारमेयः स्यातकृमिर्वा श्वपदोऽपि वा ॥**

—જ્ઞાનાર્ણવકાર મહર્ષિ જણાવે છે કે અરે ! સ્વર્ગનો દેવ આક્રન્દ સહિત નીચે તિર્યંચાદિ ગતિમાં પડે છે અને કૂતરો મરીને ઊંચે સ્વર્ગમાં ચઢે છે. કૂતરાને કે અસ્પૃશ્ય શુદ્ર કે ચંડાળને અડી જવાય તો પાપ લાગે, ફરી ન્હાવુ પડે એવું માનનારા શ્રોત્રિય બ્રાહ્મણ મરીને કૂતરો થાય છે, કરમિયો થાય છે અથવા ચંડાળ થાય છે. આ રીતે એક ગતિમાંથી બીજી ગતિમાં જીવ સતત પરિભ્રમણ કર્યા કરે છે. **ચિહું ગતિ ભવ ભ્રમણ સંસાર રે.......**

સ્વસ્તિક (સાથીઓ) ચાર ગતિનું સૂચક છે. વચ્ચે રહેલો જીવ દેવ-મનુષ્ય-તિર્યંચ-નરકની ચારે ગતિમાં પરિભ્રમણ કર્યા કરે છે.

૧.ચાર ગતિ




૨. મનુષ્યનું ચારે ગતિમાં ગમન




૩. તિર્યન્ચનું ચારે ગતિમાં ગમન




૪. દેવનું બે ગતિમાં ગમન




૫.નરકનું બે ગતિમાં ગમન.




મનુષ્ય અને તિર્યંચ ગતિના મનુષ્ય તથા પશુ–પક્ષી વગેરે જીવો મરીને ચારે ગતિમાં જાય છે તેમજ ચારે ગતિમાંથી મરીને અહીંયા જન્મે છે આવે છે. પરંતુ દેવ ગતિના જીવો માટે નિયમ એવો છે કે દેવ મરીને ફરી દેવ ન થાય, તેમજ નરકમાં ન જાય એટલે ફક્ત મનુષ્ય કે તિર્યંચ ગતિમાં જ જાય. તેજ પ્રમાણે નરકના જીવો ફરી નરકમાં તુરંત ન જન્મે તેમજ નરકમાંથી દેવ ગતિમાં ન જવાય. પરંતુ મનુષ્ય–તિર્યંચ ગતિમાં જ જાય. આ છે ચારે ગતિમાં ગમનાગમન જવું આવવું. એક ગતિમાંથી બીજી ગતિમાં મર્યા પછી જ જવાય છે.

## ચૌદરાજ લોકમાં જન્મ–મરણ :

સમસ્ત બ્રહ્માણ્ડ ચૌદરાજ લોક પ્રમાણ છે. જો એને યોજનોની પરિભાષામાં જોવો હોય તો કલ્પના બહારની વાત છે–ચૌદરાજ લોકના પ્રમાણને સમજાવતા શ્રી વીરપ્રભુ ગણધર ગૌતમને કહે છે.



के महालएणं भंते लोए पण्णत्ते ?
गोयमा महइ महालए लोए पण्णत्ते पुरत्थिमेणं
असंखीज्जाओ जोयण कोडाकोडीओ, दाहिणेणं
असंखेज्जाओ एवं चेव, एवं पच्चत्थिमेण वि, एवं
उत्तरेण वि, एवं उड्ढं वि, अहे असंखेज्जाओ जोयण
कोडाकोडीओ आयामविखंभेणं ॥

—શ્રી ભગવતી સૂત્રના બારમા શતકના સાતમા ઉદ્દેશામાં શ્રી ગૌતમગણધરે પ્રશ્ન પૂછે છે–હે ભંતે ! આ લોક કેટલો મોટો છે ?

પ્રભુ કહે છે-હે ગૌતમ ! આ લોક ઘણો મોટો છે. પૂર્વ દિશામાં અસંખ્યાત કોડાકોડિ યોજન પહોળો છે, તેજ પ્રમાણે દક્ષિણ, પશ્ચિમ અને ઉત્તર દિશામાં પણ તેટલો જ છે, તે જે પ્રમાણે ઉપર અને નીચે પણ તેટલો જ અર્થાત અસંખ્યાત કોડાકોડી યોજન લાંબો છે. આ પ્રમાણે અસંખ્યાત કોડાકોડી યોજનની લંબાઈ અને પહોળાઈમાં આ લોક વિસ્તરેલો છે. એટલે લોકને પરિણામના શબ્દોમાં ચૌદરાજ લોક પ્રમાણ કહ્યો છે. એક રાજ ( એક રજ્જુ ) લોક-અસંખ્ય યોજન પ્રમાણ કહેવામાં આવ્યો છે, અને એવા ચૌદરાજ લોક પ્રમાણ અર્થાત અસંખ્યાત કોડાકોડી યોજન પ્રમાણ આ સર્વ બ્રહ્માણ્ડ છે. કમર ઉપર હાથ દઈને પગ પહોળા કરેલા પુરુષના આકારવાળો અર્થાત વૈશાખ (વિષ્કંભ)ના આકાર પ્રમાણ આ ચૌદરાજ લોકની સીમાનો આકાર છે. એથી અનંત ગણો અલોકાકાશ છે, જેનો કોઈ અંત જ નથી. અને ત્યાં કોઈ જીવાજીવાદિ દ્રવ્યો નથી, અલોકાકાશ એ માત્ર અનંત શૂન્યાકાશ છે જ્યાં કંઈ જ નથી. અલોકાકાશના અનંતમાં ભાગ જેટલો લોકાકાશ છે.

ચિત્રમાં બતાવ્યા પ્રમાણે એક ઉભી અને એક આડી રેખા (જેમ કાપડ વણાયેલ હોય છે-અર્થાત એક તાર ઉભો અને એક તાર આડો મૂકીને વણાયેલા કાપડ જેવો)ના આકારે સમસ્ત આકાશ છે. તેમાં એક બીજાને ક્રોસ કરતી રેખાઓના ક્રોસપોઈન્ટ જેવાને આકાશ પ્રદેશ કહવામાં આવે છે. સમસ્ત ચૌદરાજ લોકમાં આવા અસંખ્ય આકાશ પ્રદેશ છે. મૃત્યુ પછી જીવની ગતિ આ આકાશ પ્રદેશો ઉપર જ થાય છે, કાં તો જીવ સીધો ઉભી રેખાએ ઉર્ધ્વ દિશામાં જાય, અથવા તો ઉત્તર-દક્ષિણ, પૂર્વ-પશ્ચિમ અને ઉર્ધ્વ-અધો સીધો જાય. પરંતુ વચ્ચે આડો-અવળો નથી જતો, ચિત્રમાં બતાવ્યા પ્રમાણે – દેવગતિમાંથી ચ્યવેલે, (મરેલો) જીવ મનુષ્ય કે તિર્યંચ ગતિમાં આ પ્રમાણે આવે છે. જ્યાં વળાંક લેવાનો હોય છે તે વળાંક લઈને ચાલે છે, એ સમયે જીવની સાથે સ્થૂલ–ઔદારિક કે વૈક્રિય શરીર નથી હોતું. ત્યાં સૂક્ષ્મ કાર્મણ શરીર હોય છે, જે આપણાં બાંધેલા કર્મોના પિંડનું બનેલું હોય છે. આને વિગ્રહ ગતિની ક્રિયા કહેવામાં આવે છે, દેવગતિથી

ચ્યવેલો જીવ મનુષ્ય કે તિર્યંચની ગતિમાં આવીને જન્મે છે. તેનું ઊર્ધ્વથી મનુષ્ય લોકમાં આવવાનું હોય છે, અને નરક ગતિમાંથી ચ્યવેલાને તિર્થાલોકમાં મનુષ્ય કે તિર્યંચ પશુ-પક્ષીને ગતિમાં આવવાનું હોય છે અને તિર્યંચ કે મનુષ્ય ગતિના જીવને મરીને ચારે ગતિમાં પોતાના કર્મ પ્રમાણે જવાનું હોય છે તે પણ બતાવેલી દિશા પ્રમાણે જાય છે અને જન્મે છે, અને મરે છે.

**અનન્ત જન્મ-મરણ**

**न सा जाई न सा जोणी, न तं ठाणं न तं कुलं ।**
**न जाया न मुया जथ्थ, सव्वे जीवा अणंतसो ॥**

—કોઈ જાતિ, કોઈ ઉત્પત્તિ સ્થાનયોનિ. કોઈ સ્થાન, અને કોઈ કૂળ આ જગતમાં એવું બાકી નથી કે જ્યાં સર્વ જીવોએ અનંતવાર જન્મ-મરણ ધારણ ન કર્યા હોય.

ચૌદરાજ લોક પ્રમાણ આ બ્રહ્માણ્ડના આકાશ પ્રદેશ અસંખ્ય છે. જ્યારે એક-એક જીવના જન્મ-મરણ અનન્ત છે, તો પછી અત્યાર સૂધીમાં કેટલા આકાશ પ્રદેશ સ્પર્શ્યા ? અર્થાત એક આકાશ પ્રદેશ સ્પર્શ્યા વગરનો હવે બાકી નથી. કદાચ એક—એક આકાશ પ્રદેશ અનંતવાર સ્પર્શ કરી ચૂકાયો હશે.

**तं किंचि नत्थि ठाणं लोए वालग्ग कोडि मित्तं पि ।**
**जत्थ न जीवा बहुसो सुहदुह परंपरं पत्ता ॥**

શાસ્ત્રકાર મહર્ષિ ફરમાવે છે કે ચૌદરાજ લોક પરિમિત અસંખ્ય આકાશ પ્રદેશ પ્રમાણ આ લોકમાં એક વાળનો અગ્ર ભાગ જેટલો ટુકડો મૂકવા જેટલી પણ જગ્યા ખાલી નથી કે જ્યાં જીવે અનેક વખત સુખ દુઃખની પરંપરા ન અનુભવી હોય, એક રાઈનો દાણો મૂકવા જેટલી પણ જગ્યા ખાલી નથી કે જ્યાં જીવે અનન્તવાર જન્મ-મરણ ન કર્યા હોય.

**કાળની દ્રષ્ટિએ વિચારણા**

નિગોદમાં જીવે અનંત કાળ પસાર કર્યો જ્યાં ૨૫૬ આવલિકાના નાનામાં નાના ભવો કર્યા, અને આવા તો ફક્ત ૧ શ્વાસોશ્વાસમાં ૧૭ા

ભવો કર્યા. અર્થાત આપણે ૧ શ્વાસ લઈને મૂકીએ એટલામાં તો સાડાસત્તરવાર જીવ જન્મીને મરી ચૂકયો. એટલા ભવો નિગોદમાં સતત થતા જ રહે છે, અને બે ઘડી જેટલા ૪૮ મિનિટના અંતર્મૂહૂર્ત પ્રમાણ કાળમાં તો ૬૫૫૩૬ ભવો થયા. એટલી વાર જન્મ અને મરણ ધારણ કર્યા.

દેવ-નરકમાં સર્વોચ્ચ આયુષ્ય મોટામાં મોટું ૩૩ સાગરોપમનું જીવે ધારણ કર્યો. અનેકવાર જીવ નરકમાં પણ જઈ આવ્યો છે. એના ભવોનો કોઈ પાર જ નથી.

૧૦ કોડાકોડી સાગરોપમનો ૧ ઉત્સર્પિણિ કાળ અને તેટલો જ અર્થાત ૧૦ કોડાકોડી સાગરોપમનો અવસર્પિણિ કાળ. એમ બન્ને મળે કુલ ૨૦ કોડાકોડી સાગરોપમનો ૧ કાળચક્ર થયો. એવા તો અનન્તાનન્ત કાળચક્રો જીવે પૂરા કરી નાંખ્યા. એટલુ જ નહીં અનન્તાનન્ત પુદ્ગલ પરાવર્ત કાળ જીવે સંસારમાં કાઢયો છે. અનન્તાનન્ત ભવો આ સંસાર ચક્રની ભ્રમણામાં જીવે કર્યા છે એને કંઈ જ બાકી નથી રાખ્યુ ... છતાં હજી પણ વણથંભી કૂચ આ સંસારમાં ચાલ્યા જ કરે છે.

## નિગોદથી મોક્ષસૂધી

ચૌદરાજ લોકનો સંપૂર્ણ ક્ષેત્ર અસંખ્ય નિગોદના ગોળાઓથી ભરેલો છે. એક એક ગોળે અનન્તા જીવો છે. એક એજ જીવના અનન્તાનન્ત ભવો છે. એક નિગોદના ગોળામાંથી બહાર નિકળીને એક પછી એક એમ ક્રમશઃ ભવો કરતો કરતો ૮૪ લાખ જીવયોનિના ચક્કરમાં જીવ પરિભ્રમણ કરતો જ રહ્યો છે. અને તેમાં પણ સ્વસ્તિકના આકારે દેખાડેલ દેવ-મનુષ્ય-નરક અને તિર્યંચની ચારે ગતિમાં સતત જીવ રખડતો જ રહ્યો છે. પૃથ્વી કાયમાં માટી, પથ્થર, સુવર્ણાદિ ધાતુ તથા હીરાદિ રત્નોમાં, મીઠુ, પારો, સિંદુર વગેરેના ભવો કરીને જીવ અપકાયમાં પાણી તરીકે જન્મ્યો. પાણીમાં નદી, કૂવા, વાવ, તલાવ, સમુદ્ર, ઓસ, ઝાકળ, વરસાદ વગેરેના પાણી તરીકે જન્મીને મરીને અગ્નિકાયમાં આવ્યો. ભાઠાનો અગ્નિ, જ્વાલારૂપ, વિજળીરૂપ, તણખલા રૂપ, વગેરે અગ્નિમાં જન્મીને મરી વાયુકાયમાં આવ્યો. વાયુકાયમાં




ગુંજારવ કરતો વાયુ, ઉંચે ઉડતો વાયુ. ઉદ્‌ભ્રામકવાયુ, વંટોળીયો, શુદ્ધ વાયુ વગેરેમાં ભવો ધારણ કરી મરીને જીવ વનસ્પતિકાયમાં આવ્યો. ત્યાં પણ કાંદા, બટાટા, લસણ, ગાજર, ડૂંગળી, મૂળા, શકરીયા, ફણગા, લીલફૂગ વગેરેના ભવો કરીને અનન્તકાય સાધારણ વનસ્પતિ કાયમાંથી માંડ બહાર નિકળી જીવ પ્રત્યેક વનસ્પતિકાયમાં જીવ ઘઉં, બાજરી, તૂવર, ચણા, મગ, અડળના ભવો કરતો કરતો ભીંડા, વટાણા,

કાકડી, દૂધી, ટમાટર, કારેલાના ભવોમાં થઈ વનસ્પતિના ફળ, ફૂલ, પાંદડા, બીજ, થડાદિના જન્મો કરીને જીવ સંચિત અકમ નિર્જરાના પુણ્યોદયે બેઇન્દ્રિયમાં આવ્યો. કૃમિ, અળસીયા, શંખ-શંખલા, કોડી વગેરેના ભવો કરીને જીવ આગળ વધ્યો તેઈન્દ્રિયમાં કીડી, માંકણ, જૂ, મંકોડા, ઇયળ, ધનેડા, ગીંગોડા, વગેરેના સેંકડો ભવોમાં જન્મ-મરણ કરતો કરતો ચઉરિન્દ્રિયમાં આવ્યો. અહીંયા માખી, મચ્છર, ભમરો, તીડ, પતંગીયો, વીંછિ વગેરેના જન્મો પૂરા કરી અનેક જન્મોની સંચિત પુણ્યાઇના યોગે જીવ પંચેન્દ્રિયપણામાં આવ્યો. એમાં પણ જલચરમાં માછલી, મગર, કાચબો, વગેરે થઈને સ્થળચરમાં ગાય, ભેંસ ઊંટ, બકરી, બળદ, ઘોડો, હાથી, સિંહ, વાઘ વગેરેના અનેક ભવો કરીને ખેચરમાં પક્ષી તરીકે જન્મી કબુતર, કાગડો, પોપટ, મેના વગેરેના સેંકડો ભવો કરી. અનેક જન્મોની પુણ્યાઈના યોગે જીવ દેવ ગતિમાં ગયો દેવગતિમાં ભવનપતિ, જ્યોતિષ્ઠ, વૈમાનિક તથા વ્યંતરના ભવો કર્યા. એકાંતરે મનુષ્ય કે તિર્યંચના ભવોમાં જીવ ગયો મનુષ્ય ગતિમાં આર્યક્ષેત્ર અનાર્યક્ષેત્ર વગેરેમાં જન્મો લઈને અનેક ભવો કર્યા તેજ પ્રમાણે કરેલા પાપ કર્મના વિપાકો ભોગવવા જીવ નરકગતિમાં પણ ગયો. આ પ્રમાણે જાણે જન્મ-મરણ. જન્મ્યા પછી મરવું અને મર્યા પછી જન્મવું જાણે આ રોગ લાગુ ન પડયો હોય એવી રીતે સતત વણથંભી કૂચ પ્રમાણે જીવ ભવો ધારણ કરતો જ ગયો. અનન્તાનન્ત ભવો થયા છતાં હજી કોઈ છુટકારો નથી હજી કોઈ અન્ત નથી આવ્યો ખરેખર સંસાર અનાદિ-અનન્ત છે.

## સંસારનું સ્વરૂપ દેખી કંપી ઉઠયો

**થાવચ્ચાસુત થરહર્યો, જોર દેખી જમધાડ. ।**

**સંયમ શરણું સંગ્રહ્યું, ધણ કણ કંચણ છાંડ. ॥**

જેને સ્વર્ગની અપ્સરા સમી સૌન્દર્યવંતી, રૂપ અને લાવણ્યની તરતી બત્રીસ સ્ત્રીઓ હતી. અને દરેક પત્નીને એક કોડ સોના મહોરો અને એક્કો મહેલ આપવામાં આવ્યા હતા. તથા ગોળાકારે ગોઠવાએલા મહેલોની વચમાં જેનો મહેલ હતો એવા થવચ્ચાપુત્ર નેમિનાથ ભગવાનની

દેશના શ્રવણ કરવા ગયા. અસીમકૃપાળુ નેમિનાથ પ્રભુએ સંસારનું બીહામણું ભયંકર સ્વરૂપ સમજાવ્યું, સંસારની અનાદિ અનંત સ્થિતિ સમજાવી. એ સમજતા સમજતા તો થાવચ્ચાપુત્ર કંપી ઉઠયો. અને પ્રભુએ જ્યારે મૃત્યુનું સ્વરૂપ સમજાવ્યુ યમરાજની ધાડ ગમે ત્યારે આવે છે અને ગમે તેને ઉપાડી જાય છે એ વાત સમજાવી એટલે થાવચ્ચાપુત્રે થરથર કાંપીને સોનામહોરો, રૂપવંતી પત્નીઓ, વગેરે સર્વસ્વનો ત્યાગ કરીને ચારિત્ર અંગીકાર કર્યો. નેમિનાથનું શરણું સ્વીકાર્યું. ચારિત્રનું શરણ લીધુ.

શ્રી કૃષ્ણ વાસુદેવે ત્યારે થાવચ્ચાપુત્રને પુછ્યુ : અરે થાવચ્ચાપુત્ર ! તને કોનો ભય છે ? તૂ શા માટે આટલો હર્યો ભર્યો સુખી સમૃદ્ધ સંસાર શા માટે છોડી દે છે ?

થાવચ્ચાપુત્ર-હે રાજન્ શ્રીકૃષ્ણ ! બસ જો તમે એક માત્ર મૃત્યુનો ભય ટાળી દેતા હો તો સંસાર ન છોડું.

શ્રીકૃષ્ણ- અરે ! તો શું દીક્ષા લીધા પછી મૃત્યુ નહીં આવે ? સાધુ થયા પછી શું નહીં મરો ?

થાવચ્ચાપુત્ર-સંસારીને મૃત્યુ મારેછે અને સંસારી મરે છે, જ્યારે સાધુ સમાધિપૂર્વક મૃત્યુને પણ મારીને એના ઉપર વિજય મેળવીને મરે છે. અર્થાત્ કાળધર્મ પામેછે. સાધુની મૃત્યુ એ આનન્દમય મહોત્સવ બની જાય છે. પંડિત મરણ મરે છે-બસ હવે શ્રીકૃષ્ણજીને કંઈ બોલવાનું ન રહ્યું. પરીક્ષા થઈ ગઈ. સમજી ગયા.

ધન્ય હતા એ થાવચ્ચાપુત્ર મહાન જૈનાચાર્ય બન્યા સંસારને સમજીને છોડી દીધો.

## સંસાર છોડવો સહેલો કે બાંધવો ?

સંસાર બાંધવો એટલે...કણ કણ.. ભેગા કરીને પાળ બાંધવી. મહા

મુશ્કેલીએ સંસાર ઉભો થાય છે. કોઈને પરણાવીએ એટલે શું કહીએ છીએ. સાહેબ ! એને ઘર માંડયો. એને સંસાર માંડયો. કેટલુ કપરૂ છે આ કામ ? અરેરે...છોકરી ચાર મોટી થઈ ગઈ છે, ચાર વર્ષથી મહેનત કરૂં છું પણ શું થાય કોઈ સારો મૂરતીયો મળતો નથી. અરે ઘર બાંધવો છે બંગલો બાંધવો છે પણ શું કરૂ ? અરે ! આજે આ જોઈએ છે, આજે આ લાવવાનું છે. શું થાય ? શું કરશું ? કયારે મળશે....

આજે બધાને સતી સીતા જેવી પવિત્ર પત્ની જોઈએ છે પરંતુ રામ થવા કોઈ તૈયાર નથી. અરેરે ! આજે પવિત્ર રામ જેવા ન્યાયી વીરપુરૂષ સહુને જોઈએ છે પણ સતી સીતા થવા કોઈ તૈયાર નથી. રાવણ થઈને સીતા મેળવવાની ઈચ્છા કરવી અને અપહરણનો વિચાર કરવો એ તો વિનાશને નોંતરવા જેવી વાત છે.

શું કરૂં સાહેબ ! છોકરો ખૂબ ભણેલો અને ડબલ ડીગ્રીવાળો ગ્રેજ્યુએટ છે પણ કોઈ સારી કન્યા મળતી નથી ૩ વર્ષ તો શોધવામાં કાઢયા. આવી અનેક વિટંબણાઓ સંસાર ઉભો કરવામાં નડે છે. સંસાર બાંધવો બહુ જ કપરો છે.

પરંતુ જૂઓ એક સાથે ૩૨ પત્નીઓનો ત્યાગ કરવો કેટલો સહેલો હતો. અઢળક ધન-સંપત્તિનો સંસાર છોડવો પણ જેમને રમત લાગી એવા મહાન આત્માઓ ઈતિહાસના પાને અમર બની ગયા

સંસાર છોડવો કેટલો સહેલો ? અરે રમત વાત છે. એક લાત મારીને નિકળયા કે બસ સંસાર છૂટયો.

સ્થૂલિભદ્ર, કપિલ કેવલિ, જંબુસ્વામી વગેરે અનેક મહાપુરૂષોના જીવનના આદર્શો જોઈએ તો ખ્યાલ આવશે કે સંસાર છોડવો કેટલો સહેલો હતો.

## ક્ષણભરમાં સંસાર છોડી દીધો :

અત્યન્ત વૈભવનો ભરેલો સુખી સંસાર છે. પત્ની પતિને શીતલ

સુગંધી જળ વડે ન્હવરાવે છે ન્હવરાવતા ન્હવરાવતા અચાનક પતિની પીઠ ઉપર આંસુ પડયા. ગરમ ગરમ આંસુથી ચમકી ને ધન્નાજીએ ઉચો નજર કરીને જોયું તો સુભદ્રા રડતી દેખાઈ. અરે ભદ્રે ! આવા સુખી વૈભવી અને વિલાસી સંસારમાં વળી રડવાની જરૂર શું ? બોલ. બોલ. શા માટે રડે છે ' **स्त्रीणां रोदनं बलं** " જેમ "**बालानां रोदनं बलं**" બાળકોને રડવાનું બળ હોય છે તેમ સ્ત્રી પણ રડીને કાર્ય પાર પાડી શકે છે. બધી જ વખતે સ્ત્રીના રડવાની પાછળ દયા દાખવવાનું નથી પણ હેતુ. કારણ અગત્યનું ભાગ ભજવે છે. પતિને ન્હવરાવતા ઓચિન્તુ રડવાનું યાદ આવ્યુ ?

કોણ કોને ન્હવરાવે છે ? નાના હતા ત્યારે તો માં-બાપે ઘણી વાર ન્હવરાવ્યા હશે. પરંતુ દીક્ષા લેવા તૈયાર થયેલા દીક્ષાર્થીને પણ ન્હવરાવવાનું લોકો લ્હાવો ગણે છે. દીક્ષાર્થીને હવે છેલ્લુ ન્હાવાનું છે. ઘણાં ન્હવરાવે છે. પણ શા માટે ? કારણ એ છે કે તમે છેલ્લો ન્હવરાવો છો ! સંસારને જ ન્હવરાવી નાંખ્યો. બસ હવે આખી જિન્દગી મુનિ જીવનમાં પછી ન્હાવાનું નથી. સંસારને છેલ્લી સલામ, તમારા

નામનું સંસારને છેલ્લું સ્નાન બસ.

ધન્નાજી - અરે ભદ્રે ! તૂ શા માટે રડે છે ? બોલ.

સુભદ્રા - ( રડતી આંખે ) હે પ્રાણનાથ ! મારો ભાઈ દરરોજ એક એક પત્ની છોડે છે. શું કરૂં ?

ધન્નાજી—શું દરરોજની એક બસ, એમાં શું મોટી વાત છે. એમાં તુ શું રડે છે ?

—તારો ભાઈ રડે છે ? એમાં તારે રડવાનું શું કારણ છે ? સુભદ્રા ! તુ તો નથી છોડતીને ?

## સંસાર સુખમાં છોડવો સારો કે દુઃખમાં ?

અઢળક ધન-સંપત્તિ અને વૈભવનો ભરેલો સુખી સંસાર હોય

ત્યારે છોડવાનો વિચાર પણ કદાચ ઘણાંને નહીં આવતો હોય ઘણાં એમ જ માને છે કે-સંસાર કોણ છોડે ? જે બેચારા દુઃખી હોય. જેના ઘરમાં ખાવાનું પુરતું ન હોય જેને રહેવાદિ ઘરની તકલીફ હોય, જેના લગ્નાદિ ન થતા હોય, કોઈ ન મળતી કે ન મળતો હોય ત્યારે અથવા કંઈ ખોડ-ખાંપણ હોય અથવા અણબનાવ કલેશ કષાય હોય ત્યારે જ સંસાર છોડાય ?

ના . રખે એવી માન્યતા રાખવાની ભૂલ કરતા...જો જો દુઃખમાં જ માત્ર સંસાર છોડવા જેવો છે, બેચારો દુઃખીયારો જ સંસાર છોડે...રખે એવી માન્યતા રાખતા.

જેને છ ખંડની અપાર રાજ્ય ઋદ્ધિસિદ્ધિ પણ અનિત્ય તુચ્છ લાગી છે, આત્માનો કલ્યાણ માર્ગ સમજાઈ ગયો છે. વૈરાગ્ય જાગૃત થઈ ગયો છે એવા અનેક આત્માઓએ સુખનો ભરેલો સંસાર છોડ્યો છે.

આજે પરણીને કાલે પર, સાથે સંસાર છોડી દીક્ષા લઈ કેવળજ્ઞાન પામી મોક્ષે જનારા જંબુસ્વામીને ધન્ય છે. વંદન કરીએ.

તુરંત પરણ્યા પછી મિત્રો વડે મશ્કરી કરાતા ચંડરૂદ્રાચાર્ય પાસે દીક્ષા લેનાર વરરાજા, જ્યાં હજી હાથે મીંઢળ બાંધેલો છે છતા એજ રાત્રે વિહાર કરતા કેવળજ્ઞાન પામ્યા.

અઢળક સંપત્તિશાળી અપાર ઋદ્ધિના માલિક ધન્ના-શાલિભદ્ર જેવા ભાગ્યવંતોએ સંસાર છોડી અનશન કરી આત્મ કલ્યાણ સાધ્યું.

એવા તો અનેક રાજા મહારાજાઓ, રાજકુમારોએ, રાજકુમારીકાઓએ ધનાઢ્ય શ્રીમંત લક્ષ્મીપતિઓએ ક્ષણભરમાં સંસાર છોડી આત્મ કલ્યાણ સાધી ઇતિહાસના પાને અમર બન્યા છે.

સંસાર એ સંસાર છે પછી ભલે એ સુખનો સુખી સંસાર હોય કે દુઃખનો ભરેલો દુઃખી સંસાર હોય. સંસાર તો છે ને ? બસ તો સંસાર અસાર જ છે. છોડવા જેવો જ છે.

સુભદ્રા— સ્વામિનાથ ! બોલવું એ સહેલું છે પણ આચરવું પાળવું ઘણું કપરું હોય છે. છોડવું ઘણું દુષ્કર હોય છે.

ધન્નાજી—ન્હાતા ન્હાતા ઉભા થઈ ગયા. ઉઠયા બસ ૨ શબ્દોમાં જ આત્મા જાગૃત થઈ ગયો ન્હાતા પાટલા ઉપરથી જ નથી ઉઠયા પણ એમનું મન પણ સંસારમાંથી ઉઠી ગયુ સુભદ્રા! બસ છોડી તને, હું ચાલ્યો, બસ જાઉં છું.

કાયરને દુષ્કર છે પણ શૂરવીરને સહેલું છે. સોહિલું છે. સુભદ્રા અરે.... ..અરે...સ્વામીનાથ! આપ આ શું કરો છો? આપ આ શું બોલ્યા? અરે નાની વાતને મોટું રૂપ કયાં આપો છો? મેં એવું શું કહી દીધું છે? ના...ના...આપ થોભો. જાશો મા ધન્નાજી બસ સુભદ્રા! છોડી એ છોડી! છોડયા પછી પાછી લેવાય? વચન કરેલું પાછુ ન ખવાય બસ કર, તે મારા આત્માને જગાડી દીધો છે.

ધન્ય ધન્ય ધનાજી ક્ષણભરમાં સંસાર ને લાત મારીને નિકળી ગયા જઈને શાલીભદ્રના આત્માને પોકાર્યો બસ બંને તૈયાર પ્રભુ ચરણે અર્પણ, શરણ સ્વીકાર આગારમાંથી અણગાર બન્યા, જગતમાં અમર બની ગયા. ધન્ય એ મહાન ત્યાગીઓને

## અઢળક હોય તો સંસાર છોડવો સહેલો......? કે પછી કંઈ જ ન હોય તો.... ?

ત્યાગ વૈરાગ્ય ભાવના જો મનમાં વસી ગઈ હોય તો તો ૭ ખંડના માલિક ચક્રવર્તી માટે આખો સંસાર છોડવો સહેલો છે, પરંતુ જો ત્યાગ વૈરાગ્યની ભાવના લેશમાત્ર પણ ન હોય તો તો ભિખારી માટે એક ફુટેલું ડબલું પણ છોડવું સંભવ નથી. માટે વસ્તુ કે ધનસંપત્તિ ઉપર ઓછા વધારેનો આધાર નથી પરંતુ મુખ્ય આધાર તો ત્યાગ-વૈરાગ્યની ભાવના ઉપર છે. વસ્તુ કે ધનસંપત્તિ વધારે અઢળક હોય તો પણ પળભરમાં સંસાર છોડનારાઓના ઘણા દાખલાઓ છે એટલા માટે કંઈ જ ન હોય, ઘણી મોટી જાળ ન પાથરી હોય તો જ છોડી શકાય એવું કંઈ જ નથી. ઘણું હોય તો પણ સંસાર છોડી શકાય છે અને ન હોય તો પણ છોડી શકાય માત્ર જ્ઞાનગર્ભિત ત્યાગ-વૈરાગ્યની ભાવના હોવી જોઈએ.

ધન્ય અનાથી અણગાર કે જેમને ભર યૌવનમાં અઢળક ધનસંપત્તિ

અપાર વૈભવ, સુંદર પત્નીઓનો સંસાર છોડીને પરમાત્માના ચરણે ચારિત્રના શરણે સુખી થયા. રોગ તો શમ્યો શમ્યો પણ સંસાર પણ શમી ગયો માટે કહ્યું કે—

ઈણે શરણે સુખીયા થયા, શ્રી અનાથી અણગાર; ।
શરણ લહ્યા વિણ જીવડા, ઈણી પરે રૂલે સંસાર ॥

**સંસાર છોડવાનો પુરૂષાર્થ :**

પ્રાણી બાગમાં કયારેક પાંજરામાં સિંહ જોયો હશે. શું સિંહ હંમેશા સૂતેલો જ હોય છે ? ના. મોટા ભાગે પાંજરાની અંદર ચારે બાજુ, ગોળ–ગોળ અથવા જવા આવવા જેવા આંટા મારતો હોય છે. લોખંડના સળીયામાંથી મોઢું બહાર કાઢવાના પ્રયત્નો કરીને જુએ છે કે કયાંથી નિકળી શકાય છે ?

૧ વાર, ૨ વાર, ૫૦ વાર, ૧૦૦ વાર આંટા મારીને સિંહે જોઈ લીધુ કે કયાંયથી પણ બહાર નીકળી શકાય તેમ નથી તો પછી નીરાંતે એક સ્થાને બેસી રહેવું જોઈએ કે નહીં ? પછી વ્યર્થ આંટા માર્યા જ કરવા એનો શો અર્થ ?

ના ..વ્યર્થ નથી. સતત આંટા મારવાનો અર્થ એ છે કે સિંહની એક પાંજરાના બંધનમાંથી છૂટવાની તમન્ના ભાવના કેટલી પ્રબળ છે ? સતત છૂટવાની ઝંખના છે, શું માનવીની આ દુઃખના સંસારમાંથી છૂટવાની એટલી ઝંખના છે ? સતત ભાવના છે ? જો એક સિંહ જેવી તીવ્ર ભાવના આપણી થઈ જાય તો કેટલું સારૂં ? આપણે વહેલો સંસાર છોડી શકયા હોત. પરંતુ ભાવના ચમત્કાર કે જાદુથી નથી થતી. જ્ઞાનસારમાં પૂજ્ય મહામહોપાધ્યાયજી ફરમાવે છે કે –

बिभेषि यदि संसारात् मोक्षप्राप्तिं च कांक्षसि ।
तदन्द्रिय जयं, कर्तु स्फोरय स्फार पौरुषम् ॥

હે ભાગ્યશાલી ! જો તું આ સંસારથી ડરતો હોય, તને સંસારનો ભય હોય અને જો મોક્ષ પ્રાપ્ત કરવાની તુ સતત ઝંખના કરતો હોય તો તેને અનુરૂપ. ઈન્દ્રિય જય કરી જિતેન્દ્રિય થવા માટે તારૂ વીર્ય ફેરવ. તારી શકિત નો સદુપયોગ કર.

## સંસાર સોહામણો કે બીહામણો ?

સમ્યગ્ દ્રષ્ટિ એનું જ નામ કે જેને સંસાર નો ભય લાગ્યો હોય. શ્રદ્ધાલું શ્રાવક એને જ કહેવાય કે જેને સંસાર ખારો ઝેર જેવો લાગ્યો હોય. સંસાર કડવો લાગ્યો હોય. આપણે આપણી જાત ને અંતરાત્માને પૂછવુ રહયું કે હે આત્મન ! શું તને સંસાર સોહામણો લાગે છે ? કે લોભામણો લાગે છે ? આ સંસાર લોભામણો છે કે બીહામણો લાગે છે ?

જો અંતરાત્મા સોહામણો. એવો જવાબ આપે તો સમજવું કે આ જીવ હજી સુધી વીતરાગ નો ધર્મ પામ્યો લાગતો નથી. સમ્યકત્વ પણ પામ્યો લાગતો નથી. સમ્યકત્વ ના લક્ષણ કે ભૂષણ માટે જે પાંચ ગુણો કહયા છે તેમાં શમ સંવેગ, નિર્વેદ, અનુકંપા અને આસ્તિકય ભાવ આ પાંચ છે.

સંવેગ અને નિર્વેદ શું છે ? સંસાર ઉપર ઉદ્વેગ થવો, કંટાળો જાગવો, સંસાર છોડવા જેવો છે એવુ લાગવુ એ સંવેગ અને નિર્વેદ ભાવ છે. " ભયવં ભવનિવ્વેઓ " જયવીયરાયમાં ભગવાન ને પ્રાર્થના કરતા વિનવામાં આવે છે કે હે ભગવંત ! આપના પ્રભાવથી મને ભવ એટલે સંસાર ઉપર વૈરાગ્ય જાગે. નિર્વેદ ભાવ પ્રગટ થાય એવું ફળ પ્રાપ્ત થજો. જયવીયરાય પ્રણિધાન સૂત્રમાં સમસ્ત માંગણીઓ કરતા પહેલી માંગણી સંસાર ઉપર નિર્વેદ પ્રાપ્ત થાય એવી કરી છે. પછી જ બીજી બધી માંગણી.

સંસાર ભૂંડો છે અને મોક્ષ રૂડો છે
સંસાર છોડવા જેવો છે, અને મોક્ષ મેળવવા જેવો છે.
આ ભાવના જેના મનમાં દ્રઢ થઈ હોય તે જ સાચો શ્રાવક કહેવાય.

શ્રાવક ને "શ્રમણોપાસક" નામ આપવામાં આવ્યુ છે. શ્રમણ એટલે સાધુ. અને ઉપાસક એટલે આરાધક સાધુતા નો જે ઉપાસક છે તે શ્રાવક અર્થાત શ્રાવકના મનમાં સાધુ થવાની સતત ઝંખના હોય છે. સાધુ-સાધ્વી, શ્રાવક-શ્રાવિકા રૂપ ચતુર્વિધ શ્રી સંઘમાં શ્રાવક શ્રાવિકાનુ

પણ એટલુ જ આગવુ સ્થાન છે.

## આર્દ્રકુમાર સંસારના ત્યાગીબન્યા :

બુદ્ધિનિધાન મહામંત્રી અભયકુમારે મિત્રતાના સંબધમાં અનાર્ય દેશમાં વસતા આર્દ્રદેશ ના પાટવી આર્દ્રકુમાર ને એક બહું મૂલ્ય ભેટ મોકલાવી તે અત્યન્ત કિમતી રત્નની પ્રતિમા હતી. એકાંતમાં ઉઘાડી, જોયું, વિચાર કરે છે. અરે ! આ શું છે ? કયાં પહેરવાનું આભુષણ છે ? ઉહાપોહ કરતા જાતિસ્મરણ જ્ઞાન થયું. અને આર્યદેશમાં પહોંચી પ્રભુ મહાવીર ના દર્શન કરી દેશના શ્રવણ કરી પ્રતિબોધ પામી સંસારનો ત્યાગ કરીને દીક્ષા અંગીકાર કરી અણગાર બન્યા.

## સંસાર વધારવો કે ઘટાડવો ?

એક બાવાજી જંગલમાં અવધૂત રૂપે દિગંબર (નિર્વસ્ત્ર) અવસ્થામાં રહેતા હતા. ગામમાં ભિક્ષાર્થે જાય અને ભિક્ષાલાવી વાપરીને પછી નો સમય સાધનામાં ગાળતા હતા. પરન્તુ બાવાજી નિર્વસ્ત્ર ગામમાં આવતા એ લોકોને શરમજનક લાગતું હતું બાવાજી એમના મનથી નિર્વિકારી હશે. પરન્તુ સર્વ જનમાનસ તો નથી ને ? એટલે ગામના લોકોએ બાવાજીને વિનંતિ કરી

—बाबाजी कम से कम एक लंगोटी तो पहनों।
बाबाजी अच्छा भाई दे देना। तो पहन के आऊंगा।

નગરવાસી લોકોએ આપી દીધી. અને બાવાજી લંગોટ પહેરીને આવવા લાગ્યા. એક દિવસ વરસાદ માં લંગોટી પલડી ગઈ. અને બાવાજીએ સૂકવી ને સાધનામાં બેસી ગયા. પરન્તુ ઉદરડાએ કરડી નાંખી. બાવાજી નિર્વસ્ત્ર નગરમાં ગયા. અને લોકોના પૂછતા હકીકત જણાવી.

नगरलोक—तो अच्छा बाबाजी यह एक बिल्ली लेते जाइए, बस उंदर नहीं आएगें !

बाबाजी—अच्छा भाई ठीक है ।

बाबाजी—( दूसरे दिन गांव में आकर ) अरे ! देखो भाई ! बिल्ली को दूध कहां से पिलाऊँ ?

नगरलोक—अच्छा बाबाजी ! यह गाय ले जाओ । दूध पिलाना !

આપનાર તો આપતા આપી દે છે. પરન્તુ લેનારની જવાબદારી ઘણી વધી જાય છે. આપનાર તો છુટયો. પણ લેનાર ફસાયો. હવે ગાય દોહવી. દૂધ બિલાડીને પીવરાવવું વગેરે પ્રવૃત્તિમાં બાવાજી નો સમય જવા લાગ્યો.

बाबाजी—( नगर में जाकर ) अरे भाई ! देखो अब गाय को क्या खिलाउ ? कुछ घास भी दीजिए ।

अच्छा बाबाजी आज तो ले जाइए । लेकिन जंगल में खेती करने के लिए एक खेत देते हैं, आप खेती करना, गाय को घास खिलाना.........आदि आदि आप अपना संसार चलाना.

હવે બાવાજી હળ બળદ વગેરેની માંગણી કરવા નગરમાં ગયા. લોકોએ કહી દીધું બાવાજી ! ક્યાં સુધી માંગશો. હવે તો સંસાર વસી ગયો છે તો તમે હવે સંસારી જેવા જ થઇ ગયા છો તો કરો તમે જાતેજ તમારૂં બધું. હવે તમે બાવાજી નથી રહ્યાં કે બધું માંગતાજ રહો. બસ બાવાજીને ભાન થઈ ગયું કે હા હવે તો હું સંસારી થઈ ગયો છું, હવે તો સાધના પણ કયાં રહી છે ? થોડું થોડું, ધીમે-ધીમે ભેગું કરતા જતા બેચારા બાવાજી સંસારી થઈ ગયા. કયાંક આપણા જીવનમાં એવું ન થઈ જાય. એની તકેદારી રાખવાની છે.

## વિષય+કષાય=સંસાર

હકીકતમાં આ સંસાર છે શું ? સંસાર કોઈ વસ્તુનું નામ નથી. તો શું છે. રસાયણ શાસ્ત્રના વિજ્ઞાનમાં જેમ કહેવાય છે કે $H_2O$=Water અર્થાત્ Hydrogenના બે ભાગ અને Oxeigenનો એક ભાગ એમ મળીને જેમ Water પાણી બન્યુ. તેજ પ્રમાણે વિષય + કષાય બે ભેગા મળીને આ સંસાર બન્યો છે. સર્વત્ર સંસારમાં જ્યાં જોશો ત્યાં વિષય અને કષાય જ જોવા મળશે આ બન્ને ન હોય તો સંસાર નહીં અને હોય તો સંસાર ચોક્કસ.

મોહનીય કર્મ

- દર્શન મોહનીય-૩ + ૨૫=૨૮ ચારિત્ર્ય મોહનીય
- દર્શન મોહનીય-૩
  - સ. મો.
  - મિશ્ર મો.
  - મિ. મો.
- ચારિત્ર્ય મોહનીય
  - ૧૬ કષાય મો.
    - ક્રોધ ૪
    - માન ૪
    - માયા ૪
    - લોભ ૪
  - ૯ નોકષાય મો.
    - હાસ્યાદિષટક: હાસ્ય રતિ, અરતિ શોક, ભય, દુર્ગંછા
    - ૩ વેદ: સ્ત્રીવેદ, પુરૂષ વેદ, નપુંસકવેદ

ત્રણ વેદમાં પડેલી સંજ્ઞા તેજ વિષય અને તેને ભડકાવનાર, વધારવામાં સહાયક નિમિત્ત હાસ્યાદિ છે. અને બન્ને મળીને ૯ નોકષાય મૂળ ૧૬ કષાયને વધારે છે. સહાયક બને છે. તે આ સંપૂર્ણ ચારિત્ર મોહનીય કર્મનોજ આ સંસાર કહેવાય છે. માટે "વિષય + કષાય = સંસાર "ના આ સૂત્રને વ્યવસ્થિત કર્યો છે. સંસારમાં વિષય + કષાય વગરનો કોઈ જીવ નથી.

**સંસાર અને કષાય :** સ્પષ્ટ રીતે તો મૂળભૂત કષાયને જ સંસાર કહ્યો છે.




(૧) અનન્તાનુબંધી (૨) પ્રત્યાખ્યાનીય (૩) અપ્રત્યાખ્યાનીય (૪) અને સંજ્વલન આ ચાર પ્રકારના સર્વ કષાયો છે.

સંસાર કષાયો ઉપર ચાલે છે, અને કષાય સંસારમાં ચાલે છે. જ્યાં સંસાર ન હોય ત્યાં વિષય કષાય ન હોય અને જ્યાં વિષય કષાય ન હોય ત્યાં સંસાર ન હોય અને હોય ત્યાં સંસાર હોય. બન્નેનો અન્યોન્ય પરસ્પર સંબંધ છે.

## આપણે સંસારમાં કે સંસાર આપણામાં ?

આ એક મુંઝવણ ભરેલો પ્રશ્ન છે. દ્વિધાજનક પ્રશ્ન છે. શું આપણે સંસારમાં છીએ કે નહીં ? હા આપણે તો સંસારમાં જ છીએ ને ? સંસાર એટલે વિષય કષાય આપણે સંસારમાં જીવીએ છીએ તેનો વાંધો નથી. પણ સંસાર આપણામાં છે તેનો વાંધો છે પરન્તુ આપણા મનમાં જો સંસારભાવ ન હોય તો આપણે જગતના મહાન યોગી સિદ્ધ થઈ જઈશું ? પણ ના હૈયું ખોલીને જોઈએ તો વિષય-કષાય તો અંદર ભરેલા પડ્યા છે. હનુમાને છાતી ચીરીને બતાવી તો રામ-સીતા દેખાણાં, આપણે છાતી ખોલીને દેખાડીએ તો રાગ-દ્વેષ જ દેખાશે. જેમ એક સીધો ઘડો પાણીમાં ડુબાડ્યો અને ઘડામાં પાણી ભરાઈ

ગયો. તો ઘડો પાણીમાં અને પાણી પણ ઘડામાં તેજ પ્રમાણે આપણે જો સંસારમાં ગળાબૂડ ડૂબેલા રહીશું તો આપણે પણ સંસારમાં અને સંસાર પણ આપણામાં, પરન્તુ ઉધો ઘડો પાણીમાં ડૂબાડતા ઘડામાં હવાના દબાણને કારણે પાણી ભરાતુ નથી પાણી હોવા છતાં ઘડામાં પાણી નથી. આપણે સંસારમાં રહેવા છતા આપણામાં સંસાર નથી. એજ રીતે નિર્લેપ ભાવે, અનાસક્ત ભાવે જો સંસારમાં રહેતા આવડી જાય તો પણ બેડો પાર થઈ જાય.

કલેશે વાસિત મન સંસાર, કલેશ રહિત મન હોય ભવપાર... પૂ. ઉપાધ્યાયજી યશોવિજયજી મહારાજ તો વાસુપૂજ્ય સ્વામીના સ્તવનમાં સ્પષ્ટ કરતા કહે છે કે-કલેશ–કષાયથી યુક્ત મન હોય તો સમજવું કે એ સંસારમાં છે, અને જો કલેશ-કષાય મનમાં હોય તો સમજવું કે આપણો બેડો પાર છે. માત્ર દેહ–શરીરથી સંસારમાં રહેવું એ જૂદી વાત છે, જ્યારે મનથી સંસારમાં અર્થાત્ કષાયમાં રહેવું એ બહુ ખરાબ છે.

જો વિષય કષાય મનમાં ન હોય તો–તનથી સંસારી હોવા છતા પણ સાધુ મનથી સંસારી નથી અને જો વિષય-કલેશ કષાયથી મનયુક્ત હોય તો સાધુ તન-મનથી સંસારી કહેવાશે.

સંસારમાં છતા સંસારી નહીં અર્થાત જલથી કમળ જેમ અલિપ્ત અનાસકત નિર્લેપ રહે છે તેમ જ સાધકે પણ સંસારથી નિર્લેપ, અનાસકત, અલિપ્ત રહેવું જોઇએ. વિષય-કષાયો એતો સંસારના કાદવ કીચડ રૂપે છે.

જીવ

સંસારી | મુકત

**सिद्धाणं नत्थि देहो न आउ न कम्मं न पाण जोणिओ ।**
**साइ अणंता तेसिं ठिई जिणिंदागमे भणिआ ॥**

જેને દેહ, આયુષ્ય, કર્મ, પ્રાણ કે યોનિ વગેરે કંઇજ નથી હોતુ તે સિદ્ધ કહેવાય છે અને તેમની મોક્ષમાં સ્થિતિ સાદિ અનન્ત કહેવાય છે. જ્યારે સિદ્ધવસ્થા મોક્ષથી તદન વીપરીત છે. જ્યાં શરીર જન્મ-જરા મરણ, આયુષ્યકર્મ, પ્રાણ, યોનિ, તથા સ્વકાયસ્થિતિ વગેરે બધાજ ભાવો હોય છે તે સંસારી કહેવાય છે

**કોનો અંત-સંસારનો કે સંસારીનો ?-**

(૧) સાદિ-અનન્ત મોક્ષની સ્થિતિ

(૨) અનાદિ-અનન્ત-સંસારની સ્થિતિ

એક આત્માના સસારનો ક્યારેક અંત આવી જશે, અને એ મોક્ષે ચાલ્યો જશે. મોક્ષમાં પ્રવેશ તે સાદિ. પણ પછી સ્થિતિ અનન્ત. ન અન્ત=અનન્ત. જ્યાંથી પાછા સંસારમાં આવવાનું નથી તેનું નામ મોક્ષ.

જ્યારે સંસારે તો અનાદ-અનન્ત છે. જેનો પહેલો છેડો નથી અને બીજો છેડો પણ નથી. અર્થાત શરૂઆત નથી અને અન્ત નથી માટે અનાદિ-અનન્ત સંસાર છે. અનન્ત કાળ સુધી સંસાર જેવો છે તેવોજ રહેશે. ભૂતકાળમાં પણ એવો જ હતો આજે પણ એવોજ છે અને ભાવિમાં અનન્ત વર્ષે પણ એવોજ રહેશે.

સંસારનો નથી પ્રલય, કે વિનાશ, નથી ઉત્પત્તિ વિલય. કોઇ સૃષ્ટિનો ઉત્પન્ન કરનારો કે નાશ કરનાર પણકોઇ નથી. માટે સંસાર પ્રવાહની દૃષ્ટિએ સતત ગતિશીલ રહેશે. કોઈ સંસારીનો અંત આવશે. પણ સંસારનો નહીં. કારણ ક્યારેય મોક્ષેન જનારા અભાવી જીવો, તથા જાતિભવ્ય, દુર્ભવ્ય જીવો તો કાયમ સંસારમાંજ રહેવાના છે. પછી પ્રલય શેનો અને સર્જન શેનું ? માટે સંસારનો અન્ત નથી આવવાનો સંસારીનો અન્ત આવશે. ભવ્યો મોક્ષે જશે.

**સંસાર છોડવો કે સંસારીને છોડવા.**

જ્યારે પણ છોડવાની વાત આવે ત્યારે સંસાર અને સંસારી બન્ને ને છોડવા જરૂરી છે. સંસાર છોડ્યો પરન્તુ સંસારીનો સંબંધ ન છોડ્યો, સંસારીને જો ન છોડયા તો શું કામનું ? શું દીક્ષા લઇને આખી જિન્દગી ઘરમાં રહેવાશે ? ના. એક પૌષધ લઈને ઘરમાં નથી

રહી શકતા તો દીક્ષા લીધા પછીની વાત જ ક્યાં રહી ?

સંજોગ મૂલા જીવેણં, પત્તા દુખ્ખ પરંપરા ।
તમ્હા સંજોગ સંબંધં, સવ્વં તિવિહેણ વોસિરિઅં ॥

સંયોગાદિ સંબંધના કારણે જ જીવ દુઃખની પરંપરામાં પડયો છે. તેથી જ સંજોગ સંબંધ પણ મન, વચન, કાયાથી ત્રિવિધે વોસિરાવું છું.

સંસાર છોડવો છે કે સંસારીનો સંબંધ છોડવો છે ? સંસાર છોડયા પછી પણ સંબંધ જો ન છોડયો તો પણ વ્યર્થ અને સંબંધ છોડયા પછી પણ જો સંસાર ન છોડયો તો પણ વ્યર્થ. માટે સંસાર અને સંસારી તથા સંબંધ બધું જ છોડવુ જરૂરી છે.

**તીર્થંકરોએ પણ સંસાર છોડયો.**

કોઈ કાળે એવું અચ્છેરૂં પણ નહીં થાય કે કોઈ તીર્થંકરને સંસાર ન છોડતા દીક્ષા ન લેતા ઘેર બેઠા કેવળ જ્ઞાન થયું હોય. સંભવ નથી તીર્થંકર પરમાત્મા નિયમાં સંસારનો ત્યાગ કરી. મહાભિનિષ્ક્રમણ કરી દીક્ષા લઈ ઉપસર્ગોનિ સહન કરવા વગેરેની ધ્યાન–કાયોત્સર્ગની સાધના સાધી ઘનઘાતી ચારે કર્મો ખપાવીને જ કેવળ જ્ઞાન પામે. પરમાત્માએ પોતે સંસાર છોડયો માટે જ સર્વેને સંસાર છોડવાનો ઉપદેશ આપ્યો.

**શાશ્વત ઉપદેશ :**

જેટલાય તીર્થંકર ભગવંતો ભૂતકાળમાં થયા કે, વર્તમાન વીચરતા છે, અથવા પદ્મનાભાદિ ભાવીમાં થશે તે સર્વે તીર્થંકરોની દેશનામાં એક વાકયતા જો કોઈ હોય તો તે " સંસાર અસાર છે "

**"संसारम्मि असारे नत्थिहुह वाहि वेअणा पउरे ।**
**जाणंतो इह जवो, न कुणइ जिण देसिज्झंधम्मं ॥**

સંસાર અસાર છે, અસાર સંસાર માં કોઇ સુખ નથી. કારણુ વ્યાધિ-વેદનાથી ગ્રસ્ત આ સંસાર છે, પરન્તુ આટલુ જાણતો હોવા છતા જીવ સંસાર છોડતો નથી અને જિનેશ્વર પરમાત્માએ કહેલ ધર્મ કરતો નથી.

આજે કદાચ પૈસો ટકો છે એટલે તમે સંસારને કંસાર જેવો કહેશો પરન્તુ ના સંસાર તો અસાર જ છે. આ સર્વ તીર્થંકરોની દેશનાનો સાર છે. કોઈ કાળે કોઇ પણ તીર્થંકર સંસાર સારભૂત છે એવું તો નહીં જ કહે. સંસારતો અસાર જ છે.

અસાર સંસારમાંથી સાર શોધવું અર્થાત પાણી વળોવીને માખણ કાઢવાની વાત કરવી. એ સંભવ નથી સંસારમાં સુખ નથી સુખતો સંસાર છોડવામાં જ છે. જેમણે સંસાર છોડયો તે ખરેખર સુખી થયા અને જે સંસાર નથી છોડી શકયા તે ભારે દુઃખી થયા. અને માટે "સંસાર અસાર છે" એ સર્વ તીર્થંકરોની દેશનાનો એક સૂર છે, સાર છે.

## મધુ બિન્દુ જેવો સંસાર.

એક માણસ ભાગી ને બચવા ખાતર ઝાડની ડાળ પકડીને લટકી ગયો છે, પરન્તુ પાછળ જ હાથી દોડતો આવે છે, હાથી સૂંઢ વડે આખો ઝાડ જ મૂળમાંથી ઉખેડવા મથી રહ્યો છે. બીજી બાજુ કમનશીબે જે ઝાડ ઉપરમુસાફર લટકયો છે તેની નીચે મોટો કૂવો છે. કૂવામાં મોટા ૪ અજગરો મોઢુ ફાડીને ખાવા તૈયાર છે. અને જે ડાળ ઉપર લટકયો છે તે ડાળને નોળીયા જેવા બે ઉંદરો કરડી રહ્યા છે. એવી વિકટ પરિસ્થિતિમાં તીર્થયાત્રાએ જતા કોઈ દેવને વિમાન માં પાસે બેઠેલી દેવી કહે છે. જરા ઉભા રહો આ બેચારા સંસારી માણસને બચાવી લઈએ. દુઃખમાંથી ઉગારી લઈએ. એમ વિચારી દેવ વિમાન પેલા લટકતા અને દુઃખમાં ઘેરાયેલા, મોતના મોઢામાં જવાની તૈયારી વાળાને બચાવવા એની બાજુમાં લઈ ગયા. દેવે કહ્યું

ચાલ ભાઈ બેસી જા વિમાનમાં, તને બચાવીને લઇ જઇએ.

માણસ કહે છે. પ્રભુ સારૂં. એક મિનિટ ઉભા રહો હું આવું છું અરે આશ્ચર્ય ! મૃત્યુ જ્યાં ઉપર-નીચે ચારે બાજુથી નજર સામે હાજર છે છતા પણ ૧ મિનિટ ઉભા રહેવુ ? કારણ એક જ છે– ઉપરની ડાળમાં પર રહેલા મધ પુડામાંથી મધનું ટીપુ પેલા માણસના કપાળ ઉપર પડયુ એટલે જીભથી ચાટી બહુ ગળ્યુ લાગ્યુ એટલે કહ્યું ૧ મિનિટ ઉભા રહે, ચાલો, મધનું ટીપુ પડીપણ ગયું ચાટયું, પણ ફરી બીજી વાર ફરી ત્રીજી વાર એમ જ ચાલ્યુ દેવ તો આશ્ચર્ય સાથે વિમાન લઈને ચાલ્યા ગયા કોને તારવા ? જેને તરવુ હોય એને ? પોતાને જ ન તરવું હોય એને પરાણે ભગવાન પણનથી તારી શકતા.

## મધુ બિન્દુની આશામહી ભય માત્ર હું ભૂલી ગયો

રત્નાકર પચ્ચીશીમાં કહ્યું. હે પ્રભુ ! એકમાત્ર મધના ટીપાની આશામાં ને આશામાં હું આટલા બધા ભયો ભૂલી ગયો. ખરેખર મારી દશા કેવી કફોડી થઈ ?

જે હાથી છે એ

જે બે ઉંદરો છે તે રાગ દ્વેષ રૂપી મૂળ કર્મ છે. જે ચાર અજગરો છે તે ક્રોધ માન, માયા, અને લોભ રૂપ ચાર કષાયો છે. અને મધના ૧ ટીપાના સ્વાદ જેવો માત્ર વૈષાયિક સુખ છે ચારે તરફના પારાવારા દુઃખોની વચ્ચે પણ જીવ એક માત્ર ક્ષણિક વૈષાયિક સુખની લાલસામાં સુખી થવાની સુખી રહેવાની મદાર બાંધી રહયો છે. પરન્તુ નીચે ઉંડા કુવામાં (ખાડામાં) પડવાનો તેને કોઈ ભય નથી.

## સંસારને અપાયેલી ઉપમાઓ :

एवं अणोरपारे संसारे सायरम्मि भीमंमि ।
पत्तो अणंतखुत्तो जीवेहिं अपत्तधम्मेहिं ॥

જીવવિચારમાં શ્રી શાન્તિસૂરી મહારાજ ફરમાવે છે કે દુઃખે કરીને પાર પામી શકાય એવા ભયંકર સંસારરૂપ સમુદ્રમાં જીવ અનંતીવાર ફસી ગયો કારણ જીવે ધર્મ પ્રાપ્ત ન કર્યો માટે અપ્રાપ્ત ધર્મ વાળા જીવની સ્થિતિ એવી જ થાય છે. અનન્તીવાર આ ભયંકર સંસાર સમુદ્રમાં પડયો.

## સંસાર તમને વળગ્યો છે? કે તમે સંસારને વળગ્યા છો?

રસ્તા ઉપર એક યુવાન ઇલેક્ટ્રિક ના થાંભલાને વળગીને ઉભો છે. બુમો પાડે છે બચાઓ બચાઓ. બે ચાર સજ્જનોને દયા આવી. બચાવવા આવ્યા. બે જણાએ જમણો હાથ, બે જણાએ ડાબો હાથ પકડી ને ખેંચવા માંડયા પણ પેલા યુવાને એટલાજ જોરથી હાથ પકડી રાખ્યા. ન છુટયો સજ્જનો થાકી ને જુએ છે અરે કેમ નથી છુટતો? શું વાત છે? શું થાભલાએ માણસને પકડયો છે કે માણસે થાંભલાને પકડયો છે?

ભેદ ઉકલી ગયો. અરે આ યુવાને થાંભલાને પકડયો છે. સજ્જનોએ ૨-૪ લાફા જોરથી માર્યા. બસ હાથ છૂટી ગયા, થાંભલો છૂટી ગયો.

ભાગ્યશાળી! કદાચ આપણું પણ એવુંજ તો નથી ને? આપણે પણ બૂમો પાડી એ છીએ સાહેબ બચાઓ! છોડાવો આ સંસારથી, બહુ દુખી-દુખી થઈ ગયો છું. પણ વિચારતો કરીલો, સત્ય ને શોધી લો કે સંસાર તમને વળગ્યો છે કે તમે સંસારને વળગ્યા છો, સંસાર તમને પકડી ને બેઠો છે કે તમે સંસાર ને પકડી ને બેઠા છો? સંસાર તો કંઈજ નથી. એની શું તાકાત કે એ તમને વળગીને રહે? ના માણસજ સંસારને વળગી ને રહ્યો છે. તો કદાચ ૨-૪ લાફાના પ્રયોગથી સંસાર છોડાવવો? અરે રે.....

ભાગ્યશાળી જ્યારે ત્યારે સંસાર તમારે જ છોડવો પડશે. કોઈ છૂટકો નથી સંસાર છોડયા વગર. જો તમે સમજીને સંસાર

નહીં છોડો તો એક દિવસ સંસાર તમને ચોક્કસ છોડવાનો છે. એમાં બે મત નથી, કોઈ શંકા નથી. પરન્તુ સંસાર તમને છોડશે ત્યારે રડતી આંખે, આંસુ સારતા જશો, એના કરતા બહાદુરીથી, હિમ્મત થી, હસતા હસતા મરજીયાત સંસાર છોડવો કેટલો સારો ? શા માટે ફરજિયાત છોડો છો, આમે છોડયા વગર ચાલે એમજ નથી તો જરા મર્દ થઈને હસતા હસતા છોડોને—યમરાજ તમને સંસાર છોડાવે એના કરતા પહેલા આપણે સંસાર છોડીને યમરાજ ને જ બતાવી દઈએ ? એમાંજ આપણી મર્દાનગી છે. બહાદુરી છે –

## સંસાર દાવાનલ

સંસાર દાવાનલ દાહ .. ...નીરં,.....ક્રોધ
સંમોહ ધૂલિ-હરણે........ સમીરં; ...માન
માયા-રસા-દારણ–સાર...... . ...સીરં ।..... માયા
નમામિ વીરં ગિરિસાર..... ...ધીરં ॥..... લોભ

સંસાર એક સળગતા દાવાનલ જેવો છે.

શ્રીવીરપ્રભુ સંસારરૂપ દાવાનલના દાહને શમાવવા, અર્થાત્ ક્રોધને શાન્ત કરવા નીરં કહેતા પાણી સમાન છે, તે જ પ્રકારે માનને શમાવવા સમીર અર્થાત્ પવન સમાન છે, માયારૂપી પૃથ્વીને છેદવા સીરં કહેતા હળ સમાન છે, અને સોનાના મેરૂપર્વત જેવા લોભને હણવા પ્રભુ વીર છે.

## રાણી થવું હોય તો દીક્ષા અને દાસી થવું હોય તો લગ્ન :

શ્રીનેમિનાથ ભગવંતની દેશના શ્રવણ કર્યા પછી શ્રીકૃષ્ણ મહારાજાએ જાહેર કર્યું કે જેને જેને દીક્ષા લેવી હોય તે લઇ લો અને દ્વારિકાના દાહમાંથી બચી જાઓ. આ શ્રવણ કરી ઘણાંએ પ્રભુ પાસે જઈ ચારિત્ર્ય અંગીકાર કર્યું.

શ્રીકૃષ્ણ મહારાજા પોતાની ઘણી દીકરીઓને દીક્ષા ગ્રહણ કરવા સમજાવતા. પુત્રીઓ જ્યારે લગ્નયોગ્ય વયવાળી થતી ત્યારે શ્રીકૃષ્ણ વાસુદેવ દરેકને પૂછતા; બોલો તમારે દાસી થવું છે કે રાણી ? દાસી

થવામાં તો બહુ દુઃખ છે, ઘણી વેઠ ઉતારવી પડશે જ્યારે રાણી થવામાં મજા. બધા પગે પડશે, સેવા કરશે. જે દીકરી એમ કહેતી કે રાણી થવું છે તો રાજા તેને દીક્ષા અપાવી દેતા. અને ખરેખર દીક્ષા લીધા પછી તે રાણી જ નહીં મહારાણી જેવી શોભતી. સર્વ લોકો પગમાં પડતા, નમસ્કાર કરતા, તેમની પાસે ધર્મશ્રાવણ કરતા વગેરે વગેરે.

પરન્તુ એક દિવસ એક રાણીએ પોતાની કન્યાને શિખવાડી દીધું જોજે હો તું રાણી થવું છે એમ ન બોલતી, દાસી થવું છે એમ જ બોલજે, એટલે તને પરણાવશે.

પ્રસંગે શ્રીકૃષ્ણ મહારાજાએ પૂછ્યું એટલે કન્યાએ કહ્યું – મારે તો દાસી થવું છે. એટલે મહારાજા શ્રીકૃષ્ણે નગરના એક સામાન્ય ગૃહસ્થ વીરા સાળવી સાથે તેના લગ્ન કરાવ્યા, અને પછી શ્રીકૃષ્ણે કહી દીધું- બધું કામ એની પાસે કરાવજો. સારું અને કપડાં ધોવાં, વાસણ માંજવાં, ઝાડુ કાઢવું વગેરે બધું કરાવશો.

પેલીને થયું અરેરે ! હું રાજકુમારી અને ઝાડુ કાઢું ? શું હું કપડાં ધોવું ? શું હું વાસણ માંજું ? અરે ! શું રસોઇ મારે કરવાની ? અરેરે ! ખરેખરો દાસી થવાનો વખત આવ્યો, એના કરતાં રાણી થવાનું કહ્યું હોત તો ? સાસરે ખૂબ દુઃખ પડતા કન્યા રાજમહેલે પાછી આવી.

પિતાજી ! ના મારે દાસી નથી થવું. હું તો ખુબ કંટાળી ગઇ છું. હવે મને રાણી બનાવો અને શ્રીકૃષ્ણે એને સાધ્વીજી પાસે ચારિત્ર અપાવી સાધ્વી બનાવી

આજે શ્રીમંતાઈ દેખાડવા લોકો કામ શ્રીમતિ પાસે કારવતા નથી. નોકર રાખે છે. પત્ની પાસે કામ તો કરાવતા જ રહેશો તો જ કંઇક કામ સંજ્ઞા ઓછી થશે થાકે ત્યાં સુધી કામ કરાવતા રહેવું જેથી મન નવરું પડે નહીં અને કામ સંજ્ઞા ભડકે નહીં. જેથી મન બીજે ખેંચી ન જાય.

સંસારને વળગશો નહીં. વળગેલાને વળગશો નહીં, વળગાડ કાઢવી બહુ ભારે પડશે. પરણેલીને પરણશો નહીં. સંસાર બગડતા

વાર શી ! આજે કોનો સંસાર સુખી છે ? આજે પરણ્યા ને કાલે છૂટાછેડા. આ કાળમાં આજે આ પ્રમાણ વધતું જ જાય છે. એંશી વર્ષના ઘરડા ડોસાને પણ-આઠમી વાર પરણવાનું મન થાય છે. અરેરે, કામાંધતાની કેવી કરુણ કથા છે આ !

## નિયાણાનો સંસાર :

સંસાર તો રાગદ્વેષનો બનેલો છે. રાગ પછી દ્વેષ અને દ્વેષ પછી રાગ, આ ચક્ર ચાલ્યા જ કરે છે. રાગ પછી દ્વેષ તો સંસારમાં સૌએ એંશી ટકા જોવામાં આવતો હશે પરંતુ દ્વેષ પછી રાગ તો કદાચ ૫-૧૦ ટકા પણ જોવામાં આવતો હશે કે કેમ એ એક પ્રશ્ન છે. આજે પરણ્યા અને કાલે બાળી નાંખી આજે વસ્તુ ગમી અને કાલે ફેંકી ફોડી નાંખી આજે એક ભાણે બે ભાઈ જમ્યા અને કાલે અબોલા લીધા

નિયાણું રાગનું પણ થાય છે અને દ્વેષનું પણ થાય છે. રાગના નિયાણામાં રાગના ભવોની પરંપરા ચાલે છે. નેમ અને રાજુલ વચ્ચે નવ-નવ ભવનો રાગનો સંસાર ચાલ્યો પૃથ્વીચંદ્ર ગુણસાગર ચરિત્રમાં શંખ અને કલાવતીના ભવથી ૨૧ ભવ રાગના નિયાણાના ચાલ્યા જ્યારે ભગવાન શ્રી પાર્શ્વનાથના ચારિત્રમાં મરૂભૂતિ અને કમઠ જેવા એકમાંના બે પુત્રો સગાભાઈની વચ્ચે દશ-દશ ભવ વેરઝેરના દ્વેષના નિયાણાના ચાલ્યા.

### શ્રીપાર્શ્વનાથના ૧૦ ભવો

(૧) કમઠ-મરૂભૂતિ-સગા ભાઈ
(૨) સાપ-હાથી
(૩) નારકી-દેવ
(૪) સર્પ મનુષ્ય રાજા
(૫) નારકી-દેવ
(૬) ભીલ મનુષ્ય રાજા
(૭) નારકી-દેવ
(૮) સિંહ-ચક્રવર્તી
(૯) નારકી-દેવ
(૧૦) કમઠ-પાર્શ્વનાથ
મેઘમાલીવ્યંતર

### સમરાદિત્યના ૯ ભવો

(૧) ગુણસેન-અગ્નિશર્મા-મિત્ર
(૨) સિંહરાજા-આનંદ-પિતા-પુત્ર
(૩) શિખીકુમાર-જાલિની-પુત્ર-માતા
(૪) ધન-ધનશ્રી-પતિ-પત્નિ
(૫) જય-વિજય-સગા ભાઈઓ
(૬) ધરણ-લક્ષ્મી-પતિ-પત્નિ
(૭) સેન વિષેણ પિતરાઈ ભાઈ
(૮) ગુણચંદ્ર-વાણવ્યંતર
(૯) સમરાદિત્ય-ગિરિસેન ચંડાલ

આ પ્રમાણે દ્વેષના નિયાણામાં સળગેલો સંસાર પહેલા ભવથી જ ચાલુ થઈ ગયો છે અને પાછા બન્ને દુશ્મનો સગા ભાઈ, પતિ–પત્નિી, મા–દીકરો પણ થાય છે છતાં પણ વેરની પરંપરા તો ચાલ્યા જ કરે છે પરંતુ આરાધક મરૂભૂતિ અને ગુણસેનનો આત્મા સંસારનો અંત કરીને મોક્ષે ચાલ્યા ગયા અને વિરાધક, હિંસક વૃત્તિવાળા વેરવૃત્તિ ધરાવનારા અગ્નિશર્મા અને કમઠનો તો અનંત સંસાર વધી ગયો. હજી પણ અનંત કાળ સંસારમાં ૮૪ના ચક્કરમાં રખડપટ્ટી કર્યા જ કરશે.

સંસાર ક્યાંક રાગના નિયાણાનો તો ક્યાંક દ્વેષના નિયાણાનો ચાલ્યા જ કરે છે. એ અટકતો નથી. બાપુજી ! હું પરણીશ તો આને જ પરણીશ, નહિતર મરી જઈશ પણ બીજીને તો હરગીજ નહીં પરણું. આ શું નિયાણું નથી સૂચવતું ? હા, નિયાણાનો જ સંસાર છે.

**સંસાર ચક્ર :**

**(૧ અશોક ચક્ર, (૨) સુદર્શન ચક્ર, (૩) ચક્રરત્ન ૪ ધર્મચક્ર (૫ કાળચક્ર (૬) સંસાર ચક્ર (૭) સિદ્ધ ચક્ર**

(૧) જે રૂપિયાના ચલણ ઉપર અંકિત છે તે અશોક ચક્ર
(૨) શ્રીકૃષ્ણ મહારાજાના હાથમાં છે તે સુદર્શન ચક્ર
(૩) જે ચક્રવર્તીની આયુધશાળામાં ઉત્પન્ન થાય તે ચક્રરત્ન.
(૪ જે ધર્મ ચિહ્ન તરીકે પ્રભુ આગળ આકાશે ચાલે તે ધર્મચક્ર.
(૫ ૧૦ કોડાકોડી સાગરો પ્રમાણ ઉત્સાર્વિણીના ૬ આરા અને તેટલા જ કાળપ્રમાણ અવસાર્વિણીના ૬ આરા મળી કુળ ૨૦ કોડાકોડી સાગરોપમ પ્રમાણ ૧ કાળચક્ર
(૬) ચારગતિમાં ૮૪ જીવયોનિમાં સતત પરિભ્રમણ તે સંસારચક્ર
(૭) ૨ દેવ + ગુરૂ + ૪ ધર્મના નવપદમય મંડળ તે સિદ્ધચક્ર.

બધામાં સર્વોપરિ સર્વશ્રેષ્ઠ એક માત્ર અદ્વિતીય ચક્ર તે સિદ્ધચક્ર છે જે સંસારચક્રનો સદાના માટે અંત લાવે છે, માટે એની જ આરાધના ઉપાદેય છે, સર્વશ્રેષ્ઠ છે.

એક ગતિમાંથી બીજી ગતિમાં, એક જન્મમાંથી બીજા જન્મમાં, એક શરીર છોડી બીજા શરીરમાં, એક યોનિમાંથી બીજી યોનિમાં સતત ગમનાગમન અર્થાત્ જન્મ મરણ ચાલ્યા જ કરે તે ચતુંર્ગતિરૂપ સંસાર ચક્ર છે. આ સંસારચક્ર માંથી છૂટવા સિંહની માફક સતત પ્રયત્ન કરવો, સંસારની ભવપરંપરાનો અન્ત લાવવા પ્રયત્ન કરનાર ભવભીરુ આત્મા. અરે ! અન્ત આજે જ ન લાવી શકાય તો સંસાર (ભવ) ઓછા કરવા સતત પ્રયત્ન શીલ રહેવું

## સંસારના રાગી નહીં, પણ ત્યાગી. બનો
## જે છોડવા જેવું છે તે આજથી જ છોડતા શિખો

સંસારના ત્યાગની ભાવના ભાવનારજ સાચો શ્રાવક કહેવાય. અને સંસારના રાગની ભાવના વાળો અજ્ઞાની. સંસારી કહેવાય.

સંસાર રાગદ્વેષનો બનેલો છે. રાગ દ્વેષ થી જ નભે છે. ટકે છે, અને રાગ દ્વેષ ઉપરજ ચાલ્યા કરે છે. જો રાગ દ્વેષ છોડવાજ છે, અને રાગ દ્વેષ છોડીને વીતરાગી થવું જ છે તો પછી વીતરાગી થવા માટે સંસાર ચોકકસ છોડવો જ પડશે. કોઈ તીર્થંકરને ઘરે બેઠા ગૃહસ્થ વેષે કેવળજ્ઞાન નથી થયુ સંસારીપણે તીર્થ નથી. સ્થાપ્યું નિયમા તીર્થંકરો સંસાર છોડવાના જ માટે " डिक्षा श्री जिन सेविता " કહેવામાં આવ્યું છે અને "ચારિત્ર વિણ નહીં મુકિતરે:" શાસ્ત્રોમાં કહેવામાં આવ્યુ છે.

સંસાર છોડ્યા વગર ઘરમાં દીક્ષા લઈને રહેવું કે પૌષધ લઈને રહેવું શક્ય નથી. આજે આ ભવે નહીં તો કદાચ એના પછીના ભવે. અરે ! હજારમાં કે લાખમાં ભવે પણ સંસાર છોડ્યા વગર છુટકો જ નથી. જો મોક્ષે જવું હોય તો. ભૂતકાળમાં અનન્ત કાળચક્રો પૂરા થઈ ગયા છે. તો આ ભાવના ૫૦ ૧૦૦ વર્ષનો એ અનન્તમાં ઉમેરો થાય તો કંઈ જ આશ્ચર્ય નથી. આટલા અગાધ સમુદ્રમાં નદીઓ પાણી ઢલવે છે છંતા સમુદ્રને કોઈ અસર નથી. બંધો છલકાય છે પરન્તુ સમુદ્ર છલકાતો નથી. હજી સુધી તો મર્યાદામાં છે ત્યાં સુધી છે સારું છે. બસ જે દિવસે સમુદ્ર મર્યાદા મૂકશે તે દિવસની કલ્પના પણ કરવી અશક્ય છે.

માટે જ સંસાર ત્યાજ્ય છે. જો સંસાર છોડવા જેવો જ છે તો પછી આજથી જ થોડું થોડું છોડતા શિખીએ. છોડતા જ જઈએ. બસ, જો છોડવાના સંસ્કાર પડી ગયા તો એક દિવસ સંપૂર્ણ સંસારને છોડી મુક્ત બની શકીશું.

## જમીન બચાવવા સંસાર છોડાવ્યો :

બ્રિટીશરોના શાસનમાં ઉત્તર પ્રદેશના એક જમીનદારની બધી જ જમીન સરકારે લેવાની તૈયારી બતાવી અને જો જમીનદાર જીવતો રહે તો બધી જ જમીન જાય એમ હતી. જમીનદારે આપત્તિમાંથી સંપત્તિને બચાવવા લોકમાન્ય ટિળકને પોતાનો કેસ સોંપ્યો.

ટિળકે તેને સમજાવ્યો : જો તું "સિવિલ ડેથ" સ્વીકારે તો તારી જમીન બચી જાય પણ સર, આ હું સમજી નથી શકયો. હું મરી જાઉં અને જગ્યા બચે. અરે ! આ કયો ન્યાય ?

ટિળક– ના, એમ નહીં. કોર્ટની ભાષામાં સન્યાસ લેવાને " સિવિલ ડેથ " કહેવામાં આવે છે. માટે જો તમે સંસાર છોડીને સન્યાસી થઈ જાઓ તો તમારી જગ્યા બચી જાય; તો સરકાર તમારી જમીન જપ્ત કરી ન શકે.

અને ટિળકે તેને સન્યાસ અપાવ્યો, પેલાએ સન્યાસ લીધો. હવે અસીલ ન હોવાથી પેલાના વારસદાર છોકરાઓ કાયમ માટે જગ્યાના માલિક બન્યા પરંતુ અસીલે તો સન્યાસ સ્વીકાર્યો. છૂટી ગયો આ સંસારથી, સદાના માટે બચી ગયો આ સંસારની સળગતી રાગ-દ્વેષની હોળીથી સંસાર છોડવા માટે ધન-ધાન્ય, જગ્યા-ઘર, બાગ-બગીચા બંગલા બધું જ છોડવું પડશે.

**काले अणाइ निहणे, जोणिगहणम्मि भीसणे इत्थ ।**
**भमिया भमिहंति चिरं, जीवा जिणवयणमलहंता ॥**

૮૪ લાખ જીવયોનિમાં એક પછી બીજી ગતિ અને જાતિમાં સતત એકધારી વણથંભી જન્મ-મરણની કૂચને અનાદિ-અનન્ત કાળ સુધી પાણીના સતત વહેતા પ્રવાહની જેમ ભયંકર ભીસણ સંસારમાં જીવો જિનવચનને ન પ્રાપ્ત કરતા ભમ્યા છે. હજી પણ નમી રહ્યા છે અને ભમશે સંસારચક્રની આ ભ્રમણજાળમાંથી છૂટવાનો એક માત્ર ઉપાય છે જિનવચનની શ્રદ્ધા ધારણ કરી જિનવચનના સિદ્ધાંત મુજબ આચરણ કરવું અને જીવનસાધનામાં સર્વકર્મનો ક્ષય કરવો. સમ્યક્ત્વની પ્રાપ્ત એ જ મોક્ષનું નિર્ણય કરાવે છે.

**ક્રમશઃ સંસાર ચક્ર :**

જેમ ગાડીનું ચક્ર (વ્હીલ) સતત ફર્યા કરે છે, નીચેનો ભાગ ઉપર અને ઉપરનો ભાગ નીચે એમ સતત ગોળાકાર સ્થિતિમાં ફર્યા કરે છે તેમ જીવ પણ ઘાંચીના બળદની જેમ સતત ગોળ ગોળ ફર્યા કરે છે.




રાગદ્વેષ એ જ સંસારનું મૂળ છે. કર્મનું મૂળ પણ એ જ છે. એનાથી જ કર્મ બંધાય છે અને પછી, જન્મ-મરણની ભવપરંપરા એનાથી જ વધે છે. સુખ-દુઃખ પણ એના જ આધારે છે–કર્મનો સંસાર અને સંસારમાં કર્મ, ફરીથી કર્મ બાંધવા અને ફરી સંસારમાં દુઃખી થવું, અને ફરી દુઃખી થઈને દુઃખમાં સંસાર ઊભો કરવો પાપથી દુઃખ,

દુખમાં કર્મ અને કર્મની ફરી સંસાર—આ ચક્ર ચાલ્યા જ કરે છે.

ગતિ–જાતિ — કર્મ   જન્મ-જરા–મરણ — ભયો — સુખ–દુઃખ

અનન્તી
ભવપરંપરા

વૈષયિક
સુખ–ભોગે

પાપ–પુણ્ય

સંસાર

મોહ–માયા
મમત્વ

રાગ–દ્વેષ

પુત્ર–પત્નિ આદિ પરિવાર — આપત્તિ સંપત્તિ — સંબંધીઓ શત્રુઓ — પ્રેમ વેર–ઝેર   કષાયો

**સંસાર એક મુસાફરખાનું છે :**

એક બાવાજી પોતાના કમંડળ, પોટલા અને બિસ્તર સાથે એક રાજાના રાજમહેલમાં ઘૂસી ગયા અને વચ્ચોવચ્ચ રાજા સામે પથારી પાથરીને સૂઈ ગયા. બધા લોકો જોઈ જ રહ્યા : અરે આ શું ?
રાજા– અરે બાવાજી ! બે-ત્રણ વાર બૂમ પાડે છે. પછી બાવાજી જાગ્યા
રાજા—અરે બાવાજી ! શું આ મુસાફરખાનું કે ધર્મશાળા છે તમે આવી રીતે આવીને વચ્ચે સૂઈ ગયા છો ?
બાવાજી—હા રાજન્, મુસાફરખાનું જ છે. નહીં તો બીજું શું છે ?
રાજા—અ રે બાવાજી ! ઊભા થઈને ચાલ્યા જાઓ. આ મુસાફરખાનું નથી અને નથી ધર્મશાળા, આ તો રાજમહેલ છે.
બાવાજી—અચ્છા રાજન્ ! તો મુસાફરખાનું કોને કહેવાય છે ?
રાજા—અરે એટલી ખબર નથી બાવાજી ? જ્યાં એક આવે અને બે જાય, બે આવે અને એક જાય જ્યાં આવ–જા ચાલ્યા જ કરે એનું નામ મુસાફરખાનું.
બાવાજી—અચ્છા રાજન્ ! તમારા પહેલા આ રાજમહેલમાં કોણ રહેતું હતું ?
રાજા—મારા પિતાજી.

બાવાજી– તમારા પિતાના પહેલા કોણ ?
રાજા મારા દાદા.
બાવાજી - એમના પહેલા ?
રાજા—મારા પર દાદા.
બાવાજી – એમના પહેલા કોણ ?
રાજા મારા દાદા ના દાદા.

બાવાજી - એમના પહેલા કોણ ? એમ બાવાજી એમના પહેલા કોણ એવી રીતે પૂછતા જ ગયા પરંતુ રાજા પાસે જેટલી જાણકારી હતી એટલી આપી દીધી. હવે રાજા મૌન રહ્યા.

બાવાજી અરે રાજન્ ! જ્યાં આટલા બધા આવ્યા અને ગયા તો એ સ્થાન તમારી વ્યાખ્યા પ્રમાણે મુસાફરખાનું નહીં તો બીજું શું છે ?

અરે રાજન્, આખો સંસાર એક માત્ર મુસાફરખાનું જ છે જ્યાં રોજ કેટલાય આવે છે ( જન્મે છે ) અને રોજ કેટલાય જાય છે ( મરે છે ). આ એક ભયંકર—જબરદસ્ત મોટું મુસાફરખાનું છે, ધર્મશાળા છે. આજે આવ્યા, જન્મ્યા, કાળે મોટા થયા, પરણ્યા અને ચાર દિવસની ચાંદણી પછી અંધારી રાત. પંખીના મેળા જેવો આ સંસાર છે. જ્યાં કંઈજ સ્થિર નથી એવા સંસારમાં શું રહેવું ? અરે આવો સંસાર ! જોતજોતામાં પૂરો થઈ જશે અને યમનું તેડું આવતા ચાલ્યા જવું પડશે.

## સૂર્યગ્રહણ જોતા સંસાર છોડી દીધો :

રાજા રામચંદ્રજીના પૂર્વજ રાજા કીર્તિધરે આકાશમાં થતા સૂર્યગ્રહણને જોયું. અરે ! સહસ્ત્રકિરણવાળો દિવાકર મહાપ્રતાપી સૂર્યનારાયણ એક રાહુ વડે ગ્રસિત થઈ રહ્યો હતો. બસ, ચિન્તનમાં ચઢયા અને ભર્યો સંસાર છોડીને મહાભિનિષ્ક્રમણના પંથે નિકળી પડ્યા. સાચા અણગાર સાધુ થઈને આત્મ કલ્યાણ સાધ્યો.




**સંસારમાં કેવી વિવિધતા, વિષમતા અને વિચિત્રતા :**

જ્યાં તૃષ્ણા ઘણી છે પણ તૃપ્તિ નથી, જ્યાં ભોગ ઘણા છે, પણ મજા નથી.

જ્યાં લોભ ઘણો પણ લાભ નથી. જ્યાં ઇચ્છા ઘણી પણ અન્ત નથી.

જ્યાં સંપત્તિ ઘણી પણ સંતોષ નથી, જ્યાં સંતતિ ઘણી પણ શાન્તિ નથી.

જ્યાં રાગ ઘણો પણ વૈરાગ્ય નથી, જ્યાં પ્રેમ ઘણો પણ વિશ્વાસ નથી.

જ્યાં સાધનો ઘણાં, પણ સાધના નથી, જ્યાં હિંસા છે પણ અહિંસા નથી.

જ્યાં જન્મ-મરણ અનંત પણ અન્ત નથી.

જ્યાં ભગવાન ઘણાં પણ ભક્તિ નથી.

જ્યાં ધર્મ છે પણ ધર્મી નથી.

જ્યાં આરાધ્ય છે પણ આરાધના નથી.

જ્યાં પાપ છે પણ પશ્ચાત્તાપ નથી.

આવા અનેક ભાવોની વિષમતા અને વિવિધતા સંસારમાં ખૂબ ભરી પડી છે. ઘણું છે છતાં કંઈ નથી એવો આ સંસાર છે.

સંસારમાં ક્યાંય સમાનતા નથી, કર્મજન્ય બધી જ વિચિત્રતાઓ

ભરેલી છે આ સંસારમાં. એકમાના જ પુત્રો પણ સરખા ભાવવાળા. સમાન સ્વભાવવાળા પણ નથી હોતા.

જ્યાં કર્મ ત્યાં સંસાર અને જ્યાં સંસાર ત્યાં કર્મબંધ જ્યાં પાપ ત્યાં સંસાર અને જ્યાં સંસાર ત્યાં પાપ, કારણ સંસાર પાપ અને કર્મ જન્ય છે પાપ અને કર્મ સંસારમાં જ જન્મે છે. બન્નેનો અન્યોન્ય પરસ્પર જન્ય-જનક ભાવ સંબંધ છે. બસ, જ્યાં પાપ નથી, જ્યાં કર્મ નથી, જ્યાં સંસાર પણ નથી એનું જ નામ છે મોક્ષ. મોક્ષ સંસારની પર છે. સંસાર મોક્ષથી તદ્દન વિપરીત છે.

## સંસાર એક વિચિત્ર નાટક છે :

નાટકમાં જેમ એક જ વ્યકિત જુદા જુદા વેષ બદલીને જુદાં જુદાં પાત્રો ભજવે છે. પ્રેક્ષકો સમજી નથી શકતા કે અરે આ શું ? જે રામ છે એ જ પાછો રાવણ પણ થયો ?

હા, સંસાર જ એવો છે, અને એમ જ ચાલ્યા કરે છે. આજે જે પત્ની છે એ કદાચ આવતા જન્મમાં મા બને. આજે જે મા છે, કદાચ સંભવ છે કે, એ કદાચ આવતા જન્મે પત્ની બને. બાપ દીકરો બને, પુત્ર પિતા બને, સાસુ એ વહુ બને અને વહુ એ સાસુ બને. પિતા એ ઘરમાં કૂતરો બને કે બકરો બને અને ઘરનો કૂતરો કદાચ બાપ બને અને બકરો કદાચ પુત્ર પણ બને.

સમસ્ત સંસારની ઘટમાળ આવી જ છે, ચાલ્યા જ કરે છે, માટે ખરેખર સંસાર એ જ નાટક છે આપણે આયુષ્ય કર્મના કાળ પ્રમાણે ૫૦, ૬૦, ૭૦, ૮૦ કે ૧૦૦ વર્ષના સમય પ્રમાણકાળમાં એક નાટક રમવા આવ્યા છીએ સંપૂર્ણ પૃથ્વી એ ડ્રામાનું સ્ટેજ છે, કદાચ કોઈના ઘરમાં કોમેડી નાટક ચાલતું હશે તો કોઈના ઘરમાં ટ્રેજેડી નાટક ચાલતું હશે. બાળકનો જન્મ થયો સાંભળીને આનંદ થાય છે પણ પ્રસૂતિમાં માતાનું મૃત્યુ થયું સાંભળીને દુઃખ થાય છે. સોનાની થાળીમાં ચાંદીની વાટકીમાં દૂધપાક પીવા મળે તેમાં ભારે આનંદ પરન્તુ પીતા પીતા અર્જન્ટ તાર આવ્યો કે તમારો પુત્ર અકસ્માતમાં મૃત્યુ પામ્યો છે. આ સાંભળતા જ હાથ પગ ઢીલા થઈ જાય છે. અને ચાંદી કે

સોનાના વાડકામાં દૂધપાક પીવાની મજા ખલાસ થઈ જાય છે જ્યાં મજા અને સજા સાથે છે, જ્યાં સુખ–દુઃખ સાથે છે, જ્યાં હર્ષ–શોક સાથે છે ત્યાં જ સંસાર છે, તે જ સંસાર છે.

**એક જ જન્મમાં અઢારના તરાના સંબંધો :**

જ્ઞાનથી જોઈને વિશિષ્ટ જ્ઞાની ભગવંતો કહે છે કે–હે જીવ, આ જગતના સર્વ જીવો અરસપરસ માતાપણે, પિતાપણે, બહેન–ભાઈ પણે, પુત્ર-પુત્રીપણે અને સાસુ વહુપણે ફક્ત એક જ વાર નહીં, પણ અનન્ત વાર પરિણમી ચૂક્યા છે, થઈ ચૂક્યા છે. હવે કોણ બાકી રહ્યો છે જે આપણો પિતા–કે પુત્ર નથી બન્યો કે જે માતા નથી બની ?

હે જીવ ! આજે જેને તું પત્ની માનીને ભોગવી રહ્યો છે સંભવ છે તે કેટલી વાર ગત જન્મોમાં તારી માતા બની ચૂકી છે. અરે ! હવે શું તું ભોગવે છે. જરા પૂર્વના સંબંધો યાદ તો કર ?

ક્યાં છે પશુ–પક્ષીમાં માતા–પિતાના સંબંધો જે. કૂતરીએ ૫–૭ બચ્ચાંને જન્મ આપ્યો છે. તે જ મોટાં થઈને પોતાને જન્મ આપનારી મા–કૂતરી સાથે રસ્તા ઉપર નિર્લજ્જ સંભોગ ક્રિડા કરશે.

જે કબૂતરીએ ઇંડા મૂક્યાં છે, તેને સેવે છે તે જ ઈંડામાંથી નિકળીને મોટાં થયેલા કબૂતરો એ ભૂલી જશે કે અમને જન્મ આપનારી આ માતા હતી. બસ, હવે એને જ કબૂતરો પોતાની પ્રિયતમા માનીને એને જ ભોગવશે. આ છે નરી અજ્ઞાનતા. માટે જ તો પશુ કહેવાય છે. પશુતા છે ત્યાં કોણ મા અને કોણ બહેન ? બસ, કાળના ખપ્પરમાં બધું જ ભુલાઈ ગયું છે. આજે માનવી પાશવી થતો જાય છે. નરમાંથી નારાયણ બનવાના બદલે તે નરમાંથી ખર ( ગધેડો ) થતો જાય છે. શું ચાલી રહ્યું છે આ સંસારમાં ? સાઠ વર્ષનો પિતા પોતાની ૧૫ વર્ષની પુત્રી ઉપર બળાત્કાર કરે છે ? અરેરે ! મોટો ભાઈ પોતાની ૧૦ વર્ષની બહેન ઉપર બળાત્કાર કરે છે ? અરેરે ! ૫૦ વર્ષનો કાકો ૧૦ વર્ષની ભત્રીજી ઉપર બળાત્કારનું જુલમ ગુજારે છે કુમળી કન્યા લોહીલુહાણ થઇ જાય છે અને હોસ્પિટલમાં જીવન–મરણના ઝોલા ખાય છે. હાય

માનવ ! તારી અધમ પિશાચ લીલા અરેરે કામાંધ પાપી ! તારી હવસ સંતોષવાની અધમ પાપ લીલા

બસ. ફક્ત ભવરૂપી પરદો (સિનેમાં કે નાટકની જેમ) પડી જાય એટલે પાપ ઢંકાઈ નથી જતું ભવ બદલાય અને તેની સાથે સબંધો બદલાય એ વાત તો જુદી છે. પરંતુ ઇતિહાસના પાને નોંધાયેલો એક દાખલો એવો છે કે જેમા ભવ નથી બદલાતો, અર્થાત્ એક જ ભવમાં સંબંધો બગડે છે અને કેવા અને કેટલા બગડે છે ? એક નહીં, અઢાર સંબંધો બને છે તે પ્રસંગ કંપારી અને ધ્રુજારી ઊભી કરાવે એવો છે.

મથુરા નગરીની ગણિકા (વેશ્યા) કુબેરસેના એક યુવાનની સાથે દેહના સંબંધોથી જોડાય છે અને અવસરે જોડકાને જન્મ આપે છે. મારવામાં પાપ લાગે છે એટલે એક લાકડાની પેટીમાં બંધ કરીને બન્નેના હાથમાં એક-એક સુંદર વીંટી પહેરાવીને યમુના નદીમાં વહેતાં મૂકી દીધાં.

શૌરીપુર નગરની પાસે યમુના નદીના કાંઠે તે પેટી તણાતી તણાતી આવી. તે સમયે ત્યાં બેઠેલા બે મિત્રોએ પેટી જોઈને લઈ લીધી સરખા ભાગે પૈસા વહેંચવાની શરત કરી. પેટી ખોલીને જોયું કે અરે એક છોકરો અને એક છોકરી ? જોઈને આશ્ચર્ય પામ્યા. એક મિત્રે છોકરાને લીધો. પણ હવે છોકરીને કોણ લે ? ઘરમાં છોકરી જન્મે એટલે લોકો મોઢું બગાડે છે. બીજા મિત્રે ન છૂટકે છોકરી લીધી, પણ શરત કરીને કે તારે વગર પૈસે વગર ખર્ચે છોકરી લેવી પડશે. આ છોકરાની સાથે લગ્ન કરવા પડશે તો જ લઉં ? પેલાએ હા પાડી એટલે બીજા મિત્રે છોકરી લીધી નહીંતર સંસારમાં તો ૨-૪ છોકરીના લગ્ન કરવાની ચિંતામાં જ પિતાના માથે તો ટાલ પડી જ જાય. લગ્ન કરતા કે પછી તો બિચારો બાપ પાયમાલ થઈ જાય. શું થાય ? ઉધાર લાવીને પણ છોકરી તો પરણાવી જ પડશે. એમાં તો ના નથી.

મોટા થયા પછી બન્નેને પરણાવી દીધા. અરેરે ! ભાઈ-બહેન પરણ્યા ? અને આજે પણ ક્યાંક સાંભળવા મળે છે આ અધમ પાપો.

લગ્ન જેવા વિષયમાં આજે કયાં કંઈ મર્યાદા જોવામાં આવે છે ? કુળ-ગોત્ર, ધર્મ, વય, ગુણ, સંસ્કાર જાતિ-જ્ઞાતિ કંઇ જ જોવામાં નથી આવતું અને કયાંક કોલેજના ઓટલે ભેગા થયેલાં પ્રેમ પંખાડાંઓ પ્રભુતામાં પગલાં માંડે છે, પરંતુ તેમનો પ્રેમ પણ પંખીડા (પક્ષી) જેવો જ હોય છે. ઘણા પ્રસંગો જોતા એમ જણાય છે કે થોડા ક જ વર્ષમાં છુટાછેડા લઈને છૂટા પડી જાય છે. સાંભળીએ છે કોઈએ પાંચમી વાર અને કોઈએ સાતમી વાર છુટાછેડા લીધા છે. આટલી વાર છુટા પડેલા શું ભેગા રહેવાના છે ?

દંપત્તિરૂપે જોડાયેલા ભાઈ બહેન દેહના સંબંધ માં વાસનાના રંગરાગમાં ખોવાઈ ગયાં છે. રમતા રમતા એક દિવસ કુબેરદત્ત ભાઈના હાથમાંથી વીંટી પડી ગઈ. બન્ને જણાએ જોઈ. વિચારમાં પડયા બન્નેની વીંટી એકસરખી છે. નામ સરખા છે, વગેરે વગેરે. ચાલો માબાપને પૂછશું અને પોતાના પાલક મા બાપ ને હકિકત જણાઈ અરેરે. અમે તો ભાઈ બહેન અને આ જાણતા દુઃખ થયું કુબેરદત્તા બહેને તો પશ્ચાત્તાપમાં પાપ ધોવા માટે દીક્ષા લીધી. સાધ્વી બની તપ કરે છે.

આ બાજુ કુબેરદત્ત ભાઈ ત્યાંથી ભાગી જઈ મથુરા નગરીમાં ધંધાર્થે ગયો. કમાયો રૂપ યૌવનમાં ફરતા ફરતા કુબેરસેના ને વેશ્યાએ ઉપરથી જોયો અને બોલાવ્યો. રંગરાગમાં લીન બન્યા. દેહસંબધથી જોડાઈ ગયા. હાયરે પાપ !. આંખે આંધળા વિષય સુખના ભોગે બન્નેના ભોગ લીધા માંડ ભાઈબહેન આ પાપમાંથી છુટા પડચા હતા ત્યાં તો માં દીકરો આ અધમ પાપમાં પડચા અરેરે. ! હવે એમને કોણ છોડાવે ? કોણ ઉગારે આ પાપથી ?

વિષયભોગો ભોગવવામાં કાળજતા કુબેરસેનાએ એક બાળકને જન્મ આપ્યો. અરેરે. ! પાપીઓના પાપનો ભોગ બિચારો બાળક પણ બનશે. અરે ! એને કેટલું સહન કરવું પડશે ?

કુબેરદત્તા સાધ્વીને પ્રાયશ્ચિત્તમાં પાપ ધોવાતા એકદા અવધિજ્ઞાન ઉત્પન્ન થયું આ અવધિજ્ઞાનમાં સંસારનું આ બધુ નાટક સ્પષ્ટ દેખાવા લાગ્યું. અને સાધ્વીજીએ મોટા ગુરુણીજી પાસે મથુરા જવાની

અનુમતિ માંગી. ગુરુણીજીએ અનુમતિ આપી. અને સાધ્વીજી મથુરામાં પોતાની જનેતા કુબેરસેના વેશ્યાના ઘરે આવ્યા. ત્યાં રહ્યા. કુબેરસેનાએ જગ્યા આપી.

મહામુનિ નંદિષેણ ક્યાં નહોતા પડયા ? હા, જરૂર પડયા હતા. ધર્મલાભના બદલે અર્થલાભ કહ્યો, ધનવૃષ્ટિ કરી બતાવી અને પડયા વેશ્યાના ઘરે રહ્યા, પણ આશ્ચર્યની વાત તો એ છે કે વેશ્યાના ઘરેથી રોજના દસને પ્રતિબોધ પમાડીને પ્રભુ પાસ સંયમ સ્વીકારવા મોકલાવતા હતા. પડયા પણ ઘણાંને તાર્યા. કેવા સ્થાન ? વેશ્યાને ત્યાંથી. અહો ! અહો ! ધન્ય છે. અંતે પોતે પણ તર્યા.

રડતાં બાળક ને શાંત રાખવા માટે કુબેરસેના એ સાધ્વીજી પાસે મૂકીને પોતે કામે લાગી. રડતા બાળક ન સાધ્વીથી અડાય તો નહીં પણ શાંત રાખવા માટે કંઈક બોલીને એને શાંત રાખવા પ્રયત્ન કરે છે અને હાલરડુ ગાય છે :

હાલો હાલો કહી હુલરાવતી રે, કાંઈ સાધ્વી ચતુર સુજાણ રે.
સગપણ છે તાહરે માહરે રે કાંઈ, સાંભળ સાચી વાત રે, સુણ તું બાલુડા,
કાકો, ભત્રીજો, પોતરો રે કાંઈ, દીકરો. દેવર, ભાઈ, સુણતું લાલુડા.

સાધ્વીએ ‘હાલો હાલો’ કહી આ હાલરડુ ગાવાનું શરૂ કર્યું. ખ્યાલ રાખજો આ ગીત-સંગીત નથી, આ તો આંતરની વ્યથા છે. સાધ્વીજી અંતરની ભાવદયા ચિંતવવા આવ્યા છે. સુષુપ્ત આત્માને જગાડવા આવ્યા છે. હે બાલુડા ! તું સાંભળ. શા માટે રડે છે ? મારે-તારે ૬ જાતની સગાઈ છે. સંબંધ છે.

**પુત્રની સાથે ૬ સગપણ :**

(૧) તારી-મારી માતા એક છે માટે તું મારો “ ભાઈ ”.
(૨) તું મારો પતિનો પુત્ર છે માટે મારો પુત્ર,
(૩ મારા પતિનો તું નાનો ભાઈ એટલે મારો દિયર.
(૪) મારા ભાઈ કુબેરદત્તનો પુત્ર એટલે મારો ભત્રીજો.
(૫) મારી માના પતિ કુબેરદત્તનો તું ભાઈ એટલે મારો કાકો.
(૬) કુબેરસેના મારી શોકય, અને તેનો દિકરો કુબેરદત્ત અને તેનો પુત્ર તું એટલો મારો પણ પૌત્ર.

આ સાંભળીને અંદરથી ગણિકા કુબેરસેના આવી એને બોલી અરે સાધ્વી ! આવું સંબંધ પ્રલાપ આ બાળકની આગળ શું બોલો છો ? શરમાતા નથી ? આવું બાળકને શિખવાડો છો ?

સાધ્વીએ કહ્યું— મા ! તો લો, તમે પણ સાંભળો તમારી–મારી સગાઈ. (કુબેરસેના સાથે સગપણ) સગપણ છે. તાહરે માહરે રે કાંઈ, ખટ બીજા કહું તેહ. સુણ તું માતાજી. માતા કહું, સાસુ કહું, રે કાંઈ વળી કહું શોકય ભોજાઈ, વડી આઈ વળી પુત્રવધુ કહું રે કાંઈ, તુજ-મુજ સગપણ એહ.

૧. તૂં મને જન્મ આપનાર માટે–મારી માતા.
૨. કુબેરદત્ત મારો પિતા તેની તું માતા, માટે મારી દાદી.
૩. કુબેરદત્ત મારો ભાઈ, તેની તું પત્ની માટે મારી ભાભી.
૪ મારી શોકયના પુત્ર કુબેરદત્તની તું પત્ની, તેથી મારી પુત્રવધુ
૫. મારા પતિ કુબેરદત્તની તું માતા, તેથી મારી સાસુ
૬. મારા પતિ કુબેરદત્તની તું બીજી પત્ની, એટલે મારી શોકય.

હવે કુબેરદત્તની સાથેના ૬ સંબંધો કહે છે :

૧ આપણી બન્નેની માતા એક એટલે તું મારો ભાઈ.
૨ તું મારી માતાનો પતિ એટલે તું મારો પિતા.
૩ આ બાળક મારો કાકો તેનો તું બાપ તેથી મારો દાદો
૪ આપણે પરણેલા તેથી તું મારો પતિ.
૫ કુબેરસેના મારી શોકય, તેનો તું પુત્ર–માટે–મારો પણ–પુત્ર.
૬ આ છોકરો મારો દિયર, તેનો તું બાપ, માટે મારો સસરો.

સાધ્વીના અસંયમ્જસ પ્રલાપોથી ગુસ્સે થયેલી ગણિકા કુબેરસેના જ્યારે સાધ્વીને ઠપકો આપવા લાગી ત્યારે સાધ્વીએ કહ્યું–અરે ! આ બધા પાપનું મૂળ છે. એક લાકડાની પેટીમાં બંધ કરીને નદીમાં અમને વહેતા મૂકી દીધા હતા તે વાત શું તું ભૂલી ગઈ છે. તારા જ પાપે આ અઢાર નાતરાના સંબંધનો સંસાર ઉભો થયો છે. કુબેરસેના અને કુબેરદત્ત બન્ને સમજી ગયા કુબેરદત્તે પણ દીક્ષા લીધી–તપ તપી પાપ ખપાવી સદ્‌ગતિ પામ્યા.

કેવો છે આ સંસાર ?

## એકના સગે ૪૯૯ને બાળી નાંખી :

અગિયારમાં અંગ વિપાકસૂત્રમાં પ્રભુ મહાવીર સ્વામી ગૌતમ

ગણધરને કહે છે - હે ગૌતમ ! એક મુખ્ય શ્યામા નામની પટ્ટરાણીના મોહ અને સ્નેહમાં પડીને સિંહસેન રાજાએ પોતાની બીજી ૪૯૯ રાણી સાથે સંબંધો બગાડયા- સંસાર એવો જ છે. જ્યાં ત્રણ સાધવા જતાં તેર તૂટે છે. એકની સાથે બીજી સુધારવા જતા ઘણાં સાથે સંબંધો બગડે છે. પટ્ટરાણી શ્યામાદેવીએ રાજા સિંહસેનના કાન ભંભેર્યા. ઈર્ષ્યા-દ્વેષ શું નથી કરતા ? અને રાજા કાચા કાનની વાતમાં ફસાઈ ગયો અને બીજી ૪૯૯ રાણીઓને મારવાની યોજના ઘડી

એક લાકડાનો સુશોભિત રાજમહેલ બંધાવીને ટૂંક સમયમાં ૪૯૯ રાણીઓ, તેમના મા બાપો વગેરેને જમવા માટે આમંત્રણ આપીને બોલાવ્યા અને ઘડેલી યોજના પ્રમાણે ચારે બાજુથી બારણાં બંધ કરીને ઘાસલેટ છાંટીને હજારો નિર્દોષ આત્માના પ્રાણ લીધા હાય રે સંસાર ! તારા પાપે કેવાં કર્મો કરવાં પડે છે ? આ પાપના કારણે કેટલો સંસાર વધ્યો ? આજે પણ સળગવા અને સળગાવવાના બનાવો રોજ સાંભળીએ છીએ, જોઈએ છીએ. આ કેવો સંસાર ?

**સંસાર ભાવના :**

ચારે ગતિનાં દુઃખોનું ચિંતન કરવું, અને સંસારના સ્વરૂપને નજર સામે રાખીને વિચારવું, આત્માને સમજાવવો હે આત્મા ! આ સંસારવાસ એ તારુ નિવાસસ્થાન નથી. તારે અહીં રહેવું યોગ્ય નથી. સળગતી હોળી જેવો આ સંસાર ભયંકર કર્મ બંધાવનાર છે. સંસારમાં સુખ નથી. સંસારમાં સુખી નથી. સંસાર છોડવામાં જ સુખ છે અને સંસાર છોડેલો જ સુખી છે. બસ આ સંસાર ભાવના ભાવતા ભાવતા સંસાર છોડવા ઉદ્યમવંત બનવુ.


" સૌજન્ય "

**સ્વ. શા. વાઘજી ચંદાજી સાંચોરવાળાના સુપુત્ર**

**શા. ફુલચંદ, રાજમલ, શાન્તીલાલ, લક્ષ્મીચંદ,**

**પારસમલ, સુમેરમલ વાઘેલા**

**લક્ષ્મી મેટલ ડીસ્ટ્રીબ્યુટર્સ**

લક્કડપીઠા રોડ-વડોદરા

**ના સહયોગથી આ પુસ્તિકા પ્રગટ કરવામાં આવેલ છે.**

મૈત્રી

ચાતુર્માસિક રવિવારીય શ્રીમહાવીર જૈન શિક્ષણ શિબિર

પ્રમોદ

આયોજક : શ્રી આત્મકમલ વડોદરા શ્વેતામ્બર મૂ.પૂ.જૈન સંઘ




સંચાલક : શ્રી મહાવીર વિદ્યાર્થી કલ્યાણ કેન્દ્ર

કારુણ્ય

રવિવારીય સચિત્ર જાહેર વ્યાખ્યાનમાળા-વડોદરા

માધ્યસ્થ

# ભાવના ભવ નાશિની

પ્રવક્તા: પરમપૂજ્ય મુનિરાજશ્રી અરુણવિજયજી મહારાજ

| શ્રાવણ સુદ ૬, ૨૦૩૯ | પાંચમું વ્યાખ્યાન-૫ | રવિવાર, તા. ૧૪-૮-૧૯૮૩ |
|---|---|---|

## વિષય : એકલો રે આવ્યો....એકલો રે જવાનો....

( એકત્વ ભાવના )

एकस्य जन्ममरणे गतयश्च शुभाशुभा भवावर्ते ।
तस्मादाकालिकहितमेकेनैवात्मना कार्यम् ॥

—પ. પૂ. ચરમ તીર્થપતિ શ્રમણ પરમાત્મા શ્રી મહાવીરસ્વામિને નમસ્કાર પૂર્વક...

અનાદિ - અનન્ત કાળથી અનન્તા જીવો સ્વોપાર્જિત શુભાશુભ કર્માનુસારે ચારે ગતિરૂપ સંસારમાં પરિભ્રમણ કર્યા કરે છે, અવિરત ભટક્યા કરે છે, ઘાંચીના બળદની જેમ દિશાશૂન્ય સંસારમાં રખડ્યા કરે છે, ૮૪ના ચક્કરમાં સતત જન્મ-મરણ ધારણ કર્યા કરે છે. નથી કોઈ છેડો, નથી કોઈ અન્ત..બસ બધું જ અનન્ત અનન્ત...જન્મ અનન્ત, મરણ અનન્ત...સંસાર અનન્ત...બધું જ અનન્ત...અનન્ત ..

અત્યાર સૂધી આ પહેલાં આપણે ત્રણ ભાવના જોઈ ગયા. જગતના અનન્ત પદાર્થો કેવા અનિત્ય છે, કેટલા ભાવો અનિત્ય છે અને નિત્ય છે તથા નિત્યાનિત્ય છે તેનો વિચાર કર્યો, અને એવા અનિત્ય ભાવો તથા સંબંધો ખરેખર અશરણ છે. કયા અનિત્ય સંબંધો શરણ આપે એવા છે? ના, કોઈ શરણરૂપ નથી, સિવાય કે એક માત્ર દેવ-ગુરૂ-ધર્મજ શરણદાતા છે, અને આવો અશરણ સંસાર કેવો છે? હોળીના જેવો સળગતો, નાટક જેવો, સમુદ્ર જેવો આ સંસાર કેવો છે? એ ત્રણે સ્વરૂપનો (ભાવનાનો) વિચાર કર્યો. સળગતો સંસાર જોયા પછી તેની અસર કોને થઈ? કોનું બગડયું? કોનું સુધર્યું. કોને સહન કરવાનો વખત આવ્યો વગેરે વિચારણા કરવા માટે સંસાર ભાવના સમજી સંસાર ભાવ તજી આત્માએ અધ્યાત્મ માર્ગમાં પ્રવેશ કરવાનો છે.

## અધ્યાત્મ માર્ગમાં પ્રવેશ

અનિત્ય, અશરણ અને સંસાર ભાવનાનો સારો વિચાર કરી લીધા પછી હવે સંસાર છોડવાની ભાવનાવાળો અથવા સંસારમાં નિષ્પાપ જીવન જીવવાની ભાવનાવાળાએ અધ્યાત્મ યોગમાં પ્રવેશ કરવા માટે જે ભાવનાનું ચિન્તન કરવાનું છે તે છે "એકત્વ ભાવના" સંસારમાં ઘણું જોયા પછી, ન જોવા જેવું જોયા પછી, અને આખા સંસારની પારકી પંચાતમાં જીવન વિતાવ્યા પછી, શક્તિ વેડફ્યા પછી, સમય

બરબાદ કરી ચૂક્યા પછી પણ જ્યારે કંઈ જ હાથમાં ન આવ્યું ત્યારે જીવ પોતાની વિચારણા તરફ વળે છે. સંસારનો હાર્યો, કંટાળેલો, થાકેલો હવે એકત્વ ભાવનાના અધ્યાત્મ યોગમાં પ્રવેશ કરે છે. એકત્વ ભાવનામાં એક માત્ર પોતાનો જ વિચાર કરવાનો છે. અત્યાર સુધી ઘણાંનો વિચાર કર્યો ઘણાંના વિષે ચિન્તા કરી પરંતુ ચિન્તાથી કંઈ જ વળ્યું નહીં. ચિન્તાથી ઉપરથી આર્તધ્યાન વધ્યું. કર્મ બાંધ્યાં. આત્મિક અને શારીરિક બન્ને નુકસાન નોતર્યું ત્યારે હવે ચિન્તા છોડી ચિન્તન શરૂ કરીએ

ચિન્તન કોનું ? આત્માએ પોતાનું જ ચિન્તન કરવાનું છે ? આત્મા અને શુદ્ધાત્મા, પરમાત્મા, પરમાત્માનું પરમધામ મોક્ષાદિ પદાર્થોનું ચિન્તન જ ચિન્તન કહેવાય અને સંસારના પદાર્થોનો વિચાર એ ચિન્તા કહેવાય.

## આત્માની ઓળખ :

અધ્યાત્મ માર્ગમાં પ્રવેશ કરવાનો અર્થ જ એ થાય છે કે-અધિ+આત્મા = અધ્યાત્મા અત્માને અનુલક્ષીને જે કંઈ પણ કરવાનું છે તે "અધ્યાત્મ". આત્માની સમીપે, આત્માની ચારે બાજુનું સમસ્ત વિચારવું તે. આજે તમને કોઈ તમારી ઓળખ પૂછે તો શું જવાબ આપશો ? તમે કોણ છો ? તમે શું છો ? વગેરે ..વગેરે...ઓળખ આપવા માટે કોઈ પણ માનવી ને ઉંઘમાંથી ઊઠાડશો તોપણ ઓળખ તરત આપવા બેસશે.

સાહેબ, મને ઓળખ્યો ? અરે, હું ફલાણાનો જમાઈ. અરે હું તો પેલાનો સસરો; સાહેબ, મને ઓળખો છો ? ફલાણા મિનિસ્ટર છે ને એમની છોકરીના કાકાનો હું જમાઈ, અને સાહેબ મને તો તમે ભૂલો જ શેના ? કેમ યાદ છે ને ? હું આજથી ૧૦૦ વર્ષ પહેલાં જે મરી ગયા ને તેમના પૌત્રના સસરાની છોકરીનો હું પતિ થાઉં છું. સાહેબ, હું તો કલેકટર છું, સાહેબ, હું તો મીલ માલિક છું, અને હું તો પ્રોફેસર છું.

બસ, 'તમે કોણ છો' અને શું છો? ની શું આ જ ઓળખ છે? બસ? અને શું આ તમારી સાચી અને સારી ઓળખાણ છે? ના, કદાચ તમને એમ પૂછવામાં આવે કે ગામ, નામ, ઠામ–સંબંધ વગરની તમારી ઓળખ આપો તો તમે મુંઝાઈ જશો. હા તમારું નામ પણ નહીં કહેતા. હા તમારું ગામ અરે સંબંધ પણ નહીં બોલતા. આપો હવે તમારી સાચી ઓળખાણ. હવે બોલો તમે કોણ છો, તમે શું છો, તમે કેવા છો.?

આવી ઓળખાણ આપવા કદાચ ભલભલો ભણેલો વિદ્વાન માથું ખંજવાળશે અરે શું બોલવું? નામ પણ નહીં? બસ, તો મૌન રહીએ. ના સાહેબ, મારે મારી કંઈ જ ઓળખાણ નથી આપવી. આહા હા સંસારની ઓળખાણ કેવી ઘર કરી ગઈ છે કે તેના વગર બીજી ઓળખાણ શું આપવી? ઊંઘમાં, જાગતા ચાલતા, ફરતા વગેરે સર્વત્ર તમે તમારા નામ, ગામની સાથે કેટલા ઓતપ્રોત થઈ ગયા છો કે એ સિવાય બીજી ઓળખ શું આપવી?

**एगो मे सासओ अप्पा नाणदंसणसंजुओ ।**
**सेसा मे बाहिराभावा, सव्वे संजोग लक्खणा ॥**

—હું એક આત્મા છું, હું શાશ્વત છું, હું જ્ઞાનદર્શનથી યુક્ત એક આત્મા છું, બસ આ સિવાય કંઈ જ મારૂં નથી. શેષ સર્વ બાહ્ય ભાવ છે. સર્વ સંયોગ સંબંધના લક્ષણવાળો છે.

## અન્તરંગ અને બહિરંગ ભાવ :

હું એક શાશ્વત છું તો મારૂં અન્તરંગ સ્વરૂપ શું છે? મારી અન્તરંગ મિલક્ત શું છે? હું તો જ્ઞાનદર્શનના સ્વભાવવાળો છું. અનન્તજ્ઞાન, અનન્ત દર્શનાદિ આત્મ ગુણો એ જ મારી મિલકત છે અને હું તો એકલો મારા જ ગુણોમાં મસ્ત રહું તો વધુ સારું. બાહ્ય જગતના ભાવો તો ઘણા છે. આ સંસાર આખો જીવ અને જડથી

ભરેલો છે. અનન્ત જીવો આ સંસારમાં છે અને અનન્તા જડ પદાર્થો પણ સંસારમાં છે તે મારા નથી. હું તેમનો નથી. મારી અને જડ કે જીવ પદાર્થોની વચ્ચે કોઈ સંબંધ નથી. શા માટે હું એ બાહ્ય પદાર્થોની પાછળ પાગલ બનું ? બહિર્ભાવ એ વિભાવદશા છે અને અન્તરંગ ભાવ એ સ્વભાવદશા છે.

## સ્વભાવ દશા અને વિભાવ દશા

**स्वस्यभावः = स्वभावः स्व** એટલે આત્મા, અને આત્માનો ભાવ તે સ્વભાવ. માટે મારે તો સ્વભાવમાં જ રહેવું જોઈએ. સ્વભાવ રમણતા અર્થાત્ આત્મિક ગુણોમાં મસ્ત રહેવું, કારણ એક વ્યાપારી જેમ પોતાની વ્યાપારમાં કમાયેલી મૂડીને સંભાળતો સંભાળતો મસ્ત રહે છે તેમ હું મારા જ્ઞાનદર્શનાદિ ગુણોમાં મસ્ત રહું. આ બન્ને મારા ગુણો છે. જ્ઞાન એટલે જાણવું. જાણવાનો સ્વભાવ, દર્શન એટલે જોવું, જોવાનો સ્વભાવ તો જાણવા અને જોવાનો સ્વભાવ જડનો છે ? જીવ સિવાય જગતનો કોઈ જડ પૌદ્ગલિક પદાર્થ જોઈ કે જાણી શકે છે ? ના તો પછી જાણવા અને જોવાની શક્તિ ધરાવનાર અર્થાત્ જ્ઞાનદર્શનના સ્વભાવવાળો-ગુણવાન હું પોતે જ આત્મા છું, બાકી આ જગતના સર્વ બાહ્ય ભાવો છે, જેમાં મારી જાતના, મારા જેવા, મારા સરખા જાણવા અને જોવાના સ્વભાવવાળા જ્ઞાન-દર્શનાદિ ગુણો નથી તેવા જડ પદાર્થો, પૌદ્ગલિક પદાર્થો ઉપર હું શા માટે મોહિત થાઉં ? શા માટે એની પાછળ પાગલ બનું અને મારો કિંમતિ જન્મ એ પુદ્ગલની પલોજણમાં શા માટે વેડફી નાંખું ? એ તો સર્વ વિભાવ દશાછે, બાહ્ય ભાવો છે. મારા આત્માના સ્વભાવથી વિભાવ છે એની પાછળ પડીને મારું પણ ગુમાવી બેસીશ, કારણ જે મારૂં છે તે જ મને મળવાનું છે. અને જે મારૂં છે તેને મેળવવા જે મહેનત કરવી તે જ અધ્યાત્મ માર્ગ તે જ સ્વભાવ દશા, અને જે મારું નથી તેને મેળવવા શા માટે સમય વેડફવો ? જે મારૂં નથી એ કદાપિ મારૂં થવાનું નથી, અને જે મારૂં છે તે કદાપિ મારાથી છૂટવાનું નથી.

મારું છે તે મારામાં જ છે, મારું નથી તે પારકું છે, વિભાવ છે, બાહ્ય છે. મારા સ્વભાવથી વિપરીત એવી વિભાવ દશામાં વર્ષો નહીં પણ ભવો ગુમાવ્યા, પરંતુ કંઈ જ નથી મળયું.

## આખરે બધું છોડી એકલા જવું પડયું :

લગભગ દશમા સૈકાની આ ઈતિહાસ પ્રસિદ્ધ વાત છે. મુગલવંશનો બાદશાહ સુલતાન મહમ્મદ ગિજની થઈ ગયો. અતિધનલોભની મૂર્છામાં તેને હિન્દુસ્તાન ઉપર સત્તર વાર ચઢાઈ કરી. તેમાં બાર તો મોટી ચઢાઈઓ અને પાંચ નાની. ૧૦૦૧ની સાલથી ચઢાઈઓ શરૂ કરી તે ૧૦૩૦માં સખત બિમાર પડીને મર્યો ત્યાં સુધીમાં સત્તર ચઢાઈઓ કરીને આ દેશ માંથી અઢળક ધનસંપત્તિ સોનું-ચાંદી વગેરે લૂંટી ગયો.

બારમી વખતની ચઢાઈમાં તેણે ૧૦૨૪ ઈ.સ. માં તે પ્રભાસ પાટણના સોમનાથ તીર્થે આવ્યો. સોમનાથ લૂંટયું. હિન્દુ રાજાઓ વગેરેએ સામનો કર્યો પરન્તુ ફાવ્યા નહીં. લોકોએ અંતે વિનંતિ કરી કે બીજું કંઈ નહીં તો અમારા ઈષ્ટ દેવ શિવલિંગને તો બચાવો, તોડશો નહીં પરન્તુ લોભી લૂંટારૂં કોનું માને ? શિવલિંગ પણ તોડયો ધનાન્ધને ધન સિવાય બીજું દેખાય શું ? અઢળક ધન લઈ ચાલ્યો ગયો.

૧૦૩૦ ઈ.સ. માં જ્યારે તે સખત બિમાર પડયો અને સેંકડો પ્રયત્નો કરવા છતાં પણ જ્યારે તે સાજો ન થઈ શકયો અને જીવલેણ રોગોમાંથી હવે સાજા થવાની આશા પણ જ્યારે છોડી દીધી ત્યારે સુલતાને પોતાના વજીરને બોલાવ્યો.

ગિઝની—અરે વજીર ! મારી સઘળી ધન-દોલત ખજાનામાંથી બહાર કાઢીને એક મેદાનમાં ગોઠવો. હું મારી મિલકતના અંતિમ દર્શન કરવા માંગું છું. મારે મારૂ વૈભવ જોવું છે.

મહમ્મદના હુકમ પ્રમાણે વજીરે ચારે તરફ ચાંપતો પહેરો ગોઠવીને બધી મિલકત ખજાનામાંથી બહાર કઢાવીને એક ખુલ્લા

મેદાનમાં ગોઠવી. એક બાજુ હીરા, રત્નો, મોતી, પન્ના, પોખરાજના ઢગલા કર્યા, સોનાચાંદીના ડુંગરાઓ ખડકયા. બીજી તરફ હાથી, ઘોડા, રથ, પાયદળ, સૈન્ય શસ્ત્રસંરજામ વગેરે બધું ગોઠવાઈ ગયું.

શું આશ્ચર્ય છે? સંસારમાં જીવોને પોતાની જ મિલકત જોવી ગમે છે. અરે! જોવી ગમે ત્યાં સુધી તો હજી પણ સારુ, પરન્તુ માનવીને શ્રીમંતાઈનું પ્રદર્શન કરવું ગમે છે, પોતાની બાદશાહી બીજાને દેખાડવી ગમે છે તે તો બહુ જ ખરાબ છે, જેથી બીજાને ઈર્ષ્યા, દ્વેષ, વેર, વૈમનસ્ય, ચોરી, ખૂન વગેરેના પાપો ઊભા કરાવવા નિમિત્ત બનવું બહુ જ ખરાબ છે.

વજીરે સુલતાનના હુકમ પ્રમાણે બધું જ ગોઠવી દીધું અને પછી તો ગઝનીએ હુકમ કર્યો કે મારો પલંગ ત્યાં મેદાનમાં મિલકતની વચ્ચે ગોઠવો જેથી હું ડોક ફેરવીને મારી બધી મિલ્કત જોઈને આનન્દ અનુભવી શકું અન્તિમ દર્શન કરી શકું.

હુકમ મુજબ થઈ ગયું. અને ગઝનીએ વજીરને પૂછયું—અરે વજીર! આટલી મારી મિલકત છતાં શું મારો રોગ નહીં મટે?

વજીર—હજૂર! રોગને અને મિલકતને શું સંબંધ છે?

મહમ્મદ-વજીર! જો હું આ બિમારીમાંથી સાજો ન થાઉં તો આ મિલકત મારે શું કામ આવવાની?

વજીર—હજુર કંઈ જ કામ નહીં આવે.

મહમ્મદ-(ઊંડો નિસાસો નાંખીને) અરે...રે... શું બિલકુલ કામ નહીં આવે? હાય મારી મિલકત!

વજીર—રાજન્! આવી ચિન્તા ન કરો. શાન્તિ રાખો.

હાશ! પોતાની જ ભેગી કરેલી મિલકત પોતાને કામે નહીં આવે? અરે પોતાનો જ વધારેલો સંસાર, હાય પોતાના જ પુત્ર પુત્રી પત્ની આદિ સંબંધી વર્ગ કોઈ સાથે નહીં આવે? કોઈ કામે નહીં આવે? અરે, મૃત્યુ બગડી રહી છે. મોહ-મમત્વ ભારે વધી રહ્યો છે. હકિકતમાં અંતિમ સમયે ચારે બાજુ જ્યારે સગાંસંબંધી ઊભા હશે, નજર સામે

મિલકત તરવરતી હશે ત્યારે મમત્વ મારાપણું મોહ એટલી હદે સતાવતુ હશે કે જેની કોઈ સીમા નથી અને એવા સમયે મૃત્યુ હાજર છે બસ, હવે તો કલાકો નહીં, મિનિટો ગણાઈ રહી છે. શું થશે ? શું સાથે લઈને જશે ?

સુલતાન – અરે વજીર ! આમાંથી થોડું તો મારી સાથે મોકલજો. છેવટે હાથી સાથે મોકલજે જેની ઉપર બેસીને હું જાઉં.

વજીર— બાદશાહ ! આપના પૂર્વે સેંકડો બાદશાહો ગયા. કોઈ કંઈ જ નથી લઇ ગયા. એક આંગળીમાંની વીંટી પણ સાથે નથી આવી. બધા એકલા ખાલી હાથે જ ગયા છે અને સંસારમાં સૌને ખાલી હાથે જ જવું પડે છે. જીવ એકલો જ જાય છે. કંઈ જ સાથે નથી આવતું. માટે રાજન્ ! ખોટી ચિન્તા કરશો નહીં.

મહમ્મદ—(અંતરમાં દુઃખી થતો થતો.) અરે. રે ! એક દમડી પણ સાથે નથી આવવાની. હાય રે કોઈ પણ સાથે નહીં આવે ?

અરે ! તો પછી મેં આટલી લઢાઈઓ કરી, ચઢાઈઓ કરીને અઢળક માલમત્તા લૂંટી. અરે ! નિર્દોષ મનુષ્યોને તલવારને ઘાટ ઉતારીને લોહીની નદીઓ વહેવડાવી. હાય રે...મંદિરો-ધર્મસ્થાનો લૂંટીને હીરામોતી-સોનુંચાંદી ભેગાં કર્યા. અને છતાં કંઈ પણ સાથે નહીં આવે ? અરે વજીર ! તો સાથે શું આવશે ?

વજીર—હે બાદશાહ ! દરેકે કરેલા માત્ર સારા-નરસા, પુણ્ય-પાપ જ પરભવ જતા સાથે આવે છે જેથી જીવને સુખ-દુઃખ ભોગવવું પડે

સુલતાન ગઝની—અરે રે....એક માત્ર સારાં-નરસાં પાપો જ મારી સાથે આવશે ? બસ, બીજું કંઈ જ નહીં. મમત્વની વાસનાએ ભારે આર્તધ્યાન શરૂ કરાવ્યું. વૃત્તિ બગડવા માંડી, મૃત્યુ બગડવા માંડયું. બસ, મૃત્યુ બગડયું એટલે ગતિ બગડી. સુલતાન ગઝનીએ કહ્યું, હે વજીર ! તો મારા મર્યા પછી હું કહું એમ કરજો, કારણ મેં નકામા ખોટાં કામો કરી, લોકોને લૂંટી, વિના પ્રયોજને બદીનાં કામો

કરી નામ બદનામ કર્યું છે—ઇતિહાસ મને લૂંટારો જ કહેશે—મારા પ્રાણ નિકળી ગયા પછી મને દફનાવવા જનાઝામાં સુવાડીને લઈ જાઓ ત્યારે મોઢા ઉપર કફન ઢાંકી, બન્ને હાથ બહાર ખુલ્લા રાખજો. લોકોને ખબર પડવા દેજો કે મહંમદે આટલી દૌલત લુંટીને ભેગી કરી પરન્તુ સાથી કંઈ જ ન લઈ જતા એકલા ખાલી હાથે જાય છે. વજીરે સુલતાનના કહ્યા પ્રમાણે કર્યું.

જગતના મોટા મોટા માંધાતાઓ એકલા ગયા, છ ખંડના ચક્રવર્તીઓની સાથે કોઈ નથી આવ્યું અને રાજા-મહારાજાઓની પાછળ કોઈ ગયું નથી. સ્વર્ગના અધિપતિ ઈન્દ્રને પણ મૃત્યુ પછી એકલા જ ત્યાંથી નીકળી જવું પડે છે. નથી કોઈ સંપત્તિ કે નથી કોઈ દેવી કે કંઈ જ સાથે નથી આવતું. જીવ એકલો જ સંસારમાં આવે છે અને એકલો જ સંસારમાંથી વિદાય લઈને ખાલી હાથે ચાલ્યો જાય છે.

> एकः उत्पद्यते जन्तुरेकः एव विपद्यते ।
> कर्माण्यनुभवत्येकः प्रचितानि भवान्तरे ॥

- કલિકાળ સર્વજ્ઞ હેમચન્દ્રાચાર્ય મહારાજા યોગશાસ્ત્રમાં જણાવે છે કે જીવ એકલો જ સંસારમાં જન્મે છે. અને આવ્યો એવો એકલો જ સંસારમાંથી વિદાય લે છે. અને પોતે કરેલાં કર્મોને પણ એકલો જ ભોગવે છે, એકલો જ દુઃખો ભોગવે છે. સર્વત્ર જીવ એકલો જ હોય છે. કોઈ એના દુઃખ-દર્દમાં સાથ નથી આપતો. એક ભવમાંથી બીજા ભવમાં જીવ એકલો જ ચાલ્યો જાય છે

### ડાકુમાંથી સાધુ બન્યા :

મહાઅટવીમાં આવતાજતા યાત્રિક લોકોને લૂંટનારો ડાકુ વાલ્મીકિ એક વાર નારદજીને લૂંટવા આવ્યો. નારદજીએ કહ્યું - ભાઈ ! જેટલું લૂંટવું હોય એટલું લૂંટ. કંઈ વાંધો નથી, મારી ના પણ નથી પરંતુ હું તને ફક્ત એટલું જ પૂછું છું કે આ બધું તું કોના માટે લૂંટે છે ? શા માટે લૂંટે છે ?

વાલ્મીકિ—અરે ! એમાં શું તમે પૂછો છો ? એ તો દીવા જેવું સ્પષ્ટ જ છે ને ? કુટુંબ, પરિવાર, પત્ની, પુત્ર, પુત્રી માટે જ.

નારદ—સારું ! તો આ બધું તું જેના માટે લૂંટે છે તે શું તારા પાપને દુઃખની સજા રૂપે ભોગવવા પડશે ત્યારે ભોગવવા સાથે આવશે ? યાદ છે તને નરકમાં કેવાં દુઃખો ભોગવવાં પડે છે ? તિર્યંચ, પશુ-પક્ષીની ગતિમાં કેવાં દુઃખો ભોગવવાં પડે છે ? ત્યારે શું તું એકલો જ બધાં દુઃખોની સજા ભોગવીશ ?

વાલ્મીકિ—ના ! અરે હોય ? એમાં તો પત્ની, પુત્રાદિ બધા ભોગવવા સાથે આવશે !

નારદજી ! અરે તું તારા મનથી કહે છે કે એમને પૂછીને કહે છે ?

વાલ્મીકિ પૂછવા ગયો. તમે કોઈને પણ પૂછી જુઓ. આવશે કોઈ તમારી સાથે સજા ભોગવવા ? વાલ્મીકિએ પૂછયું પરંતુ જવાબમાં વિચિત્ર જવાબ મળ્યો. એટલે વાલ્મીકિ દોડતો નારદજી પાસે આવ્યો અને વસ્ત્ર ઉતારી ડાકુ મટી સાધુ બન્યો અને જેને મહાન "રામચરિત માનસ" જેવી રામાયણ લખીને જગતમાં પોતાનું નામ અમર બનાવ્યું અને જગતને આદર્શ રાજમાર્ગ દેખાડયો. અમર બની ગયા.

## સંસારના શાશ્વતા સિદ્ધાંતો :

શું જગતમાં એવા શાશ્વતા સિદ્ધાંતો નથી ? ચોક્કસ છે. આ સમસ્ત જગતની વ્યવસ્થામાં એવા ઘણા શાસ્વતા સિદ્ધાંતો છે જે સર્વ જીવ માત્રને માન્ય છે. ભલે પછી તે ગમે તે ધર્મનો હોય કે ગમે તે સંપ્રદાયનો હોય પણ દરેકને સરખી રીતે લાગુ પડે છે. દાખલા રૂપે જીવ એકલો જ આવે છે, અને એકલો જ જાય છે, પોતે કરેલા પાપો પોતાને જ ભોગવવાં પડે છે. સંસારમાં કોઈ કોઈનું નથી સંસારમાં કોઈની શરણ સ્વીકાર્ય નથી હોતું. સંસાર અશરણ છે, સંસાર અસાર છે. આવા અનેક ભાવો જે શાશ્વત સનાતન સિદ્ધાંતો છે એમાં કોણ ના પાડશે ? સંભવ નથી કે કોઈ ના પાડે અથવા સહમત ન થાય, કારણ આ સિદ્ધાંતો દરેકને લાગુ પડે છે. માટે માન્યા વગર ચાલે એમ નથી.

ભગવાન તીર્થંકર પરમાત્માને અથવા મોક્ષ ન માનનારા ઘણા નીકળશે. કહેશે કે અમે તો મોક્ષ વગેરે કંઈ જ નથી માનતા પરંતુ શું મૃત્યુને નથી માનતા ? શું જીવને એકલા જ આવવું પડે છે, એકલા જ જવું પડે છે ? વગેરે કોઈ નથી માનતું ? કેવી રીતે ના પાડે ? અનુભવ સિદ્ધ વાત છે. આવ્યો ત્યારે એકલો જ આવ્યો હતો અને જશે ત્યારે એકલો જ જવાનો છે.

जब तूम आए जगमें, जग हंसे तुम रोए ।
अब करनी ऐसी करो, तूम हसो जग रोए ॥

કહેનારા કહી ગયા કે હે જીવ ! જ્યારે તૂ આ સંસારમાં આવ્યો અર્થાત્ જ્યારે તૂ જન્મ્યો ત્યારે તૂ રડતો હતો અને જગત આખું હસતું હતું. તારા જન્મના સમાચારથી પણ લોકો રાજી થયા હતા. પેંડા વહેંચ્યા હતા, પાર્ટી કરીને જન્મ્યા હતા. પરંતુ તૂ તો રડતો જ હતો. માટે હવે સમજી જા ! તારા રડવાની કિંમત કોઈએ કરી નથી. તારા દુઃખને કોઈએ વહેંચી નથી લીધું. હવે તો તુ એવી રીતે જીવજે કે જ્યારે તુ મરે ત્યા હસતો હસતો મરજે અને તારી પાછળ દુનિયા રડતી રહે એવી રીતે તુ મરજે.

## બાલ્ય વયે કેવા નિર્મોહી હતા :

જન્મ-મરણની અવિરત ચાલતી આ ઘટમાલના સંસારમાં બાળક જ્યારે જન્મે છે ત્યારે તેને કોઈનોય મોહ કે મમત્વ નથી હોતું. તે કોઈનેય નથી ઓળખતો, તેને કોઈના ઉપર રાગ દ્વેષ નથી. એક માત્ર દેહમમત્વ હોય છે. દેહ ઉપર રાગ ભારે હોય છે. એટલે ભૂખ લાગતા રડશે પણ પેટ ભરાયું ત્યાં ઉંઘી જાય છે. બીજી કોઈ જડ વસ્તુનો રાગ હજી જાગ્યો નથી. એટલે કદાચ ઘરમાં કંઈ પણ ફૂટે કે તૂટે કે પોતાનું ઘોડિયું પણ તૂટે તોય બાળકને રડવું નથી આવતું. અરે ! એટલું જ નહીં પણ બાળકને જ્યાં સુધી આ મારી મા છે એટલું પણ જ્ઞાન નથી જાગ્યું ત્યાં સુધીમાં કદાચ માતા મરી પણ જાય તોપણ બાળકને કંઈ જ નથી લાગતું. બધા રડે છતાં બાળકને રડવું પણ ન આવે. કેવો

નિર્મોહી છે એ બાળક ? છે કોઈનો મોહ ? છે મમત્વ ? ના, કંઈ જ નથી. માટે એકલો પોતે પોતામાં મસ્ત છે. એકલવાયાપણાની મસ્તીમાં કદાચ માતા વગર ચાલશે પણ આહાર વિના નહીં ચાલે.

## મા રાગ શિખવાડે છે :

ધીમે ધીમે બાળક મોટો થાય છે. જેવું બાળક સમજણું થયું કે માતા સર્વ પ્રથમ પોતાની ઓળખ કરાવે છે. બોલ મમ્મી, મા, માતા વગેરે શિખડાવે છે, બાળકનો રાગ વધતું ગયો. હવે તેને માતાનું મહત્ત્વ સમજાણું. એટલે હવે માતા તેને મૂકીને કદાચ બહાર જાય તો પણ બાળક રડવા માંડે છે અરે રે માએ સૌપ્રથમ ગળથૂંથીમાં, બાળકની કોરી પાટી ઉપર જ સંસારના રાગનાં બીજ વાવી દીધાં છે, પથ્થરની લકીરની જેમ કોતરી નાખ્યા છે. હવે એ રાગના આટલા ઉંડાં મૂળીયાં કાઢવાં કેવી રીતે ? માતાને મોટી બીક એ છે કે રખે ક્યાંય બાળક મોટો થઈને મને ભૂલી ન જાય. તે માટે પહેલાં મા પોતાનો જ મોહ જગાડે છે, પોતાની જ માયા લગાડે છે બસ, રેડવામાં આવતું આ ઠંડું ઝેર આગળ જતાં એક મોટું વિષ વૃક્ષ બની જાય છે. ભલે માએ શિખવાડયું છતાં દીકરો માને જ મૂકીને જુદો રહે છે અને કદાચ ઘણા તો માને પૂછતા પણ નથી, કારણ હવે મા કરતાં પણ રાગ પત્ની તરફ વધતો જાય છે-આ છે સંસારની કરુણતા.

ધીમે ધીમે બાળક માને સમજતો થયો, વસ્તુને ઓળખતો થયો. બધાનો રાગ વધતો ગયો. મમત્વ વધવાથી મોહ વધ્યું મોહથી રાગ વધ્યું અને રાગથી વસ્તુઓ વધી વસ્તીઓથી મૂર્છા વધી. અને એ મૂર્છાથી ફરી રાગ, ફરી મોહ, ફરી મમત્વ અર્થાત્ આ ક્રમે વધતું જ જાય છે. એક દિવસ એવો આવે છે કે મનમાં પડેલી રાગની વાસનાની સંજ્ઞા પણ વધી. સંજ્ઞા ભડકી એટલે માએ પરણાવ્યો. બસ, હવે રાગની દિશા બદલાઈ, રાગનું રૂપ બદલાયું, માતાના બદલે પત્ની ઉપર રાગ વધ્યો પરિણામે માતા પ્રત્યેની રાગ ભક્તિ ઘટે છે, પત્ની પ્રત્યે

રાગ મોહ મમત્વ વધે છે, અને આના ફળસ્વરૂપે સંસારમાં જોવામાં આવે છે કે ઘરનો યુવાન એક દિવસમાં મા બાપને છોડીને પત્નીને લઈને એકલો રહેવા ચાલ્યો જાય છે. અને હવે માંની સામું પણ જોતો નથી.

**માંનો જીવતો અગ્નિસંસ્કાર**

એંશી વર્ષના માજીને "અતિસાર" ઝાડા થઈ ગયા. ૨-૪ દિવસમાં ભારે અશક્તિથી માજી લેવાઈ ગયા. માજી બેભાન થઈ ગયા. એકનો એક છોકરો ઘરે આવ્યો. બધાને ફોન કરીને બોલાવ્યા. સગાં-સંબંધી બધાં ભેગાં થયાં. બપોરે ૨-૦૦ વાગે શ્મશાન યાત્રા કાઢી. જીવતી માને નનામીએ બાંધીને લઈ ચાલ્યા. માજીને રસ્તામાં પણ ઝાડા થયાં. છતાં શ્મશાનમાં લઈ જઈને લાકડા ઉપર નનામી મૂકી ત્યાં તો માજીએ પગનો અંગૂઠો હલાવ્યો, પરન્તુ છોકરો વિચાર કરે છે—અરેરે! આજે રવિવાર છે. રજાનો દિવસ છે અને માજીને પાછા ઘરે ક્યાં લઈ જાઉં, ? મારું ખરાબ દેખાશે. મારી ઈજ્જત જશે. ? એમ વિચાર કરી છોકરાએ માના શરીર ઉપર લાકડા ખડક્યા. શુદ્ધિમાં આવેલા માજીએ ચીસ પાડી. ત્યા છોકરાએ કહ્યું કે ગભરાશો નહીં. આ તો મારી માંને વળગાડ છે. એટલે તે ચીસ પાડે છે. એમ કહીને દીકરાએ જીવતી માંના શરીરે આગ ચાંપી દીધી. અગ્નિસંસ્કાર કે અગ્નિસ્નાન ?

આ એજ પુત્ર છે જેને માંએ ખવરાવી પીવરાવી મોટો કર્યો છે.અરે! પોતે ભૂખી રહીને છોકરાને ખવરાવ્યુ છતા શું આજે આ બદલો ? હાય રે ! સંસાર, હાય રે રાગદ્વેષ ! તારા પાપે દીકરો જીવતી માને સળગાવી દે છે ?

લાકડામાં બળતી વખતે માજીને છેલ્લે છેલ્લે જ્ઞાન થયું—હે જીવ! આ જોયો તે પ્રત્યક્ષ પુરાવો ? કોણ કોનો છે ? હે જીવ ! તૂ જેવો આવ્યો એવો જ જઈ રહ્યો છે. એકલો આવ્યો અને એકલો જઈ રહ્યો છે. તૂ કોઈનો નથી અને કોઈ તારૂ નથી. વ્યર્થ આ મારો પુત્ર, આ મારા પિતા, આ મારી પત્ની એમ મારા...મારાના વિચારો કરતો રહ્યો. પરંતુ ખરેખર તો તારું કોઈ નથી.

## આત્માનુ શાસન

**एगोऽहं नत्थि मे कोई, नाहमन्नस्स कस्सई ।**
**एवमदीणमणसो अप्पाणमणुसासई ॥**

સંથારાપોરિસિની ગાથામાં આત્માનુશાસનની પ્રક્રિયા સમજાવતા કહેવામાં આવ્યું છે કે હું એકલો છું, મારૂં કોઈ નથી, અને હું પણ કોઈનો નથી. આ પ્રમાણે અદીન મનથી આત્માનુશાસનની ભાવના ભાવવી જોઈએ. સાધકને ઉદ્દેશીને કહેવામાં આવે છે કે પ્રતિદિન પથારીમાં સૂતા પહેલાં અને ઉઠતા નિત્ય નિયમિત આટલી એકત્વ ભાવનાનું ચિન્તન અવશ્ય કરવું. હું એકલો છું, મારુ કોઈ નથી, અને હું કોઈનો નથી આવી ભાવનાઓના ચિન્તનથી અધ્યાત્મ માર્ગ ખુલ્લો થઈ જાય છે. સંસારનો રાગ-મોહ-દ્વેષ વગેરે ઓછું કરવા આ એક ઉત્તમ પ્રયોગ છે અને પોતાને પોતાનું ભાન તો અવશ્ય થવું જ જોઈએ

## અધ્યાત્મ અને સંસાર

સંસારમાર્ગમાં મારું મારું શું છે? મારૂં આ છે એની ચિન્તા થાય છે. આ મારું, આ મારી, આ મારો વગેરે સંસારમાં ચિન્તાના વિષયો છે. બસ એનાથી વિપરીત અધ્યાત્મ માર્ગમાં ચિન્તન છે. હું આત્મા, છું હું એકલો છું, હું કોઈનો નથી, કોઈ મારો નથી. હું એક શાશ્વત આત્મા છું, હું અનન્તનો યાત્રી છું. હું એક છું. હું એકલો જ આવ્યો છું. હું એકલો જ જવાનો છું, હું એકલો જ જન્મ્યો છું, હું એકલો જ મરવાનો છું. આ અનુપ્રેક્ષા અધ્યાત્મ માર્ગની છે. અધ્યાત્મ સંસારનો વિરોધી અને સંસાર અધ્યાત્મથી વિપરીત છે. બન્ને પૂર્વ-પશ્ચિમ જેવી વિરૂદ્ધ દિશા છે, પરંતુ બન્ને દિશામાં જનાર સૂર્ય એક જ છે. એ જ પ્રમાણે અધ્યાત્મ અને સંસાર બન્નેમાં અનુગત આત્મા એક જ છે. ઊગમવા અને આથમવાની સૂર્યની ક્રિયાની જેમ જન્મ અને મરણ કરનારો આત્મા છે. તે અનુગત છે.

જન્મ અને મરણ એ સંસારમાં આવવા અને જવાની ક્રિયાનું નામ છે. જીવ મોક્ષે નથી ગયો ત્યાં સુધી સંસારમાં છે અને સંસારમાં આવવું જવું અર્થાત એક ગતિમાંથી બીજી ગતિમાં જવું અને બીજી ગતિમાંથી એક ગતિમાં આવવું. બસ આનું નામ જ સંસાર છે. આ ક્રિયા કરનાર આત્મા છે. તે એકલો જ છે. આંખના પલકારામાં જીવ ચાલ્યો જાય છે અને બીજે ઉત્પન્ન થઈ જાય છે.

## સંસારના સંબંધનો સાચો અનુભવ

સમુદ્રમાં ભરતી અને ઓટની જેમ માનવીના જીવનમાં સુખ-દુઃખ આવે અને જાય છે. પૈસો પણ આવે છે અને જાય છે. વર્ષો પહેલાં ભાઈ પાસે ઘણી મિલકત હતી પરન્તુ એક વખત ધંધામાં નુકસાન થતા સંપત્તિ ચાલી ગઈ.

જ્યાં સુધી પુણ્યોદય પ્રબળ હોય છે ત્યાં સુધી કોલસા પણ હીરા-મોતી જેવા ચળકશે, અને હે ભાગ્યશાળી ! જે દિવસે પુણ્ય પરવારી ગયું તે દિવસે હીરા-મોતી હશે તે પણ કાળા કોલસા જેવા થતા વાર નહીં લાગે. સંસારનાં સુખો અને ચંચલ લક્ષ્મીજન્ય સુખો વીજળીના ચમકારાં જેવાં હોય છે. લક્ષ્મી જતા જતા એટલી હદે ચાલી ગઈ કે રાજા રંક થઈ ગયા, અમીર ગરીબ થઈ ગયા. શેઠ-શ્રીમંત તવંગર થઈ ગયા. જેને ત્યાં અઢળક હતું એને ત્યાં એક એક દાણા માટે ભટકવું પડ્યું. પુણ્ય અને પાપજન્ય સુખ-દુઃખ તો તડકા અને છાયાની જેમ ફરતા વાર નથી કરતા ભાઈની લક્ષ્મી ચાલી ગઈ. ફાટેલાં કપડાં પહેરવાના દિવસો આવી ગયા. પત્નીને પિયર મોકલીને પરદેશ કમાવા જવાનો નિર્ણય કર્યો અને નીકળી પડ્યો. માર્ગમાં થયું કે નજીકના સામે ગામમાં મારી સગી મોટી બહેન રહે છે તો હું બહેનને મળતો જાઉં. બીજું કોઈ નહીં તો સગી બહેન તો છે. મળવાનું થશે. સુખ-દુઃખની વાતો થશે. એમ વિચારી બહેનને ત્યાં ગયો. બહેનને ત્યાં મહેમાનો ઘણા બેઠા હતા. ઘણી સખીઓ સાથે વાતચીત અને ખડખડાટ હાસ્ય ચાલી રહ્યું હતું. દરવાજેથી પ્રવેશ કરતા ભાઈની

સામે નજર કરીને બહેને મોઢું બગાડયું. સગા ભાઈ ને આવકાર પણ નહી. ભાઈ બિચારો ઘરમાં એક બાજુ બેસી ગયો. કદાચ સખીઓ સાથેની વાતચિત પતી ગયા પછી મને બોલાવશે.

એટલામાં તો સખીઓએ એને પૂછ્યું—આ માણસ કોણ છે ? તારા ઘરમાં આવીને બેઠો છે એટલે શું તારો કોઈ સગો-સંબંધી કોઈ છે ? ત્યાં તો બહેને એક સેકંડ વિચાર કર્યો. અરે ! આવાં ફાટેલાં કપડાં અને દરિદ્ર ભિખારી જેવાને જો હું મારો ભાઈ કહીશ તો આ લોકોને શું લાગશે ? અરે ! મારી ઈજ્જતનાં કાકરા થશે. અમારા સંબંધમાં ઊણુપ આવશે. એટલે તરત બહેને કહ્યું- ના ના આ તો મારે ત્યાં પહેલા રસોઈયા તરીકે કામ કરતો હતો તે ચૂલો ફૂંકનારો છે. એમ બધાનું ધ્યાન દોરીને કામે લાગી ગઈ.

આ બાજુ ભાઈને વજ્રઘાત જેવો આઘાત લાગ્યો. અરે ! જાણે કાળજા ઉપર પથ્થર પડયો. માન મળવાની વાત તો દૂર રહી પરંતુ ઘોર અપમાન. અરેરે ! હાય ગરીબી. અરે ! આ સંસારમાં સગા સબંધી બધું જ એક માત્ર પૈસાની ફૂટપટ્ટીથી જ માપવામાં આવે છે. બસ " **वसु विना नर पशु** "-ધન વગર માનવી પશુની ગણત્રીમાં ગણાય. છે. " **धर्मेण-विना नरः पशवः समानाः** "—ધર્મ વગર મનુષ્યો પશુ સમાન ગણાતા હતા. એના બદલે આ કાળમાં કહેવત પણ ફરી ગઈ " **धनेन विना नर पशवः समानाः** " અરે ! ધન વગર મનુષ્ય પશુ સમાન કહેવાય છે.

બસ, ભાઈ ઊભો થઇ ગયો. બહાર નિકળવા દરવાજે આવ્યો. મનોમન વિચારો ચાલવા માંડયા.

**भो दारिद्रय ! नमस्तुभ्यं, सिद्धोहं तव दर्शनात् ।**
**अहं सर्वांस्तु पश्यामि, मां कोऽपि न पश्यति ॥**

હે દારિદ્રય ! હું તને પણ નમસ્કાર કરું છું, કારણ કે તારા દર્શનથી હું ખરેખર એક સિદ્ધ પુરુષ જેવો બની ગયો છું. અર્થાત્ વિદ્યાસિદ્ધ કે મંત્રસિદ્ધ પુરૂષ અંજન યોગ સાથે નગરમાં આવે તો તે બધાને જોઈ

શકે છે પરંતુ તેને કોઈ જોઈ નથી શકતો. એટલો તેનો અંજન કે મંત્રવિદ્યાનો પ્રભાવ હોય છે. એવી રીતે દારિદ્રયના પ્રભાવથી સગાં-સંબંધી માણસોની વચ્ચે હું પણ સિદ્ધ પુરુષ જેવો જ લાગું છું કારણ હું બધાને જોઈ શકું છું, ઓળખી શકું છું કે આ મારા કાકા, મામા દાદા, સસરા, કે ભાઈ વગેરે થાય છે પરંતુ મને કોઈ ઓળખી જ નથી શકતા, મને કોઈ જોવા પણ તૈવાર નથી હોતા વાહ રે દારિદ્રય ! શું તારો પણ પ્રભાવ. !

ભાઈ ઘરનાં પગથિયાં ઉતરી ગયો. યોગાનુયોગ પરદેશ ગયો. પુણ્યે સાથ આપ્યો અને પાંચ વર્ષમાં લાખો રૂપિયા કમાઈને અઢળક ધન-સંપત્તિ તથા નોકરચાકર અને પશુ વગેરેના મોટા રસાલા સાથે પાછો સ્વદેશ આવ્યો. યોગાનુયોગ એ જ ગામે પોતાની બહેનના ગામે આવ્યો અને ગામમાં મોટા શ્રીમંત શેઠના આવાસે ઊતર્યો. સાંજે બહેનને ખબર પડી કે ભાઈ આવ્યા છે. અને બીજે ઊતર્યા છે. એટલે બહેન બોલાવા ગઈ. અરે ભાઈ ! પધારો પધારો મારા ઘરે પધારો. બહેનનું ઘર હોવા છતાં તમે બીજે ઊતરો એ શું યોગ્ય છે ? અરે ! પણ મારી આબરૂ જાય. સારુ ન લાગે. એમ બહેને ખૂબ કાલાવાલા કરી આમંત્રણ આપ્યું પરંતુ ભાઇએ કહ્યું, બહેન મારી સાથે નોકરચાકર વગેરેનો રસાલો ઘણો મોટો છે. માટે બીજે ઊતર્યો છું.

બહેન—અરે ભાઈ ! તમે ગમે એટલા હો. શું મારે ત્યાં ખાવાનુ નથી ? ભાઈ, તમારી દયાથી રોટલા-પાણી તો મળી જ રહે છે. તમે નહીં પધારો? તમને મારા ગળાના સમ છે. બસ, પધારો ભાઈ-બહેન ! પણ તું કોને આમંત્રણ આપે છે ? હું ક્યાં તારો ભાઈ છું ? હું તો રસોઈઓ ચૂલો ફૂંકનાર છું. અને તું મને કયાં આટલા કાલાવાલા કરે છે ?

બહેને મોઢું નીચે નાંખી દીધું. શરમાઈ ગઈ. ભાઈ કહે છે—બહેન ! એમાં તારો વાંક નથી. આ સંસાર એવો જ છે. સંસાર સ્વાર્થનો જ સગો છે. પૈસા હોય ત્યાં સૂધી બધા જ સગો ગણે છે, પણ પૈસા ન હોય તો કોઈ સામું પણ જોતું નથી. માટે સંસારમાં કોઈ

કોઈનું નથી. જીવ માત્ર એકલો આવ્યો છે. એકલો રે જવાનો. અને જે પૈસાને સંસાર માન આપે છે તે પૈસો તો અહીંયા જ પડયો રહેવાનો છે. જીવ એકલો જ જવાનો છે.

**ઘડપણમાં સગપણ :**

પરણ્યા ન હતા, જ્યાં સુધી એકલા હતા ત્યાં સુધી સુખી હતા ? કે આજે પરણ્યા પછી ૨–૪ સંતાનના પિતા બન્યા પછી વધારે સુખી છો? ખરેખર, એકલા હતા ત્યારે કેટલા સુખી હતા, સ્વતંત્ર હતા. ગમે ત્યારે રમ્યા કૂદ્યા, અને મજા કરી પરતું શું થાય ? જેમ જેમ મમત્વ વધતું ગયું તેમ તેમ પદાર્થોનો રાગ સમજાવા માંડયો. વસ્તુ અને વ્યક્તિ બન્નેનો મોહ વધવા માંડયો હવે તો કદાચ નુકસાનીમાં દુઃખ થાય છે. એક દિવસ જ્યારે માતાનું મમત્વ કે રાગ જાગ્યો ન હતો ત્યાં સુધી માતા મરી તોપણ દુઃખ નહોતું લાગ્યું, પણ મમત્વ જાગ્યા પછી તો માનો વિયોગ અસહ્ય થઈ ગયો. સંસારમાં જેમ જેમ ઉંમર વધતી ગઈ તેમ તેમ વસ્તુ અને વ્યકિતનો રાગ પણ વધતો ગયો. હવે આ ( રાગ ) મમત્વ સતાવે છે. એક દિવસ વધેલા રાગે-મોહે મમત્વે તમને બીજાની સાથે વળગાડયા. અને એ વળગાડ તમને બહુ ભારે પડી. એવી વળગાડ કે તમે કયાંય પણ નિરાંતે જઈ–આવી નથી શકતા. પારકાનું બંધન એ ભારે ગુલામી છે, જ્યારે એકલાની મજા કંઈક ઓર જ છે. ગમે ત્યાં ગયા તોપણ હવે તો જેને વળગ્યા છો એની પાસે આવવું જ પડે. તમે સંસારને વધાર્યો. અને સંસારે તમને વધાર્યા. જેમ જેમ રાગ વધતો ગયો તેમ તેમ વસ્તુનો સંગ્રહ-સંચય વધતો ગયો જેમ જેમ વસ્તુનો પરિગ્રહ વધતો ગયો તેમ તેમ મોહ-મૂર્છા વધતી ગઈ, અને મૂર્છા વધતી ગઈ તેમ તેમ પરિગ્રહ વધતો ગયો અને પરિગ્રહની પાછળ આરંભ-સમારંભ ભયંકર વધતું ગયું, અને આ આરંભ-સમારંભની પાછળ હિંસા–ઝૂઠ ચોરી બધાં પાપસ્થાનકો વધતાં ગયાં, પરિણામે દુર્ગતિ અને નરક જેવી અધોગતિમાં જવું પડયું. અરે ! જે વસ્તુએ કેવ્યકિતએ તમારા જીવનમાં આવીને રાગ કે મમત્વ ઉભું કર્યું, વધાર્યું તે વસ્તુ અને વ્યકિત તો ચાલી પણ ગઈ પરન્તુ તેની પાછળનો

રાગ નથી ગયો. તો પછી વસ્તુ ખરાબ કે વસ્તુનો રાગ ખરાબ ? પોતાના આત્માને પૂછવા જેવું છે.

## જડની સ્મશાનયાત્રામાં રડવું :

સગાં–સંબંધી મરે અને એની સ્મશાન યાત્રામાં જઈએ છીએ, રડીએ છીએ એ તો પ્રસિદ્ધ વાત છે, જગજાહેર છે. જરૂર માનવીને સગાં–સંબંધીનો વિયોગ અસહ્ય લાગ્યો હશે, પરંતુ આટલો સમજુ માણસ જડ પૌદગલિક વસ્તુની પાછળ શા માટે રડે છે ? એક ઘડિયાળ ખોવાઈ ગઈ, કે જગ ફૂટી ગયો, કે ટી વી. બગડી ગયો, અથવા ઘર–બંગલો પડી ગયો કે પૈસા ચોરાઈ ગયા, અથવા કપડાં બળી ગયાં, કે બેગ ઉપડી ગઈ તો પછી આ બધાંની પાછળ દુઃખી થઇ જાય છે, ઉદાસ થઈ જાય છે, રડવા બેસે છે, માંદો થઈ જાય છે. સગાં–સંબંધી આશ્વાસન આપવા આવે છે. અરે નાશવંત, ક્ષણિક વસ્તુ તો તુટવા ને ફૂટવાના સ્વાભાવવાળી જ છે, તો પછી તેની પાછળ રડવું, ઉદાસ થવું કે દુઃખી થવું એ કેટલી હાસ્યાસ્પદ વાત છે ?

હાય રે માનવી ! એક જડ પૌદગલિક નાની વસ્તુ પણ તને કર્મ બંધાવી જાય છે. એક કાગળની નોટ પણ તને નરકમાં લઈ જાય છે. અરે એક રોટલી ઘણુ તને પાપ કરાવે છે. અરે ! એક કપડું પણ તારું અધઃપતન નોતરે છે. અરેરે ! બહુ જ શોચનીય તારી અવસ્થા છે. વસ્તુ કે વ્યકિત તને જેટલી નથી સતાવતી કે તારું નથી બગાડતી તેટલો વસ્તુ કે વ્યક્તિનો રાગ સતાવે છે. સંસારમાં રાગ જ સતાવે છે, રાગ જ જીવાડે છે, રાગ જ મારે છે. માટે દ્વેષ કરતાં પણ રાગ વધુ ખતરનાક છે. એક જડ વસ્તુ આત્માનું બગાડીને જાય તેની પૂરી તકેદારી રાખવી પડશે. એકત્વ ભાવનાથી વસ્તુ કે વ્યકિત પ્રત્યેની રાગ–દશા ઓછી કરવી પડશે અને આત્માને રાગ દ્વેષના કાતિલ ઝેરથી બચાવવો પડશે.


એકલો રે આવ્યો....
પ્રસુતિગૃહ


એકલો રે જવાનો.

## અનન્તની વચ્ચે તૂ એકલો

વિશ્વમાં વિદ્યમાન કોઈ દર્શનકાર અદ્વૈતવાદી એક જ આત્મા માને છે.

**'अहं ब्रह्मास्मि, ब्रह्मसत्यं जगन् मिथ्या, तथा एकमेवाद्वितीयं ब्रह्म'**

નો તત્વજ્ઞાન જગતને આપ્યો. બસ એક માત્ર બ્રહ્મ જ આત્મ સ્વરૂપે છે. શેષ સંપૂર્ણ જગત મિથ્યા છે. સ્વપ્નવત્ ભાસે છે. **अद्वितीय** અર્થાત એના જેવો બીજો નથી. આ એકાત્મવાદની વાત કરી એવી એકેશ્વરનીવાતો પણ છે. અનેકાત્મવાદ તથા અનેકેશ્વરની માન્યતા ધરાવનારા દર્શનો પણ છે.

સૂર્ય જ એક પ્રકાશમાન છે અને નીચે સેંકડો થાલીઓ પાણી ભરેલી હોય અને તેમાં પડેલ સૂર્યનું પ્રતિબિંબ બધામાં એક સરખો દેખાશે. એક જ સૂર્યના સેંકડો રૂપો. માટે આત્મા એક જ છે અને બીજા બધામાં તો તે માત્ર ઉપાધિરૂપે દેખાય છે. આ અદ્વૈત દર્શનની માન્યતા છે પરન્તુ થોડો વિચાર કરીએ. કદાચ ઘડીભર કબુલ કરી પણ લઇએ. પરન્તુ મારી આંગળી કપાય તો તમને કેમ રડવુ નથી આવતુ? નરકમાં પરમાધામી બીજાને પીડે છે, કાપે છે મારે છે તો અહીંયા કેમ આપણને દુઃખ નથી થતુ.? પાડોશી મરે તો આપણને કંઇ જ નથી થતુ. અર્થાત સુખ-દુ:ખનો અનુભવ તો જીવ માત્રને થાય જ છે એટલે જ્યાં જ્યાં જેને જેને સુખ-દુ:ખનો અનુભવ થાય તે જીવ. માટે જીવ સર્વત્ર શરીરે શરીરે હોય છે. સંસારમાં જીવ માત્ર શરીરમાંજ વસે છે. શરીર વગર રહે તે મુક્ત કહેવાય

જૈન દર્શનકાર અનન્તા જીવો માને છે. નિગોદમાં જીવો અનન્તા ગોળાઓ અસંખ્ય. અને એક એક ગોળે અનન્તા જીવો છે. સંસારમાં અનન્તા જીવો છે. અને મોક્ષે પણ પહોંચેલા જીવો અનન્તા.

આ અનન્તા જીવો પોત–પોતાની રીતે સ્વતંત્ર છે. દરેક અલગ અલગ જૂદા છે. શરીરે શરીરે જુદા છે. જરૂર આત્મસ્વરૂપે એક સરખા છે. સરખા સાદ્રશ્ય ભાવ સૂચવે છે માટે દરેક જીવ એક સરખા છે. નહીં કે એક જ છે. એક સરખા, એક જેવા છે પણ એક જ નથી. જીવમાત્ર સ્વતંત્ર જુદા જુદા છે. કીડીનો જીવ હાથીનો જીવ, માખી-મચ્છર અને મનુષ્યનો જીવ જૂદો છે. ભિન્ન ભિન્ન રૂચિવાળા જીવો છે. માટે આમાંથી એ વિચારવાનો છે કે હું બીજાથી જુદો છું, બીજો મારાથી જુદો છે. એ એની રીતે સુખની શોધમાં પડયો છે. હું મારી રીતે શોધમાં પડયો છું માટે હું એ નથી અને એ હું નથી. જરૂર હું એના જેવો છું એ મારા જેવો છે. સાદ્રશ્ય ફકત સરખાપણું જ સૂચવે છે. પરન્તુ હું એનાથી જુદો છું અને એ મારાથી જુદો છે. એટલાજ માટે હું એનો નથી અને એ મારો નથી. આ વાત પણ દીવા જેવી ચોખ્ખી જ સ્પષ્ટ છે

## એકત્વ ભાવના–અધ્યાત્મ અને સંસાર

નિશ્ચય દષ્ટિ → આધ્યાત્મ માર્ગે મોક્ષ તરફ
એકત્વ ભાવના → સંસાર વધારનારી

સંસારમાં એકલાપણાની વૃત્તિ સારી નથી ગણાતી જુઓ આ તો એકલો એકલોજ ખાય છે. આ તો એકલો જ બધુ લઇ લે છે. છોકરા-ઓને મૂકીને પિતા એકલા ખાય તો સારૂ નથી ગણાતું. શું એકલા એકલા જાઓ છો અમને પણ સાથે તો લેતા જાઓ સંસારમાં આ પ્રમાણે ની દ્રષ્ટિ હોય છે. સંસારમાં તમને કોઈ એકલા રહેવા દે તેમ નથી. અને તમારે એકલા જ જો રહેવું હોય તો સંસારની જરૂર નથી. જેને એકલા રહેતા નથી આવડતું એને જ સગા–સંબંધી સ્વજન વગેરે ઘણાંની જરૂર પડે છે, અરે આખા સંસારની જરૂર પડે છે. બસ એકના માટે સાથ આપવા કે કંપની આપવા જ્યાં બીજા આવ્યા, કે બીજી એના જીવનમાં આવી-પછી ૩–૪–૫ કે ૧૦નો સંસાર વધ્યો. બસ સંસાર ઉભો થઈ ગયો અને પછી તો ઘણાંની વચ્ચે

જીવ પોતાને જ ખોઈ બેસે છે, ભૂલી જાય છે. જે સાધવાનું હતું, જે સાધ્યં હતુ તે ભૂલીને સંસારની પલોજણમાં પડી જાય છે. પહેલા માનવી સંસારને પાડે છે અને પછી સંસાર માનવીને પાડે છે.

એકત્વ ભાવનાનો ઉપયોગ સંસારમાં થઈ શકે તેમ નથી. તમે ઘરે જઈને પત્નિને એમ નહીં કહી શકો કે હું એકલો છું, મારૂ કોઈ નથી. હું કોઈનો નથી...અને તું મારી નથી હું તારો નથી. આ ભાવના ઘરે પત્નિ કે પુત્રના મોઢે બોલશો તો ? અનર્થ થઈ જશે. પત્નિ રડીને તમને ગળે વળગી જશે. હાય...હાય...શું આવું બોલો છો. શું હું તમારી નથી ? શું તમે મારા નથી ? તો તમારી બીજી કોઈ છે ? તો શું મારા બીજા કોઈ છે ? વગેરે ..અનર્થ શરૂ થશે. જે વસ્ત્ર જ્યાં પહેરાતું હોય તે ત્યાં જ પહેરવું સારૂ. નીચેનો વસ્ત્ર ઉપર અને ઉપરનો વસ્ત્ર નીચે પહેરવા જઈએ તો લોકોમાં હાંસીને પાત્ર બની જશું. સંસાર તમને ભાવના પણ ભાવવા દે તેમ નથી પરંતુ તમારે સંસારમાં રહીને જ ભાવના ભાવવી પડશે સંસારમાં છીએ છતાં સંસાર વગેરેની બાર ભાવના ભાવવી પડશે જેથી સંસાર છૂટી શકે.

## એકલાપણાના વિચારમાં રડવું આવ્યું :

હ્યુસ્ટનની હૃદયરોગની હોસ્પિટલમાં એક જ રૂમના બે પલંગ ઉપર સારવાર લઈ રહેલા બે દર્દીઓ હતા. એક તો ત્યાંના જ હતા. બીજા ભારતીય દર્દી હતા એક દિવસ ભારતીય દર્દીને મળવા ભારતથી ૮-૧૦ વ્યક્તિ તેના સગાસંબંધી મળવા આવ્યા, વાતચીત થઈ, ખૂબ હસ્યા પરંતુ બાજુના બીજા પલંગ ઉપર રહેલા અમેરિકન દર્દી રડવા માંડયા. આંખો પાણીથી ભરાઈ ગઈ. હૈયુ ગદ્ગદ થઈ ગયું. એટલે ભારતીય દર્દીએ પૂછ્યું કેમ તમે રડયા ? શું થયું. અમારા બધાની વાતોથી તમને તકલીફ થઈ ?

બીજો દર્દી—ના ભાઈ ના ! પરંતુ તમને મળવા ૮–૧૦ લોકો હજાર માઈલ દૂર ભારતથી આવ્યા છે, જ્યારે મારા સગાસંબંધી તો અહીં નજીકમાં જ રહે છે. છતાં કોઈ પુત્ર કે કોઈ દિકરી કે કોઈ પણ મળવા જ નથી આવતા. અને ઉપરથી ડોકટરને કહેવરાવે છે કે સારૂ થાય તો ઘરે મોકલી આપજો અને ન સારૂ થાય અને કદાચ હાર્ટફેલ થઈ જાય તો ત્યાં જ બાળી નાંખજો..

વિચાર કરજો આ સાંભળીને કોને આઘાત ન લાગે. પરંતુ જેને આ ભાવનાયોગનું તત્વજ્ઞાન પચાવ્યું છે તેને કોઈ અસર નથી થવાની. આ સંસાર ગમે તેવો હોય, સંસાર ગમે તેવું નાટક રચે, કોઈ પણ ગમે તેવું બોલે છતાં પણ ભાવના ભાવનારા તત્વજ્ઞાનીને કંઈ જ અસર નથી થવાની. કારણ જગતનું સાચું તત્વજ્ઞાન જેને પચાવ્યું છે એને રડવું શાનું આવે, એ તો ઉપરથી આનંદ વ્યકત કરે. હા જેવું પરમાત્માએ કહ્યું હતું એવો જ આ સંસાર હું પ્રત્યક્ષ નજરે જોઉં છું. પછી મને શા માટે રડવું આવે. આ ભાવનાઓ ભાવવી અર્થાત્ તત્વજ્ઞાનને પ્રત્યક્ષ જીવનમાં ઉતારવું. ચરિતાર્થ કરવું હું એકલો છું, હુ એક શાશ્વત આત્મા છું, હું કોઈનો નથી, મારૂ કોઈ નથી આવી ભાવના ભાવતા જેને આવડે તેને બીજાના તરફથી માન કે અપમાનની કોઈ આશા કે અપેક્ષા કે ચિન્તા પણ નથી હોતી.

## એકલવાયાપણાનો રોગ :

આ જગતમાં એકલા તો ઘણાં છે, પરંતુ બહુ ઓછા કે બહુ વિરલાજ એકલા રહી શકતા હશે. અને તેથી પણ બહુ ઓછા કે વિરલાનેજ એકત્વ ભાવના ભાવતા આવડતી હશે પાશ્ચાત્ય અમેરિકા વગેરે દેશોમાં સંસ્કૃતિ જ્યાં ખૂબ વિકૃત થતી જાય છે પિતા-પુત્ર-કે-માતા-દિકરીની વચ્ચેની અને પતિ-પત્નિ વચ્ચેની

ભેદરેખાઓ, મર્યાદાઓ જ્યાં ઓછી થતી જાય છે. યુવાનીના ઉંમરે પગ મૂકતા જ પુત્ર-પુત્રી...ગમે ત્યાં, ગમે તેની સાથે જ સંસાર સંબંધો, દેહ સંબંધો બાંધી લે છે, ૫-૭-કે ૧૦ વાર પરણવું કે છૂટાછેડા લેવામાં જ્યાં કોઈનેય શરમ નડતી જ નથી, કોઈનેય આશ્ચર્ય લાગતુ જ નથી. એટલે પુત્ર-પુત્રી પણ ગયા, પત્ની પણ ગઈ, એટલે ઘણાં એકલા પડી ગયા, એકલાપણાંનો રોગ ઘણાંને સતાવે છે. ઘણાં તો એકલા પડયા પડયા રડે છે, એકલા-એકલા ગાંડા થઈ જાય છે એટલે અમેરિકા વગેરે મોટા શહેરોમાં તો એકલાને સાથ આપનારી-Company આપનારી ધંધાદારી સંસ્થાઓ છે, તમારે જે જાતનો સાથ જોઈતો હોય તે પ્રકારનો સાથ મળે છે, કોઈને ફક્ત વાતો કરાવનાર જ જોઇએ છે, કોઈને હસાવનાર, કોઈને રમાડનાર, અને કોઈને દેહ સંબંધનો સાથ આપનાર જોઇએ છે, કોઈને ફક્ત પાના રમવા પુરતો જ સાથ જોઈએ છે તો તે ધંધાદારી કંપની કલાકના ડોલરના ધોરણે સાથ પૂરો પાડે છે, અને એકલાને આશ્વાસન-કે શાંતિ આપે છે.

## એકલો કોણ રહી શકે ?

પરંતુ કોણ જાણે કેમ આટલું હોવા છતાં પણ એકલાપણાની ચિન્તામાં ઘણાં મોટા મોટા માણસો, ઘણાં શ્રીમંતો ઘણાં નેતાઓ આ પ્રકારના પાગલ બની જાય છે, ઘણાં એકલા માણસો ગાંડા થઈ જાય છે, કારણ તેમને એકલા રહેતા નથી આવડતુ, અરે કદાચ એકલા રહેતા પણ આવડતુ હશે પરંતુ એકત્વ ભાવના ભાવતા નહીં આવડતી હોય-અરે એકત્વ ભાવના જો સુંદર રીતે ભાવતા આવડતી હોય તો ગાંડા થવાનો વખત આવે જ નહી ! એકત્વ ભાવના સુંદર રીતે ભાવનાર કયારેય ગાંડો નથી થતો પરંતુ ઉપરથી તે મોક્ષ માર્ગ તરફ પ્રયાણ કરે છે. ચઢાણના સોપાનો ચઢે જે માર્ગે ઘણા મહાપુરુષો ગયા. છે. " **महाजनो येन गतः स पन्था** " મોક્ષમાર્ગનો યાત્રી મુમુક્ષુ એકત્વ ભાવના ભાવતો ભાવતો શિખર ચઢતો જ જાય છે.


एगोऽहं नत्थी मे कोई, नाहमन्नस्स कस्सइ।
एवमदीण मनसो, अप्पाणमणुसासइ॥

આવા ગાંડા બનેલા દર્દીઓને માનસિક સારવાર આપવામાં આવે છે. અને તેથી જ પાશ્ચાત્ય દેશોમાં એક તરફ ગાંડાઓનું પ્રમાણ વધતુ જાય છે, તે જ પ્રમાણે માનસિક સારવાર કરનારા ડોકટરોનું અને સાઈકિએટિક ટ્રિટમેન્ટનું પ્રમાણ વધતુ જ જાય છે જો કે એમાં કોઈ ચોક્કસ પદ્ધતિ કે દવા નથી. ફકત ઉંઘની ગોળીઓ Camp. se, Tranquilizers, વગેરે વધારે પ્રમાણમાં આપવામાં આવે છે, જેની અસર કેવી છે એ તો એ લોકો જ જાણે, શું ઉંઘ લાવવા માત્રથી રોગો મટી જશે ? ના એના કરતા તો એકત્વ ભાવના એ એકલાપણાનો રોગ પણ મટાડશે, ઉન્માદ ઓછુ કરશે અને કર્મક્ષય પણ ઉત્તમ કરશે

એકત્વ ભાવનાથી જ અધ્યાત્મ શાસ્ત્રમાં અધ્યાત્મ યોગમાં પ્રવેશ કરી શકાય છે. ભલે સંસારના વ્યવહારમાં એ ઉપયોગી નથી નિવડતી પરન્તુ એકત્વ ભાવનાનો પ્રત્યક્ષ અનુભવ તો જીવ માત્રને સંસારમાં થઈ જ જાય છે એટલે નિશ્ચય નય થી તો એકત્વ ભાવના અવશ્ય ભાવવી જ પડશે. એકત્વ ભાવના સંસારને ભૂલાવે છે. પ્રેશર અને તાણ ઓછી કરે છે. માનસિક સાન્ત્વના આપે છે. આત્મિક આનન્દ આપે છે.

**एकतां समतोपेतामेनामात्मन् विभावय ।**
**लभस्व परमानन्दसम्पदं नमिराजवत ॥**

## એકત્વનું ભાન થતાજ સંસાર છોડયો

શાન્ત સુધારસમાં વિનયવિજયજી મહોપાધ્યાયજી જણાવે છે કે સમતાની ભાવના સાથે એકત્વપણાની ભાવનાને નુ ભાવ. જેવી રીતે નમિરાજાએ આ ભાવના ભાવતા સંસાર છોડી દીધો.

મિથિલાના રાજા નમિરાજર્ષિ અનેક રાણીઓને પરણેલા હતા સુખ-સંપત્તિનો કોઈ પાર નથી. અઢળક વૈભવમાં સુખ-ભોગો ભોગવી

## એકત્વ ભાવના ભાવતા નમિ રાજર્ષિ સંસાર છોડી સાધુ થયા.




રહ્યા છે. અચાનક પુણ્યની વચ્ચે પાપનો ઉદય પ્રગટ્યો. અને રાજા શારીરિક રોગોથી ઘેરાઈ ગયા. રાજાના શરીરે દાહનો ભયંકર રોગ લાગુ પડયો. આખુ શરીર બળ્યા કરે, ખંજવાળ બહુ જ આવે, કોઈ ઉપાયે

શાન્ત થાય જ નહીં. મહિનાઓ ઉપર મહિનાઓ વીતવા માંડયા.

વૈદ્ય-હકીમના બતાવેલા ઉપાયો પ્રમાણે રાણીઓ રાજાના શરીરે ચંદનનું વિલેપન કરે છે. કોઈ પગે, કોઈ હાથે, કોઈ માથે એમ ઘણી રાણીઓ શીતલ ચંદનનું વિલેપન કરે છે. શરીરે ઘસે છે. કંઈક શીતલતા વધી. કંડક વધવા સાથે સંતાપ શમ્યો અને નમિરાજાને ઊંઘ આવવા માંડી પરંતુ નીરવ શાંતિમાં રાણીઓના હાથમાં પહેરેલાં કંકણ( બંગડીઓ )નો આવાજ આવતો હતો, કારણ શરીર ઉપર ઘસવાનું ચાલતુ હતું. એટલે હાથમાં પહેરેલાં કંકણની હલનચલનથી આવાજ વધ્યો અને રાજાની ઊંઘમાં ખલેલ પડી. રાજાની ઊંઘ બગડી ગઈ. એક તો માંડમાંડ મહામુશ્કેલીએ મહિનાઓ પછી ઉંઘ આવી હતી અને ત્યાં તો રાજા ગરમ થયા.

નામિરાજા – અરે આટલો આવાજ શેનો આવે છે ?

રાણીઓ – (બંગડીઓનો) કંકણનો સ્વામિનાથ.

નમિરાજા—મારી ઊંઘમાં ખલેલ પહોંચે છે માટે કંકણ બધાં જ કાઢી નાંખો.

રાણીઓ—અરે સ્વામિનાથ ! હવે તો લગ્ન થયા છે અને પરણ્યા પછી શું બધાં કંકણ કઢાતાં હશે ? ન કઢાય છતાં તમને ઊંઘ આવે તે ખાતર થોડી વાર માટે એક રાખી બાકીનાં કાઢી નાંખીએ છીએ. તે પ્રમાણે કર્યું. એક કંકણ રાખ્યું અને બાકીનાં કાઢી નાખ્યાં અને ચંદનનું વિલેપન ચાલું રાખ્યું. આ વખતે રાજાને નિરાતે ઊંઘ આવી. જાગ્યા ત્યારે રાણીઓને પૂછ્યું.

નમિરાજા—હવે કેમ આવાજ નથી આવતો. શું કંકણું નથી ?

રાણીઓ—કંકણ તો છે, પરન્તુ ફકત એક જ છે. માટે આવાજ નથી આવતો.

રાણીના આ શબ્દો રાજા ઉપર જાદુઈ અસર કરી ગયા. રાજા ચમક્યો. બેઠો થયો. બધી રાણીઓના હાથમાં માત્ર એક જ કંકણ જોયું. રાજા આ "એક" શબ્દ સાંભળીને ચિન્તનમાં ચઢી ગયો. અને રાજાને ચિન્તનમાં ચઢેલા જોઈને રાણીઓ ચિન્તામાં પડી ગઈ

"જ્યાં ઘણી ભેગી હોય ત્યાં જ કોલાહલ થાય છે." જ્યાં ઘણાં ત્યાં જ ધમાલ હોય છે અને જ્યાં એક હોય ત્યાં ખરી શાંતિ હોય છે. બસ એકલા રહેવામાંજ મજા છે. હું આટલી રાણીઓની વચ્ચે ફસાયો છું. આ હો મને શાંતિ ક્યાંથી મળે? હે આત્મા! તું એકલો જ છે. તારું કોઈ નથી અને તું કોઈનો નથી. તું શાશ્વત આત્મા છે.

એકલો રે આવ્યો... એકલો રે જવાનો. આ રીતે એકત્વ ભાવના ભાવતા ભાવતા રાજાએ સંસાર છોડયો અને નિકળી પડયા મહાભિનિષ્ક્રમણના માર્ગે આગાર મટી અણગાર બન્યા. નમિ રાજા રાજર્ષિ થયા. મહાન પ્રત્યેકબુદ્ધ થયા.

सुच्चा बहुण सद्दं वलयाणमसद्द च एगस्स ।
बुद्धो विदेहसामी सक्केण परिक्खिओ अ नमी ॥

—સુખડ ઘસતા ઘસતા ઘણી રાણીઓના ઘણાં કંકણના શબ્દો સાંભળીને કંકણ કઢાવ્યા પછી એક જ કંકણ રહેતા ધ્વનિ ન થતા બોધ પામી એકત્વ ભાવનાથી સંસારનો ત્યાગ કરી સાધુ થયા.

ઈન્દ્ર મહારાજાએ નમિરાજાનો દૃઢ વૈરાગ્ય અને સાધુત્વ જોઈને પરીક્ષા કરવા આવ્યા ઘણાં પ્રશ્નો પૂછ્યા.

ઈન્દ્ર—હે નમિ રાજર્ષિ? જૂઓ આ આખી મિથિલા બળી રહી છે, અને તમે શું સંસાર છોડયો? નમિ રાજર્ષિ—મિથિલા બળે એમાં મારું કંઈજ બળતુ નથી. હું એકલો છું, મારું કોઇ નથી. હું કોઈનો નથી, તો પછી મિથિલાની સાથે મારે શું સંબંધ છે આવા અનેક

પ્રશ્નો અને તેના ઉત્તરોનો સંગ્રહ શ્રી ઉત્તરાધ્યયન સૂત્રમાં આપેલ છે. શ્રી વીરપ્રભુએ અંતિમ દેશનામાં જેનો ઉલ્લેખ કર્યો છે. એવા નમિ રાજર્ષિ આવી ઉત્તમ સંયમની સાધના કરીને કેવળજ્ઞાન પામી કેવલી થઇને મુક્તિ સાધી ગયા. એકત્વભાવનાનો ખરો ચમત્કાર કહો કે, પ્રભાવ કહો આ ભાવના યોગે મોક્ષે ગયા. દૂધમાં જેમ ઘી છે, તલમાં તેલ છે, છાસમાં માખણ છે તેમ સંસારમાં અધ્યાત્મ છે. મંથનની પ્રક્રિયાથી વલોવીને કાઢવુ પડશે. તોજ અધ્યાત્મ હાથમાં આવશે. અને અધ્યાત્મ માર્ગ હાથમાં આવશે તોજ સંસાર તરી શકાશે, તોજ સાચી શાંતિ મળશે. આત્મા સ્વ–પર કલ્યાણ સાધી શકશે. અશાન્ત સંસારી જીવનમાં અધ્યાત્મ સાધનાની ખૂબ જરૂર છે. અને તે માટે ભાવના યોગનો ઘણો મહત્વ છે. ભાવના યોગથી ધ્યાન સાધના જાગશે, અને ધ્યાન સાધનાથી કર્મ નિર્જરા થશે. તેથી મુક્તિ મળશે.

આજ દિવસ સુધી જીવે બાહ્ય દ્રષ્ટિ રાખી છે. બાહરજ જોયું છે, હવે આપણે આપણી અંદર જોતા શીખવુ પડશે આંતરનિરીક્ષણ કરવું પડશે. તેથી અધ્યાત્મ યોગમાં પ્રવેશ આ એકત્વ ભાવનાથીજ થાય છે. એકત્વ ભાવના એટલે જ–આંતર્નિરીક્ષણ Self Introspection છે. તાત્વિક દ્રષ્ટિએ આંતર-વિચારણા એકત્વ ભાવના-Subjective ભાવના છે.

આત્મનિરીક્ષણ કેમ થાય તે પ્રક્રિયા આ ભાવનામાંથી જ શીખીને કરવી પડશે. આત્મા જો પોતાનું હિત કે કલ્યાણ ઈચ્છતો હોય તો અવશ્ય એકત્વ ભાવના ભાવવી જોઈએ. એકત્વ ભાવના ભાવનાર ખરેખર સ્વતંત્ર કહેવાશે. અન્યથા તે પરતંત્ર કહેવાશે. આ ભાવના બધુંજ નિરીક્ષણ કરશે અને પછી હેય–જ્ઞેયનો વિચાર કરીને નિર્ણય કરાવશે કે હે જીવ તારૂં શું શું છે ? અને શું શું નથી. પરપદાર્થોની ગુલામી એ મારો સ્વભાવ નથી. સ્વગુણોની રમણતાજ મારી સ્વતંત્રતા અને સ્વભાવ છે–એકત્વ ભાવના ભાવવાથી સ્વગુણ રમણતા સ્વભાવરમણતા ઉત્તમ જાગશે.

આ વિશે વિશેષ વિચારણા આગળ ફરી કરીશું.

**એકત્વ ભાવના ભાવવા માટે ચિદાનંદજી મ. નો પદ**

જગમેં નહીં તેરા કોઈ, નર દેખતુ નિશ્ચે જોઈ.

સુત માત તાત અરૂનારી. સહુ સ્વારથ કે હિતકારી ;
બિન સ્વારથ શત્રુસોઇ, જગમે નહીં તેરા કોઈ ॥. ૧

તું ફિરત મહામદ–માતા, વિષયન સંગ મૂરખરાતા ;
નિજ અંગ કી સુધ-બુધખોઇ, જગ મે નહીં તેરા કોઈ ॥. ૨

ઘટ જ્ઞાનકલા નવિ જાકુ, પર નિજ માનત સુન તાકું ;
આખર પછતાવા હોઇ, જગ મેં નહીં તેરા કોઇ ॥. ૩

નવિ અનુપમ નરભવહારો નિજ શુદ્ધ સ્વરૂપ નિહારો ;
અંતર મમતા મલ ધોઇ, જગ મેં નહીં તેરા કોઇ ॥. ૪

પ્રભુ ચિદાનંદકી વાણી, નિશ્ચે ધર તું જગપ્રાણી ;
જિમ સફળ હોત ભવદોઇ, જગમેં નહીં તેરા કોઇ ॥ ૫

शिवमस्तु सर्वं जगतः

**સૌજન્ય**

**સ્વ. શા. વકતાજી વલાજી ગાંધી ફુગલીવાલા (રાજસ્થાન) તથા સ્વ. નવલબેન પ્રતાપચંદ ગાંધીના સ્મરણાર્થે સંઘવી**



**પ્રતાપચંદ વકતાજી ગાંધી તથા સંઘવી જયંતીલાલ પ્રતાપચંદ તથા જયેશકુમાર મહેશકુમાર**

**ગાંધી જવેલર્સ**

(ચાંદીના તૈયાર માલના જથ્થાબંધ વહેપારી)

**કૃષ્ણ શેરી ઘડીયાળી પોળ, વડોદરા.**

**ના સહયોગથી આ પુસ્તિકા પ્રગટ કરવામાં આવી છે.**




# ભાવના ભવ નાશિની

પ્રવક્તા: પરમપૂજ્ય મુનિરાજશ્રી અરૂણવિજયજી મહારાજ

| શ્રાવણ સુદ ૧૩, ૨૦૩૯ | છઠ્ઠું વ્યાખ્યાન-૬ | રવિવાર, તા. ૨૧-૮-૧૯૮૩ |
|---|---|---|

**વિષય :**

**"તુમ નહિં કેરા...કોઈ નહીં તેરા...ક્યા કરે મેરા મેરા..."**

( અન્યત્વ ભાવના )

**अन्योऽहं स्वजनात्परिजनाच्चविभवाच्छरीरकाच्चेति ।**
**यस्य नियता मतिरियं न बाधते तं हि शोककलिः ॥**

—પ. પૂ. ચરમ તીર્થપતિ શ્રમણ પરમાત્મા શ્રી મહાવીર સ્વામિને નમસ્કારપૂર્વક...

વાચકમુખ્ય શ્રી ઉમાસ્વાતિજી મહારાજ 'પ્રશમરતિ' ગ્રન્થમાં અન્યત્વ ભાવના વિષે જણાવે છે કે રાત-દિવસ સતત નિશ્ચિતરૂપે જેના મનમાં એવી બુદ્ધિ નિયત રહેતી હોય કે હું માતા-પિતા, પુત્ર-પત્ની આદિ કુટુમ્બીજનોથી જુદો છું, સર્વથા ભિન્ન છું, નોકર-ચાકર અને સગાં-સંબંધી-સ્વજનોથી પણ સર્વથા ભિન્ન છું, ધનધાન્ય, સોના-ચાંદી તથા વસ્ત્રાદિ વૈભવ-સંપત્તિથી પણ હું સર્વથા જુદો છું, અને ભોગ તથા ઉપભોગ અને ઉપયોગના આશ્રયરૂપ આ શરીરથી પણ હું ભિન્ન છું, આ શરીર પણ મારું નથી, મારાથી જુદું છે એવી ભેદદષ્ટિવાળા આત્માને શોક દુઃખ કે ખેદ ક્યારેય સતાવતું નથી.

## સુખ મેળવવા સતત મહેનત :

અનાદિ-અનન્ત કાળથી જીવમાત્ર સુખ મેળવવા એકધારી મહેનત કરતો જ આવ્યો છે. વણથંભી આ કૂચ એક જન્મથી બીજા જનમમાં એમ અનન્તા જન્મોથી એકધારી સતત ચાલી જ રહી છે. અનન્તા ભવો વીતી ગયા છતા સંસારમાં હજી સુધી કોઈ સુખી થયો નથી. જો કોઈ પણ સુખી થઈ ગયો હોત તો હવે સુખની પાછળની દોડ બંધ કરી હોત, પરંતુ એવી એક પણ વ્યક્તિ જગતમાં દેખાતી નથી કે જે હવે સુખની પાછળ દોડતી ન હોય. બટન દબાવીએ અને લાઈટ ન થાય તો એમ સમજવાનું હોય કે ક્યાંક ખામી છે. એ જ પ્રમાણે અનન્તા ભવોની એકધારી આટલી મહેનત હોવા છતાં પણ જો સુખ ન મળે, સુખી ન થવાય તો સમજવું કે ક્યાંક મોટી ખામી છે. તે શોધવા મહેનત કરવી પડશે ?

## પણ સુખ છે શેમાં ?

કોઈએ સુખ ધન-પૈસામાં માન્યું છે, કોઈએ પત્ની પુત્ર-પુત્રી આદિ પરિવારમાં માન્યું છે. કોઈએ મકાન બંગલામાં, કોઈએ ખાવા પીવામાં કોઈએ સંગ્રહ અને પરિગ્રહમાં સુખ માન્યુ છે. એક કીડી પણ સતત મહેનત કરે છે, અને માણસ પણ સુખની ખાતર સતત દોડધામ કરે છે.

એકમાં સુખ દેખાય તો બીજું ગૌણ કરીને એની પાછળ દોડે છે. પૈસા ખાતર અમેરિકા દોડીને જશે પરંતુ માતા-પિતા-પત્ની વગેરેને અહીંયા પૂછવા-મળવા પણ આવવા તૈયાર નહીં હોય જ્યાં ત્રણ સાધવા જઈએ ત્યાં તેર તૂટે એનું નામ સંસાર છે. કોણ એકીસાથે બધાં જ સુખો મેળવી શકે છે? એક સુખની ખાતર બીજુ તો ગૌણ કરવું પડે છે અથવા છોડવું પડે છે. આ સુખની દોડ કદાચ આંધળી તો નથી ને?

**સંસારમાં સર્વ દુઃખી જ દુઃખી :**

સંસાર એ સુખનું સ્થાન નથી એ વાત ચોક્કસ છે. સંસારમાં સંસારી માત્ર દુઃખથી જ ઘેરાયેલો છે. કોઈને સંતતિનું દુઃખ છે, તો કોઈને સંપત્તિનું દુઃખ છે. કોઈને ઓટલાની તકલીફ છે તો કોઈને રોટલાની ચિન્તા છે? કોઈને સત્તાની ચિન્તા છે તો કોઈને સંગ્રહેલા ધનની ચિન્તા છે? કોઈ શરીરથી દુઃખી છે તો કોઈ રોગોથી ઘેરાયેલો છે, કોઈને સગાંસંબંધી તરફથી બળાપો છે. સમસ્ત સંસારમાં જીવ માત્ર એક યા બીજી રીતે ખરેખર દુઃખી જ દુઃખી છે. આ સળગતા દાવાનળ જેવા સંસારમાં કોઈ સુખી દેખાતો જ નથી.

**સંસારમાં દુઃખનું કારણ :**

**अहं-ममेति मन्त्रोऽयं मोहस्य जगदान्ध्यकृत् ।**
**अयमेव हि नञ्पूर्वो प्रतिमन्त्रोऽपि मोहजित् ॥**

**જેટલો મહામંત્ર નવકાર શાશ્વતો છે તેટલો જ "હું અને મારું" આ મોહનો મંત્ર પણ શાશ્વતો છે.**

સંસારમાં સમસ્ત જીવો "હું અને મારું"ના મોહમાં ફસાયેલા છે. એક પણ જીવ એવો નથી કે જે હું અને મારું ન બોલતો હોય. દરેક ભાષાભાષી પોતપોતાની ભાષામાં જુદી જુદી રીતે આ શબ્દો ગોખે છે—

હિન્દીમાં— मैं और मेरा      મરાઠીમાં → "मी आणि माझा"

ગુજરાતીમાં—હું અને મારું      અંગ્રેજીમાં → I and My.

'હું' શબ્દ કોના માટે વપરાય છે શું 'હું' શબ્દની વાક્યરચના એવી થઈ શકશે ખરી ? હું ઘર, હું બંગલો, હું પત્ની, હું પુત્ર, હું પૈસા, હું કપડા વગેરે વગેરે. ના, આવું બોલાતું નથી અને કોઈ બોલશે પણ નહીં. એક પાગલ માણસ પણ આવી રીતે નથી બોલતો. પરંતુ મારૂ ઘર, મારો બંગલો, મારી પત્ની, મારો પુત્ર, મારા પૈસા, મારાં કપડાં આવી ભાષા વ્યવહારમાં વાપરીએ છીએ. અને જગતમાં આ જ ભાષા વ્યવહાર યોગ્ય સાચી છે.

## "હું અને મારા" શબ્દથી "આત્મસિદ્ધિ"

હું શબ્દ કોના માટે વપરાય છે ? હું શબ્દ જેના માટે વપરાય છે તેનાથી વાચ્ય તે જ આત્મા. હું આ કરૂં છું, હું ખાઉં છું, હું ચાલું છું, અરૂણકુમાર હું છું. આ પણ માઈ નામ છે. હું શરીર કોઈ નથી બોલતુ. હું હાથ દુઃખે છે, હું પગ દુઃખે છે, હું પેટ દુઃખે છે. ના, આવી ભાષા એક ગાંડો માણસ પણ નથી વાપરતો એના બદલે માઈ શરીર, મારા હાથ, મારા પગ. મારૂ પેટ દુઃખે છે. અર્થાત્ હું પદથી વાચ્ય શરીર નથી, પરંતુ " મારૂ શરીર " મારા પદથી વાચ્ય શરીર છે. એટલું તો નિશ્ચિત થયું કે કર્તા તરીકે " હું "થી વાચ્ય આત્મા. અને " મારા " શબ્દથી વાચ્ય તે શરીરાદિ. જો આ શરીર પણ મારૂ નથી કારણ મારાથી જૂદો છે માટે.

હું અને મારાની વચ્ચે સંબંધ છે. માટે હું એ મારૂં નથી અને મારૂં એ હું નથી. હું અને મારાની વચ્ચે ભેદ છે. બસ, ભેદ એટલે

જ અન્ય બે જૂદા ભિન્ન-ભિન્નને સૂચવનાર તે સંબંધ કહેવાય છે, માટે શરીર એ આત્મા નથી અને આત્મા એ શરીર નથી. આત્મા-શરીરમાં રહેવા છતાં શરીરથી ભિન્ન છે, અને શરીર આત્માથી ભિન્ન છે.

એકના એક પુત્ર ઉપર પિતાને ખૂબ રાગ અને પ્રેમ હતો. પુત્ર-પિતાની આંખનો લાડીલો તારો જાની ગયો હતો. અચાનક પુત્ર બિમાર પડયો. દિવસે દિવસે પરિસ્થિતિ બગડતી ગઈ. પિતા રડી રડીને અર્ધા થઈ ગયા. અરેરે! શું કરીશ ? હાય પુત્ર...અરે ચિમન ..? હે પ્રભુ, મારા ચિમનને બચાવ...એમ પિતા પ્રાર્થના કર્યા કરે.

યોગાનુયોગ સાધુ-સંત મહાત્મા ઘરે પધાર્યા, લાઈટ જતી રહી હતી. અંધારૂ છવાઈ ગયું હતું, પિતા સાધુ મહારાજને પાસે લઈ ગયા. કયાં છે ચિમન ? હાથ ફેરવતા જાય છે. પિતાએ પાસે રહીને મહારાજનો હાથ પકડીને ચિમનના શરીરે-પગે અડાડયો. આ રહ્યો મહારાજ.

મહારાજ—અરે ! આ છે ચિમન...ના આ તો પગ છે.

મહારાજ—હાથે અડીને...આ છે ચિમન ! ના, આ તો હાથ છે. પેટ અડીને...આ તો પેટ છે. માથા ઉપર હાથ દઈને અરે આ તો...માથુ છે. પણ ચિમન કયાં છે ? ચિમન કેમ નથી મળતો ?

મહારાજ—અરે ભાગ્યશાળી ! ચિમન કયાં છે ?

શેઠ—મહારાજ ! આ જ છે જેને તમે અડયા તે જ.

મહારાજ—અરે ! એ તો હાથ છે, પગ છે, પેટ છે. શું હાથ-પગના અવયવોના ઢગલાને તમે શરીર કહો છો ? શું એ જ ચિમન છે ? તો પછી એને સાચવી રાખજો. બાળતા નહીં...મરી જાય તોપણ સાચવી રાખજો સ્મશાને ન લઈ જતા.

પિતા—અરે ! હોય મહારાજ. મર્યા પછી રખાતું હશે ?

મહારાજ—તો કેમ તે દિવસે આ હાથ-પગનો ઢગલો નહીં હોય...? જો આજે ચિમન કહો છો તો તે દિવસે શું નહીં કહો ?

પિતા—ના.. ના. પછી તો મડદું અને મડદું તો બાળવું જ પડે.

મહારાજ—હે ભાગ્યશાલી ! તો પછી શાને રડે છે ? શાને મોહ કરો છો ? આ હાથ-પગનો ઢગલો તે જ શરીર છે, એ ચિમન (આત્મા) તો એનાથી જૂદો છે. એ નથી તમારો પુત્ર કે નથી તમે એના પિતા. એ સ્વતંત્ર જીવ છે. માત્ર તમારી કુક્ષીએ આવ્યો એટલે પુત્ર ? ભલે... પરંતુ એ આત્મા પણ પોતાના કર્માધીન છે. માટે કર્માનુસાર ફળ ભોગવીને આવ્યો છે એવો ચાલ્યો જશે. માટે ભાગ્યશાળી મોહ કરશો નહીં, મોહ જ વધારે સતાવે છે, મોહ મમત્વ જ વધારે રડાવે છે.

## મોહને જીતવાનો મંત્ર

મહામહોપાધ્યાયજી જ્ઞાનસાર અષ્ટકમાં જણાવતા કહે છે કે "**अयमेव हि नञ्पूर्वो प्रतिमन्त्रोऽपि मोहजित्.**" જે "હું અને મારાની" મોહજાળમાં ફસીને જીવે સંસાર વધાર્યો છે તે જ મંત્ર ને **नञ्** અર્થાત્ નિષેધનો નકાર આગળ લગાડીને ઊંધો મંત્ર ગણવો જેથી મોહ ઓછો થાય, અર્થાત્ "**अहं-मम**" (હું અને મારૂં)ની આગળ **न** જોડીને બોલવું-**न अहं-न मम** ( **नाहं-न मम** ) અર્થાત્ હું કોઈનો નથી અને મારૂં પણ કોઈ નથી. મોહને જીતવાનો આ એક અદ્‌ભુત મંત્ર છે. હું અને મારૂં (**अहं-मम**)નો મંત્ર તો સહજ થઈ ગયો છે. વગર શિખવાડે જીભે ગોખાઈ ગયો છે. એટલે રાત-દિવસ સર્વ જીવો એકધારું રટ્યા કરે છે, અરે ઉંઘમાં પણ એ જ રટણ કરે છે. હવે એ ઊલટી ગંગા બદલવાની છે અને એના બદલે **नाहं-न मम**નો મન્ત્ર રટવાની શરૂઆત કરવી પડશે. અર્થાત્ "હું તારો છું" અને તું મારો છે" એના બદલે "હું તારો નથી અને તું મારો

નથી ". આ રીતે રટણ કરીએ તો સારું. પહેલો મોહ—મમત્વને અને સંસારને વધારનારો છે જ્યારે બીજો મોહ-મમત્વ અને સંસાર ઘટાડનારો છે.

## પોતાની જાતને ભૂલી ગયો :

જનમથી એક સિંહણના નાના બચ્ચાને પહેલાથી જ જો બકરાના ટોળામાં જ મૂકી દેવાય તો એ સિંહનું બચ્ચું પણ બકરાની જેમ મેં...મેં.. મેં...જ કરતું થશે, અને બકરાની જેમ જ રહેશે, કૂદશે, રમશે પરંતુ એક-બે વર્ષે જ્યારે પણ એ સિંહને જોશે, એની ગર્જના સાંભળશે અને બકરાને ફાડીને ખાતો જોશે ત્યારે સિંહના બચ્ચાને થશે કે અરેરે હું મેં...મેં...મેં... કરનારો બકરો નથી. અરે હું તો સિંહની જાતનો છું અને આ વિચાર આવતા જ પોતાની જાત ઓળખતા જ એ કૂદીને સિંહની સાથે જ જશે અને બકરાના ટોળામાંથી બકરાને ઉપાડીને ખાઈ જશે. હવે ગર્જના કરશે. હવે હું મારી જાતને ઓળખી ગયો છું.

ખરેખર, આજે શું એમ નથી લાગતું કે આપણે પણ આપણી જાત ભૂલી તો નથી ગયાને ? આપણે કોની જાતના ? આપણે કોની નાતના ? આપણે કોના અને કોણ આપણું ? આપણે કોની જાતના અને કોણ આપણી જાતનો—આ પ્રશ્નની ગૂંચ ઉકેલીએ અને વાસ્તવિકતા જો સમજીએ તો ખરેખર આપણે તત્ત્વજ્ઞાન પામ્યા અને સમજ્યા. અધ્યાત્મ શાસ્ત્રમાં પ્રવેશ કર્યો.

## પુત્ર જાણે મા-બાપને જ મારે છે :

મૃત્યુ સમયે પિતાએ પુત્રને પાસે બોલાવીને કહ્યું—હે પુત્ર ! મારી મૃત્યુ પછી મારું શ્રાદ્ધ કરજે. આ પાડાની બાળી આપીને પણ શ્રાદ્ધ કરજે. આજીવન ગાય, ભેંસ, પાડાઓને સાચવ્યા, તેમની સારસંભાળ લીધી. ખૂબ પ્રેમ હતો પરંતુ અંતે પાડાનો વધ કરીને મને બલિ આપી મારું શ્રાદ્ધ કરજે. આટલું કહીને પિતા દેહ છોડીને ભેંસની

કક્ષીએ પાડા તરીકે જન્મ્યા. સમય જતા પાડો મોટો થયો, મહેશ્વર દત્ત પુત્રની માતા પણ મરીને ઘરઆંગણે કૂતરી તરીકે જન્મી.

માતા-પિતાના મૃત્યુ પછી ઘરમાં મહેશ્વર દત્તની પત્ની એકલી જ પડી ગઈ. વાસના ભડકી, એકલાપણું અને એકાન્ત મળતું ગયું.

## એકાંત, અંધારુ અને એકલાપણું :

સંસારમાં અંધારું તો રોજ જ થાય છે. રાતનું અંધારું તો ફક્ત બાર કલાકનું જ હોય છે. પછી અજવાળું થઈ જાય છે. પરંતુ પાપનું અંધારું ઘણાના જીવનમાં એવું છવાઈ ગયું હોય છે કે કદાચ આખું જીવન અંધારામાં ચાલ્યું જાય છે. અંધારુ, એકાન્ત અને એકલાપણું ઘણીવાર પાપમાં સહાયક બની જાય છે. જોકે એકાંત, અંધારું કે એકલવાયાપણાનો કોઈ દોષ નથી. એ ખરાબ જ છે એવું કંઈ નથી સારા પણ છે. કોણ એનો ઉપયોગ કેવો કરે છે, કેવી રીતે ઉપયોગ કરે છે તેના ઉપર આધાર રાખે છે.

## યોગી અને ભોગી :

એક યોગીને જો એકાન્ત, અંધારું અને એકલવાયાપણું મળી જાય તો યોગી સાધના કરી શકે, ધ્યાનમાં તલ્લીન થઈ શકે, યોગીનો આત્મા પરમાત્મા સાથે મળી શકે પરમાત્મામય બની શકે; અને આ જ ત્રણે સાધન જો એક ભોગીને મળે તો ? ભોગી પાપ કરી શકે. ભોગી કોઈનો ભોગ લઈ શકે. ભોગી કોઈના શિયળનો ભોગ લઈ શકે, કોઈનું શિયળ ખંડિત કરીને મહાપાપ કરી બેસે છે. જગતનાં બધાં પાપો એકાન્તમાં થાય છે, અંધારામાં થાય છે. ચોરી કરનાર ચોરને પણ એકાન્ત અને અંધારુ જોઈએ છે. વિષયવાસનાના કીડા જેવા વિષયીને પણ એકાન્ત, અંધારું અને એકલાપણું જોઈએ છે. બસ, એનાં પણ પાપો શરુ થઈ જાય છે. અધારામાં એકનો દેહ બીજાના દેહ સાથે મળી જાય છે. આ કાયાની માયાએ ઘણી ભવપરંપરા બગાડી છે.

એક પાગલ માણસની દુનિયા અનોખી હોય છે. પાગલ પણ એકલો-એકલો, એકાન્તમાં પણ રહી શકે છે અને અંધારામાં પણ રહી શકે છે. પાગલની દુનિયા કોઈ ઓર જ હોય છે. એ જ પ્રમાણે એક યોગી મહાત્માની દુનિયા કંઈ અનોખી જ હોય છે. એનો આત્મા કોઇ દેહથી મળતો, પરંતુ આત્મા જ પરમાત્માની સાથે મળે છે. તલ્લીન થઇ જાય છે. યોગીને પણ એકલા જ રહેવું ગમે અને ભોગીને પણ એકાન્ત ગમે. એક કર્મ ખપાવે છે અને બીજો ભયંકર કર્મ બાંધે છે. એક સંસાર ઓછો કરે છે અને બીજો સંસાર ઊભો કરે છે, વધારે છે, એક પાપ ખપાવી પાપથી હલકો બને છે જ્યારે બીજો પાપ વધારી પાપથી ભારે બને છે માટે જ્યાં સુધી સાધક અવસ્થા ન પ્રાપ્ત થાય આત્મા પાપભીરૂ અને ભવભીરુ ન બને ત્યાં સુધી એકાન્ત કે અંધારું સેવશો નહીં. સગી બહેન કે દીકરીની સાથે પણ એકાન્તમાં કે અંધારામાં બેસવાની જ્ઞાની ભગવંતો ના પાડે છે પેન્સિલ છોલવા જતા કયાંક આંગળી ન છોલાઇ જાય તેની પૂરતી તકેદારી રાખવી પડશે.

મહેશ્વર દત્તની પત્ની ગાંગિલા વિષયાસક્ત હતી. વીષયી પોતાની વાસનાને સંતોષવા ગમે તે રસ્તો લઈ લે છે. એને વિવેક નથી રહેતો. ગાંગિલાએ પરપુરૂષ સાથે સંબંધ બાંધ્યો. બપોરે પતિના ગયા પછી પરપુરૂષની સાથે ઘર બંધ કરી ક્ષણિક સુખની ક્ષણોમાં ખોવાઇ ગઈ. કુદરતી હાજત દૂર કરવા ઓચિંતો પતિ ઘરે આવ્યો દરવાજો ખખડાવ્યો. પત્ની ઘભરાઈ ગઈ. અરે હવે શું થશે ?

## કોનો ડર ?

આજે માનવીને પૂછવામાં આવે કે ભાઈ કોનો ડર છે ? પાપનો ? કે પાપ કરતા કોઈ જોઈ જાય તેનો ? પાપ કરતા પકડાઈ જઈએ તેનો ? કે પાપના વિપાકે મળતા દુઃખ કે સજાનો ?

સભામાંથી ઉત્તર ⇒ પાપ કરતા કોઈ જોઇ જાય તેનો. અરેરે ! હજી માનવી પાપભીરૂ નથી બન્યો. હજી પણ એને પાપનો ભય નથી

જાગ્યો. અનન્તા જન્મોમાં નરકમાં પાપની સજા ભોગવી છતાં પણ નથી તો પાપની સજા કે નરકનો ભય. નથી તો પાપ કર્મના વિપાકનો ભય. કોઈ ન જુએ તો જીવ પાપ કરવા તૈયાર થઈ જાય છે. અરે ! ભાગ્યશાળી ! કોઈ જુએ કે ન જુએ તોપણ પાપ તો પાપ જ છે. કોઈના દેખતા કરો કે એકાન્તમાં કરો. ગમે ત્યાં કરો પાપ એ પાપ જ છે. ક્ષણિક સુખની ખાતર ૨-૪ મિનિટોમાં કરેલા પાપની સજા ભોગવવા માટે કદાચ નરક ગતિમાં સાગરોપમોનું આયુષ્ય એને ભોગવવું પડશે અને તેટલાં વર્ષો સુધી ભયંકર વેદનાઓ અને યાતનાઓ એને ભોગવવી પડશે. છતાં પણ પાપ ખપશે કે કેમ તે કોણ જાણે ? નરકમાં પાપ ખપવા કરતાં પાપની સજા જ નેવું ટકા ભોગવવી પડે છે. મહેશ્વર દત્તે ખૂબ જોરજોરથી દરવાજો ખખડાવ્યો પત્ની ધબરાઈ ગઈ. અરેરે ! મારૂં પાપ પ્રગટ થશે. હવે શું થશે ? દરવાજો ખુલતા જ મહેશ્વર દત્તે પત્નીના પ્રેમી પરપુરૂષને એવો માર્યો, એવો માર્યો કે મર્મ પ્રદેશ ઉપર વાગતા બેચારો ઘડીભરમાં જ મૃત્યુ પામ્યો. જ્ઞાની ભગવંતો જણાવે છે કે મરતા મરતા પણ એનું મન ગાંગિલામાં જ હતું. હાય રે વાસના તારા પાપે પ્રેમી પરપુરૂષ મરીને પોતાનું જ વીર્ય જે ગાંગિલાની કુક્ષીમાં પડયું હતું તેમાં જ ઉત્પન્ન થયો. અવસરે બાળક જન્મ્યો.

બેચાર વર્ષ પછી પિતાની શ્રાદ્ધતિથિ આવતા પિતાનું શ્રાદ્ધ કરવા પાડો મારીને પુત્રે બલી આપવાનું શરૂ કર્યું. ઘરમાં કૂતરી આવી એટલે પુત્ર મહેશ્વર દત્તે એવો ઘા કર્યો કે કૂતરીની કમર ભાંગી ગઈ. આવા પ્રસંગે એક મુનિ મહાત્મા ગોચરી અર્થે ફરતા ફરતા ત્યાંથી પસાર થયા. એમને આ પ્રસંગ જોયો. ઊભા રહ્યા. મુનિ જ્ઞાની હતા. સ્તબ્ધ થઈ ગયા. મહેશ્વર દત્તની નજરે આ મુનિ ઉપર પડી. આવીને જ્ઞાની મહાત્માને પૂછે છે—મહારાજ કેમ આશ્ચર્યમાં પડી ગયા છો ? અને જ્ઞાની ગુરૂએ જ્ઞાનયોગથી જોઈને કહ્યું—

હે મહેશ્વર દત્ત ! આ જે પાડાને તેં માર્યો છે તે જ તારો પિતા

છે. પિતા મરીને પાડો થયો. અરે ! આ કૂતરી જેની તે કેમર ભાંગી નાંખી છે તે તારી માતા છે અને આ છોકરાને બહુ પ્રેમથી તું જે ખોળામાં બેસાડીને રમાડે છે તે બીજો કોઈ નહીં પણ તારી પત્નીનો પ્રેમી પરપુરૂષ છે. અરેરે ! આ છે સંસાર.

શત્રુ જેવા પરપુરૂષ યારને માર્યો તેને જ ખોળામાં રાખીને પુત્ર તરીકે રમાડે છે, અને મા-બાપને મારીને પિતાનું શ્રાદ્ધ કરે છે. અરે ભાઈ ! આ મહાપાતકમાંથી બચવા કંઈક ઉપાય કર જેથી તારી સદ્‌ગતિ અને કલ્યાણ થાય. આ યથાર્થ સાંભળી મહેશ્વર દત્તે સંસારનો ત્યાગ કરી આત્મસાધના કરી પાતક આલોવી સદ્‌ગતિ સાધી.

### અન્યત્વ ભાવના :

અન્ય એટલે મારાથી ભિન્ન-મારાથી જુદો અર્થાત્ હું અન્ય નથી અને અન્ય છે તે હું નથી. અમારા બેની વચ્ચે ભેદ છે. એટલે અન્ય એ ભેદ સૂચવનારો છે. અન્યત્વ મારાથી જુદા-મારાથી ભિન્ન. હું એકલો છું અને મારૂં કોઇ નથી માટે વિશ્વમાં બીજા જે કોઈ પણ છે તે અને વિશ્વમાં જે કંઈ પણ છે તે બધું જ મારાથી ભિન્ન છે, મારાથી પર છે. પરવસ્તુ-પારકી વસ્તુ એ મારી નથી. અરે ! મારી પણ મારી નથી, પરતું આખું જગત પરપદાર્થ, પરવસ્તુ, પરપુરૂષ, પારકી પત્નીની પાછળ જ મારાપણાની નજર કરીને જુએ છે. પારકાને પોતાનું બનાવવા, પારકીને પોતાની કરવાના પ્રયત્નો આ સંસારમાં ઠેર ઠેર જોવા મળે છે. અન્યને ભિન્ન માની ભેદબુદ્ધિથી રહેવાનું આ અન્યત્વ ભાવના શિખવાડે છે.

### ચક્રવર્તીની માતાનો અનાચાર :

બ્રહ્મદત્ત ચક્રવર્તીની માતા ચૂલણી રાણી પતિના મૃત્યુ પછી વિધવા બની. વિધવા તો જગતમાં ઘણી બને છે પરંતુ પતિની પાછળ રડનારી પત્ની શું ખરેખર પતિને જ રડે છે ? અરે !

પતિ કરતાં પણ પતિ તરફથી મળતા ભોગ સુખને રડે છે. સંસાર માત્ર સ્વાર્થનો સગો છે. ચૂલણી રાણી એ પતિના મૃત્યુ પછી વિષયવાસનાને સંતોષવા માટે પરપુરૂષના સંબંધને તે સતત ઈચ્છતી હતી. અને ચૌદ સ્વપ્નાંઓથી સૂચિત જેનો જન્મ થયો છે તે બ્રહ્મદત્ત (ચક્રવર્તી) પુત્ર બાલ્યવસ્થામાં જ માતાની ઈચ્છા સંતોષવામાં આડે આવતો હોવાથી માતાએ બાજુમાં એક લાક્ષાનું ઘર બનાવીને પુત્રને તે નવા ઘરમાં સૂવા મોકલ્યો અને માતાએ પોતે જ જઈને એ ઘરને આગ લગાડી દીધી.

હાય રે ! આ કામાંધતા...અરે...નરાધમતા ! એ પાપી વિષય... અરે... વાસના ! તારા પાપે માતાએ પુત્રને પિતાને.. માતાને...પત્નીને અરે કેટલાને માર્યા હશે ? આ દુષ્ટ વાસનાએ કેટલાનો ભોગ લીધો હશે ? છતાં પણ વાસનાની તૃપ્તિ થતી જ નથી. તૃષ્ણા જ વધતી જાય છે. જો કે સદ્‌ભાગ્યે મિત્ર-પ્રધાનપુત્રની કુશળતાથી બ્રહ્મદત્ત બચી ગયો. અને ચક્રવર્તી બની ગયો પરંતુ માતા જેવી માતાના કૂકર્મનો કલંક ન મટયો

## રાણીએ રાજાને મારી નાંખ્યો :

પ્રદેશી રાજાની પટ્ટરાણી સૂરિકાન્તા. રાજા-રાણી બન્ને નાસ્તિક અમે તો આત્મા, સ્વર્ગ-નરક, પુણ્ય-પાપ, મોક્ષ વગેરે કંઈ જ નથી માનતા. કોણે કીધું કે પુનર્જન્મ છે, પરલોક છે અને સ્વર્ગ-અપવર્ગ છે ? અરે ! એ બધી વાતો હંબક છે. બસ જે છે તે અહીંયાં જ છે. 'ખાઓ-પીઓ અને મોજ કરો'. Eat, drink and be many. આમાં જ સુખ માન્યું છે. નાસ્તિકનું સ્વર્ગ કહો કે મોક્ષ કહો બધું જ ખાવા-પીવામાં, કપડા-લત્તામાં, મોજશોખમાં વિષય સુખમાં, ઇન્દ્રિયના ભોગોમાં નાસ્તિકની બુદ્ધિ દીર્ઘદૃષ્ટિવાળી ન હોય. અને સંસારમાં અર્ધાથી વધારે જીવો નાસ્તિક જ છે મોટી સંખ્યા નાસ્તિકોની જ છે. કદાગ્રહી-દુરાગ્રહી નાસ્તિકનો ગુરુ તો એને આવી પડેલી મોટી આફત કે મોટું દુઃખ જ છે. એ કોઈથી ન માને પણ આવી પડેલા અસહ્ય ભારે દુઃખથી રીબાતા રીબાતા એની અક્કલ ઠેકાણે આવે.

પ્રદેશી રાજા પણ રાણી સૂરિકાન્તા સાથે સંસારનાં સુખો ભોગવવાં એટલો મસ્ત છે કે જેને બહારની દુનિયા કંઈ દેખાતી જ નથી. કામાન્ધ વિષયીની પણ એક અલબેલી દુનિયા હોય છે. દેડકાના માટે જેમ કૂવો એ એક દુનિયા જ હોય છે બસ એની બહાર, એનાથી વધારે કંઈ જ નથી એમ કામી-કામાંધ વિષયીના માટે પણ વિષય સુખ સિવાય જાણે કંઈ જ નથી. એવી એની વૃત્તિ હોય છે. શહેર-રાજ્યમાં આવતા સાધુ-સંતોને માર મરાવીને શહેરમાંથી બહાર કઢાવતો અને પ્રજાને પણ ધર્મ કરવા ન દેતો.

ધર્મદ્વેષી રાજાની શાન ઠેકાણે લાવવા ચિત્ર મંત્રીએ યુક્તિ રચી અને કેશી ગણધરને આમંત્રણ આપી નગરમાં લાવ્યા. રાજા પ્રદેશી સાથે ચર્ચાવિચારણા ગોઠવી. પૂજ્ય જ્ઞાની ગીતાર્થ કેશી મહારાજે તર્ક યુક્તિઓ અને દલીલોથી રાજાને શ્રદ્ધાળુ બનાવ્યો. રાજા હવે આત્મા-પરમાત્મા, પુણ્ય-પાપ સ્વર્ગ-નરક અને મોક્ષ માનતો થયો. અને ધીમે ધીમે ધર્મ માર્ગ તરફ વળ્યો. અને સમય જતા સામાયિક પૌષધ આદિ વિરતિ ધર્મનો આરાધક બન્યો વીતરાગનો ઉપાસક બન્યો હવે વિષય-વાસના ઘટવા માંડી. વધુ સમય પૌષધશાળામાં પૌષધ આદિ આરાધના કરવા લાગ્યો.

જેની જ્ઞાનદષ્ટિ જાગી ગઈ છે એના માટે સંપૂર્ણ સંસાર તુચ્છ બની જાય છે ઈન્દ્રિય જન્ય સુખો વૈષાયિક ભોગો બધા જ તુચ્છ બની જાય છે. રાજાને આખો દિવસ ધર્મારાધના કરતો જોઈને રાણીને કોપ ચઢયો. અરે! હવે એ તો ધર્મી થઈ ગયા. અરે! પેલા કેશી મહારાજે કંઈ કર્યું લાગે છે. અરે! હવે મારૂં શું ? મને સુખ કયાંથી મળશે ? મારી ઇચ્છા કોણ સંતોષશે ? આ વિચારોમાં પોતાના ભોગ સુખની સતત ચિન્તામાં રાણી રાત-દિવસ દુઃખમાં ચિન્તાગ્રસ્ત રહેતી હતી. અને એક દિવસ પોતાના જયેષ્ઠપુત્ર સૂર્યકાન્તને એકાન્તમાં બોલાવી વાત કરે છે.

રાણી સૂરિકાન્ત અરે! પુત્ર બોલ તારો શું વિચાર છે ? પુત્ર-મા

શેનો ? શું વાત છે ? હું કંઈ સમજતો નથી. રાણી–દીકરા ! સાંભળ તારો બાપ તો હવે આખો દિવસ ધર્મ ધર્મની પાછળ જ ગાંડો થઈ ગયો છે. રાજ્યવ્યવસ્થા પડી ભાંગી છે કોણ સંભાળશે ? માટે હવે બાપને મૂકીને તું રાજ્ય લઈ લે પછી તુ રાજા અને હું રાણી

પુત્ર–પણ મા ! એમ કેમ લઈ લેવાય ? પિતા આપેતો જ લેવાય.

રાણી–જો આપણે યુક્તિ કરીએ અને પિતાને મારી નાંખીએ અને પછી તને રાજા બનાવી દઈશ કેમ બરોબર ને ?
કાનમાં આંગળી નાંખીને પુત્ર બોલ્યો મા અરેરે બાપની હત્યા ? ? ? ના ના મારે નથી સાંભળવું આ બધું !. હું જાઉં છું માં.

રાણી ચિન્તામાં પડી. અરે ! આ તો કામ થયું નહીં ? અને યોજના પડી ભાંગી અને વાત બહાર પડી ગઈ.. બસ, હવે તો હું એકલી જ આ કામ પાર પાડીશ, અને બીજા દિવસે રાણીએ રાજાને ભોજનમાં ઝેર નાંખીને ખવરાવી દીધું. વિષમિશ્રિત ભોજનથી રાજા મૃત્યુ પામ્યો. ધર્મ–આરાધનાથી સદ્ગતિ સાધી.

હાય રે આ સંસાર !

જિહાં લગે કારજ જેહનાં સરે રે, તિહાં તે દાખે નેહ;
સૂરિકાન્તાની પેરે રે, છટકી દેખાડે છેહ. ॥

ખરેખર સંસાર એક માત્ર સ્વાર્થનો જ સગો છે. જ્યાં સુધી સ્વાર્થ સરતો હતો ત્યાં સુધી જ સગાંસંબંધી સ્નેહ-પ્રેમ દેખાડે છે, પરંતુ સ્વાર્થ સરી ગયા પછી સ્નેહી પણ વૈરી બની જાય છે, પ્રેમી શત્રુ બનીને મારી નાંખે છે. ધિક્કાર છે આ સંસારને, ધિક્કાર છે આ સ્વાર્થને.

## પંખીના મેળા જેવો સંસાર :

પંથશિરે પંથી મળ્યા રે, કીજે કિણહીશું પ્રેમ;
રાત્રિ વસે પ્રહ ઉઠી ચલે રે, નેહ નિવાહે કેમ

જિમ મેળો તીરથે મળે રે, જન જન વણજની ચાહ્ય;
કે ત્રોટા કે ફાયદો રે, લેઈ લેઈ નિજ ઘર જાય

હે આત્મન્ ! જે તને સગાંસંબંધી મળ્યાં છે તે તો પ્રવાસમાં મળેલા મુસાફર જેવા છે. બસમાં, ટ્રેનમાં થોડાક મળ્યા પછી જેનું સ્ટેશન આવશે તે ત્યાં ઊતરી જશે. બે ઘડીના પ્રેમમાં શું મળ્યું ? એવી જ રીતે ધર્મશાળામાં કે મુસાફરખાનામાં યાત્રિકો ઊતર્યા હોય. એક રાતમાં પ્રેમ થયો હોય, કંઈક સ્નેહના તાંતણા બંધાણા હોય ત્યાં તો જવાનો વારો આવે છે અને ચાલ્યા જાય છે.

અરે ! સાંજ પડતા કેટલાંય પક્ષીઓ આવીને એક ઝાડ ઉપર આશ્રય લે છે. એકબીજા મળે છે. વાતો કરે છે, પરંતુ સવાર પડતા બધાં જ ઊડીને ચાલ્યાં જાય છે. હવે કોણ કોનો સગો કે સંબંધી ?

—જેવી રીતે એક તીર્થસ્થાનમાં મેળો મળે એમ ઘણા વ્યાપારીઓ ગામેગામથી વ્યાપાર કરવા આવે છે. એક-બે દિવસનો મેળો પૂરો થતાં કોઈ કમાઈને ફાયદો કરીને, કોઈ નુકસાન કરીને જે મળ્યું તે, જેવું થયું તેવું, આવ્યા એવા ચાલ્યા જાય છે.

જ્ઞાનીઓ કહે છે-હે આત્મન્ ! આ સંસાર પંખીના મેળા જેવો, મુસાફરખાના જેવો, અરે ! તીરથના મેળા જેવો અને માર્ગના સ્નેહ જેવો ક્ષણિક છે, વીજળીના ચમકારા જેવો છે. સમય ઓછો અને સાધના ઘણી, જીવન નાનું, આયુષ્ય ટૂંકું અને કામ ઘણાં, અરે આ તો રાત થોડી અને વેશ ઝાઝા જેવી વાત છે. હજી સ્નેહ બંધાતો નથી ત્યાં તો તૂટવાની જ વાત. અરે હજી લગ્ન થયે દિવસો નથી વીત્યા ત્યાં તો છૂટા-છેડાની વાતો. અરે હજી દુકાનનું ઉદ્‌ઘાટન થયે દિવસો નથી થયા ત્યાં તો દેવાળુ કાઢવાની વાત. અરે ! હજી બાળક ઊભો થતા નથી શીખ્યો, ત્યાં તો પડવાની વાત. આવા સંસારમાં કોણ તારું અને તું કોનો ?...

## તારું કો નહીં ઈણુ સંસાર, તું કેહનો નહી નિરધાર...

હે ! આત્મન્ ખરેખર સમજી રાખ કે તારૂ આ સંસારમાં કોઈ નથી અને તું પણ કોઈનો નથી. માટે નિરર્થક મારું મારું કરીને નાહક કર્મ ન બાંધ. સંસાર ન વધાર. અન્ત સમયે મૃત્યુ નહીં પણ આજ તારો વધારેલો સંસાર તને સતાવશે. અરે ! તારી જ નાંખેલી જાળ તને જ ફસાવશે. અને તારી જ વધારેલી જંજાલ તને જ જાળી નાંખશે બાળી નાંખશે.

## જડ ચેતન નો સંસાર :

આ સમસ્ત વિશ્વમાં જડ અને ચેતન આ બે જ તત્ત્વો છે. મૂળભૂત દ્રવ્યો છે અને આ બેના જ સંયોગ વિયોગનો સંસાર સતત ચાલ્યા કરે છે. જડ ચેતન બન્ને મળ્યા કરે છે અને બન્ને છુટા પણ પડચા જ કરે છે. કોણ કોને ભોગવે છે ? આ પ્રશ્ન જટિલ છે. શું ચેતન જડને ભોગવે છે ? કે પછી જડ ચેતનને ભોગવે છે ?

ના, જડ તો બિચારો નિષ્ક્રિય જડ જ છે. જડમાં કર્તા–ભોક્તા ભાવ નથી. એક માત્ર ચેતન આત્મામાં જ કર્તા–ભોક્તા ભાવ છે. માટે કરે છે તોપણ આત્મા જ અને તેથી જ તે કર્તા અને ભોક્તા ભાવ પણ ચેતનમાં જ હોવાથી ભોગવે પણ આત્મા જ. આત્મા જડને તો ભોગવે ભોગવે જડ પદાર્થોનો ભોગ અને ઉપભોગ બન્ને લે છે પરન્તુ ચેતન સચેતન જીવોનો પણ ભોગ અને ઉપભોગ લે છે. જે એક વાર ભોગવાય તે આહારાદિ ભોગપદાર્થો અને જે વારંવાર ભોગવાય તે પત્ની, વસ્ત્રાદિ ઉપભોગનાં સાધનો છે. તેનો ભોકતા પણ ચેતન આત્મા એક વાર ભોગવાઈને નષ્ટ થઈ ગયા પછી તે પદાર્થોમાં જેટલો રાગ નથી રહેતો તેના કરતાં હજાર ગણો વધારે રાગ વારંવાર ભોગવાતા ઉપભોગના પદાર્થોમાં તીવ્ર રાગ રહે છે.

## ભૌતિક સુખ અને ભૌતિક સાધનો :

આધ્યાત્મિક સુખ સાધનો ઉપર અવલંબીને નથી, જ્યારે ભૌતિક

સુખનો તો એક માત્ર આધાર ભૌતિક સાધનો જ છે. સંસારમાં સંસારી જીવને તો સાધન વગર સુખ જ ક્યાં છે ? સાધનોમાં સુખ માની બેસનારને તો સાધનો મળે તો જ ચાલે. અને જે દિવસે સાધનો નહીં હોય ત્યારે, અથવા સાધનો બગડશે કે કામ નહીં આપે ત્યારે શું થશે ? આજે તો ગાદી નથી, પલંગ નથી. આજે તો પંખો બંધ છે. અરેરે ! હવે ઉંઘ નહીં આવે. આજે તો નળ બંધ છે. પાણી નથી આવતુ ? આજે તો ગેસ નથી. આજે તો લાઇટ નથી. અરે ! આ નથી, તે નથી. આ ચિન્તામાં ને ચિન્તામાં તમારો દિવસ બગડી જશે.

## જેની પાસે ઘણું છે, છતાં પણ દુઃખી અને
## જેની પાસે કંઈ જ નથી તે જગતનો મહાન સુખી.

ભાગ્યશાળી ! તે જેમાં સુખ માન્યું છે તે પદાર્થો પણ તારા નથી પરપદાર્થ છે. જડ દ્રવ્ય છે.




પુદ્‌ગલ જડ દ્રવ્યના પરમાણુઓ ભેગા થાય છે અને દેશ-પ્રદેશના સમૂહ રૂપે એક સ્કંધનો આકાર ધારણ કરે છે, વર્ણ-ગન્ધ-રસ-સ્પર્શ-ધ્વનિ રૂપ આ પુદ્‌ગલનાં સાધનોમાંથી પાંચે ઇન્દ્રિયોને માત્ર વર્ણ-ગંધાદિના જ સુખો મળવાનાં છે. માત્ર ઇન્દ્રિયો વડે રૂપ જોઇને, સુગંધ સુંઘીને, રસાસ્વાદ ચાખીને, ધ્વનિ-શબ્દો ( સંગીત ) સાંભળીને અને સારા સુંવાળા સ્પર્શો કરીને જ માત્ર સુખનો સંતોષ માનવો. એને તો નરી ઇન્દ્રિયોની ગુલામી કહેવાય છે. ઇન્દ્રિયોની ગુલામીએ



મોટા-મોટા માંધાતાઓને પણ પતનના માર્ગે ઢસડયા છે. આ વર્ણ, રૂપ-રસાદિના સુખો માટે વિજ્ઞાને T.V., રેડિયો, ટેલીફોન, સિનેમા, વીડીયો વગેરે સાધનો બનાવી આપ્યા છે. તે પર પદાર્થની ગુલામી કરતો જીવ એમાં જ સુખ માનીને પાગલ બન્યો છે.

અરેરે ! અનન્ત શક્તિનો માલિક ચેતન એવો આત્મા કાયાની, ઈન્દ્રિયોની અને ભૌતિક સાધનોની ગુલામીમાં ફસાઈને અલ્લાની ગાય જેવો બની ગયો છે, હે ચેતન ! આ જડ પદાર્થો, આ પુદ્ગલ પદાર્થોમાં સુખ નથી. તારી વણથંભી દોટ અટકાવ, જરા થોભ. નાહક શક્તિ અને સમય વેડફી ના નાંખતો

આધ્યાત્મિક માર્ગે આત્મિક ગુણોના પ્રાદુર્ભાવ અને પ્રગટીકરણમાં જે સુખ મળશે, પ્રશમ ભાવમાં જે શાન્તિ મળશે તે ખરેખર અવર્ણનીય હશે. ભૌતિક માર્ગે જગતમાં કોઈ સુખી થયા જ નથી. બધા દુઃખી જ થયા છે. અને આધ્યાત્મિક માર્ગે આત્માનું અનન્ત સુખનું સામ્રાજ્ય પામીને કોઈ દુઃખી થયું જ નથી, બધા સુખી જ થયા છે.

અન્યત્વ ભાવના તારી અને આ જડ પદાર્થો તેમ જ ચેતન બીજાં સગાંસંબંધીઓમાં ભેદ (અન્યપણું) દેખાડશે તું બધાથી પર છે, જુદો છે. માટે ચિદાનંદજી મહારાજ ચેતનને સંબોધતા કહે છે—

આપ સ્વભાવમાં રે...અવધુ સદા મગન મેં રહના,
જગત જીવ હૈ કર્માધીના, અચરિજ કછુ અન લીના ॥૧
તુમ નહિ કેરા કોઈ નહીં તેરા...કયા કરે મેરા મેરા,
તેરા હૈ સો તેરી પાસે, અવર સબે અનેરા...॥૨
વપુ વિનાશી તું અવિનાશી, અબ હૈ ઈનકું વિલાસી,
વપુ સંગ જબ દૂર નિકાશી, તબ તુમ શિવકા વાસી...॥૩
રાગને રીસા દોય ખવિસા, એ તુમ દુઃખકા દીસા,
જબ તુમ ઉનકું દૂર કરીસા, તબ તુમ જગકા ઇસા...॥૪

પારકી આશા સદા નિરાશા, એહે જગ જન પાશા,
તે કાટન કું કરો અભ્યાસા, લહો સદા સુખવાસા...॥૫

કબહીક કાજી કબહીક પાજી, કબહીક હુઓ અપભ્રાજી,
કબહીક જગમેં કીર્તિ ગાજી, સબ પુદ્‌ગલકી બાજી...॥૬

શુદ્ધ ઉપયોગને સમતાધારી, જ્ઞાન-ધ્યાન મનોહારી,
કર્મ કલંકકું દૂર નિવારી, જીવ વરે શિવનારી...॥૭

**સ્વભાવ-રમણતા :**

સ્વભાવ-રમણતા એ પરમ સુખની અવસ્થા છે અને વિભાવ દશાની રમણતા એ મહાદુઃખની અવસ્થા છે. કર્મબંધની અવસ્થા છે. હે ચેતન ! તું તારા સ્વભાવમાં, સ્વરૂપમાં મગ્ન રહેજે. સમસ્ત જગત કર્માધીન છે અને "કર્મ નચાવે તિમહી નાચત..." કર્મ નચાવે તેમ જગત નાચી રહ્યું છે. તેમાં તું કંઈ જ આશ્ચર્ય પામીશ નહીં, કારણ તું કોઇનો નથી અને તારૂં કોઇ નથી. માટે વ્યર્થ મારૂં મારૂં શા માટે કરે છે ? તારૂં છે તે તારી પાસે જ છે અને જે તારૂં નથી તે તારાથી ભિન્ન-અન્ય-જુદું જ છે. માટે ચિન્તા કરીશ નહીં.

આ શરીર વિનાશી છે, તું એકલો જ અવિનાશી છે પરન્તુ વિનાશીશરીર અને અવિનાશીઆત્મા આ બન્નેએ ભેગા થઇને વિલાસ જ કર્યું છે. હે ચેતન ! આ વિનાશી શરીરનો સંગ જો સર્વથા દૂર થઇ જશે તે દિવસે તું શિવપુર-મોક્ષનો વાસી થઇ જઇશ રાગ અને દ્વેષ બન્ને ખરાબ છે. દ્વેષ સાપના ડંખની જેમ કરડે છે જ્યારે રાગ ઉંદરની જેમ ફૂંક મારી મારીને કરડે છે. તેમ આ રાગદ્વેષ એ જ તને દુઃખ આપનારા છે જ્યારે તું એમને દૂર કરીશ ત્યારે તું જગતનો સ્વામી માલિક બની જઇશ.

પરપદાર્થની આશા સદા નિરાશા જ ઉપજાવનાર છે અને આશાનું બંધન આખા જગતને વળગેલું છે. હે આત્મન્ ! એ આશાના બંધનને

કાપવા તું પ્રયત્ન કરજે અને બંધન કપાતા તને સુખનો ખાસ નિવાસ-સ્થાન મળશે. ખરેખર આખું જગત એ પુદ્દગલની બાજી છે. ક્યારેક જગતમાં યશકીર્તિ વધે છે, ક્યારેક ઐશ્વર્ય વધે છે. ધન, સંપત્તિ વગેરે ભોગસામગ્રી વધે છે અને એક દિવસ ઘટતી જાય છે. આ બધી પુદ્દગલની બાજી વિચિત્ર છે.

## એકપક્ષીય રાગ :

વ્યવહાર ક્ષેત્રે જગતનો એક નિયમ છે કે જે આપણા ઉપર રાગ રાખે તેની ઉપર આપણે રાગ રાખીએ છીએ. વેવાઈ આપણે ત્યાં જમવા આવે તો જ આપણે એને ત્યાં જઈએ છીએ. એ આપણા છોકરાના લગ્નમાં આવે તો આપણે જઈએ છીએ. એ જો આપણને હોસ્પિટલમાં જોવા પણ નથી આવ્યા તો આપણે શા માટે જોવા જવું જોઈએ ? અર્થાત્ સંસારમાં એકપક્ષીય રાગ કામે નથી આવતો.

તો શું જે ઘર, બંગલો, ધન-પૈસા, કપડાં-લત્તા, મોટર-ગાડી વગેરે બધાને તમે મારાપણાના મમત્વમાં સાચવીને રાખો છો ? તે સર્વ ઉપર આટલો મોહ-મમત્વ છે તો શું તે ઘર-બંગલો, પૈસા-ગાડી પણ તમારા ઉપર એટલો જ સ્નેહ-લાગણી-રાગ કે પ્રેમ રાખે છે ખરા ?

ચોરાઈ ગયેલી મત્તા અને બગડી ગયેલી ગાડી શું તમારા માટે રડે છે ? માણસ જડ માટે રડે છે કે જડ માણસના વિયોગમાં રડે છે ? જે પુદ્દગલ વસ્તુઓને તમારા ઉપર કોઈ રાગ જ નથી અને છતાં તમે એના ઉપર રાગ રાખી બેઠા છો. શું એ અજ્ઞાનતા નથી ? આ અજ્ઞાનતા દૂર થાય, પુદ્દગલનો રાગ ઘટે, તે માટે જ અન્યત્વ ભાવના છે. ઉત્તમ ભાવના યોગ છે.

## કેવી ગજબની મોહદશા ?

વર્તમાન અવસર્પિણી કાળના આદ્ય તીર્થંકર શ્રી આદિનાથ ભગવાનનું ૮૪ લાખ પૂર્વનું આયુષ્ય હતું. તેમાંથી ૮૩ લાખ પૂર્વનું

કાળ સંસારમાં વ્યતીત થયું અને ૧૦૦ સંતાનના પિતા બન્યા. ૧ લાખ પૂર્વ શેષ રહ્યું ત્યારે સંસારનો ત્યાગ કરી મહાભિનિષ્ક્રમણના માર્ગે નિકળ્યા. એ સમયે તો નાની બાલ્યાવસ્થા તો નહોતી ને ? કલ્પના કરો કેટલી ઉંમર હશે ? વૃદ્ધાવસ્થા તો ખરી ને ? આજે તમે કોઈ એવી અંતિમ અવસ્થામાં દીક્ષા લો તો તમારી પાછળ કોઈ રડનાર ખરૂ ? ના આયુષ્યનું એક વર્ષ શેષ રહે અને દીક્ષા લો તો કોણ રડે એમ છે ?

પરન્તુ મરૂદેવા માતા તે સમયે પણ ઋષભની પાછળ રડી રડીને કેટલું રડયાં ? અરે કેટલાં વર્ષો સુધી રડયા ? કે જે રડવામાં તેમને આંખો પણ ખોઈ નાંખી ? આજે તમારી પાછળ આંખો ખોઈ નાંખે એટલું તો રડનાર કદાચ કોઈ નહિ હોય. મતલબ કે મરૂદેવા માતાની કેવી ગજબની મોહદશા હતી. રોજ ભરતને ઉપાલંભ આપ્યા જ કરે– હે ભરત ! તું તો રાજમહેલમાં સુખમાં વિલસે છે અને મારા ઋષભનું તો ધ્યાન પણ નથી રાખતો. અરે ! તું તો ખાઈ–પીને મસ્ત રહે છે. અને મારા ઋષભની તો ચિન્તા સરખી પણ કરતો નથી. હે ભારત ! તું તો રાજમહેલમાં સુખ ભોગવે છે અને મારા પુત્રના દુ:ખને તો જોતો પણ નથી. અરે ! તું તો પુષ્પની શય્યા ઉપર પોઢે છે પણ મારો ઋષભ કયાં સૂતો હશે ? એને આહારપાણી પણ મળતું હશે કે કેમ તેની તને કયાં ચિન્તા છે ?

મોહ–મમત્વ કેટલી હદ સુધી છે તેનો ખ્યાલ સ્પષ્ટપણે આ પ્રસંગ ઉપરથી આવી શકે છે.

## મરૂદેવા માતાને કેવળજ્ઞાન

એ ભાવના એ શિવપુર લહેરે, શ્રી મરૂદેવી માય;
વીરશિષ્યે કેવળ લહ્યું રે, શ્રી ગૌતમ ગણરાય. ॥...

મરૂદેવા માતાનું રૂદન તો મોહવશ હતું. પુત્ર ઉપર અત્યન્ત મોહ

હતો અને ત્રીજા આરાના એ કાળમાં હજી ધર્મ પ્રવર્ત્યો નથી. તીર્થની સ્થાપના પણ થઈ નથી, તેથી આને દીક્ષા કહેવાય કે આ ત્યાગ કહેવાય એનો ખ્યાલ પણ કયાંથી આવે ? એટલે મોહવશ રૂદન પણ સંભવિત છે.

દાદીમા મરૂદેવા માતા એથી જ ભરતને ઉપાલંભ આપતા હતા અને પરીષહ, ઉપસર્ગના વિચારો કરી કરીને રડતા હતા અરેરે ઉનાળાના ઘોર તાપમાં ઋષભનું શું થતું હશે ? એ તો રાજપાટ છોડીને ગયો છે. શિયાળાની ઠંડીમાં એ કેવી રીતે સહન કરતો હશે ? અરે ! ખુલ્લા પગે ચાલવું અને ગામેગામ જવું એ કેવી રીતે જતો હશે વગેરે ચિન્તામાં ને ચિન્તામાં માતાજી મોહવશ સતત રડવાનું ચાલુ રાખે છે. અને ભરતને ઠપકો આપતી જાય છે

માતા પુત્રની ચિન્તામાં રડીરડીને અર્ધી થઈ જાય છે પણ સંસારમાં શું પુત્ર પણ માતાની એટલી જ ચિન્તા કરે છે ખરો ? જેટલો પ્રેમ અને રાગ માતાને પુત્ર પ્રત્યે છે એનો અર્ધો પણ પ્રેમ પુત્રને માતા પ્રત્યે છે ? ના, સંસારમાં પ્રેમની સામે પ્રેમ જ મળે છે એવું પણ નથી. પ્રેમની સામે વૈર પણ મળે છે.

મરૂદેવા માતા પુત્રની સામે મોહની દષ્ટિથી જોતા હતા ત્યારે પ્રભુ તો નિષ્પૃહ છે. પ્રભુ કલ્યાણની દષ્ટિથી જોતા હતા. પ્રભુએ અનેક પરિષહો અને ઉપસર્ગો લગભગ ૧૦૦૦ વર્ષ સૂધી સહન કર્યાં અને અન્તે ઘનઘાતી ચારે કર્મો ક્ષય થતા શ્રી ઋષભદેવ પ્રભુને કેવળજ્ઞાન થયું. ઉદ્યાનપાલકે તે જ ક્ષણે મહારાજા ચક્રવર્તી શ્રી ભરતને આવીને શુભ વધામણી આપી અને યોગાનુયોગ આયુધશાળામાં ઉત્પન્ન થયેલા ચક્રરત્નની પણ વધામણી આપી. ઘડીભર ચક્રવર્તી ભરત મુંઝાઈ ગયા. શું કરવું ? પરન્તુ પિતાના કેવળજ્ઞાનનું મહોત્સવ જ પહેલા કરવું યોગ્ય સમજી હાથી તૈયાર કરાવી, ઉપર અંબાડી મુકાવી ભરતજી માતા મરૂદેવાને હાથીની અંબાડીએ બેસાડીને પ્રભુદર્શને જવા નિકળ્યા.

થોડે દૂર ગયા બાદ અપૂર્વ વાજા, વાજિંત્રોના ધ્વનિ સંભળાયા

અને મરૂદેવા માતા તો આશ્ચર્ય પામ્યા અરે ભરત ! "એહ અપૂરવ વાજા કિંહા વાજે છે એહ તાજા" ? આજ દિવસ સુધી નથી સાંભળ્યા એવાં અપૂર્વ વાજાં આજે કયાં વાગે છે ?

ભરત—માતાજી ! એ તો તમારા પુત્રની ઠકુરાઇ છે. આપના પુત્ર મારા પિતાશ્રી ઋષભદેવને કેવળજ્ઞાન પ્રગટ થયુ છે. અને કેવળજ્ઞાનનો મહોત્સવ કરવા દેવતાઓ આવ્યા છે. માતાજી, જુઓ જુઓ, જેના વિયોગમાં રડી રડી દુઃખી થતા હતા તે આપના પુત્ર તો ગજબના સુખી છે. ત્રણ ગઢના સમવસરણમાં બેઠા છે. બારપર્ષદા ભરાણી છે અને દેશના આપી રહ્યા છે.

મરૂદેવા માતાજી જોવા ખુબ ઉત્સુક થયા અને તે ઉત્સુકતામાં માતાજીના પડળ ખુલી ગયાં દષ્ટિ ફરી આવી ગઈ. તેજ આવી ગયું. જોવા માંડયા. ઋષભદેવ પ્રભુની ઠકુરાઈ દેખાવા માંડી અને માતાજીને પારાવાર પશ્ચાતાપ થયો. અરે ! જેના વિયોગમાં, જેની ચિન્તામાં, જેના મોહમાં રડી રડીને દુઃખી થઈ તે તો કેવો ગજબનો સુખી છે. હે આત્મા ! તેં નિરર્થક મોહમાં કર્મ બાંધ્યા છે

એમ વિચારતા વિચારતા માતાજી અન્યત્વ ભાવનામાં ચઢયા

કેના છોરૂ ને કેના વાછરૂં, કેના માય ને બાપ રે;
અન્તે જાવું છે એકલું, સાથે પુણ્ય ને પાપ ॥

**અન્યત્વ ભાવના—**

**यत्रान्यत्वं शरीरस्य, वैसादृश्याच्छरीरिण: ।**
**धन-बन्धु-सहायानां, तत्रान्यत्वं न दुर्वचम् ॥**

જ્યાં આત્મા અને શરીરનું આધારાધેય, મૂર્ત-અમૂર્ત, ચેતન-અચેતન, નિત્ય-અનિત્ય, એકબીજા ભવમાં ગમન-આગમન વડે કરીને જૂદાપણું છે તો પછી ધન, બંધુ, ભાઈ, માતા, પિતા, મિત્રો,

સેવકો, નોકરો, પુત્ર, પુત્રી એ પણ અન્ય છે, જૂદા છે એમ બોલવું ખોટું નથી. અર્થાત કાયમ સાથે રહેનાર શરીરને અન્ય–જૂદો સ્વીકાર્યા પછી ધનાદિક પદાર્થોને જૂદા–અન્ય સ્વીકારવામાં કોઈ વાંધો નથી.

> यो देह–धन–बन्धुभ्यो, भिन्नमात्मानमीक्षते ।
> क्व शोक शङ्कुना तस्य, हन्तातङ्क प्रतन्यते ॥

જે વિવેકી આત્મા વિવેકના અજવાળાથી શરીર સગાસંબંધી આદિ સ્વજનોને અન્ય—ભિન્ન માને છે તે આત્માને ખરેખર શોક સતાવતો નથી. તે સુખમાં મસ્ત રહે છે.

## વિવેકજ્ઞાન

| | | | |
|---|---|---|---|
| (૧) હેય | — તજવા યોગ્ય છોડવું | } | ⇒ વિવેકજ્ઞાન |
| (૨) જ્ઞેય | — જાણવા યોગ્ય જાણવું | } | |
| (૩) ઉપાદેય | - આચરવા યોગ્ય આચરવું | } | |

જગતના વ્યવહારમાં જે જાણવા જેવું હોય તે જ જાણવું, જે જાણવા યોગ્ય નથી, તજવા યોગ્ય ત્યાજ્ય છે તેનો ત્યાગ કરવો, અને આચરવા યોગ્યની આચરણા કરવી આને જ જ્ઞાનીઓ વિવેકજ્ઞાન કહે છે અને આ વિવેકજ્ઞાન અન્યત્વાદિ ભાવનાથી જ સંભવ છે. માટે આ ભાવનાઓ આત્માની એક વિશિષ્ટ આગવી દૃષ્ટિ નિર્માણ કરે છે અને એને યોગી બનાવે છે, આધ્યાત્મિક બનાવે છે.

## નિશ્ચય અને વ્યવહાર દૃષ્ટિ

> નિશ્ચય દૃષ્ટિ હૃદય ધરીજી, પાલે જે વ્યવહાર;
> પુણ્યવંત તે પામશે જી..., ભવસમુદ્રનો પાર ॥

ઉપાધ્યાયજી મહારાજ ફરમાવે છે કે નિશ્ચદૃષ્ટિ અન્તરમાં-હૃદયમાં રાખીને અને તેને અનુરૂપ બહાર વ્યવહાર કરવો. દાખલા તરીકે, ગાડીમાં બેઠેલો જેમ જાગ્રત-સચેતન થઈને ગાડી ચલાવે છે અને વ્યવહારમાં

બહાર ગાડી ચાલતી દેખાય છે તેમ જે વર્તે અને ચાલે તે પુણ્યાત્મા ભવ એટલે સંસાર સમુદ્રનો પાર પામશે. આ છે સંસારમાં અલિપ્ત ભાવે જીવવાની કળા.

મરૂદેવા માતાજી હાથીની અંબાડીએ બેઠા છે અને અન્યત્વ ભાવનામાં ચઢી ગયા... આત્માને ભારે પશ્ચાત્તાપ થયો અને જ્ઞાનદશા જાગ્રત થઈ. હે જીવ ! તું કોઈનો નથી અને તારૂ કોઈ નથી એમ વિચારી કર્મોના ભૂક્કા બોલાવતા બોલાવતા ઘાતી કર્મો ખપાવ્યાં, ત્યાં તો કેવળજ્ઞાન પ્રગટ થયું. અને માતાજી સર્વજ્ઞ–કેવળી બન્યા.

પરન્તુ બે ઘડીમાં આયુષ્યની સમાપ્તિ થઈ અને માતાજી મોક્ષે સિધાવ્યા. કલ્પસૂત્રમાં ઉત્પ્રેક્ષા કરી કે માતા હોય તો આવી હોજો જે પુત્રના માટે જગ્યા રોકવા પહેલા મોક્ષે ગઈ, અને જગતમાં પુત્ર હોય તો એવો હોજો કે જેને કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું તે સર્વ પ્રથમ માતાજીને અર્પણ કર્યું.

## ગૌતમ સ્વામિને કેવળજ્ઞાન :

શ્રી વીરપ્રભુના આદ્ય ગણધર શ્રી ગૌતમ સ્વામિને કેવળજ્ઞાન પણ અન્યત્વ ભાવનાના ચિન્તનમાંથી શરૂ થયું. આસોની અમાવાસ્યાની સન્ધ્યાએ પ્રભુએ તો ગૌતમને દેવશર્મા બ્રાહ્મણને પ્રતિબોધ પમાડવા માટે મોકલી આપ્યા અને ગૌતમ ગયા. ઉપદેશ આપી દેવશર્માને પ્રતિબોધ પમાડીને પ્રભાતે પાછા ફર્યા અને આવતા આવતા રસ્તામાં સમાચાર સાંભળ્યા. રડતા લોકોને પૂછતા સાંભળ્યું કે વીરપ્રભુ તો મોક્ષે સિધાવ્યા.

ત્રીસ ત્રીસ વર્ષથી વીરપ્રભુની સાથે એકધારા રહ્યા તેમને આજે અન્તિમ ઘડીએ દૂર રહેવું પડયું તેનું ભારે દુઃખ થયું અને પ્રભુનો વિયોગ તેઓ સહી ન શકયા. રાગભાવમાં ખૂબ રડયા અને વીર... વીર કરતા કરતા કલ્પાન્ત કરતા હતા. અન્તે "વી"થી–"વીત" અને

"ર" થી "રાગ" એમ વીરથી વીતરાગ શબ્દ યાદ આવ્યો, અન્યત્વ ભાવનામાં સ્પષ્ટ ભેદ જણાયો અને માર્ગમાં જ પ્રભાતે કેવળજ્ઞાન પ્રગટ થયું.

**અધ્યાત્મ ક્ષેત્રે—ભેદ જ્ઞાનનું મહત્ત્વ :**

ભેદ એટલે અન્ય—જૂદો. જગતના જડ—ચેતન સર્વ પદાર્થો અને સંબંધોથી હું જુદો છું, ભિન્ન છું. આ ભેદજ્ઞાન થવું એનું નામ જ અન્યત્વ છે અને એનું સતત ચિન્તન કરવું, અનુપ્રેક્ષા કરવી એનું નામ છે "અન્યત્વ ભાવના". જન્મ અને મરણની સ્થિતિમાં જીવ એકલો આવ્યો છે અને એકલો જ જાય છે. તેમાં આપણે એકત્વ ભાવનાનો વિચાર કર્યો. હવે તે બે જન્મમરણના છેડાની વચ્ચેનો કાળ જે "જીવન" તરીકે ઓળખાય છે તેમાં અનેક જડ પદાર્થો, ભૌતિક સાધનો અને ચેતન આત્માઓના ભિન્ન ભિન્ન સંબંધો વચ્ચે આવે છે તો સર્વની. સામે કઈ દૃષ્ટિથી જોવું, કઈ વૃત્તિથી વર્તવું તે વિચારણા આ અન્યત્વ ભાવનામાં કરવામાં આવી છે. અન્યત્વ ભાવનાહર્ષ-શોક સુખ-દુ:ખ, બનવા અને બગડવાની વચ્ચે સમતોલપણાની-સમભાવની એક અનુપમ દૃષ્ટિ આપે છે.

તમે અમેરિકા કે જાપાનથી ૧૦૦ ડોલરનો જગ લાવ્યા બીજી અનેક વસ્તુઓ લાવ્યા. લોકોને જોવી ગમી. તમે રાગથી ખૂબ વખાણ કર્યા અને કુટુમ્બી લોકોએ એકબીજાએ જોવાજોવામાં ખ્યાલ ન રાખ્યો અને ફૂટી ગયો. તમારી ઘડીયાળ ચોરાઈ ગઈ કે ગમે તે કિંમતી, ગમતી, વસ્તુ તૂટીફૂટી ગઈ, ચોરાઈ ગઈ. જરૂર વ્યવહાર માર્ગે સહેલાઈથી, સરળતાથી મેળવવા પ્રયત્ન કરો, એની ના નથી, પરન્તુ રાગદ્વેષ, કષ્ટઆદિ હિંસાના માર્ગે મેળવવાનો વિચાર કરશો નહીં. તે પહેલાં અન્યત્વ ભાવના ભાવી લેવી. હે આત્મા ! જે ફૂટવાનું હતું તે જ ફૂટયુ છે, બળવાનું જ બળ્યું છે, જવાનું જ ગયું છે. એમાં તારૂ કંઈ જ ગયું નથી. જેમ મિથિલાના રાજા નમિ રાજર્ષિએ કહ્યું

હતું કે મિથિલા બળે છે તેમાં મારૂં કંઈ જ બળતું નથી, કારણ મિથિલા મારી નથી અને હું મિથિલાનો નથી. જ્યાં સંબંધ છે ત્યાં મારાપણાનું મમત્વ છે, રાગ છે ત્યાં દુઃખ છે અને જ્યાં મમત્વના પરદા ચિરાઈ ગયા છે, ભેદ સ્પષ્ટપણે પ્રગટ થઈ ચૂકયો છે ત્યાં હવે દુઃખ નથી લાગતું.

રસ્તા ઉપર અકસ્માત થયો. લોકોનું ટોળું ભેગું થયું. તમે પણ ટોળાની વચ્ચે જઈને જોયું અને બે મિનિટમાં તો નિકળી ગયા. કેમ નિકળી ગયા? દયા ન આવી? કંઈક મદદ કરવી હતી ને? શું જોયું તમે?

ના સાહેબ! એમાં અમારૂં કોઈ નથી મર્યું. મારો સગો નથી કે સંબંધી નથી. માટે મને કંઈ જ દુઃખ નથી થતું. હું તો જોઈને ચાલતો થયો. જો અકસ્માતમાં આ દૃષ્ટિ રાખો છો તો પછી બધે જ. બધા જ વ્યવહારમાં આવી જ દૃષ્ટિ રાખો તો શું ખોટું છે? પરન્તુ અન્યત્વ ભાવના વ્યવહારમાં બરોબર ચરિતાર્થ કરતા ન આવડી તો લોકોમાં સ્વાર્થી છો એમ લાગશે. માટે નિશ્ચયદૃષ્ટિમાં નિશ્ચય નયથી ભાવવાની રાખવાની છે. જગતના સર્વ પદાર્થો ઉપરથી મમત્વનો અને સંબંધી જનો ઉપરથી મોહ-મમત્વનો પરદો ચીરી નાંખવો એ જ "અન્યત્વ ભાવના" છે.

જૈન શાસનની—વીતરાગના ધર્મની સર્વ પ્રકારની આરાધના ની પાછળ ભેદ જ્ઞાનની પૂરી આવશ્યકતા છે. ભલે પછી તે દર્શન, પૂજા, સામયિક પ્રતિક્રમણ, કાયોત્સર્ગ તપ આદિ કોઈ પણ પ્રકારની આરાધના હોય તે સર્વની પાછળ ભેદજ્ઞાન થાય તે શ્રેષ્ઠ લક્ષ છે. અન્તે "देहात्मयोर्भेदः"— દેહ અને આત્માની વચ્ચે ભેદજ્ઞાન પ્રગટ કરવું એ જ આ અન્યત્વ ભાવનાનો લક્ષ્ય છે, અને જો આપણે દેહ અને આત્માની વચ્ચે ભેદજ્ઞાનની પ્રતીતિ કરી હોય, અનુભૂતિ કરી હોય. અને આપણી જ્ઞાનદશા સતત તે પ્રકારની જાગ્રત હોય તો સંસારમાં ખરેખર મોટામાં મોટી સિદ્ધિ કહેવાય.

## જમવામાં હીરામોતી પીરસ્યા :

એક વખતે એક મુગલ શાહનશાહે રાજા ઉપર ચઢાઈ કરી, પરંતુ રાજાએ પ્રતિકાર ન કરતા શરણ સ્વીકારી લીધી અને શહેનશાહને ભોજનાર્થે આમંત્રણ આપ્યું. ભોજનસમારંભ ગોઠવાયો. એક જ ટેબલ ઉપર જમવા બધા ગોળાકારમાં ગોઠવાઈ ગયા. રાજાની ગોઠવેલી યોજના પ્રમાણે શાહનશાહની થાળીમાં હીરા-મોતી-પન્ના-ઝવેરાત-સોનાચાંદીની ગિન્નીઓ પીરસવામાં આવી અને બીજા બધાની થાળીમાં રોટલી, શાક, દાળ વગેરે પીરસવામાં આવ્યા. થોડીવારે રાજાએ કહ્યું હે શાહનશાહજી ભોજન પ્રારંભ કરો. અમે પણ બધા પ્રારંભ કરીએ. એમ કહેતાની સાથે જ બધાએ જમવાનું શરૂ કર્યું. પરંતુ શાહનશાહ શું ખાય ? એ શું જમે ? શું હીરા-મોતી ખવાય ખરા ? શાહનશાહ તો લાલપીળો ગરમ થઈ ગયો. બોલવા માંડયો→" ये क्या मेरा अपमान करना चाहते हैं आप ? क्या मेरी मजाक उडाते है ?

राजा—हजूर ! इसमे क्या मजाक ? और इसमे कैसा अपमान ?
शहनशाह—क्यों आप लोग सब रोटी-शाक खा रहे है और मेरे सामने ये खाने के लिए हैं ?

राजा कृपया शांत होइए । क्षमा करे ! हमारे राज्य में रोटी आदि तो रस्ते पर भिखारी को दी जाती है । आप बडे शहनशाह है । क्या आप एक रोटी के लिए यहां तक चढाई लेकर आए हैं ? जहांपनाह आपका उचित सन्मान रखने के लिए आप जिस लिए आए है जो आप चाहते है वही आपके सामने रखा है । आप हीरा मोती-सोना-चांदी यहां से लूटकर जाए और इतिहास मे आप लूटारू के नाम से प्रसिद्ध न हों इसलिए हमने आपके सामने रख दिया है । आप सोचिए ! क्या यह सन्मान हे कि अपमान ?

શાહનશાહ મનમાં જ સમજી ગયો કે. આ સન્માન છે કે

અપમાન. અને ત્યાંથી એમને એમ ઉભો થઇને ચાલ્યો **राजन् । क्षमा करे. यद्यपि मेरे पास बहुत है लेकिन लोभ है तृष्णा नही मिटती कया करू ?**

ખરેખર જગત તૃષ્ણાનો ભરેલો છે. તૃપ્તિ સંસારમાં કયાં દેખાય છે ? ખરો સંતોષી કોણ દેખાય છે ?

હું એક છું. હું એક માત્ર આત્મા છું જ્યારે એની ચારે બાજુ મારુ મારું.. નો સંસાર છે. બસ, સંસારમાં સંસારી માત્ર એક જ વાત રટયા કરે છે "હું અને મારું." "હું અને મારું" બસ હું સુખી છું. મારો પરિવાર સુખી છે. હું રાજી છું, મજામાં છું, મારો પરિવાર રાજી છે. મજામાં છે હું અને મારું બધા સારા છીએ. મારું ટી વી. મારી ગાડી, અરે, બધું જ કેવું સરસ ચાલે છે. કેવા સરસ છે આખો સંસાર. આ હું અને મારામાં પૂરો થઈ જાય છે. સંસારનો વ્યવહાર જ એવો બનાવી રાખ્યો છે કે બેચાર રસ્તામાં કે ઘરે મળે તોપણ કેમ છો ? મજામાં છો ? તમે કેમ છો ? તમારા છોકરા કેમ ? તમારી ગાડી, ટી.વી. વગેરે તો સારા ચાલે છે ને ? હા મજામાં છું. છોકરા બધા મજામાં છે. અરે ! મારી ગાડી તો કેવી ! સરસ છે ? અરે મારૂ ટી.વી તો એવું ફાઈન ચાલે છે ને કે વાત ના પૂછો વગેરે જવાબો પણ સંસારના જ છે. બસ, એક માત્ર ' હું અને મારા "નો જ સંસાર છે. કોઈ 'હું' નો સાચો અર્થ તો વિચારી જ નથી શકતા. આશ્ચર્ય છે.

## અધ્યાત્મ યોગમાં પ્રવેશ :

સર્વપ્રથમ નિરાતે શાંતિથી બેસીને આત્માને પૂછો કે. कोऽहं ? હું કોણ છું ? હું કોણ છુ ? મારુ ? કોણ છે ? હું કોનો છું ? મારું શું છે વગેરે પ્રશ્નોત્તરી આત્મા સાથે પૂછવી જોઈએ, વિચારવી જોઈએ. એમાંથી આત્મા જવાબ આપશે. સંસારના વ્યવહારમાં આત્મા બહાર બીજાને પૂછવા જાય છે. બીજાની સાથે વાતો કરે છે. જ્યારે અધ્યાત્મ ક્ષેગમાં આત્મા બહાર નહીં પણ અંદર જ પોતે પોતાની



જાતને પૂછે છે. માટે અધ્યાત્મ માર્ગ Introspection આત્મા નરીક્ષણનો છે. આ કામ એકત્વ ભાવનાનો છે. તેમાં આત્મા નિર્ણય કરે છે. હું કોણ છું ? (૧) હુ એક આત્મા છું. (૨) હું શાશ્વત (નિત્ય) આત્મા છું (૩) હું જ કર્મનો કર્તા છું, (૪) હું જ કર્મ-ફળનો ભોક્તા છું. (૫) મોક્ષ છે. (૬) મોક્ષ પ્રાપ્તિનો ઉપાય છે. આ ષડ સ્થાનનો આત્માએ સતત ચિન્તન કરવું. જોઈએ, જેથી આત્મા, કર્મ અને મોક્ષનાં તત્વો સ્પષ્ટપણે નિશ્ચત થઈ જાય.

અન્યત્વ ભાવના બાહ્ય નિરીક્ષણ Circumspection ની છે. બાહ્ય જગત પ્રત્યે વાસ્તાવિકતાની વિચારણા કરવાની અન્યત્વ ભાવનામાં પ્રક્રિયા છે માટે બાહ્યા ચક્ષુ માટે આ ભાવના છે. માટે એકત્વ ભાવનાને Subjective ભાવના કહે છે અને અન્યત્વ ભાવનાને Objective ભાવના કહી છે.

'कोऽहं' માંથી આત્માને પ્રશ્ન પૂછી લીધા પછી આત્માએ सोऽहं માં પ્રવેશ કરવાનો છે. सो+अहं તે જ હું છું જે તુ છે તે જ હું છું. હે પ્રભુ જેવો તુ છે તેવો જ હું છું માટે મારામાં અને તારામાં જાતિને ફરક નથી. જેવો તુ છે તેવો જ અર્થાત્ તારી જ જાતિનો નિત્ય આત્મા હું પણ છું—ફરક માત્ર ગુણવત્તા નો છે. હું હજી તારી કક્ષાએ પહોંચી શક્યો નથી સાદૃસ્ય જ્ઞાનથી તુલના કરવાથી આ જ્ઞાન થાય છે. સંસારના વ્યવહારમાં જેટલી વ્યવહાર જ્ઞાનની જરૂરિયાત છે તેટલી જ આધ્યાત્મિક ક્ષેત્રે ભાવનાયોગના આવા અધ્યાત્મ જ્ઞાનની પૂરી આવશ્યકતા છે.

सोऽहं પછી ધ્યાન સાધિનાની પ્રક્રિયામાં આગળ વધતા આત્માએ ૐનું પ્રાદુર્ભાવ કરવાનું છે. જે તુ છે એ જ હું છું, અથવા જેવો તુ એવો જ હું પણ છું. આટલે સુધી પહોંચીને પણ હવે આગળના ત્રીજા તબક્કામાં પહોંચીને હવે ફક્ત ૐનું જ ધ્યાન ધરવું જોઈએ. ૐ એટલે પંચપરમેષ્ઠિ સ્વરૂપ.

## અહં માંથી અર્હં :

અહં અને અર્હં આ બે શબ્દો વચ્ચે ફક્ત એક રેફ રકારનો જ ફરક છે. પરન્તું આ રેફ ઘણી મહત્વની છે. મન્ત્રશાસ્ત્રમાં રેફ જો રકાર અગ્નિબીજ છે. તે પ્રમાણે તે તેનું ફળ દેખાડે છે. અર્થાત્ જેના અહં ઉપર રેફ રકાર ચઢી ગયું તેનો અહં તો ચોકક્સ ઓગળી જ ગયો છે એમાં તો શંકાને સ્થાન નથી. જ્યાં સુધી અહં = અભિમાન વૃત્તિ હોય છે ત્યાં સુધી કોઈ પણ આત્મા અર્હં (અરિહંત તીર્થંકર) નહી બની શકે અર્થાત્ જેમ જેમ અહં ઓગળતો જશે તેમ તેમ આત્મા અર્હંના માર્ગે આગળ વધતો જશે અને એક દિવસ સર્વ ગુણવાન વીતરાગી અરિહંત પણ બની જશે. માટે આપણે આપણી પોતાની સાથે આત્માની સાથે વાતચિત કરતા શિખીએ. આ કાયામાં છુપાઈ રહેલા, અદૃષ્ટ રહેલા આત્માને શોધીએ સમજીએ. આત્મા સાધના, આત્મજ્ઞાન, આત્મસ્વરૂપ, અને આત્મશક્તિ ઓળખવા સમજવા પ્રયત્ન કરીએ.

## આત્માના પ્રકાર :

આધ્યાત્મિક સાધનાની પ્રક્રિયામાં જૈન શાસ્ત્રોમાં આત્માના ત્રણ પ્રકાર આપવામાં આવ્યા છે:

આત્મા

| 1 | 2 | 3 |
|---|---|---|
| બહિરાત્મા | અંતરાત્મા | પરમાત્મા |

હકીકતમાં તો આત્મા એક જ છે પરન્તુ અવસ્થા વિશેષથી આ ભેદો બતાવવામાં આવ્યા છે.

## (૧) બહિરાત્મા :

आत्मबुद्धि शरीरादौ, यस्य स्यादात्मविभ्रमात् ॥
बहिरात्मा स विज्ञेयो; मोहनिद्रास्तचेतनः ॥

જગતમાં ઘણા પદાર્થો છે જે માણસને શરીર, પુત્રપુત્રી આદિ કુટુંબીજન, ઘરબાર, નોકરચાકર, ઘોડા, બળદ, ગાયભેંસ વગેરે જડ-ચેતન વસ્તુ અને વ્યક્તિઓમાં મારાપણાનું જ્ઞાન થાય, આત્મબુદ્ધિ, તાદાત્મ્યનું ભાન થાય, ભારે મોહદશામાં આત્માનું ભાન ભૂલી જાય અને અનાત્મ—જે આત્મ રૂપ નથી તે જ વસ્તુઓને આત્મ રૂપ માની લે અને દરેક વસ્તુમાં હું અને મારું, મારું, મારું કર્યા જ કરે તો તેને બહિરાત્મા કહેવામાં આવે છે.

(૨) અંતરાત્મા :

**बहिर्भावानतिक्रम्य, यस्यात्मन्यात्मनिश्चयः ॥**
**सोऽन्तरात्मा मतस्तज्ज्ञै-र्विभ्रमध्वान्त भास्करैः ॥**

જેને મારું...મારું...મારુંની બુદ્ધિ અને દૃષ્ટિ ખેંચી લીધી હોય, ઓછી કરી લીધી હોય અને હવે ઘર, મકાન, ટી.વી., છોકરા પત્ની, પતિ માતાપિતા તથા પશુપક્ષી ધનસંપત્તિમાંથી મારાપણાની બુદ્ધિ ભેદબુદ્ધિ સમજીને કાઢી લીધી હોય. ના, હું ઘર નથી, હું પત્ની નથી, હું ગાડી નથી, હું માલિક નથી, હું કરોડપતિ નથી આ દૃષ્ટિ જેને કાઢી લીધી હોય, આ દૃષ્ટિ કાઢવામાં જ અન્યત્વ ભાવના ઉત્તમ કામ કરે છે. એ આ જ પ્રક્રિયા શિખવાડે છે અને આત્મ-દૃષ્ટિને પોતામાં જ સ્થાપિત કરી હોય, હુંજ આત્મ દ્રવ્યચૈતન્ય તત્ત્વ છું—આ નિર્ણયાત્મક સ્વરૂપને અંતરાત્મા તરીકે ઓળખાય છે.

(3) પરમાત્મા :

**निर्लेपो निष्कलो शुद्धो, निष्पन्नोत्यन्तनिर्वृतः ॥**
**निर्विकल्पश्च शुद्धात्मा, परमात्मेति वर्णितः ॥**

પરમાત્મા એ આત્માનું શુદ્ધ સ્વરૂપ છે, વાસ્તવિક સ્વરૂપ છે. હવે જેને કર્મનો કોઈ લેપ નથી, શરીર,જન્મ,મરણાદિનું બંધન નથી, જે રાગાદિ વિકારથી રહિત છે, જે સિદ્ધ, બુદ્ધ, મુક્ત થઈ ગયો છે,

જેણે અવિનાશી અનંત સુખ પ્રાપ્ત કર્યું છે, હવે જેને કોઈ સંકલ્પ-વિકલ્પ નથી, અનન્ત ચતુષ્ટયી જે પ્રાપ્ત કરી ચૂકયો છે તે પરમાત્મા રૂપે ઓળખાય છે.

**કાયોત્સર્ગની પ્રક્રિયા :**

પાપક્ષયની પ્રક્રિયામાં નિર્જરાના ૧૨ ભેદ બતાવવામાં આવ્યા છે. આ ૧૨ ભેદોમાં આભ્યંતરના ૬ ભેદોમાં છેલ્લો નંબર કામોત્સર્ગનો આવે છે કાયા + ઉત્સર્ગ અર્થાત-કાયા = એટલે દેહ, શરીર ઉત્સર્ગ એટલે ત્યાગ, વિસર્જન અન્નત્થ સૂત્રમાં આગારો નિશ્ચિત કરીને કાયાને સ્થિર કરી બહિરાત્મ ભાવના ત્યાગની પ્રક્રિયા છે.

**जाव-अरिहंताणं भगवंताणं नमुक्कारेणं न पारेमि—**
જ્યાં સુધી અરિહંત ભગવંતોને નમસ્કાર કરીને ન પારું...

**ताव-कायं ठाणेणं मोणेणं झाणेणं अप्पाणं वोसिरामि**
ત્યાં સૂધી એક સ્થાન વડે, મૌનપણે, શુભ ધ્યાન વડે એકાગ્ર સ્થિર કરીને મારા બાહ્ય આત્માને (બહિરાત્મ ભાવને) વોસિરાવું છું, તજું છું.

**બહિરાત્મ ભાવનો ત્યાગ :**

કાયોત્સર્ગની આ ઉત્તમ પ્રક્રિયામાં ઉત્તમ ધ્યાનયોગની સાધના છે. કાયાની માયા, મોહ મમત્વ અને મૂર્છા તજવાની પ્રક્રિયા છે. મેતારજ મુનિએ જે રીતે કાયોત્સર્ગમાં રહીને આત્મ કલ્યાણ સાધ્યું. બહિરાત્મ ભાવ તો બહુ જ દુઃખદાયિ છે. બહિરાત્મ ભાવવાળો જીવ મારું, મારું, કરીને મોહથી મુગ્ધ બનેલો હોવાથી તેને મૂઢ કહેવાય છે, કારણ તે ક્ષણમાં સુખી, ક્ષણમાં દુઃખી, ક્ષણમાં રાજી, ક્ષણમાં નારાજ થઈ જાય છે. કાંટો વાગે કે માથુ દુઃખે, કે પાંચ પૈસાનું નુકસાન પણ થાય તો હાય-હાય કરી મૂકે છે, કારણ તે બહિર્મુખ બહારના સુખને જ સુખ માને છે. પછી આંતરિક સુખની તો એને કલ્પના જ નથી. બહિરાત્મ

ભાવની જ ધૂનમાં તો ઉપરથી સુખના બદલે દુઃખની જ વૃદ્ધિ થાય છે. જેમાં સુખ માન્યું છે તે જડ અને અસ્થિર અનિત્ય ક્ષણિક પદાર્થો છે, માટે ક્ષણિક સુખો છે તેના પરિવર્તનથી સુખમાં પણ પરિવર્તન અવશ્ય આવશે. એટલે બહિરાત્મ ભાવવાળો ક્ષણ ક્ષણમાં બદલાતો જ જશે. હકીકતમાં મૃગ તૃષ્ણાનું પાણી પીવા દોડે તેવું થાય છે. હરણની નાભિમાં જ કસ્તુરી હોવા છતાં બહાર બીજે દોડતો રહે છે. રેતીને પીલીને તેલ કાઢવાની તેની પ્રવૃત્તિ હોય છે પણ બધું જ વ્યર્થ. અંતે દુઃખી જ થવાનો. સંસારમાં નવ્વાણું ટકા જીવો બહિરાત્મ ભાવ વૃત્તિવાળા છે અને આત્મિક સામ્રાજ્યના સુખમાં આવવા માટે આ બહિરાત્મ ભાવનો ત્યાગ કરવો જ જોઈએ, એ જ શ્રેષ્ઠ માર્ગ છે. તે માટે આ અન્યત્વ ભાવના ભાવવાનો જ આશ્રય લેવો જોઈએ. અન્યત્વ ભાવના objective હોવાથી બાહરી પદાર્થો પ્રત્યેની વિચારણા કરે છે. બહારના પદાર્થો મારા નથી, તે હું નથી અને હું તે નથી, તે મારા નથી અને હું તેમનો નથી.

દષ્ટિ

| Extrovert | → | Introvert |
|---|---|---|
| બાહ્યદર્શી<br>અન્યત્વ ભાવના | | આન્તરદર્શી<br>એકત્વ ભાવના |

સંસારમાં આ પ્રમાણે આ બે દષ્ટિવાળા મનુષ્યો છે. મોટામાં મોટો ભાગ બાહ્ય દષ્ટિવાળા–Extrovertવાળા જીવો છે. ખરેખર અન્યત્વ ભાવના ભાવવાથી બાહ્યદષ્ટિ, બહિર્ભાવ ( બહિરાત્મભાવ )નો ત્યાગ કરીને અન્તરંગ–આન્તદર્શી–Introvert બનવા માટે એકત્વ ભાવના ભાવવી જોઈએ. બહિરાત્મભાવ જતા અન્તરાત્મ ભાવની અનુભૂતિ થશે. આત્મિક અનુભૂતિ આત્મિક સુખ–સામ્રાજ્યની પ્રતીતિ

થવા માટે, કરવા માટે જ આ બન્ને અન્યત્વ અને એકત્વ ભાવનાઓની અનુપ્રેક્ષા કરવી જ જોઈએ. બહારથી અંદર જવાની પ્રક્રિયા જ સર્વશ્રેષ્ઠ છે, એ જ અધ્યાત્મ યોગ છે. અને ત્યારે જ આત્મિક સામ્રાજ્યની અનુભૂતિ થશે. તે આ ભાવના યોગ કરાવશે.

## શ્મશાનમાં કાયોત્સર્ગ ધ્યાનમાં રહ્યા :

શ્રીકૃષ્ણ મહારાજાના નાનાભાઇ ગજસુકુમાલ હતા. અતિ સુકોમલ નાજુક કાયા, માતા–અને ભાઈના ખૂબ જ લાડીલા–આંખના તારા હતા ઘડીભર આંખ સામેથી ખસતા ન હતા. એક વખત શ્રીકૃષ્ણ અને ગજસુકુમાલ બન્ને માર્ગમાંથી પસાર થાય છે ત્યાં એક ઘરની અગાસીમાં સોનાના દડાથી રમતી એક સુંદરીને જોઈ ગજસુકુમાલનો લગ્ન કરવાનો વિચાર થયો અને શ્રીકૃષ્ણે કન્યાના પિતા સોમિલ બ્રાહ્મણને બોલાવીને વાત કરી. સોમિલ રાજી થયો અને પોતાની સોમા નામની કન્યા આપી ગજસુકુમાલના સોમાની સાથે લગ્ન થયા.

અવસરે શ્રીકૃષ્ણ ગજસુકુમાલને, ત્રિલોકનાથ પરમાત્મા નેમિનાથ ભગવંતના દર્શન-વંદને લઈ ગયા. દર્શન–વંદન કરી દેશના સાંભળવા બેઠા. પ્રભુની તારક દેશના સાંભળી ગજસુકુમાલની દીક્ષા લેવાની ભાવના જાગી–આત્મા જાગ્રત થઈ ગયો. જેનો આત્મા જાગ્રત થઈ ગયો હોય એને પછી પોતાની કાયા કે બાહરી સંસાર, વસ્તુ કે સંબંધો કે વ્યક્તિઓ કોઈ સતાવી નથી શકતા. માતા દેવકીજીને તો મૂર્છા જ આવી ગઈ, મોહદશા હતી. માતાજીના ઘણા કાલાવાલાથી એક દિવસનું રાજ્ય સ્વીકાર્યું, પરંતુ આંતરદશા જાગ્યા પછી બહિરંગ ભાવોમાં મૂર્છા કયાંથી ટકે? બીજા દિવસે ગજસુકુમાલે સંસારનો ત્યાગ કરી ધામધૂમથી દીક્ષા લીધી, સંયમમાર્ગે સાચા આંતરદ્રષ્ટા બન્યા.

## સસરાનો ઉપસર્ગ અને મુનિનું મોક્ષગમન :

દીક્ષા લઈને આત્મકલ્યાણ સાધવા માટે ગજસુકુમાલે શ્રીનેમિનાથ પ્રભુ પાસે શ્મશાનમાં કાર્યોત્સર્ગ ધ્યાન કરવા જવાની અનુમતિ માંગી.

સર્વજ્ઞ જ્ઞાની પ્રભુએ આજ્ઞા આપી અને ગજસુકુમાલ મુનિ શ્મશાને ગયા. એકાગ્રપણે કાઉસ્સગ્ગ ધ્યાનમાં સ્થિર થયા, બહિરાત્મ ભાવ વોસિરાવી દીધુ. કાયાનું મમત્વ તજી સ્થિરપણે જિનમુદ્રામાં ઊભા રહ્યા. દેહાત્મ ભેદજ્ઞાનમાં તલ્લીન થયા.

ત્યાં તો સંધ્યા સમયે લાકડા લઈને તે જ માર્ગે જતો સોમિલ સસરો ત્યાં આવ્યો. લાકડા બાજુમાં મૂકીને મુનિને જોતા જ ઊભો રહ્યો. ઓળખ્યા હા...હા આ એ જ મારા જમાઇ અરે રે હે દુષ્ટ ! તારે આજ ઢોંગ કરવુ હતુ તો પછી શા માટે મારી પુત્રી સાથે લગ્ન કર્યા હતા ? એમ સોમિલને ભારે ક્રોધ ચઢયો અને બાજુમાં તલાવની લીલી માટી લાવીને મુનિને માથે પાળ બાંધી અને બળતી ચીતામાંથી સળગતા ખેરના અંગારા લાવીને માથે ભર્યા. સળગતી સગડીની જેમ સળગતા હતા. માથે સગડી જેવું રૂપ થયું.

છતાં પણ સુકોમળ કાયાવાળા ગજસુકુમાલ આનંદમાં ધન્યતા અનુભવે છે. હે આત્મા ! બહુ સારું થયુ. તારી સાધનામાં તને વેગ મળશે. સસરો ભારે ક્રોધીત થયો. લે... લે તારે વહેલો મોક્ષ મેળવવો છે ને ? તો લે તને વહેલો મોક્ષે પહોંચાડી દઉં. જા વહેલો મોક્ષે જા.

ગજસુકુમાલ મુનિ-વાહ...વાહ, સસરા તો ઘણાં મળ્યા, સંસાર વધારનારા સસરા તો દરેકને મળે છે પણ આવો મહાન ઉપકારી મોક્ષ અપાવનાર, મોક્ષની પાઘડી પહેરાવનાર સસરો કયાંથી મળે ? મહાન ઉપકારી છે. એમ ચિન્તવી દેહાત્મ ભેદજ્ઞાનની અનુભૂતિમાં આત્માને મસ્ત રાખ્યો. તડ તડ ચામડી તૂટવા માંડી, ફટ ફટ હાડકા ફૂટવાં માંડયા.

ફટ ફટ ફૂટે હાડકા રે લાલ, તટ તટ ત્રુટે ચામ રે;
સંતોષી સસરો મળ્યો રે લાલ, તરત સર્યું તેનું કામ રે.

અસહ્ય અને અપાર વેદના હોવા છતાં પણ ઘોર ઉપસર્ગને સમભાવે સહન કર્યો. હે આત્મા ! આ શરીર બળે એમાં તારુ કંઈ જ

બળતું નથી. તું તો નિરંજન-નિરાકાર, અદાહ્ય, અછેદ્ય, અભેદ્ય, અવિનાશી છે. એમ અન્તરાત્મામાં લીન બન્યા અને અન્તે પરમાત્મ-દશામાં પહોંચ્યા, કેવળજ્ઞાન પામ્યા; અને નશ્વર દેહ નષ્ટ થતાં અનન્ત કાળ માટે અનન્તનું ધામ મોક્ષપદ પામ્યા; સિદ્ધ, બુદ્ધ, મુકત બન્યા. અન્યત્વ ભાવના કેટલી સહાયક બની ? એકત્વ ભાવના કેટલી ઉપયોગી સિધ્ધ થઈ ?

બીજે દિવસે સમવસરણમાં શ્રીનેમિનાથ પ્રભુને વંદન કરી શ્રીકૃષ્ણે પ્રભુને પૂછયું, હે પ્રભુ ગજસુકુમાલ મુનિ કયાં છે ? પ્રભુએ કહ્યું—તે તો મોક્ષે ગયા આ સાંભળી શ્રીકૃષ્ણને અંધારા આવ્યા. શ્રીકૃષ્ણ સ્મશાન તરફ જવા નીકળ્યા સોમિલ બ્રાહ્મણ સામેથી આવતો હતો. કૃષ્ણને જોઇને ભયભીત થઇ ગયો, ગભરાઇ ગયો, ભય પામ્યો અરે હવે કૃષ્ણને મારા અપકૃત્યની ખબર પડશે તો મારું શું થશે ? આ ભય વ્યાપી જતા ત્યાંજ આ ઉપક્રમથી સોપક્રમ આયુષ્ય પુરું થઇ ગયું મત્યુ પામ્યો ગજસુકુમાળનો આ પ્રસંગ પ્રભુમુખે સાંભળી શિવાદેવી માતા પ્રભુના ભાઇઓ, કૃષ્ણના પુત્રો તથા અનેક યાદવોએ દીક્ષા લીધી. આત્મકલ્યાણ સાધ્યું.

ગજસુકુમાળ મુગતે ગયા રે લોલ, વંદુ વારંવાર રે,
મન થિર રાખ્યું આપણું રે લોલ, પામ્યા ભવનો પાર રે.

ગઇકાલના પરણેલા આજે સસરાના ઉપસર્ગથી સાધી ગયા. સુખના મોહ-રાગથી રમણીને પરણ્યા અને આત્માના જ્ઞાનથી રમણી છોડી શિવરમણી-મોક્ષને વર્યા. શૂરાને કાંઇ. પણ દોહિલું નથી બધું જ સોહીલું છે. કાયરને બધું જ દોહીલું છે.

આત્મા જાગ્રત થવો જોઇએ, ભાવનાઓ સ્વયં સ્ફૂરાયમાન થવી જોઇએ. બસ પછી સાધક માટે બધું જ નકામું છે. સાધના સાધી જશે. સાધક સાધ્ય મેળવી તો લેશે જ પણ બીજાના માટે સાધ્ય બની જશે, ધ્યાતા ધ્યેય બની જશે, આત્મા-મુકત બની જશે. પરમાત્મા બની જશે,

આ ભાવનાઓ તો બખ્તર જેવું અને આત્માના રક્ષણ માટે ઢાળનું કામ કરે છે.

શ્રીઋષભદેવપ્રભુના પુત્રો ભરત-બાહુબલી ખુબ લડયા. ભાન ભૂલીને લડયા. પરંતુ ભાન આવતાં જ યુધ્ધના મેદાને લોચ કરી સાધુ બનીને બાહુબલિ ૧ વર્ષ કાયોત્સર્ગ ધ્યાને રહ્યા અને વંદન કરવા જવાની તૈયારીમાં પગ ઉપાડતા કેવળજ્ઞાન મેળવ્યું. અદ્‌ભુત સાધના અને અદ્‌ભુત સિધ્ધિ

મમ્મણ શેઠે અઢળક ભેગું કર્યું પરન્તુ શું લઇ ગયા ? મારું મારું કરી ભયંકર રાગ રાખી દુર્ગતી સાધી. અન્યત્વ ભાવના-ત્યાગ રૂચી, દાન રૂચી જાગ્રત કરાવશે. મોહમમત્વ ઓછું કરાવી દાન અપાવશે. ત્યાગ કરાવશે, વૈરાગ્ય જગાડશે. ભેદ જ્ઞાન કરાવશે. હેય, જ્ઞેય અને ઉપાદેયનું વિવેકજ્ઞાન શીખવાડશે, મોહીને નીર્મોહી બનાવશે, માયાવીને નીર્માયી કરશે, સંસારીને ત્યાગી અને રાગીને વૈરાગી-વીરકત બનાવશે. કષાયીને શાંત કરશે, લોભીને નીર્લોભી કરશે. અવલોકનની પ્રક્રીયા જાગવી જોઇએ. સાચા સાધક બનવું જોઇએ. આત્મિક વિકાસ ક્ષેત્રે આવતાં અવરોધક પરીબળોને દૂર કરી વીકાસ સંપૂર્ણ અર્થમાં સાધી આપશે. સર્વ સાધકો સાધ્ય સાધો એ જ શુભેચ્છા.

## * સૌજન્ય *

**સ્વ. પૂજ્ય પિતા શ્રી ન્યાલચંદ કાલીદાસ ગાંધી તથા સ્વ. મુરબ્બી વડીલબંધુ પૂજ્ય પનાલાલ ન્યાલચંદ ગાંધી તથા બાળ સ્વર્ગસ્થ પુત્ર કિરણકુમાર શાંતિલાલ ગાંધીની પૂણ્ય સ્મૃતિ અર્થે વકીલ શાંતિલાલ ન્યાલચંદ ગાંધીના સહયોગથી આ પુસ્તિકા પ્રગટ કરવામાં આવી છે.**

ચાતુર્માસિક રવિવારીય શ્રીમહાવીર જૈન શિક્ષણ શિબિર

મૈત્રી — પ્રમોદ — કારુણ્ય — માધ્યસ્થ

આયોજક: શ્રી સમસ્ત વડોદરા શ્વેતામ્બર મૂ. જૈન સંઘ

સંચાલક: શ્રી મહાવીર વિદ્યાર્થી કલ્યાણ કેન્દ્ર




રવિવારીય સચિત્ર જાહેર વ્યાખ્યાનમાળા-વડોદરા

# ભાવના ભવ નાશિની

પ્રવક્તા: પરમપૂજ્ય મુનિરાજશ્રી અરુણવિજયજી મહારાજ

| શ્રાવણ વદ ૫, ૨૦૩૯ | સાતમું વ્યાખ્યાન-૭ | રવિવાર, તા. ૨૮-૮-૧૯૮૩ |
|---|---|---|

**વિષય :**

## કયા તન માંજતા રે...એક દિન મિટ્ટી મેં મિલ જાના...

( અશુચિ ભાવના )

**अशुचिकरणसामर्थ्यादाद्युत्तरकारणाशुचित्वाच्च ।**
**देहस्याशुचिभावः स्थाने स्थाने भवति चिन्त्य ॥**

—પ પૂ. ચરમ તીર્થંપતિ શ્રમણ પરમાત્મા શ્રી મહાવીરસ્વામિને નમસ્કાર પૂર્વક ..

વાચકમુખ્યજી શ્રી ઉમાસ્વાતિજી મહારાજ પ્રશમરતિ ગ્રન્થમાં અશુચિ ભાવનાના વિવરણાવસરે જણાવે છે કે—

સુંદર સુશોભિત પવિત્ર પદાર્થોને અપવિત્ર કરવાનું પણ સામર્થ્ય અને શકિત આ શરીરમાં છે અને જેનું આદિ કારણ અર્થાત્ ઉત્પત્તિ નિમિત્ત રજ-વીર્યસંયોગ પણ અશુચિ અર્થાત અપવિત્ર છે. અને ત્યારપછીનું માતાથી સંયુક્ત નાળ વડે આહાર કરવાનું રહે છે તે પણ અપવિત્ર છે અને તેથી આ દેહ પણ અશુચિથી ભરેલું છે. ઠેકાણે ઠેકાણે અશુચિથી જ ભરેલુ છે તેનું ચિન્તન કરવું જોઈએ.

**સંસારી માત્ર શરીરધારી :**

જીવ
- સંસારી
- મુક્ત

શરીર-જન્મ-મરણાદિ દૃષ્ટિથી મુખ્ય રૂપે જીવના બે ભેદ પાડ્યા એક તો સંસારી અને બીજો મુક્ત. અર્થાત્ મોક્ષે ગયેલો સિદ્ધ. એવી એક વ્યાપ્તિ છે કે જે જે સંસારી છે તે તે અવશ્ય શરીરધારી છે. અને જે જે શરીરધારી છે તે તે અવશ્ય સંસારી છે. દા.ત., આ વ્યાપ્તિથી આપણા જેવા દેહધારી પ્રાણીનું સંસારીપણું સિદ્ધ કર્યું છે. મુક્તાત્મા શરીરધારી નથી માટે સંસારી નથી અને સંસારી નથી માટે અશરીરી સિદ્ધ, બુદ્ધ-મુકત છે. અર્થાત્ સંસારી અને મુકતાત્માની વચ્ચે મહત્ત્વનો ભેદ શરીરનો છે. સંસારી અનાદિ કાળથી દેહધારી જ છે. જ્યાં જ્યાં જે જે ગતિ કે જાતિમાં જીવ ગયો, જન્યો ત્યાં ત્યાં અવશ્યપણે જીવે શરીર તો ધારણ કર્યો જ છે અને મરીને ગયો અને બીજા સ્થાને ઉત્પન્ન થવાના પહેલાં અર્થાત્ મરણથી જન્મના સમયની વચ્ચેના ગાળામાં જીવને તૈજસ-કાર્મણ જેવા શરીર તો હતા જ. સૂક્ષ્મ શરીર તરીકે હતા. જીવે પોતે બાંધેલાં કર્મોનો પિંડ તે કાર્મણ શરીર રૂપે હતો. જે જીવને ભવાંતરે જતા પણ સાથે રહે છે. આ બન્ને તો સંસારમાં સદા કાળ માટે અનાદિ કાળથી સાથે રહ્યા છે.

## પાંચ પ્રકારના શરીર

| 1 | 2 | 3 | 4 | 5 |
| --- | --- | --- | --- | --- |
| ઔદારિક | વૈક્રિય | આહારક | તૈજસ | કાર્મણ |

**औदारिक-वैक्रियाहारक-तैजस-कार्मणानि शरीराणि ॥**

### (૧) ઔદારિક શરીર :

સમસ્ત મનુષ્યો અને તિર્યંચ પશુ–પક્ષીઓ આદિ જે ઉદાર પુદ્ગલોને ગ્રહણ કરીને જે **શરીરની** રચના કરે છે તે ઔદારિક શરીર તીર્થંકર, ચક્રવર્તિ આદિને પણ આજ શરીર હોય છે. અને આ દેહથી જ મોક્ષ મળે છે.

### (૨) વૈક્રિય શરીર :

શુભ જાતિના રત્નાદિના પુદ્ગલોને ગ્રહણ કરીને સ્વર્ગીય દેવ-ગતિના દેવતાઓ જે શરીરની રચના કરે તે વૈક્રિય શરીર જે નાનું–મોટું પણ કરી શકાય તેમ જ અશુભ પુદ્ગલોને ગ્રહણ કરીને નરક-ગતિના નારકી જીવો પણ આ વૈક્રિય શરીરની રચના કરે છે. આ શરીરવાળાને આહારાદિની આવશ્યકતા નથી રહેતી.

### (૩) આહારક શરીર :

ફક્ત ૧૪ પૂર્વધારી મુનિમહાત્મા શંકાનું સમાધાન કરવા અથવા તિર્થંકરના અતિશયો આદિના દર્શન કરવા માટે ૧ હાથ માત્ર આ આહારક શરીરની રચના કરીને અહીંથી મહાવિદેહાદિ સ્થાને અદશ્યરૂપે જઈ આવી શકે છે. અને ૨ ઘડીમાં તો આ શરીર સંકેલી લેવામાં આવે છે.

### (૪) તૈજસ :

શરીરમાં પાચન આદિનું કામ કરનાર તેજ શકિતવાળુ તૈજસ શરીર જે શરીરમાં જઠરાગ્નિનું કામ કરે છે અને આ શરીરના કારણે જ શરીરમાં ગરમીનું પ્રમાણ રહે છે. તૈજસ શરીર જતા મડદું ઠંડું પડી જાય છે. આ પણ કાયમ સાથે રહે છે.

**(૫) કાર્મણ શરીર :**

આત્માએ સંસારમાં બાંધેલાં શુભાશુભ કર્મોનો બનેલો પિણ્ડ તે કાર્મણ શરીર. જે કાર્મણ વર્ગણાથી બને છે અને અનાદિથી જીવની સાથે વળગેલો સૂક્ષ્મ શરીર છે. પરભવ-ભવાન્તરે જતા જીવની સાથે આવે છે.

**અષ્ટ મહાવર્ગણા :**

સમસ્ત ચૌદ રાજલોકના બ્રહ્માણ્ડમાં આઠ જાતની મહા વર્ગણાઓ મેશની ડબ્બીમાં ઠાંસી ઠાંસીને મેશ ભરી હોય તેવી રીતે ભરેલી હોય છે. તે તે પુદ્ગલ પરમાણુઓના આ જથ્થાને વર્ગણા તરીકે ઓળખવામાં આવે છે. જીવ આમાંથી સ્વયોગ્ય વર્ગણાઓ ગ્રહણ કરીને તેને તે તે યોગ્ય શરીરાદિ રૂપે પરિણમાવે છે. અને તેનાથી કામ લે છે અને આ રીતે તે તે શરીર બને છે.



## શરીર બનાવનાર કોણ ?

જગત્કર્તૃત્વવાદી દર્શનકારોએ તથા ઘણા લોકોએ આ શરીરનો કર્તા પણ ઈશ્વરને સ્વીકાર્યો છે. આવી અનોખી અને અદ્‌ભુત શરીરની રચના હજાર હાથવાળા ઈશ્વર સિવાય બીજો કોણ કરી શકે ? અર્થાત્ બીજાથી તો સંભવે જ નહીં અને શકય પણ નથી. માટે સર્વ જીવોની રચના ઈશ્વર જ કરે છે.

પરંતુ વિચારવા જેવું એ પણ છે કે જગતમાં જ્યાં પ્રત્યેક સેકંડે હજારો જન્મે છે, તો ૧ મિનિટના કેટલા, ? એક કલાકના કેટલા ? અને એક દિવસના કેટલા ? ચાલો, કદાચ તમે એમ કહેશો કે એ તો સર્વશક્તિમાન ઈશ્વર છે, એના માટે તો રમત માત્રની વાત છે.

પરંતુ આપણે નજરે જોઈએ છીએ કે એક જડ મશીનની ડાઈમાં પ્રેસ થઈને એક ગ્લાસ અથવા જગ કે જે વસ્તુ બનીને તૈયાર થઈને નિકળે છે તે પણ એકસરખી, એક રંગની, એક માપની બને છે, અને આવો મહાન દયાળુ ઈશ્વર જ્યારે બધાના શરીરની રચના કરવા બેસે છે ત્યારે કોઈને જન્મથી અંધ, મૂગો-બહેરો, કોઈને અપંગ, કોઈને વિકલાંગ, કોઈને ગોરો, કોઈને કાળો વગેરે વિચિત્ર રૂપે ઘડે છે. અરે ! આશ્ચર્ય તો એ વાતનું છે ! કે જે પરમ દયાળુ છે, જે અનંત કૃપાળુ છે તે પણ પક્ષપાતી અને સ્વાર્થી વલણ રાખે છે શરીર ઘડવામાં ? તો તો એક જડ મશીન બહુ સારો એકસરખો માલ તો બનાવે છે. અને જે ઈશ્વર આ રીતે બધાનાં શરીર બનાવે છે. જે જ્ઞાની છે, પરમ દયાળુ છે છતા પણ ભેદભાવ રાખીને પશુ પક્ષી-મનુષ્ય-દેવાદિનાં ભિન્ન ભિન્ન શરીર બનાવે છે, અને ઈશ્વરને સતત શરીર બનાવવા પાછળ જ બંધાયેલા રહેવું પડશે એક જ કામ (શરીર બનાવવા) માં પરોવાયેલા રહેવું પડશે. ૧ મિનિટ જો બીજું કામ કરવા ગયા, પૃથ્વી-પાણી આદિની સૃષ્ટિ બનાવવા ગયા તો અહીંયાં ઘણા જીવો અટવાઈ જશે, કારણ જન્મ્યા વિનાની ૧ મિનિટ પણ જગતમાં ખાલી જતી નથી...તો શું થશે ?

અને ઈશ્વર જો બધાનાં શરીરો બનાવે છે, જેમ કુંભાર ઘડા બનાવે છે તેમ, તો પછી ઈશ્વરનું પોતાનું તો શરીર છે કે નહીં ? એ પણ હશે તો શરીરધારી જ ને ? કારણ જેમ કુંભાર શરીરવાળો છે તો જ તે માટીના પિણ્ડમાંથી ઘડા બનાવી શકે છે, એવી રીતે જગતની રચના, સૃષ્ટિ નિર્માણ કરવા આદિના કાર્ય કરનારા ઈશ્વરને પણ શરીરધારી તો માનવા જ પડશે. ઇશ્વર પોતે જો અશરીરી હશે તો બીજાનાં શરીરો કેવી રીતે ઘડશે ? અસંભવ છે ? માટે ઈશ્વરનું પણ શરીર–આકાર માનવું જ પડશે અને જો ઈશ્વરનું શરીર માનીએ તો પછી તેમનું શરીર કોણે ઘડયું ? શું ઈશ્વરે પહેલા જન્મ લીધો અને પછી શરીર બનાવ્યું ? કે પછી પહેલા શરીર બનાવ્યું અને પછી જન્મ લીધો ? જો પહેલાં બનાવ્યું એમ કહો તો અશરીરીએ શરીર કેવી રીતે બનાવ્યું ?

અથવા એમ કહો કે બીજા ઈશ્વરે તેમનું શરીર બનાવ્યું ! તો પછી બીજા ઈશ્વરનું શરીર કોણે બનાવ્યું ? વળી ત્રીજા, ત્રીજાનું ચોથા એમ તો પછી અનવસ્થા દોષ આવશે. અનંતા ઈશ્વરોની કલ્પના કરવી પડશે, અને છતાં કોઇ અન્ત નહીં આવે. માટે આ દોષોથી એટલું સ્પષ્ટ થાય છે કે ઈશ્વર એ શરીરનો રચનાર, બનાવનાર ઘડવૈયો નથી તે જ પ્રમાણે સૃષ્ટિનો કર્તા પણ ઈશ્વર નથી.

## કર્માનુસાર શરીરની રચના :

સંસારમાં જીવ માત્ર કર્મથી બંધાયેલો છે. આઠ કર્મમાં નામ કર્મ એક છે. ચિત્રકાર જેમ સુંદર ચિત્ર બનાવે છે અને ચિત્રમાં પણ જેમ હાથ, પગ, નાક, પેટ, મોઢું વગેરે અંગાદિ બનાવે છે તેમજ નામ કર્મ શરીરની રચના કરે છે. મરીને એક સ્થાનેથી જીવ બીજા ઉત્પત્તિ સ્થાને જેવો ગયો ત્યાં માતાપિતાના રજ–વીર્યના અશુભ પુદ્‌ગલોનો પિણ્ડ લઈને જીવ તેમાં જન્મે છે અને પછી આહારના પુદ્‌ગલો લેતો લેતો શરીરની રચના કરતો જાય છે. તેમાં પોતાના બાંધેલા નામકર્મ

પ્રમાણે અંગો-પાંગાદિની રચના કરે છે. રૂપ-રંગાદિ પણ તેને વર્ણાદિ શુભાશુભ ચતુષ્ટય પ્રમાણે મળે છે—કોઈને સુંદર અદ્દભુત રૂપ-રંગ તો કોઈ સાવ શ્યામ કદરૂપ.

## "સુન્દરી"નું અદ્દભુત સુંદર રૂપ :

છ ખંડના અધિપતિ મહારાજા ભરત ચક્રવર્તિની ૬૪,૦૦૦ સ્ત્રીઓ હતી. ચક્રવર્તિને આટલી હોય છે. તેમાં જેને ભરતજી સ્ત્રીરત્ન બનાવવા માંગતા હતા તે સુન્દરીનું દેહપૂર્ણ પંચેન્દ્રિય યુક્ત, અદ્દભુત રૂપ અને લાવણ્યથી સુડોલ દેહ, સુકોમલ નમણી નાર, જેનું રૂપ માત્ર જોતા ભમરાની જેમ માણસો ખેંચાઇ જાય. એવી રૂપ-રૂપની અંબાર સ્વર્ગીય અપ્સરા જેવી સુન્દરીમાં આસક્ત થયેલા ભરત સતત ભોગો ભોગવવામાં મસ્ત છે. સુન્દરીને સ્ત્રીરત્ન બનાવવા માંગતા હતા. કયાં છે સંસારમાં તૃપ્તિ ? સર્વત્ર તૃષ્ણા જ તૃષ્ણા નજરે ચઢે છે.

સુન્દરી મનમાં વિચાર કરે છે અરે રે ! મારી કાયામાં મોહિત થયેલા ભરતજી પોતાનો ભવ બગાડશે અને મારું પણ બગાડશે. અરે રે ! આ ચામડીનો આટલો મોહ ? ના, ના. મારે તો આ રીતે સંસારમાં રહેવું જ નથી. હું તો સંસારનો ત્યાગ કરી દીક્ષા લઈ લઉં. અને આ નિર્ણય કરી ભરતજી પાસે દીક્ષાની અનુમતિ માંગી, પણ સુન્દરીના દેહને જોયા વગર જેને એક દિવસ પણ ન ચાલે તે કયાંથી અનુમતિ આપવાના હતા ?

## ૬૦ હજાર વર્ષ આયાંબિલ :

ભરતજી જ્યારે દિગ્વિજય કરવા નિકળ્યા ત્યારે દેહનો રાગ અને દેહનું સૌન્દર્ય ઘટાડવાનું નિશ્ચય કરી સુન્દરી આયંબિલના તપ ઉપર ઉતરી ગઈ. તપશ્ચર્યા આત્માને પુષ્ટ કરશે અને કાયાને અશક્ત કરશે દિવસે દિવસે કરમાયેલા ફૂલની જેમ સુન્દરીનું રૂપ ખલાસ થવા માંડ્યું, શરીર અશક્ત બની ગયું. ભરતજીએ આવીને જોયું તો આશ્ચર્ય

લાગ્યું. અરે ! મારા ગયા પછી કેમ કોઈએ સુન્દરીની સંભાળ જ નથી લીધી ? શું ખાવા નથી આપ્યું ? અરે ! આ શું ? થયું ત્યાં તો સુન્દરીએ સાચી હકીકત કહી, ના, ના, સ્વામિનાથ ! એવું નથી. આ તો દેહમમત્વ ઓછું કરવા, અને ચારિત્ર લેવા માટે તમારી પાસેથી અનુમતિ લેવા, તમારો આ કાયા ઉપરનો રાગ ઘટાડવા આ આયંબિલનો પ્રયોગ કર્યો, અને ભરતજીએ સુન્દરીને દીક્ષા લેવાની અનુમતિ આપી. સુન્દરીએ શ્રી આદિશ્વર પ્રભુ પાસે સંયમ સ્વીકારી આમ સાધના કરી મોક્ષે ગયા.

## શરીરનું નિર્માણ કાર્ય :

**૬ પર્યાપ્તિ :**

➡ આહાર
➡ શરીર
➡ ઈન્દ્રિય
➡ શ્વાસોચ્છ્વાસ
➡ ભાષા
➡ મન

આત્માને સંસારમાં રહેવા માટે જોઇતી પર્યાપ્ત સાધન સામગ્રીઓ આ ૬ છે- તે પર્યાપ્તિ કહેવાય છે. જીવ જેવો જન્મસ્થાને ( ઉત્પત્તિ-સ્થાને ) આવ્યો એટલે તરત—સર્વપ્રથમ આહાર લેશે. આહારમાં પોતાના નામકર્મ પ્રમાણે જેવું શરીર બનાવવાનું હશે તદયોગ્ય આહારના પુદગલ પરમાણુઓ ગ્રહણ કરશે. અહીંયાં જીવ માતાના ગર્ભમાં પ્રવેશી માતાપિતાના રજ–વીર્યના સંયુક્ત પિણ્ડને, ઔદારિક વર્ગણાના પુદગલોને આહારરૂપે ગ્રહણ કરે છે. અને તેનું પિણ્ડ બનાવે છે. તે ધીમે-ધીમે વિકાસ પામે છે અને શરીર ઘડાતું જાય છે. જીવ માત્ર પોતે જ પોતાનું શરીર ગર્ભમાં ઘડે છે. તે પણ સ્વોપાર્જિત નામ કર્મના શુભ–અશુભ રીતે શરીર ઘડશે જેવા એના સારા–ખરાબ કર્મ તેવું એનું સારું–ખરાબ શરીર ઘડાશે. ગર્ભમાં ક્રમિક વિકાસ પ્રમાણે એના અંગોપાંગાદિનું વિકાસ થાય છે.

## ગર્ભાવાસ કાળ અને વેદના :



જીવ માત્રને જન્મ લેવા માટે તો માતાના ગર્ભમાં જ ઉત્પન્ન થવું પડે છે. કોઇ વિજ્ઞાન કે વૈજ્ઞાનિક માતાના ગર્ભ વિના સદંતર બહાર નિર્માણ કરી શકે જ નહીં. ટેસ્ટ–ટ્યુબ બેબીની રચનામાં પણ માતાના ગર્ભની સાથે સંબંધ છે. તે વિના સંભવ નથી. જે વિજ્ઞાને આજ દિવસ સુધી વર્ષોની મહેનત અને ભારે જહેમત પછી પણ માનવીના શરીરના લોહીનું ૧ ટીપું બનાવી શક્યુ નથી તે વિજ્ઞાન શું માનવ શરીરની રચના કરી શકશે ? શું કાળથી મશીનમાં માનવ શરીરની બનાવટ કરીને મનુષ્યને પણ Machine Productની જેમ નિર્માણ કરી શકશે ? ના...ના "न भूतो न भविष्यति"

કોઈ કાળે થયું નથી અને થવાનું પણ નથી. જે વિજ્ઞાન કે વૈજ્ઞાનિકને માનવના આ શરીરતંત્રની અદ્દભુત અજાયબીઓ જ હજી સુધી સમજાતી નથી તો પછી બીજી વાત તો કયાં રહી. ભલભલા મહારથી વિદ્વાન કે વિજ્ઞાન કે વૈજ્ઞાનિકોને માનવ શરીરતંત્રમાંથી મગજ, હૃદય, કે ગર્ભરચના, અથવા જન્મમરણ ની કોઈ અજાયબીઓ સમજાતી નથી. ત્યાં માથે હાથ દઈને Trust in god જેવી વાતો કરે છે. તો પછી બનાવવા કરવાની તો વાતજ કયાં રહી ! સંભવ નથી કે શકય નથી.

ગર્ભમાં આવેલ જીવ ૬ પર્યાપ્તિઓ પૂર્ણ કરતો કરતો આગળ વધે છે. સર્વ પ્રથમ આહાર લઈ તેને પિણ્ડરૂપે પરિણમાવી શરીર બનાવે છે, અને તેમાં અર્થાત્ શરીરમાં ભિન્ન ભિન્ન કાણાં (છિદ્રો) બનાવે છે. જેમાં ઈન્દ્રિયો નિર્માણ થશે અને આ ક્રમમાં એક પછી બીજી પર્યાપ્તિ બે ઘડી પછી ના ગાળામાં બને છે, અને પછી જીવ શ્વાસોચ્છવાસ લે છે. ત્યાર પછીની બે ઘડીએ ભાષાવર્ગણાના પુદ્ગલો લઈ જીવ ભાષારૂપે પરિણમાવી ભાષાનો પ્રયોગ કરે છે અને અન્તે મનોવર્ગણાના પુદ્ગલો લઈને મનની રચના કરે છે.

## ગર્ભાવાસ કે નરકાવાસની સજા ?

આ પ્રમાણે જીવ સાડાનવ માસના કાળ દરમ્યાન માતાના ગર્ભમાં ઊંધા માથે લટકતો પડયો રહે છે. એક નાળ વડે માતા એ લીધેલા આહારના પુદ્ગલ પરમાણુ ઓ જે ઉચ્છિષ્ટ છે તે જીવને આહારરૂપે ગર્ભાવાસમાં મળે છે. ભયંકર મુંઝવણ કરાવે એવી અંધારી કાળી કોટડીમાં જાણે ફાંસીની સજા આપવા લટકાડયો ન હોય તેવી રીતે બેચારો સાડાનવ મહિના ઊંધા માથે લટકે છે ? હાય રે કેવી ભારે સજા છે આ ? આજે મનુષ્યને એક કલાક પણ જો ઊંધા માથે લટકાવ્યો હોય તો શું હાલત થાય ? એના બદલે નવ નવ મહિના ઊંધા માથે લટકવાનું. અરેરે ! અને અધુરામાં પૂરું પાછું બહુ નજીક

મળમૂત્રની વહેતી ગટર ના દરવાજા પાસે એનું મોઢું. અરેરે સતત નિરંતર વહેતી ગંધાતી ગટરના દરવાજા આગળ મોઢે જ મહા દુર્ગન્ધને સૂંઘતો બિચારો સાડાનવ માસ લટકતો રહ્યો. આહા. હા, આ તો કર્મ-રાજાની કેવી ભયંકર સજા. અરેરે. જીવતી નરક યાદ આવે એવી ભારે સજા. ખરેખર સાડાનવ મહિના ગર્ભાવાસ તો નરકની કારમી સજા જેવા જ લાગ્યા. માટે હવે પ્રભુને પ્રાર્થના કરીએ કે હે પ્રભુ ! "આવાગમન નિવાર." હે પ્રભુ, હવે આ જન્મમરણમાં ફરી ન આવવું પડે એવું કરો. આ જન્મમાં આવવું અને ફરી ગર્ભરૂપે પાછા લટકવું અને મરવું. હવે આ ચક્રમાંથી મારે છૂટી જવું છે.

## જન્મમરણની અસહ્ય વેદના :

ઘા ઉપર મીઠું નાખવાથી જેમ આટલા મહિનાઓ સુધી ઊંધા માથે લટકી રહ્યો, મળ મૂત્રની કાળી કોટડીમાં તું સબડતો રહ્યો. અરે ! એ ગર્ભાવાસ કે નરકાવાસ ? ગર્ભાવાસની સજા તો નરકાવાસની સજા જેવી છે, એમાં પણ ખરી કસોટીનો સમય હવે આવ્યો. જન્મવાનો ! એક રીતે સારું છે કે એ અંધારી કાળી કોટડીની જેલમાંથી છૂટવાનું છે, બહાર આવીને ધરતી ઉપર કૂદવાનું છે. ભાઈ ! બધી વાત સાચી પરન્તુ ડુંગરની નાની બખોલ જેવા છિદ્રમાંથી પસાર થવું એટલે જીવન મરણ વચ્ચે ઝોલા ખાવા જેવું છે. આ તો અગનિ પરીક્ષા છે. જીવ્યા તો જીવ્યા. હેમ ખેમ પાર પડ્યા તો સહીસલામત, અને જો અટકી પડ્યા તો મરણને શરણ કાં તો પુત્ર મરે અને માતા જીવતી રહે. અને કાં તો માતા મરે અને પુત્ર જીવતો રહે. અને કાં તો બન્ને મરે અથવા બન્ને જીવે. જેવી જીવની કર્મગતિ ભવિતવ્યતા. પરન્તુ બન્નેમાંથી એક મરે અને એક જીવે તોપણ મહાદુઃખ ખરેખર જ્ઞાની ભગવંતો કહે છે કે, હે જીવ ! જન્મની અને મરણની અસહ્ય વેદનાનું વર્ણન સર્વજ્ઞ કેવલી ભગવંત માટે પણ કરવું ભારે આકરું છે. અહાહા. કેવી ભયંકર વેદના. ? ચિચિયારી છુટી જાય, ચીસ પડી જાય. માતા અને પુત્ર બન્નેના જીવન મરણનો સવાલ છે. અરેરે. પ્રસુતિ એ તો

પ્રકૃષ્ટ પરીક્ષા જ છે. કાં ઈસ પાર કાં ઉસ પાર. જીવ્યા તો જીવ્યા અને મર્યા તો ગયા કામથી. એકતો સાડાનવ માસની ભયંકર સજા ભોગવી અને જન્મસમયે પાર ન પડ્યા. અને મર્યા તો જાઓ પછી બીજા ગર્ભાવાસમાં. ફરી એજ ગર્ભની શરૂઆત. ભલેને જીવ પશુપક્ષીમાં જાય. ગમે ત્યાં જાય જન્મમરણ તો બધે જ વળગેલાં છે સંસારમાં.

## ગર્ભમાં જીવ અને ગર્ભપાત :

જીવના આવ્યા વગર ગર્ભ બને જ કેવી રીતે ? શું જીવ ન પણ આવે તોપણ ગર્ભ રહે છે ? તો તો સ્ત્રીમાત્ર બધી જ સ્ત્રીઓ હમેશા ગર્ભવતી જ દેખાવી જોઈએ ? ના, એ કદાપિ સંભવ નથી. માતા પિતાના સંયોગ પછી ક્યારેક એક જીવ હેમખેમ જો સુરક્ષિત કોટડીમાં પહોંચી જાય અને આહારાદિ મળતા પોષણ શરૂ થઈ જાય તો તો નશીબદાર, અને લાખો ભેગો તે પણ જો મરી ગયો તો કામથી ગયો

પહેલા જ દિવસથી, અરે ! પહેલાજ કલાકે અરે ! પહેલી જ મિનિટે જીવ ગર્ભમાં હોય છે. અને જીવ જ પહેલી મિનિટથી આહારાદિ લઈ વિકાસ સાધે છે. બીજું કોઈ નથી ત્યાં અને આ વિકાસયાત્રા. ધીમે ધીમે આગળ વધે છે. મહિને મહિને ગર્ભમાં જીવ મોટો થાય છે.
— હાશ ! આશા છે કે ક્યારે અને કેટલો વહેલો આ જેલમાંથી છુટું.

પરન્તુ હાયરે ! એ ગોઝારી રાત કે જે દિવસે કસુવાવડમાં બિચારાને મરી જવું પડે છે, અને ચાલો ત્યારે હવે ફરી એકડે એકથી શરૂઆત. અર્થાત્ બીજાના ગર્ભમાં જન્મ લેવા પડશે. પરન્તુ આજના કપરા કળિકાળના કતલેઆમના ચાલતા આ યુગમાં જ્યાં જીવ માતાના ગર્ભમાં આવે છે ત્યાં તો અનિચ્છનીય, અણગમતું બાળક પેટમાં જ જીવતુ મારી નાખવાનાં સેંકડો નરકતલના કતલખાનાઓ ચાલે છે જ્યાં ગર્ભપાત કરાવી પોતાના બાળકને જીવતો રહેંસી નાંખી માતા રાહતનો દમ ખેંચે છે.

ડી. એન્ડ સી ઓપરેશન, ચૂસણ પદ્ધતિ, હિસ્ટેરોટોમી ( નાનું સીઝેરિયન) ઝેરી ક્ષારવાળી પદ્ધતિ વગેરે કેવી કેવી ક્રૂર અને હિંસક પદ્ધતિઓથી બાળકને જીવતો જ માં ના પેટમાં મારી નાંખવામાં આવે છે. અરે નરકના પરમાધામિ જેવા એ અધમ નરપિશાચ ડોકટરો એક કાતર માંના પેટમાં નાંખી બાળકની ડોક કાપી નાંખે છે. એ ક્રૂર નરાધમો એક પાતળો સોયો પેટમાં નાંખી કુમળા બાળકનું કાળજું વગેરે અંગો વીંધી નાંખે છે. અરેરે. આ પરમાધામી જેવા રાક્ષસ ડોકટરો ક્ષારવાળુ ઝેરી દ્રાવણ ગર્ભાશયમાં ભરીને બાળકને ગુંગળાવી ગુંગળાવીને મુંઝવીને મારી નાંખે છે. હાયરે ! આ પાપ લીલામાં બાળકને માંના પેટમાંથી બાહાર ખેંચી ગળુ, દાબીને મારી નાંખે છે, મોતને ઘાટ ઉતારી નાંખે છે. દુષ્ટ અધમ આ પાપીઓને સજા થવાના બદલે સરકાર ઈનામો આપે છે. ભોળી પ્રજાને ભોળવે છે અને ગર્ભપાત તથા કુટુંબ નિયોજનના પાપને ખૂબ પ્રોત્સાહન આપવામાં આવી રહ્યું છે. એક રાજ્ય બીજા રાજ્ય સાથે સ્પર્ધાઓ કરે છે અને લાખો કરોડોની મોટી સંખ્યામાં પંચેન્દ્રિય મનુષ્ય જીવોની કત્લેઆમ.

જે બાળક પેટમાંથી બહાર નિકળી જન્મી ચૂકયો હોય તેને મારવામાં આવે તો માતા ખૂની કહેવાય. બીજો પણ ખૂનના આરોપી તરીકે સજા પામે. દંડ થાય, અને એ જ બાળકને માતાના પેટમાં જ ક્રુર રીતે મારી નાંખવામાં આવે તો તે ખૂન નથી ગણાતું ? ઉપરથી માતાપિતાને ઈનામ આપવામાં આવે છે. હાય ! આ અધમ કાયદો... એક માત્ર પાપનો કાળો કાયદો. મનુષ્યનું ખુન કરતો આ કાયદો. અને સરકારે ગર્ભપાત પણ કાયદેસર કરી દીધું. ગર્ભપાતની અવનવી પદ્ધતિઓ અમલમાં આવતી જ જાય છે. સોળ વર્ષની એક કૉલેજની યુવતીએ ત્રણ વાર તો ગર્ભપાત અપરિણિત અવસ્થામાં જ કરાવી લીધુ હોય છે. અરે ! શું આ પાપ જ નથી ગણાતું ?

એક તરફ મત્સ્યોદ્યોગના નામે લાખો ટન માછલાં પકડવાં-મારવાં, બીજી તરફ ઓટોમેટિક મોટા મોટા કતલખાનાંઓ ચલાવવાં અને

અધૂરામાં પૂરું લાખોની સંખ્યામાં પંચેદ્રિય મનુષ્યોની ગર્ભહત્યા, અરેરે ! કરોડો ઈંડાઓની વપરાશ. અરે ! આ બધા પાપ ભયંકર વધતાં જાય છે, ભયજનક સપાટી વર્ધાવતું જાય છે, અને એક દિવસ પાપનો ઘડો જ્યારે ફૂટશે ત્યારે. મહાપૂર, રેલ અને દુષ્કાળ આદિ ઘણી મોટી કુદરતી આફતો આવે તેમાં કોઈ આશ્ચર્ય પામવા જેવું નથી. અતિ ક્રૂર એવી અધમ આ માનવજાતને સદ્બુદ્ધિ પ્રાપ્ત થાય તે અંગે શાસનદેવને પ્રાર્થના જ માત્ર કરવાની રહી.




સંસારના દેહધારી સમસ્ત જીવોને ઉપરોક્ત ૧૦ પ્રાણમાં જ વિભક્ત કરવામાં આવ્યા છે. કોઈ પણ જીવ સંસારમાં પ્રાણ વગરનો નથી હોતો. પ્રાણ હોય તે જ પ્રાણી કહેવામાં આવે છે. પંચેન્દ્રિય મનુષ્યાદિને દસે દસ પ્રાણ હોય છે. કોઈને ૯, કોઈને તેથી પણ ઓછામાં ઓછા એકેન્દ્રિય જીવને ચાર પ્રાણ હોય છે. આવી રીતે જીવ શરીરધારી કહેવાય છે. પ્રાણધારી પ્રાણી કહેવાય છે.

## શરીરનું રૂપ-સ્વરૂપ

**रसासृग्मांस-मेदोऽस्थि-मज्जा-शुक्रान्त्र-वर्चसाम् ।**

હેમચન્દ્રાચાર્યજી મહારાજ યોગશાસ્ત્રમાં આ ક્રમ જણાવતા કહે છે કે જીવ જે આહારાદિ પુદ્ગલો લે છે અને ખાધેલા-પીધેલા, આહાર-

પાણીના પરિણમન થવાથી થયેલ રસ, રસમાંથા લોહી, લોહીમાંથી માંસ, માંસમાંથી ચરબી, મેદમાંથી. ( આસ્થિ ) હાડકા, મજ્જામાંથી વીર્યાદિ રૂપે સપ્ત ધાતુની રચના થાય છે અને તે જ રીતે પુષ્ટ થાય છે. તે જ રીતે એનો ક્રમ ચાલ્યા કરે છે.

## અસ્થિ પંજર-શરીર-



**ક્યા તનમાં જતા રે, એક દિન મિટ્ટીમેં મિલ જાના**

એક દિન મિટ્ટીમેં મીલ જાના, મિટ્ટીમેં મીલ જાના.
બંદા મિટ્ટીમે મીલ જાના ખાંખમે ખપ જાના હો બંદા મિટ્ટીમે

મીટ્ટી ચુન ચુન મહેલ બધાયે, બંદા કહે ઘર મેરા.
એક દિન બંદે ઉઠ ચલેંગે, યહ ઘર તેરા ન મેરા...૧

મીટ્ટી ઓઢાવણુ મીટ્ટી બીછાવણુ મીટ્ટીકા સીરાણા
ઈસ મીટ્ટીયા એક ભૂત બનાયે, અમર જાત ભોલાણા...૨

મીટ્ટીયા કહે કુંભારને રે ક્યા પ્યારે ખુંદે તુ મોય.
એક દિન ઐસા આયેંગા રે, મેં ખુંદુંગી તોય...હો બંદા ૩

લાકડી કહે સુથાર ને રે, ક્યા જાને તું મોય.
એક દિન ઐસા આયેંગા રે, મે ભુજુંગી તોય...હો બંદા...૪

દાન શીયળ તપ ભાવના રે, શીવપુર મારગ ચાર રે,
આનંદ દાન કહે ચેતલો પ્યારે, આખર જાના વિચાર
હો બંદા મીટ્ટીમેં મીલ જાના...૫

આ ચિત્રમાં માનવ દેહની ખોપડી દર્શાવવામાં આવી છે. આપણી પોતાની જ છે. હાડકાંના આધારે જ આ રબડનું પુતલું ટક્યું છે. હાડકા ન હોત તો શરીર ઉભુ પણ ન રહી શકત. જે સુંદર શરીરનો આપણને મોહ છે તે જ અંદરથી કેવુ બીહામણું છે તે જોવા જેવું છે. આંખના ઠેકાણે ખોપડીમાં ફક્ત બે મોટા છિદ્રો છે. જેમાં ડોલો જૂદો રહે છે નાંકના ઠેકાણે માત્ર છિદ્ર છે. અને પછી ઉપરથી નાંક ભરાય છે.




200 3.1A. Anterior aspect of the skeleton. The right hand is in the prone, the left in the supine position.

તેતો ઉપર ફક્ત માંસનો પિણ્ડ છે.

જોઈએ તો બન્ને જડબામાં દાંતો પણ મઢેલા છે. હકીકતમાં દાંત, દાઢા કે નખ પણ હાડકાનો ભાગ છે હાડકાનો સ્પર્શ થઈ જાય તો અપવિત્ર માનીએ છીએ. ફરી નાહીએ છીએ. તો પછી વધેલા નખ જે હાડકાનો જ ભાગ છે તો પછી તેનો સ્પર્શ તો દિવસમાં કેટલીવાર થતો હશે? તો કેટલી વાર ન્હાતા હશો. અરે! કેટલાને તો નખ વધારવાનો શોખ જાગ્યો છે. આખુ શરીર જો જોઈએ તો અસ્થિ પંજર જેવું છે. માથાની ખોપડીથી માંડીને પગના આંગળા સુધી હાડકા જ મૂળ ભૂત પાયામાં છે.



જેમ થાંભળાના આધારે મકાન ટક્યું હોય છે તેમ હાડકાના માળખા ઉપર આ શરીર ટકયું છે. અસ્થિ પંજરના રૂપને જોતા કેવું બીહામણું ભયાનક લાગે છે.

**चर्मच्छिन्नं स्नायुनिबंद्धास्थिपरीतं,**
**क्रव्यव्याप्तं शोणितपूर्ण मलभाण्डम् ।**
**मेदोमज्जामायुषसाढ्यं कफकीर्णं,**
**कोवाप्राज्ञो देहमिमं वेत्ति पवित्रम् ॥**

—આ શરીરને અંતર દૃષ્ટિથી જોઇએ તો શું દેખાય છે ? સૌથી નીચે મૂળમાં તો હાડકાં છે તે પણ નાના મોટા ટુકડાઓ ઘણા છે અને ફક્ત છેડેથી એક-બીજાને અડકેલા જ છે. કોઇ મજબૂત બંધાયેલા નથી. ૬ સંઘયણમાંથી આજે છુટ્ટુ છેલ્લુ સંઘયણ છે. અને તે હાડકાઓ ઉપર માંસના થર જામેલા છે. તેની વચ્ચેથી નાડીઓ અને નસો જે જાલની જેમ પથરાયેલી છે. અને શુદ્ધ અશુધ્ધ લોહીની હેર-ફેર કરે છે. તેની ઉપર ચર્બીનું પડ ગોઠવાઈ જાય છે. અને અને તેની ઉપર ચામડીનુ

આવરણ છવાઇ જાય છે. એટલે આપણે જોઇને રાજી થઇ જઇએ છીએ બસ ફક્ત ચામડી જોઈને જ ? પરન્તુ તે ચામડીના પડ નીચે શું શું ભરેલું છે તે તો જુઓ, આ ચિત્રમાં એક સુંદર માંસાદિથી ભરાવદાર સુડૌલ શરીરને જોઈએ છીએ. પણ આખુ અસ્થિપંજર મૂળમાં થાંભળાની જેમ સ્પષ્ટ દેખાય છે તો કોના ઉપર રાજી થવું ? કેવું શરીર જોઈને રાજી થવું. એક માત્ર ચામડી–માંસ-મેદ–મજ્જા–લોહી–હાડકા અને નસોના ઢગલા રુપ આ શરીર જોઈને શું રાજી થવું ? આ દેહની રચનાનો ખ્યાલ કરવો–આવા હાડ–માંસ તથા મળ–મૂત્રથી ભરેલી આ કાયાને કેવી રીતે પવિત્ર માનવી ? કેવી રીતે સુંદર માનીને મોહ કરવો ? ખરેખર આશ્ચર્ય છે.

## શરીરનું એક કરુણ ચિત્ર

શ્રી ગૌતમ ગણધર મહારાજા મૃગારાણીને ત્યાં આહારાર્થે આવ્યા અને ધર્મલાભ આપી રાજમહેલમાં પ્રવેશ કર્યો–મૃગારાણીએ આવકાર આપ્યો. પધારો પધારો. આહાર–પાણી તૈયાર છે.

ગૌતમસ્વામી - ના ખપ નથી, હું તો તારો પુત્ર જોવા આવ્યો છું.

રાણી—લો જુઓ, (એમ કહી પોતાના ૨–૪ પુત્રો દેખાડયા)

ગૌતમસ્વામી- ના તારો પહેલો પુત્ર જોવા માંગું છું.

રાણી - (આશ્ચર્ય) હે કૃપાલુ આપ કયાંથી જાણો છો ?

ગૌતમસ્વામી—હે શ્રાવિકા ! એ ચિન્તા તુ ના કરીશ.

જ્ઞાનીઓ બધું જ જાણે છે, સર્વજ્ઞ શ્રીવીરપ્રભુએ કહ્યું અને તે સાંભળીને હું આવ્યો છું. મૃગારાણી આહારાદિ સાથે લઈને ભોંયરામાં ગઈ. ગૌતમસ્વામીને પણ સાથે લઈ ગઈ.

રાણી—સાહેબ ! મોઢે બાંધી દેજો.

ગૌતમસ્વામી—(મોઢું બાંધી,) રૂમાલથી ઢાંકીને આગળ વધ્યા. રાણી અંતિમ ભોંયરામાં પહોંચી. પુત્રને દેખાડતી–જુઓ સાહેબ આ મારો પ્રથમ પુત્ર. ગૌતમસ્વામીએ આશ્ચર્ય દષ્ટિથી જોયું.

ઓહો હો ! જેને જન્મથી બન્ને હાથ અને પગ નથી. બન્ને આંખના ઠેકાણે માત્ર કાણાં છે નાક-કાનના ઠેકાણે માત્ર કાણાં છે. કોઈ ઇન્દ્રિયો સ્પષ્ટ નથી, ચામડી પણ આરપાર દેખાય એવી છે. ત્યાં તો માતાએ આહારનો ૧ કવલ બાળકના મોઢામાં મૂકયો. અને જેવો ગળામાંથી ઉતર્યો તે પણ આરપાર દેખાયો, અને થોડીવારમાં તો વમન થયું, માત્ર શરીર જ આવું છે એમ નહીં વધારામાં આવા શરીરમાં પણ કેટલા રોગો છે ? મહાવ્યાધિ—એ ભોગવી રહ્યો છે. અને ૧૨ વર્ષ થઈ ગયા છે. જેને જન્મે એવો મૃગાપુત્ર મહાદુર્ગન્ધ અને અંધારી કોટડીમાં સબડતો જીવી રહ્યો છે. માથું ફાટે એવી તીવ્ર દુર્ગન્ધ અને એ મૃગાપુત્રની ચીસ અને અસહ્ય વેદના જોઇને ગૌતમસ્વામીને "અહો આ તો જીવતી નરક તો નથી ને ? એવી દ્વિધા ઉત્પન્ન થઇ. અરે આ હું શું જોઈ રહ્યો છું ? શું નરક ? અરેરે ! મનુષ્યને કર્યા કર્મ અહિંયા આ ગતિમાંજ કેવા ભયંકર રીતે ભોગવવા પડે છે. તો તો પછી નરકનું તો પુછવું જ શું ? જ્યાં આના કરતા પણ હજારગણી વેદના છે.

ગૌતમ સ્વામી ત્યાંથી નીકળી સમવસરણે પ્રભુ પાસે આવ્યા. અને પૂછયું હે પ્રભુ ! આ જીવનું આયુષ્ય કેટલું ? પ્રભુએ કહ્યું ૨૬ વર્ષનું આયુષ્ય ભોગવીને નરકમાં જશે. ભલે એકવાર આયુષ્ય કર્મ પુરું થઈ જાય પણ જીવને કર્મ ભોગવવા બીજી ગતિમાં, બીજા ભવમાં તો અવશ્ય જવું જ પડે છે. કોઈ છુટકો જ નહીં.

## કર્મની સજા કાયા વડે જ ભોગવાય :

શરીર વગરનો એક પણ જીવ સંસારમાં ચારે ગતિમાં નથી. નરક જેવી નરક ગતિમાં પણ જીવને શરીર તો ધારણ કરવું જ પડે છે.




તિ. અને મ. તત્વાર્થ માં કહ્યું. છે કે

"**सांमूर्छन-गर्भोपपाता जन्म**" "**जराय्वण्डपोतजानां गर्भः**"

મનુષ્યનો જન્મ ગર્ભજ છે. તે જ પ્રમાણે પશુપક્ષીઓ પણ ગર્ભજ છે. પરન્તુ કોઇ અંડજ છે. જેમાં ઇંડામૂકીને જન્મે છે તે પોતેજ હાથીવગેરેના અને જરાયુ-મનુષ્યાદિ. દેવતાઓ તો પલંગ ઉપર પાથરેલા પુષ્પોની શય્યામાંથી ૧૬ વર્ષના રાજકુમાર જેવા ઉત્પન્ન થઈ જાય છે. મનુષ્યાદિના જન્મો પણ મહાકષ્ટદાયિ હોય છે. કયારેક પ્રસૂતિમાં માતા મરી જાય છે અને બાળક જીવે છે, કયારેક બાળક મરી જાય છે અને માતા જીવતી રહે છે. સંભવ છે કે કયારેક માતા-પુત્ર બન્ને મરી જાય છે. અને બન્ને જીવતા રહે છે તે તો આપણી સમક્ષ પ્રત્યક્ષ પુરાવા રૂપે છે.

નરકમાં કુંભી જન્મ છે. એક કુંભી ઘડામાંથી નાના છિદ્રમાંથી ઉત્પન્ન થવાનું અથવા તો ગોખલામાંથી અતિશય વેદના-ત્રાસ ભરેલુ હોય છે. નારકી જીવોના શરીર પણ પારા જેવા હોય છે. વિખરાયેલો પારો જેમ જલ્દી મળી જાય છે તેમ પરમાધામી વડે છેદન-ભેદન ની વેદના ભોગવીને મૃતપ્રાય થયેલો નારકી પાછો ઉભો થઈ જાય છે નરકમાં બધા નિકાચિત આયુષ્યવાલાજ હોય છે. બધા નારકી નપુંસક હોય છે. એ કાયા એમને માત્ર કર્મની સજા ભોગવવા માટેજ મળી હોય છે. પ્રભુ મહાવીરે એ મૃગાપુત્રના કેટલાય ભાવીભવો કહ્યા અને આના પૂર્વે એકકાઈ રાઠોડના ભવમાં જે પાપો કરીને કર્મ બાંધ્યા છે તેના કારણે

આ જીવ કેટલીયવાર નરકમાં જશે. કેવી ભયંકર તીવ્ર વેદના ભોગવશે. અને પછી અસંખ્યાતા ભવે કયારે મોક્ષે જશે તે પણ જણાવ્યુ.

નરકમાં પાપ કર્મ ખપવા કરતા તો પાપ કર્મની સજા વધુ ભોગવાય છે. કર્મ જો ખપતા હોત તો તો નરકમાંથી પણ મોક્ષ મળત. પણ ના. કોઈનેય મળ્યો નથી. ૧૯માં ભવે ૭મી નરકમાં અને બીજી વાર ૨૧માં ભવે ૪થી નરકમાં શ્રી મહાવીર પ્રભુ એમ બે વાર નરકમાં જઈ આવ્યા, છતા પણ સત્તાવીશમાં ભવે કાનમાં ખીલા તો ઠોકાયા. એજ પૂરાવો સૂચવે છે કે નરકમાં કર્મ ખપતા નથી પણ કર્મની સજા ભોગવાય છે. અને શરીર સજા-વેદના ભોગવવામાં સહાયક બને છે. શરીરવડેજ દુઃખ વેદના ભોગવાશે. તિર્યંચ-પશુ-પક્ષીમાં ગધેડા ઘોડા... વગેરે જીવો કેવી ભયંકર વેદના ભોગવે છે ? મનુષ્યો પણ બળદની જગ્યાએ જોડાઈને ગાડા-ગાડી ખેંચીને પેટ ભરે છે. તો શું એ કર્મની સજા નથી ?.

**શરીર એ આત્મા માટે જેલ છે**—કોઈ અપરાધીને પકડીને સજા ફટકારીને જેલમાં પૂરી દેવામાં આવે છે. ૫-૨૫ વર્ષની જેટલી સજા મળી હોય તેટલો કાળ તેને જેલમાં-લોખંડના સળીયા સાંકળના બંધનમાં રહેવુ પડે છે. તેજ પ્રમાણે આયુષ્ય કર્મ લોખંડની બેડી અથવા જેલ જેવો છે. "અક્ષય-સ્થિતિ" ના સ્વભાવવાલા જીવને આયુષ્યકર્મ મર્યાદિત સમય ૫૦, ૮૦, ૧૦૦, ૧૦૦૦ વર્ષાદિ માટે બાંધી રાખે છે. ગોંધી રાખે છે. તેટલા વર્ષ આત્માને શરીરના બંધનમાં રહેવુ પડે છે. અને શરીરનું બંધન કેવું છે ? અરે શરીર કેવું ગંદુ અપવિત્ર સ્થાન છે ? કોને શરીરનું સુખ-સારામાં સારૂં મળ્યું છે. ? ના સંભવ નથી. રમણીય દેખાતા શરીરો પણ-"ડુંગરા દૂરથી રળીયામણાં" જેવા છે. પાસે જાઓ તો ખબર પડે કે શરીર કેવું ગન્દુ છે. પણ શું થાય ? આત્માને ૧ દિવસ પણ આ ગન્દી અશુચી કાયા ગમે *એવી નથી.* પણ કર્માધીન જીવ બેચારો કર્મની સજા મૂંગામોઢે ભોગવેજ છે ને ? કયાં

જાય ? શરીરને ફેંકી કેવી રીતે શકે ? એતો બીજા ભવમાં ફરી મળવાનો જ છે સદંતર છૂટે તો જ મોક્ષ. માટેજ અશરીરી થવાનો લક્ષ જોઈએ.

## શરીર અને પુનર્જન્મ સિદ્ધિ

**वासांसि जीर्णानि यथा विहाय, नवानि गृह्णातिनवोऽपराणि ।**
**तथा शरीराणि विहाय जीर्णान्यन्यानि संयाति नवानी देही ॥**

જેમ માણસ જૂના કપડા મૂકીને નવા પહેરે છે, તે પણ જૂના થતા ફેંકી દે છે અને નવા નવા પહેરે છે. તે જ પ્રમાણે આ શરીર જીર્ણ–શીર્ણ થઈ જતા, ઘરડુ થઈ જતા તેને મૂકીને આત્મા ચાલ્યો જાય છે. અને બીજુ શરીર ધારણ કરે છે. બીજુ મૂકીને ત્રીજુ, ત્રીજુ મૂકીને ચોથુ એમ આજ દિવસમાં અનન્તા શરીરો મૂકીને જીવ આવ્યો છે–આટલા અનન્તા શરીરો જીવે ધારણ કર્યા. કયારે દેવ તો કયારે મનુષ્ય, અરે કયારે પશુ–પક્ષી તો કયારે નરકમાં એમ 卐 ચારે ગતિમાં જીવ સતત પરિભ્રમણ કરતો રહ્યો અને બધે જ શરીર તો ધારણ કર્યું જ છે. અનન્તા. જન્મો વીતી ગયા તો જીવે કેટલા શરીર લીધા અને મૂકયા હશે ? અનન્તા. શરીર નવું લેવું અર્થાત બનાવવુ અર્થાત જન્મ અને છોડી દેવું–મૂકી દેવું અર્થાત મૃત્યુ. પરન્તુ આ ચક્રમાં આત્મા એવોને એવો ઘાંચીના બળદની જેમ ફર્યા કરે છે.

## શરીરની અપવિત્રતા

**द्वादश नव रन्ध्राणि निकामं, गलदशूचीनि न यान्ति विरामम् ।**
**यत्र वपुषि तत्कलयसि पूतं, मन्ये तव नूतनमाकूतम् ॥**
**हाडको पिंजर चाम मढयो पुनि मांहि भर्या मल मूत्र विकारा ।**
**थुंक दू लाल वहे मुखसे पुनि व्याधि वहे नव बारहि द्वारा;**
**मांसकी जीभ से खात सबे दिन ता मतिमान करो न विचारा ।**
**ऐसे शरीरमें पेठके सुंदर कैसे ही कीजिए शौच आचारा ॥**

હાડપિંજર ઉપર માંસાદિ ભરાઈ ગયુ અને તેની ઉપર ચામડુ મઢી દેવામાં આવ્યુ અને તેમાં મલ-મૂત્ર-કફ, થૂંક, લાર, લોહી-પરૂ આદિ જેવા કેવા ગન્દા અશુચિવાલા પદાર્થો ભર્યા છે અને એટલુ જ નહીં કેટલા રોગો પણ આ શરીરમાં ભરેલા છે. અરે એનાથી પણ કરૂણ ચિત્ર તો આ શરીરનું એવું છે કે પ્રત્યેક ઘડીએ આ શરીરમાંથી ૧૨ અને ૯ દ્વારોમાંથી અશુચિ-ગંદકી વહેતી જ હોય છે. કફ-થૂંક-લોહી-પરૂ આદિ વહેવાના સ્થાનો પુરૂષના શરીરમાં નવ છે અને સ્ત્રીના શરીરમાં એવા ૧૨ દ્વારો છે જે સતત વહેતા જ હોય છે આંખમાં પીયા બાઝે છે, કાનમાં પણ મેલનો ભરાવો થાય છે અને તે કાઢવો પડે છે. નાકમાંથી તો કેવો ગંદો શ્લેષ્મ નિકલે છે, મોઢામાંથી લાર પડે છે, થૂંક જેવો ગંદો પદાર્થ નિકળે છે. આખા શરીરમાં લગભગ સાડાત્રણ કરોડ રોમરાજી છે. અરે રૂંવાટા કે વાળ પણ અન્દરનું મેલ જ છે. ચામડી ઉપરથી સતત પરસેવો ઝર્યા જ કરે છે. આ શરીર જાણે એક કાણાંવાલા ઘડા જેવો છે.

**सच्छिद्रो मदिराघटः परिगलत्तल्लेश संगाशुचिः ।**
**शुच्यामृद्य मृदा बहिः स बहुशो धौतोऽपि गङ्गोदकैः ;**
**नाधत्ते शुचितां यथा तनुभृतां कायोनिकायो महा-**
**बीभत्सास्थिपुरीषमूत्ररजसां नायं तथा शुद्धयति ॥**

પૂ. વિનયવિજયજી મ. શાન્ત સુધારસમાં આ કાયાને દારૂ ભરેલા કાણાંવાલા ઘડા સાથે સરખાવે છે. જેમ ઘડાના નીચેના છિદ્રમાંથી પાણી નિકળે છે, તેમ આ શરીર પણ કાણાવાળી કોઠી છે. આ બે પગના થાંભલા ઉપર ઊભી કરવામાં આવી છે. ગોઠવી છે. સારૂ છે કે ઘડમાંથી તો પાણી જ વહે છે પરન્તુ શરીરમાંથી મળ-મૂત્ર વિષ્ઠા જેવા કેવા ગંદા પદાર્થો બહાર નિકળે છે. અને નવા ઘડામાં ચારે બાજુથી જેમ પાણી જામે છે અને ઝર્યા કરે છે. તેમ આ આખુ શરીર પણ લોટ ચાલવાની ચાલણી જેવું છિદ્રોવાળુ છે. જેમાંથી પરસેવારૂપે શરીરનું મેલ બહાર ઝર્યા જ કરે છે, કોઈનો પરસેવો સફેદ તો કોઈનો

પરસેવો કપડા ઉપર પીળા ડાઘ મૂકતો જાય છે. અરે કેવા ક્ષારવાળો ખારો પરસેવો હોય છે કે જે કપડા પણ વહેલા ફાડી નાંખે છે. દાગીના પણ તોડી નાંખે છે. અને અધુરામાં પુરૂ વળી તેમાં ગંધ-દુર્ગન્ધ કેવી ભયંકર કે બીજા માણસને તો પાસે પણ બેસવુ ન ગમે શરીરમાંથી મૂત્ર વહ્યા કરે. લોહી અને પરૂ નિકળે પિત્તનું વમન થાય આહારાદિ જે આપણે ખાધુ છે તેની વૉમિટ થાય ત્યારે તો જોવાય પણ નહીં. રજ–વીર્ય અને દૂધ જેવા પદાર્થો પણ આ શરીરમાંથી વહ્યા કરે જાણે આ શરીર અનેક ખાળવાળુ ગટર જ છે કે શું એવું લાગે–

## કાકાએ આઠઆના સમજી ઉપાડયા

રસ્તે ચાલતા કાકાની નજર રસ્તા ઊપર કંઈક ચળકતા પદાર્થ ઊપર પડી, અને કાકાએ ઝટ ઉપાડી લીધુ. એટલામાં તો ૪–૮ માણસો રસ્તા ઉપરના જલ્દી પાસે આવ્યા. અને પૂછ્યુ **काका—क्या उठाया आपने ? क्या मिला है ?** હવે કાકાની તો ભારે થઈ. ખીસ્સામાં સંતાડેલો મૂઠ્ઠીવાળેલો હાથ બહાર કાઢીને બતાવવો પણ ભારે પડયો. શરમાઈ ગયા, કારણ બતાવુ તો મારી મૂર્ખામી દેખાય. કહુ તો ઈજ્જત ના કાંકરા થાય. છેવટે કાકાએ મૂઠ્ઠી ખોળીને હાથ દેખાડયો બીજા લોકોએ **छी...छी...छी...अरे रे....ये क्या ? आप भी अच्छे पागल लगते हैं काका ! ये क्या किसी का कफ-थूका हुआ उठाया ।**

**काका—अरे भाई क्या करूं ? किसी ने थूंका ही ऐसा कि मुझे अठन्नी जैसा लगा । इसलिए मैंने उठाया । लेकिन क्या करूं भाई !** એમ કહી મનમાં ને મનમાં ગાળો બોલતા ચાલ્યા ગયા.

અરે એ થૂંક પણ બીજુ કઈ જ નથી. આપણે ખાધેલ સુન્દર પદાર્થમાંથી જ બનેલ છે.

**શરીરમાંથી આવતી દુર્ગંધ** આ શરીર ઉપર શું રાગ રાખવા જેવો છે ? શું મોહ કરવા જેવો છે ? અરે ! શું આ શરીર ને આલિંગન દેવા જેવું છે ? ચુંબન આપનારા સહેજ પણ વિચાર નહીં કરતા હોય ?. અરે...રે ! કેવી ગંદી વાસ એના મોઢામાંથી આવે છે—એનું મોઢુ કેટલું ગંધ મારે છે, અને એની વાછૂટ પણ કેવી ગંધાય છે. અરે જ્યાં માણસ મળ-મૂત્ર નું વિસર્જન કરે છે તે સ્થાનોમાં પણ કેવી દુર્ગંધ ફાટે છે. માથુ ફાટી જાય એવી દુર્ગંધ. બે મિનિટ પણ બેસવુ હોય તો નાક-મોંઢું બંધ કરીને કપડાથી ઢાંકી ને બેસવુ પડે-જૂઓ તો ખરા એ સંડાસાદિ સ્થાનોં કેવા ગંદા છે—પણ હા...એ માણસના કારણે જ ગંદા છે. અરે માણસે જ એને બગાડયા છે. ગંદા બનાવ્યા છે. અરે ! માણસનું પેટ કેવુ ગંદુ ગટરખાનું હશે કે જેમાંથી સતતદુર્ગંધ—નીચે થી અને ઉપર થી મોઢા વાટે ઓડકાર—શ્વાસાદિ રુપે નિકળ્યા જ કરે છે. પરન્તુ માણસ તેને ઢાંકવા માટે, દબાવવા માટે ટૂથ પેસ્ટ ઘસે છે, દાંત–મોઢા ને સ્વચ્છ—ચોખા રાખવા ઘણી મહેનત કરે છે. અરે દાંત ને મોતી જેવા ચળકતા રાખવા રોજ ટુથ પેસ્ટ અને બ્રશ થી પોલીશ કરશે. સાફ કરશે, પરન્તુ છતા પણ જેવા હતા તેવા જ રહે છે ટુથ પેસ્ટ વાળા મોટી મોટી જાહેરાતો કરશે કે તમારા દાંત મોતી જેવા ચમકતા થશે, મોઢાની શ્વાસની દુર્ગન્ધ દૂર થશે. અરે રે ગંધાતી ગટરના ખાળના મોઢાને ધોઇ-ધોઇ ને સાફ રાખવાની મહેનત. અને અંદર ગટર ગમે એટલી ગંદી ભરેલી હોય તો ચાલે. આ તે કેવી મુર્ખાઇ ભરેલી મહેનત છે. અંદર ની ગટર (પેટ) તો સાફ થતી જ નથી. રોજ પેટ માં નાંખો અને રોજ પેટ ખાલી. વળી પાછુ કયારેક અજીર્ણ—અપચો થાય-હા પણ ન થાય તો શું થાય ? ૨–૪ લગન ના જમણમાં એકજ દિવસમાં જવું પડયું. હવે શું થાય ? અજીર્ણ કે અપચો ન થાય તો શું થાય ? કાં ઝાડા પણ થાય. પેટ કેવું ગંધાય, પણ માણસ સમજે છે કે ચાલો ખાલી મોઢુ જ ગંધાય છે એટલે તંબાકુવાલા સુગંધીદાર પાન ખાશે. અને મોઢા માંથી સૂગંધ આવે એવો દેખાવ કરશે. પણ એ ખબર નથી કે ત્રણ

સાધવા જતા તેરતૂટે પાન ખાઈ સુગંધ લાવવા જતા તો દાંત કાળા પડી જાય છે. મોઢું કેવું લાલકાળુ થઈ જાય છે કે બીજાને જોવુ પણ ન ગમે ?

અરે આ માણસ કેટલો હોંશિયાર અને ચતુર છે કે પોતાના શરીરની ભયંકર દુર્ગન્ધ ને ઢાંકવા માટે અત્તર, સુગંધી સેન્ટ, અને સારા સુગંધી Talcum Powder શરીર ઉપર લગાડશે. સ્નો અને ક્રીમ લગાડશે. કાનમાં અંત્તર ના પૂમડા ભરાવશે. અને ચાર માણસની વચ્ચે કે સભામાં જશે. જેથી બીજાને મારા શરીરની સુગંધ આવે. અને પાંચ માણસ મારી પાસે આવે—મને પૂછે...અરે...રે...એક ફૂલ પોતાની સુગંધ પોતે નિર્માણ કરે છે, ફૂલમાં કુદરતી સુગંધ છે. જ્યારે માનવ કૃત્રિમ રીતે ફુલાદિની સુગંધ લઈ ને પોતાની ગંદી કાયાની શોભા વધારવા માંગે છે. કેટલાય કિંમતી સાબુએ રોજ આ ચામડી ઉપર ઘસી-ઘસીને ન્હાય છે...કેવી જાતના સાબુએ ? એ તો વિચાર કરવાનો રહેતો જ નથી. અરે રે.. કતલખાનાના કપાયેલા ઢોરો ના શરીરની ચર્બી થી બનેલા સાબુ ? અરે જેમાં ૬૦% ચર્બીજ નાંખેલી હોય તેવા સાબુ તારે ન્હાવામાં, કપડા ધોવામાં વાપરવા ? હાય રે આ માનવ. પોતાની ચામડીને સાફ કરવા ઢોરોની ચર્બી પોતાના શરીરે ઘસે છે. શું એ પવિત્ર થયો કે વધારે અપવિત્ર થયો ? એક તો પોતાની કાયા હતી જ અપવિત્ર અને અધુરામાં પુરૂ ઊપરથી ચર્બી લાવીને માથે ચોપડી, અરે હાડકાનો પાઉડર પણ જેમા ભળેલો છે એવા ટેલ્કમ પાઉડર મોઢે ઘસ્યા અને શરીરે લગાડયા. અરે જેમા ચર્બી, કે બીજા ગંદા પદાર્થો ભળેલા છે તેવા સ્નો અને ક્રીમ મોઢે લગાડયા. અરે જેમા પશુઓનો લોહી ભળેલું છે એવી લાલી (લિપ્સ્ટીક) હોંઠે લગાડી હોંઠ લાલ કર્યા અરે..રે..આ માણસ જાણે પશુઓના લોહી-ચર્બી વગેરે ને શરીરે લગાડતો ફેશનનો પુતલો થઈને ફરે છે...અરે ! આના જેવી દુઃખદ અને દયા ચિન્તવવા જેવી બીજી કઈ બાબત છે ? દયા આવે છે. અફસોસ થાય છે. હાય આ માનવીની સારા દેખાવાની ઘેલછા ?

## શરીરના સ્પર્શે સારૂ પણ ગંદુ બને છે –

રસ્તા ઉપર માણસો જતા હતા. અને ત્યાંતો ઉપરથી એક માતાએ છોકરાની વિષ્ટા કાગળમાં લઈને બારીમાંથી ફેંકી દીધી અને બે માણસો ઉપર પડી. બીજા બે-ચારને છાંટા ઉડયા. માણસો વિષ્ટા જોઈને ખૂબ ગુસ્સે ભરાયા. ગાળો દેતા દેતા ક્રોધે ભરાઈને બસ એને મારો હવે તો છોડશો જ નહીં. અને રસ્તા ઉપર તો મોટુ ટોળુ જામ્યું. તમાશાને તેડુ હોય નહીં. રસ્તા ઉપર ગાળા-ગાળી અને મારા-મારી શરૂ થઈ. ત્યાં તો એક સાધુ ભગવંત પધાર્યા ..... ટોળા વચ્ચે આવીને મારા-મારી... ગાળા-ગાળી કરનારાઓને બાજુમાં લઈ જઈ શાંતિથી બેસાડયા અને ઉપદેશ આપવા માંડયા ..... ભાઈઓ સાંભળો. બે શબ્દ નો ઉપદેશ સાંભળી લો......

**यत्सङ्गात्स्याद्‌भोज्यमुपात्तं रमणीयं, दुर्गन्धाढ्यं कृमि-कुलबहुलं क्षणमात्रात् । मूल्यं वस्त्रं स्वच्छमपि स्यान्म-लदुष्टं; सोऽयं देहः सुन्दर इत्थं कथयत्येकः ॥**

જેના થોડીવાર સંગથી સોબતથી સુંદર, સુગંધી અને સ્વાદિષ્ટ ભોજન પણ દુર્ગન્ધવાળુ ગંદુ થઈ જાય છે. નીરસ બની જાય છે. અને ક્ષણમાત્રમાં તે કેવુ બગડી જાય છે કે જોવું પણ ગમે એવુ નથી રહેતુ. એટલુ જ નહીં પણ તેમાં ઝીણાં કૃમિ-કરમિયા-કીડા વગેરે ઉત્પન્ન થઈ જાય છે અરે શરીર ઉપર પહેરેલા કિંમતિ વસ્ત્રો પણ દુર્ગન્ધ મારતા ખરાબ થઇ જાય છે તે શરીરને સુંદર-સુશોભિત કેવી રીતે કહેવું ?

અરે ! થોડો વિચાર તો કરો...એક દૂધ કલાકો સુધી કઢાઈમાં બળી... બળીને દૂધ-પાક, બાસુદી, રબડી... અને છેલ્લે, માવો પણ બને છે. અને અન્તે માવાના પેંડા પણ બને છે... તે પેંડામાં કેસર-ઈલાયચી શાકર ભેળવવામાં આવે છે, અરે તેના ઉપર ચાંદીના વરખ લગાડીને મીઠાઇવાલાની દુકાનમાં સુંન્દર બોકસમાં સજાવીને રાખેલી હોય.

છે ત્યારે તો રસ્તે ચાલતા લોકોની જેની નજરે પડે તેને મોઢામાં પાણી આવી જાય જોતા-જોતા ખાવાની ઇચ્છા થઇ જાય. કેવા સુન્દર શોભે છે તે બધાજ પદાર્થો. પછી ભલે તે ગમે તે નામના હોય. ગુલાબજાંબુ, રસગુલ્લા, પેંડા, બરફી, ઘારી વગેરે ઉત્તમ પૌષ્ટિક સુગંધી દ્રવ્યોના બનેલા તે પદાર્થો કે જેની પાછળ કલાકોની મહેનત લેવામાં આવી હોય છે. અરે ! જેની પાછળ સારો એવો ખર્ચ પણ થાય છે, અને કેટલાય પદાર્થો તેમાં મિશ્રિત થાય છે.

## માનવ શરીરની કરૂણતા

પરંતુ હાયરે ! કરૂણતા તો એ વાતની છે કે આવા સુન્દર પદાર્થો ૨-૪-કલાક માત્ર માનવ શરીરના સંબંધમાં આવે છે, ત્યાં તો તેનું રૂપ કેવુ બદલાઈ જાય છે ? અરે આવો સુન્દર સુગંધી પેંડો જ્યાં મોઢામાં જાય છે, દાંત નીચે ચવાઈ જાય છે, અને તેમાં મોઢાની લાર ભળે છે .. પછી તે હોજરીમાં જાય છે. જ્યાં પિત્ત મળે છે ત્યાંથી પેંડાની યાત્રા આગળ વધે છે, અને આંતરડામાં તેનું શોષણ શરૂ થાય છે. અને પેંડામાંથી રસ-કસ કાઢી લીધા પછી કચરાને મોટા આંતરડાના પાછળના દરવાજે બહાર ફેંકી દેવામાં આવે છે, અને ભાઈઓ-આ વિષ્ટા તે જ પેંડા-બરફીનું રૂપાન્તર છે. અરે રે ! પેંડો પણ રડતો હશે કે આ માણસના શરીરની સોબત મારા માટે સારી નથી. એના કરતા તો અગ્નિની સોબત સારી. ભલે તે બાળે છે પણ સારૂ રૂપ બનાવે છે. કઢાઇની સોબત સારી જે કઢે છે. પણ મારી કિંમત વધારે છે. એક ભજીયું પણ ઉકળતા તેલમાં તળાવુ પસંદ કરે છે, આવી કપરી કસોટીમાં પણ પસાર થવા રાજી છે. પરંતુ કોઈ પણ ખાદ્ય પદાર્થો, પછી ભલે તે મિઠાઈ હોય કે ફરસાણ હોય પણ તે માનવીની કાયાની સોબતમાં તો આવવા નથી માંગતા. માનવનો સ્પર્શ પણ ખરાબ છે. તેના સંગે અમારૂં રૂપ બગડે છે.

હે ભાગ્યશાલીઓ ! સાંભળો આ માણસની કાયા તો કેવી ગંદી ગટર જેવી છે. અરે એ જ જડ મશીન કરતા પણ ભૂંડી છે.

## પેપર ફેક્ટરીની મશીન સારી પણ... !

આવો સુંદર દેખાતો એકદમ સફેદ કાગળ જેમાંથી બને છે તે પદાર્થ કેવો હોય છે કે ઘાસ, ગોબરની છાણુ, કાપડનો માવો...વગેરે કેટલાય પદાર્થોનો કચરો ભેગો કરીને મશીનમાં નાખવામાં આવે છે. અને તેમાં કેટલાક Chemicals નાખવામાં આવે છે. આ છે પેપર બનાવવાનો Raw Materials કાચો માલ. અને પછી મશીન ચાલુ કરવામાં આવે છે. અને બીજી બાજુ બિલકુલ સફેદ કાગળના રોલના રોલ સીટની સીટ બહાર પડે છે. શું આશ્ચર્ય છે? આવો ગંદો Raw Materials અને Production કેટલું સુંદર સ્વચ્છ ચળકતો સફેદ પેપર વાહ ભાઈ ! વાહ. એક વાર તો મશીનને પણ ધન્યવાદ બીજી તરફ એક મનુષ્ય છે. જેનો ખોરાક ( Raw Materials ) કેટલો સુંદર સરસ છે. પેંડા, બરફી, દૂધપાક, બાસુંદી, રસપુરી વગેરે...વગેરે આવો કિંમતી કેસર-બદામ-ચારોલીવાલો સુંદર ખોરાક ખાય છે. અને એવો ખોરાક માણસની મશીનમાં જાય છે. ૪–૬ કલાક આંતરડાની મશીનમાં પીસાય છે. પછી તેનું production કેવું ગંદુ હોય છે? જોવું પણ ન ગમે અરે જે મશીનનો Raw Materials ગંદુ ખરાબ છે તો તેનું Production સારામાં સારું કિમતી. અને માણસનું Raw Materials સારામાં સારુ કિંમતી છે તો તેનું Production ખરાબમાં ખરાબ અરે રે...આ કેવી ઉંધી ગંગા ? આ કેવો ન્યાય, મતલબ કે માણસનું શરીર એક જડ મશીન કરતા પણ ખરાબ ?

## જગતની ખ્યાતનામ-પ્રસિદ્ધ વાનગીઓ અને વસ્તુઓ :

ભાવનગરના પેંડા, ગાંઠીયા વખણાય છે, સુરતનું જમણ અને તેમાં પણ ધારી, સુતરફીણી વગેરે વખણાય છે. ખંભાતનો હલવાસણ પ્રસિદ્ધ છે.

એવી દેશ-દેશની વિશેષતાઓ પ્રમાણે વસ્તુઓ અને વાનગીઓ પ્રસિદ્ધ છે. વખણાય છે. પણ ક્યાંનો માણસ વખણાય છે ? ક્યાંની

વાનગી ખાધી તો પરિણામ સારુ આવ્યું ? એવું તો કંઈ જ વખણાતું નથી. એટલું જ નહીં પણ જડ વસ્તુઓ પણ ઘણી પ્રસિદ્ધ છે. જાપાનની અમુક વસ્તુ, અમેરિકાની અને ભારતની અમુક વસ્તુઓ એમ દેશ-દેશની વસ્તુઓ વખણાય છે પણ માનવનું શરીર તો ક્યાંયનું નથી વખણાતું કે ભાઈ ! અમેરિકાનું જ શરીર સારું, કે જાપાનમાં જન્મેલાનું જ શરીર સારું હોય છે. ના...બધા દેશના બધી ધરતીના લોકો રોગી તો હોય છે. માટે શરીર માત્ર ક્યાંયનું સારું નથી જ ગણાતું. શરીર એ શરીર જ છે. જે જીર્ણ શીર્ણ થવાના સ્વભાવ વાળુ છે, જે રોગનું ઘર છે. જે પરિવર્તન શીલ છે, જે બનવા અને બગડવાના સ્વભાવવાળુ છે તેનું નામ છે શરીર.

**शरीरं खलु रोग मंदिरं** આ શરીર ખરેખર રોગનું ઘર છે. રોગ શરીરમાં નહીં તો બીજે ક્યાં થાય છે. શરીર સિવાય બીજા કોને થાય છે ? શું ઈંટ, પથ્થર, મકાન, કે ટેબલ, ખૂર્સીને તાવ આવ્યો હોય, કેન્સર થયું હોય એવું સાંભળ્યું છે ? ના એ સંભવ પણ નથી. અને શું મડદાને તાવ આવે છે ? શું મડદાને માથું કે પેટ દુઃખે છે ? ના. હવે જીવ ગયા પછી મડદું પણ જડ બની ગયું. હવે કંઈ જ ન થાય. માટે રોગ શું છે ? રોગ કોના કારણે છે ? એનો વિચાર કરતા સાચો ઉત્તર તો એ છે-કે-રોગ આત્માની સાથે સંકળાયેલું છે. રોગ કર્મજન્ય છે અને કર્મ આત્મા વડે જન્ય છે. આત્મા કર્મ ઉપાર્જન કરે છે. અશાતાવેદનીય કર્મ બંધાય છે. અને તેનો ઉદય થતા તાવ આવવું, પેટ-માથું દુખવું, કેન્સર થવું વગેરે થાય છે. માટે આત્મા જ્યાં સુધી શરીરમાં હશે ત્યાં સુધી જ રોગ પણ થશે અને આત્મા ગયા પછી આ મડદાને તાવ વગેરે કંઈ નહીં આવે. રોગનો ઉદય એ પણ કર્મ સત્તાની સજા જ છે. શરીરને જ રોગો આવશે. માટે કહ્યું છે કે શરીર એજ રોગોનું ઘર છે. શરીરના રૂંવાટે રૂંવાટે રોગો ભરેલા છે. ક્યારે કયો રોગ કયા કર્મના ઉદયે ભડકશે, જાગૃત થશે ? તે કહી શકાતું નથી. સાડા ત્રણ કરોડ રૂંવાટે-કરોડો રોગો જાગે છે. કોઈને

૧, કોઈને ૨-૫ અને કોઈને એક સાથે ૧૦-૨૦ રોગો પણ આજે જોવા મળે છે. આજે સંસારમાં સોએ ૮૦% રોગ ગ્રસ્ત બિમાર-માંદા જોવા મળશે. એક યા બીજી રીતે મોટો ભાગ રોગ ગ્રસ્ત છે.

**कण्डूकच्छुस्फोटकफार्शोव्रणरोगैः ,**
**कुष्ठैः शोफैर्मस्तकशूलैर्भयशोकैः ।**
**कासश्वासच्छर्दिविरेकज्वरशूलै-**
**र्व्याप्तो देहो रम्यतरः स्यात्कथमेषः ॥**

—અરે ! ઘણાં લોકો તો કણ્ડુ-દાદર-ખુજલી વગેરે ચામડીના રોગોથી કેવા થઈ ગયા હોય છે. અરે ! શરીર ખરજવાથી ઘેરાઈ ગયું હોય છે, મોટા વ્રણ (ઘા) પડી ગયા હોય છે. કોઈ હરસ-પેશાબ વગેરેની વ્યાધિથી પીડાતો હોય છે. અરે ! કોઇની સુંદર કાયા કોઢ રોગથી ખવાઇ ગઇ હોય છે કે જેનું રૂપ જોવું પણ ન ગમે. કોઇના હાથે-પગે સોજા ચઢે તેમાં માણસમાને કે હું જાડો થયો છું. અરે આ તે કેવી મૂર્ખતા. અરે ! દમ, ખાંસી, ઉલ્ટી, ઝાડા, માથાનો દુઃખાવો, તાવ, શૂળ, વેદના અને કોઈને કિડની ફેલ થવી, કેન્સર વગેરેના રોગો કે જે જીવલેણ કહેવાય છે. તેવા રોગોથી વ્યાધિઓથી ઘેરાયેલું શરીર કેવું દયાજનક હોય છે અને તેમાં વળી સુંદરતાનો, રૂપનો મોહ કયાંથી રાખવો.

એક નહીં પણ સાત સાત મહારોગોની વેદના ભોગવીને, સાતસો વર્ષ સુધી જેને વેદના ભોગવી તે મહામુનિ સનતકુમાર ચક્રવર્તીની સમતાનો વિચાર કરો. એમની લબ્ધિનો વિચાર કરો. એ આત્માની કાયા કેવી અદ્‌ભૂત રૂપવાલી સુંદર કાયા હતી કે જેના વખાણ ઈન્દ્રે-દેવતાઓએ દેવ સભામાં કર્યા હતા. દેવતાઓ જેનું રૂપ જોવા આવ્યા હતા. છતા પણ એ મુનિ મહાત્મા કેવા નિર્મોહી હતા. જેમની કાયા મહારોગોથી ઘેરાઈ ગઈ તો પણ સમતાથી શાન્તિથી તપશ્ચર્યા-આરાધના કરતા રહ્યા. તે તપમાં અનેક લબ્ધિઓ ઉત્પન્ન થઈ. છતાં પણ પોતે ઉપયોગ ન કર્યો અને રોગ સમતા ભાવે સહન કરતા કરતા કર્મનિર્જરા કરતા રહ્યા.

શ્રી ભગવતી સૂત્રના નવમા શતકના ૩૩માં ઉદ્દેશામાં જમાલી ક્ષત્રિય-કુમાર પોતાની માતા આગળ આ શરીર કેવું છે તેનું વર્ણન કરતા કહે છે કે

**एवं खलु अम्मयाओ माणुस्सगं सरीरं दुःखायवणं विविह वाहि सयसंनिकेयं अट्ठिकठुट्ठियं छिरापहारु जालउ वणहसंपिणद्धं मट्टियमीडं व दुब्बलं असुइसंकिलिट्ठं अणिट्ठ-विया सव्वकाल संठप्पयं जराकुणिम जज्जरघरं च सडण-पडणचिद्धंसण धम्मं पुव्विं वा पच्छा वा अवसं विप्पजहि-यव्वं भविस्सइ ॥**

હે માતા ! મનુષ્યનું શરીર દુઃખનું સ્થાન છે. હજારો વ્યાધિઓ ઉપજવાની ભૂમિ છે, હાડકારૂપ કાષ્ઠને આધારે ટકે છે, નાડીઓ અને નસોથી વિંટાયેલુ છે, માટીના કાચા વાસણ જેવું દુર્બલ છે, અશુ-ચિમય–અપવિત્ર પદાર્થોથી ભરેલુ છે, સર્વદા અનવસ્થિત છે. જરા, અને મૃત્યુનું જર્જરિત ઘર છે, સડવાનો, પડવાનો અને વિધ્વંસ પામવાનો જેનો સ્વભાવ છે, પહેલા કે પછી અવશ્ય એક વાર છુટવાનું જ છે.

## મળ–મૂત્ર–કફાદિમાં પણ લબ્ધિઓ :

સામાન્ય માનવીના મળ–મૂત્ર–કફ–થૂંક–વિષ્ટા–પરસેવો આદિ શરી-રના બધા જ પદાર્થો ગંદા, દુર્ગંધ મારતા અશુચિવાલા હોય છે, જ્યારે મહાન ત્યાગી, તપસ્વી, યોગી આત્માઓના કફ, થૂંકાદિ પણ મહાન ઔષધિ તુલ્ય લબ્ધિ યુક્ત હોય છે. મહાતપના યોગે એવી ૫૦ લબ્ધિઓ ઉપજે છે. યોગશાસ્ત્રમાં કહ્યું છે કે—

**કફલબ્ધિ** : તપસ્વીના કફને લગાડતા ઉત્તમ લેપ થઈ જાય અને રોગ મટતા શરીર કંચનવર્ણું થઈ જાય, જેનું મળ અર્થાત્ વિષ્ટાપણ ઉત્તમ ઔષધિની ગરજ સારી રોગો મટાડે છે, જેનું મૂત્ર પણ સુવર્ણ સિદ્ધિ રસની ગરજ સારે છે, અને કાયા કંચન જેવી કરી શકે છે. યોગીઓના દેહનો મલ કે મેલ પણ રોગીઓના રોગને દૂર કરનાર થાય

છે. મહાયોગીઓના નખ. વાળ, દાંત વગેરે પણ મહાઔષધિ રૂપે બને છે કે જેનો સ્પર્શ કરતા જ ઈચ્છિત સિદ્ધિ પ્રાપ્ત થાય છે. તીર્થંકર ભગવંતોના હાડકા, અસ્થિ, દાંત-દાઢા વગેરે દેવલોકમાં દેવતાઓ પણ પૂજે છે. આ લબ્ધિઓ વગેરે અસાધારણ તપ અને યોગની પ્રતિભા ધારણ કરનાર માટે જ સંભવ છે. શક્ય છે. સામાન્ય માનવીની કલ્પના બહારની આ વાત છે. માટે આપણું દેહ તો અશુચિ પદાર્થોથી જ ભરેલું છે. તીર્થંકરાદિ વિશિષ્ટ પુરૂષોની શરીર રચના અદ્ભૂત અને અનોખી છે.

## તીર્થંકરોની દેહ રચના–

> यैः शान्तरागरूचिभिः परमाणुभिस्त्वं,
> निर्मापितस्त्रिभुवनैकललाम भुत
> तावन्त एव खलु तेऽप्यणवः पृथिव्यां,
> यत्ते समानमपरं न हि रूपमस्ति

ભક્તામર સ્તોત્રની આ સ્તુતિમાં પૂ માનતુંગસૂરિ મહારાજ જણાવે છે કે–સમસ્ત ચૌદરાજ લોકના બ્રહ્માણ્ડમાંથી જેટલા શુભ શાન્તરસના પરમાણુઓ હતા તેટલા બધા જ હે તીર્થંકર પ્રભુ! આપે લઈ લીધા છે. અને તે શાન્તરસના શુભ પરમાણુઓ વડે આપે આપના દેહની રચના કરી છે. શરીર નિર્માણ કર્યું છે. તો હે પ્રભુ! આપનું એ શરીર ખરેખર કેવું અનુપમ અને અદ્વિતીય હશે. અને એવું બીજા કોઈનું શરીર આ પૃથ્વી ઉપર દેખાતું નથી. એનુ કારણ એ છે કે જો એવા શાન્તરસના અદ્ભૂત શુભ પુદ્ગલો જો બાકી રહ્યા હોત તો કોઈ આપના જેવું શરીર બનાવી શકત પરન્તુ એવો કોઇ છે પણ નહીં, અને એવા પરમાણુઓં પણ જગતમાં બાકી રહ્યા નથી. કારણ જેટલા હતા તેટલા પ્રભુએ લઈ લીધા અને શરીર બનાવી લીધું.

માટે પ્રભુના શરીરની જન્મથી જ અદ્ભૂત રૂપતા, અદ્ભૂત દિવ્યતા છે. અનુપમ તુલના છે. જેમને જન્મ–સમયે પણ કોઈ અશુચિ નથી.

દેવતાઓ જેનો જન્માભિષેક મહોત્સવ મેરૂપર્વત ઉપર ઉજવે છે; જેમનો શ્વાસોચ્છવાસ પણ કમળ જેવો સુગંધી છે, જેમનું રૂપ અદ્‌ભૂત છે. શરીર ઉપર પરસેવો બિલ્કુલ નથી થતો. લોહી-માંસ પણ લાલ નહીં પણ સફેદ હોય છે. આ વર્ણન-" પ્રથમ જિનેશ્વર પ્રણમીએના " સ્તવનમાં કરવામાં આવ્યું છે.

તીર્થંકરના અનેક અતિશયો હોય છે. એમના દેહનો મહિમા પણ અદ્‌ભૂત હોય છે. એમના મળ-મૂત્રાદિ પણ મહૌષધિ-સર્વૌષધિની ગરજ સારે છે.

## રૂપસુન્દરિ સાધ્વી સુકુમાલિકા—

વસંતપુર નગરના સસક અને ભસક બન્ને ભાઈઓએ દીક્ષા લીધી અને તેમની એકની એક બ્હેન સુકુમાલિકાને પણ ઉપદેશ આપી સંસારમાં પડતા અટવાવી અને વૈરાગ્ય માર્ગે દીક્ષા આપી. સાધ્વી સુકુમાલિકાનું રૂપ-લાવણ્ય અદ્‌ભૂત આકર્ષક હતું. તેને ઉપાશ્રયમાં જ રાખતા. પરન્તુ ગામના કેટલાક યુવાનો ભમરાની જેમ ખેંચાઈને આવતા. અને બારીમાંથી સાધ્વીનું રૂપ જોવા લાલાયિત થતા. કોણ જાણે રૂપ જોવામાં શું આનન્દ મળતો હશે? છતાં પણ સેંકડો લોકો જોવામાં મશગુલ હોય છે. યુવાનોની આવી પાગલતા વચ્ચે ગામમાં રહેવું કેવી રીતે. માટે સાધ્વીજી વિહાર કરી બીજા ગામે ગયા. પરન્તુ ત્યાં પણ યુવાનો એજ રીતે આવવા લાગ્યા. સાધ્વીજીએ કંટાળીને પોતાના ભાઈ મહારાજને વાત કરી. એટલે બન્ને ભાઈ મહારાજે પહેરો ગોઠવ્યો. વ્યવસ્થા કરી. સાધ્વીને ઉપાશ્રયમાં પૂરી રાખતા. છતાં પણ ઉપદ્રવ વધવા માંડ્યો. એક દિવસ સાધ્વી વિચારમાં પડ્યા. અરે...રે! આ મારા રૂપના કારણે મારા ભાઈ મહારાજોને કેટલી તકલીફ, એમની આરાધનામાં પણ વિક્ષેપ પહોંચે છે. તો હવે આ રૂપ-આ કાયા ટકાવીને, કે સાચવીને રાખવામાં શું? ફાયદો? એમ ચિન્તવીને રૂપ અને દેહનો ત્યાગ કરવા સાધ્વીજીએ અનશન કર્યું થોડા દિવસો પછી સાધ્વી મૂર્છા પામી ગયા. બેભાન થઈ ગયા. મૃત સમજીને લોકો જંગલમાં લઇ ગયા.

કર્મ તણી ગતિ ન્યારી છે. ખરેખર વિચિત્ર છે. અરે! એક શ્રીમંત શેઠ આવ્યા. અદ્‌ભૂત રૂપ દેખી મોહિત થઇ શેઠ ઘરે લઇ ગયા. ઔષધ ઉપચાર કર્યા. ફરી કાયા સુશોભિત થવા માંડી. બન્ને ભાઇ મહારાજોને ખબર પડી. તેઓ આવ્યા શેઠ અને બેનને ફરી ઉપદેશ આપ્યો. બેનને ફરી દીક્ષા આપી. અને કાયાનો રૂપ ત્યાગ કરવા એક માત્ર તપનો માર્ગ લેવા સાધ્વીજીએ અનશન કરી દેહનો ત્યાગ કર્યો. **रूपे जराया भयं, "भोगे रोग भयं"** ખરેખર રૂપ સૌન્દર્યને પણ વૃદ્ધાવસ્થાનો ભય છે. અને ભોગો ભોગવવામાં પણ રોગનો ભય હોય છે.

## સ્વદેહ અને પરદેહ ઉભયનો રાગ :

રાગમાત્ર સ્વદેહ ઉપરનો જ છે એવુ પણ નથી પોતાના શરીર ઉપર તો રાગ-મોહ-મમત્વ છે...છે. પરન્તુ સાથે સાથે પારકાના શરીર ઉપર પણ એટલુ જ મોહ-મમત્વ છે. જે સ્ત્રીનું શરીર ચુંથવામાં મોહ છે. એક માત્ર ભોગ ભોગવવામાં મજા છે એમ માનીશ નહીં. હે જીવ ! ભોગ ભોગવવામાં જેટલી મજા છે એના કરતા હજાર ગણી સજા પણ છે. પરંતુ શું થાય-દૂધ ઢોળીને પીતી બીલાડીને લાકડી મારનાર નથી દેખાતો, તે જ રીતે પાપ કરનારને પરમાધામી નથી દેખાતો, નરક નજરે પણ નથી દેખાતી, કયાં છે પાપની બીક.

## ચામડી જોનારા બધા ચમાર :

એક કાળ હતો જ્યારે કન્યાના ગુણો જોવાતા હતા, તે વાત તો ગઈ. હવે પૈસો જોવાય છે. અને આજે તો માત્ર ચામડી જોવાય છે. કેમ ગોરી છે ને ? માત્ર ચામડી જોનાર ચમાર કહેવાય, અને ચમાર તો ચણ્ડાલ જાતિનો હોય છે. જ્યાં જુઓ ત્યાં ચામડી જ જોવાની વાત છે. અને ચામડી ચૂંથવાની વાત છે. અરે રે...જેને તું આલિંગન કરે છે તેની કાયા કેવી રોગથી ઘેરાયેલી છે. અરે ! તે કેવી અશુચિથી ભરેલી ગંધ મારતી કાયા છે ? એનો વિચારપણ નથી કર્યો

એના અંગોમાંથી જ્યાં ગંદુ લોહી ઝરતું હોય, કેવી દુર્ગંધ મારતી હોય છતા પણ તે કાયા ઉપર એવો તે કેવો ભારે મોહ જાગ્યો છે ? તે કંઈ સમજાતુ નથી ? કયાં છે વિરક્ત દૃષ્ટિવાલા આજે. સ્ત્રીઓ પણ અંગ પ્રદર્શન કરતી આજે રસ્તાઓ ઉપર ફરે છે. અને પછી બીજાની દૃષ્ટિ બગડે એમાં નવાઈ શું ? આજે બળાત્કાર વ્યભિચાર વગેરેના પ્રસંગો વધતા જ જાય છે એનું મુળ કારણ શું છે ? તે કેમ કોઈ શોધતુ નથી.

## લક્ષ્મણજીની પવિત્ર દૃષ્ટિ

સીતાના અપહરણ પછી શોધની અંદર મળેલા આભુષણો લક્ષ્મણજીને બતાવતા રામ પૂછે છે–અરે લક્ષ્મણ ! શું આ આભૂષણો સીતાના છે એમ તમે ઓળખી શકો છો ?

લક્ષ્મણજી—ભાઈ રામ ! માફ કરજો. હું તો ફક્ત ભાભીના પગના અંગુઠામાં રહેલી વિંટિ જ ઓળખી શકું બીજા નહીં.
રામ – અરે લક્ષ્મણ ! શું વાત કરો છો ?
લક્ષ્મણ – હાજી કારણ પ્રાતઃકાળે ભાભીના ચરણ સ્પર્શ કરવા જતો ત્યારે અંગુઠા ઉપર માથું અડાડી ચરણ સ્પર્શ કરતો, "**ज्येष्ठ भ्राता पिता तुल्यो**" મોટા ભાઈ પિતા તુલ્ય ગણાય તો મોટા ભાઈના પત્ની તે માતા સમાન જ ગણાય. માટે હું પગના અંગૂઠાની વીંટી સિવાય બીજા કોઈ પણ દાગિના ઓળખી ન જ શકું.

વિચાર કરવા જેવી આ વાત છે. કે ૧૪ વર્ષના વનવાસ કાળમાં રામ-સીતા સાથે જ લક્ષ્મણજી પણ રહ્યા છે. સાથે જ પાછળ-પાછળ ચાલ્યા છે છતા લક્ષ્મણજી કેવા સાત્વિક રીતે રહ્યા હશે. કેવા નૈષ્ઠિક બ્રહ્મચારી હશે તે આ વાત ઉપરથી વિચારી જુઓ. અને આજે આ કાળમાં જીવો કેવા છે ? કયાં છે. મોટાભાઈ–ભાભીને માતા–પિતા તુલ્ય માનવાની વાત ?

કમઠે પોતાના સગાભાઈ મરૂભૂતિની પત્નિ સાથે આડો સંબંધ બાંધ્યો તેમાંજ બધુ બગડી ગયુ. કલહ વધ્યુ અને પરિણામે ૧૦-૧૦ ભવની વૈર પરંપરા કેવી ભયંકર સળગી ઉઠી. દશ ભવમાં કમઠ તો મારનાર મહાક્રુરજ બન્યો. અરે...રે ભોગના ક્ષણિક સુખના પરિણામે કેટલી મોટી ભવ-પરંપરા બગડી શરીર જન્ય સુખ ક્ષણકાન્ત-ક્ષણપ્રિય જ હોય છે, માટે શરીરને અશુચિથી ખરડાયેલ ગંદુ માનીને દૂર જ રહીએ તો કેટલુ સારૂ.

**દેહરાગ અને દેહભાવ**

**जे केई सरीरे सत्ता, वण्णे रुवे य सव्वसो ।**
**मणसा कायवक्केणं, सव्वे ते दुःखसंभवा ॥**

—શ્રી ઉત્તરાધ્યયન સૂત્રમાં વીરપ્રભુ ફરમાવે છે કે જે કોઈ માણસો શરીરમાં, તેમ જ તેના રૂપ-લાવણ્યમાં મન-વચન અને કાયાથી ખૂબ આસક્તિ રાખે છે, મોહ-મમત્વ-કે રાગ રાખે છે તે સર્વેને અંતે તો દુઃખના ખાડામાં જ ઉતરવાનો વખત આવે છે.

શું શરીર વડે કયારેય કોઈનેય સુખ મળયુ છે ? ના. શરીર સુખ અનુભવવાનું સાધન છે, સાધન માત્ર છે. સાધ્ય નથી-" **खाओ-पिओ और मौज करो** "ની માત્ર નાસ્તિકની વાત કરવી એ ઉચિત નથી. કારણ નાસ્તિક પણ પેટ ભરીને સુખો-ભોગો ભોગવવા જાય છે તો તે પણ રોગોથી ઘેરાઈ જાય છે, દુઃખી-દુઃખી થઈ જાય છે

હે ચેતન ! દેહ રાગ-બહુ રાખીશ નહીં, દેહરાગના કારણે ઘણાં ભવો બગડયા. દેહભાવના કારણે આત્મા અધ્યાત્મના સોપાનો ચઢી શકયો નહીં, દેહભાવ એજ બહિરાત્મભાવ છે. દેહભાવ-દેહરાગ એ જ વિભાવદશા છે, એ ધ્યાન-યોગ સાધનામાં બાધક છે. સાધક નથી. દેહરાગ વધે તેમ દેહભાવ વધતો જાય, મજબુત થઈ જાય, અને પછી તો બધી ક્રિયામાં દેહાધ્યાસ જ નજરે ચઢે છે. દેહમમત્વ વધારે હોય તે આત્મા તપ-ત્યાગ કરી ન શકે.

**દેહ એતો ભાડાનું ઘર છે.**

આ શરીરને એક ઘર મકાન જેવી ઉપમા આપી છે, કારણ દેહની રચના એક મકાન જેવી જ છે, જેમાં રસોડુ છે, સંડાસ-બાથરૂમ પણ છે, બધુ જ છે. આત્માએ સંસારમાં તે તે ગતિમાં આયુષ્ય પ્રમાણ કાળ દરમ્યાન રહેવા માટે આ મકાન જડ પુદ્ગલ-પરમાણુંનું બંધાવી ભાડે લીધુ છે. અરે–૭૦,૮૦ કે ૧૦૦ વર્ષની લીઝ ઉપર લીધુ છે અને રોજ થોડુ થોડુ ભાડુ આપવાનું છે. આત્મા આ ભાડેના ઘરમાં રહેવા આવ્યો છે. તે પણ ફકત થોડા વર્ષ માટે અને તેમાં પણ કોઈ ભરોસો નથી. કે આ મકાન કયારે પડી જશે, આ ઘર કયારે તૂટી પડશે ? એનો કોઈ ભરોસો નથી.

કયો માણસ એવો મૂર્ખ છે કે ૨ દિવસ માટે ધર્મશાળામાં રહેવા ગયો હોય, ૧૦-૧૫ મિનિટ બસમાં બેઠો હોય, ૧૦-૧૫ કલાક માટે ટ્રેનમા બેઠો હોય અને તે ટ્રેન-બસ કે ધર્મશાળાને સુધારવાની વાત કરે. રંગ-રોગાન કરવાની વાતો કરે ? હીરા મોતી જડવાની વાત કરે એ તો મુર્ખતાની વાતો છે. સમજુ માણસ સમજે છે કે આ તો ભાડાનો ઘર છે, મારે શું મતલબ મારે તો ઓછુ ભાડું આપી વધારે કામ કરાવવુ જોઈએ. અરે આ તો હરામ ખોર ઘોડા જેવું જડ શરીર છે. એક વખત જો એને બેસી રહેવાની આદત પડી ગઈ તો પછી ઉભો પણ નહીં થય. કામચોર જો થઈ ગયો તો પછી કંઇજ કામ નહીં કરે. માળ તો એટલુ ને એટલુ ખાશે. તો પછી કામ વધારે કેમ ન લેવું કયો ભાડૂત એવો મૂર્ખ છે કે મહિનાનું વધારે ભાડું આપે. તે તો ઓછામા ઓછા ભાડામાં ચલાવવા વિચાર કરે. અને સાવ ભાડુ (ખાવા) ન આપવું પડે તો કેટલુ સારૂ. જૂના ૧૦-૧૦ રૂપિયાના ભાડાના ઘરો આજે કયા કોઈ ખાલી કરે છે ?

બસ તો આ શરીર પ્રત્યે પણ આવુંજ ભાડાનું વલણ રાખો તો કેટલુ સારૂં. જેટલુ ખવરાવશો તેટલુ ખાતોજ જશે આ શરીર અને પછી

ભરૂચના પાડા જેવો આળસુ પ્રમાદી થઇ જશે. પછી તો ભારે પડશે. કંઈજ કામ નહીં આપે. અરે છેલ્લે ઉપાડવા પણ કોઇ તૈયાર નહીં થાય બધા ડરશે. બાપરે ! ખભા તૂટી જશે...ના નથી ઉપાડવા.

## કાયાની માયાથી સાવધાન રહેજો –

આ શરીર નામનો નોકર એ તો કર્મરાજાનો સેવક છે. એની માયામાં ફસાતા નહીં. એને તો ઘાંચીના બળદની જેમ, અરે કુંભારના ગધેડાની જેમ મારી–મારીને કામ લેજો. પ્રમાદ રૂપ મદિરા પાશો નહીં, વિષય સુખનો નશો-કેફ ચઢાવશો નહીં. આ કાયા પાપ ન કરાવી જાય તેની ખાસ સાવધાની રાખજો. નહીંતર કહેવાય છે કે પેટ કરાવે વેઠ. જો આ શરીર પાપ બંધાવી દેશે તો આત્માને ભારે સજા ભોગવવી પડશે. મૃત્યુ પછી શરીર તો જડ થઈ જશે. અને એ તો અહીંયા જ લાકડામાં બળી જવાનું છે. પરન્તુ આત્માના માથે તો પાપનો ટોપલો ચઢી ગયો કે નહીં ? હવે જીવ જે ગતિમાં જ્યાં જશે ત્યાં એનો તો એ પાપની સજા–વેદના સહન કરવી જ પડશે ને ? આ તો વાત કેવી થઈ "માળ ખાય જીભ અને માર ખાય ગાળ" — પાપ કરે શરીર અને સજા ભોગવે આત્મા આ કોના ઘરનો ન્યાય.

પેટ ભરવા પણ પાપ, પૈસા કમાવવા પણ પાપ, સંસારના વ્યવહારમાં પણ પાપ ઈચ્છાઓ સંતોષવા પણ પાપ. આ તે કેવી તૃષ્ણા કે કોઈ કાલે પૂરી જ ન થાય હાય હાય કરીને મરી જ જવાનું ગમે એટલું ખવરાવો, ન્હવરાવો, પિવરાવો તોય આ કાણાવાળી કોઠી તો હતી એવી ને એવી જ. આ પેટ ક્યારેય ભરાતુ જ નથી માટે આ શરીરથી સાવધાન રહેવા જેવું છે. જો જો ક્યાંય પાપ ન બંધાવી જાય.

## સાધુઓ શરીર પ્રત્યે કેવી રીતે વર્તે છે—

**अहो जिणेहिं असावज्जा, वित्तिमाहूणदेसिआ ।**
**मुक्ख साहण हेउस्स, साहु देहस्स धारणा ॥**

—સાધુ ભગવંતોને પણ પેટ વળગેલુ છે, અને પેટ ભરવા આહાર પાણી પણ વાપરે છે, ગોચરી લાવે છે પણ ભાવના કેવી સુંદર છે. હે જિનેશ્વર ! સાધુની ભિક્ષાવૃત્તિ માટે કેવી સુંદર નિષ્પાપ અસાવદ્ય કેવી સુંદર દેશના આપી છે. કેવું સુંદર માર્ગ દેખાડ્યુ છે. મોક્ષના સાધન ભૂત આ દેહને ટકાવવા અને આ દેહને ધારણ કરવાની ભાવનાથી જ આહાર લઉં છું. કેટલી સુન્દર ભાવનાથી આહાર–ગોચરી ગ્રહણ કરે છે. સાધુ એટલે દેહરાગ–દેહભાવનો ત્યાગી. દેહ ઉપર હવે કોઈ મૂર્છા–મોહમમત્વ નથી તે સાધુ. જો દેહ ઉપર જ આસક્તિ કે રાગ નથી તો દેહને આપવાના ટકાવવાના આહાર–પાણી ઉપર તો શા માટે આસક્તિ કે રાગ રાખે ? જીભને વશ થવાથી તો પાપ બાંધી આત્મા ભવ બગાડે છે. એવા મૂર્ખ શા માટે બનવું કે થોડા ખાતર ઘણાં ભવ બગાડવા ? જિતેન્દ્રિય થનાર જ સાચો ત્યાગી, સાચો તપસ્વી કહેવાય. શરીર પાસેથી કામ કઢાવી લેવું.

**"शरीरं खलु आद्यं धर्मसाधनं"–**

**" ચેતન ચાર ગતિ મેં નિશ્ચે, મોક્ષદ્વાર એ કાયા રે;**
**કરત કામના સુરપતિ યાકી, જિસકું અનર્ગલ માયા રે "**

અત્યાર સુધી કાયા–શરીરની જે વાત કરી તે તો કાયાની–માયા–દેહમમત્વ ઘટાડવાની વાત કરી શરીરની અશુચિતા કેવી છે તે સમજાવી, કારણ દેહરાગ એ તો મોટો દેહ–રોગ છે. રાગ નહીં પણ રોગ છે. જ્યારે રાગ એ રોગ રૂપે સમજાશે ત્યારે જ ખરું તત્ત્વજ્ઞાન થશે. ત્યારે જ અધ્યાત્મમાં પ્રવેશ થશે. જરૂર શરીરનો રાગ ખરાબ છે પણ શરીર બહુ સારું છે, કારણ કે આ જ શરીર વડે મોક્ષ મળવાનું છે. એટલે મોક્ષના સાધનભૂત દર્શન, જ્ઞાન, ચારિત્ર, તપ વગેરે ધર્મની આરાધના પણ આ શરીર વડે જ થવાની છે. શરીર ન હોત તો શું થાત ? શરીર વિના ધર્મ કરત કોણ ? આત્મા તો સંસારમાં શરીર વિના એકલો રહેતો પણ નથી અને શરીર વિના આત્મા ધર્મ કરે કેવી રીતે ? શરીર વિનાના તો ફકત સિદ્ધાત્મા જ છે. અને તેમને તો

ધર્મ કરવાનું વગેરે હવે કંઈ જ રહેતું નથી. તે તો સિદ્ધ-બુદ્ધ-મુક્ત-નિરંજન નિરાકાર થઈ ગયા છે. આપણો આત્મા અત્યારે આ શરીરના આકારવાળો છે. જીવ જ્યારે જે શરીરમાં હોય ત્યારે તે, તે આકારવાળો કહેવાય. પરંતુ અશરીરી થઈ જાય ત્યારે જ તે નિરંજન-નિરાકાર કહેવાય. માટે શરીર ખરાબ છે. ખરાબ છે એવું રટયા નથી કરવાનું. શરીરને ક્યા માર્ગે લઈ જાઓ છો તે મહત્ત્વનું છે અને મોક્ષમાર્ગના સાધનભુત આ સંજ્ઞિ પંચેન્દ્રિય પર્યાપ્ત મનુષ્યનું શરીર જ મોક્ષની નિસરણી ચઢવા કામે લાગશે. માટે આ શરીર તો કેટલું ઊંચું છે? કેટલું કિંમતી છે? દેવતાઓ, ઈન્દ્રો પણ સતત મનુષ્ય જન્મની ઝંખના કરતા હોય છે, ઈચ્છા રાખતા હોય છે. માટે આ શરીર તો મોક્ષદ્વાર રૂપે ઓળખાય છે. જે જે આજ સુધી અનન્તા મોક્ષે ગયા છે તે આ શરીર વડે જ મોક્ષે ગયા છે.

**આ શરીર વડે ઘણાં સાધી ગયા :**

— પ્રભુ મહાવીર સ્વામીએ કાયાનો કેવો કસ કાઢયો. વિચાર તો કરો. સાડાબાર વર્ષમાં ફક્ત ૩૪૯ દિવસ જ આહાર લીધો પારણાના દિવસ આટલા જ શેષ સર્વ નિર્જલ ઉપવાસના દિવસો.

—ભગવાન ઋષભદેવે ૪૦૦ દિવસના ઉપવાસ કરી કાયા પાસેથી ઉત્તમ કામ કરાવ્યું.

– સુંદરીએ ૬૦,૦૦૦ વર્ષ આયંબિલ કર્યાં.

– સ્કંદકાચાર્યના ૪૯૯ શિષ્યો ઘાણીમાં પીલાતા પીલાતા પણ દેહની વેદનાનો વિચાર પણ ન કર્યો અહો કેવો દેહરાગ–દેહભાવ ખસી ગયો હશે અને પીલાતા કેવળ જ્ઞાન પામી મોક્ષે ગયા. ધન્ય....ધન્ય.

—ધન્ય હતા એ મેતારજ મુનિરાજ. આહા હા....માથે ચામડાના પટ્ટા વિંટાયા, તડકામાં ચામડી તૂટી, તડ તડ હાડકાં ફૂટયાં છતાં દેહનો વિચાર સરખો પણ ન કર્યો. એ મહાત્મા આ શરીરથી સાધી ગયા.

—અરે ! ગજસુકુમાળ મુનિને યાદ કરો. કરોડો વંદન હો એ મહામુનિને. માથે સળગતા અંગારા ભરાયા છતાં પણ આંખ ખોલીને સસરા સામે જોયું પણ નહીં. દેહભાવનો તો અંશમાત્ર પણ નહીં. બસ, આ કાયા સળગતી–બળતી હોવા છતાં પણ કેવળજ્ઞાન પામી મોક્ષ સાધી ગયા ખરેખર કમાલ કરી.

આવા તો એક–બે નહીં, જૈન શાસનમાં સેંકડો દાખલા મોજૂદ છે. ઈતિહાસના પાને સુવર્ણાક્ષરે લખાયા છે. જે જે કાયાની માયા તજી શકયા, જેને પણ કોઈએ દેહરાગ–દેહભાવ ઘટાડયો તે ખરેખર સાધી ગયા.

## શરીરની બદલાતી અવસ્થા :

ખરેખર જે શરીર પ્રત્યેક ઘડીએ બદલાયા જ કરે છે, પુરણ–ગલનના સ્વભાવવાળા પુદ્‌ગલ પરમાણુનો બનેલો આ શરીર છે. જે બનવા, બદલવા અને બગડવાના સ્વભાવવાળો છે. સૂર્યની જેમ તેની અવસ્થા રોજ બદલાય છે. ચંદ્રની જેમ રોજ વધ–ઘટ થાય છે તે શરીરમાં મોહ કરવા જેવું છે પણ શું ?

જે નશ્વર, ક્ષણિક અને નાશવંત છે, જે મૂળમૂત્રની કયારી સમાન છે, જે લાકડામાં બળવાનું છે તેના ઉપર આસકિત કે મોહ રાખવા જેવું છે પણ શું ? એક દિવસ જન્મ્યો હતો અને એક દિવસ મરવાના છીએ. શું જન્મ્યા પછી આપણે મોટા થઇએ છીએ કે નાના ? આયુષ્યના નિશ્ચિત ૮૦ કે ૧૦૦ વર્ષના કાળમાંથી દિવસે–દિવસે વર્ષે–વર્ષે–વર્ષ ઓછા થવાના છે કે વધવાના છે ? વર્ષગાંઠ–Happy Birthday મનાવીએ છીએ પરંતુ કયારેય વિચાર કર્યો છે કે "વર્ષગાંઠ મનાવતા વર્ષગાંઠનો જાય". ખરેખર તાત્ત્વિક દષ્ટિએ જો વિચાર કરીએ તો સમજાશે કે પાંચમી કે દશમી વર્ષગાંઠ મનાવીએ છીએ ત્યારે ૮૦ વર્ષના આયુષ્યમાં ૧૦ તો ગયા ને ? એટલા ઓછા થયા. આપણે મોટા નહીં, હક્કિતમાં નાના થયા. આપણાં વર્ષો નકામા ગયા. જિંદગી થોડી અને સાધવાનું ઘણું. ધીમે ધીમે આપણે મૃત્યુની

નજદિક પહોંચીએ છીએ અને જોત-જોતા આ જીવનયાત્રા પૂરી થઈ જાય છે. જન્મ્યા પછી બાળકમાંથી કિશોર, તરુણ, યુવાન, પ્રૌઢ અને વૃદ્ધ થઈને સ્મશાનમાં લાકડા ભેગા થવાનું. બસ જીવન પૂરું. આવ્યા એવા ચાલ્યા ગયા. શું મેળવ્યું ?

## માટીની કાયા, માટીમાં રે મળી જવાની :

કયા તન માંજતા રે મિટ્ટિમેં મિલ જાના,
મિટ્ટિમેં મિલ જાના બંદે, રાખમેં ખપ જાના ॥ ૧ ॥
**ये काया कांच का कुंभा, नाहक तु देख के फूलता;**
**पलक में फूट जावेगा, पत्ता ज्युं डाल से गिरता ॥**

હે જીવ ! શા માટે આ કાયાને બહુ પંપાળે છે, અરે ! એ તો કાચના પવાલા જેવી છે. કાચના ( કુંભ ) જગને ફૂટતા કેટલી વાર લાગશે ? એવી આ કાયા છે જે ન્હવરાવવાથી પણ પવિત્ર થાય તેમ નથી, અત્તરાદિ સેન્ટ વગેરે સુગંધી પદાર્થોથી સુગંધિત થાય તેમ નથી અને આહાર-પાણીથી પુષ્ટ થાય તેમ નથી આખરે માટીની કાયા માટીમાં જ મળવાની છે.

## વિપશ્યના-એક દેહયાત્રા :

શરીરને જ જોવાની પ્રક્રિયા તે વિપશ્યનાનો એક ભાગ છે. "**पश्य**" ધાતુનો અર્થ થાય છે 'જોવું' 'દેખવું'. વિપશ્ય-વિશિષ્ટરૂપે વિશેષરૂપે જુઓ. મનને શરીર ઉપર કેન્દ્રિત કરવું અને ક્રમસર જોતા જવું, એકત્વ ભાવનામાં Self Introspection આંતરનિરીક્ષણની ક્રિયા હતી. શરીરમાં જોવાની નહીં, પરંતુ આત્મામાં જ હું એકલો છું વગેરે જોવાની ક્રિયા તે જ પ્રમાણે અન્યત્વ ભાવનામાં ભેદ જ્ઞાનની પ્રક્રિયા હતી. આ Objective ભાવના હતી, પરંતુ આ બન્નેથી ભિન્ન વિપશ્યના છે, ક્રમસર માથાના વાળથી દેહયાત્રા શરૂ કરો. મનને માથાના વાળ ઉપર લાવો. એક ઠેકાણે બેસાડો અને પછી મનને આગળ ચલાવો. બસ, મન શરીરને જ જોતો જાય વાળ ઉપરથી કપાળે, આંખ-કાને, નાંકે, મોઢે, દાંતે, દાઢીપ્રદેશે. હજી નીચે ઊતરતા જાઓ. કંઠે,

હૃદયે, હાથે પેટ-નાભિ-કટિ પ્રદેશે, પગે, ઢિંચણે, એડી અને પગની આંગળી - તળિયે જોતા જાઓ. અને જે ક્રમે ઉતર્યા તે જ ક્રમે પાછા ઉપર છેક માથાના વાળ સુધી પહોંચો અને ૧ ચક્ર પૂરું થાય પછી બીજી-ત્રીજી વાર એમ કરવું. અને અન્તે મનની ગતિ-મનની એકાગ્રતા ઉપર નિરીક્ષણ અને પરીક્ષણ કરો. કંઇક અનુભૂતિનો ખ્યાલ આવે છે કે કેમ તે જોવા જેવું છે. આ વિપશ્યનાની દેહયાત્રા સાથે જો અશુચિ આદિ ભાવના ભળી જાય, પગથિયાં ચઢતા જેમ કઠેડાનો ટેકો મળે તેમ જો આ ભાવના ભાવતા જઇએ તો દેહરાગ ઘટાડવામાં વેગ મળે.

## પ્રેક્ષામાંથી અનુપ્રેક્ષા :

પ્રેક્ષા પદ્ધતિ પણ ધ્યાન માટે ચિન્તનની પ્રક્રિયા છે. "प्र" ઉપસર્ગ-પૂર્વક इक्ष् ધાતુ જોવા અર્થમાં છે. પ્રકૃષ્ટ અર્થાત સારી રીતે જોવું. આત્મા જ્ઞાની છે અને હવે આત્માએ મન વડે જોવાનું છે.

જેમ ચક્ષુ આદિ ઇન્દ્રિયો વડે આત્મા બહારનાં દૃશ્યો જુએ છે. તેમ મન વડે આંતર-નિરીક્ષણ કરવાનું છે. આરાધકે આન્તર્મુખ થવાની પ્રથમ આવશ્યકતા છે. ઘરની ગેલેરીમાં મૌનપણે, શાંતિથી ઊભો રહેનાર ગૃહસ્થ રસ્તા ઉપર આવતા-જતા સારાનરસા દૃશ્યો મૂકપણે જોઈ રહ્યો છે. એમ આત્માના દ્રષ્ટાભાવથી મનમાં ચાલતી ધમાલ, ઉથલપાથલ, શરીરમાં ચાલતી ધમાલ, વિચારોનાં આંદોલનો વગેરે જોવાની પ્રક્રિયા તે પ્રેક્ષા ધ્યાન છે. પરંતુ માત્ર દ્રષ્ટાભાવથી પ્રેક્ષા જ નથી કરવાની પણ આપણી ચેતના શક્તિને જાગ્રત કરીને અનુપ્રેક્ષા-અર્થાત્ ભાવનાયોગ સાથે ચિંતન-મનન કરવાનું છે. શરીરને જ જોતા હું આ શરીરથી જુદો છું, હું દેહ નથી પણ દેહી છું, હું પ્રાણ નથી પ્રાણી છું, અર્થાત્ આધારાધેય ભાવથી આધારભુત આ દેહમાં રહેનાર આધેય તે દેહી-પ્રાણોની વચ્ચે તેમના આધારે રહેનાર તે પ્રાણી-અર્થાત્ આત્મા પોતે. પ્રેક્ષાની સાથે અનુપ્રેક્ષા ચાલે અનુપ્રેક્ષા વડે પ્રેક્ષા ચાલે ત્યારે ચેતના શક્તિનો અનુભવ કરવો. શરીરની અશુચિતા, જડતા, પૌદ્ગલિકતા, ક્ષણિકતા, નશ્વરતા આદિ ધર્મોનો વાસ્તવિક જ્ઞાન-ભાન

થવું તે છે અનુપ્રેક્ષાપૂર્વકની પ્રેક્ષા ચેતન પોતે ચેતના શક્તિનો પ્રાદુર્ભાવ કરશે. અને ચેતન ચિન્તન કરતો કરતો પોતે પોતાની જ યાત્રા કરશે. પરિક્રમા કરશે. આ માટે સુંદર આલંબન છે જિન પ્રતિમાનું અને આપણા પોતાના ચક્રો ગતિમાન કરવા માટે સપ્તચક્રની જાગરણ પ્રક્રિયા

**સપ્તચક્રપ્રેક્ષા–અનુપ્રેક્ષા**

| | | | |
|---|---|---|---|
| ૭ | णं | न | ૧ |
| ૬ | ता | मां | ૨ |
| ૫ | हं | अ | ૩ |
| ૪ | रि | रि | ૪ |
| ૩ | अ | हं | ૫ |
| ૨ | मो | ता | ૬ |
| ૧ | न | णं | ૭ |

આપણા શરીરમાં સપ્તચક્રની વ્યવસ્થા છે. ધ્યાન–સાધના મનના કેન્દ્રીકરણ માટે મનને ન મો અ રિ હં તા ણું ના સાત અક્ષરો સાથે ચઢ–ઉતારની ક્રિયા વારંવાર કરાવવા પૂર્વકની ધ્યાન–સાધના કરવામાં આવે તો મન કેન્દ્રિત ચોક્કસ થાય છે. સાતચક્ર જે ચક્રોને વિવિધ સંખ્યાની પાંખડી વાળા કમળની ઉપમા આપવામાં આવી છે. તે સાત ચક્ર સ્થાને કમળની ગણતરી

૭ – સહસ્ત્રદળ કમળ – શિરશિખાસ્થાને
૬ – શતદલ કમળ – આજ્ઞાચક્ર સ્થાને
૫ – ષોડશદળ કમળ – કંઠ પ્રદેશ
૪ – અષ્ટદળ કમળ – હૃદયકમળ
૩ – ષટદળ કમળ – નાભિ પ્રદેશ
૨ – ચતુર્દળ કમળ – મળદ્વાર અને નાભિની વચ્ચે
૧ – દ્વિદળ કમળ – મળદ્વારે

"હૃદય કમળ મેં ધ્યાન ધરત હું"ની કડી પૂ. ઉપાધ્યાયજી યશોવિજયજી મહારાજ ગાય છે. હૃદય રૂપી કમળ ઉપર પ્રભુ આપને બિરાજમાન કરી ધ્યાન ધરૂં છું. આ પ્રમાણે નવકારમંત્રના પ્રથમ પદની સાધના જે સપ્તાક્ષરી બીજ સાધના છે તે રીતે કરતા કરતા. આત્મા ધ્યાન મગ્ન બને છે.

**અશુચિ ભાવના :**

**अशुचिनां पदं कायाः, शुचित्वं तस्य तत् कुतः ? ॥**

શુચિ = પવિત્ર, અશુચિ = અપવિત્ર. ૧૦ યતિ ધર્મમાં ક્ષમાદિ જે દશ ધર્મ કહ્યા છે તેમાં શૌચ ધર્મ–શુચિ ધર્મ પણ એક ધર્મ છે. પરંતુ આ શુચિ અર્થાત્ પવિત્રતા–તે કાયાની, શરીરની પવિત્રતાની વાત નથી. સ્નાન કર્યું એટલે પવિત્ર થઈ ગયા એટલે શુચિ ધર્મ સચવાઈ ગયો એ વાત અત્રે નથી. અને દેહની પવિત્રતા એને ધર્મ કહ્યો પણ નથી. કારણ કાયા તો સદાય અપવિત્ર જ છે. એને ગંગામાં ડુબકી લગાડાવો, કે નર્મદામાં ન્હવરાવો. આ તો જેવી છે તેવી જ રહેવાની છે. પરંતુ મન–વચન, કાયા આ ત્રિકરણ યોગની નિષ્પાપ, નિરવદ્ય શુચિ–પવિત્રતા–તે શુચિ ધર્મ. શુદ્ધિ, કાયા ને અશુચિ ભાવનાથી જોઈ અને મને પવિત્ર–શુદ્ધ કરતા જવું. મળ મૂત્રાદિની ભરેલી આ કાયા પવિત્ર છે જ નહીં. દેહ રાગ, દેહ મોહ ટાળવા અશુચિ ભાવના ભાવવી.

## એક કન્યા ઊપર ૬ને મોહ :

વિદેહ દેશના અધિપતિ કુંભરાજાની પુત્રી મલ્લીકુમારી અત્યન્ત રૂપ–સૌન્દર્યથી યુક્ત હતી. ૧૯માં તીર્થંકર મલ્લીનાથ જે બન્યા તે મલ્લીકુમારી રૂપે સ્ત્રી તીર્થંકર બન્યા. ગત જન્મની તપ ધર્મની આરાધના યોગે દેહનું સૌષ્ઠવ, સૌન્દર્ય અદ્ભુત પામ્યા. પરન્તુ માયાના કારણે સ્ત્રીપણું પામ્યા.

યૌવનમાં રૂપ સૌન્દર્યના કારણે દેશ દેશના રાજાઓ તેમને પરણવા પડા પડી કરતા હતા. કોશલ દેશ, સોકેતપુર આદિ ૬ દેશના રાજકુમારો એકી સાથે પરણવા તૈયાર થયા. પોતપોતાના દૂત મોકલાવ્યા અને કહેવરાવ્યુ કે હે કુંભરાજા ! તમારી પુત્રી અમને પરણાવો પરન્તુ આ વાતાવરણે એક ઉગ્ર રૂપ લીધું. અને યુદ્ધની રામાયણ મંડાઈ ગઈ.

મલ્લીકુમારીએ પિતાજી કુંભરાજાને કહ્યું ! પિતાજી ! આપ ચિન્તા ના કરશો. હું એનો નિવડો લાવીશ. એમ કહી બહાર અશોકવાટિકામાં એક સુંદર મહેલ બંધાવ્યો. અને ૭ બાજુ દરવાજા ગોઠવ્યા. ૭ બાજુથી રાજકુમારો આવે છતા એક બીજાને જોઈ ન શકે એવી વ્યવસ્થા કરાવી અને વચ્ચે એક સુંદર સ્વરૂપવતી પોતાના જ આકારવાળી સુવર્ણમય રૂપવાન પુતળી ગોઠવી. જે પુતલીના મસ્તકનું ઢાંકણું છુટ્ટુ રખાવ્યું. જેની બિલ્કુલ ખબર પણ ન પડે.

## વૈરાગ્ય પમાડી દીક્ષા લીધી

આ પ્રમાણે મલ્લીકુમારીની યોજના પ્રમાણે ગોઠવાઈ ગયા પછી મલ્લીકુમારી જે મિષ્ટ ભોજનાદિ પોતે ખાતી હતી તેજ આહાર તે પુતળીમાં ઉપરનું ઢાકણું ખોલીને ખવરાવતી (નાંખતી) હતી. અને એક દિવસ બધા રાજકુમારોને આમંત્રણ આપી બોલાવ્યા અને તે અશોકવાટિકાના રાજમહેલમાં આમંત્ર્યા પ્રવેશતાની સાથે દૂરથી જ તે રાજકુમારો મલ્લીકુમારી જેવી પુતળીને જોઈને પતંગીયા જેમ અગ્નિની

જ્યોતિ ઉપર પડે છે તેમ તૂટી પડયો અને ૧ રાજકુમાર જેવો આલિંગનાર્થે આવ્યો કે તુરંત ઉપરનું ઢાંકણું થોડુ ખોલવામાં આવ્યુ. એટલામાં તો મહા દુર્ગંધ ફાટી મોઢુ-નાક બંધ કરીને એક પછી એક રાજકુમાર ભાગવા માંડયા માથુ ફાડી નાંખે એવી મહા ભયંકર દુર્ગંધ. અરે ! પણ ભાગો છો શા માટે ? આ એજ મલ્લીકુમારી છે. જેના ઉપર તમને ખુબ પ્રેમ છે. ખૂબ મોહ છે. એમ કહેતા મલ્લીકુમારી એ કહ્યું સાંભળો-જે દૂધપાક પૂરી, રસ પૂરી. હું એજ ખાતી હતી તેજ આ પુતળીને પણ ખવરાવ્યું છે તો પછી આટલી ગંધ કેમ ? અરે ભાઈ બનવું, બગડવું, સડવું એ તો પુદ્ગળનો સ્વભાવ છે. આ કાયાતો અશુચિની ભરેલી છે. મળમૂત્રની કયારી છે. અને ગટર ખાળનો જે દ્વારા છે તે જ તમને ગમે છે ? અરે ધિક્કાર છે તમને ! જન્મેલા બાળક ને અહાર-પોષણાર્થે દૂધ પીવાનું જે સ્થાન છે શું તેજ તને ગમે છે. ? અરેરે ! ધિક્કાર છે. પુરૂષને જે આવા ભોક્તા ભાવથી બસ્ત્રુ જ ભોગવવા ઈચ્છે છે. અરે જે સ્ત્રીના દેહને ભોગવે છે. જેને આલિંગન દઈને રાજી થવા મથે છે. સુખી થવા મથે છે. હકિકતમાં તો તે કાયા મળમૂત્રની અશુચિ ઝરતી કાયા છે. કેટલાય અશુચિના દ્વારો સતત વહેતા છે. એવી કાયા ઉપર મોહ શા માટે કરવો.

હે જીવ તારી પોતાની અશુચિની ગન્દી કાયા ઉપર મોહ કરવા જેવો નથી તો બીજાની કાયા ઉપર તો મોહ કરવાનો શેનો હોય ? આ રીતે અશુચિ ભાવના ભાવોને દેહનો રાગ અને દેહનો રોગ બન્ને કાઢી નાંખવા જોઈએ. દેહરાગ, દેહભાવ, અને દેહ મોહ કાઢી નાંખીને, અથવા આ પ્રક્રિયથી ઓછા કરતા જવું જોઈએ. એ માટે તપમાર્ગનો કાયોત્સર્ગ (કાઉસ્સગ) ધ્યાન માર્ગ નો આલંબન અવશ્ય લેવો જોઈએ જેથી દેહથી ભિન્ન આત્મા દેહભેદ જ્ઞાન કરીને આત્મ કલ્યાણ સાધી શકે આ ઉપદેશ આપીને દેહની અશુચિતા સમજાવી મલ્લીકુમારીએ રાજકુમારોને વૈરાગ્ય પમાડયુ. એ આત્માઓને વિરકત બનાવ્યા અને બધા રાજકુમારો સાથે મલ્લીકુમારીએ દીક્ષા લીધી અને કેવળજ્ઞાન પામી

ઓગણીશમા તીર્થંકર મલ્લીનાથ ભગવાન બન્યા.

આપણે સર્વે દેહભેદજ્ઞાન સાધી આત્મકલ્યાણના માર્ગે પ્રમાણ કરીએ એજ અભ્યર્થના

— સૌજન્યથી —

**સ્વ. પૂ. શ્રી રતીલાલ વાડીલાલ શાહ (ખાદીવાળા) તથા સ્વ. પૂ. શ્રી લલ્લુભાઈ વાડીલાલ શાહ અને સ્વ. પુત્રી રેખાબેન સુરેશકુમાર ઝવેરીના સ્મરણાર્થે, શ્રીમતી લક્ષ્મીબહેન રતીલાલ શાહના સહયોગથી આ પુસ્તિકા પ્રગટ કરવામાં આવી છે.**




# ભાવના ભવ નાશિની

પ્રવક્તા: પરમપૂજ્ય મુનિરાજશ્રી અરુણવિજયજી મહારાજ

| ભાદ્રપદ શુદ ૧૨. ૨૦૩૯ | આઠમું વ્યાખ્યાન-૮ | રવિવાર, ૧૮-૯-૧૯૮૩ |
|---|---|---|

વિષય :

मिथ्यादृष्टिरविरत: प्रमादवान् य: कषायदण्डरुचि: ।
तस्य तथास्रवकर्मणि यतेत तन्निग्रहे तस्मात् ॥

પ. પૂ. ચરમ તીર્થંપતિ શ્રમણ પરમાત્મા શ્રીમહાવીરસ્વામિને નમસ્કારપૂર્વક...

વાચક મુખ્યજી ઉમાસ્વાતિજી મહારાજ પ્રશમરતિ ગ્રન્થમાં ફરમાવે છે કે જે જીવો મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ કષાય અને યોગના દણ્ડમાં ઇચ્છા રાખે છે, અર્થાત્ પ્રમાદવાળા જે જીવોનો આ માર્ગે સતત પ્રવૃત્તિ ચાલુ છે તે જીવો આ માર્ગે કર્મોનો આશ્રવ કરે છે, કર્મોને આમંત્રણ આપીને નોંતરે છે. માટે તેમને રોકવા પ્રયત્ન કરવો જોઈએ.

## આશ્રવ એટલે શું ?

જેમ લોહચુંબકમાં ચુંબકીય શક્તિ છે અને તે નજીકમાં રહેલા લોખંડના ટુકડાને ખેંચે છે, આકર્ષે છે. ખેંચીને પોતાની સાથે જોડી દે છે. લોહચુંબક ન હોય તો બે લોખંડના ટુકડા જો પાસે પડ્યા હોય તો એક બીજાને નથી ખેંચતા. તેજ પ્રમાણે આત્મામાં પણ રાગ–દ્વેષ પડ્યા છે. મોહ–મમત્વની વૃત્તિઓ પડી છે. અજ્ઞાનાધીન થઈ આત્મા રાગ–દ્વેષના કારણે ચૌદ રાજલોકમાં સર્વત્ર રહેલ કાર્મણવર્ગણાના પુદ્ગલ પરમાણુઓના જથ્થાને ખેંચે છે, આકર્ષે છે. જે કાર્મણવર્ગણાના પુદ્ગલ પરમાણુઓ આત્માની સાથે ખેંચાઈને આવે છે તે આગમનની પ્રક્રિયાને, આવવાના માર્ગને આશ્રવ કહેવામાં આવે છે.

જીવ કાર્મણવર્ગણાને ખેંચે છે




બે કાગળ બસોપાનાંની નોટબૂકમાં સાથે રહેલા છે પરંતુ એમને એમ ચોંટવાના નથી. જો ગુંદરનું તત્ત્વ વચ્ચે હોય તો તુરત ચોંટી જશે. એ જ પ્રમાણે કાર્મણવર્ગણા તો સંપૂર્ણ બ્રહ્માંડમાં સર્વત્ર ઠાંસી ઠાંસીને ભરેલી પડી છે. સિદ્ધ શિલા ઉપર પણ છે. પરન્તુ જે સિદ્ધ–બુદ્ધ–

મુક્ત સર્વ કર્મ સહિત થઈ ગયા છે, તેમનામાં હવે મોહ-મમત્વ, રાગ-દ્વેષ અજ્ઞાનાદિ કંઈ જ રહ્યું નથી. તેથી તેમને કર્મ નથી લાગતા, અને કર્મ નથી લાગતા માટે કર્મજન્ય સંસાર તેમને નથી, અને કર્મ નથી અને સંસાર નથી માટે સંસારમાં ફરીથી જન્મ-મરણ આદિ કંઈ પણ નથી.



શ્રાવવું, અર્થાત્ ઉતરવું, આવવું, આ+શ્રવ તે આશ્રવ. ચારે બાજુથી આવવું તે આશ્રવ.

આ ચિત્રમાં બતાવ્યા પ્રમાણે ચારે બાજુ પર્વતોની નીચે એક સરોવર છે. પર્વતો ઉપરથી ઝરણાં વહે છે. તે ઝરણાંઓનું પાણી તળાવમાં ભેગું થાય છે. ચારે બાજુથી નદીઓ–ઝરણાંઓના માર્ગે પાણી સરોવરમાં આવે છે. તે આવવાના માર્ગને "આશ્રવ" કહેવામાં આવે છે. તેમ આત્મા એક મોટું સરોવર છે અને ચારે બાજુથી જે માર્ગો દ્વારા કાર્મણવર્ગણાઓનું આત્મામાં આગમન થાય છે તેને આશ્રવ કહેવામાં આવે છે.

જેમ એક હોડીમાં કાણું હોય અને તે કાણામાંથી પાણી હોડીમાં આવતું હોય. ભલે હોડી મોટી અને કાણું ( છિદ્ર ) નાનું હોય તોપણ તે નાના છિદ્ર માર્ગે જે પાણી હોડીમાં ભરાશે તેથી એટલું બધું પાણી હોડીમાં ભરાશે કે એક વખત તે હોડી ડુબી જશે.

**" आश्रवो भवहेतुः स्यात् संवरो मोक्षकारणम् ॥**

એ જ પ્રમાણે આત્મામાં આશ્રવના માર્ગે ચારે બાજુથી કર્મ આવતા જ જશે, તો એક વખત આત્મા સંસારમાં ડુબી જશે. આશ્રવ એ ભવ અર્થાત્ સંસારનો કારણ છે, જ્યારે સંવર એ મોક્ષનું કારણ છે.

કર્મશાસ્ત્રકાર ભગવંતો કહે છે કે એક આંખના પલકારે અસંખ્ય સમય થાય છે. તેમાંના ૧ સમયે આત્મા સાત-સાત કર્મ બાંધે છે. એક સમયના કર્મ તો એક વારના આંખના પલકારે અર્થાત અસંખ્ય સમયમાં કેટલાં કર્મ બાંધ્યા ? અસંખ્ય × ૭ તો ૧ સેકંડમાં કેટલાં ? એક મિનિટમાં કેટલાં ? એક કલાકના કેટલાં ? એક દિવસના કેટલાં ? એક અઠવાડિયાના કેટલાં ? એક મહિનામાં કેટલાં ?

એક વર્ષમાં કેટલાં કર્મ બાંધ્યાં ? અને એક જન્મમાં કેટલાં કર્મ બાંધ્યાં ? એવા તો ભૂતકાળમાં અનન્તા ભવોકર્યા અનન્ત પુદ્ગલ પરાવર્તનો કાળ નિર્ગમન કર્યો તે અનન્તા ભવોમાં જીવે કેટલાં કર્મ બાંધ્યાં ? છે કોઈ અન્ત ? વિચાર કરતા પણ ચક્કર આવે છે. ઓહો. ! કદાચ આત્મા ઉપર મેરૂ પર્વત જેટલો કાર્મણ વર્ગણાનો ઢગલો ઊભો કર્યો હશે. અને આટલા ભારે આટલા મોટા કર્મના ડુંગરા નીચે દબાયેલા આત્માની દશા કેવી દયનીય હશે તે વિચારવા જેવુ. છે. કાણાવાળી હોડી જે

ડૂબી ગયેલી છે તેવો આત્મા પણ આ કર્મના ભારના કારણે જે ડૂબી ગયેલો છે તેની દશા તો કેવી શોચનીય છે ?

**આશ્રવ અને બંધ :**




Involve અને Desolveમાં ફરક કેટલો ? પહેલા Involve ? માંએ છોકરાને દૂધનો ગ્લાસપીવા આપ્યો. ઉપરથી ચાખીને છોકરો કહે છે, માં દૂધ સાવ મોળું છે. નથી ભાવતું. માં કહે છે બેટા સાકર નાંખી છે. પુત્ર ના માં બિલ્કુલ નથી નાંખી, આ પ્રમાણે માં–દીકરા વચ્ચે ઝગડો શરૂ થયો. આપણે વિચાર કરીએ મા દીકરા બન્નેમાંથી કોણ સાચું અને કોણ ખોટું ? અપેક્ષાથી જોઈએ તો બન્ને સાચા છે. માંએ સાકર નાંખી છે છતાં દીકરાને ગળ્યું નથી લાગતું. કારણ સાકર દૂધમાં ભળી છે કે મળી છે ? પહેલા શું ? મળે કે ભળે ? ચિત્રમાં બતાવ્યા પ્રમાણે પ્રથમ સાકર દૂધમાં મળી અને પછી દૂધમાં ભળી તે બીજા ગ્લાસમાં. માએ એક ચમચીથી સાકર હલાવી નાંખી એટલે સાકર દૂધમાં ભળી ગઈ અને છોકરાએ રાજી થઈ ને દૂધ પી લીધું.

બસ આશ્રવઅને બંધની આજ સ્થિતિ છે. દૂધમાં સાકરનું મળવું અર્થાત્ કર્મનું આત્મામાં આવવુ તે "આશ્રવ" અને સાકરનું દૂધમાં ભળી જવું. એકરસ થઈ જવું. અર્થાત્ કર્મનું આત્મા સાથે એકરસ થઈ જવું તે બંધ. જેમ લોખંડનો કાળો ગોળો અગ્નિમાં બળીને લાલચોળ

થઈ જાય છે. હવે કાળાશ દેખાતી પણ નથી. જે દૂધ-પાણીનું એક થઈ જવું તેમ આત્મા અને કર્મનું ક્ષીર નીરવત્ એકરસ થઈ જવું તે બંધ કહેવાય છે. પહેલા આશ્રવ થાય છે પછી બંધ, આશ્રવ જ ન થાય (કર્મ યોગ્ય કાર્મણવર્ગણાનું આગમન જ ન થાય તો બંધાય ક્યાંથી, ? કર્મ આવે આશ્રવે પછીજ બંધ.

## આશ્રવ ના કારણે આત્માની કેવી દુર્દશા :

હવે પ્રશ્ન એ થાય છે કે કાર્મણ વર્ગણા જે જડ છે, માત્ર પુદ્ગલ પરમાણુનો જથ્થો છે અને જે બાહ્ય આકાશમાં પડી છે, તે કયા માર્ગે આત્મામાં આવે છે ? શા માટે આત્મામાં આવે છે ? આત્મા એવું તો શું કરે છે કે જે માર્ગે આ નિષ્ક્રિય જડ કહેવાતી વર્ગણા જે પોતાની મેળે કંઈ જ નથી કરતી છતાં આત્મા ઉપર કેટલો જબરદસ્ત અધિકાર જમાવી લે છે ?

તમે ઘર બંધ કરીને બહારગામ ગયા હો. અને બધા બારીબારણાં બંધ હોય છતાં પણ એક નાના ઝીણા કાણામાંથી જે ધૂળના રજકણ આવતા જાય છે, તે રૂમમાં ભરાતા જાય છે. અને થોડા દિવસમાં તો સફેદ મારબલની આખી રૂમ તે ધૂળથી છવાઈ જાય છે, ઢંકાઈ જાય છે. કદાચ સફેદ મારબલ દેખાય પણ નહીં. સફેદ કપડું જે રસોડામાં ઘસાઈ ગયું તે મસોતું થઈ જાય છે. કાળુ મેશ થઈ જાય છે. હવે સફેદાઈ દેખાતી પણ નથી. એજ પ્રમાણે કેટલાક દરવાજે કેટલાક માર્ગે આત્મામાં જે કાર્મણવર્ગણા આવતી જાય છે, ભરાતી જાય છે તે આત્માની દશા કેવી થતી હશે ? હવે આત્માના અનન્ત ગુણ આદિ કંઈ દેખાતા જ નથી,

જેમ દૂધ ચા, મગ, રાબડીના તપેલા ઉપર ઢાંકણું ઢાંકી દીધા પછી તપેલામાં દૂધ ચા મગ વગેરે દેખાતા નથી, કારણ હવે તો ઉપરનું ઢાંકણું જ માત્ર દેખાશે.

લાઈટ સામે કપડું રાખવાથી લાઈટનો ગોળો નહિં દેખાય. કપડામાંથી પ્રકાશ કેટલો ઝાંખો આવશે ? અને જો એવાં આઠ પડ કપડાના હોય તો પ્રકાશ કેટલો આવશે ? અને આપણુને આઠ પડમાં છુપાયેલ લાઈટનો ગોળો દેખાશે ખરો ? કે આઠપડનું કાપડ દેખાશે ? કાપડ એવી જ રીતે અષ્ટ મહાગુણવાન આત્માના ઉપર આશ્રવ માર્ગે આવેલી કાર્મણવર્ગણાના થર જામી ગયા પછી આત્માના અનન્ત જ્ઞાનાદિ ગુણો દેખાશે કે કર્મના થર દેખાશે ? સ્પષ્ટપણે કર્મના થર જ દેખાશે જે રોજ આપણે સંસારમાં જોઈએ છીએ.

મૂળમાં અનન્ત જ્ઞાનદર્શનાદિ ગુણવાળો આત્મા પણ નથી દેખાતો, ગુણો પણ પૂર્ણપણે પ્રગટ સ્વરૂપે નથી દેખાતા, માત્ર કર્મ જ કર્મ દેખાય છે અને તે કર્મના પડમાંથી બાહાર આવેલ આત્મ-ગુણોની નહિંવત્ થોડી ઝાંખી થાય છે.

**આત્માના આઠ ગુણો અને અષ્ટ કર્મ :**

આત્માના આઠ ગુણો અને તેના આવરક
—: આઠ કર્મો :—



૧ અનન્ત જ્ઞાન, (૨) અનન્ત દર્શન, (૩) અનન્ત ચારિત્ર્ય (યથાખ્યાત સ્વરૂપ), (૪) અનન્ત શક્તિ, (૫) અનામી, અરૂપીપણું, (૬) અગુરૂલઘુ, (૭) અનન્ત સુખ, (અવ્યાબાધ સુખ), (૮) અક્ષય સ્થિતિ આ આત્માના મૂળભૂત મુખ્ય ૮ આઠ ગુણો છે.

આત્માએ જે કાર્મણ વર્ગણા બહારથી ખેંચી છે અને તેને કર્મ રૂપે પરિણમાવી છે તે કાર્મણ વર્ગણા આ આઠે ગુણો ઉપર છવાઈ ગઈ, ઢંકાઈ ગઈ અને તે "કર્મ"ની સંજ્ઞા પામી ત્યારે કર્મ કહેવાય.

## આશ્રવ માર્ગોની વિચારણા :

સંસારમાં જીવો જે કંઈ પણ મન, વચન કે કાયા વડે જીવો પ્રવૃત્તિ કરે છે તે સર્વ શુભાશુભના વિભાગમાં વહેંચાઈ જાય છે, અને તે જ કર્મના કારણરૂપ પ્રવૃત્તિ કહેવાય છે, જીવોની સમસ્ત પ્રવૃત્તિને આશ્રવ વિભાગમાં ગણવામાં આવી છે. તે જીવ માત્રને સંસારમાં મન, વચન અને કાયા મળ્યા છે કાયા=શરીર વગરનો તો કોઈ સંસારી જીવ જ નથી. સંજ્ઞિપંચેન્દ્રિય જીવોને મન મળ્યું છે. બાકી સર્વે અસંજ્ઞિ જેમને મન નથી મળ્યું. તે જ પ્રમાણે બે ઈન્દ્રિયોથી પંચેન્દ્રિયના જીવોને વચન યોગ મળેલ છે. પણ એકેન્દ્રિયને નહીં. એમ સર્વ જીવો મન-વચન-કાયાની પ્રવૃત્તિના ત્રણ વિભાગોમાં વિભક્ત છે અને આ જ મન-વચન-કાયા જીવને કર્મ બંધાવનારાં છે.

મન
↑
આત્મા
↓ ↓
વચન કાયા

શ્રીતત્ત્વાર્થ સૂત્રમાં જણાવે છે કે–

**काय-वाङ्-मनः कर्मयोगः ॥**

**स आश्रवः**

**शुभः पुण्यस्य** **अशुभः पापस्य**

મન, વચન અને શરીર જે આત્માને યોગરૂપે મળ્યા છે તેથી મનોયોગ, વચનયોગ અને કાયયોગ એમ આ ત્રણે યોગ એ આશ્રવના કારણ છે,

અને આ ત્રણે દ્વારા થતી પ્રવૃત્તિ શુભ કે અશુભ છે. મન ખરાબ નથી, પણ મનનો ખોટા માર્ગે ઉપયોગ–દુરૂપયોગ તે ખરાબ છે. વચન ખરાબ પણ છે અને સારા પણ છે, પરન્તુ કેવા શબ્દો વાપરવા, કેવાં વાક્યો વાપરવાં, કેવી ભાષા બોલવી તે આપણા હાથમાં છે. આપણી ઈચ્છાને આધીન છે. તે જ પ્રમાણે આ શરીરથી પણ સારું-ખરાબ શું કરવું તે આપણે આધીન છે.

મન-વચન-કાયા આ ત્રણેની પ્રવૃત્તિ એ આશ્રવ માર્ગ છે અને આ ત્રણેની પ્રવૃત્તિ જો શુભ (સારી) હોય તો પુણ્ય અર્થાત્ પુણ્યાશ્રવ અને અશુભ ( ખરાબ) હોય તો પાપ અર્થાત્ ' પાપાશ્રવ '.

આશ્રવ

| પુણ્યાશ્રવ | પાપાશ્રવ |
| --- | --- |
| અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય, અપરિગ્રહ, દેવ-ગુરુ-ભક્તિ, દયા, દાન, ગુણ-ગુણીની પ્રશંસા, અનુકંપા, સ્વાગત કરવું, જ્ઞાન પ્રાપ્ત્યર્થે પ્રયત્ન, ક્ષમા, મૃદુતા, નમ્રતા, ધીરજ ધારણ કરવી, સેવા-પૂજા કરવી, જીવદયા, રક્ષા, શીલ-પાલન, દર્શન, પૂજન, વંદન, મંદિર-ઉપાશ્રયાદિ નિર્માણ કરવું વગેરે પુણ્યાશ્રવનાં નિમિત્તો છે. | હિંસા, જૂઠ, ચોરી, મૈથુનસેવન, દુરાચાર, વ્યભિચાર, બળાત્કાર, મહારંભ, પરિગ્રહ, કઠોર–અપ-શબ્દ સેવન, જ્ઞાન-જ્ઞાનીની આશાતના, ક્રોધ-માન-માયા-લોભાદિ રાગદ્વેષ કષાય સેવન, પરનિંદા, આત્મપ્રશંસા, ક્રૂરતા, દેવ-ગુરુ-ધર્મ અવર્ણવાદ, ધર્મ, ધર્મ-સ્થાનાદિ વિનાશ, માંસાહાર-રાત્રિભોજનસેવન, મિથ્યાત્વાદિ પાપાશ્રવનાં અનેક નિમિત્તો છે. |

આ રીતે મન-વચન-કાય યોગોની પ્રવૃત્તિઓનો શુભાશુભ વિભાગમાં વિશ્લેષણ કરવામાં આવે છે.

" सकषायाऽकषाययोः साम्परायिकेर्यापथयोः "

આશ્રવ

| સામ્પરાયિક | ઈર્યાપથિક |
|---|---|

(૧) કષાય સહિત કર્મનો આગમન તે સામ્પરાયિક આશ્રવ, (૨) અને કષાયરહિત મન-વચન-કાયાની પ્રવૃત્તિ તે ઈર્યાપથિક આશ્રવ કહેવામાં આવે છે, અને આશ્રવના આ જ હેતુઓ બંધના હેતુઓ બની જાય છે.

**આશ્રવના પ્રકારો :** (તત્ત્વાર્થાનુસારે)

५ ४ ५ २५
**इन्द्रिय-कषाय-ऽव्रत क्रियाः पञ्च-चतुः-पञ्च-पञ्चविंशति-संख्या पूर्वस्य भेदाः ॥**

५ ४ ५ ३
**इन्दिअ-कषाय-अव्वय-जोगा पञ्च चउ-पंच तिन्निकमा ।**
२५
**किरियाओ पणवीस, इमाउ ताओ अणुक्कमसो ॥**

આશ્રવ

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
|---|---|---|---|---|
| ઈન્દ્રિય | કષાય | અવ્રત | યોગ | ક્રિયા |
| ૫ + | ૪ + | ૫ + | ૩ + | ૨૫=૪૨ |

નવતત્ત્વકારમહર્ષિએ નવ તત્ત્વોના ભેદો દર્શાવતા આશ્રવ તત્ત્વના ૪૨ ભેદો મુખ્ય બતાવ્યા છે.

**मिथ्यादर्शनाविरति-प्रमाद-कषाय-योगा बन्ध हेतवः ॥**

બન્ધના હેતુઓ (કારણો) આશ્રવ રૂપે બતાવવા તત્ત્વાર્થકાર મહાપુરુષે આ રીતે પાંચ હેતુઓ : (૧) મિથ્યાત્વ, (૨) અવિરતિ (૩)

પ્રમાદ, (૪) કષાય અને (૫) યોગના હેતુઓને જ મુખ્ય હેતુરૂપે બતાવે છે.

જગતમાં જે માર્ગે મુખ્ય પાપ કર્મો આત્માને બંધાય છે તે નિયત અને નિશ્ચિત જ છે. અશુભ " સવ્વપાવપ્પણાસણો " અર્થાત્ સર્વ પાપ કર્મનો નાશ કરવાનો એક માત્ર સાધનાનો હેતુ અને લક્ષ દર્શાવવામાં આવ્યો છે.

**તંદુલમત્સ્યનો પાપ કર્મ :**

મગરની આંખની પાપણમાં રહેનારો માત્ર ચોખાના દાણા જેવડો તંદુલ મત્સ્ય જે ફક્ત અંતર્મુહૂર્ત આયુષ્યવાળો જ જીવ છે. છતાં પણ જ્યારે મગર મોઢું ફાડી પાણી સાથે માછલાં ગળે છે અને પછી વધારાનું પાણી બહાર ફેંકતા દાંત વચ્ચેની જગ્યામાંથી નાનાં નાનાં ઘણાં માછળા નિકળી જાય છે. બસ પેલો મત્સ્ય આ જ જુએ છે અને મનથી વિચાર કરે છે : અરેરે ! આ મગર કેટલો મૂર્ખ છે. જો એની જગ્યાએ હું હોત તો એક પણ માછલું જવા ન દેત. અરે ! આ ચોખાના દાણા જેવડો તંદુલ મત્સ્ય, જે પોતે જ કેટલો નાનો છે છતાં પણ કેવા વિચાર કરે છે–હું એક પણ માછલું જવા ન દેત, જો હું હોત તો ! આ કેટલા ભયંકર નિરર્થક પાપ કર્મનું બંધ. તંદુલ-મત્સ્ય એક પણ ખાવાનો નથી છતાં પણ માત્ર મન વડે વિચાર કરીને કેટલાં ભયંકર કર્મ બાંધે છે અને મરીને સાતમી નરકે જાય છે શું આપણે એવા શેખચિલ્લીના વિચારો નથી કરતા ? અરે ! હું જો હિન્દુસ્તાનનો વડાપ્રધાન હોત તો ? હું અમેરિકાનો પ્રમુખ હોત તો ? અરે ! હું જો કરોડપતિ હોત તો ? અરે મને જો ૨–૫ કરોડની લોટરી લાગી હોત તો ? એવા તો કેટલાય વિચારો આપણે કરતા હોઈએ છીએ. ખબર છે કે આ કલ્પનાના ઘોડા છે ? શેખચિલ્લીના વિચારો છે ? છેલ્લે તેર મણનો ' તો ' મોટો પડ્યો છે. ઘણાંય બેઠા બેઠા વિચારો કરતા રહે છે. મનને દિશા નથી કે બંધન નથી.

કુંથુ જિન મનડુ કિમહીન બાજે.

જિમ જિમ જતન કરીને રાખુ, તિમ તિમ અલગુ ભાંજે,
રજની વાસર, વસતિ ઉજ્જડ, ગયણ-પાયા લે જાય.

વગેરે આનંદઘનજી યોગીએ મનની બાબતમાં આ સ્તવનમાં અદ્દભુત ચિત્ર રજૂ કર્યું છે. ખરેખર, મન ઊડવામાં રાત નથી જોતો કે દિવસ નથી જોતો. વસતિવાળા પ્રદેશમાં પણ જાય અને ઊકરડામાં પણ જાય. અરે! આકાશમાં પણ જાય અને પાતાળમાં પણ જાય. ભલે કંઈ પણ મળે કે ન મળે, હાથમાં આવે કે ન પણ આવે છતા પણ ઊડાણ તો ભરી જ આવે. જ્ઞાની ભગવંતો ફરમાવે છે કે મન ભલે ચામાચિડિયાની જેમ ઉડયા કરે પણ એમાં પણ કર્મ તો બંધાય છે. ભલે તે દિવસમાં જાગતા વિચાર આવ્યા હોય કે રાત્રે ઉંઘમાં સ્વપ્નાં આવ્યાં હોય તો પણ કર્મ તો એટલાં જ બંધાય છે.

**આઠ કર્મના આશ્રવો :**

**(૧) જ્ઞાનાવરણીય દર્શનાવરણીય કર્મનાં આશ્રવ કારણો**

**तत्प्रदोष-निह्नव-मात्सर्या-ऽन्तराया-ऽऽसादनोपघाता— ज्ञानदर्शनावरणयोः ॥**

જ્ઞાન-જ્ઞાની, જ્ઞાનના સાધનો સંબંધી પ્રદોષ, નિહ્નવ, માત્સર્ય, અંતરાય, અનાદર અને ઉપઘાત આદિના કારણે જ્ઞાનાવરણીય અને તે જ પ્રકારે દર્શન, દર્શની તથા દર્શનનાં સાધનો પ્રત્યે આ જ વૃત્તિઓથી જ્ઞાન-દર્શનાવર્ણીય કર્મ બંધાય છે. જ્ઞાન-જ્ઞાનીની ચાડી ખાવી, અદેખાઈ, ઈર્ષ્યા કરવી, પુસ્તકાદિનો ઝાડો, પેશાબ, આદિ માટે ઉપયોગ કરવો, તેમાં ખાવું, સૂવું વગેરે, મૃષાવાદાદિનો સેવન કરવાથી આ બન્ને જ્ઞાન-દર્શનાવરણીય કર્મ બંધાય છે.

**મોહનીય કર્માશ્રવનાં કારણો :**

**केवलि-श्रुत-संघ-धर्म-देवाऽवर्णवादो दर्शनमोहस्य ॥**

સર્વજ્ઞ કેવલી, શ્રુત ચતુર્વિધ સંઘ, ધર્મ, દેવતા આદિનો અવર્ણ-વાદ ( નિંદાટીકા ) કરવાથી, જે ભગવાન નથી તેને ભગવાન માનવા, સંસારી રાગી-દ્વેષીને ભગવાન માનવા, તીર્થંકર નો અપલાપ કે અપમાન, આશાતના કરવી, શાસ્ત્ર-સિદ્ધાંતથી વિપરીત પ્રરૂપણા કરવી, ખોટો ધર્મ બંધાવવો વગેરેના કારણે દર્શન મોહનીય કર્મ બંધાય છે.

" **कषायोदयात तीव्रात्मपरिणामश्चारित्रमोहस्य** " ॥

તીવ્ર કષાયના કારણે આત્માના ભારે સંકલિષ્ટ પરિણામના કારણે ચારિત્ર્ય મોહનીય કર્મ બંધાય છે. ભારે ક્રોધ કરવો, અભિમાનમાં ચકચૂર રહેવું, છલ કપટ-માયા કરવી, તીવ્ર લોભની નિવૃત્તિ રાખવી,હાસ્યની ટેવ, નાટક- સિનેમા-જોવા, રમતોક્રિડાના શોખ, ઈન્દ્રિય-વિષય સુખોની મસ્તી, ઈર્ષ્યા, અદેખાઈ, ભય, શોક, દુર્ગંછા, મત્સર બુદ્ધિ, દુરાચાર, વ્યભિચાર, બળાત્કાર, વક્રતા પરસ્ત્રીગમન, વૈષયિક વાસના વગેરે સેંકડો કારણોથી આ ચારિત્ર્ય મોહનીય કર્મ બંધાય છે.

**અંતરાય કર્મના આશ્રવ નિમિત્તો :**

**विघ्नकरणमन्तरायस्य** ॥ દાનાદિમાં વિઘ્ન કરવાથી, જીવહિંસા કરવાથી, જિનપૂજા-દર્શનાદિ ધર્મારાધનામાં વિઘ્ન કરવાથી, ભોગોપભોગાદિના નિમિત્તોમાં બીજાને અંતરાય કરવાથી વગેરે કારણોથી અંતરાય કર્મ બંધાય છે.

**શુભાશુભ નામકર્મના કારણો :**

**योगवक्रता विसंवादनं चाशुभस्य नाम्नः** ॥
**तद्विपरीतं शुभस्य** " ।

મન-વચન-કાયાની વક્રતા, બીજાને છેતરવા, ચાડી ખાવી, બનાવટ કરવી, કપટ વૃત્તિ, અંગોપાંગ છેદવા, નિંદા-વિકથા કરવી, અસભ્ય વચન તથા વર્તન રાખવું, આક્રોશ, ઉપઘાત કરવા, કામણ-ટુંમણ કરવા, ઉત્પાત કરવો-કરાવવો, દાવાનળ સળગાવવો, ધર્મસ્થાનોનો નાશ

કરવો, દુષ્ટ સ્વભાવાદિવાળા જીવો અશુભ નામકર્મને નોતરે છે, અને તેથી વિપરીત સારી પ્રવૃત્તિ કરવાથી શુભ નામકર્મ બંધાય છે.

## ગોત્ર કર્મનાં નિમિત્તો :

**परात्मनिंदाप्रशंसेसदसद्गुणाच्छादनोद्भावने च नीचैर्गोत्रस्य ॥**

**तद्विपर्ययो नीचैवृंत्यनुत्सेकौ चोत्तरस्य ॥**

પારકાની નિંદા કરવી અને પોતાની પ્રશંસા કરવી, હાહા...હીહી... આદિ ઠઠ્ઠામશ્કરી કરવી, અવજ્ઞા, અનાદર, સદ્‌ગુણોનો લોપ કરવો, છતા કે અછતા દોષો કહેવા, અહંભાવ આદિના કારણે, તથા જાતિ, રૂપ, કુલ, ધન, ઐશ્વર્ય, તપ, શ્રુત, લાભાદિનો મદ–અભિમાન કરવાથી નીચ ગોત્ર કર્મ બંધાય છે અને આ કારણોથી વીપરીત વિનય, નમ્રતા, નિરભિમાનીતા. મૃદુતા. પરપ્રશંસા, ગુણસ્તુતિ, સ્વનિંદા આદિ કારણોથી ઉચ્ચ ગોત્ર કર્મ બંધાય છે.

## સુખ-દુઃખ-રૂપ-શાતા-અશાતા વેદનીય કર્મનાં કારણો :

**" दुःख-शोक-तापाऽक्रन्दन-वध-परिदेवनान्यात्मपरोभयस्थान्यसद्वेद्यस्य " ॥**

બીજા જીવોને દુઃખ-પીડા પહોંચાડવી, તેમનો વધ કરવો, શોક, સંતાપ અને આક્રન્દન કરવું, બીજાને પરિતાપ પહોંચાડવો. વગેરે કારણોથી અશાતા વેદનીય કર્મને આમંત્રણ આપી જીવો દુઃખી થાય છે.

**भूत-व्रत्यनुकम्पादानं सरागसंयमादियोगः क्षान्ति शौचमिति सद्वेद्यस्य ॥**

સર્વ જીવોની દયા-કરુણા ચિન્તવવી, જીવો ઉપર દયા કરવી, રક્ષા કરવી, જયણા-પાલવી, પ્રભુપૂજા, સેવા-વૈયાવચ્ચ, સુપાત્ર દાન, ક્ષમાદિ ધારણ કરવા, દેશવિરતિ તથા તપશ્ચર્યા, શૌચાદિ ધર્મો પાળવા વગેરેના કારણોથી શાતા વેદનીય કર્મના નિમિત્તોનું પાલન કરવાથી જીવો સુખ અનુભવે છે.

**આયુષ્ય કર્મ બંધાવાનાં કારણો :**

**(૧) નરક ગતિનું આયુષ્ય બાંધવાનાં કારણો—**

**" बह्वारंभ परिग्रहत्वं च नारकस्यायुषः "—**

અત્યન્ત આરંભ–સમારંભ–હિંસાદિ પ્રવૃત્તિ કરવાથી, ઘણું પરિગ્રહ–સંગ્રહ રાખવાથી, તીવ્ર કષાયોના કારણે રૌદ્રધ્યાન અને કૃષ્ણ લેશ્યાદિના કારણે, મદિરા. માંસ, મધ, માખણ, ઈંડાદિનું ભક્ષણ કરવાથી, રાત્રી-ભોજનાદિ કારણોથી જીવો નરક ગતિનું આયુષ્ય કર્મ બાંધે છે.

**(૨) તિર્યંચગતિના આયુષ્યનાં કારણો :**

**" माया तैर्यग्योनस्य "—**

છળ પ્રપંચ, માયાવી પ્રવૃત્તિ કરવાથી, ઈર્ષ્યા-અસૂયા, મત્સર રાખવાથી, વક્રતાના સ્વભાવે દંભ સેવવાથી, આર્તધ્યાનમાં ચિંતા કરવાથી લોભ સંજ્ઞાવાળા જીવો, અતિ આહારાદિની પ્રવૃત્તિવાળા જીવો તિર્યંચ ગતિનું આયુષ્ય બાંધી પશુ–પક્ષી બને છે.

**(૩) મનુષ્ય ગતિનું આયુષ્ય બાંધવાનાં કારણો :**

**" अल्पारं-भपरिग्रहत्वं च स्वभावमार्दवार्जवं च मानुषस्य "**

આરંભ–સમારંભ–હિંસાદિ સાવ ઓછી હોય, સ્વભાવમાં નમ્રતા અને સરળતા જો હોય, ધર્મધ્યાન પ્રિય, દાનાદિ પુણ્ય કાર્ય કરનાર, અન્યાય–અનીતિ ન કરનાર, અર્થાત્ ન્યાય–નીતિપ્રિય, અલ્પ કષાયવાળા જીવો વિશેષે કરીને મનુષ્યગતિ યોગ્ય આયુષ્ય બાંધે છે.

**(૪) દેવગતિ યોગ્ય આયુષ્ય બાંધવાનાં કારણો :**

**सरागसंयमसंयमासंयमाकामनिर्जराबालतपांसि देवस्य ।**

ચારિત્ર્ય પાળનાર, સંયમી જીવ, શ્રાવક તેમ જ અકામ નિર્જરા કરવાથી, બાળતપ, અજ્ઞાન તપ, શુભ ધ્યાનના સાધક, સાધુ–સાધ્વી આદિ ભક્તિ કરનારા આરાધકો, ગુણાનુરાગી આદિ દેવગતિનું સુંદર આયુષ્ય બાંધે છે.

વીશસ્થાનકની આરાધનાથી તીર્થંકર નામ કર્મ બાંધે છે.

આ પ્રમાણે ઉપરોક્ત બધી જ પ્રવૃત્તિ જે માનવી પોતાના જીવનમાં કરે છે તે દરેક દ્વારા કર્મ તો જરૂર બંધાય છે. આઠ કર્મ બાંધવાના આ બધાં નિમિત્તો છે, આશ્રવો છે. આ આશ્રવનાં કારણો ઓળખીને જીવ જો સજાગ-જાગૃત રહે તો ખરેખર કર્મબંધથી બચી શકે. સમ્યકત્વીનો લક્ષ તો પુણ્ય કર્મ બાંધવાનો જ નહીં પરંતુ ઉત્તમ નિર્જરા કરવાનો હોય છે. સર્વ આશ્રવોની પ્રવૃત્તિ આપણી રોજિંદી જિન્દગીમાં છે. આ આશ્રવ તત્ત્વનો અભ્યાસ કરી આત્માએ ખૂબ સજાગ રહેવું જોઈએ. આમ શોધવા જઈએ તો સેંકડો, લાખો આશ્રવ નિમિત્તો છે. પરન્તુ તે બધાને-સંક્ષિપ્ત સ્વરૂપમાં-મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ, કષાય યોગ, ક્રિયા, ઈન્દ્રિયાદિ ગણતરીના વિભાગોમાં વહેંચી દીધા છે. કઈ પ્રવૃત્તિ કે ક્રિયાથી કયાં કર્મો બંધાય છે. તેનું પૂરતું ધ્યાન રાખવું જોઈએ. સાચા સાધકની સાધના ત્યારે જ શકય બનશે કે જ્યારે એ જીવ દુનિયાના પ્રલોભનોથી પર હશે. રોજિંદા જીવનમાંથી આશ્રવના પ્રબળ નિમિત્તોથી બચવા પ્રયત્ન કરીએ તે જ ઉત્તમ છે. હવે આપણે વિશેષરૂપે મિથ્યાત્વ ઈન્દ્રિયાદિના આ જીવોને ક્રમસર વિસ્તારથી જોઈએ, વિચાર કરીએ. આત્મા ચારે બાજુથી આશ્રવ માર્ગોથી ઘેરાયેલો છે.




**મિથ્યાત્વાશ્રવ :**

**पटोत्पत्तिमूलं यथा तन्तुवृन्दं, घटोत्पत्तिमूलं यथा मृत्समूहः।**
**तृणोत्पत्तिमूलं यथा तस्य बीजं, तथा कर्ममूलं च मिथ्यात्वमुक्तम्॥**

પટ કે વસ્ત્રની ઉત્પત્તિમાં જેમ તાંતણાનો સમૂહ એ મુખ્ય

કારણ છે, અને માટીનો સમૂહ હોય તો જ ઘડો બની શકે. ઘાસની ઉત્પત્તિમાં જેમ તેનું બીજ કારણ છે તેમ કર્મ બંધાવાના મૂળ કારણ તરીકે મિથ્યાત્વ પણ કહેવામાં આવ્યું છે. મિથ્યા એટલે ખોટું. સાચાથી વિપરીત જે વસ્તુનું જે સ્વરૂપ હોય તે વસ્તુને તે જ રૂપે યથાવસ્તુ વાસ્તવિક સ્વરૂપે ન માનતા વિપરીત રૂપે માનવી, જોવી, કહેવી વગેરે મિથ્યાત્વનું જ સ્વરૂપ છે. એવા મિથ્યાત્વના પાંચ પ્રકાર છે.

મિથ્યાત્વ

| 1 | 2 | 3 | 4 | 5 |
|---|---|---|---|---|
| આભિગ્રહિક | અનાભિગ્રહિક | આભિનિવેશિક | સાંશયિક | અનાભોગિક |

(૧) **આભિગ્રહિક** – દુરાગ્રહ કદાગ્રહથી અવિવેકી, પાખંડી, તથા આજના ભગવાન થઈ બેઠેલાઓની આવી વૃત્તિ મિથ્યાત્વથી ભરેલી હોય છે. તે આભિગ્રહિક મિથ્યાત્વ.

(૨) **અનાભિગ્રહિક**—"બધા ભગવાન એક જ છે ભગવાન તો ગમે તેને માનીએ તોપણ ચાલે, એ તો ફક્ત નામ જુદાં જુદાં છે, બધાં ધર્મો એક જ છે, બધા ગુરુ એક જ છે. ગમે તેને માનીએ એમાં શું વાંધો? હું તો ઉદાર અને વિશાળ દૃષ્ટિવાળો છું. આ જ ભગવાન માનવા અને આ જ ધર્મ માનવો એવી સંકુચિત ટૂંકી વૃત્તિવાળો હું નથી. હું તો બધાને ભગવાનમાનું છું વગેરે આ વૃત્તિ પણ મિથ્યાત્વના ઘરની જ કહેવાય.

એક વ્યાપારી એમ નથી કહેતો કે – "જેટલું પીળું એટલુ સોનું" કહે છે? એક ઝવેરી એમ નથી કહેતો કે બધા જ લાલ–લીલા–પીળા ચમકતા પથ્થરો તે હીરા ઝવેરાત કહેવાય? ના. શું તમારી સ્ત્રી એમ કહે કે હું સંકુચિત વૃત્તિવાળી નથી. હું તો ઉદાર અને વિશાળ દૃષ્ટિવાળી છું. એક જ પુરુષ પતિ શા માટે? હું તો બધા જ પુરુષને પતિ માનું છું. મારે તો બધા જ પુરુષ સરખા. તો શું આવી સ્ત્રી તમને ચાલશે? શું આ બોલવું યોગ્ય છે? ના. તો પછી "સત્ર ભગવાન

एक है." मैं तो सबको भगवान मानता हूं. વગેરે આવું બોલનાર શું વેશ્યા જેવો પુરુષ ન કહેવાય ? આવા મિથ્યા = વિપરીત જ્ઞાનથી પણ જીવો કેટલાંયે કર્મો બાંધે છે.

(૩) **આભિનિવેશિક**—સત્ય-અસત્ય, સાચા-ખોટા તત્વ-અતત્વ વગેરેને જાણતો હોવા છતાં, ખબર છે છતાં પણ દુરાગ્રહ બુદ્ધિના કારણે સાચું છુપાવી રાખી ખોટું જ પકડી રાખવાનો કદાગ્રહ પણ આભિનિવેશિક મિથ્યાત્વ કહેવાય.

(૪ **સાંશયિક મિથ્યાત્વ**—" આ રીતે હશે કે કેમ " ? મોક્ષ-આત્મા હશે કે કેમ ? " વગેરે દેવ-ગુરૂ-ધર્મ, તત્ત્વાદિમાં શંકા-સંશય રાખવો, શંકાને પૂર્વગ્રહથી કાયમ પકડી રાખવી તે સાંશયિક મિથ્યાત્વ.

(૫) **અનાભોગિક મિથ્યાત્વ**—વસ્તુ તત્ત્વના અજ્ઞાનના કારણે એકેન્દ્રિયાદિ જીવોને જે મિથ્યાત્વ હોય છે તે આ મિથ્યાત્વ કહેવાય. જ્ઞાનનું વિપરીત હોવું તે જુદું અને જ્ઞાન ન હોવું તે જુદું. પ્રાથમિક અવસ્થામાં બધા જીવોને મિથ્યા દૃષ્ટિ હોય છે અને પછી મહા પ્રયત્ને મિથ્યાત્વને ભેદી અનાદિની રાગદ્વેષની ગાંઠ તોડીને સમ્યક્ત્વમાં આવી શકે છે.

## જમાલીનો મિથ્યામત :

કુંડપુર નગરના ધનાઢ્ય શ્રીમંત ક્ષત્રિય જમાલીકુમારની સાથે શ્રીમહાવીર પ્રભુએ પોતાની પુત્રી પ્રિયદર્શનાને પરણાવી. એક દિવસ જમાલીકુમાર શ્રીમહાવીર પ્રભુને વંદન કરવા જાય છે અને સમવસરણમાં દેશના સાંભળવા બેસે છે. વૈરાગ્યના ઉત્તમ ભાવ જાગ્રત થયા અને જમાલીકુમારે ૫૦૦ રાજકુમારો સાથે શ્રીવીરપ્રભુ પાસે દીક્ષા અંગીકાર કરી. તે જ પ્રમાણે પ્રિયદર્શનાએ પણ ઘણી સ્ત્રીઓ સાથે પ્રભુ પાસે ચારિત્ર્ય અંગીકાર કર્યું. પ્રભુએ ૫૦૦ શિષ્યોનો પરિવાર જમાલી મુનિને સોંપ્યો.

છટ્ઠ-અઠ્ઠમાદિ તપ કરતો અંગાદિનો શાસ્ત્રાભ્યાસ કરી એક દિવસ પ્રભુની આજ્ઞા લઈ જુદા વિહાર કરવાની ભાવના થઈ. પ્રભુને પૂછ્યું પરંતુ પ્રભુએ કંઈ જ ઉત્તર ન આપતા મૌન રાખ્યું. જમાલી ૫૦૦ શિષ્યો સાથે જુદા વિહારમાં નીકળી ગયા. શ્રાવસ્તી નગરીમાં આવ્યા. કર્મસંયોગે જમાલીને મહાદાહ જ્વર ઉત્પન્ન થયો. શિષ્યોને કહ્યું- "સંથારો કરો", મારે સૂઈ જવું છે. શિષ્યે સંથારો કરવા માંડયો. ભારે વેદનાના કારણે જમાલીથી બેસાતું પણ નહોતું. એટલે જમાલીએ પૂછ્યું સંથારો કર્યો ? શિષ્યે કહ્યું-"હા કર્યો". એટલે જમાલી સૂવા ગયા. ત્યારે શિષ્ય હજી સંથારો કરી રહ્યા હતા. એ જોઈને જમાલીએ કહ્યું-હે શિષ્ય ! તું હજી સંથારો કરે છે અને 'કર્યો' એમ કેમ કહ્યું ? એ તો અસત્ય કહેવાય.

શિષ્ય—"કડે માણે કડે"—કરાતું કાર્ય કર્યું એમ કહેવાય. શ્રીવીર પ્રભુએ આ સિદ્ધાંત સમજાવ્યો છે. ત્યાં તો જમાલી વિચારે ચઢયા અને થોડીવારે શિષ્યને કહ્યું-હે શિષ્ય ! ભગવાનનું એ વચન અસત્ય છે. જો મને મહાવીરની ભૂલ જણાઈ છે. ગૌતમસ્વામી વગેરે આટલા મહા વિદ્વાનો હોવા છતાં કોઈને આ ભૂલ નથી જણાઈ તે મને જણાઈ છે. 'દેખીતી રીતે પ્રત્યક્ષ જોઈએ છીએ કે કરાતી ક્રિયા કરાઈ રહી છે તો કરી એમ કેમ કહેવાય ? માટે "કડે માણે કડે" એ સિદ્ધાંત ખોટો છે. આ સાંભળી બધા શિષ્યોએ કહ્યું—ના ના પ્રભુનો સિદ્ધાંત સાચો છે. જેમ કોઈ માણસ બહારગામ જવા નિકળ્યો હોય અને બીજો આવીને એના ઘરવાળાને પૂછે કે એ ભાઈ કયાં ગયા છે ? તો ઘરવાળા કહે છે એ તો દિલ્હી ગયા છે. "ચલમાણે ચલીએ". ચાલવા લાગ્યા એટલે ચાલ્યા. દિલ્હી ગયા છે એ જ લોકવ્યવહાર પ્રસિદ્ધ છે. એમ "કડે માણે કડે" એ નિશ્ચય સૂત્ર છે. કરાતા કાર્યની વર્તમાનકાળની પ્રથમ ક્ષણથી જ શરૂઆત થઈ ગઈ છે અને કરાઈ રહ્યું છે. સમાપ્તિની ક્ષણ સુધી સતત ચાલી રહ્યું છે. તો વચ્ચેની સર્વ ક્ષણે કાર્યસિદ્ધિ જોવાય છે. માટે કરાતું કાર્ય કર્યું એ નિશ્ચય વચન અસત્ય નથી. પ્રભુનું વચન સત્ય જ છે.

આ પ્રમાણે ઘણા શિષ્યોએ સમજાવ્યા. છતાં પણ જમાલી ન સમજ્યા. એટલે ઘણા શિષ્યો જમાલીને છોડીને પ્રભુની પાસે ચાલ્યા ગયા. આહા ! પ્રભુએ જેને પોતાની દીકરી પરણાવી જમાઈ બનાવ્યા તે પણ કદાગ્રહ રાખી પ્રભુથી દૂર ગયા, પ્રભુના સિદ્ધાંતના વિરોધી થયા, નિહ્નવ થયા અને પોતાની જાતને કેવલી સર્વજ્ઞ કહેવા લાગ્યા. અરેરે ! એક અજ્ઞાનને જ્ઞાન માની, અરે ! એક ભૂલને મોટી શોધ માની પોતાની જાતને કેવલી કે ભગવાન કહેવરાવવી એ કેટલી ભયંકર ભૂલ કહેવાય, કેટલો દુરાગ્રહ–કદાગ્રહ કહેવાય, ? મહામિથ્યાત્વ કહેવાય, શ્રીમહાવીરના કાળમાં તેમની હયાતિમાં ગોશાળા જેવો, જમાલી જેવા ભગવાનો નીકળી પડ્યા તો આજે તો પ્રભુને થયે અઢીહજાર વર્ષ વીતી ગયાં છે. ભયંકર વિષમ કપરા કળીયુગમાં કહેવાતા ભગવાનો ચોમાસાના અળસીયાની જેમ ઊભરાઈ જાય, હાલી નીકળે એમાં શું નવાઈ છે ? જ્યાં કેવળજ્ઞાનનું પણ ભાન નથી એવા પોતાને કેવળજ્ઞાન થઈ ગયું છે એવું કહેવરાવે. અરે ! માત્ર સ્ટેશનના પ્લેટફોર્મના બાંકડા ઉપર બેઠા બેઠા કેવળજ્ઞાન થઈ ગયું અને ભગવાન થઈ ગયા.

ભાગ્યશાળીઓ ! કોઈ બિચારો ગાંડો હોય, પાગલ હોય તેમાં આશ્ચર્ય નથી પરંતુ તેને જોઈને જોનારાએ પાગલ નથી થવાનું. જોનારાએ તો એ બિચારાની દયા ચિંતવવાની હોય. અરે ! એ કાળે પણ સુલસા જ એક સાચી શ્રાવિકા હતી કે જે બધા નગરવાસીઓ અંબડ પરિવ્રાજકને મળવા ગયા છતાં પણ ન ગઈ તે ન જ ગઈ. સાચી સમ્યકવી શ્રાવિકા, આજે કયાં છે એવા ભાગ્યશાળીઓ ? સ્વમત-સ્વધર્મનું જ્ઞાન નથી હોતુ અને પછી ભરમાઈને જે તે મત સ્વીકારીને બીજે ખેંચાઈ જાય છે.

મિથ્યામત–ખોટો ધર્મોપદેશ કરનારો બીજાને તો પાપ કર્મમાં પાડે પણ પોતે પણ કેટલા પાપથી ભારે થતો જાય છે. જમાલી મરીને કિલ્બીષી દેવ થયા અને ત્યાંથી ચ્યવી કેટલોય કાળ સંસારમાં પરિભ્રમણ કરશે. અરે ! એક મિથ્યાત્વના કારણે કેટલા ભારે પાપકર્મ બાંધી કેટલો સંસાર વધાર્યો ? કેટલા ભટકશે ? માટે મિથ્યાત્વ ત્યજી સમ્યક્ શાસનનો જ સ્વીકાર કરવો હિતાવહ છે.

## અવ્રત (અવિરતિ) આશ્રવ :

વ્રત-વિરતિ ધર્મની પ્રતિજ્ઞા વિનાના જીવો પણ સતત પાપકર્મ બાંધતા જ જાય છે. હિંસા-જૂઠ, ચોરી, અબ્રહ્મ તથા પરિગ્રહાદિ અવ્રત છે, પાપ છે અને આ જગત ઉપર દષ્ટિપાત કરીએ છીએ ત્યારે આખું જગત આ હિંસા, જૂઠ, ચોરી આદિના પાંચે મહાપાપની જાળમાં કેવા બંધાઈ ગયેલા દેખાય છે ? કર્યા કર્મના દારુણ વિપાકો કેવા છે તે કોણ જાણે છે ? અને નથી જાણતા માટે જ એ પાપની પ્રવૃત્તિમાં જીવો મશગૂલ છે, પરંતુ એ ખબર નથી કે ઝેર જાણતા પીઓ કે કદાચ અજાણતા પીઓ તોપણ ઝેર તો પોતાની અસર એ જ કરવાનો છે. એમ પાપ જાણતા કરો કે અજાણતા કરો એની અસર તો એ રીતે જ થવાની છે. પાપના દારુણ વિપાક (સજા) ભોગવવાનો વખત આવે છે ત્યારે જ ખબર પડે છે. હસતા બાંધેલાં પાપો ચોંધારા આંસુએ રડતા પણ કદાચ નહીં ધોવાય.

હિંસા કરીને બીજાને મારીને રાજી થનારને એ ભાન નથી કે આ તું કેટલી ભયંકર પાપલીલા ઊભી કરી રહ્યો છે, આ નિરર્થક વેરઝેર બાંધી રહ્યો છે, ભવપરંપરા વધી રહી છે, નરક ગતિના કેવા દુઃખો સહન કરવા પડશે. ત્યારે શું થશે ? એક જૂઠની ખાતર બીજા સત્તર જૂઠ બોલવા પડે છે. મુઠ્ઠીભર પાપી પેટની ખાતર કેટલી ચોરીઓ કરે છે ?

મનની વાસના ખાતર, ક્ષણિક વૈષયિક સુખ ખાતર કેવા બળાત્કાર, દુરાચાર, વ્યભિચાર સેવે છે અરે ! મોહ-મમત્વને મૂર્છા ખાતર જીવો કેટલું ભારે પરિગ્રહ વધારતા જાય છે ?

## આખી દુનિયાનાં કેટલાં પાપો લાગે છે ?

આ દુનિયામાં કેટલાં કારખાનાં છે ? કેટલી ભયંકર હિંસાઓ રાત-દિવસ સતત થતી હશે ? ૧૦ મિનિટે એક મોટર તૈયાર થઈને બહાર પડે છે. મતલબ, વિચાર કરો કે એ એક મોટરની પાછળ કેટલી જંગી હિંસા થતી હશે ? આ બધાં કારખાના કોના માટે ચાલે છે ?

મોટર કંપનીને પૂછો કે ભાઈ! તું મોટર કોના માટે બનાવે છે? શું મોટર હાથી-ઘોડા માટે બનાવે છે? ના. તે તો વાપરનારા માણસ માટે બને છે. થોડા પૈસા વધ્યા એટલે જાપાનની TOYOTO કાર તમે મંગાવો છો કેમ? મન થયું તો કાલે અમેરિકાની વસ્તુ મંગાવો છો ને? વાપરનારા કોણ? અને કેટલા? કહો કે આખી દુનિયા. તો દુનિયામાં વસતિ કેટલી? સાડાચારસો કરોડ. તો દુનિયામાં થતી બધી હિંસાનું પાપ પણ સાડાચારસો કરોડની માનવ વસતીના ફાળે વહેંચી દેવામાં આવે છે તો એક કારખાનાની ઘોર હિંસાનું પાપ તમારા માથે કેટલા ટકા આવ્યું? ભલે ને પા ટકો કે એક ટકો તો એવા તો કેટલા કારખાનાઓ છે? લાખ્ખો ને! તો એ લાખ્ખોનો પાપ લાખો-કરોડોને ફાળે વહેંચાઈજાય છે.

પ્રશ્ન-પણ સાહેબ, એ બધાનું પાપ અમને અહીં બેઠા શા માટે લાગે? અરે ભાઈ! ભારતની સરકાર કાયદો કરે કે પાંચ હજારની ઉપરની આવકવાળાએ આટલો કર ભરવો. તો તમે એ કાયદામાં આવી ગયા કે નહીં? પાંચ હજારની ઉપર આવક છે ને? હા. તો પછી કાયદામાં આવી ગયા.

તમે ના પાડો કે સાહેબ, વડાપ્રધાને મારું નામ લઈને ક્યાં મારા માટે કાયદો ઘડ્યો છે? વાહ ભાઈ વાહ. પરન્તુ તમે ભારતીય છો કે નહીં? ભારતીય નાગરિકત્વ ધરાવો છો કે નહિ? હા તો એ કાયદો તમને લાગુ પડી જ ગયો. જેટલા પાંચ હજારની ઉપર આવક ધરાવતા હોય તેમને લાગું પડી જ જાય

એ જ પ્રમાણે દુનિયાભરનાં કારખાનાંઓમાં સર્વત્ર જ્યાં જ્યાં સર્વને માટે હિંસા થાય છે તેનું પાપ બધાના માથે ચોંટે છે. પણ તમારા ઘરના ચૂલાનું પાપ બધાને નહીં. ફક્ત તમારા ઘરવાળાને જ માથે; અને તેમાં પણ તમે આજે ઘરે ના પાડીને આવો કે મારે આજે ઉપવાસ છે. તો રસોઈ કરતી વખતે શ્રાવિકા રોજ એક વાટકી

ચોખા લેતી હશે તો આજે તમારા ભાગના અર્ધી વાટકી ઓછા રાંધશે. બસ, તમારા ભાગનું માપ નિકળી ગયું.

આજે તમે સામયિક પૌષધ લઈને બેઠા. હવે તમારા માથે દુનિયાનું કોઈ પાપ ભાગીદારીમાં નહીં આવે, કારણ આજે પૌષધમાં ગાડી-મોટર વગેરે બધાનો જ ત્યાગ છે. તમારો તો ૧૪ દિવસનો પૌષધ છે જ્યારે સાધુ મહારાજને તો આજીવનનું ચારિત્ર્ય છે. બધાં જ પાપો ન કરવાની મહા ભિષ્મ પ્રતિજ્ઞા કરીને બેઠા છે.

**"सव्वं सावज्जं जोगं पच्चक्खामि"** ની પ્રતિજ્ઞા કરી છે અર્થાત્ સર્વ સાવદ્ય-( હિંસાની પ્રવૃત્તિ ) યોગોની પ્રવૃત્તિ મન-વચન-કાયાથી તજી દીધી છે. એજ તમારા માટે પણ કરેમિભંતેના સૂત્રમાં છે. ફક્ત તમે "**सव्वं**" શબ્દ નથી બોલતા અર્થાત્ **જે જે પાપ ન કરવાની પ્રતિજ્ઞા નથી લીધી ત્યાં સુધી તે તે પાપ માથે લાગ્યા જ કરે છે. પરન્તુ પ્રતિજ્ઞા લીધા પછી તે પાપની ભાગીદારીમાંથી બચી જવાય છે."** કારખાનાઓ બંધ નથી થવાના પરન્તુ તમે મોટર વાપરતા બંધ થઈ જાઓ તેના પચ્ચખાણ કરી લો તો તે પાપ-માંથી બચી જાઓ.

બસ પાપ ન કરવાની પ્રતિજ્ઞા કરવી તેનું જ નામ છે વિરતિ-ધર્મ. તે બે પ્રકારે છે. એક તો "સર્વ વિરતિ" આજીવન વિરતિ-અર્થાત્ સાધુ ધર્મ અને બીજુ છે-"દેશ વિરતિ" દેશ એટલે અલ્પ પ્રમાણમાં ..થોડા પ્રમાણમાં થોડા સમય માટે તે શ્રાવક ધર્મ...શ્રાવક કે સાધુ હોય બન્ને છે તો સિદ્ધિ માર્ગના સાધક ને ? માટે બન્ને નો ધર્મ એક જ.. ફક્ત ફરક છે પ્રમાણમાં પમાણ મર્યાદા ઓછી વધારે છે. દુનિયા ભરમાં ગમે એટલી છએ કાયની હિંસા થતી હોય પણ તેમાંનુ અંશ માત્ર પણ સાધુના માથે કોઈ પાપ નહીં ..કારણ આજીવન મોટર ન વાપરવા વગેરે બધાની પ્રતિજ્ઞા ( પચ્ચખાણ ) કરી છે માટે....

## એકેન્દ્રિય ને પણ પાપ લાગે—

અવિરતિ લગે એકેન્દ્રિયારે, પાપસ્થાન અઢાર;
લાગે પાંચેહી ક્રિયારે, પંચમ અંગ વિચારો રે ॥

શ્રી મહાવીર પ્રભુ પંચમાંગ શ્રી ભગવતી સૂત્રમાં ફરમાવે છે કે... પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ, વનસ્પતિ વગેરેના એકેન્દ્રિય જીવો જે છે તેમને પણ પાપ ન કરવાની પ્રતિજ્ઞારૂપ પચ્ચખાણ ન હોવાથી...અઢારે પાપ સ્થાનક તેમને સતત લાગ્યા જ કરે છે. કારણ બધા અવિરતિવાલા જીવો છે માટે તેમને અવિરતિ આશ્રવ દ્વાર ખુલ્લો છે. (બીજા પણ આશ્રવ દ્વારો ખુલ્લા છે) માટે સતત કર્મ બંધાયા જ કરે છે અઢારે પાપ સ્થાનકની અવિરતિનું પાપ તથા કાયિકી આદિ ક્રિયાઓનું પાપ પણ લાગતુ જ જાય છે.




ચોથા ગુણસ્થાનકે શ્રાવક સમ્યકત્વી છે. દેવ-ગુરૂ-ધર્મની શ્રદ્ધાવાલો છે. પરન્તુ પાપ ન કરવાના પચ્ચખાણ નથી કર્યા માટે અવિરતિવાલો છે. તેથી બધા પાપો લાગતા જ જશે. જ્યારે પાંચમાં ગુણસ્થાનકે આવેલો બીજો શ્રાવક જે વિરતિધર છે. ભલે દેશથી હોય. પાપ ન કરવાની મર્યાદાવાલો પચ્ચખાણવાલો હોવાથી પાપ નથી લાગતુ.

ઉપવાસ-આયંબીલ કરીએ પણ પચ્ચખાણ ન કરીએ તો કોઈ ફળ નથી મળતુ. વસ્તુ ત્યાગ કરીએ, કે પાપ પ્રવૃત્તિ ન કરીએ પણ વ્રત નિયમ લઈ ને પચ્ચખાણ સ્વીકારીએ તોજ તે પાપના દોષમાંથી બચી શકીએ, અન્યથા પાપ લાગ્યા જ કરે.

## ભૂતકાળના સાધ્નો વડે પણ પાપલાગે છે :

કેટલાય વર્ષો પહેલા આપણે તલવાર, છુરી ચપ્પુ, બંદુક તીર, ભાલો, બરછી, કટાર વગેરે શસ્ત્રાદિ બનાવ્યા હતા. અથવા ખરીદ્યા હતા અને તેના ઉપર તમારૂં નામ ઠામ લખાવીને પોતાના કરીને રાખ્યા હતા. ભલે ગયા ભવમાં બનાવ્યા હોય તો પણ શું ? તે જો ન વોસિરાવતા ત્યાગ ન કરતા જો મરી ગયા હો તો પણ તે શસ્ત્રાદિ સાધન–સામગ્રી થકી થતી હિંસાદિનું પાપ પણ તમારા ફાળે આવે છે કારણ તેનો પણ ત્યાગ નથી કર્યો માટે...હજી તેના ઉપર તમારૂં નામ છે. હક છે. માલિકી છે...માટે જ્ઞાની ભગવંતો કહે છે કે હેજીવ ! ભવોભવ (જનમ જનમતા) પુદ્ગલો વોસરાવી (ત્યાગ કરી) દેવા સારા. જેથી તે નિમિત્તે આવતા પાપ નો માર્ગ બંધ થઈ જાય.

અવ્રત (અવિરતિ) ના પાપાશ્રવના માર્ગ થી બચવા પ્રભુએ વિરતિધર્મનો માર્ગ પ્રરૂપ્યો છે. આપણે કરીએ છીએ તે કરાતા પાપો જુદા અને આ રીતે ભાગીદારી માં આવતા, લાગતા પાપો જુદા. તો આપણા માથે પાપ કર્મોનો કેટલો મોટો ડુંગરો ખડકાઈ જાય ? તેને તોડવા માટે જ તેનો નાશ કરવા માટે જ "સવ્વપાવપ્પણાસણો" ના લક્ષવાલો ધર્મ પ્રભુએ બતાવ્યો છે માટે વિરતિ ધર્મમાંજ રહેવુ હિતાવહ છે.

## ઇન્દ્રિયાશ્રવ ના પાપો :

સમસ્ત જીવસૃષ્ટિ ના બધાજ જીવો પાંચઈન્દ્રિય ના વિભાગમાં વિભકત છે. ઈન્દ્રિયો ફકત પાંચ જ છે. સંસારી ખપજ જીવો કોઈ ન કોઈ ઈન્દ્રિયવાલા અવશ્ય છે. સંસારમાં જીવે છે અને સાવ ઈન્દ્રિય વિનાનો જ છે. એ બંને જ નહીં. કોઈ ૧, કોઈ ૨, કોઈ ૩ કોઈ ૪ અને કોઈ ૫ એમ ઈન્દ્રિયની દ્દષ્ટિએ સમસ્ત જીવરાશી પાંચ વિભાગમાં વહેંચાયેલી છે.

| | ઈન્દ્રિયો | | સ્થાન | | વિષય | | સંખ્યા |
|---|---|---|---|---|---|---|---|
| (૧) | સ્પર્શેન્દ્રિય | — | ચામડી | — | સ્પર્શ | — | ૮ |
| (૨) | રસનેન્દ્રિય | — | જીભ | — | રસ | — | ૫ |

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| (૩) | ઘ્રાણેન્દ્રિય | — | નાક | — | ગંધ | — | ૨ |
| (૪) | ચક્ષુઈન્દ્રિય | — | આંખ | — | વર્ણ | — | ૫ |
| ૫) | શ્રોત્રેન્દ્રિય | — | કાન | — | શબ્દ | — | ૩ |

કુલ વિષયો → ૨૩

પાંચ ઈન્દ્રિયોના કુલ ૨૩ વિષયો છે. અને છઠ્ઠુ મન. જે અતીન્દ્રિય છે. પાંચે ઈન્દ્રિયોની પાછળ ઘોડાગાડીના માલિક જેવો છે. પાંચેની લગામ મન છે. પાંચે ઈન્દ્રિયો મનના ઘોડા છે. પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ, વનસ્પતિના બધા જીવો એક ઈન્દ્રિયવાલા છે. અળસિયા, કૃમિ, શંખલા વગેરે બે ઈન્દ્રિયવાલા છે. કીડી, મંકોડા, માંકણ. જૂ, ઈયળ, ઘનેડા વગેરે તેઈન્દ્રિય (૩ ઈન્દ્રિયવાલા) જીવો છે. માંખી, મચ્છર, ભમરા વગેરે (ચાર ઈન્દ્રિયવાલા) ચઉરિન્દ્રિય જીવો છે, અને દેવ, મનુષ્ય, નારક, તિર્યંચ પશુ-પક્ષી વગેરે પંચેન્દ્રિય જીવો છે.

## ઇન્દ્રિય જન્ય સુખો અને ભોગો—

ઈન્દ્રિયો સુખ-ભોગના સાધન રૂપે છે. ઉપર કહેલા ૨૩ વિષયો એ પાંચે ઈન્દ્રિયના વિષયો છે. જે જડ પદાર્થના ગુણરૂપે છે. સ્પર્શાદિ બધાજ જડ (અચેતન,ના ગુણો છે. તેમનો ધર્મ છે. જીવના ગુણ તરીકે નથી. અને ઈન્દ્રિયોના વિષયો હોવાથી ઈન્દ્રિયો તે તે વિષયને ગ્રહણ કરે છે. અને જીવે તેમાં સુખ માન્યું છે. જે જીવને જેટલી ઈન્દ્રિય મળી છે તે તેમાં આસકત છે. તેમાં રાજી છે. તે જીવ તેજ સુખોની પાછળ પાગલ છે. તેની પાછળ દોડે છે. આવા ક્ષણિક સુખોની પાછળ પડીને જીવ કેટલાય પાપ કર્મોને સામેથી નોંતરે છે. આમંત્રણ આપે છે. અને પછી તેની સજા-દુઃખો-વિપાકો ભોગવતા નરક-તિર્યંચાદિ ગતિમાં જીવની કેવી દશા થાય છે.

## ઇન્દ્રિયો સારી છે કે ખરાબ ?

ઈન્દ્રિયો નથી તો સારી કે નથી ખરાબ. તલવાર-છરી સારી છે કે

ખરાબ ? **એમ જો** કોઈ પૂછે તો **શું કહો ?** –ભાઈ ! **સારો** ઉપયોગ કરો તો **સારી અને** દુરૂપયોગ **કરો** તો ખરાબ. **એમ** ઈન્દ્રિયો–શરીર તો **જડ** છે. **ચેતન**–આત્મા તેનો કર્તા–ભોકતા છે. ઈન્દ્રિયો–**મનનો સદુપયોગ** કરો તો સારૂ તો બાકી ઈન્દ્રિયો–**મન ઘણી જ** ઉપયોગી છે.



સાધનામાં સહાયક છે. સુંદર કર્મ નિર્જરા પણ કરવે। અન્યથા ભારે પાપકર્મ પણ બંધાવે. આ જગતમાં બહુ વિરલા જીવોને ઇન્દ્રિયોનો સદ્દુપયોગ કરતા આવડતું હશે. બાકી તો ઇન્દ્રિયોના ગુલામ થઈ ને, તેને વશ તાબે થઈ ને ભયંકર પાપ કર્મ બાંધે છે— અને કેવા દુઃખી થાય છે...તેનો આબેહુબ સ્પષ્ટ ચિત્ર રજુ કરતુ ચિદાનંદ યોગીનું એક પદ યાદ આવે છે—

વિષય વાસના ત્યાગો ચેતન, સાચે મારગ લાગો રે,
તપ-જપ-સંયમ-દાનાદિક સહું, ગિણતી એક ન આવે રે,
ઇન્દ્રિય સુખમેં જ્યૌં લૌં એ મન, વક્ર તુરંગ જિમ ધાવે રે ॥ ૧ ॥
એક એકકે કારણ ચેતન, બહુત બહુત દુઃખ પાવે રે;
દેખો પ્રગટ પણે જગદીશ્વર, ઇણવિધ ભાવ લખાવે રે ॥ ૨ ॥ વિ
મન્મથવશ માતંગ જગત મેં, પરવશતા દુઃખ પાવે રે;
રસના વશ હોય ઝખ મૂરખ, જાળ પડયો પછતાવે રે; ॥ ૩ ॥ વિ
ઘ્રાણ સુવાસ કાજ સુન ભમરા, સંપુટમાંહે બંધાવે રે;
તે સરોજ સંપુટ સંયુત ફુન, કરટી કે મુખ જાવે રે ॥ ૪ ॥ વિ
રૂપ મનોહર દેખ પતંગા, પડતા દીપમાં જાઈ રે;
દેખો યાકું દુઃખકારનમેં નયન ભયે હેં સહાઈ રે ॥ ૫ ॥
શ્રોત્રેન્દ્રિય આસક્ત મિરગલા, છિનમેં શીશ કટાવે રે;
એક એક આસક્ત જીવ એમ, નાનાવિધ દુઃખ પાવે રે ॥ ૬ ॥
પંચ પ્રબળ વર્તે નિત્ય જાકું, તાકું કહા જ્યું કહીએ રે:
ચિદાનંદ એ વચન સુણીને, નિજ સ્વભાવ મેં રહીએ રે ॥ ૭ ॥

ઉપરના ચિત્રમાં જોઇને ચિદાનંદજી યોગી આ પદમાં શું કહેવા માંગે છે તે તમે સમજી ગયા હશો. જૂઓ ! વિચાર તો કરો કેવો કરૂણ ચિત્ર છે – એક એક ઇન્દ્રિયો ને આસક્ત જીવો કેવો વિનાશ નોતરે છે તે જૂઓ—હાથણીને જોઈ શરીરસ્પર્શ સુખ માં લલચાયેલો હાથી ગાંડો થઈ મસ્તીમાં દોડે છે. અને છેવટે પકડવા માટે ગોઠવેલા ખાડામાં ફસી જાય છે. રસેનેન્દ્રિય –જીભ ને આસક્ત થઈ ને માછલી

કંઈક ખાવા જાય છે એટલામાં એના તાળવામાં કાંટો ફસી જાય છે. અને માછીમાર ઊપર ખેંચી લે છે —

માછલી કંઈક ખાવા ગઈ હતી ત્યાં તો એને જ કોઈ ખાઈ જાય છે. ગંધ સુગંધ ના કારણે ખેંચાઈ ને આવેલો ભમરો કમળ ઉપર ચોંટી જ રહે છે—અને સૂર્યાસ્ત થતા કમળ બીડાઈ જાય છે—અને ભમરો અંદર પૂરાઈ જાય છે. ત્યાં તો હાથી આવી એ કમળ ને તોડી ચગદોળી નાંખે છે. એ ભમરાનું શું થશે ? અને બળતા દીપક ની જ્વાળા ને રૂપવતી પ્રેમિકા માની ને આલીંગન આપવા જતો પતંગીયો એની જ્વાલામાંજ બળીને રાખ થઈ જાય છે છતા પણ ભાન નથી આવતુ. અરે આંખ પણ એને મૃત્યુ માં સહાયક થઈ. સુરીલુ મીઠુ સંગીત સાંભળવામાં આશક્ત થયેલા હરણીયા—સાંપ વગેરે ખેંચાઈ ને આવે છે અને પકડાઈ જાય છે. ફસી જાય છે અરે...રે...! એક એક ઈન્દ્રિયના કારણે કેવી કરૂણ મોત થાય છે.

ચિદાનંદજી યોગી કહે છે કે...અરે. ! એક એક ની આસકતી ના કારણે આવી દશા થાય છે તો જેને પાંચ ઇન્દ્રિયો પૂરી મળી છે તે માણસનું તો પુછ્વું જ શું ? એક ઘોડા ની લગામ સંભાળતા ન આવડતી હોય. એક ઘોડો ન સંભાળી શકે એવા ને પાંચ ઘોડા ( પાંચ ઇન્દ્રિયો ) મળે તો એ કેવી રીતે સાચવી શકે ? જે મનુષ્યને પ ઈન્દ્રિયો મળી છે અને તેમાં તે આસક્ત છે તો એનું બિચારાનું શું થતુ હશે ? પાંચે માં આસકત એ કેટલા પાપ બાંધતો હશે. આજે પણ TV. જોવામાં, રેડીયો સાંભળવામાં મશગુલ, દેહ સ્પર્શમાં પરસ્ત્રી વેશ્યા આદિમાં આસકત, જીભડીના કારણે ખાવામા આસક્ત જીવો કેવો ભારે પાપ-કર્મો બાંધતાં હશે ? અને એમની કેવી કરૂણ દશા નરકાદિ ગતિમાં થતી હશે ? એ વિચાર કરતા પણ કંપારી છૂટે છે.

જે ઈન્દ્રિયો મળી છે તેનો સદુપયોગ કરતા ન આવડયો. તેનો

ત તે ઇન્દ્રિય વગરના કીડી-મંકોડા-અળસીયા-માંખી વગેરે બેઇન્દ્રિય તેઇન્દ્રિય, ચઉરિન્દ્રિય વગેરે થવાનું આવે, તે ભવો મળે. અહો ! ઇન્દ્રિયોના દુરૂપયોગની કેવી ભારે સજા ?

**મનના કારણે બંધાતા પાપો**

**मन एव मनुष्याणां कारणं बन्धमोक्षयोः ॥**

બધા રસ્તે લાગતા પાપોમાં મનના પાપો નો તો કોઈ પાર જ નથી. મનથી માત્ર શેખચિલ્લીની જેમ હવાઈ તરંગોના, કલ્પનાના ઘોડા જ દોડાવવાના હોય છે. વિચારમાત્રથી પણ કેટલાય પાપકર્મો બાંધનાર જીવો ને મળતું કંઇ જ નથી. મનના ગળગળીયા. કોલેજમાં બેઠેલો યુવાન કે ઘરના ખુણાંમાં બેઠેલી યુવતિ કે પથારીમાં ઓશિકાનીચે માથું સંતાડીને ગંદી નોવેલો વાંચ્યા કરે છે સ્વપ્નાઓના તરંગો ઉડતા હોય છે. અશ્લીલ નવલકથાઓ વાંચી, વિચારોમાં મન દોડતો ગયો. વાસનાઓ ભડકી... અને ક્ષણભર વિચારોના ગળગળીયા એવા થયા કે. યુવાન રાજી થઈ ગયો. પણ પછી પરિણામે શું ? શરીર ધોવાઈ જાય યુવાન નિસ્તેજ નૂર-ખમીર વગરનો ફેંકાઈ ગયેલા શરીરવાલો જેના મોંઢા ઉપરથી માંખો પણ ન ઉડે એવી હાલત થઇ જાય છે.

રાગ-અને દ્વેષ બન્ને મનના બે પાસા છે. એક પાત્ર ને જેમ રામ અને રાવણના બન્ને પાત્રો ભજતા આવડે તેમ મનને પણ બન્ને પાત્રો ભજતા આવડે છે. ક્યારેક રાગમાં હસાવે. રાજી રાખે તો ક્યારેક ભયંકર દ્વેષમાં વેર-ઝેર વાલો દુસ્મન બનાવે હસાવવુ, રડાવવુ, વગેરે બધા મનનાજ કામો છે.

**પ્રસન્નચંદ્ર રાજર્ષિ**—સૂર્ય સામે દૃષ્ટિ રાખી, બે હાથ ઉંચા કરીને એક પગ ઉપર ઉભા રહેલા પ્રસન્નચંદ્ર રાજર્ષિ ધ્યાન સાધના કરી રહ્યા છે એટલામાં શ્રેણિકના વરઘોડાની આગળ રહેલા બે મંત્રીઓ સુમુખ અને દુર્મુખ પોતપોતાની રીતે રાજર્ષિ વિષે વાતો કરવા લાગ્યા દુર્મુખ બોલ્યો—અરે ! આ તો કંઈ સાધુ કહેવાય ? નાના છોકરાને

મૂકીને દીક્ષા લીધી છે. એ નાનો છોકરો શું સમજે ? કાળે કોઈ રાજા જો યુદ્ધ કરશે તો આ છોકરો કેવી રીતે લડશે શું કરશે ? અરે ! એ બિચારા નાના છોકરાનું શું થશે ?

બસ દુર્મુખના આ શબ્દો રાજર્ષિના કાને પડ્યા આંખની આગળ તો હજી પાપણ છે જે નીચે પડતા આંખ બંધ થઈ જાય અને પછી ન જોવાનું ન જોવાય પણ કાન આગળ ક્યાં એવી પાપણ છે જે કાન ને સાંભળવાનું અટકાવે ? ના. નથી રાજર્ષિનું મન ચકડોળે ચઢ્યું.

દુર્મુખ દૂત વચન સૂણી રે. કોપ ચઢયો તત્કાળ
મન શું સંગ્રામ માંડીયો રે. જીવ પડ્યો જંજાલ ॥

મનથી જ યુદ્ધ કરવાની શરૂઆત કરી એક પછી એક તીર પુત્રની રક્ષા કાજે શત્રુ સૈન્ય ઉપર ફેંકવા માંડયા. પરંતુ પ્રબળ શત્રુ સૈન્યની સામે રાજા હારવા માંડ્યો. તીર-શસ્ત્ર સરંજામ ખૂટી ગયું અંતે રાજા ભારે ગુસ્સામાં આવી માથા ઉપરથી મુકૂટ લેવા ગયા જ્યાં માથે હાથ ફેર્યો ત્યાં માથું મુંડાયેલું...ઓ હો...તરત ભાન આવ્યું, આત્મા જાગૃત થયો...મનને પશ્ચાતાપના પગથિયા ચઢાવવા માંડ્યા... મન જેટલું કર્મબાંધવામાં હોંશિયાર છે તેટલું જ કર્મ ખપાવવામાં પણ હોશિયાર છે પણ આપણે મનને ક્ષયની દિશામાં વાળીએ તો ને ? આજ દિવસ સુધી આપણે મનને પાપ-કર્મ બાંધવાના માર્ગે જ દોડવાની છૂટ આપી છે. પ્રતિક્રમણ-પશ્ચાતાપના કર્મક્ષયની દિશામાં વાળ્યો જ નથી. જો વાળ્યો હોત તો કદાચ બે ઘડીમાં જ આત્મા કેવળજ્ઞાન-પામી મોક્ષે ચાલ્યો ગયો હોત.

પ્રચન્નચંદ્ર ઋષિ જે સાતમી નરકે જવા તૈયાર થઈ ગયા હતા તે તે ક્ષણ ભરમાં મનને વાળીને કર્મક્ષયના રસ્તે ચઢયા અને જોત જોતામાં કેવળજ્ઞાન પામી ગયા, ઘનઘાતી કર્મોનો ભૂકકો બોલાવી નાંખ્યો, આત્મ-કલ્યાણ સાધ્યું.

મનની જીતે જીતવું રે, મનની હારે હાર;
મન લઈ જાવે મોક્ષમાંરે, મનહીજ નરક મોઝાર ॥

**પાંચ પ્રકારના પ્રમાદનો આશ્રવ**

**मज्ज -विषय-कषाया-निछा-विकहा य पञ्चमा भणिया।**
**ए ए पंच पमाया; जीवा पाडंति संसारे ॥**

| 1 | 2 | 3 | 4 | 5 |
|---|---|---|---|---|
| મદ | વિષય | કષાય | નિદ્રા | વિકથા |
| ૮ + | ૫ + | ૪ + | ૫ + | ૪=૨૬ |

—જાતિ, કુળ, કાળ, રૂપ, તપ, શ્રુત, લાભ અને ઐશ્વર્યના આઠ બળો અશુભ પાપકર્મો જ બંધાવે છે. દા.ત. જાતિ મદના કારણે શુદ્ર ચંડાળની જાતિમાં ઉત્પન્ન થયા. હરિકેશી અને મેતારજ મુનિને આપણે યાદ કરીએ.

વિષયોનો વિચાર આપણે આગળ કરી ગયા. અને કષાયોનો વિચાર હવે પછી આગળ કરીશુ, નિદ્રાતો કેવુ પ્રમાદ છે. જેમાં પડયા જ રહેવાનું મન થાય છે. ઉંઘ આવે કે ન આવે પણ પથારીમાં આલોટવાનું જ મન થાય છે. ભણવાની-વાંચવાની કે ગોખવાની વાત આવે એટલે ઉંઘ આવવા માડે. નવકારવાળી હાથમાં લીધી કે વ્યાખ્યાન સાંભળવા બેઠા એટલે ઝોકુ આવવા માડે. માત્ર નિદ્રા જ પ્રમાદ છે એમ નહીં વિકથા મહાપ્રમાદ છે. નિરર્થક વાતોના ગપ્પા મારવામાં ઘણાંને રસ હોય છે. ગપ્પા મારવામાં નિંદા કુથળીઓમાં કલાકો પસાર થઈ જાય છે. તેમાં પણ સ્ત્રી સંબંધી કથા, ભોજન સંબંધી ચર્ચા રાજકારણની રાજકથા, અને દેશકથા જેમાં કંઈ જ મળવાનું નથી. તમારાથી કંઈજ વળવાનું નથી. છતા પણ આ ૪ પ્રકારની વિકથામાં લોકો શરતો લગાડીને પણ કલાકો શું દિવસો પસાર કરી નાંખે છે. શું આ નિરર્થક વાતોના ગપાટામાં આપણે કર્મના સપાટામાં નથી આવતા? પાપથી બચવામાટે પાપના આશ્રવથી બચવુ બહુ જરૂરી છે.

**કષાય આશ્રવ—**

કષાય

રાગ | દ્વેષ

માયા | લોભ | ક્રોધ | માન

૪ + ૪ + ૪ + ૪=૧૬

કષ+આય=કષાય. કષ **એટલે સંસાર** અને **આય એટલે** લાભ. **અર્થાત** સંસારનો **જેમાં** લાભ થાય તેનું નામ કષાય. હકીકતમાં કષાય કરવાથી કેટલો ભારે સંસાર વધે છે ? કેવી ભવપરંપરા વધે છે તેનું કોઈ ભાન નથી આ જીવને તત્વાર્થસૂત્રમાં સ્પષ્ટ કહ્યું છે કે–**"सकषायत्वात् जीवः कर्मणःयोग्यान् पुद्गलानादत्ते"** કષાયના કારણે જીવ (કાર્મણવર્ગણાના) કર્મ યોગ્ય પુદ્ગલ **પરમાણુઓનો** જથ્થો ખેંચે છે. જાણે કષાયમાં કોઈ ચુંબકીય શક્તિ હોય તેમ તે કર્મોને ખેંચે છે. અને તેના જ કારણે ઘણાં ખરા કર્મો બંધાય છે. મોહનીય કર્મથી બંધાઈ ને આત્મા ૭૦ કોડાકોડી સાગરોપમ જેટલા દીર્ઘ કાળ માટે કર્મની સજા ભોગવવા જેલમાં ફેંકાઈ જાય છે.

સંસારમાં જ્યાં **જૂઓ** ત્યાં સર્વત્ર કષાયોનો ભારે સામ્રાજ્ય જીવના માથે છે. ક્રોધ–માન–માયા અને લોભના આ ચારે કષાયોએ ભલભલા મુનિને ભલભલા ચક્રવર્તી જેવાને પણ નરકમાં ફેંકી દીધા છે. ઇતિહાસના પાને કહેવાય છે કે—

ધરણી પરશુરામે ક્રોધે નક્ષત્રી કીધી;<br>
ધરણી સુભુમરાયે, ક્રોધે નિઃબ્રહ્મી કીધી ॥

પરશુરામના ક્રોધની વાત ઇતિહાસના પાને પ્રસિદ્ધ છે. જેનેસ મસ્ત

પૃથ્વી ક્ષત્રીય રહીત કરી નાંખી. કેટલા ક્ષત્રીયોને મોતને ઘાટ ઉતારીને લોહીની નદીઓ વહેવડાવી...અને આખી પૃથ્વી ઉપર એક પણ ક્ષત્રીયને રહેવા ન દીધો.

તે જ પ્રમાણે સુભૂમચક્રવર્તીના ભયંકર કષાયની તો વાત જ શું કરવી જેને આખી પૃથ્વી બ્રહ્મણ રહિત કરી નાંખી. કેટલો ભયંકર દ્વેષ હશે ? વિચાર કરી જુઓ.

## આંખો ફોડીને મસળવાનું પાપ—

કોઈએ કાંકરો નાંખ્યો અને તે અણીદાર કાંકરો બ્રહ્મદત્ત ચક્રવર્તીની આંખમાં પડયો. આંખ ફૂટી ગઈ. ચક્રવર્તી આંધળા બની ગયા. પરન્તુ એમનો કષાય ભયંકર વધ્યો. મોટા માંધાતાના માન અને મન બન્ને મોટા હોય છે. મન વિશાળ હોય તો ઉદારતા વધુ સારી હોય. પણ માન મોટુ હોય તે વધારે સારૂં નથી. મન અને માનમાં એક જ માત્રાનો ફરક છે. ચક્રવર્તીએ ભયંકર ક્રોધમાં બીજાની આંખ ફોડીને લાવવાનું કહ્યું. અને સૈનિકોએ ગરમ ગરમ લોખંડના લાલ ચોળ સળીયાથી આંખો કાઢી લાવ્યા. અને બ્રહ્મદત્તે આંખોને હાથમાં લઈ મસળીને આનન્દ માન્યો. અરે ! આનંદ કે અનુમોદન ? પાપની અનુમોદના પણ ભારે પાપ બંધાવી જાય છે. બ્રહ્મદત્તે આજ્ઞા કરી–એ સૈનિક ! સાંભળો. હું રોજ સવારે પથારીમાંથી ઉઠું તે પહેલા તમારે એક થાળ ભરીને આંખો હાજર કરવી.

શું આંખો ઝાડ ઉપર થાય છે કે બજારમાં વેચાતી મળે છે ? ના. તે તો માણુસની આંખ જ જો ફોડીને લાવવામાં આવે. બસ રાજા-મહારાજાની આજ્ઞા થયા પછી બાકી શું રહે ? અને સૈનિકો તો થાળ ભરીને આંખો સવારે હાજર કરતા. કલ્પના કરો રોજ કેટલાને આંધળા કરવામાં આવતા હશે ? મંત્રીએ વિચાર કરીને સૈનિકોને સલાહ આપી ને સમજાવ્યા. આપણે એક કામ કરો–ગુંદાના ઝાડ ઉપરથી ગુંદાના ફળ લાવીને રાજાને આપો. ચક્રવર્તી તો આંધળા જ છે. એને શું ખબર

પડવાની ? કે શું છે ? મસળવાથી કામ છે ને ? આ યોજના પ્રમાણે થયું અને રાજા સવારે થાળમાં હાથ નાંખી મસળવા માંડયા. ખૂબ આનંદ આવ્યો. વાહ...વાહ ખૂબ રાજી થયા. પાપ કર્મો કરતી વખતે જેટલો આનંદ આવે. સમજી લેવું કે કર્મો એટલા જ ચીકણા બંધાય છે. કણકમાં જેટલું મોણ નાંખીએ એટલી રોટલી ફૂંણી થાય. એમ કર્મો બાંધતા જેટલા કષાયો વધારે એટલો બંધમાં રસ વધુ રેડાય. એથી એટલી જ સ્થિતિ મોટી બંધાય. ૭૦૦ વર્ષ સુધી આ ભયંકર પાપ કરીને...બસ હું રોજ ઘણાની આંખો મસળુ છું ઘણી મજા આવે છે. એમ એ ઘોર પાપ કરીને મરીને બ્રહ્મદત્ત સાતમી નરકે ગયા. મહારંભ-પરિગ્રહનો ભયંકર પાપ ભોગવ્યે જ છૂટકો.

શ્રી આચારાંગ સૂત્રમાં બીજા અધ્યયનમાં કહ્યું છે કે "સંસારનું મૂળ કષાયો છે." અને કષાયો આદિના દુષ્ટ ભયંકર પરિણામોં (વિપાકો) દશમાં અંગ સૂત્ર શ્રી પ્રશ્ન વ્યાકરણમાં કહેવામાં આવ્યા છે. અગ્યારમાં શ્રી વિપાકસૂત્ર અંગમાં ગોત્રાસે કરેલા ભયંકર પાપો અને ઘોર હિંસાના પરિણામો જોવા જોઈએ. વિચારવા અને વાંચવા જોઈએ. કેવી હિંસા-કેવા પાપો અને કેવા નરકમાં પડ્યા ? કેવા દુઃખો ભોગવ્યા. ?

### કષાયોથી નુકશાન—

> कोहो पीइं पणासेइ, माणो विणाअ नासणो ।
> माया मित्ताणि नासेइ, लोहो सव्व विणासणो ॥

શ્રી દશવૈકાલિક સૂત્રમાં ચારે કષાયોથી થતા નુકશાનને બતાવતા કહેવામાં આવ્યું છે કે ક્રોધ પ્રીતિ પ્રેમ, સંબંધનો નાશ કરે છે, માન વિનય નમ્રતાનો નાશ કરે છે, માયા સરલતા ઋજુતાનો નાશ કરે છે, અને લોભ તો સર્વનાશ નોંતરનાર છે.

> क्रोधः परितापकरः, सर्वस्योद्वेगकारकः क्रोधः ।
> वैरानुषङ्गजनकः क्रोधः क्रोधः सुगति हन्ता ॥

ક્રોધ ભારે પરિતાપ-સંતાપ-ચિન્તા કરાવનાર છે. અરે ! ક્રોધ તો ઘરમાં એકને આવે પણ ઉદ્વેગ બધાને કરાવતો જાય છે. કેટલાને સહન કરવાનો વખત આવે ? વેર ઝેરની પરંપરા પણ ક્રોધ કષાયથી જ વધે. અને ક્રોધથી સદ્‌ગતિનો નાશ થાય છે.

અગ્નિશર્મા અને ગુણસેનની વચ્ચે ક્રોધના કારણે કેટલી ભયંકર નવ-નવ-ભવની વેર ઝેરની પરંપરા ચાલી. કમઠ અને મરૂભૂતિ કેટલા દસ ભવ સૂધી વેર ઝેરની પરંપરામાં રખડ્યા ?. અંતે મરૂભૂતિ પાર્શ્વનાથ થઈને મોક્ષે ગયા. નેમ રાજુલ વચ્ચે નવભવ રાગની પરંપરા ચાલી. શંખ અને કલાવતીની વચ્ચે ૨૧ ભવની પરંપરા ચાલી-સંસારમાં રાગ દ્વેષ રૂપી કષાયો કેટલા ભયંકર છે ? તેનો સ્પષ્ટ ખ્યાલ આવી જાય છે. રાગ પછી દ્વેષ અને દ્વેષ પછી રાગ સતત ચાલ્યા જ કરે છે. આ ચક્રના વમળમાં જીવો ફસાયેલા છે.

## ક્રોધ કરે તે ચંડાળ :

ગંગાસ્નાન કરીને ઘરે જઈ રહેલો બ્રાહ્મણ રસ્તામાં એક શૂદ્ર ચંડાળને અડયો. બ્રાહ્મણે પેલા શૂદ્ર ઉપર ભારે ક્રોધ કર્યો અપશબ્દો અને ગાળો બોલવા માંડ્યો. પેલો શૂદ્ર બેચારો ચુપચાપ ઉભો રહ્યો અને બ્રાહ્મણ તો ભારે ક્રોધમાં અપશબ્દોની આખી ડિક્શનરીના બધા શબ્દોની આવૃત્તિ ૧૦ મિનિટમાં બોલી ગયો. લોકોનું ટોળું ભેગુ થવા માંડયુ થોડી વારપછી પેલો ચંડાળ. આગળ વધ્યો અને બ્રાહ્મણને બાથ ભીડી લીધી. ગળે વળગી ગયો. લોકો વચ્ચે પડયા. પેલાને કહેવા લાગ્યા અરે ! તૂ નીચ છે. શૂદ્ર છે. તુ આ બ્રાહ્મણને શું કરવા અભડાવે છે. ચંડાળ કહે છે. ના...ના ..આ મારો ભાઇ છે...મારી જાતનો છે. લોકો આશ્ચર્યથી પૂછે છે અરે ! તૂ શૂદ્ર ચંડાળ અને આ બ્રાહ્મણ એ કયાંથી તારો ભાઈ થાય ? છોડ...છોડ...ચંડાળ-ચંડ એટલે ભારે ક્રોધ અને અત્યારે આ કેટલો ક્રોધ કરી રહ્યો છે. તો જે ક્રોધ કરે તે ચંડાળ જેવો અસ્પૃશ્ય શૂદ્ર કહેવાય હું જન્મે શૂદ્ર અને આ ક્રોધે ચંડાળ-તો અમે બન્ને ભાઈ થયા કે નહીં ? મને મારો ભાઈ મળ્યો એટલે હેત પ્રેમ ઉભરાઈ આવ્યો.

એટલે હું ભેટી પડયો. પેલો બ્રાહ્મણ સમજી ગયો. મોઢુ નીચે કરીને ચાલી ગયો.

ભારે કષાયોના કારણે કર્મની સ્થિતિ ખૂબ મોટી બંધાય છે.

**ક્રિયાશ્રવ અને ૨૫ ક્રિયાઓ—**




કટુક ક્રિયા થાનક ફળયા રે, બોલ્યા બીજે અંગ;
કહેતા હિયડું કમકમે રે, વિરૂઓ તાસ પ્રસંગો રે ॥

— ૪૫ આગમમાં બીજા અંગ શ્રી સૂયગડાંગ સૂત્રમાં ૨૫ ક્રિયાના સ્થાનો દર્શાવવામાં આવ્યા છે. એવી ક્રિયાઓના કારણે બંધાયેલા

પાપોના દારૂણ વિપાકે જીવોને નરકાદિની જેવી કટુ વેદના ભોગવવી પડે છે તેનો તો વિચાર કરીએ તે પણ કંપારી છૂટે છે. હૃદય કમકમે છે. સૂયગડાંગ સૂત્રમાં માઠા પ્રસંગોનો અદ્ભૂત ચિત્ર વર્ણવવામાં આવ્યો છે.

૧ કાયિકી, ૨ અધિકરણિકી, ૩ પ્રાદ્વેષિકી, ૪ પારિતાપનિકી, ૫ પ્રાણાતિપાતિકી, ૬ આરંભિકી, ૭ પારિગ્રહિકી, ૮ માયાપ્રત્યયિકી, ૯ મિથ્યા દર્શન પ્રત્યયિકી, ૧૦ અપ્રત્યખ્યાનિકી, ૧૧ દ્રષ્ટિકી, ૧૨ સ્પૃષ્ટિકી, ૧૩ પાતિત્યકી, ૧૪ સામંતોપનિષાતિકી, ૧૫ નૈસૃષ્ટિકી (નિસર્ગિકી), ૧૬ સ્વહસ્તકી, ૧૭ આજ્ઞાપનિકી (આનયનિકી), ૧૮ વિદારણિકી, ૧૯ અનાભોગિકી, ૨૦ અનવકાંક્ષા પ્રત્યયિકી, ૨૧ પ્રાયોગિકી, ૨૨ સામુદાનિકી, ૨૩ પ્રૈમિકી, ૨૪ દ્વૈષિકી, ૨૫ ઈર્યાપાથિકી આ પ્રમાણે પચ્ચીશ પ્રકારની ક્રિયાઓ દર્શાવવામાં આવી છે. અધિકરણના કારણે સંસાર વધે છે, ઉપકરણોથી સંસાર ઘટે છે. ઉપકરણો ઉપકારી કહેવાય છે. માટે સામાયિક-પૂજા પ્રતિક્રમણાદિના સાધનોને ઉપકરણ કહેવામાં આવે છે, અને સંસારના સાધનોને અધિકરણ કહેવામાં આવે છે. જેમ બને તેમ અધિકરણોના પાપથી બચીએ અને ઉપકરણોનો ઉપયોગ કરીએ જેથી આત્મા પોતાના ઉપયોગમાં રહે.

## યોગાશ્રવ-અને દંડ-

મન-વચન અને કાયા આ ત્રણ યોગો છે. આત્માને આ ત્રણ સાધનો મુખ્ય રૂપે મળેલા છે, જેના કારણે આત્માને પાપ કર્મ બંધાય છે. અને તેથી આત્મા દંડાય છે. જેના વડે આત્મા દંડાય તે દંડ. આ ત્રણ દંડો છે. (૧) મન દંડ (૨) વચન દંડ (૩) અને કાય દંડ. મન-વચન અને કાયાના. અનુક્રમે ૪- ૪- અને ૭ એમ કુલ ૧૫ યોગ છે. યોગ એટલે જોડાણ. આત્માનું કર્મની સાથે જોડાણ, તે યોગ. ગુન્હેગાર જેમ ગુન્હાથી દંડાય છે તેમ આત્મા આ ત્રણે દંડથી દંડાય છે. આ ત્રણે મન-વચન-કાયા-પાછા. કરણ-કરાવણ અને અનુમોદના સાથે મળીને નવ ભેદ નિર્માણ કરે છે.

## ૧૦૮ પ્રકારે કર્મબંધ

૩– મન–વચન–કાય દંડ.
× ૩– કરણ–કરાવણ–અનુમોદન.
-------
૯
× ૩ – આરંભ–સમારંભ–સંરંભ.
-------
૨૭
× ૪ – ક્રોધ–માન–માયા-લોભકષાયો
-------
૧૦૮ – પ્રકારે પાપનું આશ્રવ થાય છે. બંધાય છે.
-------

## પાપથી બચવાની પ્રક્રિયા—

એથી બચવા પંચપરમેષ્ઠિના ૧૦૮ ગુણોની ૧૦૮ મણકાવાળી માળાનો અહર્નિશ જાપ કરવો અત્યાવશ્યક લાગે છે. જેથી આત્મા-પાપથી બચી શકે છે.

"કરેમિ ભંતે" નો સૂત્ર ઉચ્ચારી આ ત્રણે દંડથી બચી શકાય છે. ત્રણે દંડથી ત્રિવિધે, ત્રિવિધે પાપને ખપાવી શકાય છે

જં જં મણેણ બંદ્ધ, જં જં વાએણ ભાષિયં પાવં ;
જં જં કાએણ કયં-મિચ્છામિદુક્કડં તસ્ય ॥

સાધક સૂતા પહેલા રોજ આટલુ બોલીને નિદ્રાધીન થાય. જે જે પાપ મન વડે બાંધ્યુ હોય, જે જે પાપ વચન વડે કહ્યું (બોલ્યું)હોય, અને જે જે પાપ કાયા વડે કર્યું હોય તેનું મિચ્છામિદુક્કડં.

**सव्वस्सवि देवसिअ-दुच्चिंतिअ** ( મનથી ખરાબચિંતવ્યુ હોય )
**दुब्भासिअ**— ( વચન થી ખરાબ બોલ્યુ હોય )
**दुच्चिट्ठिअ**—( કાયા થી ખરાબ પ્રવૃત્તિ કરી હોય )
**तस्समिच्छामिदुक्कडं** ॥ તેનું મિચ્છામિદુક્કડં.
**योगः शुद्धः पुण्याश्रवस्तु पापस्य तद्विपर्यासः** ॥

મન-વચન-કાયા રૂપી ત્રણે યોગોથી પાપ પણ બાંધી શકાય છે અને પુણ્ય પણ બાંધી શકાય છે. જેવો આ ત્રણેનો ઉપયોગ કરો તેવું ફળ મળે ?

યોગાશ્રવ
- શુભયોગાશ્રવ-પુણ્ય
  - ૯ પ્રકારે બંધ
  - ૪૨ પ્રકારે ઉદય
- અશુભયોગાશ્રવ-પાપ:
  - ૧૮ પ્રકારે બંધ
  - ૮૨ પ્રકારે ઉદય

યોગોને પુણ્ય બાંધવાના માર્ગે વાળો તો પુણ્ય બંધાવી આપે, નિર્જરાના માર્ગે વાળો તો કર્મ ખપાવી આપે. અને આશ્રવના માર્ગે વાળો તો કર્મને આમંત્રણ આપીને નોતરે, અને કહો તો પાપ બંધાવે-આ ત્રણે સાધનો જીવને મળ્યા છે. હવે સાધના કરવી કે વાસના સેવવી તે જીવના હાથમાં છે.

યોગાશ્રવ તથી યોગી થવુ છે, યોગી મટી યોગ-નિરોધ કરી અયોગી થવુ છે, ત્યારે એક દિવસ આપણે સાચા સિદ્ધ "સચ્ચિદાનન્દી" નિરંજન-નિરાકારી-અજર-અમર પદ પામી શકીશું.

## ૧૪ ગુણ સ્થાને-આશ્રવ ક્યાં સૂધી ?

ચૌદે ગુણસ્થાનકે આ આશ્રવનો વિચાર કર્યો છે. એક થી ત્રણ સૂધી મિથ્યાત્વાશ્રવ મોટો છે. પછી ચોથે આત્મા સમ્યક્ત્વી બની જાય

એટલે એક મોટો આશ્રવ ચાલ્યો જાય છે. માટે જ મિથ્યાત્વાશ્રવ આત્માના સમ્યગ્ દર્શન ગુણને પ્રગટ થવા નથી દેતો.




(૨) અવ્રત–(અવિરતિ) અને ઈન્દ્રિયોનો આશ્રવ આત્માને ૪થા ગુણસ્થાનક સુધી કર્મ બંધાવે છે. તે આત્માના વિરતિ ગુણને ઢાંકી રાખે છે. પાંચમે વિરતિ પ્રારંભ થઈ જાય છે.

પ્રમાદ આશ્રવ ૧ થી ૬ સુધી સતાવે છે છટ્ઠે સાધુને પણ પ્રમાદી બનાવી દે છે.

હાસ્ય નિંદ વિકથા વસે રે, નરક નિગોદે રે જાત;
પૂરવધર શ્રુત હારિયા રે, અવરાની શી વાત ? ॥

—હાસ્ય, નિંદા, વિકથા વગેરેના કારણે મહા પ્રમાદ સેવીને જીવો નરકાદિમાં પણ જાય છે. અને ચૌદ પૂર્વી જેવા મહાત્મા પણ પ્રમાદને વશ થઈ નિગોદ સુધી પહોંચ્યાની વાતો શાસ્ત્રકાર મહર્ષિ જણાવે છે, તો પછી બીજાની તો શી વાત કરવી ?

કષાયાશ્રવ ૧ થી ૧૦મા ગુણસ્થાનક સુધી સતાવે છે. સાધુ જીવનમાં પણ કષાય ભારે સતાવે છે. ઘણાં-ચીકણાં કર્મો બંધાવી જાય છે, તે આત્માના વીતરાગતાના ગુણને પ્રગટ થવા નથી દેતા.

યોગાશ્રવ ૧ થી ૧૩મા ગુણસ્થાનક સયોગી કેવલી સુધી નડે છે.... તેરમે પણ યોગા છે. માટે યોગ ના માર્ગે કર્મો બંધાય છે. તે આત્માની અયોગી અવસ્થા-સિદ્ધાવસ્થાને રોકે છે.

આ પાંચે આશ્રવથી બચવા જીવે પ્રયત્ન કરવો જોઇએ. અને આશ્રવથી બચાશે તો જ બંધથી બચી શકાશે. આશ્રવ માર્ગ ચાલુ રાખવો અને પછી કહેવુ કે ના મને કર્મ બંધ નથી થતો. હું કર્મ નથી બાંધતો. નેપાલો લેવો અને ઝાડા નથી થતા જેવી આ વાત છે. આશ્રવ માર્ગ ચાલુ જ રહે તો બંધ પણ તેના જ આધારે છે. પહેલા આશ્રવ અને પછી કર્મબંધ આ બન્નેમાં કાર્ય-કારણ ભાવનો સંબંધ છે. આશ્રવ એ કારણ છે અને બંધ એ કાર્ય છે. અગ્નિ-ધુમાડા જેવા આ બન્ને

## આશ્રવથી બચવુ કેવી રીતે ?

શ્રી દશવૈકાલિકમાં શિષ્ય ગુરૂભગવંતને પૂછે છે કે હે ભગવંત ! સંસારમાં સર્વત્ર પાપ જ પાપ છે. આટલા બધા પાપો છે. ચારે બાજુ પાપ છે. જે કરો તે બધામાં પાપ જ પાપ છે તો અમારે જીવવુ કેવી રીતે ?

**कहं चरे कहं चिट्ठे, कहमासे कहं सए ।**
**कहं भुंजंतो भासंतो, पावं कम्मं न बंधई ॥**

હે ભગવંત ! કેવી રીતે ચાલવું ? કેવી રીતે ઉભા રહેવું ? કેવી રીતે બેસવું ? કેવી રીતે સુવું ? કેવી રીતે ખાવું ? કેવી રીતે બોલવું ? કે જેથી પાપકર્મ ન બંધાય. શું કરવું ?

ગુરૂભગવંત ઉત્તર આપતા ફરમાવે છે કે—

**जयं चरे जयं चिट्ठे, जयं मासे जयं सए ।**
**जयं भुजंतो भासंतो, पावं कम्मं न बंधइ ॥**

હે વત્સ ! તું જયણાપૂર્વક ચાલજે, જયણાપૂર્વક ઉભો રહેજે, જયણાપૂર્વક બેસજે, જયણાપૂર્વક સૂજે, જયણાપૂર્વક ખાવું, જયણાપૂર્વક બોલજે કે જેથી પાપ કર્મ નહીં બંધાય.

(૧) **क्रियाए कर्म**–ક્રિયાથી કર્મનો આશ્રવ થાય.

(૨) **जयणाए ( उपयोगे ) धर्म**–જયણા–જીવરક્ષા ઉપયોગમાં ધર્મ છે.

(૩) **परिणामे बंध**–અને પરિણામથી કર્મ બંધાય માટે જયણાનો ઉપયોગ ધર્મનો પાલન કરવો.

**આશ્રવ ભાવના :**

> **आश्रवः सर्वथा हेयः, उपादेयश्च संवरः ॥**
> **आश्रवो भव हेतुः स्यात् संवरो मोक्षकारणम् ॥**

—હેમચન્દ્રાચાર્ય મહારાજ ફરમાવે છે કે હે જીવ ! આશ્રવ તો સર્વથા છોડવા જેવો જ છે. આશ્રવનો આશ્રય અંશ માત્ર પણ લેશો નહીં અને સંવર એ ઉપાદેય–અર્થાત્ આચરણીય તત્ત્વ છે. આશ્રવ તો ભવ = અર્થાત્ સંસાર વધારનાર મોટું કારણ છે અને સંવર મોક્ષનું કારણ છે. આજે આપણે સર્વજ્ઞ–વીતરાગી કે સિદ્ધ બની શકીએ તેમ નથી. ભલે બધા જ પાપો ન ખપાવી શકીએ પરંતુ પાપના બધા જ નિમિત્તો આશ્રવોથી પણ જો બચી જઈએ તો પણ ઘણું ઉત્તમ કહેવાય પરંતુ સંસારમાં રહેવું અને પાપના આશ્રવોથી બચવું એ પ્રાયઃ અસંભવ વાત છે. માટે આશ્રવ ભાવના ભાવવાનું જ્ઞાની ભગવંતોએ ફરમાવ્યું છે—

> **सोच्चा जाणइ कल्लाणं, सोच्चा जाणइ पावगं ।**
> **उभयंपि जाणइ सोच्चा, जं सेयं तं समायरे ॥**

—હે આત્મન ! સારી રીતે કલ્યાણનો માર્ગ સાંભળીને અને સારી રીતે પાપના આશ્રવ માર્ગો તેના વિપાકો વગેરે પણ સાંભળીને, બન્ને માર્ગોને સારી રીતે સાંભળીને, અવધારીને, સમજીને જે શ્રેય-અર્થાત્ શ્રેયસ્કર-કલ્યાણકારી લાગે તેનું આચરણ જરૂર કરજે. અર્થાત્–પાપ

માર્ગ તો ક્યારેય કલ્યાણકારી કહેવાશે જ નહીં. પરંતુ કલ્યાણ માર્ગ આત્મ કલ્યાણનો માર્ગ જરૂર હિતકારી-શ્રેયકારી છે. માટે તેનો અવશ્ય આચરણ કરવું જોઈએ.

**इत्याश्रवाणामधिगम्य तत्वं निश्चित्य सत्वं श्रुतिसन्निधानात् ।**
**एषां निरोधे विगलद्विरोधे सर्वात्मना द्राग्यतितव्यात्मन् ॥**

—વિનયવિજયજી મહારાજ શાન્તસુધારસમાં ફરમાવે છે કે— આશ્રવ માર્ગને સારી રીતે જાણીને ઓળખીને શાસ્ત્રાભ્યાસથી તત્ત્વનો નિર્ણય કરીને આશ્રવોને છોડવા પ્રયત્ન કરજે આશ્રવ માર્ગોથી બચવા પ્રયત્ન કરજે અને આશ્રવના નિરોધરૂપ સંવર ધર્મનું આચરણ કરજે. આગામી વ્યાખ્યાને સંવર ભાવનાનો વિચાર કરીશું.

* શિવમસ્તુ સર્વ જગતઃ *

**-: સૌજન્યથી :-**

**સ્વ. પૂ. શ્રી લલ્લુભાઈ વાડીલાલ શાહ (ખાદીવાળા) તથા સ્વ. પૂ. શ્રી રતીલાલ વાડીલાલ શાહ (ખાદીવાળા) ના સ્મરણાર્થે, શ્રીમતિ કંચનબેન લલ્લુભાઈ શાહ (ખાદીવાળા) ના સહયોગથી આ પુસ્તિકા પ્રગટ કરવામાં આવી છે.**




# ભાવના ભવ નાશિની

પ્રવક્તા : પરમપૂજ્ય મુનિરાજશ્રી અરુણવિજયજી મહારાજ

| વિ. સ. ૨૦૩૯ ભાદ્રપદ વદ ૩. | નવમું વ્યાખ્યાન-૯ | રવિવાર, ૨૫-૯-૧૯૮૩ |
|---|---|---|

## વિષય : "પાપને અટકાવવાના ઉપાયો"

(સંવર ભાવના)

येन येन य इहाश्रवरोधः सम्भवेन्नियतमौपयिकेन ।
आद्रियस्व विनयोद्यतचेतास्तत्तदान्तरदशा परिभाव्य ॥

પ.પૂ. ચરમતીર્થંપતિ શ્રમણ પરમાત્મા શ્રીમહાવીર પ્રભુને નમસ્કારપૂર્વક...

મહાયોગી શ્રી વિનયવિજયજી મહામહોપાધ્યાય શાન્તસુધારસ ગ્રન્થમાં જણાવે છે કે, હે આત્મન્ ! આ સંસારમાં જે જે રીતે આવતાં પાપકર્મોને અટકાવી શકાય, પાપનો રસ્તો રોકી શકાય, આશ્રવનો નિરોધ કરી શકાય તે તે સર્વ સંભવિત ઉપાયોને આચરવા માટે તું ઉદ્યમશીલ થા. આંતરદષ્ટિથી વિચાર કરીને પુરુષાર્થથી તે ઉપાયોનું તું પાલન કર, આચરણ કર.

## પાપાશ્રવ માટે ચિન્તન

પાપ કર્યા પછી પણ પાપનો ખ્યાલ કેટલાને આવે છે ? અને 'આ હું ખોટું કરી રહ્યો છું' એનું પણ ભાન કેટલાકને આવે છે ? જગતમાં પાપને પણ પાપ ન માનનારા ઘણા જીવો છે. અને મહામિથ્યાત્વના ભારે ઉદયના કારણે પાપને પુણ્ય માનનારા જીવો પણ છે. જ્યાં પાપને પાપ તરીકે કબૂલ કરવાની જરૂર હતી એના બદલે પાપને જ પુણ્ય, અધર્મને જ ધર્મ, અનાચારને જ આચાર, અવિવેકને જ વિવેક વગેરે વિપરીત માનવાની મિથ્યા મતિ એ મહામિથ્યાત્વ છે. મહા-મિથ્યાત્વના ઉદયે જીવોને સતત અશુભ પાપકર્મ બંધાતા જાય છે. મિથ્યાત્વ, અવિરતિ આદિ બંધના કારણભૂત હેતુઓમાં સતત કર્મ બંધાતા જાય છે. અને જે બંધાય છે તે સમયકત્વમાં બંધાતા પાપ કરતાં મહાભયંકર અને ભારે કર્મ બંધાય છે.



એક જ પાત્રમાં જેમ પાંચે ગ્લાસનું પાણી ભેગું થાય છે- કોઈમાં એકદમ કાળુ કોઈમાં ભૂરું, જાંબલી, લાલ, લીલું વગેરે ભિન્ન ભિન્ન પાણી એકમાં ભેગાં થાય ત્યારે પાત્રમાં સરવાળે પાણી કેવા રંગનું

બનતું હશે ? એમ એક પાત્ર જીવ-(આત્મામાં)માં મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ, કષાય અને યોગના પાંચે માર્ગે ઢગલાબંધ આવતાં પાપોનું પ્રમાણ કેટલું હોય છે ? દા.ત, આપણે અવિરતિમાં બેઠા છીએ તો પણ પાપકર્મ બંધાયા જ કરે.

## રોજ પાપના બધા જ આશ્રવો સેવાય છે

એક દૈનિક જીવનનો વિચાર કરીએ, મિથ્યાત્વી-હિંસક કુટુંબનું જીવન જોઈએ જ્યાં હિંસા પણ ધર્મના નામે થાય છે. હિંસાથી પાપનો બંધ અને પાપના કારણે ફરી હિંસા. આ કેવું ચક્ર ચાલ્યા કરે છે? મિથ્યાત્વથી પાપ અને પાપથી ફરી મિથ્યાત્વ-આ દરેક માર્ગે પાપોના આશ્રવોનું આગમન ચાલુ જ રહે તો પરિણામ શું આવે ? એક બાજુ પંચેન્દ્રિય જીવની હત્યાનું પાપ છે. પરન્તુ તે પણ ધર્મના નામે દેવ-દેવીની આગળ. દેવ દેવી તો બકરાની બલી આપવાથી જ પ્રસન્ન થાય નરબલી, પશુબલી વગેરેના વિચારો કેવા મિથ્યા વિચારો છે? આ જ મહામિથ્યાત્વ. મિથ્યાત્વ પાપને પણ પુણ્ય મનાવે, અધર્મને પણ ધર્મ તરીકે મનાવે. માટે મિથ્યાત્વમાં હિંસાદિ પાપો વધારે, અને હિંસાદિ પાપોમાં મિથ્યાત્વ વધારે. માટે હિંસાદિ પાપોમાંથી બચવું હોય તો સર્વપ્રથમ સર્વ પાપના મૂળકારણરૂપ મિથ્યાત્વમાંથી બચવું બહુ જરૂરી છે.

પત્ની રસોડામાં છે. પૃથ્વી, પાણી. અગ્નિ, વાયુ અને વનસ્પતિ કાયના તથા ત્રસ કાયના એમ છએ કાયના જીવોની સતત હિંસા ચાલુ જ રહે છે. અવિરતિમાં પણ પાપ સતત ચાલુ રહે છે. તેથી બચવા માટે વિરતિ ધર્મ છે. જે અવિરતિમાં લાગતા પાપના આશ્રવો છે તેની પ્રતિજ્ઞારૂપ પચ્ચખાણથી જ વિરતિ આવે છે જેથી પાપથી બચાય છે.

પ્રમાદવશ ઘરમાં પલંગ ઉપર પોઢેલો પિતા T.V. જોયા કરે છે. રેડિયો સાંભળવામાં મશગૂલ હોય છે, અર્થાત્ ઈન્દ્રિયો ના દરવાજે, અવિરતિના દરવાજે પાપકર્મો તો વંટોળિયાની જેમ આવે છે અને



એટલામાં પુત્રના હાથે કાચનો જગ ફૂટી જાય છે. પિતાને ભારે ક્રોધ આવે છે. લાકડી લઈને પુત્રને મારવા તૈયાર થયા. કષાય પણ બધાં પાપનું ઘર છે. તીવ્ર કષાયને ટાળવા માટે સંવર ધર્મનું આલંબન લેવું જોઈએ. જેથી કષાયો ટળે તે જ પ્રમાણે મન, વચન અને કાયાના ત્રણે યોગો પણ પાપ માર્ગે જ દોડે છે.

## પાપ ન કરવાની પ્રતિજ્ઞા તે જ ધર્મ :

ઘણાં ચોરી કરીને પૈસો કમાઈને દાન કરવાની વૃત્તિ ધરાવે છે. મંદિર બંધાવવું છે તો વ્યાપારમાં આ પ્રકારની ઉથલપાથલ કરીએ. લોકોને આંખ મીંચીને ઠગીએ. ક્યાંક આરસની તખ્તી લાગે એ માટે મોટી રકમનું દાન કરતા પહેલાં ક્યાંક ધાડ પાડી લઉં. દાણચોરી કરીને કમાઈ લઉં, ભેળસેળ કરીને કમાઈ લઉં ભલેને મત્સ્યોદ્યોગનો ધંધો હોય કે વેશ્યાની સાથેનો ધંધો હોય. એમાં શું વાંધો છે? મારે વ્યાપારથી–પૈસાથી મતલબ છે ને? વ્યાપારના પ્રકાર સાથે શું સંબંધ છે? ગમે તે માર્ગે ગમે તે રીતે પૈસો ઘરમાં આવવો જોઈએ તે માટે હિંસા, જુઠ, ચોરી જે કરવું પડે તે કરવા તૈયાર છું

ભાગ્યશાલી! ના, રખે આવો વિચાર પણ કરતા? પેટ ખાતર કરેલુ પાપ પણ પાપ જ છે. એક કાગળની નોટ–રૂપિયા–પૈસા પણ રખે તને નરકમાં ન ધકેલી દે, પાપ કરાવી ન જાય, તેનાથી બહુ સાવધાન રહેજે. એક રોટલીનો ટુકડો, એક કપડું, અરે ઘર, દુકાન, પુત્ર–પત્ની વગેરે તેમ જ જડ–ચેતન કોઈ પણ તને પાપકર્મ બંધાવી ન જાય તે માટે તું ખૂબ સાવધાન રહેજે. **પાપથી બચનારો, પાપ કર્મોથી સાવધાન રહેનારો–પાપભીરૂ જ સાચો ધર્મી છે.**

પાપ કરવામાં તો મન, વચન અને શરીર બધાં ભેગાં થઈને સાથ આપશે, પરંતુ આ કાયા તો અહીંયાં જ રહી જવાની છે, લાકડામાં બળી જવાની છે. પાપ કાયા કરાવશે અને પાપની સજા ભોગવવા તે નરકમાં સાથે નહીં આવે. સજા તો આત્માને જ ભોગવવાની ને?

ભલે કાયાની ખાતર પાપ બાંધ્યા હોય, પેટની ખાતર પાપ કર્યાં હોય, શરીરને શણગારવા, સજાવવા જે કોઈ પણ રીતે પાપ કર્યા હોય પણ કરેલાં પાપની સજા તો આત્માને જ ભોગવવાની. કોને સહન કરવાનો વારો આવે છે ? શરીરને કે આત્માને ? શરીર તો જડ છે. તેને કંઈ જ નહીં, જે કંઈ પણ સહન કરવાનું અથવા ભોગવવાનું હોય તે બધુ આત્માને જ.

માટે પાપ કરતા પહેલા સો વાર વિચાર કરવો. પાપ ન કરવાનો નિર્ણય કરવો અને જેટલું શકય હોય તેટલું યથાશકય પાપાશ્રવથી બચતા સતત જાગ્રત રહેવું, સાવધાન રહેવું. એ જ ધર્મ-પ્રવેશનો સર્વોત્તમ રાજમાર્ગ છે.

## પાપ કર્મને કોણ નથી ઓળખતું ?

સંસારમાં એક પણ જીવ એવો નથી કે જે પાપમાર્ગને ન ઓળખતો હોય બધા જ ઓળખે છે, સમજુ–સંજ્ઞિ મનુષ્યો પાપને ઓળખે છે. હા, છોડી નથી શકતા એ એમની મજબૂરી છે. વીતરાગ પરમાત્માએ એવું કયારેય નથી કહ્યું કે તું ગમે તે કર...ગમે તે પાપ કર પણ મારી પૂજા કર. ના, પરમાત્માની સાચી પૂજા તો તેમની આજ્ઞા–આદેશાનુસાર અઢારે પાપ ન કરવામાં જ છે. માટે જ પૂજા પહેલાં કપાળે તિલક કરીએ છીએ, કારણ કે જે પ્રભુની પૂજા કરવી છે, જેને પૂજ્ય માનું છું, સર્વપ્રથમ તેમની આજ્ઞા શિરોધાર્ય કરું છું. પરમાત્માની આજ્ઞા શિરોધાર્ય કરવી, અર્થાત્ પાપ ન કરવાની આજ્ઞા કરવી, કારણ પરમાત્માએ પાપ કરવાનો ઉપદેશ કયારેક નથી આપ્યો. નિષ્પાપ ધર્મનો જ ઉપદેશ પ્રભુએ આપ્યો છે. **સાવદ્ય–પાપની પ્રવૃત્તિ તે આશ્રવ અને નિરવદ્ય=નિષ્પાપ પ્રવૃત્તિ તે સંવર ધર્મ.**

## પ્રભુને માનવા કે પ્રભુનું કહ્યું માનવું ?

પ્રભુને માનવા અર્થાત્ મંદિરે જવું, દર્શન–વંદન–પૂજા કરવી,

પ્રાર્થના કરવી, જાપ-સ્મરણ આદિ કરવુ તે પ્રભુને માનવાનો ધર્મ છે. આ માર્ગ બહુ સહેલો છે. સરળ માર્ગ કોને ન ગમે ? પચાસ વર્ષની ઉંમરે પણ કાકા કહે છે 'સાહેબ, દેરાસરે જવાની બાધા આપો. રોજ દર્શન કરવાની બાધા આપો. કેમ કે એ બહુ સરળ માર્ગ છે.' એમાં ભાઈ સાહેબને, કંઈ જ છોડવું નથી પડતું, કંઈ જ તકલીફ નથી પડતી, જ્યારે પરમાત્માએ કહેલા-આજ્ઞા કરેલા ધર્મની આચરણા અઘરી લાગે છે.

અરેરે ! કાંદા-બટાકાની બાધા ? અરે ! મધ, માંસ, માંખણ ન ખાવાની પ્રતિજ્ઞા ? અરેરે...હિંસા, જૂઠ, ચોરી ન કરવાની પ્રતિજ્ઞા, બ્રહ્મચર્ય પાળવાની વાતો સાંભળતા તો કાન ઊભા થઈ જાય છે. કેમ ? જેમાં પરમાત્માએ નિષ્પાપ ધર્મ જોયો છે તે ધર્મ પાળવાની પ્રભુએ આજ્ઞા ફરમાવી હોય તો તે ધર્મ કરવો અઘરો લાગે છે. શા માટે ? ભગવાનને કહો-ભગવાન ! તમને માનીશ પણ તમારું કહ્યું નહીં માનું. જેમ તમારો પુત્ર તમને કહે કે-બાપુજી ! હું તમને માનીશ પણ તમારુ કહ્યું નહીં માનું. તમારી આજ્ઞા નહીં માનું તો ચાલશે ? ના, પુત્ર કેવો જોઈએ ? આજ્ઞાકારી; અને ધર્મી કેવો જોઇએ ? જિનેશ્વરની આજ્ઞાનો પાલક આજ્ઞાકારી કે અનાજ્ઞાકારી ? જો આપણે આપણી જાતને ધર્મી કહેવરાવતા હોઇએ તો આજ્ઞાકારી આજ્ઞાપાલક અવશ્ય થવું જ જોઇએ. અને પ્રભુએ કહેલા આજ્ઞાધર્મમાં સર્વપ્રથમ પાપ ન કરવાની પ્રતિજ્ઞા કરનારો જ સાચો ધર્મી. માટે ધર્મમાં પ્રવેશ કરતા પહેલાં સર્વપ્રથમ પાપના ત્યાગ (પચ્ચખાણ) વાળા થવું આવશ્યક છે.

શું મોઢામાં પાન-બીડી-તમાકુ હોય અને ભગવાનને ભજતા જઈશું ? દર્શન કરશું ? શું મદ્ય-માંસનું સેવન કર્યું હશે? મદિરા-દારૂની ગંધ ફાટતી હશે અને આપણે ભગવાનની સ્તુતિ કરશું તો શું એ શોભશે ? શું ખૂન, ચોરી, બળાત્કાર કરીને આવીને સામાયિક-પૂજા કરશું તો શું એ ધર્મ શોભાસ્પદ બનશે ? ના, કદાપિ નહીં. માટે ધર્મી બનતા પહેલાં નિષ્પાપી બનવું અગત્યનું છે.

ધર્મ

| Negative | Positive |
| --- | --- |
| નિષેધાત્મક | વિધેયાત્મક |

નિષેધાત્મક ધર્મમાં જે જે ૧૮ પાપો ન સેવવાનું કહ્યું છે તે પાપોનો ત્યાગ કરવો. ન કરવા જેવું ન કરવું ન બોલવા જેવું ન બોલવું, ન ખાવા જેવું ન ખાવું, ન સાંભળવા જેવું ન સાંભળવું તે વાસ્તવિક ધર્મ છે,

વિધેયાત્મક ધમ—કરવા જેવું જ કરવું, બોલવા જેવું જ બોલવું, સાંભળવા જેવું જ સાંભળવું, ખાવા જેવું જ ખાવું તે જ ધર્મ છે. ધર્મે કયાંય ના નથી પાડી કે કંઈ ખાવું જ નહીં. બોલવું જ નહીં. સાંભળવું જ નહીં...ના. પરન્તુ બોલવા જેવું, સાંભળવા જેવું, કરવા-જેવું જ કરવું વગેરે યોગ્ય જ કરવું એમ આજ્ઞા આપી છે.

જ્યારે આજે વર્તમાન કાળે વિપરીત પરિસ્થિતિ દેખાય છે. ન કરવાનું કરનારા વધારે છે, કરવાયોગ્ય કરનારા ઓછા છે. ન જોવા જેવું, ન બોલવા જેવું. ન ખાવા જેવુ ખાનારા વધારે છે, ઘણાં વધારે છે, પરન્તુ ખાવાયોગ્ય, બોલવા જેવું, જોવા જેવું જ જોનારા બહુ વીરલા છે, અને માટે જ અધર્મી છે ધર્મી થવા માટે પાપ માર્ગનો ત્યાગ કરવો આવશ્યક છે.

## આશ્રવમાંથી સંવરમાં પ્રવેશ :

આશ્રષ એટલે પાપનુ આગમન અને સંવર તેનાથી વિપરીત–વિરુદ્ધ છે. પાપના આગમનના માર્ગોને બંધ કરી દે તે સંવર. “ **आश्रव-निरोधः संवरः** ” આશ્રવ માર્ગનો નિરોધ કરે, રોકે. અટકાવે તે સંવર. એવા પ્રકારના ધર્મની આરાધના જે પાપ માર્ગને અટકાવે, રોકે, પાપ કર્મને બંધાવા ન દે તે ધર્મ સંવર ધર્મ કહેવાય. બધા જ પાપ માર્ગને અટકાવી દે તે સંવરરૂપ ધર્મ કેટલો ઉત્તમ ધર્મ કહેવાય ? આ વાતને એક દૃષ્ટાન્તથી સમજીએ.

ઘરમાં કચરો ખૂબ ભરાઈ ગયો છે અને આપણે ઝાડુ કાઢવો છે. શું ઝાડુ કાઢવા માટે બારીબારણાં બંધ કરવાની જરૂર ખરી? હા, કેમ? ઝાડુ, કચરા ને બારીબારણાં સાથે શું સંબંધ છે? ચોક્કસ સંબંધ છે, કારણ જો બારીબારણાં બંધ નહીં કરીએ તો ઝાડુ કાઢવાની મહેનત માથે પડશે, નકામી જશે. બધો જ કચરો ઊડીને પાછો આવશે એક બાજુથી કચરો કાઢશો અને બીજી બાજુથી પાછો અંદર આવશે તો વિચાર કરો શું ફાયદો? માટે ઝાડુ કાઢતા પહેલાં બારીબારણાં બંધ કરવાની ક્રિયાને 'સંવર' નામ આપવામાં આવ્યું છે.

સરોવરમાં પાણી ખૂબ ભરાઈ ગયું છે. અને એની સીમા કરતાં પણ વધારે ભરાઈ ગયા પછી તો આપણે સલામતી ખાતર આવતો નવો પ્રવાહ અટકાવી જ દેવો જોઈએ અન્યથા સરોવરની પાળને તોડી નાંખશે તો નજીકનાં ગામો ડૂબી જશે.

પાણીમાં ફરતી હોડીમાં કાણું પડયું છે અને તેમાંથી પાણી અંદર આવી રહ્યું છે એ ખબર પડતાની સાથે જ એ કાણું પૂરી દેવું જોઈએ અને નહીંતર થોડી જ વારમાં હોડી ડૂબી જશે. બસ, આ કાણું પૂરવાની અને આવતા પ્રવાહને રોકવાની ક્રિયા-બધાં જ ઝરણાંના પ્રવાહને બંધ કરવાની ક્રિયા તે જ સંવરધર્મ કહેવાય છે. અને પાપ ન કરવારૂપ હોવાથી તે ધર્મસ્વરૂપ બની જાય છે.

**या पुण्यपापयोरग्रहणे, वाक्कायमानसीवृत्ति ।**
**सुसमाहितो हितः संवरो वरददेशितश्चिन्त्यः ॥**

—મન, વચન અને કાયાના ત્રણે યોગોથી જે પુણ્ય અને પાપનું ગ્રહણ જ ન કરવું તે જ ઉત્તમ સંવર ધર્મ છે એમ દેશના દાતા પરમાત્માએ આપણને ચિન્તવવાનું કહ્યું છે. અર્થાત્ સંવર એ આશ્રવનો નિરોધક છે, આશ્રવનો તદ્દન વિપરીત છે.

(१) "**पडिसिद्धाणं करणे**, (२) **किच्चाणमकरणे.**"

—જે પ્રતિષેધ અર્થાત્ નિષેધ કરવામાં આવેલ છે કે—ભાઈ!

આ કરવા જેવું નથી. આ અનાચરણીય છે. તીર્થંકર પ્રભુએ અનન્ત જ્ઞાનથી જોઈને જેમાં અસંખ્ય કે અનન્ત જીવોની હિંસા થાય છે એનો નિષેધ કર્યો હોય પછી એ વસ્તુનું આપણે આચરણ કરવું, એ કાર્ય આપણે કરવું એ તો મહાપાપ જ છે, અને સાથે સાથે જે કૃત્ય–કરણીય છે, કરવા જેવુ છે તેનું આચરણ કરવું જોઇએ. જે વિધેયાત્મક છે, વિધાન છે, તે અવશ્ય આચરણીય છે. "**आणाए धम्मो**"—આજ્ઞા એ જ ધર્મ છે. આજ્ઞાનું પાલન અવશ્ય કરવું જ જોઈએ. આજ્ઞા–વિધેયાત્મક અને નિષેધાત્મક બન્ને સ્વરૂપે હોય છે. આ કરવું જોઈએ. આ ન કરવું જોઈએ. જેમ એક ડોક્ટર દર્દીને આજ્ઞા કરે કે— ભાઈ ! તારે આ ખાવું અને આ ન ખાવું વગેરે—અર્થાત્ વિધાન અને નિષેધ બન્ને આવી જ ગયા ને ? એ જ પ્રમાણે કાંદા, બટાકા વગેરે ન ખાવા, હિંસાદિ ન કરવી, ખોટું ન બોલવું, ચોરી ન કરવી વગેરે નિષેધાત્મક, અને સાધકે સામાયિક–પૌષધ કરવું, વ્રત–નિયમ પાળવાં, અહિંસા પાળવી, બ્રહ્મચર્ય પાળવું, સત્ય બોલવું વગેરે વિધેયાત્મક આજ્ઞારૂપે ધર્મનું સ્વરૂપ પરમાત્માએ કહ્યું છે. આ બન્ને સ્વરૂપે ધર્મ છે. માટે પરમાત્માએ કર્યું એ મુજબ આપણે નથી કરવાનું, પણ પ્રભુએ કહ્યું. ( આજ્ઞા કરી ) એ મુજબ આપણે કરવું તે ધર્મ છે. "જં જં જિણેહિં ભાષિયાહિં, અર્થાત્ જે જે જિનેશ્વર પ્રભુએ કહ્યું છે તે તે ધર્મ આચરવુ જોઈએ. માટે જ આજ્ઞાપાલનમાં ધર્મ છે.

પરન્તુ નિષેધાત્મક આજ્ઞાનુસારે પાપ પ્રવૃત્તિનો ત્યાગ કરવો એ બહુ કપરું લાગે છે અને વિધેયાત્મક ધર્મપ્રવૃત્તિ સહેલી લાગે છે. માટે આજે ઘણા જીવો વિધેયાત્મક ધર્મપ્રવૃત્તિ કરવા તૈયાર થઈ જશે, પરન્તુ નિષેધાત્મક પાપનો ત્યાગ નહીં કરે, કારણ તે બહુ અઘરું છે. પરન્તુ પાપનો ત્યાગ ન કરવો અને દાનાદિ, તપાદિ બધો જ ધર્મ કરવો એ કેટલો યોગ્ય લાગશે ? લોકમાં નિંદા થવાની, એની પણ હાંસી થશે શોભાસ્પદ નહીં રહે અને ઉપરથી ધર્મ વગોવાશે. શાસનની અવહેલના થશે. લોકો કહેશે–શું તમારો ધર્મ આવો છે ? શું તમારા ધર્મમાં ભગવાને આવું શિખવાડ્યું છે ?...આવું કરવાનું

કહ્યું છે ? ચોરી કરીને દાન કરવાનું કહ્યુ છે ? કોઈને લૂંટીને, કોઈને ફસાવીને, પૈસા પડાવીને તીર્થયાત્રા કરવાનું કહ્યું છે ? શું આ ધર્મ છે ? શું આવો ધર્મ છે ? વગેરે બોલશે શાસનની કેટલી ઘોર હીલના થશે ?

શત્રુંજય તીર્થની યાત્રા કરવી છે પણ ટ્રાન્ઝિસ્ટર સાંભળતા સાંભળતા ચઢવું છે. અઠ્ઠમ-અઠ્ઠાઈ કરવી છે પણ પિકચર-નાટક જોતા જોતા કરવી છે. શું એ સારુ લાગશે ? શું એ યોગ્ય ગણાશે ? એમાં વગોવાશે કોણ ? ધર્મ કે અધર્મ ? અધર્મ તો શું વગોવાનો છે. પણ ધર્મ જ વગોવાય છે. તીર્થયાત્રા અને અઠ્ઠમ-અઠ્ઠાઈ જ વગોવાય છે. લોકોને આજે પાપ કરતા કરતા ધર્મ કરવો છે. પાપ છોડવા નથી અને ધર્મ કરવો છે, અને એથી જ જે પાપને પણ ધર્મનું રૂપ આપી દેશે તેવાનો ધર્મ ગમશે. તે ભગવાન સારા લાગશે. કારણ તે સહજ છે, સહેલા છે. જેમાં કંઈ જ છોડવા જેવું ત્યાગ કરવા જેવું છે જ નહીં, જે આજે હાલી નિકળેલા ભગવાનો છે, ૧૯૮૩ના કલિયુગના કહેવાતા ભગવાનો જે નિકળ્યા છે. તે આજ તકનો ફાયદો ઉઠાવવાના અને લોકોને પાપમિશ્રિત ધર્મ જ બતાવવાના, જેમાં મોજશોખ, વિષય-વાસના ઇન્દ્રિયનાં સુખો પણ સાથે ભોગવાતાં હોય, બધી જ મોજમજા હોય અને તપ-ત્યાગ કંઈ જ ન હોય. વ્રત-નિયમ કંઈ જ ન હોય તેવો જ ધર્મ બતાવશે. તે જ લોકોને ગમશે કારણ સંસારનાં સુખો મળે છે, અને પાપ ધર્મરૂપે ગણાય છે. પછી શું વાંધો છે ? એ તો કૃષ્ણ ભગવાનના જેવી ગોપીઓની સાથેની લીલા ગણાય છે. તે લીલાનું આજે આચરણ થાય છે. એટલે મૂઢ જીવો લલચાશે, ખેંચાશે અને તપ-ત્યાગ-વ્રત-પચ્ચખાણનો ધર્મ લોકોને કપરો-અઘરો લાગશે, અને કપરો હશે તે લોકોને આચરવો ઓછો ગમશે. એટલે તપ-ત્યાગના ધર્મમાં સંખ્યાબળ ઓછું દેખાશે. આ જ તો કારમા અને કપરા કળિકાળની નિશાનીઓ છે. જૈન ધર્મનો તો પાયો જ તપ-ત્યાગ છે. મૂળ આધાર સ્તંભ જ તપ-ત્યાગ છે. એ વિના તો આગળ વાત જ નથી ચાલતી. જે કરો તે, જ્યારે કરો ત્યારે, પર્યુષણ હોય કે ગમે તે પર્વ હોય

મોજશોખની વાત જ નથી. થોડું કરો કે વધારે કરો પણ તપ-ત્યાગ વિના તો ચાલે જ નહીં.

## સંવર ધર્મની શુભ શરૂઆત

સામયિક લઇને સમતા સાધવાની વાત હોય કે પૌષધની ઈચ્છા હોય પરન્તુ કોઈ પાપની છૂટ નથી. "**सावज्जं जोगं पच्चक्खामि**" સાવદ્ય-હિંસાદિ પાપ પ્રવૃત્તિના પચ્ચખાણ અર્થાત્ ત્યાગની પ્રતિજ્ઞા પહેલા. તપ ધર્મની વાત હોય તો ઉપવાસ-આયંબિલ આદિમાં ન ખાવું અને અમુક જ ખાવું, મર્યાદિત જ લેવું વગેરે સાથે તપ-ત્યાગ તો પહેલા. સામયિક લીધી, "કરેમિ ભંતે"ની પ્રતિજ્ઞા ઉચ્ચરી એટલે સંવર ધર્મ શરૂ. ઉપવાસ આયંબિલના પચ્ચખાણ કર્યા એટલે સંવર ધર્મ શરૂ. હિંસા, જૂઠ, ચોરી મૈથુન વગેરે પાપો ન કરવાની પ્રતિજ્ઞારૂપ વ્રત-નિયમના પચ્ચખાણ લીધા એટલે સંવર ધર્મ શરૂ થઈ જ ગયો, પછી કેટલી નિર્જરા કરો છો તે તમારાં પરિણામોની ધારા ઉપર આધાર રાખે છે.

**સંવર અને નિર્જરા**—આ બન્ને ઉપાદેય ધર્મો છે. આચરણીય છે. બન્ને સાથે રહે છે. એકમાંથી બીજામાં જવાય છે સંવર પહેલા અને નિર્જરા પછી સંવર આવતા પાપ કર્મને અટકાવવાની વાત કરે છે જ્યારે નિર્જરા ધર્મ લાગેલા જૂના પાપ કર્મ ખપાવવાની વાત કરે છે. હા, જરૂર બંને સ્વતંત્ર છે. સંવર કરનારો ભલે નિર્જરા કરે કે ન પણ કરે પરંતુ નિર્જરા કરનારો તો અવશ્ય સંવર ધર્મ આચરશે. સંવર ધર્મ તો બહાર દરવાજે ઊભેલા ચોકીદાર (Watchman) જેવો છે. એ સજાગ છે, સાવધાન છે એટલે બહારથી નવા પાપને અંદર ઘૂસવા નહીં દે. ઝાડુની ક્રિયામાં બંને ક્રિયા સાથે છે બારીબારણાં પણ બંધ કરવાના છે, અને પછી ઝાડુ પણ કાઢવાનું છે બારીબારણાં ન બંધ કરે તોપણ ન ચાલે, અને ઝાડુ ન કઢે તોપણ ન ચાલે. ફક્ત બારીબારણાં બંધ કરીને કલાક પછી ખોલી નાંખે તો શું કચરો નીકળી ગયો? ના એ તો ઝાડુ કાઢવાથી જ નિકળશે એના માટે બીજો કોઈ વિકલ્પ નથી. બસ, તો બારીબારણાં બંધ કરવા અર્થાત્

આવતા નવા પાપ બંધ કરવાની ક્રિયાનું નામ "સંવર" છે, અને પછી ઝાડુ કાઢીને કચરો સાફ કરવાની ક્રિયાનું નામ છે નિર્જરા. બંને ઉપાદેય છે, સાથે જ આચરણીય છે.

## સાધકનાં મુખ્ય બે લક્ષ

સિદ્ધિ માર્ગની સાધનાના ક્ષેત્રે સાધકનાં એક માત્ર બે જ લક્ષ મુખ્ય રૂપે હોવાં જોઈએ, ભલે પછી તે સાધક સાધુ હોય કે શ્રાવક હોય સાધુ એટલે કોણ? જેણે બધા જ પાપના દરવાજા બંધ કરી દીધા છે, બધા જ પાપો જીવનના છેલ્લા શ્વાસોચ્છવાસ સુધી ન કરવાની મહાભિષ્મ પ્રતિજ્ઞા કરનાર તે સાધુ અને એને જ થોડી મર્યાદામાં રહીને ગૃહસ્થ જીવન અને ઘરગૃહસ્થીને સંભાળીને આચરનાર તે શ્રાવક.

**(૧) જીવનમાં હવે કોઈ નવાં પાપ કરવા નહીં.**
**(૨) અને લાગેલાં પાપકર્મોનો સદંતર નાશ કરવો.**

"સવ્વપાવપ્પણાસણો"—સર્વ પાપોનો નાશ જૈન શાસનમાં આત્મ-શુદ્ધિની સાધનાના ક્ષેત્રે આ બે જ લક્ષની, હેતુપૂર્વકની સાધનાને મહત્વ આપવામાં આવ્યું છે. તો જ આત્માની સાચી શુદ્ધિ થશે. જાગ્યા ત્યારથી સવાર, ઊઠયા ત્યારથી પરોઢ અને ચેત્યા ત્યારથી ધર્મ, એમ સમજીને તૈયાર થવું પડશે. જ્યારથી પાપને ઓળખ્યો અર્થાત્ જેવો ચોરને નજરે જોયો કે જેવો પગમાં કાંટો વાગ્યો એવો જ કાઢી નાંખવો, પછી મોડું ન કરવું. એમ જેવા પાપ લાગ્યાં કે તરત કાઢે જ છૂટકો. કપડા ઉપર પડેલા તાજા ડાઘ ધોવાઈ જશે પણ કાળ વીત્યા પછી મુશ્કેલ થશે. એમ પાપ લાગતા સાથે જ જો ધોઈ નાંખીએ તો સાફ થઈ જાય પણ નિકાચિત થઈ ગયા પછી તો શકય નથી.

ખરો સજાગ જાગ્રત સાધક તે જ કહેવાય કે હવે પછી જીવનમાં નવાં પાપ લાગવાં ન દે. સજાગ પહેરેદારની જેમ ઊભો છે. એક પણ પાપ આવે તો ખરું? એમ જે સાવધાન છે તે સાધક. 'બસ આ જ સંવર ભાવના છે, સંવર ધર્મ છે, સંવર તત્ત્વ છે અને સંવર ધર્મની સાધના છે.

જેમ મારે નવા પાપ કરવાં નથી તેમ આજ દિવસ સુધી ભૂતકાળમાં કરેલાં પાપો જે આત્મા ઉપર ઢગલાબંધ લાગેલા છે તેને રાખવાં પણ નથી તે પણ ખલાસ જ કરી નાંખવાં છે ખપાવવાં જ છે. તે માટેની પ્રવૃત્તિ તે નિર્જરા ધર્મ. કર્મક્ષયનો માર્ગ દા.ત. જૂનું દેવું માથે ૧૦ લાખનું છે તે તો ચૂકવવાનું છે અને હજી ચુકવાતું નથી ત્યાં વળી નવું કયાં વધારો છો ? શા માટે વધારવું જોઈએ ? મૂર્ખતા કહેવાય અને જૂનું દેવું નહીં ચૂકવાય ત્યાં સુધી માથે વ્યાજનું મીટર વધતું જ જશે એટલે બન્ને બાજુથી મરો...માટે સમજુ માણસ તો એ કહેવાય કે જૂનું દેવું ચૂકવવામાં એક દિવસનો પણ વિલંબ ન કરે અને નવું ૧ રૂપિયાનું પણ દેવું ન વધારે આ નીતિ-નિયમથી ચાલશે તો થોડા દિવસમાં તે દેવાદાર મટીને શાહુકાર થઇ શકશે. નવું દેવું ન વધારવું, ન લેવું અર્થાત્ નવાં પાપ ન કરવાની પ્રતિજ્ઞા તે સંવર ધર્મ, અને જૂનું દેવું ચૂકવવું, જૂનાં પાપ ખપાવવાં તે નિર્જરા ધર્મ.

## સંવર ધર્મના ભેદો અને સ્વરૂપ

**समिई गुत्ती परीसह, जइ धम्मो भावणा चरित्ताणि ।**
**पण ति दुवीस दस, बार पंच भेएहिं सगवन्ना ॥**
**स गुप्ति-समिति-धर्मानुप्रेक्षा-परीषहजय-चारित्रैः ॥**

૫ ભેદે સમિતિ, ૩ ભેદે ગુપ્તિ ૨૨ ભેદે પરિષહ, ૧૦ પ્રકારે યતિધર્મ, બારભાવના અને પાંચ ચારિત્ર એમ કુલ ૫૭ ભેદે સંવરનો માર્ગ બતાવવામાં આવ્યો છે.

**સંવર**

| સમિતિ | ગુપ્તિ | પરીષહ | યતિધર્મ | ભાવના | ચારિત્ર |
|---|---|---|---|---|---|
| ૫+ | ૩+ | ૨૨+ | ૧૦+ | ૧૨+ | ૫=૫૭ |

એમ મુખ્ય ૭ વિભાગમાં ૫૭ ભેદે સંવર તત્ત્વ કહેવામાં આવ્યું છે.




सर्वेषामास्रवाणां तु, निरोधः संवर स्मृतः ।
स पुनर्भिद्यते द्वेधा, द्रव्य-भावविभेदतः ॥

—યોગશાસ્ત્રમાં હેમચન્દ્રાચાર્ય મહારાજ જણાવે છે કે બધા જ આશ્રવ માર્ગોનો નિરોધ જે સંવર ધર્મ છે તે દ્રવ્ય અને ભાવના ભેદથી બે પ્રકારે છે:

संवर

द्रव्य संवर

**यः कर्मपुद्गलादानच्छेदः स द्रव्य संवरः ।**

કાર્મણ વર્ગણાના પુદ્ગલોને ખેંચીને જે કર્મરૂપે બનાવતા હતા તેને બંધ કરવાના માર્ગને દ્રવ્ય સંવર અર્થાત્ જેનાથી કર્મ લાગતા અટકી જાય તે દ્રવ્ય સંવર.

ભાવ સંવર

**भवहेतुक्रियात्यागः, सपुनर्भाव संवरः ॥**

ભવ એટલે સંસાર અને સંસારના કારણરૂપ જે આત્માના વ્યાપારરૂપ ક્રિયા તેનો ત્યાગ કરવો તે ભાવ સંવર કહેવાય છે.

સંવર

સર્વ સંવર

સર્વ આશ્રવોના માર્ગો બંધ કરીને બિલકુલ અંશ માત્ર પણ કર્મ ન આવવા દે તે સર્વ સંવર. એ તો હવે કોને હોય? અયોગી થઈ ગયેલા ૧૪માં ગુણસ્થાનકે હોય.

અલ્પ સંવર

૧, ૨, ૩, ૪ અથવા આ રીતે થોડા આશ્રવ માર્ગોનો વિરોધ કર્યો છે પણ બીજા થોડા આશ્રવ માર્ગો ચાલુ છે તેવા સંવરને અલ્પ સંવર કહીએ છીએ.

સમિતિ આદિ છએ વિભાગે બતાવેલા બધા જ સંવર માર્ગોનો યથાશક્ય પાળવા પ્રયત્ન કરવો જોઈએ. તો જ આત્મા આશ્રવ માર્ગમાં પાપ બંધથી બચી શકે. આશ્રવ અથવા સંવર આ બન્ને માર્ગમાંથી એક જ માર્ગ ચાલુ રહે છે. જે વખતે જે ક્રિયાનો આશ્રવ ચાલે છે તે વખતે તે ક્રિયાનો સંવર નથી હોતો, અને જે વખતે જે ક્રિયાનો સંવર હોય છે તે વખતે તે ક્રિયાનો આશ્રવ નથી હોતો. જેમ એક

સિગ્નલ ચાલુ ગાડીને અટકાવવા માટે છે, એમ પાપ માર્ગની સતતપ્રવૃત્તિને અટકાવવા સંવર ધર્મ છે.

## સંવરથી આશ્રવનો નિરોધ

**येन येन ह्युपायेन, रुध्यते यो यः आश्रवः।**
**तस्य तस्य निरोधाय, स स योज्यो मनीषिभिः ॥**

જે જે ઉપાયોથી જે જે આશ્રવ માર્ગ રોકાતો હોય, તે તે માર્ગનો અર્થાત્ સંવર ધર્મનો વિદ્વાન માણસોએ ઉપયોગ કરવો જ જોઈએ.

| | સંવર | આશ્રવ |
|---|---|---|
| ૧ | સમિતિથી | —ઈન્દ્રિય માર્ગનો આશ્રવ રોકાય છે. |
| ૨ | ગુપ્તિથી | —મન વચન, કાયાનો યોગાશ્રવ રોકાય છે. |
| ૩ | પરીષહસહન કરવાથી | — પ્રમાદ અને ક્રિયાશ્રવ રોકાય છે. |
| ૪ | યતિધર્મના ઉપયોગથી | —કષાયાશ્રવ રોકાય છે. |
| ૫ | ભાવનાભાવવાથી | — મિથ્યાત્વાદિ રોકાય છે. |
| ૬ | ચારિત્રરૂપવિરતિથી | — અવ્રત–અવિરતિ રોકાય છે. |

## મહાધ્યાની બાહુબલીની સાધના :

બાર બાર મહિનાથી કાયોત્સર્ગની ધ્યાન સાધનામાં ઊભા રહેલા મહાયોગી બાહુબલીને પણ મનમાં જે નાના ભાઈઓને વંદન ન કરવાનો આશ્રવ સતાવતો હતો તે બ્રાહ્મી સુંદરી સાધ્વી બહેનોના કહેવાથી અટકી ગયો. ભાવના જાગ્રત થઈ અને એ વિચાર એમને છોડી દીધો અને માન–અભિમાનનો અહં–કષાય ખલાસ થઈ ગયો. બસ, ભાઈઓને વાંદવા જવા માટે પગ ઉપાડે છે ત્યાં તો કેવળજ્ઞાન પ્રગટ થઈ ગયું.

મોટા ભાઈ ભરતને મારવા માટે બાહુબલીએ જે મુષ્ઠિ ઉપાડી હતી. તેથી તો મહા અનર્થ થઈ જાત. ? બાહુબલીના મનમાં ભારે આક્રોશ હતો. ક્રોધ હતો અને એથી ભરતના ચૂરે ચૂરા કરી નાંખવા માટે મુષ્ઠિતો ઉપાડી પરન્તુ ત્યાં જ અચાનક વિચાર બદલાઈ ગયો. એક ઉત્તમ વિચાર

તુરંત આવી ગયો. બસ હૈયામાં દયા-કરુણાનો ઝરણું ફૂટયું અને બાહુબલીએ એ મુઠ્ઠિ પોતાના જ માથે નાંખીને પંચમુષ્ટિ લોચ કરીને યુદ્ધના મેદાને જ સાચા અણગાર સાધુ બન્યા. કેટલો જલદી એમને અનર્થ-કારી પાપનો ત્યાગ કરી સાચો માર્ગ લીધો. પાપને કેટલો ઝડપી અટકાવી શકયા. ઉત્તમ સંવર ઉત્તમ નિર્જરા.

**અષ્ટ પ્રવચન માતા**

૫ સમિતિ અને ૩ ગુપ્તિ એ આઠને તો " પ્રવચન માતા " કહે-વામાં આવી છે. દીક્ષા લેવા માટે આટલું જ્ઞાન પર્યાપ્ત છે. ભલે શાસ્ત્રોનાં શાસ્ત્રો કે ગ્રન્થો ન પણ ભણ્યો હોય પરન્તુ સારી રીતે સમિતિ ગુપ્તિ પાળતા આવડે તોપણ ઉત્તમ આરાધક કહેવાય.

સમિતિ એટલે સમ્યગ્ ઉપયોગવાળી પ્રવૃત્તિ તે સમિતિ. તે સમિતિ પાંચ પ્રકારે વર્ણવી છે.

**ईर्या-भाषैषणा ऽऽदाननिक्षेपोत्सर्गाः समितयः ॥**

૧. જીવહિંસા ન થાય અને જીવરક્ષા પળાય તે રીતે સમક્ષ દૃષ્ટિ રાખીને જવું આવવું ચાલવું વગેરેને '**ઈર્યા સમિતિ**' કહી છે.

૨. સ્વ-પરને હિતકારી, નિરવદ્ય, નિષ્પાપ ભાષા બોલવી તે **ભાષા સમિતિ**

૩. આહાર, પાણી આદિ સાધુ જીવનમાં ગોચરી આદિ પાપ દોષ વિનાની ગ્રહણ કરવી તે **એષણા સમિતિ**

૪. વસ્ત્ર પાત્રાદિ જોઈ પૂંજીને લેવાં મૂકવા વગેરેની ક્રિયા તે **આદાન નિક્ષેપ સમિતિ**

૫. જીવ જંતુ આદિ જોઈ કરીને જયણાપૂર્વક મળ, મૂત્રાદિનું વિસર્જન કરવુ તે **ઉત્સર્ગ સમિતિ**

આ પાંચે સમિતિના પાલનપૂર્વકની ક્રિયાપ્રવૃત્તિ બોલ ચાલ, આહારનિહાર આદિનો સર્વ વ્યવહાર જયણાં પૂર્વકનો ઉપયોગ ધર્મ પૂર્વકનો બહુ જ સુંદર થઈ જાય જેથી સાધનાના જીવનમાં કોઈ પાપદોષ ન લાગે. માટે સમિતિ પણ જીવ હિંસાદિ પાપાશ્રવના નિરોધક સંવર ધર્મની અનુપમ સાધના છે નિર્દોષ અને નિષ્પાપ જીવન જીવવાની અદ્‌ભુત પ્રક્રિયા છે. અનેક મહામુનિઓ આ સાધનાથી પણ તર્યા છે.

**ત્રણ ગુપ્તિ ધર્મ**

આત્માને પાપ કહો કે પુણ્ય કહો, ધર્મ કહો કે અધર્મ કહો, કર્મનો બંધ કહો કે નિર્જરા કહો બધું જ કરાવનારા એકમાત્ર સાધનો ત્રણ મળ્યાં છે. મન, વચન અને કાયા. એ ત્રણે જડ છે, માટે પાપ બંધાવે કે પુણ્ય એમાં એમનો કોઈ વાંક નથી. મારે કે બચાવે એમાં તલવારનો વાંક નથી, એના વાપરનારા ઉપર મોટો આધાર રાખે છે. એ જ પ્રમાણે મન, વચન અને કાયા એ ત્રણેનો કેવો ઉપયોગ કરીએ છીએ એના ઉપર આધાર છે. ત્રણે સારાં પણ છે અને ત્રણે ખરાબ પણ છે. શ્રી ઉત્તરાધ્યયન સૂત્રમાં પ્રભુએ કહ્યુ છે કે

**अप्पा कत्ता विकत्ता य, दुहाण य सुहाण य ।**
**अप्पा मित्तममित्तं च, दुप्पट्ठिअ सुपट्ठिओ ॥**

ખરેખર આત્મા જ પોતાનાં સુખ અને દુઃખનો કર્તા અને વિકર્તા છે. અને આત્મા જ પોતે પોતાનો મિત્ર અને શત્રુ છે દુષ્કર્મ કરતો આત્મા પોતે જ પોતાનો શત્રુ છે. અને સદનુષ્ઠાનરૂપ સદ્‌ધર્મ પાળતો આત્મા જ પોતે પોતાનો મિત્ર પણ છે. માટે હે જીવ ! તારા સુખઃદુખનો કર્તા પણ તું બીજાને ન માનતો અને તારા મિત્ર શત્રુ પણ તું બીજાને ન માનતો પોતાને જ માનજે.

**"सम्यग् योग निग्रहो गुप्तिः" ॥**

મન-વચન-કાયાના ત્રણે યોગોનો સારી રીતે નિગ્રહ કરવો,

અટકાવવા તે ગુપ્તિધર્મ છે. મન, વચન અને કાયા એ ત્રણે તો પાપ પણ કરાવે. કર્મ પણ બંધાવે, અને કર્મ ખપાવે પણ ખરા, જ્યારે કર્મ બંધાવનાર બને છે ત્યારે દંડ સ્વરૂપ હોય છે અને એ ત્રણેને જો વાળી દેવાય, તો નિગ્રહ થઈ જાય અને તે નિગ્રહ કારક આયોગો એ ગુપ્તિધર્મ છે. એથી (૧) મનોગુપ્તિ, (૨) વચન ગુપ્તિ, (૩) કાય ગુપ્તિ એમ ત્રણ ભેદે ગુપ્તિ સંવર કહેવાય છે જે શાસ્ત્રવિહિત વિધિમાં પ્રવૃત્તિ સ્વરૂપ અને શાસ્ત્રનિષિદ્ધ વિધિમાં નિવૃત્તિરૂપ છે.

જે મનોગુપ્તિ–અર્થાત્ મનના વ્યાપારને આર્ત અને રૌદ્ર ધ્યાનની વિચારધારામાંથી નિવૃત્તિ કરવાનો હોય છે. ખરાબ વિચારોમાંથી મનને પાછો વાળી શુભવિચારધારામાં અર્થાત શુભધ્યાનમાં જોડવા જેવો છે.

પ્રસન્નચંદ્ર રાજર્ષિનું મન જે ચકડોળે ચઢ્યું. તે મન કેવ ભયંકર ખરાબ યુધ્ધના હિંસાના વિચારો કરાવવા માંડયું ? પરન્તુ એ ઋષિમહાત્માએ જેવું મન વાળી લીધું અને ધર્મધ્યાન–શુકલધ્યાનમાં લગાવી દીધું એટલે ધડાધડ કર્મો ખપતા ગયા અને ગણતરીની ક્ષણોમાં તો કેવળજ્ઞાન પામ્યા.

મન–વચન–કાયાના કારણે થતા પાપો લાગતા કર્મોને અટકાવવા માટે એક જ વિકલ્પ છે કે આ ત્રણેને ખોટા રસ્તે જતા અટકાવીને સાચા રસ્તે સ્થાપન કરી દેવા સાચા રસ્તે ચાલતા એ ત્રણે સીધા થઈ જશે. જેમ એક યુવાનપુત્ર મહા ડાકુ પણ બની શકે છે અને એક ઉત્તમ સાધુ પણ બની શકે છે. પુત્ર તો પુગ જ છે. પુગ રૂપે તો એ જેવો હતો એવો જ છે પરન્તુ અવસ્થા સ્વરૂપ બદલાઈ ગયું. એવું જ આ યોગોનું છે ગુપ્તિ માર્ગે વાળેલા યોગો આત્માને તારે છે.

## સહનશક્તિ અને પરિષહ :

**मर्गाऽच्यवननिर्जरार्थं परिषोढव्याः परीषहाः ॥**

આત્મા અનન્ત શક્તિશાલી છે. આત્મા ચેતન છે. દેહ જડ છે. અને

અત્યારે જીવન્ત અવસ્થામાં જડના ઘર જેવા આ દેહમાં આત્મા રહે છે. અનિત્યાદિ ભાવનાઓની અનુપ્રેક્ષાથી આત્મા દેહ-ભાવ, દેહ ભાન, દેહ રાગથી સદા જૂદો રહે તે જ સાધકની જાગૃતિ છે. દેહની સાથેનો ભેદજ્ઞાન અને ભેદ ભાવ જો જાગૃત હોય તો આત્મા તપ તો કરી જ શકે પણ સાથે સાથે પરિષહો અને ઉપસર્ગો પણ હસતા મોઢે સહન કરી શકે.

સાધુ મહાત્મા આજીવન પરિષહો અને ઉપસર્ગોને સહન કરવા માટે એક ચોકીદાર અને સીમા ઉપર યુધ્ધના મૈદાનમાં સજ્જ સૈનિકની જેમ તૈયાર રહે છે. સાધુના ૨૭ ગુણોમાં પરિષહ અને મરણાન્ત ઉપસર્ગો સહન કરવાના ગુણો રહેલા છે એવા ૨૨ પરીષહોનું વર્ગીકરણ કરવામાં આવ્યું છે.

(૧) ક્ષુધા = ભૂખ સહન કરવી, (૨) પિપાસા = પ્યાસ, તૃષ્ણા (૩) શીત = ઠંડી, (૪) ગરમી, (૫) મચ્છર, માંકણ આદિના ડંશ, (૬) વસ્ત્ર-કપડાનું પરીષહ, (૭) અરતિ અર્થાત્ ઉદ્વેગાદિના નિમિત્તે. (૮) સ્ત્રી પરીષહ, (૯) ચર્યા = ચાલવું આદિ, (૧૦) સ્મશાનાદિ સ્થાનરૂપ નૈષેધિકી, (૧૧) ઉચી-નીચી-પ્રતિકૂળ શય્યાનો પરીષહ, (૧૨) આક્રોશાદિ કઠોર વચન, (૧૩) તાડન, મારન આદિ વધ પરીષહ, (૧૪) યાચના, (૧૫) ન મળવાથી અલાભ, (૧૬) ભારે રોગ-ઉપદ્રવ આદિનું, (૧૭) તૃણના સંથારા આદિનું (૧૮) પરસેવો મેલાદિ મલપરીષહ, (૧૯) સત્કાર-સન્માન ખૂબ માન-પાન, (૨૦) પ્રજ્ઞા-જ્ઞાન-બુદ્ધિનો પરીષહ. (૨૧) અજ્ઞાન, (૨૨) શ્રદ્ધાની અને સમયકત્વની કસોટીના સમેય પણ સ્થિર રહેવું. આ પ્રમાણે પરીષહોની ગણનામાં ૨૨ ની સંખ્યા નીયત કરવામાં આવી છે.

દેવ-મણુઆ ઉપસર્ગશું જી, નિશ્ચલ હોય સુધીર;
બાવીશ પરીષહ જીતિયેજી, જિમ જીત્યા શ્રી વીર. ॥

## શ્રી મહાવીર પ્રભુએ સહન કરેલા ઉપસર્ગો :

સૌધર્મઈન્દ્રે સુધર્મા સભામાં શ્રી વીરપ્રભુની દઢતા, અડગતા, અને તેમના ધૈર્યગુણના ઉત્તમ વખાણ કર્યા પરન્તુ તે સહન ન થતા મિથ્યાદષ્ટિ દેવે પ્રભુને ડગાવવા, એમની પરીક્ષા કરવા માટે અત્રે આવીને શ્રી વીર પ્રભુને ઘોર ઉપસર્ગો કર્યા. હાથી થઈને સૂઢમાં પકડી ઉપર આકાશમાં ઉછાળી નીચે પાડી પગથી કચડયા, પગમાં ચૂલો કરી અગ્નિ સળગાવી, શરીર ઉપર સર્પ–વીંછિ થઈને ડંખ દીધા, વાઘ, શેર–સિંહ થઇને ડરાવ્યા, વ્યંતરાદિનું રૂપ લઈને સંતાપ્યા. કટપુતની વ્યંતરી થઇને શીત પરીષહ કર્યો, સ્ત્રી આદિના રૂપો કરી આલિંગન કર્યા. અનુકૂળ અને પ્રતિકૂળ ઉપસર્ગો કર્યા દેવતા અને મનુષ્યોએ ઉપસર્ગો કર્યા. અને તિર્યંચ પશુ પક્ષીના પણ ઉપસર્ગો થયા. અન્તે ગોશાળાએ કાનમાં ખીલા ઠોકયા. એવા કેટલા ઘોર ઉપસર્ગો પ્રભુએ કાયોત્સર્ગ ધ્યાનમાં અડગ સ્થિર રહીને સમભાવે સહન કર્યા. અને અદ્‌ભૂત કર્મની નિર્જરા કરીને કેવળજ્ઞાન પામ્યા.

પરમાત્મા તીર્થંકર પ્રભુએ તો પરીષહો અને ઉપસર્ગો સહન કર્યા, પરન્તુ સાધુઓ અને શ્રાવકોએ પણ ઘોર ઉપસર્ગો સહન કર્યા છે. મેતારજ મુનિ, ગજસુકુમાલ મુનિ, સ્કંધકાચાર્યના ૫૦૦ શિષ્યે ઘાણીમાં પીલાવાના ઉપસર્ગો જે રીતે સહન કર્યા છે તે તો સાંભળતા આપણને ચીસ પડી જાય. કામદેવ જેવા શ્રાવક પૌષધશાળામાં રાત્રિએ કાયોત્સર્ગ ધ્યાનમાં દેવતાઓએ કરેલા જે ઉપસર્ગો સમભાવે સહન કર્યા છે તેની પ્રશંસા તો શ્રી વીર પ્રભુએ સમવસરણમાં કરી હતી.

આવા ઘોર ઉપસર્ગો જ્યાં સહન કર્યા તો પરીષહો તો સાધકની સામે રમતની વાત ગણાય તે તો મહાત્માઓ હસતા–હસતા સહન કરી શકે.

## દશ પ્રકારના ધર્મથી સંવર

**उत्तमः क्षमा–मार्दवा–ऽऽर्जव शौच–सत्य–संयम–**
**तपस्त्यागा–ऽऽकिञ्चन्य ब्रह्मचर्याणि धर्मः ॥**

ઉત્કૃષ્ટ ક્ષમા, માર્દવ–એટલે નમ્રતા, આર્જવસારલતા, શૌચ-પવિત્રતા (અનાસક્તિ), સત્ય, સંયમ, તપ, ત્યાગ, અકિંચનતા, અને બ્રહ્મચર્ય આ દશ પ્રકારનો ધર્મ વર્ણવવામાં આવ્યો છે. આત્માના મૂળભૂત સ્વભાવરૂપ આ ધર્મ છે. આ ધર્મોના પાલનથી કષાયાશ્રવ અને પ્રમાદાશ્રવનો અવરોધ થાય છે.

**કષાય–પ્રમાદાશ્રવની સામે દશ પ્રકારે ધર્મ—**

**उवसमेण हणे कोहं. माणं मद्दवया जिणे ।**
**माय चाज्जव भावेण, लोभं संतोषओ जिणे ॥**

શ્રી દશવૈકાલિક આગમમાં પ્રભુએ ચારે કષાય માર્ગે આવતા પાપ-કર્મોને અટકાવવા ઢાળ રૂપ ધર્મોને બતાવતા કહ્યુ છે—

(૧) ઉપશમ ભાવ રૂપ ઉત્તમ ક્ષમાના ગુણથી ક્રોધ કષાયને જીતી શકાય છે.

૨ મૃદુતાના નમ્ર ભાવથી માન કષાયને જીતવો જોઈએ.

૩ આર્જવ–સરલતાના ભાવથી માયાના કષાયને જીતવો જોઇએ.

૪ અને પરમ સંતોષ ભાવથી લોભ કષાયને જીતવો જોઈએ. શૌચ એટલે લોભનો અભાવ. અનાસકિત,

૫ સત્ય ધર્મનો પાલન કરીને મૃષાવાદના પાપશ્રવને જીતવો જોઇએ.

૬ સંયમ ધર્મથી મન–વચન, કાયાનો નિગ્રહ કરવો જોઈએ અને ઈન્દ્રિયો તથા મનને વશમાં રાખવા જોઈએ.

૭ તપ ધર્મની આરાધનાથી આહારાદિની સંજ્ઞા કાબુમાં આવતા જીભના કારણે ખાવા-પિવાદિના કારણે થતા પાપાશ્રવો અટકી જાય છે.

૮ ત્યાગ ધર્મ સંસ્કાર થી મોહ મમત્વઓછો કરી શકાય છે.

૯ આકિંચન્ય દેહ તથા બાહ્ય સાધન સામગ્રી ઉપરનો મોહ–મમત્વ અને મૂર્છા નો ભાવ ટાળીને આત્મા મહાપરિગ્રહના પાપથી બચી શકે છે.

૧૦ બ્રહ્મચર્ય નરકના દ્વારરૂપ મૈથુન સેવન ના મહાપાપાશ્રવથી બચવા ઉત્તમ બ્રહ્મચર્ય ધર્મ છે. તેના પાલનથી વૈષયિક વાસનાના મહા-ભયંકર પાપોથી બચવા માટે બ્રહ્મચર્યનો મહાન ધર્મ છે કલ્પના કરો કે આજે ક્રુરરીતે કરાતા બળાત્કારો ની વૃત્તિઓ કેટલી ખરાબ હશે. એવા જીવો જો આ દશધર્મ અથવા ભાવનાઓ નું સુંદર ચિંતન કરે તો પણ એવી વૃત્તિઓથી બચી શકાય.

સંવરધર્મ એક મહાન ધર્મ છે. સમુદ્ર જેવો વિશાળ ધર્મ છે. જેમાં બધાજ પ્રકારના ધર્મનો સમાવેશ થઈ જાય છે. જેથી પાપના આશ્રવ દ્વારો બંધ થઈ જાય. ભાવના યોગનો ઉત્તમ માર્ગ બતાવી પ્રમાદ કષાયાદિ સર્વ પ્રકારના આશ્રવ દ્વાર ને અટકાવવા ઉત્તમ પ્રકારની બાર ભાવના ચિન્તવવાનું કહ્યુ છે.

**બારભાવનાથી સંવર**

**अनित्याऽशरण-संसारैकत्वाऽन्यत्वाऽशुचित्वाऽऽस्रव-**
**संवर-निर्ज़रा-लोक-बोधिदुर्लभ-धर्मस्वाख्यात तत्वा-**
**नुचिन्तनमनुप्रेक्षा ॥**

શ્રી તત્વાર્થ સૂત્રમાં વાચક મુખ્યજી એ આ પ્રમાણે બાર ભાવના દર્શાવી છે.



ભાવના ભવનાશિનિછે. ભવ એટલે સંસાર અને કષાય માં પણ કષ એટલે સંસાર માટે ભાવના સંસારનો નાશ કરનારી છે. સંસારની ભવપરંપરા નો નાશ કરનારી છે. પ્રસ્તુત સચિત્ર જાહેર વ્યાખ્યાનમાળા ની આ પુસ્તિકા " ભાવના ભવનાશિનિ " ના વિષય ની જ ચાલી રહો છે એટલે અહીં તેનો વધારે વિવેચન નથી કરતા. દરેક દરેક ભાવનાની એક સ્વતંત્ર પુસ્તિકાજ બનાવવામાં આવે છે. તેમાં વિસ્તૃત વિવેચન કરવામાં આવે છે. તે ત્યાંથી વાંચી લેવું અંતે ભાવના વિષય કષાય અને પ્રમાદાદિ સર્વ આશ્રવમાર્ગને રોકનારી છે.

## એક ખૂની હત્યારો–મહાયોગી બન્યો :

ધન શેઠના ઘરે ચિલાતી નામની દાસીની કુક્ષીએ જન્મેલો પુત્ર ચિલાતી પુત્રના નામે જ ઓળખાતો. ધન શેઠની પુત્રી સુષ્માને રમાડતો કરતો ઘરમાં રહેતો હતો. ઉંમર વધતા ચિલાતી પુત્રના અડપલા વધ્યા અને સુષ્માની સાથેના ચહેનચાળા જોઈને શેઠે ચિલાતી પુત્રને ઘર બહાર કાઢી મુકયો.

જંગલમાં જઈને ચોરોની ટોળીમાં ભળ્યો અને એક દિવસ બધાએ ભેગા થઈને ધન શેઠના ઘરે ધાડ-પાડી. બધા ચોરોએ કબાટોમાંથી રૂપિયા લઈ પોટલા બાંધીને દોડયા. ત્યારે ચિલાતી પુત્રે ભર ઉંઘમાં સૂતેલી સુષ્માને ઉપાડી લીધી અને બધા દોડયા ત્યારે શેઠ–છોકરાઓ વગેરે બધા જાગી ગયા અને બધા પાછળ દોડયા. ઘોડેસવાર પોલીસ પણ પાછળ પડી. એટલે પાછળ આવતા સુભટોનો અવાજ સંભળાતા ચોરોએ ધનના પોટલા રસ્તામાં નાંખી દઈને ભાગ્યા અને જાન બચાવી.

પરંતુ ચિલાતી પુત્ર સુષ્માને ફેંકી શકે એમ નથી. મહામોહના તાંતણે બંધાયેલો છે. મમત્વ ખુબ ભારે છે પણ શું થાય. જો ન છોડે તો પોતે પણ પકડાય એમ છે. માટે ચિલાતીએ કમર ઉપરથી તલવાર કાઢી અને એક ઝટકે સુષ્માના ગળા ઉપર ફેરવી નાંખી. એક જ ઝટકે ધડ અને માંથુ જુદુ કરીને ધડ ત્યાં રસ્તામાં જ ફેંકીને લોહી ઝરતુ માથુ હાથમાં લઈને દોડયો.

એક દિશામાં રસ્તામાં ઝાડ નીચે ચારણ મુનિ મહાત્મા ધ્યાન કરતા હતા. ચિલાતીપુત્ર દોડીને ત્યાં આવ્યો અને મુનિને જોરથી આક્રોશમાં તલવાર ઉગામી કહેવા લાગ્યો—મહારાજ ! ધર્મ બતાવો, જલ્દી બતાવો. મુનિમહાત્મા તો "ઉપશમ-વિવેક અને સંવર" આ પ્રમાણે ત્રણ શબ્દો બોલીને ચારણઋષિ હોવાથી આકાશમાં ઉડી ગયા.

અને ચિલાતી પુત્ર આ ત્રણ શબ્દો ઉપર વિચાર કરતો જ રહ્યો. એનું મન વિચારે ચઢ્યું યાદ કરે છે, આ શું શબ્દો છે ? શું એનો અર્થ છે ? પરંતુ અજાણ્યા-અપરિચિત શબ્દો હોવાથી કંઈ જ યાદ નથી આવતું. અર્થની વિચારણા એક ધારી ચાલી. મનમાં ઉહાપોહ તર્ક-વિતર્ક શરૂ થયા. ઉપશમ એટલે શું ? ઓ હો...શમ...શાન્તભાવ, ક્ષમા ભાવ, ક્રોધ ન કરવાનો ભાવ આટલો વિચાર કરતા જ ચિલાતી પુત્રે ક્રોધ શાન્ત કર્યો, ઠંડો થયો, ઠંડા હૈયે વિચારવા માંડયો. "વિવેક" એટલે શું. અરે ! આ મારૂ વિવેક છે ? છોકરીનું લોહી ઝરતુ માથુ, લોહીથી ખરડાયેલા કપડા, વિવેક એટલે જ્ઞાન, આ શું મારૂ વિવેક જ્ઞાન છે. ? એમ વિચારી છોકરીનું માથુ હાથમાંથી ફેંકી દીધું અને પછી ત્રીજા શબ્દ સંવરનો વિચાર કરવા માંડયો. સંવર....સંવર એટલે શું ? શબ્દની સાથે અર્થ ધ્યાનમાં આવ્યું-રોકવું, અટકાવવું. અરે ! તો હવે મારે પાપને કેવી રીતે અટકાવવા. ચિન્તાના બદલે ચિન્તનની ધારા હતી. હવે મુનિની ધ્યાન મુદ્રા નજરમાં આવી. વસ્ત્રાદિ તજીને ધ્યાન મુદ્રામાં કાયોત્સર્ગ ભાવે ઉભા રહી ગયા. પશ્ચાતાપની ધારામાં ચઢી ગયા લોહીની ગંધથી મોટી લાલ કીડીઓ ઘેરી વળી અને પગથી ચઢીને મસ્તકે નીકળવા માંડી. શરીર ૨ દિવસમાં ચાલણી જેવું થઈ ગયું. છતા પણ પાપના પશ્ચાતાપની ધારા અખંડ હોવાના કારણે નરક ગતિથી બચીને અઢી દિવસની ધ્યાનની સાધનામાં દેવલોકે ગયા. તત્કાલ કરેલા પાપથી બચવા માટે પણ આટલું સાધી શકયા.

## કાર્યકારણ ભાવ સંબંધ

રોગ હોય તો દવા લેવી પડે છે. રોગ જ ન હોય તો ઔષધની

આવશ્યકતા નથી રહેતી. એમ પાપ કર્યા હોય તો ધર્મની આવશ્યકતા રહે છે. જો તમે પાપ જ ન કર્યા હોય તો તમારા માટે ધર્મની કોઈ આવશ્યકતા નથી. ભૂતકાળના કોઈ પાપ માથે ન હોય, અને નવા પાપ તમે કરતા ન હો તો તમારે ધર્મ પણ કરવાની જરૂરત નથી. પરંતુ સંસારમાં રહેવું. સંસારમાં છીએ અને પાપ વગરના છીએ. ભૂતકાળમાં પાપ કર્યા નથી અને આજે કરતા નથી. એ વાત સંભવ જ નથી. જે સંસારી હોય તેણે પાપ કરેલા જ હોય અને જેણે પાપ કરેલા છે તે ચોક્કસ સંસારી જ છે. સર્વથા જે પાપ વગરનો છે તે સંસાર વગરનો જ હોય. અને જે સંસાર વગરનો હોય તે પાપ વગરનો હોય. અર્થાત્ સિદ્ધ-બુદ્ધ મુક્ત હોય. મોક્ષમાં પાપ નથી માટે સંસાર નથી. અને સંસાર નથી માટે પાપ નથી માટે બંનેથી મુક્ત છે. સંવર ધર્મ પાપને અટકાવવા માટે છે. દવા રોગ પ્રતિકારક છે. દેવુ કર્યું છે તો ચૂકવવું જ જોઈએ. પાપ કર્યા છે તો ખપાવવા જ જોઈએ. પાપ કર્યા જ છે તો સંવર ધર્મ આચરવો જ પડશે. સાધનાના ક્ષેત્રે સંવર નિર્જરા ધર્મની સાધના ઉત્તમ છે.

સંવર જો કારણ છે તો નિર્જરા કાર્ય છે અને નિર્જરા જો કારણ છે તો મોક્ષ કાર્ય છે. જેમ ધૂમાડાનું કારણ અગ્નિ છે, અને ઘડાનું કારણ માટી છે તે જ પ્રમાણે સંવર–નિર્જરા-મોક્ષમાં પણ કાર્યકારણ ભાવ સંબંધ છે.

**સંસારમાં ધર્મની ટકાવારી**– નવ તત્ત્વમાં–પુણ્યાશ્રવ, સંવર નિર્જરા અને મોક્ષ એ ચાર તત્ત્વો પરમ ઉપાદેય છે પુણ્યાશ્રવના ધર્મથી સુખ મળે છે. માટે ઈહલોક–પરલોકના સુખની દૃષ્ટિથી પુણ્યોદયની દૃષ્ટિથી ધર્મ કરનારા સંસારમાં ૮૦% મળશે. પરંતુ સંવર ધર્મની દૃષ્ટિવાળા અર્થાત આવતા પાપને અટકાવવા, દુઃખથી બચવા–છુટવાની દૃષ્ટિવાળા માંડ ૨૦% ટકા અને કર્મક્ષય માટે નિર્જરાના લક્ષનો ધર્મ કરનારા માંડ ૫ થી ૧૦% ટકા મળશે જ્યારે સર્વથા મોક્ષાનુલક્ષી સર્વ કર્મથી મુક્ત થવાની, સંસારથી મુક્ત થવાની ભાવનાથી ધર્મ

કરવાવાલા સેંકડે હજારે એક વિરલા મળશે. ધર્મનો આધાર પણ ભાવના યોગ ઉપર મોટો આધાર રાખે છે.

## અવ્રતાશ્રવથી બચવા ચારિત્ર ધર્મ—

અવિરતિ-અવ્રતમાં રહેવાથી પાપના આશ્રવની છૂટ રહે છે. કોઈ જાતનું પ્રતિબંધ અને મર્યાદા કે પચ્ચખાણ નથી હોતુ માટે પાપના આશ્રવો સતત લાગ્યા જ કરે છે. એમાંથી બચવા માટે ઉત્તમ માર્ગ છે ચારિત્ર ધર્મની સાધના, તીર્થંકર પરમાત્માએ સર્વ પ્રથમ સર્વ વિરતિ ધર્મનો ઉપદેશ આપ્યો છે. સર્વથા જે જીવો સંસાર અને સંસારના છે એ કાયના જીવોના આરંભ સમારંભ રૂપ પાપનો ત્યાગ કરીને આજીવન વ્રત નિયમમાં રહી શકે તે ઉત્તમ છે. અને જે જીવો આ સર્વ વિરતિ સ્વીકારવામાં અશક્ત હોય તેમના માટે દેશવિરતિ ધર્મ પ્રભુએ કહ્યો. અર્થાત્ ધર્મ તો તે જ સ્વરૂપ તેજ. ફકત પ્રમાણ અને મર્યાદામાં તફાવત છે.

**વિરતિ ધર્મ**

**સર્વ વિરતિ**
સંપૂર્ણ ચારિત્ર (આજીવન)
પંચમહાવ્રત (સાધુ)

**દેશ વિરતિ**
અલ્પ ચારિત્ર
દ્વાદશવ્રત (૧૨)

| ૫ + | ૩ + ૪ = | ૧૨
અણુવ્રત ગુણવ્રત શિક્ષાવ્રત

સર્વ વિરતિધર આત્મા સાધુ હોય છે આજીવન માટે જેને બધી જ જાતના પાપો છોડી દીધા છે, સર્વ સાવદ્ય-આરંભ-સમારંભાદિ હિંસા-જન્ય પાપાદિનો ત્યાગ તે સર્વ વિરતિ. " **सव्वं सावज्जं जोग पच्चक्खामि** "ના પચ્ચખાણ લઇને સંસારનો ત્યાગી સદા માટે સાધુ બને છે. જ્યારે શ્રાવક સંસારમાં રહીને જ બાર વ્રત અંગીકાર કરે છે,

તે સ્થૂલથી હોય છે. (૧) સ્થૂલ પ્રાણાતિપાત વિરમણવ્રત, (૨) સ્થૂલ મૃષાવાદ વિ.વ્રત, (૩) સ્થૂલ અદત્તાદાન વિ.વ્રત, (૪) સ્થૂલ મૈથૂન વિ.વ્રત, (સ્વદારા સંતોષવ્રત), (૫) સ્થૂલ પરિગ્રહ પરિમાણવ્રત, (૬) દિગ્ પરિમાણવ્રત, (૭) ભોગોપભોગ પરિમાણવ્રત, (૮) અનર્થ દંડ વિરમણવ્રત (આ ત્રણ ગુણવ્રત કહેવાય છે), (૯) સામાયિક વ્રત, (૧૦) દેશાવકાશિકવ્રત, (૧૧) પૌષધવ્રત, (૧૨) અતિથિ સંવિભાગ વ્રત આ ચાર શિક્ષાવ્રત છે.

**ચારિત્ર**

1 સામાયિક — 2 **છેદોપસ્થાપ્ય** — 3 પરિહાર વિશુદ્ધિ — 4 સૂક્ષ્મસંપરાય — 5 યથાખ્યાત

**सामायिक-छेदोपस्थाप्य-परिहारविशुद्धि-सूक्ष्मसंपराय यथाख्यातानि चारित्रम् ॥**

**(૧) સામાયિક**—સામાયિક-સમ = એટલે સમતા. આય એટલે લાભ, અર્થાત સમતાનો લાભ જેનાથી થાય તે **સામાયિક**-આ સમભાવ વિવિધ પ્રકારનો છે.

લાભ અલાભે સુખ-દુખેજી, જીવિત-મરણ-સમાન;
શત્રુ-મિત્ર સમ ભાવતોજી. માન અને અપમાન ॥

લાભ થાય કે ન પણ થાય. વસ્તુ મળે કે ન પણ મળે, સુખ-હોય કે દુઃખ હોય સુખનો પ્રસંગ હોય કે દુઃખનો પ્રસંગ હોય, અથવા જન્મ હોય કે મરણ હોય અથવા શત્રુ હોય કે મિત્ર હોય, અને માનનો પ્રસંગ હોય કે અપમાનનો પ્રસંગ હોય તે સર્વ પ્રસંગોમાં સમભાવ રાખવું, સમતા રાખવી તે **સામાયિક ચારિત્ર**. એક શ્રાવક પણ ઉત્તમ સામાયિક કરી શકે છે. પુણિયા શ્રાવકની સામાયિકની પ્રશંસા તો પરમાત્મા મહાવીર પ્રભુએ પણ કરી અને શ્રેણિક જેવા રાજાને પણ સામાયિક માટે પુણિયાશ્રાવક પાસે મોકલ્યા હતા. "**छिन्नइ असुहं कम्मं**"-સામાયિક અશુભ કર્મોનો નાશ કરે છે.



**(૨) છેદો પસ્થાપનીય ચારિત્ર**—સદોષ કે નિર્દોષ સામાયિક ચારિત્રના પર્યાયનો છેદ કરીને ઉપસ્થાપન કરવુ. યોગોદ્વહન વગેરે કરાવ્યા બાદ જે વડીદીક્ષા કરવામાં આવે છે તે છેદોપસ્થાપનીય ચારિત્ર

**(3) પરિહાર વિશુદ્ધિ ચારિત્ર**—ગચ્છના ત્યાગ ( પરિહાર ) પૂર્વક જે ખાસ પ્રકારનું તપ કરી આત્માની વિશુદ્ધિ કરવામાં આવે તેને પરિહારવિશુદ્ધિ ચારિત્ર કહેવામાં આવે છે.

## (૪) સૂક્ષ્મ સંપરાય ચારિત્ર

દશમા સૂક્ષ્મસંપરાય ગુણસ્થાનકે મોહનીય કર્મની ૨૮ માંથી ૨૭ કર્મની પ્રકૃતિઓ ક્ષય થઈ ગઈ હોય. અને માત્ર સૂક્ષ્મ લોભ જ શેષ રહ્યું હોય. સંપરાય=એટલે કષાય પરન્તુ તે સૂક્ષ્મ રૂપે હોય છે. તે સૂક્ષ્મ સંપરાય ચારિત્ર.

## (૫) યથાખ્યાત ચારિત્ર

૧૩માં ગુણસ્થાનકે સયોગી કેવલી ભગવાનના ચારિત્રને યથાખ્યાત ચારિત્ર કહ્યું છે. અર્થાત જેવું સર્વજ્ઞ-કેવલી ભગવંતોએ ચારિત્રનું શુદ્ધ સ્વરૂપ કહ્યું છે તેવું તેમનું હોય છે તે યથાખ્યાત ચારિત્ર.

સર્વ પ્રકારના આશ્રવના નિરોધ માટે આ ચારિત્ર ધર્મ ઉત્તમ સંવર છે. ખરેખર તીર્થંકર પરમાત્માએ પણ સામાયિકાદિ ચારિત્રનો મહિમા-ઉત્તમ ફળ જણાવતા કહ્યુ છે કે—

**समाइय पोसहंमिय, जो कालो गच्छई जीवस्स ।**
**सो मुक्खफल देइ, सेसो संसार फल हेउ ॥**

—સામાયિક-પૌષધાદિ વિરતિરૂપ ચારિત્ર ધર્મની આરાધનામાં જીવનો જે કાળ વ્યતીત થાય છે તે મોક્ષનું ફળ દેનાર બને છે. એ સિવાયનો કાળ સંસારનું ફળ આપનાર હેતુ બને છે. અર્થાત જેટલો સમય વ્રત-વિરતિમાં જાય છે તેજ લેખે લાગે છે. શેષ તો સંસાર વધારનાર જ થાય છે.

**विनौषधं शाम्यति नो गदो यथा, विनाशनं शाम्यनो-**
**क्षुधा यथा ।**
**विनाम्बुपानेन तृषाऽयथा यथा, विना व्रतं कर्म**
**रुगाश्रवस्तथा ॥**

ઔષધ વગર જેમ રોગ શાન્ત થતા નથી, મટતા નથી, ભોજન વગર જેમ ભૂખ ભાંગતી નથી. પાણી વગર જેમ તરસ મટતી નથી. તે જ પ્રકારે વ્રત-પચ્ચખાણ વગર કર્મરૂપી રોગના આશ્રવ પણ મટતા નથી. અર્થાત આશ્રવના નાશ માટે વ્રતાદિ સંવર ધર્મની પણ એટલી જ અગત્યની જરૂર છે.

અને જ્ઞાની ભગવંતો કહી ગયા છે કે—

**संपत्तौ नियमः शक्तौसहनं, यौवनेव्रत ।**
**दारिद्रये दानमाप्यल्पं, महालाभाय जायते ॥**

ધન-સંપત્તિ વગેરે હોય ત્યારે નિયમ કરવો, મર્યાદા ધારણ કરવી છતી શક્તિએ સહન કરવું, અને ભર જુવાનીમાં વ્રત-નિયમ ધારણ કરવા. બ્રહ્મચર્ય પાળવું, તેમજ દારિદ્ર્ય હોય, ગરીબિ હોય, છતા પણ થોડામાંથી થોડું પણ આપવું ખરેખર મહાન લાભ માટે થાય છે. માટે હે આત્મન! થોડામાંથી થોડું પણ આપવું. અને છતી શક્તિએ વ્રત-પચ્ચખાણ વગેરે અવશ્ય પાલન કરવા જોઇએ.

## વિપાક પછી પણ પાપનો ત્યાગ—

ઘણી વખત પાપનો ત્યાગ જીવો પહેલાથી સમજીને નથી કરતા. તત્વજ્ઞાન પ્રાપ્ત કરીને પાપાદિનું સ્વરૂપ ઓળખીને તેના દારૂણ વિપાકોને સારી રીતે સમજીને પછી તેનો ત્યાગ કરવો પણ સર્વોત્તમ માર્ગ છે. કાદવમાં પગ ખરડયા પછી ધોવા જવું એના કરતા તો પગ ન ખરડાય અને શુદ્ધિ કરવી તે ઉત્તમ માર્ગ છે. તિર્યંચ-અને નરક વગેરેની ગતિઓ નજર સામે જોઇને, તે તે ગતિઓમાં ભોગવાતા પાપના ભયંકર વિપાકો ભોગવાતા જોઇને પણ જો આપણે વિચાર કરીએ તો પણ ચોક્કસ પાપ છોડવાનું મન થઇ જાય. અરેરે! નરકગતિના ભયંકર દુઃખો તો નજર સામે આવતા પણ કંપારી છૂટી જાય છે હૈયુ ધ્રુજી ઉઠે છે. આહા હા કેવી સજા? કેવા દુઃખો? અરે કેવી ગતિ? નરક ગતિનો અને નરક ગતિની વેદના વિચાર કરીને પણ સમજુ જીવે એ સમજવુ જોઇએ કે આ શેનો પરિણામ છે? ખરેખર કરેલા પાપ કર્મોનાં જ પરિણામ છે જો પાપ ન કર્યા હોત તો પાપ ની સજા ભોગવવાનો વખતજ ન આવ્યો હોતને? પાપ કર્યા છે માટે સજા ભોગવવાની છે ને? પરન્તુ શું કહેવુ આ સંસારના જીવોનું? કેવી વિપરીત મનોવૃત્તિ છે. તે તો જુઓ -

**पुण्यस्य फलमिच्छिन्ति, पुण्यं नेच्छान्ति मानवाः ।**
**फलं पापस्य नेच्छान्ति, पापं कुर्वन्ति सादराः ॥**

ઊંધી ગંગા તો જૂઓ–પુણ્યનું ફળ જે સુખ છે તે સહુ ઈચ્છે છે, પરન્તુ પ્રેકટીકલ પુણ્ય કરવા કોઈ મનુષ્યો તૈયાર નથી અને પાપનું ફળ દુઃખ સહુને અપ્રિય છે તે મળે એમ કોઇ ઇચ્છતુ નથી. છતા પણ પાપ તો સહુ હોંસે હોંસે કરતાજ જાય છે. આ કેટલી વિચીત્ર અવળી ગંગા ચાલે છે ? હવે જીવોને કોણ સમજાવે ?

**સંવર ભાવના**—સંવર એ આત્મશુદ્ધિ નો ઉત્તમ માર્ગ છે. ચાલતી ટ્રેનના માટે Red Signal ની જેમ છે. અગમ ચેતીનું કામ કરનાર અનુપમ દીવાદાંડી જેવી આ સંવર ભાવના છે. પાપોને અટકાવવા માટે Red Signal છે. દીવાદાંડીરૂપ છે. જેમ બ્રેક વગર ની ગાડી ન હોય તેમજ ધર્મ વગર સંવર ન હોય માટે જ ધર્મારાધના ના બધાજ પ્રકારો સર્વ પ્રથમ સંવર તત્ત્વની અંતર્ગત ગણાય અને પછી તેમાંથી વિશેષ નિર્જરા થાય છે. આમ જોવા જઇએ તો સંવર અને નિર્જરા બન્નેની આત્મા માટે એક સરખીજ કામગિરિ છે. સંવર આત્મામાં આવતા નવા પાપકર્મો ને અટકાવે છે જ્યારે નિર્જરા જૂના પાપ કર્મોને ખપાવે છે. જૂના અને નવા બન્નેની વચ્ચે કોઈ સંબંધ નથી એક ભૂતકાળ નું કામ કરે છે જ્યારે બીજો ભાવિની કામગિરિમાં તૈયાર છે, હા એટલુ જરૂર કે ધુમાડો હોય ત્યાં અગ્નિ જરૂર પણ અગ્નિ હોય ત્યાં ધૂમાડો હોય કે ન પણ હોય. તેની જેમ નિર્જરા હોય ત્યાં સંવર અવશ્ય હોય પણ સંવર હોય ત્યાં નિર્જરા થાય કે ન પણ થાય.

નવકારશી થી માસખમણ સૂધીના તપના પચ્ચખાણથી શરૂઆત એજ સંવરની સૂચકતા છે. દર્શન પૂજા–સામાયિક–પૌષધ વગેરે સર્વ સંવરને સૂચવનારા છે. નિર્જરા પછી સંવરથી જો નવા પાપોને આવતા અટકાવી દીધા હોય અને નિર્જરા થી ~~જો~~ જૂના પાપો નો ભૂકકો

બોલાવવાની પ્રક્રિયા સતત ચાલુજ જો રાખી હોય તો એક વખત આત્મા અવશ્ય મુક્ત થઈ જાય.

શુભ માનસ માનસ કરી, ધ્યાન અમૃત રસ રેલી ;
નવદળ શ્રી નવકાર પય, કરી કમલાસન કેલિ ॥

પાતક પંક પખાળીને, કરી સંવર ની પાળ ;
પરમહંસ પદવી ભજો, છોડી સકલ જંજાળ.



મનને માન સરોવર બનાવી એમાં શુભ ધ્યાનરૂપી અમૃતરસ રેલાવવામાં આવે, કમલાસન(પદ્માસન) કરીને હૃદય સરોવરમાં નવકારના નવપદો એ કમળની નવપાંખડીપર ગોઠવીને ધ્યાન દ્વારા પાપના પંક અર્થાત કાદવ ને સાફ કરી શકાય.

બધી જંજાળ છોડીને મન સરોવરની ચારે બાજુ સંવરની પાળ બાંધીને પરમાત્માને ભજો, ધ્યાન કરો. એમ કરતો આપણો હંસલો એ પરમ-હંસની પદવી પ્રાપ્ત કરશે. પરમપદને વરશે.

आश्रवः सर्वथा हेयः उपादेयश्च संवरः ॥
आश्रवो भवहेतुः स्यात्, संवरो मोक्षकारणम् ॥

ખરેખર આશ્રવ સર્વથા ત્યાજ્ય છોડવા જેવો માર્ગ છે અને સંવર સદાય ઉપાદેય અર્થાત્ આચરણીય માર્ગ છે. આશ્રવ તો સંસારનું કારણ છે. અને સંવર મોક્ષનું કારણ છે. સંવર માર્ગ શિવસુખ પામવાનો માર્ગ છે. આત્માનુ કલ્યાણ કરનાર છે. સર્વ જીવો સંવર ધર્મ આદરો એ જ શુભેચ્છા.

— શુભં ભવતુ —

## આઠમી સંવર ભાવનાની સજ્ઝાય

શુભ માનસ માનસ કરી, ધ્યાન અમૃત રસ રેલી;
નવદલ શ્રી નવકાર પદ, કરી કમલાસન કેલિ ।
પાતક પંક પખાલીને, કરી સંવરની પાળ ;
પરમ હંસ પદવી ભજો. છોડી સકળ જંજાળ ॥
આઠમી સંવર ભાવનાજી, ધરી ચિત્તશું એકતાર;
સમિતિ ગુપ્તિ શુદ્ધિ ધરોજી, આપો આપ વિચાર ।
સલૂણા ! શાંત સુધારસ ચાખ... (એ આંકણી)
વિરસ વિષય ફળ ફૂલડેજી, અટતો મન અલિ રાખ ॥ ૧ ॥ સલૂણા
લાભ અલાભે સુખ–દુઃખેજી, જીવિત મરણ સમાન;
શત્રુમિત્રસમ ભાવતોજી, માન અને અપમાન. ॥ ૨ ॥ સલૂણા
કદિયે પરિગ્રહ છાંડશુંજી, લેશું સંયમ ભાર;
શ્રાવક ચિંતે હું કદાચીત, કરીશ સંથારો સાર ॥ ૩ ॥ સલૂણા
સાધુ આશંસા ઈમ કરે જી, સૂત્ર ભણીશ ગુરૂ પાસ;
એક જ મલ્લ પ્રતિમા રહી જી, કરીશ સંલેષણા ખાસઃ ॥ ૪ ॥ સલૂણા
સર્વ જીવ હિત ચિંતવોજી, વઈર મ કર જગમિત્ત;
સત્યવચન મુખ ભાખીએજી, પરિહર પરનું વિત્ત ॥ ૫ ॥ સલૂણા
કામકટક ભેદણ ભણીજી, ધરતુ શીલ સન્નાહ;
નવવિધ પરિગ્રહ મૂકતાંજી, લહીએ સુખ અથાહ ॥ ૬ ॥ સલૂણા
દેવ મણુઆ ઉપસર્ગશુંજી, નિશ્ચલ હોય સુધીરઃ
બાવીશ પરીષહ જીતિએ જી, જિમ જીત્યા શ્રી વીર ॥ ૭ ॥ સલૂણા

## શિબિરના કેટલાક અનુમોદનીય યાદગાર સંસ્મરણો :

પ. પૂ. મુનિરાજ શ્રી અરૂણવિજયજી મહારાજના શિબિર ના પ્રવચનો સાંભળી નવયુવાનોંએ કરેલી પ્રતિજ્ઞા અને નિયમોની આછી ઝલક

✠ ઘણાં યુવાનોંએ-નિત્ય નિયમિત દર્શન-પૂજાની પ્રતિજ્ઞા કરી છે.

✠ સેંકડો યુવાનોંએ અને મોટા શ્રાવકોએ કાંદા-બટાકા લસણ-ગાજર આદિ અનન્તકાય કંદમૂળના ત્યાગનો નિયમ લઈ જીવન ધન્ય બનાવ્યુ છે.

✠ મધ-માંસ-મદિરા-અને માખણ જેવી ચાર મહા વિગઈનો જીવનભર માટે સેવન ન કરવાના પચ્ચખાણ કરીને સેંકડો યુવાનોંએ પાપના દરવાજા બંધ કર્યા છે. તેમજ ઈંડાનો પણ ત્યાગ કર્યો છે.

✠ ગોકુલાષ્ટમીનું જુગારખાનું બંધ કરીને જીવનમાં જુગાર ન રમવાની પ્રતિજ્ઞા કરનાર ઘણાં યુવાનોંએ જીવન શુદ્ધિ કરી છે.

## શ્વેત ક્રાન્તિસાથે યાદગાર ચૈત્યપરિપાટી :

પર્યુષણ મહાપર્વ પછી ભાદરવા શુદ ૫ના રોજ પૂ. મુનિરાજ શ્રી અરૂણવિજયજી મહારાજની નિશ્રામાં ચતુર્વિધ સંઘસાથે શિબિરાર્થી યુવાનોં સાથે વડોદરા શહેરના જિનપ્રાસાદોના દર્શનાર્થે એક ભવ્ય યાદગાર ચૈત્યપરીપાટી નીકળી હતી.

### " સૌજન્ય "

**શાહ મોહનલાલ ભવાનીદાસ સોપારીવાલા તથા શાહ પ્રાણલાલ ભવાનીદાસ સોપારીવાલાના સહયોગથી આ પુસ્તિકા પ્રગટ કરવામાં આવેલ છે.**




# ભાવના ભવ નાશિની

પ્રવક્તા: પરમપૂજ્ય મુનિરાજશ્રી અરૂણવિજયજી મહારાજ

| વિ. સં. ૨૦૩૯ ભાદ્રપદ વદ ૧૧ | દશમું વ્યાખ્યાન-૧૦ | રવિવાર, ૨-૧૦-૧૯૮૩ |
|---|---|---|

## વિષય : કર્મ ક્ષયાર્થે -" નિર્જરા "

(નવમી નિર્જરા ભાવના)

केन प्रकारेण पुरात्मदर्शिनः, कृत्वाऽखिलां कर्मगणस्य निर्जराम् ।
ज्ञानं निराबाधमलं प्रपेदिरे, त्वं चिन्तयैतत्शुभभावनावशः ॥

પ. પૂ. ચરમતીર્થપતિ શ્રમણ પરમાત્મા શ્રીમહાવીર પ્રભુને નમસ્કારપૂર્વક...

આપણાં પૂર્વે એક નહીં પણ અનન્તા પૂર્વજો મોક્ષે ગયા, સિદ્ધ થયા. ભૂતકાળમાં અનેક આત્મદર્શી મહાપુરુષોએ કોઈ પણ રીતે બાધા ન પામી શકે એવું નિરાબાધ કેવળજ્ઞાન જે પ્રાપ્ત કર્યું તે કેવી રીતે શક્ય બન્યું ? તે જ્ઞાનાવરણીયાદિ કર્મોના ક્ષયથી જ શક્ય બન્યું. ત્યારે તે મહાપુરુષોએ તેવા આત્મા ઉપર આવરણસ્વરૂપ જ્ઞાનાવરણીયાદિ કર્મોના ઢગલાને ખપાવવા કયા કયા ઉપાયો કર્યા હતા ? કયા માર્ગનો આશ્રય લીધો હતો ? કેવી રીતે કયે માર્ગે ચાલ્યા હતા ? કેવા પુરૂષાર્થથી નિર્જરા કરી હતી ? કર્મ ખપાવવા શું શું કર્યું હતું તેની વિચારણા કરવી તે નિર્જરા ભાવના કહેવાય છે. આજે આપણે એક મહત્ત્વની, આત્માને અતિ ઉપયોગી નિર્જરા તત્ત્વનો ભાવના સ્વરૂપે વિચાર કરવો છે.

## નિર્જરા એટલે શું ?

**निर्** ઉપસર્ગ પૂર્વક '**जरा**' ધાતુ છે. '**जरा**' અર્થાત્ ખરી જવું, જીર્ણ-શીર્ણ થવું તે. જેમ વૃદ્ધાવસ્થામાં ચામડી જરી જાય છે, ખરી જાય છે, કરચલીઓ પડી જાય છે. જે ચામડી બાહ્યરૂપનું સાધન હતી તે હવે આજે વૃદ્ધાવસ્થા-ઘડપણની સૂચક બની ગઈ છે. હવે લાગે છે કે થોડા દિવસના જ મહેમાન છે. તેથી જરા એટલે ઘડપણ. ઝાડનું પાકું પાન જે કહેવાય છે તેના જેવી અવસ્થા. પાકું પાન એક પવનના ઝપાટે નીચે ખરી પડે છે, જરી પડે છે તેમ આત્મા ઉપરથી પાંદડા કે ચામડીની જેમ કર્મનું જરી પડવું. ખરી પડવું તે "નિર્જરા" કહેવાય અને તે નિર્જરા જે જે રીતે જે જે માર્ગે થાય તેનું ચિન્તન કરવું, તે માર્ગ (ધર્મ) આચરવાની વિચારણા કરવી તે "નિર્જરા ભાવના"

"**निर्जर**" એટલે ઝરણું પહાડો ઉપરથી પાણીનું ઝરવું તે નિર્જર-ઝરણું. પહાડ ઉપરથી જે પાણી નીચે ઝર્યું તે પહાડથી છૂટું પડી ગયું તેમ કર્મનું આત્માથી છૂટા પડી જવું તે 'નિર્જરા'.

## કર્મની સાથે અનાદિનો સંબંધ :

આત્માનું અસ્તિત્વ ત્રણે કાળમાં છે. અનન્તકાળ પહેલા ભૂતકાળમાં

હતો, વર્તમાનમાં છે અને ભાવીમાં પણ રહેવાનો છે. અનન્તકાળ પહેલા ભૂતકાળમાં હીરો જેમ ખાણમાં હતો તેમ આત્મા નિગોદમાં હતો. અર્થાત્ નિગોદની રાશી એ જીવોની ખાણ છે અને નિગોદમાંથી જ જીવ કર્મબદ્ધ છે. એટલે આત્મા પહેલા કર્મ વગરનો હતો અને પછી કર્મ બાંધ્યા એવો વ્યવહાર કયારેય કરવા જેવો નથી. નહિતર સિદ્ધ ભગવંતો જે કર્મ વગરના છે તેમને પણ કર્મ બાંધવાનો વખત આવશે. આત્મા સંસારમાં છે ત્યારથી કર્મયુક્ત જ છે. કર્મ વગરનો તે હતો જ નહીં. અનાદિ અનન્તકાળથી આત્મા કર્મથી ઘેરાયેલો જ છે. જેમ સોનું સર્વ પ્રથમ ખાણમાં માટીની સાથે ભળેલું હતું, માટી રૂપ જેવું હતું અને પછી ધીમે ધીમે તેને તપાવવામાં આવતા માટી છૂટી પડી અને સોનુ માટીથી છૂટું પડયું ત્યારે પોતાનું વાસ્તવિક સ્વરૂપ જગતને દેખાડી શકયું. પોતે પોતાનું વાસ્તવિક સ્વરૂપ પામ્યું. અનાદિકાળથી આત્મા સંસારમાં કર્મ બાંધતો જ આવ્યો છે કોણ જાણે કેમ કર્મ બાંધવાની ટેવ એની એવી પડી ગઇ છે કે હવે કર્મ બાંધવા સહજ થઇ ગયા છે, રમત થઈ ગઈ છે. એક જનમની ટેવ બીજા જનમમાં, બીજાની ત્રીજા અને ત્રીજાની ચોથા ભવમાં આવે છે. એમ કરતા કરતા પાપપ્રવૃત્તિ કરવાના આપણા સંસ્કારો કેટલા ગાઢ છે? પાપ કેમ કરવા કેમ બાંધવાં એ હવે કોઈને શીખવવું નથી પડતું. ચોરી કેમ કરવી, મૈથૂન સેવન કેવી રીતે કરવું, ખોટુ કેમ બોલવું, વગેરે બધું જ આપણને સર્વેને આવડે છે. બધું સર્વે માટે રમત વાત છે. દુનિયામાં પાપ શિખવાડવાની સ્કૂલો નથી હોતી. હા, ધર્મ શિખવાડવા કે કરાવવાના, ધર્મ સ્થાનો દેરાસર, ઉપાશ્રય વગેરે હોય છે પણ પાપ માટે નહીં, કારણ માનવી પાપને સહજ બનાવી દીધું છે, ધર્મને નહીં.

જનમોજનમની આપણી આ પાપ કરવાની ટેવ વણથંભી આગેકૂચ કરતી જ જાય છે શું એક પણ ભવ આપણે પાપકર્મ કર્યા વગરનો ગયો છે? શું કીડી–મંકોડાના ભવમાં પાપ નહોતુ કર્યું? એક ગરોળી પણ જે મહાહિંસક છે, જે રાત–દિવસ ભીંત ઉપર ફર્યા કરે છે અને

મચ્છર વગેરે જીવજંતુઓને ખાય છે. બીજાને મારવો એ શું પાપ નથી ? એને તો સર્વપ્રથમ 'પ્રાણાતિપાત'નોપાપકહ્યો છે. ભાગ્યશાળીઓ ! બીજાને મારવો એ સહેલી વાત છે. બીજાને મારતા તો સૌને આવડે છે, પણ સમતાથી, સમાધિથી મરતા કેટલાને આવડે છે? કોઈ વીરલાને જ ને ? કારણ બીજાને મારવો એ હિંસા છે. મહાપાપ છે, જ્યારે સ્વયં સમાધિથી મરવું એમાં ધર્મની આવશ્યકતા રહે છે, નહીં કે પાપની.

**કોઈ પાપ કર્મ નવું નથી :** સંસારમાં આજ દિવસ સુધી થતાં પાપોમાં કોઈ પણ પાપ નવું નથી. એવું એક પણ પાપ નથી કે જે ભૂતકાળમાં ન સેવાયું હોય અને આજે કોઈ નવી રીતે સેવતું હોય. હું આજે આ પાપ નવું કરું છું જે ભૂતકાળમાં ક્યારેય કોઈએ કર્યું નથી એવું છે. ના, એવું એકેય પાપ નથી.

માટે જ પાપની જાતો નક્કી કરવામાં આવી છે. અને તે છે અઢાર બસ, આ અઢાર પાપસ્થાનકથી વધારે બીજી કોઈ પાપની જાત જ નથી. સર્વ જીવો જે જે પ્રકારનાં પાપ કરે છે તે આ અઢારમાં જ સમાયેલાં છે. દુનિયાનાં બધાં જ પ્રકારના પાપો આ ૧૮ જાતનાં છે પણ તેને આચરનારા અનન્તા જીવો છે. પાપનો પ્રવાહ અનાદિ–અનન્ત કાળથી વહેતો આવ્યો છે. પણ શું કર્મ ખપાવવાની, પાપો ધોવાની ક્રિયા પણ અનન્ત કાળથી કરતા આવ્યા છીએ ?

## સંસારમાં પાપની ટકાવારી

બાંધવા, સ્વીકારવા, ધોવા, ફરીન કરવા વગેરેની દૃષ્ટિએ જોઈએ તો સંસારમાં પાપની ચાર અવસ્થા છે. તેની ટકાવારીનો વિચાર કરીએ.

પ્રશ્ન—સંસારમાં પાપ કરનારા વધારે છે કે પાપ ન કરનારા વધારે છે ?

ઉત્તર—પાપ કરનારા.

પ્રશ્ન — સંસારમાં પાપકર્મ બાંધનારા વધારે કે પાપકર્મ ખપાવનારા વધારે ?

ઉત્તર— પાપકર્મ બાંધનારા.

પ્રશ્ન — સંસારમાં પાપને પાપ માનનારા વધારે કે પછી પાપ કર્યા પછી પણ આ પાપ નથી એમ પાપને પણ પાપ ન માનનારા વધારે ?

ઉત્તર – પાપને પણ પાપરૂપે ન માનનારા ઘણા છે.

પ્રશ્ન — કરેલા પાપનો સ્વીકાર કરનારા વધારે કે કર્યા પછી પણ ખોટું બોલી ન સ્વીકારનારા વધારે ?

ઉત્તર— ન સ્વીકારનારા વધારે.

પ્રશ્ન — સ્વીકાર્યા પછી પણ પાપ ધોનારા વધારે કે પછી પાપ ન ધોનારા વધારે ?

ઉત્તર— પાપ ન ધોનારા વધારે છે.

પ્રશ્ન — પાપ ધોયા પછી પણ ફરીથી પાપ ન કરનારા વધારે કે ફરીથી કરનારા વધારે ?

ઉત્તર— ફરીથી પાપ કરનારા વધારે.

આ બધી ટકાવારીનો વિચાર કરતા એક સાર જરૂર નીકળે છે કે સંસારમાં પાપનું પ્રમાણ જ વધારે છે, વધતું છે. ત્રણે કાળમાં આ જ સ્થિતિ રહી છે અને રહેશે.

પાપ, પાપનો માર્ગ, પાપની પ્રક્રિયા અને પ્રકારો બધું જ શાશ્વત છે. ભૂતકાળમાં અનન્ત વર્ષો પહેલા પણ હતાં અને આજે પણ છે. અને ભાવિમાં અનન્તા વર્ષો પછી પણ રહેવાનાં જ છે. પાપમાર્ગ ક્યારેય સદંતર બંધ થયો નથી અને થશે પણ નહીં. અને પાપ છે તો સંસાર પણ છે અને સંસાર છે તો પાપ પણ છે. માટે બંને શાશ્વત છે.




જ્યોતિષ શાસ્ત્રની ભાષામાં ગ્રહણ અને ગ્રહણ મોક્ષ એમ કહેવાય છે. વેધકાળ પણ છે. સૂર્ય અને રાહુનો ગ્રહણ થાય છે. અર્થાત્ એકથી બીજો આવરાઈ જાય છે, ઢંકાઈ જાય છે અને થોડા કાળ પછી બંને છૂટા પડે છે. હકીકતમાં તો ગ્રહણ જેવું કંઈ છે જ નહીં કારણ કે સૂર્ય અને રાહુનાં વિમાનો વચ્ચે અંતર ઘણું મોટું છે. પરંતુ ગતિના ક્રમમાં બંને જ્યારે એકબીજાની ઉપર નીચે આવી જાય છે ત્યારે નીચેથી જોનાર માણસને ગ્રહણ લાગે છે. અરે! એકથી બીજો ઢંકાઈ ગયો છે અને પછી બંને છૂટા પડી જાય છે. તે પણ ગતિના ક્રમે છૂટા પડે છે. એ જ દ્રષ્ટિએ વિચાર કરીએ તો આત્માનો કર્મની સાથે ગ્રહણ અને ગ્રહણ–મોક્ષ થયા જ કરે છે. આત્મા જ કર્મ ગ્રહણ કરે છે અને એક દિવસ તે ગ્રહણ કરેલા કર્મની (ગ્રહણ–મોક્ષ) નિર્જરા કરે છે. આત્માથી કર્મનું છૂટા પડવું તે જ નિર્જરા.

કર્મ જડ છે. તે આત્માને ગ્રહણ નથી કરવાના. પરન્તુ આત્મા જ રાગ દ્વેષને આધીન થઈને કર્મને ગ્રહણ કરે છે. તો જે ગ્રહણ કરે છે તેના જ માથે છોડવાની જવાબદારી છે. જેને ગ્રહણ કર્યા છે તેને છોડવા જ જોઈએ. જેમ કોઈના રૂપિયા ઉધાર લીધા હોય તો આપવા જ જોઈએ. એ લેનારની મોટી જવાબદારી છે, નહીં તો દેવાદાર કહેવાશું.

એમ આત્માએ પણ બધા જ કર્મો છોડી દેવા જોઈએ. આ કાર્યનું નામ નિર્જરા છે. ઘરમાં જેમ ઝાડુ કાઢીએ છીએ તેમ નિર્જરામાં આત્મા ઉપરનો કર્મરજનો કચરો કાઢવા જેવો છે. લાગેલો બધો ધૂળ-કચરો સાફ કરીને કચરો કાઢીને જેમ કપડા, જમીન, ઘર વગેરે શુદ્ધ કરીએ છીએ તેમ આત્માને પણ ચોખ્ખો કરવા માટે નિર્જરા ધર્મની આરાધના અવશ્ય કરવી જોઈએ.

ચિત્રમાં બતાવ્યા પ્રમાણે તમે જોશો કે જ્યાં સુધી ગ્રહણ સંપૂર્ણ નથી છૂટયુ થોડો પણ કાળો ભાગ દેખાય છે. ત્યાં સુધી ગ્રહણ છે. તેમ આત્મા-કર્મનો થોડો પણ સંબંધ છે. ત્યાં સુધી સંસાર છે. એક છેલ્લી અવસ્થામાં આત્મા અને કર્મ સર્વથા-સંપૂર્ણપણે સદાના માટે છૂટી જાય છે, તેનું નામ છે મોક્ષ, અને આંશિક રીતે છૂટે તેનું નામ છે નિર્જરા.

## આત્મા ઉપર ૮ કર્મનાં આવરણો

આત્મા પ્રતિ સમયે ૭-૭ કર્મ બાંધે છે અને આયુષ્ય બાંધે ત્યારે ૮ કર્મ બાંધે છે અને આ ૮ કર્મોમાંથી આત્માના ગુણો અંશમાત્ર યત્કિંચિત પ્રકાશિત થાય છે જે અત્યારે આપણે થોડું પણ જ્ઞાનાદિ અનુભવીએ છીએ તે.

ધારો કે એક પ્રકાશના ગોળાની સામે થોડા થોડા અંતરે ૮ પરદા બાંધ્યા હોય તો એ ગોળાનો પ્રકાશ કેટલા પરદા ચીરીને આગળ જવાનો ? એકમાંથી બીજામાં જતા ઝાંખો જ થઈ જવાનો છે. એમ બીજામાંથી ત્રીજામાં, ત્રીજામાંથી ચોથામાં, એમ ૭મામાંથી આઠમામાં જતા પ્રકાશ કેટલો ઝાંખો થશે. એ જ વિચાર કરો કે આત્માની સામે ૮ કર્મના આવરણો છે અને આત્માએ પોતાના ગુણોનો પ્રકાશ આ ૮ કર્મોના પરદામાંથી બહાર કાઢીને સંસારવ્યવહાર ચલાવવાનો છે. તે મુજબ આપણે આજે આપણા જીવન વ્યવહારમાં અંશમાત્ર થોડું પણ જ્ઞાન સુખાદિનું પ્રકાશ અનુભવીએ છીએ. હવે સર્વગુણોનો સંપૂર્ણ પ્રકાશ અનુભવવા માટે એક પછી એક આવરણનો ક્ષય કરવો જોઈએ.




આઠ મોટાં અવરણો છે. તો હવે વિચાર કરો કે તે આ આઠવરણ ભૂત કર્મના પડોમાંથી આપણાં જ્ઞાનાદિ ગુણો કેટલા ઝાંખા પ્રકાશિત થશે. અત્યારે જે આપણું જ્ઞાનદર્શન અર્થાત્ જાણવા અને જોવાની શક્તિ જે થોડીઘણી નામમાત્ર પણ રહી છે, પ્રગટ છે. તે ભારે કર્મોના આવરણના કારણે છે. હશે તે તે આવરણો ( કપડા ) જેમ જેમ પાતળા થતા જશે તેમ તેમ આત્મગુણો વધુ ને વધુ સ્પષ્ટ દેખાતા જશે. એનું નામ છે નિર્જરા. જેમ જેમ નિર્જરા થશે તેમ તેમ આત્મગુણો પ્રગટ થશે અને એક દિવસ જ્યારે સર્વ કર્મોની સર્વથા સંપૂર્ણ નિર્જરા થઈ જશે તે દિવસે આત્માનો મોક્ષ.

નિર્જરાના બે પ્રકાર :

**देशेन यः सञ्चितकर्मणां क्षयः, सा निर्जरा प्राज्ञजनैर्निवेदिता ।**
**स्यात्सर्वथेयं यदि सर्वकर्मणां, मुक्तिस्तदा तस्य जनस्य**
**सम्भवेत् ॥**

## નિર્જરા

| દેશ નિર્જરા | સર્વનિર્જરા |
| --- | --- |
| જ્ઞાનાવરણીયાદિ કર્મોનું સર્વથા સંપૂર્ણપણે નહીં પરન્તુ આંશિક અર્થાત્ દેશિક-થોડા પ્રમાણમાં ક્ષય થવું તે દેશ નિર્જરા. જે આપણને અને સર્વને થાય છે તે દેશ નિર્જરા કહેવાય છે. દેશથી નિર્જરા તો બધા જ ગુણસ્થાને બધા જ જીવોને થાય છે. થોડું પણ સહન કરતા, થોડું પણ તપ કરતા નિર્જરા તો થાય છે, બધાને થાય છે અને તેથી આત્મગુણો પણ સાવ થોડા થોડા પ્રમાણમાં પ્રગટ થાય છે. | જ્ઞાનાવરણીયાદિ કર્મોનું સર્વથા સંપૂર્ણપણે જડમૂળમાંથી ક્ષય થવો, નાશ થવો તે સર્વનિર્જરા. સર્વજ્ઞ-કેવલિને થયેલી નિર્જરા, મુકતાત્માને થયેલી નિર્જરા તે સર્વ-નિજરા કહેવાય. ઘાતી કર્મોની સર્વનિર્જરા તો તેરમા ગુણસ્થાને થવાની અને ચૌદમે જતા તો સર્વ કર્મોની નિર્જરા થતા મોક્ષ તરત પ્રાપ્ત થાય છે. ઘાતી જ કર્મ સર્વથા જતા કેવલજ્ઞાની બનાય અને અઘાતી જતા સિદ્ધ થવાય. |

**સવ્વપાવપ્પણાસણોનો લક્ષ :**

કરાતા ધર્મની સાથે અનેક પ્રકારના લક્ષ લોકો રાખે છે-કોઈ ઇહલોક-પરલોકનો લક્ષ રાખે છે, કોઈ ભૌતિક સુખોની પ્રાપ્તિના લક્ષથી ધર્મ કરે છે, કોઈ દુઃખનિવારણ માટે ધર્મ કરે છે પરન્તુ મહામંત્ર નવકારમાં આપેલ સાતમું પદ એ આપણી આરાધનાનો પરમ હેતુ-લક્ષ છે. અર્થાત્ આપણે જે કંઈ પણ કરવું છે તે કર્મક્ષય માટે જ. "પાવપ્પણાસણો" -અર્થાત્ પાપનો નાશ કરવો, પરન્તુ આગળ "સવ્વ" વિશેષણ લગાડયું છે. થોડું થોડું પાપ તો રોજ ખપાવીએ છીએ પરન્તુ સંપૂર્ણ પાપ, સર્વથા પાપ, સર્વ પાપકર્મ ક્યારે ખપાવશું ? તે લક્ષ રાખીને જ આરાધના કરવાની છે.

કર્મક્ષય–નિર્જરાના લક્ષથી કરાતી **આરાધના જ સાચી આરાધના** છે. મિથ્યા ધર્મની સાધનામાં નિર્જરાના લક્ષની વાત જ નથી. ત્યાં તો માત્ર **સુખપ્રાપ્તિ અને દુઃખનિવૃત્તિની** જ વાત છે. માટે સમ્યકત્વપણું નથી. સમ્યકત્વી તો આત્માનું સત્ય વાસ્તવિક સ્વરૂપ સંપૂર્ણાર્થમાં પ્રગટ કરવા **સર્વ કર્મ**ના **ક્ષયની** ઇચ્છાથી જ ધર્મારાધના **કરે** અને જેમ જેમ નિર્જરા થાય તેમ તેમ **આત્મગુણો પ્રગટ** થાય. તે જ મોટી સિદ્ધિ. ઇહલોક-પરલોકના સાધનો, ભૌતિક સુખો મળે એ જ ધર્મની સિદ્ધિ નથી, એમાં આત્મગુણોની કોઈ સિદ્ધિ નથી. સુખો અને ભોગો તો પુણ્યકર્મના યોગે મળવાનાં છે. એના કરતાં તો ધર્મારાધનાથી આત્માની ઉપરનાં આવરણો (પડલો,) ખરી જાય, ક્ષય થાય અને આત્મગુણોં પ્રગટ થાય એ જ મહાન સિદ્ધિ કહેવાશે. અદ્‌ભૂત અનુપમ સિદ્ધિ લેખાશે.

## નિર્જરા અને આત્મગુણોની સિદ્ધિ :

અત્યારે આપણામાં દેખાતા જ્ઞાન, દર્શન સુખાદિ આત્માના જ ગુણોં છે અને તે થોડા અંશે પણ જે પ્રગટ છે અને આટલા પણ મતિજ્ઞાન( બુદ્ધિના જ્ઞાન ) થી આપણે પ્રવત્તિ આદિ કરીએ છીએ તે તેટલા અંશમાં જ્ઞાનાવરણીયાદિ કર્મોની નિર્જરાનો સ્પષ્ટ પુરાવો છે. થોડી નિર્જરા વડે થોડા પ્રમાણમાં આત્મગુણો પ્રગટ થાય જ્યારે સંપૂર્ણ કર્મનો ક્ષય સર્વથા થાય તો આત્માના સર્વ ગુણોં સંપૂર્ણપણે પ્રગટ થાય.

(૧) જ્ઞાનાવરણીય કર્મના સંપૂર્ણ ક્ષયથી **કેવળજ્ઞાન ગુણ પ્રગટ થાય ( અનન્તજ્ઞાન ગુણ )**

(૨) દર્શનાવરણીયના ક્ષયથી—**અનન્તદર્શન ગુણ**

(૩) મોહનીય કર્મના ક્ષયથી—**અનન્ત ચારિત્ર, વીતરાગતા, યથાખ્યાત સ્વરૂપ.**

(૪) અંતરાય કર્મના ક્ષયથી—**દાનાદિ અનન્ત શક્તિ. (લબ્ધિ)**

(૫) નામકર્મના ક્ષયથી—**અનામિ, અરૂપીપણું**

(૬) ગોત્રકર્મના ક્ષયથી—**અગુરુલઘુપણું**,

(૭) વેદનીય કર્મના ક્ષયથી—**અનન્તસુખ**
(૮) આયુષ્યકર્મના ક્ષયથી **અક્ષયસ્થિતિ**

"**कृत्स्नकर्मक्षयो मोक्षः**" તત્ત્વાર્થમાં શ્રીઉમાસ્વાતિજી મહારાજે સર્વથી સંપૂર્ણપણે કર્મોના ક્ષયને જ મોક્ષ કહ્યો છે. મોક્ષ હોય ત્યારે સંસાર ન રહે. આત્મા સંસારી ન રહેતા સિદ્ધ થાય છે. માટે જ જ્યારે સંસાર, શરીર, મોહાદિ કર્મ, સુખ-દુઃખ, જન્મ મરણ આદિ ન રહે ત્યારે જ મોક્ષ કહેવાય.

**નિર્જરા અને મોક્ષમાં ભેદાભેદ :**

સંપૂર્ણ નિર્જરા વડે જ મોક્ષ મળે છે, અર્થાત્ નિર્જરાથી જ મોક્ષ એ ચોકકસ જ છે, તો પછી નિર્જરા અને મોક્ષ એ બન્ને તત્ત્વોને જુદા શા માટે કહ્યા ? નિર્જરાને જ મોક્ષ અને મોક્ષને જ નિર્જરા કહીએ તો ચાલે કે ન ચાલે ? આનો ઉત્તર સમજવા આપણે એક વ્યાપ્તિનો વિચાર કરીએ. જયારે જયારે નિર્જરા થાય ત્યારે ત્યારે મોક્ષ થાય છે ? કે જ્યારે જ્યારે મોક્ષ મળે ત્યારે ત્યારે નિર્જરા ચોકકસ થાય જ છે ?

સ્પષ્ટ જણાય છે કે જેમ ધૂમાડો હશે ત્યાં અગ્નિ ચોક્કસ હોય છે પણ અગ્નિ હોય ત્યાં ધૂમાડો હોય કે ન પણ હોય, એમ મોક્ષ થશે ત્યારે તો નિર્જરા ચોક્કસ થશે જ પરન્તુ નિર્જરા થશે ત્યારે મોક્ષ થાય કે ન પણ થાય, કારણ કે આપણે થોડીક જ નિર્જરા કરી હોય તો મોક્ષ ક્યાંથી મળે ? ન જ મળે. માટે કહ્યું–कृतस्न कर्मक्षयो मोक्षः'

આથી એ સ્પષ્ટ થાય છે કે નિર્જરા અને અને મોક્ષ એ બન્ને એક જનથી પણ જુદા જુદા છે.નિર્જરા સર્વગુણ સ્થાને છે, પરન્તુ મોક્ષ તો ફકત ચૌદમા ગુણસ્થાને જ છે.

"**देशोनसंचितकर्मणां क्षयो निर्जरा, सर्वथा कर्मणां क्षयो मोक्षः**" અર્થાત્ સંચિત એક દેશ વિભાગનો ક્ષય તે નિર્જરા અને કર્મોનો સર્વથા ક્ષય તે મોક્ષ

કાર્ય–કારણ ભાવ—નિર્જરા અને મોક્ષમાં કાર્યકારણ ભાવસંબંધ છે. બન્ને એક નથી. જેમ ઘડો એ કાર્ય છે અને માટી એ કારણ છે એ પ્રમાણે નિર્જરા એ કારણ છે અને મોક્ષ એ કાર્ય છે. નિર્જરાના કારણથી મોક્ષરૂપી ફળ મળે છે. માટે બન્ને એક નથી.

બીજું નિર્જરાની પ્રક્રિયામાં તો એક તરફ કર્મનો ક્ષય પણ થાય છે અને બીજી તરફ કર્મનો બંધ પણ થાય છે જ્યારે મોક્ષમાં એ વાત નથી. સર્વથા સર્વ કર્મો જ ખલાસ થઈ ગયાં છે. એથી હવે બીજા કર્મો ફરી બાંધવાનું રહેતું જ નથી. મોક્ષમાં નવો બંધ નથી.

**નવતત્ત્વમાં ક્રમનું મહત્ત્વ :**

નવતત્ત્વના ક્રમમાં નિર્જરા પછી બંધ અને પછી મોક્ષ આ ક્રમે કહેવાયું છે. નિર્જરા પછી સીધુ મોક્ષ કેમ ન કહ્યું ? એવું માનવાની જરૂર નથી કે એક વાર નિર્જરા થઈ એટલે પછી કર્મનો બંધ નહીં જ થાય. એમ નથી આજે ઉપવાસ કર્યો, અઠ્ઠાઈ, માસક્ષમણ કર્યો. એટલે પછી શું જિન્દગીમાં હવે કર્મ બંધાવાનાં જ નથી ? ના, એમ નથી. આજે ઉપવાસ કર્યા પછી પાછા કાળે પારણું તો કરવા બેસવાના જ છીએ ને ? અઠાઇના પારણે, માસક્ષમણના પારણે બધી જ સંજ્ઞા પાછી ભડકે છે. અને બધું જ ખાવાનું મન થાય છે, જાણે રેસનો ઘોડો દોડયો જાણે પાંજરાનો પોપટ છુટયો. ભૂખ્યા વરુની જેમ આપણે તૂટી પડીએ છીએ. શું એ યોગ્ય નથી. એક સામાયિક કરીને આપણે નિર્જરા કરી પરન્તુ સામાયિક પાળીને ઊઠયા પછી પાછો સંસાર ચાલુ, પાપની બધી જ પ્રવૃત્તિઓ ચાલુ, અઠ્ઠઈ, માસક્ષમણ પછી રાત્રે પાઉંભાજી, કે કાંદા–બટાટા ખાવાનું ચાલુ થઈ જાય તો શું કર્મ બંધાય જ નહીં ? ના, એવું નથી પછી પણ ઘણાંય કર્મ બંધાય છે. માટે નિર્જરા પછી બંધ પણ છે. હા, નિર્જરા પછી બંધ ન જ થવા દઈએ સદંતર ટાળી દઈએ તો તો મોક્ષ ભણી આગેકૂચ વણથંભી ચાલી શકે. અને એ માટે જ આપણી જાગૃતિ જોઈએ. સમ્યગ્ દ્રષ્ટિ જૈન સાધકને ઉંઘમાંથી પણ ઉઠાડીને પૂછીએ કે ભાગ્યશાળી ! ધર્મારાધના,

તપશ્ચર્યા વગેરે શા માટે કરો છો ? તો એક જ ઉત્તર ઉંઘમાંથી ઊઠતાવેંત મળવો જોઈએ કે હું તો કર્મક્ષય માટે જ ધર્મારાધના–તપશ્ચર્યા કરૂં છું. બીજી કોઈ ઇચ્છા જ નથી અને નિર્જરા કર્યા પછી બંધથી બચવું જોઈએ. સાવધાન રહેવું જોઈએ, ખાસ વધુ સાચવવું જોઇએ. એ સજાગતા અને કર્મબંધની સામેની આપણી સાવધાની જ આપણને મોક્ષ તરફ લઇ જશે તમે કેટલી નિર્જરા કરો છો એ તો મહત્વનું છે પરન્તુ સાથે સાથે બીજું કર્મબંધ નથી કરતા ને ? એ એથી પણ વધારે મહત્ત્વનું છે.

## સંવર અને નિર્જરા :

માટે જ સંવર અને નિર્જરા બન્ને સાધનાના ક્ષેત્રે સરખું જ મહત્ત્વ ધરાવે છે. નિર્જરા જૂનાં સંચિત કર્મોનો ક્ષય કરશે. ત્યારે સંવર તો આવતા નવા પાપ કર્મોને અટકાવશે, રોકશે, જો સંવર નહીં હોય તો સંપૂર્ણપણે સર્વ નિર્જરા શક્ય નથી. બારી બારણાં બંધ કર્યા વગર ઝાડુ કાઢવાની મહેનત નકામી જશે. તેમ જ સંવર વગર નિર્જરાની મેહનત માથે પડશે. નવા પાપો આવતા બંધ કર્યા વગર જૂનાં પાપો કાઢવાની મહેનત ઝાંડુની ક્રિયાની જેમ માથે પડશે. માટે જ નિર્જરા માટે સંવર બહુ જ આવશ્યક છે. અને સંવર પછી નિર્જરા પણ બહુ જ આવસ્યકત છે. બન્નેનું કાર્યક્ષેત્ર જૂદું છે. સંવર કર્યા પછી જો નિર્જરા નહીં કરો. અર્થાત્ બારીબારણાં બંધ કર્યા પછી જો ઝાડુ ન કાઢો તો કચરો તો એમને એમ જ રહેવાનો છે તેમ કર્મ તો એમને એમ રહેવાના છે. એ જ રીતે નિર્જરા કર્યા પછી જો સંવર ધર્મ ન પાળ્યો તો નવાં કર્મોનું આગમન પૂરઝડપે ચાલુ રહેશે.

## અનાદિકાળથી નિર્જરા અને આશ્રવ

નાવમાં પાણી આવે જ રાખે અને આપણે કાઢે જ રાખીએ તો તો બન્ને ક્રિયાનો અંત જ નહીં આવે. પાણી આવ્યા જ કરશે અને

આપણે કાઢતા જ રહીશું. કોઈ કાળે એ ક્રિયા પૂરી જ નહીં થાય. એનો અંત જ નહીં આવે. એવી રીતે આ જીવ જ્યારથી કર્મ બાંધતો આવ્યો છે ત્યારથી કર્મ ખપાવતો પણ આવ્યો છે. કર્મ ખપાવ્યા ક્યારે ? બાંધેલાં હતાં ત્યારે ને ? બાંધેલાં જ સ્ટોકમાં ન હોત તો શું કરત ? માટે જ મોક્ષમાં નથી તો નિર્જરા કે નથી તો સંવર કે નથી તો આશ્રવ કે બંધ, કારણ મોક્ષમાં કર્મ જ નથી, બંધ જ નથી તો ખપાવે શું ?

સંસારમાં તો આપણે અનાદિ–અનન્ત કાળથી કર્મો ખપાવતા આવ્યા છીએ, અને પાછા નવાં કર્મ બાંધતાં આવ્યા છીએ. એક દિવસે કર્મ ખપાવીને રાજી થવું અને બીજા દિવસે ડબલ કર્મ બાંધીને ભારી થવું ? એ કેટલું અજુગતું લાગે છે ? માટે કર્મનું આશ્રવ પણ અનાદિ છે અને નિર્જરા પણ અનાદિ છે. બન્ને અનાદિકાળથી છે, અનન્ત વર્ષોથી ચાલે છે. કર્મ તો એના સમયે ઉદયમાં આવશે અને ખલાસ થશે, નષ્ટ થશે.

## નિર્જરાની પદ્ધતિ

આ એક ચિત્ર આપણી નજરમાં સ્પષ્ટ છે. પ્રયોગશાળામાં પ્રયોગ પણ કરીએ છીએ અને ઘરમાં રસોડામાં પણ આપણે દૂધ ગરમ કરીએ છીએ. એકમાં એકલું દૂધ છે, બીજામાં ફક્ત પાણી છે. અને ત્રીજામાં દૂધ–પાણી બન્ને ભેગાં છે. દૂધમાં પાણીની જેમ ( "**ક્ષીરનીરવત્**" ) આત્મા અને કર્મ એકબીજામાં મળેલાં છે, ભળેલાં છે. હવે બન્નેને છૂટાં પાડવાં છે, નિર્જરા કરીને આત્માને મુક્ત કરવો છે. છૂટા પાડવા માટે જેમ તાપ ( અગ્નિ ) છે તેમ જ તપ છે, તપ પણ એક પ્રકારનો તાપ છે, અગ્નિ છે જે બાળીને છૂટા પાડે છે. આપણે દૂધ+પાણીનું તપેલું ચૂલા ઉપર ચઢાવ્યું. પહેલા કોણ ગરમ થશે ? દૂધ કે પાણી કે તપેલું ? ઉત્તર તપેલું.




તપેલુ–એ શરીરના સ્થાને છે. જેમ દૂધ+પાણી તપેલામાં છે, તેમ આત્મા અને કર્મ બન્ને અહીંયાં શરીરમાં છે. એટલે પહેલી અસર તપેલાને અર્થાત્ શરીરને થવાની, શરીર ગરમ થશે, પછી એ ગરમી અંદર ઊતરશે અને દૂધ+પાણીને તપાવશે. તપની પહેલી અસર તો

શરીર ઉપર જ થવાની, અને તેથી ઇન્દ્રિયો ઠંડી પડશે. શરીર શિથીલ ઠંડું થશે, હવે બન્નેને ગરમી નથી મળી એટલે ઠંડા રહેશે. એ જ તો આપણે જોઈએ છે–સાધવુ છે. શરીર, મન, ઇન્દ્રિયો શાન્ત થાય, ઠંડા થાય તો સંજ્ઞા, વાસના બધી ઓછી થાય. જેથી નવાં પાપકર્મો બાંધવાં ભડકાવે નહીં ?

હવે કોણ ગરમ થાય છે ? દૂધ કે પાણી ? બન્ને માંથી કોણ બળે છે ? કોણ ઊડી જાય છે ? દુધકે પાણી ? ઉત્તર પાણી કેમ દૂધ નથી બળતું ? ના. દૂધ પાણીની સાથે સાથે ગરમ થાય છે પણ બળતું નથી ? ઉત્તર પાણી, કેમ દૂધ નથી. બળતું દૂધ તો મૂળભૂત તત્ત્વ છે. તે નથી બળતું દૂધમાં જે બહારથી આવીને ભળેલું છે તે પાણી બળે છે. જે બહારથી આવ્યો છે તેને જ બહાર જવાનું છે, જે મૂળભૂત છે તેને તેવું જ રહેવાનું છે આત્મા મૂળભૂત દ્રવ્ય છે. કર્મો તો બહારથી આવ્યા છે તો તેને જ પાછા જવું પડશે. તેને કર્મોને છોડાવવા બાળવા માટે તો તાપ–તપ છે. બર્નરના પ્રકારો જુદા જુદા હોઈ શકે છે. ચૂલો, લાકડા, કોલસા ગેસ, વિજળીનો એમ જાત જાતના ચૂલા હોય છે. ભલે ને ગમે તે રીતે ગરમ કરે પરંતુ ગરમ થવું જોઈએ. એમ તપના પ્રકારો ઘણા છે ભલે ને ગમે તે રીતે ગરમ કરે, પણ ગરમ થવું જોઈએ એ વાત મુખ્ય છે.

હવે ગરમી જેમ જેમ તપેલામાંથી અંદર ઊતરી આગળ વધી અને દૂધ–પાણીમાં પહોંચી કે તરત પાણીને બાળવાનું કામ કરશે. એ જ પ્રમાણે તપનું તાપ જેમ જેમ શરીરના માધ્યમથી અંદર ઊતર્યું અર્થાત્ આત્મામાં પહોંચ્યું એટલે એ કર્મને બાળવાનું શરૂ કરશે અને જેમ જેમ પાણી બળીને વરાળ થઈને ઊડતું જશે તેમ તેમ દૂધ ઘટ થતું જશે અને શક્તિ વધતી જશે. એમ જેમ જેમ કર્મોનો કચરો આત્મામાંથી નિકળતો જશે તેમ તેમ આત્મા સોનાની જેમ શુદ્ધ ચોખ્ખો થતો જશે. એની શક્તિ વધતી જશે, પ્રગટ થતી જશે. કેટલા પ્રમાણમાં પાણી બાળવું એ આપણા હાથમાં છે. કેટલી ઝડપે બાળવું

એ પણ આપણા હાથમાં છે. આપણે જે પ્રમાણે અગ્નિ-તાપ રાખીશું તે પ્રમાણે, તેટલી ઝડપે, તેટલા સમયમાં દૂધ ગરમ થશે, પાણી બળશે, બળતું પાણી દૂધથી છૂટું પડી વરાળ થઈને ઊડી જાય છે અને દૂધથી જુદું થઈ જાય છે. તેજ પ્રમાણે બળતા કર્મો આત્માથી છૂટા પડે છે. ખરી જાય છે. બસ, આત્માથી કર્મોનું છૂટા પડવું, જુદા થવું, નાશ થવું કે ક્ષય થવું તેનું જ નામ છે નિર્જરા, અને પછી તો દૂધ ઊભરે જવા માંડે છે એની શક્તિ વધી ગઈ ને ? પરંતુ હાય રે કરુણ દશા ! ગરમ થઈને ઊકળીને ઊભેર જવા દૂધ તૈયાર થયું ત્યાં તો પાછું થોડું પાણી ઉપરથી નાંખી દે છે એટલે દૂધ પાછું નીચે બેસી જાય છે, અને ફરીથી પાણીને બાળવાની પ્રક્રિયા શરૂ થાય છે. બહારથી આવનારા પાણીએ ફરીથી દૂધની હાલત ખરાબ કરી નાંખી.

એ જ પ્રમાણે અઠ્ઠાઈ, માસક્ષમણ વગેરે કરીને કેટલી સુંદર કર્મની નિર્જરા કરી હતી ? કેટલાં કર્મો ખપાવ્યાં હતાં. પરંતુ ભાદરવા સુદ પાંચમે પારણું કરવા બેઠા અને બધામાં મન ગયું. આ ખાઉં, આ ખાઉં ? મન કેટલું લલચાયું અને જાણે રેસનો ઘોડો છૂટયો હોય તેમ, ભૂખ્યા વરુની જેમ આહાર ઉપર તૂટી પડે છે. અને પછી તો રાત કે દિવસ નથી જોતો, ભક્ષ્ય-અભક્ષ્ય નથી જોતો, જે હાથમાં આવે તે ખાવા જ મંડી જાય છે. ભાગ્યશાળી ! તપ કરીને જેટલી નિર્જરા કરી હતી. એટલા કર્મો ફરી બીજા બાંધી લીધાં એટલે સરવાળે પાછો પહેલા જેવો હતો એવો થઇ ગયો અને આવું તો વર્ષોથી નહીં, કોને ખબર કેટલા જન્મોથી ચાલતું હશે ? હજી કંઈ છેડો જ નથી આવતો. આ તો નીચે કાણું અને ઉપર નળ ચાલુ એવી કોઠીના જેવી દશા છે.




આજે નિર્જરા અને કાલે બંધ. હજી હમણાં સામાયિક-પ્રતિક્રમણ કર્યાં અને હમણાં કલાક પછી તો બીજા નવાં બાંધ્યાં.

**પાપ અને પ્રાયશ્ચિત્તનો, કેવો અજબ ચકરાવો ?**
**રોજ કરું હું પાપ અને રોજ કરું પસ્તાવો...પાપ અને...**

ખરેખર, આપણું જીવનચિત્ર નાટક એવું જ છે. રોજ પાપ અને રોજ નિર્જરા, માટે જ અન્ત નથી આવતો.

હવે તો એક વાર મહાપ્રયત્ને નવાં પાપોને આવતાં અટકાવીને સદંતર બંધ કરીને અર્થાત્ પૂર્ણ સંવર કરીને જો નિર્જરા કરવા બેસીએ અને તે પણ સંપૂર્ણ નિર્જરા–સર્વ નિર્જરા કરીએ તો બધાં જ જૂનાં પાપો ખપી જાય અને મોક્ષ મળી જાય.

જેમ જેમ પાણી બળતું જશે...તેમ તેમ દૂધ ઘટ્ટ થતું જશે અને દૂધમાંથી દૂધપાક અને એક અવસ્થામાં માવો થઈ જશે. દૂધ કેટલું હતું ? ૪–૫ લિટર અને હવે માવો કેટલો છે ? સાવ થોડો છતાં કોની તાકાત વધારે ? દૂધની કે માવાની ? માવો થોડો છે છતાં પણ માવાની તાકાત વધારે છે.

ઠીક, એવી જ રીતે પાપકર્મોની નિર્જરા થઈ જતા આત્મા શુદ્ધ થયો. આત્મપ્રદેશો ચોખ્ખા થયા. હવે આત્મગુણોની શક્તિ વધી ગઈ, આત્મા બળવાન થયો. શકિત અને ગુણો તો આત્મામાં જ હતા પરંતુ આરિસા ઉપરથી મેલનું પડ નીકળી જતા જેમ ચોખ્ખું દેખાવા માંડે છે તેમ કર્મનો મેલ નીકળી જતા આત્મા શુદ્ધ—ચોખ્ખો થઈ જાય છે.

## જેવા પાપ એવી નિર્જરા

(૧) રસ્તે ચાલતા સૂકા કપડા ઉપર ધૂળ લાગી હોય તો ખંખેરતા કે ઝાટકતા જ તે ધૂળ નીકળી જાય.

(૨) પરસેવાના ભીનાં કપડા ઉપર ચોટેલી ધૂળ ખંખેરતા કે ઝાટકતા નહીં નીકળે, પણ ગરમ પાણીમાં બોળીને ધોતા નીકળી જશે.

(૩) તેલવાળાચીકણાં કપડા ઉપર લાગેલી ધૂળ, કચરો વગેરે તો સાબુમાં–સોડામાં ઉકાળીને ધોવું પડશે.

(૪) પેટ્રોલ પંપ ઉપર કે કારખાનામાં કામ કરતા કપડા ઉપર લાગેલ મેલ તો ઘાસલેટ કે પેટ્રોલથી ધોશો ત્યારે જ ડાઘ જશે.

(૫ ગાડાના પૈડાની મળી કે ડામર વગેરેના ડાઘ તો કપડું ફાટે તો પણ ન ધોવાય એવા હોય છે.

આ પ્રમાણે કયાં કર્મ કેવી રીતે બંધાયાં છે તેના ઉપર નિર્જરાનો આધાર રહે છે.

માત્ર મનથી સામાન્ય રીતે વિચાર કરતા લાગેલાં પાપકર્મોની નિર્જરા માટે તો પશ્ચાત્તાપ કરતા પણ ધોવાઈ જાય છે જેમ પ્રસન્નચંદ્ર રાજર્ષિએ મનના વિચારોથી પાપકર્મ બાંધ્યાં અને મનથી જ પશ્ચાત્તાપની ધારામાં ચઢતા પાપ ખપાવી નાંખ્યાં,

વચનયોગથી જે તે, જેમ તેમ બોલતાં લાગેલાં પાપકર્મો માટે તો વચનયોગથી બોલીને મિચ્છામિદુક્કડં–ક્ષમા માગતા પણ ઘણાં પાપ-કર્મ ખપી જાય છે.

અને કેટલાક પાપકર્મ જે કાયાથી રસપૂર્વક કષાયપૂર્વક બાંધ્યાં છે તેને ભોગવવાં માટે તો કદાચ પ્રાયશ્ચિત્ત કરવું પડે, તપ વગેરે કરવું પડે. આ પ્રમાણે મન, વચન અને કાયાથી કરેલાં પાપકર્મોને મન–વચન અને કાયા વડે જ ખપાવવાં પણ પડશે.

## નિકાચિત કર્મોની નિર્જરા નથી થતી

"कडाण कम्माण न मोक्खोत्ति" કર્યા કર્મથી તો કોઈ છુટકારો જ નથી. એવા ભારે કર્મો જે નિકાચિત બંધાઈ ગયાં છે, જેમ ગાડાની મળી કે મજીઠના રંગ જેવાં ચીકણાં કર્મો જે આત્માની સાથે બંધાઈ ગયાં છે તેની તો નિર્જરા શક્ય જ નથી. શ્રેણિક મહારાજાએ નિકાચિત પાપકર્મ બાંધ્યા પછી ભલે તીર્થંકર નામકર્મ બાંધ્યું. મહાવીર મળ્યા બધી વાત સાચી પણ તે નિકાચતિ પાપકર્મના

કારણે એક વાર તો નરકમાં જવું જ પડયું. ભલે પછી હવે નિકળ્યા પછી તીર્થંકર થશે. એમાં ના નથી પરન્તુ નિકાચિત પાપકર્મોની નિર્જરા નથી થતી. શ્રેણિકે એક નહીં બે-ચાર ઉપાયો કર્યા પણ અસંભવ નિવડયા. એવા ભારે ચીકણાં નિકાચિત પાપ કર્મો ન બંધાઈ જાય તેની સતત કાળજી રાખવી જોઈએ.

## નરકગતિ અને નિર્જરા

નરકગતિમાં તો કરેલાં કર્મોની સજા ભોગવવાની વધારે હોય છે. નિર્જરાનું પ્રમાણ તો કેટલું ? સોએ એક કર્મ પણ માંડ, કારણ નરક તો પાપકર્મોના કારણે મળ્યું છે. પાપકર્મોની સજા ભોગવાય છે, મહાદુઃખ સહન કરવા પડે છે. પછી જો તે કર્મ શેષ ન રહ્યુ હોય તો છૂટયો, પણ હજી જો તે કર્મ શેષ રહ્યું અને નરકનું આયુષ્ય પુરુ થઈ ગયું તો પછી ફરી બીજી વાર બીજી ગતિમાં. બીજુ નરકગતિમાં કર્મની નિર્જરા કરવા માટે સાધનો શું ઉપલબ્ધ છે ? તપશ્ચર્યા, સામાયિક વગેરે વિરતિ સ્વાધ્યાય, વગેરે તપ તો ત્યાં કંઈ જ નથી.

હા, જેટલું સહન કરે તેટલા પ્રમાણે કર્મ ખપાવે. એ જ પ્રમાણે દેવગતિમાં પણ તપધર્મ, સંવરધર્મ વગેરે સુલભ નથી. માટે ત્યાં પુણ્ય યોગે સુખ ભોગવે છે. નરકમાં પાપયોગે દુઃખ ભોગવે છે. તિર્યંચની પશુપક્ષીની ગતિમાં પણ દુઃખ ભોગવવાનું પ્રમાણ વધારે છે અને ધર્મનું પ્રમાણ તો કોઈ વીરલાને જ છે. ચંડકૌશિક, દેડકો, ઘોડો, હાથી વગેરેમાં કોઈ એવા વીરલા જીવ હોય છે જે ધર્મ પામી તપ ત્યાગ કરી નિર્જરા કરી શકે છે.

## મનુષ્યગતિમાં નિર્જરાની સુલભતા

માનવ જન્મમાં નિર્જરા સ્વરૂપ, તપ, ધર્મ સુલભ છે. મનુષ્યગતિનો માનવી ધારે તે પ્રમાણે નિર્જરા કરી શકે છે, કારણ કે તેની પાસે તપ-ધર્મનું પ્રમાણ સારું છે. નિર્જરા માટે તપધર્મ પરમ આવશ્યક છે.

મનુષ્યગતિમાં દેવ-ગુરુ-ધર્મની પ્રાપ્તિ સુલભ છે, સરળ છે અને મળ્યા પછી ધારીએ તો તેની આરાધના પણ અત્યન્ત સુલભ છે અને ધારે તે રીતે શક્ય છે.

કપડાને ધોવા કેટલી મહેનત પડે છે અને રસોડામાં કાળું થઈ ગયેલું મસોતું કેવી રીતે ધોઈને શુદ્ધ કરવું અને હવે એને ધોઈને ફરીથી ઓરિજિનલ શુદ્ધ સ્વરૂપમાં–મૂળ રૂપમાં પાછું કેવી રીતે લાવવું ? એ જ રીતે આત્માને પણ કેવી રીતે ચોખ્ખો કરીને પાછો મૂળ રૂપમાં લાવવો ? એક કપડું તો એક મહિનામાં મસોતા જેવું કાળું શ્યામ થઈ જાય છે. તો અનાદિ–અનન્ત કાળથી જે આત્માને કર્મ ચોંટી રહ્યાં છે તેની દશા તો કેવી થઈ હશે ? આત્મા કેવો કાળો–શ્યામ થઈ ગયો હશે ? હવે કેટલી મહેનત કરવી પડે ? જો કપડાંને ધોવા માટે ધોકા લઈને કૂટવાં પડે, ગરમ–ગરમ ઊકળતા પાણીમાં સોડા–સાબુ નાંખીને બાફવાં પડે, નદીના કાંઠે પથ્થર ઉપર અફાળવાં પડે છે. તો પછી અનન્તા વર્ષોથી લાગેલાં કર્મોવાળા આત્માને તો શુંનું શું કરવું પડશે ?

કપડાં ધોવામાં જેટલી મહેનત કરીએ છીએ, જેટલી કાળજી રાખીએ છીએ એટલી પણ ચીવટ અને કાળજી જો આત્માને શુદ્ધ કરવા કરી હોત તોપણ વહેલા શુદ્ધ થઈને સિદ્ધ, બુદ્ધ, મુક્ત બની ગયા હોત, પરંતુ કપડાં ધોવાનું તો સંસારમાં સર્વત્ર છે, પણ આત્મશુદ્ધિની વાત કરનારા પણ સંસારમાં કેટલા મળે છે ? તે શોધવાનો વિષય છે.

**संसारबीज भूतानां, कर्मणां जरणादिह ।**
**निर्जरा सा स्मृता द्वेधा, सकामा कामवर्जिता ॥**

યોગશાસ્ત્રમાં હેમચન્દ્રાચાર્ય મહારાજ કહે છે કે સંસારના બીજ-રૂપ એવાં કર્મોને આત્માથી છૂટાં પાડવાની ક્રિયાને નિર્જરા કહેવામાં આવે છે, અને તે નિર્જરા બે પ્રકારે છે.

## નિર્જરા

### સકામ નિર્જરા

**ज्ञेया सकामा यतिनाम्**

નિર્જરાની ઇચ્છાથી જે તપાદિ કરવામાં આવે તે સકામ નિર્જરા અર્થાત્ સ્વેચ્છાથી જે પચ્ચખાણ વગેરે લઈને ત્યાગ કરી સહન કરે છે તે સકામ નિર્જરા

જ્ઞાન, ધ્યાન, તપ સંયમ અને પરીષહ આદિ ખમવાથી વિના વિપાકે પણ જે નિર્જરા થાય છે તે સકામ નિર્જરા

### અકામ નિર્જરા

**अकामा त्वन्यदेहिनाम् ।**

અકામ=અનિચ્છા. પોતાની ઇચ્છા નથી કે લક્ષ પણ નથી એવા અન્ય સંસારી જીવો જે રીતે પણ કર્મ ખપાવે છે તે અકામ નિર્જરા કહેવાય.

પરવશપણે અજ્ઞાન અને કષ્ટથી જે દુઃખો ભોગવવા પડે છે તે અકામ નિર્જરા

### અકામ નિર્જરા

**इच्छा विना यत्किल शीलपालन-**
**मज्ञानकष्टं नरके च ताडनम् ।**
**तिर्यक्षु तृड्क्षुद्वधबन्धवेदन-**
**मेतैरकामा भवतीह निर्जरा ॥**

**तदुक्तं—“ जे इमे जीवा गामागर णगर निगम राय-हाणी खेड कब्बड, मडंब, दोणमुहपट्टणा समसंबाह संनिवेसेसु अकाम तण्हाए अकाम छुहाए, अकाम बंभचेरवासेणं, अकाम अन्हाणक सीयायव दंस मसग सेअ जल्ल मल्ल पंक परितावेणं अप्पतरो वा भुज्जतरो वा कालं अप्पाणं परिकिले-सिता कालमासे कालं किच्चा अन्नतरेसु वाणमंतरेसु देवलोएसु देवताए उववत्तारो भवंति…….दसवास सहस्साइं ठिई पन्नत्ता…… ”**

ઈચ્છા વિના પરાણે પણ લોકલાજથી બ્રહ્મચર્ય પાળવું પડતું હોય, અજ્ઞાન, કષ્ટ, તપ કરવાથી, નરકની ગતિમાં ૧૦ પ્રકારની તીવ્ર અસહ્ય વેદના સહન કરવી પડતી હોય, તાડન, છેદન, ભેદન વગેરે સહતો હોય, એ જ પ્રમાણે પશુપક્ષીના તિર્યંચના ભવમાં ભૂખ, તરસ, વધ, બંધન, ગાડીમાં જોડાવું, માલવહન કરવું, ભાર ખમવો વગેરે અનેક કારણસર જે રીતે સહન કરવુ પડે છે, અને તે પણ અનિચ્છાથી પરવશપણે સહન કરતા જે કર્મ ખપે છે, ભોગવાય છે તે અકામ નિર્જરા કહેવાય છે.

આગમ શાસ્ત્રમાં કહ્યું છે કે ગામ, નગર, પુર વગેરે સ્થળોએ વસતા મનુષ્યો જે અનિચ્છાએ પરાણે પણ ભુખ, તૃષા, સહન કરતા હોય, ઇચ્છા ન હોય છતાં પણ બ્રહ્મચારી રહેવું પડતું હોય, ઠંડી, ગરમી, ડાંસ, મચ્છરનો ત્રાસ, મેલ, પરસેવો વગેરે સહન કરતા જે કર્મ ખપાવે છે તે અકામ નિર્જરા કહેવાય. ભલે અકામ તો અકામ પણ પાપ કર્મ તો ખપાવ્યાં, અને તેથી પણ દેવગતિ મળે તો દસ હજાર વર્ષ આયુષ્ય પ્રમાણ વાણવ્યંતર વગેરે દેવગતિ પામે છે. અકામ નિર્જરા પણ પુણ્યદાયિનિ પ્રબળ બળવાન છે.

દા.ત. ડોકટરના કહેવાથી તાવ, ટાઈફોઈડમાં એક દાણો પણ અનાજનો ન લેતા ભૂખ્યા રહીને જે ભૂખતરસ સહન કરે છે તે પણ અકામ નિર્જરા જ છે, કારણ ઘરમાં શીરોપૂરી, રસપૂરી થયા હોય ત્યારે ખાવાની ઈચ્છા તો ઘણી હોય પણ શું કરે ? જ્યારે ઘરમાં માતા ઉપવાસ કરે છે, તંદુરસ્ત છે, ઘરમાં ખાવાનું પણ ઘણું છે, અને પોતે પોતાનાં સંતાનોને રસોઈ કરી પણ આપે છે છતાં પણ પોતે ઉપવાસ કરે છે, સ્વેચ્છાથી પચ્ચખાણ લઈને કરે છે તે અકામ નિર્જરા છે. અકામ નહીં, કારણ પોતાની ઈચ્છા જાગ્રત છે.

હિમાલયની ગૂફામાં રહેનારો જપધારી પણ હોય પરન્તુ બિલકુલ વ્રત–પચ્ચખાણ ન હોય, નદીનું પાણી પીતો હોય અને કંદ–મૂળ-ફળ ખાતો હોય તોપણ એક ૨ ઘડીની નવકારસી અને ચોવિહાનાપચ્ચખાણ

કરનાર એક નાના બાળશ્રાવકના તોલે પણ ન આવે. અજ્ઞાન તપ, કષ્ટ-સાધ્ય તપ જે અનિચ્છાએ કરાય છે તે પણ અકામ નિર્જરાનું પણ કામ કરી જાય છે.

ટ્રેનમાં ચઢતા ખીસું કપાઈ ગયું અને ૧,૦૦૦/– હજાર રૂપિયા ચોરાઈ ગયા. તો શું તમે ઘરે આવીને એમ કહેશો કે મેં આજે ૧,૦૦૦ રૂપિયાનું દાન કર્યું છે ? ના, ન કહેવાય. ચોરીમાં જતા રહ્યા એટલે હવે દાનના નામે ચઢાવીને યશ-કીર્તિ લેવા માંગો છો ? તોપણ અકામ નિર્જરા

## પરીષહ સહન અને નિર્જરા

કામ એટલે ઈચ્છા અને સકામ એટલે સ્વેચ્છા, પોતાની મરજી વિરૂદ્ધ પરીષહોમાં તો સહન કરવાની વાત છે. જે સંવર ધર્મ પ્રધાન છે. તે જ સમભાવે સહન કરવાથી, ઉત્તમ ભાવનાપૂર્વક પ્રતીકાર ન કરતા સહન કરવાથી ઉત્તમ નિર્જરા થઈ શકે છે. પરિણામોની તરતમતાથી ઉત્તમ સંવરની આરાધના પણ નિર્જરાકારક બની જાય, પરન્તુ તેથી વિપરીત જો પરીષહો સહન કરવાને બદલે અનિચ્છાએ પણ પરાણે સહન કરવાનો વખત આવે, ભૂખ-તરસ, ઠંડી-ગરમી વગેરે સહન કરવાનું હોય તો અકામ નિર્જરા થઈ જાય. જેમ એક ઝાડ જે એકેન્દ્રિય જીવ છે તે પણ તડકામાં ઊભું છે. પરાણે ઈચ્છા ન હોવા છતા પણ તાપ, ઠંડી, ગરમી, વર્ષા, મારપીટ વગેરે સહન કરવાનું જ છે. તેથી તેને પણ અકામ નિર્જરા થાય છે. સંસારમાં સર્વત્ર સહન કરવાનું છે પરન્તુ શું બધા જીવો સ્વેચ્છાએ મનથી હસતા મોઢે થોડું જ સહન કરી લે છે ? ના, અને જે સમતાભાવે સહન કરવાનું તો દૂર ગયું પણ ઉપરથી જો કલેશ કષાય કરતા હોય તો તો...ભારે વેર ઝેર બંધાઈ જાય, નિયાણાં પણ બંધાઈ જાય. તેના કરતાં તો સહન કરવું શું ખોટુ ?

કલેશ–કષાય કરવા કરતાં તો અકામ નિર્જરા સારી અને અકામ નિર્જરા કરતાં તો સકામ નિર્જરા સર્વોત્તમ સર્વશ્રેષ્ઠ છે.

**સકામ નિર્જરા :** સ્વેચ્છાપૂર્વક આનન્દથી હસતા હસતા દુઃખોને સહન કરવાં. અદીનપણે પ્રતિકારરહિતપણે ભૂખ, તરસ, ઠંડી, તાપ, વગેરે બધુંજ સહન કરવું તે સમત્વ ભાવની સાધનામાં સકામ નિજરા થશે. સ્વેચ્છાથી ઉપવાસ કરનાર બાળકને તમે પેંડો આપશો તોપણ નહીં ખાય. તે જ તેની સ્વેચ્છાપણાંને દેખાડી આપે છે. "ઈચ્છામિ" "ઈચ્છાકારેણ" વગેરે શબ્દોથી પ્રથમ ઈચ્છાયોગ પ્રદર્શિત કરવામાં આવ્યો છે. આ ઈચ્છાયોગ પૂર્વકની આરાધના તપશ્ચર્યા જ સકામપણાને સૂચવે છે. શું સાધુ મહારાજ વ્યાખ્યાનમાં ઘણાંને ઉપવાસ વગેરેના પચ્ચખાણ આપે છે તો શું તેમને આટલા બધાને ન ખાવા દેવાનો અંતરાયકર્મ બાંધ્યો ?

ના. આપનાર મુનિરાજ પચ્ચખાણ આપે છે, પરન્તુ જેણે જ ધાર્યું હોય, કરવાની ઈચ્છા વ્યક્ત કરી હોય તેને જ પચ્ચખાણ લાગે છે. બીજા બધાને નહીં, અને આરાધકે પોતે વિનંતી કરતા બોલવાનું છે, કે —"ઈચ્છકારી ભગવન્ પસાય કરી પચ્ચખાણ નો આદેશ આપશોજી ! ઈચ્છાએ કરીને હે ભગવન્ પચ્ચખાણ આપવાની કૃપા કરશોજી. ઈચ્છાયોગ પૂર્વકની કેટલી સુંદર વિધિ છે ?

સ્વેચ્છાપૂર્વક પ્રયત્નવિશેષથી સ્વયં પોતે ઉપવાસ, આયંબિલ, એકાશન વગેરેનું તપ કરે, સ્વાધ્યાય, ધ્યાન, કાયોત્સર્ગ તેમ જ વિનય અને સેવાભક્તિ વગેરે કરે તે બધી જ સકામ નિજરા કહેવાય, જેમાં સ્વયં પોતે કર્મ ખપાવવા માટે સ્વઈચ્છાથી જાગ્રત છે, સાવધાન છે. તૈયાર છે તે સકામ નિર્જરા. આ પ્રકારની સકામ નિર્જરાનું મુખ્ય સાધન છે બાર પ્રકારનું તપ–**बारसविहं तवो-णिज्जरा**

## નિર્જરાનું અમોઘ સાધન → "તપ"

"कर्मणां तापनात् तपः" જે કર્મોને તપાવે તે તપ. ताप्यन्ते रसादि धातवः अनेनेति तपः "– જેના વડે રસ, રુધિર, માંસાદિ ધાતુઓ તપાવવામાં આવે તે તપ. એમ તપની વિવિધ વ્યાખ્યાઓ છે. પરંતુ એટલું તો સ્પષ્ટ છે કે તપ એક પ્રકારની ગરમી છે. Heat=તાપ છે, તાપ એટલે ગરમી પણ ઘણી વખત વસ્તુના વિભાગીકરણમાં મહત્વનું ભાગ ભજવે છે.

**सदोषमपि दीप्तेन, सुवर्णं वन्हिना यथा ।**
**तपोऽग्निना तप्यमानस्तथा जीवो विशुध्यति ॥**

યોગશાસ્ત્રમાં કહ્યું છે કે જેમ ખાણમાંથી માટી સાથે મિશ્રિત અશુદ્ધ સોનું જે નિકળ્યું છે તેને અગ્નિ ઉપર તપાવવામાં આવે તો જ માટી અને સોનું છૂટું પડે છે. માટી એ મેલ છે જેને સોનાને ઢાંકી દીધું હતું તે જુદી થઈ જતા સોનું શુદ્ધ અને સ્પષ્ટ દેખાય છે. પછી અગ્નિમાં સોનાની કણ કણ એક થઈ જાય છે. એ જ રીતે તપરૂપી અગ્નિ વડે આત્મા અને કર્મને છૂટાં પાડવામાં આવે અને કર્મરૂપી મેલ બળી જતા શુદ્ધ થાય છે.

Friction heat=ઘર્ષણજન્ય તાપ અને spide heat=ગતિજન્ય તાપ વગેરે. જેમ વિજ્ઞાનના ક્ષેત્રે તાપના પ્રકારો છે તેવી જ spiritual heat–આધ્યાત્મિક તાપને તપ કહેવાય છે તે જ તપશ્ચર્યા રૂપે સાધના છે. જેનાથી આત્માની વિશુદ્ધિ થાય છે આવા પ્રકારનું તપ બાર પ્રકારે કહેવામાં આવ્યું છે :

**अणसणमूणोअरिया वित्तीसंखेवणं रसच्चाओ ।**
**कायकिलेसो संलीणया य बज्झो तवो होइ ॥ १ ॥**

**पायच्छित्तं विणओ, वेयावच्चं तहेव सज्झाओ ।**
**झाणं उस्सग्गोऽविअ, अब्भिंतरओ तवो होइ ॥ २ ॥**




આભ્યંતરના ભેદ – ૧૦+૭+૧૦+૫+૪+૨=૩૮ કુલ–૧૨+૩૮=૫૦




**બાહ્ય તપનું સ્વરૂપ અને પ્રકારો—**

જેમાં દેહ વડે તપાદિ કરવાની પ્રાધાન્યતા છે, આહારાદિના ત્યાગની પ્રધાનતા છે એવું તપ બાહ્ય પ્રકારે ઓળખાય છે, અનશન, ઊણોદરી, વૃત્તિસંક્ષેપ, અને રસત્યાગ–ના પ્રકારોમાં આહાર ન લેવો, ઓછો લેવો, પરિમિત લેવો, નીરસ લેવો વગેરે આહારની મીમાંસા કરવામાં આવી છે. આહાર એ દેહ ધર્મ છે, એથી બાહ્ય તપમાં દેહને અગ્રસ્થાને રાખ્યો છે, પરંતુ એ પણ સરવાલે તો આત્મશુદ્ધિ કારક જ છે, આત્મા ઉપરથી કર્મને છૂટા જ પાડે છે. માટે નિર્જરાકારક છે. આભ્યંતર તપ અઘરો છે, માટે પ્રથમ અભ્યાસ તો બાહ્ય તપનો હોવો

જ જોઈએ, બાહ્ય તપના સંસ્કાર ઘણાં જ ઉપયોગી પુરવાર થયા છે.

**(૧) અનશન**—" અશન " એટલે આહાર, તે ૪ પ્રકારે છે—

અશન (આહાર)

| 1 | 2 | 3 | 4 |
|---|---|---|---|
| અશન | પાન | ખાદિમ | સ્વાદિમ |
| એટલે-ભોજન-રોટી શાક, દાળ, ભાત વગેરે | પાણી | ફળ-ફૂળ-મેવા વગેરે | લવીંગ. એલચી, તાંબુલ વગેરે |

આ અશનાદિનો ત્યાગ કરવો, તે **અનશન** " ઉપવાસ " શબ્દથી પ્રસિદ્ધ પામેલ છે.

ઉપવાસ

| ચઉવિહાર | તિવિહાર |
|---|---|
| ચારે પ્રકારના આહારનો ત્યાગ | પાણી વિના ૩ આહારનો ત્યાગ |

ઉપવાસમાં કાંતો ફક્ત ગરમ પાણી વાપરી શકાય તે તિવિહાર. **અર્થાત** ત્રણ આહારનો ત્યાગ અને ૧ આહાર પાણીની છૂટ અને ચઉવિહારમાં તો ચારે આહારનો ત્યાગ પાણી પણ ન પીતા " નિર્જલ ઉપવાસ." અન્ય ધર્મોમાં તેમની માન્યતાનુસાર ફળ-ફળાદિ-દૂધ મીઠાઈ આદિ લઈ શકાય છે. તે પ્રમાણે વિચાર કરીએ તો બધો આહાર લેતા ઉપવાસ ક્યાં રહ્યું ? ઉપ + વાસ = ઉપવાસ ઉપ = સમીપમાં ( ઉપસર્ગ છે ) વાસ=વસવુ. નિવાસ કરવો, આહારાદિ ખાદ્ય સામગ્રીમાં રખડતા મનને આત્માની સમીપે લાવીને સ્થિર રાખવો તેનું નામ છે--" ઉપવાસ "

**અનશન** બે પ્રકારે—(૧) ઈશ્વર કથિત—**અર્થાત્** અમુક દિવસ માટે ખાવાનું ત્યાગ કરી ઉપવાસ કરવા તે, (૨) યાવજ્જીવન=મરણ સૂધી ન ખાવુ તે " યાવત્કથિત. "

(૨) **ઉણોદરી**—જૈન શાસનની આ છે બલિહારી, જૂઓ ખાવા છતાં પણ ફક્ત ઓછા પ્રમાણમાં ખાવાને તપ પણ કહયો છે. ૩૨ ભોજન ને ૩૩ પકવાન હોય, ૫૬ વાનગીઓની રસવતી તૈયાર હોય ત્યારે મન કેટલુ લલચાય, આ ખાઉં કે આ ખાઉં ? પણ ના મનને સમજાવીને ઉદર=એટલે પેટ-અને 'ઉણુ' એટલે ઓછુ ખાવુ તે "ઉણોદરી તપ" પુરુષનો આહાર ૩૨ કવળ અને સ્ત્રીનો ૨૮ કવળ પ્રમાણ છે. તે તો પૂર્ણ છે. તેટલુ ખાઈએ તો "પૂરોદરી" કહેવાય તે તપ ન કહેવાય. આજે વધુ પડતા રોગોનું કારણ છે અતિઆહાર ( પૂરોદરી ) વધારે ખાવુ અને વારંવાર ખાવુ, તે રોગનું ઘર કહેવાય, માટે ઉણોદરી તપ છે.

(૩) **વૃત્તિસંક્ષેપ**—જીવવા યોગ્ય આવશ્યક ભોજન પાણી વગેરે વૃત્તિ છે, જમવા બેઠા. અને જમણમાં તો પચ્ચાસ વાનગીઓ છે પરંતુ મારે આટલી બધી ખાઈને શું કામ છે ? ૪–૫ વસ્તુથી પેટ ભરાતુ હોય તો નિરર્થક પચ્ચાસ ખાઈને શું ફાયદો ? એટલે દ્રવ્ય, ક્ષેત્ર, કાલ, અને ભાવથી પદાર્થોની સંખ્યા મર્યાદિત કરીને ખાવી તે, વૃત્તિનો સંક્ષેપ કહેવાય, નિયમ, અભિગ્રહ વગેરે જે ધારીએ છીએ તે મનની ઈચ્છાનો તો નિગ્રહ થયોને ? ઘણાં આ જીવન ૪–૫, કોઈ ૮–૧૦ દ્રવ્યો ઉપર જ રહે છે. ભગવાન શ્રી મહાવીર પ્રભુએ કેટલો કપરો અભિગ્રહ કર્યો હતો અને પાંચ મહિનાને ૨૫ દિવસના અંતે ચંદનબાળાના હાથે પારણું થયુ તે અભિગ્રહ ચારે રીતે ઉત્તમ વૃત્તિ સંક્ષેપ કહેવાય

(૪) **રસત્યાગ**—શરીરની રસ-રૂધિર વગેરે ધાતુઓને વિશેષ પુષ્ટ કરનાર તે 'રસ'-જેમાં ઘી, તેલ, દૂધ, દહીં ગોળ અને પકવાન એ છ ખાસ રસ કહેવાય છે. અને આ છ રસથી બનેલી તે "રસવતી" અર્થાત્ રસોઈ, આ છને વિગઈ કહેવામાં આવે છે. "ષડ્વિગઈ" વિગઈઓ વિકૃતિ કરનાર છે, ઈન્દ્રિયોને બહેકાવનાર, ભડકાવનાર છે, અને તેથી અનેક પાપો થાય છે એટલે વિકૃતીના

ત્યાગ કરવા રૂપ અને ઈન્દ્રિયોને શિથીલ-શાન્ત કરવા રૂપ આ " રસત્યાગ "- તપ શ્રેષ્ઠ છે. અર્થાત્ ઘી-તેલાદિ છ વિગઈનો ઉપયોગ ન કરતા જે ભોજન વાપરવુ તે " રસત્યાગ તપ અર્થાત્ આયંબિલનું ભોજન, આયંબિલમાં ફકત બાફેલુ અન્ન-કઠોળ ભોજન રૂપે વપરાય છે. તેમાં ઘી, તેલ, ગોળ આદિ કંઇ જ નથી વપરાતુ, એટલે બધા રસનો ત્યાગ,-સુનંદાએ ૬૦,૦૦૦ વર્ષ આયંબિલ કરીને કાયાને શોષવીને ભરતચક્રવતીં પાસે દીક્ષાની અનુમતિ મેળવી.

—પૂજ્ય અભયદેવસૂરી મહારાજે ૧૨ વર્ષ સુધી આયંબિલનો તપ કરી ( રસત્યાગ કરી ) નવ અંગ સૂત્રોની ટીકા ( વૃત્તિ ) લખી.

(૫) **કાયકલેશ તપ**—કાયા એટલે શરીર. કાયાને કષ્ટ આપીને પણ આત્માને શુદ્ધ કરવો, પુષ્ટ કરવો તેનું નામ છે—અધ્યાત્મયોગ: દેહાત્મ ભેદજ્ઞાન આ તપથી સાધવાનું છે. દેહભાવ અને દેહરાગમાં તો જીવ દેહાત્મ અભેદ વૃત્તિથી વર્ષો સુધી રહ્યો. પરંતુ અધ્યાત્મ સાધનાનો ખરો પ્રયોજન હવે એક જ છે કે દેહાત્મ-ભેદજ્ઞાન કરીને દેહભાવ અને દેહરાગ ટાળવો છે અને તે માટે જ તપધર્મની સાધના છે. આ કાયાએ આપણને ઘણાં પાપો કરાવ્યા છે. તે કાયા થકી હવે આપણે નિર્જરા કરવાની છે. માટે કાયાને કષ્ટ આપીને પણ આત્માએ પોતાની સહન શક્તિ વધારવી જોઈએ. કારણ કાયાને તો કંઈ જ થવાનું નથી અને તે તો અન્તે લાકડામાં જ બળવાની છે, જડ છે. માટે ખુલ્લા પગે પણ તાપમાં ચાલવું. ચાલીને પાદ-વિહાર કરીને જ ગામે-ગામે જવું, ઉઘાડા માથે તાપ સહન કરવું. કેશનો લોચ કરવો અર્થાત્ શસ્ત્રાદિ સાધન વિના હાથેથી જ માથાના વાળ ખેંચી કાઢવા. ઠંડી-તડકો-તાપ-બફારો સહન કરવો વગેરે કાયકલેશ છે અને વીરાસન, પદ્માસન, ગોદોહિકાસન વગેરે આસનોમાં બેસવું, પણ કાયકલેશ છે. આવી રીતે પણ આત્મા નિર્જરા કરે છે.

(૬) **સંલીનતા**—આ બે પ્રકારે છે. (૧) તે તે ઇન્દ્રિયોને તે તે વિષયોમાંથી સંકોચીને પાછી વાળીને વિષયોના પાપથી બચાવવી તે ઇન્દ્રિય સંલીનતા છે. (૨) ક્રોધ-માનાદિ કષાયોને ઉદયમાં આવવા ન દેવા નિષ્ફળ બનાવવા તે કષાય સંલીનતા, (૩) મન-વચન કાયાના યોગ ઉપર સંયમ રાખવો-દુરૂપયોગ ન થવા દેવો તે યોગ સંલીનતા, (૪) સંયમમાં બાધા ન પહોંચે તેવા એકાન્ત સ્થાન માં રહેવુ, અંગોપાંગાદિ સંકોચી રાખવા જ્ઞાનદર્શનાદિની આરાધનામાં લીન રહેવુ તે વિવિક્તચર્યા સંલીનતા.

બાહ્ય તપ તો લોકોની નજરમાં આવી શકે છે. દૂધ-પાણીને ગરમ કરતા સર્વ પ્રથમ અગ્નિ જેમ તપેલાને ગરમ કરે છે. તેમ આત્મા અને કર્મ જે દેહમાં રહ્યા છે તેમાં પણ તપ સર્વ પ્રથમ દેહને તપાવશે. તપની પહેલી અસર શરીરને થવાની, શરીર તપે, ઇન્દ્રિયો શાન્ત થાય, વાસના ઓછી થાય તે પહેલા જરૂરી છે. તેથી જ બાહ્યતપ કહેવાય છે. બાહ્યતપ આભ્યંતર તપને પુષ્ટ કરનારૂ છે. તેની શુદ્ધિ અને રક્ષા કરનારૂ છે.

## આભ્યંતર તપ

**पायच्छित्तं विणओ, वेयावच्चं तहेव सज्झाओ ।**
**झाणं उस्सग्गोऽवियअ, अब्भिंतरओ तवो होइ ॥**

બાહ્ય પદાર્થ આહાર આદિ સંબંધી ત્યાગ તથા દેહને લક્ષ બનાવીને મુખ્ય રીતે કરવામાં આવતી નિર્જરા બાહ્ય તપાવલંબી છે. હવે માનસિક તપ અર્થાત્ મનને વિશેષ એકાગ્ર-સ્થિર રાખીને જે આહારાદિનો જેમાં કોઈ સંબંધ નથી. પરંતુ સીધુ અંતરાત્માનુ લક્ષી છે એવા આભ્યંતર તપની વિચારણા કરીએ. પ્રાયશ્ચિત વિનય વૈયાવચ્ચ




સ્વાધ્યાય ધ્યાન અને કાયોત્સર્ગ આ મુખ્ય છે ભેદમાં આભ્યંતર તપ વહેંચવામાં આવ્યો છે.

**પ્રાયશ્ચિત્ત**—અભ્યંતર તપનું સર્વપ્રથમ પ્રવેશ દ્વાર પ્રાયશ્ચિત છે. પ્રાયશ્ચિત્ત વિના આત્મશુદ્ધિ થતી નથી. ભૂતકાળમાં કરેલા પાપોનો ગુરુ સમક્ષ સ્પષ્ટ કથન કરીને યોગ્ય પ્રાયશ્ચિત જે ગુરુ મહારાજ આપે તે લઈને તપાદિ કરીને તેટલા પાપ કર્મને ધોઈ નાંખી આત્માને શુદ્ધ કરવો તેનું નામ છે પ્રાયશ્ચિત. કપડાને ધોવા જેમ સાબુ–પાણી વગેરે આવશ્યક

છે તેમ આત્માના પાપ ધોવા માટે પ્રાયશ્ચિત છે આત્મશુદ્ધિની સાધના.

પાપકર્મનો નાશ IV

શલ્યરહિત III

વિશુદ્ધિ II

પ્રાયશ્ચિત I

તસ્સ ઉતરી સૂત્રમાં આ ચારના ક્રમની સાધના બતાવી છે સર્વ પ્રથમ પ્રાયશ્ચિત કરવું અને તેના આલંબનથી વિસોહીકરણેણં "અર્થાત વિશુદ્ધિકરણ કરવું, અને તેથી વિસલ્લીકરણેણં શલ્ય રહિત પણ પ્રાપ્ત કરવું. પગમાં જેમ કાંટો હશે તો ચલાશે નહીં. એટલે કાંટાનો શલ્ય દૂર કરવો. અને પછી "પાવાણં કમ્માણ નિઘ્ઘાયણ ઠાએ" પાપ કર્મનો નિર્ધાતન અર્થાત નાશ કરવા સ્થિર થવું તે આ ચારે ક્રમે ચઢતા પાપના નાશ વડે આત્મ શુદ્ધિ થાય છે.

**चिरसंचिअ पाव पणासेइ, भवसयसहस्समहणीओ**

ચિર સંચિત પાપ કર્મોના નાશ અને લાખો ભવની પરંપરાનો પણ નાશ કરવા સતત પ્રયત્નશીલ રહેવાનું છે.

**एवं अट्ठविहं कम्मं, राग दोष समज्जिअं ।**
**आलोअंतो अ निंदंतो, खिप्पं हणइ सुसावओ ॥**

રાગદ્વેષથી ઉપાર્જન કરેલા આવી રીતે જે આઠે કર્મો બાંધ્યા છે તે બધાનો નાશ કરવા માટે આલોચના અને નિંદા કરીને શ્રાવક જલ્દીથી ખપાવી શકે છે.

## કર્મનાશની ક્રિયા

દુર્ગંછા IV

ગર્હા III

નિંદા II

આલોચના I

આ ક્રમે જ પાપ ક્ષય થાય છે. આ+લુચ-ધાતુથી આલોચના બન્યું છે. અર્થાત સર્વ પ્રથમ આંતરનિરીક્ષણ ( Self Introspection ) કરીને પાપને સારી રીતે જોતા થાઓ. સ્વીકાર કરીએ. એકરાર કરીએ અને પછી મનમાંજ પાપની નિંદા કરીએ. " ખરેખર મેં બહુ ખોટું કર્યું છે. આ ખોટું જ છે. પછી ત્રીજા નંબરે ગુરૂ ભગવંતો ની સાક્ષીએ એજ પાપકર્મ ની નિંદા કરીએ ખોટાની ગુરૂ સાક્ષીએ સ્વીકૃતિ તે ગર્હા. અને અંતે પાપ પ્રત્યે અણગમો વ્યકત કરવા પાપની દુર્ગંછા કરવી. આવા પાપ ફરીથી ન કરવાની પ્રતિજ્ઞા કરવી આ પાપ કર્મ નાશ કરી આત્મ શુદ્ધિ કરાવશે.

આલોચન, પ્રતિક્રમણ, મિશ્ર. વિવેક. કાયોત્સર્ગ, તપ, છેદ, મૂળ, અનવસ્થાપ્ય અને દશમું પારાચિત એ પ્રમાણે દશ પ્રકારના પ્રાયશ્ચિત્ત કહ્યા છે. સાધક આત્માનું આ વાર્ષિક કર્તવ્ય છે. વર્ષમાં એકવાર તો અવશ્ય પ્રાયશ્ચિત કરીને આત્માને શુદ્ધ કરવા પાપ કર્મ ધોવા જ જોઈએ.

### પશ્ચાતાપ અને પ્રાયશ્ચિત્ત :

પ્રાયશ્ચિત્તમાં પ્રવેશ કરવા માટે સર્વ પ્રથમ પગથીયું પશ્ચાત્તાપનું છે. પશ્ચાત્તાપ વિના પ્રાયશ્ચિત્ત થવું શકય નથી પશ્ચાત્તાપ એ અંતરમાં પાપ પ્રત્યેનો અણગમો વ્યકત કરે છે. હૈયામાં દુઃખ થવું તે પશ્ચાતાપ છે. પશ્ચાતાપમાં આંખના આંસુથી આત્માના પાપકર્મો ધોવાય છે. પાપ કર્યા પછી તત્કાલ આત્માને ભાન આવતા પશ્ચાતાપની ધારા શરૂ કરવી જોઈએ. જેથી પાપ કર્મ ચીકણા ન બંધાય, પાપને ધોવા માટે પશ્ચાત્તાપ ખૂબ જ અગત્યનો ભાગ ભજવે છે.

**વિનય વડે નિર્જરા—" विणयमूलो धम्मो "**

ધર્મ વિનયમૂળક છે, વિનય તો સર્વ ગુણોનો મૂળ ગુણ છે, પાયાનો ગુણ છે અને ઉમાસ્વાતી મહારાજ પ્રશમરતિ ગ્રંથમાં ફરમાવે છે કે-વિનયથી ગુરૂ-શુશ્રુષા, તેથી-શ્રુતજ્ઞાન -તેથી વિરતિ,-તેથી-આશ્રવનો નિરોધ અર્થાત્ સંવર, અને સંવરથી તપપૂર્વક નિર્જરા, નિર્જરાથી ક્રિયાનિવૃત્તિ, તેથી અયોગીપણું અને યોગ નિરોધ પૂર્વકના અયોગીપણાથી ભવપરંપરાનો નાશ અને તેથી આત્માને મોક્ષનું ફળ પ્રાપ્ત થાય છે. માટે ખરેખર આવી મહાન ફળ પરંપરાનું એક માત્ર આધાર વિનય ગુણ છે.

જ્ઞાન દર્શન અને ચારિત્ર્યરૂપ આત્મગુણો તેના ઉપકરણો અને તેના અધિકારીઓનો વિનય તેમજ-મન-વચને, કાયાને આચાર્યાદિ વડીલોની ભક્તિમાં જોડી વિનય કરવો તે અને ઉપચાર વિનય, એમ વિનયના પ્રકારો કહ્યા છે. વિનય પણ મહાન તપ છે. તેથી પણ નિર્જરા થાય છે.

**વૈયાવચ્ચ = સેવાભક્તિ** —વૈયાવચ્ચ ખરેખર અપ્રતિપાતિ ગુણ છે. સેવા-ભક્તિથી અદ્‌ભૂત કર્મની નિર્જરા થાય છે. શાસ્ત્રોમાં દશ પ્રકારની વૈયાવચ્ચ કહી છે.

**आचार्यो-पाध्याय-तपस्वी-शैक्षक-ग्लान-गण-कुल**
**संघ-साधु-समनोज्ञानाम् ॥**

આચાર્ય, ઉપાધ્યાય, તપસ્વી, શૈક્ષક, ગ્લાન, ગણ, કુલ, સંઘ, સાધુ, સમનોજ્ઞ એવા દશ અધિકારીઓની સેવા-ભક્તિ નિર્જરા કારક છે અને નિર્જરા કરનાર હોવાથી જ આભ્યંતર તપમાં તેની ગણતરી કરવામાં આવી છે.

**(૪) સ્વાધ્યાય તપ**—" સ્વ " = એટલે આત્મા, અને " અધ્યાય " = અર્થાત્ અભ્યાસ, વિચાર અર્થાત્ આત્માને જ કેન્દ્રમાં રાખીને અધ્યયન,

અભ્યાસ—વિચારણા કરવી તે સ્વાધ્યાય. આત્માને છોડીને બાહ્ય જગતમાં શરીર. આહાર—પાણી, જડનો સંસાર ઘર—બાર બંગલાની ચિન્તા કે વિચારણા કરવાથી કંઈ વળવાનું નથી તે તો દુઃખકારક છે. માટે કહ્યું છે કે—" स्वाध्यायो परमो तपः " સ્વાધ્યાયના જેવું પરમ તપ એકે નથી. એને સર્વ શ્રેષ્ઠ નિર્જરા કારક તપ કહ્યો છે. સ્વાધ્યાય—સ્વભાવ રમણતા—સ્વભાવદશા રૂપ છે. અને જે આત્મા સ્વભાવદશામાં—સ્વાદ—પાપમાં જો સદા રત હશે તો બીજા પાપ બંધાવાની તો કોઈ શક્યતા જ નથી, અને જૂના પાપોનો ભૂકો બોલાય જ છે સ્વાધ્યાયી જ્ઞાની બનતો જાય છે અને ખરેખર તો જ્ઞાની જેટલી નિર્જરા કરી શકે છે—એટલી તો અજ્ઞાનીના માટે શક્ય પણ નથી. કહ્યું છે કે—

जं अन्नाणी कम्म, खवेइ बहुयाहिं वासकोडीहिं ।
तं नाणी तिहिं गुत्तो, खवेइ उसासमेत्तेण ॥
જ્ઞાની શ્વાસોચ્છવાસમાં, કરે કર્મનો ખેદ ।
પૂર્વ કોડી વર્ષો લગે, અજ્ઞાની કરે તે હ ॥

ભલે કર્મો બાંધતા લાખો વર્ષો થયા હોય, પરન્તુ જ્ઞાનયોગની સાધના એટલી પ્રબલ હોય છે કે જેથી લાખો વર્ષો સુધીના બધા કર્મો એક શ્વાસોચ્છવાસ માત્રમાં ખલાસ થઈ શકે છે. જેમ રૂની ગાંસડીના આખા ગોડાઉનને સળગાવવામાં એક દીવાસળી માત્ર પર્યાપ્ત છે. મિનિટોમાં તો બાળીને સાફ કરી નાંખે તેવું કાર્ય જ્ઞાની કરી શકે છે માટે જ નિર્જરાના ક્ષેત્રમાં જ્ઞાનયોગનું " સ્વાધ્યાય તપ " સર્વોત્તમ—સર્વશ્રેષ્ઠ છે.

સ્વાધ્યાય

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
|---|---|---|---|---|
| વાચના | પૃચ્છના | અનુપ્રેક્ષા | પરાવર્તના | ધર્મકથા |

આ પાંચ પ્રકાર સ્વાધ્યાયના કહ્યા છે. પાંચેની સાધના, પાંચે પૂર્વક ક્રમશઃ વિધિપુર્વક સ્વાધ્યાય થાય છે.

(૫) **ધ્યાન તપ**—કહ્યું છે કે-"**ध्यानाग्निना दह्यते कर्मः**" ધ્યાનરૂપી અગ્નિવડે કર્મો બાળી શકાય છે. ધ્યાનને એક જાતની અગ્નિ કહી છે. તે દાવાનળ જેવી છે. દાવાનળની જેમ ધ્યાનાનળ પણ કર્મના ઢગલા ડુંગરાઓને બાળીને સાફ કરી નાંખે. ઉત્તરાધ્યયનમાં તપયોગને મહાનયજ્ઞ કહેવામાં આવ્યો છે.

ધ્યાન=એટલે વિચાર છે. હેમચન્દ્રાચાર્યે યોગશાસ્ત્રમાં "વિચય"= વિચાર શબ્દ વાપર્યો છે.

- ધ્યાન
  - અશુભધ્યાન
    - આર્તધ્યાન ૪
    - રૌદ્રધ્યાન ૪
  - શુભધ્યાન
    - ધર્મધ્યાન ૪
    - શુક્લધ્યાન ૪

ધ્યાન સારું હોય કે ખરાબ પરન્તુ બન્નેય છે તો ધ્યાનજ. ખરાબધ્યાન કર્મ બંધાવે છે અને સારું ધ્યાન કર્મની નિર્જરા કરાવે છે.
જેને પણ મન છે તે વિચાર કરે જ છે. અને મનનો ઉપયોગ સારો કરવો કે ખરાબ તે દરેકના પોતાના ઉપર આધાર રાખે છે. કારણ મન તો જડ છે. તેને અશુભ વિચાર કરવો કે સારો કરવો. જેવો ધારો તેવો થઈ શકે. આર્તધ્યાનમાં ચિંતા છે. સંસારના વિચારો છે. અને રૌદ્રધ્યાન હિંસાપરક છે. તે કર્મ બંધાવનાર છે. ખપાવનાર નથી.

જ્યારે શુભના વિભાગમાં ધર્મધ્યાનમાં જીવ પ્રવેશ કરે છે. ધર્મ-ધ્યાનમાં આત્મ-કર્મ-ધર્મ-મોક્ષાદિ સર્વનું ચિન્તન કરે છે. અને તે પછી એની ધારા ચઢતી જાય છે. શુભધ્યાનમાં ચઢયા પછી ધર્મધ્યાનમાંથી શુક્લધ્યાનમાં જવાય છે. અને શુક્લધ્યાનમાં ચાર પાયા છે. પહેલા બે પાયાનું ધ્યાન વટાવીને આગળ વધતા ચાર ઘાતી કર્મોની નિર્જરા થાય છે. અને તુરંત કેવળજ્ઞાન, કેવળદર્શન, વીતરાગતા અને અનન્તશક્તિ ગુણ પ્રગટ થાય છે ધ્યાન અદ્‌ભુત નિર્જરા કરાવે છે.

## ષટ્ચક્ર




ધ્યાન :– અષ્ટાંગ યોગ સાધનામાં છે. ષડ્ચક્રથી યોગસાધના કરી શકાય છે. જેથી મન સ્થિર થાય છે. મન સાધવાનો આ એક અમોઘ ઉપાય છે. તે તે ચક્રોની જાગૃતિ પણ તે તે ચક્ર ઉપર કેન્દ્રિત થતા થાય છે. વિશિષ્ટશકિત નિર્માણ થાય છે. જ્ઞાન પ્રગટ થાય છે. સાધનાની સિદ્ધિ થાય છે. આત્માની શુધ્ધી થાય છે.

૩૦માં વર્ષે દીક્ષા લઈ કાર્યોત્સર્ગમાં રહીને ધ્યાન સાધનામાં સાડા બાર વર્ષ ગાળ્યા. કેવી અદ્ભૂત ધ્યાન સાધના કરી ? અંતે ગોદોહિકાસને શુકલ ધ્યાનમાં ઋજુવાલિક નદીના કાંઠે કેવળ જ્ઞાન પ્રાપ્ત થયું.

**દ્રઢ પ્રહારી દ્રઢ ધ્યાન ધરી, ગુણનિધિ ગજસુકુમાલ ।**
**મેતારજ મદનબ્રમો, સુકોશલ સુકુમાલ ॥**
**ઇમ અનેક મુનિવર તર્યા, ઉપશમ–સંવર–ભાવ;**
**કઠિન કર્મ સવિ નિર્જર્યા, તેણે નિર્જર પ્રસ્તાવ ॥**

**દ્રઢ પ્રહારી** એક જ પ્રહારના ઘાથી બીજાને મારી નાંખનારા દ્રઢપ્રહારીએ **ગૌ**-નારી, બાલક અને બ્રાહ્મણને મારીને ચાર-ચાર હત્યા કરનારો પણ પશ્ચાતાપની ધારાએ ચઢી ગયો મુનિ મહારાજ પાસે દીક્ષા લઈ સાધુ બની-"પાપ યાદ આવે ત્યાં સુધી ચારે આહારનો ત્યાગ ઉપવાસ કરવા " ની મહાન પ્રતિજ્ઞા કરી અને તે પ્રમાણે દ્રઢ રહી ૬ મહિનાના અંતે સમતાના સાધક ધ્યાનમાં ચારે ઘનઘાતી કર્મોની નિર્જરા કરી કેવળજ્ઞાન મેળવી કલ્યાણ સાધ્યું.

**ગજસુકુમાલ :**

શ્રી કૃષ્ણના નાનાભાઈ ગજસુકુમાલે લગ્નકર્યા પછી દીક્ષા લીધી. અને સ્મશાનમાં જઈ કાઉસ્સગ્ગ ધ્યાનમાં રહયા. સોમિલ સસરાએ માથે પાળ બાંધી સળગતા અંગારા ભર્યા છતા પણ સસરાનું હિત અને મારા ઉપર મહાન ઉપકાર કર્યો છે. એમ ઉત્તમ ધ્યાન સાધી કેવળજ્ઞાન પામી મોક્ષે ગયા. કેટલા જલ્દી કર્મોને ખપાવી નાંખ્યા.

**ધન્ય. ધન્ય. મેતારજ મુનિ :**

દેવતાએ પ્રતિબોધ પમાડયો અને મેતારજે દીક્ષા લીધી. ઘોર તપશ્ચર્યા કરી કર્મ ખપાવે છે. માસક્ષમણના પારણે સોનીના ઘરે ગોચરી વહોરવા જાય છે. સોની વહોરાવે છે. એટલામાં ક્રોંચપક્ષી સોનાના જવલા ચણી જાય છે. જતા મુનિમહાત્માને પકડી સોનીએ ચોર માની ભારે શિક્ષા કરી. માથે ચામડાની વાધર વીંટી અને તડકે ઉભા રાખ્યા ભયંકર તાપમાં હાડકા અને ચામડી તડ...તડ ફટ...ફટ.... તૂટયા અને ફૂટયા. સમભાવે સમતાના સાધક મેતારજ ઉત્તમ ધ્યાનની ધારામાં ચઢી ગયા. તપ-અને તાપ બન્નેએ ગજબની નિર્જરા કરાવી અને કેવળજ્ઞાન પામી મોક્ષે સિધાવ્યા. પાછળથી લાકડાની ભારીના અવાજથી ક્રોંચ પક્ષીએ જવલા ચરકયા અને સોનીને ભૂલનું ભાન આવતા, તુરંત મુનિનો જ વેષ પહેરીને સાધુ થયો. સાધના સાધી અને અંતે કર્મ ખપાવી મોક્ષે ગયા.

**મદનબ્રમ કેવળજ્ઞાન પામ્યા :**

બત્રીશ રાજકન્યા પરણેલા મદનબ્રમે લીલોછમ ભરેલો સંસાર

છોડી મુનિના ઉપદેશથી દીક્ષા લીધી એક સ્ત્રીએ વાસનાંની માયા જાલમાં મુનિને ફસાવવા પગમાં ઝાંઝર પહેરાવ્યા છતાં સત્ય ઘટના પ્રગટ થાય છે. અને સ્ત્રીને સજા અને મુનિનો મહિમા ગવાય છે. પોતાની બેન મુનિને જોયા અને મળવા ગઇ પરન્તુ ત્યાંતો રાજા વહેમાયો અને મુનિને જંગલમાં બોલાવી ખાડામાં ઉતારી તલવારથી હત્યા કરે છે પરન્તુ મુનિતો સમતા ભાવે તીવ્ર ધ્યાનમાં ઓછા સમયમાં બધાજ કર્મોની નિર્જરા કરી કેવળજ્ઞાન પામી મોક્ષે સિધાવે છે.

## સુકોશલ મુનિમોક્ષે ગયા :

કીર્તિધર રાજા એ ચારિત્ર લઇ અવસરે નગરમાં આવ્યા. પત્ની રાણીને ભારે ચીડ ચઢી. અરે! વળી છોકરાને ઉપદેશ આપશે ને એ પણ દીક્ષા લેશે તો. એ વિચારમાં મારીને બહાર કઢાવ્યા પરન્તુ ભાવી અસત્ય ન થયું સુકોશલે ઉપદેશશ્રવણ કરી દીક્ષા લઈ ઉત્તમ તપશ્ચર્યા કરી પર્વતની ગુફામાં ચારે મહિના ઉપવાસની કઠોર તપશ્ચર્યા કરી પારણા માટે નગરમાં ગોચરી વહોરવા જાય છે ત્યાંતો પતિદ્રોહના આર્તધ્યાનમાં રાણી જે મરીને વાઘણ થઈ હતી તેણે રસ્તામાં મુનિને જોયા. મુનિપણ આત્મ–સાધનામાં સાવધાન થઈ અનશન કરી સંથારોકરી કાયોત્સર્ગ ધ્યાનમાં સ્થિર થઈ ક્ષપકશ્રેણીએ ચઢવા માંડયા. વાઘણે ત્રાપ મારી ફાડી ખાધા. સમભાવે દેહને વોસિરાવનારા મુનિ કેવળજ્ઞાન પામી મોક્ષે ગાયા.

ખરેખર નિર્જરા ની સાધના આત્મા માટે કેટલી ઉપકારી છે. અનાદિકાળથી ઉપયોગી છે. કર્મો બાંધતા આવ્યા છીએ અને જડ જેવા કર્મોની સજા આત્માને ભોગવીને દુ:ખી થવું પડે એના કરતાતો એક ભવમાં બધા કર્મોને ખલાસ કરીને વહેલા મોક્ષે જવામાંજ મજા છે. કર્મસત્તા ગમે એટલી બળવાન હોય પરન્તુ આત્મા પણ અનન્ત શક્તિવાળો મહાન બળવાન છે એ ભૂલશો નહીં જ્યારે ત્યારે પણ આત્માએ બળવાન બનીને મરણીયા પ્રયાસો કરીને પણ કર્મની રાજાની સામે ઝઝુમવુંજ પડશે. અને બધા કર્મો ખપાવી શાશ્વત ધામ મોક્ષ મેળવવુંજ પડશે.

## ૬ કાયોત્સર્ગની સાધના :

બાર–બાર મહિનાથી દેહભાવ અને દેહભાન ભુલીને કાઉસ્સગ્ગ ધ્યાનમાં ઉભા રહેલા મુનિ બાહુબલિ મહાત્મા. ની દ્રઢતા અને સ્થિરતા કેવી ગજબની હશે. કષાયાત્મા ને બહિરાત્માને વોસિરાવવાના ભાવમાં કાયોત્સર્ગની સાધના એ ઉત્તમ અભ્યંતર તપ છે. ભાઈઓને વંદનાથે જવા પગ ઉપાડતા જ બાહુબલી મુનિ કેવળજ્ઞાન પામ્યા.

૧ આહાર–પાણી–ઉપધિ–આદિનો ત્યાગ કરીને દ્રવ્યથી કાયોત્સર્ગ કરી શકાય છે. (૨) અને કષાયાદિ નો ત્યાગ, તથા પાપકર્મના બંધ હેતુઓ આદિનો ત્યાગ કરી આત્માને સ્થિર કરી. ભાવ કાયોત્સર્ગ કરી શકાય છે. બન્ને પ્રકારમાં કાયાની માયાનો સદંતર ત્યાગ કરી નિશ્ચલ સ્થિર રાખીને ધ્યાન સાધના સાધવાની ક્રિયા કાયોત્સર્ગ છે. ઉત્તમ નિર્જરાની પ્રક્રિયા છે. કાયાને એક આસને સ્થિર કરવી, મૌન વડે વચન યોગ સ્થિર કરી અને સ્થાનાન્તર નો પણ ત્યાગ કરીને કાયોત્સર્ગ કરાય છે,

**" पावाणं कम्माणं निग्घायणाट्ठाए ठामि काउस्सग्गं "**

પાપકર્મનો નાશ કરવા માટે હું કાયોત્સર્ગમાં સ્થિર રહેવા માંગુ છું

## શ્રીવીર પ્રભુની ઘોર તપશ્ચર્યા

તીર્થંકર પ્રભુ મહાવીર સાડા બાર વર્ષના સાધનાના કાળમાં-"ભૂમિન ઠાયા હો જિનજી !" જમીન ઉપર પલાંઠી વાળીને પણ બેઠા નથી. બે ઘડી થી વધારે નિદ્રાપણ બાર વર્ષમાં નથી લીધી અને સાડાબાર વર્ષમાં જે ઘોર તપ કર્યો છે. તેમાં છઠ્ઠતપ થી માંડીને છ છ મહિના સુધી નિર્જલ ચઉવિહારા ઉપવાસ કર્યા. સાડાબાર વર્ષમાં ફકત ૩૪૯ દિવસજ માત્ર આહારના પારણા વગેરેના તે સિવાય બધા દિવસો તપમાં. પ્રભુએ છઠ્ઠથી ઓછુ તો તપ નથી કર્યુ તેજ ભવે મોક્ષે જનારા હોવા છતા કેટલી ઘોર તપશ્ચર્યા કરી ! અને સાથે ઘોર મરણાન્ત ઉપસર્ગો અને પરીષહો સહન કરીને જે અદ્દભૂત કર્મની નિર્જરા કરી છે. "નમો

સ્તુ વર્ધમાનાય–સ્પર્ધમાનાય કર્મણાં " કર્મોની સાથે સ્પર્ધા કરનારા એવા શ્રી વીરપ્રભુ વર્ધમાન સ્વામિને નમસ્કાર થાઓ. કર્મની સ્પર્ધાના યુધ્ધમાં અંતે વીર પ્રભુનો વિજય થયો અને ઘનઘાતી કર્મો ખપાવી. કેવળજ્ઞાન પામ્યા.

## માષ-તુષ રટતા કેવળજ્ઞાન

ગુરૂ ભગવંતે શિષ્યને પાઠ આપ્યો– " મા રૂષ, મા તુષ. " કોઈના ઉપર રોષ કરીશ નહીં, અને કોઈ ઉપર તોષ રાગ પણ કરીશ નહીં. અર્થાત રાગ-દ્વેષ કરીશ નહીં એ અધ્યાત્મયોગનો મહામંત્ર છે. પરન્તુ જ્ઞાનવરણીય કર્મના ભારે ઉદયના કારણે મુનિ મહાત્મા પાઠ ન કરી શકયા. બાર વર્ષ સુધી સતત આયંબિલ નો તપ કરીને અર્થનું ચિંતન કરતાં કરતાં... " માષ તુષ " ... "માષ-તુષ" રટતા રટતા કેવળજ્ઞાન થઈ ગયું. અને ભારે જ્ઞાનાવરણીય કર્મ બધા ખપી ગયા. કેવા ભારે કર્મના ઉદય વાળાએ કેવી ગજબ નિર્જરા કરી.

## દોરડા ઉપર નાચતાં નાચતાં કેવળજ્ઞાન

નટડી ની પાછળ મોહિત થયેલો સુખી શ્રીમંત ઘરનો નબીરો ઈલાચી કુમાર નટડીને પરણવા માટે શરત મુજબ રાજાને રીઝવવા માટે દોરડા ઉપર નાચવા ચઢયા પરન્તુ રાજા સામે જૂએ તો ને ? રાજા પોતેજ નટડીમાં મોહિત થઈ ગયો છે ત્યાં રીઝવાની તો વાત જ કયાં રહી. ઈલાચીકુમાર ત્રીજીવાર દોરડા ઉપર ચઢયો અને જીવના જોખમે નાંચવા માંડયો. ત્યાં તો અચાનક એની નજર સામે બારીમાં પડી. તરૂણ રૂપવતી સ્ત્રી સાધુ મુનિરાજને વહોરાવે છે. છતાં મુનિરાજ તો સામું પણ જોતા નથી. ઈલાચી જુએ છે—આહા ! ગજબ છે—અરે એ સ્ત્રીના રૂપની સામે આ નટડી તો કંઈજ નથી.... અને રાગ વિરાગમાં પરિણમવા માંડયું. ઈલાચીના અધ્યવસાય ઉચ્ચ કોટીના વૈરાગ્યે પહોંચવા માંડયા. અને ભાવના વધી ગઈ, ક્ષપકશ્રેણી માંડી.. દોરડા ઉપર જ કેવળજ્ઞાન પામ્યા. અદ્દભૂત બનાવ કહેવાય. વીશ વર્ષથી મોહદશાના

ગુલામ ઈલાચી સદાના માટે સંસારની જેલમાંથી અને કર્મના બંધન માંથી છૂટી ગયા. અને બીજાને પણ છોડાવતા ગયા.

## નિર્જરા અને તપ-તપ અને નિર્જરા

નિર્જરાનું પરમસાધન તપ છે. માટે બન્નેનું લક્ષણ અન્યોન્ય બાંધી શકાશે. નિર્જરાકારક તપ, અને તપકારક નિર્જરા. જ્યારે જ્યારે તપ કરીએ ત્યારે અવશ્ય નિર્જરા કરવાનો લક્ષ રાખવો જ જોઈએ અને જ્યારે જ્યારે નિર્જરા કરશું ત્યારે તપનો પ્રકાર આવીને અચૂક ઉભો રહેશે. માટે જ તપના બધા પ્રકારો નિર્જરા કારક હોવાથી ઉત્તમ-સર્વશ્રેષ્ઠ ધર્મ રૂપે છે. જે નિર્જરા કરાવે તે શ્રેષ્ઠ ધર્મ અને તેજ સાચો સર્વશ્રેષ્ઠ ધર્મ કે જે કરતાં કર્મ નિર્જરા થાય-માટે જ નિર્જરાના ૧૨ પ્રકારમાં ધર્મના સર્વ પ્રકારોનો સમાવેશ થઈ ગયો. જૈન શાસનમાં નાની કે મોટી એવી એક પણ આરાધના નથી કે જેનાથી નિર્જરા ન થાય. જો નિર્જરા ન થાય તો એ સમ્યગ્ ધર્મ જ ન કહેવાય. ક્ષપક શ્રેણિમાંડનારા તો કેવી ઉત્તમ નિર્જરા કરે છે.

## આરાધનાનું સાર "નિર્જરા"

ડોકટરના ઈન્જેકશન પછી તાવ ઉતર્યો કે નહીં ? જો ઉતર્યો તો સારૂ, એમ જે ધર્મ કરતાં નિર્જરા થતી હોય તો સમજવું કે તે જ ધર્મ સાચો અને કર્મ ક્ષય=નિર્જરા ન જ થતી હોત તો તે ધર્મને સાચો કહેવાય જ નહીં. સામાયિક પ્રતિક્રમણ, પૌષધ, પૂજા-દર્શન, નવકારવાલી જાપ, કાયોત્સર્ગ નવકારશી, ઉપવાસ, કે માસક્ષમણ હોય સર્વ પ્રકારની ધર્મારાધના ઉત્તમ નિર્જરા કરાવનારી છે. નિર્જરા વિના તો મોક્ષ નથી. નિર્જરા ન કરીએ તો મોક્ષ કયાંથી મળે ? જ્યારે જ્યારે જેને જેને મોક્ષ મળ્યો છે ત્યારે ત્યારે તેણે કર્મની નિર્જરા ચોક્કસ કરી જ છે. પરન્તુ જ્યારે જ્યારે નિર્જરા કરીએ છીએ ત્યારે મોક્ષ મળે જ છે એવું નથી. મોક્ષાનુલક્ષી ધર્મની નિર્જરાના હેતુથી ધર્મારાધના કરીએ તો જ નિર્જરા થાય. અન્યથા પુણ્ય પણ બંધાય. જેનાથી-ઈહલોક-પરલોકના સુખો મળે. માટે ઓછો કે વધારે જે જે

ધર્મારાધના કરીએ ત્યારે તેમાં નિર્જરા કરવાનો અવશ્ય લક્ષ રાખવો. ડગલે ને પગલે નિર્જરા કરવાનો લક્ષ રાખનાર સંસાર સમુદ્ર તરી જાય છે. અને તે માટે તપ ધર્મ આવશ્યક છે. માટે જે જે મોક્ષે ગયા અને જશે તે તે આત્મા અવશ્ય તપ કરીને જ જવાના. માટે કહ્યું છે—

ખાવત-પીવત મોક્ષ જે માને તે સરદાર બહુ જટમાં...
તપ કરીએ સમતા રાખી ઘટમાં...

ખાતાં-પીતાં જો મોક્ષ મેળવવાની ઈચ્છા રાખવી અર્થાત મૂરખના સરદાર બનવા જેવી વાત છે. નિર્જરાના સાધકે તપની ભાવના તો અવશ્ય રાખવી. તપ વિના નિર્જરા નથી, પરન્તુ નિર્જરા વિનાનો તપ થઈ ન જાય તેની સતત કાળજી રાખવી જોઈએ.

## ખાતાં ખાતાં નિર્જરા—

જો આપણને તપ કરતી વખતે ખાવાના વિચારો આવે તો બહુ ખોટું કહેવાય. નિર્જરાના બદલે નવા કર્મો બાંધી લેવાય પરન્તુ જો ખાતી વખતે તપના વિચારો આવે-ઉપવાસ-આયંબિલની ભાવના વ્યક્ત કરતા હોઈએ તો જરૂર ખાવાના પાપની ક્રિયામાં પણ ઉત્તમ નિર્જરા થઈ શકે છે. જેમ મહામુનિ કુરગડુ મુનિરાજે કરી અને ખાતાં-ખાતાં ખૂબ સમતા રાખી. આહારની ટેવની ભારે નિંદા કરી આત્માને ખૂબ સમજાવ્યો હે જીવ! શું તું રોજ ખા...ખા... કરે છે. ધન્ય છે આ માસક્ષમણના મહાન તપસ્વીઓ...એમ વિચાર કરતાં...કરતાં... તપસ્વીઓનો થૂંકેલો કફનો કોળીઓ જ પહેલાં ખાધો આહા!.. ખાતા-ખાતા...તો કેવળ જ્ઞાન પામ્યા વિચાર તો કરો. કેવા સમયે કેવી રીતે નિર્જરા કરી કર્મો ખપાવ્યા અને મોક્ષે સિધાવ્યા. ધન્ય...ધન્ય... મહાતપસ્વી....માટે આપણે તપમાં ખાવાના વિચાર ન કરવા પણ ખાતાં ખાતા જરૂર તપના વિચાર કરવા જોઈએ.

## ખાવા છતાં ઉપવાસી અને પરણ્યા છતાં બ્રહ્મચારી

નિત્ય એકાશન વ્રત કરનારા તપસ્વી મુનિ નગરમાં આવીને ગોચરી લઈ જતા. પરન્તુ એક દિવસ નદીમાં પૂર આવ્યું અને મુનિ-

મહાત્મા નદીના કાંઠે આવીને બોલ્યા—"હે નદી! જો હું નિત્ય ઉપવાસી હોઉં તો તૂ માર્ગ આપી દે" – અને બોલતાંની સાથે જ નદીના કાંઠા એક થઈ ગયા અને મુનિ ચાલ્યા ગયા ..નગરમાં ગોચરી વહોરી–ત્યાં શ્રાવિકાએ પૂછતાં બધી હકીકત કહી જણાવી.

—એકવાર શ્રાવિકા મુનિને વંદનાર્થે ગઈ. નદીમાં ઘોડાપૂર શ્રાવિકા બોલી—હે નદી! જો હું નિત્ય બ્રહ્મચારી હોઉં તો તૂ માર્ગ આપી દે. અને નદીના બન્ને કાંઠા ભેગા થઈ ગયા. શ્રાવિકા ચાલી ગઈ.

હકીકતમાં આ ચમત્કાર નથી. નિરીહભાવે તપ કરતા મુનિને આહારમાં કોઈ તૃષ્ણાં નથી, રાગ નથી. પતિવ્રતા સતી સ્ત્રીને સંસારના વૈષયિક સુખોમાં કોઈ રસ નથી. બન્ને ઈચ્છારહિત ભાવે હોવાથી સાચા છે.

માટે તપ કરતાં કરતાં–ઈચ્છાનો નિરોધ થાય તે જ ઉત્તમ છે, "ઈચ્છારોધે સંવરી" કહ્યું છે. તપથી અનેક લબ્ધિઓ પણ પ્રાપ્ત થાય છે.

**"भवकोडी संचियं कम्मं तवसा निज्जरिज्जइ"**

કોડો ભવનું સંચિત કરેલું પાપ કર્મ પણ તપ વડે નિર્જરી શકાય છે. ભાવી પાપ કર્મને આજે ઉદયમાં લાવીને નિર્જરા કરવાની ઉદીરણા કરીએ નિર્જરા ભાવના ઉત્તમ રીતે ભાવીને કર્મની નિર્જરા કરતા થઈએ. સર્વ જીવો ઉત્તમ નિર્જરા કરી કર્મ ખપાવી મોક્ષ સાધે એજ શુભ અભિલાષા.......॥

"સૌજન્ય"

**શ્રી નંદલાલભાઈ વિઠ્ઠલદાસ ડગલી તથા અ. સૌ. સુરજબેન નંદલાલભાઈ ડગલી અને તેઓશ્રીના પરિવારના સહયોગથી આ પુસ્તિકા પ્રગટ કરવામાં આવી છે.**

ચાતુર્માસિક રવિવારીય શ્રી મહાવીર જૈન શિક્ષણ શિબિર

મૈત્રી | પ્રમોદ | કારુણ્ય | માધ્યસ્થ

આયોજક : શ્રી સમસ્ત વડોદરા શ્વેતાંબર મૂ.પૂ. જૈન સંઘ

સંચાલક : શ્રી મહાવીર વિદ્યાર્થી કલ્યાણ કેન્દ્ર




રવિવારીય સચિત્ર જાહેર વ્યાખ્યાનમાળા-વડોદરા

# ભાવના ભવ નાશિની

પ્રવક્તા : પરમપૂજ્ય મુનિરાજશ્રી અરુણવિજયજી મહારાજ

| વિ. સં. ૨૦૩૯ આસો. સુદ ૩ | અગ્યારમું વ્યાખ્યાન-૧૧ | રવિવાર, ૯-૧૦-૧૯૮૩ |
|---|---|---|

## વિષય : " લોક સ્વરૂપ - ભાવના "

(નવમી નિર્જરા ભાવના)

धर्माधर्मौ पुद्गलः खात्मकाला, पतद्द्रव्याभिन्नरुपो हि लोकः ।
तत्राकाशं सर्वतः स्थाय्यनन्तमेतन्मध्ये विद्यते लोक पषः ॥

પ. પૂ. ચરમ તીર્થપતિ શ્રમણ પરમાત્મા શ્રીમહાવીર સ્વામિને નમસ્કારપૂર્વક...

## તારો બંગલો કયાં છે ?

ગ્રીક દેશની રાજધાની એથેન્સમાં મહાન તત્ત્વવેત્તા સોક્રેટીસ (સૂકરાત) ને એક શ્રીમંતે વિનંતિ કરી. મહાત્મા ! કાલે મારા બંગલાનો ઉદ્‌ઘાટન પ્રસંગ છે તો આપ જરૂરથી પધારજો.

સોક્રેટીસ– બાજુમાં પડેલો Globe (દુનિયાનો નકશો લઈને દેખાડતા પૂછે છે.) કયાં છે આ દુનિયામાં તારો બંગલો ?

શેઠ–મહાત્માજી ! આ દુનિયાના નકશામાં એથેન્સજ એક ટપકા જેવડું છે તો બંગલો તો કયાંથી દેખાય ? સોક્રેટીસ (Globe ના બદલે એશીયાનો નકશો હાથમાં લઈને) કેમ ભાઈ ! આમાં છે તમારો બંગલો ?

શેઠ–અરે મહાત્માજી ! આમાં પણ કયાંથી દેખાય ? સોક્રેટીસ (ફકત ગ્રીકનો નકશો દેખાડતા) અચ્છા આમાં તો છે ને ?

શેઠ–મહાત્માજી ! આમા પણ એથેન્સજ એક ટપકા જેવડું છે તો બંગલે તો કયાંથી દેખાય ?

સોક્રેટીસ– એથેન્સનોજ નકશો મંગાવીને દેખાડતા પૂછે છે.) હવે આમાં તો દેખાય છે ને ?

શેઠ–આ એથેન્સના નકશામાં મારી ગલી પણ નથી દેખાતી તો બંગલો તો કયાંથી દેખાય ?

સોક્રેટીસે આટલી વાતમાં તો મહાન તત્ત્વજ્ઞાન પીરસતા કહી દીધુ ભાઈ ! આટલા બધા નકશામાં એથેન્સ જેવડુ મોટુ શહેરજ એક ટપકા જેવડું દેખાય છે તો પછી તું તારા બંગલાનો મોહ શામાટે રાખે છે ? આ દુનિયામાં આપણે પણ એક ટપકા જેવડા જ છીએ. માટે આપણી જાત ને સદા નાની અને નમ્રજ માનવામાં ફાયદો છે. આપણે મોટા

નથી. માટે મોટાપણાંનો દેખાવ કરવાની જરૂર નથી. જડ પદાર્થો ઉપર મોહ રાખવાની જરૂર નથી. જડ પદાર્થો ના કારણે મોટાપણાનું અભિમાન રાખવું એ મહામૂર્ખતા છે. કારણ જડ પદાર્થો અનિત્ય છે. નાશંવત છે.

જે આપણાથી મોટા છે તેમની સામે સતત જોતા શિખીએ તો આપણે નાના દેખાશું તો આપણામાં નમ્રતા નો ગુણ રહેશે. અહં નહી આવે પણ આપણે મોટાઓ તરફ ન જોતા જો ફકત આપણાથી નાના તરફજ જોઈશું તો આપણને અહં આવશે. અભિમાન પણ એક જાતનો નશો છે. મહા નુકશાન કારક છે. અહંને ઓગાળવા સદા અહં ને જોતા રહીએ, અહંનોજ ધ્યાન કરતા રહીએ.

### હું ક્યાં છું ?

અધ્યાત્મ યોગમાં પ્રવેશ કરવા માટે હું કોણ છું ? હું કેવો છું ? એ પ્રશ્નોનું ચિન્તન જેટલુ મહત્ત્વનું છે. તેટલુજ "હું ક્યાં છું ?" હું કઈ ગતિમાં છું ? હું કયા ક્ષેત્રમાં છું ? હું કઈ ભૂમિ ઉપર છું ? એ પણ પ્રશ્ન ઘણું મહત્ત્વ ધરાવે છે. "હું ક્યાં છું ?" અર્થાત હું આ આખી દુનિયામાં મારૂં સ્થાન ક્યાં છે ? આ બધાનો ઉકેલ લાવવો જોઈએ. અને આ પ્રશ્નોના ઉત્તરમાં સર્વપ્રથમ આખી દુનિયા શું છે ? અરે દુનિયાજ નહીં. આખુ વિરાટ બ્રહ્માણ્ડ શું છે ? સમસ્ત લોક અલોક શું છે ? એનો પણ વિચાર કરવો જરૂરી છે.

### અધ્યાત્મ યોગમાં ભૂગોળ-અને બ્રહ્માણ્ડ :

પેહલો પ્રશ્નતો એ છે કે-અધ્યાત્મ યોગની સાથે ભૂગોલ,-ખગોળને શું સંબંધ છે ? સમસ્ત બ્રહ્માણ્ડના જ્ઞાનની વળી આપણને શું જરૂર છે ? અધ્યાત્મ યોગમાં તો એક માત્ર આત્મા ને જ ઓળખવાની જરૂર છે ને ?

હા, જરૂર આત્માને જ ઓળખવાની જરૂર છે એમાં બે મત નથી. જૈન દર્શન શાસ્ત્રમાં કોઈપણ વસ્તુના સંપૂર્ણ જ્ઞાન માટે પ્રમાણ

નય, નિક્ષેપાદિની પ્રક્રિયા બતાવવામાં આવી છે. વિવિધ પ્રમાણે વિવિધ નયો તથા ચારે નિક્ષેપોથી જ્ઞાન કરતા તે વસ્તુની સર્વાંગી ઓળખ થશે. તે નિક્ષેપો ૪ છે. દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ આ ચાર રીતે જો દરેક વસ્તુનો વિચાર કરવામાં આવે તો તે જ્ઞાન સાપેક્ષ જ્ઞાન કહેવાશે. અપેક્ષા સહિત તે સાપેક્ષ અર્થાત દ્રવ્યની અપેક્ષાથી તે વસ્તુ શું છે ? ક્ષેત્રની અપેક્ષાથી તે વસ્તુ કયાં છે ? કાળની અપેક્ષાથી તે વસ્તું કયારે છે ? કયારે હતી ? કયારે હશે ? વગેરે તેમ જ ભાવની અપેક્ષાથી તે વસ્તુ કેવી છે ? કેવા ગુણધર્મવાળી છે વગેરે રીતે ખ્યાલ આવશે.

**नामाकृतिद्रव्यभावैः पुनतस्त्रिजगज्जनं ।**
**क्षेत्रे काले च सर्वस्मिन्नर्हतः समुपास्महे ॥**

હેમચન્દ્રાચાર્ય મહારાજ જણાવે છે કે ત્રણે જગતના લોકોને પવિત્ર કરનાર એવા અરિહંત ભગવંતોની નામ, સ્થાપના ( આકૃતિ ), દ્રવ્ય, ભાવ અને ક્ષેત્ર તથા કાળ આ બધી જ રીતે અમે ઉપાસના કરીએ છીએ. તીર્થંકરનું નામ શું ? એમની આકૃતિ, મૂર્તિ વગેરે શું ? અમનો જીવ ( દ્રવ્ય ) શું, કયાં અને એમના ગુણો શું ? એ અત્યારે કયા ક્ષેત્રમાં છે અને કયા કાળમાં છે વગેરે બધી રીતે બધી દષ્ટિથી તીર્થંકરની ઉપાસના કરતા આપણી ઉપાસના સર્વાંગી બનશે. માટે આ નિક્ષેપ પદ્ધતિ જૈન દર્શનકારે બતાવી છે અને એના ઉપર જ સ્યાદ્વાદ, સાપેક્ષવાદનો આધાર છે. મૂળ પાયો છે. આ દ્રવ્યાદિ અપેક્ષાથી વિચાર કરવો એ જ મુખ્ય અપેક્ષા છે અને અપેક્ષા સહિત હોય તે " સાપેક્ષ " અને સાપેક્ષ કથન કરવું તે " સાપેક્ષવાદ ".

## એકને જાણનારો બધું જ જાણે છે—

શ્રી આચારાંગસૂત્રમાં શ્રીવીરભગવંતે ફરમાવ્યું છે કે " **जे एगं जाणइ सो सव्वं जाणइ** " જે એકને જાણે છે તે બધુ જ જાણે છે. એક તે આપણો " આત્મા " જે આત્માને સારી રીતે જાણે છે, સંપૂર્ણ રીતે ઓળખે છે તે જગતના તમામ પદાર્થોને ઓળખે છે આત્મા ભાવાત્મક

કેવો છે અને આત્મામાં કેટલાનો અભાવ છે. આત્મા શું છે અને શું નથી એ માટે જ્ઞાતાને બધુ જ જાણવું પડશે. એક આત્માની નિગોદથી માંડીને મોક્ષ સુધીની સંપૂર્ણ જીવનયાત્રામાં વિરાટ બ્રહ્માણ્ડના સમસ્ત પદાર્થોનું જ્ઞાન આવી ગયું માટે જ અધ્યાત્મ જ્ઞાનમાં આત્મિક ધ્યાનમાં પણ ભૌગોલિક જ્ઞાન અને વૈશ્વિક જ્ઞાનની પણ અગત્યની આવશ્યકતા છે. શું આપણે જે દેશમાં રહીએ છીએ તે દેશની ભૂગોળની જાણકારી આવશ્યક નથી ? ભૌગોલિક દષ્ટિએ આપણો દેશ કયાં છે અને દેશ કયાં છે ? એ કયારે ખબર પડશે કે દુનિયા કયાં છે કેટલી છે ? અને દુનિયાની ખબર ત્યારે પડશે કે જ્યારે સમસ્ત વિશ્વ શું છે અને કેટલુ છે ? વિરાટ બ્રહ્માણ્ડ આખોલોક શું છે અને કેવો છે કેટલો છે અને લોક કયાં છે ? વગેરેની ખબર ત્યારે પડશે કે જ્યારે આપણે અલોક કયાં છે ? અલોક કેવડો છે વગેરે જાણીશું ત્યારે. માટે આત્મિક જ્ઞાન અને ધ્યાન બન્નેમાં ભૂગોળનું જ્ઞાન સમસ્ત લોક–બ્રહ્માણ્ડના જ્ઞાનની પણ પરમ આવશ્યકતા છે.

## આરાધનાના સૂત્રોમાં ભૂગોળાદિનું જ્ઞાન :

આપણી આરાધનામાં અર્થાત્ સામાયિક પ્રતિક્રમણ પૌષધ, દર્શન પૂજા–ચૈત્યવંદન વગેરેમાં જે જે સૂત્રો વપરાય છે જે સૂત્રો આપણે બોલીએ છીએ તે ભૂગોળજ્ઞાનગર્ભિત છે. નવકારથી માંડીને બે પ્રતિક્રમણ અને પંચપ્રતિક્રમણના સૂત્રોમાં ભૂગોળ–ખગોળ તથા લોકનું જ્ઞાન ભરેલુ છે. દ્વાદશાંડગીનાં સૂત્રો તો ગણધર ભગવંતો દ્વારા વિરચિત છે.

| સૂત્ર | શબ્દો |
|---|---|
| ० મહામંત્ર શ્રી નવકારમાં | — " લોએ " |
| ० લોગસ્સ સૂત્રમાં | — " લોગસ્સ " ઉજ્જોઅગરે... " સાગર વર ગંભિરા ".. |
| ० જગચિંતામણિ સૂત્રમાં | — " કમ્મભૂમિહિં ...કમ્મભૂમિહિં ... " અવરવિદેહિ |
| ० જં કિંચિ સૂત્રમાં | — " સગ્ગે પાયાલિ માણુસે લોએ... |

○ નમુત્થુણં સૂત્રમાં —લોગહિઆણું લોગપઈવાણું
લોગપજ્જો અગરાણં...

○ જાવંતિ ચેઈઆઈ —ઉડ્ઢે અ અહે અતિરિઅલોએ અ.

○ જાવંત કેવિ સાહૂ સૂત્રમાં—ભરહેરવય-મહાવિદેહેઅ

○ પુક્ખરવરદીવડ્ઢે સૂત્રમાં —પુક્ખરવરદીવડ્ઢે, ધાયઈસંડે અ જંબુ
દીવેએ, ભરહેરવય વિદેહે....

○ સિદ્ધાણં બુદ્ધાણં સૂત્રમાં —લોઅગ્ગમુવગયાણં

○ વંદિતુ સૂત્રમાં —દિસાસુ ઉડ્ઢં અહે અ તિરિઅંચ

○ અડ્ઢાઈજ્જેસુ સૂત્રમાં —અડ્ઢાઈજ્જેસુ-દીવ-સમુદેસુ
પનરસસુ કમ્મભૂમીસુ ..

○ સકલતીર્થ વંદના સૂત્રમાં—આખા સુત્રમાં ત્રણે લોકમાં રહેલ શાશ્વતી
જિન પ્રતિમાને વંદન છે.

○ સ્નાતસ્યા સૂત્રમાં —મેરૂ શિખરે...

○ સકલાર્હત સૂત્રમાં —ભૂઃ ભૂર્વઃ સ્વસ્ત્રયીશાનં...
દિવ્ય વૈમાનિકાનાં....

○ તિજય પહુત્ત સૂત્રમાં —પંચદશકમ્મભૂમિસુ....

○ અજિતશાંતિ સૂત્રમાં —"ભારહમ્મિ", તયંતિલોય....
દીવ-સમુદ્ર-મંદર-દિસાગય....

○ શ્રી બૃહત્શાંતિ સૂત્રમાં —ભરતૈરાવતવિદેહસંભવાનાં....
અહાશ્વ-દસ્રુર્યાંગારકબુધ....

ગણધર ભગવંતો દ્વારા રચિત દ્વાદશાંડગીનાં સૂત્રો બે પ્રતિક્રમણ તથા પંચપ્રતિક્રમણનાં સૂત્રો જે રોજ આપણી આરાધનામાં ઉપયોગી થાય

છે, પૂર્વાચાર્યાદિ દ્વારા રચિત સૂત્રોમાં ભૂગોલ-ખગોળ અને વિરાટ બ્રહ્માણ્ડ રૂપ ચૌદે રાજલોક પ્રમાણ સમસ્ત વિશ્વનું અદ્ભુત જ્ઞાન ભરેલુ છે. પોપટની જેમ આપણે ઝડપભેર સૂત્રો બોલી જઈએ છીએ પરન્તુ સાથે સાથે અર્થચિંતનાદિ કરતા હોઈએ તો સ્પષ્ટ ખ્યાલ જરૂરથી આવે. કયા સંદર્ભમાં આવાં સૂત્રોમાં ભૂગોળ-ખગોળ આદિના સૂચક શબ્દો વાપરવામાં આવે છે.

**પાંકુ સરનામું આપીએ છીએ**—જૈન શાસનમાં થતા શાન્તિસ્નાત્રાદિ તથા મહાપૂજનો આદિમાં આપણે સર્વે સાથે બોલીએ છીએ– "અસ્મિન્ જંબુદ્વિપેભરતક્ષેત્રે–દક્ષિણાર્ધભરતે-મધ્યખંડે–ગુર્જરદેશે ( અમુકદેશે ) વડોદરા નગરે ( અમુક નગરે )–ઘડિયાળી પોળમધ્યે–શ્રી આદિનાથસ્વામિ પ્રાસાદે શ્રીસંઘ ગૃહે વગેરે બોલીએ છીએ આ શું આપણું પાકુંસરનામું નથી ? અમે કયાં વસીએ છીએ. હે દેવ-દેવીઓ શાંતિ-તુષ્ટિ-પુષ્ટિ કયાં કરશો ? આ જંબુદ્વિપમાં, ભરતક્ષેત્રમાં–મધ્યસ્થ-ખંડમાં, ગુજરાત દેશમાં, વડોદરા નગરમાં, ઘડિયાળી પોળમાં શ્રી આદીશ્વર-દાદાના દહેરાસરે, સકલશ્રીસંઘના ઘરે વગેરે જેમ આપણે આપણી ટપાલ ઉપર સરનામું લખીએ છીએ તેમ આ પ્રમાણે પાકું સરનામું જાહેર કરીએ છીએ. વિચાર કરતા સ્પષ્ટ જણાશે કે આ સરનામાં માં પણ કેટલું ગજબનું ભૌગોલિક જ્ઞાન સમાયેલું છે. દ્વિપ કયો ? ક્ષેત્ર કયું ? તેમાં પણ કયા ખંડમાં ? કઈ દિશામાં ? તેમાં પણ કયા દેશમાં ? કયા નગરમાં ? તેમાં પણ કયાં ? વગેરે સ્પષ્ટ કરતા જઈએ છીએ અને વિસ્તૃત સરનામું આપીએ છીએ. અર્થાત્ ભૂગોળ–ખગોળ જ્ઞાનની વિચારણા તો આપણે રોજિંદા જીવનમાં વાપરીએ છીએ. ધર્મારાધનાના વિધિ વિધાનો, અનુષ્ઠાનોમાં વાપરીએ છીએ. તો પછી તેનું જ્ઞાનતેની જાણકારી આપણને સ્પષ્ટ હોવી જોઈએ

માટે ધર્મારાધનામાટે વિધિવિધાનોં અનુષ્ઠાનો તથા ભાવના અને ધ્યાનાદિ માટે પણ ભૂગોળ–ખગોળ તથા બ્રહ્માણ્ડ લોકસ્વરૂપનું જ્ઞાન બહુ જ જરૂરી છે, આવશ્યક છે. તે તે સાધનામાં સહાયક છે માટે મહત્ત્વપૂર્ણ છે.

## વિરાટ બ્રહ્માણ્ડ દર્શન

મહાભારતના યુદ્ધના પ્રસંગે જ્યારે કૌરવો અને પાંડવોની કરોડોની સંખ્યામાં સામ સામે જમાવટ થઈ ચૂકી છે અને જ્યારે શ્રીકૃષ્ણે અર્જુનને ધનુષ્ય ઉપાડી તીર ચલાવવા આજ્ઞા કરી. ત્યારે આ જોઈને હેબતાઈ ગયેલો અર્જુન તીર ચલાવવા તૈયાર નથી અને વિમાસણમાં પડયો... અરે ! મારે કોની સામે તીર ચલાવવુ ? અને આ પ્રસંગના સંદર્ભમાં ભાગવત ગીતામાં કહેવાય છે કે શ્રીકૃષ્ણે ધનુર્ધારી અર્જુનને વિરાટ બ્રહ્માણ્ડના દર્શન કરાવ્યા. વિરાટનું વિકરાળ સ્વરૂપ બતાવ્યું અર્જુને ત્રણે લોક જોયા.

અને પછી અર્જુન તૈયાર થયો.

સંભવ છે કે આત્મસાધનાના આરાધકે પણ ત્રણે લોકરૂપ વિરાટ બ્રહ્માણ્ડનું સ્વરૂપ જોઈ લેવું જોઈએ, જાણી લેવું જોઈએ, કયાં છું હું અને કયાં છે મારું સ્થાન ? અને આત્માનું ખરું ધામ-મુક્તિનું ધામ કયાં છે ? મારે મોક્ષમાં કયાં જવાનું છે ? અને મોક્ષમાં કયાંથી જવાય છે ? તે માટે ક્ષેત્ર-નગર-ભૂમિ-ખંડ વગેરે કયાં છે ? કયા સહાયક છે અને કયા બાધક છે ? કયાં મહાદુઃખ છે ? અને કયા સુખ છે ? અને કયાં અનન્ત સુખ-સહજ સચ્ચિદાનન્દ રૂપે છે ? તે પણ સારી રીતે પહેલાથી જ જાણી લેવુ જોઈએ.

તે માટે પૂર્વજ જ્ઞાની મહાપુરુષોએ આગમોમાં તત્ત્વાર્થાદિ સૂત્રોમાં-પ્રકરણ ગ્રન્થોમાં-તેમ જ પૂજ્ય વિનયવિજયજી મહામહોપાધ્યાયશ્રીએ "લોકપ્રકાશ" જેવો ચાર વિભાગમાં લખેલો મહાગ્રંથ વાંચીને પણ લોકવિષયક જ્ઞાન મેળવવુ જોઈએ.

### લોકસ્વરૂપ વિચાર :

वेत्रासनसमोऽधस्तात्, मध्यतो झल्लरीनिभः ।
अग्रे मुरजसङ्काशो, लोकः स्यादेवमाकृति ॥
कटिस्थ कर वैशाख-स्थानकस्थनराकृतिम् ।
द्रव्यैः पूर्णं स्मरेल्लोकं, स्थित्युत्पत्ति-व्ययात्मकैः ॥



—યોગશાસ્ત્રમાં પૂજ્ય હેમચન્દ્રાચાર્ય મહારાજા ફરમાવે છે કે સમસ્ત બ્રહ્માણ્ડ એક શૂન્યાકારે ◯ મોટો ગોળો છે, જેનો વિસ્તાર દશે દિશામાં અનન્ત છે. જેનો કોઈ અન્ત જ નથી તે અનન્ત. એક માત્ર શૂન્યાકાશ છે, અને તેની વચ્ચે એક ટપકા જેવડું માત્ર "લોક" છે. પગના તળિયાથી લઈને માથાના વાળ સુધી માણસના શરીરના મધ્ય ભાગે જેમ નાભિ જેવડો માત્ર લોક છે. એટલે અનન્ત અલોકની સામે તેની તુલનામાં લોક જો જોઈએ તો માત્ર એક ટપકા જેવડું જ છે. સંપૂર્ણ લોક પણ જ્યાં દૃષ્ટિગોચર નથી ત્યાં અલોકની તો વાત જ ક્યાં રહી ?

### લોક પુરુષનું સ્વરૂપ :

આ અનન્ત બ્રહ્માણ્ડની વચ્ચે એક પુરુષ કેડ ઉપર બે હાથ ટેકવીને રાખેલા હોય અને બે પગ પહોળા રાખેલા હોય એ રીતે ઊભા રહેલા પુરુષના આકાર જેવો લોક પુરુષ છે. કોઈ એને માથે પાણીનું બેડું લઈને બે હાથ કમર ઉપર રાખી સંતુલન માટે પગ પહોળા કરીને ઊભી

# ચૌદ રાજલોક



સિદ્ધો
સિદ્ધશિલા
૫. અનુત્તર
૩. ગ્રૈવેયક
૩. ગ્રૈવેયક
૩. ગ્રૈવેયક
રત્નપ્રભા પૃથ્વીનું દળ
૧૮૦૦૦૦ યોજન
ખાલી.૧૦.યો૦
આઠ વાણવ્યંતર-
નિકાય
ખાલી.૧૦.યો૦
આઠ વ્યંતરનિકાય
ખાલી.૧૦૦.યો૦
ખાલી ૧૧૫૮૩ $\frac{1}{3}$ યો૦
દરેક પતર ૩૦૦૦.યો૦
૧૦.ભવનપતિ નિકાય
ખાલી
ખાલી
૧૦૦૦યો૦
૧૮૦૦૦૦ ...... યોજન
ત્રસનાડી
કિ૦
૯ લોકાંતિક
કિ૦
કિલ્બિષિક
ચરસ્થિર જ્યોતિષ્ક
દ્વીપ સમુદ્રો
ઘનોદધિ
ઘનવાત
તનવાત
આકાશ
૭ નરક ભૂમિઓ
ઉર્ધ્વ લોક
તિર્યક્‌લોક
અધો લોક
લોક બહાર ચોતરફ અનંત અલોક

રહેલી સ્ત્રીના જેવો આકાર બતાવે છે. પણ સરવાળે વાત એક જ છે, પ્રાચીન શાસ્ત્રોમાં તેમ જ લોકપ્રકાશાદિ ગ્રન્થોમાં લોક પુરુષની રચના આ પ્રમાણે બતાવવામાં આવી છે. આ પ્રકારના સંસ્થાન અર્થાત્ આકાર વિશેષને " વૈશાખ " આકાર કહેવામાં આવ્યો છે. એટલે " વૈશાખ પુરુષાકારે " લોક છે એમ કહીએ છીએ.

આ આકારમાં નીચેનો ભાગ વેત્રાસન જેવો પહોળો છે અને પછી ક્રમશઃ ઉપર ઉપરનો ભાગ સાંકડો થતો જાય છે, અને ઉપરથી ઉપરના ક્રમાનુસારે જોઈએ તો ઉપરથી જેમ જેમ નીચે જઈએ તેમ તેમ પહોળો થતો જાય છે. પણ તેમાં પણ ઢોળ જેવો નથી, વચ્ચેનો મધ્યલોકનો આકાર ઝાલર જેવો અને તેનાથી ઉપરનો ઉર્ધ્વલોકનો આકાર મૃદંગ=ઢોળ જેવો આકાર દેખાય છે. અર્થાત્ બે છેડે સાંકડો અને વચ્ચે પેટ પહોળું એ રીતે ત્રણ આકારમાં ત્રણ લોકનું સ્વરૂપ છે, અધોલોક ઉંધા સરવલા જેવો, મધ્ય લોક અર્થાત્ તિર્યગ્ લોક–થાળકે ઝાલર જેવો, અને ઊર્ધ્વ લોક ઢોળ જેવો છે.

## ૧૪ રજ્જુ પ્રમાણ માપ પદ્ધતિ

"રજ્જુ" એટલે રસ્સી—રસ્સીના માપથી પણ વસ્તુ માપવામાં આવે છે. એ પ્રમાણે અનન્ત અલોકાકાશના મધ્યમાં રહેલ "લોક"ને ઉપરથી નીચે સુધી "રજ્જુ" થી માપતા ૧૪ રજ્જુ પ્રમાણ થાય છે. અને તે ૧૪ ને "ચૌદ રાજ" કહીને "લોક" શબ્દ સાથે જોડીને "ચૌદ રાજ લોક" એ પ્રમાણે નામ આપવામાં આવેલ છે.

રજ્જુ અર્થાત રાજ પ્રમાણ એવા ચૌદ રાજ આ લોકના ભાગ થાય. ઉપમાનથી ૧ રાજનું પ્રમાણ જે શાસ્ત્રોમાં આપવામાં આવ્યો છે તે આ પ્રમાણે છે પહેલી રીત એ છે કે આંખના પલકારા માત્રમાં કોઈ સશક્તદેવ ઝડપથી દોડતો જાય અને તે દોડતો દોડતો ૭ માંહેના સૂધી સળંગ દોડતો જ રહે અને તે પણ આંખના એક પળકારામાં ૧ લાખ યોજનના પ્રમાણથી દોડતો જ રહે તો ૭ મહિને જેટલુ અંતર કાપે તેને એક રાજ કહેવાય.

બીજી રીત—૧,૮૧,૨૭,૯૭૦ મણ વજનનો ૧ ભાર અને એવા પાછા ૧ હજાર મણ ભારવાળા તપાવેલા ગોલાને સશક્તદેવ જોરથી ફેંકે અને આવા ભારવાળો ગોળો પડતો પડતો ૬ મહિના ૬ દિવસ, ૬ પહોર અને ૬ ઘડી, ૬ સમય સૂધી સતત પડતો રહીને જેટલુ અંતર કાપે તેટલા અંતરને ૧ રાજલોક કહેવાય અને એવા ૧૪ રાજ પ્રમાણ વાળો આ સમસ્ત લોક છે. તેથી તેને "ચૌદરાજ લોક" કહેવામાં આવે છે.

પાંચમા અંગસૂત્ર શ્રી ભગવતીસૂત્રના અગ્યારમાં શતકમાં લોકનું માપ જણાવતા એક દૃષ્ટાંતથી કહેવામાં આવ્યુ છે કે મેરૂપર્વતની ચૂલિકા ઉપરથી દેવ લોકાન્તના છેડા સૂધી જવા માટે ચાલવા માંડે, અને એક હજાર વર્ષના આયુષ્યવાળા એક છોકરાના મૃત્યુકાળ સૂધી સતત ચાલ્યા કરે, એટલુ જ નહીં એ છોકરાની મૃત્યુ પછી એની સાત–સાત પેઢીઓ એટલા મોટા આયુષ્યવાળી વીતિ ગઈ છતા પણ ઝડપી ચાલનારા દેવતાઓ લોકના છેડે પહોંચી ન શકે. અને પ્રભુને પુછતા પ્રભુએ કહ્યુ કે હજી તો ચાલવાનું બાકી છે: હજી લોકના અન્તનો છેડો ઘણો દૂર છે. આ પ્રમાણે શ્રી ભગવતી સૂત્રમાં "લોકને અસંખ્ય કોટાકોટી યોજન પ્રમાણ માપ વાળો કહેવામાં આવ્યો છે. આ વાત લોકપ્રકાશ મહાગ્રંથમાં રજુ કરવામાં આવી છે. અને સમસ્ત લોકને ચોરસખંડ પ્રમાણ વિભાગમાં "ખંડુઆ" ના વિભાગમાં વહેંચવામાં આવ્યો છે.

પ્રાચીન આગમ કાળની આ માપ પદ્ધતિ આપણને હાસ્યાસ્પદ લાગતી હોય તો આધુનિક વિજ્ઞાને જે "years" ની પદ્ધત્તિ જે આપી છે તે કેવી રીતે વિશ્વસનીય લાગે ? "The Readers Digest great world atlas ની પ્રકાશિત દુનિયાની નકશાની ચોપડીમાં The outer space જે બતાવવામાં આવ્યો છે તેને The Boundless sky અનન્ત આકાશ તરીકે વર્ણવ્યો છે. અને તે આકાશમાં લાખો Galexy સૂર્યમાળાઓ ( સૌરમંડળો ) બતાવવામાં આવ્યા છે. તે સૂર્યો અને પાછા તે સૂર્યોના પણ ગ્રહો અને ઉપગ્રહો વગેરે ઘણાં કલ્પવામાં આવ્યા છે. આવી સૂર્યમાળાઓ એક બીજાથી કેટલી દૂર

કેટલા આંતરે આવેલી છે તે માપવા માટે માપ પદ્ધતિ આ પ્રમાણે બતાવવામાં આવી છે જો એક કલાકના એક લાખ માઈલની ઝડપે જો રોકેટ જાય અને જો સતત ઉડતુ જ રહે તો એક સૌરમાળાથી બીજી સૂર્યમાળા સૂધી પહોંચવા માટે ૮૭ કરોડ વર્ષ લાગે. જો કે આજનો એપોલો કે રોકેટ આટલુ ઉડતુ પણ નથી. છતા પણ કદાચ વિજ્ઞાન જો કલાકે લાખ માઈલની ઝડપે એવુ રોકેટ બનાવે તો પણ ૮૭ કરોડ વર્ષ સૂધી ઉડતુ જ રહે અને તે દિશામાં જાય તો બીજી સૂર્યમાળામાં પહોંચે આવુ વિજ્ઞાન જો જાહેર કરે તો માનવામાં આવે છે તો આગમ શાસ્ત્રો જાહેર કરે તો શા માટે ન માનવામાં આવે ?

**ષડ્દ્રવ્ય સમૂહાત્મક લોક**

આવા પ્રકારનો વૈશાખ સંસ્થાનવાળો "લોક" એ શું છે અને



કેવો છે. એનો વિચાર કરતા સર્વજ્ઞ ભગવંતોએ આ લોકને છ દ્રવ્યોથી ભરેલો બતાવ્યો છે. માટે લોકને "ષડ્દ્રવ્યોનો સમૂહ" કહ્યો છે. આ છ એ દ્રવ્યો **સમસ્ત** લોકમાં સર્વત્ર **ભરેલા** છે. લોકની બાહર આ છ દ્રવ્યો **નથી** અને દ્રવ્યોની બાહર આ લોક **નથી**. આકાશ બાહર પણ છે.

૬ દ્રવ્યો

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
|---|---|---|---|---|---|
| ધર્માસ્તિકાય | અધર્માસ્તિકાય | આકાશાસ્તિકાય | કાળ | પુદ્ગલાસ્તિકાય | જીવાસ્તિકાય |

## આકાશાસ્તિકાય

ચિત્રમાં દર્શાવ્યા પ્રમાણે સંપૂર્ણ ગોળો એ અનન્ત આકાશ છે. આકાશાસ્તિકાય લોક અને અલોકમાં સર્વત્ર એક જ છે. આકાશમાં ક્યાંય કોઈ ફરક નથી. પરન્તુ જેટલા આકાશ પ્રદેશમાં ધર્માસ્તિકાયાદિ પદાર્થો વ્યાપીને રહ્યા છે તે "લોક"ના આકાશને "લોકાકાશ" અને જે આકાશમાં ધર્માસ્તિકાય-જીવ-અજીવાદિ કોઈ પદાર્થો નથી તેને "અલોકાકાશ" કહેવામાં આવે છે. આકાશ બધે એક જ છે. જેમ હિંદુસ્તાનનો આકાશ અને પાકિસ્તાનનો આકાશ કંઈ જૂદા નથી. પરન્તુ જમીનની સીમાની ઉપરના આકાશને હિન્દુસ્તાનની સીમાની ઉપરના આકાશને હિન્દુતાનનો આકાશ અને પાકિસ્તાનના પ્રદેશની




ઉપરના આકાશને પાકિસ્તાનનો આકાશ જેમ કહ્યો છે. તેજ પ્રમાણે "લોકાકાશ" અને "અલોકાકાશ" નામ પાડવામાં આવ્યા છે. આકાશ આધાર છે. જીવ-અજીવાદિ સર્વ પદાર્થોને જે અવકાશ આપે છે. રહેવા જગ્યા આપે છે તે આકાશ કહેવાય છે. "**अवगाहो आगासं**" અવકાશ આપવો એ આકાશનો ગુણ છે. આકાશ સર્વત્ર છે. વ્યાપક છે બધા એમાં સમાઇ જાય છે.

**ધર્માસ્તિકાય—**




ચૌદે રાજલોક પ્રમાણ આકાશમાં પ્રસરેલ વ્યાપીને રહેલ ગતિમાં સહાયક દ્રવ્યને ધર્માસ્તિકાય કહેવામાં આવે છે. જેમ પાણી માછળીને ચાલવામાં સહાયક દ્રવ્ય છે તેમ ધર્માસ્તિકાય સર્વ દ્રવ્યો માટે ગતિમાં સહાયતા કરનાર દ્રવ્ય છે. જેને Mediaum of Motion કહેવામાં આવે છે.

**અધર્માસ્તિકાય—**




જે સ્થિતિમાં અર્થાત્ ઉભા રહેવામાં સહાયક છે તે અધર્માસ્તિકાય દ્રવ્ય છે. તે ન હોય તો ક્યારેક ગતિ અવરોધાય જ નહીં. જીવ–અજીવાદિ સર્વે દ્રવ્યોને સ્થિતિમાં સહાયક દ્રવ્ય તે અધર્માસ્તિકાય છે તેને Mediaum of Rest કહેવામાં આવે છે.

**કાળ દ્રવ્ય—**

હકીકતમાં કાળ કોઈ અસ્તિત્વ ધરાવતું પ્રદેશના સમૂહવાળું સ્વતંત્ર દ્રવ્ય નથી. માટે તેની અસ્તિકાયવાલા દ્રવ્યોમાં ગણતરી નથી




થતી. છતા પણ નાના–મોટા, નવા–જૂના, ભૂત–ભાવિના વ્યવહારો જેના વડે કરીએ છે તે બધુ કાળ દ્રવ્યને જ આભારી છે. કાળ વિના આપણો વ્યવહાર જ સર્વથા ચાલે તેમ નથી. આપણે સર્વે કાળમાં જન્મીએ છીએ અને કાળમાં જ મરીએ છીએ. માટે બધા કાળથી સંકળાયેલા છીએ. આ કાળની ગણનાનો માપદંડ સૂર્ય–ચંન્દ્રાદિ જ્યોતિષ મંડળના દેવતાઓના આધારે છે.

જૈન શાસ્ત્રોમાં કાળની પ્રરૂપણામાં જ્ઞાની ભગવંતોએ "કાળચક્ર"ની ગણના કરી ૬ આરાઓનું સમજાવ્યું છે તે આ ચિત્રમાં રજુ કર્યા પ્રમાણે છે.




**પુદ્ગલાસ્તિકાય**—ચૌદે રાજ લોકમાં સર્વત્ર પ્રસરેલા અજીવ




તત્વમાં "પુદ્ગલ" દ્રવ્ય પણ અગત્યનું સ્થાન ધરાવે છે. પુદ્ગલના (૧) સ્કંધ, (૨) દેશ, (૩) પ્રદેશ, (૪) પરમાણુ એવા ચાર ભેદ પડે છે. અખંડ એક વસ્તુ તે સ્કંધ, અને તેનો અભિન્ન નાનો ભાગ તે દેશ, અને તેનો પણ અભિન્ન સૂક્ષ્મ એક કણ તે પ્રદેશ, અને જે પ્રદેશ મૂળ દ્રવ્યથી છૂટો પડી ગયો હોય તે ભિન્ન, અને જે સૂક્ષ્મ અછેદ્ય, અભેદ્ય, અદાહ્ય, અકાટ્ય, અદ્રશ્ય હોય તે પરમાણું. તે પરમાણું સ્વરૂપે અનન્ત લોકાકાશમાં સર્વત્ર પ્રસરેલ છે.

વર્ણ-ગંધ-રસ-સ્પર્શાત્મક ગુણયુક્ત દ્રવ્ય તે "પુદ્ગલ" કહેવાય છે.













પુદ્ગલ દ્રવ્યમાં જ્ઞાનાદિ ચેતનાના કોઈ ગુણો નથી માત્ર વર્ણાદિ છે. સાથે ચિત્રમાં બતાવ્યા પ્રમાણે ચિત્રોથી તરત સમજી શકાશે.

વર્ણ – ૫ + ગંધ –૨+રસ–૫ + સ્પર્શ ૮ + શબ્દ ૩ = ૨૩. આ કુલ ૨૩ વિષયો પુદ્ગલના છે. ગુણ સદા ગુણીમાં રહે છે માટે આ બધા ગુણો પુદ્ગલના છે અને તે પુદ્ગલોને પકડીને ઉપયોગમાં લાવવા વિજ્ઞાન મથી રહ્યું છે, સાધનો વિકસાવી રહ્યું છે, શોધો કરી રહ્યું છે. પરંતુ ગમે તેટલું કરે તોપણ છે તો માત્ર આટલી ગણતરીની ૨૩ જ વસ્તુઓમાં છે.

શબ્દ (ધ્વનિ) પણ પૌદ્ગલિક છે. જડ પુદ્ગલના જ પરમાણુઓ છે અને માટે જ યંત્રાદિ વડે પકડી

શકાય છે. રેડિયો-ટેલીફોનના યંત્ર સાધનોમાં તે પકડવામાં આવ્યા છે.

ઉદ્યોત-સૂર્યનો પ્રકાશ જે ઉષ્ણ તાપરૂપ લાગે છે તે પણ જડ પુદ્‌ગલ છે. આ પ્રકારનો પ્રકાશ એ સ્વતંત્ર દ્રવ્ય છે. એ અંધકારનો અભાવ નથી.

છાયા પણ પૌદ્‌ગલિક છે ચિત્રો ( Photo )ને આપણે છાયા-ચિત્ર કહીએ છીએ છાયાનો પણ વર્ણાદિ છે.

અંધકાર પણ સ્વતંત્ર છે. તે માત્ર પ્રકાશનો અભાવ એટલે અંધકાર નથી. એનો શ્યામ વર્ણ છે, શીત સ્પર્શ છે. અંધકાર તો સર્વને દૃષ્ટિગોચર છે. આપણે જોઈએ છીએ.




પ્રભા પણ આપણે રોજ અનુભવીએ છીએ જે છાયા પણ નથી અને ઉદ્યોત પણ નથી પરંતુ બહાર પડેલા તાપનો ઘરમાં આવતો પ્રકાશ તે પ્રભા. તે પણ પૌદ્‌ગલિક છે.

અને આતપ તે ચંદ્રના પ્રકાશને કહેવામાં આવે છે. ચંદ્રની ચાંદની અને સૂર્યનો આતપ બન્ને સ્વતંત્ર જૂદાં જૂદાં દ્રવ્યો છે. આતપમાં ઉષ્ણ સ્પર્શ નથી, શીત સ્પર્શ છે. તે પણ પૌદ્‌ગલિક છે.

## જીવાસ્તિકાય

આ સર્વ અજીવ દ્રવ્યોની સાથે જ્ઞાન-દર્શનાદિ ગુણો ધરાવતો જીવ દ્રવ્ય પણ આ લોકમાં મહત્ત્વનું દ્રવ્ય છે. જીવાત્માના પણ પ્રદેશો છે પ્રદેશોના સમૂહાત્મક આ દ્રવ્ય પણ અસ્તિકાય રૂપે સ્વતંત્ર

દ્રવ્ય કહેવાય છે અને "નિગોદ" એ જીવની મૂળભૂત ખાણ છે. નિગોદના અદૃશ્ય અસંખ્ય ગોળાઓમાં એક એક ગોળામાં અનન્તા જીવો એમ અનન્તા અનન્ત જીવો આ જગતમાં છે. નિગોદમાંથી નિકળી પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ, વનસ્પતિમાં રખડતો ફરતો જીવ. આ બધા શરીર ધારણ કરી આગળ વધી, એકેન્દ્રિયમાંથી બેઇન્દ્રિયમાં અળસીયા, કીડા, કૃમિ વગેરે બની તેઇન્દ્રિયમાં કીડી, મંકોડો, ઈયળ, ધનેડા, જૂ વગેરે બની ચઉરિન્દ્રિયમાં આવી માંખી મચ્છર ભમરો વગેરે થાય છે. અને અન્તે જીવ પંચેન્દ્રિયમાં આવે છે.

પંચેન્દ્રિયમાં દેવ, મનુષ્ય, નરક અને તિર્યંચ એમ ચાર કક્ષામાં વિભક્ત થાય છે. ચારે ગતિમાં અનન્ત કાળથી સતત જીવ અવિરત પણે પરિભ્રમણ કરતો આવ્યો છે. આ બધા જીવોનું ૮૪ના ચક્કરમાં જન્મવું, મરવું વગેરે બધું લોકમાં જ થાય છે.

એટલે લોક એ જીવ-અજીવ આ બન્ને દ્રવ્યોથી ભરેલો છે. એક સોય પણ સ્પર્શ કરીએ એટલી પણ ખાલી જગ્યા હવે આ લોકમાં રહી નથી. માટે ષડ્ દ્રવ્યાત્મક લોક છે ૭ દ્રવ્યમય છે. આ ૭ દ્રવ્યોથી વ્યાપ્ત છે.

## લોકના ૩ ભાગ :

પુરૂષાકાર લોકપુરૂષના ત્રણ ભાગ આ રીતે બતાવવામાં આવ્યા છે, પગથી કેડ (કમર) સુધીનો એક ભાગ, કેડનો બીજો ભાગ, અને કેડથી ઉપર માથા સુધીનો ત્રીજો ભાગ એમ કહ્યા છે ચૌદ રાજલોકના નકશામાં બતાવ્યા છે તે પ્રમાણે સમજીએ અને તે ત્રણેના નામો સૂત્રકારો બે રીતે કહે છે :

| | | |
|---|---|---|
| (૧) ચૌદ રાજલોકના ઉપરના પ્રથમ ભાગને → | (ઉડ્ઢે અ), ઉર્ધ્વલોક | (સગ્ગે) સ્વર્ગલોક દેવલોક |

(૨) કેડથી નીચેના ભાગને → (અહે અ.), પાતાલલોક
અધોલોક (પાયાલી)

(૩) અને કેડનો મધ્ય ભાગ→ (તિરિઅ લોએ), (માણુસે લોએ)
તિર્ચ્છાલોક મનુષ્યલોક

આ પ્રમાણે "જાવંતિ ચેઈ આઈ" સૂત્રમાં એક રીતે અને "જંકિચિ" સૂત્રમાં બીજી રીતે એમ ત્રણે લોકના નામો પાડવામાં આવ્યા છે. "રજ્જુ"ના પ્રમાણે સંપૂર્ણ લોકને ૧૪ વિભાગમાં વહેંચીને ચૌદ રાજલોક કહ્યો. જ્યારે ઉપર નીચે મધ્યના ભાગે વહેંચી લોકને ત્રણ લોક કહ્યા.

## ત્રસનાડી—

અધોલોકના નીચેના તળીયેથી છેક ઊર્ધ્વલોકના ઉપરના છેડા સુધી વચ્ચોવચ્ચ રહેલી ૧ રાજલોક પહોળી અને ૧૪ રાજલોક લાંબી એવી ઉભી મધ્યવર્તી નાડીને "ત્રસનાડી" કહેવામાં આવી છે. કારણ કે સર્વ બે, ત્રણ, ચાર અને પાંચ ઈન્દ્રિયવાળા સર્વ ત્રસ જીવો આ ઊભી ત્રસનાડીમાં જ વસે છે, રહે છે, એની બહાર નહીં, અને બીજા એકેન્દ્રિયના સર્વ સ્થાવર જીવો આ ત્રસનાડીમાં અને ત્રસનાડીની બહાર પણ વસે છે. પૃથ્વી–પાણી–અગ્નિ–વાયુ અને વનસ્પતિ એ પાંચેય સ્થાવરના સર્વ સૂક્ષ્મજીવો તો ચૌદે રાજલોકમાં સર્વત્ર વસે છે. જીવોની રહેણીના વિભાગથી આ "ત્રસનાડી" વિભાગ પાડ્યો, ત્રસજીવો ત્રસનાડીમાં જ વસે છે. તેની બહાર નહીં.

## અધોલોક (પાતાલ) વર્ણન :

કેડથી નીચે પગ સુધીનો ભાગ અધો લોક કહેવાય છે. તેને જ પાતાલલોક કહ્યો છે. આ ભાગ સાત રાજ લોક પ્રમાણ છે. એટલે ચૌદ રાજલોકનો અર્ધો ભાગ તો નારકી જીવો માટે ફાળવવામાં આવ્યો છે. આ અધોલોકમાં સાત નરકો છે. ચિત્રમાં બતાવ્યા પ્રમાણે સાત

નરકોના જૂદા જૂદા નામો પાડવામાં આવ્યાં છે.

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| (૧) | રત્નપ્રભા — | ધર્મા | — | ૩૦ | લાખ | નરકાવાસો |
| (૨) | શર્કરાપ્રભા— | વંશા | — | ૨૫ | ,, | ,, |
| (૩) | વાલુકાપ્રભા— | શૈલા | — | ૧૫ | ,, | ,, |
| (૪) | પંકપ્રભા — | અંજના | — | ૧૦ | ,, | ,, |
| (૫) | ધૂમપ્રભા — | અરિષ્ટા | — | ૩ | ,, | ,, |
| (૬) | તમઃપ્રભા — | માઘવી | — | ૫ ઓછા ૧ | ,, | ,, |
| (૭) | મહાતમઃપ્રભા— | માઘવી | — | પાંચ જ | ,, | ,, |

—આ પ્રમાણે પ્રસિદ્ધ સાત નરક પૃથ્વીઓનાં નામકરણ તથા નરકાવાસો દર્શાવવામાં આવ્યા છે. આ સાતે નરક પૃથ્વીઓ એક એક રાજલોક પ્રમાણમાં છે. તેથી અધોલોક સાત રાજલોક પ્રમાણ છે. રત્નપ્રભા આદિ નરક પૃથ્વીઓના નામોનું રહસ્ય—

(૧) વિવિધ જાતિનાં રત્નો પડ્યાં હોય અને તેની પ્રભાનો જ આછો પ્રકાશ હોવાથી "રત્નપ્રભા" નામ પડ્યું.

(૨) શર્કરા એટલે કાંકરા–બીજી નરક પૃથ્વી ઉપર કાંકરા જ પથરાએલા છે તે શર્કરાપ્રભા નરક.

(૩) વાલુકા એટલે રેતી. વાલુ પથરાએલી નરક ભૂમિ તે વાલુકાપ્રભા.

(૪) પંક એટલે કાદવ, કાદવમાં જ બધા જીવો કીડાની જેમ ખદબદતા હોય તે પંકપ્રભા નરક પૃથ્વી છે.

(૫) ધૂમાડો ભરેલા સ્થાન જેવી ધૂમપ્રભા નરક છે.

(૬) તમ=એટલે અધારું–અંધારાવાળી નરક પૃથ્વી તે તમ પ્રભા.

(૭) અને મહાતમઃ = ભયંકર ઘોર અંધારું તેવી ઘોર અંધારાવાળી નરકપૃથ્વી તે મહાતમઃપ્રભા,

(૧) રત્નપ્રભા —૧,૮૦,૦૦૦ યો. જાડી,—એક રાજ પહોળી છે.
(૨) શર્કરાપ્રભા —૧,૩૨,૦૦૦ યો. જાડી,—૨½ રાજ પહોળી છે.
(૩) વાલુકાપ્રભા —૧,૨૮,૦૦૦ યો. જાડી,—૪ રાજ પહોળી છે.
(૪) પંકપ્રભા —૧,૨૦,૦૦૦ યો. જાડી,—૫ રાજ પહોળી છે.
(૫) ધૂમપ્રભા —૧,૧૮,૦૦૦ યો. જાડી,—૬ રાજ પહોળી છે.
(૬) તમઃપ્રભા —૧,૧૬,૦૦૦ યો. જાડી,—૬½ રાજ પહોળી છે.
(૭) મહાતમઃપ્રભા—૧,૦૮,૦૦૦ યો. જાડી,—૭ રાજ પહોળી છે

**घनाम्बु–वाताऽऽकाशप्रतिष्ठाः सप्ताऽधोऽधः पृथुतराः ।**

પ્રથમ રત્નપ્રભા નરક સ્વયંભૂ રમણ સમુદ્ર સુધી નીચે ૧ રાજલોક પહોળી છે અને નીચેથી નીચેની વધુને વધુ પહોળી છે. પહોળાઈ વધતી જ જાય છે. અંતે સાતમી નરક સાત રાજલોક પહોળી છે.

આ સાતે નરક પૃથ્વીઓ કોના આધારે સ્થિર રહી છે ? શેના ઉપર ટકી છે ? કારણ સર્વત્ર માત્ર શૂન્ય આકાશ જ પ્રસરેલું છે તો આકાશના આધારે તો કેવી રીતે ટકીને રહી શકે ? તો પછી કોના આધારે ટકી છે ?

ચિત્રમાં બતાવ્યા પ્રમાણે અને શ્રીભગવતી સૂત્ર વગેરેમાં કહ્યા પ્રમાણે અત્રે શ્રી તત્ત્વાર્થકાર કહે છે કે–ઘનામ્બુ=અર્થાત થીજેલું પાણી, ઘનવાત અર્થાત ઘનીભૂત થયેલો વાયુ અને તનુવાત આ ત્રણના આધાર ઉપર બધી પૃથ્વીઓ સ્થિર રહી છે.

અર્થાત્ રત્નપ્રભા પૃથ્વી ઘનોદધિ ( ઘનામ્બુ ) એટલે જામીને સ્થૂળ થઈ ગયેલા પાણી ઉપર રહેલી છે, અને આ જામીને થીજીને સ્થૂળ થઈ ગયેલા ઘનરૂપ પાણી–ઘનવાત–અર્થાત્ જાડી હવાના

થર ઉપર રહેલું છે અને આ જાડી હવાનો તનુવાત અર્થાત્ પાતળી હવાના થર પર રહેલો છે. આ પ્રમાણે ૩ થર ઉપર એક પૃથ્વી. હવે એ ત્રણ થર પછી નીચે આકાશ આવે છે. માટે એ ત્રણે થર આકાશમાં રહેલા છે, અને તે પછી અસંખ્ય કોડાકોડાયોજનપ્રમાણ ખાલી આકાશ આવે છે. તે પછી શર્કરાપ્રભા નામની બીજી નરક પૃથ્વી આવશે. એમ અનુક્રમે સાતમી નરક સુધી સમજવાનું. એજ પ્રમાણે ઉપર ઊર્ધ્વલોકમાં દેવવિમાનો પણ રહેલા છે. આપણી પૃથ્વી પણ એજ ત્રણ થરના આધારે રહેલી છે. તેનો સ્પષ્ટ પુરાવો એ કે પૃથ્વી ઉપર જ્યાં કયાંય ખાડો ખોદશો કે કોઈ પણ ભાગ ઉપાડી લેવામાં આવશે તો ત્યાં આકાશ જ રહેવાનું છે. આ ધનોદધિ વગેરે વલયાકારે (બંગડીના આકારે) છે માટે ત્રણેને વલયાકારે કહ્યા છે. આ સાતે નરક ભૂમિઓમાં અનુક્રમે ૧૩, ૧૧, ૯, ૭, ૫, ૩, અને ૧ પ્રસ્તરો આવેલા પ્રસ્તરો એટલે આપણા માળવાળાં મકાનોના માળાસમાન હોય છે.

**तासु नरका:** સૂત્રથી રત્નપ્રભાદિ સાતે નરકોમાં નરકાવાસો સૂચવ્યા છે જે ઉપર કહ્યા પ્રમાણે છે. દરેક નરકાવાસની ઊંચાઈ ૩ હજાર યોજનની છે. એનાં વિવિધ નામો વગેરે કહ્યા છે.

**नरके भवाः नारकाः**—આ સાતે નરકોમાં મનુષ્ય અને પશુ–પક્ષીની તિર્યંચની ગતિમાંથી કરેલા હિંસાદિ ભયંકર પાપોના કારણે જીવો આવે છે અને તે તે નરકમાં પોતાના પાપાનુસારે ઉત્પન્ન થાય છે. સાતે નરકમાં ઓછામાં ઓછું અને વધુમાં વધુ આયુષ્ય આ પ્રમાણે બતાવ્યું છે :

નરકમાં આયુષ્ય

જઘન્ય આયુષ્ય
ઓછામાં ઓછુ આયુષ્ય

ઉત્કૃષ્ટ આયુષ્ય
વધુમાં વધુ આયુષ્ય

| | | | |
|---|---|---|---|
| (૧) રત્નપ્રભામાં–૧૦ હજાર વર્ષ | — | ૧ | સાગરોપમ |
| (૨) શર્કરાપ્રભામાં–૧ સાગરોપમ | — | ૩ | ,, |
| (૩) વાલુકાપ્રભામાં–૩ ,, | — | ૭ | ,, |
| (૪) પંકપ્રભામાં– ૭ ,, | — | ૧૦ | ,, |
| (૫) ધૂમપ્રભામાં–૧૦ ,, | — | ૧૭ | ,, |
| (૬) તમઃપ્રભામાં–૧૭ ,, | — | ૨૨ | ,, |
| (૭) તમસ્તમાપ્રભામાં–૨૨ ,, | — | ૩૩ | ,, |

આટલા કાળપ્રમાણ સાગરોપમના આયુષ્ય સુધી નારકી જીવોને નરકમાં જેલની જેમ રહેવું પડે છે. હિંસા, ખૂન, વધ, હત્યા, કરવાથી મહાજૂઠ, ચોરી, ગુંડાગીરી, દારૂસેવન, માંસાહાર કરવાથી. બળાત્કાર, દુરાચાર-વ્યભિચાર, રાત્રિભોજન, ભયંકર આરંભ–સમારંભમાં અનેક જીવોને મારવા વગેરે અનેક મહાપાપો કરવાના કારણે જીવો નરકમાં જાય છે. બધાં જ નરકોના નરકાવાસો છરાના જેવા વજ્રના તળીયાવાળા છે.

ત્યા શીત, તીવ્ર ઠંડી, ભયંકર તાપ, ભૂખ, તરસ, ખાજ–ખુજલી, પરવશતા, જ્વર, જેવો તાપ, શરીરમાં બળતરા દાહ, શોક, અને ખૂબ ભય જેવી પારાવાર વેદનાઓ ભોગવવાની હોય છે. કરેલા તીવ્ર પાપની સજારૂપે મહાદુઃખ, વેદના, ત્રાસ ભોગવવા પડે છે. બધા નરકાવાસો અશુચિથી ખદબદતા તથા પરુ, માંસ અને રૂધિર જેવા કાદવવાળા છે. અને સ્વાભાવિક રીતે અત્યંત ગરમ, ઠંડા, અને અંધકારમય હોય છે, નરકોમાં પુરુષવેદ સ્ત્રીવેદ નથી. બધા જ નપુંસક વેદના ઉદયવાળા છે, એટલે વાસના પણ ભયંકર.

નારકી જીવોનું શરીર પારા જેવું હોય છે. વૈક્રિય શરીર હોય છે, જેમ પારો છૂટો પડે અને ભેગો કરીએ તો પાછો એક થઈ જાય તેમ નારકી જીવો પણ છેદન–ભેદનમાં કપાઈને શરીરના અંગોપાંગો છૂટાં પડે છે અને પાછાં એક થઈ જાય છે.

૧, ૨ અને ૩ નરકમાં પરમાધામી દેવતાઓ હોય છે જે સ્વભાવે

પરમ અધાર્મિક હોય છે અને બીજા જીવોને મારવા આદિમાં તેમને મજા આવે છે તે રાક્ષસી રૂપ ધારણ કરેલા જેવા હોય છે. તે પછીની નરકમાં પરમાધામી સંત્રીઓ નથી, પરન્તુ નીચે નીચેની નરકભૂમિઓ જ મહાદુઃખદાયિ હોય છે જ્યાં ક્ષેત્રકૃત વેદનાઓ પણ ચીસ પડાવે એવી હોય છે. સાગરોપમોના દીર્ઘકાળ સુધી ચીસ પાડી પાડીને મરવાના વાંકે બિચારા જીવો જીવે છે. ઊકળતા તેલમાં ભજીયાં તળાય એવી એ જીવોની તીવ્ર દુઃખની વેદનાની સ્થિતિ હોય છે. પહેલી નરકથી નીચે સાતમી સુધી જેમ જેમ નીચે ઊતરીએ તેમ વેદના એક કરતાં બીજીમાં હજાર ગણી વધારે હોય છે અને જેમ જેમ ઉપર જઈએ તેમ દુઃખ ઓછું થતું જાય છે.

## તિર્યગ્ લોક ( તિર્છા લોક, મૃત્યુલોક, મનુષ્યલોક )

નીચેના અધોલોકનો વિચાર કર્યા પછી હવે લોકપુરુષના કટિ ભાગે "કમરપ્રવેશ" પ્રમાણ રહેલા તિર્છાલોકનો વિચાર કરીએ. આને મૃત્યુલોક, મનુષ્યલોક, તિર્યગ્ લોક જેવાં પર્યાયવાચી નામોથી પણ ઓળખાય છે, આ લોકમાં મનુષ્યોની પ્રાધાન્યતા હોવાથી મનુષ્યલોક કહીએ છીએ. આનો વિસ્તાર એક રાજલોક પ્રમાણ છે. થાલીની જેમ ગોળાકાર પ્રસરેલો છે. અસંખ્ય યોજન પ્રમાણ વિસ્તારમાં અસંખ્ય દ્વિપસમુદ્રો એક પછી એક વલય કારે છે. એક દ્વિપને ફરતો એક સમુદ્ર અને ફરી સમુદ્રને ફરતો દ્વિપ ફરીએ દ્વિપને ચારે બાજુ ફરતો બંગડીના આકારે સમુદ્ર એમ એકથી બીજો ડબલ માપમાં હોય. ડબલ ડબલ થતાજ જાય, તત્વાર્થમાં કહ્યું છે કે-

**जम्बूद्वीप-लवणादयः शुभ नामानो द्वीपसमुद्राः ।**
**द्विर्द्विर्विष्कम्भः पूर्वपूर्वपरिक्षेपिणो वलयाकृतयः ॥**

તિર્છા લોકમાં જંબુદ્વીપ–લવણસમુદ્રથી છેક લોકના અન્ત સુધી દરેક શુભનામ વાલા અસંખ્ય દ્વીપ–સમુદ્રો છે. સંસારમાં શુભ નામો પણ અસંખ્ય છે. તો તે તે નામોંથી વાચ્ય દ્વીપ સમુદ્રો પણ અસંખ્ય છે.

અને એક ઉપર બીજા વલય (બંગડીના) આકારે છે. એક બીજાથી માપમાં બમણા છે. લોકાન્તે છેલ્લે "સ્વયંભૂરમણ" મહાસમુદ્ર છે. જેને આપણે લોગસ્સસૂત્રમાં "સાગરવર ગંભીરા" ના નામથી ઓળખીએ છીએ-



(૧) જંબુદ્વીપ (૨) લવણ સમુદ્ર (૩) ધાતકીખંડ (૪) કાલોદધિસ. (૫) પુષ્કરવર દ્વીપ (૬) પુષ્કરોદધિ સ. (૭) વારૂણીવર દ્વીપ (૮) વારૂણીવર સ. (૯) ક્ષીરવર દ્વીપ (૧૦) ક્ષીરવર સ. (૧૧) ઘ્રુતવર દ્વીપ (૧૨) ઘ્રુતવર સ. (૧૩) ઈક્ષુવર દ્વીપ (૧૪) ઈક્ષુવર સ. (૧૫) નંદીશ્વર દ્વીપ

(૧૬) નંદીશ્વર સમુદ્ર આજ નંદીશ્વર દ્વીપમાં તીર્થંકરોના શાશ્વત જિનાલયો છે. બાવન જિનાલયો વગેરે છે. જ્યાં દેવતાઓ શાશ્વતી અઠ્ઠાઈઓમાં જાય છે, અને તીર્થંકરોના જન્મકલ્યાણકાદિ કલ્યાણકો ઉજવ્યા પછી જાય છે. અને અષ્ટાન્હિકા મહોત્સવ વગેરે મનાવે છે. જ્યાં મેરૂપર્વત તેના ફરતા અંજનગિરિ વગેરે પર્વતો ઉપર શાશ્વતા જિન પ્રસાદો છે. ત્યાર પછી (૧૭) અરૂણ દ્વીપ (૧૮) અરૂણ સ. (૧૯) અરૂણવર દ્વીપ (૨૦) અરૂણવર સમુદ્ર (૨૧) અરૂણાવભાસક દ્વીપ (૨૨) અરૂણાવભાસક સમુદ્ર એમ ક્રમશ શુંભનામવાલા અસંખ્ય દ્વીપ સમુદ્રો



છે. જે નામનો દ્વીપ હોય તેને ફરતો તે નામનો સમુદ્ર હોય છે. અંતે સ્વયંભૂ રમણ સમુદ્ર આવે છે. અને તે પછી લોકની સીમાપૂરી થાય છે. અને અલોક શરૂ થાય છે.

**અઢીદ્વીપ :**

પ્રતિક્રમણ વિધિમાં સર્વસાધુ વંદના કરતી વખતે' અઢાઈજ્જેસુ' બોલિએ છીએ–ત્યારે "અઢાઈ જ્જેસુદ્દીવ–સમુદ્દેસુ"...પન્નરસસુ કમ્મ-ભૂમિસુ ..અઢીદ્વીપ–સમુદ્રોમાં ૧૫ કર્મ ભૂમિમા. વગેરે જે આ સૂત્ર બોલીએ છીએ તે સમસ્ત અઢીદ્વીપ સંપૂર્ણ માનવ વસતિનું ક્ષેત્ર છે. આધુનિક વિજ્ઞાને હજી સુધી વર્તમાન દુનિયાજ શોધી છે. અને તે આપ ખંડ સુધીનીજ. જેમાં આસ્ટ્રેલિયા, યુરોપ, એશિયા, આફ્રિકા, અને અમેરિકા જેવા ખંડો સમાયેલા છે. પરન્તુ સર કોપરનિકસ જેવા વૈજ્ઞાનિકે દાવો કર્યો હતો કે હજી આ સિવાયની બીજી ઘણી પૃથ્વીઓ છે જે અણશોધાયેલી છે. જૈન ભૂગોલે તો અસંખ્ય દ્વીપ સમુંદ્રો બતાવ્યા છે. અને તે અસંખ્ય દ્વીપ સમુદ્રોમાં ગજબની તિર્યંચ સૃષ્ટિ છે. તિર્યંચ પશું–પક્ષીના ઘણાં જીવો છે. પરન્તુ માનવ સૃષ્ટિ તો ફકત અઢીદ્વીપમાંજ વસે છે. તે અઢીદ્વીપની બાહર કોઈ મનુષ્ય જન્મતો નથી કે મરતો નથી અર્થાત માનવ સૃષ્ટિજ બાહર નથી આટલો મનુષ્ય ક્ષેત્ર છે. નકશામાં બતાવ્યા પ્રમાણે–અને સૂત્રમાં કહયા પ્રમાણે-પુખ્ખરવર દીવડે સૂત્રમાં કહયા પ્રમાણે–

માનુષોત્તર પર્વત,
પુષ્કર દ્વીપ ૧૬ લાખયોજન
કાલોદધિસમુદ્રી ૮ લાખયોજન
ઘાતકીખંડ–૪ લાખયોજન
લવણસમુંદ્રી–૨ લાખયોજન
જંબુદ્વીપ ૧ લાખ યોજન

આ રીતે જોઈશું તો સ્પષ્ટ સમજાશે. સર્વ વચ્ચે કેન્દ્રમાં જંબુદ્વીપ છે. તે ૧ લાખ યોજનના વ્યાસ વાલો છે. તેને ફરતો ૨ લાખ

યોજન વાલો લવણસમુંદ્ર છે. અને તેને ફરતો ૪ લાખ યોજન પહોળો ધાતકીખંડ છે તેને ફરતો કાલોદધિસમુંધ ૮ લાખ યોજન પહોળો છે અને તેની ચારે બાજુ ગોળ ફરતો પુષ્કરદ્વીપ ૧૬ લાખયોજન પહોળો છે. અને પુષ્કર લોપની વચ્ચોવચ્ચ "માનુષ્યોત્તર" નામનો પર્વત છે. તેથી પુષ્કર દ્વીપના બે ભાગ આ પર્વતના કારણે થયા. એથીજ પુષ્કર દ્વીપ અર્ધોજ ગણવાનો એ પ્રમાણે અઢીદ્વીપ થયો. **प्राग मानुष्योत्तरन्मनुष्या :** માનુષોત્તર પર્વત સુધીજ મનુષ્યોની વસતિ છે. તેની બાહાર નથી એટલે પુખ્ખરવરદ્દી વડે "માં અડું થી અર્ધું લેવાનું કહ્યું એટલે ૧૬ લાખમાંથી ૮ લાખ છોડી દેવાના અને ૮ લાખ લેવાના.

## ૪૫ લાજ યોજન પ્રમાણ અઢીદ્વીપ—

| — | — | — | — | — | — | — | — | — |
| પુ. | કા. | ધા. | લ. | જંબૂ | લ. | ધા. | કા. | પુ. |

→ ૮ + ૮ + ૪ + ૨ + ૧ + ૨ + ૪ + ૮ + ૮ = ૪૫

આ પ્રમાણે અઢીદ્વીપ-સમુદ્રોનું એક છેડાથી બીજા છેડા સુધી ૪૫ લાખ યોજન ગણવામાં આવ્યા છે. અને એટલામાં જે સંપૂર્ણ માનવ વસતિ છે તે વધીને કેટલી વધે ? વધુમાં વધુ સંપૂર્ણ માનવ જાતની ઉત્કૃટ વસતિ કેટલી થઈ શકે તેનું ગણિત આ પ્રમાણે આપ્યુ છે. $2^{96}$ બેની સંખ્યાનું છણ્ણુ વાર વર્ગ કરતા જેટલી સંખ્યા આવે તેટલી $2^{96}$ ∴ Log X = 96 Log 2 = 96 x. = 30103 = 28 89888 ∴ the integral part consists of 29 digits અથવા તો પાંચમાં અને છઠ્ઠા વર્ગનો ગુણાકાર કરતા જે સંખ્યા આવે તે-

પાંચમો વર્ગ—$2^{32}$ = 4294967296

છઠ્ઠો વર્ગ – $2^{64}$ = 18446744073709551616

79228162514264337593543950336

પાંચમાં અને છઠ્ઠા વર્ગનો ગુણકાર કરતા આટલી 29 આંકવાલી સંખ્યા આવે તેને જ $2^{96}$ બેનો છન્નુમો વર્ગ કહેવામાં આવે છે. આટલી અઢીદ્વીપની કુલ મનુષ્ય ગતિ જાતિની ઉત્કૃષ્ટ સંખ્યા આપવામાં આવી

છે. આથી વધારે મનુષ્યની વસતિ ક્યારેય વધે નહીં. અને હજી આટલી વસતી તો ક્યારેય થઈ નથી. થાય તો આટલાથી વધારે તો ક્યારેય ન જ થાય. શ્રી અનુયોગ દ્વાર સૂત્રમાં આ પ્રમાણે જણાવવામાં આવ્યું છે.

**જન્મદૃષ્ટિએ ભેદ :**

જન્મની દૃષ્ટિએ મનુષ્યો ગર્ભજ અને સંમુર્છિમ બે પ્રકારના કહ્યા છે. ગર્ભજ પાછા પર્યાપ્તા અને અપર્યાપ્તા કહ્યા છે. મનુષ્યના પોતાના રજ–વીર્ય–મળ–મુત્રાદિ સર્વ પ્રકારની અશુચિમાં ઉત્પન્ન થતા મનુષ્યોને સંમૂર્છિમ કહ્યા છે તે તો અસંખ્યાતની સંખ્યામાં ઉત્પન્ન થાય છે. બધું જ આપણા જેવું શરીર હોય છે. ફક્ત એટલું જ કે મન નથી હોતું. અસંજ્ઞી હોય છે. શરીર અત્યંત સૂક્ષ્મ હોય છે, અને બે ઘડી ૪૮ મિનિટના જ આયુષ્યવાળા હોય છે તેટલા ટાઈમમાં મૃત્યુ પામી જાય છે.

વિજ્ઞાન બીજા લાખો વર્ષો પછી પણ આ શોધ કરી શકશે કે કેમ એ આશાસ્પદ છે.

**મનુષ્યના ૩૦૩ ભેદ :**

૧૦૧

૧૫ કર્મભૂમિજ + ૩૦ અકર્મભૂમિજ + ૫૬ અંતરદ્વિપજ = ૧૦૧
૧૦૧ ગર્ભજ પર્યાપ્તા + ૧૦૧ ગર્ભજ અપર્યાપ્તા + અને ૧૦૧ સંમૂર્છિમ = કુલ ૩૦૩ ભેદ મનુષ્યના થયા.

**અઢીદ્વીપાન્તર્ગત–કર્મ–અકર્મભૂમિ વિગેરે :**

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧૫ | જંબુદ્વિપમાં | –૧ ભરતક્ષેત્ર | +૧ એરવત | +૧ મહાવિદેહ | =૩ |
| કર્મભૂમિ | ધાતકીખંડમાં | –૨ ,, | +૨ ,, | +૨ ,, | =૬ |
| | પુષ્કરાર્ધ દ્વિપમાં | –૨ ,, | +૨ ,, | +૨ ,, | =૬ |
| | | — | — | — | — |
| | | ૫ | +૫ | +૫ | +૧૫ |

| | જંબુદિપમાં | ઘાતકી ખંડમાં | પુષ્કરાર્ધ દ્વીપમાં | |
|---|---|---|---|---|
| ૩૦ | ૧ ઉત્તરકુરૂ – | + ૨ ઉત્તરકુરૂ | + ૨ ઉત્તરકુરૂ | = ૫ |
| અકર્મ | ૧ દેવકુરૂ – | + ૨ દેવકુરૂ | + ૨ દેવકુરૂ | = ૫ |
| ભૂમિ | ૧ હિમવંત – | + ૨ હિમવંત | + ૨ હિમવંત | = ૫ |
| | ૧ હરિવર્ષ – | + ૨ હરિવર્ષ | + ૨ હરિવર્ષ | = ૫ |
| | ૧ રમ્યક | + ૨ રમ્યક | + ૨ રમ્યક | = ૫ |
| | ૧ હૈરણ્યવંત | + ૨ હૈરણ્યવંત | + ૨ હૈરણ્યવંત | = ૫ |
| | — | — | — | — |
| | ૬ | + ૧૨ | + ૧૨ | = ૩૦ |

**૫૬ અંતર્દ્વીપ** અઢીદ્વીપના નકશામાં બતાવ્યા પ્રમાણે જંબુ દ્વીપ હોય અને ઐરાવત ક્ષેત્રના પૂર્વથી પશ્ચિમ સુધીમાં ફેલાયેલા લઘુ હિમતંત પર્વત અને શિખરી પર્વતના બન્ને છેડે લવણસમુદ્રમાં ૧૪+૧૪ = ૨૮, અને ૧૪+૧૪ = ૨૮ એમ કુલ ૫૬ અંતદ્વિપ છે. ત્યાં પણ મનુષ્યોની વસતિ છે.

આ ૧૦૧ માંથી ૩૦ અકર્મભૂમિ અને અને ૧૬ અંતર્દ્વીપમાં ધર્મ બિલ્કુલ નથી. ફક્ત ૧૫ કર્મભૂમિ માંજ ધર્મ છે. અને ત્યાંજ તીર્થંકરો જન્મે છે ત્યાંથી જ મોક્ષ મળે છે. તેમાં પણ ૧, ૨, અને ૬ આરામાં ધર્મ નથી. એટલે ૩ની અને ૪ના આરામાં તીર્થંકરો થાય છે. અને તેમનું શાસન પાંચમાં આરા સુધી ચાલે છે. તેમાં ધર્મ મળે મહાવિદેહમાં કાયમ ચોથો આરો હોય છે. ત્યાં કાયમ તીર્થંકર હોય છે. ત્યાંથી હમેશા મોક્ષે જવાય.




આ ચાર્ટ પ્રમાણે પૂજ્ય ઉમાસ્યાતિજી મહારાજે તત્વાર્થ સૂત્રમાં મનુષ્યના ભેદો બતાવ્યા છે. ચાર ગતિમાં એક માત્ર મનુષ્ય ગતિમાંથી જ મોક્ષ મળવાનો છે. અને તેમાં પણ ફક્ત ૧૫ કર્મભૂમિક્ષેત્રમાંથીજ.

જંબૂદ્વિપવર્ણન —

तन्मध्ये मेरुनाभिर्वृत्तो योजनशतसहस्रविष्कम्भो जम्बूद्वीपः ॥

भरत हैमवत हरि विदेह रम्यक हैरण्यवतैरावतवर्षाः क्षेत्राणि ॥



૧ લાખયોજન ના વ્યાસના વિસ્તરવાળો થાલીના આકારે ગોળાકાર જંબૂદ્વીપ છે. ચિત્રમાં દર્શાવ્યા પ્રમાણે આ જંબૂદ્વિપમાં (૧) ભરત ક્ષેત્ર, (૨) હિમવંત ક્ષેત્ર, (૩) હરિવર્ષ ક્ષેત્ર, (૪) મહાવિદેહ ક્ષેત્ર, (૫) રમ્યક્ ક્ષેત્ર, (૬) હિરણ્યવંત ક્ષેત્ર. (૭) ઐરવત ક્ષેત્ર એમ કુલ ૭ ક્ષેત્રો છે.

(૧) લઘુ હિમવંત પર્વત, (૨) મહાહિમવંત પર્વત, (૩) નિષધ પર્વત, (૪) નીલવંત પર્વત, (૫) રૂક્મી પર્વત (૬) શિખરી પર્વત એમ કુલ ૬ મોટા પર્વતો પૂર્વથી પશ્ચિમ સુધી લવણસમુદ્રને બન્ને છેડે અડીને વિસ્તરેલા છે. તેની વચ્ચે ક્ષેત્રો છે. આ પર્વતોમાં -(૧) લઘુહિમવંત પર્વત ઉપર રહેલા પદ્મદ્રહ નામનો મહાસરોવર છે ત્યાંથી ગંગા-સિંધુ વગેરે નદીઓ નિકળે છે. (૨) પુંડરીકદ્રહ-શિખરીપર્વતપર છે-જ્યાં લક્ષ્મી દેવી વસે છે. ત્યાંથી રક્તા, રક્તાવતી વગેરે નદીઓ નિકળે છે. (૩) મહાપદ્મદ્રહ નામનું સરોવર મહાહિમવંતપર્વ ઉપર છે. ત્યાંથી રોહિતા-હરિકાન્તા જેવી મહાનદીઓ નિકળે છે. (૪) મહાપુંડરીકદ્રહ રૂક્મી પર્વત પર છે. ત્યાંથી રૂપ્યકુલા અને નરકાન્તા જેવી મોટી નદીઓ નિકળે છે. (૫) તિગિચ્છીદ્રહ નિષધ પર્વત ઉપર છે. ત્યાંથી હરિ સલિલા અને સિતોદા નદીઓ નિકળે છે. અને (૬) છેલ્લો કેશરીદ્રહ નામનો સરોવર. નીલવંત પર્વત ઉપર છે ત્યાંથી નારીકાન્તા અને સીતા નદી નિકળે છે. આ પ્રમાણે મુખ્ય નદીઓ અને તેની પેટા નદીઓ તો હજારોની સંખ્યામાં છે.

## ભરતક્ષેત્રનું વર્ણન—

આ જંબુદ્વીપના દક્ષિણ છેડે લઘુહિમવંત પર્વત થી નીચેનો સંપૂર્ણ અર્ધચંદ્રાકારે ભરત ક્ષેત્ર છે. અને તેની વચ્ચે વૈતાઢય પર્વત પૂર્વથી પશ્ચિમનો લાંબો છે. તેથી ભરત ક્ષેત્રના બે ભાગ પડયા એક ઉત્તર ભરત અને બીજો દક્ષિણ ભરત ક્ષેત્ર. લઘુ હિમવંત પર્વત ઉપર રહેલા પદ્મદ્રહ ઉપરથી નિકળેલી ગંગા, અને સિંધુ નદીઓ આ બન્ને ઉત્તર અને દક્ષિણ ભરતની વચ્ચે થઈને જતી હોવાથી ભરત ક્ષેત્રના કુલ ૬ ખંડ થયા. આ ૬ ખંડ ચક્રવર્તી સાધે છે. અને એમાંના પણ મધ્યખંડમાં આજની સંપૂર્ણ દુનિયા સમાઈ ગઈ છે હિન્દુસ્તાનવગેરે બધા દેશો આટલા મધ્યખંડમાં જ સમાઈ ગયા છે. જ્યાં આપણે રહીએ છીએ તો હજી આખો જંબૂદ્વીપ વગેરે શોધવાનો તો વિજ્ઞાન માટે કોયડોજ છે શાન્તિસ્નાત્રાદિમાં બોલાતુ "અસ્મિન્ જંબુદ્વીપ ...વગેરેનું' સરનામું આપણને આનાથી સમજાઈ જશે

આ ભારતક્ષેત્ર જેવો જ જંબૂદ્વીપની ઉત્તર દિશાના છેડે રહેલો ઐરવત ક્ષેત્ર છે. ભરતક્ષેત્રમાં ઉત્સર્પિણી અને અવસર્પિણીના ૬-૬ આરાનો ફરતો કાળચક્ર છે. ભરતના મધ્યખંડમાં સાડા પચીશ આર્ય દેશ છે. તે સિવાયના અનાર્ય દેશો છે. અને બીજા પાંચ ખંડો પણ અનાર્ય છે. મધ્યખંડોમાં જ તીર્થંકરાદિ થાય છે.

## મહાવિદેહક્ષેત્ર

જંબુદ્વિપના મધ્યમાં મહાવિદેહક્ષેત્ર છે. નિષધ અને નીલવંત પર્વતોની વચ્ચેનો ક્ષેત્ર મહાવિદેહક્ષેત્ર કહેવાય છે. આ મહાવિદેહની વચ્ચે અને સમસ્ત જંબુદ્વિપના કેન્દ્ર ભાગમાં મેરૂપર્વત આવેલો છે. તેની પૂર્વનો ભાગ પૂર્વ મહાવિદેહ અને પશ્ચિમ મહાવિદેહ કહેવાય છે. અને દક્ષિણમાં દેવકુરૂ અને ઉત્તરમાં ઉત્તર કુરૂ એવા પણ બે ક્ષેત્રો છે. જેની ગણતરી અકર્મભૂમિમાં થાય છે.

નિષધપર્વત ઉપર રહેલા તિગિચ્છદ્દહ સરોવરથી નિકળતી શીતોદા નદી નિકળીને પશ્ચિમ મહાવિદેહક્ષેત્રની મધ્યમાંથી વહેતી લવણસમુદ્રમાં મળે છે. એથી પશ્ચિમ મહાવિદેહના બે ભાગ પાડતી જાય છે. એ જ પ્રમાણે નીલવંત પર્વત ઉપર રહેલા કેશરીદ્દહ ઉપરથી નિકળતી સીતાનદી પૂર્વ મહાવિદેહની વચ્ચેથી વહેતી લવણસમુદ્રમાં મળે છે. એથી પૂર્વ મહાવિદેહના પણ બે ભાગ પડયા. અને એક પર્વત અને એક નદી એમ આ ચારે વિભાગોમાં બન્ને વિદેહમાં છે. તેની વચ્ચેના ક્ષેત્રને વિજય કહેવાય છે. એવા ૧૬ વિજયો પૂર્વ મહાવિદેહ અને બીજા ૧૬ વિજયો પશ્ચિમ મહાવિદેહમાં એમ કુલ ૩૨ વિજયો મહાવિદેહમાં છે. એના નામો વગેરેનો વિસ્તૃત વિવેચન તો ક્ષેત્ર સમાસ અને સંગ્રહણી જેવા જૈન ભૂગોળના મહાન ગ્રંથોમાંથી જાણવું.

આ ૩૨ વિજયોમાં આઠમી પુષ્કલા વતી વિજયમાં વર્તમાન કાળે શ્રી સીમંધરસ્વામી ભગવાન વિચરી રહ્યા છે. એજ પ્રમાણે ૯મી વત્સવિજયમાં શ્રીયુગમંધર સ્વામી, ૨૪મી નલિનાવતી વિજયમાં શ્રી

બાહુસ્વામી, તથા ૨૫મી વપ્રવિજયમાં એમ જઘન્યથી ૪ તીર્થંકર ભગવંતો તો વિચરી રહ્યા છે. શ્રી જગચિન્તામણીસૂત્રમાં આપેલ એમનો પરિવાર–સાધુ–સાધ્વી–તથા કેવળી વગેરેની સંખ્યા ખાસ જાણવા જેવી છે.

**શ્રી સીમંધર સ્વામિને વિનંતી**—રોજ પ્રભાતે આપણે પ્રતિક્રમણ કરતા સવારે સીમંધર સ્વામિનું ચૈત્યવંદન કરીએ છીએ. ચંદ્રમાને નિમિત્ત બનાવીને એને કહીએ છીએ કે—" સુણો ચંદાજી ! સીમંધર પરમાત્મા પાસે જાજો '...હે ચંદ્રમા ! તમે સીમંધર ભગવાન જજો અને મારી વિનંતી કહેજો...કારણ કે ચંદ્રમા મેરૂપર્વતની ચારે બાજુ ફરે છે. અને મેરૂપર્વત મહાવિદેહમાં છે, એટલે આપણે વિનતી કરીએ છીએ.

સયલસંગ છંડી કરી, ચારિત્ર લઈશું,
પાય તુમારા સેવીને, શિવરમણી વરશુ ॥
એ અળજો મુજને ઘણાં, પૂરો સીમંધર દેવ,
ઈહાં થકી હું વિનવું, અવધારો મુજ સેવ ॥

—હે સીમંધર સ્વામી ભગવંત ! મારી એક નમ્ર પ્રાર્થના છે. ઈચ્છા છે કે—હું સર્વ સંસારનો સંગ છોડીને તમારી પાસે ચારિત્ર (દીક્ષા) લઉં અને તમારા ચરણકમલની સેવા–આરાધના કરીને શિવરમણી મોક્ષ પામું. હે સીમંધર સ્વામી ! આટલી પ્રાર્થના સ્વીકાર જો અને મારી એટલી ઈચ્છા પૂરી કરજો. એમ હું અહી બેઠો વિનવું છું

" મહાવિદેહમાં સીમંધરસ્વામી " વગેરે જે સ્તુતિ આપણે બોલીએ છીએ તેમાં પણ પ્રાર્થનાનો ભાવ ઉત્તમ છે, આ બધુ મહા-વિદેહ ક્ષેત્રને સૂચવે છે, ત્યાં સીમંધરસ્વામી પ્રભુ બિરાજમાન છે. એ વિષયક ભૌગોલિક જ્ઞાનની પણ આવશ્યકતા છે.

## શું સીમંધરસ્વામી અહીં આવે ખરા ?

આજે કોઈ એક કહે છે કે મને સીમંધરસ્વામી આવે છે અને એમ કહી ચમત્કારો કરી બતાવે છે. જો સિદ્ધાંતની દ્રષ્ટિએ વિચાર

કરીએ તો એટલું સ્પષ્ટ સમજાશે કે શું સીમંધરસ્વામી કોઈ સ્વર્ગના દેવ-દેવી છે ? તે તમારી પાસે આવે ? બીજા રાગી-દ્વેષી દેવ જેવા છે તે તમે મંત્ર બોલો અને હાજર થાય ? શું એ તમારા નોકર છે તે કામ કરવા આવે ? શું એ ચમત્કાર કરવા આવે ?

અરે ! આ કેટલું હાસ્યાસ્પદ લાગે છે. કોઇ કહે છે કે સીમંધર સ્વામીએ મને મોકલ્યો છે. હું બધાને કેવળજ્ઞાન આપવા, મોક્ષ આપવા આવ્યો છું. વગેરે વગેરે બકવાસ કરે છે. મારા પગે માથું અડાડો. માથુ ટેકીને બેસી રહો. હું તમને બધાને કેવળજ્ઞાન આપીશ. મોક્ષે લઈ જઈશ. શું આ શબ્દો સાંભળ્યા પછી પાગલપણુ કે ગાંડ પણુનો બકવાસ નથી લાગતો ? શું આ કેવળજ્ઞાન અને મોક્ષ આપવા જેવી વસ્તુ છે ? આપી શકાય ખરી ? અને સીમંધરસ્વામી તમને અહીં મોકલે ? અને શું પગે માથું અડાડવાથી કેવળજ્ઞાન થવાનું છે ? જ્ઞાન પગમાંથી નિકળે છે ?

હજી પોતેજ કેવળજ્ઞાની ન થયા હોય. અરે ! કેવળજ્ઞાન તો શું પણ કવળજ્ઞાન પણ થયું છે. ખરૂ ? ક્યારે, કેવું, કેટલું, શું ખાવુંન ખાવું વગેરેનું પણ જ્ઞાન થયું છે. ખરૂં ? શું પ્લેટફોર્મના બાંકડા ઉપર ગાડી આવવાની રાહ જોતા બેઠા એમાં કેવળજ્ઞાન થઇ જાય ? અરે રે...આતો કેવો પ્રલાપમાત્ર છે. કેવળજ્ઞાન થવા માટે વીતરાગતા જોઇએ. રાગ-દ્વૈષ ન હોવા જોઇએ. એ બધી કક્ષા ક્યાં છે. માટે લોકોએ ખૂબ ચેતવા જેવું છે. આવો બકવાસ કરનારાઓથી અને સત્ય સ્વરૂપ સમજવા પ્રયત્ન કરવો જોઇએ.

## મેરૂ પર્વત અને જ્યોતિષ્ક મંડળ :

આ જંબુદ્રીપના મધ્યમાં કેન્દ્રસ્થાને મેરૂપર્વત છે. સુવર્ણમય મેરૂપર્વત ૧ લાખ યોજન ઉંચો છે. તે મહાવિદેહક્ષેત્રમાં મધ્યમાં આવેલો છે. મેરૂપર્વત ત્રણે લોકમાં સ્પર્શે છે. મેરૂપર્વત ૧૦૦ યોજન તો અધોલોકમાં છે. ૧૮૦૦ યોજન તિર્ચ્છાલોકમાં અને ૯૮૧૦૦ ઉર્ધ્વ-




લોકમાં આવેલો છે. મેરૂપર્વત નું માપ સમભૂતલા પૃથ્વીથી માપવામાં આવે છે. આ સમભૂતલાથી ૯૦૦ યોજન નીચે સુધી અને ૯૦૦ યોજન ઉપર સુધી એમ કુલ ૧૮૦૦ યોજનનો તિર્ચ્છાલોક છે. તેની ઉપરથી ઉર્ધ્વલોક શરૂ થાય છે. મેરૂપર્વતના ત્રણ કાંડ છે. આજ મેરૂપર્વત ઉપર પાંડુકવનમાં ઈન્દ્રાદિદેવતાઓ મળીને તીર્થંકર પરમાત્માને જન્મ પછી લઈ જાય છે. અને પ્રભુનો જન્માભિષેક કરે છે.

જ્યોતિષ્ક મંડળના સૂર્ય-ચંદ્ર, ગ્રહ, નક્ષત્ર, તારા વગેરે દેવતાઓ

મેરૂપર્વતની ચારે બાજુ ગોળ પ્રદક્ષિણા ફરતા હોય છે. ઉમાસ્વાતિભગવંતે આ વાત તત્વાર્થમાં સૂત્ર બદ્ધ કરતા કહ્યુ છે કે—

**ज्योतिषकाः सूर्याश्चन्द्रमसो-ग्रह-नक्षत्र-प्रकीर्णतारकाश्च मेरुप्रदक्षिणा नित्यगतयो नृलोके. ॥**

મનુષ્ય લોકમાં રહેલા મેરૂપર્વતની ચારે બાજુ ગોળાકાર સ્થિતિમાં નિત્ય પ્રદક્ષિણા કરી રહેલા જ્યોતિષ મંડળના સૂર્ય-ચન્દ્રાદિ દેવતાઓ છે, આ જ્યોતિષચક્ર સમભૂતલા પૃથ્વીથી ૭૯૦ યોજન ઉંચે આવેલ છે. અને ૯૦૦ યોજન સુધીમાં તેની ઉંચાઈ સમાપ્ત થાય છે, અર્થાત્ ૧૧૦ યોજન નીજ ઉંચાઈમાં જ બધા જ્યોતિષ્ક વિમાનો છે.

(૫) ✠ ૮૮૩થી ૯૦૦ યોજન સુધીમાં બુધ, ગુરૂ, શુક્ર વગેરે ગ્રહો છે.
(૪) ✠ ૮૮૩ યોજને—નક્ષત્રો
(૩) ◡ ૮૮૦ યોજને--ચન્દ્ર
(૨) ○ ૮૦૦ યોજને સૂર્ય
(૧) ❋ ૭૯૦ યોજને – તારા

જ્યોતિષ એટલે પ્રકાશ આ બધા જ્યોતિષ્ક મંડળના સૂર્ય-ચંદ્રાદિના વિમાનો પ્રકાશ આપે છે. માટે જ્યોતિષ્ક દેવતાઓ કહેવાય છે.

જંબુદ્વીપમાં ૨ સૂર્ય અને ચન્દ્ર છે, પછી લવણ સમુદ્રમાં ૪ ધાતકીખંડમાં ૧૨, કાલોદધિમાં ૪૨. પુષ્કરાર્ધમાં ૭૨ આ પ્રમાણે અઢી-દ્વીપમાં કુળમાં ૧૩૨ સૂર્યો અને તેટલા જ ચંદ્રો છે. અઢીદ્વીપમાં બધા ફરતા-એટલે ચર છે. અને અઢીદ્વીપની બહાર સ્થિર છે. ૮૮ ગ્રહો, ૨૮ નક્ષત્રો તેમ જ ૬૬૯૭૫ કોડાકોડીનો તારાનો પરિવાર ૧ ચન્દ્રનો કહ્યો છે, આ જ્યોતિષ્ક ( **तत्कृत. कालविभाग:** ) મંડળના સૂર્યાદિ દેવતાઓના કારણે કાળની વ્યવસ્થા થઈ છે. તેથી દિવસ-રાત, કલાક મહિના-ઋતુ-વર્ણ વગેરેની વ્યવસ્થા થઈ છે, આ બધા દેવતાઓ છે. એમની ગતિ આદિનો ક્રમ વગેરે પણ બતાવવામાં આવ્યો છે, તે માટે

ખાસ સૂર્યપ્રજ્ઞપ્તિ, ચંદ્રપ્રજ્ઞપ્તિ સ્વતંત્ર આગમ ગ્રન્થો છે, અને ક્ષેત્ર સમાસ, સંગ્રહણી જેવા ગ્રંથોથી વિસ્તૃત જાણવો,

**દેવલોક અને દેવતાઓ—**

ચૌદરાજ લોકના નકશામાં બતાવ્યા પ્રમાણે **વૈશાખ–સંસ્થાનવાળા લોક પુરૂષનો** નાભિની ઉપરનો ભાગ ઉર્ધ્વલોક કહ્યો છે. તેને **જ દેવલોક**, સ્વર્ગલોક, અથવા ઉર્ધ્વલોક **કહેવામાં** આવ્યો છે, ત્યાં દેવતાઓનો વાસ છે, આ ઉર્ધ્વલોકપણ ૭ રાજલોક પ્રમાણે છે.

**देवाश्चतुर्णिकायाः ।**

**દેવતાઓ ૪ પ્રકારના છે.**

१ ભવનપતિ — ૧૦ અસુર કુમારાદિ + ૧૫ પરમા ધામી = ૨૫

વ્યંતર — ૮ વ્યંતર + ૮ વીણ વ્યંતર; ૧૦ તિર્યંગ ← ઝંભક = ૨૬

જ્યોતિષ્ક — ચર ૫ + અચર ૫ = ૧૦

વૈમાનિક — કલ્પોપપન્ન: ૧૨ દેવલોક, ૩ કિલ્પીષિક, ૯ લોકાંતિક = ૨૪; કલ્પાતીત: ૯, ૫ = ૧૪

૨૫ + ૨૬ + ૧૦ + ૨૪ + ૧૪

૨૫ + ૨૬ + ૧૦ + ૨૪ + ૧૪ = ૯૯

૯૯ પર્યાપ્તા + ૯૯ અપર્યાપ્તા = ૧૯૮ જાતના દેવતાઓ. દેવલોકમાં પણ-ઈન્દ્ર, સામાનિક (૩ ત્રાંયસ્ત્રિંશ, (૪) પારિષાદ્ય (૫) લોકપાલ (૬) અનીક, (૭) આત્મરક્ષક (૮) પ્રકોર્ણક (૯) આભિયોગ અને (૧૦) કિલ્બીષિક એમ ૧૦ જાતના દેવતાઓની વ્યવસ્થા કલ્પોપપનીમાં છે.

મેરૂપર્વત પૂરો થઈ ગયા પછી અસંખ્ય યોજન પછી "ત્રસનાડીમાં" આ દેવલોકોની શરૂઆત થાય છે, ૧૨ દેવલોક તે કલ્પોપપનમાં છે. અને લોક પુરૂષના ડોકની જગ્યાએ રહેલા ૯-નવલોકાંતિક દેવતાઓ કહેવાય છે. અને મુખના ભાગ ઉપર પાંચ અનુત્તર વિમાનના દેવતાઓ હોય છે, તે બધા એકાવતારી હોય છે, અર્થાત્ હવે ફક્ત ૧૪ ભવમાં ચોક્કસ મોક્ષે જશે. દેવલોકમાં પણ ઉપર ઉપર સુખનું પ્રમાણ વધતું જાય છે, જો કે દેવલોકમાં પણ વિષય વાસના છે. " **कायप्रवीचारा आ ऐशानत** " અર્થાત્ ઈશાન દેવલોક સુધીના અને તે પહેલાના બધા દેવતાઓ સ્ત્રી-પુરૂષની જેમ મૈથુન સેવન કરે છે. ઈશાનથી ઉપર ઉપરના બે બે-દેવલોક વાલા દેવતાઓને સ્પર્શ સુખ, રૂપ, શબ્દ વડે જ સુખ અને છેલ્લે મનથી સ્મરણ માત્રથી સુખ પણ અનુભવે છે. દેવલોકમાં પણ એકબીજાની અપ્સરા-દેવાંગના વગેરેનું અપહરણ વગેરે બધું જ ચાલતું હોય છે. દેવ એટલે ભગવાન નહીં. એ પણ સંસારી જ છે. ચાર ગતિમાં જ રખડે છે. દેવલોકમાંથી મોક્ષ તો ન જ મળે. મોક્ષ મેળવવા તો પાછા મનુષ્યગતિમાં મનુષ્ય લોકમાં જ આવવું પડે. એટલા જ માટે દેવગતિ કરતા પણ મનુષ્યગતિ સર્વ શ્રેષ્ઠ કહી છે. દેવગતિમાં ઉપર ઉપર જતા સુખનું પ્રમાણ અને આયુષ્ય પ્રમાણ વધતું જાય છે.

## લોકમાં જીવો



સંસારી
સિદ્ધ
૧૫ ભેદે
ત્રસ
સ્થાવર
વિકલેન્દ્રિય
પંચેન્દ્રિય
પૃથ્વીકાય
અપકાય
અગ્નિકાય
વાયુકાય
વનસ્પતિકાય
બેઇન્દ્રિય
તેઇન્દ્રિય
ચઉરિન્દ્રિય
સા.
પ્ર.
દેવ
મનુષ્ય
નારકી
તિર્યંચ
સૂ
બા.
નિગોદ
૩૦૩
દેવગતિ
૧૯૮
મનુષ્ય
ગતિ
= ૫૬૩ જાતિના
કુળ ભેદો
૪૮
તિર્યંચગતિ
નરકગતિ ૧૪

ચૌદરાજ લોકના સહુથી ઉપરના સ્થાને લોકના અગ્ર ભાગે ૪૫ લાખ યોજન લાંબો સ્ફટિક મય અષ્ટમીના ચન્દ્રના આકારે સિદ્ધશિલા



છે. આ ઉપરના ચિત્રમાં બતાવ્યા પ્રમાણે ૪૫ લાખ યોજન પ્રમાણે જ અઢીદ્વિપ છે. તે અઢીદ્વિપમાંથી જ મોક્ષે જાય છે. માટે સિદ્ધશિલા પણ ૪૫ લાખ યોજન પ્રમાણ વિસ્તારવાલી છે સર્વથા આઠે કર્મ ખપાવનાર આત્મા સીધો ઋજુગતિએ મોક્ષે જાય છે. અને લોકના અગ્રભાગે જઈને સ્થિર થઈ જાય છે કારણ કે ત્યાં સૂધી જ ધર્માસ્તિકાય અધર્માસ્તિમયનું અસ્તિત્વ છે. તેની આગળ નથી માટે જીવ ત્યાં સુધી જ જાય છે. તેની આગળ નથી જતો. એને જ "લોઅગ્ગમુવગયાણ" લોકના અગ્રભાગે ગયેલો જીવ. તે સિદ્ધાત્મા ત્યાં સૂધી જ લોક છે. તે પછી અલોક શરૂ થાય છે. સર્વથા ૮ કર્મથી મુક્ત અશરીરી, જન્મ–મરણની જંજાલ નથી. તેજ સાચુ મોક્ષ, જ્યાં ગયા પછી ગયા પછી પાછુ નથી આવવાનુ તે મોક્ષ, ભૌગોલિક દ્રષ્ટિએ મોક્ષનું સ્થાન લોકાગ્ર સિદ્ધશિલાના સ્થાને છે. મોક્ષ સમગ્ર લોકની ઉપરના સ્થાને છે. ત્યાં આત્મા સિદ્ધ-બુદ્ધ-મુક્ત–નિરંજન–નિરાકાર છે. "तदनन्तरमूर्ध्वं गच्छत्या लोकान्ताद्" સર્વ કર્મના ક્ષય પછી હળવો આત્મા ઊર્ધ્વગતિ કરતો ૧ જ સમયે ઋજુગતિએ સીધો ઉપર જાય છે. મૌક્ષનું ભૌગોલિક સ્વરૂપ જણાવતા સૂત્રમાં "આલોકાન્તાત્" શબ્દ વાપર્યો છે અર્થાત્ ઉપર જતો જતો આત્મા લોકના અન્ત સુધી જાય છે. જ્યાં લોકાકાશ પૂરો થઈ જાય છે અને પછી અલોક શરૂ થાય છે. અલોકમાં ગતિ સહાયક ધર્માસ્તિકાયાદિ તત્વો ન હોવાથી આત્મા તેથી વધુ ઉપર જતો નથી. ત્યાંજ લોકાન્તે જ રહી જાય છે. ત્યાં અઢીદ્વીપ જેટલા વિસ્તાર વાલી ૪૫ લાખ યોજન વિસ્તાર વાલી સિદ્ધિશિલા (ઈષત્પ્રાગ્ભારા) નામની પૃથ્વી છે. સિદ્ધાત્મા આ સિદ્ધશિલા ઉપર નથી બેસતા, તે તો આનાથી પણ ૩$\frac{૫}{૬}$ ગાઉ ઉપર છે. સિદ્ધાત્માનો ઉપરીભાગ લોકના અન્તિમ પ્રદેશે અડીને રહે છે. સિધ્ધશિલાનું પ્રમાણ અઢીદ્રીપ પ્રમાણ એટલા માટે કે આ અઢીદ્રીપમાં થીજ જીવો મોક્ષે જાય છે. ભૂતકાળમાં અનન્તા જીવો સિધ્ધ થયા છે. અને ભાવિમાં પણ અન્તા આત્માઓ સિદ્ધ થશે સર્વસિધ્ધાત્મા ત્યાં લોકાન્તે અવ્યાબાધ ગુણના આધારે સમાઈ જાય છે.

**લોકમાં-સુખ–દુખની હાનિ-વૃદ્ધિ—**

**उच्चैरुच्चैर्वर्तते सौख्यभूमि, र्नीचैर्दुःखवृद्धिःप्र कामम् ।**
**लोकस्याग्रे स्त्युत्कृटं सौख्यजातं, नीचैः प्रान्ते दुःखमत्यन्त–मुग्ररः ॥**

— આરોહણુ અને અવરોહણુ અર્થાત ઉપરથી નીચે ઉતરતા અને નીચેથી ઉપર ચઢવાના ક્રમે જો સંપૂર્ણ લોક ઉપર નજર નાંખી ચિન્તન કરીએ તો સુખ-દુઃખની વધઘટ બહુ મોટી દેખાય છે. લોકના નીચેના તળીએથી જોતા જોતા ઉપર ચઢીએ તો દેખાય છે કે સાતમી નરકમાં દુઃખ ની વેદના કેટલી ઘોર હોય છે ...તે પછી ૬, ૫, ૪, ૩, ૨, ૧, એમ ઉપર ચઢતા દુઃખ અને વેદના ઓછી થતી જાય છે..મનુષ્યલોકમાં નરકની અપેક્ષા દુઃખ બહુ ઓછુ, અને પછી દેવલોકમાં ચઢતા દુઃખ ઓછુ અને સુખ વધતુ જાય છે.. જેમ જેમ ઉપર ચઢીએ.. ઊપર ઊપર ના દેવલોકો માં સુખ ઘણુ.. અન્તે સર્વથી ઊપર સિદ્ધશિલા ઊપર મુક્તાત્માનું સુખ અનન્ત છે...... ઊલ્ટા ઊતરતા ક્રમે જો લોક જોઈએ તો સુખ..ઓછુ..થતુ જાય છે.. અને પછી દુઃખવધતુ જાય છે.. અને નરકમાં તો દુખ અનન્ત ગણી વેદના સ્વરૂપે દેખાય છે..લોકના અગ્રભાગે મોક્ષમાં ઉત્કૃષ્ટ માં ઉત્કૃષ્ટ અનન્ત સુખ, સહજ સુખ, સહજાનન્દ, સચ્ચિદાનન્દપણું છે. એની સામે સાતમી નરકમાં અને નિગોદ માં અનન્ત દુઃખ .. ઉત્કૃષ્ટ દુઃખ.

## આવા વિરાટ લોકોનો કર્તા-હર્તા કોણ ?......

—અત્યારસુધી આપણે આખા વિરાટ લોકનો વિચાર કર્યો. અને તેમાંપણુ સ્વર્ગ, નર્ક, અને પાતાલનો વિચાર કર્યો, જીવો અનન્તા, અજીવતત્વમાં ધર્માસ્તિકાય-અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય વગેરે જોયા. અને અનન્ત પુદ્ગલ પદાર્થો પણ આ લોક છે.. આ સંપૂર્ણ વિરાટ બ્રહ્માણ્ડસ્વરૂપ લોકનું આવુ સ્વરૂપ જોતા એક વિચાર જરૂર મનમાં આવે છે, એક પ્રશ્ન મનમાં ઉદ્ભવે છે કે આ વિરાટવિશ્વ બનાવનાર કોણુ ? એને ચલાવનાર કોણુ ? કોઈક તો ઈશ્વર નામવલી મોટી શકિત તો જરૂર હશે ને ? નહીતંર આ વિશ્વ બને કેવી રીતે ? એ ચાલે કેવી રીતે ? વગેરે ઘણાં વિચારો ઉદ્ભવે. અને એથી ઘણાં દર્શનકારોએ અને જગતના મોટા ભાગના ધર્મોએ આ પ્રશ્નોના ઉત્તર રૂપે આવી કર્તૃત્વ શકિત ને "ઈશ્વર" તરીકે માની છે.

વેદ વેદાન્તી ઈશ્વર જગતનો કર્તા-હર્તા છે. બ્રહ્મા સૃષ્ટિના કર્તા છે તેમાં પણ મુખ્ય કારણ બ્રહ્માના મનમાં થયેલી ઈચ્છા જગતની જનક કારણ છે. પછી તેજ બ્રહ્મા પોતે રચેલી સૃષ્ટિના પાલન માટે વિષ્ણુનું રૂપ ધારણ કરે છે અને એક દિવસ સંહારક શંકર નું રૂપ ધારણ કરીને સૃષ્ટિનો સંહાર પ્રલય કરી નાંખે છે. ત્યાર પછી ફરી બ્રહ્મા ને એક દિવસ ઈચ્છા થાય છે– " **एकोऽहं बहुस्यां प्रजायेय** " હું એક છું બહુરૂપી બનું. અને આ ઈચ્છાથી ફરીથી બ્રહ્મા સૃષ્ટિ નિર્માણ કરે છે. આવી વેદ વેદાન્તીઓની હિન્દુધર્મની માન્યતા છે. મનુસ્મૃતિમાં બતાવી છે. અને સાંખ્ય મતવાદિ–" માયા " ને સૃષ્ટિ-કારક તત્વ માને છે. ઈસ્લામ ધર્મે કુરાનમાં " અલ્લાને " જગતનો કર્તા માન્યો છે. ક્રિશ્ચયનોએ બાયબલમાં સર્વોપરિ સત્તા God ને જગતનો કર્તા કહ્યો છે. જગત્‌કર્તૃત્વવાદી ધર્મો અને દર્શનો ઘણાં છે.

એક માત્ર જૈન દર્શન આ વિરાટ વિશ્વબ્રહ્માણ્ડ, સંપૂર્ણ લોક. અલોકનો કર્તા-હર્તા કે ધર્તા ઈશ્વર ને નથી માનતો. નથી કોઈ "માયા" કે નથી કોઈ બ્રહ્મા કે વિરાટપુરૂષ" કે જે આ સંસારની રચના કરતો હોય? નથી કોઈ સૃષ્ટિ નિર્માણ કરતો કે નથી કોઈ પ્રલય કે સંહાર કરતો માટે જૈન દર્શન ને " નિરીસ્વરવાદી દર્શન " કહે છે. જૈનો નિરીસ્વર વાદી છે. ઈશ્વર ને નથી માનતા વાત બરોબર છે સાચી છે. પરંતુ જૈનો ઈશ્વરને માને છે પણ કેવો માને છે? તે જુઓ જૈનો ઈશ્વરને જગતનો સૃષ્ટિનો કર્તા કે વિનાશ કર્તા નથી માનતા ઈશ્વર ને શુદ્ધાત્મ, પરમાત્મા, સિદ્ધ, બુદ્ધ, મુક્ત, સર્વજ્ઞ માને છે. તે એક નથી અનેક છે. જૈનો અનેકે શ્વરવાદી દર્શન છે. એકેશ્વરવાદી નથી. જૈન ઈશ્વર કર્તૃત્વવાદી દર્શન નથી અને મુક્ત ઈશ્વર ( પરમેશ્વર પરમેષ્ઠિ ફરી ફરી અવતાર નથી લેતા માટે જૈન દર્શન અવતારવાદ પણ નથી માનતો હેમચન્દ્રાચાર્ય કહે છે.

**कर्तास्तिकश्चिद् जगतः स चैकः स सर्वगः स स्ववशः स नित्यः ।**
**इमाकुहेवाक् विडम्बना स्युस्तेषां न येषामनुशासकस्त्वम् ॥**

આ જગતનો કોઈ કર્તા છે, તે એક છે, તે સર્વ વ્યાપી છે, તે સ્વવશ અને નિત્ય છે. હે જિનેશ્વર! આવી કુતર્ક ભરી વિડમ્બના તો તેમને જ છે જેનો તું અનુશાસક નથી. અર્થાત્ જે તને નથી માનતા તેઓ જ આવી કુતર્કણા માને છે. પણ તને માનનારો આ જગતનો કર્તા હર્તા કોઈને પણ ન જ માને.

नायं लोको निर्मितः केनचिन्नो, कोऽप्यास्ति त्रायको नाशको वा ।
नित्योऽनादिः सम्भृतोऽजीवजीवैर् वृद्धिह्रासौ पर्ययानाश्रयेते ॥

નથી તો આ લોકનો કોઈ કર્તા કે નથી આ લોકનો કોઈ રક્ષક કે સંહાર કરનાર નાશક કારણ કે સમસ્ત લોક નિત્ય છે. અનાદિ છે. અને જીવ-અજીવથી ભરેલો છે અને સ્વાભાવિકપણે હાનિ-વૃદ્ધિ અને ઉત્પાદ-વ્યયથી સંસાર ચાલ્યા જ કરે છે, પરંતુ પ્રકૃતિ માયા, કે ઈશ્વર કે બ્રહ્મા, વિષ્ણુ, શંકર, વગેરે કોઈ ને પણ સૃષ્ટિના કર્તા હર્તા વગેરે માનવાની કોઈ જ જરૂર રહેતી નથી. કારણ કે ઈશ્વરાદિને સૃષ્ટિની રચના કરવાનો કોઈ પ્રયોજન કે કારણ જ નથી રહેતું. લીલામાત્રથી, ક્રીડા માત્રથી કે ઈચ્છા માત્રથી અથવા તો સહજ સ્વભાવ જ બ્રહ્માનો સૃષ્ટિ રચવાનો છે આવી માન્યતા પાછળ પણ કોઈ યુક્તિ યુક્ત કારણ જ નથી. અને જો કર્તા માનીએ તો તેને શું શું બનાવ્યું ? આકાશ બનાવ્યું ? તો જે જે નિર્મિત હોય તે તે અનાદિ-અનંત ન હોય. અને અનાદિ અનંત માનીએ તો નિર્મિત ન મનાય. પછી બ્રહ્મા શરીરીકે અશરીરી ? અશરીરી હોય તો સૃષ્ટિ કેવી રીતે બનાવી ? અને શરીરી માનો તો સંસારી-રાગી-દ્વેષી સિદ્ધ થશે. તો તો પછી કુંભાર અને વણકર જેવી સિદ્ધિ થશે.

અને પ્રકૃતિ માયા તો જડ છે. અચેતન નિષ્ક્રિય છે. એટલે તેમાં પણ કર્તા પણું સંભવે નહીં. લીલા, ક્રીડા અને ઈચ્છા વગેરે તો

સંસારીને હોય. સિદ્ધ-બુદ્ધ-મુક્તને ન હોય. અને જો એમ કહો કે ના ના બ્રહ્માએ તો કૃપા અનુગ્રહના ભાવથી સૃષ્ટિ બનાવી. તો તો પછી એક સરખી કૃપા બધા ઉપર હોવી જોઈએ બધા જ સુખી હોવા જોઈએ. કોઈ ને દુઃખી શા માટે બનાવ્યા ? જો કર્મ માનશો તો બ્રહ્માનું કર્તૃત્વપણું નિરર્થક થઈ જશે એક રાજા એક રંક એક સુખી એક દુઃખી વગેરે અનેક રીત સૃષ્ટિ તો વિષમ સિદ્ધ થાય છે. સંસારમાં વિષમતા, વિવિધતા, અને વિચિત્રતા ભરેલી છે. અને આવી સૃષ્ટિ બ્રહ્મા દ્વારા નિર્મિત માનવામાં બ્રહ્મામાં દોષ આવશે. એજ પ્રમાણે "શેષનાગ" વગેરે કોઈથી પણ આ લોક ધારણ કરાતો નથી નથી કોઈ શેષનાગ, નથી કોઈ કૂર્મ કે નથી કોઈ વરાહ જગત સ્વયં પ્રતિષ્ઠિત છે. સ્વયં સ્થિત છે આ વિષયમાં શ્રી ભગવતી સૂત્રમાં સ્પષ્ટ કહ્યું છે કે

**कालओण लोए न कयाइं न आसी, न कयाइं न कयाइं न भविस्सइ । भविंसु य भवइ य भविस्सइय । धुवे, णिइए, सासए, अक्खाए, अव्वए, अवट्ठिए, णिच्चे । णात्थि पुण से अंते ॥** ( ભગવતી સૂત્ર શી ૨ ઉ.૧ )

કાળની દષ્ટિએ વિચાર કરતા જણાય છે આ લોક ભૂતકાળમાં નહોતો એમ નથી, વર્તમાનકાળમાં નથી એમ પણ ન કહેવાય, ભવિષ્યકાળમાં આલોક નહી હોય એમ પણ નહીં કહેવાય અર્થાત્ હતો છે અને રહેશે એમ લોક પણ ત્રણે કાળમાં રહેનાર શાશ્વતો છે. ધ્રુવ=નિત્ય છે, નિયત છે, અક્ષિણ છે, અવ્યય અવિનાશી, અવસ્થિત છે માટે જ લોકનો ક્યારેય અંત નથી.

**धृतः कृतो नकेनापि स्वयंसिद्धो निराश्रयः ।**
**निरालंब शाश्वतश्च विहायसि परं स्थितः ॥**

આ લોકને નથી તો કોઈએ ધારી રાખ્યો કે નથી એને કોઈએ બનાવ્યો, એ સ્વયંસિદ્ધ શાશ્વત છે અને નિરાશ્રય આશ્રયવિના પણ

સ્થિર છે. નિરાલમ્બ છે કોઈના આલંબન વિના પણ સ્થિર છે. આકાશમાં અધ્ધર છે. એમ ક્ષેત્રલોકપ્રકાશમાં સ્પષ્ટ જણાવવામાં આવ્યું છે.

## ત્રિગુણાત્મક લોકસ્થિતિ :

**उत्पत्तिविलय ध्रौव्यगुणषड्द्रव्यपूरितः ।**
**मौलिस्थासिद्धमुदितो नृत्यायेवाततक्रमः ॥**

ઉત્પત્તિ-સ્થિતિ અને લય રૂપ આ લોક ત્રિગુણાત્મક સ્થિતિ છે. પદાર્થનું ઉત્પન્ન થવું, અને નષ્ટ થવું એ સ્વભાવ છે અને તે પોતાના મૂળભૂત દ્રાવ્યમાં તો પાછો અનાદિ-અનન્તકાળ સુધી સ્થિર રહે છે. દ્રવ્ય-ગુણ-પર્યાય આ રીતે પદાર્થને ત્રણ સ્વરૂપે વર્ણવવામાં આવ્યો છે. દ્રવ્ય એ ગુણનો સમૂહ છે. "**गुणपर्यायवद् द्रव्य**" દ્રવ્યનું લક્ષણ કરતા ઉમાસ્વાતિજીએ તત્વાર્થમાં ગુણ અને પર્યાય વાળો દ્રવ્ય કહ્યો છે. ગુણો અને પર્યાય ક્યારેય દ્રવ્ય વિના નથી રહેતા. દ્રવ્યને આશ્રયિને જ રહે છે. અને દ્રવ્ય પણ ગુણ-પર્યાયવાલોજ છે, આને સર્વજ્ઞ-સર્વદ્રષ્ટા પ્રભુએ ત્રિપદીરૂપે જણાવતા કહ્યું છે કે પર્યાયો ઉત્પન્ન અને નષ્ટ થઈ જાય છે. એક એક દ્રવ્યની અનન્ત-અનન્ત પર્યાયો બદલાતી જાય છે. અને જડમાં ગુણોનું પણ પરિવર્તન થતું રહે છે. આ પરિવર્તન દ્રવ્યના ગુણ-પર્યાયમાં થાય છે. કેરી ખાટી હતી તે મીઠી બની, લીલી હતી તે લાલ બની પરિવર્તનો ઉત્પાદ અને વ્યય=વિનાશરૂપે થાય છે. સોનાના સેંકડો દાગીના બન્યા. બંગડી ઓગાળી વીંટી બનાવી, વીંટી ઓગાળી હાર બનાવ્યો આ ઉત્પાદ અને વ્યય છે. એકની ઉત્પત્તિ અને બીજી પર્યાયનો વિનાશ પરન્તુ મૂળભૂત દ્રવ્ય સુવર્ણ તો એમનું એમ જ રહ્યું. દ્રવ્ય નષ્ટ થતું નથી તે ધ્રુવ છે. નિત્યછે.

આ સંપૂર્ણ લોક પંચાસ્તિકાય ષડ્દ્રવ્યોથી ભરેલો છે અને દ્રવ્યો ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યાત્મક છે માટે સંસારની પરિવર્તનશીલતા પદાર્થોની સ્થિતિ ઉપર આધાર રાખે છે અને પદાર્થોમાં ઉત્પાદ-વ્યય

સ્વાભાવિક છે બાળકનું મોટા થવું, યુવાન થવું, વૃધ્ધ થવું અને મૃત્યુ થવી સહજ રીતે સ્વાભાવિક રીતે ચાલ્યા કરે છે. તેમાં કોઈ કર્તા-હર્તા રૂપ શક્તિ માયા કે ઈશ્વરની આવશ્યકતા જ નથી.

## લોકસ્વરૂપ-ભાવના અને ધ્યાન :

દરિયા કાંઠે બેસીને દરીયો જોતા હોઈએ કે પાડોસીના ઘરમાં બેસીને એના ઘરનું નિરીક્ષણ કરીએ અથવા તો થિએટરમાં બેસીને સિનેમા કે નાટક જોતા હોઈએ એ જ રીતે આ સમસ્તલોકને જો જોવા બેસીએ તો સંપૂર્ણ લોક પણ સમુદ્રજેવો, નાટક જેવો દેખાશે. દરિયામાં જેમ મોઝા ઉછ્ળે છે. ભરતિ અને ઓટ આવે છે કોઈના ઘરમાં રાગ-દ્વેષ ચાલી રહયા છે, અને એ જ સ્વરૂપ નાટક-સિનેમાં માં છે. સિનેમાં માં ચિત્ર આવ્યું કયાંથી. સંસારમાં થતા રાગ-દ્વેષના પ્રસંગો નું જ ચિત્રપાડીને થીયેટરમાં લાવીને પરદા ઉપર બધાને બતાવવામાં આવે છે.

સિનેમાં કે નાટક તો નરી આંખે જોઈ શકાશે. પાડોસીનું ઘર કે સમુદ્રનો નરી આંખે જોઈ શકાશે પરન્તુ આ સંપૂર્ણ લોકતો નજરે દેખાય તેમ નથી. લોકનું સ્વરૂપ તો ભાવના અથવા ધ્યાન યોગમાં જ્ઞાનચક્ષુથીજ જોઇ શકાશે. આ લોકભાવનાથી જોતાં આવો વિરાટ-વિશાલ લોક કેવો નજરે દેખાશે ?—

અહો આ લોકમાં અનન્તા જીવો નિગોદ ના ગોળામાં સબડી રહયા છે. અરેરે ..કેવી ઘોર દુઃખદાયિ નરક છે. અને તે પણ સાત-નરકો, તેમાં પણ અસંખ્યાતા જીવો આ નરકોમાં કારમી ભયંકર વેદના ભોગવી રહયા છે. અરેરે... ! મરવાના વાંકે જીવી રહયા છે. આહા હા. તિર્યંચ ગતિમાં બેચારા પશું-પક્ષીના જીવો તો કેવી યાતના ભોગવી રહયા છે. આહારાદિની પાછળ સતત પ્રયત્નશીલ છે. અને મનુષ્યો પણ ધર્મ

ધ્યાન ભૂલી જઈને પાપ-માં-રાગ-દ્વેષમાં આસક્ત છે. કેવો છે આ સંસાર ? એક જન્મે છે અને એક મરે છે. એક પત્નીને બીજો પતિ. અરે ! પુત્ર મરીને પત્ની અને પત્ની મરીને દીકરી થાય છે. માં મરીને દીકરી અને દીકરો મરીને માં પણ થાય છે. આ લોક તો એક સ્ટેજ જેવો છે. જ્યાં નાટક જ ચાલે છે કોઇ કયો પાત્ર ભજવે છે. કોઇ કયો વેષ ભજવે છે. તેજ જોવાનું છે.

સ્વર્ગમાં દેવતાઓ-દેવાંગનાંઓ સુખ-મોજમાં આસક્ત છે, સમસ્ત લોકમાં સર્વત્ર રાગ-દ્વેષની જ પ્રવૃત્તિ ચાલી રહી છે. કોઈ વિરલો આત્મા આ રાગ-દ્વેષથી અલિપ્ત હશે સુખ-દુઃખ, કલેશ-કષાય-રાગ-દ્વેષ. જીવ-અજીવ-પુણ્ય-પાપ-ધર્માધર્મથી ભરેલો આ લોક એક નાટક જેવો છે. તમાશા જેવો છે, એક જન્મે છે અને બીજો મરે છે. દરિયામાં ભરતી અને ઓટના મોઝાઓની જેમ આલોકમાં (સંસારમાં) સતત સર્વત્ર જન્મ-મરણ ચાલી જ રહ્યા છે. ક્યાંક હર્ષ છે તો ક્યાંક શોક છે, આવા આ લોકમાં શું રહેવું ? ક્યાં રહેવું ? અરે ! લોકમાં તે રહેવા જેવુ છે જ નહીં. ગમે ત્યાં રહો ઉપર રહો તો નીચે પડશો અને નીચેના અધોલોકમાં હશો તો તિર્યંચ-મનુષ્યની ગતિ સુધીમાં તિર્ચ્છાલોકમાં આવવા મળશે પણ ક્યાંય નિરાંત તો છે જ નહીં. **ન જનમતા કે મરતા.** જો કોઈ શાશ્વત-અચલ ધામ હોય તો તે એક માત્ર લોકાગ્ર ભાગ છે, મોક્ષ છે, સિદ્ધશિલાનો ક્ષેત્ર છે.

હું સદાના માટે આ લોક-સંસાર છોડી દઉં અને લોકાગ્રે પહોંચી જાઉં તો કેટલું સારૂં ? અને તે માટે મારે ક્યાં જનમવું ? ક્યાં રહેવું ? જન્મ ક્યાં લેવું ? ધર્મ ક્યાં છે ? ધર્મ માટે કઈ ગતિ ? કઈ જાતિ ? કયો કાળ ? કઈ ભૂમિ કયા ક્ષેત્ર, કયો દેશ ? અનુકૂળ છે કે જ્યાંથી ધર્મારાધના કરીને કર્મ ખપાવી મોક્ષે જઈ શકાય તે માટે લોકસ્વરૂપનું જ્ઞાન હોવુ જરૂરી છે. અને એટલા જ માટે લોકસ્વરૂપની ભાવના ભાવવાનું ક

**સંસ્થાન વિચય ધ્યાન—**

- ધ્યાન
  - અશુભ
    - આર્ત-૪
    - રૌદ્ર-૪
  - શુભ
    - ધર્મ ધ્યાન-૪
      - આજ્ઞાવિ.
      - અપાયવિ.
      - વિપાકવિ.
      - સંસ્થાન વિચય
    - શુક્લ ધ્યાન-૪

**आज्ञाऽपाय-विपाकानां, संस्थानस्य च चिन्तनात् ।**
**इत्थं वा ध्येय भेदेन, धर्मध्यानं चतुर्विधम् ॥**

—યોગશાસ્ત્રના દશમા પ્રકાશમાં હેમચન્દ્રાચાર્ય ભગવંતે-ધર્મ ધ્યાનના ચાર પ્રકાર બતાવ્યા છે. (૧) આજ્ઞાવિચય, (૨) અપાયવિચય, (૩) વિપાકવિચય અને (૪) સંસ્થાનવિચય ધર્મધ્યાન. સંસ્થાન એટલે લોક સ્વરૂપ, લોકની આકૃતિ વિશેષ = આકાર. તેનું ચિન્તન–ધ્યાન તે સંસ્થાનવિચય ધ્યાન. અત્યાર સુધી જોઈ ગયા તે સમસ્ત લોકનું ચિન્તન આ ધ્યાનમાં કરવું અને આજ સ્વરૂપ "લોક ભાવના"માં પણ ચિન્તવવું. અન્તે લોકભાવના અને સંસ્થાન વિચય ધ્યાન બન્નેનો વિષય એક જ છે. અને તે છે લોક.

પ્રશ્ન—તો પછી પ્રશ્ન એ થાય છે કે ભાવના અને ધ્યાનમાં ફરક શું ? શું બન્ને એક છે ? શું ભાવનાના બદલે ધ્યાન કરી શકાય ? અથવા શું ધ્યાનના બદલે ભાવના ભાવી શકાય ?

ઉત્તર – ના બન્ને એક નથી. બન્નેનો વિષય એક છે એમ કહ્યું છે. ભાવના એ સંવરધર્મનો વિષય છે અને ધ્યાન એ નિર્જરાતત્ત્વ તપ-ધર્મનો વિષય છે. તેમાં પણ આભ્યંતર તપસ કામ નિર્જરામાં તેની ગણતરી છે. ભાવના ધ્યાનની જનક છે, જનેતા છે. ભાવના ધ્યાન માટે પિંડ તૈયાર કરી આપે છે. એટલે ધ્યાન માટેની પૂર્વ તૈયારી રૂપ છે.

પૂર્વભૂમિકા રૂપ ભાવના છે. અને તે ભાવના ચિન્તનાત્મક-વિચારાત્મક, અનુપ્રેક્ષા છે અને ત્યારપછી ધ્યાનની સાધના શરૂ થાય છે. ધ્યાન તે સ્થિર સ્વરૂપ છે. માટે એકના બદલે બીજો આચરવાનો નથી. પણ એકના માટે બીજાની જરૂરીયાત ચોક્કસ છે.

ભાવનાના બદલે ધ્યાન નહીં અને ધ્યાનના બદલે ભાવના ભાવવાની નથી, પરન્તુ ભાવનાના સ્થાને ભાવના અને ધ્યાનની જગ્યાએ ધ્યાન કરવું છે. ભાવના પ્રાથમિક પહેલુ પગથીયુ છે.

**લોક ભાવના કે ધ્યાનનું ફળ—**

**अनाद्यन्तस्य लोकस्य: स्थित्युत्पत्ति-व्ययात्मकः ।**
**आकृतिं चिन्तयेद् यत्र, संस्थान विचयः स तु ॥**

—આદિ-અને અંત વગરના અનાદિ-અનંત આ લોકની ઉત્પત્તિ વિનાશ અને ધ્રુવાત્મક શાશ્વત સ્થિતિ આકૃતિનો દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવથી લોકની કર્મભૂમિ, દ્વીપ-સમુદ્રો લોકા-લોક-સ્વર્ગ-નરક, ષડ્દ્રવ્ય જીવાજીવાદિનો વિચાર કરવો તે સંસ્થાન વિચય ધ્યાન કહેવાય તે ધ્યાન કરવાથી—

**नानाद्रव्यगतानन्त-पर्यायपरिवर्तनात् ।**
**सदासक्तं मनो नैव, रागाद्याकुलतां व्रजेत ॥**

લોકભાવનાના ચિન્તન પૂર્વક સંસ્થાન વિચયનું ધ્યાન કરવાથી સંપૂર્ણ લોક સમક્ષ રાખીને ધ્યાન કરવાથી લોકમાં રહેલા અનંતા પદાર્થો નજરસમક્ષ દેખાશે. તે સર્વ અનંત દ્રવ્યની પણ ઉત્પન્ન-વિનાશાત્મક પરિવર્તનશીલ અનંત પર્યાયો દ્રષ્ટિ સમક્ષ આવશે. તેથી ત્યાં મન સ્થિર થશે, એકાગ્રતા સધાશે મન-સમજી જશે કે આતો પદાર્થો ઉત્પન્ન થાય છે અને નષ્ટ થાય છે. માટે મારે હવે રાગદ્વેષ કરવાની કે રાખવાની કોઈ જરૂર નથી, મન કોઈ પદાર્થમાં આસકત નહીં રહે. અનાસકત પણું આવશે. તેથી વૈરાગ્ય આવશે. મન આ સંસારથી લોકથી વિરત્મ થશે, અને આત્મા આલોક-સંસાર છોડી-મોક્ષે જવાની ઈચ્છાવાલો મુમુક્ષુ બનશે. આ જ આ ભાવના કે ધ્યાનના ચિન્તનનું મહાન ફળ છે. તેની પ્રાપ્તિ થશે, જેનું ધ્યાન કે ચિન્તન કરીએ તેના જેવા થઈએ તો પદ પામીએ, માટે સમસ્ત લોક સંસાર

ઉપરથી મનને ફેરવી લઈ દૂર કરી લોકાગ્ર ભાગનું ચિન્તન પણ કરવું ભાવના ભાવવી જેથી તે પદની પ્રાપ્તિ થાય. આખરે લોકના અગ્ર ભાગે પહોંચવા આ લોક ભાવના ભાવવી. જેથી લોકાગ્ર પદ–મુકિતની પ્રાપ્તિ થાય, તે જ આ ભાવના ભાવવાનું ગૂઢ રહસ્ય છે, ભાગ્યશાલીઓ ! ખરેખર આ વિરાટ લોકમાં થતા સતત–જન્મ–મરણથી–જો તમે થાકી ગયા હો. ? કંટાળી ગયા હો તો અવશ્ય આ લોક ભાવના ભાવજો જેથી સદાના માટે જન્મ–મરણના ફેરાનો ચક્ર છૂટી જાય. જન્મ-મરણના ચક્રમાંથી છૂટીને અજર–અમર પદ પ્રાપ્ત કરીએ.

સર્વ જીવો આવુ અજર–અમર પદ પામો એજ શુભભાવના

શુભં ભવતુ


શુભેચ્છાસહ

**શ્રી વર્ધમાન સહકારી બેંક લિમિટેડ**

રજીસ્ટર નં. ૧૫૭૧૪

**હેડ ઓફીસ**
કોઠી પોળના નાકે રાવપુરા,
વડોદરા ફોન નં. ૫૪૬૯૨

**બ્રાંચ ઓફીસ**
એમ. જી. રોડ, વડોદરા.
ફોન નં. ૫૪૧૪૦

૧ બેંક ડીપોઝીટ ઈન્સ્યુરન્સ સ્કીમ હેઠળ આવરી લેવામાં આવી છે. જેથી બેંકમાં રોકેલાં નાણાં નિશ્ચિત અને સુરક્ષિત છે.
૨ ટ્રસ્ટના નાણાં સ્વીકારવા બેંક અધિકૃત છે.
૩ બેંક કલીયરીંગ હાઉસની મેમ્બરશીપ ધરાવે છે.

શ્રી હંસકુમાર ભોગીલાલ ઝવેરી પ્રમુખ
શ્રી ભાનુકુમાર ગીરધરલાલ શાહ ઉપપ્રમુખ
શ્રી પરશુરામ હિંમતલાલ શાહ સેક્રેટરી

મૈત્રી

ચાતુર્માસિક રવિવારીય શ્રીમહાવીર જૈન શિક્ષણ શિબિર

પ્રમોદ

આયોજક: શ્રી સમસ્ત વડોદરા શ્વેતામ્બર મૂ.પૂ.સંઘ

સંચાલક: શ્રી મહાવીર વિદ્યાર્થી કલ્યાણ કેન્દ્ર




માધ્યસ્થ

રવિવારીય સચિત્ર જાહેર વ્યાખ્યાનમાળા-વડોદરા

કારુણ્ય

# ભાવના ભવ નાશિની

પ્રવક્તા: પરમપૂજ્ય મુનિરાજશ્રી અરુણવિજયજી મહારાજ

| વિ. સં. ૨૦૩૯ આસો, સુદ ૧૦ | બારમું વ્યાખ્યાન-૧૨ | રવિવાર. ૧૬-૧૦-૧૯૮૩ દર |
|---|---|---|

## વિષય : "પરમ દુર્લભ સમ્યક્ત્વ રત્ન"

(અગ્યારમી- બોધિદુર્લભ ભાવના)

मानुष्यकर्मभूम्यार्यदेशकुलकल्पतायुरुपलब्धौ ।
श्रद्धा-कथक-श्रवणेषु सत्स्वपि सुदुर्लभा बोधि ॥

પ. પૂ. ચરમ તીર્થપતિ શ્રમણ પરમાત્મા શ્રીમહાવીર પ્રભુને નમસ્કારપૂર્વક...

વાચકમુખ્ય પૂર્વધર મહાત્મા શ્રી ઉમાસ્વાતિજી મહારાજ પ્રશમરતિ મહાગ્રન્થમાં ફરમાવે છે કે......મનુષ્ય જન્મ. કર્મભૂમિ, આર્યદેશ, આર્યકુલ નીરોગીપણું અને દીર્ઘ આયુષ્ય પ્રાપ્ત થવા છતા શ્રદ્ધા, સદ્ગુરૂનો યોગ અને શાસ્ત્રનું શ્રવણ કરવા છતા પણ "સમ્યકત્વ" ની પ્રાપ્તિ પરમ દુર્લભ છે.

દુર્લભ=દુ:ખે કરીને પણ મહા મુશ્કેલીએ પ્રાપ્ત થાય તે સુલભ=સુખે કરીને સરલતાથી સહજપણે મળે તે.

## આ જગતમાં સુલભ અને દુર્લભ શુ ?—

વર્તમાન કાળમાં લોકો એમ માને છે કે ધન, પૈસો અને સંપત્તિ બહુજ દુર્લભ છે. સત્તા, સંપત્તિ અને સુંદરી શું દુર્લભ છે ? ના. સંસારમાં જોઈએ છીએ કે સત્તા તો ઘણાને મળે છે. કદાચ કોઈના મનમાં એવી કલ્પના હશે કે વડાપ્રધાનનું પદ, રાષ્ટ્રપતિનું પદ વગેરે મોટા પદો તો દુર્લભ હશે ? ના એતો મળવું સુલભ છે. એટલુજ નહીં પરન્તુ વાસુદેવપણું, બળદેવપણું, પ્રતિવાસુદેવપણું, અને ચક્રવર્તિનું પદ, ઈન્દ્રનું પદ પણ શાસ્ત્રકારો દુર્લભ નથી જણાવતા. એ બધા પદો સુલભ છે. લાખો-કરોડો અને અબજોની સંપત્તિ પણ સુસાધ્ય છે. અને પુત્ર-પુત્રી પત્ની વગેરેની સાત પેઢી ની સંતાન સંપત્તિ પણ દુર્લભ નથી. સુલભ છે. એટલુજ નહીં કરોડો ની કિમતવાળો કોહીનૂર હીરો વગેરે હીરા મોતી પણ સુલભ છે. કથીર ને કંચન કરનારી પારસમણી પણ સુલભ છે. ચન્દ્રકાન્તમણી, સૂર્યમણી, નાગમણી વગેરે પણ અશકય કે અસંભવ નથી. એટલુજ નહીં પણ કદાચ "ચિન્તામણી રત્ન" કામધેનુ, કામઘટ, અને કલ્પવૃક્ષ પણ સુલભ છે તે તે કાળમાં કલ્પવૃક્ષાદિ સહજ પણે સર્વેને સુલભ હોય છે. બધાની બધી જાતની ઈચ્છા પૂરી કરે તે કલ્પવૃક્ષ, કામધેનુ અને કામઘટ પણ અસંભવ કે અશકય નથી. સુલભ છે. " સર્વ ચિન્તાઓને ચૂરનાર " સર્વ ઈચ્છાને પૂર્ણ કરનાર ચિન્તામણિ રત્ન પણ દુર્લભ નથી, અશકય અસંભવ નથી.

મળી શકે છે. ઈતિહાસ ના પાનાઓ ઉથલાવીએ ત્યારે જોવા મળે છે કે કેટલા કેટલાને ચિન્તામણિરત્ન વગેરે મળ્યુ હતુ. ચિન્તામણિ રત્નનું મળવુ અને મળ્યા પછી એનું ટકવુ એ બે માંથી કયુ સુલભ અને કયુ દુર્લભ ? જો કે બન્ને ભાગ્યાધીન છે. પુણ્યોદય ને આધીન છે. પુણ્યોદય ન હોય તો કદાચ હાથમાં આવેલુ પણ ચાલ્યુ જાય.

## હાથમાં આવેલુ ચિન્તામણી રત્ન ચાલ્યુ ગયુ—

એક દરિદ્ર બ્રાહ્મણે ઈષ્ટદેવની ઉપાસના કરી અને ચિન્તામણીરત્ન મેળવ્યુ. બહુજ ખુશ થયો. એના આનન્દનો પાર ન રહ્યો. બસ હવે તો હું ન્યાલ થઇ ગયો. હવે તો બધુજ દારિદ્રય ગયુ. હવે તો હું મહેલ બંધાવીશ સોનું ચાંદી હીરા મોતી વગેરે વસાવીશ વગેરે આનન્દના શેખચિલ્લીના વિચારો દોડવા માંડયા બ્રાહ્મણે લોભમાં ને લોભમાં એ ચિન્તામણી રત્ન ખીસામાં પણ ન મૂકયુ, ધોતીયાના છેડે પણન બાંધ્યુ અને હાથમાંજ રાખ્યુ. ખીસાનું કે ધોતીયાની ગાંઠનો પણ વિશ્વાસ ન રખાય. માટે હાથમાં જ રાખ્યુ અને વહાણમાં બેસી દરિયાપાર પોતાના ગામે જવા ઉપડયો

વહાણ મધદરિયે આવ્યુ. શરદ પૂર્ણિમાની રાત્રી હતી ચંદ્રની ચાંદની ના પ્રકાશમાં ચિન્તામણીરત્ન કેવો ચમકે છે ? તે જોવાનું આ બ્રાહ્મણનું મન થયુ. અને હાથ પસારીને ચિન્તામણી રત્ન જોયુ... જોતો જોતો મલકાતો જાય છે...આહા..હા...કેટલુ સુંદર......અને બસ વિચારોમાં ખોવાઈ ગયો ત્યાં તો દરિયામાં એક મોઝુ બહુ ઉંચુ આવ્યુ અને વહાણ ઉપર ઉછળ્યુ અને એક ઝટકામાં ચિન્તામણી રત્ન હાથમાંથી સરીને વહાણના કાંઠેથી બહાર દરિયામાં પડયુ. પાણીમાં સરી જતા વાર શું લાગે ? આંખના પલકારામાં "ચિન્તામણી રત્ન" દરિયાના તળીયે જતુ રહ્યુ એટલામાં તો પેલા બ્રાહ્મણની દશા કેવી થઈ હશે ? તે વિચાર કરી લો બધા મનોરથો પાણીમાં મળી ગયા. જેને દુર્લભ કહેતા હતા એ ચિન્તામણી રત્ન હાથમાં આવીને પણ હાથ તાળી દઈને ચાલ્યો ગયો.

આ ૮૪લાખ જીવયોનિના ચક્કરમાં મનુષ્ય જન્મનું પણ કંઈક એવું જ છે.

માટે આ જગતમાં સુલભ શું અને દુર્લભ શું છે તેનો વિચાર આજે આ ભાવનામાં કરવાનો છે. દુન્યવી સર્વ પદાર્થો. ભૌતિક અને પૌદગલિક પદાર્થો ભોગો અને પદો બધાજ સુલભ છે. કંઈજ દુર્લભ નથી. પરંતુ જે ભૌતિક અને પૌદગલિક ભાવો નથી આત્મિક અને આધ્યાત્મિક ભાવો છે તે ખરેખર મહાદુર્લભ છે. આત્મગુણોનો પ્રાદુર્ભાવ આત્માનો વિકાસ આત્માભિમુખપણું, આત્મિક સુખ સામ્રાજ્ય અને આત્મિક દર્શનાદિ ખરેખર મહાદુર્લભ છે. ચરમ તીર્થંપતિ અનન્ત ઉપકારી શ્રી વીરપ્રભુએ પોતાની અંતિમ દેશના રૂપ શ્રી ઉત્તરાધ્યયન સૂત્રમાં શ્રી ગૌતમ ગણધર સ્વામીને સમજાવતા જીવની નિગોદથી માંડીને મોક્ષ સુધીની જે ક્રમિક વિકાસયાત્રા જણાવી છે અને ઉત્તરોત્તર શું શું દુર્લભ છે તે જે જણાવ્યું છે તેનો આજે વિચાર પ્રસ્તુત વ્યાખ્યાનાવસરે કરવાનો છે

**જીવનું મૂળ અસ્તિત્ત્વ “ નિગોદ ”**

- વનસ્પતિકાય જીવ
  - સાધારણ વનસ્પતિ કાય
    - સૂક્ષ્મ સાધારણ
      - નિગોદ
    - બાદર સાધારણ
      - કાંદા, બટાકા, લસણ વગેરે
  - પ્રત્યેક વનસ્પતિ કાય

સાધારણ વનસ્પતિ કાય કહો કે અનન્ત કાય કહો બંને એક જ છે. અનંતક કાય શબ્દજ સ્પષ્ટ સૂચવે છે કે કાય એટલે શરીર ગોળાકાર એક શરીર હોય જેમાં અનન્તા જીવો ભેગા સાથે રહેતા હોય. અર્થાત ૧ શરીરમાં અનન્તાજીવો ભેગા રહે તે–અનન્તકાય. અને જે સૂક્ષ્મ સ્વરૂપે હોય. અર્થાત અદૃશ્ય હોય તે નિગોદરૂપે કહેવાય છે. અને સ્થૂલ (બાદર) હોય તે દષ્ટિગોચર કહેવાય. પણ બન્નેમાં જીવો તો અનન્તાજ

માત્ર શરીરનો આકાર નાનો કે મોટા હોય એટલુજ. સૂક્ષ્મ શરીર અર્થાત સૂક્ષ્મદર્શક યંત્રમાં પણ ન દેખાય એવો. તેતો કેવળીનેજ ગમ્ય હોય. એવા અસંખ્ય ગોળા આ સંપૂર્ણ ચૌદરાજ લોક માં ડબ્બીમાં મેષની જેમ ઠાંસી ઠાંસીને ભરેલા છે. અને એક એક ગોળામાં અનન્તા અનન્ત જીવો છે.




સાધારણનો અર્થ છે. common " General અનન્તા જીવો વચ્ચે શરીર Common છે. એકવાર જે શ્વાસ લે તે બધાને એક સરખો મળે. આહાર પણ બધાને એક સાથે વહેંચી લેવો, અને જનમવુ-મરવું પણ બધાને એક સાથે. માટે તે સાધારણ કહેવાય. વિજ્ઞાન ની Micro-Biology ની શાખા માટે Micro Organism ના ક્ષેત્રે પણ આ નિગોદજની જીવરાશી અણશોધાયેલી છે ? વિજ્ઞાને આ ક્ષેત્રે હજી વિચાર સુધ્ધાં પણ કર્યો નથી અને કોને ખબર બીજા લાખ વર્ષોમાં પણ વિજ્ઞાન આ વિષય ના વિચાર પણ કરી શકશે કે કેમ અથવા સ્વપ્નું પણ જોઈ શકશે કે કેમ ? તે વિચારણીય છે. અને આ સ્વરૂપ તો સર્વજ્ઞ કેવળ જ્ઞાનીઓનીજ મહાન દેન છે.

નિગોદ છત્રીસી "પ્રકરણ ગ્રન્થમાં આ જીવો અંગે અંગે વિસ્તૃત સ્વરૂપ જણાવતાં કહ્યુ છે કે – "આ નિગોદ" ના જીવો આપણાં એક આંખના પલકારા અથવા ૧ શ્વાસ જેટલા સમયમાં તો ૧૭$\frac{૧}{૨}$ વાર જન્મીને મરે છે.

## સૂક્ષ્મ સમયની વિચારણાં

પરમાણું જેમ પુદ્ગલની સૂક્ષ્મતમ અવિભાજ્ય ઈકાઈ છે. તેમ

કાળ તત્વની સૂક્ષ્મતમ ( Undivideable Unit of time ) ઈકાઈને "સમય" કહેવામાં આવે છે. ૧ સમય પણ પરમાણુની જેમ અવિભાજ્ય છે. આપણા એક વારના આંખના ઝળકારામાં (પલકારામાં) અસંખ્ય સમય વીતિ જાય છે. જાપાની વૈજ્ઞાનિકોએ આજે ૧ સેકન્ડનો ૧૦ હજારમો ભાગ ઈલેકટ્રોનિક પધ્ધતિમાં શોધ્યો છે. અને તેમને આશા છે કે ૧ સેકન્ડને લાખમો ભાગ પણ તેઓ પકડી પાડશે

દા.ત. ધારોકે હજાર પાનાની નોટબુકમાં મશીન વડે ઝડપથી પિન ભરાવી. તો કેટલો સમય લાગ્યો ? તમે કહેશો મશીનની ઝડપમાં તો ૧ સેકંડ જ લાગી. પરન્તુ પિનતો ક્રમશ: એક પાનામાંથી બીજા પાનામાં, અને આગળ વધતા વધતા ક્રમે ક્રમે હજારમાં પહોંચી તો સરવાળે વિચાર કરોકે હજાર પાનામાં જતા પિનને ૧ સેકંડ લાગી કે એક પાનાથી બીજા પાનામાં જતા ૧ સેકંડ લાગી ? જો હજાર પાનામાં જતા ૧ સેકંડ લાગી – આવો વ્યવહાર આપણે કરીએ છીએ તો ૧ પાનાથી બીજા પાનામાં જતા જે સમય લાગ્યો અર્થાત્ સેકંડના હજારમાં ભાગને પણ આપણે શોધી કાઢવો પડશે અને શોધી કાઢયો હોય તો એને નામ આપવું પડશે.

જૈન દર્શન શાસ્ત્રમાં એને "સમય" નામ આપવામાં આવ્યો છે. સમયથી સૂક્ષ્મ કોઈ ( Unit ) ઈકાઈ નથી. માટે "સમય" એ નિર્વિભાજ્ય છે. સૂક્ષ્મતમ છે. આવા અસંખ્ય સમયો પસાર થાય ત્યારે ૧ "આવલિકા" કહેવાય. આવલિકા એટલે સેકન્ડ નહિં, આવલિકાને સેકંડ કહેવાની મોટી ભૂલ કરવાનું મહાપાપ રખે કોઈ માથે લેશો.

## Superior Time theory in Jainism :

પ્રસંગોપાત જૈન દર્શનમાં આપેલી કાળ-ગણનાની સર્વોત્તમ પદ્ધતિનો વિચાર કરી લઈએ.

સમય – એ નિર્વિભાજ્ય સૂક્ષ્મતમ ઈકાઈ

અસંખ્ય સમય = ૧ આવલિકા

આવી ૨૫૬ આવલિકાનો ૧ નાનામાં નાનો નિગોદના જીવનો ભવ=આયુષ્ય. જેમ આપણું આયુષ્ય હોય છે. તેમ નિગોદમાં પણ ૧ જીવ જન્મે–જીવે અને મરે તેમાં ૨૫૬ આવલિકાનો ઓછામાં ઓછો સમય લાગે છે એથી નાનો ભવ કે આયુષ્ય જગતમાં બીજા કોઈ જીવનો નથી. તેથી નિગોદના નાનામાં નાના ભવને ક્ષુલ્લક ભવ કહેવામાં આવે છે.

આપણા ૧ શ્વાસોશ્વાસમાં—નિગોદના ૧૭½ ભવ થાય છે.

૧ શ્વાસોશ્વાસને ૧ પ્રાણ કહેવામાં આવે છે. એવા ૬૫૫૩૬ ક્ષુલ્લકભવ = ૧ મુહુર્ત

૧ મુહૂર્તમાં --૧૬૭૭૭૨૧૬ આવલિકા

૨૫૬ આવલિકા + ૬૫૫૩૬ ભવ = ૧૬૭૭૭૨૧૬ આવલિકા આટલી અવલિકા = ૧ મૂહૂર્ત

| | | |
|---|---|---|
| ૧૭½ ક્ષુલ્લક ભવ | = | ૧ શ્વાસોચ્છ્વાસ ( ૧ પ્રાણ ) |
| ૭ પ્રાણ | = | ૧ સ્તોક |
| ૭ સ્તોક | = | ૧ લવ |
| ૭૭ લવ | = | ૧ મુહૂર્ત ( ૨ ઘડી = ૪૮ મિનિટ ) |
| ૩૦ મુહૂર્ત | = | ૧ અહોરાત્રિ (રાત + દિવસ) ૬૦ ઘડી. |
| ૧૫ દિવસ | = | ૧ પક્ષ |
| ૨ પક્ષ | = | ૧ માસ ( મહિનો ) |
| ૨ માસ | = | ૧ ઋતુ |
| ૩ ઋતુ | = | ૧ આયન ( ૬ માસ ) |
| ૨ આયન | = | ૧ વર્ષ |
| ૫ વર્ષ | = | ૧ યુગ |
| ૧૦ વર્ષ | = | ૧ દશકો |

| | | |
|---|---|---|
| ૨૦ યુગ (૧૦ દશકા) | = | ૧ શતાબ્દી ૧૦૦ વર્ષ |
| ૧૦ શતાબ્દી | = | ૧ સહસ્રાબ્દી, ૧૦૦૦ વર્ષ |
| ૮૪૦૦ સહસ્રાબ્દી | = | ૧ પૂર્વાંગ ( ૮૪ લાખ વર્ષ ) |
| ૮૪ લાખ વર્ષ | = | ૧ પૂર્વાંગ |
| ૮૪ લાખ પૂર્વાંગ | = | ૧ પૂર્વ |
| ૧ પૂર્વ | = | ૭૦૫૬૦૦૦૦૦૦૦૦૦૦ વર્ષ |

એવા ૮૪ લાખ પૂર્વનું ઋષભદેવ ભગવંતનું આયુષ્ય હતું. ત્યારપછી શાસ્ત્રોમાં ૧૯૪ અંકની સંખ્યા જેને શીર્ષપ્રહેલિકા વગેરે કહેવાય છે. એવા ઘણાં અંકો વાળી ઘણી જાતની સંખ્યાના માપો શાસ્ત્રોમાં આપેલા છે. ત્યાર પછી અસંખ્યની સંખ્યા આવે છે, અર્થાત્ અસંખ્ય વર્ષ = ૧ પલ્યોપમ.

## પલ્યોપમ-સાગરોપમની માપ પદ્ધતિ—

એક દૃષ્ટાન્તથી ઉપમા આપીને પલ્યોપમની કાળગણના સમજાવતા કહ્યું છે કે—૧ યોજન લાંબો-ઉંડો અને પહોળો ખાડો ખોદીને તેમાં સાત દિવસના જન્મેલા યુગલિયા મનુષ્યના બાળકના માથા ઉપરના બધા વાળ લઈને-૧-૧ વાળના સાતવાર આઠવાર ટૂકડા કરીને તે કૂવામાં ઠાંસી ઠાંસીને ભરવા. અને એવા ઠાંસી-દબાવીને ભરવા કે એ કૂવા ઉપરથી ચક્રવર્તીનું કરોડોનું સૈન્ય પસાર થઈ જાય તો પણ ખ્યાલ ન આવે કે અહીં કૂવો છે અને પછી દર ૧૦૦ સો સો વર્ષે ૧-૧ વાળનો ટુકડો કાઢવો. એમ કરતા એક ૧ યોજનનો ખાડો સંપૂર્ણ ખાલી થઈ જતાં જેટલા વર્ષો થાય તેને ૧ બાદર અદ્ધા પલ્યોપમ કહેવાય અને એક એક વાળના અસંખ્ય ટૂકડા કરીને ભરીએ અને તે ઝીણાં ઝીણાં ૧-૧ વાળના ટૂકડાને ૧૦૦ સો-સો વર્ષે કાઢતાં જેટલો કાળ પસાર થાય તે સૂક્ષ્મ અદ્ધા પલ્યોપમ કહેવાય. એવા

૧૦ કોડાકોડી ( કરોડ × કરોડ ) પલ્યોપમ = ૧ સાગરોપમ
૧૦ કોડાકોડી સાગરોપમ = ૧–ઉત્સર્પિણી
,, ,, ,, = ૧ અવસર્પિણી
૧–ઉત્સર્પિણી + ૧ અવસર્પિણી = ૨૦ કોડાકોડી સાગરોપમ
૨૦ કોડાકોડી સાગરોપમને ૧ કાળચક્ર કહેવામાં આવે છે.




આ પ્રમાણે ચિત્રમાં બતાવ્યા પ્રમાણે સર્પાકારે ઉત્સર્પિણી અને અવસર્પિણી બન્ને ૧૦ કોડાકોડી સાગરોપમ પ્રમાણ છે. તેમાં બન્નેમાં ૬–૬ આરા છે. તેમાંના ૩-૪ આરામાં ચોવીસ તીર્થંકરો થાય છે. અત્યારે આપણે અવસર્પિણી કાળના પાંચમાં આરામાં જીવીએ છીએ. પાંચમો આરો ૨૧૦૦૦ વર્ષનો છે તેમાંના ૨૫૦૯ વર્ષ વીતી ગયા છે. આ ૨૫૦૯ને વીર સંવત કહેવામાં આવે છે. અર્થાત્ મહાવીર સ્વામી ને નિર્વાણ પામે ૨૫૦૯ વર્ષ વીતી ગયા છે.

उस्सप्पिणी अणंता पुग्गलपरियट्टओ मुणेयव्वो ।
तेऽणंताऽतीअद्धा, अणागयद्धा अणंतगुणाः ॥

અનંત ઉત્સર્પિણીઓ અને અનંત અવસર્પિણીઓનો એક પુદગલપરાવર્ત કાળ થાય છે.

અનંતા કાળ ચક્ર = ૧ પુદગલ પરાવર્તકાળ. ભૂતકાળમાં આવા અનંતા પુદગલ પરાવર્તો વીતી ગયા છે. અને ભવિષ્યમાં તેથી પણ અનંતગુણાં વધારે પુદગલ પરાર્તકાળ વીતવાના છે.

તીર્થંકર પરમાત્માને આપણા ભૂતકાળના ભવો માટે પૂછીને કેટલો કાળ વીત્યો એમ જો જાણવા માંગતા હો તો સર્વજ્ઞ પ્રભુ પ્રત્યુત્તરમાં અનંતા કાળચક્રો વીત્યા એ શબ્દ નહીં વાપરે પણ અનંત પુદગલ પરાવર્ત કાળ વીત્યો અને અનંત પુદગલ પરાવર્ત કાળ નિગોદમાં વીત્યો તે પછીના અનંત પુદગલ પરાવર્ત કાળ નિગોદમાંથી બાહર ફરતા વીત્યા. કલ્પના કરો જ્યાં બેઘડીના ૧ મુહુર્તમાં ૬૫૫૩૬ ભવો જીવે નિગોદમાં કર્યા તો પછી અનંત પુદગલ પરાવર્તકાળમાં જીવે નિગોદમાં કેટલા ભવો કર્યા? તો પણ ઉત્તર અનંતના શબ્દોમાં જ આવશે. કારણ એના માટે વાચ્ય બીજો શબ્દ જ નથી.

## નિગોદમાં ૨ રાશીના જીવો

| વ્યવહારરાશી નિગોદ | અવ્યવહાર રાશી |
|---|---|

અનંત કાળ વીત્યા છતા જે જીવ હજી સુધી પણ નિગોદમાંથી બાહર નીકળ્યો જ નથી અને ૮૪ના ચક્કરના વ્યવહારમાં આવ્યો જ નથી તેને અવ્યવહારરાશી જીવ કહ્યો. એવા અનન્તા જીવો નિગોદના અસંખ્ય ગોળામાં પડયા છે હજી સુધી ૧ ગોળો પણ ખાલી થયો નથી

તો બધા ગોળા ખાલી થવાની વાત તો ક્યાં રહી. નવતત્ત્વના અન્તે કહેવામાં આવ્યું છે કે—

> જઈ આઈ હોઈ પુચ્છા, જિણાણ મગ્ગમ્મિ ઉત્તરં તઈઆ ।
> ઈક્કસ્સ નિગોયસ્સ, અણંતભાગો અ સિધ્ધિગઓ ॥

જ્યારે પણ એ પ્રશ્ન કરો કે કેટલા જીવો મોક્ષે ગયા છે ત્યારે એક જ ઉત્તર જૈન શાસનમાં મળે કે અત્યારસુધી એક નિગોદનો પણ અનન્તમો ભાગ જ મોક્ષે ગયો છે.

હવે કલ્પના કરો કે ક્યારેય પણ શું એક દિવસ એવો આવશે કે જ્યારે સંપૂર્ણ નિગોદ ખાલી થઈ જશે ? શું ક્યારેક મોક્ષ ભરાઈ જશે ? ના અસંભવ છે અશક્ય છે. નિગોદ ક્યારેય ખાલી થવાનો જ નથી સંસાર ખાલી થવાનો જ નથી અને મોક્ષ ક્યારેય પૂરો થવાનો જ નથી. બંધ પણ થવાનો જ નથી.

વ્યવહારરાશી—જે જીવ નિગોદમાંથી બહાર નિકળીને ૮૪ના ચક્કર ફરીને પાછો નીગોદમાં આવ્યો હોય તે જીવને વ્યવહારરાશી નીગોદનો જીવ કહેવાય છે.

## નિગોદમાંથી જીવ બહાર નિકળ્યો કેવી રીતે ?

આ જગતમાં ચાલતી એક શાશ્વત નિયમ પધ્ધતિ ( cosmic order ) જણાવતા કહ્યું છે કે—જ્યારે આ સંસારમાંથી ૧ જીવ મોક્ષે જાય છે ત્યારે ૧ જીવ નિગોદમાંથી બાહર નિકળે છે. જે જીવનું ભવ્યત્વપણું પરિપકવ થયું હોય તે જીવ તે વખતે નિગોદમાંથી બાહર નિકળે છે. માટે જ સિધ્ધ પરમાત્માનો આપણા ઉપર અનન્ત–અનન્ત ઉપકાર છે. ચોક્કસ આપણા વખતે પણ કોઈક આત્મા મોક્ષે ગયો ત્યારે જ આપણે નીગોદમાંથી બહાર નિકળ્યા. નહીંતર ક્યાંથી નિકળત. માટે સિધ્ધાત્મા જે માતા સમાન જન્મદાતા ગણાયા. માટે તેમનો ઉપકાર

તો ખરેખર અગણિત કહેવાય, માટે નવકારમાં "નમો સિધ્ધાણં" પદથી સિધ્ધપરમાત્માને પણ નમસ્કાર કરવામાં આવ્યા છે

### ગતિચક્રમાં આત્માનો વિકાસક્રમ—

કોઈ આત્માના મોક્ષે જવાથી એક જીવનો નિગોદમાંથી બાહર નિકળવાનો ચાન્સ લાગ્યો. અને તે નિકળ્યો, અને પોતાની વિકાસ યાત્રા પ્રારંભ કરી સૂક્ષ્મ નિગોદમાંથી જીવ બાદર નિગોદમાં આવ્યો. કાંદા–બટાકા, લસણ, ડુંગરી, ગાજર, શકરકંદ, મૂળા, ફણગાવેલા મગ–ચણાં વગેરેમાં ક્રમશઃ ઉત્પન્ન થયો. આ પણ એ જ શરીર છે. એ નિગોદ છે, ફક્ત ફરક એટલો કે આ બાદર–સ્થૂલ આકાર છે, જે નરી આંખે દેખાતા હોય એવા છે. અને આવા અનન્તકાયના પદાર્થોનું ભક્ષણ કરવુ અર્થાત એક એક શરીરે અનન્તા જીવોની ઘોર હિંસા આપણે કરીએ છીએ મારી ન છીએ, અને આટલા જીવોને મારવાના ઘોર પાપથી બચવા માટે જ તીર્થંકર ભગવંતો એ એનો ત્યાગ કરવાનું કહ્યું છે. અને આટલા મોટા પ્રમાણમાં અનન્તા જીવોની હિંસાદિ કરવાના પરિણામો જીવો નરકાદિ ગતિમાં તો પડે પડે. પણ ફરીને પાછો નિગોદમાં પણ ચાલ્યો જાય છે, માટે ભક્ષકે ભક્ષ્યનું ભક્ષણ કરવું. અભક્ષ્યનું ભક્ષણ કદાપિ ન કરવું.

હવે જીવ અહીંથી મરીને સાધારણમાંથી પ્રત્યેક વનસ્સપતિકાયમાં આવે છે, ત્યાં નિગોદની અપેક્ષાએ જોઈએ તો ઘણું સુખ છે, કારણ એક શરીરમાં એકલાને જ રહેવા મળે છે.

આપણે પગથીયા ચઢીએ ત્યારે કેવી રીતે ચઢીએ છીએ ? ક્રમે–ક્રમે એક પછી બીજો...બીજા પછી ત્રીજો અથવા બબ્બે સાથે પણ ચઢી શકાય. પરંતુ એક પગથીયુ આગળ ચઢીને પાછા બે પગથીયા પાછળ ઉતરીએ તો સરવાળે કેટલું ચઢયા કે ઉતર્યા કહેવાશે ?

અથવા તો એક પગ આગળ બીજો પાછળ અને ફરી પાછળવાલો

આગળ અને આગળવાળો પાછળ આ ક્રમે જો ચાલીયે કે અઢીએ તો પણ જ્યાં હતા ત્યાંને ત્યાં જ સેકંડો વર્ષોએ પણ કદાચ આપણે શિખર નહીં ચઢી શકીએ. વિકાસની યાત્રામાં જીવ બહુ જ ધીમે-ધીમે પાછળ પડતો પડતો આગળ ચઢયો માટે જ સરવાળે જીવ અનન્તા વર્ષે પણ હજી સૂધી મોક્ષે નથી જઈ શકયો.

એક જાતિ પછી તુરંત બીજી જાતિમાં જીવ ગયો હોત, અથવા એક ઈન્દ્રિમાં જન્મ લીધો હોત, અથવા એક ગતિ પછી જીવ સીધો બીજી ગતિમાં ગયો હોય તો તો બહુ જલ્દી એની ભવપરંપરાનો અંત આવી ગયો હોત મરૂદેવા માતાનો જીવ તો ખરેખર કોઈ વીરલાત્મા જ હતો. કે જેને નિગોદમાંથી નિકળી કેળનો એક જ ભવ કરી સીધા મનુષ્ય ભવમાં આવ્યા અને તુરંત મોક્ષે ચાલ્યા ગયા. માટે એ તો અસંખ્યાતે અનન્તે કોઈ એક વિરલ જીવ હતો. પરન્તુ આપણે તો જે રીતે આ ભવ પરંપરામાં આગળ વધી રહ્યા છીએ તે તો કેટલી અત્યન્ત ધીમી ગતિએ પાછળ પડતા પડતા, અને ઉભા રહેતા રહેતા ચાલીએ છીએ તેનો ખ્યાલ આપણને "સ્વ-કાયસ્થિતિ" નો વિચાર કરતા જ આવશે. કલ્પના કરો કે એક કલાકે ૧ સેન્ટીમીટર જ ચાલનારી ગાડી કયારે દિલ્હી પહોંચે ? કેટલા દિવસ લાગે ? અને કયાં ચાર-આઠ કલાકે મુંબઈથી દિલ્લી પહોંચનાર વિમાન. ગતિ અને ઝડપમાં કેટલો ફરક છે ? આપણે કઈ ગતિએ ચાલવુ. જોઈએ તેનો આપણે વિચાર કરીએ.

## સ્વકાય-સ્થિતિ દ્વાર :

—આપણે હમણા ગણધરવાદ સાંભળ્યુ છે. બીજા ગણધર શ્રી અગ્નિભૂતિને એવી શંકા હતી કે તે તે જીવ તે તે ભવમાંથી મરીને પાછો તે તે ભવ જ ધારણ કરે છે. અર્થાત્ મનુષ્ય મરીને પાછો મનુષ્ય, ગાય મરીને પાછી ગાય, જ થાય. એવી અગ્નિભૂતિની મિથ્યાવસ્થામાં માન્યતા હતી. પરન્તુ તે યોગ્ય નહોતી. શ્રી વીરપરમાત્માએ અગ્નિભૂતિને સમજાવીને તેની શંકાનું નિરસન કરી એકાન્તે એવી માન્યતા રાખવાનો આગ્રહ દૂર કર્યો.

એવો એકાન્તે નિયમ નથી કે તે તે જીવ મરીને પાછો તે જ જન્મ ધારણ કરે. પરન્તુ ઘણી વાર જીવો સ્વ-કાયમાં જ પાછા જન્મે છે. સ્વ-ગતિમાં જન્મે છે સ્વ-જાતિમાંજ જન્મે છે. દા. ત. આપકાયના (પાણીના) જીવો મરીને ફરીથી પાણી રૂપેજ જન્મે, વનસ્પતિકાયના જીવો મરીને ફરી વનસ્પતિ તરીકે જ જન્મે તેને "સ્વકાય સ્થિતિ" તરીકે પાંચ દ્વારમાં ત્રીજા દ્વાર રૂપે વર્ણવવામાં આવ્યો છે. આ રીતે સ્વકાયસ્થિતિમાં જીવો ફરી ફરી જન્મે તેમાં ઘણો લાંબો કાળ વીતી જાય. અને જીવના અનેક ભવો થઈ જાય છતા જીવ તેમાંથી બહાર જ ન નિકળી શકે તો આગળ વિકાસની તો વાત જ કયાં રહી?

આ સ્વરૂપ પ્રભુએ અંતિમ દેશનામાં જણાવ્યુ છે તે અંગે શ્રી ઉત્તરાધ્યયન સૂત્રમાં કહ્યુ છે કે—

**पुढवीक्कायमइगओ, उक्कोसं जीवो उ संवसे ।**
**कालं संखाईअं, समयं गोयम ! मा पमायए ॥**

પૃથ્વીકાય, અપકાય, અગ્નિકાય, અને વાયુકાયમાં ગયેલા જીવો વધુમાં વધુ ફરી ફરીને સ્વકાયામાં ઉત્પન્ન થતા જાય તો ઉત્કૃષ્ટથી અસંખ્યાત ઉત્સર્પિણી-અવસર્પિણી કાળ સૂધી થતાજ રહે. પરન્તુ પોતાની કાયા પૃથ્વીકાય વગેરેને છોડીને બહાર ન જન્મે. માટે પૃથ્વીકાયાદિ આ ચારેની આટલી ઉત્કૃષ્ટ સ્વકાય-સ્થિતિ છે. માટે હે ગૌતમ ! એક સમયનો પણ પ્રમાદ કરીશ નહીં.

**वणस्सइकायमइगओ, उक्कोसं जीवो उ संवसे ।**
**कालमणंतं दुरंतं, समयं गोयम ! मा पमायए ॥**

—વનસ્પતિ કાયમાં પણ સાધારણ (અનન્તકાય) વનસ્પતિમાં ગયેલા જીવો અનન્ત ઉત્સર્પિણી અને અવસર્પિણી રૂપ અનન્ત કાળ સૂધી તેમાંજ રહે. અર્થાત તેમાંજ જન્મે અને તેમાંજ મરે. પણ તે સાધારણ વનસ્પતિ કાયને છોડીને બહાર ન જાય. અને આ તો દુરંત

અર્થાત દુઃખે કરીને પણ જેનો અંત ન આવે એવો કાળ છે. સાધારણ વનસ્પતિકાયના જીવો ફરી ફરીને મરીને સાધારણ વનસ્પતિકાયમાં જન્મે આવી સ્વકાયસ્થિતિ અનન્ત કાળચક્રો સુધી ચાલ્યા કરે. એમાંથીજ છુટવુ દુર્લભ છે તો મનુષ્યભવની તો વાત જ ક્યાં રહી ? એજ રીતે સ્વકર્માનુસાર પ્રત્યેક વનસ્પતિકાયના ભીંડા, કાકડી, દૂધી વગેરેના પણ જીવો મરીને ફરી ફરી... પોતાની જ કાય અર્થાત પ્રત્યેક વનસ્પતિમાંજ જો ઉત્પન્ન થાય તો અસંખ્ય ઉત્સર્પિણી–અવસર્પિણી સુધી થતા રહે. એકેન્દ્રિય જીવોને આટલો કાળ લાગે. હવે એ જ પ્રમાણે વિકલેન્દ્રિયના જીવો માટે પણ કહ્યુ છે કે

**बेइंदियकायमइगओ, उक्कोसं जीवो उ संवसे :**
**कालं संखिज्जसन्निय, समयं गोयम ! मा पमायए ॥**

એની આગળના શ્લોકોમાં તેઈન્દ્રિય, ચઉરિન્દ્રિય માટે પણ એજ રીતે કહ્યુ છે. બેઈન્દ્રિયવાલા–કૃમિ, અળસીયા, વગેરે જીવો, ત્રણ ઈન્દ્રિયવાલા કીડી, મંકોડા, જુ, ઈયળ, ધનેડા, માંકણ, વગેરે જીવો અને ચાર ઈન્દ્રિયવાલા માખી–મચ્છર, ભમરા વગેરે જીવો ફરી ફરી મરીને પાછા પોતાની જ કાયામાં અર્થાત પોતાનીજ બેઈન્દ્રિયાદિ પણામાં જન્મે તો ઉત્કૃષ્ટ થી પોતાની સ્વકાયમાં સંખ્યાતા હજાર વર્ષ સુધી જન્મી–મરી શકે છે. સંખ્યાત કાળ સુધી એમાંજ જન્મી–મરી પછી એમાંથી બહાર નિકળી ને બીજી પર્યાયોમાં જાય. પંચેન્દ્રિય પણાંમાં આવેલ જીવ પણ જો સ્વકાયમાં રહે તો કેટલો રહે તે જણાવ છે—

**संखिज्ज समा विगला, सत्तट्ठ भवा पणिंदितिरिमणुआ ।**
**उववज्जंति सकाओ, नारय देवा य नो चेव ॥**

—વિકલેન્દ્રિયમાં સંખ્યાત ભવ કરીને પંચેન્દ્રિયપર્યાયમાં જો મનુષ્ય કે તિર્યંચ–પશું પક્ષી બને તો વધુમાં વધુ ૭ થી ૮ ભવ સુધીજ પોતાની સ્વકાયમાં રહી શકે. અર્થાત મનુષ્ય મરીને ફરી મનુષ્ય, ફરી

મનુષ્ય એમ વધુ-માં વધુ ફરી ફરીને મનુષ્ય થાય તો ૭ થી ૮ ભવ સુધી થઈ શકે. તે પછી નહીં. તેવીજ વાત તિર્યંચ પંચેન્દ્રિય પશુ પક્ષીના જીવો માટે પણ છે.

પરન્તુ દેવતાઓ અને નારકીઓની સ્વકાય સ્થિતિ ફક્ત ૧૪ ભવની છે. તેથીજ દેવ મરીને ફરી તુરંત દેવ ન થાય. તેમજ નારકી જીવ મરીને ફરી તુરંત નારકી ન થાય. આ બન્ને ગતિમાંથી મરીને તિર્યંચ-કે મનુષ્ય ગતિમાંજ આવવું પડે.

૧.ચાર ગતિ




૨. મનુષ્યનું ચારે ગતિમાં ગમન




૩. તિર્યન્ચનું ચારે ગતિમાં ગમન




૪. દેવનું બે ગતિમાં ગમન




૫.નરકનું બે ગતિમાં ગમન.




## ચાર ગતિમાં ગમન-આગમન વિચાર :

સંસારમાં જીવ ચારે ગતિમાં ૮૪ ના ચક્કરમાં રખડયા કરે છે. એની રખડપટ્ટી વણથંભી સતત ચાલ્યા કરે છે. માટે આ ચાર ગતિના સૂચક ચિન્હને 卐 સ્વતિક કહેવામાં આવેલ છે. એની ચાર પાંખડી ચાર ગતિને સૂચવનારી છે. શ્રી દંડકસૂત્રમાં આ ગતિ-આગતિ જણાવતા કહ્યું છે કે—

* મનુષ્ય અને તિર્યંચના જીવો ચારે ગતિમાં જાય છે અને ચારે ગતિમાંથી તેમાં આવે પણ છે.

* દેવના જીવો–નરકમાં ન જતા અને ફરી દેવ ન થતા–ફક્ત–મનુષ્ય અને તિર્યંચની ગતિમાં જ જન્મે છે.

* એજ પ્રમાણે નરકના નારકી જીવો પણ ફરી નારકી તુરંત નથી થતા અને દેવ પણ નથી થતા. તેથી તેઓ પણ મનુષ્ય અને તિર્યંચગતિમાં જ આવીને જન્મે છે.

* દેવતાઓ તો મરીને પૃથ્વીકાયમાં હીરા-ઝવેરાત, રત્નાદિમાં અને અપ્કાયમાં પણ જન્મે છે.

* સંખ્યાતા વર્ષના આયુષ્યવાળા ગર્ભજ મનુષ્યો અને તિર્યંચ પશુ–પક્ષીઓ મરીને સાતે નરકમાં પણ જાય છે.

* પૃથ્વી, અપ્, અને વનસ્પતિકાયમાં નારકી જીવો સિવાય બીજા બધા જ જીવો આવીને જન્મે છે.

* પૃથ્વીકાય, અપ્કાય અને વનસ્પતિના જીવો પૃથ્વીકાય આદિ ૧૦ સ્થાનકોમાં પણ જાય છે અને જન્મે છે

* તેઉકાય અને વાયુકાયના જીવો પૃથ્વીકાયાદિ ૯માં જાય છે

* પૃથ્વીકાયાદિ ૧૦ સ્થાનના જીવો મરીને બે–ત્રણ–ચઉરિન્દ્રિયરૂપ વિકલેન્દ્રિયમાં જઈને ઉત્પન્ન થાય છે.

* મનુષ્યના જીવો તો બધા જ ઉત્પત્તિ ક્ષેત્રોમાં જઈ શકે છે.

* તેઉકાય અને વાયુકાયમાંથી મનુષ્યમાં નથી જતા.

આ પ્રમાણે સંસારમાં જીવોનું જન્મ–મરણ જે સતત ચાલ્યા કરે છે. તે પ્રમાણે જીવો ક્યાંથી ક્યાં જાય અને આવે છે તે આ ગમના-ગમન (ગતિ-આગતિ) દ્વારા જણાવવામાં આવ્યું છે.

## સંસારમાં જીવોની ઓછી–વધારે સંખ્યા :

સ્વસ્તિકમાં સૂચવેલ 卐 ચાર ગતિના સંસારી જીવોને સંખ્યાની

દૃષ્ટિએ ચારે ગતિના વિભાગોમાં વહેંચી દઈએ તો ક્યાં ઓછી અને ક્યાં વધારે સંખ્યા છે તેનો ક્રમ આ પ્રમાણે જણાવ્યો છે :

**पज्जमणु बायरग्गि, वेमाणिय भवण निरय वंतरिया ।**
**जोइस चउ पण तिरिया, बेइंदिय तेइन्दि भू आउ ॥**
**वाउ वणस्सइ चिय, अहिया कमेण मे हुंति ।**

(↓ ઉતરતા ક્રમે ઓછી ઓછી ↓) (↑ ચડતા ક્રમે વધુ વધુ ↑)

- o સહુથી વધારે — વનસ્પતિકાયના જીવો છે
- o તેથી ઓછા — વાયુકાયના
- o ,, ,, — આપકાય (પાણીના)
- o ,, ,, — પૃથ્વીકાયના
- o ,, ,, — તેઈન્દ્રિય
- o તેથી ઓછા — બે ઈન્દ્રિયના જીવો
- o ,, ,, — તીર્યંચ પંચેન્દ્રિય જીવો
- o ,, ,, — ચઉરિન્દ્રિય જીવો
- o ,, ,, — જ્યોતિષી દેવતાઓ
- o ,, ,, — વ્યંતર ,,
- o ,, ,, — નારકી જીવો
- o ,, ,, — ભવનપતિના દેવતાઓ
- o ,, ,, — વૈમાનિક ,,
- o ,, ,, — બાદર અગ્નિ કાય
- o સૌથી ઓછામાં ઓછા — પર્યાપ્તા સંજ્ઞિ મનુષ્યો

—આ રીતે સંખ્યાની દષ્ટિએ જોતા કયા જીવો ઓછામાં ઓછા છે અને કયા જીવો વધુમાં વધુ છે તે અંગે સર્વજ્ઞ કેવળજ્ઞાની ભગવંતે જ આ અલ્પ-બહુત્વનો ક્રમ કહ્યો છે. વનસ્પતિકાયના જીવો સહુથી વધારેમાં વધારે...છે અને પછી ક્રમશઃ ઓછા ઓછા થતા જાય છે. અને સંજ્ઞિ પંચેન્દ્રિય પર્યાપ્તા મનુષ્યો સૌથી ઓછામાં ઓછા છે. બસ તેથી ઓછી સંખ્યા બીજી કોઈ જીવસૃષ્ટિની નથી. અર્થાત્ આ અલ્પ-બહુત્વની તુલનાત્મક દષ્ટિથી જોતા પણ મનુષ્ય જન્મની દુર્લભતાનો ખ્યાલ જરૂર આવશે.

**ગતિ અને જાતિના પરિભ્રમણમાં વિકાસ—**

> **एवं भवसंसारे, संसरइ सुहासुहेहिं कम्मेहिं ।**
> **जीवो पमाय बहुलो, समयं गोयम ! मा पमायए ॥**

પ્રભુ ગૌતમને કહે છે- શુભ અને અશુભ કર્મો વડે આ ભવ સંસારમાં જીવ પરિભ્રમણ કરે છે. ચારે ગતિ અને પાંચે જાતિમાં પોત-પોતાના શુભ-અશુભ કર્માનુસારે જીવનું અવિરત પરિભ્રમણ ચાલુ છે. જીવો પ્રમાદની પ્રચુરતાવાલા છે, બહુ ધીમે ધીમે આગળ વધે છે, પૃથ્વીકાય આદિ એકેન્દ્રિયમાં જ ભટકતા મહામુશ્કેલીએ આગળ વધે છે. માટે હે ગૌતમ ! ૧ સમયમાત્રનો પણ પ્રમાદ કરવા જેવો નથી.

> **अकामनिर्जरारूपात्, पुण्याज्जन्तोः प्रजायते ।**
> **स्थावरत्वात् त्रसत्वं वा, तिर्यक्त्वं वा कथञ्चन ॥**

—હેમચંદ્રાચાર્ય મહારાજ યોગશાસ્ત્રમાં વિકાસનો ક્રમ અને કારણ જણાવતા કહે છે કે—અકામ-નિર્જરા કરવા રૂપ પુણ્ય વડે જ જીવો એક જાતિમાંથી બીજી જાતિમાં આગળ વધે છે " નદી ગોળ પાષાણ ન્યાય "ની જેમ અર્થાત્ પર્વત ઉપરથી નિકળતી નદીની સાથે ૧ વાંકો-ચૂંકો પત્થર ઘસડાતો-ઘસડાતો, ગબડતો-ગબડતો...જેમ ગોળ થઈ જાય છે તેમ આ સંસારમાં અનિચ્છાએ પણ પરાણે જે જીવો ઘણાં દુઃખ અને પીડા સહન કરે છે તેથી તે જીવો અકામનિર્જરા કરીને તેટલી કર્મની લઘુતારૂપ જે પુણ્ય ઉપાર્જન કર્યું છે તે વડે... માંડ પૃથ્વી

કાયમાંથી અપકાયમાં, અપકાયમાંથી તેઉકાયમાં, તેઉકાયમાંથી વાયુ-કાયમાં અને વાયુકાયમાંથી–પ્રત્યેક વનસ્પતિકાયમાં આવે છે.

આ બધા જીવોએ ઓછુ દુ:ખ સહન કર્યું છે ? પૃથ્વીકાયમાં પણ પત્થરની જાતમાં, હીરાની જાતમાં તોડાયા, છેદાયા–ભેદાયા, ઘસાયા વગેરે ભારે દુ:ખો સહન કર્યાં. એમ દરેક કાયમાં સહન કર્યા, અરે વનસ્પતિકાયમાં એક ઝાડ–છોડ તરીકે ઉભા રહીને તડકો–ઠંડી–ગરમી તાપ–વરસાદ, અને છેદન–ભેદન વગેરે કેટલું સહન કરે છે, અનિચ્છાએ પણ સહન કર્યા વિના કોઈ છૂટકો જ નથી. આ રીતે પરાણે પણ સહન કરવાથી જે અકામ નિર્જરા થઈ તેથી પણ જીવ ક્રમશ વિકાસ યાત્રામાં આગળ વધીને સ્થાવરપણામાંથી ત્રસપણામાં પ્રવેશ્યો....ખરેખર આ તો મહાન પુણ્યોદય કહેવાય કે જીવને એકેન્દ્રિય સ્થાવરપણાંમાંથી ત્રસપણું મળ્યું. જે સ્થાવરપણામાં દુ:ખનો પ્રતિકાર કરી શકે એમ જ નહોતું, અથવા આવી પડેલા દુ:ખથી બચવા માટે ભાગી પણ ન–હોતો શકતો તે જીવ હવે ત્રસપણામાં આવ્યો. અર્થાત્ ત્રાસ–દુ:ખથી બચવા માટે ભાગી તો શકે છે, બચી તો શકે છે.

દા.ત. આગ લાગી હોય તો ઝાડ–છોડવા–ફલ–ફુળ–પાણી વગેરેના જીવો આગથી બચવા કયાંથી ભાગી શકે ? ભાગવા જેવું શરીર જ નથી, જ્યારે ત્રસપણામાં આવેલા બે, ત્રણ, ચાર, ઈન્દ્રિયવાળા કૃમિ, કીડી, માંકણ, જૂ, માંખી વગેરે જીવો આગ–પાણીથી બચવા માટે ભાગી શકે છે, બચી શકે છે.

सव्वे जीवावि इच्छन्ति जीविउं, न मरिज्जिउं ।
तम्हा पाणिवहं घोरं, निग्गंथा वज्जयंतिणं ॥

કારણ કે જીવમાત્ર જીવવા ઈચ્છે છે, કોઈ જીવ મરવા રાજી નથી. કારણ જીવવામાં સુખ માન્યું છે, અને મરવામાં તો ભારે દુ:ખ છે. માટે મરવા કોણ રાજી થાય ? કોઈ ન થાય, માટે જ નિર્ગન્થ સાધુઓએ પ્રાણિવધ રૂપ ઘોર હિંસાનું પાપ છોડી દેવું જોઈએ. એવું

પ્રભુ દશવૈકાલિક આગમમાં ફરમાવે છે બધા જીવો જો આવા પ્રાણીવધ રૂપ હિંસાના પાપને છોડી દે તો કેટલું સારું ? આ રીતે પણ અકામનિર્જરા કરતો કરતો જીવ જો વણથંભી કૂચ ચાલુ જ રાખે અને એક એક કાયમાં એક-એક ભવ કરતો કરતો પણ આગળ વધે તો પણ ક્રમશઃ આગળ આવી જાય. એકેન્દ્રિયના ભવો કરીને પછી જીવ બેઈન્દ્રિયમાં આવે અને ત્યાર પછી તેઈન્દ્રિયમાં ચઉરિન્દ્રિયમાં આવે...પરન્તુ ઘણાં જીવો વચ્ચેથી જ પાછા પટકાઈ જાય છે અને ફરીથી પૃથ્વીકાય, અપકાય વગેરેના એકેન્દ્રિયમાં ચાલ્યા જાય છે. મહામહેનતે જીવ માંડ ચઉરિન્દ્રિય સુધી પહોંચ્યો હતો..ત્યાં તો પાછો પડીને એકેન્દ્રિયમાં પણ પટકાયો હવે ફરીથી એકડે એકથી ચકકર ચાલુ કરે.. સ્વકાયસ્થિતિઓમાં તેટલો તેટલો કાળ રખડતો રખડતો એક એક ભવ જન્મના સ્ટેશનો ઉપર વર્ષો વીતાવતો જીવ કેટલા વર્ષે ફરીથી બે-ત્રણ ચાર ઇન્દ્રિય સૂધી પહોંચે ? વિચાર કરતા તો ચકકર આવે.

ફરી જીવે અકામ નિર્જરા કરી અને માંડ-માંડ મહામુશીબતે પંચેન્દ્રિય તિર્યંચપણામાં પહોંચ્યો. હાથી, ઘોડો, ઊંટ, ગાય-બળદ, ભેંસ-પાડો, બકરી.... વગેરેના ભવો કર્યા ભાગ્યશાલીઓ ! વિચાર કરો. અનન્તા જન્મોની મહેનત પછી અને અનન્ત પુદ્ગલ પરાવર્તકાળ વીતાવ્યા પછી પણ જ્યારે જીવ હાથી, ઘોડા, પોપટ, કબુતરના ભવમાં આવ્યો. કહેવાય કે જીવ ઘણો આગળ વધ્યો પરન્તુ હજી તો આ બધા અનન્તા ભવો અને અનન્તકાળ વીત્યા તે તો ફક્ત એક જ ગતિમાં થયા છે. હજી તો જીવ ફક્ત એક તિર્યંચની જ ગતિમાં રખડ્યો છે. હજી બીજી ગતિઓમાંતો જવાનું બાકી છે અને સંસાર તો ચારે ગતિના પરીભ્રમણરૂપ છે કોઈ પણ જીવ એવો નથી કે જે માત્ર એક જ ગતિમાં ભટકયા કરે ? તિર્યંચની ગતીમાં સિંહ–વાઘ–ગરોળી વગેરેના હિંસક ભવો કરીને, તે તે ભવોમાં બીજા જીવોને મારવાના સતત હિંસાના ઘોર પાપો કરીને જીવ નરક ગતિમાં પાપકર્મની સજા ભોગવવા ચાલ્યો જાય છે. ત્યાં પણ કેટલા સાગરોપમો જેટલો અસંખ્ય વર્ષોનો કાળ વીતાવવો પડે છે. ફરી ત્યાંથી નીકળીને નવ્વાણુ ટકા જીવો પાછા

તિર્યંચ ગતિમાં જ જાય છે. આ પ્રમાણે તિર્યંચ-નરક, નરક-તિર્યંચની બેજ ગતિમાં ભટકતા પણ અનન્તાભવો અને અનન્ત પુદ્દગલ-પરાવર્ત કાળ વીતી જાય છે.

## દેવગતિમાં ગમન અને પતન :

કયારેક તિર્યંચ ગતિમાંથી જીવ શુભ પુણ્યયોગે દેવગતિમાં ગયો...અને શું દેવગતિમાં પાપો નથી ? કલેશ કષાય, રાગ-દ્વેષ હિંસા-જુઠ, ચોરી મૈથુન સેવન વગેરે બધા જ પાપો ત્યાં પણ છે. કંઈ જ ઓછું નથી એકબીજાની અપ્સરા વગેરેનું અપહરણ કરી જાય છે. એમ બધી જ જાતના પાપકર્મો ત્યાં પણ છે. દેવગતિમાં ગયા એટલે જરૂર ઉંચે ગયા. પણ શું ઊંચે ગયા પછી નીચે જ પડીએ તો કદાચ એટલા ઉંડા ખાડામાં પડીએ કે કદાચ પાછા ક્યારે નિકળશું તેની કલ્પના કરવી પણ મુશ્કિલ છે. દંડક-સૂત્રમાં મહાપુરુષ જણાવે છે કે-દેવગતિમાંથી જીવ સીધો તીર્યંચગતીમાં પણ પડે અને તિર્યંચ ગતિ તો ઘણી મોટી છે. તેમાં પણ પૃથ્વીકાયમાં હીરા, મોતી, ઝવેરાત, રત્ન વગેરેમાં એકેન્દ્રિયમાં પણ જન્મ્યો. હવે વિચાર કરો કે દેવગતિમાં ઉપર ચઢેલો પણ જીવ છેક તળિએ એકેન્દ્રિયમાં જન્મ્યો, અર્થાત્ એનો સર્વ વિકાસ પાણીમાં ગયો. નિષ્ફળ ગયો. હવે ફરીથી એ જીવને બિચારાને એકડે એકથી પાછી બધી જ રમત શરૂ કરવાની.

## મનુષ્યગતિમાં ચઢાણ અને ઉતરાણ :

અનન્તા જન્મોની રખડપટ્ટી પછી અનેક જન્મોની સંચિત પુણ્યાઈના યોગે અસંખ્યાતે કોઈ એક વીરલો જીવ મનુષ્યગતિમાં પ્રવેશ કરી જાય છે. બસ મનુષ્યગતિ મળી એટલે મેદાન જીતી ગયા એવું કંઈ જ નથી. મનુષ્યગતિ મળવી અને મનુષ્યનો જન્મ સફળ સાર્થક કરવો એ બન્ને રસ્સીના બે છેડા જેવી વાત છે. ઘણા મનુષ્યોને જોઈએ છીએ કે કેટલાક તો કષાઈ તરીકે જ જન્મ્યા છે, અને કષાઈ તરીકે જ જીવે છે. કેટલાક વેશ્યા તરીકે શરીર વહેંચીને પેટ ભરવાનું પાપ કરે છે, કેટલાક ચોરી, જૂઠ, બળાત્કાર, દુરાચાર, વ્યભિચાર, હિંસા વગેરેનાં કેવાં ઘોર

મહાપાપો કરે છે અને પરિણામે મનુંષ્યગતિમાંથી કેંકાઈને નરકની ઘોર યાતનાઓ ભોગવવા નરકમાં ચાલ્યા જાય છે અરે ! એટલું જ નહીં પંચેન્દ્રિયપણાની મનુષ્યગતિમાંથી કેંકાઈને સીધા એકેન્દ્રિયમાં પણ પડે.

जहा मोहोद्ओ तिव्वो, अन्नाणं खु महाभयं ।
तया पगिन्दिये जम्मो, सम्मं जाणाहि गोयम ॥

જ્યારે મહામોહકર્મનો તીવ્ર ઉદય હોય અને તેમાં વળી મહાભયંકર અજ્ઞાન ભળે– આ બન્ને ભેગા થાય એટલે ચપળ વાંદરાને દારૂ પીવરાવવા જેવી સ્થિતિ થાય અને એ દશામાં કરેલાં ઘોર પાપોના કારણે જીવ સીધો એકેન્દ્રિયપણામાં પણ પટકાઈ જાય છે. હે ગૌતમ ! આ તું સારી રીતે જાણજે એમ શ્રી વીરપ્રભુ ગૌતમને જણાવે છે.

## ફરીથી નિગોદમાં પતન :

અનન્તા જન્મો અને અનન્ત પુદ્ગલ પરાવર્ત કાળ નિગોદમાં વીતાવ્યા પછી માંડ જીવ બહાર નિકળ્યો અને તેમાં નદીમાં ઘસડાતા પથ્થરની જેમ થપેડો ખાતો ખાતો...અનેક જન્મો પછી. અનેક જાતિઓ અને ગતિઓ વટાવ્યા પછી જીવ મનુષ્યગતિમાં આવ્યો અને મનુષ્યગતિમાં પણ જીવતા ન આવડ્યું. રહેતા ન આવડ્યું અને ઘોર પાપકર્મો બાંધીને જીવ પાછો એ નિગોદમાં ચાલ્યો ગયો. પોતાની મૂળભૂત ખાણમાં ચાલ્યો ગયો. હવે એ નિગોદના ગોળામાં ફરીથી એને અનન્તા પુદ્ગલ–પરાવર્તનો કાળ અને અનન્તા ભવો નિકળી જશે. કારણ હવે કોઈ આત્માના મોક્ષે જવાથી બહાર નિકળવાનો ચાન્સ એ જીવને નહીં મળે. કારણ કે આ તો વ્યવહાર રાશીવાળો જીવ છે. એક વાર એને ચાન્સ મળી ચૂકયો છે. માટે હવે એને ફરી વાર ચાન્સ નહીં મળે. નિગોદમાં જે અવ્યવહાર રાશીવાળા જીવો છે એમને જ ચાન્સ મળે છે. આ જીવને તો ત્યાં પોતાની મેળે જબરદસ્ત અકામ નિર્જરા કરીને પોતાની મેળે બહાર નિકળવાનું રહેશે. અને પછી પણ અકામનિર્જરા કરતા કરતા પુણ્યોપાર્જન કરતા કરતા ફરીથી આગળ વધતા વધતા વિકાસયાત્રાનો

એકડો ઘૂંટવો પડશે અને ફરીથી એ બધા ભવો વટાવતો વટાવતો, સ્વકાય સ્થિતિઓ અને એવા ઊંચા—મોટામોટા આયુષ્યો વટાવતો જીવ પાછો ક્યારે મનુષ્યગતિ પામે એ વિચાર તો આપણને ચક્કર લાવે એવો છે. અને જ્ઞાની ભગવંતો ફરમાવે છે કે આ રીતે પરિભ્રમણ કરતો કરતો જીવ એક વાર નહીં અનન્તી વાર ચઢયો અને પડયો છે.

एगया देवलोएसु, नरएसुवि एगया ।
एगया आसुरं कायं, अहाकम्मेहिं गच्छइ ॥

એક વાર સુંદર પુણ્યના યોગે જીવ દેવલોકમાં ગયો અને એક વાર જીવ પાપના ઉદયે રત્નપ્રભા વગેરે નરકમાં પડયો. એક વાર જીવ અસુર નિકાયમાં ગયો. એવી રીતે કરેલાં કર્મો પ્રમાણે જીવ બધી ગતિ અને જાતિમાં ભટકતો જ રહ્યો.

एगया खत्तिओ होई, तओ चंडाल बुक्कसो ।
तओ कीड पयंगो अ, तओ कुंथु पिवीलिआ ॥

—ક્યારેક જીવ ક્ષત્રિય બન્યો. ક્ષત્રિય રાજા વગેરે, અને ક્યારેક કર્મરાજાએ એને ચંડાળ પણ બનાવ્યો; અને કયારેક પાછો પડીને કીડો થયો. પતંગીયો થયો. કંથુવા તથા કીડીના પણ જન્મો કર્યા. ખરેખર કર્મના ચક્કરમાં જીવ કેટલો ફર્યો ?

कम्मसंगेहिं संमूढा, दुक्खिआ बहुवेअणा ।
अमाणुसासु जोणीसु, विणिहम्मंति पाणिणो ॥

—ખરેખર કર્મના સંબંધોથી મૂઢ-અવિવેકી બની ગયેલો જીવ-ભારે દુઃખ ભોગવતો, તીવ્ર નરકાદિની વેદના ભોગવતો અમાનુષી યોનિ અર્થાત્ મનુષ્ય સિવાયની યોનિઓમાં જીવ જન્મતો–મરતો ગયો પરન્તુ મનુષ્યનો જન્મ તો ન પામી શકયો.

## સર્વજીવોના ઉત્કૃષ્ટ આયુષ્યો :

ચારે ગતિ અને જાતિમાં આયુષ્યો પણ કેટલા નાના-મોટા (જઘન્ય-ઉત્કૃષ્ટ) મળે છે. અને તે ભોગવવામાં પણ કેટલો કાળ વીતિ જાય છે. અને તેમાં પણ જો દુઃખદાયિ ગતિના આયુષ્યો જો ભોગવવા પડે તો તેટલો કાળ જીવો ને કેટલી કરૂણ દશામાંથી પસાર થવુ પડતુ હશે, તેની કલ્પના કરો—કયા જીવો વધુમાં વધુ પોતાના એક જ શરીરમાં રહીને કેટલુ આયુષ્ય પામે છે તે જોઈએ—

૧ એકેન્દ્રિયમાં
- પૃથ્વીકાયના જીવોનું—૨૨૦૦૦ વર્ષ આયુષ્ય
- અપકાય (પાણી)ના ,, - ૭૦૦૦ ,, ,,
- વાયુકાયના ,, – ૩૦૦૦ ,, ,,
- અગ્નિના ,, —ફક્ત ૩ જ દિવસરાત (અહોરાત્ર)
- પ્રત્યેક વનસ્પતિના ઝાડ વગેરેનું - ૧૦,૦૦૦ વર્ષ આયુષ્ય
- સાધારણ ,, ,, જીવોનું—ઉત્કૃષ્ટથી અંતર્મુહૂર્ત
- બેઈન્દ્રિય-કૃમિ, અળસિયા વગેરેનું—૧૨ વર્ષ ઉત્કૃષ્ટ આયુષ્ય.
- તેઈન્દ્રિય-કીડી, મંકોડા, જુ વગેરેનું—૪૯ દિવસ ,,
- ચઉરિન્દ્રિય– માખી, મચ્છર વગેરેનું - ૬ મહિના ,,
- ગાય બળદ હાથી વગેરે તિર્યંચોનું— ૩ પલ્યોપમ ,,
- ગર્ભજ જલચર, ઉરપરિસર્પ, ભુજપરિસર્પનુ —પૂર્વક્રોડ વર્ષ
- પક્ષીઓનું - પલ્યોપમનો અસંખ્યાતમોભાગ—ઉત્કૃષ્ટ આયુષ્ય
- સંમુર્છિમ-ચતુષ્પદપશુઓનું—૮૪૦૦૦ વર્ષ ,, ,,
- ,, પક્ષીઓનું —૭૨૦૦૦ વર્ષ ,, ,,
- ,, ઉરઃપરિસર્પનું - ૫૩૦૦૦ વર્ષ ,, ,,
- ,, ભૂજપરિસર્પનું —૪૨૦૦૦ વર્ષ ,, ,,
- મનુષ્યનું–ઉત્કૃષ્ટ આયુષ્ય–૩પલ્યોપમ
- દેવ–નારકીનું– ,, ૩૩ સાગરોપમ

સાત નરક તથા દેવલોકમાં આયુષ્ય પ્રમાણ




—આ પ્રમાણે જીવો ચારે ગતિ અને પાંચે જાતિમાં ૮૪ના ચકકરમાં ભટકતા ભટકતા આવા ઉત્કૃષ્ટ અથવા જઘન્ય-મધ્યમાદિ આયુષ્યો ભોગવતા ભોગવતા અર્થાત એક એક શરીર રૂપ સ્ટેશને આટલા વર્ષો રોકાતા રોકાતા આગળ ધે તો કયારે મનુષ્યગતિ પામે. ? કારણ શ્રેષ્ઠ મનુષ્ય જન્મ પામ્યા વિના તો કલ્યાણ સાધવાનો બીજો કોઈ વિકલ્પ જ નથી. અને આ મનુષ્ય ગતિમાં જન્મ મળવો તો કેટલો દુર્લભ છે તેનો વિચાર કરીએ.

**મનુષ્યજન્મની દુર્લભતા :**

> **कम्माणं तु पहाणाए, आणुपुव्विं कयाइ उ ।**
> **जीवा सोहिमणुप्पत्ता, आययंति मणुस्सयं ॥**

—નરકગતિ વગેરેમાં લઈ જનાર ભારે કર્મોનો નાશ થવાથી, અને આવા ભારે કિલષ્ટ કર્મોના નાશથી જે આત્મશુદ્ધિ થઈ છે, તે રૂપ પુણ્યથી જીવો મનુષ્યની ગતિને પામી શકે છે.

મનુષ્ય જન્મની પ્રાપ્તિ તો મહાદુર્લભ બતાવવામાં આવી છે. આ દુર્લભતાને શાસ્ત્રકાર મહર્ષિઓએ દશ પ્રકારના દ્રષ્ટાન્તોથી સમજાવી છે. જેમાં અસંભવ અને અશકયતા લાગે એવા દષ્ટાન્તો છે.

(૧) દા. ત. કોઈ દેવ મોટા પર્વત ઉપર ચઢીને સર્વધાન્ય ના ચૂર્ણ કરીને ચારે દિશામાં હવામાં ઉડાડી દે અને પછી તે ધાન્યના ચૂર્ણને એકઠુ કરવુ જેટલુ આકરૂ છે તેટલુજ મનુષ્યજન્મ પામવું દુર્લભ છે.

૭ ખંડના ચક્રવર્તી એ એક દિવસ અંધભિખારીને ષડ્રસ ભોજન જમાડીને મોકલી આપ્યો અને તે ભિખારી ફરીવાર તે ખાવા માટે ચક્રવર્તીના ૬ ખંડની મોટી દિવાલ ની ચારે બાજુ ફરે છે. ભીંતે હાથ દઈને શોધતો શોધતો ચાલ્યો જાય છે. પરન્તુ દરવાજા અને ભીંતના આકારમાં ફરક ન હોવાથી ખબર પડતી નથી કે કયાં છે દરવાજો ? તે ભિખારી આવે ત્યારે દરવાજો ખુલ્યો ન હોય અને દરવાજો ખુલે ત્યારે તે આવ્યો ન હોય. આ રીતે આશાને આશામાં ફરે છે પણ કયારે તેને ખાવા મળશે તે કહેવુ શકય નથી તેમ ૮૪ ના ચક્કરે ભટકતા જીવ ને મનુષ્ય જન્મ કયારે મળશે તે કહેવુ તેટલુજ મુશ્કેલ છે.

શાસ્ત્રકાર ભગવંતે મનુષ્ય જન્મ પ્રાપ્તિના એવા ૧૦ દષ્ટાન્તો આપ્યા છે. (૧) ચૂલો, (૨) પાસા, (૩) ધાન્ય, (૪) દ્યુત, (૫) રત્ન, (૬) સ્વપ્ન, (૭) ચક્ર, (૮) ચર્મ, (૯) યુગ, (૧૦) પરમાણું. જેમ દરિયામાં ખોવાયેલુ રત્ન મળવુ મુશ્કેલ છે તેમ મનુષ્ય જન્મ પણ મળવુ દુર્લભ છે.

ચારેગતિમાં સહુથી ઓછામાં ઓછી સંખ્યાજ મનુષ્યગતિની છે. ધારો કે દેવગતિમાંથી એકી સાથે લાખો, કરોડો, સંખ્યાતા દેવતાઓ પણ એક સાથે ચ્યવે તો તેમાંથી ૯૯ ટકા જીવો મરીને તિર્યંચ ગતિમાં જ ભરાય. કોઈક વિરલો જીવ મનુષ્યગતિમાં આવે મનુષ્યગતિની આટલી મહત્તા છે. મનુષ્યગતિ અને જન્મની તો ખૂબ આવશ્યકતા છે.

આ મનુષ્ય જન્મ વિના ધર્મ નથી. આ જન્મ વિના મોક્ષ નથી. આરાધના-ચરિત્ર-તપ વગેરે કંઈજ નથી. બીજી ગતિઓમાં ધર્મારાધના મોક્ષ, કેવળજ્ઞાન, ચારિત્ર, તપ, વગેરે નથી. માત્ર આ એકજ ગતિમાં છે. માટે મનુષ્યગતિમાં છે. માટે મનુષ્યગતિ અને જન્મના તો ગુણગાન ચિદાનન્દમહાયોગીએ પણ ગાયા છે—

પૂરવ પુણ્ય ઉદયકર ચેતન ! નીકા નરભવ પાયા રે;
દીનાનાથ દયાળ દયાનિધિ દુર્લભ અધિક બતાયારે;
દશદષ્ટાતે દોહિલો નરભવ, ઉત્તરાધ્યયને ગાયા રે. ॥ ૧.
અવસર પાય વિષયરસ રાચત, તે તો મૂઢ કહાયારે;
કાગ ઉડાવણ કાજ વિપ્ર જિમ, ડાર મણિ પછતાયા રે. ॥૨.
નદી ગોળ પાષાણ ન્યાય કર, અર્ધ વાટ તો આયારે;
અર્ધ સુગમ આગે રહી તિનકું, જિને કછુ મોહ હટાયો રે ॥ ૩.
ચેતન ! ચાર ગતિ મેં નિશ્ચે, મોક્ષ દ્વાર એ કાયા રે;
કરત કામના સુરપણ યાકી, જિસકુ અનર્ગલ માયા રે ॥ ૪
રોહણગિરિ જિમ રતનખાણ તિમ, ગુણ સહુયામે સમાયારે;
મહિમા મુખથી વરણત જાકી, સુરપતિ મન શંકાયા રે ॥ ૫
કલ્પવૃક્ષસમ સંયમ કેરી, અતિ શીતળ જિહાં છાયા રે;
ચરણકરણ ગુણ ધરન મહામુનિ, મધુકર મનલોભાયા રે, ॥ ૬
યા તન વિણ તિહું કાળ કહો કિને, સાચા સુખ ઉપજાયા રે;
અવસર પાય ચુક ન ચિદાનંદ, સદ્ગુરૂ યું દરશાયા રે. ॥ ૭

## મનુષ્ય જન્મમાં પણ શું શું દુર્લભ છે

**मानुष्यमार्यदेशश्च, जातिः सर्वाक्षपाटवम् ।**
**आयुश्च प्राप्यते तत्र, कथञ्चित्कर्मलाघवात् ॥**

મનુષ્યગતિમાં જન્મ તો પરમ દુર્લભ છે. ૮૪ લાખ જીવયોનિમાં સર્વત્ર સર્વ ભવો સુલભ છે. એકમાત્ર દુર્લભ જો કોઈ ભવ હોય તો મનુષ્ય જન્મ ખરેખર દુર્લભ છે, અને તેમાં પણ અનેક જન્મોની સંચિત પુણ્યાઈના યોગે માંડ જ્યાં જીવ માતાના ગર્ભમાં આવ્યો હોય

ત્યાં તો મહાપાપના યોગે ગર્ભપાતના નામે, Family Planningના નામે બીજા-ચોથા મહિને જ કપાઈ જવું પડે. આ ધરતી ઉપર પગ મૂકતા પહેલાં જ, આંખ ઉઘાડીને પ્રકાશને જોવાં પહેલાં જ એના પ્રાણપંખેરુ ઊડી જાય. જન્મ લેતા પહેલાં જ બિચારા એ જીવને તો મનુષ્ય ગતિમાંથી વિદાય લેવી પડે. વિચાર કરો મનુષ્ય ગતિમાં એ જીવ કેટલું જીવ્યો ? કેટલુ રહ્યો ? શું જોયું...એના નશીબમાં તો માત્ર ગર્ભની સજા અને મહાવેદના સિવાય બીજું શું ભોગવવાનું રહ્યું ? હાય રે આજના કાળની આ પાપલીલા ? અરે રે ! થોડા રૂપીયા પૈસાના લોભમાં માતાઓ પોતાની કુક્ષીએ આવેલાને પણ ક્રૂરતાથી મારી નાંખે છે. અરે રે ! ખોળો ખૂંધનાર મળે ત્યારે એને જ જીવતરથી મારી નાંખવો અને પછી ન મળે ત્યારે સંતાનની પ્રાપ્તિ માટે ફાંફાં મારવા, હજાર ઉપાયો કરવા. આ તે કેવી નરી મૂર્ખતા ?

મનુષ્ય જન્મ મળ્યા પછી પણ ૧૫ કર્મભૂમિમાં જન્મ મળવો મહાદુર્લભ છે, કારણ મનુષ્યના ૧૦૧ પ્રકારમાં ફક્ત ૧૫ કર્મભૂમિમાં જન્મેલાને જ ધર્મ મળી શકે છે. બીજે સર્વત્ર અર્થાત્ ૩૦ અકર્મભૂમિ અને ૫૬ અંતર્દ્વિપોમાં તો ક્યાંય ધર્મ જ નથી. દેવ-ગુરુ પણ નથી. માટે મનુષ્ય જન્મ મળે પણ સાથે સાથે આ ૧૫ કર્મભૂમિ મળે તો પુણ્યોદય સમજવો.

लद्धूणवि माणुसत्तणं, आरिअत्तं पुणरवि दुल्लहं ॥

—અને ૧૫કર્મભૂમિમાં પણ પાછું ૨૫આર્યદેશ જે મગધ ગુર્જર વગેરે કહ્યા છે તેમાં મનુષ્યપણું મળે તો કામનું. નહીંતર અનાર્ય દેશોમાં જ્યાં ભક્ષ્યાભક્ષ્યનો, પેયા-પેયનો, ધર્માધર્મનો વિવેક જ નથી. વિષયવાસનાના કીડાના જેવો પશુ જીવન શું કામનું ? શું માત્ર અર્થ અને કામની પ્રાપ્તિમાં જ બધું સમાઈ ગયું છે ? અરે માત્ર વૈષયિક આનન્દ તો પશુઓને પણ હોય છે ? એવી અનાર્યદેશની ધરતી ઉપર જન્મવા કરતાં તો આર્યદેશમાં આર્યપણું મળવું પરમ સૌભાગ્યપણાની ઓળખ છે.

लद्धूणवि आरिअत्तणं, अहीणपंचिंदिअया हु दुल्लहा ॥

—ચાલો આર્યપણું પણ મળ્યું પરન્તુ જો પાંચે ઇન્દ્રિયો સંપૂર્ણ ન મળી તો શું કરશો ? આંખે આંધળા અને કાને બહેરાશ જો મળી તો જિન દર્શન અને જિન વાણીનું શ્રવણ પણ મહા દુર્લભ બનશે. માટે આર્યદેશ અને આર્યકુળમાં જન્મ મળવા સાથે સાથે અન્યૂનાધિક પાંચે ઇન્દ્રિયો સંપૂર્ણ સુંદર યોગ્ય મળવી જોઈએ, જેથી દર્શન-શ્રવણ આદિ યોગ્ય રીતે કરી શકે.

અને તેપણ ક્યારે સુલભ બને કે જ્યારે ધર્મના સંસ્કારોથી સુસંસ્કૃત આર્યકુળ મળે ત્યારે સાત પેઢીના માતા-પિતાના યોગ્ય સુન્દર સંસ્કારો હોય તે કુલ અને વંશને જ આર્યકુળ, શ્રેષ્ઠકુળ કહેવામાં આવે છે. પિતાનું કુળ અને માતાની જાતિ બન્ને શુદ્ધ હોવી જોઈએ. સ્વગોત્રમાં લગ્ન ન થાય. ગોત્ર ભિન્ન હોવું જોઈએ. પરન્તુ જાતિ-જ્ઞાતિ અને ધર્મ ક્યારેય ભિન્નન હોવા જોઈએ. ભાષા પણ ભિન્ન ન હોવી જોઈએ. નહીંતર સંતાન ને સંસ્કાર શું મળશે ? આજે વર્તમાન કાળે જોઈએ તો વર્ણસંકર જાતિઓ જ વધારે નજરે ચઢે છે. ઘોડો અને ગધેડો બેના સંયોગે જેમ ખચ્ચર જન્મે છે તેમ ભિન્ન ભિન્ન ધર્મ જાતિ કુલ વગેરેના કારણે આજે પણ વર્ણસંકર પ્રજા જન્મે છે જે નહીં ઘર કે નહીં ઘાટ જેવી હોય છે. ન તો માતાના સંસ્કાર મળે કે ન તો પિતાના મળે બન્ને બાજુ થી ભૂખ્યા રહેલા મહેમાનને પછી ફક્ત વિષય-વાસનાના જ સંસ્કારો આજે આ જગતમાં સુલભ રહ્યા છે. સહશિક્ષણ, જાતિય શિક્ષણના હિમાયતીઓ જ આજે વધારે જોર પકડી રહ્યા છે. સંસ્કાર વિહોણી સંસ્કૃતિ એ વિકૃતિ કહેવાશે. વિકૃતિ એ વિનાશનું કારણ બનશે. સંતતિ હશે પણ સંસ્કૃતિ નહીં હોય તો શું કામનું ? સુસંસ્કૃત સંતતિ જ ઉપયોગી નીવડે છે. માટે આર્યદેશ આર્ય કુલ, આર્ય જાતિ, આર્ય ધર્મ વગેરેની પરમ આવ-શ્યકતા રહે છે.

પૂર્ણાયુષ્યની દુર્લભતા—

**दुमपत्तए पंडुरए जहा. निवडइ राइगणाणं अच्चए।**
**कुस्सग्गे जह ओसबिंदुए, थोवं चिट्ठ लंबमाणए।**
**एवं मणुआण जीविअं, समयं गोयम ! मा पमायए ॥**

પૂર્ણ પંચેન્દ્રિયપણું વગેરે બધું જ દુર્લભ પ્રાપ્ત થયું પણ જો આયુષ્ય અલ્પ હશે તો શું કરશો ? સોપક્રમ=અર્થાત સામાન્ય આઘાતો-ઉપક્રમો લાગતા જ આયુષ્ય તૂટી જાય એવું આયુષ્ય મળે તો શું આરાધના કરવાના ? આયુષ્ય તો ઝાડ ઉપરથી તૂટી પડતા પીલા પાંદડા જેવું છે. અરે અંજલિમાં રહેલા ગળતા પાણી જેવું છે, અરે ! ઘાસના અગ્ર ભાગ ઉપર રહેલ પાણીના ટીપા જેવું ક્ષણિક આયુષ્ય છે. આવું ટુંકુ આયુષ્ય મળે તો પણ મળેલો માનવ જન્મ નિષ્ફળ જાય.

માટે પ્રબલ પુણ્યોદય હોવો જોઈએ કે જેના કારણે ઉત્તમ મનુષ્ય આયુષ્ય પ્રાપ્ત થાય દીર્ઘાયુ પ્રાપ્ત થાય. તો જ શ્રેષ્ઠ ધર્મ સાધી શકાય.

**प्राप्तेषु पुण्यतः श्रद्धा-कथक-श्रवणेष्वपि ।**

દીર્ઘાયુષ્ય વગેરે બધું પ્રાપ્ત થવા છતાં પણ ધર્મનો યોગ મળવો મહાન દુર્લભ છે. સત્સંગ અને સાધુ-સંત મહાપુરુષોનો સમાગમ ખરેખર દુર્લભ હોય છે. રાગી-દ્વેષીઓનો સંગ, દુરાચારી પાપીઓનો રંગ એતો બધુ સંસારમાં સહજ છે, સરલ છે, સુલભ છે. પરંતુ સંતોનો સંગ જ દુર્લભ છે. તુલસી કહે છે.

એક ઘડી આધી ઘડી, આધી સે ભી આધ;
તુલસી સંગત સાધુ કી, હરે કોટિ અપરાધ ॥

એક ઘડી એટલે = ૨૪ મિનિટ આધી એટલે ૧૨ મિનિટ, આધી સે ભી આધ = એટલે ૬ મીનીટ પણ સંત મહાપુરુષનો સંગ મળે તો કરોડો પાપ ધોવાઈ જાય. આવો અજબ મહિમા છે. સાધુ-સંત મહાપુરુષના સંગનો ધર્મશ્રવણ કરાવનાર, ધર્મ સમજાવનાર,

પમાડનાર યોગ્ય ગુરુની પ્રાપ્તિ પણ દુર્લભ છે. અને યોગ્ય ગુરૂ જો મળી જાય તો

## उत्तमधम्मसुई उ दुल्लहा....

ત્યાગી–તપસ્વી–પંચ મહાવ્રતધારી કંચન કામિનિના ત્યાગી શ્રેષ્ઠ ગુરૂની પ્રાપ્તિ જો થઈ જાય તો તેમના મુખેથી ધર્મનું શ્રવણ કરવું મહાદુર્લભ છે. અન્ય...અન્ય કુતીર્થિકોની પાસે જવાનું મન થાય. હાલી નિકળેલા કહેવાતા ભગવાનો પાસે જવાનું મન થાય. જે સાચો મોક્ષનો માર્ગ નથી બતાવવાના પણ સંસારના સુખ ભોગો સાથે રાગનો ધર્મ બતાવશે તે લોકોને વધારે ગમશે અને ચમત્કાર બતાવનારને ગુરૂ માનવા લોકો દોડશે. ભોગમાં ધર્મ, સંભોગ સે સમાધિ બતાવનારા, નિર્વસ્ત્ર નાચ નચાવનારા ને માનવા લોકો ગાંડા થશે. તે ધર્મ સહેલો લાગશે જો કે તેમાં ધર્મ જેવું કંઈ નામ–નિશાન પણ નહીં હોય, માત્ર ધર્મના ઓઠા નીચે ભોગ, વિલાસ, વાસના અને સંસારના દેહ જન્ય, ઈન્દ્રિયજન્ય ભોગો જ ભોગવવાના હશે તે જ લોકોને સરલ લાગશે.

સાચો જિન કથિત માર્ગ તો કપરો લાગશે. ચિન્તામણિ રત્ન કરતા પણ વધુ દુર્લભ છે. તેની તરણ તારણહારી જિનેશ્વરની દેશના રૂપે ધર્મનું શ્રવણ તો પરમ દુર્લભ

### ધર્મરૂચિરૂપ શ્રદ્ધા પરમ દુર્લભ :

**लध्धूणवी उत्तमं सुईं, सद्दहणा पुणरवि दुल्लहा ।**
**मिच्छत्तनिसेवए जणे, समयं गोयम ! मा पमायए ॥**

સર્વોત્તમ જિન, સર્વજ્ઞ કથિત ધર્મનું શ્રવણ થવા છતા પણ તેમાં તત્ત્વરૂચિ રૂપ શ્રદ્ધા થવી તો પરમ દુર્લભ છે. કારણ કે લોકમાનસ ભોગપ્રભાન છે, સુખ પ્રધાન છે. સુખ પ્રાપ્તિ માટેનો લક્ષ તો બધાને હોય છે. સુખ મેળવવા તો સહુ ધર્મ કરે છે. સુખનો ત્યાગ કરવા કોણ ધર્મ કરે ? આ છે એક જ વીતરાગનો શાસન જેમાં સુખ મેળવવાના

લક્ષથી ધર્મ નથી કરવાનો પણ સંસારના સર્વ સુખોના ત્યાગ રૂપ ધર્મની આરાધના કરવાની છે. ઈહલોક–પરલોકના સુખોની પ્રાપ્તિનું લક્ષ્ય છોડીને ધર્મ કરવાનું આ વીતરાગનું જ શાસન કહે છે તેથી આ શાસનમાં ઊત્તમ તપ–ત્યાગ અને શ્રેષ્ઠ ચારીત્રનો માર્ગ આજે પણ આરાધનામાં જોવા મળે છે.

આજે લોકસંગ્રહમાં લોકોને મનોરંજનનું સાંભળવાનું વધુ ગમે છે. લોકરંજન થાય, જોક્સ, શાયરી, સંસારની વાર્તા વગેરે, રાગપોષક સાંભળવું વધુ ગમશે. પરન્તુ તત્ત્વજ્ઞાન, દ્રવ્યાનુયોગનું સારભૂત તત્ત્વ જ્ઞાન સાંભળવાની રૂચિવાળા બહુ ઓછા જીવો મળશે. માટે જ તત્ત્વરૂચિ જીવો જગતમાં વિરલા જોવા મળશે.

**બોધિરત્નની દુર્લભતા :**

સર્વપ્રથમ જીવ માર્ગાનુરાગી બનવો જોઈએ. ન્યાય સંપન્નતા વગેરે જે માર્ગાનુરાગી પણાના ૩૫ ગુણો કહ્યા છે તે જીવનમાં પ્રગટ થવા જોઈએ ત્યારે જીવ ધર્મમાર્ગે યોગ્યતા પ્રાપ્ત કરે છે. આ માર્ગાનું સારી પણાથી જીવમાં પાત્રતા, યોગ્યતા નિર્માણ થાય છે. હવે પછી જીવે બોધિરત્ન અર્થાત્ સમ્યક્ત્વની પ્રાપ્તિ અર્થે મહાન પુરુષાર્થ કરતા આગળ વધવાનું છે બોધિ = એટલે સમ્યક્ત્વ રત્ન, સંસારમાં ભૌતિક–પૌદ્ગલિક બધી જ વસ્તુઓની પ્રાપ્તિ સુલભ હોઈ શકે છે પરન્તુ બોધિરત્ન જે હીરા–મોતી કે ચિંતામણી રત્ન જેવી વસ્તુ નથી. તે તો આત્મિક સામ્રાજ્યનું ગુણ છે. તે તો પરમ દુર્લભ કહી છે.

**आहच्च सवणं लद्धुं, सद्धा परम दुल्लहा ।**
**सोच्चा नेआउअं मग्गं, बहवे परिभस्सइ ॥**

માનવના જન્મમાં યોગ્ય ગુરૂની પાસે ધર્મનું શ્રાવણ પ્રાપ્ત થવા છતા પણ શ્રદ્ધા તો પરમ દુર્લભ છે. કારણ કે સાચો મોક્ષમાર્ગ સાંભળવા છતાં પણ ઘણાં જીવો માર્ગભ્રષ્ટ થઈ જાય છે.

**સમ્યક્ત્વ પ્રાપ્તિની પ્રક્રિયા :**

અનાદિ–અનન્ત કાળ જીવમાત્ર આ સંસાર ચક્રમાં ૮૪ લાખ જીવયોનિમાં ચારે ગતિ અને જાતિમાં સ્વોપાર્જિત આઠે કર્મોના કારણે

ભટકતો રહ્યો છે. આઠે કર્મો જીવ ઉપર એટલા બળવાન થઈને સજ્જડ ચોંટી ગયા છે કે જીવ પોતાનો ભાન-સ્વભાવ બહુ ભૂલી ગયો છે. સત્યને સત્યરૂપે સમજવું હતું તેના બદલે તેને પણ મિથ્યારૂપે સમજે છે. જીવને કંઈ જ ભાન નથી રહ્યો તેનું એકમાત્ર કારણ છે ભારે કર્મોની નું આવરણ. આ આઠે કર્મોની જે ઉત્કૃષ્ટ સ્થિતિઓ જીવને મહામિથ્યાત્વમાં બંધાયેલી છે તે બધી તોડીને ઓછી કરવી જોઇએ. મોહનીય કર્મની ૭૦, જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, વેદનીય અને અંતરાયની જે ૩૦ કોડાકોડી સાગરોપમની છે, અને નામ, ગોત્રની જે ૨૦ કોડાકોડી સાગરોપમની છે તે ઉત્કૃષ્ટસ્થિતિઓ અકામાદિ નિર્જરા વડે ઘટાડી-ઘટાડીને અન્તઃ કોડાકોડી સાગરોપમ, અર્થાત્ ૧ કોડાકોડી સાગરોપમની પણ અન્દરની સ્થિતિ કરવી જોઇએ. હવે તે કેવી રીતે થાય ? તેનો ખ્યાલ પણ કેવી રીતે આવે ? તે કરવી કેવી રીતે ? તેનો વિચાર કરતા જણાવે છે કે—

ઘૂણાક્ષર ન્યાયે અર્થાત્ ઘૂણ નામનો કીડો જ્યારે લાકડુ કોતરતો કોતરતો તેના સ્વભાવે આગળ વધે છે ત્યારે તે ઘૂણને ખ્યાલ પણ નથી હોતો છતાં પણ લાકડા ઉપર ક, ચ, ટ, ત, પ, અ વગેરે અક્ષરો કોતરાઇ જાય છે.

અથવા નદીગોળ પાષાણ ન્યાયની જેમ અર્થાત્ તીખો અણીદાર ખૂણીયો એક પથ્થર જેમ નદીના પ્રવાહની સાથે ઘસડાતો ઘસડાતો જેમ બધા ખૂણાં ઘસાઇ જાય અને પથ્થર જેમ ગોળ લીસ્સો બની જાય તેમ જ મહાવેદનાઓ દુઃખ વગેરે સહન કરતા કરતા જ્યારે જીવના ૬૯ કોડાકોડી સાગરોપમની, મોહનીયની અને ૨૯ કોડકોડી સાગરોપમની જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, વેદનીય અને અંતરાય કર્મની અને ૧૯ કોડાકોડી સાગરોપમની નામગોત્ર કર્મની સ્થિતિઓ ખપી જાય, નિર્જરી જાય અને પછી જીવના માથે બધા કર્મોની સ્થિતિ માત્ર ૧ કોડાકોડી સાગરોપમની બાકી રહે ત્યારે જીવ ભવિતવ્યતાયોગે સમ્યકત્વ પામવાને લાયક-યોગ્ય બન્યો કહેવાય.

સ્વયં જીવના પોતાના પ્રયત્ન કરતા તો તથાભવ્યત્વની પરિપકવ સ્થિતિના કારણે જીવ કર્મની ઉત્કૃષ્ટ સ્થિતિ ઘટાડતો સમ્યકત્વ પામવાને

લાયક બને છે અને ત્યારપછી અનાદિ કાળથી પડેલી રાગ-દ્વેષની ભયંકર ગાંઠને ભેદવા માટે જીવ આગળ વધે છે. તે માટે જીવને યથાપ્રવૃત્તિકરણ, અપૂર્વકરણ, અનિવૃત્તિકરણ, અંતરકરણ વગેરે કરવાની પ્રક્રિયાઓ કરવી પડે છે.

**યથાપ્રવૃત્તિકરણ**—આત્મા ઉપર બાઝેલ ભારે કર્મોની નિબિડ ગાંઠ જે રાગ-દ્વેષની ગ્રન્થિ છે તેને ભેદવા માટે ઉપર કહ્યા મુજબ જે કર્મ સ્થિતિ ઘટાડવાની પ્રવૃત્તિને યથાપ્રવૃત્તિકરણ કહેવામાં આવે છે. શુભ અધ્યવસાયની મદદથી જીવને આ લાગેલી ગાંઠનો ખ્યાલ આવી શકે અને જીવ તેને ભેદવા માટે પ્રવૃત્તિ કરી શકે તે માટે જ યથાપ્રવૃત્તિકરણની આવશ્યકતા છે. અધ્યવસાય એટલે આત્માની પરિણામ ધારા. તે શુભ અને અશુભ બન્ને પ્રકારની હોય છે. શુભ અધ્યવસાયની ધારાથી અશુભ અધ્યવસાયોને અટકાવી શકાય છે. આ રીતે આત્મા કર્મોનું સ્થિતિબળ ઘટાડી મિથ્યાત્વને મંદ બનાવી ગ્રન્થિભેદની દિશામાં આગળ વધે છે. આમાં આત્માનો જે અનાભોગ પરિણામ વિશેષ કારણ રૂપે છે તે યથાપ્રવૃત્તિકરણ છે. નદીગોળપાષાણ ન્યાયે અને ઘૂણાક્ષર ન્યાયે યથાપ્રવૃત્તિકરણ કરતો કરતો જીવ ગ્રંથિ ભેદવા આગળ વધે છે.

જો કે ગ્રંથિભેદ કરવા માટે તો અનેક જીવો ગ્રન્થિ દેશની સમીપે આવે છે. તે પણ એક વાર નહીં અનેક વાર અરે અનન્તીવાર આવીને પાછા ચાલ્યા જાય છે. ત્યાં ગાંઠને ભેદ્યા વિના જ પાછા ફરી જાય છે.

**ત્રણ મિત્રોનો દ્રષ્ટાન્ત**—ત્રણ મિત્રોને જંગલમાં ચોરો મળ્યા, ચોરોને સામેથી આવતા જોઈને જ એક મિત્ર તો ગભરાઈને ડરીને ચાલ્યો ગયો.

**સમકિતપ્રાપ્તિને સમજાવતું યંત્ર**



એવા ઘણાં જીવો પહેલા મિત્ર જેવા છે જે ગાંઠને જોઈને જ ભાગી જાય છે. અને બીજો મિત્ર તો ચોરોને જોઈને જ તેમને શરણે થઈ ગયો તેમની પાસે બેસી ગયો. એમ ઘણાં જીવો એ ગાંઠની પાસે (ગ્રન્થિદેશ સમીપે) જ બેસી જાય છે, જ્યારે ત્રીજો મિત્ર બહાદુર છે. હિમ્મતવાળો છે, સામનો કરવા તૈયાર થયો અને ચોરોને મારી હઠાવે છે. અને આગળ વધે છે એવી રીતે કોઈ વિરલો જીવ મરણીયો થઈને અપૂર્વ શક્તિ ફોરવીને એ ગાંઠને ભેદીને જ આગળ વધે છે.

**અપૂર્વકરણ**—પ્રથમ યથાપ્રવૃત્તિકરણ પછી બીજા ક્રમે અપૂર્વકરણ કરવું પડે છે. પંચેન્દ્રિય સિવાય બીજી ઈન્દ્રિયવાળા જીવો તો અપૂર્વકરણ કરી જ નથી શકતા. અપૂર્વ અર્થાત્ પૂર્વે કયારેય નહોંતી ફોરવી એવી શક્તિ ફોરવીને જબરદસ્ત મહેનત કરીને તે ગાંઠને ભેદવા શકિતમાન થવુ તે છે–અપૂર્વકરણ જે જીવો અર્ધપુદ્દગળ પરાવર્ત કાળમાં મોક્ષે જવાના છે તે જ જીવો આ અપૂર્વકરણ કરે છે. અને અપૂર્વ શકિત ફોરવે છે, અહીં આ શક્તિ એટલે આત્માના નિર્મલ વધુ શુદ્ધ એવા અધ્યવસાયો. જેનો શસ્ત્રની જેમ ઉપયોગ કરીને રાગ–દ્વેષની આ જબરદસ્ત ગાંઠને જીવભેદી નાંખે છે, યથાપ્રવૃત્તિ કરણમાં જીવ નિર્મલ અધ્યવસાયો તૈયાર કરે છે. અને અપૂર્વકરણના સમયમાં ઘણી વધારે નિર્મળતા જીવ સાધે છે અને પછી જીવ ગાંઠ ભેદવા મરણિયો થાય છે.

**અનિવૃત્તિકરણ**—જે સમ્યકત્વ અપાવ્યા વિના ન ખસે તે અ + નિવૃત્તિ + કરણ નિવૃત્ત ન થાય તે, અર્થાત્ આ કરણ જીવને સમ્યકત્વ અપાવીને જ ખસે છે.

**અન્તરકરણ**–અત્યન્ત વિશુદ્ધ નિર્મલ પરિણામવાળા અનિવૃત્તિકરણની મદદથી મિથ્યાત્વમોહનીય કર્મના દલિકો જે હવે ફકત અન્તઃકોડાકોડી સાગરોપમની સ્થિતિ જેટલા જ રહ્યા છે તેના બે ભાગો કરી ઘણો ખરો ભાગ અંતર્મુહૂર્ત જેટલા સમયમાં ખલાસ કરી નાંખે તેને અન્તર-કરણ કહેવામાં આવે છે. આ પ્રક્રિયા બાદ જ સર્વ પ્રથમ મિથ્યાત્વ બંધાતુ અટકે છે. અને અહીં જે મિથ્યાત્વનું ઉપશમ થાય છે તે

ઉપશમન પ્રક્રિયા દ્વારા ઉત્પન્ન થતું સમ્યકત્વ, ઔપશમિક સમ્યકત્વ કહેવાય છે. સર્વપ્રથમ સત્યતત્વ તત્ત્વનું સમ્યક્સ્વરૂપ જીવ આજે પામ્યો, એ ઘડીનો આનન્દ તો કોઈ ગજબનો હોય છે. અવર્ણનીય હોય છે, મિથ્યાત્વ મોહનીય કર્મના, અને અનન્તાનુબંધી ક્રોધ, માન, માયા, અને લોભ આદિનો ઉપશમન થયાથી પ્રગટ થયેલ ઔપશમિક સમ્યકત્વ કહેવામાં આવે છે. તે આ ગ્રન્થિભેદ=ગાંઠ ભેદ્યા પછી જ થાય છે. અર્થાત્ જીવ સીધો મિથ્યાત્વના ગુણસ્થાનેથી કૂદકો મારી ચોથે સમ્યકત્વમાં આવે છે.

સમ્યકત્વ
IV

મિશ્ર
III

સાસ્વાદન
II

મિથ્યાત્વ
I

## સમ્યકત્વ પ્રાપ્તિનો મહાન લાભ—

જાણે જન્માંધ માણસને અચાનક આંખો મળી ગઈ હોય, અથવા જાણે જીવલેણ રોગ જે વર્ષોથી ઘર કરી ગયો હતો તે મટી જતા જે અનહદ આનંદ થાય તેના કરતા પણ અનેકગણો આનન્દ જીવ સમ્યકત્વ પ્રાપ્તિ વખતે પામે છે. અનન્તા ભવો અને અનન્તા કાળચક્રોમાં જે ક્યારેય નથી પામ્યો તે જીવ આજે પામ્યો છે તેનો આનન્દ કેવો હોય ?

જીવ જે ઘડીએ જેવો સમ્યકત્વ પામે કે તે જ ઘડીએ તેનો મોક્ષ નક્કી થઈ જાય છે. મોક્ષે જવાનો કાળ મુકરર થઈ જાય છે. બસ હવે તો અર્ધ પુદ્ગલપરાવર્ત જેટલા કાળમાં તો તે ચોક્કસ મોક્ષે જવાનો જ અને જે જે જીવ સમ્યકત્વ પામ્યો તે તે ચોકકસ મોક્ષે જવાનો જ અને જે જે મોક્ષે ગયા તે તે ચોકકસ સમ્યકત્વી જ— આવી પરમ દુર્લભ

પ્રક્રિયા જે જીવે ભૂતકાળના અનન્તા ભવોમાં પણ નહોતી સાધી તે જીવે આજે સાધી અને ચરમાવર્તમાં જીવે પ્રવેશ કર્યો અને શ્રેષ્ઠ દુર્લભ એવુ બોધિરત્ન=સમ્યકત્વ એને પ્રાપ્ત કર્યું.

આ બધા કરણો વગેરેની પ્રક્રિયા જોતા ખરેખર બોધિરત્નની પ્રાપ્તિ કેટલી દુર્લભ લાગે છે ? અરે દુર્લભ તો શું આપણને અશકય જેવી લાગે. હકીકતમાં અશકય નહીં પણ દુઃખે કરીને. મહાપરિશ્રમે પમાય છે માટે એને પરમ દુર્લભ કહ્યુ છે. આ વિચારણાં, અને આ પ્રક્રિયાનું સ્વરૂપ જે ભાવનામાં વિચારવાનું છે તે ભાવનાને " બોધિદુર્લભ ભાવના " કહેવામાં આવે છે. આ ભાના ભાવવાથી સમ્યકત્વની દુર્લભતાનું ભાન થાય છે.

**બોધિરત્ન=સમ્યકત્વનું સ્વરૂપ—**

**अरिहंतो मह देवो, जावज्जीवं सुसाहुणो गुरुणो ।**
**जिणपण्णत्तं तत्तं, इअ सम्मत्तं मए गहियं ॥**

રાગ-દ્વેષના ત્યાગી વીતરાગી સર્વજ્ઞ એવા અરિહંત પરમાત્મા એ જ મારા ભગવાન, અને આજીવન પર્યન્ત પંચમહાવ્રતધારી, ત્યાગી-તપસ્વી ગુરૂ ભગવંત જ મારા ગુરૂ મહારાજ અને શ્રી જિનેશ્વર ભગવંતે જ તત્વનું સ્વરૂપ કહ્યુ છે તે જ મારો ધર્મ આ છે સમ્યકત્વનું સ્વરૂપ અર્થાત્ સાચી શ્રદ્ધાનું રૂપ.

**"तमेव सच्चं निःसंकं जं जिणेहिं पवेइयं "।**
**( जं जं जिणेहिं भाषिआहिं तमेव निःसंकं सच्चं )**

અર્થાત્ સર્વજ્ઞ એવા જિનેશ્વર ભગવંતે અનન્ત જ્ઞાનથી જોઈને પદાર્થનું જે સ્વરૂપ આપણને જણાવ્યું છે. જે સ્વરૂપ કહ્યુ છે તે જ શંકા વિનાનું સત્ય છે જ્ઞાનની યથાર્થતા સત્યતા તેજ સમ્યકત્વનું

સ્વરૂપ છે. અને આવી શ્રદ્ધા રાખવી તે જ સાચી (સમ્યક) શ્રદ્ધા. સમ્યગ્ દર્શન કહો તેને જ બોધિરત્ન કહો એક જ વાત છે.

જગતમાં કયાં બધા જીવો આવી સત્યની સાચી શ્રદ્ધાવાલા છે. ના નથી, માટે જ જીવો અજ્ઞાની, અલ્પજ્ઞાની, મૂઢમતિ, અને મિથ્યામતિ જે હમણાં હાલી નિકલેલા કહેવાતા ભગવાનો છે તેના કહેલા સંદિગ્ધ વચનમાં અંધ શ્રદ્ધા રાખીને ચાલનારા પણ ઘણાં જોવા મળશે. અને આવી મિથ્યા વીપરીત પ્રરૂપણા કરનારા તો પોતાનો સંસાર અનન્તો વધારશે પણ તેની સાથે સાથે તેમને અને તેમનો પંથમાનનારા પણ પોતાનો સંસાર અનન્તો વધારશે. માટે આવા લપસણાં માર્ગ અને નિમિત્તોથી બચીને સુલસા શ્રાવિકા અને શ્રેણિક જેવી દૃઢ શ્રદ્ધા પ્રાપ્ત કરવી જોઈએ. તે મેળવવાજ પ્રયત્નશીલ રહેવું જોઈએ અને પરમ દુર્લભ આવી સાચી શ્રદ્ધા પ્રાપ્ત થયા પછી તેનું જતન રક્ષણ અવશ્ય કરવું તે જ આ બોધિ દુર્લભ ભાવનાનો રહસ્ય છે.

જેમ સમ્યકત્વ રત્ન પામવું ઘણું દુર્લભ છે તેમ જ આધ્યાત્મિક સાધનાના ક્ષેત્રે આટલેથી જ અટકીને બેસી નથી રહેવાનું. મોક્ષ પ્રાપ્ત કરવા સુધીમાં હજી ઘણું પામવાનું છે જે એક પછી એક એમ ચઢતા ક્રમે ઘણું દુર્લભ છે. છેલ્લે અંતિમ દુર્લભ તો મોક્ષ જ છે. તેની આગળ પછી કંઈ જ દુર્લભ નથી.

**અધ્યાત્મિક વિકાસક્રમ :**

ડાર્વિને બતાવેલો વિકાસવાદ Cell Evolution છે. જેમાં વાનરમાંથી નર થવાની વાતો કરી પરન્તુ ડાર્વિનનો આવો વિકાસવાદ આજે હાસ્યાસ્પદ પૂરવાર થતો જાય છે. જ્યારે જૈન દર્શનનો છેક નિગોદથી લઈને મોક્ષ સુધી પહોંચવા આત્માનો વિકાસ તે Soul Evolution અથવા Spiritual Evolution છે. જેમાં એક પછી એક એવી અનેક દુર્લભતાને પણ આત્મા પ્રાપ્ત કરતો કરતો આગળ વધે છે અને અન્તે સદાના માટે આ સંસારને છોડીને સિદ્ધ-બુદ્ધ

મુક્ત નિરંજન-નિરાકાર, સચ્ચિદાનંદ સ્વરૂપ પ્રાપ્ત કરી લે છે. એ મોક્ષ પદને પામવા માટે સાધવામાં આવેલો વિકાસ જ ખરો વિકાસવાદ છે અને એ માટે દુર્લભ જે બોધિરત્ન-સમ્યકત્વ પામ્યા એટલે હાશ.... કહીને નિરાંત નથી અનુભવવાની જાણે મોટી સિદ્ધિ મેળવી ચૂકયા છીએ એમ માનીને આપણી વણથંભી વિકાસની આગેકુચ અટકાવી નથી દેવી. પણ આ દુર્લભ બોધિ-રત્નની પ્રાપ્તિ પછી પણ હજી તો જ્ઞાન, ચારિત્ર, તપ સાધના, નિર્જરા વીતરાગતા, કેવળજ્ઞાન, યોગનિરોધરૂપ અયોગીપણું, અને સર્વકર્મમુકત મોક્ષ પદ એમ એકેકથી એકેક ચઢીયાતા દુર્લભથી દુર્લભ અવસ્થાઓ પ્રાપ્ત કરવાની છે. માટે બોધિરત્ન-સમ્યકત્વની પ્રાપ્તિતો આ બધા દુર્લભોની સામે ફકત પહેલુ પગથિયું છે. માટે જ પ્રભુએ આગળ કહ્યું કે—

## જ્ઞાન-ચારિત્રાદિની દુર્લભતા

**तां दुर्लभां भवशतैर्लब्ध्वाऽप्यतिदुर्लभा पुनर्विरतिः ।**
**मोहाद्रागात्कापथविलोकनाद्गौरववशाच्च ॥**

—પ્રશમરિતમાં કહે છે કે–એવા અદ્ભુત "બોધિ રત્નરુપ સમ્યકૃત્વને" પામ્યા પછી પણ અને દુર્લભ એવા જ્ઞાનને પણ પામ્યા પછી પણ તેના આચરણરૂપ વિરતિ ધર્મ પરમ દુર્લભ છે. સેંકડો ભવોની અત્યન્ત મહેનતના કારણે મળેલી શ્રદ્ધાથી જ્ઞાન પણ સમ્યગ્ બને છે. અને જ્ઞાન યોગને પણ બોધિરત્ન રૂપે-સમ્યગ્ જ્ઞાન તરીકે ગણવામાં આવ્યો છે. તે પણ દુર્લભ છે. પરન્તુ તેની પ્રાપ્તિ પછી પણ વિરતિધર્મ પરમ દુર્લભ કહયો છે. માટે જ " **ज्ञानस्य फलं विरति**" એમ કહ્યુ છે. અર્થાત જ્ઞાનનું ફળજો કોઈ હોય તો તે વિરતિ છે. '**सा विद्या या विमुक्तये**' જ્ઞાન તેજ કહેવાય કે જે આપણને પાપના બંધનોથી મુકત કરે. મુકિત અપાવે. અને જો જ્ઞાન અને ચારિત્ર (ક્રિયા)જો બન્ને ભેગા થઈ જાય છે તો નંદીસૂત્રકાર તો કહે છે.

"नाणकिरियाहि मोक्खो ज्ञानक्रियाभ्यां मोक्षः"

અર્થાત જ્ઞાન અને ચારિત્ર વડે તો મોક્ષ મળી જાય. માટે શ્રધ્ધાની આચરણારૂપ ચારિત્ર પરમદુર્લભ છે.

જગતમાં બધાજ શ્રધ્ધાવાળા આચરણ નથી કરતા. શ્રધ્ધાનુરૂપ બધામાં આચરણ નથી જોવાતું.

માનવું, શ્રદ્ધા રાખવી એક જુદી વસ્તુ છે. અને ચારિત્રરૂપ આચરણ જૂદી વસ્તુ છે. અને શ્રદ્ધાનું ધર્માનુરૂપ આચરણ પણ શક્ય છે. પણ તેથી પણ આગળ—વિરતિમાં વૈરાગ્ય દુર્લભ છે.

तत्प्राप्य विरतिरत्नं विरागमार्ग दुरधिगम्यः ।
इन्द्रिय कषाय गौरव परीषह सपत्न विधुरेण ॥

—ચારિત્ર રત્નરૂપ વિરતિને પ્રાપ્ત કરીને પણ ઈન્દ્રિય, કષાય, વિષય સુખ, વગેરે થી ઘેરાયેલા જીવ ના માટે તેમાં વિરક્ત ભાવથી પરમ વૈરાગ્યવાસિત થઈને રહેવુ ઘણું આકરૂં છે. મોહ કર્મનું નાટક તેમાં ટકવાદે તેમ નથી. માટે એ તો કર્મોની સામે સ્પર્ધાજ ખેળવી પડે અને કર્મોને મારી હઠાવીને આત્મશુદ્ધિના ગુણસ્થાનોં આગળ વધવાજ જોઈએ. સમ્યકત્વ ના ચોથા ગુણસ્થાને ચઢીને સમ્યકત્વી થઈ ગયા પછી પાંચમે વ્રતધર શ્રાવક બનીએ. અને છઠ્ઠા ગુણસ્થાને આત્મા સાધુ થાય અને ત્યારપછી અપ્રમત્ત થઈ સાતમે થી આગળ વધી આઠમે અપૂર્વકરણ ગુણસ્થાને અપૂર્વ શકિત ફેરવીને કર્મક્ષય કરતો આગળ વધે.

तपस्वी विरिअं लहु, संवुडे णिध्धुणे रयं ॥...

—અંતિમદેશના માં શ્રી વીર પ્રભુ ફરમાવે છે કે "संजमम्मि अ वीरिअं"–સંયમમાં પણ અપ્રમત્ત પણે પોતાની શકિત ફેરવવી. અને ચારિત્રપાત્ર બનીને તપશ્ચર્યા કરતો–મહાન નિર્જરા સાધતો તપયો-

ગમાં પોતાની શક્તિ ફોરવે અને કર્મની રજને ખંખેરતો જાય. બસ ક્ષપકશ્રેણી માંડીને.....કષાય ભાવો, હાસ્યાદિ ભાવો, વેદાદિને ક્ષય કરતો કરતો બારમે ગુણસ્થાને આવી ક્ષીણમોહ કરીને આત્મા કેવળજ્ઞાનપામી તેરમાં સયોગી કેવળી ગુણસ્થાને આરૂઢ થાય. મહાનદુર્લભ એવા કેવળ જ્ઞાનને પામીને ત્રણે લોક અને લોકાલોક ના સર્વ ભાવોને હસ્તામલકવદ્ જોતો અને જાણતો થયો. બસ કેવલજ્ઞાન પામ્યા પછી હવે કંઈજ દુર્લભ



નથી. હવે તો મુક્તિ હાથવેંત માં છે. અવશ્યજ પામવાના છે. એટલે ચિંતા નથી. ચૌદમે આવી યોગ નિરોધ કરી અયોગી થઈને અઘાતી ચારે કર્મોનો ક્ષય કરી સદાના માટે શરીર, કર્મ, સંસાર, જન્મ-મરણ બધુજ છોડી કરીને આત્મા મોક્ષે સિધાવી જાય છે.

**सोही उज्जुअभूअस्स, धम्मो सुद्धस्स चिट्ठइ ।**
**निव्वाणं परमं जाइ, घयसित्तव्व पावए ॥**

**विगिंच कम्मुणो हेउं, जसं संचिणु खंतिए ।**
**पाढवं सरीरं हिच्चा, उड्ढं पक्कमई दिसं ॥**

દુર્લભતાની સાધનામાં આગળ વધતો જીવ મનુષ્ય જન્મ વગેરે મેળવી મુક્તિના માર્ગે પ્રગતિ કરનારો આત્મા ધર્માદિને પ્રાપ્ત કરીને કષાયાદિનો ક્ષય કરી સર્વ કર્મની નિર્જરા કરીને નિર્વાણ પદને પ્રાપ્ત કરી લે છે. ઘી નાંખેલી અગ્નિની જેમ તપ તેજથી પ્રકાશક જાજ્વલ્યમાન બની જીવન્મુક્તિરૂપ મોક્ષનો અનુભવ કરે છે. અને અંતે પાર્થિવ દેહનો ત્યાગ કરી. ગતિ ભવ કર્મ વગેરે ને સદાના માટે છોડી દઈને ઉર્ધ્વ સ્થાને લોકાગ્રે પહોંચીને સ્થિર થઈ જાય છે.

## બોધિ દુર્લભ ભાવવાની ફળશ્રુતિ—

આ અગ્યારમી બોધિદુર્લભ ભાવનાનું ચિંતન કરતો કરતો જીવ નિગોદથી મોક્ષ સુધીનો સંપૂર્ણ વિકાસક્રમ જોઈ શકે છે. નજર સામે રાખીને પોતાની ઉણપ દૂર કરીને પૂર્ણતાને પ્રાપ્ત કરી શકે છે. સમ્યક્ત્વાદિ રત્ન ને પ્રાપ્ત કરવા માટે ભગીરથ પુરૂષાર્થ કરી શકે છે. પોતાની અવસ્થાનો પૂરેપૂરો ભાન થઈ જાય છે. અને આધ્યાત્મિક વિકાસક્ષેત્રે હું કયાં છું અને કેવો છું ? એ નજર સામે દેખાય છે. અને તે જોઈને આ ભાવના ભાવતો ભાવતો આત્મા દ્રષ્ટા થતો થકો કર્મક્ષય કરી તે તે દુર્લભ પદ

પામવા પ્રયત્નશીલ બની શકે તે માટે આ ભાવનાની પરમ ઉપયોગિતા સિદ્ધ થાય છે.

અંતમાં વાચકમુખ્યજી શ્રી ઉમાસ્વાતિજીના શ્લોકમાં આ વ્યાખ્યાન પૂરું કરીએ—

सम्यग् दर्शनशुद्धं यो ज्ञानं, विरतिमेवचाप्नोति ।
दु:खनिमित्तमपीदं तेन सुलब्धं भवति जन्म ॥

—સમ્યગ્ દર્શનથી શુદ્ધ એવું જ્ઞાન જે વિરતિધર્મ રૂપ ચારિત્રને અપાવે તેથી દુઃખરૂપ આ જન્મ પણ સુલભ બની જાય છે.

આવા મહાન સમ્યક્ત્વરત્નની પ્રાપ્તિ વિના ચારિત્ર નથી
અને ચારિત્ર વિણ નહીં મુક્તિ રે...

મુક્તિના સુખ છે શાશ્વતા તેને પ્રાપ્ત કરવા માટે બોધિરત્ન આવશ્યક છે. માટે "બોધિદુર્લભ"ની ભાવનામાં આ સ્વરૂપ સમજી તે માટે ઉદ્યમ કરવો. જીવ માત્ર આવો દુર્લભ બોધિરત્ન પામો એ જ શુભેચ્છા.

"સૌજન્ય"

શ્રી પાનાચંદ ખેમચંદ ગાંધી
(વૈભવવાળા) વડોદરાના
સહયોગથી આ પુસ્તિકા પ્રગટ કરવામાં આવી છે.




# ભાવના ભવ નાશિની

પ્રવક્તાઃ પરમપૂજ્ય મુનિરાજશ્રી અરુણવિજયજી મહારાજ

| વિ. સં. ૨૦૩૯ આસો, વદ ૨ | તેરમું વ્યાખ્યાન-૧૩ | રવિવાર, ૨૩-૧૦-૧૯૮૩ |
|---|---|---|

## વિષય : "ધર્મનું સ્વરૂપ અને મહિમા"

(બારમી – ધર્મ સ્વાખ્યાત ભાવના)

धर्मोऽयं स्वाख्यातो जगद्धितार्थं जिनैर्जितारिगणैः ।
येऽत्र रतास्ते संसारसागरं लीलयोत्तीर्णाः ॥

પ. પૂ. ચરમ તીર્થંપતિ શ્રમણ પરમાત્મા શ્રીમહાવીર સ્વામિને નમસ્કારપૂર્વક...

—પૂર્વધર મહાપુરુષ ઉમાસ્વાતિજી મહારાજ શ્રી પ્રશમરતિ ગ્રન્થમાં ધર્મનો મહિમા વર્ણવતા જણાવે છે કે–કર્મ શત્રુઓને જીતનારા જિન એવાશ્રી તીર્થંકર ભગવંતોએ સંસારના સર્વ જીવોના કલ્યાણાર્થે ઉત્તમ ક્ષમાદિ ધર્મોનું જે સ્વરૂપ કહ્યું છે તેમાં જે અનુરક્ત થયા તે જીવોએ સરલતાથી આ સંસાર સમુદ્ર પાર કર્યો સમજવું.

આ અનાદિ અનન્ત સંસાર સમુદ્ર કેવી રીતે તરવું, પાર કેવી રીતે ઉતરવું એવી ઇચ્છા, જીજ્ઞાસા નિર્માણ થાય તો સમજવું કે એ જીવને ધર્મની જીજ્ઞાસા થઈ છે તો ધર્મની જરૂરિયાત જણાઈ છે.

## સંસારના શાશ્વતા ભાવો

શાશ્વત અર્થાત્ અનાદિ–અનન્ત કાયમ ટકનારૂં. જેની ઉત્પત્તિ પણ નથી અને જેનો નાશ પણ નથી તે શાશ્વતું. માટે જ જેને કોઇએ ઉત્પન્ન પણ નથી કર્યો, બનાવ્યો નથી અને નષ્ટ પણ નથી કરવાના નાશ નથી થવાનો તે શાશ્વત પદાર્થ. આ જ વ્યાખ્યામાં સમસ્ત લોક આવે છે. માટે જ લોક પણ શાશ્વતો છે. સંસાર શાશ્વતો છે માટે મોક્ષ પણ શાશ્વતો છે. તેથી જ ધર્મ પણ શાશ્વતો છે અને અધર્મ પણ શાશ્વતો છે. પુણ્ય પણ શાશ્વત અને પાપ પણ શાશ્વત. સુખ પણ શાશ્વત અને દુઃખ પણ શાશ્વત. સમ્યક્ત્વ પણ શાશ્વત અને મિથ્યાત્વ પણ શાશ્વત છે. કર્મ પણ શાશ્વત અને ધર્મ પણ શાશ્વત. આ રીતે બન્ને ભાવો જગતમાં શાશ્વત જ રહેવાના છે. એથી જ કોઈ એમ પૂછે કે ધર્મ ક્યારથી માનવો ? ધર્મને કેટલા વર્ષો થયા ? તો તેનો ઉત્તર પણ "શાશ્વત" શબ્દથી જ અપાય.

## ધર્મની અનાદિ–અનન્તતા

કદાચ કોઈ ડોકટરને પૂછીએ કે ડોકટર સાહેબ માણસને તાવ ક્યારથી આવે છે ? કેટલા વર્ષોથી આવે છે ?

ઉત્તર—જ્યારથી માણસ છે ત્યારથી, તો માણસ આ સૃષ્ટિમાં ક્યારથી છે ? અનન્તા વર્ષોથી છે. તો તાવ પણ અનન્તા વર્ષોથી છે. કારણ માણસ કે પશુ–પક્ષી આદિ જીવો વિના તાવ કે રોગ કોને થવાના છે ? ના. જડ–પથ્થર, મકાન કે ખુરસીને તાવ નથી જ આવવાનો, માટે જીવ છે તો રોગ છે અને રોગ છે તો જીવ છે. એમ બન્ને અન્યોન્ય છે. અન્યોન્યાશ્રય છે.

તો આ જગતમાં ચાર સત્તાને અનાદિ માનવી પડે. જેને તાવ આવે છે અર્થાત્ રોગો થાય છે તે જીવ અને જીવને જે રોગો થાય છે તે રોગો, અને જીવ અને રોગો બન્ને છે તો તે રોગને મટાડવાનો ઉપાય જાણનારા વૈદ્ય, હકીમ વગેરે પણ અનાદિ છે અને તે વૈદ્ય, હકીમ જે રોગો મટાડનારા હતા તો તે જ વખતે દવા-ઉપચાર પણ પહેલાથી જ હતા. એમ રોગ, રોગી, દવા અને વૈદ્યાદિ ચારેની સત્તા અનાદિ માનવી જોઈએ.

ઠીક એજ પ્રમાણે શારીરિક રોગોને જાણનારા તો ઘણાં છે પણ આત્માને જે આઠે કર્મોનો ભવભ્રમણનો રોગ લાગુ પડયો છે તેને જાણનારા કેટલા ? અને કોણ ? જેને કર્મો લાગુ પડે છે, બંધાય છે. કર્મની અસરથી જે બંધાય છે ઘેરાય છે, સંસારમાં રખડપટ્ટી કરે છે, પરિભ્રમણ કરે છે – તે "આત્મા" (જીવ) માટે હરિભદ્રસૂરી જીવનું લક્ષણ જણાવતા કહે છે કે—

यः कर्ता कर्म भेदानां, भोक्ता कर्म फलस्य च ।
संसर्ता परिनिर्वाता सह्यात्मा नान्य लक्षणः ॥

—જે કર્મનો કર્તા છે અને કર્મના ફળનો ભોક્તા છે અને સંસારમાં સતત પરિભ્રમણ કરનાર છે તે જ આત્મા છે, જીવ છે અને માટે જ જીવનું પરિભ્રમણ કર્મ વડે છે. તેથી બન્ને શાશ્વતા અને બન્ને અનાદિ છે. અન્યોન્યાશ્રયિ છે. જીવ ન હોત તો કર્મ કોને લાગત ? કર્મ કોણ કરત ? અને કર્મ અને આત્માની સત્તા છે તો આ કર્મના પરિતાપ-સંતાપ–દુઃખના બંધનમાંથી જીવને છોડાવનાર કોણ ? તેનું પણ અસ્તિત્વ

ચોક્કસ છે અને તે છે દેવ-ગુરૂ જે કર્મરોગને મટાડવાની દવા-ઔષધ જાણે છે અને કર્મ નાશનો ઉપાય જાણે તે દેવ ગુરૂ છે, તે પણ જેનાથી મટાડવાના છે, તે છે ધર્મ. રોગ મટાડનાર જેમ ઔષધ તેમ કર્મ નાશ કરનાર ધર્મ આ રીતે આત્મા, કર્મ, દેવ-ગુરૂ, અને ધર્મ આ ચાર સત્તાઓ જગતમાં અનાદિ છે શાશ્વત છે. અને અનન્ત રહેશે.

## સર્વજ્ઞે ધર્મ બનાવ્યો કે બતાવ્યો ?—

જે શાશ્વત હોય છે તેને બનાવવામાં નથી આવતુ. અને જે નિર્મિત હોય છે, બનેલુ હોય છે તે શાશ્વત નથી હોતુ. માટે જ ધર્મ ને કોણે બનાવ્યો ? ધર્મ તો આ બ્રહ્માણ્ડ માં શાશ્વત છે. પરમાત્મા એમ નથી કહેતા કે મે આ ધર્મ બનાવ્યો છે. તે તો સ્પષ્ટ કહે છે કે મેં આ ધર્મ બતાવ્યો છે. હું બનાવનાર નથી. બતાવનાર છું. અને ધર્મ તો કોનું નામ છે ? આત્માને સંસારના કર્મના બંધનોથી છોડાવીને મુકિતના ધામ સૂધી પહોંચાડનાર માર્ગ જેવો છે. તેથી જ ધર્મને માર્ગ રૂપે કહેતા કહ્યુ છે—" **सम्यग् दर्शन ज्ञान-चारित्राणि मोक्ष मार्गः** "—તત્વાર્થસૂત્રમાં પૂજ્ય વાચકમુખ્યજીએ ધર્મને માર્ગ કહયો છે. અને તે પણ કયો મુંબઈ કે દિલ્લી જવાનો માર્ગ રસ્તો નહીં. મોક્ષે જવાનો માર્ગ મોક્ષ સૂધી પહોંચાડનાર માર્ગ તે ધર્મ.

આ માર્ગ કોને બતાવ્યો ? અને આપણે કયા માર્ગે ચાલવાનું છે ? " **महाजनो येन गतः स पन्थाः** " આપણા પૂર્વજ મહાપુરૂષો જે માર્ગે ગયા છે તે જ માર્ગ માર્ગ છે. અને તે જ માર્ગે આપણે પણ જવાનુ છે. જે માર્ગે ચાલીને જે મહાન થયા. મહાપુરૂષ થયા. તેજ માર્ગ સાચો માર્ગ છે. જગતમાં આવા તો સેંકડો માર્ગ છે. ઘણાં માર્ગે જઈને ઘણાં બરબાદ પણ થયા છે. કોઈ મહાન બન્યા તો કોઈ ચોર, ગુંડા, ડાકુ પણ થયા છે. કોઈ સન્માનીત થયા છે તો કોઈ અપમાનિત પણ થયા છે. કોઈ સાધુ થયા છે તો કોઈ શૈતાન પણ થયા છે. જેવો માર્ગ અપનાવશો તેવા થશો.

માટે તીર્થંકર પરમાત્મા જગતને સાચો આદર્શ માર્ગજ દેખાડશે. " **पूव्वतित्थयरनिद्दिठ्ठं** " શ્રી કલ્પસૂત્રમાં આ શબ્દ આવ્યો છે. અર્થાત પૂર્વના તીર્થંકરો એ નિર્દિષ્ટ કર્યા પ્રમાણે........પછી પછીના તીર્થંકરો એ જે કંઈ પણ કહ્યુ છે તે પૂર્વના તીર્થંકરો એ કહ્યા પ્રમાણેજ કહ્યુ છે. માટે બન્નેના કહેવામાં કોઈ ફરક નહીં પડે. કારણ બન્ને તીર્થંકરો સર્વજ્ઞ છે. અને સર્વજ્ઞ પણું બન્નેમાં સરખુ છે તેથી તેમના કથનમાં પણ વૈષમ્ય નથી જ આવવાનુ. માટે અર્થથી સ્વરૂપ થી ધર્મ શાશ્વતો છે પરન્તુ કહેવાનાક્રમથી શબ્દ રચનાથી ધર્મ અશાશ્વતો છે. તેથી જ જે જે તીર્થંકર થશે તે તે જ "ધર્મ-તીર્થ" ની સ્થાપના કરવાના અને જે ધર્મતીર્થની સ્થાપના કરશે તે જ તીર્થંકર કહેવાશે. માટે જ તીર્થંકર સિવાય સામાન્ય કેવલિ ધર્મ તીર્થની સ્થાપના નથી કરવાના.

પાર્શ્વનાથ ભગવંતે જે " **चाउज्जामो धम्मो** " " **चतुर्याम धर्म** " ની સ્થાપના કરી હતી. અર્થાત તેમને ચાર મહાવ્રતની વ્યવસ્થા કરી હતી અને પછી ૨૪માં શ્રી મહાવીરસ્વામીએ ચારના બદલે, પાંચ મહાવ્રતની વ્યવસ્થા કરી તો શું મહાવીરસ્વામીએ ઉમેરો કર્યો કે વધારો કર્યો ? ચારના બદલે પાંચ કરીને શું ધર્મ વધાર્યો ? ના. ચોથા મહાવ્રતમાં સ્ત્રી અને ધન-સંપત્તિ બન્ને જે પરિગ્રહસ્વરૂપેજ ઓળખાતા હતા તે બન્ને ને કાળ પ્રમાણે અને જીવોની બુદ્ધિમત્તા ની મંદતા, જડતા વગેરે જોઈને મહાવીરસ્વામીએ ચોથાના બન્ને અંશ છૂટા કરી સ્ત્રી સંબધી ચોથુ અને ધન-સંપત્તિ સંબંધી પાંચમું વ્રત એમ પાંચ વ્રત કર્યા તો તેથી કંઈજ વધારો નથી થયો. માટે જ ધર્મનુ સ્વરૂપ શાશ્વત છે.

## તીર્થંકર થી તરવાનુ છે કે ધર્મથી ?
## તીર્થંકર તારશે કે ધર્મ તારશે ?

તીર્થંકર ભગવંતેજ ધર્મની પ્રરૂપણા કરી છે. તેમનેજ ઉપદેશ કર્યો છે. આ ધર્મ તેમને જ બતાવ્યો છે. બધી વાત સાચી તો પછી

પ્રશ્ન એ થાય છે કે આપણને કોણ તારશે ? તીર્થંકર કે ધર્મ ? શું ક્યારેય તમે સાંભળ્યુ છે કે વાંચ્યુ છે ? કે–મહાવીર પ્રભુએ એમ કહ્યુ છે કે હું બધાને તારવાનો છું ? ચાલો બધાને મોક્ષમાં લઈ જાઉં, બધાને કેવળજ્ઞાન આપી દઉં. એમ ક્યારેય કહ્યુ છે ?.

આજના તો હાલી નિકળેલા અને કહેવાતા ભગવાનો તો જાણે હું બધાને કેવળજ્ઞાન આપવા આવ્યો છું, મોક્ષ આપવાનો છું, મનેજ ભજો, મનેજ માનો, હું બધાને તારી દઈશ. મોક્ષ આપીશ

એટલુ ચોક્કસ ધ્યાન રાખજો કે જે આવુ બોલે તે ભગવાન નહીં અને ભગવાન હોય તે આવુ બોલે નહીં ? કહેતા ન ફરે. એથીજ સ્પષ્ટ થાય છે કે તેમનામાં ભગવાનપણું જ નથી. તેમનો બકવાસજ તેમના ભગવાનપણાંને પ્રુફ કરી આપે છે કારણ મોક્ષ, કેવળજ્ઞાન વગેરે આપવાની વસ્તુ નથી. તે આપી શકાતી નથી.

તીર્થંકર ભગવંતો કાયમ રહેશે ? કે ભગવાને બતાવેલ ધર્મ કાયમ રહેશે ? બેમાંથી વધુ કોણ રહેશે ? તીર્થંકર ભગવંતને તો આયુષ્યકર્મ લાગેલ છે. અને એક દિવસ આયુષ્યકર્મ પણ સમાપ્ત થઈ જતા સદા માટે સંસાર છોડીને મોક્ષે સિધાવી જાય છે. પરંતુ તેમના ગયા પછી પણ તેમને બતાવેલો ધર્મ આજે પણ છે. મહાવીરસ્વામી ગયાને અઢી હજાર વર્ષ વીતી ગયા છતા પણ મહાવીર સ્વામીએ બતાવેલ ધર્મ તો આજે પણ જીવતો અને જાગતો છે અને હજી તો ઘણો રહેવાનો છે. પાંચમા આરામાં ભરતક્ષેત્રમાં ૨૧૦૦૦ વર્ષ રહેનાર તીર્થંકરનો ધર્મ ક્યાં અને તીર્થંકર મહાવીર પ્રભુનું ફક્ત ૭૨ વર્ષનું આયુષ્ય ક્યાં ? કોણ વધે ? કોનો ઉપકાર ક્ષેત્ર વધારે ? ધર્મનો.

માટે તીર્થંકરો કેવળજ્ઞાન–કે મોક્ષ આપવાની વાત ક્યારેય કરતા નથી, અને કરે પણ નહીં. પરંતુ જે કેવળજ્ઞાની નથી–કવળજ્ઞાની છે તે જ આવી બાલીશ ચેષ્ટા કરે. અને એવી બાલીશ ચેષ્ટા કરીને પણ આપી તો શકતા જ નથી.

## તીર્થંકરને આરાધવા કે તેમનો ધર્મ આરાધવો ?—

જરૂર ધર્મનો મહત્વ ઘણો વધારે છે, બધી વાત સાચી તો પછી શું તીર્થંકરને ન આરાધવા ? ના એવું નથી, શું બાપ કરતા દીકરો સવાયો હોય અને ઘણું વધારે કમાતો હોય તો શું દીકરાને જ માનવો અને શું બાપને ન માનવા ? ના એવું નથી.

ધર્મ તો માત્ર તીર્થંકર કરતા વધારે કાળ જ ટકે છે, પણ તીર્થંકર ભગવંતે ન બતાવ્યો હોત તો ? ગંગા નદી મોટી છે વધુ લાંબી છે ? કે ગંગા જ્યાંથી નિકળી તે ઉદ્ગમ સરોવર વધુ લાંબુ છે ?

પરંતુ સરોવર ન હોત તો ગંગા કયાંથી નિકળત. સર્વજ્ઞ તીર્થંકર ન થયા હોત તો ધર્મ કયાંથી હોત ? ધર્મ કોણે કહ્યો હોત ? માતા ન હોત તો પુત્ર કયાંથી હોત ? એમ ધર્મની સાથે તીર્થંકર નો મૂળભૂત સંબંધ છે. આધાર છે, માટે પહેલા તીર્થંકરને આરાધવા અને પછી તેમનો ધર્મ પણ આરાધવો. તીર્થંકર ની ઉપાસના પણ ધર્મ જ કરાવે છે. અને ધર્મની આરાધના પણ તીર્થંકર જ કરાવે છે, એમ અન્યોન્ય આશ્રયિ છે માટે જ ધર્મ વડે તીર્થંકરની આરાધના અને તીર્થંકર વડે ધર્મની આરાધના. ધર્મ વડે તીર્થંકરની ઓળખ અને તીર્થંકર વડે ધર્મની ઓળખ.

પરંતુ તીર્થંકરની ઉપાસના કરવા છતા પણ જો ધર્મની આરાધના ન કરી તે ડૂબ્યા સમજજો. અને તીર્થંકરની ઉપાસના કરતા કરતા જો ધર્મ ન આરાધ્યો તો પણ ડૂબ્યા સમજજો. તમારો પુત્ર કેવો હોવો જોઈએ, તેનો વિચાર કરો.

૧ પિતાને માને પણ પિતાની આજ્ઞા ન માને—તેવો ?

૨ પિતાની આજ્ઞા માને પણ પિતાને ન માને—તેવો ?

૩ પિતાને પણ ન માને અને પિતાની આજ્ઞા પણ ન માને—તેવો ?

૪ પિતાને પણ માને અને પિતાની આજ્ઞા પણ માને—તેવો ?

આ ચાર પ્રકારના પુત્રામાંથી કયા પ્રકારનો પુત્ર જોઈએ ? તેનો વિચાર કરો, બધા જ કહે છે કે ચોથા પ્રકારનો પુત્ર. એ જ રીતે-ભક્ત, ધર્મી કેવો જોઈએ ?

૧ તીર્થંકરને માને પણ તેમનો ધર્મ ન માને—તેવો ?
૨ તીર્થંકરનો ધર્મ માને પણ તીર્થંકરને ન માને—તેવો ?
૩ તીર્થંકરને અને તેમના ધર્મને બન્ને ન માને—તેવો ?
૪ તીર્થંકરને અને તેમના ધર્મને બન્નેને માને અને આરાધે—તેવો ?

આ ચારમાંથી તમે બધા કયા પ્રકારમાં ગણાઓ ? શું બધા જ ચોથા પ્રકારમાં છો ? કે ૧-૨માં પણ છો ? તે વિચાર કરજો, જો ૧, ૨માં હો તો સાચા ધર્મી નહીં. ચોથા પ્રકારમાં હો તો જ સાચા ધર્મી. તીર્થંકરને માને પણ તીર્થંકરનો ધર્મ ન માને તો પણ મિથ્યાદ્રષ્ટિ કહેવાય. ઘણાં જીવો તીર્થંકરને માનવાની શ્રદ્ધા ધરાવે છે. પણ તીર્થંકરનો કહેલો ધર્મ માનવાની, આચરવાની તેમની ઈચ્છા નથી થતી તો પણ ન ચાલે. માટે સમ્યકત્વ શેમાં ? શું ફક્ત તીર્થંકરને માનવામાં સમ્યકત્વ કે તીર્થંકરે કહેલા ધર્મને માનવામાં સમ્યકત્વ તેનો નિર્ણય કરતા કહ્યું છે કે—

**"जं जं जिणेहिं पवेइयं तमेव निःसंकं सच्चं"**

"જે જે જિનેશ્વર ભગવંતોએ કહ્યું છે તે તે શંકા રહિતપણે સાચુ જ છે" આ ભાવનાને, ( માન્યતાને ) સમ્યકત્વ કહ્યું છે.

**ધર્મ કોને કહેવાય—**

**"जिण पण्णत्तं तत्तं"......**

✠ કેવલિ પન્નત્તો ધમ્મો મંગલં......,
✠ કેવલિ પન્નત્તો ધમ્મો લોગુત્તમો......,
✠ કેવલિ પન્નત્તં ધમ્મં સરણં ગચ્છામિ......

જીવ માત્રના કલ્યાણની ભાવના ભાવિને પૂર્વના ત્રીજા ભવે જેને તીર્થંકર નામકર્મ નિકાચિત કર્યું હોય, અને ચરમ ભવે-સંસાર ત્યાગ કરી દીક્ષા લઈ, મહામોહનીય કર્મને ખપાવવાની સાધના આદરી-ઘોર ઉપસર્ગો સહન કરીને ક્ષપક શ્રેણિમાંથી ચાર ઘાતિકર્મો ખપાવી કેવળજ્ઞાન, કેવલદર્શન, વીતરાગતા, અને અનન્ત શકિત આદિ પ્રાપ્ત કરી સમવસરણે બિરાજમાન થઈ સર્વજ્ઞતા વડે જગતના જે ભાવો જેવા જોયા તે ભાવોને તે જ સ્વરૂપે કહ્યા અને આ કર્મક્ષયનો જગતના તમામ જીવોને જે માર્ગ બતાવ્યો, અર્થાત જિનેશ્વરે જે યથાતથ્ય સત્ય સ્વરૂપ પ્રરૂપ્યો તેનું નામ " ધર્મ " ધર્મ તે સત્ય અને સત્ય તે ધર્મ. જેટલું સત્ય સ્વરૂપ છે તેટલુ સર્વજ્ઞે કહ્યુ છે અને જેટલુ સર્વજ્ઞે કહ્યુ છે તેટલુ સત્યજ કહ્યું છે. માટે સત્ય અને સર્વજ્ઞની વચ્ચે જે અભેદભાવ છે તેને તેજ અભેદ દ્રષ્ટિએ જોવુ, કહેવુ અને આચરવુ તે - 'ધર્મ' એટલા જ માટે કેવલિ-સર્વજ્ઞ ભગવંતે કહેલો ધર્મ તેજ-સર્વશ્રેષ્ઠ મંગળ, તેજ લોકોત્તમ, અને તેની શરણ સ્વીકારવા યોગ્ય છે જે જે સર્વજ્ઞ પ્રણીત નથી તે તે સમ્યગ્ ધર્મ નથી. અને જેજે સમ્યગ્ ધર્મ નથી તે તે સર્વજ્ઞ પ્રણીત નથી. માટે ધર્મ માનવો તો પણ કયો. કે જે સર્વજ્ઞ, જિન, વીતરાગી એવા તીર્થંકરે ભાખ્યો હોય તે.

## તીર્થંકરને ખોટુ બોલવાનું કારણ છે ?

તમારે અને મારે તો ખોટુ બોલવાના ઘણાં કારણો છે, પણ તીર્થંકરને શું ખોટુ બોલવાના કારણો છે ? જે વીતરાગી થઈ ગયા છે તેને હવે ખોટુ બોલવાનું કોઈ કારણ નથી. ખોટુ બોલવાના કારણોમાં ક્રોધ, માન, માયા, લોભ, હાસ્ય, ભય વગેરે ઘણાં કારણો છે. આપણે આ બધાથી ભરેલા છીએ. છદ્મસ્થ છીએ. રાગી-દ્વેષી છીએ. પરન્તુ તીર્થંકરોએ ઘોર તપશ્ચર્યા કરીને મહામોહનીય કર્મને સંપૂર્ણ ખલાસ કરી વીતરાગતા પ્રાપ્ત કરી લીધી છે. માટે તેમનામાં હવે રાગ-દ્વેષ, ક્રોધાદિની સંભાવના જ નથી. ક્રોધ હાસ્ય, ભયાદિ તીર્થંકરમાં સંભવ જ નથી માટે જ તેઓ વીતરાગી છે. અને વીતરાગી છે માટે ખોટુ

જોવુ, ખોટુ કરવુ અને ખોટુ બોલવાની હવે તેમનામાં કોઈ સંભાવના જ નથી. તેથી તીર્થંકરો છદ્મસ્થ હોય ત્યાં સુધી દેશના નથી આપતા. પરન્તુ જ્યારે તેઓ વીતરાગ થઈ જાય. છદ્મસ્થતા નષ્ટ થઈ જાય અને સર્વજ્ઞતા પ્રગટ થાય પછી જ દેશના આપે. પછી જ ધર્મ તીર્થની સ્થાપના કરે, પરન્તુ છદ્મસ્થ કાળમાં નહી. આ તેમની મહાન વિશેષતા છે. માટે ભગવાનમાં વીતરાગતા અને સર્વજ્ઞતા હોવી પરમ આવશ્યક છે. વીતરાગતા અને સર્વજ્ઞતા વિના ભગવાનપણું સંભવ નથી...આ વ્યાખ્યા સ્પષ્ટ તર્કબદ્ધ સમજીને પછી વિચાર કરો કે શું આજે જે પોતાની જાતને ભગવાન કહેવરાવે છે તે શું વીતરાગ કે સર્વજ્ઞ છે ? અને જો વીતરાગ હોય તો શું તેમને આવી ભૌતિક પૌદ્ગલિક જડ વસ્તુઓનો મોહ-મમત્વ-મૂર્છા-સંગ-સંગ્રહ-પરિગ્રહ હોય ખરો ? અને હોય તો ભોગી કે ત્યાગી ? અને ભોગી હોય તો ભગવાન કેવી રીતે સંભવે ? ભોગી અને ભગવાન પણું તો પૂર્વ-પશ્ચિમ જેવુ વિરૂદ્ધ છે.

**मोक्षमार्गस्यनेतारं भेत्तारं कर्मभूभृताम् ।**
**ज्ञातारं विश्वतत्वानां, वन्दे तद्गुणलब्धये ॥**

આપ્તપરીક્ષા ગ્રન્થમાં શ્રી વિદ્યાનંદી કહે છે કે-જે મોક્ષ માર્ગે લઈ જનાર હોય, કર્મના ડુંગરાઓને તોડી નાખનાર હોય, અને વિશ્વના સમસ્ત તત્વોના જ્ઞાતા હોય તેને જ તીર્થંકર ભગવાન કહેવાય તેના ગુણોની પ્રાપ્તિ અર્થે તેમને નમું છું.

ભગવાન બનવા માટે આટલા લક્ષણ તો હોવા જરૂરી છે. અવશ્ય જ હોવા જોઈએ અને જેનામાં ન હોય તે તીર્થંકર નહીં. ભગવાન નહીં અને જગતનો નિયમ છે કે “ **पुरुष विश्वासे वचन विश्वासः** ” સર્વ પ્રથમ પુરૂષમાં જો વિશ્વાસ બેસી જાય તો તેના કહેલા વચનમાં પણ વિશ્વાસ આવી જાય. પ્રથમ ધર્મ બતાવનારા, કહેનારા તીર્થંકરમાં પૂર્ણશ્રદ્ધા જાગી જાય તો પછી તેમના કહેલા ધર્મમાં પણ શ્રદ્ધા અવશ્ય નિર્માણ થઈ જશે આવા પરમ વીતરાગી આપ્ત પુરૂષના વચનને જ આગમ કહ્યું છે. અને આગમને જ શબ્દ પ્રમાણ માનવામાં આવે છે.

આગમ (શબ્દ) પ્રમાણુથી જ જગતના તમામ ભાવો–દ્રવ્ય–ગુણ–પર્યાયાદિ ભાવો જણાશે પદાર્થોની ઉત્પાદ–વ્યય–તથા ધ્રૌવ્યાત્મક અવસ્થા સમજાશે.

"**आप्तस्तु यथार्थ वक्ता**" યથા તથ્ય વસ્તુનું સ્વરૂપ જાણીને જેવુ જાણ્યું તેવુ જ કહેનારા આપ્ત મહાપુરૂષ કહેવાય. અને **आप्तवचनाद्दाविर्भूत मर्थसंवेदनमागमः**" આવા પરમ આપ્ત મહાપુરૂષ અર્થાત્ વીતરાગ સર્વજ્ઞ ભગવંતો ના કહેલા વચન ને જ આગમ કહેવાય માટે પ્રભુએ કહેલુ આચરવુ તે ધર્મ

## ભગવાને કહ્યુ તે કરવુ ? કે ભગવાને કર્યું તેમ કરવુ ?

સ્વયં તીર્થંકર ભગવંત તો સર્વજ્ઞ હતા. કેવળી હતા. પ્રથમ સંઘયણ અને પ્રથમ સંસ્થાનવાલા તદ્ભવમોક્ષગામી હતા ભગવંત સ્વયં પોતાના જીવનમાં ઘણું આચરતા ગયા. પરન્તુ ભગવંતે એમ નથી કહ્યું કે-મે કર્યું તેમ તમે બધા કરજો, શું ભગવાને કર્યું તે આપણાથી થવુ શકય છે ? નથી, તો શું ભગવાને કર્યું તે મુજબ કરવુ તે ધર્મ ? કે પછી ભગવંતે કહ્યું તે મુજબ કરવુ તે ધર્મ ? શું ભગવાને લગ્ન કર્યા હતા તો શું આપણે પણ કરવા અનિવાર્ય છે ? ના એવુ કઇ જ નથી. માટે સમ્યકત્વની વ્યાખ્યામાં તો–**जिणेहिं पवेइयं** જિનેશ્વરોએ કહ્યું-પ્રરૂપ્યુ તે મુજબ...એ શબ્દો લક્ષણમાં છે. માટે જે જે જિનેશ્વર ભગવંતે પોતાના અનન્ત જ્ઞાનથી જોઇને ભાવિ કાળના ભાવો જોઇને જે કહ્યું છે તે મુજબ કરવું આચરવું તેનું જ નામ ધર્મ.

## ધર્મની વ્યાખ્યા અને અર્થ :

"धृ" ધારણે ધાતુ ઉપરથી ધર્મ શબ્દ બન્યો છે. ધારી રાખવું, ધારણ કરવું. જેના વડે ધારી રખાય તે ધર્મ. જે ધારણ કરી રાખે તે ધર્મ, એમ આત્માને પણ સારી સદ્ગતિમાં ધારી રાખે અને દુર્ગતિમાં પડવા ન દે તેનું નામ ધર્મ" આજ વાતને શાસ્ત્રકાર ભગવંતે સ્પષ્ટ કહી છે કે—

दुर्गति प्रपतज्जन्तुन् धारणाद् धर्म उच्यते ।
धत्ते चैतान् शुभे स्थाने तस्माद्धर्म इति स्मृतः ॥

卐માં બતાવ્યા પ્રમાણે ચાર ગતિ હોય છે. તેમાં–

→ ઉપરની બે સદ્દગતિ છે. અને
→ નીચેની બે દુર્ગતિ છે.

મનુષ્ય અને દેવની બે ગતિ તે સદ્દગતિ અને તિર્યંચ તથા નરકની બન્ને ગતિને દુર્ગતિ કહી છે. જેમ અંધ મનુષ્યના હાથમાં રહેલી લાકડી તેને ખાડામાં પડતા અટકાવે છે. બચાવે છે. તેજ પ્રમાણે આત્માને તિર્યંચ અને નરકની દુર્ગતિમાં પડતા બચાવનાર ધર્મ છે. અને પાડનાર અધર્મ પાપ છે. દુર્ગતિમાં પડતા બચાવવા અર્થાત્ મનુષ્ય અને દેવની સદ્દગતિમાં ધારણ કરી રાખવા તેનું નામ ધર્મ. સદ્દગતિમાં ઉત્તમ સુખ મળે છે તો તે છોડીને દુઃખ વાલી દુર્ગતિમાં પડવા કોણ રાજી હોય ? માટે એ દુર્ગતિમાં પડતા અટકાવનાર, બચાવનાર ધર્મ છે.

## वत्थु सहावो धम्मो ( वस्तु स्वभाव ते धर्म )

—આ જગતમાં અનન્ત વસ્તુઓ છે. અને 'अनन्तधर्मात्मकं वस्तु' વસ્તુ અનન્ત ધર્મ વાળી છે. સાકર ગળી છે, પાણી ઠંડુ છે, અગ્નિ ગરમ છે. લાકડુ તરે છે, વગેરે બધા વસ્તુના ગુણ ધર્મ છે. અહીં ગુણ ધર્માત્મક છે અને ધર્મ ગુણ રૂપે છે, માટે જ 'गुणपर्याय् वद् द्रव्य'' અર્થાત ગુણ અને પર્યાયવાલુ જે હોય એને દ્રવ્ય (વસ્તુ) કહેવાય. અને તે વસ્તુમાં રહેલ સ્વભાવ દા.ત. શીતલતા, ઉષ્ણતા, તરવાપણું, વગેરે ગુણો તે ધર્મસ્વરૂપે છે. બાળવુ એ અગ્નિનો સ્વભાવ છે. અને શીતલતા એ પાણી નો સ્વભાવ છે વગેરે સ્વભાવરૂપ ધર્મ છે. ધર્મ બદલાઈ નથી જતો. અધર્મસ્વરૂપે બની નથી જતો. બધી જ વસ્તુ ધર્માત્મક છે. દરેકનો પોતપોતાનો ધર્મ હોય છે. ધર્મ અપરિવર્તનશીલ શાશ્વત છે. લાખોવર્ષો પહેલા પણ કીડીને ન મારવી એ ધર્મ જ કહેવાતુ હતું કોઈને ન મારવો, અસત્ય ન બોલવું વગેરે લાખો-ક્રોડો વર્ષો પૂર્વે

પણ ધર્મ રૂપેજ ઓળખાતા હતા. આજે પણ એને જ ધર્મ કહીએ છીએ અને લાખો–ક્રોડો વર્ષો પછી પણ એ ધર્મજ કહેવાશે માટે ધર્મનું સ્વરૂપ ત્રણે કાળમાં એક સરખુજ રહે છે. એવું નથી કે લાખો વર્ષો પૂર્વે કીડીને ન મારવી જે ધર્મ કહેવાતો હતો તે આજે કોઈ શોધીને કહે કે ના...ના હવે આજથી કીડીને મારવી એ ધર્મ કહેવાશે. કંઈ વાંધો નથી. મારો મારો પહેલાના લોકો મૂર્ખ હતા માટે નહોતા સમજતા પણ આજે હવે નવી શોધ થઈ છે. બધા સમજતા થયા છે. માટે કીડીને મારવામાં ધર્મ છે." આ નવી શોધ પ્રમાણે મારવી જોઈએ શું આવું બનવાનું ખરૂ ? ના યાવત ચંદ્ર-દિવાકરો સુધી ધર્મના સિદ્ધાન્તો અફર છે. શાશ્વત છે. વિજ્ઞાન બદલાતું જાય છે. રોજ જુદી જુદી વાતો કરે છે હા વાત પણ સાચી છે કે જે અપૂર્ણ છે, અસત્ય છે તે હંમેશા બદલાતુ જશે. પરિવર્તનશીલ રહેશે. પરન્તુ જે પૂર્ણ છે, સત્ય સ્વરૂપે છે તે અપરિવર્તન શીલ છે. શાશ્વત છે. તે કયારેય નહીં બદલાય. ત્રણે કાળમાં એક જ સ્વરૂપે રહેશે. ધર્મતો સર્વજ્ઞ મહાપુરૂષોની દેન છે. જ્યારે વિજ્ઞાન તો અલ્પજ્ઞોની નિપજ છે.

### " आणाए धम्मो "—આજ્ઞા એ ધર્મ છે—

સર્વજ્ઞ વીતરાગી ભગવંતે પોતાના અનન્તજ્ઞાનથી જોઈને પદાર્થનું યથાસ્વરૂપ જે હતું તેવુંજ જે જણાવ્યું છે. અને તે તે પદાર્થનું સ્વરૂપ–સ્વભાવ જણાવ્યા પછી તે તે પદાર્થની સાથે કેવી રીતે વર્તવું ? તે માટે જ આજ્ઞા કરી છે–તે આજ્ઞારૂપ ધર્મ છે. જીવની સાથે કેવી રીતે વર્તવું અને અજીવની સાથે કેવી રીતે વર્તવું એ આજ્ઞા ને પણ ધર્મરૂપે કહેલ છે. આજ્ઞા વિધેયાત્મક અને નિષેધાત્મક ઉભય સ્વરૂપે છે. આ કરવું જોઈએ અને આ ન કરવું જોઈએ. એમ બન્ને સ્વરૂપે આજ્ઞા ધર્મ છે.

દા.ત. પરમાત્માએ સાવ એમ કયારેય નથી કહ્યું કે ખાવું જ ન જોઈએ. જોવુંજ નહીં, બોલવું જ નહીં, ચાલવુંજ નહીં, સાંભળવુંજ

નહીં આ બધામાં પાપ છે...પાપ છે...ના. પ્રભુએ આવી રીતે કહ્યુંજ નથી. પરમાત્માએ તો કહ્યું કે-ખાવા જેવું ખાવું અને ન ખાવા જેવું ન ખાવું, જોવા જેવું જોવું અને ન જોવા જેવું ન જોવું, બોલવા જેવું જ બોલવું અને ન બોલવા જેવુ ન બોલવું, સાંભળવા જેવું જ સાંભળવું ન સાંભળવા જેવું ન સાંભળવું...એ પ્રમાણે ધર્મનું સ્વરૂપ વિધેયાત્મક અને નિષેધાત્મક કહ્યું છે. પરન્તુ જો આપણે આ રીતે આજ્ઞાનો ખ્યાલ ન રાખીએ અને પછી વીપરીત વર્તન કરીએ-અર્થાત્

**" पडिसिद्धाणं करणे, किच्चाणमकरणे पडिक्कमणं ।**
**असद्दहणे अ तहा वीवरीअ परुवणाअे अ " ॥**

(૧) પ્રતિષેધ- જેનો ન કરવું એમ નિષેધ કર્યો હોય તેનું આચરણ કરવું, અને જેની આચરણાર્થે આજ્ઞા કરી હોય તેનું પાલન કરવું, અર્થાત્ કરવા યોગ્ય ન કરવું, અને ન કરવા યોગ્ય કરવું, અને શ્રધ્યેય ઉપર શ્રદ્ધા ન ધારણ કરવી, તથા સત્યમાર્ગથી વીપરીત પ્રરૂપણા કરવી તે અધર્મ કહેવાશે-પાપ કહેવાશે. આ ચારેના નિમિત્ત માટે પ્રતિક્રમણ કરવું પડશે માટે ધર્મ વિધિ-નિષેધાત્મક ઉભયરૂપે છે. કોનું વિધાન કર્યું છે અને કોનો નિષેધ કર્યો છે એમ બન્ને આજ્ઞાનો યોગ્ય વિચાર કરીને પછી જ આગળ વધવું. માટે આજ્ઞા એ પરમ ધર્મ છે—

જિનેશ્વરના મંદિરમાં પ્રભુની પૂજા કરતા પહેલા આપણા કપાલે તિલક કરીએ છીએ. શું એ આપણી પૂજા છે ? અને પૂજા હોયતો શું. ભગવાનની પૂજા પહેલા આપણી પૂજા ? ના.. ના... એ પૂજા નથી. જે પરમાત્માની પૂજા કરવાની છે...એ જ પૂજ્ય પ્રભુએ જે આજ્ઞારૂપધર્મ બતાવ્યો છે કહ્યો છે...તેનું પાલન હું કરીશ હે પ્રભુ ! આપની આજ્ઞા મસ્તકે ચઢાવું છું, આપની આજ્ઞા શિરોધાર્ય છે. તે માટે પ્રથમ આપણા કપાલે તિલક. તે આજ્ઞાપાલકનું સુચક ચિન્હ છે

**आज्ञाराद्धाविराधा च शिवाय च भवाय च ॥**

આજ્ઞાધર્મની આરાધના કલ્યાણના માટે થાય છે. અને આજ્ઞાની વિરાધના તે સંસારની ભવપરંપરા વધારનાર થાય છે. માટે આજ્ઞાધર્મ એ તારક છે. અને આજ્ઞાનો ઉલ્લંઘન ડુબાડનાર છે.

**ઉપયોગે ધર્મ :**

ક્રિયાએ કર્મ........,પરિણામે બંધ ..., કહ્યું છે. અર્થાત્ જેવું કરો છો, જેવી તમારી પ્રવૃત્તિ છે તે કર્મ લાગશે, અને જેવા પરિણામ હશે તેવો કર્મનો બંધ પડશે કર્મબંધનો આધાર મનના પરિણામ ઉપર છે. જ્યારે "ઉપયોગે ધર્મ" (જયણાએ ધર્મ) કહ્યો છે. અર્થાત્ તે ક્રિયા–વિધિમાં તમે મન–વચન–કાયાથી જયણા કેટલી પાળો છો કોઈ પણ જીવની વિરાધના ન થાય તે માટે તમે કેટલા જાગૃત છો, ઉપયોગ રાખો છો તેમાં ધર્મ છે. માટે અહર્નિશ સતત ઉપયોગમાં રહેવું સાવધાન–અપ્રમત્ત રહેવું. જયણાનો પાલન કરવું એ જ ધર્મ છે. માટે સર્વ પ્રવૃત્તિમાં જીવ હિંસાદીથી બચવાનો સતત ઉપયોગ રાખવો. જયણા રાખવી

**અધર્મના ત્યાગરૂપ ધર્મ :**

हिंसाऽनृताद्यः पञ्च तत्त्वाश्रद्धानमेव च ।
क्रोधादयश्च चत्वार इति पापस्य हेतवः ॥

शास्त्रवार्तासमुच्चयमहाग्रन्थમાં પૂજ્ય હરિભદ્રસૂરી મહારાજ હિંસા, ઝૂઠ, ચોરી મૈથુન, પરિગ્રહ, તત્ત્વની અશ્રધ્ધા અર્થાત્ મિથ્યાત્વ, ક્રોધ, માન, માયા લોભાદિ ચાર કષાયો વગેરે પાપના કારણ છે. પ્રમાદ-યોગથી કોઈ જીવને મારવો તે હિંસારૂપ અધર્મ છે. પ્રમાદ અર્થાત-મદ્ય, વિષય–વાસના, કષાયો, નિદ્રા–આલસ્ય વગેરે અને સ્ત્રી ભક્ત, દેશ, રાજકથાદિ ચાર વિકથા વગેરે પાપના કારણો છે. આ પાપના કારણો જ અધર્મરૂપ છે. જે જીવોને સહજ છે.

विपरितास्तु धर्मस्य एत एवोदिता बुधैः ।
एतेषु सततं यत्नः सम्यक् कार्यः सुखैषिणा ॥

અર્થાત જે હિંસાદિ અધર્મના હેતુ છે તેનો ત્યાગ કરી તેમના વિરોધને આરાધવો તે જ ધર્મ છે. અર્થાત્ હિંસાનો વિરોધિ–અહિંસા, અસત્યનો વિરોધિ–સત્ય, અદત્તાદાનનો વિરોધિ–અચૌર્ય મૈથુનનો વિરોધિ–બ્રહ્મચર્ય, પરિગ્રહનો વિરોધિ–અપરિગ્રહ આ હિંસાદિ અધર્મના વિરોધિ, વિપરીત્ત તે તે ધર્મરૂપ થયા અર્થાત અહિંસા, સત્ય, અસ્તેય વૃત્તિ, બ્રહ્મચર્ય, અપરિગ્રહ ( અનાસક્તિ ) સમ્યકત્વ ક્ષમા-સમતા, મૃદુતા = નમ્રતા, ઋજુતા = સમતા, સંતોષ = નિર્લોભતા આદિ અધર્મ ( પાપ ) ના ત્યાગરૂપ ધર્મ છે. માટે ધર્મનું પહેલું પગથિયું એટલે પાપના ત્યાગની પ્રતિજ્ઞા આજે ઘણાં ધર્મ કરવાનો અર્થ એટલો જ સમજે છે કે દર્શન–પૂજા–સામયિક કરી એટલે પતી ગયું. બસ થઈ ગયું ધર્મ. પરન્તુ ના દર્શન–પુજા–સામયિકમાં જ ધર્મની ઈતિશ્રી અર્થાત સમાપ્તિ નથી. ધર્મનો પાપના પચ્ચખાણથી જ શરૂ થાય છે માટે જ કરેમિ ભંતે સૂત્રથી પ્રતિજ્ઞા લઈને સામયિક લેવામાં આવે છે તેમાં પણ પહેલા " **सावज्जं जोगं पच्चक्खामि** "નો આદેશ છે. અર્થાત હિંસાદિ સાવદ્યપાપની પ્રવૃત્તિનો ત્યાગ. તે જ ધર્મ. સંવર ધર્મનું લક્ષણ જ એ છે કે—આશ્રવનિરોધી સંવર : અર્થાત્ પાપના અધર્મના –આશ્રવોનો ત્યાગ કરવો તેનું નામ ધર્મ છે

પરમાત્માના દર્શન, પુજા, સામયિક, જાપ વગેરે બધા વિધેયાત્મક ધર્મ જરુરથી આરાધવાના છે પરન્તુ હિંસાદિ પાપોનો ત્યાગ પણ અવશ્ય કરવાનો છે. તે જ સાચો ધર્મ

**કર્તવ્યપરાયણ ધર્મ :**

કર્તવ્ય ધર્મને પણ ધર્મ કહ્યો છે. પિતૃધર્મ, પતિધર્મ એક પાતિવ્રત્ય ધર્મ વગેરે એમ કર્તવ્ય, મર્યાદા પાલનને પણ ધર્મમાં ગણવામાં આવેલ છે. પિતાની પુત્ર પ્રત્યે ફરજ છે. પુત્રની પણ પિતા પ્રત્યે ફરજ છે. એજ પ્રમાણે ભાઈની બહેન પ્રત્યેની ફરજ, બહેનની ભાઈ પ્રત્યેની ફરજ, પત્નીની પતિ પ્રત્યેની નિષ્ઠા અને પતિની પત્નીની રક્ષાની ફરજ, એજ પ્રમાણે એક સૈનિકની દેશ રક્ષાની ફરજ, સેવકની શેઠ પ્રત્યેની ફરજને પણ

ધર્મનું નામ આપવામાં આવેલ છે. તે સંબંધમાં દરેકે પોતાની ફરજ ( કર્તવ્ય ) અદા કરવાની હોય છે. તેને ધર્મ કહેવામાં આવે છે.

આજે પાશ્ચાત્ય દેશોમાં જ્યાં પારિવારિક વ્યવસ્થા જ પડી ભાંગી છે. બધા સ્વચ્છંદ-સ્વેચ્છાચારી થઈ ગયા છે. પુત્ર-પિતાને ગણકારતો નથી. અને પુત્રી પણ પિતા-માતા કોઈને ગણકારતી નથી. જ્યાં માત્ર અર્થ અને કામ પ્રધાન જીવન છે. તેની શું કિંમત ? ખરેખર ધર્મ વિના માનવીની કોઈ કિંમત જ નથી. નીતિકારો કહે છે કે—

**येषां न विद्या न तपो न दानं,**

**ज्ञानं न शीलं न गुणो न धर्मः ।**

**ते मर्त्यलोके भूवि भारभूता, मनुष्य रूपेण मृगाश्चरंति ॥**

ખરેખર જેમનામાં વિદ્યા નથી, તપ નથી. દાન નથી. જ્ઞાન નથી, શીલ-સદાચાર નથી, નથી કોઈ ગુણ કે ધર્મ નથી તે જીવો આ મૃત્યુલોકની ધરતિ ઉપર ભાર રૂપ થઈને માત્ર મનુષ્યના રૂપમાં બે પગના પશુ-રૂપે ઘાસ જ ચરે છે. અર્થાત્ એવા મનુષ્યો પશુ જેવા છે. તેમનામાં અને પશુમાં ફરક શું પડ્યો ? આહાર, નિદ્રા, ભય, મૈથુન ની સંજ્ઞાઓ તો પશુ-પક્ષીમાં પણ છે. અને તે જ મનુષ્યોમાં પણ છે. એક-નાનુ પશુ-કે પક્ષી પણ પેટ ભરવા આહાર કરે છે, ઉંઘે છે, તેમને પણ ભય છે, અને મૈથુનની સંજ્ઞા પણ છે. અને તે જ મનુષ્યમાં પણ છે તો પછી મનુષ્યમાં વિશેષ શું. ? કે જેથી તે મનુષ્ય કહેવાય. એવું જો વિશેષ કંઈ જ હોય તો તેનું નામ છે ધર્મ. **धर्मो हि तेषामधिको विशेषः** એક ધર્મ જ મનુષ્યમાં અધિક વિશેષ છે કે જેના કારણે તે પશુ કરતા જૂદો તરી આવે છે.

**यः प्राप्य दुष्प्राप्यमिदं नरत्वं, धर्मं न यत्नेन करोति मूढः ।**
**क्लेशप्रबन्धेन स लब्धमब्धौ, चिन्तामणिं पातयति प्रमादात् ॥**

પૂ. સોમપ્રભસૂરી મહારાજ સિન્દૂર પ્રકરણ-ગ્રન્થમાં કહે છે કે—

જે જીવ દુર્લભમાં દુર્લભ મનુષ્ય જન્મ પામીને પણ યત્નપૂર્વક ધર્મ કરતો નથી, તે મૂઢ મનુષ્ય મુશ્કેલીથી મળેલા ચિંતામણી રત્નને પ્રમાદથી દરિયામાં પાડી નાંખે છે. ખોઈ બેસે છે. માટે મનુષ્ય જન્મની સાર્થકતા ધર્મ વડે જ છે.

માનવનો જન્મ મળ્યો છે. મહાવીરનો ધર્મ મળ્યો છે,

આવો સંયોગ નહીં આવે ફરીવાર......

**ધર્માદિ ચાર પુરૂષાર્થ**—

| ધર્મ | અર્થ | કામ | મોક્ષ |
|---|---|---|---|

જેમ દૂધમાંથી દહીં, દહીંમાંથી માખણ અને માખણમાંથી ઘી એમ પ્રક્રિયાએ ક્રમે ક્રમે આગળ વધતા છેલ્લે ઘી મળે છે. ઘીનું મૂળ તો દૂધ જ છે. દૂધમાં જ ઘી છે. દૂધમાંથી જ ઘી મળે છે. પરન્તુ વચ્ચેના બે ક્રમમાંથી પસાર થવું પડે છે. તેમ ધર્મ-અર્થ-કામ-અને મોક્ષ એ ચાર પુરૂષાર્થ છે, સરવાલે ધર્મથી જ મોક્ષ મળે છે. મોક્ષનું મૂળ ધર્મમાં જ છે. ધર્મ વિના મોક્ષ નથી. બીજ ન હોય તો ઝાડ-ફળ-ફૂલ વગેરે કંઈ જ નથી. તેમ મોક્ષ તો ફળ છે. પણ તેનું મૂળ બીજ તો ધર્મ જ છે. મોક્ષ તો સર્વોપરિ ફળ-પદ છે. ત્યાં સુધી પહોંચવા માટે-ધર્મની જ નીસરણી જોઈએ. નીસરણી ચઢીને જ ઉપર પહોંચાય એમ આ ધર્મથી જ મોક્ષ મળે. માટે ધર્મને ચારમાં પ્રથમ પુરૂષાર્થ કહ્યો છે. ધર્મ માટે આત્માએ સતત પુરૂષાર્થ કરવો જોઈએ.

પરન્તુ ઘી મેળવતા પહેલા જેમ વચ્ચે દહીં અને માખણ મળે તો વચ્ચે જ ઘી માખણની પ્રાપ્તિથી રાજી ન થઈ જવું. અને તેમાં જ સંતોષ પામીને બેસી રહેશો તો આગળ ઘી ક્યારેય નહીં મળે તેમ આ જીવને આ ભવ કે પરભવમાં જ્યારે પણ પુણ્યોદયે સુખ-

સંપત્તિ–વૈભવ, સ્વર્ગાદિ સુખ, સંતાન–સંતતિ અને સંપત્તિ, સત્તા અને સુંદરી વગેરેના સુખો–ભોગો આદિની પ્રાપ્તિ પણ મળશે તો ધર્મ થકી જ મળશે. ધર્મ પુણ્યોપાર્જન કરાવે છે અને પુણ્યોપાર્જનથી સુખ–સંપત્તિ પ્રાપ્ત થાય છે.

## ધર્મ થકી જ પુણ્ય–સુખની પ્રાપ્તિ

જગતમાં નિશ્ચિત કાર્ય કારણભાવ સંબંધ જોઈએ છીએ. માટી હતી તો ઘડો થયો. આગ હતી તો ધૂમાડો નિકળ્યો અને બીજ હતું તો ઝાડ–ફળ–ફૂલ વગેરે ઉગ્યા. એજ રીતે સુખ–દુઃખ કારણ નથી, કાર્ય છે, પરિણામ છે. કારણ જીવ માત્ર સુખ મેળવવા મથે છે, દુઃખને ટાળવા મથે છે. સતત આ બન્ને પ્રવૃત્તિમાં જીવો પ્રયત્નશીલ છે. તેથી જ એ કાર્યરૂપે છે.

જો સુખ–દુઃખ કાર્ય છે તો તેના કારણ કોણ ? તે જણાવતા હરિભદ્રસૂરિ મહારાજ કહે છે કે—

**दुःखं पापात् सुखं धर्मात्, सर्वशास्त्रेषु संस्थितिः ।**
**न कर्तव्यमतः पापं, कर्तव्यो धर्म सञ्चयः ॥**

—જ્યારે–ક્યારે કોઈ પણ જીવને સુખ–દુઃખ મળશે ત્યારે કરેલા પાપ અને ધર્મના કારણે જ મળશે. તે સિવાય બીજું કોઈ કારણ જ નથી. આ સિદ્ધાંત સર્વ ધર્મ શાસ્ત્રોમાં સત્ય જ કહ્યું છે. માટે કોઈ પણ સંયોગોમાં પાપ કરશો નહીં. ધર્મનો જ સંગ્રહ કરજો. ધર્મ જ આચરજો કારણ ધર્મ જ સુખ-શાંતિ આપનાર છે. ઈશ્વર તમારા સુખ–દુઃખનો કારણ નથી ઈશ્વર સુખ–દુઃખ આપનાર નથી. આ માન્યતા પથ્થર ઉપર કોરેલી રેખાના જેવી સ્પષ્ટ અને દઢ હોવી જ જોઇએ. પરંતુ શું થાય આ સંસારનું બહુ જ વિચિત્ર સ્વરૂપ વિપરીત ચિત્ર જોવા મળે છે. સંસારમાં જીવો કેવી વિપરીત અને વિચિત્ર વૃત્તિવાળા છે? તેનું ચિત્ર શાસ્ત્રવાર્તા સમુચ્ચય ગ્રન્થમાં આ પ્રમાણે રજુ કર્યું છે—

**धर्मस्य फलमिच्छन्ति, धर्मं नेच्छन्ति मानवाः ।**
**फलं नेच्छन्ति पापस्य, पापं कुर्वन्ति सादराः ॥**

—હરિભદ્રસૂરિ મહાત્મા કહે છે કે–ધર્મનું ફળ જે સુખ છે તે મેળવવાની તો સર્વની ઇચ્છા છે. સહું ઇચ્છે છે. પરંતુ આશ્ચર્યની વાત તો એ છે કે જેના વડે સુખ મળે છે તે ધર્મને કોઈ ઇચ્છતું નથી અને પાપના ફળરૂપે દુઃખ મળે એવું કોઈ ઇચ્છતુ નથી. છતાં પણ પાપ કરવાનું છોડવા કોઈ તૈયાર નથી. પાપ તો આરામથી, મોજ–મજાથી રાચીરાચીને કરે છે. તો પછી પરિણામ શું આવશે? લોકોને આજે પાપ કરીને સુખી થવું છે પરંતુ એટલું ધ્યાનમાં રાખવા જેવું છે કે કર્મ સત્તાના ઘરમાં દેર હૈ, પર અંધેર નહીં હૈ! જેવું વાવશો તેવું જ લણશો, જેવું કરશો તેવું જ પામશો. કાંટા વાવ્યા હશે તો કાંટા જ ઉગશે કેરી નહીં ઉગે. કેરી જોઇતી હોય તો કેરી જ વાવજો. સુખ જોઇતું હોય તો બીજાને સુખ જ આપજો. દુઃખ આપીને સુખ મેળવવાની બાલીશ ઇચ્છા કયારેય રાખશો નહીં.

જગતમાં સુખી વધારે કે દુઃખી વધારે? દુઃખી સંસારમાં પાપ કરનારા વધારે કે ધર્મ કરનારા વધારે?...પાપી જ વધારે. તો પછી બધા સુખી બની જાય. થઈ જાય એ બનવાનું છે? ના કયારેય નહીં બને. સંભવ જ નથી શું સંસારમાં બધા ધર્મી થઈ જશે. જીવ માત્ર પાપ જ ન કરે એ શું શકય છે. ભૂતકાળના અનન્તા વર્ષોમાં પણ બન્યું નથી. તો આજે કયાંથી બને? અને ભવિષ્યમાં પણ નથી જ બનવાનું માટે સંસાર એનું જ નામ છે કે જ્યાં પાપ કરે અને દુઃખી થાય, દુઃખી થાય ને ફરી પાપ કરે. **पुनरेव पापी पुनरेव दुःखी, पुनरेव दुःखी पुनरेव पापी.** પાપ કરીને દુઃખી, અને દુઃખી થઈને ફરીથી પાપ કરવું...એ જ સંસારની ઘટમાળ છે. સાયકલના ચક્રની જેમ ચાલ્યા જ કરશે. સતત ચાલશે બસ એનું જ નામ સંસાર છે.

માટે જ મોક્ષ એ પરમ ચરમ પુરુષાર્થ છે મોક્ષ પ્રાપ્તિ માટે જ ધર્મ કરવાનો છે. ધર્મ કરવાથી અર્થ કામના સુખો ભોગો મળે એ તો

એનો આસન્ન તાત્કાલિક ફળ છે. પરંતુ ચરમ ફળ તો અપવર્ગ મોક્ષ પ્રાપ્તિનું છે. તેનું જ લક્ષ રાખીને ધર્મ આરાધવાનો છે. ધર્મથી પુણ્ય અને પુણ્યથી સુખ જરૂર મળે છે. સુખ જ્યારે પણ મળશે ત્યારે ધર્મથી જ મળશે. એમાં શંકા નથી ચોક્કસ મળશે. પરંતુ આ સુખ-ભોગો-વૈભવ-સ્વર્ગાદિ મેળવવા માટે આપણે ધર્મ નથી આરાધવો એ જ લક્ષથી ધર્મ નથી કરવાનો આપણે તો મોક્ષના લક્ષથી જ ધર્મ કરવાનો છે સવ્વપાવપ્પણાસણો = સર્વ પાપ કર્મના નાશ માટે જ નિર્જરા માટે જ ધર્મ આરાધવાનો છે. એ સિવાય બીજો લક્ષ જ ન હોવો જોઈએ. અને ધર્મથકી મળી ગયેલા અર્થ કામના સુખોમાંજ લીન થઈ ને કયારેય મોક્ષને ભૂલી ન જવો. મુંબઈથી દિલ્હી જતાં વચ્ચે અમદાવાદ ગાડી બદલવી પણ પડે ઉતરવું પણ પડે પરંતુ, અમદાવાદને જ દિલ્હી માનીને ત્યાં જ રહી નથી જવાનું. તો તો મોટું અનર્થ થઈ જશે. મહાભૂલ કહેવાશે...અને સંસારમાં ઘણા જીવો એવા છે કે જે આ મોટી ભૂલ કરી બેઠા છે. પૂર્વ જન્મની ધર્મારાધનાના પુણ્યોદયે આજે આ જન્મમાં મળેલ અર્થ અને કામને સુખ ભોગ વૈભવ ધન-સંપત્તિ માનીને એમાં જ એવા મશગુલ થઈ ગયા છે, એવા લીન તલ્લીન થઈ ગયા છે કે બસ તે જીવોએ એમાં જ ઈતિશ્રી સમાપ્તિ માની લીધી છે. હવે તેમને મોક્ષનો વિચાર જ નથી આવતો.

અરે ભાગ્યશાળી ! આ સંસારના સુખો તો હકીકતમાં સુખો જ નથી સુખાભાસ છે. સૂર્યના કિરણો રેતી ઉપર પડતા જેમ પાણીનો આભાસ ચળકાટના કારણે થાય છે તેમ આ સુખો તો માત્ર સુખાભાસ છે. હકીકતમાં તો દુઃખો જ છે. માટે તું આ સુખોમાં છંકી ન જતો. સુખમાં લીન ન થશો અને દુઃખમાં દીન ન થશો. આપણે તો મોક્ષની દિશામાં પ્રયાણ કરવું છે. એ લક્ષ કદાપિ ચૂકશો નહીં. અર્થ અને કામ સુખ-વૈભવ ભોગો તો ઘઉં ઉગવાના પહેલા ઉગેલી ઘાસના જેવા છે. જો એ ઘાસને જ ઉખેડી લેશો એ છોડવાને જ ઘઉં માનીને ખેંચી લેશો તો ઘઉં કયારેય નહીં મળે. માટે ઘાસ ને જ ઘઉં માનવાની અર્થાત્ અર્થ કામના સુખોને જ મોક્ષમાની લેવાની મહામૂર્ખતા કયારેય કરશો નહીં.

## દાનાદિ ચતુર્વિધ ધર્મ

**दानं च शीलं च तपश्च भावो, धर्मश्चतुर्धा जिनबांधवेन ।**
**निरुपितो यो जगतां हिताय, स मानसे मे रमतामजस्रम् ॥**

શાન્ત સુધારસ ગ્રન્થમાં પૂ. વિનયવિજયજી મહારાજ કહે છે—જગતના પરમ બંધુ એવા જિનેશ્વર ભગવંતે જગતના હિત માટે દાન, શિયળ-તપ—અને ભાવ એ ચાર પ્રકારે ધર્મ કહ્યો છે. આ ધર્મ મારા મનમાં નિરંતર રમતુંજ રહો.

## મનમાં ધર્મ કે ધર્મમાં મન ?

પ્રશ્ન એ થાય છે કે ધર્મ મનમાં રહે એ સારૂ ? કે મન ધર્મમાં રહે એ સારૂ ? ઘણાં કહે છે કે મનમાં ધર્મ રહે એ ઘણું સારૂ. પરન્તુ દશવૈકાલિક આગમમાં કહે છે—

**धम्मो मंङगल मुक्किट्ठं, अहिंसा संजमो तवो ।**
**देवावि तं नमंसंति, जस्स धम्मे सया मणो ॥**

—આ પ્રથમ શ્લોકમાં ધર્મ શબ્દમાં "धम्मे" સપ્તમી વિભક્તિ વાપરી છે. માટે અધિકરણ ધર્મ થયો. ધર્મમાં સદાય જેનું મન રહેલું હોય એવા ધર્મી આત્માને દેવતાઓ પણ નમસ્કાર કરે છે. ખરેખર આ તો સમાધિની વ્યાખ્યા છે. અર્થાત સતત-સદા ધર્મમાંજ મન રહે તેનું નામ સમાધિ. પણ જો એમ કહો કે મનમાં ધર્મ રહે તો સારૂ. તો તો.... મન દરિયા જેવડુ ઘણું મોટુ છે ? આવા દરિયા જેવડા મોટા મનમાં તો હીરા-મોતી, રત્નો પણ છે અને દુનિયાનો કચરો પણ છે. આજ મનમાં વિષય-વાસના, કામ, ક્રોધ, માન, લોભ વગેરે બધુજ પડયુ છે. અને એક ખૂણાંમાં ધર્મ પડયો હોય એવા ધર્મની શું કિંમત. ૨૪ કલાક આ મન સંસારના વિચારો કરે એમાં ૨ મિનિટ ભગવાનને યાદ કરે એમાં શું નવાઈ ? પરન્તુ મન જ સદા ધર્મમાં ચોંટેલો રહે, વળગેલો રહે, એ તલ્લીનતા, તન્મયતાને સમાધિ કહેશું.

માટે અહિંસા, સંયમ અને તપ રૂપ આ ધર્મ ખરેખર મહાન ઉત્કૃષ્ટ મંગળ છે. મંગળ અર્થાત પાપને કાઢનાર અને ધર્મને લાવનાર છે. માટે ધર્મને ઉત્કૃષ્ટ મંગલ કહ્યો છે તે યથાર્થ જ છે. આ દાન-શિયળ-તપ-ભાવ રૂપ ચારે ભેદે ધર્મ કહેનાર એવા ધર્મનાથ ભગવાનને હું નમસ્કાર કરૂં છું ( **चतुर्थाधर्मदेष्टारं धर्मनाथमुपास्महे** ) તીર્થંકર ભગવંતે સમવસરણમાં ચારે દિશામાં બેસી ચતુર્મુખે એક સાથે ચારે ધર્મની પ્રરૂપણાં કરી છે. ચારેનુ મહત્વ ચઢીયાતુ છે. કોઈ-એક બીજાથી ઉતરતું નથી. અનાદિકાળની આહારાદિની સંજ્ઞાને ટાળવા માટે આ ચારે ધર્મની આરાધના ઉત્તમ છે—

(૧) આહાર સંજ્ઞા ટાળવા-તપ ધર્મ છે.
(૨) નિદ્રા ,, ,, -ભાવ ધર્મ છે.
(૩) ભય ,, ,, -દાન ધર્મ છે.

(૪) મૈથૂન ( પરિગ્રહ ) સંજ્ઞા ટાળવા-શિયળ ધર્મ છે.

**દયા-દાન ધર્મ—**

મહાભારતના શાન્તિપર્વમાં એમ પૂછવામાં આવ્યુ કે-

**कथमुत्पद्यते धर्मः ? कथं धर्मो विवर्धते ?**
**कथं च स्थाप्यते धर्मः ? कथं धर्मो विनश्यति ?**

ધર્મ કેવી રીતે ઉત્પન્ન થાય છે ? કેવી રીતે ધર્મ વધે છે ? અને ધર્મની સ્થાપના કેવી રીતે થાય છે ? અર્થાત્ કેવી રીતે ધર્મ સ્થિર થાય છે ? અને કેવી રીતે ધર્મનો નાશ થાય છે ? આ પ્રશ્નોનો ઉત્તર આપતા કહ્યું કે-

**सत्येनोत्पद्यते धर्मो, दयादानेन वर्धते ।**
**क्षमायां स्थाप्यते धर्मो, लोभाद्धर्मो विनश्यति ॥**

—અર્થાત્ સત્યવડે આ ધર્મ ઉત્પન્ન થાય છે ધર્મની શરૂઆત

સત્ય બોલવામાં છે. માટે અસત્ય ન બોલતા સત્યજ બોલવાની ટેવ રાખવી. અહીંથી ધર્મનો પ્રારંભ અને પછી દયા–દાનનુંપાલન કરવાથી ધર્મ વધે છે. અને પછી ક્ષમા–સમતામાં આવીને ધર્મ સ્થિર થાય છે. કષાયવૃત્તિથી ધર્મ ચાલ્યો જાય છે. સ્થિર ન રહે અને અન્તે લોભ-વૃત્તિથી ધર્મનો નાશ થાય છે. માટે આ તત્વજ્ઞાનથી સ્પષ્ટ સમજીને ધર્મની બધી અવસ્થા માટે જાગૃત રહેવુ એજ હિતાવહ છે.

દયા અને દાનમાં જો ક્રમની દ્રષ્ટિથી વિચાર કરીએ તો કોણ પહેલા અને કોણ પછી ? દયા પહેલા કે દાન ? દયા દાનની જનની છે. માટે દયા પહેલી હોવી જ જોઈએ. દયા પૂર્વકનું દાન જ અનુકંપાદાન કહેવાશે. માટે જ " દયા ધર્મ કા મૂળ હૈ, પાપ મૂળ અભિમાન " દયા એ ધર્મ રૂપી વૃક્ષનું મૂળ છે. મૂળીયા જમીનમાં ન હોય તો ઝાડ કેવી રીતે ટકે ? એ જ રીતે બધા પાપનું મૂળ–અભિમાન છે. માનવીની અહંવૃત્તિ મહા અનર્થ–મહાપાપ કરાવનાર છે. માટે એનો ત્યાગ કરવો. અહંનો ત્યાગ કરવા " અર્હં "નો મંત્ર સતત સ્મરણ કરવુ એ મહાન રામબાણ ઉપાય છે.

દાન

- અભયદાન
- સુપાત્રદાન
- અનુકંપાદાન
- કીર્તિદાન
- ઉપકરણદાન

## અભયદાનની સર્વશ્રેષ્ઠતા -

સર્વ પ્રકારના દાનમાં અભયદાન જ સર્વ શ્રેષ્ઠ છે. જેમાં જીવને મૃત્યુના મોઢામાં જતા બચાવવાનો છે. મરણ ભયથી મુક્ત કરવો તેનું નામ છે અભયદાન. જેના માથે મૃત્યુનો ભય સતત રહેલો હોય તેને ધન–સંપત્તિ ગમે એટલી આપો તો પણ શું ? પકડાયેલા ચોરને બીજા દિવસે ફાંસીની સજા આપવાની રાજાએ જાહેર કરી..ત્યાં તો પહેલી રાણીએ પોતાના વરદાનની માંગણીમાં ચોરને ૧ દિવસ માટે પોતાને સોંપવાની

વિનંતિ કરી. અને રાજાએ ચોરને ૧ દિવસ માટે રાણીને સોંપ્યો. રાણીએ મિષ્ટાન્ન ખવરાવી, નવા વસ્ત્ર પાત્ર આપ્યા. બીજા દિવસે બીજી રાણીએ સોનું-ચાંદી આપી રાજી કર્યો, અને ત્રીજા દિવસે ત્રીજી રાણીએ હીરા-મોતી આપી તેનું મન જીતવા મહેનત કરી...પરન્તુ આટલુ મળવા છતા પણ ચોરનું મોઢુ ઉદાસ જ છે. જ્યારે ચોથી રાણીએ-પોતાના વરદાનમાં ચોરને જીવતો છોડી મૂકવા માંગણી કરી. અને ચોરને છોડી દેવામાં આવ્યો અને પછી રાજાએ ચોરને પુછ્યું અરે! તને કઈ રાણીએ વધારે આપ્યું ? ચોરે કહ્યું-રાજન ! ચોથી રાણીએ જે આપ્યું છે તે તો કોઈએ નથી આપ્યું. રાજા-કેમ ? બીજી-ત્રીજી રાણીએ સોનું-ચાંદી-હીરા મોતી વગેરે આપ્યું છે. તે શું ઓછુ કહેવાય ? ચોર-રાજન ! બધી વાત સાચી પણ માથે મૃત્યુ-ફાંસી નક્કી હોય તો હીરા-મોતીને શું કરવાનું ? માટે અભયદાન જ સર્વ શ્રેષ્ઠ દાન છે.

## દાન ધર્મનો મહિમા -

ધનાદિની મૂર્છાનો ત્યાગ કરવા માટે દાન ધર્મ જ ઉત્તમ ધર્મ છે દાન ધર્મ પ્રથમ પગથિયું છે. "**अनुग्रहार्थं स्वस्यातिसर्गो दानम्**" અનુગ્રહની બુદ્ધિથી પોતાનું સ્વામિત્વ કાઢી નાંખી વસ્તુ બીજાને સમર્પિત કરવી તે દાન ધર્મ છે. આપ્યા પછી ફરી પોતાની માલિકી કે હક ન રાખવો. આપનારને જ મળે છે દાન માર્ગે વપરાયેલી લક્ષ્મી સાર્થક અને સફળ ગણાય છે. દાન આપનાર કયારેય ભિખારી નથી બનતો. દાન આપનાર જે ભિખારી બન્યો છે. એ પણ પાંચ આંગળી આપણી સામે કરીને માંગતી વખતે આપણને કંઈક સૂચવતો જાય છે. ભાઈ ! જુઓ મારો હાથ તો જુઓ. બીજાને ન આપ્યું તેનું આ ફળ આજે ભોગવવાનો વખત આવ્યો છે. માટે દાન ધર્મ એ મહાન ધર્મ છે. ભરવાડના ભવમાં આપવાના કારણે શાલિભદ્ર થયા.

## સાચા ધર્મીની પરીક્ષા—

મહાદેવના મંદિરમાં એક સોનાના પાટીયા ઉપર હીરા જડીત

અક્ષરો લખેલા હતા. "સાચો ધર્મી". "મહાન દાની" જે સાચો દાતા-ધર્મી હશે તેના હાથના સ્પર્શથી હીરા ચમકદાર થશે. પરન્તુ જો સાચો ધર્મી નહીં હોય તો હીરા કાળા કોલસા જેવા થઈ જશે. આ આકાશવાણી પછી ઘણાં લોકો આવવા લાગ્યા. પોતાના ભાગ્ય અજમાવવા લાગ્યા. પરન્તુ બધા કપાળ કૂટીને પાછા જાય છે. મેં ૧૦ લાખનું દાન કર્યું છે એમ બોલતો કોઈએ આવે છે અને હાથ લગાડતા જ હીરા કાળા પડી જાય છે. અને બિચારો પાછો જાય છે.

અન્તે એક ખેડુત પોતાના ગામથી નિકળ્યો છે. રસ્તામાં એક સાધુ-સંતને ઝાડ નીચે માંદા જોયા એટલે સેવા-શુશ્રુષા કરવા બેસી જાય છે. ખૂબ સારી રીતે-બે દિવસ સેવા ભકિત કરીને પછી મંદિરે જાય છે, તેના સ્પર્શથી સુવર્ણનું પાટીયું ચમકદાર થઈ ગયુ, અને આકાશવાણી થઈ કે આ સાચો ધર્મી છે. આમા માત્ર એટલુ જ જોવાનું છે કે શું દાન પણ કઈ વૃત્તિથી કરે છે, સેવાભકિત પણ કઈ ઈચ્છાથી કેવી રીતે કરે છે? શું ચોરી કરીને, પૈસા પડાવીને, લૂંટ કરીને પછી દાન કરવું યોગ્ય છે? શું યશકીર્તીની ઈચ્છાથી દાન કરવું યોગ્ય છે? ના બિલકુલ યોગ્ય નથી, માટે અનિચ્છા ભાવથી જ દાનાદિ ધર્મની આરાધના કરવી જોઈએ.

## શિયળ ધર્મ – ( બ્રહ્મચર્ય ધર્મ )

દાન પછી બીજા નંબરે શિયળ ધર્મની વાત આવે છે, મૈથુનની વૃત્તિમાં માત્ર વિષય-વાસનાના કોડા બનીને પશુ જેવું જીવન જીવવાનો શું અર્થ છે? જીવ માત્રને સંસારમાં એક એક ભવમાં વેદનો ઉદય મળ્યો છે. આ વિષય-વાસના તો દરેકમાં ભરેલી પડી છે, એક કબુતર-ચકલામાં પણ પડેલી છે, તો શું માણસે પણ તેવા જ થવું? તો મનુષ્ય અને પશુમાં તફાવત શું?

આજે માનવી વધુને વધુ વ્યભિચારી, દુરાચારી થતો જાય છે. બળાત્કારની પાશવીવૃત્તિ આજે જોર પકડતી જાય છે, પરસ્ત્રીગમન, વેશ્યાગમન, ના પાપો માઝા મૂકતા જાય છે. શું આજની પ્રજા આને પાપ જ નથી માનતી? પણ કોઈ માને કે ન માને તેના ઉપર નથી,

પાપ એ પાપ જ છે, ધર્મ એ ધર્મ જ છે, આજની સરકાર બળાત્કાર કરનાર, અને વ્યભિચાર, દુરાચાર સેવનાર પાપીઓને સજા આપીને, ફાંસીએ ચઢાવીને આ પાપને ડામવા માંગે છે. પરંતુ બીજી બાજુ આવૃત્તિને ભડકાવનાર સિનેમા, નાટક TV વીડિયો ઉપર કોઈ પ્રતિબંધ નહી તેને ઉત્તેજન મળે ગંદા–અશ્લીલ–નગ્ન ચિત્રો–નાટકોનું પ્રમાણ વધતું જાય છે, અને પછી તેના જોનારા યુવાનવયવાળા યુવકોની વૃત્તિને જ માત્ર ડામવાનો ઉપાય દંડનીતિથી કરવો એ કેટલો સફળ થશે ? શક્ય નથી, આતો ડબલ વધશે, કારણ પાપ કરનારને દંડનો ભાન નથી હોતો.

એના કરતા શિયળ–સદાચારના ધર્મનું આચરણ કરાવવામાં આવે ઉપદેશથી પ્રજાનું માનસ નિયંમિત કરવામાં આવે તો કેટલું સુંદર પરિણામ આવે. એક દિવસ એ પણ હતો કે જે દિવસે પરસ્ત્રી માં–બહેન સમાન ગણાતી હતી. તેની સામે નજર પણ કેમ બગડે પરંતુ આજે તો નજર પહેલા જાય એવી વેશ–ભૂષા થઈ ગઈ છે શિયળ–સદાચાર–એ પ્રથમ આચાર ધર્મ છે. માનવી જો બ્રહ્મચારી–મર્યાદા વાળો થશે તો સંસારના ઘણાં પાપો અટકી જશે. પછી ગર્ભપાત વગેરેના પાપો કરવા નહીં પડે માટે ધર્મશાસ્ત્રમાં સ્વપતિ સંતોષ, સ્વદારા સંતોષનો ધર્મ, ગૃહસ્થ માટે કહ્યો છે. પતિને માત્ર પોતાની પત્નિ પ્રત્યે જ વૈષયિક વૃત્તિ હોવી જોઈએ, પરંતુ બીજાના પ્રત્યે તો કદાપ નહી.

આ જગતમાં શીલવતી સતીઓ જ અમર થઇ છે. દુરાચારિણી વ્યભિચારિણી સ્ત્રીઓ એ શું કર્યું છે ? કયો ચમત્કાર સર્જ્યો છે ? પોતાના બ્રહ્મચર્યનો કયો પ્રભાવ દેખાડયો છે ? ભૂતકાળની એક નહીં પણ અનેક મહાસતીઓ–અંજનાસતી, સુભદ્રાસતી, સતીસીતા, કલાવતી, વગેરેના નામો ઈતિહાસના પાને સુવર્ણાક્ષરે લખાયા છે. તે મહાન થઈ ગઈ અમર બની ગઈ. જેના નામો પ્રભાતે લેવાય છે માટે બ્રહ્મચર્ય શિયળ એ મહાન ધર્મ છે. તેનો અવશ્ય આચરણ કરવું જોઈએ. સુવર્ણના દેરાસર બંધાવવા અને સોનામહોરોના દાન આપવા કરતા પણ

બ્રહ્મચર્ય ધર્મનો મહિમા ખરેખર મહાન છે. યાદ કરો આજે પણ એ મહાન બ્રહ્મચારી–વિજયશેઠ અને વિજયાશેઠાણી. યાવત્ચંદ્ર દિવાકરો સુધી આ મહાન બ્રહ્મચારીનું નામ અમર રહેશે ઈન્દ્ર મહારાજા પણ બ્રહ્મચારીને નમસ્કાર કરીને પોતાના સિંહાસને બેસે છે. ચારે ગતિમાં વિષય–વાસના અને વિકાર છે. પરન્તુ એક માત્ર મનુષ્ય ગતિમાંજ એકમાત્ર અબ્રહ્મ મૈથુનની સંજ્ઞાનો ત્યાગ કરી શકાય છે. પચ્ચક્ખાણ કરીને બ્રહ્મચારી બની શકાય છે. સાધુ આજીવનના અંખડ બ્રહ્મચારી હોય છે. મંત્ર તંત્ર જાપ વગેરે સર્વ ધર્મ આરાધનાની સફળતા તો મુખ્ય આધાર બ્રહ્મચર્ય ઉપર રહેલો છે. માટે આ મહાન ધર્મ છે.

**તપ ધર્મ—**

નવમી નિર્જરાભાવનામાં આ તપધર્મ વિષે આપણે વિસ્તારથી વિચાર કરી ગયા છીએ એટલે અહીં વિસ્તાર કરવો અનુચિત ગણાશે. અનાદિ કાળથી આહારાદિની પ્રવૃત્તિથી જીવના માથે લાગેલા ભારે કર્મોને ખપાવવા, નિર્જરા કરવા માટે તપધર્મ સર્વોત્તમ ધર્મ છે. ૭ બાહ્ય અને ૭ ૬ આભ્યંતર એમ ૧૨ ભેદે તપધર્મ વર્ણવવામાં આવ્યો છે. જેના સકામ અને અકામ નિર્જરાના ભેદોમાં સકામ નિર્જરાનો ભેદ જ સર્વોત્તમ છે. જે વડે આત્મા ઉપર લાગેલા અનાદિના ભારે કર્મો ખપે. આહારાદિની સંજ્ઞા ટળે તેજ તપધર્મ સર્વ ધર્મમાં શિરોમણિ ધર્મ છે. માત્ર ઇહલોક–પરલોકના સુખજ અપાવો પુણ્યબંધાવી ફક્ત સુખ–સંપત્તિજ અપાવે તે કરતા તો નિર્જરા કરાવનાર, કર્મ ખપાવનાર ધર્મજ સર્વ શ્રેષ્ઠ ધર્મ કહેવાય. માટે આ તપધર્મની આરાધના અવશ્ય સતત કરવી

**૪ ભાવધર્મ** : બધા કરતા પણ આત્માના અધ્યવસાય અર્થાત વિચાર ધારાને નિર્મળ–પવિત્ર રાખવી એના જેવો બીજો ધર્મ એક નથી. દાન–શિયળ-તપ બધા ધર્મની પૂર્ણાહુતિ ભાવધર્મમાં જ થાય છે. ભાવ એ મંદિરના શિખર સમાન, કળશ–અને ધ્વજા સરખો ધર્મ છે. ભાવધર્મ બધા ધર્મમાં સમાયેલો છે એના સમાવેશ વિના બીજા બધા

ધર્મો શુષ્ક લાગશે. લુખ્ખા ગણાશે. ભાવવિના કોઈની કિંમત જ નથી. ભાવના પણ ભાવ વિના સંભવ નથી. પહેલા ભાવ નિર્માણ થાય છે. અને પછી ભાવ જ ઘૂંટાઈને ભાવના બને છે. અને "ભાવના ભવ નાશિનિ" કહી છે. ભાવના ભવ=એટલે સંસારનો સંસારની ભવ–પરંપરા નાશ કરનાર છે. જન્મ–મરણના ફેરા ટાળનાર છે. નર્જરા કરાવવામાં મહાન સાથ આપનાર ભાવના છે. માટે ભાવ ધર્મની સર્વોપરિતા અને સર્વશ્રેષ્ઠતા સ્વતઃ સિધ્ધ છે.

**ધર્મના બે પ્રકાર :**

બાહ્ય — આભ્યંતર

બાહ્ય વ્યવહારની પ્રધાનતાવાળો ધર્મ તે બાહ્ય કહેવાય છે. વિશેષ દિનચર્યાના દૈનિક મર્યાદા નિયમાદિ બાહ્ય ધર્મ ગણી શકાશે. પરન્ત ક્ષમા, સમતા, નમ્રતા સરલતા, નિર્લોભિતા આદિ આત્મશુદ્ધિપરક ધર્મ આભ્યંતર ધર્મરૂપે લેખાશે

**લૌકિક અને લોકોત્તર ધર્મ :**

લોકવ્યવહારમાં–સમાજમાં–સમૂહમાં જે ધર્મની આવશ્યકતા રહે છે તે લૌકિક ધર્મ કહેવાશે. સામાન્યપણે લૌકિક ધર્મમાં પણ વ્યવહાર પ્રધાનતા રહેશે પરન્તુ આત્મા સંબંધિ કોઈ શુધ્ધિનો ખ્યાલ નહીં રખાતો હોય, આત્મિક કર્મ નિર્જરા પ્રધાન, પાપનીવૃત્તિ પ્રધાનધર્મ તે લોકોત્તર ધર્મ. સામાન્ય નીતિમત્તાના ધર્મમાં પણ લૌકિકતા રહી છે.

**નીતિધર્મ**

ધન્વન્તરિ અને ચરક જેવા નીતિના હિમાયતિ પુરૂષોએ ઉદ્યાનના ઝાડનો એક પાન કે ફુલ પણ તોડવાની ના પાડી. આ આપણી નીતિ નથી. સર્વ પ્રથમ લોકોત્તર ધમમાં પ્રવેશ માટે પણ વ્યવહારમાં

નૈતિકતા, નીતિમત્તા પણ આપણામાં હોવા જોઈએ. નૈતિકતાનું પાલન પણ આપણી પાત્રતા ને પુરવાર કરે છે. વર્તમાન કાળમાં પ્રજામાં નૈતિકતાના દર્શન પણ દુર્લભ થઈ રહ્યા છે. જ્યારે નીતિવાન હોવાની છાપ બહુ સારી છાપ છે. તમે આધ્યાત્મિક હો, તપ-જાપ, સાધના બધુ જ કરતા હો પણ નૈતિક ધોરણ જ ન હોય તો શું એ તપ-જાપ લેખે લાગશે. આજે લોકમાનસનું નૈતિક માળખુ તૂટતુ જાય છે. નીતિમત્તાનું ધોરણ સાવ નીચલી કક્ષાએ પહોંચી ગયુ છે. માટે રાજા, મંત્રી અને પ્રજામાં સર્વત્ર ભ્રષ્ટાચારના મૂળિયા બહુ ઉંડા પેસી રહ્યા છે. બાહરથી સારા સાફ દેખાતા લોકોમાં પરસ્પર વિશ્વાસની લાગણી પણ નથી. નૈતિકતાનું સ્તર સાવ ડૂબી રહ્યુ છે. પરિણામે માનવી અન્યાય અને અનીતિનો આશ્રય લઈ રહ્યો છે.

જરૂર ગૃહસ્થના જીવનમાં ધનસંપત્તિ આવશ્યક અંગ છે. અને આજીવિકા માટે ધનોપાર્જન તો કરવુ જ પડશે. એની ના નથી. પરમાત્માએ પણ ધન કમાવવાની ના નથી પાડી. પરન્તુ ધનોપાર્જનની રીતિમાં ન્યાય નીતિ હોવી જોઈએ. "ન્યાય સંપન્ન વિભવ" એ ગૃહસ્થનું લક્ષણ છે. ન્યાયોપાર્જિત દ્રવ્યના જ હિમાયતી હોવા જોઈએ. પરન્તુ આજે પરિસ્થિતિ તદ્દન વીપરીત દેખાય છે. એક આધ્યાત્મિક લોકોત્તર ધર્મ આચરશે. તપ, જાપ ધ્યાન કરશે પૂજા-પાઠ કરશે અને બીજી બાજુ વ્યાપારમાં દાણચોરી, કાળાબાજાર અને કરચોરી કરશે.

અન્યાય અને અનીતિ ઠગવૃત્તિનું સેવન કરશે. આ અનૈતિકતાના પરિણામે પાયાના નીતિમત્તા અને ન્યાયપ્રિયતાના ગુણો પણ ખોઈ બેસશે અને લોકોત્તર આધ્યાત્મિક ધર્મની પણ હાંસી કરાવશે તેની હીલના કરાવશે. આજે ધર્મનો દેખાવ વધશે પરંતુ ગુણવત્તા ઘટતી જશે. માટે જીવનમાં નૈતિક ગુણોનો આગ્રહ જરૂર રાખવું. જીવનમાં નૈતિક મૂલ્યાંકન અવશ્ય કરવું. ન્યાય-નીતિ તો ધર્માત્માને બેસવા માટે સુંદર ગાલીચા જેવું છે. સુંદર શોભાયમાન ગાલીચા ઉપર બેસવાથી ધર્માત્માની કિંમત સોગણી વધવાની છે.

## ધર્મ અને ધર્મી માટેની પાત્રતા

દરેક વસ્તુ માટે પાત્ર-અપાત્રની વિચારણા કરવામાં આવી છે. દા. ત. દૂધ માટે પણ પાત્રની વિચારણા કરી છે. જેવું દૂધ એવું પાત્ર આજના પાવડરના દૂધ માટે પ્લાસ્ટિકની થેલી કે બાટલીનું પાત્ર ચાલે કારણ દૂધની ગુણવત્તા પણ એટલી ઊંચી નથી. માટે જેવું દૂધ એવું પાત્ર પરંતુ સિંહણના દૂધ માટેનો સુવર્ણ પાત્રની જ આવશ્યકતા રહે છે. સુવર્ણ પાત્રમાં જ સિંહણનું દૂધ ઠરે, શોભે સિંહણનું દૂધ પણ બહુ કિંમતી છે, એની પ્રાપ્તિ દુર્લભ છે. માટે પાત્રની શ્રેષ્ઠતા બતાવી,

જો પાત્ર ઉત્તમ ન હોય, શ્રેષ્ઠ ન હોય તો પદાર્થ ન શોભે, દૂધ માટે જો આટલા ઉંચા કિંમતી પાત્રની આવશ્યકતા હોય તો શું ધર્મ માટે અને તેમાં પણ ઉંચા લોકોત્તર ધર્મ માટે શું પાત્રનો વિચાર જ નહીં કરવાનો ? ના, ન ચાલે. પાત્રનો વિચાર તો પહેલા કરવાનો મંત્રશાસ્ત્રે તો સ્પષ્ટ જણાવ્યું છે કે જો અપાત્ર કે કુપાત્રને મંત્ર આપ્યો તો પદે-પદે બાળહત્યાના જેટલું પાપ લાગશે માટે પદ, સત્તા, મંત્ર, ધર્મ-ધન-શિક્ષા-વિદ્યા વગેરે પાત્ર જોઈને જ આપવા. કુપાત્રના હાથમાં જતા મંત્રાદિ નષ્ટ થાય છે. કુપાત્ર સત્તા (પદ) ઉપર બેસે, રાજા થાય તો દેશ અને પ્રજાને પાયમાળ કરી નાંખે પરંતુ પાત્ર બેસે તો દેશ અને પ્રજાને ન્યાલ કરી નાંખે.

એ જ પ્રમાણે સારા સુપાત્ર જોઈને જ દાન કરવાનું કહ્યું છે. દાનમાં પણ યોગ્ય પાત્રની વિચારણા કરવાની જરૂર ઉપર ભાર મૂકયો છે પાત્ર જોયા વિના વાવેલા બીજ પણ નષ્ટ થઈ જશે. ઉખર ભૂમિમાં બીજ ન ઉગે-એજ પ્રમાણે અન્યાય અનીતિવાન, મદ્ય માંસનો સેવન કરનાર, હિંસક મૃષાવાદી ચોર અને વ્યભિચારી, દુરાચારી અપ્રિયભાષી આવા માણસો શ્રેષ્ઠ ધર્મ માટે સાચા પાત્ર નથી ગણાતા. તે ધર્મને પણ વગોવશે તેમના હાથમાં-અર્થાત્ પાપીના હાથમાં ગયેલો ધર્મ પણ સલામત નહીં રહે. ધર્મનું ખૂન થઈ જશે.

સરલતા, નમ્રતા, અહિંસકવૃત્તિ, સત્યના આગ્રહની વૃત્તિ વગેરે

પાત્રતા નિર્માણ કરાવનારા સેંકડો ગુણ છે. માર્ગાનુસારી જીવન એ લોકોત્તર ધર્મ નથી. એમાં ધ્યાન-પૂજા કે સામાયિકની વાત નથી કરી માર્ગાનુસારીના ૩૫ ગુણો જે કહ્યા છે તે તો માર્ગ એટલે = ધર્મ. લોકોત્તર ધર્મને અનુસરવા માટે, માર્ગાનુસારી જીવન કેળવવા માટે ૩૫ ગુણોની વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. માટે જ માર્ગાનુસારી પણ ગૃહસ્થ જીવનમાં હોવું જ જોઈએ. આટલા ૩૫ ગુણોથી શોભતું એનું જીવન હોવું જોઈએ તો જ આગળ માર્ગાનુસારીના સિંહાસન ઉપર લોકોત્તર ધર્મો શોભી શકશે. પરંતુ દર્શન-પૂજા પાઠ તપ જપ સંયમ બધું જ કરતા હોય અને માર્ગાનુસારીનું એક પણ ગુણ પાપ ભીરૂતા વગેરેનું ન હોય તો થાંભલો ખસતા મકાનનું પરિણામ કેવુ આવશે ? એવી સ્થિતિ થશે. માટે જ ન્યાય-નીતિપ્રિયતા અને માર્ગાનુસારી ગુણ પ્રધાન જીવનના હિમાયતી તો અવશ્ય બનવું.

## નિશ્ચય અને વ્યવહાર ધર્મ

ધર્મના આ બે ભેદ પણ કરવામાં આવ્યા છે. અને ચોક્કસ થાય જ છે. નિશ્ચય ધર્મ નિશ્ચયનયની દષ્ટિથી એક માત્ર આત્માને જ જૂએ છે. આત્મ સંબંધી ધર્મની જ વિચારણા-આચરણા કરે છે. ખરો આત્મવાદી અને આધ્યાત્મયોગી તે જ છે. તેને વ્યવહારમાં પરોપકાર વગેરેની સાથે લેવા-દેવા નથી. એટલું જ નહીં પણ તપ-જપ-સંયમના માટેના વ્યાવહારિક નિયમો પણ તે ફગાવી દે છે. બ્રહ્મચર્ય માટે નવવાડની ઉપયોગિતાને તે નહીં માને. એકલા નિશ્ચિયનું આલંબન લઇને ફક્ત નિશ્ચય ધર્મ જ કરવા અને માનવાના હિમાયતીઓએ વ્યવહારમાંથી ધર્મની ઉપયોગીતા જ ઉડાવી દીધી પરંતુ માનવી રહે છે તો વ્યવહારમાં ને સમાજમાં રહેવું. બધાના વ્યવહારમાં રહેવું અને વ્યવહારમાં, એક બીજાની સાથેના વ્યવહારૂ સંબંધમાં ધર્મનો ઉપયોગ ન કરવો એ કેવી પાંગળી દશા છે. માટે ઉપાધ્યાયજી મહારાજ ફરમાવે છે કે—

> નિશ્ચય દષ્ટિ હૃદયધરીજી, પાળે જે વ્યવહાર;
> પુણ્યવંત તે પામશેજી, ભવસમુદ્રનો પાર ॥

નિશ્ચય અને વ્યવહાર બન્નેને જૂદા ન પાડો. બન્ને ઉપયોગી છે. ગાડી છે અને ગાડીમાં ડ્રાયવર સંચાલક તરીકે બેઠો છે. એમ બન્ને એક બીજાના પૂરક છે. ડ્રાયવર સજાગ થઇને ગાડી ચલાવવાનો વ્યવહાર કરશે તો ધાર્યા સ્થાને પહોંચી શકશે. એજ પ્રમાણે ધર્મની નિશ્ચય દષ્ટિને હૃદયમાં ધારણ કરીને વ્યવહાર પણ તેને અનુરૂપ જ કરવાનો હોય મુંહ મેં રામ ઔર બગલમેં છૂરી જેવો વ્યવહાર તો મહા માયા છે. તે કયારેય ન આચરવો. નિશ્ચયના ઘોડાને આગળ રાખીને વ્યવહારની ગાડી પાછળ જોડીએ તો બન્ને ગન્તવ્ય સુધી પહોંચી શકશે. પુણ્યવાન પુરૂષ તેજ કહેવાશે અને તેજ ભવસંસાર તરી જશે કે જે નિશ્ચય દષ્ટિને અંતરમાં ખુલ્લી રાખીને વ્યવહારનું પાલન કરશે. માટે બન્ને ઉપાદેય છે. બન્ને આચરણીય છે.

એકાન્ત નિશ્ચયવાદીની જેમ માત્ર સમતાના હિમાયતી થવાની વાત કરવી પણ વ્યવહારમાં કટાસણાં મુહપત્તિ ચરવલાના ઉપકરણો લઇને ૨ ઘડી સ્થિર આસન ઉપર બેસીને સામાયિક કરવાની વ્યવહારૂ ક્રિયાને ગાળો દેવી. ખંડન કરવું એ તો મહામૂર્ખતા છે.

એજ પ્રમાણે મહિલો નથી ખાતો, આતો મારૂં શરીર રાત્રે કાંદા–બટાકા ખાય છે. એવી વાતો કરીને બાહ્ય વ્યવહારમાં બધા જ પાપો કરવા રાત્રી ભોજન, અભક્ષ્ય ભોજન કરવું, અવિરતિમાં રહેવું, મૈથુન સેવન અને ભોગો ભોગવવાની વાતો કરવી અને માત્ર બોલવામાં દુનિયાને 'નિશ્ચય નયનો ઉંચો ધર્મ સમજાવવો. અરે ! આતો મહિલો તો ખાતો જ નથી...એતો મસ્ત છે...વગેરે ધર્મની આ રીત મહામાયાવી, દંભ ભરી, ઠગારી છે. એને ધર્મ જ ન કહેવાય. માટે આજે પોતાને ભગવાન કહેવરાવતા હાલી નીકળેલા ઠગારા, ધુતારાઓથી ખુબ બચીને સાવધાન થઇને ચાલવાનું છે. એવાઓથી બચશે તેજ આત્મા વાસ્તવિક ધર્મ આરાધી શકશે. માટે નિશ્ચય અને વ્યવહાર બન્ને ધર્મની ઉપયોગિતા સમાન–સમકક્ષાએ સિદ્ધ છે.

## ક્ષમા-સત્યાદિ ૧૦ પ્રકારનો ધર્મ

सत्य क्षमामार्दव शौचसङ्गत्यागार्जव ब्रह्मविमुक्ति युक्तः ।
यः संयमः किं च तपोऽवमृढश्चारित्र धर्मो दशधायमुक्तः ॥

સવંર ભાવનામાં જે ૧૦ પ્રકારના ધર્મોનો વિચાર કર્યો હતો તે જ આ ૧૦ ધર્મો છે. સંવર એ આશ્રવને રોકનાર છે. પાપને આવતા અટકાવનાર તે શ્રેષ્ઠ ધર્મ તેજ સંવરધર્મ વ્યવહાર-અને નિશ્ચય બન્ને પ્રકારના ધર્મનો આમાં સંચય છે. સામાન્ય અને વિશેષરૂપે જોતા આ દશે ધર્મમાં ખૂબી એ છે કે હિંસાદિ પાંચે મહાપાપ, ક્રોધાદિ ચારે કષાય અને યોગદિના ત્યાગ નો નિષેધનો એમાં સમાવેશ થાય છે અને વિધેયાત્મક ધર્મની પ્રરૂપણા છે. જેથી અહિંસા આદિ પાંચે અને ક્ષમાદિ સર્વ ધર્મો આમાં સમાયેલા છે. ધર્મ સંવર પ્રધાન છે.

## ૧ સત્ય-અધર્મને અટકાવવા રૂપ દશેધર્મની પ્રધાનતા—

અસત્ય જૂઠને અટકાવનાર સત્યધર્મ છે. માણસે સત્યાગ્રહી (સત્યના આગ્રહી) હોવું જોઇએ. પરન્તુ દુરાગ્રહી કે કદાગ્રહી નહી. "મારૂ તેજ સાચુ"-આ કદાગ્રહ છે, દુરાગ્રહ છે. જ્યારે "સાચુ તે મારૂં એ" સત્યાગ્રહ છે. મારૂં તે સાચુ માં મિથ્યાત્વ રહેલું છે. અને સાચુ તે મારૂ માં સમ્યક્જ્ઞાન રહેલું છે. સત્ય, પ્રિય, હિત મિત અને પરિમિત ભાષી થવું સત્ય ધર્મ-સ્વ-પર ઉભયોપયોગી છે. સત્યવાદી પણું ધર્મની ઓળખ કરાવનાર છે. માટે નિરર્થક અસત્યો બોલીને આપણી કિંમત ઘટાડવા કરતા તો સત્યવાદી થઇને આપણી કિંમત સોગણી વધારવી એજ હિતાવહ છે. મૃષાવાદના વિરમણરૂપ આ ધર્મ છે

## ૨ ક્ષમા ધર્મ

ક્ષમા એટલે સહિષ્ણુતા સહનશીલતા. તે આંતરિક અને બાહ્ય એમ બન્ને ભેદ છે. અર્થાત શારીરિક અને માનસિક ક્રોધ-કષાય

હિંસાદિના પ્રતિકૂળ નિમિત્તો પણ ક્ષમા રાખવી એ આપણો ધર્મ છે. આ આત્મિક ધર્મ છે. આનાથી ક્રોધાદિ કષાયો શમી જાય છે. ક્રોધના શમનથી સમતા ગુણ પ્રગટ થાય છે.

ક્રોધાદિ કષાય એ આત્માનો સ્વભાવ નથી માન-અપમાન, લાભ-અલાભ, શત્રુ-મિત્રાદિ તથા સુખ-દુઃખ, અનુકુળ-પ્રતિકૂળ બન્ને ભાવોમાં ઉપશમ ભાવ રાખવો. ક્ષમા-સમતાના ધર્મથી જ એ સંભવ બની શકે અન્યથા નહીં. ક્રોધાદિ કષાયથી તો શારીરિક અને માનસિક બન્ને રીતે નુકસાન છે. ક્રોધી-ધર્મી નથી ગણાતો. જ્યાં ક્ષમાવાન ધર્મી તરીકેની છાપ ઉપસાવી શકે છે. ક્રોધ વૈમનસ્ય વૈરઝેર વધારનાર છે. જ્યારે ક્ષમાધર્મ પ્રેમ, પ્રીતિ અને મૈત્રીભાવ વધારનાર છે. માટે ક્ષમાધર્મ ઉપાદેય ધર્મ છે.

૩ **માર્દવ** : દશ વૈકાલિકમાં પ્રભુએ કહ્યું છે કે—

> **उवसमेण हणे कोहं, माणं मद्दवया जिणे ।**
> **मायं चाज्जव भावेण, लोभ संतोणओ जिणे ॥**

ઉપશમભાવ ( ક્ષમાભાવ-સમતા) વડે ક્રોધને જીતવો. માર્દવપણાથી અર્થાત નમ્રતાથી માનને જીતવો. સરલતા-ઋજુતાથી માયાને જીતી શકાય અને સંતોષથી લોભને જીતી શકાય. માટે ક્રોધ-માન-માયા અને લોભ એ કષાય છે, પાપ છે કષ = સંસાર, અને આય = લાભ. સંસાર વધારે, ભવપરંપરા વધારે તે કષાય. અને તે કર્મની સામે ઉપશમ = ક્ષમા મૃદુતા, ઋજુતા અને સંતોષ એ ધર્મ છે.

મૃદુતા નમ્રપણું લાવે છે. નમ્રતા એ વિનય ગુણ છે. નવકાર મહામંત્રમાં નમો એ સર્વપ્રથમ ધર્મનો સૂચક છે. નમો ધર્મ વડે જ અરિહંત જેવા મહાન પરમાત્માને ભજી શકાય, આરાધિ શકાય. માન, અભિમાનના, દૂષણને કાઢવા માટે મૃદુતા એ મહાન ઔષધ સમાન મૃદુતા એ મહાન ઔષધ સમાન ધર્મ છે.

## ૪ આર્જવધર્મ :

માયા નામનો દૂષણ પણ મહા કષાય છે. માયાના દુષણનું ફળ તો આપણે સંસારમાં જોઈએ છીએ. અનુભવીએ છીએ આત્માનું અહિત કરનારી માયા છે. સ્વ-પરઘાતિનિ છે.

ઋજુતા-સરલતાના ધર્મથી આ માયાની પૃથ્વીને ફાડી શકાય છે.

❁ **સંસાર દાવાનળદાહ-" નીરં "**—ક્રોધ રૂપી દાવાનળથી સળગતા આ સંસારના દાહને ઠારવા વીર પ્રભુ નીર ( પાણી ) કહેતા ક્ષમાના સાગર જેવા છે.

❁ **સંમોહ ધૂળિ હરણે-" સમીરં "**—માન કષાયના મોહરૂપી ધૂળના આવરણને હણવા માટે વીરપ્રભુ વાયુ જેવા છે.

❁ **માયા રસા-દારણસાર—" સીરં "** માયારૂપી આ પૃથ્વીને ચીરી નાંખવા માટે પ્રભુ હળ સમાન છે.

❁ **નમામિ વીરં ગિરિસાર-" ધીરં "** ગિરિ અર્થાત પર્વતોમાં સારભૂત એવા શ્રેષ્ઠ મેરૂપર્વત જે સુવર્ણનો છે તેના લોભનો નાશ કરવા માટે પ્રભુ ધીર-સંતોષી છે, એવા શ્રી વીરપ્રભુને હું નમસ્કાર કરૂં છું.

એમ ક્રોધ-માન-માયા-અને લોભના ચારે કષાયોનો નાશ કરવા માટે શ્રી વીરપ્રભુ-નીર, સમીર, સીર, અને ધીર જેવા છે. અર્થાત-ક્ષમા, મૃદુતા, ઋજુતા અને સંતોષ ધર્મવાળા છે.

(૫) **વિમુક્તિ ધર્મ**—અર્થાત્ લોભ જે બધા પાપનો બાપ છે, સર્વ પાપનું મૂળ છે, બધા પાપો કરાવવામાં લોભનો હાથ છે. કારણ છે, એના નિવારણ માટે મુક્તિ ધર્મ છે. નિર્લોભતા નામનો આ ધર્મ છે. જગતના ધન-સંપત્તિ આદિ પદાર્થો પ્રત્યે લોભ જ નથી રહેવાનો તો

પછી તે માટે ચોરી વગેરે કરવાના પાપો જ નહીં કરવા પડે. તેથી જ વિમુક્ત અર્થાત્ નિર્લોભતા એ ધર્મ છે.

(૬) **શૌચ=પવિત્રતાનો ધર્મ**—આત્મા ઉપર કર્મની રજ લાગે છે, ચોંટે છે, અને તેથી જ આત્મા પવિત્ર હોવા છતાં અપવિત્ર મલીન બને છે. મેલ લાગેલો આત્મા કંઈ પાણીમાં સ્નાન કરવાથી જ પવિત્રતા આવે છે એવું નથી. કડવી દૂધીની તુંબડીને ગંગાના વહેતા પવિત્ર પ્રવાહમાં પણ સ્નાન કરાવવામાં આવે તો પણ પવિત્રતા ન આવે. અર્થાત દૂધીની કડવાસ નહીં જાય. એમ હિંસા–જૂઠ, ચોરી વગેરેના પાપકર્મોથી મલિન થયેલા આત્માને પવિત્ર કરવા માટે ગંગાસ્નાનની જરૂર નથી એક હજાર શિષ્યવાળા શુકપરિવ્રાજક સન્યાસી જે માત્ર સ્નાનાદિમાં જ પવિત્રતા માનતા હતા બસ આજ ધર્મ છે, સ્નાન કરવું એ બ્રાહ્મણનો ધર્મ છે. સ્નાન વિના બ્રાહ્મણ અપવિત્ર ગણાય, એમ બોલનારા અને માનનારા શુકપરિવ્રાજકને સુદર્શન શેઠ–થાવચ્ચાપુત્ર નામના આચાર્ય ભગવંત પાસે લઈ ગયા. અને એમને સમજાવ્યો–શું–લોહીથી ખરડાયેલા કપડા લોહીથી શુદ્ધ થઈ શકશે? શું હિંસાદિ પાપકર્મોથી મલીન થયેલો આત્મા ફરી સચિત જલમાં સ્નાનાદિ કરીને હિંસામાં વધારો કરીને અર્થાત પાણીના એક એક ટીપે અસંખ્ય જીવોને–મારવાથી શું પવિત્ર થઈ શકશે? શુદ્ધ થઈ શકશે?

ના સંભવ નથી, શકય નથી, તે તો પશ્ચાતાપના પ્રાયશ્ચિતના જલમાં સ્નાન કરવાથી આત્મા લાગેલા પાપોના મેલથી શુદ્ધ થઈ શકશે. માટે લોભાદિના ત્યાગરૂપ નિર્લોભતા આદિની પવિત્રતા એ ઉત્તમ ધર્મ છે.

(૭) **અકિંચન રૂપ સંગત્યાગ ધર્મ**—આત્મા સ્વયં જ્ઞાનાદિ ગુણથી પૂર્ણ છે, એને બાહ્ય પદાર્થોની કોઈ આવશ્યકતા નથી. માટે બાહ્ય ભૌતિક, પૌદ્‌ગલિક, પદાર્થોનો મોહ, મમત્વાદિ રાખવાની કોઈ આવશ્યકતા નથી. પરન્તુ જીવો સંસારના પૌદ્‌ગલિક પદાર્થોમાં એટલા બધા આસક્ત છે કે પોતાનો આત્મિક ધર્મ જ ભૂલી ગયા છે. પોતાનો સ્વભાવ અને સ્વરૂપ જ ભૂલી ગયા છે. એવી પરભાવ રમણતા રૂપ વિભાવ દશા આવી ગઈ છે. લોકો બહિર્મુખ

થઈ ગયા છે. અને આ બહિર્મુખપણા રૂપ વિભાવદશા એ અધર્મ છે. "સ્વસ્થ પણું" અર્થાત સ્વમાંજ સ્થિર રહેવા પણા રૂપ ધર્મ નથી. માટે અકિંચન પણું સર્વ પદાર્થો ઉપરના મોહ–મમત્વ અને મૂર્છાની બુદ્ધિનો ત્યાગ કરી નિર્મોહી બનાવવા માટે ઉત્તમ ધર્મ છે. આ ધર્મ જ આત્માભિમુખ બનાવે છે. સ્વભાવ રમણતા નિર્માણ કરે છે. માટે આ અકિંચનપણાના ધર્મનું આલંબન શ્રેષ્ઠ આલંબન છે.

(૮) **તપ ધર્મ**—તપ ધર્મનું વર્ણન જે આપણે પહેલા કરી ગયા છીએ તે નિર્જરાકારક, કર્મ ખપાવનારને શ્રેષ્ઠ ધર્મ કહ્યો છે.

(૯) **બ્રહ્મચર્ય ધર્મ** બ્રહ્મ=એટલે આત્મા તેમાં ચરવુ એનું નામ છે બ્રહ્મચર્ય અર્થાત્ સ્વ બ્રહ્મમાં લીન રહેવુ એ આત્માનો ધર્મ છે. પરંતુ આ લક્ષ ભૂલીને જીવો બીજાના શરીર ઉપર નજર નાંખે છે. અને વિષય વાસનાથી મલીન થઈને વૈષયિક વૃત્તિઓને સંતોષવા ક્ષણિક દેહજન્ય સુખમાં મોહિત થઈને જીવો બ્રહ્મચર્ય ધર્મ છોડી દે છે. પરિણામે મળતુ કંઇ જ નથી. માત્ર હવસ જેવા ભારે રાક્ષસને પોષવા જાય છે. ઈચ્છા પૂરી કરવા જાય છે પરન્તુ ઘી નાંખવાથી આ આગ કયારેય શમતી નથી. ભડકો જ થાય છે. વધે છે. દરેક ગતિ અને જાતિમાં સર્વત્ર આ વાસનાને આપણે ભોગવતા રહ્યા પરન્તુ તૃપ્તિ નથી થઈ. તૃષ્ણા અને અસંતોષ જ વધતા ગયા. આ મહાપાપને ટાળવા માટે બ્રહ્મચર્યનો મહાન ધર્મ આરાધવાનું જિનેશ્વરે ફરમાન કર્યું છે.

(૧૦) **સંયમ ધર્મ**—

**લોકોત્તર ધર્મ**

**શ્રુતધર્મ — અને — ચારિત્રધર્મ**

શ્રી દશ વૈકાલિક સૂત્રની ટીકામાં પૂ. આ. શ્રી હરિભદ્રસૂરી લોકોત્તર ધર્મના શ્રુતધર્મ અને ચારિત્રધર્મ એવા બે ભેદ કરે છે. ચારિત્ર

ધર્મને જ સંયમ ધર્મ કહ્યો છે. આત્મા પોતાની વૃત્તિઓને સંયમિત-કરીને શુદ્ધ સ્વરૂપમાં રહી શકે અર્થાત પોતાના સ્વભાવમાં રમણ કરી શકે એનું નામ ચારિત્ર ધર્મ છે. હિંસાદિ સાવદ્ય પાપ વૃત્તિના ત્યાગના પચ્ચક્ખાણરૂપ ચારિત્ર ધર્મ છે આ પચ્ચક્ખાણ કોઈ સંપૂર્ણપણે સ્વીકારે છે અને કોઈ અલ્પ પ્રમાણમાં સ્વીકારે છે. એમ બે ભેદ પડે છે.

ચારિત્ર ધર્મ ( વિરતિ )

| દેશ વિરાતિ ચારિત્ર<br>( શ્રાવક ધર્મ )<br>૧૨ વ્રત | સર્વ વિરતિ ચારિત્ર<br>સાધુ ધર્મ<br>૫ વ્રત |
|---|---|

**સર્વ વિરતિ ચારિત્ર ( સાધુ ધર્મ )**—ષડ્ જીવનિકાયના સર્વ જીવોની આજીવન પર્યન્ત હિંસા ન કરવી જીવમાત્ર ને ન હણવા. મારવા નહી. મરતા બચાવવા, તેની પ્રતિજ્ઞારૂપ પૂર્ણ અહિંસાની પ્રતિજ્ઞા કરવી વગેરે પાંચે મહાવ્રત સ્વીકાર કરવા તે સર્વ વિરતિરૂપ ચારિત્રધર્મ તીર્થંકર પરમાત્માએ સર્વ પ્રથમ સર્વ વિરતિ ચારિત્રની જ દેશના આપી છે. સર્વ વિરતિરૂપ આ ચારિત્ર એ જ સર્વશ્રેષ્ઠ ધર્મ છે, એજ પરમ ધર્મ છે. એની તોલે જગતનો કોઈ ધર્મ ન આવે પાંચ મહાવ્રતનું પાલન, પંચાચારનું પાલન, નવવિધ બ્રહ્મચર્યનું પાલન, ચારે કષાયોનું ત્યાગ, પાંચ સમિતિ-૩ ગુપ્તિનું પાલન, પાંચ ઈન્દ્રિયોનું સંવરણ એવા અનેક-વિધ ગુણથી વિભૂષિત ઉત્તમ ચારિત્રધર આત્માજ સાધુ કહેવાય. સાધુ ધર્મ એ સર્વોપરિ છે. સિદ્ધિમાર્ગની સાધના સાધનાર આત્મા તે સાધુ તેનો આચાર તે સાધુધર્મ.

**દેશવિરતિ ચારિત્ર-શ્રાવક ધર્મ**—પરમાત્માએ સમવસરણમાં સર્વવિરતિ ચારિત્ર ધર્મને પ્રાધન્યતા આપી સર્વપ્રથમ તેની પ્રરૂપણા કરી પરન્તુ જે જીવો સંપૂર્ણપણે સંસાર ત્યાગ કરી-શકે એમ ન હતા, તેમના

માટે પરમાત્માએ દેશવિરતિ ચારિત્ર. અર્થાત્ દેશથી એટલે ઓછા પ્રમાણમાં ચારિત્ર સ્વીકાર કરવું તે દેશવિરતિ ધર્મ અર્થાત સાધુના જે મહાવ્રત હતા તેને જ શ્રાવક ઓછી મર્યાદા માં સ્વીકાર કરે છે.

સાધુના વ્રત તે મહાવ્રત જ્યારે શ્રાવકના વ્રત તે અણુવ્રત અણુ એટલે ઓછા પ્રમાણમાં નાના પ્રમાણમાં

શ્રાવકના ૧૨ વ્રત

૫ અણુવ્રત + ૩ ગુણવ્રત + ૪ શિક્ષાવ્રત

આ પૂ. અણુવ્રતમાં પણ આરાધવાનો ધર્મ તો અહિંસાદિ પાંચનો જ છે. અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય, અપરિગ્રહના જ પાંચ વ્રત છે. પરંતુ શ્રાવક તેને ઓછા પ્રમાણમાં મર્યાદામાં સ્વીકાર કરે છે. માટે અણુવ્રત કહેવાય છે. ૩ ગુણવ્રતમાં દિશાનું પરિમાણ ભોગોપભોગની મર્યાદા, અને અનર્થદંડનો ત્યાગ આ ધર્મ છે. અને ૪ શિક્ષાવ્રતમાં સામાયિક, પૌષધ, દિશાવગાસિક અને અતિથિસ વિભાગ વ્રત એમ ચાર છે. આ ચારે શિક્ષા સ્વરૂપે છે. આરાધ્ય છે નિયમિત જેની ઉપાસના કરવાની છે.

**શ્રાવકના ૬ દૈનિક કર્તવ્ય—**

૬) દાન → ૧) દેવપૂજા → ૨) ગુરૂભક્તિ

↑ ↓

૫) તપ ← ૪) સંયમ ← ૩) સ્વાધ્યાય

આ છ એ કર્તવ્ય રૂપ ધર્મની દિનચર્યા શ્રાવકે દૈનિક જીવનમાં અવસ્ય પાળવી.

**ષડાવશ્યક—**

૬) પચ્ચક્ખાણ → ૧) સામાયિક → ૨) ૨૪ જિનસ્તવન
↑ ↓
૫) કાઉસ્સગ્ગ ← ૪) પ્રતિક્રમણ ← ૩) વંદન

અવશ્ય કરવા યોગ્ય તે આવશ્યક એવા ૬ આવશ્યક છે. તે ક્રમશઃ ચક્રરૂપે આરાધાય છે. આ ૭ એનું સંયુક્ત નામ આપણે પ્રતિક્રમણ પાડયું છે. યમ નિયમ સંયમ આ ત્રણેનો વિચાર કરીએ તો આ ક્રમે ધર્મનું સ્વરૂપ ખ્યાલ આવે. પાંચ યમ જે આપણે ઉપર જોયા તે તેના નિયમ અર્થાત્ વ્રત=પચ્ચક્ખાણ લઈ તે પ્રતિજ્ઞામાં રહેવું. તે વ્રતરૂપ ધર્મ તે વિરતિ ધર્મ છે. પાપ ન કરવાની પ્રતિજ્ઞારૂપ ધર્મ તે વિરતિ ધર્મ. આત્મા ધર્મ માને સ્વીકારે પરન્તુ માન્યા-સ્વીકાર્યા પછી વ્રત-નિયમ ગ્રહણ કરીને પાપના પચ્ચક્ખાણ કરે, ત્યાગ કરે. સંયમ-અર્થાત્ ઈન્દ્રિયોને વશમાં રાખવી. માનને કાબુમાં રાખવું. કષાયોમે પણ અંકુશમાં રાખવા તે આ પ્રમાણે Control કરવાની વૃત્તિ તે સંયમ ધર્મ. આ સંયમ ધર્મની સાધનાથી જિતેન્દ્રિય-જિતેન્દ્ર થવાય છે તે જ આપણી ધર્મારાધનાની ફળશ્રુતિ છે.

**પંચશાત્મક આત્મા ધર્મ –**

આત્માનું જે સ્વરૂપ આપણે જોયું. જેના ઉપર આપણે ખૂબ વિસ્તારથી પહેલા પણ વિચાર કરી ગયા છીએ તે આત્મસ્વરૂપ કેવું છે. આત્મામાં વિવિધ ગુણો છે. ચૈતન્ય સ્વરૂપ જે જ્ઞાનાદિ ગુણો છે. તેનાથી જ આત્મા ઓળખાય છે.

**नाणं च दंसणं चेव चरित्तं च तवो तहा ।**
**वीरियं उवओगो य एअं जीवस्स लक्खणम ॥**

—નવતત્વકાર-જ્ઞાન-દર્શન-ચારિત્ર્ય, તપ, વીર્ય અને ઉપયોગ એને જ આત્માનું લક્ષણ કહે છે. આ ગુણો વાળો હોય તે આત્મા. આત્મા આ જ ગુણોંના સમૂહરૂપ દ્રવ્યનું નામ છે. તેને આત્મા સિવાય

બીજુ જડાદિનું નામ નહીં અપાય. જડ ને આત્મા નથી કહેતા. કારણ જડમાં આ ગુણો નથી.

આવા ગુણ વાળો આત્મા આજે કર્મના ભારે આવરણના કારણે દબાઈ ગયો છે. અર્થાત આત્માના ગુણો દબાઈ ગયા છે. તે આજે પોતાના પૂર્ણ સ્વરૂપમાં પ્રગટ નથી. માટે આત્માનાજ જે મૂળભૂત ગુણો છે તેને જ પ્રગટ કરવા માટે જે પ્રયત્ન કરવો, પુરૂષાર્થ કરવો તેનું જ નામ છે આત્મ ધર્મ. અર્થાત્ આત્માના જ્ઞાનાદિ ગુણોને પૂર્ણ રૂપમાં પ્રગટ કરવા જે આચારનું પાલન કરવું તે જ આચારરૂપ શ્રેષ્ઠ ધર્મ. એટલે જ કહ્યું છે કે—**आयारो पढमो धम्मो (आचार: प्रथमो धर्म:)** અર્થાત્ આચાર એજ પ્રથમ ધર્મ છે. આ પ્રમાણે આચારાંગ સૂત્રમાં સ્પષ્ટ કહ્યું છે. આ આચારાંગ અંગસૂત્ર-આગમમાં આચાર ધર્મની જ વિચારણા કરી છે. એવા આચાર કેટલા તો પાંચ જ કહ્યા છે. કારણ આત્માના આ પાંચ જ મુખ્ય ગુણો છે. માટે પાંચ આચાર કહ્યા. પંચાચાર પ્રધાન આ શ્રેષ્ઠ ધર્મને આત્મધર્મ કહ્યો. કેટલી સુંદર આ ધર્મની વ્યાખ્યા છે કે જે પોતાના જ ગુણો છે અને પોતામાં જ પડયા છે. માત્ર કર્મથી આચ્છાદિત છે—ઢંકાયેલા છે તેને જ પ્રગટ કરવા જે આચાર પાળવો તે આત્મધર્મ. અર્થાત્ આત્મા ઉપર લાગેલા જે કર્મના આવરણો છે તે જોઈ ખપાવવા નિર્જરા કરવી તે એજ...નિશ્ચયધર્મ, ચારિત્ર ધર્મ (૧) જ્ઞાનાચાર, (૨) દર્શનાચાર, (૩) ચારિત્રાચાર, (૪) તપાચાર (૫) વીર્યાચાર. આ પાંચેની આગળ આચારશબ્દને જોડીને ધર્મ બનાવ્યો માટે આ સમ્યગ્ધર્મ સ્વગુણની સાધનાનો જ ધર્મ છે. ગુણ પરક ધર્મ છે. વ્યક્તિ પરક ધર્મ નથી. માટે ગુણાનુરાગી થવાની વાત કરી. સમસ્ત જૈન શાસન ગુણાનુરાગી ધર્મની વાત કરે છે. અહિંયા વ્યક્તિને મહત્ત્વ નથી ગુણનું મહત્ત્વ છે. ગુણની કિંમત માટે જ નવકારમાં "નમો મહાવીરાણં" ન કહેતા "નમો અરિહંતાણં" કહયું છે. ગુણવાચી પદ છે ગુણવાચી મંત્ર છે

આ પાંચ જ આચારની ઉપાસના કરવાની છે એ જ પરમ ઉપાસ્ય છે. પૂજ્ય છે માટે જ સિદ્ધચક્રમાં નવપદમાં, ઋષિમંડળમાં સર્વત્ર આ પાંચેના ચાર કરી. અર્થાત્ વીર્યાચારને બીજા ચારેમાં અંતર્ગત કરીને દર્શનપદ, જ્ઞાનપદ ચારિત્રપદ. તપપદ, રૂપે પૂજીએ છીએ. આરાધીએ છીએ. માટે એ ચારે ધર્મ થયા દર્શનધર્મ, જ્ઞાનધર્મ, ચારિત્ર ધર્મ, તપધર્મ. કેટલી અદ્દભૂત આ આરાધના છે ! કેટલું અદ્ભૂત આ ધર્મ છે. માટે એને જ ધર્મ કહ્યો. એજ મોક્ષ અપાવનાર છે. ઉમાસ્વાતિ મહારાજે તત્વાર્થના પ્રથમ સૂત્રમાં આ જ વાત કરતા કહ્યું કે—

**“ सम्यग दर्शन – ज्ञान – चारित्राणि मोक्षमार्ग: ”**

સમ્યગે દર્શન જ્ઞાન અને ચારિત્ર એજ મોક્ષ મેળવવાનો ઉત્તમ માર્ગ (ધર્મ) છે. તપને ચારિત્રની અંતર્ગત ગણ્યો. અને આવી રીતે એક બીજામાં અંતર્ગત કરતા કરતા માત્ર બેની જ આરાધના શ્રેષ્ઠ ગણી જ્ઞાન અને ક્રિયા નંદીસૂત્રમાં એજ કહ્યું

**“ नाण–किरियाहिं मोक्खो ” ( ज्ञान क्रियाभ्यां मोक्षः )**

અર્થાત જ્ઞાન અને ક્રિયા (એટલે ચારિત્ર–તપ) વડે મોક્ષની પ્રાપ્તિ થાય છે. માટે આજ આત્માનો ખરો ધર્મ આ સ્વરૂપની ધર્મઆરાધના કરવાથી આત્મા પોતાનો વાસ્તવિક સ્વરૂપ પામી શકે. અજરા અમર પદ પામીને સર્વ ગુણોને પૂર્ણ સ્વરૂપે પામી અનન્તજ્ઞાની અનન્ત–દર્શની, અનન્ત ચારિત્રવાન વગેરે પૂર્ણજ્ઞાની, પૂર્ણાનન્દી બને અને તેથી પૂર્ણ જ્ઞાની–પૂર્ણાનન્દી બનવા માટે જે આવા સ્વરૂપને પ્રાપ્ત કરી ચુકયા છે. એવા બની ગયા છે એમનીજ આરાધાના કરવી. એમનેજ માનવા. એજ આપણું સમ્યકત્વ ધર્મ સમ્યગ્ દર્શન, સમ્યગ્, જ્ઞાન, સમ્યગ્ ચારિત્ર ને જ ખરોધર્મ કહયો છે. આત્મા નિરંજન–નિરાકાર, સિદ્ધ બુદ્ધ–મુકત બની જાય તેજ પદ સાચુ અને તે સાચુ પદ મેળવવા જે આચાર પાળીએ તેજ ધર્મ સાચો. પોતાનાજ ગુણોની પ્રાપ્તિ માટે પોતાનાજ સ્વરૂપની સાધના એક સાચો ધર્મ.

**ધર્મધ્યાન અને ધર્મ ભાવના—**

શુભધ્યાનના બે વિભાગમાં પહેલું ધર્મધ્યાન છે. તે (૧)આજ્ઞાવિચય, (૨) અપાય વિચય, (૩) વિપાક વિચય અને (૪) સંસ્થાન વિચય એવા ચાર ભેદવાળો યોગશાસ્ત્રમાં હેમચન્દ્રાચાર્યે કહયો છે.

આ રીતે સતત જિનેશ્વરની આજ્ઞાનો વિચાર કરવો. આજ્ઞાનું પાલન કરવું તે આજ્ઞા વિચય ધ્યાન અને કર્મનો વિચાર બન્ને રીતે કરવો. આવા ભારે કર્મો બાંધીને કેટલા જીવો ભારે દુઃખો ભોગવે છે. તેના કેવા માઠા વિપાકો અર્થાત પરિણામોં ભોગવે છે. તે વિચાર કરવો તેનું નામ અપાય વિચય, અને વિપાક વિચય એમ બન્ને ધર્મધ્યાન. અને સંસ્થાન વિચય અર્થાત લોક સ્વરૂપનું ચિતન જેનું વિચાર આપણે લોક-ભાવનામાં કરી ગયા છીએ તે.

ધર્મ ધ્યાન-અને ધર્મ ભાવનાના વિષયો એક જ કહ્યા છે. ભાવના ચિંતનાત્મક છે. ધર્મ ભાવનામાં ધર્મનું સ્વરૂપ, ધર્મની ઉત્પત્તિ, ધર્મની શાશ્વતતા, ધર્મની અખંડિતતા, ધર્મ, ધર્મીનો સંબંધ, સમસ્ત વિશ્વમાં ધર્મની વ્યવસ્થા અને ધર્મનું સામ્રાજ્ય, વસ્તુ સ્વભાવ રૂપ ધર્મનું ચિંતન, અનન્તધર્માત્મક વસ્તુ સ્વરૂપની વિચારણા, જ્ઞાન ધર્મ, ક્રિયાધર્મ, નીતિધર્મ, શ્રુતધર્મ, ચારિત્ર ધર્મ, ધર્મનો પ્રભાવ, મહિમા, ધર્મથી સુખ-સૌભાગ્ય, સ્વર્ગાપવર્ગની પ્રાપ્તિ વગેરેની વિચારણા, ધર્મથી આત્માની શુદ્ધિ, કર્મનો ક્ષય, આત્મગુણોની પ્રાપ્તિ. અન્તે પરમપદ મોક્ષની પ્રાપ્ત વગેરે ધર્મ સંબંધી સેંકડો બાબતોનો સતત વિચાર કરવો ચિંતન કરવું એનુ નામ "ધર્મ સ્વાખ્યાત ભાવના" છે. પહેલાની અગ્યારે ભાવના આ બારમી ભાવના સાથે સંકળાયેલી છે. જોડાયેલી છે. બધાનો અન્તિમ સાર ધર્મ ભાવના છે. આવા ધર્મનું આચરણ ન કરનારાની કેવી દુર્દશા થાય છે તો જણાવે છે—

**ધર્મવિના અધર્મીની દુર્દશા—**

असारे संसारे नत्थी सुहं, वाहि वेअणा पउरे ।
जाणंतो इह जीवो न कुणई जिण देसिअं धम्मं ॥

વ્યાધિ-વેદનાથી ભરેલા આ અસાર-સંસારમાં ખરેખર કોઇ સાર નથી. આવું જાણતો હોય છે તો જીવ શા માટે જિનોપદિષ્ટ ધર્મ આરાધતો

નથી. એનું પરિણામ શું આવશે. ધર્મ કર્યા વિના આ અધર્મનાં પાપે જીવની કેવી દુર્દશા થશે એનો તો જીવ વિચાર પણ કરતો નથી.

एवं अणोरपारे संसारे सायरम्मि भीमंमि ।
पत्तो अणंत खुत्तो, जीवेहिं अपत्त धम्मेहिं ॥

—આવી રીતે મહાભયંકર સંસાર સમુદ્ર કે જેનો પાર પણ ન પામી શકાય એવા સંસાર રૂપ સમુદ્રમાં આ જીવ ધર્મ ન પામવાના કારણે અનન્તીવાર ખૂંચ્યો છે, પડયો છે. પારાવાર દુઃખ સહન કર્યા છે. નરક-તિર્યંચાદિ ચારે ગતિમાં ડૂબ્યો છે. કહ્યું છે કે—

ધર્મ ધર્મ સહુ કરે, ધર્મ કો ન જાને મર્મ;
મર્મ બિનું ધર્મ કિસ્યો, મર્મ હી કાપે કર્મ ॥

—આના ઉપરથી સમજાશે કે ધર્મ-ધર્મ કરનારા તો ઘણાં છે. પણ ધર્મનો મર્મ સમજનારા બહુ ઓછા છે અને જો ધર્મનો મર્મ ન જાણ્યો તો ધર્મ શું કામનો કારણ કે ધર્મના મર્મની સાધના જ કર્મ કાપે છે. કર્મનો ક્ષય કરે છે માટે જે કર્મનો ક્ષય કરે તે જ સાચો ધર્મ.

अनित्यानि शरीराणि, विभवो नैव शाश्वतः ।
नित्यं सन्निहितो मृत्युः, कर्तव्यो धर्म संचयः ॥

—હે ભાગ્યશાલી ! ખરેખર આ શરીર વગેરે બધુ અનિત્ય છે. ધન-સંપતિ અને વૈભવ વગેરે કાયમ રહેવાના નથી, અને મોત તો નિત્ય તારા માથે જ ફરે છે. માટે બીજું બધું મેળવવાની મહેનત છોડીને ધર્મ કર, ધર્મનો જ સંગ્રહ કર.

—શ્રી દશવૈકાલિક આગમમાં લાલબત્તી દેખાડતા એમ કહે છે કે જ્યાં સુધી જરા = વૃદ્ધાવસ્થા તને પીડા નથી પહોંચાડતી, આધિ-વ્યાધિ અને રોગો તને ઘેરી નથી લેતા, તેમજ તારી ઈન્દ્રિયો ક્ષીણ નથી થઈ જતી ત્યાં સુધી તુ ધર્મ કરી લે. આરાધી લે.

जरा जाव न पीडेइ, वाहि जाव न वड्ढई ।
जाव इन्दिया न हायंति, ताव धम्मं समाचरे ॥ -

**ધર્મનો અદ્‌ભૂત મહિમા**—ધર્મ ભાવનામાં ધર્મના અદ્‌ભૂત મહિમાનું પણ ચિન્તન કરવું જોઇએ. યોગશાસ્ત્રમાં, ધર્મરત્ન પ્રકરણમાં, ધર્મ સંગ્રહ વગેરે આગમોનો અદ્‌ભૂત મહિમા ગાયો છે. હજારો પાના લખીએ તો પણ ધર્મનો મહિમા ખૂટે એમ નથી તેનો મહિમા અપરંપાર છે અનન્ત છે.

'**सव्वे कलाहिं धम्म कला जिणेहिं**' " સર્વકલામાં ધર્મની કલા જ સર્વ શ્રેષ્ઠ છે. The Religion is an Art of Life to Remaking of life.

The Religion is a suprime Science. But the science is not the Religion. માટે જ પ્લેટોએ કહ્યું કે—A Ruller must be a philosopher.

પરંતુ ધર્મ એનાથી આગળ વધીને કહે છે કે—A philosopher must be a Religious. અંતે વિજ્ઞાન અને ધર્મનો વિચાર કરતા ધર્મનો જ ઉપકાર ક્ષેત્ર મોટુ ગણાશે વિજ્ઞાનનું નહીં. ધર્મે જેટલો ઉપકાર કર્યો છે સમસ્ત માનવ જાત ઉપર એટલો વિજ્ઞાને નથી કર્યો અને વિજ્ઞાન કદાચ ક્યારેય કરી નહીં શકે.

निरालम्बा निराधारा, विश्वाधारा वसुन्धरा ।
यच्चावतिष्ठते तत्र, धर्मादन्यन्न कारणम् ॥

અત્રે હેમચન્દ્રાચાર્ય મહારાજ કહે છે કે—આધાર અને આલંબન વગરની આ પૃથ્વી જે અદ્ધર ટકી રહે છે, નીચે નથી પડતી તેનું એક માત્ર કારણ ધર્મ વિના બીજું કંઈ જ નથી માટે આ ધર્મના ઉપર જ સર્વનો આધાર છે સર્વસ્વનો આધાર છે. ધર્મે જ આ જગતને બહુ મોટી દષ્ટિ આપી છે ધર્મ જ વિશ્વ શાન્તિનો એક માત્ર વિકલ્પ છે.

અંતે એટલું જ કહેવાનું છે કે—

श्रूयतां धर्म सर्वस्व, श्रुत्वा चैवावधार्यताम् ।
आत्मनः प्रतिकूलानि, परेषां न समाचरेत् ॥

આ ધર્મનો મહિમા સાંભળીને અને સાંભળ્યા પછી અવધારીને એટલું જ કરવાનું છે કે જે આપણને પ્રતિકૂળ લાગે છે તેનું ક્યારેય બીજા પ્રત્યે આચરણ ન કરવું.

આ ધર્મનો મહિમા અનંત છે. લખતા સાંભળતા હજારો પાના ભરાય પણ મર્મ બહુ નાનો છે સર્વજીવો ધર્મ પામે, ધર્મ આરાધે એજ શુભ ભાવના

* સૌજન્ય *

**શ્રી મુક્તિ કમલ જૈન મોહન જ્ઞાન મંદિર,**
**મહાજનની ગલી, રાવપુરા વડોદરા, ના**
**સહયોગથી આ પુસ્તિકા પ્રગટ કરવામાં આવી છે.**




# ભાવના ભવ નાશિની

પ્રવક્તા: પરમપૂજ્ય મુનિરાજશ્રી અરુણવિજયજી મહારાજ

| વિ. સં. ૨૦૩૯ આસો વદ. ૯ | ચૌદમું વ્યાખ્યાન-૧૪ | રવિવાર, ૩૦-૧૦-૧૯૮૩ |
|---|---|---|

## "વિષય : જીવ માત્ર પ્રત્યે મૈત્રી ભાવના..."
## ( મૈત્રી ભાવના )

મૈત્રી પવિત્ર પાત્રાય, મુદિતા મોદશાલિને ।
કૃપોપેક્ષાપ્રતીક્ષાય-તુભ્યં યોગાત્મને નમઃ ॥

પ. પૂ. ચરમ તીર્થપતિ શ્રમણ પરમાત્મા શ્રીમહાવીર પ્રભુને નમસ્કારપૂર્વક...

—ભાવના યોગના વિષયમ અત્યાર સુધીમાં અનિત્યાદિ બારભાવનાનો આપણે વિચાર કર્યો. તત્વાર્થસૂત્રમાં ઉમાસ્વાતિજી મહારાજે આ બાર ભાવનાઓ માટે 'અનુપ્રેક્ષા' શબ્દ વાપર્યા છે. અનુ + પ્રેક્ષા પ્રેક્ષા એટલે જોવુ, નિરીક્ષણુ કરવું, અનુપ્રેક્ષા એટલે આંતરનિરીક્ષણુ. Introspection" અધ્યાત્મ યોગમાં આત્મસાધનાના ક્ષેત્રમાં અંદર ડોકિયું કરીને આત્માને જોતા શિખીએ તો જ આત્મજ્ઞાન થશે. આત્મજ્ઞાનની વિપુલતા એજ અધ્યાત્મ યોગ છે. બાર ભાવનાઓમાં જગતના પદાર્થોની અનિત્યતા વગેરે વિચારતા કરતા કરતા અન્તે તેનો સમારોપ ધર્મમાં કર્યો. આ જગત–આત્મા–જડપુદ્ગલ પદાર્થ અને લોકઆદિનું સ્વરૂપ વિચાર્યા પછી અન્તે તો ધર્મ ભાવનામાં જ સ્થિર થવાનું છે. ભાવના યોગમાં ધર્મચિંતન, ધર્મસ્વાધ્યાય–સ્વાખ્યાતમાંજ આપણી પૂર્ણાહુતિ છે. ચિન્તનની ધારા પછી " ભાવના યોગ" એક કક્ષામાં દયાનયોગ" બની જવો જોઈએ. આવા પ્રકારના ઉત્તમ ચિન્તનની સામગ્રી મળ્યા પછી ધર્મધ્યાન, શુભધ્યાનની ધારામાં ચઢી એકાગ્રચિત સાધીને શુકલધ્યાનમાં પ્રવેશ કરીએ તોજ ઉત્તમ સાધના ગણાશે. શુભધ્યાનના ક્ષેત્રે ધર્મધ્યાન માંથી શુકલધ્યાનમાં પ્રવેશ કર્યા પછી ભાવનાયોગની આવશ્યકતા નથી પડતી.

ભાવના યોગ કરતા ધ્યાનયોગ વધુ શ્રેષ્ઠ છે. ભાવનાની વ્યવસ્થા જ્ઞાની ભગવંતો એ સંવરતત્વમાં કરી અને ધ્યાનની વ્યવસ્થા નિર્જરાતત્વમાં આભ્યંતર તપમાં કરી છે, ભાવના કરતા ધ્યાનયોગ હજારગણો વધુ અસરકારક છે. નિર્જરાકારક છે. અદભૂત અને અનુંપમ નિર્જરા કરાવનાર છે. પરન્તુ એવા ધ્યાનયોગ ને નિર્માણુ કરવામાં ભાવનાયોગ કારણુ તરીકે નો ભાગ ભજવે છે. ધ્યાનયોગ માટે ભાવનાના સોપાનો છે આ પગથિયા ચઢીને આત્મા ધ્યાનના દ્વારમાં પ્રવેશી શકે છે.

**ભાવના ભાવશુદ્ધિ માટે ભાવવી–**

चिनु चित्ते भृशं भव्य, भावना भावशुद्धये ।
या सिद्धान्त महातन्त्रौ, देवदेवैः प्रतिष्ठिता ॥

—જ્ઞાનાર્ણવ ગ્રન્થમાં ભાવ શુદ્ધિ માટે જણાવતા કહે છે કે–ચિત્તની વિશુધ્ધિ માટે ભવ્યાત્માએ ભાવના ભાવવી. ભાવની વિશુધ્ધિ માટે ભાવનાને જ પ્રધાન સાધન ગણવામાં આવી છે. અને આ ભાવનાઓ તો મહાસિધ્ધાન્ત ગ્રન્થોમાં સ્વયં દેવાધિદેવ તીર્થંકર પરમાત્માએજ પ્રતિષ્ઠિત કરી છે. અર્થાત ઉપદેશી છે. માટે બારે ભાવનાનું મૂળ તીર્થંકર ભગવંતો છે.

ભાવ અને ભાવના નો આધાર ચિત્ત–અર્થાત મન છે. અને મન અનેક વિકારોનો ભરેલો છે. સંસારના તમામ પદાર્થોનો કોઠાર માનવીનું મન છે. કોઠાર અને ગોડાઉનમાં પદાર્થ ગમે એટલું પડયું હોય પણ તેની ટુંકી નોંધ જેમ એક ચોપડે રહે છે. તેમ સમસ્ત લોકરૂપ સંસારના જડ–ચેતનાદિ તમામ પદાર્થોની નોંધ માનવીના મનમાં છે. અને તે તેના મનમાંથી ખસે તેમ નથી–માટે મહાજ્ઞાની ગીતાર્થ મહા-પુરુષોએ બાર ભાવનાની સંયોજના કરી. આ બાર ભાવનામાં માનવ મનના સર્વ પદાર્થોનો સમાવેશ કરવામાં આવ્યો છે. જગત્તનો એક પણ પદાર્થ એવો નથી કે જે આ બાર ભાવનાની અંતર્ગત ન સમાતો હોય. માટે બધા જ તમામ પદાર્થોને સમાવી લઈને તે તે જડ–ચેતન પદાર્થોને કઈ દૃષ્ટિથી જોવા ? કેવી બુદ્ધિથી માનવા ? તે પદાર્થો પ્રત્યે કેવી દૃષ્ટિ કે બુદ્ધિ રાખવી ? કેવી ભાવના–ઈચ્છા રાખવી તે જણાવવા માટે Psychological દૃષ્ટિ–કોણથી સારી રીતે બાર ભાવનામાં જણાવ્યું.

અનિત્યાદિ ભાવનામાં સર્વપદાર્થો અનિત્ય છે, ક્ષણિક છે. નાશવંત છે. અશરણમાં સંસારના સગા–સંબંધી વગેરે કોઈ શરણદાતા નથી. અસહાય અશરણ બતાવી ધર્મની જ શરણે મોકલ્યો. અને એકત્વ–અન્યત્વ ભાવનામાં હે જીવ ? તૂ એકલો છે. તારૂ કોઈ નથી. તૂ કોઈનો નથી. તૂ એકલો જ આવ્યો છે અને એકલો જ જવાનો છે. તૂ કોઈની સાથે નથી આવ્યો અને તારી સાથે પણ કોઈ નથી આવવાનો ..ભાઈ ! આ સંસારનું સ્વરૂપ જ એવું છે. તને એથી વધારે શું કહું માટે આ સંસારનું સ્વરૂપ સારી રીતે સમજી કરીને વિચાર કરીને તૂ તારા

આત્માનું સાધી લે. આ પ્રપંચી સંસારનો ત્યાગ કરી દે. છોડી દે. વૈરાગ્ય ભાવના. બારે ભાવનાનો સરવાળો વૈરાગ્ય ભાવના છે. ભલે બાર ભાવનામાં વૈરાગ્ય ભાવનાને સ્વતંત્ર કોઈ સ્થાન નથી. પરન્તુ જગતના જે જે જેટલા પદાર્થો ઉપર રાગ છે તે તે પદાર્થોનો સ્વરૂપ અને તેના રાગના ત્યાગનો સ્વરૂપ બત્તાવે તો જ વૈરાગ્ય આવે તેમ છે. અન્યથા શકય નથી. માટે વૈરાગ્ય ભાવના એક ભાવનાનું સ્વતંત્ર નામ નથી. તે તો આ બારે ભાવનાનું સંયુક્ત નામ છે. સાકરના વખાણ તો ઘણાં કર્યાં પરન્તુ જ્યાં સુધી સાકર જીભ ઉપર મૂકીને ન ખાઈએ ત્યાં સુધી કોઈ રસાસ્વાદ નહીં આવે. તેમ બારે ભાવનાનું સ્વરૂપ તો અલગ-અલગ ઘણું વિચાર્યું પરન્તુ હવે બાર ભાવનાને એક કરીને નક્કર પરિણામ લાવવા માટે "વૈરાગ્ય ભાવના" નિર્માણ કરવી પડશે. અને વૈરાગ્ય ભાવના આ બારેની સમૂહાત્મક છે

વૈરાગ્યનો આનન્દ તો અવર્ણનીય છે. એ તો જે અનુભવે તેને જ ખબર પડે છે. વૈરાગ્યથી ક્ષમા-સમતા, નિષ્પાપ જીવન, પ્રશમ રસની અનુભૂતિ...અને આગળ વધતા વૈરાગ્ય ધ્યાન સાધનાનો ઉત્તમ આલંબન છે. આજે રાગનું પ્રમાણ વધારે હોવાના કારણે ધ્યાન સાધનામાં પ્રવેશ થતો નથી. સ્થિરતા આવતી નથી. કારણ કે જ્યાં રાગ વધારે છે ત્યાં ચિન્તા આવશે. અને ચિન્તા તો આર્તધ્યાન છે. વસ્તુના મમત્વરૂપ રાગની ચિન્તા ચિન્તન કરાવવા દે તેમ નથી. અને ચિન્તન જ ન જાગે તો ભાવના ભાવવી શકય નથી. કારણ ભાવના તો ચિન્તનાત્મિકા છે. અનુપ્રેક્ષા છે. એ અધ્યાત્મ યોગની સાધના છે. જ્યારે ચિન્તા સંસારવાસની પગદંડી છે.

**સદ્ધર્મધ્યાનસંધાન ભાવના—**

ભાવનાયોગની સાધના એ ધર્મધ્યાનની પગદંડી છે. નિરાંતે નિશ્ચિન્ત પણે ભાવનાયોગમાં આંતરનિરીક્ષણ કર્યા પછી ધ્યાનયોગમાં પ્રવેશ કરવાનું છે. સ્થિર થવાનું છે અને તે માટે બારે ભાવના ભાવવી. બારે ભાવનામાં સંસારના તમામ પદાર્થોનું મારા અનુસંધાનમાં

વિચાર વિમર્શ તો કર્યો. કોઈ મારૂ નથી અને હું કોઇનો નથી વગેરે આપણે સારી રીતે જોઈને સમજ્યા. પરન્તુ આજે પણ આપણે છીએ તો સંસારમાંજ અને હજી જ્યાં સુધી સંસારમાંથી સર્વથા છૂટીને મુક્ત નથી થયા. મોક્ષે નથી ગયા ત્યાં સુધી તો સંસારમાં બધા જીવોની વચ્ચેજ, બધા જીવોની સાથેજ રહીએ છીએ તો પછી તે જીવોના પ્રત્યે આપણી લાગણી, આપણી ભાવના કેવી હોવી જોઇએ તેનો વિચાર આજે કરવાનો છે.

જરૂર કોઈ પણ જીવ સાથેનો આપણો સંસાર સંબંધ સાચો નથી.... તેથીજ રાગ ભાવ-મોહ મમત્વવૃત્તિ ઘટાડવા માટે જ્ઞાની ભગવંતોએ અનિત્ય એકત્વ અન્યત્વાદિ ભાવનાઓ બતાવી તે પણ તેટલીજ સાચી છે. પરન્તુ તે બધી ભાવનાઓનો આપણે એકાંતમાં એકલા આપણા આત્માને કેન્દ્રમાં રાખીને વિચાર કર્યો હતો. આંતરનિરીક્ષણ કરી ધ્યાન યોગના આરીસામાં જોતા બારે ભાવનાઓમાં કહ્યા પ્રમાણેનું સાચુ સ્વરૂપ દેખાણું.

પરન્તુ આજે સાધક આંતરદૃષ્ટિ ખોલીને સમસ્ત સંસારમાં, સમસ્તસંસારી જીવોપ્રત્યે મારૂ શું કર્તવ્ય છે, મારે મારી દૃષ્ટિ સર્વ પ્રત્યે કેવી રાખવી ? તે માટે જગતના સર્વ જીવો પ્રત્યે નિરીક્ષણ કરતા અનન્તા સૂક્ષ્મ-સ્થૂલ, ત્રસ-સ્થાવર જીવો દેખાય છે, તેમાંથી ઘણાં અનન્ત આપણાં ઉપકારી છે, ઘણાં જીવો દીન દુખી આર્ત દેખાય છે અને ઘણાં જીવો આ સંસારમાં ભારે પાપકર્મ-પાપ-પ્રવૃત્તિ કરતા દેખાય છે.... આવા પ્રકારનો આખો લોક-સંસાર દેખાય છે. ત્યારે આ સંસારને આપણે કેવી દૃષ્ટિથી જોવો. ? આપણે આવા સંસારમાં કેવી રીતે રહેવુ ? કેવી દૃષ્ટિથી જીવવુ ? બીજાના પ્રત્યે આપણું કર્તવ્ય શું ? સર્વના પ્રત્યે આપણો ભાવ કેવો હોવો જોઈએ. આ સંસારમાં આપણે બધા માટે શું કરી શકીએ એમ છીએ વગેરે અનેક દૃષ્ટિથી વિચાર કરતા તીર્થંકર પરમાત્માએ ચાર દૃષ્ટિ બતાવી છે. ચાર ભાવના ઓ બતાવી છે. અને એ ચારે ભાવના-દૃષ્ટિ આપણા ધર્મધ્યાનાદિ

ક્ષેત્રે પણ અત્યન્ત ઉપયોગી નિવડશે.

**ધ્યાનસિદ્ધિ-સાધનિકા-ભાવના—**

**चतस्रो भावना धन्याः, पुराणपुरूषाश्रिताः ।**
**मैत्र्यादयश्चिरं चित्ते, ध्येया धर्मस्य सिद्धये ॥**

—મહાપુરૂષોએ જે ચાર ભાવનાઓનો આશ્રય લીધો હતો તે મૈત્રી આદિ ચાર ભાવનાઓ ખરેખર આપણા ધર્મધ્યાનની સિદ્ધિ માટે સહાયક છે. સાધનિકા ભાવના છે, અત્યાર સુધીમાં આપણે વિચારી ગયા કે ધ્યાન યોગ માટે ભાવના ભાવવાનું કેટલુ મહત્વનું છે. ખરેખર ભાવના ભવ નાશિનિ છે. ભાવના ભાવશુદ્ધિ માટે ઉપયોગી છે. ધ્યાન પણ મનનો વિષય છે. અને ભાવના પણ મનનો જ વિષય છે. ધ્યાન મનને સ્થિર કરે છે, એકાગ્ર કરે છે. મનને સાધે છે તો ભાવના મનને શુદ્ધ કરે છે. મનનો રાગ-દ્વેષાદિનો કચરો કાઢીને ધ્યાન માટે શુદ્ધ ભૂમિ તૈયાર કરે છે. માટે જ મૈત્ર્યાદિ ભાવના ધ્યાન માટે કેવી સહાયક છે તે વાતને હેમચન્દ્રાચાર્ય મહારાજા યોગશાસ્ત્રમાં પુષ્ટ કરતા ફરમાવે છે કે—

**मैत्री-प्रमोद-कारुण्य-माध्यस्थानि नियोजयेत् ।**
**धर्मध्यानमुपस्कर्तुं, तद्धि तस्य रसायनम् ॥**

—જેમ વૃદ્ધાવસ્થાથી પીડાતા ઘડપણના ઘરડા શરીરને ટકાવવા રસાયન જેમ ઉત્તમ સાધન છે. ટકાવનાર છે તેમ ધર્મધ્યાન કરતા આરાધક આત્માની ધ્યાનધારા કયાંક ખંડિત થઈ જાય, તૂટી જાય તો તેને સાંધવા માટે Adheshivનું કામ કરનાર તે મૈત્ર્યાદિ ચાર ભાવનાઓ છે. મૈત્રી, પ્રમોદ, કારૂણ્ય અને માધ્યસ્થ, એવી ચાર ભાવનાઓ છે. અર્થાત્ ધ્યાન ક્ષેત્રે ભાવના કેટલો ભાગ ભજવે છે કેટલી ઉપયોગી અને સહાયક પુરવાર થઈ છે તે આ શબ્દો ઉપરથી ખ્યાલ આવી જાય છે. મૈત્રી આદિ ભાવનાઓ કે બાર ભાવનાઓ ધ્યાનને

વિચલિત નથી કરતી. ધારાને તોડીને વિષયાન્તર કરાવીને બીજા ક્ષેત્રમાં મનને નથી લઈ જતી. માટે આ ભાવનાઓ અનુસંધાનાત્મિકા છે. સાંધનારી છે. તુરંત આત્મા અને મન વચ્ચે અનુસંધાન કરાવી દે છે. નદીના બન્ને કાંઠાને જોડનારી પુલ તરીકે કામ બજાવનારી ભાવનાઓ છે. માટે ભાવના અને ધ્યાનને બહુ સારો નજીકનો સંબંધ છે. ભાવના ઉત્તમ રસાયન જેવી છે. વૃદ્ધાવસ્થામાં જેમ શરીર સ્થિર ન રહે, તેમ ધ્યાનની દીર્ઘાવસ્થામાં...લાંબા ધ્યાનમાં મન પણ સ્થિર નથી રહેતું... અને મન ત્યાં વૃદ્ધ = ઘરડુ થઈ જાય છે. અને પછી મન પડવા માંડે છે. એવા સમયે ભાવના રસાયનનું કામ કરીને પીઠબળ આપે છે. ટેકો આપે છે. પડતા મનને સ્થિર કરે છે. તૂટતા ધ્યાનને સાંધી દે છે. એજ વાતને યોગશાસ્ત્રમાં કહે છે કે—

आत्मानं भावयन्नाभिर्भावनाभिर्महामतिः ।
त्रुटितापि संधत्ते, विशुद्धध्यानसंततिम् ॥

—આ મૈત્ર્યાદિ ચારે ભાવના વડે ભાવના ભાવતો ઉત્તમ બુદ્ધિશાલી એવો આત્મા તૂટેલી વિશુદ્ધ-ધ્યાનશ્રેણીને પણ સાંધી દે છે. જોડી દે છે. માટે આ ભાવનાઓને ધ્યાનની અનુસાધિકા કહી છે.

## આ ભાવનાઓ કઈ છે ? અને કેવી છે ?

मैत्री परेषां हितचिंतनं यद्भवेत्प्रमोदो गुणपक्षपातः ।
कारुण्यमार्ताङ्गिरुजां जिहीर्षेत्युपेक्षणं दुष्टधियामुपेक्षा ॥

—શાન્તસુધારસકાર મહર્ષિ વિનયવિજયજી ચાર ભાવનાનું સ્વરૂપ જણાવતા ફરમાવે છે કે—સંસારના તમામ જીવોના હિતનું ચિન્તન કરવું તે મૈત્રી ભાવના છે. હિત ભાવનાને મૈત્રી ભાવના કહી. અને મારાથી વડીલ, ગુણવાન મહાત્માઓના ગુણોનો અનુરાગ રાખવો, ગુણાનુરાગી બનવું, ગુણગ્રાહી દ્રષ્ટિ રાખવી તે પ્રમોદભાવના છે. અને આ જગતમાં દીન-દુઃખી આર્ત અને પીડાતા જીવોને જોઈને મનમાં કુણી લાગણી

ઉત્પન્ન થવી તે કારૂણ્ય ભાવના છે. જ્યારે જે જીવો ભારે કર્મી છે, દુષ્ટ બુદ્ધિવાલા છે, અનેકવાર સમજાવવા છતા પણ દુષ્ટતા છોડે તેમ નથી અને ઉપરથી કષાય કરતા હોય તેવા જીવો પ્રત્યે ઉપેક્ષા બુદ્ધિથી જોવુ તે માધ્યસ્થ ભાવના છે. એજ વાતને બીજા શબ્દોમાં કહીએ તો—

**परहितचिन्ता मैत्री, परदुःखविनाशिनी तथा करुणा ।**
**परसुखतुष्टिर्मुदिता, परदोषोपेक्षणमुपेक्षा ॥**

—આપણાથી પર એવા સર્વ જીવોના હિતની ચિન્તા કરવી તે મૈત્રીભાવના, અને પરના દુઃખનો કેમ નાશ થાય, કોઈ દુખી જ ન રહેવા પામે એવી ભાવના તે કરૂણા અને પારકાનું સુખ જોઈને આનન્દ થવો તે પ્રમોદ ભાવના અને પારકાના દોષોની ઉપેક્ષા કરવી તે માધ્યસ્થ (ઉપેક્ષા) ભાવના. આ રીતે આ ચારે ભાવનાનો સંબંધ પારકાના સુખ–દુઃખ પ્રત્યે છે. સંસારના સર્વ જીવોના સુખ–દુઃખ પ્રત્યે આપણી દૃષ્ટિ કેવી હોવી જોઈએ તે આ ચારે ભાવના બતાવે છે- માટે જ આપણી પ્રાર્થનામાં અને મોટી શાન્તિમાં પણ આપણે આ ભાવનાઓનો સમાવેશ કર્યો છે.

| | | |
|---|---|---|
| (१) **शिवमस्तु सर्वजगतः** | — १. | મૈત્રીભાવના |
| (२) **परहितनिरता भवन्तु भूतगणाः** | — २. | પ્રમોદભાવના |
| (३) **दोषाः प्रयान्तु नाशं** | — ३. | કારૂણ્યભાવના |
| (४) **सर्वत्र सुखी भवन्तु लोकः** | — ४. | માધ્યસ્થભાવના |

અર્થ

| | | |
|---|---|---|
| (૧) સર્વ વિશ્વનું કલ્યાણ થાઓ | — | મૈત્રીભાવના |
| (૨) સર્વ જીવો પારકાના હિતમાં રત થાઓ | — | પ્રમોદભાવના |
| (૩) સર્વના પાપ દોષો નાશ પામો | — | કારૂણ્યભાવના |
| (૪) સર્વત્ર લોકો સુખી થાઓ | — | માધ્યસ્થભાવના |
| (१) **सर्वेऽपि सन्तु सुखिनः** | — | મૈત્રીભાવના |
| (२) **सर्वे सन्तु निरामया** | — | પ્રમોદભાવના |

| | | |
|---|---|---|
| (३) सर्वे भद्राणि पश्यन्तु | — | કરૂણાભાવના |
| (४) मा कश्चिद् दुःखमाग्भवेत् | — | માધ્યસ્થભાવના |

અર્થ

| | | |
|---|---|---|
| (૧) સર્વ જીવો સુખી થાઓ | — | મૈત્રીભાવના |
| (૨) સર્વ જીવો નિરોગી થાઓ | — | પ્રમોદભાવના |
| (૩) સર્વ જીવો કલ્યાણને જૂઓ | — | કરૂણાભાવના |
| (૪) કોઈ પણ જીવ દુઃખી ન થાઓ | — | માધ્યસ્થભાવના |

—આ રીતે બૃહદ્દશાન્તિ સ્તોત્ર વગેરેમાં પણ જે પ્રાર્થના સ્વરૂપાત્મક શ્લોકો છે તેમાં પણ ગૂઢાર્થ રૂપે ચારે ભાવનાઓને સમાવવામાં આવી છે. આ શ્લોકોના અર્થો સાથે આપ્યા છે. તેથી ચારે ભાવનાઓના વિષયો કેવા હોઈ શકે છે તેનો સ્પષ્ટ ખ્યાલ આવી જાય છે. વધારે વિવેચનની આવશ્યકતા નથી.

આજ પ્રમાણે થોડા જોડાઓથી આ ચારે ભાવનાઓની નિર્મિતિ અને પરિણામ જોઈએ—

| ૪ ભાવના | | અરિહતાદિ ૪ મંગલ, લોકોતમ, શરણ | | | |
|---|---|---|---|---|---|
| **૧ મૈત્રી ભાવના** — | અરિહંતા | મંગલ, | લોકોત્તમ, | અને | શરણ |
| **૨ પ્રમોદ ભાવના** — | સિધ્ધ | ,, | ,, | ,, | ,, |
| **૩ કરૂણા ભાવના** — | સાધુ | ,, | ,, | ,, | ,, |
| **૪ માધ્યસ્થ ભાવના**— | ધર્મ | ,, | ,, | ,, | ,, |

—અરિહંત પરમાત્માની મૈત્રી ભાવના સર્વોચ્ચ છે. મૈત્રી ભાવનાથીજ અરિહંત બન્યા છે. સર્વ સિધ્ધો ગુણના ભંડાર છે અનન્તગુણી છે. તેમના ગુણોને ગ્રહણ કરવા પ્રમોદ ભાવના છે. સર્વ સાધુ ભગવંતોને સર્વજીવો પ્રત્યે અપાર કરૂણા હોય છે. મુનિવર પરમ દયાળ ભવિયા અને ધર્મ બુધ્ધિ જ ઉપેક્ષણીય જીવો પ્રત્યે માધ્યસ્થ ભાવના રાખવાનું શિખવાડશે.

| ૪ ભાવના | | ૪ ધર્મ |
|---|---|---|
| ૧ મૈત્રી ભાવના | — | સમ્યગ્ દર્શન |
| ૨ પ્રમોદ ,, | — | ,, જ્ઞાન |
| ૩ કારૂણ્ય ,, | — | ,, ચારિત્ર |
| ૪ માધ્યસ્થ ,, | — | ,, તપ |

—સમ્યગ્ દર્શન રૂપ ધર્મમાં અનુપમ શ્રધ્ધામાં સવ જીવોપ્રત્યે મૈત્રી ભાવ હોવો જોઈએ. સમ્યકત્વી મૈત્રી ભાવના વાળો જ હોવો જોઈએ. જ્ઞાન એ ગુણ છે. જ્ઞાન ગુણવાલા જ્ઞાની પ્રત્યે પ્રમોદ ભાવના વ્યકત કરવાથી જ્ઞાન ગુણની પ્રાપ્તિ થાય. ચારિત્રધર્મની સાધના માટે જીવ માત્ર પ્રત્યે કરૂણા જોઇએ. અને તપ ધર્મ પરપ્રત્યે માધ્યસ્થપણુ શિખવાડે છે.

| ૪ ભાવના | | ૪ ધર્મ |
|---|---|---|
| ૧ મૈત્રી ભાવના | — | દાનધર્મ |
| ૨ પ્રમોદ ,, | — | શિયળ ,, |
| ૩ કરૂણા ,, | — | ભાવ ,, |
| ૪ માધ્યસ્થ ,, | — | તપ ,, |

—મૈત્રી ભાવના હશે તોજ દયા–દાન ધર્મ થશે. શિયળ–અર્થાત બ્રહ્મચર્ય. બ્રહ્મ આત્મ સ્વરૂપમાં ચરવા માટે પ્રમોદ ભાવના બ્રહ્મચારીઓના ગુણોને આપણામાં આકર્ષશે. જીવ માત્ર ઉપર કરૂણાના ભાવ રહેવા એજ આપણી કરૂણા ભાવના છે. અને માધ્યસ્થ ભાવના પોતાના તપધર્મની આરાધના નિર્વિઘ્ને પાર પડવા દેશે.

| ૪ ભાવનાથી | | ૪ કષાયોનું શમન |
|---|---|---|
| ૧ મૈત્રી ભાવનાથી | — | ક્રોધ |
| ૨ પ્રમોદ ,, | — | માન |
| ૩ કારૂણ્ય ,, | — | માયા |
| ૪ માધ્યસ્થ ,, | — | લોભ |

—મૈત્રી ભાવના અંતરને વિશાળ બનાવે છે જ્યાં બધાનેજ મિત્ર માન્યા ત્યાં પછી ક્રોધ ચંડાળને અવકાશજ ક્યાં મળવાનો ? માન અભિમાનને ટાળવા માટે પ્રમોદ ભાવનાનો આશ્રય લઈને ગુણીજનો તરફ દ્રષ્ટિ રાખવી. જેથી બીજાના ગુણો ઘણાં મોટા દેખાતા આપણો અભિમાન ઓગળી જશે. અને દીન દુઃખી આર્ત પ્રત્યે કરૂણાની દ્રષ્ટિ હોવાથી કોઈને પણ ઠગવાની માયા વચ્ચે આવશે જ નહીં. અને પર પદાર્થના લોભને ટાળવા માધ્યસ્થ ભાવના ઉપેક્ષા વૃત્તિ શિખવાડશે. એટલે લોભ નાશ પામશે.

| | | |
|---|---|---|
| **૪ સંજ્ઞા ટાળવા** | — | **૪ ભાવના** |
| **૧ આહાર સંજ્ઞા** | — | **મૈત્રી ભાવના** |
| **૨ નિદ્રા ,,** | — | પ્રમોદ ,, |
| **૩ ભય ,,** | — | કારૂણ્ય ,, |
| **૪ મૈથુન (પરિગ્રહ)** | — | માધ્યસ્થ ,, |

—મૈત્રી ભાવના આહારની સંજ્ઞા ટાળવા સહાયક છે. પ્રમોદ ભાવના ગુણાનુરાગી હોવાથી નિદ્રા ટાળશે. કારૂણ્ય ભાવના સર્વ પ્રત્યે દયાળુ હોવાથી ભય સંજ્ઞા ટાળશે અને માધ્યસ્થ ભાવના મૈથૂન (પરિગ્રહ)ની સંજ્ઞા ટાળશે

| | | |
|---|---|---|
| **૪ અધર્મ ને ટાળવા** | — | **૪ ભાવના** |
| ૧ હિંસા | — | **મૈત્રી ભાવના** |
| ૨ ઝૂઠ | — | પ્રમોદ ,, |
| ૩ ચોરી | — | કારૂણ્ય ,, |
| ૪ અબ્રહ્મ (પરિગ્રહ) | — | માધ્યસ્થ ,, |

—જીવમાત્ર પ્રત્યેની મૈત્રી હિંસા અટકાવશે, ગુણવાનોં પ્રત્યે પ્રમોદવૃત્તિ-ખોટુ બોલતા અટકાવશે અને સર્વ પ્રત્યેની કરૂણા ચોરી કરતા બચાવશે. જ્યારે માધ્યસ્થ ભાવના અબ્રહ્મ (પરિગ્રહ)થી છોડાવશે.

## કોના પ્રત્યે કઈ ભાવના ભાવવી ? —

**सत्वेषु मैत्री गुणिषु प्रमोदं, क्लिष्टेषु जीवेषु कृपापरत्वम् ।**
**माध्यस्थभावं विपरीतवृत्तौ, सदा ममात्मा विदधातु देव ॥**

— આ ચાર ભાવનાઓના વિષયો બાહ્ય છે. બીજાઓ પ્રત્યે જોવાના દૃષ્ટિ કોણ આ ભાવનાઓમાં છે. માટે આ ભાવનાઓ પર પ્રત્યયે છે. બાહ્ય છે. માટે ગમે તેની સાથે ગમે તે ભાવનાનો પ્રયોગ ન કરાય. દા.ત. ગુરૂ મહારાજ પ્રત્યે માધ્યસ્થ ભાવના ન રખાય. અને શત્રુ પ્રત્યે કઈ ભાવના વાપરવી તે માટે મહર્ષિઓ એ સ્પષ્ટીકરણ કરતા કહ્યું છે કે—સંસારના સૂક્ષ્મ, સ્થૂલ, ત્રસ-સ્થાવર સર્વ જીવ માત્ર પ્રત્યે મૈત્રી ભાવના રાખવી. અને સર્વ ગુણવાન-વડીલ-પૂજ્યો પ્રત્યે પ્રમોદ ભાવના રાખવી અને દીન, દુઃખી, આર્ત, પીડાતા સર્વ જીવો પ્રત્યે કરૂણાની દૃષ્ટિથી જોવુ. અને વિપરીત વૃત્તિ ધરાવતા જીવો જે સાચા માર્ગે વળે તેમ નથી. સમજાવવા છતા પણ ધર્મ સમજે તેમ નથી. પાપમાર્ગ છોડે તેમ નથી તેવા જીવોને સમજાવવા છતા વિપરીત બુદ્ધિના કારણે વિપરીત આચરણ જ કરતા હોય, તેવા જીવો પ્રત્યે માધ્યસ્થ ભાવના રાખવી. આના ઉપરથી એટલુ સ્પષ્ટ ખ્યાલ આવી જશે કે કઈ ભાવનાના વિષયો કયા છે. જ્યાં-ત્યાં ગમે તે ભાવના ન ભાવવી. અન્યથા અનર્થ થઈ જશે

## ચારે ભાવનામાં ક્રમ વ્યવસ્થા—

પહેલી મૈત્રી પછી બીજી પ્રમોદ ભાવના, ત્રીજી કરૂણા ભાવના અને અન્તમાં છેલ્લી ચોથી માધ્યસ્થ ભાવના, એમ આ ચાર ભાવનાઓની ક્રમ વ્યવસ્થા છે. ક્રમમાં પણ રહસ્ય છે. પછી-પછીની ભાવનાઓના વિષયો નાના-નાના થતા જાય છે. અને પાછળના ક્રમથી જોઈએ તો આગળ-આગળની ભાવનાઓના વિષયો વિશાળ થતા જાય છે. મોટા થતા જાય છે, વ્યાપક થતા જાય છે. અર્થાત્ મૈત્રી કરતા પ્રમોદ ભાવના નાની છે, પ્રમોદ કરતા કરૂણા નાની છે, અને કરૂણા કરતા પણ સહુથી નાની

ભાવના માધ્યસ્થ છે. એ જ પ્રમાણે–માધ્યસ્થ કરતા મોટી કરૂણા ભાવના છે, કરૂણા કરતા મોટી પ્રમોદ છે. અને સહુથી મોટી વ્યાપક **મૈત્રી** ભાવના છે. મૈત્રી ભાવનામાં જગતના નાના–મોટા સર્વ જીવો આવી જાય છે. ચારે ગતિના પાંચે જાતિના સર્વ જીવો પ્રત્યે મૈત્રી ભાવના રાખવી. જ્યારે પ્રમોદ ભાવના તો ગુણિજન પ્રત્યે જ રાખવી કરૂણા તો દીન–દુઃખી આર્ત પ્રત્યે જ ભાવવી. અને તેમાં પણ માધ્યસ્થ ભાવના તો ફકત વિપરીત બુદ્ધિવાલા પાપવૃત્તિવાલા જીવો પ્રત્યે જ રાખવાની છે.

ક્રમ વ્યવસ્થાનો બીજો રહસ્ય એ છે કે મૈત્રી ભાવનામાં પાછળની ત્રણે સમાઈ જાય છે, પ્રમોદમાં પાછળની બન્ને, અને કરૂણામાં માધ્યસ્થ પણ સમાઈ જાય છે. એમ સમાવેશ કરીએ તો ચારેની ફકત એક મૈત્રી ભાવના જ બનાવી શકીએ. પરન્તુ પાછળ–પાછળની ભાવનામાં આગળની નથી સમાતી, અર્થાત્ માધ્યસ્થમાં આગળની ત્રણ, કરૂણામાં આગળની બે, અને પ્રમોદમાં મૈત્રીભાવના નથી સમાઈ જતી. માટે જ પહેલી મૈત્રી ભાવનાના ક્રમથી બધી રહેવી જોઈએ. જરૂર મૈત્રીભાવના સાથે કરૂણાને ઘણો સંબંધ છે. પરન્તુ સર્વત્ર ન ચાલે. માટે જ મૈત્રી જેટલી કરૂણા ભાવના વ્યાપક નથી.

આ ચારે ભાવનાઓની ઉપયોગિતા અને મહત્તાનું સ્વરૂપ સમજાવતું આટલું વિવેચન પર્યાપ્ત છે. એવી ચારે ભાવનાના અસ્તિત્વનું અને સ્વરૂપનું પરિચય થઈ શકે છે. હવે ક્રમશઃ એક–એક ભાવનાનો વિસ્તારથી વિચાર કરીએ. સર્વ પ્રથમ મૈત્રી ભાવનાનું સ્વરૂપ અને ઉપયોગિતા સમજવા મૈત્રીભાવનાનું વિવેચન કરીએ–

**મૈત્રી ભાવના–રાખવાનું કારણ–**

**सर्वे पितृभ्रातृपितृव्यमातृपुत्राङ्गजास्त्रीभगिनीस्नुषात्वम् ।**
**जीवा प्रपन्नाबहुशस्तदेतत्, कुटुम्बमेवेति परो न कश्चित् ॥**
**सर्वेप्यमीबन्धुतयानुभूताः, सहस्रशोऽस्मिन्भवता भवाब्धौ ।**
**जीवास्ततो बन्धव एव सर्वे, न कोऽपि ते शत्रुरिति प्रतीहि ॥**

—મૈત્રી ભાવના શા માટે ભાવવી જોઈએ તેનું કારણ જણાવવા પૂજ્ય મહામહોપાધ્યાયજી વિનયવિજયજી મહારાજ શાન્તસુધારસ મહાગ્રન્થમાં ફરમાવે છે કે–લોક સ્વરૂપ ભાવના માં જોયા પ્રમાણેના સમસ્ત ચૌદરાજ લોકના વિશાળ ક્ષેત્રમાં દેવ–મનુષ્ય–નારક અને તિર્યંચની ચારે ગતિમાં સર્વત્ર આપણે જન્મ–મરણ કરીને અનન્તા ભવો કરી ચૂકયા છીએ. કોઈ જાતિ, કોઈ કુલ, કોઇ ઉત્પત્તિ સ્થાન, એવુ બાકી નથી રાખ્યુ જ્યાં આપણે અનન્તીવાર જન્મ્યા અને મર્યા ન હોઈએ. અને એવા અનન્ત જન્મો ધારણ કરીને આપણે અનન્તા સંબંધો બાંધ્યા છે. અનન્તીવાર માતા, પિતા, ભાઈ, બહેન વગેરેના સંબંધોમાં આવ્યા છીએ. એટલુજ નહીં પણ સંસારના તમામ જીવો સાથે આપણે અનેક વાર માતા, પિતા, ભાઈ, કાકા, પુત્ર, પુત્રી, પત્ની, બ્હેન, ભાભી, પુત્રવધુ, સાસુ–વહુ વગેરેના સંબંધો પામી ચૂકયા છીએ. હવે કયો સંબંધ બાકી છે ? એ સર્વ સંબંધી તો તારૂ કુટુંબ જ છે. બધાની સાથે બધા સંબંધોના નાટકો ખેલાયા. ખરેખર આ સંસાર તો એક મહાસમુદ્ર છે. સર્વ પ્રાણીઓને ભૂતકાળમાં હજારો વખત તે બંધુ આદિ સંબંધ તરીકે તે અનુભવેલા છે. તેથી બધા જ તારા ભાઈ–બહેન છે. એમાં હવે શત્રુ રહ્યો કોણ ? કોને તુ શત્રુ માનીશ ? કોને દુશ્મન ગણીશ ?

અરે ! જેને તુ દુશ્મન ગણવાની વાત કરે છે. તે તો ..પૂર્વે તારો ભાઈ હતો, પિતા હતો, બહેન હતી, અરે ! તૂ તારા ભૂતકાળના ભાઇ, પિતા, માતાને પણ આજે શત્રુ ગણીને તેના પ્રત્યે વેર-ઝેર રાખે છે. અરે ! આ તો કેટલુ ખોટુ થઈ રહયુ છે. કેટલો અન્યાય કરી રહ્યો છે તુ તારા સંબંધી પ્રત્યે. માટે હે વિચારક ! થોડો વિચાર કર. શાન્તચિત્તે વિચાર કર. આ બધા કૌટુમ્બિક સંબંધોમાં તો બધા તારા ભાઇ–બંધુ હતા. માટે શત્રુનો ભાવ રાખી વેર–ઝેર રાખીશ નહીં. એક તો જીવન થોડું ૫૦, ૬૦, ૭૦, ૮૦ થી ૧૦૦ વર્ષનું માંડ આજે તારૂ જીવન છે, અને આટલી નાની જિન્દગીમાં વળી તું નિરર્થક વૈર–ઝેર રાખીને શત્રુબનાવીને શું ફાયદો કરીશ ? શું સાથે લઈને જવાનો છે. માટે નિરર્થક વૈર રાખીશ નહીં. સર્વેને મિત્ર માનવાની દષ્ટિ રાખજે.

## મૈત્રીભાવના અને વૈર-ઝેર

અધ્યાત્મ સાધનાના ક્ષેત્રે પણ વેર-ઝેરનો ત્યાગ કરી મૈત્રીભાવ રાખવા ઉપર ભારમૂકતા અનિવાર્ય આવશ્યકતા જણાવે છે.

**खामेमि सव्व जीवे, सव्वे जीवा खमन्तु मे ।**
**मित्ति मे सव्वभूएसु, वेरं मज्झं न केणई ॥**

હું સર્વ જીવોને ખમાવું છું. મારા અપરાધની ક્ષમા માંગુ છું, અને સર્વ જીવો મને ખમાવો. મારા અપરાધની ક્ષમા આપો. મારે સર્વની સાથે મૈત્રી સંબંધ છે. મિત્રતા છે કોઈની પણ સાથે વૈર નથી. વૈર-એ સાધનામાં બાધક છે. કષાયનું કારણ છે. ભવ-પરંપરા બગાડનાર છે. મરૂભૂતિ અને કમઠજેવા સગા બે ભાઈઓની વચ્ચે ચાલેલી દશ દશ ભવની વૈર પરંપરાનું પરિણામ આવ્યુ ? કમઠ દશે ભવમાં માનનાર થાય છે. મુનિ હત્યા વગેરે કરીને કેટલા ઘોર પાપ બાંધીને કેટલો સંસાર વધારે છે અન્તે સમત્વ ભાવનાની સાધના સાધીને મરૂભૂતિનો આત્મા ત્રેવીસમાં તીર્થંકર પાર્શ્વનાથ બનીને મોક્ષે પહોંચી ગયા પરન્તુ કમઠ તો આજે પણ સંસારમાં જ રખડી રહ્યો છે.

અગ્નિશર્મા અને ગુણસેન જેવા બે મિત્રોની મશ્કરીના સ્વભાવમાંથી ભડકેલી ક્રોધની જ્વાલાએ વૈરનું નિયાણું, બંધાવ્યું. અને અગ્નિશર્માના જીવે ક્રોધ કષાયમાં હિંસક વલણ લીધું. પરિણામે-હિંસક ભવો ધારણ કરે છે. અને ક્રોધ કષાયમાં હિંસા કરીને, મારીને સંતોષ માને છે. પરિણામે ખૂબ સંસાર વધી ગયો જ્યારે મૈત્રી વગેરે ભાવનાઓ સાધનારો, જીવનમાં ચરિતાર્થ કરનારો નવ ભવે પણ સંસાર તરી ગયો.

પવિત્ર સૂત્ર શિરોમણિ બારસા સૂત્ર ( કલ્પ સૂત્ર ) ના અન્તે એ જ કહ્યું છે કે—" **जा उवसमेई तस्स अत्थि आराहणा, जो न उवसमेई तस्स नत्थि आराहणा ।**" ખરેખર જે ખમાવે છે ( ક્ષમા યાચના કરે છે ) તે જ આરાધક છે અને જે નથી ખમાવતો

તેને આરાધના નથી. આરાધક જ સાધી શકે છે. વિરાધક ડૂબે છે. માટે જ ઉપશમપણું ક્ષમાભાવ જ સાધનાનો સાર છે. ( **उवसम सारं खु सामण्णम्** ) ઉપશમ ભાવ એ જ ક્ષમા. ક્ષમા એ જ સામાયિક અને સર્વ જીવ માત્ર પ્રત્યે સમતા ત્યારે જ આવશે કે જ્યારે જીવ માત્ર પ્રત્યે મૈત્રી ભાવ જાગશે. મૈત્રી વિના સમતા નહીં, સમતા વગરની સામાયિક શું કામની. સમતા વિનાની ક્ષમા નહીં. અને ક્ષમા-સમતા નથી તો ધર્મનો અંશ પણ નથી.

—પરમાત્મા શ્રી મહાવીર પ્રભુ ઉપર તેજોલેશ્યા મૂકનાર મહામૂઢ ગોશાલાને એ ખબર નથી કે આ તો સમતાના સાગર છે, ક્ષમાના ભંડાર છે. શીતલેશ્યાની લબ્ધિના ધણી છે. આવા પરમ મૈત્રી ભાવવાલા મહાયોગી ઉપર મારી તેજો લેસ્યાની શું અસર થવાની છે ? આટલું ભાન હોત તો ગોશાલો તેજોલેશ્યા ન મૂકત. પરન્તુ જેમ દારૂ પિધેલો મદિરાના નશામાં ભાન ભૂલી જાય છે તેમ ક્રોધિ કષાયોમાં પણ જીવ ભાન ભૂલી જાય છે. પછી એને કંઈ જ ભાન નથી રહેતુ અને ગોશાલાએ તેજો લેશ્યા મૂકી પરંતુ ક્ષણભરમાં તો આગની જેમ સળગતી તેજો લેશ્યા પ્રભુને ત્રણ પ્રદક્ષિણા આપીને ગોશાલાના જ શરીરમાં પ્રવેશી અને ગોશાલો દાઝયો રીબાઈ રીબાઈને ચીસો પાડીને મૃત્યુ પામ્યો વિચાર કરો આવી કષાયવૃત્તિ શું કામની ?

વેરથી વેર શમે નહીં જગમાં, પ્રેમથી વેર શમે જીવનમાં
પ્રેમથી પ્રેમ વધે જીવનમાં, પ્રેમથી મૈત્રી વધે દુનિયામાં

એક મ્યાનમાં બે તલવાર સાથે રહે તેમ નથી જેના પ્રત્યે વેર છે એના પ્રત્યે પ્રેમ નથી સંભવતુ. માટે પ્રેમ અને વેર-મૈત્રી અને વેર એક સાથે સાથે એક જ ઘરમાં, એક જ મ્યાનમાં સાથે નથી રહેતી. વેર-ઝેર તો ભવ-પરંપરા, સંસાર બગાડનાર છે. જ્યારે મૈત્રી ભાવના સંસાર સુધારનાર છે. પ્રેમ મૈત્રીનો જનક છે. પ્રેમ, લાગણી, સ્નેહ એ મૈત્રી ભાવના નિર્માણ કરનાર છે. જાગૃત કરનાર છે. પ્રેમનું સ્વરૂપ શુદ્ધ હોવું જોઈએ. વીશમી સદીમાં મનુષ્યોએ પ્રેમને વિકૃત કરી નાખ્યો છે.

## મૈત્રી ભાવનાનું સ્વરૂપ—

**मा कार्षीत कोऽपिपापानि, मा च भूत् कोऽपि दुखितः ।**
**मुच्यतां जगद्प्येषां, मतिर्मैत्री निगद्यते ॥**

મૈત્રી ભાવનાનું સ્વરૂપ એના વિષયો વિચારવા બહુ જ આવશ્યક છે. આપણે પહેલા જોઈ ગયા કે મૈત્રી ભાવનાના વિષયમાં સંસારના એકેન્દ્રિય થી પંચેન્દ્રિય સુધીના ચારે ગતિના બધા જીવો આવી ગયા. સર્વ નાના-મોટા બધા જીવો પ્રત્યે મૈત્રી ભાવના વ્યાપક રૂપે ભાવવાની છે. મૈત્રી ભાવના ભાવનાર આરાધકના ભાવ કેવા હોય ? એના અંતરના પરિણામ કેવા હોય ? તો કહે છે કોઈ જીવ પાપ ના કરો કોઈ જીવ દુઃખી ન થાઓ, આખું જગત દુઃખ અને પાપમાંથી છૂટી જાઓ, અર્થાત જગતના તમામ જીવો આ સંસારના બંધનમાંથી છૂટીને મોક્ષના શાશ્વત સુખને પામો વિચાર કરો આ કેટલી ઉત્તમ ભાવના છે. આમાં કેટલા ઉમદા વિચાર છે. આવી ઉદાત્ત ભાવના કેટલી સુંદર, કેટલી વ્યાપક છે. તેનો ખ્યાલ તો યોગશાસ્ત્રમાં પૂજ્ય હેમચન્દ્રાચાર્યજીના આ શબ્દોમાંથી આવી જાય છે. ખરેખર સંસારના બધા જીવો પ્રત્યે આવી ભાવના નિર્માણ થવી...એ તો કયારે સંભવ બને ?

ખરેખર મૈત્રી ભાવના ભાવનાર આત્માનું હૈયું બહુ જ કુણું હોય છે. પારકા જીવો પ્રત્યે એના અંતરમાં લાગણી સ્નેહ ભાવ હોય છે. એ કોઈ જીવ ને દુઃખી જોવા તૈયાર નથી. બીજાની દુર્દશા એનાથી જોવાતી નથી આ સદ્ભાવનામાં તે સમસ્ત દુઃખી જગતને જોઈને તેનું કારણ શોધી કાઢે છે કે જીવો પાપ કરીને દુઃખી થાય છે. મહાપાપ જ જીવોના દુઃખનું સાચું કારણ છે. માટે કોઈ પાપ ન કરે તો કેટલું સારૂં ? ખરેખર સંસારના તમામ જીવો આ દુઃખના દાવાનળ રૂપ સંસાર સમુદ્રમાંથી છૂટી જાય સદાના માટે મુકત થઈ જાય તો કેટલું સારૂ ? મોક્ષે પહોંચી જાય તો કેટલું સારૂ ? આવી ઉમદા ભાવના અને તે પણ પોતાના માટે નહીં બીજા જીવો માટે ખરેખર આવી ભાવના ભાવનાર આત્મા ધન્ય છે. ઉત્તમ ભાગ્યશાલી છે.

## શું ભાવના એ પ્રાર્થના નથી ?

અહીંયા એક પ્રશ્ન મનમાં થાય છે કે શું ભાવનાએ પ્રાર્થના નથી ? અને ન હોય તો એમાં ફરક શું ? અને ફરક નથી તો બન્ને એક હોવી જ જોઈએ ? અને જો બન્ને એક હોય તો બન્નેનું સ્વરૂપ વિષયો અને વિચારધારામાં ફરક ન હોવો જોઈએ. બાર ભાવના મૂંગી છે. મૌનપણે આંતરનિરીક્ષણ પૂર્વક ભાવીએ છીએ માટે તે મનમાં છે જ્યારે આ મૈત્ર્યાદિ જ ભાવના પરાભાવના છે. પારકા જીવો પ્રત્યેની વિચારધારા સ્વરૂપ છે. જ્યારે ભાવનાનો વિષય બાહ્ય નહીં પણ આભ્યન્તર હોય, ભાવના આંતરિક હોય ત્યારે તે ભાવના છે અનુપ્રેક્ષા છે. અને જ્યારે ભાવનાનો વિષય બાહ્ય હોય, સર્વ જીવો હોય, અન્ય પ્રત્યે ભાવવાની હોય ત્યારે તે ભાવના પ્રાર્થનાનું સ્વરૂપ પણ ધારણ કરી લે છે. અને મૈત્ર્યાદિ ભાવનાઓના વિષયમાં બાહ્યભાવ છે. માટે બાહરી જગતના તમામ જીવો આ ભાવનાઓના સંબંધમાં છે. માટે મૈત્ર્યાદિ ભાવનામાં પ્રાર્થનાનો ભાવ પ્રગટ રૂપે છે.

**સાચી સર્વશ્રેષ્ઠ પ્રાર્થના**—ખરેખર સર્વોત્તમ-સાચી શ્રેષ્ઠ પ્રાર્થના તે જ છે કે જેમાં પોતાની જાતને ભૂલી જઈને સ્વાર્થવૃત્તિ છોડી દઈને, પરમાર્થવૃત્તિથી સર્વજીવના હિતની ચિન્તા કરવી તે. જેને પરાવર્તિત પ્રાર્થના ( Reflective prayer ) કહીએ છીએ. અર્થાત્ ભીંતની સામે ફેંકેલી બોલ જેમ પાછી ફેંકનારની સામે જ આવે છે. તેમ સર્વમાં 'સ્વ' સમાય છે. 'સ્વ' માં 'સર્વ' નથી સમાતુ. માટે જ્યારે 'સર્વ' ના હિતની ચિન્તા કરીએ છીએ, સર્વના સુખ માટે પ્રાર્થના કરીએ છીએ ત્યારે 'સ્વ' ને પોતાની જાતને ભૂલી જ જવાની જરૂર છે. સ્વાર્થ સાધવા માટે પ્રાર્થના નથી. પ્રાર્થનામાં સદા પરમાર્થભાવ રહેવો જોઈએ. સર્વના સુખ માટે પ્રાર્થના કરી ત્યારે સર્વમાં સ્વ (હું) પણ ભેગો આવી જ ગયો. પરન્તુ સ્વ માટે પ્રાર્થના કરો ત્યારે સર્વનો સમાવેશ સ્વમાં નથી થતો. માટે સર્વના સુખ, હિત, કલ્યાણની

પ્રાર્થના ખરેખર સર્વોત્તમ છે. પરન્તુ કોણ જાણે કેમ ભાવધર્મમાં કંઈ જ નથી આપવું પડતુ. બે પૈસા પણ નથી ખર્ચાતા. છતા પણ દાનાદિ ધર્મ લોકોને સહેલા–સરલ લાગે છે. જ્યારે ભાવધર્મ અઘરો–કપરો લાગે છે. કંઈ પણ બે પૈસા પણ આપ્યા વિના માત્ર મનથી શુભ વિચાર પૂર્વકજ આ ભાવ ભાવવાનો છે. પ્રાર્થના કરવાની છે. પરન્તુ કોણ જાણે કેમ સર્વજીવોના કલ્યાણ, સુખ, હિતના ચિન્તનની પ્રાર્થના થતીજ નથી. એ ભાવ આવતા જ નથી. એવી પ્રાર્થના કરવા જતા મન ત્યાંજ અટકી જાય છે ના...ના...બધાને નહીં ધન, સુખ, સંપત્તિ વગેરે મને મળો... બીજાને નહીં ? કેટલી સ્વાર્થવૃત્તિ છે ?

આપણી દુર્દશા જો આવી હશે તો તીર્થંકર કેવી રીતે બનીશું ? તીર્થંકર નામકર્મ બાંધવા માટે ફકત વીશસ્થાનક તપની ૨૦ પદની આરાધના જ પર્યાપ્ત નથી. તેની સાથે ભાવદયાપૂર્વકની પ્રાર્થના પણ આવશ્યક જ છે.

## તીર્થંકર થવા માટે ભાવનાની મહત્તા—

શાસ્ત્રોમાં કહ્યા મુજબ ૨૦ પદની આરાધના રૂપ તપશ્ચર્યા કરતા હોઈએ પરન્તુ વીશ સ્થાનક તપ કરનાર બધાજ તીર્થંકર બની નથી જતા. તીર્થંકર તો માત્ર ૨૪ જ થાય છે અને વીશસ્થાનક તપની આરાધના કરનારા તો આજે પણ હજારોની સંખ્યામાં છે. હજારો તો તીર્થંકર થાય નહીં. આ વાત જાણ્યા પછી શું વીશસ્થાનક તપની આરાધના ન કરવી ? શું કરતા હોય તો છોડી દેવી ? ના...કહેવાનો આશય એ નથી. પરન્તુ આ તપ કરનારને સાથે સાથે વિશ્વકલ્યાણની ભાવના ભાવવી જોઈએ. ઉપર કહ્યા મુજબની મૈત્રી ભાવના ભાવવી જોઈએ. જીવમાત્રનું કલ્યાણ થાઓ. જીવમાત્ર સુખી થાઓ. સર્વજીવો સંસારથી છૂટી મોક્ષે જાઓ. એવી મંગલ પ્રાર્થના સાથે ભાવના નિત્ય ભાવવી જોઈએ. ઉત્કૃષ્ટ પ્રબલ ઇચ્છાથી તીવ્ર ભાવથી એ ભાવના સતત મનમાં રમવી જોઈએ. પરન્તુ વીશસ્થાનક તપની આરાધના કરનારા

અથવા કરી ચૂકેલા ને પણ પૂછીએ છીએ ત્યારે ખબર પડે છે કે.. અમે તો તપ કર્યું પણ આ ભાવના તો કયારેય નથી ભાવી. અને ભાવના ભાવવાનું કહ્યુ તો પણ અંતર એમનું મન આવી ભાવના ભાવવા માટે કબુલ નથી થતુ. અરે હોય સુખ પહેલા બીજા બધાને મળે અને મને નહીં ? બધાનું કલ્યાણ થાય પણ શું મારૂ કેમ નહીં ? ભલે આ ભાવનામાં બે પૈસા પણ નથી લાગતા. કશુ નથી જતુ. છતા પણ અંતરથી ઉદાર મને આ ભાવના ભાવવી બહુજ કપરી-અઘરી લાગે છે

મૈત્રી ભાવના ધીમે ધીમે હૈયામાં ઘૂંટાતી જાય ત્યાર પછી એ જ મૈત્રી ભાવના નું ક્ષેત્ર વ્યાપક અને વિશાળ થાય છે. મૈત્રી ભાવના આગળ વધે છે. સર્વ જીવરાશી સુધી વ્યાપક બને છે. પરંતુ આજે પણ માનવતા એજ મહાન ધર્મ છે. ( Humanity is a great Religion ) આવુ કહેનારા અને બોલનારા ને માનવતા જરૂર મહાન દેખાય છે. પરન્તુ માનવતાની રક્ષા ખાતર, માનવતાને જીવાડવા-ટકાવવા ખાતર બીજી પશુ-પક્ષીની જીવ સૃષ્ટિનું ભલે ગમે તે થાય ? તેને મારવી પડે તો મારીને ખાવી પણ ખરી. અરે ! પશુ-પક્ષી પ્રત્યે વળી દયા શેની હોય..?..વિચાર કરો.. આવા માનવતાવાદીની મૈત્રી ભાવના માત્ર મનુષ્યો પૂરતીજ..... બસ તેથી આગળ નહીં. તો પછી સમસ્ત જીવોનું જીવસૃષ્ટિ સુધી તો તેઓ કયાંથી પહોંચવાના ? એકેન્દ્રિયાદિ સૂક્ષ્મ જીવોનું પણ કલ્યાણ થાઓ તે પણ સુખી થાઓ, સુખ પામો.. આવી ભાવના તો ક્રિશ્ચિયાનિટી, ઈસ્લામ, અને હિન્દુ ધર્મ વગેરેમાં પણ કયાં જોવામાં આવે છે ? કયાં તેમના ધર્મગ્રન્થોમાં છે ? કયારેક તેમના વ્યવહારોમાં પણ નથી દેખાણી.

## મૈત્રિભાવના અને જીવનસૃષ્ટિની સિદ્ધિ

સર્વ પ્રથમ સૂક્ષ્મમાં સૂક્ષ્મ જીવો સૃષ્ટિમાં છે તેનું અસ્તિત્વ પણ સ્વીકારીએ. તે જીવોમાં જીવત્વ માનીએ અને કેવું જીવત્વ ? જેવું આપણામાં છે તેવું જ તેમનામાં પણ છે એવું જીવત્વ ( આત્મત્વ )

માનીએ-સ્વીકારીએ તોજ મૈત્રીભાવના પ્રગટ થશે. અન્યથા સંભવ નથી. મિત્ર કોને બનાવો છો ? તમે તમારા જેવાને જ, તમારા સરખાને જ મિત્ર બનાવો છો અહીંયા તમારા જેવો, અને સરખા આ શબ્દથી શું અર્થ નિકળે છે ? જીવત્વ ( આત્મત્વ )ની દષ્ટિએ આપણા જેવા જ હોય, કોઈ ઓછા-વધતાપણું મારામાં અને એક સૂક્ષ્મજીવનમાં નથી પછી ભલે તે પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ અને વનસ્પતિનો જીવ હોય કે સૂક્ષ્મ દર્શક યંત્રમાં દેખાવ તેવા અથવા અમીબા વગેરે જેવા એક કોષી પ્રાણી હોય, અથવા કૃમિ, કીટ, જંતુઓ હોય તો તે બધા જ મારા જેવું આત્મત્વ ધરાવે છે. તેમનામાં પણ જ્ઞાન, દર્શન, સુખ-દુઃખ વગેરે બધી જ લાગણી છે. બધા જ ગુણો છે. હા એટલું જરૂર કે આપણામાં ગુણો વ્યકત ભાવે હોય જ્યારે તે સૂક્ષ્મ જીવોમાં અવ્યકત પણે હોય પણ છે તો ખરાને ! એથી જ " आत्मवत् सर्व भूतेषु " અર્થાત્ " મારા જેવા જ સર્વ જીવો છે " એવી ઉદાત્ત ભાવના મનમાં હોવી જોઈએ. ત્યારે જ મૈત્રી ભાવના પ્રગટ થશે.

હિન્દુધર્મમાં-વેદ-વેદાન્તમાં પૃથ્વી, પાણી, વાયુ વગેરેમાં તો જીવત્વ ( આત્મત્વ ) માનવામાં જ નથી આવ્યું, ફકત એને " મહાભૂત " ના નામે ઓળખે છે. અને આકાશને સાથે લઈને " પંચ મહાભૂત " તરીકે માને છે. એ જ પ્રમાણે જૈન સિવાય દુનિયાના અન્ય ધર્મો અને દર્શનો પણ એવી જ માન્યતા ધરાવે છે પરન્તુ કોઈ એમાં આત્મત્વ નથી માનતુ. એટલુ જ નહીં એકેદ્રિયથી આગળ વધેલા જીવો જે ૨, ૩, ૪ ઇદ્રિયવાળા થયા. અર્થાત કૃમિ, કીડી. મંકોડા, જૂ, માંખી, મચ્છર, ભમરા વગેરે થયા અને આગળ વધીને પંચેદ્રિય પર્યાયમાં આવી જલચર, સ્થલચર, ખેચર, ગાય, ઘોડો. ઉંટ, બળદ માછલી અને કબુતર, પોપટ વગેરે એવા સ્થૂલ મોટા જીવો થયા. છતા પણ આત્મત્વ જીવત્વ આપણા જેવુ જ છે. એ જ જીવત્વ છે એમનામાં પણ છે જે આપણામાં છે. છતા પણ જીવન માનતા કોઈ સ્વર્ગ મેળવવા પશુ પણ કરે છે. કોઈ દેવી આગળ બકરા કાપે છે તો કોઈ ધર્મના બહાના નીચે બકરા કાપી બકરી ઈદ મનાવે છે. તો કોઈ માંસ ખાઈને

પણ આ જીવોનું જીવત્વ નથી સ્વીકારતા. કોઈ ઇંડા ખાઈને કે વાપરીને પક્ષીમાં પણ જીવત્વ નથી આવી માન્યતા ધરાવે છે.

હકીકતમાં મૈત્રી ભાવનાનું રહસ્ય જ એ છે કે આત્મવત્-સર્વ ભૂતેષુની દૃષ્ટિ નિર્માણ થાય. શ્રી દશવૈકાલિક સૂત્રમાં "**पढमं नाणं तओ दया**'" પ્રથમ જ્ઞાન અને પછી દયા એવું સ્પષ્ટ કહ્યું છે. જીવોને જો જીવ તરીકે માનવા કે ઓળખવાનું જ્ઞાન જ નહીં હોય તો પછી દયા પાળવાની વાત તો કયાં રહી દયા કોની હોય ? જીવની કે અજીવની ? અજીવની દયા કયારેય પળાતી નથી. શા માટે પળાય. એમાં જીવ જ દયા શેની ? માટે જેમાં જીવ છે તેની જ દયા પળાય એથીજ "દયા ધર્મ કા મૂળ હૈ" ની વાત કરી જેના પાયામાં (મૂળમાં) નથી તો પછી દયા હોય તેને જ ધર્મ કહેવાય. હવે જીવત્વ જ નથી માનતા તો દયાની વાત કયાં રહી અને દયા નથી તો તેને ધર્મ કહેવો કે કેમ એ પ્રશ્નચિન્હ છે. સુજ્ઞ વાચકવર્ગ સ્પષ્ટ વિચાર કરી શકે છે. ભૂત એટલે જીવ ભૂતદયાએટલે જીવદયા.

માટે એને મૈત્રી ભાવના કહો કે દયા-ભાવના કહો, અહિંસાભાવના કહો, અથવા ક્ષમા-ભાવના કહો તો પણ એક જ છે. મૈત્રી શબ્દ ઘણો વ્યાપક છે. તે દયા-અહિંસા અને ક્ષમાને પણ પોતામાં સમાવી લે છે.

## મૈત્રી ભાવના માટે અહિંસા અને ક્ષમા

**सव्वस्स जीवरासीस्स, भावओ धम्मो निहिय निर्यचित्तो**
**सव्वं खमावयित्ता, खमामि सव्वस्स अहयंपि ॥**

ભાવપૂર્વક ધર્મબુધ્ધિથી સર્વજીવરાશીને હું ખમાવું છું, ક્ષમા યાચુ છું, અને સર્વ જીવો મને પણ ક્ષમા આપો. આવી પ્રકૃષ્ટ ભાવનાને ક્ષમાપનાની ભાવના તરીકે આપણે આપણી નિત્ય આરાધનામાં ગોઠવી છે. અર્થાત્ આપણા પ્રતિક્રમણ વગેરેની નિત્ય આરાધના પણ સર્વ પ્રકારની ભાવનાઓથી વણાયેલી છે. અહિંસા ભાવ વિના મૈત્રી નથી.

મૈત્રી ભાવવિના ક્ષમાભાવ નથી. એજ પ્રમાણે ક્ષમાભાવ વિના પણ મૈત્રી કે અહિંસા બન્ને નથી અને ખરેખર તો પૂર્ણ મૈત્રી ભાવ તેનામાં જ પ્રગટ થઈ શકે છે કે જે સંપૂર્ણ અહિંસક હોય. જેટલા જેટલા અંશે અહિંસા તેટલા અંશે મૈત્રી. અને જેટલા અંશે મૈત્રી તેટલા અંશે અહિંસા. કારણ કે અહિંસા જો પાલનમાં પૂર્ણ ઉતરશે તોજ મૈત્રી ભાવ પણ પૂર્ણ બનશે અને એટલા જ માટે કહ્યુ છે કે—

**"अहिंसा प्रतिष्ठायां तत्संनिधौ वैरत्यागः"**— અહિંસાની જ્યાં સ્થાપના થાય છે ત્યાં વેર વૃત્તિનો ત્યાગ થઈ જાય છે, અહિંસાની સમીપે વેરવૃત્તિ નથી રહેતી.

## પૂર્ણમૈત્રી અને અહિંસક—તીર્થંકર પરમાત્મા—

મહાવીરસ્વામી વગેરે જે તીર્થંકરો થઈ ગયા તે ખરેખર કેટલા પૂર્ણ અહિંસક અને પૂર્ણમૈત્રી ભાવવાળા હતા તેની સ્પષ્ટ ઓળખ તો તેમના સમવસરણ અથાત્ દેશના ના ત્રણ ગઢમાં બીજા ગઢમાં આવીને પરસ્પર વૈરી પશુપક્ષીઓ પણ સાથે બેસતા હતા. ગાય અને સિંહ સાથે બેસે, સાંપ અને મોર, સાંપ અને નોળીઓ, ઉંદર-બિલાડી સાથે બેસે ..છતાં પણ એક-બીજામાં પરસ્પર વૈરવૃત્તિ એ વખતે પ્રગટ નથી હોતી. એક-બીજાને મારી નાંખવાનો ફાડી ખાવાનો વિચારસુદ્ધા એ જીવોમાં પ્રગટપણે નથી દેખાતો, એમાં તીર્થંકર ભગવાને કંઈ જાદુ-ચમત્કાર નથી કર્યો. પરંતુ તેમની પૂર્ણ અહિંસકતા-પૂર્ણમૈત્રીના જ કારણે એ જીવો વૈરવૃત્તિ ભૂલી શકયા, પૂર્ણ અહિંસકની અહિંસાની સ્થાપના વખતે તેમની પાસે વૈરવૃત્તિ નથી રહેતી, તે શમી જાય છે.

માટે પૂર્ણ અહિંસક જ અભયદાતા બની શકે છે. અભય .અથાત્ નિર્ભયપણું ·આ નિર્ભય કોણ બની શકે છે ? અહિંસક જ નિર્ભય બની શકે, તે જ અભય ભાવનું દાન કરી અભયદાતા બની શકે. આજે આપણને જોઈને પણ પશુ-પક્ષી ડરે છે, ભાગી જાય છે, ઉડી જાય છે, જ્યારે ઈતિહાસ એ વાતની સાક્ષી જરૂર પુરાવે છે કે વાદિવેતાલ શાંતિ-

સૂરી મહારાજ, આનંદઘન જેવા અવધુત યોગી વગેરે મહાપુરૂષો જ્યાં પર્વતમાળાની ઘાટીઓમાં, ગુફાઓમાં જ્યારે ધ્યાન સાધના કરતા ત્યારે શેર, સિંહ, વાઘ વગેરે હિંસક પ્રાણીઓ પણ તેમની પાસે આવીને બેસતા હતા. તેમના પગ ઉપર (હાથ) અડાડીને સ્પર્શ કરીને બેસતા હતા, આજ તેમની અહિંસક પણાની નિશાની છે. સ્પષ્ટ ઓળખ છે, અને આ અસંભવ નથી, સંભવ છે.

સર્વ પ્રથમ આપણામાં અહિંસક વૃત્તિ જાગૃત થવી જ જોઈએ. અને તેથી જ અભય ભાવ આવશે. તે જ આપણો મૈત્રી ભાવ છે, તીર્થંકરોમાં આ અવસ્થા કેમ પ્રગટી ? એ મહાપુરૂષો એ કક્ષાએ કેવી રીતે પહોંચ્યા .. એ વાતની આપણે વિચારણા કરતા હતા.

## તીર્થંકર ભગવાન બનવાની ઉત્તમ પ્રક્રિયા—ભાવદયા

સમકિત ગુણઠાણે પરિણમ્યા, વળી વ્રતધર સંયમ સુખ રમ્યા;
વીશસ્થાનક તપ વિધિએ કરી, એસી ભાવદયા દિલમાં ધરી ॥
જો હોવે મુજ શક્તિ ઈસી, સવિજીવ કરૂં શાસન રસી ।
શુચિરસ ઢળતે તિહાં બાંધતા, તીર્થંકર નામ નિકાચતા ॥

—ભવપરંપરામાં પરિભ્રમણ કરતા જીવ યથાર્થ સાચુ સ્વરૂપ સમજી સમ્યકત્વ પામી સંયમ ધારણ કરી, વીશસ્થાનક મહાતપની ઉત્તમ આરાધના વિધિ પૂર્વક કરતા કરતા એવી ઉત્તમ ભાવદયા મનમાં ધારણ કરે છે. અર્થાત્ એવી ઉંચી ભાવનાને પ્રાર્થનાના સંદર્ભમાં ભાવે છે કે જો મારામાં એવી શક્તિ હોય તો. હું જીવમાત્રને શાસનના રસિક કરી દઉં, અર્થાત જીવમાત્રને સુખી કરૂં, જીવમાત્રને દુઃખમાંથી છોડાવી દઉં. પણ દુઃખ કયારે ટળે ? દુઃખનું કારણ જ પાપ છે, અને પાપ શા માટે કરે છે કારણકે ધર્મ સમજ્યા જ નથી. માટે હું બધાને ધર્મ પમાડું, ધર્મી બનાવું જેથી જીવો પાપ કરતા અટકે, અને પાપ કરતા અટકે તો દુઃખી નહીં થાય, અને દુઃખી નહીં થાય તો મુક્ત થશે એવી તેમની પરંપરાએ સર્વોચ્ચ સર્વશ્રેષ્ઠ ભાવધારા નિર્માણ થાય છે.

જીવમાત્ર પ્રત્યે આવી ઉંચી ભાવદયા પ્રગટ થતા પવિત્ર ભાવનાના યોગે તીર્થંકર નામકર્મ બાંધે છે. તીર્થંકર થવાનું ભાવિ તે વખતે નિર્માણ થાય છે, અને પછી ત્રીજા ભવે તેમનો આત્મા તીર્થંકર બને છે, અને તીર્થંકરના ભવમાં પૂર્વની ભાવનાનુસાર તેમને શકિત સામર્થ્ય મળે છે અને તેઓ જીવમાત્રને ધર્મ પમાડવા અથાગ પ્રયત્ન કરે છે, સ્વયં સાધનાની પરાકાષ્ટાએ પહોંચે છે, સર્વ પ્રકારના ઘોર ઉપસર્ગો સહન કરે છે, પશુ-પક્ષીના હોય કે દેવ-દેવીના કે મનુષ્યના કરેલા ઉપસર્ગો હોય છતાં પણ તેમના અંતરમાં તો પૂર્ણ અહિંસક ભાવ, પૂર્ણ મૈત્રી-ભાવ જ હોય છે તેથી વૈરવૃત્તિ જાગતી જ નથી, અને વૈરવૃત્તિ ન જાગતી હોવાના કારણે તેઓ પ્રતિકાર કરતા જ નથી, બીજાને મારવાની તો ઈચ્છા પણ નથી કરતા. પૂર્ણ અભયભાવ પ્રગટ થાય છે.

અદ્‌ભૂત ક્ષમા અદ્‌ભૂત સમતા, ચરમ અહિંસકપણું પૂર્ણ મૈત્રી પણું, પૂર્ણ અભયદાતા પણું એવા સેંકડો ગુણો તેમનામાં પૂર્ણપણે દેખાય છે અને એવા પૂર્ણના જ ઉપાસક-આરાધક અનુયાયિ આપણે છીએ, આજે ભલે આપણે અપૂર્ણ છીએ, પરંતુ પૂર્ણતાના જ શિખરે પહોંચાડનારો આવો ઉત્તમ શ્રેષ્ઠ માર્ગ આપણને મળ્યો છે. જે માર્ગે ચાલીને તીર્થંકરો પૂર્ણ બન્યા, તે જ માર્ગ તે મહાપુરૂષોએ કેવળજ્ઞાનથી જોઈને આપણને બતાવ્યો છે. એટલે તે માર્ગ સંપૂર્ણ સાચો જ છે, અને તેમના જ ચિંધેલા માર્ગે ચાલીને આપણે પણ તેમના જેવા પૂર્ણ બની શકશુ. અપૂર્ણમાંથી પૂર્ણ-સંપૂર્ણ બનવાનો આ એક જ માર્ગ છે, સાચો માર્ગ છે. પરંતુ પ્રથમ મૈત્રીભાવના તો જગાડીએ. અને જો મૈત્રીભાવના જાગી ગઈ અને તે જ આગળ વધતા વધતા એક દિવસ પૂર્ણ મૈત્રી, સંપૂર્ણ મૈત્રી, સર્વ જીવમાત્ર પ્રત્યે મૈત્રી અને તેમાંથી ભાવદયા, અને તેમાંથી સર્વ કલ્યાણકર ભાવના-પ્રાર્થના જાગશે...અને તેથી એક દિવસ પૂર્ણ વીતરાગી તીર્થંકર બની શકાશે.

## ઉપસર્ગો સહન કરવામાં પણ મૈત્રીભાવ –

● માથા ઉપર પાળ બાંધીને સળગતા અંગારા મૂકી દેનાર સોમિલ સસરાને પણ ગજસુકુમાલ મુનિએ મૈત્રીભાવથી જ જોયા... આહા...હા .. મારા મહાન ઉપકારી છે...આ કેવી ઉદાત્ત ભાવના હશે ? એની કલ્પના કરો.

● કાનમાં ખીલા ઠોકનાર, અને તેજોલેશ્યા મૂકનાર ઉપર પણ અંશ માત્ર પણ દ્વેષ ભાવ ન રાખનારા વર્ધમાન સ્વામીની અનુપમ મૈત્રી ભાવનાને તો કોટિવાર નમવા જેવું છે.

● ભયંકર કોપમાં તપતા ડંખ દેનાર ચંડકૌશિક જેવા સર્પ ઉપર પણ કેવી કરૂણા વરસાવી ? અને એ જીવને તાર્યો..એને શાન્ત કર્યો..ઓહો ! કેવી ગજબની અભયદાનની વૃત્તિ હશે ?

● કમઠ ઉપસર્ગ કરે છે અને ધરણેન્દ્ર ભક્તિ કરે છે છતાં પણ "**प्रभुस्तुल्य मनोवृत्ति**" બન્ને ઉપર રાગ-દ્વેષ ન રાખતા કલ્યાણનો સરખો ભાવ રાખનારા પાર્શ્વનાથ ભગવાન સર્વના કલ્યાણ માટે થાઓ.

● ૫૦૦ સાધુઓને ઘાણીમાં તલની જેમ પીલી નાખનાર પાપી પાલક ઉપર સહેજ પણ વૈરવૃત્તિ કે દ્વેષભાવ ન રાખતા પરમ મૈત્રીનો ઉપકાર ભાવ રાખનારા સર્વ આત્માઓ તરી ગયા, સાધી ગયા, મોક્ષે પહોંચી ગયા

જૈન શાસનના ઈતિહાસના પાને આવા તો સેંકડો દાખલાઓ મળવાના કે જેમાં વૈરવૃત્તિ ન રાખતા પૂર્ણ મૈત્રી, પૂર્ણ અહિંસકપણું, પૂર્ણ ક્ષમા અને સમતા રાખીને તે આત્માઓ સ્વકલ્યાણ સાધી ગયા. વૈરવૃત્તિ-દ્વેષભાવ રાખનાર સંસારમાં પરિભ્રમણ કરે છે, રખડે છે. ચારે ગતિમાં મહાદુઃખો સહન કરે છે. જ્યારે મૈત્રીભાવ, ક્ષમા-અહિંસા અને સમતાભાવ રાખનાર આ સંસાર સમુદ્રમાંથી વહેલો તરી જાય છે. ૮૪ના ચક્રમાંથી છૂટીને વહેલો મોક્ષે પહોંચી જાય છે.

**મિત્ર અને મૈત્રી**—મૈત્રી ભાવનામાં સર્વને મિત્ર સ્વરૂપમાં જોવાની પૂરી આવશ્યક્તા છે. મિત્રભાવ વૈરવૃત્તિનું શમન, દ્વેષ બુદ્ધિનો અભાવ સૂચવે છે. સર્વને મિત્ર માનવાની ભાવના ઉદાર ભાવના છે. હૃદયની વિશાળતા સૂચવે છે. નીતિશાસ્ત્રકારો તો અહીં સુધી કહે છે કે– "**प्राप्ते तु षोडशे वर्षे पुत्रं मित्रवदाचरेत** ।" અર્થાત પોતાનો પુત્ર પણ જો ૧૬ વર્ષનો થઈ ગયો હોય તો હવે તેના પ્રત્યે પણ મિત્ર જેવો આચરણ કરવો અર્થાત પુત્રને પણ મિત્ર માનવો. લાડ–પ્યાર પુત્રભાવની પણ સીમા છે. ૧૬ વર્ષ સુધી જ્યાં સુધી પુત્ર અણસમજુ નાદાન હતો ત્યાં સુધી લાડ–પ્યાર બધું થતું હતું. પરંતુ હવે જ્યારે તે ૧૬ વર્ષનો સમજદાર થઇ ગયો છે ત્યારે ન તો મારપીટ થાય કે ન તો ખોળામાં રમાડાય. હવે તો એને પણ મિત્ર માનીને મિત્રના જેવો વ્યવહાર કરવાનો. એથી પુત્રપણું મટી નથી જતું.

મિત્ર કોને કહેવાય ? મિત્ર કેવો હોવો જોઈએ ? વગેરે વિચારણા કરતાં પહેલા મિત્ર શબ્દની વ્યાખ્યા અને અર્થ જોઈ લઈએ—

"**ञिमिदाच् स्नेहने-मिद्यति (मेद्यति)-स्निह्यति इति मित्रम्**"

અર્થાત સ્નેહ કરે-પ્રેમ કરે તે મિત્ર. સર્વ જીવો ઉપર સરખો સ્નેહ ભાવ રાખી પ્રેમ રાખે તે મિત્ર અને તેનો ભાવ તે મૈત્રી. એવી મૈત્રી ભાવના. સંસારમાં સાંસારિક સંબંધના ભાવો બધા પ્રત્યે એક સરખા નથી હોતા. અને નથી રાખી શકાતા. શું તમે બધાને માતા, બધાને પિતા, શું બધાને પુત્ર–પુત્રી કહેશો ? શુ બધી સ્ત્રીને પત્ની કહેશો ? ના. આવો વ્યવહાર જ શકય નથી.

એક રાજાએ રાજ્યાભિષેક થતા નવા–નવા રાજગાદીએ બેસતા પ્રજામાં જાહેરાત કરી. હું સર્વ પ્રજા પ્રત્યે હમદર્દી રાખીશ. જેને પુત્ર નહી હોય તેનો હું પુત્ર તરીકે રહીશ અને પુત્રની ગરજ સારીશ, જેના પિતા નથી તેમના માટે હું પિતા તરીકે રહીને પિતાની ગરજ સારીશ,

ભાઈ નહીં હોય તેમની હું ભાઈ તરીકેની ઈચ્છા પુરી કરીશ. આવી રીતે બધાના પ્રત્યે સહાનુભૂતિના ભાવ પ્રગટ કરતાં કહ્યું અંતમાં દરેકના પ્રત્યે મિત્ર તરીકે નો ભાવ હું જરૂર પાળીશ. એટલામાં વિધવા બહેનોનો સમાજ આવ્યો અને કહ્યું રાજન ! તમે બધાના માટે બધા જ ભાવે રહેવા તૈયાર થયા પરંતુ અમારું કોણ ? તમે એમ કેમ ન કહ્યું કે જેનો પતિ નથી તેમનો હું પતિ પણ બનીશ રાજા—ના એમ ન કહેવાય. કોઈનું સતીત્વ શિયળ લૂંટી ન લેવાય. માટે હું તમારો પણ મિત્ર રહીશ. તમારા હિતની ચિંતા કરીશ. તમારી રક્ષા કરીશ તમારા દુઃખનું પણ નિવારણ કરીશ બધાના મિત્ર બની શકાય. પરંતુ બધાના પતિ ન બનાય બધાના ભાઈ—બહેન બની શકાય પરંતુ પતિ ન બનાય માટે વગર સંબંધે પણ ઉચ્ચ અને પવિત્ર સંબંધ તે મૈત્રી નો સંબંધ છે.

## કેટલા પ્રકારના મિત્ર ?

સંસારના વ્યવહારમાં તો ઘણી જાતના મિત્રો છે. કોઈ Hotel Friend છે. જે તમને ખાવા-પીવામાં પૂરતો સાથ આપે છે. ખાવા ખવરાવવા લઈ જાય છે. પરંતુ તમારા સુખ-દુઃખમાં સાથ આપવા કદાચ તૈયાર ન પણ થાય. માટે આવા મિત્રથી શું ફાયદો ? કેટલાક મોજશોખમાં જ સાથ આપે. કેટલાક ધંધા વ્યાપારમાં મિત્ર બને છે. કોઈ ફક્ત તમારા સુખના દિવસોમાં જ મિત્ર બનશે.

પરંતુ આવા પ્રકારના ઘણી જાતના મિત્રોમાં સ્વાર્થવૃત્તિ પણ મુખ્ય ભાગ ભજવતી હોય છે. બસમાં સાથે મળ્યા એટલે મિત્ર કોલેજમાં સાથે ભણતા હતા એટલે મિત્ર થઈ ગયા. ધંધામાં સાથે હતા ટ્રેન મુસાફરીમાં સાથે હતા એટલે મિત્ર થઈ ગયા. રસ્તામાં વાતોના ગપ્પામાં ઘણા મિત્ર બની જાય છે. પરંતુ આ મિત્રતા એક તો ક્ષણિક હોય છે. એમાં સ્વાર્થવૃત્તિ પણ હોય છે. એટલે સાચા મિત્રની ગરજ એ નથી સારી શકતી.

મિત્ર

| | |
|---|---|
| અકલ્યાણ મિત્ર | કલ્યાણ મિત્ર |

ચિરન્તનાચાર્ય મહાપુરુષ પંચ સૂત્રમાં અકલ્યાણ અને કલ્યાણ મિત્ર એવા બે ભેદો પાડે છે. એના સુંદર લક્ષણો આપે છે. અકલ્યાણ મિત્ર શઠ હોય છે. માયાવી પણ હોય છે. "**माया मित्ताणि नासेर**" માયા મિત્રતાનો નાશ કરે છે. માયા કપટ વિશ્વાસ ઘાત અને દગાની વૃત્તિ હોય ત્યાં મિત્રતા ક્યાંથી ટકે ? સંભવ જ નથી. માટે મિત્રતાના સંબંધમાં નિર્માયાવીપણું અર્થાત આર્જવ સરલતા જોઈએ જેથી સમસ્ત જીવ રાશીને મિત્ર માન્યા પછી કોઈ પણ જીવની સાથે માયા આચરવાનું મન જ ન થાય.

બે મિત્રોએ ઝાડ નીચે સંગ્રહ કરેલી ધન-સંપત્તિ દાટી. અને પછી એકના મનમાં માયા જાગી અને તેણે એ સંપત્તિ મેળવવા બીજા મિત્રનું ખૂન કર્યું. એવી જ રીતે બે મિત્રોને રસ્તામાં સોના મહોરોની થેલી મળી બન્નેએ લીધી. પરન્તુ એકના મનમાં કાળો વિચાર ઝડપથી ફરી વળ્યો. અને એને પેંડામાં ઝેર નાંખીને મિત્રને માર્યો. ત્યાં તો બીજાએ મિત્રના ગળા ઉપર ધારદાર છરો ફેરવીને મોતને ઘાટ ઉતાર્યો. શું આ મિત્રતા છે ?

## અકલ્યાણ મિત્રનો સાથ ક્યારેય ન કરવો

—યથા નામ તથા ગુણ જેવો જ આ શબ્દ છે. અકલ્યાણ શબ્દ ઉપરથી જ ખ્યાલ આવી જશે. અર્થાત્ જે મિત્ર તમારા કલ્યાણનો ઘાતક હોય. હિતચિંતક ન હોય. તમારા આત્માનું અધઃપતન થાય કે તમે દુર્ગતિમાં જાઓ એની એને પડી જ ન હોય. ખરેખર આત્મહિતનો જે શત્રુ જ હોય તે અકલ્યાણ મિત્ર, આપણું કલ્યાણ કરનાર ઉપકારી અહિંસાદિ વ્રતો છે. અને તેથી વિપરીત

અર્થાત્ ધર્મપ્રિયના બદલે હિંસા, જુઠ, ચોરી, અબ્રહ્મ-દુરાચાર, વ્યભિચાર, મોહ, મમત્વ અને મૂર્છાનો પ્રેમી. અર્થાત્ પાપપ્રિય, કષાય-પ્રિય, વિષય-વાસના પ્રિયને, ભવાભિનંદિ મિત્રને અકલ્યાણ મિત્ર કહેવામાં આવે છે. સ્વયં અભક્ષ્ય-ભક્ષણ કરતો હોય. દુર્ગતિના કારણોનો સાધક અધર્મ પ્રિય આત્માને ક્યારેય આપણો મિત્ર ન બનાવવો, કારણ લોખંડ પોતે પણ ભારી છે. પોતે તો ડૂબે છે પણ બીજાને પણ ડુબાડે છે. માટે આત્માર્થી જીવે એવા મિત્રનો આશ્રય કદાપિ ન લેવો.

શ્રી પાર્શ્વનાથપ્રભુના શાસનનો ધર્મી શ્રાવક હતો. પરન્તુ ધર્મી-જનનો સંપર્ક તૂટી ગયો. સાધુનો સત્સંગ ન રહ્યો...પરિણામે અકલ્યાણ મિત્રના સંસર્ગમાં આવ્યો. સંગ તેવો રંગ. અહિંસાદિ ગુણધર્મના ઉપદેશક પ્રતિબોધક કોઈ ન રહ્યા. હિંસાદિ પાપ માર્ગના સલાહકાર સંસારમાં ઘણાં મળ્યા. પરિણામે નંદ શ્રાવક પણ આરંભ-સમારંભમાં પડ્યા, અને વાવ બાંધી. અસંખ્ય જીવોની હિંસારૂપ વાવડીના કાર્યમાં પણ આનન્દ માન્યો. એમાં પણ જીવ પ્રશંસાની પ્રવૃત્તિમાં પડ્યો. પરિણામે તિર્યંચ ગતિનું આયુષ્ય બાંધીને મરીને પોતાની જ વાવમાં દેડકા તરીકે જન્મ્યા. અકલ્યાણ મિત્ર ધર્મઘાતક હોય છે, ગુણ ઘાતક હોય છે. દુર્ગતિ સાધક હોય છે. માટે અકલ્યાણ મિત્રનો સાથ ન કરવો. એની સોબતમાં ન પડવું.

## સંગ તેવો રંગ

એક ઝાડ ઉપર જન્મેલા પોપટના બે બચ્ચામાંથી એકને જંગલના ચોરો ભીલ-લોકો લઈ ગયા. અને બીજું બચ્ચુ યોગાનુયોગ તેજ જંગલના આશ્રમમાં પહોંચ્યું સ્વાભાવિક છે કે સંગ તેવો રંગ. એ પ્રમાણે ભીલ ચોરોની વચ્ચે તે પોપટ મારો..હણો...કાપો..પકડો વગેરેના શબ્દ શિખ્યો, અવસરે શિકાર કરવા નિકળેલો રાજા ત્યાં આવી ચઢ્યો. ત્યાં તો પોપટ...જોર જોરથી મારો..પકડો..પકડો..કાપો બાંધો... વગેરે શબ્દ બોલવા માંડ્યો. અને એના શબ્દો સાંભળતા જ ભીલ ચોરો

દોડી આવ્યા. મહામુસીબતે જાન બચાવી રાજા ત્યાંથી નિકળ્યો. નજીકમાં આશ્રમ દ્વારે આવ્યા. પાણી પીવાની ઈચ્છા થઈ. અને હજી તો દ્વારે ઉભો છે ત્યાં તો—સ્વાગતમ્, સુસ્વાગતમ્. આગમ્યતાં..આગમ્યતાં. આસનમિદ મલંક્રિયતાં વગેરે .આવકાર વાચી શબ્દો બોલવા માંડ્યો. આ કર્ણપ્રિય શબ્દો સાંભળી..રાજા ખુશ થઈ ગયો. એનું મન નાચી ઉઠ્યું.

પહેલા સાંભળેલા એક પોપટને રાજા મારવા તૈયાર થયો હતો તો આજે આ પોપટને પ્રેમથી ભેટવા તૈયાર થયો. આ પોપટને રાજા પોતાના ઘરે લઈ જવા તૈયાર થયો. પોપટે કહ્યું મહારાજ! પોપટ-પોપટમાં કંઈજ ફરક નથી. અમે બન્ને એક જ મા-બાપના પુત્ર છીએ. પરન્તુ એક ભીલ ચોરોના ઘરે પહોંચ્યો અને હું અહીં આશ્રમમાં આવ્યો. બન્ને ઠેકાણે જેવો સંગ એવો રંગ લાગ્યો બાકી અમે પક્ષી રૂપે એક જ છીએ.

આ માર્મિક શબ્દોમાં ઘણો મોટો ઉપદેશ ભરેલો છે ગંભીર અર્થ ભરેલો છે. શ્રી વીરપ્રભુએ અંતિમ દેશનામાં ફરમાવ્યું કે

अप्पाकत्ता विकत्ताय, दुहाण य सुहाण य ।
अप्पामित्तममित्तं च. दुप्पट्ठिअ सुपट्ठिओ ॥

—આત્મા પોતે જ પોતાના સુખ-અને દુઃખનો કર્તા અને વિકર્તા છે. એજ પ્રમાણે આત્મા પોતે જ પોતાનો મિત્ર અને શત્રુ છે. દુષ્કર્મ-ખોટા પાપ કર્મ કરતો આત્મા પોતે જ પોતાનો શત્રુ છે. અને જ્યારે આત્મા શુભધર્મની આરાધના કરી કર્મની નિર્જરા કરી કર્મ ખપાવે છે ત્યારે આત્મા પોતે જ પોતાનો મિત્ર પણ છે. અધ્યાત્મયોગમાં તો મિત્ર-શત્રુ પારકાને માનવાની વાત જ નથી. પોતે જ પોતાનો મિત્ર અને શત્રુ છે. પરન્તુ લોક વ્યવહારમાં પણ બીજાને મિત્ર-શત્રુ બુદ્ધિથી જોવાની જે વૃત્તિ જીવની છે તે પ્રત્યે લક્ષ દોરતા જ્ઞાની મહાત્મા આપણને સાચા મિત્રની ઓળખ કરાવે છે.

## ધર્મમિત્ર ( કલ્યાણમિત્ર )

सूत्र–सेविज्ज धम्ममित्ते विहाणेणं......।

ચિરંતનાચાર્યજી પંચસૂત્રમાં ફરમાવે છે કે–ધર્મ મિત્ર કલ્યાણ મિત્રને તો જરૂર સેવવો. જેવી રીતે એક રોગી ડોકટર કે વૈદ્યને શ્રદ્ધાથી સેવે છે, એક અંધ જેમ દોરનારને સેવે છે, એક નોકર શેઠને જેમ માને છે તેમ ધર્મ મિત્ર-કલ્યાણ મિત્રને પણ અવશ્ય સેવવા. જે આપણાં આત્માનો હિતચિંતક છે, આપણા કલ્યાણની જેને ચિંતા છે એવો આત્મા જે આપણો ખરો મિત્ર છે. પૈસા ખરચીને પણ આવા મિત્ર નથી મળવાના સ્વયં જે આત્મા આવા માર્ગે હોય તે જ આપણા માટે સાચા ઉપકારી છે. સાધુ મુનિરાજ આપણા સાચા ધર્મમિત્ર છે. તેઓ પરમાર્થ ભાવે આપણા હિતની ચિંતા કરીને પણ આપણને ઉપદેશ આપીને પાપ માર્ગથી પાછા વાળે છે. અને સાચો માર્ગ દેખાડે છે. અરિહંત–તીર્થંકર જેવા પરમમિત્ર તો આ જગતમાં મળવા પણ મુશ્કેલ છે. એમ સાધુ સંત પણ મહાન ઉપકારી છે. માટે તે જ સાચા ધર્મમિત્ર છે. હિંસા–ઝૂઠ ચોરી–અબ્રહ્મના પાપના માર્ગે જતા અટકાવે છે ક્રોધ–માન–માયા–લોભના માર્ગે જતા બચાવે છે. લાગેલા પાપોથી પણ આપણને પડતા બચાવે એવા આત્મા જ સાચા કલ્યાણમિત્ર છે. માટે સાચા ધર્મમિત્રને અવશ્ય સેવવા, તુલસી કહે છે—

એક ઘડી આધી ઘડી, આધીસે ભી આધ ।
તુલસી સંગત સાધુકી હરે કોટિ અપરાધ ॥

સાધુ–સંતની થોડી પણ સોબત આત્માનું કલ્યાણ કરે છે. ઘણાં અપરાધોમાંથી બચાવે છે.

## દિક્ષા લીધી અને ભાગી ગયા

શ્રી ગૌતમસ્વામીના ઉપદેશથી ખેડૂત પ્રતિબોધ પામ્યો. અને તુરંત વૈરાગ્યવંત થઈને દીક્ષા અંગીકાર કરી અને શ્રી વીરપ્રભુને મળવા ચાલ્યા

ત્યારે ખેડુતમુનિએ પૂછ્યું કૃપાલુ ! કયાં જવાનું છે? ગૌતમસ્વામી— આપણા પરમ કૃપાલુ પરમગુરૂને વંદવા તેમની પાસે જઈએ છીએ.

સમવસરણની નજીકમાં આવતા જ ખેડુતમુનિએ પુછ્યું શું એ જ તમારા ગુરૂ છે? ગૌતમસ્વામીએ હા પાડી ગુણ પ્રશંસા કરી. ત્યાં તો ખેડુતમુનિ ગભરાયા....મહારાજ . મહારાજ...! જો એ તમારા ગુરૂ હોય તો લો આ તમારો ઓઘો–મુહપત્તી...મારે નથી રહેવું. એમ કહીને ઓઘો–મુહપત્તી મુકીને ચાલ્યો ગયો. ભાગી ગયો. ગૌતમસ્વામીને પારાવાર આશ્ચર્ય થયું.

સમવસરણે પહોંચીને શ્રીવીરપ્રભુને પુછ્યું હે ભગવંત ! આવું કેમ બન્યું ? ભગવંતે કહ્યું. "હે ગૌતમ પૂર્વજન્મના નિમિત્તનું કારણ છે. તે સાંભળ—૧૮માં ત્રિપૃષ્ઠ વાસુદેવના મારા ભવમાં આ જીવ જંગલમાં સિંહ તરીકે ફરતો હતો ત્યારે મેં એને ફાડી નાંખીને મારી નાંખ્યો હતો. ત્યારે તૂ મારા રથનો સારથી હતો. તે મરતી વખતે એ સિંહને વ્હાલથી આશ્વાસન આપ્યો હતો. એથી તૂ મિત્ર બન્યો. હું શત્રુ બન્યો. આજે છેલ્લા ભવે આપણે ત્રણે ભેગા થયા છીએ. એ સિંહ મરીને ખેડુત થઈને તારી પાસે આવ્યો અને તારા પ્રતિબોધથી દીક્ષા લીધી. પરન્તુ મારા પ્રત્યે ભય સંજ્ઞા હતી. તેથી મને જોઈને ભાગી ગયો. આજ કારણ છે...

## ધર્મની પરીક્ષા માટે મૈત્રીભાવના

ખરેખર બારમી ધર્મભાવનામાં ધર્મ તત્ત્વનો વિચાર કર્યા પછી આ મૈત્રીભાવનાનો ક્રમ આવ્યો છે. મૈત્રીભાવના ભાવવાથી આપણને ખ્યાલ આવી જશે કે મારામાં ધર્મ પરિણમ્યો છે કે નહીં ? હું કેટલો ધર્મી બની શકયો છું ? આત્માને એકાન્તમાં પૂછો કે—હે આત્મા ! તુ ધર્મમાં છે કે તારામાં ધર્મ છે ? તુ ધર્મમાં કેટલો ઉતર્યો છે અને તારામાં ધર્મ કેટલો ઉતર્યો છે ? આ પ્રશ્ન સ્વપરીક્ષાનો છે. માટે આત્મનિરીક્ષણ

કરતી વખતે આત્માને આટલું પૂછવું જ પડશે. ક્યારેક એમ લાગશે કે હું ધર્મમાં ઉતર્યો છું. બાહ્ય વ્યવહારમાં ઘણો ધર્મ કરૂ છું પરન્તુ મારામાં ધર્મનો અંશ પણ નથી સ્પર્શ્યો આ વાત માટે ક્યારેક આપણું અંતર કબુલ થશે અને હું ધર્મમાં નથી ઉતર્યો પણ મારામાં ધર્મ ઉતર્યો છે. એવું લાગે છે. એવી પણ અવસ્થા છે. તેનો ખ્યાલ આવશે માટે મૈત્રીભાવનાના અંકુર ફૂટયા હોય તો સમજવું કે હું ધર્મ પામ્યો છું. મારામાં ધર્મ ઉતર્યો છે, ધર્મપામવા માટે, ધર્મનું ઉંડાણ માપવા માટે મૈત્રી ભાવના થર્મામીટર જેવું માપદંડ છે. મૈત્રીભાવના હોય તો ધર્મ અને ધર્મ હોય તો મૈત્રી એમ બન્ને પરસ્પર છે.

## સિંહના પગે પાટો બાંધ્યો

જંગલમાં ઝાડ ઉપર બેઠેલા બાળકે એક સિંહને કરૂણસ્વરે ગર્જના કરતા જોયો. એનો પગ ઉંચો હતો. પગમાં મોટો ભારે કાંટો ભરાઈ ગયો હતો. લોહીની ધારા નિકળતી હતી. આંખે આંસુની ધારા વહેતી હતી. ભારે દુઃખમાં આવી પડેલા પ્રત્યે દયા ભાવ દાખવવો એતો મિત્રનું કર્તવ્ય છે. દુઃખમાં સાથ આપે, આફતમાં હિમ્મત આપે, ધર્મમાં ટેકો આપે, પાપમાંથી બચાવે તેજ સાચો મિત્ર.

બાળક ઝાડાઉપરથી નીચે ઉતરી ને હિમ્મતથી સિંહના પગમાંથી કાંટો કાઢે છે. મોઢા વડે દાંતથી પકડીને કાંટો કાઢી નાંખે છે. ત્યાંતો નિકળતી લોહીની ધારાને બંધ કરવા માટે પોતાના કપડાની ચિંદરડી ફાડીને સિંહના પગે પાટો બાંધે છે. અને પછી ચાલ્યો જાય છે. સિંહપણ ચાલ્યો જાય છે.

યોગાનુયોગ એક વખત આ બાળક પકડાય છે. અને જાહેરમાં દંડ આપવા માટે એક પાંજરામાં પૂરવામાં આવે છે. અને એક દિવસ જંગલમાંથી સિંહને પકડી લાવે છે. ત્રણ દિવસ ભૂખ્યો સિંહ બાળકના પાંજરામાં છોડવામાં આવે છે. યોગાનુયોગ એજ સિંહ છે જેના પગે બાળકે પાટો બાંધ્યો હતો...લોકો ચીસો પાડી રહ્યા હતા. અરે હમણાં

સિંહ બાળકને ફાડી ખાશે..એમ સહુને લાગતું હતું પરન્તુ આશ્ચર્ય એ બન્યું કે સિંહ નજીક આવીને બાળકના પગમાં પડયો. એના પગ ઉપર પોતાનું માથુ નમાવી નિશ્ચિંત પણે નમી પડયો. ખરેખર આ આશ્ચર્યકારી બનાવથી લોકો મોઢામાં આંગળા નાંખી ગયા. ભાઈ ! જેવુ તમે બીજા પ્રત્યે કરો છો એવુંજ બીજા તમારા પ્રત્યે આચરે છે. અને યોગ્ય બદલો વાળે છે. મિત્રે મિત્ર તરીકેની ફરજ અવશ્ય બજાવવી જોઈએ. મૈત્રીભાવનું પવિત્ર ઝરણુ.., મુજ હૈયામાં વહયા કરે, શુભ થાઓ આ સકલ વિશ્વનું, એવી ભાવના નિત્ય રહે.

## વસુધૈવકુટુમ્બમ્ :

મૈત્રી ભાવનાનું દિલ ખૂબ વિશાલ. ઉદાર, અને વ્યાપક છે. વસુધા એવ કુટુમ્બમ. વસુધા એટલે આખી પૃથ્વી...આખી પૃથ્વીને તે પોતાના કુટુંમ્બ સમાન માને છે. જેમ માતા-પિતા—પુત્ર, પુત્રી, ભાઈ-બહેન વગેરેના સંબધમાં જે પ્રેમ લાગણી કરૂણા વગેરે ઉભરાય છે તેજ ભાવ, તેજ પ્રેમ-સ્નેહ લાગણી સમસ્ત પૃથ્વીના સર્વ જીવો પ્રત્યે કયારે ઉભરાય કે જ્યારે આપણે મૈત્રી પૂર્ણ દ્રષ્ટિથી સર્વને જોતા શિખીએ તો મૈત્રી ભાવ બધાને હિતબુધ્ધિથી સ્નેહની નજરથી જુએ છે. પછી ત્યાં મારા અને પારકાની બુદ્ધિ વચ્ચે નથી નડતી. માટે સમસ્ત પૃથ્વીના સર્વ જીવો એના કુટુમ્બી તુલ્ય બની જાય છે. અને ભાવનાનો સાધક સર્વના પ્રત્યે એક સરખી કલ્યાણની, હિતચિન્તાની, સર્વના સુખની ભાવના રાખે છે. આ કેટલી વ્યાપક અને વિશાળ ભાવના છે.

## વિશ્વશાન્તિ માટે "મૈત્રીભાવના"

વર્તમાન વિશ્વ કે જ્યાં આજે શસ્ત્રદોટ ચાલી રહી છે. માનવ-માનવનો દુશ્મન બની રહયો છે. માનવ-માનવનો ભક્ષક બની રહયો છે. એવી જ્વાળામુખીના મુખ ઉપર બેઠેલી સમસ્ત માનવજાતને શાંતિ

ક્યાંથી મળે ? અને તે નિશ્ચિંત ક્યાંથી રહી શકે ? હાયરે ! માનવ કેટલો ક્રુર અને ઘાતક બની રહયો છે ? કે જે પોતે પોતાનાજ બંધુઓને મારવા ઘાતક-હિસંક શસ્ત્રો નિર્માણ કરી રહયો છે. પોતેજ પોતાના પગે કુહાડો મારવા તૈયાર થયો છે. આનું એક માત્ર કારણ છે માનવીના હૈયે કરૂણા નથી. મૈત્રી આદિ ભાવનાઓ નથી. અને માનવનું હૃદય આ મૈત્રી આદિ ભાવનાઓથી નથી રંગાયો કારણ કે તે ધર્મ સન્મુખ નથી થયો. માટે આજે વિશ્વશાંતિનો દૂત મૈત્રી ભાવનાવાળોજ બની શકશે. મૈત્રી દૂત તેજ શાંતિદૂત બનશે.

માનવ માત્રમાં દરેકને પોતાના મિત્ર માનવાની ભાવના એક દિવ્ય દ્રષ્ટિ જાગૃત થઈ જાય તો જ આ શકય બની શકે. અન્યથા. આજે તો માનવની આંખમાં ઈર્ષ્યા, દ્વેષ, વૈર, વિરોધ, ની આગ ભડકી રહી છે. સંભવ છે કે આજ આગ એક દિવસ માનવજાતના સંહારનું, વિશ્વયુધ્ધ-અણુયુદ્ધનું કારણ બનશે. અને જો આ મહાભયંકર સંહાર અટકાવવો હોય તો એક જ વિકલ્પ છે કે- માનવ માત્રના હૈયે કરૂણા મૈત્રીભાવનાનો દીપક પ્રગટાવો ઘરે ઘરે...ખૂણે...ખૂણે...કરૂણા-મૈત્રીનો નાનો દીવડો પણ ઝલહળતો રહેશે ત્યાં સૂધી કોઈનો પણ વાળવાંકો થવાનો નથી. પરન્તુ આજે મોટો ભય એ વાતનો છે કે આ દીવડો ઓળાવાતો જાય છે. અને માનવીની આંખો ભૂખ્યા વરૂની આંખો જેવી, અથવા તો ક્રુર નિશાચર રાક્ષસના જેવી લોહી તરસી બની રહી છે. અને તેથી જ વિશ્વની શાન્તિ જોખમાઈ રહી છે. વિસ્વની શાન્તિ જોખમાશે તો સમસ્ત માનવજાત જોખમમાં મૂકાશે. એ એટલુ જ સ્પષ્ટ છે. માટે જીવ માત્ર ધર્મી બને, જીવ માત્ર સુખી બને, જીવ પરહિતચિંતક બને, પરોપકારી બને, પરસુખે સુખી, પરદુઃખે દુ:ખી બને એવા પ્રયત્નો સત્વરે કરવા જોઈએ. તો જ આગ પહેલા કૂવો ખોદવા જવો અથવા પાણી પહેલા પાળ બાંધવા જેવુ થશે. હજી મોડુ નથી થયુ. સળગે તે પહેલા ચેતી જઈએ એજ હિતાવહ છે. મૈત્રી ભાવનાથી જ પરસ્પરના વૈમનસ્ય ઓળવાશે. મૈત્રી ભાવનાથીજ

સુખ-શાંતિનું સામ્રાજ્ય સ્થપાશે. આ એક માત્ર વિકલ્પ છે. મૈત્રી ભાવનામાં સમતા અને સમાનતાની તુલ્યવૃત્તિ રહેલી છે. વિશ્વબંધુત્વની ભાવના કેળવીએ અને વિશ્વશાન્તિની સ્થાપના કરીએ.

## ધર્મ મિત્રનું કર્તવ્ય

સુદર્શન શેઠે અર્જુનમાળી જેવા પાપી આત્માને પણ સાચી દિશા બતાવી. ખરેખર ભાગ્યશાલી ! આજે સાચી સલાહ આપનારા પણ ક્યાં છે. પૈસા ખાઈ ને પણ સાચી સલાહ કોણ આપે છે ? જ્યારે ધર્મ મિત્ર કલ્યાણ મિત્ર ક્યારેય ખોટી સલાહ શિખામણ તો નહીં જ આપે મૃત્યુની અંતિમ ઘડીઓ ગણાતી હશે ત્યારે પણ કલ્યાણ મિત્ર એના ઓશિકે બેસીને એની પડખે બેસીને પણ એના ભવ સુધારવા, એની ગતિ સુધારવા એ ઘડીએ સતત પ્રયત્ન કરશે. તમારી શુદ્ધિ અને બુદ્ધિને સ્થિર રાખવા પ્રયત્ન કરશે. ધર્મ સંભળાવશે. ક્ષમાપના કરાવશે આત્માને સંબોધશે. અને પતન થતુ અટકાવશે.

● ગૌતમ સ્વામીના પૂર્વ ભવોમાં પાણી-પાણી કરતા જીવ જઈ રહ્યો હતો ત્યારે અંતિમ ઘડીએ મિત્રે નિર્યામણા કરાવીને કર્તવ્ય બજાવ્યું હતું

● સ્વર્ગમાં ગયેલા દેવ ગતિના દેવતાઓના જીવો પણ મૈત્રીના ભાવથી આવીને ઘણીવાર બોધ પમાડે છે. ચેતવે છે. જાગૃત કરે છે. સમજાવે છે અને એવા તો શાસ્ત્રના પાને ઘણાં દાખલાઓ નોંધાયા છે કે જેમાં દેવલોકના મિત્ર દેવે આવીને પ્રતિબોધ પમાડયો છે. અને સંસાર છોડી પોતાના આત્માનું કલ્યાણ સાધી ગયા છે. કહેવાય છે કે સીતેન્દ્ર દેવ લક્ષ્મણજીને સમજાવવા નરકમાં પણ ગયા.

### બળદો મરીને દેવ થયા—

કલ્પસૂત્રમાં એક પ્રસંગ આવે છે જિનદાસ અને સાધુદાસી

નામની પત્ની બન્ને ઉંચા ધર્મીષ્ઠ દંપતી તરીકે જીવન જીવે છે. અને એમને બે બળદોને પણ ધર્મ પમાડયો. અને બળદોએ પણ સારી રીતે પોતાના કલ્યાણ મિત્ર સમજી તેમની સાથે ધર્મારાધના કરી. જિનદાસ શેઠ પર્વ દિવસે તપ કરે તો બળદો પણ ઘાસ-પાણી છોડીને ઉપવાસ વગેરે તપ કરતા. આ સમજીને જિનદાસ શ્રાવકે એમને ખૂબ ધર્મારાધના કરાવી. આવા ધર્મી મિત્ર પાસે ઉત્તમ ધર્મની આરાધના કરીને અન્તિમ સાધના સાધીને બન્ને બળદો મરીને કંબલ અને શંબલ નામે દેવ થયા અને શ્રી મહાવીર પ્રભુને થતો ઉપસર્ગ નિવારનાર બન્યા. ધર્મ મિત્રનો ઉપકાર કેટલો ?

● રોગી જીવલેણ રોગથી ઘેરાયેલો હોય, પીડા તો હોય. એવી અવસ્થામાં એકમાત્ર કલ્યાણ મિત્રની ગરજ જ એનું કામ સારે છે.

● નાગકેતુને પૂર્વજન્મમાં પોતાની ઓરમાન માતાનો ત્રાસ હતો. ત્યારે મુંઝાયેલા નાગ મિત્રે સાચી સલાહ માટે માનેલા કલ્યાણ મિત્ર એવા એક શ્રાવક પાસે સાચી સલાહ માંગી ભાઈ ! મારે શું કરવું. એવા સમયે સંસાર સળગી ન ઉઠે માટે મિત્રે સાચી સલાહ આપીને કહ્યું ભાઈ આ તે પૂર્વે તપ નથી કર્યું તેનું ફળ છે. માટે તારે આજે આ કષ્ટ સહન કરવું પડે છે. તારી પુણ્યાઈ ઓછી માટે તપ કર. એમ તપના માર્ગે ચઢાવીને સંસારને સળગતો અટકાવ્યો. કલ્યાણ મિત્ર જ કલ્યાણના માર્ગે વાળે.

આ પ્રમાણે સેંકડો દૃષ્ટાંતો જોઈએ તો કલ્યાણ મિત્રનો ઉપકાર ક્ષેત્ર ઘણો વિશાળ છે. માટે ભવ સંસારમાં ડૂબતા જીવોએ કલ્યાણ મિત્રનો જ આશ્રય લેવો.

## માનસશાસ્ત્રીય ઉપચાર પદ્ધતિ—

આજની માનવજાત બહુ જ તનાવ ( Tention )માં જીવે છે.

અનેકોની સાથે ચિત્ર-વિચિત્ર સંબંધો બંધાયેલા હોય છે. વ્યાપાર-કુટુંબ-ધન-સંપત્તિ આજીવિકાની મોટી ચિન્તામાં જીવે છે અને ચિન્તાને નિવારવા માટે લોકો ડોકટરનો આશ્રય લે છે. પરંતુ ડોકટરો ઉંઘની ગોળી કે ઇન્જેકશન આપી કામ પતાવે છે. પરંતુ ઘેનની ગોળીની અસર કેટલી ? એ ઉતર્યા પછી શું ? માટે આજનું વિજ્ઞાન પણ માનવીની શત્રુતાની વૃત્તિને શમાવવા માટે શોધ-ખોળ કરી રહ્યું છે. પરન્તુ શું આ વસ્તુ દવાથી શકય છે. તે માટે કદાચ મૈત્રીભાવનાનો મંત્ર જ જપવો પડે ડોકટરો માનસશાસ્ત્રી થઈને જો મૈત્રીભાવના તરફ વાળે તો જ શકય બને. અન્યથા કોઈ શકયતા નથી. પરન્તુ ડોકટરો ધર્મ પમાડે એ કરતા ધર્મ માર્ગે વળવું જ હિતાવહ છે. ડોકટરો તનના રોગો મટાડશે. પણ મનના રોગો મટાડવાની કોઈ દવા તેમની પાસે નથી. તે માટે તો ઉપદેશની જ અસર થાય. અને ઉપદેશ શ્રવણ માટે દેવ-ગુરુ જેવા ધર્મ મિત્રની જ શરણ સ્વીકારવી પડશે

## યોગશાસ્ત્રમાં મૈત્રી

મૈત્રી ભાવનાને યોગમાં પણ ઘણું વિશિષ્ટ આગવું સ્થાન આપવામાં આવ્યું છે, " **योगश्चित्तवृत्तिनिरोधः** " પતંજલિ મહર્ષિએ યોગસૂત્રમાં યોગની વ્યાખ્યા કરતા ચિત્તવૃત્તિના નિરોધને યોગ કહ્યો છે. આપણી ચિત્તવૃત્તિને મૈત્રી ભાવનામાં સ્થિર રાખવી એથી શત્રુભાવની ચિત્તવૃત્તિનો નિરોધ થયો એ પણ મહાનયોગ છે, મૈત્રી સમાધિનું પણ બહિરંગ સાધન છે, તેથી બાહ્યકર્મની કક્ષામાં મૂકવામાં આવેલી છે. માનસવિદ્યાના આધારે પણ વિચાર કરતા મૈત્રી ભાવનાનો અનન્ત વિશાળ ક્ષેત્ર છે, ચિત્તપ્રસાદ અને ચિત્રવૃત્તિ નિરોધ જેવા કાર્યો આ ભાવનાનો ફળિતાર્થ છે. મૈત્રી એ માનુષિક ગુણ છે, અપકારી જીવો પ્રત્યે પણ મૈત્રીની ઉદાર ભાવના રાખવી, અપકારી ઉપર પણ અપકાર કરવાની વૃત્તિ કયારેય ન રાખવી, એ પરમ મૈત્રી ભાવ છે, સ્વકર્મ દોષ માનીને શાન્ત શમાવી લેવી.

મૈત્રી ભાવના અનેક ગુણોનો ખાણ છે, અનેક ગુણોની જનેતા છે, અનેક ગુણોની રક્ષણહાર છે. એનો ક્ષેત્ર વ્યાપક અને વિશાળ છે. આવી મૈત્રીભાવનાને સહુ કોઈ જીવો ભાવે, સર્વને મિત્રતુલ્ય ગણે એવી જ અંતરની પ્રાર્થના.

⊙ સૌજન્ય ⊙



સ્વ. માતુશ્રી સુભદ્રાબેનના સ્મરણાર્થે તેમના સુપુત્રો મનુભાઈ સૌભાગ્યચંદ શાહ (ટેક્ષ કન્સલ્ટન) તથા અશ્વીન-ભાઈ સૌભાગ્યચંદ શાહ (અશ્વીન પેટ્રોલીયમ) તરફથી

આ પુસ્તિકા છપાવી પ્રસિદ્ધ કરવામાં આવી છે.




# ભાવના ભવ નાશિની

પ્રવક્તા : પરમપૂજ્ય મુનિરાજશ્રી અરુણવિજયજી મહારાજ

| વિ. સં. ૨૦૪૦ કારતક વદ. ૮ | પંદરમું વ્યાખ્યાન-૧૫ | રવિવાર, ૨૭-૧૧-૧૯૮૩ |
|---|---|---|

## "વિષય : "ગુણાનુરાગી પ્રમોદ ભાવના..."

अपास्ताशेषदोषाणां, वस्तुतत्त्वावलोकिनाम् ।
गुणेषु पक्षपातो यः स प्रमोदः प्रकीर्तितः ॥

પ. પૂ. ચરમ તીર્થપતિ શ્રમણ પરમાત્મા શ્રીમહાવીર સ્વામિને નમસ્કારપૂર્વક...

હિંસા-જૂઠ-ચોરી આદિ સર્વ પ્રકારના પાપ દોષોનો જેણે સર્વથા ત્યાગ કરી દીધો હોય, નાશ કર્યો હોય અર્થાત જેનામાં કોઈ પણ પ્રકારના પાપ દોષો કે દુર્ગુણોની સંભાવના નથી એવા વસ્તુ તત્વના જ્ઞાતા અર્થાત્ વસ્તુના મૂળભૂત તત્વને જે સારી રીતે જાણતા હોય તે વીતરાગ સર્વજ્ઞાદિ સર્વગુણી ભગવંતો પ્રત્યે જે ગુણોમાં પક્ષપાત કરવો અર્થાત્ તે મહાપુરૂષોના ગુણો પ્રત્યે જે સદ્ભાવ રાખવો, તેની સ્તુતિ અનુમોદના આદિ કરવા તે પ્રમોદ ભાવના છે આ પ્રમાણે પૂ. કલિકાળ સર્વજ્ઞ શ્રી હેમચન્દ્રાચાર્ય મહારાજા યોગશાસ્ત્રમાં જણાવે છે.

" प्रमोदो गुणपक्षपातः "—

પક્ષપાત—શબ્દ તો આપણે સારી રીતે જાણીએ છીએ. વ્યવહારમાં પણ ઘણીવાર વાપરીએ છીએ અર્થાત એક તરફી રાગ. બીજાની ઉપેક્ષા કરીને અથવા બીજા તરફ વધુ ધ્યાન કે લક્ષ ન આપતાં એક તરફ વધુ ધ્યાન-કે લક્ષ આપવું તે " પક્ષપાત " કહેવાય. માતા ૪ પુત્રમાંથી ૧ પુત્ર તરફ વધુ પ્રેમ દાખવે અને બીજા તરફ જો અપ્રીતિ દેખાડે તો બીજા પુત્રો માતાને પક્ષપાતી કહે છે. એમ અહીંયા પક્ષપાત શબ્દ ગુણની સાથે જોડીને કહયું છે કે ... જેને દોષો, દુર્ગુણો, પાપો તરફ અપ્રીતિ હોય, અણગમો હોય અને ગુણો તરફ વધુ ધ્યાન કે લક્ષ હોય તેને ગુણ પક્ષપાત કહેવાય. અર્થાત ગુણો તરફ જ વધુ ઝુકાવ છે. ગુણો તરફ વધુ અનુરાગ છે. ગુણ પ્રાપ્તિનો લક્ષ છે. પરંતુ દુર્ગુણ કે દોષો તરફ અપ્રીતિ અણગમો છે. અને એવા ગુણપક્ષપાત માં જે આનંદ જાગે છે તેને પ્રમોદ ભાવના કહી છે. ગુણો પ્રત્યે અભિરૂચિ આનન્દ, પુજ્યભાવ, દીર્ઘદષ્ટિ હોવી તેને પ્રમોદ ભાવના કહી છે. પ્રમોદ ની સાથે ભાવના શબ્દ બહુજ સાર્થક જોડયો છે.

## કોના ગુણો પ્રત્યે આનન્દ ?

ગુણો તો બીજામાં પણ છે અને મારામાં પણ છે. તો શું મારે મારા ગુણો પ્રત્યે આનંદ વ્યકત કરવો કે બીજાના ગુણો પ્રત્યે પણ

આનંદ વ્યક્ત કરવો ? આવો પ્રશ્ન મનમાં સહજ ઉદ્ભવે છે. પરન્તુ ગ્રન્થકર્તા મહર્ષિ "ગુણપક્ષપાતઃ" એ સ્પષ્ટ શબ્દ વાપરે છે

એક વસ્તુ ચોક્કસ છે કે ગુણ એ ગુણજ છે. દોષ એ દોષ જ છે ભલે પછી એ ગુણ તમારામાં હોય કે મારામાં હોય. મારામાં હોય કે બીજામાં હોય .. ગમે તેમાં પડયો હોય તો પણ ગુણ એ ગુણ જ છે. ગુણ ગમે ત્યાં હોય કે ગમે તેમાં હોય તો પણ ગુણ તો પૂજ્ય જ છે, આદરણીય, સ્વીકરણીય જ છે. એમાં કોઈ શંકાને સ્થાન નથી.

જો હું મારામાં પડેલા ગુણને સારો માનું પણ એજ ગુણ બીજામાં પડેલો હોય તો તેને ખરાબ માનું. અર્થાત્ હું જે કંઈ પણ કરૂં છું તે સારૂ કરૂં છું, અને બીજો જો એજ ધર્મ કે ક્રિયા વગેરે કરતો હોય તો તે ખરાબ છે. મારામાં પડેલો ગુણ એ ગુણ કહેવાય, અને એજ જો બીજામાં દેખાતો હોય, બીજો એ ગુણથી પ્રશંશા પામતો હોય તો તે ગુણી નથી. તેમાં ગુણ નથી....."એ તો ઠીક હવે" એવું જો આપણી મનોવૃત્તિમાં હોય તો તે ઈર્ષ્યાભાવ છે, અદેખાઈ છે, તેજો દ્વેષ છે, મત્સર બુદ્ધિ છે.

હું જ પાસ થાઉં, હું જ કમાઉં, હું જ સુખી થાઉં.. આવી તમારી ઈચ્છા હોય, પ્રાર્થના કે ભાવના હોય તો પણ કંઈ અજુગતું નથી પરન્તુ બીજો કોઈ પાસ જ ન થાય. બીજો કોઈ નજ કમાવે, બીજો કોઈજ ન જીતે. એ વૃત્તિ ઈર્ષ્યા, દ્વેષ, અસૂયા, અને તેજો દ્વેષ વાલી મત્સર ભરેલી છે, માટે એ આત્મા સાચો સાધક તો ન જ કહેવાય. પ્રમોદ ભાવના એનામાં અંશમાત્ર પણ ન જ કહેવાય.

હકીકતમાં પ્રમોદ ભાવના આપણને સાચો સાધક થવાનું શિખવાડે છે.

## જગતમાં ગુણ-દોષની શાશ્વતતા :

આ સંસારમાં ગુણો અને દોષો બન્ને અનાદિ અનન્ત કાળથી

શાશ્વતા છે, અને બન્ને પોત-પોતાના રૂપમાં સ્થિર છે. અનન્ત કાળ વીત્યો છતાં પણ ગુણ એ ગુણ જ છે, અને દોષ એ દોષજ છે. સોનું એ સોનું જ છે, હીરો એ હીરો જ છે. અને પત્થર એ પત્થર જ છે. હીરો એ પત્થર થયો નથી અને પત્થર એ હીરો બન્યો નથી.

એજ પ્રમાણે ગુણ એ દોષ બન્યા નથી. અને દોષ એ ગુણ થયા નથી. આ સંસારમાં એક પણ દોષ નવો વધ્યો નથી. અને એક ગુણ પણ નવો વધ્યો નથી. દોષો જેટલા હતા અને છે એટલાજ ભાવિમાં રહેશે. અને એજ પ્રમાણે ગુણો પણ જેટલા હતા, અને છે, એટલાજ ભાવિમાં રહેશે, સંસારમાં ગુણ કે દોષ બન્નેમાં કોઈ વધ ઘટ (વૃદ્ધિ-કે હાનિ) થઈ જ નથી અને થવાની નથી. સંસારતો બન્ને નો ભરેલો છે, ગુણ-દોષ બન્ને શાશ્વતા છે. અનાદિ-અનન્ત છે.

આજ ગુણ-દોષને બીજી ભાષામાં પુણ્ય-પાપ, સારૂં-ખરાબ, શુભ અશુભના સ્વરૂપમાં ઓળખીએ તો પણ ચાલે.

ગુણમાં પુણ્યની જરૂર છે. અને પુણ્યમાં ગુણની જરૂર છે. ગુણ સારાજ હોય છે. અને સારા ને જ ગુણ કહેવાય છે. ગુણ તે શુભ હોય છે અને શુભ તે ગુણ હોય છે. અને તેજ પ્રમાણે દોષ-પાપ-અશુભ અને ખરાબ ના અર્થમાં ઓળખાય છે. બન્નેમાં એકબીજાની સાથે સાદશ્યભાવ સંબંધ છે.

સંસાર છે ત્યાં સુધી બન્નેનો અસ્તિત્વ રહેવાનો જ છે. એવું કોઈ કાળે બનવાનું નથી કે ગુણ-દોષ ન હોય અને સંસાર રહેશે. અથવા સંસાર રહેશે અને ગુણ-દોષ નહીં હોય તે સંભવ જ નથી. જે સારૂં-ખરાબ છે તેનું જ નામ સંસાર છે. જ્યાં રોજ સતત કંઈક સારૂ-અને કંઈક ખરાબ થતું જ રહે તેનું નામ સંસાર છે સંસારમાં હસવાનું પણ છે અને રડવાનું પણ છે. સંસારમાં પુણ્ય પણ છે અને પાપ છે. કંજુસીપણું પણ છે અને ઉદારતા પણ છે. અર્થાત ગુણ-

દોષના અવાજ ભાવો શાસ્ત્રના છે. બસ એનું જ નામ સંસાર છે એમાંથી આપણે (સાધકે) તારવાનું છે.

## ચાલણી જેવો સાધક

લોટ ચાળવાની ચાલણી જેમ ચાળતી વખતે કાંકરી જૂદી ચાળી લે છે, તેમ સાધકે પણ હેય. જ્ઞેય અને ઉપાદેયના વિવેકથી જ ગુણોને તારવી લેવા જોઈએ. સંસાર તો ગુણ-દોષ બન્નેનો ભરેલો છે. ઘઉંની ગુણીમાં ઘઉં અને કાંકરા બન્ને ભેગા છે. સાધકે કાંકરા જૂદા તારવી ઘઉં સ્વીકારવા જોઈએ સાધકની દ્રષ્ટિ ગુણગ્રાહી હોવી જોઈએ. જે તારવી શકે છે તે તરી પણ શકે છે અને તારી પણ શકે છે.

પ્રમોદભાવના ગુણગ્રાહી ભાવના છે. ગુણોને જ જોવા, ગુણો જોઈને જ આનંદ પામવો, ગુણો પ્રત્યે સદ્ભાવ રાખવો, ગ્રાહક ભાવ રાખવો એ આ પ્રમોદભાવનાનું કાર્ય છે. ગુણ-દુર્ગુણ બન્ને દેખાતા હોવા છતા પ્રમોદભાવનાનો સાધક તો ગુણો જ જોશે.

પરમાર્હત કુમારપાલ ભૂપાલે મુનિના દોષો નજરે દેખ્યા છતા પણ દેખ્યા ન દેખ્યા તેમ કરીને સામેથી મુનિને વંદન કરીને સુખ-શાતા પુછીને ચાલ્યા ગયા. પરન્તુ મુનિ ભારે ક્ષોભ પામ્યા. અરે ! કેટલી ગજબ કહેવાય ? આ રાજાના હૈયે ધર્મ કેટલો પરિણમ્યો છે તે જ જોવા જેવુ છે. મારા જેવા શિથિલ સંયમીને પણ દોષયુક્ત જોવા છતા પણ ગુણાનુરાગના સદ્ભાવથી એને વંદન કર્યું એ એની કેટલી ઉદારતા કહેવાય ? મુનિ મહાત્માએ સંયમમાં સ્થિર થવાનો નિર્ધાર કર્યો, શિથિલાચાર છોડી દીધો. બીજી વખત વંદનાર્થે આવનાર રાજાની સમક્ષ ક્ષમાભાવ વ્યક્ત કર્યો. અને છતા પણ કુમારપાલના મન ઉપર કોઈ અહં-અભિમાનનો ભાવ નહીં. મુનિ મહાત્મા સાધી ગયા સાચા સાધક બની ગયા. આ કોને આભારી ? ગુણગ્રાહી બુદ્ધિને ગુણાનુરાગી પ્રમોદભાવનાને.

**ગુણવિપક્ષી દોષ**—ગુણનો પ્રતિપક્ષી દોષ છે. ગુણથી તદન વિપરીત દોષ-(દુર્ગુણ) છે. સંસારમાં સ્વાભાવિક ઘણાં જીવો દોષાનુરાગી છે અને કેટલાક જીવો ગુણાનુરાગી પણ છે. આ બન્ને દ્રષ્ટિઓ જન્મજાત સ્વાભાવિક છે. દોષાનુરાગી કેમ બનવુ એ કોઈને શિખાડવુ નથી પડતુ. તેમજ ગુણાનુરાગી પણ કોઈ કહેવાથી નથી થતો. છતા પણ દ્રષ્ટિ પરિવર્તન કરવા માટે, ગુણાનુરાગી થવા માટે જીવને સમજાવવો પડે છે.

છિદ્રગવેષી—દોષાનુરાગી જીવોની દ્રષ્ટિ જ કાગદ્રષ્ટિ જેવી હોય છે. એ જીવોને ગુણ હોવા છતા પણ નથી દેખાતા. દુર્ગુણ પહેલા નજરે પડે છે. જેમ કાગદ્રષ્ટિ અને હંસ દ્રષ્ટિમાં મોટો તફાવત છે. તેમ આ બન્ને જીવોની દ્રષ્ટિ અને વૃત્તિમાં પણ મોટો તફાવત છે. કોઈના થૂંકેલા કફમાં જ નજર નાંખનારો કાગડો છે. એને સારી વસ્તુ બાજુમાં પડી હશે તો પણ મન નથી થતુ. ભૂંડને વિષ્ટામાં જ રસ છે. દૂધપાક-પૂરી બાજુમાં હશે તો પણ ભૂંડને તે ખાવાનું મન નહીં થાય.

આખા મોટા સફેદ કપડા ઉપર નાનકડો કાળો ડાઘ ઘણાંની નજરે જલ્દી આવે છે. કદાચ સંપૂર્ણ શુદ્ધ, સ્વચ્છ સફેદ કપડો નથી દેખાતો પણ તેમાં રહેલો એક ડાઘ દેખાઈ આવે છે. પહેલા તે ડાઘ ઉપર જ નજર જાય છે. તેનું શું કારણ ? ગુણ શુદ્ધ કપડા જેવો વિશાળ છે. પણ તેમાં ડાઘની જેમ રહેલ દોષ આખા કપડાની કિંમત બગાડી નાંખે છે ધોબીએ ધોએલ શુદ્ધ કપડા ઉપર એક ડાઘ પણ જો દેખાય તો આપણે આખો કપડો જતો કરીએ છીએ. નથી લેતા તેમ જીવનમાં ગુણો ઘણાં હોય પણ એક નાનો દોષ ઘણાં ગુણોને ઢાંકી દે છે.

**દોષ ગુણોને પણ ઢાંકી દે છે.**

વ્યક્તિમાં અનેક ગુણો હોય પરન્તુ એક નાનકડો દોષ પણ બધા ગુણો ઉપર પાણી ફેરવી દે છે ગુણોને પ્રગટ થવા નહીં દે દા.ત ઉદારતા, સત્યવાદિતા, નિષ્ઠા, નીતિમત્તા, વગેરે ઘણાં ગુણો હોવા છતા પણ ક્રોધ નામનો એક દુર્ગુણ બધા ગુણો ઉપર પાણી ફેરવી દે છે. તે

માણસની કિંમત નથી અંકાતી સેંકડો ગુણો હોવા છતા પણ ફક્ત એક દુરાચારીપણું, વ્યાભિચારીપણુ એ સેંકડો ગુણોને પણ ઢાંકી દે છે. માટે જ ગુણ દોષ મિશ્રત ન જ હોવા જોઈએ. ગુણો ગુણ રૂપે શુદ્ધ અને સ્વતંત્ર હોવા જોઈએ.

અનેક ગુણો ભેગા થઈને એક દોષને નથી ઢાંકી શકતા પરન્તુ એક દોષ અનેક ગુણોને ઢાંકી દે છે. અને ગુણો પ્રાપ્ત કરતા જવુ. ગુણવાન થવુ પરન્તુ દોષોને ન કાઢવા એ સાધના કયારેક દગો દેશે અને ફરીથી નીચે પાડશે. અધ્યાત્મ સાધનાના ક્ષેત્રમાં દોષો બાધક છે. અવરોધક છે.

## ગુણ પ્રાપ્તિની સાધના :

ગુણપ્રાપ્તિની સાધના એજ સાચી સાધના છે, ગુણોં પ્રગટ કર્યા વગર સાધના સંભવ નથી. અને સાધના વિના ગુણો પ્રગટ થાય તેમ નથી, પરન્તું ગુણો કયારે પ્રગટ થશે ? કે જ્યારે દોષોને તિલાંજલિ આપશું ત્યારે જીવનમાંથી દોષોને કાઢી નાખશું તોજ ગુણોં આવશે.

એક મ્યાનમાં જેમ બે તલવાર નથી રહેતી, તેમ એક જ ગુણ પોતાના વિરોધિ દોષની સાથે નથી રહેતો, અને દોષ પોતાના દુશ્મન ગુણની સાથે નથી રહેતો. ક્રોધ હોય ત્યારે ક્ષમા નહીં, અને લોભ હોય ત્યારે સંતોષ નહીં ઉદારતા હોય તો કૃપણતા નહીં, અને કૃપણતા હોય તો ઉદારતા નથી રહેતી. એક જ સાથે એક વખતે બન્ને હાજર નથી રહેતા. એકના અભાવમાં બીજો અને બીજાના અભાવમાં એક એમ બન્ને રહે છે.

ગુણપ્રાપ્તિની સાધના ત્યારે સાચી સાધના કહેવાશે કે જ્યારે દોષોને કાઢવાની સાધના કરશું ત્યારે. ધર્મ કરતા પહેલા અધર્મ નો ત્યાગ કરવો જરૂરી છે. ગુણોને પ્રાપ્ત કરવા પહેલા દુર્ગુણોં અને દોષોથી બચવું જરૂરી છે, માટલામાં નવું પાણી ભરતા પહેલા જુનું પાણી

કાઢી નાંખવું જેટલું જરૂરી છે તેટલુજ આવશ્યક આરાધના પહેલા વિરાધના ટાળવાનું છે.

## ગુણ-ગુણીનો આધાર—આધેય સંબંધ

સિદ્ધચક્ર (નવપદ)માં ગુણ-ગુણી બન્ને છે. અરિહંતાદિ પાંચ ગુણી છે. અને દર્શન-જ્ઞાન-ચારિત્ર-તપ એ ગુણો છે. ગુણો સર્વત્ર છે. જીવ-અને અજીવ આ બેજ જગતના મૂળભૂત દ્રવ્યો છે. આ બે સિવાય ત્રીજો પદાર્થ જ જગતમાં નથી. અને અજીવના ભેદોમાં ધર્માસ્તિકાયાદિ દ્રવ્યો છે. પરન્તુ બધાજ પોતામાં મૂળભૂત ગુણોને લઇને બેઠા છે. જગતનો એક પણ દ્રવ્ય ગુણ વગરનો નથી. અને એક પણ ગુણ દ્રવ્ય વિના સ્વતંત્ર નથી રહેતો.

ગુણ આધેય-(રહેનાર) છે. અને દ્રવ્ય આધાર-(રાખનાર) છે માટે બન્નેમાં આધાર-આધેય (રહેનાર અને રાખનાર)નો સંબંધ છે ઉમાસ્વાતિ વાચક મુખ્ય પૂર્વધર ભગવંતે શ્રી તત્વાર્થ સૂત્રમાં "**गुणपर्यायवद् द्रव्यम्**"—અર્થાત ગુણ અને પર્યાય વાળો જે હોય તે દ્રવ્ય કહેવાય છે. જેમ સૂર્ય પ્રકાશ વગરનો ન હોય. સૂર્યની સાથે પ્રકાશ કાયમ રહે છે તેમ દ્રવ્યની સાથે ગુણ કાયમ રહે છે.

## यत्रैव यो दृष्णगुणः स तत्र कुम्भाद्रिवत् निष्प्रतिपक्षमेतत

સ્યાદ્વાદ મંજરીમાં પૂ. હેમચન્દ્રાચાર્ય ભગવંતે કહ્યું કે જ્યાં જેનો ગુણ સ્પષ્ટ દેખાય છે તે દ્રવ્ય ત્યાં અવસ્ય હોય છે. ગુણ દેખાય અને દ્રવ્ય ન હોય તે બને નહી, અને દ્રવ્ય હોય અને ગુણ ન હોય તે પણ કદાપિ સંભવે નહીં, જીવમાં જીવના ગુણો એમ અજીવમાં અજીવના ગુણો રહે છે.

દ્રવ્ય

જીવ ( આત્મા ) — અજીવ (જડ)

જ્ઞાન, દર્શનાદિ જીવના ગુણો છે.

| | | | | |
|---|---|---|---|---|
| ધર્માસ્તિકાય | અધર્માસ્તિકાય | આકાશાસ્તિકાય | કાળ | પુદ્ગલાસ્તિકાય |
| ગતિસહાયક | સ્થિતિસહાયક | અવગાહના | પરિવર્તન | વર્ણ ગંધ,રસાદિ |

આ પ્રમાણે જીવ–અજીવમાં પોતપોતાના ગુણો મૂળભૂત સત્તામાં પડયા છે. અને જેના જે ગુણો છે તેજ તેમાં છે. ગુણો બદલાતા નથી એકના ગુણો બીજામાં અને બીજાના ગુણો એકમાં એમ બદલાતા નથી. અર્થાત જીવના ગુણો અજીવમાં જતા રહેશે અને અજીવના ગુણો કાળાન્તરે જીવમાં આવશે એવું કદાપિ બનવાનું નથી. જેમાં જે ગુણો પડેલા છે તે દ્રવ્ય તેજ ગુણથી પ્રવૃત્તિ પામે છે. પ્રસિદ્ધિ પામે છે.

## ગુણથી દ્રવ્યની કિંમત છે

દ્રવ્ય શું છે કે કેવો છે તેની સાથે કોઈ નિસ્બત નથી. પરન્તુ તે દ્રવ્યમાં ગુણ શું છે ? તે મહત્ત્વનું છે. ગુણ ન હોય તો દ્રવ્યની કિંમત શું ? આપણે કોઈ વ્યક્તિની સાથે કામ છે, સંબંધ છે. પરંતુ જો એ વ્યક્તિમાં કોઈ ગુણ જ ન હોય તો એની સાથે આપણે કેટલું સંબંધ રાખશું ? કન્યા જોવા જાઓ છો ત્યારે પણ કંઈ ગુણ તો જોતા જ હશો ને ? મુરતીયો જોવા જાઓ તો પણ કંઈ ગુણ તો જોતા જ હશો ને ? ભલે રૂપ સૌન્દર્ય ઘણું હોય, પૈસા ઘણા હોય પરન્તુ દુર્ગુણ અને દોષનો ભરેલો અનાચારી હોય તો શું કામનો ? અરે ! બજારમાંથી ૧ વસ્તુ પણ આપણે ખરીદીએ છીએ તો એની પણ ગુણવત્તા જોઈએ છીએ. ગુણવત્તાની દૃષ્ટિએ વસ્તુ જો ઉતરતી કક્ષાની

હોય તો આપણે જતી કરીએ જડમાં જેમ આપણી આ દષ્ટિ છે તે જ પ્રમાણે જીવસૃષ્ટિમાં પણ આજ ગુણવત્તાની દ્રષ્ટિ છે માટે ગુણ જ દ્રવ્યની મહત્તા વધારનાર છે કિમત આંકનાર છે. અને ગુણ જ દ્રવ્યમાં ભેદક તત્વ છે.

## ગુણવાચી જૈન ધર્મ :

ગુણવાચી અને વ્યકિતવાચી એમ બન્ને દ્રષ્ટિના ધર્મો જગતમાં અસ્તિત્વ ધરાવે છે. ગુણના બદલે વ્યકિતને પ્રધાન્યતા આપવામાં આવી હોય તે વ્યકિતવાચી ધર્મ, પંથ કે સંપ્રદાય અને વ્યકિતના બદલે ગુણોને પ્રધાન્યતા, શ્રેષ્ઠતા, અને સર્વોપરિતા આપવામાં આવી હોય તે ગુણવાચી ધર્મ પંથ, કે સંપ્રદાય કહેવાય દા.ત. જૈનધર્મમાં પ્રસિધ્ધ એવા મહામંત્ર નવકાર મંત્રમાં ૨૪ તીર્થંકરો માંના કોઈના નામ નથી. કોઈ સાધુ, ઉપાધ્યાય કે આચાર્ય ના પણ નામ નવકારમાં નથી. મહાવીરસ્વામી, પાશ્ર્વનાથ, કે આદીશ્ર્વર વગેરે કોઈ તીર્થંકરનાં નામ નવકાર મંહામંત્રમાં નથી. ભૂતકાળમાં હતા નહીં. અને ભાવિમાં ચોકકસ નથી જ રહેવાના. નમો અરિહંતાણ ના એક જ પદમાં અનન્તા અરિહંતો ને નમસ્કાર કરવાનું સામર્થ્ય છે. (૨) નમો સિદ્ધાણમાં અનન્તા સિદ્ધોને નમસ્કાર કર્યા છે. (૩) નામો આયરિયાણ પદમાં અનન્તા આચાર્યોને, (૪) અને નમો ઉવજ્ઝાયાણં પદમાં ત્રણે કાળના ઉપાધ્યાયો, અને (૫) નમોલોએ સવ્વસાહૂણં પદમાં ત્રણે કાળના અનન્ત સાધુઓને નમસ્કાર કર્યા છે. વ્યકિતગત કોઈ નહીં. અરિ + હંત–અરિ કામક્રોધાદિ આંતર શત્રુઓ, અને તેને હણનાર નાશકરનાર તે અરિહંત એવા અરિહંત ભલે પછી તે પાર્શ્વનાથ, મહાવીરસ્વામી, કે આદીશ્ર્વર હોય તે સર્વેને માત્ર "નમો અરિહંતાણ" પદથી નમસ્કાર કર્યા છે. અરિહંત એ ગુણવાચી પદ છે. વ્યકિતવાચી પદ નથી પરંતુ વ્યકિતગત નામ એ વ્યકિતવાચી પદ છે. જયારે નવકારમંત્રનો એક પણ વ્યકિતવાચી નથી. અને બીજી બાજુ જગતના અનેક ધર્મોમાં વ્યકિત વાચી મંત્રો પદો વગેરે ઘણાં છે. ગુણો પ્રાપ્ત કરવાનો લક્ષ એજ ગુણ સાધના છે.

અને ગુણની પ્રાપ્તિ એજ શ્રેષ્ઠ પદ–પદવીની પ્રાપ્તિ છે. ગુણપ્રાપ્તિમાંજ ફળશ્રુતિ માનવી જોઈએ. એને જ ધર્મ કહ્યો છે.

**અધ્યાત્મ ધર્મની સાચી વ્યાખ્યા :**

આત્મા અનન્ત ગુણથી વ્યાપ્ત દ્રવ્ય છે.

**"अनन्त धर्मात्मकं वस्तु"**

વસ્તુ માત્ર (દ્રવ્ય અનન્ત ધર્મવાળો છે. અનન્ત ગુણોથી ભરેલી છે. સ્યાદ્વાદ અને કાન્તવાદની દ્રષ્ટિથી તે દ્રષ્ટિગોચર થાય છે. એકજ વસ્તુમાં ભિન્ન ભિન્ન દ્રષ્ટિએ જોના સાપેક્ષ દ્રષ્ટિથી અનેક ગુણો ધર્મો) વસ્તુમાં દ્રષ્ટિગોચર થાય છે. આ દ્રવ્યમાં આત્મા અર્થાત્ ચેતન દ્રવ્ય અને જડ અચેતન બન્ને દ્રવ્યો આવે છે. અને બન્ને ગુણવાન છે. અનેક ગુણો બન્નેમાં ભરેલા છે.

**नाण च दंसणं चेव चरित्तं य तवो तहा ।**
**वीरियं उवओगो य एअं जीवस्स लक्खणं ॥**

જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ, વીર્ય અને ઉપયોગ એજ આત્માનું લક્ષણ છે. અર્થાત્ આત્મા તદ્ સ્વરૂપવાન છે. જ્ઞાન-દર્શનાત્મક છે. અને એ જ આત્માના ગુણો છે. અર્થાત્ જ્ઞાન–દર્શનાદિ ગુણોનો સમૂહજ આત્મ દ્રવ્ય છે.

જેના જે મૂળભૂત ગુણો છે તે તેમાં જ રહે છે. તે તેનાજ મૌલિક ધર્મ છે. આત્માના ગુણો જડમાં નથી જવાના અને જડના ગુણો આત્માં નથી આવવાના. બન્નેના ગુણો સ્વતંત્ર અને ભિન્ન ભિન્ન જુદા છે. જે જેનામાં હોય છે તે તેમાંથીજ પ્રગટે છે. જે જેમાં નથી હોતા તે ક્યારેય તેમાંથી નહીં પ્રગટે.

આત્મા મૂળભૂત સત્તામાં જ્ઞાનાદિ ગુણોવાળો છે. પરન્તુ આજે

આત્મા ઉપર કર્મનું આવરણ બહુ ભારે છે. તપેલામાં રહેલી વસ્તુ આવરણ ઢાંકણાંથી ઢંકાઈ જાય છે. અને તેથી જ દેખાતી નથી. હોવા છતાં નથી દેખાતી તેમ આત્મામાં જ્ઞાનાદિ ગુણો સત્તામાં પડેલા હોવા છતાં પણ તે તે આવરણીય (ઢાંકનાર) કર્મના કારણે નથી દેખાતા. નહીં જેવા અલ્પ પ્રમાણમાં દેખાય છે. અને આપણે તે જ આત્મ ગુણોને પ્રગટ કરવાના છે તે માટે જ ધર્મ છે. માટે ધર્મનું લક્ષણ કે વ્યાખ્યા કરતા કહ્યુ કે—

આત્માના જે જ્ઞાનાદિ ગુણો છે તેને પ્રગટ કરવા જે પુરૂષાર્થ વિશેષ કરવો તેનું નામ છે ધર્મ આત્મધર્મ નિશ્ચય ધર્મ અને તે માટે વ્યવહારમાં તેને યોગ્ય જે ક્રિયા કરવી તેનું નામ વ્યવહાર ધર્મ. બાહ્યધર્મ, અને આત્માના ગુણોને સંપૂર્ણ પણે જેને પ્રગટ કરી લીધા છે તે અનન્તજ્ઞાની અનન્તદર્શની એવા વીતરાગી સર્વજ્ઞ પરમાત્મા કહેવાય. અને તેજ ગુણોને પ્રગટ કરવા જે નિષ્પાપ જીવન જીવી સાધક બનનારા તે ગુરૂ-ભગવંતો. અને તેજ ગુણોની પ્રાપ્તિ અર્થે અલ્પ પ્રમાણમાં પુરૂષાર્થ (ધર્મ) કરનાર તે શ્રાવક. જ્ઞાન-દર્શનાદિ આત્માના જ મૂળભૂત ગુણો છે. તે વડે જાણવા અને જોવાની ક્રિયા થાય છે તે આત્મા જ કરે છે. અને તે જ્ઞાનાદિ કર્મથી આવરાયેલા હોવાથી જાણવા અને જોવાની ક્રિયા માટે ઇન્દ્રિયો, મન વગેરે જોઈએ છે. તે ઇન્દ્રિયો, મન, વચનવાળુ શરીર હોય છે પરન્તુ જાણવા અને જોવાની ક્રિયા જડ પદાર્થ કયારેય કરી નથી શકતું. પરન્તુ જડ પદાર્થ જાણવા-જોવામાં સાધન તરીકે ઉપયોગી બની શકે છે. તેથી જ ઇન્દ્રિયો, મન, શરીર વગેરે જડ છે. અજીવ છે. તેના ઘર રૂપ બનેલા શરીરમાં આત્મા ભાડોતી થઈને રહ્યો છે. અને કર્મજન્ય શરીરમાં મળેલી તે તે ઇન્દ્રિયાદિ દ્વારા આત્મા મર્યાદામાં જુએ અને જાણે છે.

પરન્તુ આત્માના મૂળભૂત ગુણો જ્ઞાનાદિ હોવા છતાં કર્મથી ઢકાંયેલ આત્મા સંપૂર્ણ પણે આખુ વિશ્વ જોઈ અને જાણી નથી શકતો. માટે તે કર્મના આવરણને ખસેડવા અને આત્મગુણો પૂર્ણપણે પ્રગટ કરવા

જે પુરૂષાર્થ વિશેષ આપણે કરવાનો છે તેનુંજ નામ છે ધર્મ અને ધર્મ ક્રિયાપ્રધાન આચારાત્મક હોય છે. જેમાં યમ-નિયમાદિનું આચરણ કરવાનું હોય છે. હવે આચારપ્રધાન આ ધર્મમાં કોનું આચરણ કરવું ? તો કહ્યું કે, સ્વગુણોને અનુરૂપ જ આચરણ કરવું તે ધર્મ. અર્થાત્ આત્માના ગુણો જે જ્ઞાન, દર્શન, ચારિત્ર વગેરે છે. તો આચરણ પણ તેનું જ કરવું અર્થાત્ જ્ઞાનાચાર, દર્શનાચાર, ચારિત્રાચાર, તપાચાર, અને વીર્યાચાર આ પાંચ આચારો જ આચરવા તેજ આત્માનો મુખ્ય ધર્મ અને એ ગુણોનો પ્રાદુર્ભાવ તેજ આત્મધર્મ: અને એ ગુણો આચારરૂપ જ્ઞાનાચારાદિ થી વિપરીત વર્તન, વિરૂદ્ધ વૃત્તિ અને પ્રવૃત્તિ તે જ અનાચાર અને અતિચાર. અને એ અતિચાર કે અનાચાર થી જ આત્માને કર્મ બંધાય. અને તે કર્મ એટલે તે તે ગુણો ઉપરના આવરણ અર્થાત-જ્ઞાનાવરણ, દર્શનાવરણ વગેરે કર્મ કહેવાય છે. કર્મ હોય તે ગુણોના ઘાતક હોય છે, ગુણોંના આવરક-આચ્છાદક હોય છે. આત્માના જ્ઞાનાદિ મૂળભૂત ગુણોના મુખ્ય ઘાતક કર્મને ઘાતી કર્મ અને અનામી, અગુરલઘુ વગેરે ગુણોના સર્વથા ઘાતી ન હોવાથી બીજા નામકર્મ, ગોગકર્મ, વેદનીય કર્મ તથા આયુષ્ય કર્મ એ અઘાતી કર્મ કહેવાય છે.

સાધકની સાધનાનો મુખ્ય લક્ષ જ એ છે કે-દોષ અને દુર્ગુણોનો નાશ કરવો, સંવર કરવો. આવતા અટકાવવા અને આવેલાનો નાશ કરવો. અને બીજા નંબરે ગુણોની સ્થાપના કરવી. નવા નવા ગુણોની સ્થાપના કરવી. જૈન શાસનમાં ગુણાનુરાગી જ સાચો સાધક છે અને દોષાનુરાગી એ વિરાધક છે. ગુણાનુરાગ સમ્યકત્વી નો ગુણ છે. ગુણાનુરાગી સમ્યકત્વ શિઘ્ર પ્રાપ્ત કરે છે, અને પામેલ હોય તો નિર્મલ કરતો કરતો દૃઢ કરે છે. જ્યારે મિથ્યાદષ્ટિ જીવ દોષાનુરાગી હોય છે. દુર્ગુણાનુરાગી હોય છે. કદાચ સમ્યકત્વની હાજરી પછી પણ જીવ જો દોષાનુરાગી, છિદ્રગવેષી બને તો સમ્યકત્વ ચાલ્યુ જાય છે. દુર્ગુણોની હાજરીમાં, દોષોની ઉપસ્થિતિમાં સમ્યકત્વનું ટકવુ અસંભવ જેવુ લાગે છે. માટે ગુણ સાધના એજ આત્મસાધના છે. અને આત્મસાધના એજ ગુણસાધના છે.

**ગુણસાધનાનું મહત્વ—**

**उत्तमगुणाणुराओ-निवसइ हियय'मि जस्स पुरिसस्स ।**
**आतित्थयर पयाओ, न दुल्लहा तस्स रिद्धीओ ॥**

—ગુણાનુરાગ કુલકમાં જણાવતા શ્રી જિનહર્ષ ગણિ મહારાજે તો અહીં સૂધી કહી દીધુ છે કે જેના હૃદયમાં મહાપુરૂષો પ્રત્યે ગુણાનુરાગ હોય તે ભાગ્યશાલીને તો તીર્થંકર પદવી સુધોની સિદ્ધિઓ પ્રાપ્ત થવી પણ દુર્લભ નથી. ખરેખર તીર્થંકર પરમાત્મા બનવા માટે પણ પ્રથમ ગુણાનુરાગી બનવુ જોઈએ. ગુણાનુરાગ એજ પ્રમોદ ભાવના છે બીજા ઉત્તમ પુરૂષો, મહાપુરૂષોના ગુણો જોઈને આનન્દ થાય તો સમજવુ કે આપણે ખરેખર ગુણાનુરાગી છીએ. આપણામાં પ્રમોદ ભાવના પરિણમી છે.

**ते धन्ना, ते पुन्ना, तेसु पणामो हविज्ज मह निच्च' ।**
**जेसि' गुणाणुराओ, अकित्तिमो होइ अप्पवरयम् ॥**

પ્રમોદભાવનાનું હૈયુ કેવી ભાષા બોલે છે તેના શબ્દો જણાવતા ફરમાવે છે કે—ખરેખર તેઓ પ્રસંશનીય છે, તે જ વખાણવા લાયક છે. તેજ પુણ્યશાલી છે અને તેમને જ મારા સતત નમસ્કાર હો કે જેમનામાં ખરેખર ગુણાનુરાગ ભરેલો પડયો છે. જે વ્યકિતમાં બીજાના ગુણો પ્રત્યે પણ રાગ-બહુમાન, ભરેલો પડયો છે તેમના પ્રત્યે પણ આપણામાં આનન્દ હોવો જોઈએ. કારણ કે ગુણીના ગુણ પ્રત્યે આનન્દ કે રાગ ધરાવનારી વ્યકિત પણ પ્રશંસનીય છે. એટલુ જ નહી' જિનહર્ષમહારાજ તો અહીં સુધી કહે છે કે—

**किं बहुणा भणिएण', किं वा तविएण किं वा दाणेण' ।**
**इक्क' गुणाणुराय', सिक्खह सुक्खाण कुलभवण' ॥**

અરે ! બહુ ભણવાથી, તપ કરવાથી અથવા દાન વગેરે આપવાથી પણ શું જો કોઈ ગુણોનો વિકાસ જ ન થયો હોય તો ? ગુણ ન વિકસે તો દાન-તપાદિ નિરર્થક નિવડે છે, દાન કરતા કરતા દયા ગુણ વિકસે.

અને તપ કરતા કરતા અનાહારિપણું, ઈચ્છા નિરોધ તથા ભણવાથી નમ્રતા—મૃદુતા, ઋજુતા, નિષ્પાપ વગેરે ગુણો વિકસે તો જ તે તે સાધના સાર્થક ગણાય, અન્યથા સાધના વગોવાય છે. ઘણું તપ કરવા છતા પણ જો ચોરી કરવાની ખોટુ બોલવાની, ગાળ દેવાની વગેરે ટેવો (દુર્ગુણો ન જતા હોય તો ચોક્કસ એનું તપ વગોવાશે. દાનાદિને પણ કલંક લાગશે, એના જ્ઞાનીપણાને પણ લાંછન લાગશે. માટે ગુણોના વિકાસની સાધના તો બહુ જ જરૂરી છે.

## ગુણો પ્રત્યે ઈર્ષ્યા-દ્વેષનું પરિણામ

**जइवि चरसि तव विउलं, पढसि सुयं करिसि विविहकट्ठाइ।**
**न धरसि गुणाणुरायं, परेसु ता निप्फलं सयलं ॥**

-- ખરેખર તપ કરવા છતા, ચારિત્ર પાળવા છતા, અને શાસ્ત્ર વગેરે ભણવા છતા, અને અનેક કષ્ટ સહન કરવા છતા પણ જો પ્રમોદ ભાવનાનુરૂપ ગુણો પ્રત્યે સહેજ પણ અનુરાગ જો ન હોય તો તે સર્વ નિષ્ફળ સમજવા. પારકાના ગુણો પ્રત્યેનો અનુરાગ જ આરાધનાને સફળ અને સાર્થક બનાવે છે, અને ઈર્ષ્યા-દ્વેષ એને નિષ્ફળ કરે છે.

○ **सोऊण गुणुक्करिसं, अन्नस्स करेसि मच्छरं जइवि।**
**ता नूणं संसारे, पराहवं सहसि सव्वत्थ ॥**

○ **गुणवंताणं नराणं ईसाभरतिमिर पूरिओ भणसि ॥**
**जइ कहवि दोसलेसं, ता भमसि भवे अपारम्मि ॥**

○ **जं अब्भसेइ जीवो, गुणं च दोसं च इत्थ जम्मम्मि ॥**
**तं परलोए पावइ, अब्भासेणं पुणो तेणं ॥**

○ **जो परदोसे गिण्हइ संताऽसंतेवि दुट्ठभावेणं।**
**सो अप्पाणं बंधइ, पावेण निरत्थएणावि ॥**

કર્મ સિદ્ધાન્તના નિયમને સમજાવતા—આ ગુણાનુરાગ કુલકના

માં મહાપુરુષ ફરમાવે છે કે-બીજાના ગુણોની પ્રશંસા સાંભળીને જે મત્સર-ઈર્ષ્યા કરવામાં આવે તો સંસારમાં જીવ સર્વત્ર પરાભવ પામશે. અને ઈર્ષ્યાના અંધારાથી આંધળો બનેલો ગુણવંત પુરુષોમાં પણ દોષ જોનારો, દુર્ગુણ કાઢનારો ખરેખર સંસાર અટવીમાં ભમે છે. અને કર્મની વિચિત્ર સજા તો એવી મળે છે કે જે જીવ ગુણ કે દુર્ગુણ બેમાંથી જેની આદત-અભ્યાસ પાડે છે તે જ ગુણ કે દુર્ગુણ તેને આગામી ભવોમાં પણ મળે છે. ગુણ-અને દોષ, પુણ્ય અને પાપ, ધર્મ-અધર્મના સંસ્કારો, વ્યસનો અને ટેવો આગામી ભવોમાં પણ મળે છે. તેના કારણે તેવા થવાય છે, ગુણની સાધનાના સંસ્કાર કે અભ્યાસવાળો ગુણવાન બને છે, અને દુર્ગુણ-કે દોષના સંસ્કારવાળો દુર્ગુણી કે દોષી બને છે. એ જ પ્રમાણે દુષ્ટભાવથી છતા અને અછતા પરાયા દોષો ગ્રહણ કરે છે તે ખરેખર પાપ કર્મથી લેપાય છે, પાપથી ભારે બને છે.

જીવનમાં એ ખાસ ખ્યાલ રાખવા જેવું છે કે-જો આવડતું હોય તો બીજાના ગુણોં જોવા, બીજાના ગુણોં જોઈને રાજી થવું. પણ આવી પ્રમોદ ભાવના ભાવતા ન આવડતી હોય તો, અર્થાત ભલે ગુણોં ન જોવાય પણ દુર્ગુણોં કે દોષો તો ન જ જોવા. જેવું જોઈએ તેવા થઈએ. જેવી દૃષ્ટિ એવી સૃષ્ટિ જેવી મતિ એવી ગતિ માટે જોવાની દૃષ્ટિ તો સારામાં સારી હોય તો અવશ્ય સારા થઈ શકાય, જેવા થવું હોય તેવા થયેલાને જ નજર સમક્ષ રાખવા જોઈએ. જો મહાપુરૂષ થવું હોય, કે ગુણવાન થવું હોય તો તેવા મહાપુરૂષ કે ગુણવાનને જ નજર સમક્ષ લક્ષમાં રાખવા જોઇએ, પ્રમોદભાવના ગુણવાન મહાત્માને લક્ષમાં રાખી તેમના ગુણોં પ્રત્યે આનન્દ વ્યક્ત કરવાનું શિખવાડે છે. તેથી પ્રમોદ ભાવના આકર્ષણ કરનાર લોહચુંબક જેવી છે, આ ભાવના ગુણોંને આકર્ષે છે. ખેંચે છે, અને એમ કરતા એક-એક ગુણોં જો આપણામાં આવતા જાય તો એક દિવસ એવો આવે કે જ્યારે આપણે સર્વગુણી-અનન્તગુણી બની શકીએ છીએ.

ગુણગ્રાહી થવામાં મોટો લાભ છે, ગુણોંનો ગ્રહણ થાય છે.

આપણામાં ગુણો વિકસે છે, માટે દુર્ગુણ અને દોષો જોવાનું છોડીને જીવન સાધનામાં સદ્ગુણની સાધના એ જ મોટી સાધના છે. અને તે માટે ગુણવાનો પ્રત્યે ગુણાનુરાગી દૃષ્ટિ કેળવવી પડશે.

## અરિહંતાદિ અનેક ગુણી મહાપુરુષો

धन्या भुवि भगवन्तोऽर्हन्तः क्षीणसकलकर्माणः ।
केवलज्ञानविभूतिवरिष्ठाः, प्राप्ताखिलशर्माणः ॥
धन्या धर्मधुरन्धरमुनयः, गृहीतमहाव्रतभाराः ॥
ध्यानसमाधिनिमग्न मानसाः, त्यक्तजगद्व्यवहाराः ॥
सद्गुणपाने संसक्त मे मनः ॥

કહેવત છે કે "सर्वे गुणाः काञ्चनमाश्रयन्ति" અર્થાત્ બધાજ ગુણો સોનામાં રહે છે એક કહેવત પડી ગઈ છે. સુવર્ણ એ ઉત્તમ ધાતુ છે. એટલે એ દૃષ્ટિએ બધા જ ગુણો સોનામા સમાવી દીધા. પરન્તુ હકીકતમાં વિચાર કરીએ તો બધા જ ગુણોનો નિવાસસ્થાન જો કોઈ હોય તો તે એક માત્ર અરિહંત-સિદ્ધાદિ પંચ પરમેષ્ઠિ ભગવંતો જ છે. ગુણોના ભંડાર છે. અનન્ત ગુણોની ખાણ છે. સર્વગુણસંપન્ન પરિપૂર્ણ તો એક માત્ર અરિહંત અને સિદ્ધ પરમાત્મા જ છે. એમના ગુણો ગણીએ તો પાર આવે એમ નથી. અન્તજ નથી. માટે અનન્ત છે. "તુજ ગુણ કોણ ગણી શકે. જો પણ કેવળહોય,"

કહ્યું છે કે હે પ્રભુ જો હૈયે કેવળ જ્ઞાન પણ હોય તો પણ તારા ગુણો કોણ ગણી શકે ? અર્થાત તારા ગુણોનો પાર જ નથી. અનન્ત છે. અગણ્ય છે. એ આત્મા પણ એક દિવસ આપણા જેવો જ આત્મા હતો. પામર આત્મા હતા. પામર અર્થાત્ કર્મના આવરણથી ઢંકાયેલ આત્મા. અને આજે એ પામરાત્મા કર્મના આવરણો ખસી જવાથી પામરમાંથી પરમાત્મા બની ગયા. અગુણીમાંથી અલ્પગુણી અને અલ્પગુણીમાંથી અનન્તગુણી-પૂર્ણ ગુણી બન્યા. પરન્તુ તેવા ગુણી ક્યારે બન્યા ? કે જ્યારે તેટલા કર્મો (કર્મના આવરણ રૂપ દોષો)

તેમને ખપાવ્યા, નાશ કર્યા ત્યારે, દોષો ના જવાથી ગુણો પૂર્ણ પણે પ્રગટ થયા. ૪ ઘાતી કર્મો ખપવાથી વીતરાગી, સર્વજ્ઞ બન્યા. અને બીજા ૪ અઘાતી કર્મો પણ ખલાસ થવાથી સદ્ધ-બુદ્ધ, મુક્ત-નિરંજન-નિરાકાર બન્યા. અરિહંત એ ૪ ઘાતી કર્મના ક્ષયવાળા છે અને સિદ્ધ તો "कृत्स्नकर्मक्षयो मोक्षः" સર્વ કર્મનો ક્ષય કરી મુક્ત થઈ ગયા છે.

**અનન્ત ગુણના ભંડાર અરિહંત-સિદ્ધાદિ :**

જગતમાં સર્વ ગુણોનો આશ્રય એક સ્થાન તો ખરેને? અને અંતે તે છે અરિહંત-સિદ્ધાદિ પરમેષ્ઠિ ભગવંતો. જેમ સંસારના વ્યવહારમાં આપણે કહીએ છીએ કે-"સર્વે ગુણા; કાન્ચનમાશ્રયન્તિ" એ જ પ્રમાણે ધર્મક્ષેત્ર આપણે કહી શકીએ કે—"सर्वे गुणाः सिद्धमाश्रयन्ति" બધા જ ગુણો સિદ્ધ પરમાત્મામાં જ આશ્રય કરીને રહ્યા છે.

કર્મના સર્વ આવરણો ના ક્ષય પછી (નાશ પછી) આત્મા પૂર્ણિમાના ચંદ્રની જેમ સોળે કળાએ ખિલ્યો છે. પૂર્ણપણે પ્રકાશ્યો છે.

(૧) જ્ઞાનાવરણીય કર્મના ક્ષયથી-અનન્ત જ્ઞાન ગુણ.

(૨ દર્શનાવરણીય ,, ,, ,, ,, -અનન્ત દર્શન ગુણ.

(૩, મોહનીય કર્મના ,, ,, ,, ,, -અનન્ત ચારિત્ર ગુણ.
વીતરાગતા અને યથા ખ્યાત સ્વરૂપ ગુણ.

(૪) અંતરાય કર્મના ક્ષયથી - અનન્ત વીર્ય ગુણ.

(૫) નામકર્મના ક્ષયથી—અનામી, અરૂપીપણુ

(૬) ગોત્ર કર્મના ક્ષયથી—અગુરૂ લઘુ પણાનો ગુણ.

(૭) વેદનીય કર્મના „ .. —અનન્ત સુખ ગુણ.

(૮) આયુષ્ય „ .. .. .. અક્ષય સ્થિતિ ગુણ.

આ પ્રમાણે આઠ કર્મના ક્ષયથી અનન્ત ચતુષ્ટથી સાથે જે આઠ ગુણો પૂર્ણ પણે પ્રગટ થયા છે તે જ અનન્ત સ્વરૂપે છે. "**इगतिसाइसिद्धाइ गुणेहिं**" રૂપાન્તરે સિદ્ધના ૩૧ ગુણો પણ વર્ણવ્યા છે. ૮ ગુણ કહો, ૩૧ ગુણ કહો, અથવા અનન્ત ગુણ કહો અથવા ગુણાતીત કહો તો પણ એક જ છે. જગતમાં આત્માના મૂળભૂત ગુણો તો આઠ જ છે વધારે છે જ નહી. અને તે ૮ એટલે જ પૂર્ણ ગુણો અપૂર્ણ નહી. એક એક ગુણ પૂર્ણ સ્વરૂપે, અનન્ત સ્વરૂપે વિશાલ–અને વ્યાપક સ્વરૂપે છે.

માટે ગુણોનો પૂર્ણ–સંપૂર્ણ સ્વરૂપે વ્યાપક અસ્તિત્વ જો ક્યાંય હોય તો તે એક માત્ર સિદ્ધ પરમાત્મા જ છે. જે જે ગુણો મોક્ષમાં પૂર્ણપણે છે તે જ ગુણો સંસારમાં અલ્પપ્રમાણમાં અપૂર્ણપણે છે. માટે ગુણોને લક્ષ્ય બનાવીને ગુણની સાધના કરવાની હોય તો સર્વ પ્રથમ પૂર્ણગુણી સિદ્ધાત્માને જ આપણા સાધ્ય કે લક્ષ્ય બનાવી શકાય. કારણ સિદ્ધની તુલનામાં સંસારી કોઈ ઉભો રહી જ ન શકે. જે સંસારમાં નથી તે મોક્ષમાં છે. અને જે મોક્ષમાં નથી તે સંસારમાં છે. અર્થાત અનન્ત જ્ઞાનાદિ અનંત ગુણો જે સંસારમાં નથી પરંતુ મોક્ષમાં છે. અને જે રાગે–દ્વેષ, ઈર્ષ્યા, મત્સર, પાપ–કર્મ વગેરે જે મોક્ષમાં નથી તે સંસારમાં ભરેલા પડેલા છે.

## રૂપાતીત સિદ્ધના ગુણોની સાધના

સિદ્ધ પરમાત્મા તો અનંત ગુણોના ભંડાર છે. માટે જેને ગુણો પ્રાપ્ત કરવાના છે, અનંત ગુણવાન બનવું છે તેને પૂર્ણ ગુણી સિદ્ધ તે જ લક્ષમાં રાખીને, તેમને જ સાધ્ય બનાવીને સાધના પણ તેમના જ ગુણોની તેમના જ સ્વરૂપની કરવાની છે. સિદ્ધ પણું એજ આત્માનું

શુદ્ધ સ્વરૂપ છે. આપણે જેમ સ્વચ્છ-શુદ્ધ આરીસામાં આપણું મોઢું જોઈએ છીએ તેમ અનંત ગુણી સિદ્ધ પરમાત્મા જેવા શુદ્ધ-બુદ્ધ-મુક્ત એવા સિદ્ધને જ આરીસો બનાવીને આપણા આત્માને એમાં જોવો જોઈએ. પૂર્ણની તુલનામાં અપૂર્ણને જોશું તો જ અપૂર્ણાત્માની અપૂર્ણતાનો ખ્યાલ આવશે. પરંતુ અપૂર્ણ સંસારી પોતાના જેવા અપૂર્ણ સંસારીની સાથે જ સરખામણી કરીને તેની તુલનામાં જો પોતાને જોશે, અને અપૂર્ણ સંસારીને જ પોતાની સાધનાના સાધ્ય બનાવીને સાધના કરશે તો સાધક ક્યારેય સાચો "પૂર્ણ" નહીં બની શકે. કારણ એને સાધ્ય જ અપૂર્ણ રાખ્યો છે. ત્યાં જ મોટી ભૂલ કરી છે. માટે સંસારમાં એક બીજા જેવા થવાની કોશીષ ન કરવી. કંઈક થવું જ હોય તો પૂર્ણ થયેલા, સંપૂર્ણ બનેલા સિદ્ધનો જ લક્ષ કે સાધ્ય રાખીને સાધના કરવી જોઈએ. તો જ સાધકની સાધના સાચી માટે સિદ્ધ પરમાત્માને માનવાના યોગે જ ભવ્યત્વપણું અને સમ્યકત્વપણા જેવા ગુણો કહ્યા છે. જો સિદ્ધને માનો તોજ ભવીજીવ તરીકેની છાપ મળે. અને સમ્યકત્વી પણ ત્યારે જ કે જ્યારે સિદ્ધને પણ માને નવતત્વમાં મોક્ષતત્વ પણ બરોબર માને અને શ્રદ્ધા રાખે.

## સિદ્ધા મંગલં... સિદ્ધા...લોગુત્તમા અને સિદ્ધે શરણં પવજ્જામિ...."

સિદ્ધ ભગવંતો જ મંગલ સ્વરૂપ છે, સિદ્ધો જ લોકોત્તમ છે. અને તે સિદ્ધ ભગવંતોની જ શરણ હું સ્વીકાર કરું છું જેને સાધ્ય બનાવીને સાધક સાધના કરશે, સાધક તેવો બની શકશે. તે કક્ષા સુધી પહોંચી શકશે પરંતુ તેથી આગળ નહીં જઈ શકે. કારણ તેથી આગળનું સાધ્ય જ તેની સાધનામાં નથી. રાગી દ્વેષી દેવને સાધ્ય બનાવીને સાધના કરનારો સાધક રાગી-દ્વેષીની કક્ષા સુધી પહોંચી શકશે. પરંતુ વીતરાગીની સાધના કરનારો વીતરાગી થઈ શકશે ગૌતમસ્વામી એ રાગ પણ વીતરાગ ઉપર રાખ્યો હતો તો એક દિવસ તે વીતરાગી બની શકયા. સર્વજ્ઞ કેવળ જ્ઞાની બની શકયા જો એ રાગ કોઇ રાગી ઉપર જ રાખ્યો હોત

તો તે પણ રાગી જ બન્યા હોત. વીતરાગી બની જ ન શકયા હોત માટે રાગ પણ રાખવો તો વીતરાગી ઉપર જ રાખવો.

જે રાગી–દ્વેષી છે તે સર્વજ્ઞ નથી અને જે સર્વજ્ઞ છે તે રાગી દ્વેષી નથી. માટે સર્વજ્ઞની વ્યાપ્તિ તો વીતરાગી સાથે છે. સર્વજ્ઞતા વીતરાગતા સિવાય સંભવ નથી. માટે પ્રથમ વીતરાગતાનો ગુણ પ્રાપ્ત કરવા પુરૂષાર્થ કરવો જોઈએ. અને વીતરાગતા કે સર્વજ્ઞતાનો ગુણ જેમાં પડયો છે એવા વીતરાગી અને સર્વજ્ઞનો આલંબન લઈને જ તે તે ગુણની સાધના થઈ શકશે. માટે વ્યવહાર ધર્મમાં વીતરાગી અને સર્વજ્ઞ એવા તીર્થંકર–સિદ્ધભગવંતોની ભકિત પૂજા, જાપ, ધ્યાન આદિ આરાધના કરવી જ પડશે, અને તેજ આપણા માટે ઉપકારક નિવડશે.

**સાધ્ય સ્વરૂપે ભગવાન કેવા માનવા ?**

આટલા વિવેચનથી સ્પષ્ટ ખ્યાલ આવી ગયો હશે કે ભગવાન કેવા માનવા ? અને ભગવાન કેવા હોવા જોઈએ ? અનન્ત જ્ઞાની સર્વજ્ઞ, અનન્ત દર્શની સર્વદ્રષ્ટા, અને વીતરાગી, અનન્ત શકિતસંપન્ન વગેરે અનેક ગુણસંપન્ન જ ભગવાન પરમાત્મ રૂપે સાધ્ય બને છે. તે જ સન્માનનીય, માનનીય, અને આદરણીય પૂજય બને છે ભગવાન બનવા માટે આટલુ આવશ્યક છે. આટલા ગુણો હોય તોજ ભગવાન કહી શકાય. પરન્તુ ગુણો જ ન હોય, એક પણ ગુણના ઠેકાણાં ન હોય, ઉલ્ટા સેંકડો દુર્ગુણોથી ભરેલા હોય અને ભગવાન શબ્દ નામ સાથે જોડીને, અને થોડા ભકતો કહે એટલે ભગવાન થઈ જવુ ? આવી રીતે ભગવાન થવુ કેટલુ સહેલુ લાગે છે ? પણ શું આવા સહેલા ભગવાન કેટલા સાચા ? એ બેચારા પોતે જ નથી તર્યા તો બીજાને તો કયાંથી તારવાના. સંસારના રંગ-રાગમાં ડૂબેલા અને ભોગોમાં આસક્ત થયેલા આજે હાલી નિકળેલા બેચારા ભગવાનોં, અને અળસીયાની જેમ ફુટી નિકળેલા બેચારા કહેવાતા ભગવાનોંની કરૂણ દશા તો ભારે દયનીય છે. સ્વયં ડૂબેલા બીજાને પણ ડૂબાડશે. અને સ્વયં પડેલા બીજાને પણ પાડશે સ્વયં રાગી–દ્વેષી બીજાને પણ રાગી–દ્વેષી બનાવશે. માટે

પરમાત્માને તે "तिन्नाणं तारयाणं"ના વિશેષણોથી ઉપમાં આપી છે. અર્થાત જે પોતે તરી ગયા છે તેજ બીજાને તારવામાં સમર્થ છે. પ્રભુ તો આવાજ હોવા જોઈએ.

ગુણો એજ કસોટીના પત્થરનું સ્થાન છે. ગુણોથી જ ગુણીની કિંમત આંકી શકાય છે. ગુણોથી જ ગુણીની પરીક્ષા કરી શકાય છે. માટે સર્વગુણ સમ્પન્ન અને "अष्टादश दोष वर्जितो जिनः" ૧૮ દોષથી રહિત એવા શ્રી જિન ભગવંતો હોય છે. જેમ સોનું કસોટી ઉપર કસીને પૂરેપૂરી ચોકસાઈ કરીને પછી લઈએ છીએ, તેજ પ્રમાણે જેને આજીવન ભજવાના છે, પૂજવાના છે, જાપ–ધ્યાન ધરવુ છે. તેમને પહેલાથી જ ઓળખવા જરૂરી છે કે નહીં ? ચોક્કસ અનિવાર્ય છે. માટે હરિભદ્ર સૂરિ મહારાજ તો ભગવાનની પણ પરીક્ષા કરવાનું કહે છે દેવ-ગુરૂ–ધર્મની પણ પરીક્ષા કરીને પછી જ તેમને આરાધવા અને તે પરીક્ષા માટે ગુણોનું મોટુ લીસ્ટ આપ્યુ છે. અને તે તે ગુણો તેમના છે કે નહીં ? તે જ જોવાનું કહ્યું છે. જો તે ગુણો તેમના હોય તો જ તે દેવ–ગુરુ કે ધર્મ સાચો. અન્યથા ખોટો. અને એવા ખોટા–દેવ–ગુરુ કે ધર્મને આરાધવાની સ્પષ્ટ ના પાડે છે. આ સ્વરૂપનું નામ જ "સમ્યકત્વ" છે. સમ્યકત્વ આવી પરીક્ષક દ્રષ્ટિ આપે છે. સાચા–ખોટાની ભેદક દ્રષ્ટિ આપે છે–સમ્યકત્વી સત્યનો શોધક ગુણાનુરાગી, ગુણપક્ષપાતી હોય છે. તેની દ્રષ્ટિમાં પણ ગુણગ્રાહકતા જ દેખાય દોષાનુરાગ–છિદ્રગવેષીપણું તેનામાં સંભવે જ નહીં.

## ગુણીના ગુણોની ઝલક–

સર્વજ્ઞ–સર્વદર્શી એવા અરિહંત પરમાત્માના અનેકવિધ ગુણો ભિન્ન ભિન્ન પ્રકારે છે. પ્રભુને મહાગોપ, મહામાહણ, મહાનિર્યામક અને મહાસાર્થવાહ જેવા સાર્થક વિશેષણોથી ઉપમાં આપી છે. (૧) ગોપ એટલે ગોવાળ જે સર્વ ગાયોનું રક્ષણ કરે છે પાળે છે, તેમ પરમાત્મા પણ મહાગોપ અર્થાત અનન્ત જીવોનું રક્ષણ કરનારા,

પાળનારા કહ્યા છે. (૨) હણ ધાતુ હણવા મારવાના અર્થમાં વપરાય છે મા+હણ=માહણ–અર્થાત્ મારીશ નહી, મારીશ નહીં. આવો માહણ–માહણનો ઉપદેશ આપનારા પ્રભુ મહામાહણ કહેવાય છે. (૩) સંસાર સમુદ્રમાં ઉછળતા સુખ–દુઃખ–પાપ પુણ્યના મોજામાંથી ઉગારનારા પ્રભુ શિવસદને પહોંચાડનારા પ્રભુ મહાનિર્યામક કહેવાય (૪ અને સંસાર અટવીમાં અટવાયેલા જીવોને તારીને મોક્ષનો માર્ગ બતાવનારા, ભોમિયાની ગરજ સારનારા કલ્યાણ માર્ગે ચઢાવનારા, તારનારા, પ્રભુ મહા સાર્થવાહ કહેવાય છે. એવા સર્વગુણ સંપન્ન પરમાત્મા જ ભગવાન પદે શોભે. "નમુંત્થુણં" શક્રસ્તવ જેવા સૂત્રમાં શક્રેન્દ્રે અરિહંત પરમાત્માના ગુણોજ ભર્યા છે ગુણોનો બોધક એક એક વિશેષણો વાપર્યો છે પૂજ્ય હરિભદ્રસૂરી મહારાજ લલિત વિસ્તરા જેવા ટીકાગ્રન્થમાં પૂજ્યશ્રીએ એક એક વિશેષણને કેવા ગુણના રૂપક તરીકે વર્ણવ્યો છે તે સ્પષ્ટ કર્યો છે. સર્વગુણ સંપન્ન, સહજગુણધારક એવા અરિહંત પરમાત્માના અનન્ત ગુણોની પ્રાપ્તિ અર્થે જ તેમની આરાધના છે.

પૂ. અધ્યાત્મયોગી દેવચંદ્રજી મહારાજ ફરમાવે છે કે—

સ્વામી ગુણ ઓળખી સ્વામીને જે ભજે,
દરિશન શુધ્ધતા તેહ પામે;
જ્ઞાન–ચારિત્ર–તપ–વીર્ય ઉલ્લાસથી
કર્મ જીતી વસે મુકિત ધામે,

## ગુણીમાં ગુણોના દર્શન એ જ સાચા દર્શન–

સ્વામી એટલે પરમાત્મા, પ્રભુ, ભગવાન, આપણે રોજ ભગવાનના દર્શન કરવા દેરાસરે જઈએ છીએ વિધિપૂર્વક દર્શન કરીએ છીએ પરન્તુ ખરેખર સાચા દર્શન તો તે જ છે કે જ્યારે પ્રભુમાં ગુણોને જોઈએ. વીતરાગમાં વીતરાગતાના દર્શન કરીએ. વીતરાગ વ્યકિત છે. અને વીતરાગતા તેમનું ગુણ છે. વીતરાગતાનો ગુણ પામવાથી જ વીતરાગ–વીતરાગી થવાય છે, માટે આપણે

વીતરાગતાંના ગુણની આરાધના કરવી છે અને તે ગુણ જગતમાં જો કોઈમાં હોય તો એકમાત્ર વીતરાગી સર્વજ્ઞમાં જ છે. માટે ગુણ માટે ગુણીની આરાધના અને ગુણીની આરાધના ગુણ માટે એમ ગુણ-ગુણીની અભેદ ભાવે અન્યોન્ય આરાધના કરવાની છે. ગુણીને છોડીને ગુણોપાસના થઈ શકે તેમ નથી. અને ગુણો છોડી ને કે ભૂલીને ગુણીની ઉપાસના વ્યર્થ છે. માટે ગુણ-ગુણી ઉભયની અભેદ ભાવે સાધના-ઉપાસના કરવાની છે. અને તેથી ગુણો પ્રગટ થતા એક દિવસ આપણે સાચા ગુણી બની શકશું.

ગુણથી ગુણીની કિંમત કે ગુણીથી ગુણની કિંમત ? આ પ્રશ્નના જવાબમાં અન્યોન્ય પરસ્પર બન્નેનું મહત્ત્વ એક બીજાથી છે. એ સ્પષ્ટ થઈ જાય છે. જેટલીજ ગુણીની કિંમત ગુણથી છે, તેટલીજ ગુણોની કિંમત પણ ગુણીથી છે. માટે પરસ્પર અન્યોન્યાશ્રય સંબંધ છે. એજ પ્રમાણે પરસ્પર આધારાધેય સંબંધ છે. ગુણોનો આધાર ગુણી અને ગુણીનો આધાર ગુણો. ગુણ માટે ગુણીની આરાધના અને ગુણીની આરાધના ગુણ માટે. આજ સમ્યક્ માર્ગ છે.

**गुणवत् गुणीरपि पूज्या:, तथा च गुणीवत् गुणापि पूज्या: ।**

ગુણની જેમ ગુણી પણ પૂજ્ય છે, અને ગુણીની જેમ ગુણ પણ પૂજ્ય છે. આજ સાચી સાધના છે.

**“ सद्गुणपाने संसक्तं मे मनः ”......**

શુભગુણોનો પાન કરવામાં મારૂં મન આસકત થયુ છે. જે ભગવાન અરિહંત છે તે ખરેખર ધન્ય છે. જેણે સર્વ કર્મશત્રુઓનો નાશ કર્યો છે. કેવળજ્ઞાનથી સુશોભિત જેઓ સર્વશ્રેષ્ઠ છે. ખરેખર જેને આત્માનું સંપૂર્ણ સામ્રાજય પ્રાપ્ત કર્યું છે. એવા સર્વ સિધ્ધભગવંતો પણ પૂજ્ય છે.

ધર્મના ધુરન્ધર અર્થાત ધર્મ શાસનની ધુરાને ધારણ કરનારા પૂજ્ય આચાર્ય ભગવંતો પણ ધન્ય છે, કે જેઓ આવી ધુરાને ધારણ કરીને અનેક જીવોને પમાડે છે.

પંચમહાવ્રતોને ધારણ કરનારા ધ્યાન સમાધિમાં મસ્ત રહેનારા પૂજ્ય ઉપાધ્યાય ભગવંતો તથા સર્વ સાધુ ભગવંતો પણ પૂજ્ય અને ધન્ય છે. આ ધન્યતા પ્રમોદ ભાવનાના શબ્દો છે એવા જેજે ગુણવાન મહાપુરૂષો છે તેમના ગુણોમાં મારૂ મન આસક્ત થયું છે. જેમ ભમરો ફુલોની સુગંધમાં આસક્ત થયો છે. તેમ મારો મનરૂપી ભમરો પણ ગુણવાન મહાપુરુષોના ગુણરૂપી સુવાસમાં આસક્ત થયો છે. ગુણલીનતા, અને ગુણીમાં તલ્લીનતા એજ એકાગ્રતા છે એજ મનને કેન્દ્રીત કરવાની ઉત્તમ સાધના છે.

## પાપ-પ્રતિઘાત-અને ગુણ બીજાધાન :

પંચસૂત્ર મહાગ્રંથના કર્તા પૂજ્ય ચિરન્તનાચાર્ય મહારાજા સર્વ પ્રથમ પાપપ્રતિઘાત-અને ગુણ બીજાધાન નામના પ્રથમ સૂત્રમાં બહુજ મહત્ત્વની પાયાની વાત કરતા ફરમાવે છે. કે–'પાપોનો નાશ કરવો અને ગુણોની સ્થાપના કરવી." એજ ધર્મની ઉત્તમ સાધના છે. જૈનત્વ પામેલાનું સાચુ લક્ષ અને સાધનાનું મંત્ર એક જ હોવુ જોઈએ. અને તે એકે–"ભૂતકાળના પાપ કર્મોનો નાશ કરવો અને ભવિષ્યમાં નવાપાપ કર્મો ન બંધાય તેની પૂરતી તકેદારી રાખવી" એજ સાધના નો જીવંતમંત્ર હોવો જોઈએ.

ઘડામાંથી ગઇ કાળનું વાસી પાણી કાઢવું અને સ્વચ્છ નવું પાણી ભરવું એજ પ્રમાણે સાધનાના ક્ષેત્રમાં પણ ભૂતકાળના પાપો કાઢવા. પાપનાશ કરવા. સવ્વપાવાપ્પણાસણો "ની એકમેવ લક્ષની સાધના કરવી. અને પછી "ગુણબીજાધાન અર્થાત નવા ગુણોની

સ્થાપના કરવી, આધાન અર્થાત્ સ્થાપના. ગુણારોપણ એ જ આત્માનો વિકાસ છે, પાપના નાશ વિના ગુણોનું આરોપણ સંભવિત નથી. ગંગા જેવી પવિત્ર અને મધુર જલવાળી નદીઓ પણ સમુદ્રમાં મળતા જ પાણી ખારૂં થઈ જાય છે. પાણી જેમાં મળે તેવું થઈ જાય છે, જો સાકરમાં મળે તો મધુર-મીઠું થાય અને જો મીઠામાં મળે તો ખારું થાય છે, કાદવમાં મળે તો ગંદું થાય છે અને માનસરોવરમાં મળે તો નિર્મળ થાય છે. પાણીની જેમ આત્મા પણ જેની સાથે મળે તેવો થઈ જાય છે, પાપીની સાથે મળે તો પાપી થાય છે. અને ગુણવાન ગુણીની સાથે મળે તો ગુણવાન ગુણી બને છે. સંગ તેવો રંગ.

માટે હિંસા ટાળ્યા વિના અહિંસક બની નહીં શકાય. અસત્ય ટાળ્યા વિના સત્ય અપનાવી નહીં શકાય સ્તેયવૃત્તિ ટાળીશું તો જ અસ્તેય બની શકીશું. અબ્રહ્મનો ત્યાગ કરશું તો જ બ્રહ્મચારી બની શકીશું. પરિગ્રહ જેવા મહાપાપનો ત્યાગ કરીને જ અપરિગ્રહી બની શકાશે. ક્રોધના ત્યાગથી જ ક્ષમાશીલ, માનના ત્યાગથી જ નમ્ર, માયાના ત્યાગથી જ સરલ અને લોભના ત્યાગથી જ સંતોષી બની શકાશે આનાથી એટલું સ્પષ્ટ થાય છે કે પાપના પ્રતિઘાત (નાશ)થી જ ગુણ બીજાધાન અર્થાત્ ગુણરૂપી બીજની સ્થાપના થશે

ખેતી કરવા માટે બીજ વાવતાં પહેલાં જમીન ખેડીને યોગ્ય ઉપયોગી બનાવીએ છીએ અને પછી જ બીજ વાવીએ છીએ. એમના એમ રસ્તા ઉપર કે જમીન ઉપર બીજ નાંખી દેવાથી નહીં ઉગે-માટે "યોગ્યતા"ની પૂરી આવશ્યક્તા રહે છે.

ધર્મ કે ગુણનું બીજ વાવ્યા પછી, એની સ્થાપના કર્યા પછી એનું વ્યવસ્થિત સિંચન સતત કરવાથી, એની પૂરતી કાળજી, સંભાળ રાખવાથી જ બીજ ઉગશે. અને ઉગવાની શરૂઆત થતા અંકુર-નાળ-પગ વગેરે ફૂટશે, અને એક દિવસે સુંદર છોડવો બની જશે. પરંતુ છોડવાનું જતન ક્યારે થશે કે જ્યારે ચારે બાજુ કાંટાની વાડ હશે તો.

એમ આપણા જીવનમાં થોડા ગુણો નિર્માણ થયા પછી ઉગવા માંડયા પછી જો નિયમ-વ્રત પચ્ચખાણ રૂપી કાંટાની વાડ જો ન રાખી તો સંભવ છે કે ઉગેલા છોડવાનો (ગુણોનો) પણ નાશ થઈ જશે. પશુ-પક્ષી જ ખાઈ જશે આપણા ગુણોનો નાશ પણ આપણા સગા-સંબંધી-મિત્ર-સ્વજન-આદિ વર્ગની વચ્ચે જ થઈ જાય છે. માટે જ ગુણ ઘાતકોથી બહુ જ સાવધાન રહેવું જોઇએ.

પાપ-પ્રતિઘાત અને ગુણબીજાધાન એ મોક્ષમાર્ગની સાધના છે. અને એનાથી તદ્દન વિપરીત ગુણઘાત અને પાપબીજાધાન એ સંસારની સાધના થઈ જશે. પાપ માર્ગ ભવપરંપરા અને સંસાર જ વધારશે જ્યારે પાપપ્રતિઘાત અને ગુણબીજાધાન સંસાર ઘટાડશે, સંસાર (ભવ) નો નાશ કરશે, માટે બેમાંથી કઈ સાધના કરવી કોની ઉપાસના કરવી એનો નિર્ણય તો સાધકે જ કરવાનો છે. જેવુ સાધ્યનક્કી કરીએ તેવી જ સાધના થાય છે. સાધ્યને અનુરૂપ સાધના કે સાધનાને અનુરૂપ સાધ્ય ? આ પ્રશ્નના ઉત્તરમાં સાધ્યને અનુરૂપ સાધના કરવી પ્રથમ સાધ્ય નક્કી કરવુ, અને તેને અનુરૂપ સાધના કરવી.

## ગુણો પ્રાપ્ત કરવા કે પ્રગટ કરવા

પ્રાપ્ત કરવાનો અર્થ થાય છે બહારથી મેળવવા કોઈ વસ્તુ મળી મેળવી અને તેથી જ તેની પ્રાપ્તિ. પ્રાપ્તિના માર્ગો અને સાધનો અનેક છે. જ્યારે પ્રગટ કરવાનો અર્થ થાય છે આપણામાં જ છે અને તેને પ્રગટ કરવાના છે. આ છે પ્રાદુર્ભાવ પ્રગટીકરણની પ્રક્રિયા.

ખરેખર ગુણો આપણા આત્મામાં જ પડયા છે આત્મા એજ ગુણોનો ખજાનો છે, ખાણ છે. ભંડાર છે. એ નિશ્ચત છે કે

"तेरा है सो तेरी पासे, अवर सब अनेरा"
आप स्वभाव मे रे अवधु सदा मगन में रहेना ॥

હે જીવ ! તુ તારા સ્વભાવમાં જ મસ્ત રહે જે કારણ કે જે

તારું છે તે તારી પાસે જ છે, જે તારુ નથી તે તારી પાસે નથી. તારા ગુણો બીજા પાસે અર્થાત્ જડ પાસે નથી. ચેતનના ગુણો ચેતન પાસે જ છે. અને જડના ગુણો જડમાં જ છે. તે ચેતનમાં નથી માટે જે જેનામાં હોય છે તે તેનામાંથી જ પ્રગટે છે. જાગે છે. બાહરથી લાવવા નથી પડતા માટે હે ચેતન તારે તારા જ ગુણો પ્રગટ કરવાના છે. તારામાં પડેલા ને જ બાહર કાઢવાના છે. નિરર્થક કસ્તુરી મૃગની જેમ કસ્તુરી નાભિમાં હોવા છતા તૂ બાહર રખડતો નહીં. બીજે કસ્તુરીને શોધવા માટે બાહર ભટકતો નહી તને જે મળશે તે તારામાંથી જ મળશે. કારણ તે તારામાં જ પડ્યું છે. માટે તૂ તારા ગુણોને પ્રગટ કર પરંતુ ગેસમાં જ સળગવાની ક્ષમતા હોવા છતા લાઈટરના તણખલાની જરૂર પડે છે. માટે તારામાં જ પડેલા ગુણોને પ્રગટ કરવા માટે જેને એ ગુણો પ્રગટ કર્યા છે, પૂર્ણપણે પ્રગટ કર્યા છે તેના ગુણોની તું પ્રાપ્તિ કર જે તેના ગુણોને તું જોજે તેમના ગુણો પ્રત્યે રાગ રાખજે. એજ ગુણાનુરાગ છે. આને જ પ્રમોદ ભાવના કહી છે. બીજાના ગુણો પ્રત્યે આનંદ વ્યક્ત કરવો. બીજામાં પડેલો નાનામાં નાનો ગુણ જોઈને ખૂબ રાજી થવું એજ પ્રમોદ ભાવના છે.

## ગુણ દોષને જોવાનો સૂક્ષ્મ દર્શક યંત્ર

સાધકે એક એવો સૂક્ષ્મ દર્શક યંત્ર વસાવવો પડશે કે જે ગુણ-દોષ બંને જોવામાં ઉપયોગી નિવડે. આવા સૂક્ષ્મ દર્શક યંત્રનો ઉપયોગ ક્યારે અને કેવી રીતે કરવો તેનો વિચાર કરી લઈએ.

(૧) બીજાના નાનામાં નાના ગુણ જોવા માટે સૂક્ષ્મ દર્શક યંત્રથી જોવું જેથી બીજાનો નાનો ગુણ પણ મોટો દેખાય અને તે અપનાવવાનું મન થાય.

(૨) એજ પ્રમાણે પોતાના મોટામાં મોટામાં દુર્ગુણ કે દોષ ને જોવા માટે એ જ સૂક્ષ્મ દર્શક યંત્ર વાપરવો એના વડે પોતાનો જ મોટો દુર્ગુણ દોષ સોગણો-હજાર ગણો મોટો દેખાશે. પોતાના જ ઘરમાં ચોરી

કરવા આવેલા ચોરોને જોઈને આપણે કેટલા સાવધાન થઈ જવું પડે છે. હાય...હાય...કરી મૂકીએ છીએ. અરે મારું ચોરાય છે. લૂટાય છે એમ કરીને બૂમો પાડે છે. તો શું આપણે આપણા ઘરમાં પ્રવેશેલા લૂટારા ચોર જેવા દુર્ગુણો કે દોષો પ્રત્યે શું સાવધાન રહેવા જેવું નથી ? બાહરની ચીજ-વસ્તુ ચોરાશે કે લૂંટાશે એમાં આપણું કંઈ જ જવાનું નથી પરંતુ આ દુર્ગણ કે દોષો રૂપી ચોરો જો આપણો ૧ પણ ગુણ લૂટી લેશે, ચોરી લેશે તો મહા નુકશાન થશે. એક પણ ગુણ આપણો ચોરાય નહીં તેની આપણી પૂરતી સાવધાની રાખવી જોઈએ. ગુણોને સાચવવા વ્રત-નિયમની કાંટાની વાડ સુરક્ષા માટે જરૂરી છે.

એ માટે જ સૂક્ષ્મદર્શક યંત્રની સાધકને પૂરતી જરૂરિયાત છે. સાધકની સાધનાના પગથીયાના આ બન્ને સહાયક કઠેડા છે.

કોની પાસેથી કયા ગુણો શીખવા ? કેવા ગુણો શીખવા અને કેવી રીતે શીખવા તે અંગે વિચાર કરતા પૂજ્ય ચિરંતનાચાર્યે સુકૃત આસેવન રૂપે અનુમોદના તત્ત્વને જણાવ્યો છે.

## લોહચુંબક જેવી પ્રમોદ ભાવના

લોહચુંબકને તો સહુ ઓળખે છે. લોહચુંબકમાં પોતામાં આકર્ષણનો ગુણ છે. એ શક્તિ એમાં પડી છે. એટલે લોહચુંબક પોતાની ચારે બાજુ પડેલા લોખંડના ટુકડાઓને ખેંચે છે. આકર્ષીને પોતાની સાથે આત્મસાત કરે છે. એ જ પ્રમાણે લોહચુંબક જેવી જ પ્રમોદભાવના છે. પ્રમોદભાવનામાં આકર્ષક શક્તિ છે. એ ગુણ છે. જેના વડે આ ભાવનાનો આરાધક ગુણોને આકર્ષે છે. જેમ લોહ ચુંબક સજાતીય લોખંડના ટુકડાને જ આકર્ષશે પણ બીજા વિજાતીય લાકડાના કે પીતલના ટુકડાને નહીં ખેંચે તેમ પ્રમોદભાવના પણ બીજાના ગુણોને જ આકર્ષશે. દુર્ગુણોને નહીં ખેંચે.

દુર્ગુણો કે દોષો પ્રત્યે તો માધ્યસ્થભાવ રાખશે, ઉપેક્ષા કરશે અને ગુણો, સદ્‌ગુણોને જરૂરથી આકર્ષશે. સાધનાના સાધક માટે ગુણોની પૂરતી જરૂરિયાત રહે છે. જેમ ભૂખ્યા માટે ભોજનની. તરસ્યા માટે પાણીની અને નિર્ધન માટે જેમ ધનની જેટલી આવશ્યકતા રહે છે તેટલી જ સિધ્ધિમાર્ગના સાધક આત્મા માટે પણ ગુણોની ખૂબ આવશ્યકતા રહે છે. ગુણો વીના આત્મસાધના અને આત્મશુધ્ધિ સંભવ નથી. એટલે જ આત્મસાધના માટે પ્રથમ ગુણ સાધનાની જરૂરિયાત છે. ગુણોપાસનાને પ્રાધાન્યતા-અગ્રિમતા આપવી જ જોઈએ અને ગુણોપાસના માટે પ્રમોદભાવનાની અનિવાર્યપણે જરૂરિયાત છે.

પ્રમોદભાવના લોહચુંબકની જેમ સજાતીય ગુણોને જ આકર્ષશે. મારી પૂર્વેના સાધકે જે ગુણોની સાધના કરી છે તેની જ મારે પણ સાધના કરવી છે સાધક તરીકે અમે બન્ને સહધર્મી છીએ તો સાધનાના ક્ષેત્રમાં કેમ સહધર્મી ન થઇએ ? એમના ગુણો અને આપણા ગુણો બન્ને સજાતીય છે. સમાનાર્થી છે. માટે પ્રમોદભાવના જે ગુણોની આપણને પૂરેપૂરી જરૂરિયાત છે તે ગુણોને આકર્ષશે. પરંતુ એ ત્યારે જ સંભવ છે કે જો આપણે આવી પ્રમોદભાવનાનો આશ્રય અને આલંબન લઇએ તો ?

## ગુણાનુરાગ અને અનુમોદના

કરણ-કરાવણ અને અનુમોદન આ ત્રણ કરણ વડે ધર્મારાધના થાય છે. કેટલાક જીવો સ્વયં ધર્મારાધના કરી શકે છે. અને કેટલાક કરી નથી શકતા પણ કરાવી શકે છે. અને જે કરી પણ નથી શકતા અને કરાવી પણ નથી શકતા તેમના માટે અનુમોદના ધર્મ છે અનુમોદના એ સુકૃતની શુભચિન્તનિકા જેવી છે. સુકૃત એ સુકૃત છે. સદ્‌ગુણ એ સદ્‌ગુણ છે. જેમ હીરો એ હીરો છે. સોનું એ સોનું છે. ભલે પછી એ કાદવમાં પડયો હોય કે કબાટમાં પડયો હોય કાદવમાં પડેલા હીરાને પણ આપણે લેવા તૈયાર છીએ. એમ ગુણ ગમે ત્યાંથી મળે

તો પણ ચાલે. જ્યાંથી મળે ત્યાંથી ગુણી લેવા જોઈએ. સાધકે ગુણનુરાગી થવાની જરૂરિયાત છે વ્યકતનુરાગી નહીં. વ્યકિતના રાગી થવામાં રાગ-દ્રેષની સંભાવના છે અનેક નિમિત્તો અને વિકલ્પોની સંભાવના છે. માટે વ્યકિતને જોઈને ધર્મ નથી કરવો ગુણ જોઈને ધર્મ કરવાનો છે. કોઈ આ રીતે કરે છે. આ પ્રમાણે વર્તે છે એ રીતે આ પ્રમાણે બીજી વ્યક્તિને જોઇને આપણે નથી કરવાનું પરન્તુ સાધકે તો ગુણ જોઈને ધર્મ તત્ત્વ સમજીને જ ધર્મ આરાધનાનો છે. એમાં ભૂલ ન જ થવી જોઈએ. વ્યકિતનું આલંબન કદાચ પાડી પણ શકે. પરન્તુ ગુણાલંબન ક્યારેય નહીં પાડે સિવાય કે ગુણને શોધવા અને સમજવામાં ભૂલ કરીએ તો.

દોષ કે દુર્ગુણને જ ગુણનો લેબલ નથી લગાવવાનો. આ તો મોટી ભૂલ કહેવાશે. અને દોષને જ ગુણ બનાવવાની મોટી ભૂલ મહા અનર્થ સર્જશે. પરિણામો વિપરિત આવશે.

જો કે ગુણ ક્યારેય દુર્ગુણ બનતા નથી નથી. અને દુર્ગુણ-કે દોષ ક્યારેય ગુણ થતા નથી. પરન્તુ જીવો સમજવામાં મોટી ભૂલ કરી બેસે છે. અને સ્વાર્થવૃત્ત, કે અજ્ઞાન વૃત્તિના કારણે દુર્ગુણ-દોષને પણ ગુણ માની બેસે છે, બનાવી લે છે. એનાથી ધર્મની સાધના એ વિરાધના બની જશે. પૂર્વ જવાના બદલે પશ્ચિમમાં પહોંચીશું. પ્રકાશમાં જવાના બદલે અંધકારમાં પહોંચીશું. માટે ગુણને સ્પષ્ટ પણે ગુણ જ કહેવા. દુર્ગુણને દુર્ગુણ જ કહેવા. વિપરીત કરવાની બુદ્ધિ ક્યારેય કરવી નહીં. હીરો એ હીરો જ છે. હીરો ક્યારેક કાચ બનતો નથી. અને કાચ બને તો હીરો કહેવાતો નથી.

અનુમોદના સહેલી છે કે અઘરી છે? આ પ્રશ્નનો વિચાર ચિન્તન માંગી લે છે. કરવા અને કરાવવામાં તો ધન-સંપત્તિ-શક્તિ વગેરે બધાની જરૂર પડે છે. પરન્તુ અનુમોદન કરવા માટે તો બીજા કોઈની જરૂર પડતી જ નથી. કરવું એ કાયાનો ધર્મ છે. દેહને કષ્ટ આપીને

પણ દાન-શિયળ, તપ વગેરે કરવા પડશે. કરાવવું એ વચનયોગનો ધર્મ છે. એટલે આજ્ઞા- કરીને પણ કોઈને પાસે કરાવી શકાશે. ધન-સંપત્તિ વગેરેથી પણ કરાવવું સંભવ છે. પરન્તુ અનુમોદના એ માત્ર મનનો ધર્મ છે અનુમોદના કરવા માટે ધન-સંપત્તિ કે શક્તિ વગેરેની જરૂર નથી. છતા પણ અનુમોદના ધર્મ (અર્થાત્-ભાવધર્મ) ખૂબ કપરો છે. કોઈ બીજી વ્યકિતએ ધર્મ કર્યો છે, આરાધના કરી છે. અટ્ઠાઈ, માસક્ષમણ, ઉપધાન કર્યા કે કરાવ્યા છે. સંઘ કઢાવ્યો છે. દાન વગેરે આપ્યું છે શિયળ-બ્રહ્મચર્ય સુંદર પાળે છે. બીજાએ કરેલી ધર્મ-આરાધનાની, અથવા બીજાના સુકૃત કે સદ્‌ગુણોની માત્ર અનુમોદના જ આપણે કરવાની હોય-તો પણ વચ્ચે ઈર્ષ્યા, દ્વેષ, મત્સર, તેજોદ્વેષ વગેરે ભારે દુર્ગુણો વચ્ચે આવે છે. અને અનુમોદના કરવા નથી દેતા... હા...હા...મને ખબર છે-કરી હવે એને અટ્ઠાઈ. અરે ! આ શું માસ-ક્ષમણ કરવાનો હતો-કોને ખબર રાત્રે ખાધું હશે ?..હવે એમના ઉપધાન તો ઠીક હવે. અને એ શું સંઘ કાઢે એના કરતા તો મેં જે સંઘ કાઢયો હતો એવો તો બીજો કોઈ કાઢી પણ નહીં શકે. વગેરે અભિમાનની ભાષા વાપરીને પોતાની જીભ મેલી કરે છે. ઇર્ષ્યા-અને દ્વેષવૃત્તિના કારણે કોઈના સદ્‌ગુણો કે સુકૃત આપણને સહન નથી થતા. અને આપણે થોડી વારમાં જ વખાણવાને બદલે વખોઢી કાઢીએ છીએ.

**વખાણવું અને વખોડવું—**

આ બન્ને શબ્દોમાં ૩૬ ના આંકડા જેવો પરસ્પર વિરૂદ્ધ વર્તન જેવો વિરોધાભાસ છે. કેટલાકની વખાણવાની ટેવ હોય છે. તો કેટલાકની વખોડવાની ગંદી ટેવ હોય છે. વખાણનારો સોયદોરાનું કામ કરી અનુસંધાન કરે છે. જ્યારે વખોડનાર ચપ્પુ કે કાતર જેવી જીભ વાપરીને કાપી નાંખે છે. બાજી બગાડી નાંખે છે. અનુસંધાનને પણ તોડી નાંખે છે. વખોડવાની ટેવ એ ભયંકર દુર્ગુણ છે. ઘાતક છે. હિંસક છે અને વખાણવાની ટેવ એ સદ્‌ગુણ છે. શુભેચ્છક છે. હિતકારી છે. ઉપયોગી અને સહાયક છે. શું વખાણવું અને શું વખોડવું એનુ વિવેક બહુ ઓછા જીવોને હોય છે.

**પ્રશંસા અને નિંદા :**

સંસારમાં નિંદા-પ્રશંસાની બહુ મોટી અને સર્વ વ્યાપી પ્રવૃત્તિ ચાલે છે. દરેક જીવને આ બન્ને પ્રવૃત્તિ ગમે છે. તે કરે છે. હા એટલુ જરૂર છે કે બેમાંથી કોને કઇ ગમે છે. અને કઇ નથી ગમતી. એનો ખ્યાલ તો સ્પષ્ટ પણે શબ્દો ઉપરથીજ આવી જશે. મતલબ કે જીવને પ્રશંસા જ ગમે છે. અને મારી કોઇ નિંદા કરે એ કોઇને નથી ગમતું અને આશ્ચર્યની વાતતો એ છે કે નિંદા કોઇને નથી ગમતી છતા નિંદા કરવાનું કોઇ છોડતા નથી.

જીવોમાં પડેલી રાગ-દ્વેષ ની વૃત્તિ નું પરિણામ એ છે કે પ્રંશસા સહુને ગમે છે પરન્તું કોની માત્ર પોતાની અને નિંદા કોની પારકી ! કોઇને પોતાની નિંદા નથી ગમતી. પોતાની તો પ્રશંસા અને પારકાની નિંદા ગમે છે. સર્વજ્ઞ ભગવંતોએ એને પાપની પ્રવૃત્તિ ગણી છે કર્મજન્ય-અને કર્મજનક પ્રવૃત્તિ ગણી છે. ભૂતકાળના પૂર્વે બાંધેલા મોહનીય કર્મ ના કારણે રાગ દ્વેષના ભાવથી આ પ્રવૃત્તિ ગમે છે. અને ગમવાથી તેવી પ્રવૃત્તિ કરવાથી જીવો નીચગોત્ર કર્મ બાંધે છે-તત્વાર્થના સૂત્રમાં કહ્યુ કે-

" परात्मनिंदाप्रशंसेसद्सद्गुणोच्छादनोद्भावने
चनीचैर्गोत्रस्य" ।

અર્થાત-પર નિંદા અને સ્વપ્રશંસા કરવાની પ્રવૃતિથી સારા ગુણોનો આચ્છાદન કરવાથી અર્થાત ઢાંકી દેવાથી અને ખરાબ ગુણો પ્રગટ કરવાથી નીચ ગોત્ર કર્મ બંધાય છે. આ કર્મબંધના આશ્રવની પ્રવૃત્તિ છે. અને પોતાની બડાઇ હાંકીને, પોતાના વખાણ અને પારકાને વખોડવાની ટેવના કારણે બાંધેલા ભારે નીચગોત્ર કર્મના કારણે જીવો જીવાતમાં હીન પણું, નીચ કુળાદિ પણું પામે છે. નીચકૂળ, નીચ જાતિ વગેરે ના જન્મોં ફરીથી પાપ કર્મ બંધાવામાં સહાયક કારણ બને છે.

**સ્વ-પર સાથે નિંદા પ્રશંસાની ચતુર્ભંગી-**

૧ ૦ પર — નિંદા — નીચ ગોત્ર કર્મ બંધાય

○ પર — પ્રશંસા — ઉચ્ચ ,, ,, ,,
○ સ્વ — નિંદા — ,, ,, ,, ,,
○ સ્વ — પ્રશંસા — નીચ ગોત્ર કર્મ બંધાય

૨ ○ સ્વ–ગુણ — પ્રશંસા — નીચ ગોત્ર કર્મ બંધાય
○ સ્વ– ,, — નિંદા — ઉચ્ચ ,, ,, ,,
○ પર– ,, — ,, — નીચ ,, ,, ,,
○ પર– ,, — પ્રશંસા – ઉચ્ચ ,, ,, ,,

૩ ○ સ્વ-દોષ (દુર્ગુણ) — પ્રશંસા — નીચ ગોત્ર કર્મ બંધાય
○ સ્વ–દોષ ,, — નિંદા — ઉચ્ચ ,, ,, ,,
○ પર–દોષ ,, — ,, — નીચ ,, ,, ,,
○ પર-દોષ ,, — પ્રશંસા — નીચ ,, ,, ,,

**ઉચ્ચગોત્ર કર્મ**

આ પ્રમાણે ગુણાનુરાગી થઇને પારકાના ગુણોની પ્રશંસા, આપણી પોતાની નિંદા, સારાગુણોને પ્રગટ કરવાથી, ખરાબ દુર્ગુણોને ઢાંકી દેવાથી, ગુણાનુરાગી દૃષ્ટિ રાખવાથી, નમ્રતા–સરલતા, વિનયાદિ ગુણ રાખવાથી, જિનેશ્વરની ભકિત કરવાથી, ભણવા, અને ભણાવવાની પ્રવૃત્તિ કરવાથી તથા આઠ મદ થી રહિત વૃત્તિ–પ્રવૃત્તિથી આત્મા ઉચ્ચગોત્ર કર્મ બાંધે છે.

**નીચગોત્ર કર્મ**—અને ઉપરોકત પ્રવૃત્તિથી તદ્દન વીપરીત-પારકાની નિંદા અને પોતાની પ્રશંસા, સારાગુણોને ઢાંકવા અને ખરાબ દુર્ગુણોને પ્રગટ કરવા, દુર્ગુણ-દોષ જોવા. છિદ્રગવેષી થવુ, ઉદ્ધતાઈ, અવિનય, માન–અભિમાન, અને માયા વગેરે દુર્ગુણોની ટેવ વાલા, તથા જિનેશ્વર પ્રભુની પૂજા–ભકિત ન કરવાથી, તથા ભણવા–ભણાવવાની પ્રવૃત્તિ ન કરવાથી અને જાતિ, કુળ આદિ આઠ મદ ની પ્રવૃત્તિ કરવાથી જીવો ભારે નીચગોત્ર કર્મ બાંધે છે.

સંસારમાં જાતિ અને કુળની હીનતા મળવી. બળ, રૂપ, શ્રુત, જ્ઞાન, લાભ, ઐશ્વર્યન મળવુ વગેરેની સ્થિતિ સંસારમાં જે સ્પષ્ટ પણે જોવાય છે તે નીચગોત્ર કર્મના કારણે છે. અને એજ જાતિ–કુળ વગેરે સારા મળવાનો આધાર ગુણાનુરાગ–ગુણાનુમોદન ઉપર છે. અને આવા ગુણાનુરાગ–ગુણાનુમોદન અને ગુણાનંદ કરાવનાર પ્રમોદ ભાવના જીવોને ઉચ્ચગોત્ર કર્મ બંધાવીને જાતિ–કુળ–બળ વગેરે સર્વોત્તમ સારા અપાવે છે. એ દ્રષ્ટિએ પ્રમોદભાવના જીવને કેટલી સહાયક અને ઉપકારક છે તેનો વિચાર કરવા જેવો છે. તેથી જ આ ભાવના ભાવવા જેવી છે. ગુણાનુમોદનમાં કોના ગુણોનું અનુમોદન કરશો ? તે વિષે જણાવતા પંચસૂત્રકાર જણાવે છે –

**અરિહંતાદિ પંચપરમેષ્ઠિની ગુણાનુમોદના–**

**संविग्गो जहसत्तीए सेवेमि सुकडं, अणुमोएमि**
**सव्वेसिं अरहंताणं अणुट्ठाणं, सव्वेसिं सिद्धाणं सिद्धभावं ।**
**सव्वेसिं आयरियाणं आयारं, सव्वेसिं उवज्झायाणं**
**सुत्तप्पयाणं, सव्वेसिं साहूणं साहुकिरिअं ।**
**सव्वेसिं सावगाणं मुक्खसाहणजोगे, सव्वेसिं देवाणं,**
**सव्वेसिं जीवाणं, होउकामाणं, कल्लाणसयाणं, मग्गसाहण जोगे ।**
**होउ मे एसा अणुमोअणा सम्मं विहिपुव्विआ,**
**सम्मं सुद्धासया सम्मं पडिवत्तिजुआ सम्मं**
**निरइआरा परमगुणजुत्त अरहंताइसामत्थओ ॥**

પૂજનીય મહાપુરૂષ શ્રી ચિરંતનાચાર્ય મહારાજ પંચસૂત્ર મહાગ્રંથમાં બીજાસૂત્રમાં ગુણબીજાધાનના ઉપાય તરીકે સુકૃત આસેવન ભાવ વર્ણવતા અરિહંતાદિ પાંચે પરમેષ્ઠિ તથા શ્રાવકાદિ સર્વેના સુકૃત આદિ સદ્દગુણો પ્રત્યે ગુણાનુમોદના ભાવ વ્યક્ત કર્યો છે–સંવિગ્ન વિરક્ત એવો આત્મા યથાશક્તિ સર્વ શુભકૃત્યની અનુમોદના કરૂં છું એવો ભાવ રાખે. સર્વ અરિહંત પરમાત્માના શુભાનુષ્ઠાનની અનુમોદના તેમ જ સર્વ સિદ્ધ ભગવંતોના સિદ્ધ–બુદ્ધ–મુક્તાદિ ભાવોની અનુમોદના

કરૂં છું. એ જ પ્રમાણે ગુણના ભંડાર એવા આચાર્ય ભગવંતોના આચાર ગુણની હું અનુમોદના કરૂં છું. સૂત્ર-અર્થ-પ્રધાનપ્રવૃત્તિમાં મસ્ત અધ્યયન-અધ્યાપનની રૂચિવાલા વાચક-પાઠક એવા પૂજ્ય ઉપાધ્યાય ભગવંતોના ગુણોની પણ હું અનુમોદના કરૂં છું. અને સાધુ ક્રિયા, શુભ ક્રિયા કરનારા સાધક એવા સાધુ ભગવંતોના ગુણોની હું અનુમોદના કરૂં છું. આ પંચપરમેષ્ઠિના ગુણોની અનુમોદના કરી એટલે ગુણો પાસના પતી ગઈ એમ નહીં-ગુણાનુમોહના કરનારો સાધક તો હજી ઘણો આગળ વધે મોક્ષમાર્ગના સાધન ભૂત ધર્મ પામેલા, ધર્મઆરાધતા એવા શ્રાવક વર્ગના ગુણોની અનુમોદના કરૂં છું, અને દેવ ગતિ સ્વર્ગના દેવતાઓ, તથા જગતમા ગુણોના મૂળભૂત આધાર એવા સર્વજીવોના તે તે ગુણોની અનુમોદના કરૂં છું. જેઓ ખરેખર મુમુક્ષુ છે, કલ્યાણ ભાવવાળા દેવો, સર્વ જીવો જેઓ મોક્ષમાર્ગના સાધનભૂત યોગોની હું અનુમોદના કરૂં છું.

આ પ્રમાણે ખરેખર શાસ્ત્રોકત સમ્યક્ વિધિપૂર્વક, સાચા-શુદ્ધ આશય પૂર્વક, અર્થાત મનમાં નિર્મળ-પવિત્ર ભાવના પૂર્વક, સમ્યક્ ક્રિયાની સ્વીકૃતિ પૂર્વક અને સમ્યક્ સાચી નિરાતિચારના પાલન પૂર્વક, નિર્દોષ ભાવથી અરહંતાદિ પાંચે પરમેષ્ઠિ આદિ સર્વેના સુકૃત શુભ સદગુણોની અનુમોદના મારી હો, આવી અનુમોદના હું કરૂં છું.

લોકોત્તર અને લૌકિક બન્ને ગુણો છે. અરિહંતાદિ પરમેષ્ઠિ ભગવંતોમાં રહેલા સર્વ લોકોત્તર ગુણોની અનુમોદના તેમ જ અન્યમાં રહેલા લૌકિક ગુણોની અનુમોદના પણ મારે કરવાની છે.

## ગુણાનુમોદનામાં ગુણીજનની શ્રેણિ

ધનાર્થી જેમ ધનની શોધમાં હોય છે, કામી કામની શોધમાં હોય છે, માતા પુત્રની શોધમાં હોય છે તેમ ગુણોપાસનાનો સાધક ગુણગ્રાહી દ્રષ્ટિ બનાવીને ગુણોની શોધમાં તરસતો હોય છે. જ્યાંથી ગુણો મળે ત્યાંથી લેવા તૈયાર છે. પરન્તુ ગુણો તો ગુણીના જ ઘરમાં રહે છે તે ત્યાંથી જ મળવાના છે. માટે આરાધકે જગતના સર્વ લોકોત્તર અને લૌકિક ગુણોના માલિકોનુ એક લિસ્ટ બનાવી લેવું જોઈએ.

—૧૯

સિદ્ધ |

—૧૮

અરિહંત |

— ૧૭

કેવલી |

— ૧૬

ગણધર |

— ૧૫

આચાર્ય |

— ૧૪

ઉપાધ્યાય |

— ૧૩

સાધુ |

— ૧૨

યુગપ્રધાન |

— ૧૧

પ્રવચનપ્રભાવક |

— ૧૦

વિરતશ્રાવક |

— ૯

સમ્યક્ત્વી |

— ૮

| માર્ગાનુસારી

— ૭

| પરોપકારી જીવો

— ૬

| દેવ-મનુષ્ય

— ૫

| પશુ-પક્ષી

— ૪

| સંતસજ્જનો

— ૩

| દાતા-દાનવીરો

— ૨

| સર્વ જીવો

— ૧

| અજીવો

અને ક્રમશઃ ચઢતા ક્રમે ગુણ સોપાનની નિસરણી ઉપર તે તે ગુણી પુરુષોને બિરાજમાન કરીને તે તે ગુણીના ગુણોનું સ્મરણ કરીને ગુણોની અનુમોદના કરવી જોઈએ પૂજ્ય ચિરંતનાચાર્યજીએ જે ક્રમ પંચસૂત્રમાં આપ્યો છે. તેનો વિસ્તારથી વર્ણન પૂજ્ય મહોપાધ્યાયજી શ્રીવિનયવિજયજી મહારાજે શાન્તસુધારસ ગ્રન્થમાં કર્યો છે. અને જ્ઞાનાર્ણવાદિ ગ્રન્થોમાં જોવા મળે છે. ગુણો મેળવવા માટે તો કોઈ પણ ગુણીજનને છોડવાના નથી. અહીં સૂધી કે અજીવમાં પણ પડેલા ગુણોમાંથી હું ગુણો શિખિ શકુ તેમ છું.

## ગુણપૂજ્ય ગુણીજનના ગુણોનો સ્વીકાર

એકવાર પાષાણમાં કે લોખંડમાં જો ચુંબકીય શકિત નિર્માણ થઈ ગયા પછી તો તે બધાને આકર્ષશે. એ જ પ્રમાણે માનવની આંખોમાં એની દૃષ્ટિ અને વૃત્તિમાં ગુણાનુરાગ, ગુણ પક્ષપાત, ગુણાકર્ષક દૃષ્ટિ જો જાગ્રત થઈ ગઈ તો તો પછી ચુંબકીય શકિતની જેમ ગુણ સાધક તો ગમે ત્યાંથી ગુણ લેવાનો જ છે. જ્યાંથી ગુણ દેખાશે ત્યાંથી ગુણ લેશે ગુણો મેળવવામાં ખચકાવાની જરૂરિયાત નથી.

* સર્વ ગુણના ભંડારરૂપ, અનન્ત ગુણોની ખાણરૂપ સર્વ સિદ્ધ ભગવંતો પાસેથી ઘણાં ગુણો આપણે લેવાના છે.

* અરિહંત ભગવાન જેઓ અનંત ગુણના દરિયા છે, સર્વજ્ઞ વીતરાગ, પરમાત્મા છે. તેના એકે એક ગુણ અનુમોદનાથી આકર્ષવા જોઈએ.

* અન્ય સર્વ કેવળજ્ઞાની સર્વજ્ઞના ગુણો પ્રત્યે ગુણાનુરાગ ભાવ રાખવો.

* ગણધર ભગવંતો કે જેમને સૂત્રાદિ દ્વાદશાંગીની રચના કરી અનંત ઉપકાર કર્યો છે.

* આચારના પાળક, પંચાચારના સાધક એવા છત્રીસ છત્રીસીના ધારક પૂજ્ય આચાર્ય ભગવંતોના ગુણોને નમસ્કાર થાઓ.

* સૂત્રાર્થની વાચનાદાતા-પાઠક-વાચક એવા પચ્ચીશ-પચ્ચીશીથી શોભતા ઉપાધ્યાય ભગવંતો પરમ વંદનીય છે.

* યુગપ્રધાન-પ્રવચનપ્રભાવક પણ વંદનીય છે, અષ્ટ પ્રવચન પ્રભાવકના શાસન પ્રભાવક ગુણોની ભૂરિ ભૂરિ અનુમોદના

○ સિદ્ધિ માર્ગના સાધક, ત્યાગી-તપસ્વી-સ્વ-પરના કલ્યાણકારક મહાવ્રતધારી પૂજ્ય સાધુ ભગવંતોના ૨૭ ગુણોની પણ અનુમોદના

○ દેશ વિરતિના ધારક અણુવ્રતાદિવાળા એવા શ્રાવક વર્ગની પણ અનુમોદના કરૂં છું.

○ સમ્યકત્વ પામી દેવ-ગુરૂ-ધર્મની તથા નવ તત્વની શ્રદ્ધાના ધારક શ્રદ્ધાળુ-સમ્યકત્વીના સમ્યકત્વ ગુણની અનુમોદના.

○ જે આત્મા સંસારમાં માર્ગાનુસારી થયો છે. માર્ગાનુસારીના ૩૫ ગુણોનો ધારક બનીને ધર્મ માટેની પાત્રતા કેળવી ચૂકયો છે તેના વિકસિત ગુણોની પણ અનુમોદના.

○ જગતમાં પરોપકાર પરાયણ સર્વની અનુમોદના એક ઝાડ ફળ આપે છે નદી પાણી આપે છે. સાધુ-સંતો ઉપદેશ આપે છે તેઓ પણ વંદનીય છે.

○ સ્વર્ગીય-દેવ તથા મનુષ્યો પણ કે જેઓ ગુણોના ધારક છે. કોઈ નમ્ર, વિનયી, સરલ, મૃદુ, શાન્ત-આદિ વિવિધ ગુણોના ધારકોને નમસ્કાર.

○ માલિક પ્રત્યે વફાદાર રહી રક્ષણ કરનાર કૂતરો, દૂધ આપનારી ગાય, બળદ, ઉંટ ઘોડો, હાથી વગેરે સર્વ પશુ પક્ષીના તે તે ગુણો પણ સ્વીકાર્ય છે.

○ સંત-સજ્જનો કે જેમને સજ્જનતા વિકસાવી છે. સજ્જન પણાનો વ્યવહાર કરનારા તથા આદર્શ સતીઓ, સન્નારીઓ, માતૃભાવ-વાળી માતાઓ અને સ્ત્રીઓ પણ તે તે ગુણના કારણે નમસ્કરણીય બને છે.

० ઉદાર મનથી પારકાનું ભલુ કરવા જેને દાન કર્યા છે. સર્વ-ક્ષેત્રીય દાન કરી પારકાનું ભલુ જ કર્યુ છે. એવા દાતા-દાનવીરોની ઉદારતા આદિ ગુણોની પણ પ્રશંસા કરૂં છું.

० સંસારની સર્વ જીવ સૃષ્ટિ ગુણવાન છે. કંઈક ન કંઈક, નાના-મોટા-ઓછા-વધારે ગુણો તો એકેએક જીવમાં પડ્યા જ છે. તે તે જીવના તે તે ગુણોની અનુમોદના કરૂં છું.

० એટલું જ નહીં ગુણવ્યસની એવો ગુણ પક્ષપાતી-મિથ્યાત્વી જીવમાં પડેલા અભવી જીવમાં પડેલા પ્રશંસનીય ગુણોની પણ હું પ્રશંસા કરૂં છું.

અંતમાં ગુણગ્રાહી તો અજીવ-જડમાંથી પણ ગુણો શોધવા પ્રયત્ન કરે. ધર્માસ્તિકાયમાં રહેલ ગતિસહાયક ગુણ, અધર્માસ્તિકાયમાં પડેલો સ્થિતિસહાયક, આકાશમાં રહેલો અવકાશ દાયક ગુણ. વગેરે અજીવના ગુણોની પણ હું પેટ ભરીને પ્રશંસા કરૂં છું. ગુણોની પ્રશંસા અને અનુમોદના જ ગુણો જગાડશે. ગુણો પ્રાપ્ત કરાવશે.

## શ્રીકૃષ્ણની ગુણગ્રાહીતા

યાદવ મિત્રો સાથે માર્ગમાં જતા શ્રીકૃષ્ણે રસ્તાની એક બાજુ પડેલા કચરાના ઢગલામાં મરેલા કૂતરાનું મૃતક જોયું. ગંધ ફાટતા એ કૂતરાના મૃતકનું નિરીક્ષણ કરો શ્વેત દાંત જેવી ઉજ્વલતા-પ્રાપ્ત કરવાનો સંકલ્પ કર્યો. અને નાકબંધ કરીને ભાગતા યાદવમિત્રોને મહાન થઈને શ્રીકૃષ્ણે બતાવ્યું ગુણ હીરા-સોનાના જેવા ચળકતા છે. ગુણો ક્યારેય અભડાતા નથી. અસ્પૃશ્ય થતા નથી ચાંડાળ-કે શુદ્ર પણ ગુણો ધારણ કરીને પૂજ્ય બની શકે છે. સાધુ-સંત થઈને જગદ્ વંદનીય બની શકે છે-વિશ્વને મહાન આદર્શ પૂરૂ પાડી શકે છે.

—અગ્નિશર્મા અને ગુણસેન જેવા બન્ને મિત્રોની નવ-નવ ભવની પંરપરા ચાલી. પરન્તુ ગુણનો સાધક ગુણસેન નવમાં ભવે પણ મુકત બન્યો. અને અગ્નિશર્મા દોષોનો સાધક સંસારમાં રખડયો.

મરૂભૂતિ અને કમઠ જેવા એક માંના સગ્ગા બે દિકરાઓ બન્ને ભાઈઓમાં મરૂભૂતિ ક્ષમા-સમતાદિ અનેક ગુણોનો સાધક હતો. પરિણામે દશભવમાં ગુણસોપાનો ચઢીને અનેક ગુણો વિકસાવ્યા. જ્યારે કમઠ એ કર્મઠજ બન્યો. કષાય વૈરાદિ ભાવ-રાખનાર કમઠ આજે પણ આજ સંસારમાં રખડે છે. જયારે મરૂભૂતિ દશમાં ભવે પાર્શ્વનાથ બનીને મોક્ષે ચાલ્યા ગયા

—શંખરાજાએ ચારિત્રની શંકાથી સ્વપત્ની કલાવતી રાણીને જંગલમાં મોકલી હાથનાકાંડા કપાવી નાંખ્યા, અને તેવા લોહી ઝરતા હાથની કરૂણ દશામાં કલાવતીએ પ્રસવ પીડાની વેદના અનુભવી બાળકને જન્મ આપ્યો. મહાકષ્ટ સહન કરવા છતા પતિપ્રત્યે અશુભ ન ચિંતવ્યુ. જગતની અમર સતીએ કલાવતીના ગુણોની આજે પણ અમર કીર્તિ વિસ્તરી રહી છે.

—ભૂતકાળની અનેક સતીઓએ જેમને સંકટ સમયની સાંકળમાં પણ પોતાનું સતીત્વ-શિયળ ટકાવી રાખ્યું છે તે અવશ્ય વંદનીય છે. સન્માનનીય છે.

—એવાતો અનેક નહીં અનન્ત ગુણવાનોંના ગુણોને આપણે યાદ કરી શકીએ જેટલા ગુણો યાદ કરીએ એટલા ઓછા છે. સંસાર અનેક ગુણોનો ભરેલો છે. દરીયો છે. પણ મરજીવા થઈને દરીયાના પેટાળમાંથી ગુણો શોધી કાઢવા જોઈએ. શોધનારને તો હાથમાં રત્નો આવે તેમ છે. અને તેમા પ્રમોદ ભાવનાજ પરમ ઉપયોગી છે. જે દીવો લઈને ગુણો શોધવા નિકળે તેમ છે.

## પ્રશંસનીય કેટલાક ગુણોં—

ખરેખર જો શોધવા નિકળીએ તો સંસારમાં સેંકડો ગુણોં છે. પણ કમળો થયેલાને જેમ બધુ પીળુ જ દેખાય. ખરેખર શુદ્ધ સફેદ તો એને દેખાય તેમજ નથી. એમ છિદ્રગવેષી-દુર્ગુણ-દોષાનુ રાગીને ગુણોં

નહીં દેખાય, એને તો દોષો અને દુર્ગુણો જ દેખાશે. જ્યારે ગુણાનુરાગીને એકલા ગુણો જ દેખાશે. આવા ગુણોની યાદી કરીએ તો કેટલાક ગુણો આ પ્રમાણે છે—

દયાળુતા, ગંભીરતા, સત્યતા, વિદ્વત્તા, સભ્યતા, મિત્રતા, નમ્રતા, વિનય, નિર્મળતા, ક્ષમા, સમતા, નિરભિમાનીપણું, સરલતા, સંતોષીપણું, વિરાગીપણું, મૈત્રીભાવ, પ્રેમાળતા, ઉદાસીનતા, મિતવ્યયતા, જિતેન્દ્રિપણું, ધૈર્ય અને ધીરજ, ઉદારતા, દયા–દાન, સહનશીલતા, ગુણાનુરાગાદિ સેંકડો ગુણો ગુણોની યાદીમાં છે. જેને ગુણ જોઈતા હોય તેને મળે તેમ છે. પણ વીણવા પડશે. શોધવા પડશે. દુર્ગુણ કે દોષો જલ્દી આવે તેમ છે. અને ગુણોને આવતા વાર લાગે છે.

સહનશીલતા એ તો ગુણોની ખાણ છે. આવો એક ગુણ પણ જો આવી જાય તે પણ કલ્યાણ છે. વિનયને તો ગુણોની ખાણ કહી છે વિનય ગુણ તો પરંપરાએ મોક્ષ સુધી પહોંચાડે તેમ છે. પ્રશમરતિ પ્રકરણમાં પૂજ્ય ઉમાસ્વામિ ભગવંતે વિનય ગુણની અદ્ભૂત પ્રશંસા કરી છે. અને અંતે મોક્ષ સુધી પહોંચાડનાર કહ્યો છે.

—આહા....હા....જગડુ શાહ, પેથડ શાહ અને આભુ શેઠ જેવા મહાપુરુષોની ઉદારતા અને દાનપ્રિયતાના ગુણોની પ્રશંસા-અનુમોદના કરવા બેસીએ તો પાર ન આવે. ઇતિહાસ પ્રસિદ્ધ નરવીર, વસ્તુપાળ–તેજપાળ જેવાને યાદ કરીએ તો તેમના આબુ–અચલગઢના અમર મંદિરો આજે પણ તેમની ગૌરવગાથા ગાઇ રહ્યા છે.

—નામના મોહવિના પણ સેંકડો જૈન મંદિરો અને મૂર્તિઓ બનાવનારા સંપ્રતિ મહારાજાને યાદ કરતા ખરેખર મસ્તક ઝૂકી પડે છે.

## "શીતલ"—ગુણ અને નામમાં કોણ ચઢે ?

ચંદન (સુખડ)માં શીતલતાનો ગુણ છે અને ચોવીશીમાં ૧૦માં

શીતલનાથ ભગવાન પણ છે. તો બન્નેમાંથી કોણ ચઢે. ઉપાધ્યાયજી આ વાતનો ઉત્તર આપતા. શીતલનાથ ભગવાનના સ્તવનમાં કહે છે—

શીતલતા ગુણ હોડ કરત તુમ, ચંદન કાહે બિચારા,
નામે હી તુમ તાપ હરત હૈ, વાંકુ ઘસત ઘસારા ॥

હે પ્રભુ ! આપના શીતલનાથ નામમાં જ એટલો ચમત્કાર છે કે નામ યાદ કરતા જ કષાયોની વાસનાની આગ ઠંડી થઈ જાય છે. શીતલ (શાંત) થાય છે. જ્યારે સુખડ (ચંદન)ને તો પહેલા ખૂબ ઘસવું પડશે અને પછી વિલેપન કરશું ત્યારે શીતલતા આપશે અને તે પણ તનની કે મનની કઈ શીતલતા આપશે તે તો પ્રશ્ન છે. જ્યારે આપનું તો નામ સ્મરણ પણ શીતલતા આપે છે તો એવો બેચારો ચંદન આપની સાથે શીતલતાના ગુણ વિષયમાં આપની સાથે શું હરીફાઈ કરવાનો છે ? એનું ગજુ જ નથી પરમાત્મામાં ગુણો એટલા ઓતપ્રોત થઈ ગયા છે જાણે તેમના કે જાણે તેમના નામોં જ ચમત્કારિક થઈ ગયો છે તેમની પ્રતિમા અને તેમના દર્શન જ કલ્યાણકારક બની ગયા છે.

**ઉપકાર અને અપકારની ગુણાગુણતા—**

ઉપકાર-પરોપકાર એ કેટલો મહાન ગુણ છે. પ્રમોદભાવનાની ભાષામાં **"परहितनिरता भवन्तु भूतमणाः"**– જીવ માત્ર પરોપકારે-પરહિતના કાર્યમાં રત થાય તો કેટલું સારૂ ? બધા જ પરોપકારી બની જાય તો કેટલુ ઉત્તમ ? ઉપકાર બન્ને ક્ષેત્રે છે. સ્વ અને પરસ્વ ઉપકાર પણ થઈ શકે છે. અને પરોપકાર પણ કરી શકાય છે ઉપકાર એ ગુણ છે. જ્યારે અપકાર એ દુર્ગુણ છે. મહાદોષ છે. આ બન્ને ક્ષેત્રે યાદ રાખવા જેવી અને ભૂલી જવા જેવી બહુ મહત્વની બે-બે વાતો જ્ઞાની ભગવંતોએ કહી છે—

**કાયમ યાદ રાખવા જેવી—**

(૧) કોઈએ આપણા ઉપર નાનામાં નાનો ઉપકાર કર્યો હોય તેને આજીવન યાદ કરવો.
(૨) આપણે કોઈના ઉપર નાનામાં નાનો અપકાર કર્યો હોય તેને કાયમ યાદ કરી ક્ષમાયાચના કરવી.

## જલ્દી ભૂલી જવા જેવી બે વાત—

(૧) મેં કોઈના ઉપર મોટામાં મોટો ઉપકાર કર્યો હોય તો તે પણ જલ્દી ભૂલી જવો યાદ ન રાખવો

(૨) બીજાએ મારા ઉપર મોટામાં મોટો અપકાર કર્યો હોય તો તે પણ જલ્દી ભૂલી જવો યાદ ન કરવો.

ઉપકાર અને અપકારના બન્ને ક્ષેત્રે આ ગંભીર રહસ્ય ભરી વાતો પ્રભુએ પ્રમોદભાવનાના ક્ષેત્રમાં જ કરી છે. પ્રમોદભાવના વિના આ વાતો સંભવ નથી. અને પ્રમોદ ભાવના ખસી જતા. આ ભાવ વિપરીત થઈ જાય છે. જે વિપરીત પણું આજે પણ સંસારમાં સર્વત્ર દેખાય છે. પણ કોઈ વિરલા ભાગ્યશાલીઓ પ્રમોદભાવનામાં સ્થિર રહીને આ નિયમ પાળી શકે છે—

## ગુણાનુવાદની સભા—

પિતા આદિની મૃત્યુ પછી ગુણાનુવાદની સભા રાખવામાં આવે છે. અનુવાદ એટલે ભાષાંતર, એક ભાષામાંથી બીજી ભાષામાં ભાષાંતર તે અનુવાદ અહીંયા ગુણાનુવાદ છે. અર્થાત્ બીજી વ્યકિતમાંથી આપણામાં તે ગુણોનું ભાષાંતર કરવુ. આપણામાં લાવવા તે ગુણાન્તર છે. માટે સભાનું આયોજન કર્યું છે. બધાની સમક્ષ તેમના સારા સારા ગુણોનું અનુમોદન કરવુ, પ્રશંસા કરવી, ગુણો વખાણવા જેથી તે ગુણો આપણામાં પ્રવેશે.

ગુણાનુવાદ કરનારો સ્વયં ગુણીયલ છે એવી છાપ પડે છે. દોષાનુવાદની સભા નથી રાખવામાં આવતી તે તો ચોરે-ચૌટે અને ઓટલે બધે જ થાય છે. ચાર ભેગી થાય તોય દોષાનુવાદ (નિંદા-પ્રપંચ) વગેરે તો કરે જ છે. એટલે દોષાનુવાદની સભા ન હોય. સભા તો ગુણાનુવાદની જ હોય ગુણોનુ અનુવાદ જ ગુણો જગાડશે. ગુણાનુવાદની સભા એ ખુશામદ કે ભાટ ચારણી બિરૂદાવલી ન હોવી જોઈએ. ભાડેથી કોઈને બોલાવીને ગુણો ગવરાવવા પડે છે એવી વર્તમાન પરિસ્થિતિ તો ગુણાનુવાદનું ખૂન કરનારી પદ્ધતિ છે. સદગતના પ્રત્યે શુભભાવના જ હોવી જોઈએ. સાચા ગુણાનુવાદ તો પ્રમોદ ભાવના જ કરશે.

## ગુણ શ્રેણિ અને ગુણસ્થાનક ક્રમારોહ :



આત્માનો સાચો વિકાસ (Sour evolution) તો ગુણસ્થાનક ક્રમારોહના એક એક ગુણના પગથીયાજ જણાવે છે. મિથ્યાત્વના પહેલા પગથિયે પડેલો જીવ પોતામાં રહેલા એક એક દુર્ગુણો કે દોષોનો નાશ કરે તોજ એક પગથીયુ આગળ વધી શકે તે માટે સર્વજ્ઞ ભગવંતોએ સંસારથી મોક્ષ સૂધીની ૧૪ પગથીયાની નિસરણી બતાવી છે. ક્રમશ : કર્મજન્ય કષાયાદિ પાપોનો જેટલા જેટલા અંશે નાશ થશે. ક્ષય થશે તેટલા તેટલા અંશે અત્મગુણોંનો પ્રાદુભાવ થશે. અને આ ગુણસ્થાનકની શ્રેણિનો છેલ્લો છેડો અંતિમ સોપાન મોક્ષના ધામમાં પહોંચાડે છે.

મિથ્યાત્વ કષાયાદિ ભાવો ઘટતાજ ક્રમશ : એક એક ગુણના સોપાનોં ચઢતા ચઢતા સમ્યકત્વ, દેશવિરાતિ, સાધુત્વ. અપ્રમત્વ ભાવ, નિષ્કષાય પણું, જિન-જિતેન્દ્રિયપણું, વીતરાગતા, સર્વજ્ઞતા અને અન્તે સિધ્ધત્વ આત્માને પ્રાપ્ત થાય છે. એવા ૧૪ ગુણસ્થાનોંમા પણ ગુણોંનુંજ મહત્વ છે. ગુણોંનીજ સ્થાપના છે.

## સર્વત્ર ગુણો પૂજ્ય છે.

ધર્મશાસ્ત્રકારે એક નિયમ બતાવ્યો છે કે જયારે કોઈ માંથી ગુણોં સ્વીકારવા હોય, લેવા હોય ત્યારે વ્યકિત કે સ્થાન શું છે તે નહીં જોવાનું ગુણોંજ પૂજનીય છે. માટે ગુણોંજ જોવા ગુણો લેવા કહયું છે કે

**"गुणा : पूजास्थानं गुणीषु, नच लिंगं, न च वय: "**

—ગુણી મહાપુરૂષોમાં ગુણોંજ પૂજ્ય છે. પરન્તુ તેમની ઉંમર, અને સ્ત્રી-કે પુરૂષપણું પૂજ્ય નથી. "**बालादपि हितं ग्राह्यं**" નાના બાળકમાંથી પણ હિતકારી વચન વગેરે ગ્રહણ કરવા.

ઈતિહાસ પ્રસિધ્ધ વાત યાદ હશે કે વિજય શેઠ અને વિજયા શેઠાણીનો દ્દષ્ટાન્ત વર્ષો પછી આજે પણ જગતને એક આદર્શ પુરૂ પાડે છે. ધન્ય એમના અખંડ બ્રહ્મચર્યને. ધન્ય એમના અખંડ શિયળવ્રતને.

—જરૂર નંદિષેણમુનિ સંયમથી પતિત થયા. એક દિવસ પડી ગયા. અને વેશ્યાના ઘરે રહ્યા એ સ્થાન જરૂર નિંદનીય ગણાય. પરન્તુ વેશ્યાના ઘરે રહીને પણ રોજના ૧૦ મુમુક્ષુ આત્માઓને સંયમાભિલાષી બનાવીને પ્રભુની પાસે મોકલીને દિક્ષા અપાવતા હતા. આ નાનીકે સામાન્ય વાત નથી. આ ગુણ અદ્ભૂત છે. એની ભૂરી ભૂરી અનુમોદના કરવીજ જોઈએ.

गुणा गुणज्ञेषु गुणा भवन्ति, ते निर्गुणं प्राप्य भवन्ति दोषाः

જે ગુણનો પારખુ છે. જાણકાર છે તેમાં ગુણો ગુણરૂપે પરિણમે છે. જ્યારે નિર્ગુણી–ગુણઘાતક ને તેજ ગુણો જો પ્રાપ્ત થાય તો તે દોષો બની જાય. જેમ નદીના મધુર મીઠા પાણી પણ સમુદ્રમાં મળતાજ ખારા બની જાય છે. માટે ગુણજ્ઞ, ગુણ પૂજક, ગુણાનુરાગી ને જ ગુણો આપવા. તેજ પાચન થશે.

"बहुरत्ना वसुन्धरा"—ગુણોનો સદાકાળ માટે નાશ નથી થઈ જતો. ખરેખર પૃથ્વી બહુરત્ના છે. રત્નોની ખાણ છે. એક પછી બીજો અને તેના પછી ત્રીજો એમ કોઈ ન કોઈ તો વિરલ આત્માઓ ગુણવાન જાગશેજ. કાદવ અને કચરામાંથી જેમ હીરા–મોતી કે સોનુ પણ મળી આવે છે તેમ કાદવ જેવા સંસારમાંથી ગુણો પણ મળી આવશે. પરોપકાર કરનાર, ઉદારતા ધરાવનાર, રાષ્ટ્ર, દેશ, ધર્મ, કુટુમ્બ, માતા–પિતાની સેવા કરનાર મળી આવશે. આ બધા ગુણોજ છે. અને ગુણો તો ગુણી પુરૂષમાંજ જોવા મળશે.

અઢાર પાપ સ્થાનક ની સજઝાયમાં દ્વેષપાપસ્થાનકની સજઝાયમાં ઉપાધ્યાયજી યશોવિજયજી મહારાજ કહે છે કે

નિર્ગુણી તે ગુણવંત ન જાણે, ગુણવંત તે ગુણ દ્વેષમાં તાણે;
આપ ગુણી ને વળી ગુણરાગી, જગમાં તેહની કીરતી ગાજી. ॥
રાગ ધરી જે જીહાં ગુણ લસીએ, નિર્ગુણી ઉપર સમચિત્ત રહીએ;
ભવથિતિ ચિંતન સુજસ વિલાસે ઉત્તમના ગુણ એમ પ્રકાસે ॥

—ગુણી અને નિર્ગુણી બન્ને વ્યક્તિઓ સંસારમાં છે. ગુણી પોતે ગુણવાન હોય અને બીજા પ્રત્યે પણ ગુણાનુરાગ હોય તો તે ખરેખર સોનામાં સુગંધ જેવી વાત છે. પરન્તુ નિર્ગુણી પોતે ગુણ રહીત છે અતે બીજામાં પણ ગુણ જોતો જ નથી. ચોર બીજાને ચોર જ સમજે છે. દુરાચારી બધાને તેવાજ માને છે, પણ એ દષ્ટિ ગુણ ઘાતક છે. એ દ્વેષ ભાવ–ઈર્ષ્યા–મત્સર ભાવ જનક છે. ગુણી અને ગુણાનુરાગી જ યશ કીર્તિ જગમાં ગાજે છે. ગુણી તો સમભાવ વાળો થઈને નિર્ગુણીમાં પણ ગુણને જ શોધે છે ખરેખર આજ તેની મહાનતા અને વિશાળતા છે.

## પ્રમોદભાવના અને ગુણાનુરાગ

આપણે ઘણી વખત ગાઈએ છીએ કે—

પત્થરને પારસ કરનારા......પ્યારા પારસનાથ...।
કથીરને કંચન કરનારા.......પ્યારા પારસનાથ...॥

પરમાત્મા ખરેખર પારસમણી કરતા પણ મહાન છે. જેની ઉપમા પણ આપી શકાય તેમ નથી. કારણ પારસમણી કથીરને કંચન જ કરી શકે છે પોતાની જેવી પારસમણી નથી બનાવતી.

જ્યારે તીર્થંકર ભગવંતો પરમગુણી, અનન્તગુણી વીતરાગની ભક્તિ એની સાધના તો આપણને એના જેવા જ બનાવે છે. ખરેખર એવી મહાન પ્રમોદભાવના જ પૂજ્ય છે મહાન છે—

ગુણગુણી અભિન્ન હોવાથી ગુણી ઉપર રાગ રાખવો તે ગુણ ઉપર પણ રાગ રાખવા બરાબર જ છે. પ્રમોદભાવના બહુ વ્યાપક અને વિશાળ છે. ગુણી જેવા ગુણી થવા માટે પ્રમોદભાવના જ એકમાત્ર વિકલ્પ છે. કોઈમાં પણ ગમે તેવો નાનો-મોટો ગુણ જોઈને રાજી થવું, આનંદ થવો તે જ પ્રમોદભાવના છે. પ્રમોદભાવના અન્યને અનુલક્ષીને ભાવવાની છે. અન્ય પ્રત્યે છે. પ્રમોદભાવના ગુણ ગુણી બન્ને પ્રત્યે આનંદ વ્યકત કરે છે. કોઈના ગુણને જોઈ એનું હૈયું ઉછળી ઉઠે છે. આનંદ વિભોર થઈને નાચી ઉઠે છે.

**प्रमोदमासाद्य गुणैः परेषां, येषां मतिर्मज्जति साम्यसिन्धौ ।**
**देदीप्यते तेषु मनःप्रसादो, गुणास्तथैते विशदीभवन्ति ॥**

—બીજાના ગુણો જોઈને જેને ખૂબ આનંદ થાય, સમતા સમુદ્રમાં લીન થાય. તેમના મનની ખૂબ પ્રસન્નતા વધે છે, શોભે છે અને તેમનામાં તેજ ગુણોનો વિકાસ થાય છે, વિસ્તરે છે.

ખરેખર પ્રમોદભાવના વાળાને ખૂબ મજા છે, આનંદ હોય છે. પ્રમોદભાવના ભાવનારમાં સહિષ્ણુતા-સહનશીલતા ગુણ એટલી હદે વધી શકે છે કે તેનામાં વિશ્વ બંધુત્વની ભાવના, વિશ્વ મૈત્રીની ભાવના વિકસે છે. આ ભાવનાવાળાને ધર્મ રાગ ખૂબ હોય છે. આ ભાવના મનને વિશાળ કરે છે. આદર્શને નિર્મળ કરે છે. દિલને દરિયા જેવો બનાવે છે. ચિત્ત નિર્મળ કરે છે. આનંદ અને પ્રમોદ જે ગુણોનો છે તે જ પ્રમોદભાવના છે. બીજાના ગુણો પ્રત્યે જાગેલ આનંદ જ આ ભાવનાની ફળશ્રુતિ છે. ગુણો જોવાની દૃષ્ટિ હોય તો ગુણ જોવા અન્યથા

મૌન રહેવું. આવી મહાન પ્રમોદભાવના જીવમાત્રમાં જાગૃત થાય એ જ શુભ ભાવના.

* સૌજન્ય *

જેલવાળા પરિવારના માતૃશ્રી સ્વ. પરશનબેન વ્રજલાલના સ્મણાર્થે આ પુસ્તીકા પ્રગટ કરવામાં આવી છે.

ચાતુર્માસિક રવિવારીય શ્રીમહાવીર જૈન શિક્ષણ શિબિર

મૈત્રી

પ્રમોદ

આયોજક : શ્રી સમસ્ત વડોદરા શ્વેતામ્બર મૂ.પૂ. સંઘ




સંચાલક : શ્રી મહાવીર વિદ્યાર્થી કલ્યાણ કેન્દ્ર

કારુણ્ય

માધ્યસ્થ

રવિવારીય સચિત્ર જાહેર વ્યાખ્યાનમાળા-વડોદરા

# ભાવના ભવ નાશિની

પ્રવક્તા: પરમપૂજ્ય મુનિરાજશ્રી અરુણવિજયજી મહારાજ

| વિ. સં. ૨૦૪૦ કારતક વદ. ૩૦ | સોળમું વ્યાખ્યાન-૧૬ | રવિવાર, ૪-૧૨-૧૯૮૩ |
|---|---|---|

વિષય : "સર્વ દુઃખ વિનાશિની-કરૂણા ભાવના"

दीनेष्वार्तेषु भीतेषु, याचमानेषु जीवितम् ।
प्रतीकारपरा बुद्धिः, कारुण्यमभिधीयते ॥

— પ. પૂ. ચરમ તીર્થપતિ શ્રમણ પરમાત્મા શ્રીમહાવીર પ્રભુને નમસ્કારપૂર્વક.......

કળિકાળસર્વજ્ઞ શ્રીમાન હેમચન્દ્રાચાર્ય મહારાજા યોગશાસ્ત્ર મહાગ્રન્થમાં ફરમાવે છે કે જે જીવો જગતમાં દીન-દુઃખી છે, ખરેખર આર્ત અને પીડાગ્રસ્ત છે. મૃત્યુના ભયથી ભયભીત બનીને જીવવાની ઈચ્છાથી જીવનની યાચના કરનારા તથા ભયગ્રસ્ત જીવોના દુઃખો દૂર કરવાની ભાવનાને કરૂણા ભાવના કહેવામાં આવી છે.

## સુખ-દુઃખથી ભરેલો સંસાર

આ સંસારથી થોડા પરે થઈને જો સંસારનું સૂક્ષ્મ દષ્ટિથી નિરીક્ષણ કરીએ તો દેખાય છે કે આખો સંસાર સુખદુઃખથી ભરેલો છે. જેમ સમુદ્રમાં ભરતી અને ઓટ એકધારી આવે અને જાય છે, વણથંભ્યો ક્રમ ચાલ્યા કરે છે. એક વાર ભરતીમાં પાણીનાં મોજાં ઉછળતાં આવે છે અને કાંઠે અથડાઇને પોતાનો જોશ પૂરો કરીને પાછા ઓટ રૂપે વિદાય લે છે, ભરતીનું અસ્તિત્વ ભુંસાઈ ગયું અને ઓટનું રૂપ નિર્માણ થયું અને ફરીથી ઓટ પૂરી થાય છે અને ભરતી આવે છે પરન્તુ આ બન્નેની વચ્ચે બિચારા પાણીનો મરો થાય છે.

એ જ પ્રમાણે જીવરૂપી આ સંસારસમુદ્રમાં ખરેખર સુખ અને દુઃખની ભરતી અને ઓટ આવ્યા જ કરે છે. ગાઈએ છીએ કે:

સંસાર કેવો છે ? સંસાર કેવો છે ? એક સાગર જેવો છે. દુઃખ છે ઝાઝું ને સુખ છે ઓછું એવો આ સંસાર." વધુ પડતા દુઃખ અને નામમાત્ર સુખ અને તે પણ પાછું ક્ષણિક સુખ. કલ્પના કરો કે આવા નજીવા સુખમાં પણ સુખની આશાથી જીવો આ સંસારમાં જીવી રહ્યા છે. જેમ જેમ સુખની આશા વધુ કરીને વધુ ને વધુ સુખ મેળવવા મથામણ કરે છે ત્યાં તો ઘણીવાર વધુ દુઃખી થતાં પણ જોવામાં આવે છે. હકીકતમાં સુખ પણ સુખ નથી, સુખાભાસ જ છે, આભાસ માત્ર છે. સંસારના સુખમાં પણ દુઃખ સંતાયેલું છે.

જ્ઞાનીઓની દષ્ટિમાં આખોસંસાર દુઃખી છે બધાજીવો દુઃખના સાગરમાં હિંચકા ખાય છે. આ સંસારમાં તો જે સંસારનાં સુખોને છોડવાની પ્રવૃત્તિ

કરશે, તેજ તરશે બચશે. માત્ર દુઃખો છોડવાથી પણ નહીં ચાલે. દુઃખો ટાળવાની પ્રવૃત્તિ તો અનન્તા જન્મોમાં કરી. દરેક જીવ માત્ર કરે છે પરંતુ હજી પણ દુઃખો છૂટયા નથી, દુઃખો ટળ્યા નથી, તો હવે વીતરાગનું શાસન પામીને સુખો પણ છોડવા પ્રયત્ન કરવાનો છે. એમાં જ આપણી મર્દાનગી છે મહત્તા અને વિશેષતા છે,

એકેન્દ્રિયથી પંચેન્દ્રિય સુધીના સર્વ જીવો, નારકીથીસ્વર્ગના દેવતાઓ અને મનુષ્ય સુધીના સર્વ જીવો સંસારમાં દુઃખી જ છે, અને દુઃખનું કારણ એક માત્ર પાપ છે, જો કોઈ પાપ જ ન કરતું હોત તો કદાચ કોઈ દુઃખી થાત જ નહીં; અને જો કોઈ દુઃખી થાત જ નહીં તો કદાચ આ સંસારનું અસ્તિત્વ જ ન હોત, પરંતુ એવું બન્યું નથી અને બનવાનું નથી. સંસારમાં દુઃખ અનન્તકાળ પહેલાં પણ હતું અને આજે પણ એવું જ છે, અને ભાવિમાં અનન્ત કાળ પછી પણ દુઃખ એવુંને એવું જ રહેશે, અને જ્યાં સૂધી દુઃખ રહેશે ત્યાં સૂધી સંસાર રહેશે અને જ્યાં સુધી સંસાર રહેશે ત્યાં સુધી દુઃખ પણ અવશ્ય રહેવાનું જ છે સંસાર અને સુખ–દુઃખ પરસ્પર અન્યોન્યાશ્રયિ છે, એકબીજા વિના એકબીજા રહી શકે તેમ નથી. વર્તમાન વિજ્ઞાન લાખ પ્રયત્ન કરે તોપણ સંસારમાંથી દુઃખનો નાશ કરી શકે તેમ નથી. વિજ્ઞાન પણ પાંગળું છે, અસમર્થ છે, અને કદાચ તટસ્થ બુદ્ધિથી વિચારીએ તો વિજ્ઞાને સુખનાં સાધનો વધારે આપ્યાં છે? કે શસ્ત્રસરંજામાદિ વિનાશની સામગ્રી વધારે વિકસાવી છે? વધુ વિકસેલું વિજ્ઞાન કદાચ વિનાશ પણ બહુ મોટા વિશાળ પાયા ઉપર કરે એ પણ નજરે સ્પષ્ટ દેખાય છે. સંસાર શાશ્વત છે, અને સુખ–દુઃખ પણ શાશ્વત છે.

## કાળાનુસારે સુખ-દુઃખ

૨૦ કોડાકોડી સાગરોપમના કાળચક્રમાં જે ૬–૬–આરાઓ ઉત્સર્પિણી અને અવસર્પિણીના બતાવ્યા છે, તે પણ એક માત્ર સુખ–દુઃખના પ્રમાણના કારણે જ બતાવ્યા છે. કયારે સુખ વધારે હોય છે અને

ક્યારે દુઃખ વધારે હોય છે ? એની અવધિની સમાપ્તિ અને શરૂઆતના હિસાબે કાળચક્રના આરાઓની વ્યવસ્થા છે, માટે જ ૬ આરાનાં નામો આ પ્રમાણે છે : (૧) સુષમ-સુષમ, (૨) સુષમ, (૩) સુષમ-દુષમ, (૪) દુષમ-સુષમ, (૫) દૂષમ, (૬) દુષમ-દુષમ. અર્થાત્ પહેલામાં સુખ + સુખ, (૨) બીજામાં એકલું સુખ. પહેલામાં સુખ ડબલ હતું પણ બીજામાં સુખનો અર્ધો ભાગ ઘટયો. ત્રીજામાં સુખની સાથે દુઃખનું પ્રમાણ પણ અસ્તિત્વમાં આવ્યું, અને સુખ ૭૦% તો દુઃખ ૩૦% રહ્યું. (૪) ચોથામાં દુખ ૭૦% અને સુખ ૩૦% એમ ઊલટુ થયું, અને પાંચમાંમાં દુઃખનું પ્રમાણ ઘણું વધારે છે, સુખ તો આભાસ પૂરતો નામ માત્ર જ રહ્યું. અને છઠ્ઠા આરામાં આવતા દુઃખનું પ્રમાણ ડબલ વધ્યું. એકલું દુઃખ જ દુઃખ આ પ્રમાણે સ્પષ્ટ દેખાઈ આવે છે કે સંસારમાં સુખ-દુઃખની સંતાકુકડીની રમત કેવી છે ? અને છતાં પણ જીવો એક માત્ર સુખની આશામાં જીવે છે. પરન્તુ જ્ઞાની ભગવંતો કહે છે કે સંસારમાં સુખની આશા રાખવી અર્થાત પાણી વલોવીને માખણ મેળવવાની આશા રાખવા જેવું છે. નિરર્થક અને વ્યર્થ છે. દુઃખના ભરેલા સંસારના ખાડામાં તો જે પડશે તે દુઃખી જ થશે. એક પડેલો દુઃખી થયો એટલે એ પોતે સુખી થવા માટે બીજાને પાડવા પ્રયત્ન કરે છે કે આને મારા દુઃખમાં પાડું તો હું કદાચ આ દુઃખમાંથી છૂટી શકું. પરન્તુ સંસારની આવી આશાઓ નિરર્થક નિવડે છે. હા, બીજાને તો દુઃખમાં પાડીએ છીએ છતા પહેલો પડેલો સુખી થતો નથી.. માટે આખો સંસાર અને સંસારના જીવમાત્ર આ દુઃખના ખાડામાં ભારે દુઃખી છે. માટે જ જ્ઞાની ભગવંતોએ સુખને અને સુખનાં સાધનોને તેમ જ સુખની આશાવાળા સંસારને વહેલી તકે છોડવાનું કહ્યું છે.... સંસાર છોડવા માટે પ્રથમ સુખનાં સાધનો, સંસારના સુખની આશા પણ છોડવાનું કહ્યું છે. સંસારમાં અને સંસારના સુખ-સાધનોમાં સહેજ પણ તૃષ્ણા રાખવા જેવી નથી. એ ઠગારી નિવડશે. બન્ને છોડવામાં જ જીવનું હિત છે.

**દુઃખ અને દયા**—સંસારમાં બધા જ દુઃખી છે તો કોને કોના ઉપર

દયા આવશે ? દુઃખ છે તો દયા પણ છે, અને દુઃખના કારણે દયા છે ? પરન્તુ આ પ્રશ્ન બહુ વિકટ છે. જ્યારે બધા જ જીવો દુઃખી છે તો કોણ બીજા ઉપર દયા ચિંતવશે ? અને દુઃખી જ જો બિચારો દયા ચિંતવશે તો એની દયાનો શું અર્થ ? એ દયા ચિંતવીને પણ શું કરી શકશે ? માટે જો સમસ્ત સંસારની દયા ચિંતવનારો કોઇ સમર્થ શકિતમાન હોય તો જ એની ચિંતવેલી દયા સાર્થક લેખાશે.

માટે સમર્થ પુરુષે દયા ચિંતવેલી ઉપયોગી અને એવા વિશાળ અને વ્યાપક સંસારનાં વ્યાપક દુઃખોની દયા ચિંતવનારો જ એટલો વ્યાપક અને વિશાળ મહાન બની શકે છે. માટે જે તીર્થંકરની મહાનતા છે તે જીવમાત્ર ઉપર–સર્વ જીવો ઉપર દયા ચિંતવી છે એના જ કારણે છે એટલા જ માટે સંસારના ત્રસ્ત જીવોની દયા ચિંતવવાથી જ સંસારના સર્વ શ્રેષ્ઠ મહાન દયાળુ તીર્થંકર બની શકાય છે, અને આવા બનેલા તીર્થંકરો જ જગતના સર્વ જીવોનું કલ્યાણ કરવામાં સામર્થ્ય પ્રાપ્ત કરી શકે. છે જગતના સર્વ જીવો ને તારવા યોગ્ય ઉપદેશ આપી શકે છે. પરન્તુ જે જીવો બીજા ઉપર પણ દયા નથી ચિંતવી શકતા તે જીવો પોતા ઉપર પણ દયા નથી ચિંતવી શકતા. દયા ચિંતવવી એ નાની સૂની વાત નથી આ જ દયાને આપણે કરુણા કહીએ છીએ, અને દયાની વૃત્તિ–દયા ચિંતનને જ કરુણા ભાવના કહેવાય છે.

**परदुःखविनाशिनि तथा करुणा—**

કરુણા ભાવનાનું સ્વરૂપ જણાવતા મહાપુરુષોએ એને દુઃખ વિનાશિનિ ભાવના કહી છે. સર્વને સુખની પ્રાપ્તિ થાઓ એવી ભાવનાને પ્રમોદ ભાવનાની અંતર્ગત પણ સમાવી શકાય છે. પરન્તુ આ ભાવનાનું હૈયું કોમળ છે. હૈયું કુણું છે. એ બીજાનું દુઃખ જોઈ નથી શકતો. પ્રમોદ ભાવના બીજાનું સુખ જોઈ શકે છે. ઈર્ષ્યા, દ્વેષ, મત્સર વૃત્તિવાળો બીજાનું સુખ જોઈ નથી શકતો. એટલે ઈર્ષ્યા–દ્વેષ એ ભાવના યોગના દુશ્મન છે. એ ભાવના ભાવવા દે તેમ નથી. જ્યારે ક્રુરતા, કઠોરતા, હિંસકપણું, ઘાતકીવૃત્તિ, નિર્દયતા, નિષ્ઠુરતા

વગેરે કરુણા ભાવનાના શત્રુ છે. એ આ ભાવના ભાવવા દે તેમ નથી. માટે કરૂણાભાવનાનો આશ્રય લઈને આ ક્રૂરતા, નિર્દયતા વગેરે શત્રુઓને કાઢી મૂકવા જોઈએ. બન્ને એક બીજાના શત્રુ હોવા છતાં ભાવના યોગ એ સહજ યોગ છે. એ આત્માના ગુણ તરીકે છે. કરૂણા એ આત્માનો ગુણ છે. સહજપણે આત્મામાં આશ્રય કરનારી છે. જ્યારે હિંસકપણું ક્રૂરતા, કઠોરતા, નિર્દયતા વગેરે વૈભાવિક છે. ગુણ નથી દુર્ગુણ છે. ગુણ સ્વાભાવિક હોય છે જ્યારે દુર્ગુણ કે દોષો વૈભાવિક હોય છે. એ બહારથી આવે છે જયારે જીવો પ્રત્યેની દયા–કરુણા ખલાસ થઈ જાય છે ત્યારે જ હિંસકપણું, ક્રૂરતા, નિર્દયતા વગેરે દુર્ગુણો દાખલ થાય છે. માટે સાધકે સદાય કરુણામાં રહેવા પ્રયત્ન કરવો. માટે ભાવનાને એક મહાન યોગ પણ કહ્યો છે. ભાવનાના ચિન્તનથી, ભાવના ભાવવાથી નિર્માણ થયેલ યોગ એ ભાવનાયોગ સતત કરુણા ભાવનામાં ભિંજાયેલા રહેવાથી આપણું જીવમાત્ર પ્રત્યે સમભાવ રહે છે. જીવમાત્ર પ્રત્યે પૂજ્યભાવ જગાડનાર, સમભાવ, તુલ્યભાવ જગાડનાર આ કરુણા ભાવના જ છે.

## આત્મવત્ સર્વભૂતેષુ કરુણાભાવના—

મારા આત્મા જેવો જ બધાનો આત્મા છે. માટે કોઈની પણ હિંસા ન કરું. એ કરુણા ભાવનાનો ઉપદેશમંત્ર છે. " **मा हिंस्यात् सर्व भूतानि** " આ કરુણા ભાવનાનો બીજ મંત્ર છે. કરુણા એ અહિંસક દયાળુ આત્માનો અંતરનો ઝરો છે. જે કાયમ સતત વહેતો ઝરો છે. એ દયારૂપી ઝરો કયારેય સુકાવો ન જોઈએ. તે માટે મહાપુરુષે સતત દયાધર્મ પાળવો જોઈએ. જેવો મારો આત્મા છે એવો જ બધાનો આત્મા છે. મારા જીવમાં અને બીજાના જીવત્વમાં ખરેખર કોઈ ફેરફાર નથી. મારા જેવો જ બીજાનો આત્મા અને બીજા જેવો મારો આત્મા છે. એ દષ્ટિ કરૂણા ભાવના જગાડે છે.

**सव्वेजीवावि इच्छन्ति जीविउं, न मरिज्जीउम् ।**<br>
**तम्हा पाणिवहं घोरं निग्गंथा वज्जयंति णं ॥**

શ્રી દશવૈકાલિક આગમમાં જણાવ્યું કે સર્વ જીવમાત્ર સુખને ઇચ્છે છે, કોઈ પણ દુઃખને ઇચ્છતું નથી. સર્વજીવો જીવવા ઇચ્છે છે. કોઈ મરવા ઇચ્છતુ નથી. મરવું કોઈને ગમતું નથી. કારણ મરણમાં ઘણું દુઃખ છે અને જીવનમાં જીવોએ સુખ માન્યું છે. તેથી કરીને હે જીવો કોઈને પણ મારશો નહીં તેથી જ નિર્ગ્રન્થ સાધુઓ પ્રાણિવધનું ઘોરપાપ કરતા નથી.

## જીવદયા અને કરુણા ભાવના :

દયા અને કરુણા આ બન્ને શબ્દો એક જ નથી. માટીને ઘડો નથી કહેવાતો અને ઘડાને માટી નથી કહેતા. ભલે બન્ને ઠેકાણે પ્રત્યક્ષ-પણે દેખાય છે તો માટી જ છતાં પણ એક સ્થાને માત્ર માટી જ છે. કોઈ આકાર વિશેષ નથી, અને બીજા સ્થાને માટી નથી પણ માટીનો પિણ્ડ છે, આકાર છે. આકાર વિશેષ હોવાના કારણે એને ઘડો કહ્યો છે. એ જ પ્રમાણે વિચાર કરીએ તો સ્પષ્ટ દેખાશે કે કરૂણા એ માટીના સ્થાને છે અને દયા એ ઘડાના સ્થાને છે. મૂળમાં તો માટી જ પડી છે. પરન્તુ કારણમાંથી જ્યારે કાર્ય આકાર લે છે. ત્યારે કાર્ય પંકાય છે. પછી કારણ ભુલાઈ જાય છે. નથી પણ દેખાતો એ જ ભાવ ને સ્પષ્ટ કરીએ તો દયા અને કરૂણા એ બન્ને શબ્દોમાં પણ કાર્ય-કારણ ભાવ સંબંધ છે. કરુણા એ કારણ છે અને દયા એ એમાંથી જન્મેલું કાર્ય છે. અને આ બન્નેમાં વ્યાપ્ય-વ્યાપક ભાવના સંબંધ સાથે વ્યાપ્તિ જોઈએ તો જણાશે કે–

જ્યાં જ્યાં માટી હોય ત્યાં ત્યાં ઘડો હોય ? કે જ્યાં જ્યાં ઘડો હોય ત્યાં ત્યાં માટી હોય ? જ્યાં જ્યાં કરુણા હોય ત્યાં ત્યાં દયા હોય ? કે જ્યાં જ્યાં દયા હોય ત્યાં ત્યાં કરુણા હોય ? ઉત્તર બહુ જ સ્પષ્ટ છે કે જ્યાં ઘડો હોય ત્યાં માટી ચોકકસ હોય, પરન્તુ જ્યાં માટી હોય ત્યાં ઘડો હોય કે ન પણ હોય. જેમ ધૂમાડો હોય ત્યાં અગ્નિ ચોક્કસ હોય પણ અગ્નિ હોય ત્યાં ધૂમાડો ન પણ હોય. તે જ પ્રમાણે જ્યાં દયા હોય ત્યાં તો કરુણા ચોકકસ હોય છે. પરન્તુ જ્યાં કરુણા હોય છતા

કદાચ દયા ન પણ હોય. માતા પુત્રને સુધારવા માટે કદાચ મારતી પણ હોય એ વખતે જોનારને લાગે કે અરેરે ! આ માતામાં તો દયા જ નથી. પણ હા ! આવા સમયે દયા કદાચ નહીં પણ દેખાય પરંતુ એમ તો નહીં જ કહેવાય કે માના હૈયામાં કરુણા નથી. જે માતા હોય તે ડાકણ, રાક્ષસી ક્રૂર ન હોય, અને જે ડાકણ, રાક્ષસી કે ક્રૂર હોય તે માતા ન હોય. માટે જ જગતમાં માતાનું મહત્ત્વ છે. અને તે પણ માત્ર દયા-કરુણાના કારણે.

માટે દયા અને કરુણાની વચ્ચે કાર્ય–કારણ ભાવ સંબંધ છે. વ્યાપ્ય–વ્યાપક ભાવ તથા જન્ય-જનકભાવ સંબંધ છે. માનવીના જીવનમાં જો આ બન્ને આવી જાય તો માનવ એક દિવસ મહામાનવ બની શકે છે.

## દયા ધર્મકા મૂળ હૈ :

પાર્શ્વકુમાર ઘોડા ઉપર બેસીને નગરલોકોની સાથે નગર બહાર આવેલા કમઠ તાપાસને જોવા નિકળ્યા. કમઠ તાપસ પંચાગ્નિ તપ કરી રહ્યો હતો. લાકડાનો ઢગલો કરીને ધૂણી ધખાવીને મંત્રજાપ કરી લોકોને આશીર્વાદ આપતો હતો. એવા સમયે પાર્શ્વકુમારે એક સૈનિક ને આજ્ઞા કરી અગ્નિમાં બળતો એક કાષ્ઠ કઢાવ્યો. અને કાષ્ઠ ચીરાવી તેમાંથી બળતો સાંપ કઢાવ્યો. સાંપ અર્ધદગ્ધ અવસ્થામાં હતો. અર્ધો બળી ગયો હતો. પાર્શ્વ કુમારે સૈનિકને આજ્ઞા કરી નવકાર સંભળાવ્યો અને સાંપ મરી સ્વર્ગે ગયો નાગરાજ ધરણેન્દ્ર થયો.

આ પ્રસંગ જોઈ દસ ભવનો વૈરી કમઠ ક્રોધે ભરાયો. પાર્શ્વકુમારે કહ્યું હે કમઠ ! સર્વ પ્રથમ તો ધર્મમાં "દયા" હોવી જરૂરી છે. "દયા ધરમ કા મૂળ હૈ" દયા જો પાયામાં ન હોય તો તેને ધર્મ કહેવાય કેવી રીતે ? માટે તાપસ ! દયા વિનાના ધર્મની શી કિંમત ? ત્યાં તો તાપસ ક્રોધે ભરાયો અને બોલ્યો હે રાજકુમાર !

તમે તો રાજકુલમાં જન્મેલા રાજકુમાર છો ? ઘોડા દોડાવવા અને આખેટ ક્રિડા વગેરે કરવી એ તમને આવડે ધર્મનું મૂળ વગેરે તો તમે શું જાણો ? માટે તમે આ વિષયમાં ન પડો એમ ખીજાયેલો કમઠ તાપસ પૂર્વ જન્મોના વૈરના સંસ્કારના કારણે કષાય વૃત્તિમાં મૃત્યુ પામી મેઘ માળી વ્યંતર થઈને પ્રભુને દીક્ષામાં ઉપસર્ગ કરવા આવ્યો. પરંતુ એ વખતે તો દયા ધર્મનો જ જય થયો. સર્વ લોકોએ દયા ધર્મની જ પ્રશંસા કરી.

એક તિર્યંચ ગતિના પશુ એવા સાંપને પ્રભુએ કયારે બચાવ્યો ? અપાર કરૂણા ભાવનાના કારણે જ.

શ્રી વીર પ્રભુએ પણ ચંડકૌશિકને અપાર કરૂણા ભાવથી ઉગાર્યો. એ આત્માને પ્રતિબોધી એના આત્માને જાગૃત કર્યો. એક નાના પશુ પ્રત્યે અને તેમાં પણ મહાહિંસક પ્રાણીને ઉગારીને પરમાત્મા મહાવીર દેવે કેટલા જીવોનું રક્ષણ કર્યું ? એક ને બચાવવાથી કેટલા બચ્યા ? જે સ્વયં કરૂણામૂર્તિ છે તે જગતના તમામ જીવો ઉપર અપાર કરૂણા વરસાવતા જ રહે છે.

कृतापराधेऽपि जने, कृपामन्थरतारयोः ।
ईषद् बाष्पार्द्रयोर्भद्रं, श्री वीरजिननेत्रयो : ॥

પ્રસંગ એવો છે કે ઉપસર્ગો કરીને જ્યારે સંગમ જઈ રહ્યો હતો ત્યારે સંગમને જોઈને શ્રી વીર પ્રભુની આંખો ભીનિ થઈ ગઈ હતી. જેમ તપેલાની વરાળ ઢાકણા ઉપર છવાઈ જાય છે તેમ હૈયાની અપાર કરૂણા પ્રભુની આંખોમાં આવીને ભરાઈ ગઈ. અને એક અપરાધ કરેલા ઉપર પણ આવી અપાર કરૂણા પ્રભુએ વરસાવી. કૃપા કરીને તારવાના સ્વભાવવાળા પ્રભુની કરૂણા કેવી અદ્‌ભૂત હશે ?

હૈયે હોય તે હોઠે આવે. એ નિયમ પ્રમાણે કરૂણા જો હૈયે હોય

તો હોઠે દયાની વૃત્તિ દયાની ભાષા અને દયાના ભાવ પ્રગટ્યા વિના રહેતા નથી.

અભ્રક ને અથવા પીપર કે સુવર્ણને ઘૂંટતા ઘૂટતા કેટલાય પ્રહરો સુધી ઘૂંટવામાં આવે ત્યારે તેની કિંમત અને શક્તિ વધે છે. ૧૦ રૂપિયાનો અભ્રક હજાર વાર ઘૂંટાય ત્યારે સહસ્રપુટી થયેલ અભ્રક ભસ્મની કિંમત સેંકડો રૂપિયા ઉપર પહોંચી જાય છે. સુવર્ણ પણ દિવસો અને મહિના સુધી ઘૂંટાયા પછી સુવર્ણ ભસ્મ બની જાય છે. ત્યારે એની શક્તિ સાથે કિંમત પણ ઘણી વધે છે. એ જ પ્રમાણે કરૂણા પણ ઘૂંટાય ત્યારે મહાન બને છે. ભસ્મને ઘૂંટવા માટે જેમ ખરલ વગેરે જોઈએ છે અને એટલું જ નહીં ઘૂંટાયા પછી ભસ્મને ભાવના આપવી પડે છે. કોઈને ત્રિફળાની, કોઈને લીંબુના રસની એમ ભિન્ન ભિન્ન ઔષધિઓની, વનસ્પતિના રસની ભાવના આપવામાં આવે છે. જેમ જેમ ભાવના આપવામાં આવે છે તેમ તેમ ઔષધિની ગુણવત્તા અને મહત્તા વધે છે. એવો આયુર્વેદ શાસ્ત્રનો નિયમ છે.

એજ પ્રમાણે ભાવનાયોગનો પણ એવો જ નિયમ છે. "**भवितुः भवनानुकूल भावक व्यापारः भावना**" ન્યાયશાસ્ત્રકારે ભાવનાનું લક્ષણ કરતા કહ્યું કે ભાવના ભાવનારનો ભાવનાનુંકૂળ વ્યાપાર અર્થાત પ્રવૃત્તિ વિશેષને જ ભાવના કહેવામાં આવે છે. ભાવનાઓ પણ ભાવવી પડે છે. માત્ર એક વાર બોલી ગયા એટલે ભાવના પતી ગઈ એવું નથી. વારંવાર ભાવના ભાવવી પડે છે. પછી તે મૈત્રી ભાવના હોય કે કરૂણા ભાવના હોય અથવા અનિત્ય હોય કે અશરણ હોય. ગમે તે ભાવના ભાવ્યા વિના તો ચાલે જ નહીં. ભસ્મ ઘૂંટાયા પછી એની ગુણવત્તા વધે છે. તેમજ ભાવના પણ ભાવવાથી ભાવનાયોગ બને છે અને ભાવના-યોગ એક મહાન ધ્યાનયોગ બની જાય છે. ધ્યાનયોગથી અનેક કર્મની નિર્જરા થાય છે અને નિર્જરાથી કર્મક્ષય થાય છે. કર્મક્ષયથી આત્મા શુદ્ધ–વિશુદ્ધ થાય છે. સિદ્ધ–બુદ્ધ મુક્ત બને છે. ભાવનાયોગના સામર્થ્યની વાત અદ્‌ભૂત છે. કરૂણા ભાવના જીવમાત્ર પ્રત્યેની દયાવૃત્તિને જાગૃત કરે છે. સર્વ જીવપ્રત્યે સમભાવ વ્યકત કરે છે.

## ધર્મરૂચિ અણગારની અપાર દયા

એક શ્રાવિકાએ કડવી તુંબડીનું શાક આખું પાત્ર ભરીને મુનિ મહારાજને વહોરાવી દીધું. આખું તપેલું વઘાર નીતારી નીતારીને શાક વહોરાવી દીધું. છલોછલ ભરાયેલું પાત્ર પોતાની ઝોળીમાં લઈને ધીરેધીરે ચાલતા ચાલતા ઉપાશ્રયે આવ્યા. ગુરુ મહારાજ સમક્ષ આલોચના વિધિ કરવા માટે ઊભા રહ્યા. ગોચરી ગુરુ ભગવંતને દેખાડી અને જોતા જ જ્ઞાની ગુરુભગવંતને આજ્ઞા કરી આ શાક જંગલમાં લઈ જઈ રાખ અને રેતીમાં મેળવીને પરઠવી દો.

એટલા શાકનું પાત્ર ઝોળીમાં ફરી મૂકવા જતા વઘારનું એક ટીપું જમીન ઉપર પડતા જ બાજુમાં આવતી કીડી મરી ગઈ. એ જોઈને ગુરુ ભગવંત તરત સમજી ગયા. શિષ્ય ધર્મરૂચિ મહારાજ એ પાત્ર લઈને ખૂબ સાવધાનીપૂર્વક ચાલતા ચાલતા જંગલમાં પહોંચ્યા અને જ્યાં પરઠવવા માટે તૈયારી કરે છે ત્યાં તો નીતરતા વઘારના એક ટીપાના સ્પર્શ અને ગંધથી એક કીડી મરી ગઈ. આ જોઈને ધર્મરૂચિ મહાત્માએ મનમાં નિર્ણય કર્યો કે આટલું શાક પરઠવીને અનેક જીવોની હત્યાનું નિમિત્ત બનવા કરતા તો બધુ જ ખાઈને મારા એકલાનો જ દેહત્યાગ થાય તે જ વધુ ઉત્તમ છે.

ભયંકર કડવું અને ઝેરી શાક મુનિરાજ હસતા મોઢે ખાવા લાગ્યા. અનેક કીડીયોની કરૂણા જ એ શાક ખાવામાં પ્રેરક કારણ હતી. જેમ જેમ કીડીઓ ઉભરાતી હતી તેમ તેમ મુનિના મનમાં પણ કીડીઓ પ્રત્યેકરૂણા ઉભરાતી હતી. દૂધના ઉભરાની જેમ ઉભરાતી અપાર કરૂણા ભાવનાના યોગે મુનિ મહાત્મા સમતા ભાવમાં રમતા રમતા ભયંકર ઝેરી શાક પણ સંપૂર્ણ ખાઈ ગયા. પાત્ર પણ સાફ કરીને પી ગયા. એક ટીપું પણ ન રહેવા દીધુ કે ન નીચે પડવા દીધું. અહા ! કેટલી જયણાં, કેટલી કરૂણા, અને કેટલો ઉપયોગ !

બે ઘડીમાં તો આંખો ઘેરાવા લાગી, ચક્કર આવવા લાગ્યા. ઝેરની

અસર વધવા લાગી. મહાત્મા સમજી ગયા. અને તરત સાવધાન થઈ ગયા. "અપ્પાણં વોસિરામિ" કરીને ધ્યાન યોગમાં સ્થિર થઈ ગયા. દેહનો ત્યાગ કરીને આત્મ કલ્યાણ સાધી ગયા. આ હતી જીવો પ્રત્યેની અપાર કરૂણા. કેટલી અદ્દભુત કરૂણા હતી ! કરૂણા વિના જીવને અન્ય જીવો પ્રત્યે સદ્દભાવ, લાગણી કે દયા જાગવી શકય નથી અને દયા વિના ધર્મ નથી, કારણ "દયા ધર્મ કા મૂળ હૈ"...દયા એ તો ધર્મનો મૂળ પાયો છે. દયા વિના ધર્મનું અસ્તિત્વ જ નહીં રહે.

ધર્મી દયાળુ કરૂણાળુ–હોવો જોઈએ અને કરુણાળુ દયાલુ ધર્મી હોવો જોઈએ. બન્ને ભાવોએક બીજાના પૂરક અન્યોન્ય છે. જો ધર્મી હોય પણ દયાળુ, કે કરૂણાળુ નહી હોય તો તેનો ધર્મ ટકવાનો નથી. ધર્મભાવ જ નહીં રહે. અને જો ધર્મ જ નહીં હોય તો કરૂણા કયાંથી રહેવાની ?

## કરૂણા ભાવના અને સુખ

જીવમાત્રને સુખ ગમે છે. સુખ જોઈએ છે. સુખપ્રાપ્તિની ઈચ્છા તો મૂળભૂત જીવમાત્રમાં પડેલી જ છે. માનવી સુખપ્રાપ્તિની ઈચ્છા રાખે એ ખોટું નથી હું સુખી થાઉં એટલી ઈચ્છા રાખે ત્યાં સુધી કંઈ જ ખોટું નથી પરંતુ હું બીજાના ભોગે સુખી થાઉં, બીજાને દુઃખી કરીને પણ સુખી થાઉં. એ ભાવના કે એવી વૃત્તિ બહુ જ ખરાબ છે. કયારેય પણ બીજા કોઈ પણ નાના-મોટા જીવને દુઃખી કરીને પોતે સુખી થવાનો વિચાર માત્ર પણ ન કરવો. ચોરી કરીને દાન કરવાનું, કે ધાડ પાડીને લૂટફાટ કરીને મંદિર બંધાવવાનું કે દાન–પુણ્ય કરવાનું ભગવાને નથી શિખવાડયું.

બીજાને દુઃખ આપીને સુખ મેળવવાની ઘેલછા મહા નુકસાનકારક છે. એ સુખ કયારેય ટકતું નથી. એ થોડાક દિવસોમાં દુઃખમાં પરિણમી જશે. જે દુઃખ બીજાને આપ્યું છે ચોક્કસ તે કાળાન્તરે પોતાના માથે આવવાનો જ છે એમ કર્મનો સિદ્ધાંત સમજીને ચાલવું જ હિતાવહ છે.

બીજાને દુઃખ આપીને તેના ભોગે હું સુખી થાઉં એ વૃત્તિ મહાપાપ છે. જ્યારે મારા ભોગે, હું દુઃખી થઈને પણ બીજાને સુખી કરૂં એ મહાન ધર્મ છે. ચોક્કસ સુખ આપવાથી સુખ મળે છે તેમ જ દુઃખ આપવાથી દુઃખ મળે છે પરંતુ આજે આ પ્રવૃત્તિ–વૃત્તિ જીવોમાં ભાગ્યે જ દેખાય છે કોઈ વીરલા આત્માઓ આ સિદ્ધાંતને અનુસરતા હશે.

હું મારા ભોગે બીજાને સુખ આપું એજ પરોપકાર ધર્મ છે પરોપકાર કરનારો સ્વઉપકાર પણ કરે જ છે. બન્ને શબ્દોમાં ઉપકાર શબ્દ સરખો જ છે. ફરક માત્ર સ્વ અને પરનો છે "**परहितनिरता भवन्तु भूतगणाः**"— આ પ્રમોદ ભાવનાના વિષયમાં જો એમ ચિંતવીએ કે સર્વજીવો પરહિત કરવામાં રત થઈ જાઓ. તત્પર બની જાઓ. બધા જીવો જો પરોપકારી બની જાય તો કેટલું સારું ? આ ભાવના ભાવવી સહેલી છે પરંતુ ભાવના પ્રમાણે આચરણ કરવું બહુ જ મુશ્કેલ છે.

**કરૂણા અને ઇશ્વર**

Oh ! God. Thou name is mercy.
Oh ! God Thou are mercyfull.

હે ઈશ્વર ! તારૂં નામ જ દયા છે. હે ઈશ્વર ! તું કરૂણાલુ છે દયાળુ છે. કરૂણામૂર્તિ, કરૂણાસાગર, કરૂણાના ભંડાર વગેરે વિશેષણો આપણે ઈશ્વર કે પરમાત્મા માટે વાપરીએ છીએ અને બીજી બાજુ ઈશ્વરને જગતનો રચયિતા, કર્તા અને હર્તા કહેવો એ કેટલુ હાસ્યાસ્પદ છે. ઈશ્વર જ્યારે કરૂણાભાવથી ભરેલો છે અને માનો કે તે સૃષ્ટિની રચના કરે છે તો ઈશ્વરની રચેલી સૃષ્ટિમાં વિચિત્રતા, વિષમતા અને વિવિધતા શા માટે દેખાય છે ? એક સુખી અને બીજો દુ:ખી, એક રાજા અને બીજો રંક, એક અમીર અને બીજો ગરીબ, એક ઉચ્ચ અને બીજો નીચ શા માટે દેખાય છે ? આવી તો અનેક પ્રકારની વિષમતા સંસારમાં નજરે દેખાય છે. અરે ! એક જડ મશીનની

ડાઈમાંથી ૧ લાખ ગ્લાસ પણ એક સરખા નિકળે છે તો પછી કરણાળુ—દયાળુ ઈશ્વરની બનાવેલી સૃષ્ટિ એકસરખી કેમ નથી દેખાતી ? માટે ઈશ્વરને જગતનો કર્તા માનવા કરતા કર્મજન્ય આ સંસાર છે. કર્મજન્ય આ જીવો સુખ–દુઃખ પામે છે. અને કર્મ ઇશ્વરે કરેલા નથી. દરેક જીવે પોતે કરેલા શુભ અને અશુભ કર્મો પ્રમાણે તેને સુખ–દુઃખ, સદગતિ કે દુર્ગતિ કર્મો પ્રમાણે મળે જ છે. માટે ઈશ્વરને વચ્ચે લાવવાની કોઈ આવશ્યકતા જ નથી, અને કર્મ તો જડ છે જીવે પોતે શુભાશુભ બાંધેલા છે. માટે તેને દયાળુ કે કરુણાલુ કહેવાની કોઈ આવશ્યકતા જ નથી. આમ દયાળુ કહીને ઈશ્વરને વિષમ સૃષ્ટનો કર્તા માનીને ઈશ્વરની મશ્કરી કરવાની મોટી ભૂલ કરવા જેવી નથી. દયા અને કરુણા હોય ત્યાં વિષમતા, વિવિધતા કે વિચિત્રતા નથી દેખાતી. સર્વ જીવ માત્ર ઉપર સમાન ભાવે એકસરખી કરૂણા વરસાવે તે ઈશ્વર, તે જ પરમાત્મા.

## પરમાર્હત કુમારપાલની કરૂણાભાવના

ગરવી ગુજરાતનો સૂત્રધાર અને ઘડવૈયો અગિયારમી સદીનો બેતાજ બાદશાહ મહારાજા કુમારપાળે કલિકાળસર્વજ્ઞ હેમચન્દ્રાચાર્ય મહારાજ પાસેથી જૈન ધર્મ સમજીને પ્રતિબોધ પામી આદર્શ જૈન બન્યા હતા. ક્ષત્રિયવંશનો રાજવી અહિંસક પરમાર્હત બન્યા હતા. અહિંસા ક્યારેય દયા–કરૂણા વિના ટકતી જ નથી. ચીન–આફ્રિકા જેવા દેશોમાંથી જ્યાં દયા-કરૂણા ભાવના નષ્ટ થતી જાય છે ત્યાં હિંસાનું પ્રમાણ વધતુ જાય છે અને સાંભળવા પ્રમાણે માનવમાંસના ભક્ષક પણ બનતા જાય છે. દયા–કરૂણા જતા એનું સ્થાન હિંસક અને ક્રૂરતા લેતી જાય છે. પરિણામે હિંસાનું તાંડવ આજે ચારે બાજુ વધતુ જાય છે. એકબીજા પ્રત્યે વૈમનસ્ય વધતું જાય છે. દ્વેષના કારણે વૈરવૃત્તિ વધે છે અને એકબીજાનો નાશ કરવાની ભાવના જગાડે છે. પરિણામે ઘાતક–વિનાશક શસ્ત્રોનું પ્રમાણ વધતુ જાય છે આજની આ શસ્ત્રદોટ નિર્દયતા, હિંસકવૃત્તિ અને ક્રૂરતાનું પરિણામ છે. નિષ્ઠુરતા અને ક્રૂરતા, દયા–

કરૂણાનું વાતાવરણ નથી સર્જી શકતી. જીવ માત્ર પ્રત્યે કરૂણા અને દયા જાગે, તેનાથી જો જીવ માત્ર પ્રત્યે મૈત્રી ભાવના જાગે તો કોઈને મારવાની નિર્દયતા કે ક્રૂરતા જ નહી આવે. માટે જગતમાં વિશ્વશાંતિ તો મૈત્રી-કરૂણા જેવી ભાવના જ લાવી શકશે.

પરમાર્હંત કુમારપાળ રાજાના પગ ઉપર બેઠેલી લાલ કીડી પોતાના કાંટા ચામડીમાં ફસાવીને લોહી ચાટવામાં મસ્ત છે. એવી વેદનાનો અનુભવ તો ઘણાંને હોય છે. હવે એ કીડીને છોડાવવી કેવી રીતે ? કીડીનું શરીર બહુ જ નાનું છે અને નખ વડે પકડીને ખેંચવા જતા કીડીના શરીરના બે ટુકડા થવાની પણ સંભાવના છે અને કુમારપાળ આવું પાપ કરવાની વિચારણાવાળો નથી. જેવો મને મારો જીવ વહાલો છે એવો જ બધાને પોતપોતાનો જીવ વહાલો છે એક કીડી ન મરે એ માટે રાજા કુમારપાળભૂપાળે ચપ્પુથી પોતાની એટલી ચામડી જ કાપી કાઢી અને દૂર છાયામાં મૂકી દીધી. કીડી પણ બચી ગઈ અને કીડીને પોતાનો આહાર પણ મળી ગયો બે ટીપાં લોહીમાં માનવીની કાયામાંથી કંઈ ઓછું નથી થઈ જતું. આજે માનવ જ્યાં ૧-૨ બાટલી લોહી દાનમાં આપી દે છે તો શું તે ૧-૨ ટીપાં લોહી કીડી કે મચ્છર માટે દાન ન કરી શકે ? તો શું માણસ પ્રત્યે જ દયા-કરુણા રાખવી ? અને કીડી-મચ્છર માટે ન રાખવી ? શું એમાં જીવ નથી ? બન્નેમાં જીવ સરખા જ છે. માણસ મરીને તેનો આત્મા કીડી-મચ્છરની ગતિમાં જન્મી શકે છે અને કીડી-મચ્છરનો જીવ ફરતો-ફરતો માણસ પણ થઈ શકે છે. શરીરનું નાના-મોટાપણું કંઈ જ મહત્ત્વનું નથી. તે તો જીવના કર્માનુસારે મળે છે, અને આત્મા પોતાના સંકોચ-વિકાસશીલ સ્વભાવના કારણે નાના-મોટા કીડી-માણસ-હાથી જેવા શરીરોમાં રહી શકે છે. જેમ પ્રકાશનો ગોળો જેમ નાના ડબ્બામાં, નાની રૂમમાં અને પછી મોટા હોલમાં રહી શકે છે અને જેટલી જગ્યા તેટલો પ્રકાશ પાથરીને રહે છે. તે જ પ્રમાણે આત્મા સંકોચ-વિકાસ ગુણના કારણે નાના-મોટા શરીરમાં રહી શકે છે. માટે કરુણા ભાવનાની દૃષ્ટિમાં નાના-મોટા બધા જ જીવો સમભાવે છે. અવધ્ય છે.

## ભૂતદયા અને મનઃપ્રસાદ

મનઃપ્રસાદ અર્થાત્ માનસિક સુખ, સંસારમાં કેટલાક જીવો દેહ-સુખથી સુખી છે અને કેટલાક માનસિક સુખથી પણ સુખી છે. કેટલાક બન્ને રીતે સુખી છે અને કેટલાક બન્ને રીતે દુઃખી પણ છે. કેટલાક માનસિક રીતે દુઃખી અને દેહસુખે સુખી છે, તો કેટલાક માનસિક રીતે સુખી છે અને દેહરોગે દુઃખી છે. આ રીતે જ્યાં સુખ-દુઃખ છે ત્યાં સંસાર છે અને સંસાર છે ત્યાં સુખ-દુઃખ રહેવાના જ છે. જ્યાં સંસાર નથી અર્થાત્ મોક્ષ છે ત્યાં સંસારનાં સુખ-દુઃખો પણ નથી. અનન્ત સુખ જ સુખ છે. સચ્ચિદાનન્દ-આનન્દ છે.

ભૂત એટલે જીવ. "ભૂત-ગણાઃ" અર્થાત્ સર્વજીવો અને "ભૂતદયા" અર્થાત્ પ્રાણીઓ ઉપર દયા. કરુણાભાવનાના સાધકના હૈયે દયા-કરુણા વસી હોય તો એના માટે તો સર્વજીવ પ્રત્યે સમભાવ હોવો જોઈએ. સર્વ જીવો ઉપર એકસરખી કરુણા-દયા રાખવી જોઈએ. "मा हण, मा हण", "मा हिंस्यात् सर्वभूतानि" - શ્રીમહાવીરસ્વામીએ આ ઉપદેશ વડે કોઈ પણ જીવને મારશો નહીં એમ કહ્યું છે. આ જ અહિંસા ધર્મ છે. જીવોને ન મારવા માટે જ દયા-કરુણા ભાવના બતાવી છે. દયા-કરુણા જીવને જીવ સરખા જ જુએ છે, અર્થાત્ મારા જેવા જ બધા જીવો અને બીજા જેવો હું માટે દુઃખ કે મૃત્યુ જે મને નથી ગમતાં તે દુઃખ હું બીજાને કેમ આપું? તે મોત હું બીજાનું કેમ નિપજાવું? અર્થાત્ બીજાને કેમ મારું?

શ્રીદશવૈકાલિક આગમમાં જણાવ્યું છે કે સર્વે જીવોને જીવવું ગમે છે, કોઈને પણ મરવું નથી ગમતું. તેથી હે નિર્ગન્થ સાધુઓ! પ્રાણીવધ (જીવહિંસા)નું ઘોર પાપ તું કરીશ નહીં. માટે પ્રાણીવધ વર્જ્ય છે, હિંસા વર્જ્ય છે. એક જીવને મારવામાં બન્ને પક્ષે મહાદુઃખ છે. મરનાર તો દુઃખ અનુભવે જ છે, અને મારનાર ભારે કર્મ બાંધીને

હિંસાના કારણે નરક જેવી ભયંકર દુઃખદાયિ ગતિમાં જન્મીને લાખો વર્ષો સુધી અસહ્ય વેદના ભોગવીને દુઃખી-દુઃખી થવાનો છે. એકનું દુઃખ તાત્કાલિક છે અને બીજાનું દુઃખ કાળાન્તરે છે, પરંતુ બન્ને પક્ષે મહાદુઃખ છે જ્યારે દયા-કરુણામાં બન્ને પક્ષે સુખ છે. બચનાર પણ સુખી અને બચાવનાર પણ સુખી, બન્નેને મહાન આનન્દ થાય છે. મનઃપ્રસાદ અર્થાત્ માનસિક સુખનો અનુભવ થાય છે, અને આવો આનન્દ તો એક કરુણાળુ-દયાળુ જ અનુભવી શકે છે. આ અનુભવ-ગમ્ય છે.

## દ્રવ્ય અને ભાવ કરુણા ભાવના

કરુણા ભાવના અર્થાત્ કરુણાને માત્ર ભાવવા પૂરતી જ રાખવી અને વ્યવહારમાં સક્રિય બનીને કંઈ જ ન કરવું એવી આ ભાવના નથી. હા, જરૂર આ ભાવના છે. એટલે મનોયોગમાં ભાવવી જોઈએ પરંતુ સાથે સાથે દીન-દુઃખી-અનાથને યથાશક્તિ કંઈક આપવું પણ જોઈએ. દુઃખિયાનાં દુઃખ દૂર કરવા યથાશક્ય પ્રયત્ન પણ અવશ્ય કરવા જોઈએ. સાધનસામગ્રી આપીને પણ બીજાનું દુઃખ દુર કરવું જોઈએ કોઈપણ દુઃખી કે ત્રસ્ત આત્માને માત્ર એટલું જ કહેવું કે ભાઈ ! શું કરું તમને ખૂબ દુઃખ આવી પડ્યું છે. અરે રે ! આટલું બધું દુઃખ શા માટે ? અરે ! આ દુઃખ સારું નથી વગેરે..વગેરે. આવા શબ્દો બોલવા માત્રથી શું સામાવાળાનું દુઃખ દૂર થઈ જશે ? હા ! પ્રથમ તબક્કે માનસિક આશ્વાસન આપવાની ખૂબ જરૂર છે. તે પણ આવશ્યક છે. જગતમાં જીવો અનેક રીતે દુઃખી જોવા મળે છે. સંભવ છે કે કોઈ સુખી-સંપન્ન અને શ્રીમંત માણસ પુત્રના મૃત્યુથી અથવા ચોરી થવાથી દુઃખી છે, ખૂબ ત્રસ્ત છે. તો એવા માણસનું દુઃખ દૂર કરવા કોઈ પણ કરુણા ભાવના નો અધિકારી પુત્ર કે લાખો રૂપિયા આપીને તો એને સુખી કરવાનો નથી. ત્યાં જરૂર આશ્વાસન આપીને સુખી કરવો જોઈએ, પરંતુ સંસારમાં જ્યાં ઘણી વસ્તુઓ આપી પણ શકાય છે, કંઈક કરી પણ

શકાય છે ત્યાં અવશ્ય આપીને કે કરીને પણ કરુણા ભાવનાને ચરિતાર્થ કરવી જોઈએ. તે માટે મહાપુરુષોએ આ કરુણા ભાવનાને બે વિભાગમાં વહેંચી છે : (૧) એક તો દ્રવ્યકરુણાભાવના, અને બીજી (૨) ભાવ-કરુણાભાવના. બનતા પ્રયત્ને દીન-દુઃખી કે અનાથ, અસહાય, નિરાધાર કરુણાપાત્રને કંઈ પણ વસ્ત્ર, પાત્ર, અન્ન-પાણી, ધન-દ્રવ્યાદિ આપીને એનું દુઃખ દૂર કરવા પુરૂષાર્થ કરવો, ઘટતું કરવું તે દ્રવ્ય-કરુણાભાવના છે. દુઃખી માણસને આપણે કહીએ કે ભાઈ ! હું તારા માટે કરુણા રાખું છું, મને તારી બહુ જ દયા આવે છે. મને ખૂબ હમદર્દી છે. આટલું કહીને પણ સામાવાળા દુઃખીની જરૂરિયાત પ્રમાણે યથાશક્તિ આપી ન શકીએ-હોવા છતાં ન આપીએ તો આપણી ભાવના કેવી ગણાશે ? સામાવાળા દુ ખીને શું આપણે સાચા દયાળુ લાગશું ?

તો શું સંસારમાં બધા જીવોનું દુઃખ દૂર કરવાનો આપણે ઈજારો લીધો છે ? અને કર્માધીન દુઃખના ઉદયવાળા સર્વ જીવોનું દુઃખ આપણે વળી ક્યાંથી દૂર કરી શકવાના ? કારણ જીવમાત્ર કર્માધીન છે. જેવાં પાપકર્મો એ જીવે ગત જન્મોમાં કર્યાં હશે તેના દારુણ વિપાકોના કારણે આજે મહાદુઃખ ભોગવી રહ્યો છે, તો તેમાં આપણે શું કરી શકવાના ?

આપણે સર્વજીવોનાં બધાં દુઃખો તો ક્યાંથી દૂર કરી શકવાનાં ? ના, શક્ય જ નથી માટે એવા સમયે ભાવકરુણાની ભાવના ભાવવી.

અહીંયાં એ પ્રશ્ન ઉત્પન્ન થાય છે કે કરુણાભાવના ભાવવાથી ફાયદો-લાભ કોને થવાનો ? ભાવના ભાવનારને લાભ થવાનો કે જેના માટે ભાવના ભાવીએ છીએ તેને લાભ થવાનો ? જો કર્માધીન જગત છે અને તેતે જીવમાત્ર પોતપોતાના ભારે પાપકર્મના કારણે દુઃખી છે તો આપણી ભાવના ભાવવાથી પણ શું થવાનું છે ? એ જીવને શું લાભ ? એનું તો દુઃખ દૂર થાય તેમ નથી તો શા માટે ભાવના ભાવવી ? તો ભાવનાયોગ જ ઊડી જશે.

ના. ભાવના ધર્મ વ્યર્થ કે નિરર્થક નથી. જરૂર ભાવનાયોગ "स्वान्तः सुखाय" માટે છે, પોતાના માટે છે. ભાવના ભાવવાથી જેને માટે ભાવીએ છીએ તેને સુખ મળે કે ના મળે પરંતુ આપણા આત્માને તો ખૂબ લાભ છે. આપણી કર્મ નિર્જરા થાય છે, અધ્યવસાયની શુદ્ધિ થાય છે, મનઃશુદ્ધિ થાય છે, વિચારોમાં નિર્મળતા અને પવિત્રતા આવે છે. હૈયું કુણું બને છે, દયાળુ, કરૂણાળુ બને છે. નિર્દયતા–ક્રૂરતા, હિંસકતા ચાલી જાય છે. આ રીતે ભાવનાયોગ અને ભાવયોગની સાધના ભાવના ભાવવામાં અદ્ભુત પડી છે.

## ભાવ કરુણાભાવના ( ભાવદયા )

ભાવના ધર્મ અને ભાવના યોગ સર્વ જીવો માટે છે, મનોયોગનો ધર્મ છે. માટે કોઈ પણ જીવ ભાવના ભાવી શકે છે. એક નિર્ધની સાધારણ માણસ પણ ભાવના ભાવી શકે છે, અને મોટો સંપન્ન રાજા, મહારાજા અને ચક્રવર્તી કે ઈન્દ્ર પણ ભાવના ભાવી શકે છે. એક સાધુ–સંત પણ ભાવ કરૂણા ભાવના ભાવી શકે છે, આવી ભાવ દયા ભાવવાથી તો ભાવદયાનું સ્વરૂપ જણાવતા કહે છે કે

વીશસ્થાનક તપ વિધિએ કરી, એસી ભાવદયા દિલમાં ધરી ।
જો હોવે મુજ શકિત ઈસી, સવિજીવ કરૂં શાસન રસી;
શુચિરસ ઢળતે તિહાં બાંધતા, તીર્થંકર નામ નિકાચતા ॥

હે પ્રભુ ! જો મારામાં એવી શક્તિ હોત તો તો હું બધા જીવોને દુઃખમાંથી મુક્ત કરી દઉં. જીવમાત્રને શાસનના અર્થાત્ ધર્મના રસિક બનાવી દઉં, કારણ જીવ શા માટે દુઃખી છે ? ભારે પાપકર્મ કર્યા છે. તે કર્યા કર્મના કારણે દુઃખી છે, દુઃખ ભોગવી રહ્યો છે, કર્મ શા માટે કર્યાં ? ભારે અજ્ઞાનતાના કારણે જીવે મોહવશ કર્મ બાંધ્યાં છે. પરંતુ ભવિષ્યમાં ફરીથી આવી અજ્ઞાનતાને વશ થઈને એવા ઘોર પાપકર્મ ન બાંધે અને દુઃખી ન થાય તે માટે સર્વજીવને હું ધર્મી

બનાવી દઉં, ધર્મ સમજાવી દઉં જેથી એ જીવોની અજ્ઞાનતા ટળી જાય અને જ્ઞાનદશા જાગ્રત થઈ જાય. એ માટે શાસનના ( ધર્મના ) રસિક બનાવી દઉં, ધર્મસન્મુખ ( ધર્માભિમુખ ) અને ધર્મરુચિ બનાવી દઉં જેથી એનાં બધાં જ દુઃખો દૂર થઈ જાય અને પરંપરાએ અર્થાત્ સુખના ધામનો યાત્રી બને. આવી પવિત્ર ભાવનાને ભાવદયા કહી છે. આ એક મહાન પ્રાર્થના છે. કરૂણાથી છલોછલ ભરેલી ભાવના છે સહૃદયી કરૂણાળુ આત્મા જ ભાવના ભાવી શકે છે જેમાં ભાવુક સાધકની પાસે આજે એવી શક્તિ નથી એટલે "જો હોવ મુજ શક્તિ ઇસી", અર્થાત્ " જો મારી પાસે આવી શક્તિ હોય તો..." એ એના અંતરની ભાવના છે, ઉમંગ છે અને એ ભાવના ભાવતા ભાવતા પવિત્ર નિર્મલ અધ્યવસાયમાં વીશસ્થાનક તપ કરતો સાધક તીર્થંકર નામકર્મ બાંધે છે. અર્થાત તીર્થંકર થવાનું મુકરર નક્કી કરે છે અને આગામી ત્રીજા ભવે એ આત્મા અવશ્ય ભાવના પ્રમાણે ભાવેલી શકિત મેળવીને તીર્થંકર પરમાત્મા થાય છે. એક જ ભવ વચ્ચે-દેવ-નરકનો કરીને મનુષ્ય જન્મમાં આવીને તીર્થંકર બને છે. અને જેવી ભાવના ભાવી હતી..તેવું ચરિતાર્થ કરી બતાવે છે.

સર્વજ્ઞતા અને વીતરાગપણું પામીને તીર્થંકર બની ધર્મતીર્થની સ્થાપના કરી ચતુર્વિધ સંઘની સ્થાપના કરે છે અને સમવસરણમાં બેસીને જીવોના અજ્ઞાનને નાશ કરવા દેશના દ્વારા ઉપદેશ આપે છે. ઘણાં ભવિ જીવો ઉપદેશ શ્રવણ કરી અજ્ઞાનતા-મોહ ઓછા કરી જ્ઞાનદશા જાગૃત કરી પાપનો ત્યાગ કરે છે, પાપ ન કરવાની પ્રતિજ્ઞા ( પચ્ચક્ખાણ ) કરે છે. વિરતિવંત બની સાધુ કે શ્રાવક બને છે. અને ધર્મમય-આરાધક ભાવ કેળવી જયણા, અહિંસા અને ઉપયોગનો ધર્મ પાળે છે. પરિણામે ખરેખર પાપ ન કરવાથી ઉત્તરોત્તર મહાસુખી બને છે. ઉચ્ચ દેવ અને મનુષ્યગતિ પામે છે. ધર્મ પામે છે. સાચો માર્ગ સમજે છે. અને આરાધે છે પરંપરાએ કર્મક્ષય કરીને મુક્તિધામમાં અનન્ત સુખ પામીને અનન્તકાળ માટે સંસારને અને સંસારનાં દુઃખોને છેલ્લી વિદાય સાથે સલામ ભરીને સિદ્ધપદે બિરાજમાન થાય છે. સિદ્ધ,

બુદ્ધ, મુક્ત, નિરંજન–નિરાકાર બની જાય છે.

## કરૂણામૂર્તિ મહાવીર—

દુઃખીજનવત્સલ પરમકરૂણાળુ ભગવાન શ્રીમહાવીર પ્રભુએ સંસારી અવસ્થામાં ગૃહસ્થ વેશે એક વર્ષ સુધી અબજોની સંખ્યામાં સોનામહોરોની વર્ષા વર્ષાવી "વર્ષીદાન" (વાર્ષિક દાન) આપ્યું. ધન–ધાન્ય, વસ્ત્ર, પાત્ર, સોનું, રૂપુ, હીરા–મોતી વગેરે લોકોને યથેચ્છ અને અઢળક આપીને દ્રવ્યદયા કરી. લાખો માણસોનાં દુઃખનાં આંસુ લૂછી સંસાર છોડયો. સર્વસ્વ છોડી દીધું. મહાભિનિષ્ક્રમણ કરી એકાકી આત્મસાધનાના માર્ગે જંગલની કેડીએ નિકળી પડયા. એક દરિદ્ર યાચકની યાચનાથી પોતાના ખભા ઉપરનું એક માત્ર વસ્ત્ર પણ આપી દીધું. અને પોતે ભલે નિર્વસ્ત્ર રહ્યા. આ હતી અપાર કરૂણા, અસીમ દયા જ્યાં વ્યક્તિ પોતાનો વિચાર પણ ન કરતા, પોતા માટે કંઈ પણ ન રાખતા સર્વસ્વ આપી દે છે એ દયા કે કરૂણાને તો આપણે કયા શબ્દોમાં માપી શકીએ ? એ શબ્દાતીત અવક્તવ્ય છે.

## અસીમ કરૂણાથી ચંડકૌશિકનો ઉદ્ધાર—

શ્રી અરવિન્દ મુનિએ હાથીનો ઉદ્ધાર કર્યો અને તે હાથીનો જીવ અર્થાત્ મરૂભૂતિનો આત્મા દશમા ભવે ભગવાન પાર્શ્વનાથ બન્યો. શ્રી મુનિસુવ્રતસ્વામીએ અપાર કરૂણાથી એક અશ્વ (ઘોડા)નો ઉદ્ધાર કર્યો. જેની સાક્ષી અશ્વાવબોધતીર્થ આજે પણ આપી રહ્યો છે.

—લગ્નના માંડવેથી જાન પાછી ફેરવીને નેમકુમારે અનેક અબોલ મુંગા નિરપરાધી પશુઓનો ઉદ્ધાર કર્યો. અને સ્વયં આજીવન આબાળ બ્રહ્મચારી રહ્યા. રાજુલને પણ મુકિત અપાવી અને સ્વયં પણ સદાના માટે મોક્ષે બિરાજમાન થયા.

—એક પારેવા ઉપર અપાર કરૂણા કરી નિરાધાર અસહાયને શરણુ આપી તેની રક્ષા કાજે સ્વશરીરનું માંસ કાપીને બાજ પક્ષીને આપ્યું.

અંતે ત્રાજવામાં આખા બેસીને પોતાનું આખું શરીર એક પારેવા જેવા પક્ષીની રક્ષા કાજે સોંપી દીધું. આવી અપાર કરૂણાના સ્વામી મેઘરથ રાજા સોળમાં શાંતિનાથ ભગવાન થયા.

—આરાધકમાંથી વિરાધક થયેલા અને સાધુમાંથી સર્પ બનેલા ચંડકૌશિકના ઉદ્ધારાર્થે શ્રીમહાવીર પ્રભુ પોતાની સાધકાવસ્થામાં કનકખલ આશ્રમે પધાર્યા. ગામના ગોવાળિયાઓએ નમ્ર ભાવે ભવગંતને આ માર્ગે ન જવાની ખૂબ વિનંતિ કરી :

"જાશોમાં પ્રભુ! પંથ વિકટ છે...
ઝેર ભર્યો એક નાગ નિકટ...છે"

પરન્તુ કરૂણામૂર્તિ મહાવીર એક એવા જીવને તારવા માટે પધારી રહ્યા હતા કે જે ઘણાંનો ભક્ષક હતો. અરે! જે છ કાય જીવોનો રક્ષક હતો તે આજે બધાનો ભક્ષક બન્યો છે. એકને તારવાથી અનેકોનો ઉદ્ધાર થશે. માટે મહાવીર આવીને આશ્રમમાં કાયોત્સર્ગ ધ્યાનમાં ઉભા રહ્યા

ચડકૌશિક સર્પે આવીને ભયંકર ડંખ દીધા પરંતુ સમતામૂર્તિ મહાવીર તો ધ્યાનમાં અડગ જ રહ્યા. ત્રીજા ડંખના અંતે મહાવીરના પગના અંગૂઠામાંથી દૂધના જેવા શ્વેત રંગ જેવું સફેદ લોહી જોઈને આશ્ચર્ય પામેલો સર્પ ઠંડો થયો અને મહાવીર પ્રભુએ બુજઝ... બુજઝ......ચંડકૌશિક! હે ચંડકૌશિક શાન્ત થા...શાન્ત થા...

કરૂણામૂર્તિના સ્નેહાળ અને પ્રેમાળ શબ્દોની જાદુઈ અસરથી ચંડકૌશિક શાન્ત થયો. બસ ઉહાપોહ કરતા જાતિસ્મરણ જ્ઞાન થયું અને પોતાનો જ પૂર્વ ભવ તાપસ અને સાધુનો દેખાવા માંડયો. શાંત થઈને અર્થાત્ ક્રોધકષાયને ટાળીને દરમાં મોઢું રાખી શરીરને બહાર રાખીને એક જાગ્રત આત્મા આત્મસાધનામાં સ્થિર થયો. ભાવના યોગ અને ધ્યાન યોગ શરૂ થઈ ગયા.

પંદર દિવસની અનશનની તપશ્ચર્યા અને ચાલણી જેવું શરીર

કરતી કીડીઓ ઉપર પણ અપાર કરૂણા ભાવના ચિંતવીને પડખું પણ ન ફેરવતો ચંડકોશિક ઘણાં કર્મ ઓછા કરી મરીને આઠમા સહસ્રાર સ્વર્ગે ગયો. નરકગામી સર્પ સ્વર્ગગામી બન્યો.

—લાકડામાં બળતા નાગને બહાર કઢાવીને કમઠને દયાધર્મ સમજાવી શ્રીપાર્શ્વ પ્રભુએ સૈનિક મુખેથી અર્ધદગ્ધ સર્પને નવકાર સંભળાવી નાગરાજ ધરણેન્દ્ર બનાવ્યો.

કરૂણાના સ્વામી શ્રીપાર્શ્વ અને મહાવીર પરમાત્માની કરૂણા કેટલી અપાર અને અસીમ હશે ! વંદન હો એ વિરલ વિભૂતિને જે કરૂણાના સાગર અને દયાના ભંડાર કહેવાયા.

દુ:ખથી ભરેલો આ સંસાર

અને કરૂણાથી ભરેલી ભાવના.......

—સંસાર એ દુ:ખનો દરિયો છે. અને ભાવના એ સુખનો સાગર છે. કરૂણાલુ આત્માજ સંસારના દુ:ખોને સારી રીતે સમજી શકે છે. અને કરૂણાલુ દયાળુ આત્માજ સંસારના દુ:ખોને ટાળી શકે છે. દીન-દુ:ખીના દુખના આંસુને લૂછનાર એકમાત્ર દયાળુ-કરૂણાલુજ છે.

સંસારમાં જીવો અનંતા અને એક એક જીવ આશ્રયિ દુ:ખો કેટલા છે ? તો તે પણ અનન્તા છે. અર્થાત સંસાર અનન્ત દુ:ખોથી ભરેલો છે. દુ:ખોનો કોઈ પારજ નથી, કોઈ એક રીતે દુ:ખી છે તો કોઈ બીજી રીતે. બહુ ઓછા જીવો સંસારમાં સુખી છે. અને સુખી પણ પાછા સર્વ રીતે કે સંપૂર્ણપણે સુખી નથી. દુ:ખી કરતા કંઈક થોડુ વધારે છે માટે દુ:ખીની અપેક્ષાએ એ સુખી ગણાય. પરન્તુ સુખીની અપેક્ષાએ તો મહાદુ:ખી ગણાય. કોઈને ધન સંપત્તિ ઘણી મળી હોય.... પરન્તુ સંતાનના અભાવે દુ:ખી હોય. અને કોઈને સંતતિ ઘણી હોય પરન્તુ સંપત્તિના અભાવે દુ:ખી છે. કોઈને ત્યાં

ખાવાનુ નથી અને કોઈને ત્યાં ખાનાર નથી. હકીકત છે કે સંસારમાં પૂર્ણ સુખી કોઈ નથી. તેમાં પણ સંસારનો રાગી તો બિચારો મહાદુઃખી જ્યારે સંસારનો ત્યાગી મહાસુખી છે. સુખ રાગમાં નથી પણ ત્યાગમાં છે. રાગી સુખી નથી પણ ત્યાગી સુખી છે. માટેજ કહ્યુ છે કે ભોગી મટીને ત્યાગી બનો. સંસાર ભોગવવા માટે નથી પણ ત્યાગ કરવા માટે છે. ભોગવનારો તો બિચારો વધુ ને વધુ દુઃખના ખાડામાં ફસાતો જાય છે.

—સંસારમાં કેટલાય અનાથ બાળકો જે માતા-પિતાના અભાવે કે વિયોગે દુઃખી છે. જન્મતા માતાને ગુમાવનાર, કે બાલ્ય વયે માતા-પિતા બન્ને ને ગુમાવનાર કેવા દુઃખને અનુભવતો હશે વિચાર કરો. દુઃખી માત્ર ખરેખર દયાને પાત્ર છે. જ્ઞાનીઓની નજરે આખો સંસાર દયાને પાત્ર છે. સંસારી જીવની દયા તો ચિંતવીએ એટલી ઓછી છે.

—શ્રેણિક રાજાએ અનાથી મુનિને ઘણું કહ્યુ. પ્રલોભનો દેખાડયા હું તારો નાથ થવા તૈયાર છું. તારો મા-બાપ થવા તૈયાર છું...પરન્તુ જ્યાં સગા માતા-પિતા પોતાના થયા નથી. તે પણ રોગ મટાડી શકયા નથી. તો પછી બીજાની વાત તો કયાં કરવી ? સગા માતા-પિતાનો સ્નેહ સંબધ છોડી અને પત્ની ની પ્રીત તોડીને પરમપિતા પરમાત્માનો સાચો માર્ગ પકડયો અને આત્મકલ્યાણ સાધ્યો. સાચા અણગાર એ શાસનના શણગાર બન્યા.

—અનેક વૃદ્ધ માતા-પિતાઓ બિચારા અસહાય નિરાધાર બની ગયા છે. વિલાસી પુત્રો એક પર ઘરની કન્યાને પોતાની બનાવીને તેમાં કામાન્ધ બનીને પોતાના-માતા-પિતાને ઘરમાંથી બહાર કાઢી નાંખ્યા છે. વહુ તો સાસુને ટકવા દે તેમ નથી. અરે રે ! ઘરડે ઘડપણે બિચારા મા-બાપનું શું થશે ? હે કરૂણાલુ આ જીવોનો પણ ઉદ્ધાર કર.

—બિચારી બાળ વિધવા નાની ઉંમરની વિધવા કે જેને હવે હડકાયા કુતરા ની જેમ બન્ને ઘરની ઠોકરજ ખાવાની તેનું શું થશે

સૌભાગ્યથી વંચિત થયેલી વિધવા નિરાધાર–નિસહાય બની ચુકી છે. સમાજમાં ભાર બની ગઈ છે. અરે ! તેના શિયળ અને ચારિત્રની રક્ષા કોણ કરશે ?

અરે ! ભૂખરાંડ ભૂંડી ! કેટલાય માસૂમ બાળકોનો ભોગલેનારી ભૂખને દયાપણ નથી આવતી. હે નિર્દય ભૂખ ! તે કેટલાને રહેંસી નાંખ્યા છે. નાના ભૂલકાઓ અને મૂંગા પશુઓ ને માંની ગોદમાં નહીં પણ ધરતીની ગોદમાં ભૂખ્યા પેટે સમાઈ જવુ પડયું છે. અરે ! દુનિયાની અર્ધી વસતિ એક ટંક પણ પુરતું ખાવા નથી પામતી.

હાશ ! રોગો વડે ઘેરાયેલા બિચારા સેંકડો જીવતાજ કબર ખોદીને તૈયાર બેઠા છે. અરે ! મરવા ના વાંકે મોતની રાહ જોતા કેટલાય જીવલેણ રોગોમાં સબડી રહયા છે. ભારે રોગોથી ઘેરાઈ ગયા છે. કોઈ રકતપિત્ત, કોઈ ગળતકોઢ, કોઈ કેન્સર, અને કોઇ હૃદયરોગ, તો કોઈ ચામડીના અને કોઈ ટી. બી. વગેરેના ભયંકર મારક રોગોથી ઘેરાયેલા પડયા છે. શરીર એક અને રોગ અનેક. અરે ! કોઇ જીવનનો આધાર આંખ ગુમાવી બેઠો છે તો, કોઈ સ્વરુપવાન કરોડપતિના ઘરે જન્મીને પણ મૂંગો–બહેરો છે. કોઈ જન્મથી અપંગ છે. અરે ! કોઈ સાવગાંડો છે. ઘણાં વિકલાંગ છે. જન્મની ખોડ–ખાંપણ લઈને જન્મેલાનું શું થશે ? હે દયાળુ હૃદય ! તુ બરફની જેમ ઓગળી ને પણ તારૂ પાણી બીજાને પીવરાવ તુ આંધળાની લાકડી બની જા તું નિરાધારનો આધાર અને અસહાય નો સહાયક બની જજે.

એક બાજુ દરિદ્રતા ની ડાકણ અને બીજી બાજુ મોંઘવારીનો રાક્ષસ એ જીવને કેટલા ભીંસમાં લઈ રહયા છે ? કડકડતી ઠંડીમાં ઘણાંના શરીરે કપડા નથી. તો ઘણી બહેન–બેટીઓને લાજ ઢાંકવા વસ્ત્ર નથી. ઘણાંને રહેવા ઓટલો નથી. તો ઘણાંને ખાવા રોટલો નથી. ઘણાં બિચારા શિક્ષણ નથી મેળવી શકતા અને જીન્દગી ઘોર અજ્ઞાનદશામાં કાઢે છે. અજ્ઞાનતા બધા પાપોની જનેતા છે.

હે કરૂણાલું ! તારી કરૂણાને ગંગાના ધોધની જેમ વહેવડાવજે. હે દયાળુ ! તારી દયાને—વંટોળીયાની જેમ વહેવા દેજે. હે દુઃખી જનવત્સલ ! તારૂ વાત્સલ્ય જીવમાત્રને આપજે–હે નિરોગી ! અને અરોગી ! બધાને આરોગ્ય આપજે. હે નિરાધારી ! બધાને આધાર આપજે. હે નિઃસહાય ! બધાને સહાય કરજે. હે દયાસિન્ધુ બધા ઉપર અપાર દયા કરજે. હે અનન્ત જ્ઞાની ! જીવમાત્રને સમ્યગ જ્ઞાન આપજે. હે મહાગોપ ! હે મહામાહણ ! હે મહાનિર્યામક ! હે મહાસાર્થવાહ ! તારી કરૂણાનો વરસાદ સર્વત્ર સહુ ઉપર વરષાવજે.

રક્ષક તું છે માહરો, હું રક્ષણ માંગુ છું.
ચરણે આવી સ્વામી તમારા, દર્શન માગું છું..!
સાથી તું છે માહરો, હું સાથ માંગુ છું,
ચરણે આવી સ્વામી તમારો, હાથ માંગું છું ..!
ત્યાગી તુ છે માહરો, હું ત્યાગ માંગું છું,
ચરણે આવી સ્વામી તમારું, જ્ઞાન માંગુ છું..!
ભગવાન તું છે માહરો, હું ભકિત માંગુ છું,
ચરણે આવી સ્વામી તમારી, મુકિત માંગુ છું...!

હે દયાળુ ! નરકના ઘોર અંધારામાં કેટલા જીવો દુઃખની પીડા સહી રહ્યા છે. પરમાધામીની સજાના કેટલા ભોગ બન્યા છે. હે દીનબંધુ ! નરકની અસહ્ય વેદના ભોગવતા બિચારા નારકી જીવને કોણ છોડાવશે ? હે કૃપાળુ ! તિર્યંચ ગતિના બિચારા પશુ–પક્ષીઓનું કોણ ? પરસ્પર વેર–અને વૈમનસ્યને કોણ ભૂલાવશે ? હે તારક ! આ તિર્યંચોને કોણ તારશે. ? હે જગબંધુ ! લડતા બાંધવોને કોણ બચાવશે ? હે નાથ ! અનાથોનો નાથ કોણ બનશે ?

અરેરે..! આ દુઃખનો ભરેલો સંસાર, અરરે, આ દુઃખના દરિયાની ભરતીઅને ઓટની થપેડો ખાતા બિચારા જીવોનું શું થશે ? અરેરે. ઉકળતા તેલમાં તળાતા ભજીયાની જેવી યાતના ભોગવતા નારકીઓનું શું થશે ? હાશ. આ સંસારનું શું થશે ? અરે આ સંસાર જ

સિદ્ધિનુંધામ બની જાય તો કેટલું સારૂ.

હે કરૂણા ભાવના ! તુ મારા અંતરમાં ટકજે. તું મારા હૃદયમાં બિરાજજે. તારો આધાર અને તારો સાથ જ સંસારના દુઃખીયારા જીવોને આશ્વાસન આપી શકશે. હે પ્રભુ ! જીવમાત્ર પરોપકારી બનજો मा कार्षीत कोऽपि पापानि–કોઈ જીવ પાપ કરશોજ નહીં... मा च भूत्त कोऽपि दुखितः અને કોઈ પણ જીવ દુઃખી થશો જ નહીં.

सर्वेऽपि सन्तु सुखिनः,–સર્વજીવો સુખી થાઓ.
सर्वे सन्तु निरामयाः,–સર્વજીવો નિરોગી થાઓ
सर्वे भद्राणि पश्यन्तु,–સર્વજીવો કલ્યાણ ને જુઓ

मा कश्चिद्‌ दुख भाग् भवेत् ।–કોઈ પણ જીવ દુઃખીન થાઓ

**મુનિવર પરમ દયાળ. ભવિયા.**

પૂજાની ઢાળમાં વીરવિજયજી મહારાજે મુનિમહાત્માને પરમ દયાળુ બતાવ્યા છે. આ સળગતા સંસારઉપર જેને અપાર દયા આવી અને આખા સંસારને રમત માત્રમાં છોડી દીધો. શું એ કરૂણા નથી. કેટલી ગજબની દયા છે. આ જગતમાં વધુમાં વધુ દયા જો કોઈની પણ ચિંતવવા જેવી હોય તો તે એક માત્ર સંસારની જ દયા ચિંતવવાની છે આ સંસાર એક સળગતો દાવાનળ છે. એટલે ક્રોધ–દ્વેષાદિ કષાયો ભારોભાર ભરેલા છે. આ સંસાર એક સમુદ્ર જેવો છે. રાગ–દ્વેષાદિ બધા તત્વો ભરેલા છે. એટલે સંસારની કરૂણતા ઉપર કરૂણા ચિંતવવી એજ તત્ત્વવેત્તાની સાધના છે, જે જે કરૂણ અને દારૂણ અકથ્ય પ્રસંગો–ચિત્રો બને છે તે બધા જ સંસારમાં બને છે. સંસારમાં ન બને તો કયાં બને ? માટે આવા દારૂણ અને કરૂણ સંસારને છોડીને આગારમાંથી અણગાર બન્યા છે એ મુનિ મહાત્માની કરૂણા–દયા આ સંસાર ઉપર કેટલી હશે ? એ જ વિચારવી રહી. તેથી વિચારક વીર વિજયજી મહારાજે મુનિવર પરમ દયાળ...ભવિયા મુનિવર પરમ દયાળના ઉદ્‌ગાર કાઢયા છે.

સાધુની દયા કોઈ એ ચિંતવવાની જરૂર નથી. કારણ સાધુ સહુની દયા ચિંતવે છે. સાધુમાંથી ઉપાધ્યાય, ઉપાધ્યાયમાંથી આચાર્ય થયા. ૫૬

અને પદવી વધી તો શું દયા વધી કે ઘટી દયા અનેક ગણી વધી. અને આચાર્ય થવામાં જો દયા અનેક ગણી વધી તો આચાર્યમાંથી અરિહંત થયા ત્યારે દયા કેટલી વધી. ઓ હો ! ત્યારે તો દયા અનેક ગણીના બદલે અનન્તગણી વધી માટે અરિહંત વીતરાગ પરમાત્માને કરૂણા સિન્ધુ, દીનબંધુ, દયા સિંધુ, કરૂણા મૂર્તિ જગતદયાળ વગેરે અનેક વિશેષણોથી નવાજવામાં આવે છે. એટલે શાંત સુધારસમાં વિનય વિજયજી મહોપાધ્યાય ફરમાવે છે કે

**सुजना ! भजत मुदा भगवन्तं, सुजना भजत मुदा मगवन्तम् ।**
**शरणागतजनमिह निष्कारणकरुणावन्तमवन्तम् रे ॥**

હે સજ્જન બંધુ ! ખૂબ આનંદથી ભગવાનને ભજો, અરે ! ચિત્તના ઉલ્લાસથી ભગવાનને ભજો. એ પ્રભુ અપેક્ષા કે આશા વિનાના કરૂણા ભાવવાળા છે. શરણે આવેલાને પણ શરણ આપી રક્ષણ કરનારા છે. માટે ખૂબ ઉત્તમ ભાવથી ભગવાનને ભજવા જોઈએ.

જે કરૂણા રાખી શકે તે જ સમતા સાધી શકે. અને જે કરૂણા રાખી શકે તે જ કરૂણા વરસાવી શકે.

**ક્યાં છે કરૂણા ?**

રસ્તા ઉપર થયેલો અકસ્માત જોવા તો ઘણાં ભેગા થાય છે. ગરદી અને ટોળાની વચ્ચે આપણે પણ જોવા તો ગયા સહેજ ઊંચા–નીચા થઈને બનેલો બનાવતો જોઈ લીધો. પરંતુ ફક્ત બે જ મિનિટમાં આપણે ચાલતી પકડી કેમ ચાલતા કેમ થયા ? શું અકસ્માત નથી થયો. શું કારણ શું છે કે આટલા જલ્દી ડોકીયું કરીને આપણે ચાલતા કેમ થઈ જઈએ છીએ ? સાચું કહીએ તો એટલું જ જોવું હતું કે અકસ્માતમાં મારો કોઈ સગો તો નથી ને ? મારો પુત્ર કે પુત્રી, પત્ની કે બેન, મારી માતા કે સાસુ વગેરેમાંથી કોઈ છે તો નહીં ને ? કરૂણા ભાવના સગાવાદને વચ્ચે નથી લાવતી. સગા–સંબંધી ને જ બચાવવા કે ઉગારવા પણ બીજાને નહીં ? તો કયા ગઈ કરૂણા ? કયાં ગઈ દયા ?

દયા અને કરૂણા તો તપેલામાં આવતા દૂધના ઉભરાની જેમ મનમાં ઉભરાઈ આવવી જોઈએ. પછી સામેવાલો જીવ કોણ છે તે જોવાની જરૂર પણ નથી. માતાના માટે ચારે પુત્રો સરખા તેમ દયાળુ દાતા કે કરૂણાળુ કર્તા માટે જીવમાત્ર સરખા હોવા જોઈએ. કરૂણા ભાવનાના વિષયમાં પક્ષપાત કે સ્વાર્થ નથી હોતો. કરૂણા ભાવનાના વિષયમાં વ્યક્તિ મહત્ત્વની નથી હોતી. ભાવના મહત્ત્વની હોય છે. અનંત કૃપાલુ કરુણા વરસાવે છે ત્યારે કોના ઉપર કરુણા વરસાવવી અને કોના ઉપર ન વરસાવવી એમ પક્ષપાત ન કરે. વાદળા વરસે છે ત્યારે નીચે જગ્યા જોઈને નથી વરસતા જેને વરસવું જ છે એ પછી કયાં વરસવું અને કયાં ન વરસવું એવું શા માટે વિચારે? એમ તીર્થંકર ને વરષીદાન આપવુ જ છે તો આપનાર શા માટે વિચાર કે આને આપીશ અને આને નહીં? જગત્વત્સલ કરુણામૂર્તિ વાદળાની જેમ સર્વત્ર એક ધારી એક સરખી કરુણા વરષાવે છે સુખી સુખી થાય અને દુઃખી પણ સુખી થાય. સુધરેલો શુદ્ધ થાય. અને દુર્જન પણ સજ્જન થાય પ્રભુની દયાથી કરુણાને પાત્ર દયાપાત્ર આત્મા પણ સાચો માનવ, મહામાનવ સજ્જન થઈ જાય છે.

**કરુણા કરજો હે કીરતાર! રક્ષા કરજો હે ભગવાન!**
વગેરે અનેક ભાવવાહી શબ્દોથી આપણે પ્રભુને સ્તવીએ છીએ.

**કરુણા આવતા સંસાર છોડયો**

પિતાની તથા રાજ જ્યોતિષીની ના હોવા છતા પણ ખ્યાલ બહાર જતા પુત્રની સામે ત્રણ વસ્તુ તો આવી ગઈ. તેમાં મરેલું મૃતક વૃદ્ધ, તથા રોગી ગરીબ અને જોત જોતામાં અદ્‌ભૂત ચિંતન કરીને તથા ગતબુધ્દે તે જ રાત્રીએ પત્ની યશોદા તથા પુત્ર રાહુલ આદિ પરિવારને છોડી. દીક્ષા અંગીકાર કરી સાધુ બન્યા.

મરૂભૂતિ જેવા મિત્રની મોટાભાઈ કમઠના હાથે મૃત્યુ થયેલું જોઈને મિત્ર રાજા અરવિંદ સંસાર છોડી રાજામાંથી મહારાજા બન્યા. અને અરવિંદ મુનિએ મરૂભૂતિ હાથીને શાંત કરી પ્રતિબોધ પમાડયો.

કોઈને પણ માત્ર રોગ કે મૃત્યુમાંથી ઉગારવો તેના કરતા પણ સંસારમાંથી ઉગારવામાં અનેક ગણી દયા હોય છે.

મનમાં જામેલા રાગ–દ્વેષ રૂપી કચરાને દૂર કરવા માટે મૈત્રી આદિ ચાર ભાવનાઓ યોજવામાં આવી છે, પરદયાને વ્યાપક અને વિશાળ બનાવી ને જીવ માત્ર, (પ્રાણી માત્ર) સુધી વિસ્તારવાથી વિશ્વબંધુત્વ ભાવના નિર્માણ થાય છે. વિશ્વબંધુત્વની ભાવનામાંજ જગતના કલ્યાણની ભાવના રહેલી છે.

"क्लिष्टेषु जीवेषु कृपापरत्वम्"

દીન–દુઃખી આર્ત અને પિડાતા, સીદાતા જીવ માત્ર પ્રત્યે કરૂણા ભાવના રાખવી જોઇએ. કરૂણા ભાવનામાં કૃપા–અને ઔદાર્યતાનો ગુણ હોય છે, કરૂણા હૃદયને કુણું કરે છે. મનોવૃત્તિ શાન્ત કરે છે. સમતાની સહાયક આ ભાવના છે. ધર્મ માર્ગમાં જીવદયા પાળવામાં સાધક આ કરૂણા ભાવના છે અહિંસા ધર્મની તો જનની–માતા જ છે. કારણ દયા-કરૂણા વિના તો અહિંસા પાળવી પણ શક્ય નથી. તે તે ભાવના ના અધિકારી વર્ગની વિચારણા કરતા શાન્ત સુધારસમાંજ પૂજ્ય વિનય વિજયજી મહારાજ ફરમાવે છે કે

"कारुण्यमार्तांङिगरुजां"

આર્ત એટલે દુઃખ આર્તવસહિત–અર્થાત–દુઃખી. પીડીત, ત્રાસેલો, એવો જીવ કરૂણા ભાવનો વિષય છે. કરૂણા સદા જીવાશ્રયિ છે. જડાશ્રયિ નથી. કરૂણા સુખ–દુઃખના નિમિત્તે આત્મસિદ્ધિ–અને શુદ્ધિ કરે છે. કરૂણા ભાવના શાંતિ અને શાતા અપાવે છે. સ્વ અને પર ઉભયને શાંતિ આ ભાવનાથી મળે છે. કરૂણા કષાયોને ટાળનારી નમ્ર ભાવના છે ક્રોધાદિને દૂર કરી આત્મા ને ભાવુક, નમ્ર તથા શાન્ત બનાવે છે. જગતમાં માત્ર દેહથી પીડિત કે રોગગ્રસ્ત પ્રત્યેજ કરૂણા દાખવવી પરન્તુ ભાવના યોગના દીર્ઘદ્રષ્ટા તો આ જગતના ક્રોધાદિ કષાય કરનારા જીવો જે પાપકર્માદિ બાંધનારા જીવો જે ફળ પામે છે, કષાયના પરિણામો

જીવો ભોગે છે તેના ઉપર કરૂણા કરવી એ જ્ઞાનીની કરૂણા છે. સામાન્ય માનવીની કરૂણા અને જ્ઞાની-ગીતાર્થની કરૂણા દષ્ટિમાં જમીન-આસમાન જેટલું અંતર છે. એટલે જ્ઞાની મહાત્મા જીવમાત્ર પ્રત્યે જે કરૂણા ચિંતવશે તે જ્ઞાનયોગની, જ્ઞાન દષ્ટિની કરૂણા ચિંતવે છે. તેથી તે ભાવ કરૂણા કહેવાય ભાવદયા દીર્ઘદષ્ટિની કરૂણા કહેવાશે.

બીજાની સાથે મારામારી કરીને પુત્ર ઘવાઈને આવ્યો છે એ જોઇને કર્તવ્યપરાયણ માતા તુરંત પાટાપિંડી કરવા લાગશે. પુત્રને ૨-૪ દિવસ સારી રીતે સાચવી લેશે. પુત્રના દેહની ભારે કાળજી રાખશે. બસ એથી વધારે એ શું કરી શકે? પરન્તુ એક જ્ઞાની મહાત્માની જ્ઞાનયોગની કરૂણામાં તો તે મુનિ એ જીવે આ પ્રવૃત્તિમાં કેટલા ભારે કર્મો બાંધ્યા છે? અને કેટલો દુઃખી થશે? કેટલા જન્મ કરશે? અરે એ કર્મોથી ક્યારે છૂટશે? વગેરે એ આત્માવિષે અપાર કરૂણાભાવથી કેટલો અદ્દભૂત વિચાર કરે છે. ખરેખર તો એજ સાચી ભાવદયાનું ચિંતન છે. તાત્કાલિક દુઃખ ન જોતા, દેહનું દુઃખ ન જોતા કર્માધીન જીવનું કર્મજન્ય સંસાર જોઈને એ જીવને પણ આ સંસારમાંથી ઉગારી લેવાની બચાવીને તારવાની, કલ્યાણની ભાવનાથી કરૂણા કરવી એજ મહાન કરૂણા છે.

**ભાવદયાની વરાળ—**

શ્રી મહાવીરસ્વામીએ જે કરૂણા ગોશાળા ઉપર, સંગમ ઉપર અર્જુનમાળી જેવા ઘોર પાપી ઉપર કરી છે તે જ મહાન કરૂણા છે.

> **कृतापराधेऽपि जने, कृपामन्थर तारयोः ।**
> **इषद् बाष्पार्द्रयोर्भद्रं, श्री वीरजिन नेत्रयोः ॥**

શ્રી વીરપ્રભુની સ્તુતિ કરતા સકલાર્હતસ્તોત્રમાં શ્રી હેમચંદ્રાચાર્ય મહારાજા લખે છે કે ઘણાં અપરાધ કરનાર ઉપર પણ અપાર કરુણા કરનાર અને છતા પણ એ અપરાધી ને તારવાની ભાવના કેટલી મહાન કરુણા હશે. અનેક ઉપસર્ગો કરીને જતા સંગમને જોઈને શ્રી મહાવીર

પ્રભુની આંખો પણ થોડી ભીનિ થઈ ગઈ. તપેલામાં રહેલી વસ્તુની વરાળ જેમ ઉપર આવીને ઢાંકણા ઉપર જામી જાય છે તેમ મને નિમિત્ત બનાવીને ભારે કર્મ બાંધીને જનારા આ બિચારા સંગમનું શું થશે ? આ વિચારથી હૃદયમાંથી કરુણાની વરાળ ઉપર આવીને આંખમાંથી બહાર નિકળવા જતા આંખો કરુણાથી દયાથી ભીની થઈ ગઈ. કેટલી અપાર કરુણા હશે એ કેવી ઉત્તમ ભાવદયા હતી એ.

ભૂત દયાથી ભાવિત આત્માને આ સંસારના દરેક પ્રસંગે જેવા કે દુઃખ, દારિદ્રય, પીડા, કલેશ, કલહ દંભ, દમન, ચોરી–જારી વગેરે જેવા સેંકડો પ્રસંગો જોતા હૈયે કરૂણા તો ઉભરાઈ આવે. કરુણા ઉભરાય તો સમજવું કે મારો આત્મા કંઇક યોગ્યતાવાળો છે. કરુણા ભાવના સ્વઆત્માની યોગ્યતા આદિને પણ તપાસનાર અને સિદ્ધ કરનાર છે. રાગ–દ્વેષના આવિર્ભાવ વાળો સંસાર અને બાહ્ય અને આંતર નજરે સંસારમાં ખોટા દેખાવો અને મોહરાજાનું સામ્રાજ્ય દેખાતા અંતર કરુણાથી ભરાઈ જવું જોઇએ. કરુણા એ સર્વ સંસારી જીવનું કલ્યાણ ચિંતવવાની ભાવના છે. કલ્યાણ કેવી રીતે કરવું તે કરૂણા ભાવના શિખવાડે છે. સંસારમાં કરૂણાના પ્રસંગોનો કયાં પાર આવે તેમ છે ? સંસારમાં આધિ–વ્યાધિ અને ઉપાધિથી ઘેરાયેલા જીવો ખરેખર કરૂણાને પાત્ર છે. કરૂણા ચિંતવનાર ખરેખર સંસારનું વાસ્તવિક ચિત્ર જોઈ શકે છે અને છતાં પણ સંસારથી અલિપ્ત રહી શકે છે. પોતાના અંતર આત્માને વૈરાગ્યભાવથી વાસિત કરી શકે છે. પરદુ:ખ મુક્તિના ઉપાય માટે કરૂણાભાવના એ સાચુ રામબાણ ઔષધ છે.

સંસાર આખોય અવળે માર્ગે ઉતરી ગયેલો દેખાય છે. ઐહિકસુખો અને મનોવિકારના વમળમાં વળખાં મારતો જીવ સ્વાત્મકલ્યાણની દિશા જ ભૂલી ગયો છે. ખરેખર કરૂણાર્દ્ર હૃદયી ભાવુક માટે તો સ્વ–પર દયા કરવાનું આ યોગ્ય ઘર છે પરદયાના ચિંતનમાં સ્વદયા પણ સિદ્ધ થઈ જાય છે. કરૂણાથી પ્રેરાયેલો આત્મા સ્વ–પર ઉપકારી બની શકે છે.

આ જગતમાં જે પરમાત્માએ અનન્ત કરૂણા જે જગત ઉપર વરષાવી છે તે આપણા માટે કરૂણાનો પાઠ શિખવાડનાર એક મહાન

આદર્શ છે. માટે જગતના જીવમાત્રના એકમાત્ર શરણભૂત એ પરમાત્માને જ ભજવા–આરાધવા એ જ સાધકની સાચી સાધના છે. મનને સ્થિર કરી. ચિત્તને શાંત કરી કરૂણાને ટકાવી રાખવાની છે. જે સાધક માટે ખૂબ ઉપયોગી છે.

કરૂણાહૃદયી જ્ઞાની મહાત્મા જ દુઃખગ્રસ્ત અને કર્મથી ત્રસ્ત સંસારી જીવોને સાચા સુખની અનંતના ધામની કેડી દેખાડીને એ માર્ગે દોરવા ઉપદેશ આપશે. ઉપદેશ કે બોધદાતા આત્માની કરૂણા સાચા ઉપાય બતાવવાની દિશામાં પરિણમે છે.

## કરૂણા ભાવનાનું સ્વરૂપ—

**दैंन्यशोकसमुत्त्रासरोगपीडार्दितात्मसु ।**
**वधबन्धनरूद्धेषु याचमानेषु जीवितम ॥ १ ॥**
**क्षुतृटश्रमाभिभूतेषु शीताद्यैंर्व्यथितेषु च ।**
**अविरूद्धेषु निस्त्रिंशैर्यातमानेषु निर्दयम ॥ २ ॥**
**मरणांतेषु जीवेषु यत्प्रतीकारवाञ्छया ।**
**अनुग्रहमति : सेयं करुणेति प्रकीर्तिता ॥ ३ ॥**

જ્ઞાનાર્ણવ મહાગ્રન્થમાં કરૂણા ભાવનાનું સ્વરૂપ સમજાવતા કહ્યુ છે કે, સંસાર દીનતા શોક, ત્રાસ, દુઃખ, પીડા, વગેરેથી જે જીવો દુઃખી હોય. વધ, બંધનથી બંધાયેલા હોય, જીવવા માટે જીવિતની યાચના કરતા હોય. ભૂખ, તરસ. થાક વગેરેથી પીડિત હોય. ઠંડી–તાપ વગેરેથી ત્રાસી ગયા હોય, નિર્દયતાથી લોકોએ માર્યા હોય અથવા મરણાન્ત કષ્ટ સહન કરનારા આવા કોઈ પણ પ્રકારના દુઃખોમાંથી જીવને બચાવવાની ઈચ્છાથી જે અનુગ્રહ અર્થાત કૃપાબુદ્ધિ, ઉપકાર ભાવના રાખવી અને તે મુજબ કરવુ તે જ કરૂણા ભાવના છે.

## મૈત્રી અને કરૂણા ભાવના—

મૈત્રી અને કરૂણા આ બન્ને ભાવના ખૂબ નજીકની ભાવના છે. એક વિષયમાં ઘણીવાર બન્ને સાથે ભેગી પણ થઈ જાય છે. દા.ત.

"સર્વ જીવો સુખી થાઓ" માં આ બન્ને ભાવનાઓ ભેગી ભળી જાય છે. અર્થાત આ બન્ને ભાવનાઓ પ્રસંગ જોઈને એક બીજામાં સંક્રમણ કરે છે. મૈત્રી ભાવનામાં પ્રેમદ્વારા રાગ ઉપર વિજય મળે છે. જ્યારે કરૂણા ભાવનામાં દયાદ્વારા દ્વેષ ઉપર વિજય મળે છે. આ બન્ને ભાવનાઓ આપણા કષાયોને જીતવામાં ઉપકારક છે, એથી બીજા જીવો ઉપર-રાગ-દ્વેષ કરવાની વૃત્તિ દૂર થાય છે, વૈર કે બદલો વાળવાની વૃત્તિ નષ્ટ થાય છે. કરૂણા ભાવના સાથે મૈત્રીભાવનાનો ખાસ ગાઢ સંબંધ છે, અરે ! એ તો માણસની ડાબી-અને જમણી આંખની જેમ સાથે રહીને ભેગી કામ કરે છે. મૈત્રીભાવથી પ્રેમ વિશ્વવ્યાપી થતાં રાગ દૂર થાય છે, તેથી ઈર્ષ્યા-અસૂયા, ઘટે છે. અને કરૂણા ભાવનાથી જીવમાત્રને "આત્મવત્" પોતાના જેવા ગણવાની ભાવના થવાથી દ્વેષ દૂર થાય છે પરિણામે ક્રોધાદિ કષાયો ઘટે છે, મહર્ષિ પતંજલિએ પણ આ ભાવનાઓનો મહિમા ઘણો ગાયો છે.

સંસારનાં દુઃખગ્રસ્ત અને કર્મગ્રસ્ત જીવોની દુઃખમુક્તિના ઉપાયો શોધવાનું કામ કરૂણાભાવના કરાવે છે. સંસારના દુઃખના વમળમાં ફસાયેલા જીવો પ્રત્યે જો કરૂણા ન જાગે તો સમજવું કે દિલ પત્થરનું છે. પત્થર હૃદય સાધના ન કરી શકે કરૂણાભાવના સર્વના દુઃખને દૂર કરવાનું શિખવાડે છે, આ ભાવનામાં અદ્‌ભૂત શાન્તરસ ભરેલો છે. જે સ્વપરને આનંદ આપનાર છે, આ ભાવના ભાવીને આપણું મન વિશાળ બનાવીએ, ભાવના વ્યાપક બનાવીએ અને જીવ માત્ર ઉપર કરૂણા ચિંતવી શકીએ એ જ શુભાભિલાષા સહ. સમાપ્ત.

## * સૌજન્ય *

**શ્રી મુકિત કમલ જૈન મોહન જ્ઞાન મંદિર,
મહાજનની ગલી, રાવપુરા વડોદરા, ના
સહયોગથી આ પુસ્તિકા પ્રગટ કરવામાં આવી છે.**

ચાતુર્માસિક રવિવારીય શ્રીમહાવીર જૈન શિક્ષણ શિબિર




રવિવારીય સચિત્ર જાહેર વ્યાખ્યાનમાળા-વડોદરા

# ભાવના ભવ નાશિની

પ્રવક્તા: પરમપૂજ્ય મુનિરાજશ્રી અરુણવિજયજી મહારાજ

| વિ. સં. ૨૦૪૦ કારતક વદ. ૩૦ | સત્તરમું વ્યાખ્યાન-૧૭ | રવિવાર, ૪-૧૨-૧૯૮૩ |
|---|---|---|

વિષય :

क्रूरकर्मसु निःशङ्कं, देवता-गुरु-निन्दिषु ।
आत्मशंसिषु योपेक्षा, तन्माध्यस्थ्यमुदीरितम् ॥

— પ. પૂ. ચરમ તીર્થપતિ શ્રમણ પરમાત્મા શ્રીમહાવીર પ્રભુને નમસ્કારપૂર્વક.......

મહાયોગી શ્રી હેમચન્દ્રાચાર્ય મહારાજા અંતિમ ભાવના-માધ્યસ્થ ભાવનાના વિષયમાં જણાવે છે કે આ જગતમાં જે હિંસાદિ ક્રુર કાર્યો કરનારા છે, અને તેમાં નિશંક છે તેમ દેવ-ગુરુ-ધર્મની નિંદા કરનારા છે અને સ્વપ્રશંસા કરનારા એવા જીવો તરફ જે ઉપેક્ષા દાખવવી તેને માધ્યસ્થ ભાવના કહી છે.

## સંસારચક્રનું સ્વરૂપ

આ સંસારમાં ઘણાં દ્વૈતભાવો શાશ્વતા છે. જેમ મોક્ષ શાશ્વતો છે તેમ સંસાર પણ શાશ્વત છે. સંસારમાં જેમ આત્મા શાશ્વત છે તેમ જડ પણ. જડ-ચેતન બન્ને શાશ્વત છે. પુણ્ય-પાપ બન્ને શાશ્વત છે. તે જ પ્રમાણે સુખ-દુઃખ, ધર્મ-અધર્મ, સત્ય અને અસત્ય, હિંસા અને અહિંસા, રાગ અને દ્વેષ, ક્ષમા અને વૈર, પ્રેમ અને વૈર વગેરે અનેક ભાવો આ સંસારમાં સદાકાળ રહેનારા શાશ્વત છે. તીર્થંકર મહાવીરના કાળમાં પણ હિંસક-ક્રૂર કષાયિ અને દુરાચારી-વ્યભિચારીઓ હતા અને આજે પણ છે. તે જ પ્રમાણે ભાવિમાં પણ રહેશે. ભૂતકાળમાં લાખો વર્ષો પહેલા પણ પાપ થતું હતું આજે પણ થઈ રહ્યું છે અને ભાવિમાં લાખો વર્ષો પછી પણ થતું જ રહેશે. રેલવેના બન્ને પાટાઓ જેમ એક સાથે એક સરખા આગળ ચાલ્યા જાય છે તે જ પ્રમાણે સંસારના વહેતા પ્રવાહમાં પણ ધર્મ અને અધર્મ એક સાથે ચાલ્યા જ કરે છે. આનું જ નામ સંસાર છે. સંસારનો પ્રવાહ અને સ્વરૂપ ખરેખર વિચિત્ર છે. સમુદ્રમાં સારા ઊંચા કિંમતી હીરા-મોતી પણ છે. ઝવેરાત પણ છે અને દુનિયાભરનો કચરો અને ગંદકી પણ છે. આ છે સંસારનું વિચિત્ર અને વિષમ સ્વરૂપ.

## સંસારના સંસારી જીવો

સંસારમાં ક્યારેય એકસરખા બધા જીવો જોવા પણ નહીં મળે. સંસાર તો વિષમ ભાવોથી ભરેલો છે. એક આત્મા પુણ્યશાળી હશે તો બીજો ઘોર પાપી પણ દેખાશે. પ્રભુ મહાવીર ધીર-વીર અને ગંભીર

મહાપુરુષ હતા તો મહાવીરનો જ શિષ્ય દુષ્ટ, દુર્જન અને દ્વેષી હતો. મહારાજા શ્રેણિક મહાન પરોપકારી દયાળુ હતા તો તેમનો જ પુત્ર કુણિક બાપને જ જેલમાં પૂરનારો થયો. અરે ! મહારાજા કુમારપાલ ભૂપાલે અનેક જિનમંદિરો બંધાવી ધરતી ઉપર ધર્મની શોભા વધારી તો બીજી બાજુ એમના જ પુત્ર અજયપાળે બાપના મંદિરો તોડાવીને ત્રાસ-ત્રાસ પોકાર્યો હતો. આ ધરતી ઉપર રામ જેવા મર્યાદા પુરૂષોત્તમ પણ થયા અને રાવણ જેવો સતી સીતાની શિયળની મર્યાદાને ભંગ કરવા પણ તત્પર થયો મતલબ કે સંસારના વમળમાં મહાવીર અને ગોશાળો, કમઠ અને પાર્શ્વનાથ, અગ્નિશર્મા અને ગુણસેન, રામ અને રાવણ, ગાંધી અને ગોડસે, જેવા અનેક સારા અને ખરાબ વિષમ જીવો, વિપરીત ભાવો જોવા મળે છે. આ ચક્ર પણ અવિરત ચાલે છે. એકથી બીજા વિપરીત વૃત્તિવાળા જીવો પણ ઘણાં હોય છે. એક માના ચાર પુત્રો પણ સરખી વિચારધારાવાળા કે સરખા ભાવ વાળા નથી હોતા એક ધર્મી તો બીજો અધર્મી પણ જોવા મળે છે. એક આસ્તિક તો બીજો નાસ્તિક પણ હોય છે. સંસારમાં એક જીવ ક્ષમાશીલ સમતા ભાવવાળો હોય છે, તો કદાચ બીજો જીવ ભારે ક્રોધવાળો પણ હોય છે. કોઈ નમ્ર-વિનયી પણ હોય છે, તો કોઈ માની-અભિમાની, ઘમંડી પણ હોય છે. આ સંસારમાં કોઈ સરળ અને સીધા હોય છે તો ઘણાં માયાવી અને વક્ર પણ હોય છે. કોઈ નિસ્પૃહ, સંતોષી હોય છે તો ઘણાં મહાલોભી, સ્વાર્થી પણ હોય છે.સંસારમાં કોઈ આરાધક હોય છે તો ઘણાં વિરાધક પણ હોય છે.

કોણ ઓછા અને કોણ વધારે ? કયા જીવો ઓછા છે અને કયા જીવો વધારે છે એ રીતે ચાળણીથી ચાળીને જોઈએ તો સ્પષ્ટપણે ખ્યાલ આવશે કે આ સંસારમાં ત્રણે કાળમાં સારા અને સાચા જીવો બહુ ઓછી સંખ્યામાં હતા અને છે. જ્યારે બીજી બાજુ ભારે પાપકર્મી જીવો ઘણાં વધારે છે, અર્થાત્ વિચાર કરતા સ્પષ્ટ જણાશે કે—

આ સંસારમાં ધર્મી આત્માઓ બહુ ઓછા અને અધર્મી ઘણાં

વધારે, જ્ઞાની ઓછા અને અજ્ઞાની વધારે, સમતા ભાવવાળા ક્ષમાશીલ ઘણાં ઓછા અને ક્રોધી, દ્વેષી, વૈર વૃત્તિવાળા ઘણાં વધારે. નમ્ર–વિનયી બહુ જ ઓછા, માની–અભિમાની ઘણાં વધારે, સીધા–સાદા અને સરળ આત્માઓ ઘણાં ઓછા જ્યારે માયાવી, વક્ર, વિશ્વાસઘાતી ઘણાં વધારે, સંતોષી, નિઃસ્વાર્થી, નિસ્પૃહ સંસારમાં બહુ વીરલા હોય છે જ્યારે લોભી અને સ્વાર્થી ઘણાં હોય છે. પુણ્ય કરનારા પુણ્યશાળી બહુ ઓછા અને ભયંકર પાપ કરનાર સંસારમાં અનેક ગણાં વધારે છે. સત્યવાદી મૃદુભાષી સંસારમાં બહુ વીરલા મળશે જ્યારે મૃષાવાદી, કર્કશભાષી સંસારમાં ઘણાં, આરાધક ઓછા અને વિરાધક વધારે. આસ્તિક ઓછા અને નાસ્તિક વધારે. સજ્જન ઓછા અને દુર્જન વધારે. આ પ્રમાણે અનેક દ્વન્દ્વોમાં જીવોનું વર્ગીકરણ કરીને જોઈશું તો ચોક્કસ ઉપર પ્રમાણે તારતમ્ય આવશે. આ જ સાર ત્રણે કાળમાં એક સરખું દેખાશે.

## શું સહેલું અને શું અઘરું?

આ સંસારમાં ધર્મ કરવો સહેલો કે અધર્મ ? શું પુણ્ય કરવું સહેલું છે કે પાપ ? શું સત્ય બોલવું સરળ છે કે અસત્ય બોલવું ? આવા સરળ અને અઘરાના વિભાગમાં ઉપરના બધા જ દ્વન્દ્વ શબ્દોને અહીંયા વિચારીશું તો તેમાંથી આપણું મન શું કબુલશે ? ખરેખર તત્ત્વદષ્ટિથી વિચારીએ તો શું સંસાર છોડવો સહેલો કે સંસાર બાંધવો સહેલો ? સંસાર છોડવો અઘરો કે સંસારનો રાગ અથવા સંસારના સંબંધો છોડવા અઘરા ?

આના ઉત્તરમાં ઘડીભર તો મન એમ કહેશે કે ના...ના.... સંસાર છોડવો બહુ અઘરો છે. દીક્ષા લેવી ખૂબ કપરી છે, અને સંસાર બાંધવો કે ઊભો કરવો તો રમતની વાત છે. આ શબ્દો આપણે બોલી તો ગયા પણ શું એ પ્રમાણે સંસારમાં નજર નાંખીએ તો શું દેખાય છે ? એક કન્યાના લગ્ન કરવા છે. પિતા કહે છે કે શું કરું

ત્રણ વર્ષથી પ્રયત્ન કરું છું પણ કોઈ યોગ્ય મૂરતીયો જ નથી મળતો. ગાડી લેવી છે. છેલ્લાં ૧૦ વર્ષથી મહેનત કરું છું. નોકરી માટે ૨ વર્ષથી મહેનત કરું છું. નોકરી હોય કે છોકરી, રોટલો હોય કે ઓટલો બધા માટે માણસને લોહીનો પરસેવો પાડવો પડે છે ત્યારે માણસ માંડ કંઈ પામી શકે છે. આ છે સંસાર ઊભો કરવાની મહેનત વિચાર કરો કેટલી અઘરી મહેનત છે. સંસાર ઊભો કરવો કેટલો કપરો છે, પણ બીજી બાજુ વિચાર કરો તો સંસાર છોડવો કેટલો સહેલો છે. ઘડીના છઠ્ઠા ભાગમાં સંસારને લાત મારીને ચાલી ગયેલા ઘણાં મહાપુરુષો થયા છે. શાલીભદ્ર જેવાને સંસાર છોડતા કેટલી વાર લાગી ? ૯૯ પેટીઓ ઊતરતી હતી એવો લીલોછમ હર્યોભર્યો સંસાર હતો છતાં રમત માત્રમાં છોડી દીધો. ધર્મ કરવો સહેલો છે. અને અધર્મ કરવો ખૂબ કપરો છે. બે પૈસા દાનમાં કોઈને આપવા સહેલા છે પરન્તુ કોઈના બે પૈસાની ચોરી કરવી એ ખરેખર ઘણી અઘરી છે. ખવરાવવું અને પીવરાવવું તેમ જ કોઈને જીવાડવો સહેલો છે કે કોઈને મારવો ? દાનાદિ પુણ્ય કરવુ ખરેખર બહુ સહેલુ છે. પરન્તુ ચોરી, દુરાચાર વગેરેના પાપો કરવા બહુ અઘરા છે. પરન્તુ ઘણાં લોકોએ જીવનમાં પાપો કરવાની એવી ટેવો પાડી દીધી હોય છે કે હવે તેમના માટે પાપો કરવા એ રમત થઈ ગઈ છે. ખરેખર વિચાર કરીએ તો સાચું બોલવું કેટલું સહેલું છે. સરળ અને સહજ છે. એક નાનું બાળક પણ નિર્દોષભાવે સહજપણે સાચું બોલી જાય છે. પરન્તુ જેને ખોટું બોલવું છે તેને દસ વાર વિચાર કરવો પડે છે. આમ બોલું કે આમ ? આ બોલું કે આ ? અને એક ખોટાની પાછળ સત્તર જૂઠ બોલવા પડે છે. માટે ખોટું બોલનાર ક્યારેય સહજ અને સરળપણે ઝડપથી બોલી નથી શકતો. છતાં પણ સંસારમાં જીવોને ખોટું બોલવાની ટેવ પડી ગઈ છે. સાચું બોલવાની ટેવ પાડનારા વીરલા નિકળશે.

પરન્તુ ક્યારેક તો જીવોને આ કુટેવો છોડીને સાચી ટેવો અપનાવવી જ પડશે. અધર્મ છોડીને ધર્મ તો અપનાવવો જ પડશે. આજે નહીં તો કાલે, આ જન્મમાં નહીં તો આવતા જન્મમાં પણ, અથવા હજારમા

જન્મ પછી પણ ધર્મ અપનાવ્યા વિના તો છૂટકો જ નથી. તે વિના તો આત્મકલ્યાણ સંભવ જ નથી. જો એટલું આપણે જાણતા જ હોઈએ તો શા માટે વિલંબ કરવો જોઈએ ? જેના વિના છૂટકો જ નથી, જેનો કોઈ વિકલ્પ જ નથી તો શા માટે મોડું કરવું ? જે વર્ષો પછી કે જન્મો પછી કરવાનું જ છે તો તે આજે જ શા માટે ન કરી લેવું ? કે જેનાથી વધારે ભવો તો ન કરવા પડે. વધારે કાળ સંસારમાં તો ન રખડવું પડે ? પરન્તુ નજર સામે દુઃખ દેખાતું હોવા છતાં પણ જીવો પાપ કરવાનું છોડી નથી શકતા. આ સંસારની કેવી ભયંકર કરુણતા છે ?

## સુખ-દુઃખનું કારણ

दुःखं पापात् सुखं धर्मात्, सर्वशास्त्रेषु संस्थितिः ।
न कर्तव्यमतः पापं, कर्तव्यो धर्मसंचयः ॥

પૂજ્ય હરીભદ્રસૂરી મહારાજ એક વાત શાશ્વતા મંત્ર જેવી કહે છે કે,

| | | |
|---|---|---|
| દુઃખ | — | સુખ |
| ↑ | | ↑ |
| પાપ (અધર્મ) | — | પુણ્ય (ધર્મ) |

જ્યારે ક્યારેય પણ સંસારમાં કોઈ પણ જીવ દુઃખી થતો હોય ત્યારે સમજવું કે એને ચોક્કસ પાપ કર્યાં છે, અને સંસારમાં કોઈ સુખી દેખાતો હોય તો સમજવું કે એ જીવે કંઈ સારું પુણ્ય (ધર્મ) કર્યું છે. દરેક કાર્યની પાછળ કારણ ચોક્કસ હોય છે. ઘડાની પાછળ જેમ માટી છે અને કપડાની પાછળ જેમ કાપુસ (રૂ) છે, તેમ સુખ-દુઃખની પાછળ પુણ્ય-પાપ એ ચોકકસ કારણ છે. એના વિના કોઈ સુખી-દુઃખી નથી થતો. સુખ-દુખનાં કારણો પુણ્ય-પાપ જ છે. એને બીજા શબ્દોમાં ધર્મ-અધર્મ કહો તોપણ એક જ વાત છે.

નિશ્ચિત જ છે કે ભવિષ્યમાં પણ હજારો–લાખો વર્ષો પછી પણ જે કોઈ પણ સુખી–દુઃખી થશે તે પોતાના જ કરેલા પુણ્ય–પાપના કારણે થશે. જેટલું પુણ્ય કર્યું હશે તેટલું સુખ મળશે, અને જેટલું અને જેવું પાપ કર્યું હશે તેટલું અને તેવું દુઃખ પણ ચોક્કસ મળશે. આ કર્મ સત્તાના સિદ્ધાન્તમાં કોઈ શંકા રાખવા જેવું જ નથી. "**शठं प्रति शाठ्यं**"–જેવા ને તેવો જ ફળ, "Tit for tat", "**जैसे को तैसा**"ના કર્મના નિયમ પ્રમાણે જ જગત ચાલે છે. માટે ઈશ્વરને જગતના સુખ–દુઃખનું કારણ માનવાની કોઈ આવશ્યકતા રહેતી જ નથી.

## સંસારની વિચિત્રતા અને વિપરીતતા

> **पुण्यस्य फलमिच्छन्ति, पुण्यं नेच्छन्ति मानवाः ।**
> **फलं पापस्य नेच्छंति, पापं कुर्वन्ति सादराः ॥**

આ શ્લોકમાં સંસારની કરુણ વિચિત્રતા અને વિપરીતતા રજૂ કરતા પૂજ્યશ્રી હરીભદ્રસૂરી મહારાજા ફરમાવે છે કે પુણ્યનું ફળ જે સુખ છે તે તો સૌ ઇચ્છે છે કે મને મળે, મને મળે. સુખપ્રાપ્તિની ઇચ્છા કોણ નથી રાખતું ? પરન્તુ બીજી તરફ જોઈએ તો એ જ જીવો જેને સુખ જોઈએ છે તેઓ ધર્મ કે પુણ્ય કરવા તૈયાર નથી. વગર ખાધે પેટ ભરાય, વગર આપે મળે. એમ પુણ્ય કે ધર્મ કર્યા વિના સુખ મળે એવી વૃત્તિવાળા બહુસંખ્ય લોકો છે. પરન્તુ કર્મસત્તાના ઘરમાં આટલી અંધેર કે લાગવગ બિલકુલ ચાલતી નથી. જેવું કરશો તેવું જ પામશો, અને જેવું વાવશો તેવું જ લણશો.

બીજી બાજુ પાપનું ફળ દુઃખ કોઈ ઇચ્છતું નથી, દુઃખ કોને ગમે ? ના, કોઈને દુઃખ ગમતું નથી. નાનો મોટો કોઈ પણ જીવ એમ નથી ઇચ્છતો કે મને દુઃખ મળે. ના...છતાં પણ ખરેખર આશ્ચર્ય તો એ છે કે દુઃખના કારણભૂત પાપની પ્રવૃત્તિ કરવાનું કોઈ છોડવા તૈયાર નથી. ખબર છે કે ચોક્કસ પાપ કરવાથી દુઃખી જ થવાના છીએ. છતાં પણ પાપની પ્રવૃત્તિ છોડવા તૈયાર નથી, અને પાપ કરીને પણ દુઃખ લેવા તૈયાર નથી

ભાઈ ! તું દુઃખ ભોગવવા તૈયાર હોય કે ન પણ હોય પરન્તુ કર્મસત્તાના ઘરમાં તો પાપના ફળ ભોગવવા જ પડશે, "कृतं कर्म अवश्यमेव भोक्तव्यम्"-કર્યા કર્મ અવશ્ય ભોગવવા જ પડશે. એમાં કોઈ શંકાને સ્થાન જ નથી. તું છટકીને કયાં જવાનો છે ? નરકમાં પરમાધામીના હાથમાથી છટકીને કયાં ભાગવાનો છે ? સાગરોપમોના લાંબા કાળસુધી ઉકળતા તેલમાં ભજીયાની જેમ તળાવું વગેરેની ભયંકર વેદના સાથે ભારે સજા ભોગવવી પડશે. મરણતોલ દુઃખો અને વેદના ભોગવવી પડશે. ગમે એટલું અભિમાન કરનારા અને રાખનારા બેચારા બળદ થઈને ગાડામાં જોડાયા, અને ગધેડા થઈને કુંભારની માર ખાતા માટી ઉપાડી. અથવા ઘોડા થઈને ચાબુકો ખાધી. અથવા મનુષ્ય ગતિમાં જન્મથી રોગી થયા, દીન–દુઃખી અને દરિદ્ર–ભિખારી થયા. કર્મસત્તાના ઘરની સજા અને એની થપાડો બહુ ભારે લાગે છે. વર્ષોનાં વાણાં વીતી જાય છે. જન્મોના જન્મો અને સેંકડો ભવો વીતિ જાય છે છતાં નથી છૂટતા. અરે ! બીજા કોઈની વાત શા માટે કરીએ. પરન્તુ ખુદ મહાવીર-સ્વામી જેવાને પણ ત્રીજા ભવના બાંધેલા કર્મ સત્તાવીશમાં ભવ સુધી અને અઢારમાં ભવમાં કરેલાં પાપકર્મ સત્તાવીશમા ભવ સુધી ભોગવવા જ પડયાને ? અઢારમા ભવમાં કાનમાં તપતું શીશું રેડાવ્યું હતું સત્તાના મદમાં કરેલું પાપ આજે સત્તાવીશમા ભવમાં કાનમાં ખીલા ઠોકાયા અને તે વેદના મહાવીરને પણ સહન કરવી જ પડી. ત્યારે જ તે કર્મ ખપ્યા અને પછી જ મહાવીર તીર્થંકર ભગવાન બન્યા.

કર્મસત્તાનાં અનેક દૃષ્ટાન્તો નજર સામે છે છતાં પણ જીવોની વીપરીત મનોવૃત્તિ એવી છે કે પાપ કરીને સુખી થવા ઘણાં ઈચ્છે છે, પુણ્ય કર્યા વિના પણ સુખી થવાની ઘેલછા ઘણાંની હોય છે, પણ શું આ સંસારમાં સીમેન્ટની રોટલી કરીને કોઈએ ખાધી છે ? ના, રોટલી તો ઘંઉના લોટની જ થાય, કારણ તેમાં જ તેની યોગ્યતા છે. એમ પાપ કરીને કેવી રીતે સુખી થવાશે ? કોઈ પણ કાળમાં કોઈ થયો નથી અને થવાનો પણ નથી.

### ધર્મનો ઉપદેશ :

"कर्तव्यो धर्म संचयः" આ શબ્દથી શ્લોકકાર મહર્ષિ ધર્મ કરવાનું કહે છે. "न कर्तव्यमतः पापम् " તેથી જ પાપ કરવા જેવું નથી, કારણ દુઃખ મળે છે માટે. જીવોને ધર્મ કરાવવો કેવી રીતે ? ધર્મ કરાવવા માટે તો પ્રથમ ધર્મનો ઉપદેશ આપવો જ પડશે. જીવોને ધર્મ સમજાવવો પડશે. એક જ ઘરમાં બધાં એકસરખી વિચારધારા-વાળા પણ નથી હોતા. એક માતાના ચાર પુત્રો પણ સરખા વિચારવાળા નથી હોતા. તેમજ એકસરખી ધર્મભાવના વાળા નથી હોતા. સંસાર તો અધર્મનો ભરેલો છે. અધર્મની મનોવૃત્તિવાલા ઘણાં જીવો છે. તો તેમને ધર્મ સમજાવવો તો પડશે જ. અધર્મ–પાપમાર્ગ છોડાવવો તો પડશે જ, અને સમજીને જ્યારે જીવ પાપમાર્ગ છોડશે તો જ ધર્મ કરશે. માટે પરમાત્માએ પાપ ન કરવાં, પાપને છોડવાને જ મોટો ધર્મ કહ્યો છે, મહાન ધર્મ કહ્યો છે. તમે ધર્મ કેટલો કર્યો છે ? દાન કેટલું આપ્યું છે ? ઉપવાસ કેટલા કર્યા છે ? નવકાર કેટલા કર્યા છે ? તેના કરતાં પણ તમે પાપ કેટલા છોડ્યા છે, કયા અને કેવા પાપો તમે નથી કર્યા તે મહત્વનું છે. ખૂબ જ મહત્ત્વનું છે. ઘણો ધર્મ કરવા કરતા તો થોડા પાપ સદા માટે છોડી દેવા તે જ મોટો ધર્મ છે. તે જ સાચો માર્ગ છે.

જીવમાત્રને પાપ કરવાની ટેવો તો પડેલી છે. એક જન્મની ટેવ પણ બીજા જન્મમાં સંસ્કારરૂપે સાથે આવે છે. જન્મથીજ ઘણાં જીવો પાપના સંસ્કાર લઈને આવે છે. ક્રોધ, માન, માયા, લોભ, ચોરી જૂઠ આદિ કોઇ કોઈને શિખવાડતું નથી છતાં પણ દરેક જીવને આવડે છે. દરેક જીવ કરે છે. બાલ્યાવસ્થામાં જ ઘણાંને ક્રોધાદિ, ચોરી આદિ કરતા આપણે જોઈએ છીએ.

એ બધું એને કોણે શિખવાડયું ? પાપના સંસ્કારો તો જન્મો-જન્મ સુધી સાથે રહે છે, માટે આ પાપો આજના નથી. કેટલાય ભવોના–જન્મોના આ સંસ્કારો છે. આટલી જડી જેની જડ ગઈ હોય, બહુ

ઊંડા ગયેલાં મૂળીયાંવાળાં ઝાડને મૂળમાંથી ઉખેડીને ફેંકવું બહુ અઘરું છે. છતાં પણ રસ્તા વચ્ચે નડતા ઝાડને તો ઉખેડીને ફેંક્યા વિના છૂટકો જ નથી. તે જ પ્રમાણે દુઃખી કરતા પાપોને તો મૂળમાંથી કાઢીને ફેંક્યાં વિના છૂટકો જ નથી.

## તરે એને તારે એવો ધર્મ

સંસારમાં બહુ ઓછા અને કોઈ વિરલા જીવો એવા મળશે જે કદાચ પોતાની મેળે ધર્મ સમજી લે, અને પાપમાર્ગ છોડી દે. બાકી તો સમજાવનારની ખૂબ જરૂર પડે છે. તીર્થંકર ભગવંતો પણ સમવસરણમાં સતત દેશના આપે છે, એનું પણ એક જ કારણ છે કે જીવો ધર્મ પામે, ધર્મ સમજે. મહાવીરપ્રભુની દેશનાનાં ૨–૪ વાક્યો જ રોહિણેય ચોરની કાનમાં પડ્યાં અને તે પણ જંગલમાં કાંટો કાઢવા જતાં અમુક વાક્યો કાનમાં સંભળાઈ ગયાં...અને આટલાં જ વાક્યો એને જીન્દગીમાં સંકટ સમયની સાંકળની જેમ ખૂબ ઉપયોગી લાગ્યા. અને એ બુદ્ધિનિધાન અભયકુમાર મંત્રી જેવાની જાળમાથી છટકી શક્યો. બચી શક્યો, ત્યારે એનો અંતરાત્મા જાગ્રત થયો...ઓહો ! જેનાં માત્ર ૨–૪ વાક્યો જ સાંભળ્યાં, અને તે પણ અનિચ્છાએ પણ હું તરી શક્યો, તો તો તે જ ઉપકારી પ્રભુની સંપૂર્ણ દેશના સાંભળું તો અવશ્ય તરી જઉં, જીવન સફળ થઈ જાય, બેડો પાર થઈ જાય, અને ખરેખર રોહિણેય ચોરે તેમ જ કર્યું અને જીવન સાર્થક કરી ગયો. અર્જુનમાળી જેવા ઘોર પાપી તરી ગયા, દૃઢપ્રહારી જેવા ચાર–ચાર ખૂન કરનાર પણ કેવળજ્ઞાન પામીને મોક્ષે જતા રહ્યા. અને નરકમાં જવાની તૈયારીવાળો ચંડકૌશિક સાપ જે તરીને સ્વર્ગે પહોંચી ગયો તો આપણે શા માટે ન તરી શકીએ ? આ તો તરે એને તારે એવો ધર્મ છે. પાળે એનો ધર્મ. કરે એનો ધર્મ છે.

## ધર્મ પમાડવાની રીત

કોઈના ઉપર ઉપકાર કરીને પણ ધમ પમાડી શકાય છે, કોઈને

ધન-સંપત્તિ-પૈસા આપીને પણ ધર્મ પમાડી શકાય છે, કોઈને વસ્ત્ર-પાત્ર-ભોજન આદિ આપીને પણ ધર્મ સમજાવી શકાય છે, અને બળ દેખાડી, ભય કે ક્ષોભ પમાડીને પણ ધર્મ શિખવાડી શકાય છે, અને તલવાર દેખાડીને મૃત્યુનો ભય બતાવીને પણ ધર્મ પરાણે કરાવનારા પણ છે. આજે પણ સ્પષ્ટ જોઈએ છીએ કે લોકોની નબળાઈનો લાભ લઈને તલવારના જોરે પણ ધર્મ પરિવર્તન કરાવીને પોતાના ધર્મની સંખ્યા મોટી દેખાડનાર ધર્મ પણ છે, અને તે જ પ્રમાણે લોકોની ગરીબી-દરિદ્રતાનો ફાયદો ઉઠાવીને લોકોને રોટી-બેટી આપીને પણ ધર્માન્તર કરાવનાર છે, અને આ રીતે પોતાના ધર્મની દુનિયામાં મોટી સંખ્યા બતાવવાના પ્રયાસો પણ કરનારાઓએ કર્યા છે.

બુદ્ધિગમ્ય રીતે ચર્ચા-વિચારણા કરીને તર્ક અને યુક્તિથી સમજાવીને પણ ધર્મ પમાડનારા પણ થાય છે શ્રીમહાવીર પ્રભુએ કેવળજ્ઞાનથી શ્રી ગૌતમના મનની શંકા જાણી તેનું સમાધાન કરી આત્મ-તત્ત્વની પ્રતીતિ કરાવી, અનેક પ્રમાણોથી આત્મા સિદ્ધ કરી બતાવ્યો, અને ઇન્દ્રભૂતિ ગૌતમે જૈનત્વની દીક્ષા અંગીકાર કરી.

સર્વોત્તમ માર્ગ તો ધર્મનો ઉપદેશ આપી સામેવાળા જીવને ધર્મ સમજાવીને ધર્મ કરતો કરવો એ જ છે. જે રીતે તીર્થંકર પ્રભુએ સમવસરણમાં ઉપદેશ જ આપ્યો છે, અને આજે પણ તેમના અનુગામી સાધુ-સાધ્વીઓ ઉપદેશ આપીને વ્યાખ્યાનાદિ દ્વારા સમજાવીને ધર્મ પમાડે છે. સ્વયંબુદ્ધ સ્વયંબોધ પામનારા કોઈ લાખે એક જેવા વીરલા આત્મા હોય છે. વાંચન-શ્રવણ આદિ દ્વારા ધર્મ સમજનારા પણ જગતમાં છે.

## માધ્યસ્થ ભાવનાની આવશ્યકતા ક્યાં ?

જ્યારે પિતા પુત્રને ધર્મ સમજાવતા હોય, માતા ઉપદેશ આપીને પુત્રોને ધર્મી બનાવવા પ્રયત્ન કરતી હોય, અથવા શેઠ પોતાના નોકરને સમજાવીને એની પાપની ખોટી ટેવ છોડાવવા પ્રયત્ન કરતા હોય, અથવા

તો પતી પત્નીને અથવા પત્ની પતીને સમજાવીને એકબીજાની કુટેવો છોડાવીને ધર્મમાર્ગે વાળવા પ્રયત્ન કરતા હોય પાપની આદતમાંથી બચાવવા પ્રયત્ન કરતા હોય-ત્યારે સંભવ છે કે કષાયની વૃત્તિઓ જાગી જાય, રાગદ્વેષના કષાયો ભડકવાની શકયતા હોય છે. ઘણાં માતા-પિતા પોતાના સંતાનને સાધુ-સંતો પાસે લાવતા હોય છે અને કહેતા હોય છે કે મહારાજ આને સમજાવો, આની આ ટેવ છોડાવો, આને કંઈક ઉપદેશ આપી માર્ગ ઉપર લાવો.

કેમ માતા પિતા પોતે નથી સમજાવી શકતા ? પુત્ર પોતાનો અને પોતે જ માતા પિતા છે છતાં પોતાના સંતાનને શા માટે બીજા પાસે લઈ જાય છે. પરંતુ આવે ત્યારે કહેતા હોય છે મહારાજ ! ખૂબ ત્રાસ છે આનો. લોહી પી જાય છે. મારી-મારીને તો હાથ દુઃખવા આવી ગયા છે. આ તો બહુ જ રીઢો થઈ ગયો હોય છે વગેરે ઘણું કહેતા હોય છે પણ એક વાત ચોક્કસ છે કે પોતાથી નથી સમજતો એટલે મહારાજ પાસે લઈ આવવામાં આવે છે.

## અચ્છા બચ્ચા કલ સે ગુડ મત ખાના

માતાએ છોકરીને ઘણો માર્યો, ઘણું કર્યું પણ નાના છોકરાએ ગોળ ખાવાનું ન છોડયું તે ન જ છોડયું. મહિનાઓ વીતી ગયા, હવે તો છોકરો ચોરી કરીને પણ ગોળ ખાય છે. ગામમાં પધારેલા એક સંત પાસે માતા પોતાના પુત્રને લઈ ગઈ, સ્વામીજી ! આને સમજાવોને બહુ ગોળ ખાય છે.

સ્વામીજીએ કહ્યું – માતાજી ! इसको १५ दिन के बाद लाना !

પંદર દિવસ પછી માતા બાળકને ફરી લઈ ગઈ, અને સ્વામીજીએ બાળકના માથે અને પીઠે હાથ ફેરવીને કહ્યું–अच्छा बच्चा ! अब कल से गुड मत खाना ! અને છોકરાએ તરત માથું હલાવી હા પાડી. અને ઘરે આવ્યા પછી નથી ખાતો.

માતાએ ફરી સ્વામીજી પાસે જઈને પૂછ્યું સ્વામીજી ! આપને ક્યાં जादु किया है ? अब तो लडका नहीं खाता हैं ! कृपया मुझे वो जादु या मंत्र बता दिजिए । शायद आपके जाने के बाद यदि गुड या और किसी वस्तु की आदत पडेगी तो मैं भी वो जादु कर दुंगी !

स्वामीजी – माताजी ! कोई जादु नहीं है । पहले वही नियम हमें खुद को पालन करना चाहिए । बस यही जादु है ।

माताजी – तो स्वामीजी आपने १५ दिन के बाद क्यों बुलाया । जो पीठ पर हाथ फेरने से एक ही वाक्य कहना था तो पहलीबार आई तभी ही क्यों नहीं कह दिया ?

स्वामीजी – माताजी ! मै भी गुड खाता था । इसलिए कैसे कह सकता था ? पहले मैंने खाना छोड दिया । तब किसी को समझाकर छोडा सका !

બીજાને ધર્મ પમાડવામાં કે સમજાવવામાં સામાવાલા જીવને પણ રાગદ્વેષ ન થવા જોઈએ. તેમ જ પોતાને પણ રાગદ્વેષ ન થવા જોઈએ. બસ અહીં જ માધ્યસ્થ ભાવનાની જરૂર પડે છે. માધ્યસ્થ ભાવના રાગદ્વેષથી બચાવીને શાંત રાખે છે. માધ્યસ્થ ભાવના સાધકના માટે ઢાલ જેવી છે. સ્વરક્ષક છે. અહિતના કે કષાયાદિના પ્રસંગે આપણને બચાવનાર રક્ષક આ ભાવના છે.

## કર્માધીન જીવોના સ્વભાવો

સંસારી જીવ માત્ર કર્માધીન છે. આઠ કર્મોમાં મોહનીય કર્મ કર્મોનો રાજા છે. રાગ–દ્વેષ–ક્રોધ–માન–માયા–લોભાદિ કલેશ–કષાયાદિ બધાનું ઘર મોહનીય કર્મ છે, હાસ્ય-રતિ–અરતિ, ભય, શોક, જુગુપ્સા, તેમ જ સ્ત્રી–પુરુષ અને નપુંસક વેદની કામવાસનાની વૃત્તિઓ વગેરે બધી મોહનીય કર્મના ઘરમાં જ પડી છે, અને દરેક જીવને બીજા બધાં

કર્મો કરતા પણ મોહનીય કર્મનો જ ઉદય વધારે હોય છે, અને મોહનીય કર્મની જ વૃત્તિ-પ્રવૃત્તિ વધારે હોય છે.

આ સંસાર એક સમુદ્ર જેવો છે. સમુદ્રમાં જેમ હીરા-મોતી પણ હોય છે અને બીજી બાજુ પથ્થર-કાંકરા પણ હોય છે સમુદ્રમાં પાણી અગાધ છે પણ શું થાય ખારૂં છે. પીવા યોગ્ય નથી. આ સંસારમાં પણ અનેક પ્રકારના જીવો છે. જીવ અને જડ બે જ પદાર્થથી ભરેલો આ સંસાર છે. જીવોમાં કેટલાક જીવો સારા પણ હોય છે અને કેટલાક વિપરીત વૃત્તિવાળા પણ હોય છે. જીવ માત્ર સ્વ-સ્વકર્માનુસારે જન્મ-જાતિ-ગતિ આદિ ધારણ કરે છે સ્વભાવ, પુણ્ય-પાપ, સુખ દુઃખ, બુદ્ધિ, ધન, સંતતિ કે સંપત્તિ, તેમ જ દુઃખ-દારિદ્ર્યાદિ અનેક ભાવો જીવો પોતપોતાના કર્માનુસારે જ પ્રાપ્ત કરે છે.

આપણે ઈચ્છીએ છીએ એવો આ સંસાર નથી. બધા જીવો એક સરખા, કે એક મનોવૃત્તિવાળા પણ નથી. જો આપણે એમ ધારીએ કે બધા જીવો પરોપકાર કરનારા, શાંત સ્વભાવી, પાપ ન કરનારા, ધર્મ કરનારા જ હોય તો ઘણું સારૂ. પરન્તુ એવુ હોતુ નથી. એવુ બનતુ પણ નથી. સંસાર નથી તો આપણી ઈચ્છાનુસાર ચાલતો અથવા સંસાર ઈશ્વરની ઈચ્છાનુસાર પણ નથી ચાલતો. કારણ કે જગતનો કર્તા-હર્તા ઈશ્વરને માનવા જવામાં અનેક આપત્તિઓ છે. દયાળુ એવો ઈશ્વર વિષમ એવી માયાવી સૃષ્ટિ શા માટે રચે ? અને આવી સૃષ્ટિમાં જ્યાં પરસ્પર વિરોધાભાષી સ્વભાવો છે એવી વીપરીત, વિષમ અને વિચિત્ર સૃષ્ટિ ઈશ્વર રચે એ સંભવજ નથી. માટે સ્વ-કર્મવશ જીવો છે. એજ માન્યતા યુક્તિયુક્ત છે.

## શું ઈશ્વર-ઈચ્છા જગતનું કારણ છે ?

વળી ઈશ્વરની ઈચ્છા માની એ તો તો ઈશ્વરનું સ્વરૂપજ બદલાઈ જશે. ઇચ્છા શું છે ? ઈચ્છા કોને થાય ? ઈચ્છા તો મોહ-મમત્વજન્ય છે. જે જીવ હજી મોહનીય કર્મને આધીન છે તેને ઈચ્છા વગેરે હોય

છે, સંભવ છે કે ઈચ્છા સારી પણ હોય અને સંભવ છે કે ઇચ્છા ખરાબ પણ હોય કારણ મોહમાં તો રાગ અને દ્વેષ બન્ને છે. અને ઈશ્વર જો સૃષ્ટિ ઉત્પન્ન કરે છે તો રાગ-દ્વેષ બન્ને એના કાર્યમાં સ્પષ્ટ દેખાય છે. કારણ તેવા ભાવો આ સૃષ્ટિમાં છે. અને જો સૃષ્ટિ રચવામાં ઈચ્છા તત્વનો જ એકલો ઉપયોગ કરે તો સૃષ્ટિના વિલયમાટે તેને દ્વષ તત્વનો પણ ઉપયોગ કરવોજ પડે છે. અને ઈચ્છા અને લીલા કરનારા મોહકર્માધીન રાગ-દ્વેષ વાલા ને અગર જો ઈશ્વર માનવામાં આવે તો તો જગતના બધા જ જીવો રાગ-દ્વેષ વાળા મોહાધીન છે. તો બધાનેજ ઈશ્વર અને બધાને જ જગતના કર્તા માનવા પડશે. તો ઈશ્વર અને અન્ય જીવોમાં કોઈ ભેદ નહીં રહે.

વળી ઈચ્છા સશરીરીને હોય ? કે અશરીરીને હોય ? એને સશરીરી જો માનીએતો તે શરીર કેવો માનવો ? શુ આપણા જેવો ? કે કેવો ? જો શરીર ન માનીએ તો સૃષ્ટિની રચના રૂપ કાર્ય કેવી રીતે કરી શકે ? ઘડો બનાવવા માટે જેમ કુંભાર શરીરવાળો છે તોજ ઘડો બનાવી શકે છે અન્યથા નહીં. ? તેમ સંસાર બનાવવાનું કાર્ય કરવા માટે ઈશ્વર ને પણ કોઈ ન કોઈ તો શરીર લેવુ જ પડે તોજ લીલા કરી શકે. અને જો શરીર ધારણ કરે-અને ઈચ્છા રાખીને લીલા-કરે અને રાગ-દ્વેષ વાલો તો સિદ્ધ થાય જ છે તો પછી તો ઇશ્વરને જન્મ-મરણ પણ સિદ્ધ થશે. અને તો તો પછી સર્વજ્ઞપણું પણ નહીં રહે. એમ અનેક દોષાપત્તિ આવશે અને ઈશ્વર સંસારના સામાન્ય રાગી-દ્વેષી માનવી જેવો સિદ્ધ થઈ જશે માટે ઈશ્વરને અથવા ઇશ્વરની ઇચ્છાની ઇચ્છાને પણ આ સંસારનું કારણ ન માનતા તે તે જીવોના સ્વ સ્વ કર્મનેજ કારણ માનીએ એજ યોગ્ય છે. એજ યુકિતયુકત સુસંગત છે.

### કર્મવશજીવોની વિચિત્રતા :

વિવિધતા, વિષમતા અને વિચિત્રતા ધરાવતા આ સંસારમાં જીવો પણ ભિન્ન ભિન્ન વૃત્તિ અને સ્વભાવ વાળા છે. બધા જ જીવો સારા પણ નથી મળવાના તેમ બધાજ ખરાબ હોય છે એવું પણ નથી

કહેવાનું, આ સંસારમાં દુષ્ટ બુદ્ધિ વાળા પ્રાણીઓ પણ અનેક હોય છે, સંસારમાં પાપનું પ્રમાણ વધારે છે તો સ્વાભાવિક છે કે પાપ કરનારા પાપી આત્માઓનું પણ પ્રમાણ વધારે છે. કેટલાક જીવો સાવ ઉંધી ખોપડીવાળા પણ મળશે. કેટલાકના ઉપર ઉપકાર કર્યો હોય તો પણ અપકાર કરનારા દેખાશે. કેટલાક ખૂન, મારામારી, તોફાન કરનારા, ચોરી, લુટફાટ, કરનારા પણ સંસારમાં છે. વિશ્વાસઘાત, દગો દઈને ઠગનારા પણ છે. દુષ્ટ દુરાચારી. વ્યભિચારી અનાચારી અને બળાત્કારી જીવો પણ સંસારમાં છે. પરસ્ત્રી આસકત, વિષયી, વેશ્યાગમન કરનારા તથા વ્યસની અને દારૂ-માંસનું સેવન કરનારા, અભક્ષ્ય ખાનારા ગાળો દેનારા-ગુંડા, હાલી મવાલી, અને મૃષાવાદી, દારૂડીયા, મહામાયાવી ઓઓ, દંભી ધૂતારા, હિંસક, ક્રૂર-કષાઈઓ, પણ સંસારમાં ઓછા નથી અને દેવ-ગુરૂ ધર્મના નિંદક, ઇર્ષ્યા દ્વેષ રાખનારા, વૈરવૃત્તિ વાળા દુશ્મનો, ભયંકર ક્રોધી-અભિમાની, માયાવી તથા લોભી જીવો પણ આ સંસારમાં કયાં ઓછા છે ? મહાનાસ્તિકો મિથ્યાત્વીઓ અને અભવી જીવો પણ આ સંસારમાં છે. આ રીતે સંસારનું સ્વરૂપ અને સંસારમાં રહેનારા ક્રૂરકર્મી, ભારેકર્મી અને મહાપાપી જીવો પણ સંસારમાં ઘણાં છે.

## સંસાર તો એક પ્રવાહ જેવો છે :

પાણીના પ્રવાહની જેમ સંસાર અને સંસારી જીવો કાળના પ્રવાહમાં વહેતાજ હોય છે, સતત તણાતા હોય છે. છાપામાં (સમાચાર પત્ર) માં રોજ ૮૦% થી ૯૦% ટકા બાતમીઓ સમાચારો ખરાબજ આવે છે કયાં ચોરી થઇ ? અને કયાં બળાત્કાર થયો ? કોણે ચોરી કેવી રીત કરી ? અને કોણે લૂટ કેવી રીતે કરી ? અને કોણે ખૂન કયાં કેવી રીતે કર્યું ? બસ આવા જ સમાચારો વધારે છપાય છે. આવાજ વધારે લખાય છે.

એનો અર્થ શું એવો છે કે સંસારમાં કયાંય સારી પ્રવૃત્તિ સારૂ થતુ જ નથી ? કયાં પૂજા-પાઠ થયા ? કયાં વ્યાખ્યાન-પ્રવચન થયા ? કયાં ઉપદેશ અપાય છે ? કયાં સ્વાધ્યાય ભજન કીર્તન થયા અને થાય

છે. ક્યાં આરાધના-ઉપાસના થયા અને થાય છે ? ક્યા માણુસો સારા અને સજ્જન છે. ક્યા સાધુ-સન્ત છે ? ક્યા ન્યાય નીતિવન્ત છે. ક્યાં ઇમાનદારી છે. નીતિમતા છે. વગેરે આ સારી બાજુ તો કદાચ નજરે દેખાતીજ નથી. એક સાપ્તાહિક કે માસિક પત્રિકા વાળો પણ લોકોની વિકૃત માનસિક ભૂમિકાનો લાભ ઉઠાવે છે અને તે માસિક ના મુખપૃષ્ઠ ઉપર વિકૃત અશ્લીલ અને ગંદા બિભત્સ ચિત્રો છાપી દેશે જેથી જલ્દી વેચાણ થાય. ચિત્રો વાલા બિભત્સ પોસ્ટરો છાપી દેશે મહેરાતો આપશે જેથી ઘણાં લોકો જુએ. એમની વિચારધારા એવી હોય છે કે આ સંસારમાં સારા તત્વવેત્તાઓ સદાચારીઓ તો છે જ ક્યાં ? અને છે તો કેટલા છે ?

જો હું એવી પત્રિકા, પુસ્તક કે ચિત્રાદિ કાઢું તો લેશે કોણ ? બધા અર્થોપાર્જનને મહત્ત્વ આપી માત્ર ધન-પૈસાની ઘેલછામાં નીતિમત્તાનું ધોરણ જ ગુમાવી બેઠા છે.

## સંસારનું સારું પાસું

પરંતુ ઘણું ખરાબ જોવાથી કે ઘણું ખરાબ જ છપાવાથી એવું નથી સિદ્ધ થતું કે જગતમાં સારું છે જ નહીં. ના. ભલે સારું તત્ત્વ ઓછું હશે, પણ નથી એમ તો નહીં. એક જ સિક્કાની બંને બાજુ હોય છે, અને એક બાજુ કદાચ ખરાબ હોય તો સંભવ છે કે બીજી બાજુ સારી પણ હોય. એમ આ સંસારમાં ભલે ખરાબનું પાસું ઘણું મોટું છે પણ બીજી બાજુ સારૂં પાસું પણ છે તો ખરું ?

સંસારમાં કર્મ બાંધનારા અને પાપ કરનારા ઘણાં છે પણ કર્મ ખપાવનારા અને પુણ્યોપાર્જન કરનારા, આત્મશુદ્ધિ કરનારા મોક્ષ-માર્ગના સાધકો પણ છે. એક સારો સાધુ સંત હજાર ખરાબ દુષ્ટ દુર્જન કરતાં ઘણો ઊંચો છે. સારાને સહુ નમે છે.

## સંગ તેવો રંગ

અલબત્ત ! આ સંસારમાં સારા-ખરાબને એકસાથે ભેગા જ

રહેવાનું છે. એક ઘરમાં ૪ સારા છે તો ૨ ખરાબ પણ છે. એક ટોળામાં ૫૦ ખરાબ છે તો ૫ સારા પણ છે. નથી એમ નથી. આ જ સ્થિતિ સમગ્ર વિશ્વમાં કોઈ પણ દેશ, રાષ્ટ્ર કે સમાજ કે કોઈ પણ જ્ઞાતિ-જાતિમાં પણ અવશ્યપણે છે, સંસારની એક વિચિત્રતા એવી પણ છે કે સારા સજ્જનનો સંગ મળતા કદાચ દુર્જન તો સારો થશે કે નહીં પણ થાય. પરંતુ દુર્જનનો સંગ મળતા સજ્જનની સજ્જનતા જતી દેખાય છે. સારા સંગનો રંગ જલદી નથી લાગતો પરંતુ ખરાબ દુર્જનના સંગનો રંગ એની અસર લાગેલી દેખાય છે. માણસને સુધરતા વાર લાગે છે પરંતુ બગડતા કોઈ વાર નથી લાગતી. ચઢતા વાર લાગે છે પણ પડતા કોઈ વાર નથી લાગતી. બ્રહ્મચારી બનતા વાર લાગે છે, પણ દુરાચારી કે વ્યભિચારી બનતા બિલકુલ વાર નથી લાગતી. એવા સેંકડો ગુણો છે જે મેળવતાં વર્ષો કે જન્મો લાગે છે. જ્યારે દુર્ગુણો ક્ષણ માત્રમાં આવે છે.

## દૃષ્ટિ તેવી સૃષ્ટિ

આપણી જેવી દૃષ્ટિ હોય છે તેવી જ આપણને સૃષ્ટિ દેખાય છે. એક ચોરની નજરમાં બધા ચોર જ દેખાય છે એક ખૂની માણસને એમ જ લાગે છે કે જગતમાં બીજા કયાં ખૂન નથી કરતા ? દુરાચારી કે કામી બધાને દુરાચારી જ જુએ છે. વિષયી કે વિલાસી કામીની આંખમાં બધી સ્ત્રીઓ પત્ની રૂપે કે વેશ્યારૂપે જ દેખાય છે. કમળાના રોગીને દૂધ પણ પીળુ જ દેખાય છે. લોભીને પથ્થર પણ હીરો જ લાગે છે, અર્થાત્ જેવી દૃષ્ટિ હોય છે તેવી સૃષ્ટિ દેખાય છે. જો ખરાબ દુર્જનને બધું તે જ પ્રમાણે લાગે છે, તો સાધુ-સંત કે સજ્જનની દૃષ્ટિમાં પણ તેવી જ સૃષ્ટિ દેખાતી હશે. એક સદાચારી બ્રહ્મચારીને પોતાની આંખમાં બધી જ સ્ત્રીઓ માતા-બહેન સમાન દેખાય છે. પરધન પથ્થર સમાન દેખાય છે, સોનું-ચાંદી, હીરા-મોતી પણ નાશવંત ક્ષણિક દેખાય છે, ઘરબાર અને દરબાર બધા જ એને મન સરખા. વિશાળ દૃષ્ટિમાં સાધુ પુરુષને "વસુધૈવ કુટુમ્બક "ની ભાવનામાં ખરાબ

પણ સારા દેખાય છે. એ મહાત્મા બધામાં જીવત્વ-આત્મત્વ જૂએ છે, પરમાત્મા પદ જૂએ છે. જીવમાં શિવને જૂએ છે, "आत्मवत् सर्वभूतेषु" પોતાના જેવા જ બધાને જૂએ છે, એ અંધને અંધ કે ચોરને ચોર કે પાપીને પાપી પણ જોવા કે કહેવા પણ તૈયાર નથી. એ જ એ મહાપુરુષની મહિમા અને ગરિમા છે, સાધુ સદાય બધાને સાધુ-સજ્જન બનાવવા તત્પર હોય છે. સારા માણસો બીજાને અર્થાત્ ખરાબને પણ સારા બનાવવા તત્પર હોય છે, અને તે માટે તપ-ત્યાગ-જ્ઞાન-ધ્યાન કરીને જગતને ઉપદેશ આપે છે. પરંતુ ખરાબ દુર્જન બધાને ખરાબ બનાવવા ઇચ્છતા હોય છે, કોને કેટલા ટકા ફળ મળે છે તે તો સંસારનું સ્વરૂપ જ સ્પષ્ટ દેખાડી આપે છે.

## સંસાર એક મેળો છે.

સારા-ખરાબ જ્યાં બધા સાથે રહે છે તે એક મેળા જેવો રૂપ હોય છે. મેળામાં સારી વસ્તુ પણ મળે અને ખરાબ પણ મળે. ખરાબની વચ્ચે સારાને રહેવાનું છે. અને સારાની વચ્ચે પણ કદાચ કોઈ ખરાબ રહેતો હોય પરંતુ ખરાબ દુર્જનને સારા સજ્જન મહાપુરુષ પાસેથી કંઈ પણ મળે તેમાં દુર્જનને કંઈ પણ ગુમાવવાનું નથી રહેતું. સારા સજ્જન થવામાં દુર્જનનું કંઈ જ નથી જતું. કંઈ જ નથી બગડતું, પરંતુ ખરાબની સંગે સજ્જનને નુકસાન છે, દુર્જન પાસેથી સારા સજ્જનને જો થોડુંઘણું કંઈ પણ ખરાબ મળ્યું કે તેનો રંગ લાગ્યો તો સજ્જનને મોટું નુકસાન થશે છતાં પણ સજ્જનને અહર્નિશ પરોપકાર કરવાનો છે. ખરાબને સારા બનાવવામાં સતત પ્રયત્ન કરવાનો છે. પારસમણી લોખંડને સોનું બનાવી શકે છે તો એક સાધુ-સંત મહાત્મા દુષ્ટ દુર્જનને કેમ ન સુધારી શકે? વાલ્મીકી જેવો ડાકુ મટીને સાધુ બની ગયો, દઢ પ્રહારી જેવા ખૂની કેવળજ્ઞાની બની ગયા, અર્જુન માળી જેવો ઘોર પાપી જો તરી ગયો તો પછી શું ન બની શકે? અને કોણ ન સુધરી શકે?

અનાદિ કાળથી પુણ્ય-પણ છે અને પાપ પણ આ સંસારમાં છે.

તે જ પ્રમાણે સહૃદયી સજ્જન સાધુ-સંત પણ છે અને દુષ્ટ વૃત્તિવાળા દુર્જનો પણ છે. પરમાત્મા પણ છે અને પામરાત્મા પણ છે, અનાદિ-કાળથી જીવોને ધર્મ પમાડવાનો પ્રયત્ન ચાલુ છે, તીર્થંકરો અને તેમના અનુયાયી સાધુ પુરુષો પણ સર્વત્ર સતત પુરુષાર્થ કરી રહ્યા છે. છતાં પણ શું બધા સુધરી ગયા ? કે બધા તરી ગયા ?

## શું બધાને સુધારવા શક્ય છે ?

અનાદિ કાળના પુરુષાર્થ અને પ્રયત્નો ધર્મ અને ઉપદેશ, દેવ અને ગુરુ હોવા છતાં બધા કેમ નથી સુધર્યા ? આ પ્રશ્નનો એક જ ઉત્તર છે ભાઈ ! જીવ-માત્ર સ્વસ્વ કર્મને આધીન છે. ભારે કર્મથી ભરેલા, ઘણાં કર્મોથી ઘેરાયેલા, મહામિથ્યાદ્રષ્ટિ અને મિથ્યામતિ જીવો જેઓ પાપના સંસ્કારવાળા છે તેમને કદાચ ગમે એટલો ઉપદેશ આપવામાં આવે તોપણ પથ્થર ઉપર પાણીની જેમ વ્યર્થ જ જાય છે, માત્ર ઉપદેશ વ્યર્થ જાય છે એથી પણ કરુણા હૃદયથી ઉપદેષ્ટા મુનિ નથી ગભરાતો. એ તો વર્ષો સુધી ઉપદેશ આપવા તૈયાર છે. પરન્તુ ઉપદેશ સાંભળનાર રાગ-દ્વેષની પરિણતિમાં જાય તેમ હોવાથી અથવા મુનિમહાત્માની પરિણતિમાં રાગ-દ્વેષ કે ક્લેશ-કષાયાદિની સંભાવના દેખાવાથી એ છોડી દેવું હિતાવહ છે. એવા અવસરે સ્વયં મૌન રહેવુ એજ માધ્યસ્થ ભાવના છે.

જીવો પણ સ્વયં ધર્મશ્રવણ અથવા ધર્માચરણ, વ્રતાચરણ વગેરે માટે પાત્ર બને છે. અકામ નિર્જરા આદિ દ્વારા જીવોના તે તે પાપ કર્મો ભારે કર્મોનો ક્ષય થાય ત્યારે તે જીવને દેવ-ગુરુ-ધર્મ પ્રત્યે કંઈક રૂચિ જાગે છે. આઠે કર્મોની ઉત્કૃષ્ટ સ્થિતિના ક્ષય પછી સર્વેની મળીને માત્ર અન્તઃ કોડાકોડી સાગરોપમની જ કર્મસ્થિતિ શેષ રહે ત્યારે જીવ નદીગોળ પાષાણ ન્યાયે યથાપ્રવૃત્તિકરણ કરતો કરતો સમ્યક્ત્વ પામવાને નજદીક આવે છે. ત્યારે અનાદિની રાગ-દ્વેષની ગાંઠ તોડવાની તીવ્ર ઈચ્છા નિર્માણ થાય છે. અને અપૂર્વકરણ અનિવૃત્તિકરણ આદિ કરીને તૈયાર થયેલો આત્મા આટલી યોગ્યતા અને પાત્રતા કેળવે તો જ

રાગ–દ્વેષની ગાંઠભેદી શકે છે. અન્યથા રાગ–દ્વેષની ગ્રંથિ ( ગાંઠ ) ભેદવાના પ્રદેશની સમીપમાં એક વાર નહીં અનંત વાર આવીને ત્યાં રહીને પણ પાછો ચાલ્યો જાય છે. કહેવાની મતલબ એ છે કે સ્વયં જીવની યોગ્યતા કે પાત્રતા પ્રાપ્ત થયા વિના કોઈ પણ જીવને જબરદસ્તી સમજાવી નથી શકતા. પરાણે ધર્મ નથી પમાડી શકાતો. એમાં રાગ–દ્વેષની સંભાવના વધારે રહે છે.

શ્રીમહાવીર પરમાત્માએ પણ ચંડકૌશિક ને બુજ્ઝ ! બુજ્ઝ ના શબ્દો કયારે કહ્યા ? એક વાર, બીજી વાર, અને ત્રીજી વાર ચંડકૌશિક ડંખ દઈ ચૂકયો, લાલના બદલે સફેદ લોહી દેખાને આશ્ચર્ય પામી. દૂર ખસીને પ્રભુની મુખમુદ્રા તરફ એકધારી નજરે જોઈ રહ્યો અને એ કરુણામૂર્તિના મુખ ઉપર જે સમતાનો ભાવ જોયો તેનાથી ચંડકૌશિક શાન્ત થઈ ગયો. સ્થિર અને સ્તબ્ધ બની ગયો ત્યારે પ્રભુએ બે શબ્દમાં ઉપદેશ આપ્યો. અને શાન્ત સ્થિર પાણીમાં નંખાતો એક કાંકરો જે પાણીમાં ચારે બાજુ વમળ નિર્માણ કરે તેમ મહાવીરના બે શબ્દોએ ચંડકૌશિકનું હૈયુ હચમચાવી દીધુ, ઉહાપોહની વિચારણાંમાં ચંડકૌશિકને વિચાર કરતો કરી દીધો. એનું મનોમંથન ચાલુ થઈ ગયુ. અને થોડીવારમાં જ ચંડકૌશિક જાતિસ્મરણ જ્ઞાન પામી ગયો ભૂતના ભવો સાથે ભૂલ દેખાવા માંડી અને પાપનો પશ્ચાતાપ શરૂ થયો. પાણી કપડાનું મેલ ધૂએ તો પશ્ચાત્તાપના આંસુ આત્માના પાપને ધૂએ છે.

નરકમાં જવા યોગ્ય ચંડકૌશિક ઘણાં પાપો ખપાવી ૧૫ દિવસના અનશનમાં આત્મકલ્યાણ સાધી સ્વર્ગની ગતિમાં જઈ આઠમા સહસ્રાર દેવલોકે દેવ બન્યો. સ્વયોગ્યતા અને પાત્રતાની જાગ્રત દશામાં જ ધર્મ જલદી સમજાય છે. પરંતુ ઉપદેશ કે સલાહ–શિખામણ પણ એવી રીતે, અને એવા સમયે આપવી જોઈએ કે જેથી સામાવાળા જીવને રાગ–દ્વેષ ન થાય, અને આપનારને પોતાને પણ ન થાય, અણગમો પ્રીતિ હોય ત્યાં વારંવાર ઉપદેશ આપવાથી બાજી બગડી જાય છે અને વાતાવરણ કલેશ–કષાયમાં પલટાય છે.

## સુઘરીએ વાનરને ઉપદેશ આપ્યો

પંચતંત્રમાં સુઘરી અને વાનરની એક કથા બહુ પ્રસિદ્ધ છે. જેના ઉપરથી આ ભાવનામાં શિખવા યોગ્ય બોધ સારો મળે છે. એક પક્ષી જે સુઘરીના નામે ઓળખાય છે તે એક ઝાડ ઉપર સુંદર માળો બાંધીને રહે છે. એનો માળો એટલો સુંદર બાંધેલો હોય છે કે જેનાથી ઘી પણ ગાળી શકાય છે. પોતે પોતાનાં બચ્ચાં સાથે સારી રીતે માળામાં સુરક્ષિત રહી શકે તેવો છે.

ચોમાસામાં વરસતા વરસાદમાં ફૂંકાતા ઠંડા પવનમાં ઠંડીથી થરથરતો એક વાનર એ ઝાડની ડાળીએ આવીને બેઠો. વાનરને થરથરતો જોઈને અતિવાચાળ સુઘરી બોલી–કેમ વાનરભાઈ ! પહેલાથી માળો–ઘર બાંધી રાખ્યો હોત તો કેટલું સારું હતું ? અરે ભાઈ વાનર ! તું મનુષ્યની આકૃતિવાળો સમજુ અને ડાહ્યો છે તો પછી પહેલાથી ઘર બનાવી રાખવું હતુંને ! વાંદરાએ કહ્યું..ચૂપચાપ પડી રહે. બોલતી નહીં. ઠંડી તો હજી પણ સહન થઈ જશે પણ તારા શબ્દો સહન નહીં થાય. આટલું બોલી વાનર શાંત થઈ ગયો, પણ ઠંડા પવન અને વરસાદમાં ધ્રુજારી આવી. તેના દાંત કચકચાવા લાગ્યા એટલે સુઘરી ફરી બોલી–વાનર ! આખો ઉનાળો આળસમાં શા માટે ગુમાવ્યો ? ખાલી ફરવામાં જ સમય ગુમાવ્યો એના કરતાં તો ઘર બાંધ્યું હોત તો આજે આ ઠરવાનો વખત તો ન આવત. આ સાંભળી ફરી વાંદરો ખીજાયો. બે ગાળ ચોપડાવી દીધી. ફરી થોડો સમય ગયો. ધ્રુજતા વાંદરાને જોઈ ત્રીજી વાર સુઘરીએ ભાષણ ચાલુ કર્યું. ત્યારે આ વખતે ખીજાઈને વાંદરાએ બે ગાળ દેતા કહ્યું...અરે રાંડ ! ચૂપ રહેને હવે. બોલ બોલ શેની કરે છે ? બહુ પંડિત છે તે શિખામણ આપે છે. હવે ચૂપ રહેજે અને બોલતી નહીં, નહીંતર તને ભગાડી મૂકીશ.

થોડી વાર સુઘરી ચૂપ રહી..અને ફરી ચોથી વાર એનું ભાષણ ચાલું કર્યું—વાનરભાઈ ! હવે આ રીતે આળસ અને કૂદાકૂદમાં સમય ન

બગાડતા ઘર-માળો બાંધી લેજો જેથી પાણીમાં પલડવાનો કે ઠંડીમાં ધ્રુજવાનો વખત ન આવે. સમજ્યા વાનરભાઈ !..આ વખતે ઠંડીથી ધ્રુજતો અને પાણીની મારમાં સુઘરીના શબ્દો જે તીરની જેમ વાગી રહ્યા હતા તેમાં વાંદરો બગડયો, વીફર્યો અને ચઢયો ઉપર..અરે રાંડ ! આટલી વાર કીધું છતાં માનતી નથી. કયારની બોલ-બોલ કરે છે. જો મને માળો બાંધતા તો નથી આવડતો પણ માળો તોડતા તો આવડે છે. એમ કહી સુઘરીને માળામાંથી બહાર ખેંચીને નીચે ફેંકી દીધી અને એનો માળો વેરવીખેર કરીને તોડીને ફેંકી નાંખ્યો હવે બિચારી સુઘરી અને એનાં બચ્ચાં પણ પાણીમાં પલળવા લાગ્યાં. ધ્રુજવા લાગ્યાં.

## ઉપદેશ પણ ક્યારે આપવો

આ પ્રસંગ ઉપરથી આપણે ઘણો બોધ લેવા જેવો છે. સામાને અપમાન લાગતો હોય ત્યારે અને તેવો ઉપદેશ, શિખામણ કે સલાહ પણ ન આપવી. સામેવાળો ખીજાય, ક્રોધે ભરાય અને મારામારી ઉપર આવે એવી રીતે પણ ઉપદેશ ન આપવો. એવા સમયે એ જીવ વિશેષની ઉપેક્ષા સેવીને સાધકે ઉદાસીન ભાવમાં રહેવું એ જ માધ્યસ્થ ભાવના છે. આ સંસારમાં કોઈ એવો ઠેકેદાર નથી કે જેને બધાને સુધારવાનો ઠેકો લીધો હોય.

ભલેને પિતા-પુત્ર કે સાસુ-વહુ અથવા ગમે તે સંબંધવાળો કેમ હોય પરન્તુ માધ્યસ્થ ભાવનાનો ખૂબ ઉપયોગ કરવા જેવો છે. પુત્રને પિતાની શિખામણ ગમતી ન હોય. અને પુત્રનું વર્તન-વ્યવહાર જોઈને પિતાનું કાળજું બળી રહ્યું હોય, ત્યારે પ્રેમ-દયા ઉભરાઈ આવે છે અને પિતા ઉપદેશ-શિખામણ આપે. પરન્તુ તેનાથી તો પુત્ર વધારે ખીજાય છે. છતાં પણ જો પિતા સમજીને સમયસૂચકતા વાપરીને જો મૌન ન રહ્યા તો કદાચ અનર્થકારી પરિણામ આવે. જેને પિતાનો ઉપદેશ-કે શિખામણ નથી ગમતી તે પુત્ર ભડકશે અને સામેથી ઉદ્ધતાઈભર્યું વર્તન કરીને કદાચ પિતાની સામું બોલે, કદાચ પિતાનું અપમાન પણ કરે અને કદાચ આગળની પણ સંભાવના છે, કારણ કલેશ-કષાયને

તો સળગતી આગના જેવી ઉપમા આપી છે. આગ જેમ થોડીવારમાં બધું બાળીને સાફ કરી નાંખે છે તેમ, કદાચ કલેશ-કષાયો પણ થોડી વારમાં જ બાજી બગાડી નાંખે છે. અરે ! હજી ઘરમાં લાગેલી આગ તો પાણી નાંખીને ઓલવી પણ નંખાશે પરન્તુ કષાયોની આગ અને રાગ-દ્વેષની હોળીને વર્ષો સુધી ઓલવવી મુશ્કેલ છે. એટલું જ નહીં સંભવ છે કે એ કષાયો વર્ષો સુધી અબોલા લેવરાવે, ભાઈ-ભાઈ, પિતા-પુત્ર સાસુ-વહુ એકબીજાના દુશ્મન-વૈરી પણ બની જાય, એટલું જ નહીં કદાચ વર્ષો નહીં પણ જન્મો-જન્મ અને ભવોભવ સુધીની વૈર પરંપરા પણ ચાલે. જેમ મરૂભૂતિ અને કમઠ જેવા એક માતાના બે પુત્ર. સગા બે ભાઈ વચ્ચે દસ-દસ ભવની ભંયકર વૈરપરંપરા ચાલી મોટો ભાઈ કમઠ બધા ભવમાં નાના ભાઈ મરૂભૂતિને મારનાર થયો. મારતો રહ્યો.

## ક્રોધ-કષાયનું પરિણામ

અગ્નિશર્મા અને ગુણસેન જેવા બે મિત્રોની વચ્ચે માત્ર મશ્કરીમાંથી સળગેલી વૈરપરંપરાએ નવ-નવ ભવ સુધી દુશ્મનાવટતા રાખી અને મિત્રને મારનાર અગ્નિશર્મા બન્યો. દરેક ભવમાં જુદા જુદા સંબંધો લઈ એક ઘરમાં જન્મીને પણ મારે છે.

યોગશાસ્ત્રમાં હેમચન્દ્રાચાર્ય મહારાજા ફરમાવે છે કે—

> तत्रोपतापकः क्रोधः, क्रोधो वैरस्य कारणम ।
> दुर्गतेर्वर्तनी क्रोधः, क्रोधः शमसुखार्गला ॥

ખરેખર ક્રોધ આગની જેમ બાળનાર છે. વૈરની પરંપરાનું કારણ છે. નરક-તિર્યંચની દુર્ગતિના ખાડામાં પાડનાર ક્રોધ છે. શાન્ત-સુખને તોડનાર કે અટકાવનાર પણ ક્રોધ જ છે. આ જ વાતને ઉમાસ્વાતિ ભગવંતે પ્રશમરતિ ગ્રન્થમાં પણ કરી છે. શાસ્ત્રોમાં સર્વત્ર કષાયોના સ્વરૂપ અને દારૂણ વિપાકોની વાતો કરી છે.

સુભૂમ અને પરશુરામ જેવાને પણ એકબીજામાં ક્રોધે કેવી હોળી સર્જી એ આપણે સૌ ઇતિહાસપ્રસિદ્ધ વાતને જાણીએ છીએ.

અરે ! ઉપદેશ-સલાહ કે શિખામણ પણ કોઈને ત્યાં સુધી જ અપાય કે જ્યાં સુધી સામા વાળાને રૂચિકર લાગતી હોય, ગમતી હોય, અને ઉપકાર ભાવે ગ્રહણ કરવા તૈયાર હોય. જિજ્ઞાસુ આત્મા હોય તો સારું. અન્યથા ઉપદેશ કે સમયસૂચકતા વાપરીને શાન્ત રહેવું. સોના કે હીરાના દાગીના પણ અવસરે જ અને યોગ્ય સ્થાને જ પહેરવામાં આવે તો જ શોભે છે. એ ભૂષણને જ આભૂષણ કહેવાય છે. ક્યારેક લગ્નાદિ પ્રસંગે જ પહેરવામાં આવે તો સારા. રોજ-રોજ બધા જ દાગીના પહેરવામાં આવે તો કદાચ અરૂચિકર લાગે. એમ નીતિકારો કહે છે કે—"**अवसर मुदिताबाणी गुणगण रहितापि शोभते**" – યોગ્ય અવસરે પ્રસંગે કહેવાયેલી વાત તો કડવી હોય તોપણ શોભે છે. તાવમાં કડવી દવા પણ રામબાણ બની જાય છે પણ તાવ વિના કડવી દવા પીવા કોણ રાજી હોય ?

## ઉપદેશની ઉપયોગિતા

એમ અવસરોચિત્ત, સમય જોઈને, પ્રસંગે અપાયેલી શિખામણ, હિતશિક્ષા પણ લેખે લાગે છે. પરંતુ અવસર વિના અપાયેલી લાખ રૂપિયાની કિંમતી શિખામણ પણ નિરર્થક નિવડે છે. જેમ સંગ્રહણી કે મરડાના દર્દીને દૂધ કે દૂધપાક પણ નિરર્થક નિવડે છે. ભલે દૂધપાક ઉત્તમ છે, બદામ-પિસ્તાથી ભરપૂર છે, પણ શું થાય સામેવાલાનાં આંતરડાં એને સંગ્રહી શકે તેમ નથી, તો ઝાડા થઈ જશે અને ઉપરથી પેટ દુખશે, શૂળ ઉત્પન્ન થશે.

એ જ પ્રમાણે હિત-શિક્ષા, ઉપદેશ પણ દૂધપાક જેવાં કિંમતી તત્ત્વ છે. સામેવાળો અધિકારી પાત્ર છે કે નહીં, પચાવી શકશે કે નહીં ? જીરવી શકશે કે નહીં ? વગેરે જોઈ વિચારીને ઉપદેશ આપવો જોઈએ. અન્યથા અવસર વિના, જોયા-સમજ્યા વિના ગમે એટલો

કિંમતી ઉપદેશ આપવા છતાં પણ રાગદ્વેષની હોળી સળગતા વાર નથી લાગતી. શિખામણ કષાયમાં પરિણમી જાય છે અને પિતા–પુત્રમાં પણ વેરઝેરનાં બીજ વવાઈ જાય છે. કષાયોની ગાંઠ એક પડયા પછી છૂટવી બહુ ભારે. વર્ષો પછી પણ છૂટવી મુશ્કેલ છે. કહેવાય છે કે શસ્ત્રના ઘા તો હજી રૂઝાઈ જાય છે, વાગેલી ગોળી પણ નિકળી જાય છે, પરંતુ શબ્દના ઘા વર્ષો પછી પણ નથી રૂઝાતા. શબ્દોના વાગેલાં તીર હૈયું વીંધીને આરપાર ઊતરી જાય છે. કપાયેલું અને ચીરાયેલું હૈયું સંધાયું બહુ મુશ્કેલ છે. કોઈ એઘેશીવ ત્યાં કામે નથી લાગતું.

## માધ્યસ્થ ભાવનાની ઉપયોગિતા

આવા પ્રસંગે જ ખરેખર માધ્યસ્થ ભાવનાની પૂરી જરૂર છે. જેમ ધૂમ તાપ અને અસહ્ય ગરમીમાં વરસાદ કે ઠંડી હવાની જેટલી જરૂરિયાત છે, અકસ્માતના પ્રસંગે ગાડીમાં બ્રેકની જેટલી જરૂરિયાત છે તેના કરતાં પણ હજાર ગણી આવશ્યકતા એક આરાધક સાધકના માટે પ્રસંગે માધ્યસ્થ ભાવનાની છે પૂજ્ય વિનય વિજયજી મહારાજ શાંત સુધારસ ગ્રંથમાં સ્પષ્ટ કહે છે કે—

**योऽपि न सहते हितमुपदेशं, तदुपरि मा कुरु कोपं रे ।**
**निष्फलया किं परजनतप्त्या ? कुरुषे निजसुखलोपं रे ॥**

અરે ! જો કોઈ જીવને હિતોપદેશ આપવામાં આવે અને છતાં પણ તેને ન ગમતો હોય, તે જીવ જો સહન પણ ન કરી શકતો હોય. હે સાધક ! તોપણ તું તેના ઉપર ક્રોધ કરીશ નહીં. પરવ્યક્તિ સંબંધી નિરર્થક નકામી ચિંતા કરીને તું શા માટે તારા પોતાના સુખ-શાંતિનો નાશ કરે છે ? આપણી સાધના અને સુખ-શાંતિને સાચવવાં ખૂબ જરૂરી છે અને તે માટે બીજો ન સમજે કે ન માને તો તું તારા તરફથી કષાય કરીને તારી સમતા ગુમાવી ન બેસતો.

## સ્વામીજીની સુંદર સમતા

ગંગાસ્નાન કરીને મંત્રજાપ કરીને સ્વામીજી વારાણસીમાં પોતાના

મઠે પધારી રહ્યા હતા ત્યાં તો રસ્તામાં જ એક વેશ્યાએ ઉપરથી પાનની પિચકારી થૂંકી અને સ્વામીજીના શરીર ઉપર પડી. કપડાં બગડી ગયાં, પણ મન ન બગડયું. સ્વામીજી બીજી વાર જઈને ગંગામાં સ્નાન કરી આવ્યા. આવતા બીજી વાર વેશ્યાએ થૂંકયું. સ્વામીજી ઠંડીમાં પણ ત્રીજી વાર સ્નાન કરી આવ્યા, અને વેશ્યાએ ત્રીજી વાર, ચોથી વાર એમ સાત વાર થૂંકયું.

આ નાટક જોઈને રસ્તામાં લોકોએ કહ્યું સ્વામીજી એમ તો કેટલી વાર તમે સ્નાન કરશો ? એના કરતા તો એક વાર આંખ લાલ કરીને ગુસ્સામાં જોરથી શ્રાપ આપી દોને ! હમણા પેલી વેશ્યા સીધી થઈ જશે.

સ્વામીજી—અરે ભાઈ ના ! શા માટે ? એક દુષ્ટ દુર્જન માણસ જો પોતાનો સ્વભાવ નથી છોડતો તો એક સાધુ-સંત કે સજ્જન માણસે શા માટે પોતાનો સ્વભાવ છોડવો જોઈએ ? એનો થૂંકવાનો સ્વભાવ છે તો મારો સ્નાન કરી પવિત્ર થવાનો સ્વભાવ છે. હું તો એનો ઉપકાર માનું છું કે એટલી વાર પવિત્ર ગંગામાં સ્નાન તો કરવા મળે છે. ગંગા સ્નાનમાં કેટલું પુણ્ય છે એ તમને કયાં ખબર છે ? અરે ! મને તો એના ઉપર દયા આવે છે કે મારા ઉપર થૂંકવા માટે એને બિચારીને કેટલાં પાન ખાવાં પડશે ? તે પણ બનારસી પાન એક. પાનના રૂપિયા કેટલા લાગે ? અને આટલાં પાન ખાવાથી એને રોગ કેવા ભારી થશે ? અને એનું શું થશે ? પૈસા કેટલા બરબાદ થશે ? વગેરે એના દુઃખની ઘણી દયા સ્વામીજીએ વ્યકત કરી, અને મને તો કોઈ નુકસાન નથી. મારે તો સ્નાન કરવામાં કોઈ પૈસા નથી લાગતા, પુણ્ય મળે છે.

આટલું સાંભળીને વેશ્યા નીચે ઉતરી આવી. સ્વામીજીના પગમાં પડીને ક્ષમા માંગવા લાગી. સ્વામીજી મને પ્રાયશ્ચિત્ત આપો. મારા પાપ ધોવાય. સ્વામીજીએ એક જ વાકય કહ્યું, 'બેન ! મેં તો ગંગામાં સ્નાન કર્યું, હવે તું તારા જ પશ્ચાત્તાપના આંખના આંસુમાં સ્નાન

કરજે, તારાં પાપ ધોવાઈ જશે. આજે સ્વામીજીની દયા, ઉદાસીનતાની વૃત્તિ તે જ માધ્યસ્થ ભાવના–સમતા.

सूत्रमपास्य जडा भाषन्ते, केचन मतमुत्सूत्रं रे ।
किं कुर्मस्ते परिहृतपयसो, यदि पीयन्ते मूत्रं रे ॥

અરે ! આ જગતમાં કેટલાક મૂર્ખશિરોમણિ જીવો ! શાસ્ત્રના સત્ય સમ્યક્ સિદ્ધાન્તો છોડીને શાસ્ત્ર વિરુદ્ધ ભાષણ કરે છે. ગમે તે વિપરીત બોલે છે. એ સાંભળીને આપણું હૈયું હાથમાં ન રહે છતાં પણ તેને માટે આપણે શું કરી શકીશું ? અરે ! કોઈ જીવ દૂધ છોડીને મૂત્ર પીએ તેમાં આપણે શું કરી શકીશું ?

## કર્માધીન સંસારી જીવો

જગતમાં માણસો પણ શું સદા એક સ્વભાવવાળા જ હોય છે ? ના, તે પણ પરિવર્તનશીલ સ્વભાવવાળા હોય છે. કદાચ ઘણીવાર સારા માણસો પણ ખરાબ થઈ જાય છે, અને ઘણીવાર ખરાબ માણસો પણ સારા થઈ જાય છે. જીવમાત્ર કર્માધીન છે.

मिथ्या शंसन्वीरतीर्थेश्वरेण, रोद्धुं शेके न स्वशिष्यो जमालिः ।
अन्यः को वा रोत्स्यते केन पापात्तस्मादौदासीन्यमेवात्मकीनम् ॥

—સ્વયં તીર્થંકર શ્રી મહાવીરસ્વામી ભગવાન પણ પોતાના શિષ્ય જમાલિને પણ મિથ્યાભાષણ અસત્ય અને વિપરીત પ્રરૂપણા કરતા અટકાવી શક્યાં નહીં. અરે ! ગોશાલાને પણ રોકી ન શક્યા..એ પણ પોતાની જાતને તીર્થંકર કહેતો ફર્યો..વિચાર કરો જો મહાવીરપ્રભુ જે શક્તિમાન તીર્થંકર હતા. અને તેમના જ સમવસરણમાં રોજના ૫૦૦ પાડા મારનાર કાળ શૌકરિક કાષાઈ આવીને બેસતો હતો, સંગમઉપસર્ગ કરવા આવ્યો, ગોશાળો પોતાની જાતને તીર્થંકર કહેતો ફરવા લાગ્યો અને જે જમાલીને, તો શ્રીમહાવીર પ્રભુએ પોતાની કન્યા પ્રિયદર્શના પરણાવી તેવા

જમાઈ બનેલા જમાલીને પણ ઉન્સૂત્ર પ્રરૂપણ કરતા શરમ ન આવી અને એક દિવસમહાવીરપ્રભુના શિષ્યમંડળમાં ત્યાગી-વૈરાગી તરીકે પંકાતા શિષ્ય જમાલિ "कडे माणे कडे" જેવી નાની સામાન્ય વાતને ન સમજતા મગજમાં ઉંધુ ભરાઈ જતાં મહાવીરના ધર્મથી વિપરીત પ્રરૂપણા કરવા લાગ્યાં, અને લોકોને મહાવીરનો સિદ્ધાન્ત ખોટો છે એમ સમજાવવા લાગ્યાં છતાં પણ વીરપ્રભુ શું કરી શકયાં ? કંઈ જ નહીં સમજાવવા છતાં પણ ન જ સમજે તો માધ્યસ્થ ભાવના રાખવા સિવાય બીજો વિકલ્પ પણ નથી.

## ઘણાં ખરાબ પણ સારા થઈ ગયાં

પ્રદેશી રાજા જે પરમ નાસ્તિક, નિર્ધાર્મિક અને ક્રૂર-હિંસક મનોવૃત્તિવાળા હતા. ઘણીવાર તો સાધુઓને લાકડીઓ મરાવી પોતાના નગરમાંથી કઢાવી મૂકતા હતા. ધર્મદ્રોહી, સાધુદ્રોહી અને જૂલ્મી રાજા હતા. છતાં પણ કુનેહથી ચિત્રમંત્રી કેશીગણધરને બોલાવી લાવ્યો, અને રાજા અને મહારાજાની વચ્ચે તર્કયુદ્ધ ચાલ્યું. કેશીગણધર મહારાજાએ પ્રથમ રાજાને ખૂબ બોલવા દીધો. એ જેમ તેમ બેફામ બોલતો હતો. એનું સાંભળીને બીજા સાંભળનારાઓને પણ એના ઉપર રોષ જાગી જતો હતો, છતાં પણ કેશીગણધરે બધાને શાંત રાખ્યા.... અને આજ માધ્યસ્થ ભાવનાથી એ શબ્દોની ઉપેક્ષા કરીને અન્તે તર્ક-યુક્તિથી આત્માદિ જેવા સિદ્ધાન્તો એને સમજાવ્યા, પ્રદેશી રાજાએ સ્વીકાર કર્યા, કબુલ કર્યા અને માનીને મહાત્માના પગમાં પડયો.

રાયપસેણીય આગમમાં લખ્યા પ્રમાણે તે ત્રીજા આચાર્યપદનો ઉપાસક બન્યો, સુંદર ધર્મારાધના કરી આત્મકલ્યાણ સાધ્યું. અન્તે પત્ની રાણી સૂરીકાન્તાના હાથે મરવાનો વખત આવ્યો છતાં ખૂબ સમતા અને શાન્તિ રાખી આત્મહિત સાધ્યું.

## " माध्यस्थभावं विपरीतवृत्तौ "

માધ્યસ્થ ભાવના કયાં ભાવવી ? તેનો ઉત્તર આપતા શ્લોકના આ

એક પદમાં કહે છે કે જે વિપરીત દુષ્ટ વૃત્તિવાળા હોય, જેને ધર્મ નહીં પણ પાપ જ ગમતા હોય અને છતાં એની પાપની ટેવ છોડાવવા આપણે ગમે એટલો ઉપદેશ આપવા છતાં કે સમજાવવા છતાં પણ ન સમજે તેવા વિપરીત મનોવૃત્તિવાળા જીવ પ્રત્યે ઉદાસીનતા રાખવી, અને રખે ક્યાંક રાગ-દ્વેષ ન વધે, અને આપણા આત્માનું પણ ન બગડે એવા સમયે અવશ્ય માધ્યસ્થ ભાવનાનો જ આશ્રય લેવો.

" परदोषोपेक्षणमुपेक्षा " :

પારકાના દોષોની ઉપેક્ષા કરવી તે જ મધ્યસ્થ ભાવના છે. તેનું જ બીજુ નામ "ઉપેક્ષા ભાવના" અથવા "ઉદાસીન ભાવના" પણ છે. એક સાધક ના હૃદયમાં જરૂર દુઃખી જીવ ના દુઃખો પ્રત્યે દયા નો ઝરો ઉભરાય છે, કોઈને પાપ કરતા જોઈને, કોઈને ખોટું બોલતા સાંભળીને પણ એનું કાળજુ કપાઈ જાય છે. એના રૂંવાટા ઉભા થઈ જાય છે. બધી વાત સાચી પરન્તુ વડાપ્રધાન કે રાષ્ટ્રપતિને કે રાજા જેવાને પણ લાંચ-રૂશ્વત ખાતા જોઈને અથવા ભ્રષ્ટાચારનું સેવન કરતા જોઇને પણ, અથવા ખોટુ બોલતા કે ખૂન કરતા જોઇને પણ આપણે એક ત્રાહિત માણસ શું કરી શકવાના છીએ ? જ્યાં વાડ જ ચીભડાને ગળે ત્યાં કોને કહેશો ? જ્યાં ઘરના બાપજ દારૂપીતા હશે ત્યાં પુત્ર ને કેવી રીતે સમજાવશું એટલા માટે સાધક એવા અધ્યાત્મમાર્ગી આત્મામાટે ઉપદેશ કે શિખામણ આપવાની પણ એક મર્યાદા છે. અને એ મર્યાદા સુધી જ સાધક ઉપદેશ આદિ આપીને પોતાની ફરજ બજાવી શકે છે. પછી એને પરના દોષો પાપો તરફ ઉપેક્ષા કરવી પડે છે. એ જે મર્યાદાની સીમા છે તેજ માધ્યસ્થ ભાવના છે. બસ માધ્યસ્થ ભાવના તોડીને એ મર્યાદાનું ઉલ્લંઘન કરીને આગળ જવામાં રાગ-દ્વેષની હોળી સળગવાનો ભય રહ્યો છે. જે સ્વ-પર ઉભયનો ઘાતક છે. માટે ઘણીવાર ઉપેક્ષા સેવવાનો પણ સમય આવે છે. એવા સમયે " मौनं सर्वार्थ साधकं " મૌન એજ સર્વ સાધક છે. એમ સમજીને મૌનનું જ આલંબન લેવુ હિતાવહ છે. એવુ માધ્યસ્થ ભાવનાનું કહેવું છે.

"**जिहीर्षेत्युपेक्षणं दुष्टधियामुपेक्षा**"

ભગવાને એવુ તો નથી જ કહ્યું કે-ભલે ક્લેશ કષાય થાય, ઝગડા થાય. કે **મારામારી થાય** છતા પણ તમે બીજાને **સુધારો, કોઈ પણ** ભોગે કે કોઈ પણ ઉપાયે તાડન-મારણ કરીને પણ પાપી **દુષ્ટ ને સુધારો.** ના...પ્રભુએ **એવું** કહ્યું પણ **નથી અને કર્યું** પણ **નથી. અને જગતમાં એ** શકય પણ **નથી.** એક પિતા પણ કદાચ પુત્ર ને **મારી-મારીને** સુધારશે તો પણ કયાં સુધી ? **મારવાની** પણ ઉમર **હોય** છે. **પરન્તુ** કિશોરાવસ્થા કે બાલ્યાવસ્થા પૂરી **થઇ** ગયા **પછી** હવે મોટા થયેલા પુત્રને **મારીને** નહી સમજાવી શકાય. નીતિકારો કહે છે કે–"**प्राप्ते तु षोडशे वर्षे पुत्रं मित्र वदाचरेत**" ૧૬ વર્ષનો થઇ ગયા **પછી** તો પુત્રની સાથે પિતાએ પણ **મિત્રની જેમ** આચરણ **કરવુ જોઇએ. રના** બદલે ચાર વાર પ્રેમથી ઠંડે કળેજે શાન્તિથી સમજાવવો. **અને** છતા પણ **ન માને** તો કર્માધીન જીવ છે. એમ **સમજીને** માધ્યસ્થ ભાવનાનો આશ્રયલેવો એ વખતે **સમજાવવાની** કે મનાવવાની જીદ છોડી **દેવી, સામે** વાળો માણસ **જ્યારે ક્રોધની** આગમાં સળગતો **હોય.** ભારે કષાયમાં તપતો **હોય** એવા **સમયે** શિખામણ ન આપવી. **જેમ** આગમાં કે રાખમાં **નાંખેલું** ઘી વ્યર્થ જાય છે, **સાંપને** પીવરાવેલું દૂધ જેમ વિષને જ વધારે છે. તેમ કદાચ **ક્રોધમાં** કે રાગ-દ્વેષની હોળીમાં બળતા-સળગતા જીવને આપેલો ઉપદેશ પણ ઘીની **જેમ વ્યર્થ** જ જવાનો છે, **અને** સામાવાળાના **ક્રોધમાં** વધારો જ કરવાનો **છે, જેમ** ઘી આગને વધારે છે **પણ** ઓળવતો **નથી** તેમ.

માટે **એ** અવસર છોડી **દેવો. વળી** શાન્ત **થયા પછી** ૧ કે ૨ દિવસ **પછી** એ જ વાતને શાંતિથી સમજાવતા કદાચ **એ** જીવ **સમજી** પણ જાય. આવુ ઘણી વાર જોવામાં આવ્યું છે તે **એક જ** વાત **આંખ** લાલ કરીને **ક્રોધમાં** અથવા અભિમાની ભાષામાં **કહેવાથી** સામાવાળો **નથી** સમજતો જેટલો તે શાંતિથી **સમજાવીને કહેવાથી**, પ્રેમથી, લાગણીથી, હિતબુદ્ધિથી **કહેવાથી** સમજી જાય છે. વાઘ-સિંહ જેવા જીવો પણ લાગણીવશ થઈ જાય **છે** તો માણુસ કેમ **ન થાય ?** માતા કે પિતા કે

ગમે તે ઉપદેશક સમજાવનાર વ્યકિતએ તે જ અવસર છોડીને બીજા પ્રસંગે યોગ્ય અવસરે માર્મિક શબ્દોમાં સમજાવવો જેથી ધાર્યું પરિણામ આવે અને ઓછા શબ્દોમાં સહેલાઈથી કામ પતી જાય.

## માધ્યસ્થ ભાવનાનો એક વ્યવહારુ પ્રયોગ

પોતાના પુત્ર કે શિષ્ય કે મિત્રને પણ કદાચ સમજાવવા છતાં તે ન સમજે તો તે સમયે સમજાવનારે એવો વિચાર કરવો જોઈએ કે કદાચ મારો પુણ્યોદય ઓછો છે, મારો આદેય નામકર્મ, યશનામકર્મ નથી અથવા ઓછો છે જેના કારણે મારા કહેવાની સમાવાળા ઉપર અસર નથી થતી. આટલું સમજીને પોતે શાન્ત થઈ જવું જોઈએ. પછી પુત્ર કે મિત્ર ન સમજે એટલે હાથ ઉપાડવા કે મારવો એ કદાપિ હિતાવહ નથી. કયાં સંસારમાં મારવાથી બધા સુધરી ગયા છે ? મારવાથી કે બાંધવાથી કેટલા સુધરી ગયા છે ? પાંચ કે દસ વાર જેલમાં વર્ષોની સજા ભોગવીને આવેલા, ચાબુકો અને હન્ટરો ખાઈને આવેલા પણ કયાં સુધરી ગયા છે ? હજી પણ ચોરી, પાપ, ખૂન કરતા ડરતા નથી, શરમાતા નથી. તો એવા જીવો સામે ઉપેક્ષા કરવા સિવાય બીજો વિકલ્પ જ નથી. ઉલ્ટા એવા ઘણા ગુનેગાર અપરાધી જીવો સાધુ-સંતોથી એમના ઉપદેશથી સમજી ગયા છે. આ જીવન ચોરી, હિંસા, ખૂનાદિ પાપો ન કરવાની પ્રતિજ્ઞા લઈને તરી ગયા છે.

સાધુસંતો સ્વયં ચારિત્રપાત્ર હોય છે. જે ઉપદેશ આપવાનો છે તે જ તેમને પોતાના જીવનમાં આચરણમાં ઉતારી ચરિતાર્થ કરેલો છે. માટે તેમના ઉપદેશની અસર ઘણી સારી પડે છે. પરન્તુ પુત્ર ઘરમાં પિતા કે મોટા ભાઈ આદિને પણ તેવી જ ભૂલો કરતા જુએ છે, તેવા જ પાપો કરતા જુએ છે પછી તો પુત્ર પણ પિતાની શિખામણ કયાંથી માને ? માટે નાના ડોકટર જેમ કેસને મોટા નિષ્ણાત ડોકટર પાસે લઈ જાય છે તેમ આપણા પુત્ર કે મિત્રાદિને ને પણ બીજા મોટા પ્રતિભાસંપન્ન કોઈ વિશિષ્ટ વ્યક્તિ સાધુ-સંત

અથવા ચારિત્રસંપન્ન પાસે લઈ જઈ તેમને ભલામણ દઈને પણ તેમના ઉપદેશ આદિ દ્વારા સુધારી શકાય છે. આ યુક્તિ અવસરે અવશ્ય વાપરવી જોઈએ. પરંતુ સ્વયં ક્રોધાદિ કરીને અથવા તાડન-મારણ આદિ પ્રયોગથી સમજાવવાની ભૂલ ક્યારેય ન કરવી, અન્યથા ચિકાસ લાગતા ખીલ વકી પણ જાય છે.

## રાગ-દ્વેષ શા માટે કરવાં?

સંસારમાં રાગ કે દ્વેષ કરવા માટે આધારભૂત પાત્રો બે જ છે! એક તો જડ ભૌતિક પૌદ્ગલિક વસ્તુ અને બીજા છે સ્વજન-સગાં સંબંધી સ્ત્રી-પુરુષો.

પહેલાની બારે ભાવનાઓનો ખૂબ શાંત ચિત્તે વિચાર કરવો. અનિત્યાદિ, એકત્વાદિ ભાવનાઓને ખૂબ સારી રીતે ભાવવાથી વ્યક્તિ કે વસ્તુ ઉપરથી રાગ-દ્વેષ નિકળી જશે. રાગ-દ્વેષ કરવાની ઇચ્છા જ નહીં જાગે. માધ્યસ્થ ભાવના ભાવના-યોગના ક્ષેત્રમાં ઘણી મહત્ત્વની છે. બાર અને ચાર એમ સોળે ભાવનાઓના ક્રમમાં અંતમાં માધ્યસ્થ ભાવનાનું વર્ણન કે નંબર આવે છે. તે એટલા માટે કે પહેલાની બધી ભાવનાઓનો સાર આ ભાવનામાં છે. અર્થાત અનિત્યાદિ ભાવનાઓ ભાવેલા ભાવુક જ માધ્યસ્થ ભાવનામાં સ્થિર રહી શકશે. અન્યથા ઘણું કપરું કામ છે. બીજી બધી ભાવનાઓ ભાવવી સરળ છે પરંતુ માધ્યસ્થ ભાવના ભાવવી ઘણી કપરી છે વ્યવહારમાં ઘણાંને જોઈએ છીએ કે જ્ઞાની, જાણકાર, તત્ત્વજ્ઞાની, અનિત્ય અશરણ આદિ ભાવનાઓ ભાવી શકશે. દયાળુ બધા ઉપર કરૂણા રાખી શકશે, ઘણાં ઉપર મૈત્રી રાખવી સરળ છે પણ રાગ-દ્વેષને ન જાગવા દેતા માધ્યસ્થ ભાવના ભાવવી ખરેખર મુશ્કેલ છે.

માણસો પણ સદા એકસરખા સ્વભાવવાળા નથી રહેતા સંબંધો પણ સદા એકસરખા નથી રહેતા અને પુદ્ગલજન્ય પદાર્થો પણ સદા નથી ટકતા આ સંસાર તો ચારદિવસની ચાંદણીના મેળા જેવો છે, પક્ષીના મેળા જેવો છે. તો પછી કોના ઉપર

નિરર્થક રાગ–દ્વેષ રાખવા ? હે આત્મન્ ! એક પુદ્ગલ પદાર્થની વસ્તુઓ ઉપર પણ મોહ–મમત્વાદિ રાખીને તું તો તારી ગતિ જ બગાડે છે, અને સગાં–સંબંધી ઉપર પણ રાગ–દ્વેષ–મોહ–માયા રાખીને તું તો તારા આત્માનું બગાડી જ રહ્યો છે. તને કોઈ ફાયદો નથી માટે તેવા રાગ-દ્વેષ રૂપી ચોરોને તો ઘરમાં ઘૂસવા જ ન દેતો.

## માધ્યસ્થ ભાવનાનો અધિકારી કોણ ?

એમ તો માધ્યસ્થ ભાવનાના અધિકારી સંસારમાં બધા જ જીવો છે. આ તો દરેકના માટે ઉપયોગી છે. જે ભાવે તેને લાભ છે. પરંતુ મુખ્યત્વે સંસારથી વિરલ, અધ્યાત્મમાર્ગી, ધર્મસન્મુખ અને આત્મ કલ્યાણકારી, સ્વહીતૈષી ઉપકારી–પરોપકારી, મોક્ષમાર્ગી દરેક ધર્મી આત્મા માટે આ ભાવના ખૂબ જ ઉપયોગી છે. આ ભાવના ભાલ અને ઢાલ જેવી છે. સ્વ પર ઉભયનું રક્ષણ કરનારી છે. આ ભાવના કોઈ પણ ભાવી શકે છે. એક સંસારી વડીલ–માતા–પિતા કોઈ પણ આનો ઉપયોગ કરશે તેને લાભ જ છે. સાધુ–સંત પણ કરશે તો તેને પણ લાભ જ છે.

## માધ્યસ્થ ભાવનાનું ફળ

આ ભાવનાના પ્રયોગથી સાધકને કર્મબંધ થતો નથી. અને સામાવાળા જીવને પણ કલેશ–કષાયમાં પડતાં બચાવી શકાય છે. અધ્યાત્મ ક્ષેત્રે મોક્ષમાર્ગનાં સોપાનો આગળ ચઢેલો આરાધક જીવ આ ભાવનાના કઠેડા પકડીને પડતાં બચી શકે છે. જે રાગ-દ્વેષને છોડવાની મહાન સાધના સાધી રહયો, તે જ રાગ–દ્વેષની કષાયની હોળીમાં આ ભાવનાનો સાધક ફરીથી નહીં પડે. બચી જશે. સંસાર નહીં વધારે, ભવપરંપરા નહીં વધારે, કષાય નહીં વધારે, અને શાન્ત સ્વભાવે જીવન જીવી શકશે. શાન્તિથી પોતે મેળવેલું પોતાનું પોતાની પાસે જ સાચવી શકશે. આ ભાવનાનો સાધક સમતા સાધી શકશે. પ્રશમરસના સુખમાં તરબોળ થઇ શકશે, વાસ્તવિક આત્મ સુખ અને શાન્તિનો સાચો અનુભવ તે

કરી શકશે. જીવનવ્યવહારમાં અને સંસારમાં આ ભાવનાથી અનેક લાભો સાધકને થાય છે.

ભલે આજના આજે વીતરાગ નથી બની જવાના પરંતુ આ ભાવના વીતરાગતાની દિશામાં તે જ પગથીયાં ચઢાવનાર છે. એટલે આજે પ્રથમ ઉદાસીન બનાવશે. સંસારથી વિમુખ પાપથી વિમુખ અને ધર્મ તથા આત્મસન્મુખ બનાવશે. પહેલા વૈરાગી બનાવશે, પછી એક દિવસ વીતરાગી બની શકાશે. રાગદ્વેષના નિમિત્તો અને પ્રસંગોને ટાળવા આ માધ્યસ્થ ભાવના એક આદર્શ ભાવના છે. જે એક સાધકનો ઉદ્દેશ અને લક્ષ છે કે રાગદ્વેષથી બચવું, ઓછા કરવા અને એક દિવસ સર્વથા ક્ષય કરીને વીતરાગ દશા પ્રાપ્ત કરવી તે આ ભાવના યોગથી જ શકય છે. ચિંતાથી મુંઝાઈ ગયેલા સંતાપથી ડઘાઈ ગયેલા જીવો આ ભાવનામાં આરામ-વિશ્રામ પામે છે.

## ઉદાસીના ભાવમાં ઉપયોગીતા

**कृतकर्मक्षयो नास्ति, कल्पकोटिशतैरपि ॥**
**अवश्यमेव भोक्तव्यं, कृतं कर्म शुभाशुभम् ॥**

કરોડો વર્ષો વીતવા છતાં પણ કરેલા ભારે નિકાચિત કર્મોનો ક્ષય થતો નથી, તે તો ભોગવ્યે જ છૂટકો. શુભાશુભ કર્મોના સારા-ખરાબ વિપાકો જીવને અવશ્ય ભોગવવા જ પડે છે. માટે હે જીવ ! આ કર્મ સત્તાનો સતત ચિંતન-વિચાર કરીને આત્માને સમજાવવાથી તું કર્મની જાલમાંથી બચી શકીશ. આ ઉદાસીન ભાવ લાવવા માટે તે તે જીવોની કર્મની વિચિત્રતાના કારણોને નજર સામે જોવા એક ઉત્તમ ઉપાય છે, અને ઉદાસીનતા એ જ વૈરાગ્યની જનની છે. સર્વ ઉપરના રાગાદિ ભાવોમાં ઉદાસીનતા લાવવાથી જ વૈરાગ્ય પ્રાપ્તિ થશે.

કોઈના પણ દ્વારા કરાતી નિંદા-સ્તુતિ, પ્રશંસા કે અવગણના, માન કે અપમાન આદિ સર્વ પ્રસંગે સમતા રાખવી. ઉદાસીનતા રાખવી

એ પણ આ ભાવનાના ઉપયોગથી સાધ્ય છે.

નિંદાસ્તુતિ પણ રાગ-દ્વેષ જન્ય જ છે. અને કર્મ તથા કર્મજન્ય સુખ-દુઃખાદિ પણ રાગ-દ્વેષ જન્ય જ છે. માટે માધ્યસ્થ ભાવનાવાળો સંસારના રાગ-દ્વેષ જન્ય નિમિત્તોથી બચીને દૂર જ રહેવા માંગે છે.

મિથ્યોપદેશ કરનારા તરફ પણ ઉદાસીનતા દાખવવી. ધર્મમાં મતભેદ પ્રસંગે તેમજ ધર્મોપદેશ પ્રસંગે પણ માધ્યસ્થભાવના રાખી સમભાવમાં રહેવું. ધર્મના નાના નાના તફાવતો કે સાધનાધર્મોના મતભેદોમાં માધ્યસ્થતા સમતુલા ખોઈ બેસવી એતો સામાન્યધર્મ બુદ્ધિનો પણ અભાવ સમજવા જેવો છે. ઉદાસીનતા એ આગમોનો સાર છે. સુવિહિત શાસ્ત્રોનું રહસ્ય છે. **उवसमसारं खु सामण्णं "जो उवसमइ तस्स अत्थि आराहणा" जो न उवसमेइ तस्स नत्थि आराहणा !** બારસા સૂત્રના અન્તે સારભૂત શબ્દોમાં એમ કહેવાયું છે કે—ઉપશમ સાર એ જ શ્રામણ્ય છે. જે ખમે-ખમાવે છે તેજ આરાધક છે. જે નથી ખમતો-ખમાવતો તેને આરાધના નથી. માટે ઉપશમ સમતા ભાવનો ભાર ઉદાસીનતાના માથે છે.

## ઉદાસીનવૃતિથી લાભ

ગાળદેનાર કે માન-અપમાન કરનાર તેમજ દુષ્ટ-દુરાચારી પાપી ઉપર પણ કરૂણા-કલ્યાણ ભાવ રાખવો તે જ માધ્યસ્થભાવના છે. ઔદાસીન્યએ આત્માનું સહાયક સાધક ગુણ છે. એ ગુણની જ પ્રાપ્તિ માટે આ ઉદાસીન ભાવના ભાવવા જેવી છે.

"બહુ બોલે તે બાંઠો" ની કહેવતનો વિચાર કરીને આત્માને સ્થિર કરવાની ખૂબ જરૂર છે. અધ્યાત્મ માર્ગમાં મનની ચંચલતાને રોકવી અને સ્થિરતા લાવવી જ હિતાવહ છે. માધ્યસ્થભાવના રાગ-દ્વેષની ભરતી અને ઓટના કારણે સમુદ્ર જેવા મનમાં આવતા આંદોલનોનેઅટકાવે છે. દુષ્ટ દુરાચારી પાપી વ્યકિતઓમાં જોયેલી પાપવૃત્તિ અને પાપ-પ્રવૃત્તિની

પણ નિંદા ટીકા કર્યા વિના રહેવા માટે પણ હે સાધક ! તારા માટે **માધ્યસ્થ ભાવનાની ખૂબ જરૂરિયાત છે.** કદાચ મહારાગી મોહી જીવને વિરક્ત બનાવવા કે, સંસારના છકાયની વિરાધનાના ખૂંટીમાંથી જીવને બહાર કાઢવા, અથવા મહાકંજુસને દાનધર્મ સમજાવવા તથા દાન કરાવવામાં હે સાધક ! તું જો કદાચ નિષ્ફળ થાય તોપણ મનમાં રાગ દ્વેષ ન ધરતો. તું મનમાં માધ્યસ્થ ભાવનાથી એટલો જ વિચાર કરજે કે "જીવ માત્ર કર્માધીન છે" તે તારૂં કર્તવ્ય બજાવ્યું. એ જ તારો ધર્મફળની આકાંક્ષા ન રાખતો.

સંસારમાં અધર્મીઓની વચ્ચે રહેવા છતાં પણ ધર્મી મહાત્માઓ મુંઝાવાની જરૂર નથી આખી દુનિયાને સુધારવાનું કાર્ય અશક્ય છે. અસંભવ છે. પ્રત્યેક પ્રાણીનું કર્મયોગે માનસિક બંધારણ ભિન્ન ભિન્ન છે, દરેકના કર્મક્ષય ઉપર તેના આત્મિક વિકાસનો આધાર રહેલો છે.

શાસ્ત્રકાર મહર્ષિઓએ ઉદાસીનતા ( માધ્યસ્થ ભાવને ) મહાન તીર્થની ઉપમા આપી છે. એને સુંદર અને અનુપમ કહ્યો છે, "જ્ઞાનસાર"ના અષ્ટકોમાં પૂજ્ય ઉપા. યશોવિજયજી મહારાજે મગ્નતા મમતા આદિ અષ્ટકોમાં અદ્‌ભૂત વર્ણન કર્યું છે, વિકાર વિનાના સદ્‌ગુણોને સાધવામાં ઉપયોગી આ ભાવના પરમ સાધક છે. ઉદાસીન ભાવનાના સાધકને પરમ શાંતિ, અક્ષય સુખની પ્રાપ્તિ સુલભ છે.

## ઉદાસીન ભાવના અને યોગ સાધના

યોગ સાધનાના ક્ષેત્રમાં મહત્વનું ભાગ ભજવનાર માધ્યસ્થ ભાવના છે, આત્માને સ્વભાવરમણતામાં રમાડનાર આ ભાવના છે. ચિત્ત ( મન )ને આંતરમુખી બનાવનાર આ ભાવના છે. ચરાચર વિશ્વના સર્વ વૈભાવિક ભાવોથી આત્માને ઉદાસીન બનાવનાર આ ભાવના છે. ચિત્તવૃત્તિના નિરોધરૂપ યોગસાધનાની સહાયક આ ભાવના છે, આત્મ-શક્તિની અનુભૂત્તિ-પ્રતીતિ અને ઝાંખી કરાવનાર માધ્યસ્થ ભાવના

સર્વોત્તમ છે. ઘણી ભાવનાના વિષયો બાહ્ય છે, પર છે, જે આ ભાવના વિશેષ રૂપે આભ્યંતર અંતરમુખી છે, છતાં બાહ્ય-આભ્યંતર બન્ને નિમિત્તોમાં કાર્ય કરે છે. વિશેષ કરીને કષાયો ઉપર કાબુ મેળવવા આ ઉપયોગી ભાવના છે, અને વીતરાગતા તથા વિરાગતાની સાધક-સહાયક છે. સંસારમાં સર્વ જીવ-અજીવ સાથે રહેવાની ઉત્તમ નીતિ-નિયમ ઘડી આપનારુ આ ભાવના છે. અભ્યાસ સાધ્ય આ ભાવનાના સ્વરૂપને વાસ્તવિક અર્થમાં સમજવી, રખે કયાંક આ ભાવનાને કાયર બનાવનારી કે નબળા બનાવનારી માનવાની ભૂલ કોઈ કરતાં ! ગમે તેવા પાપી કે ક્રોધી કે કોઈ પણ જીવ સામે ઉશ્કેરાઈ ન જવાની સલાહ અને શકિત આ ભાવના જ પૂરી પાડે છે. પ્રમોદ ભાવના પુણ્ય અને ગુણનો વિષય અપનાવે છે. ત્યારે માધ્યસ્થ ભાવના પાપ-અને દોષને નજર સમક્ષ રાખે છે, " મન સાંધ્યું તેણે સઘળુ સાંધ્યું " એ આનંદ ઘનજીનીઉકિત આ ભાવના જ સફળ કરે છે, ભાવનાનો મહિમા ગમે તેટલો ગાઈએ પરંતુ તેની અનુભૂતિ તો જીવનમાં અનુભવવાથી જ થાય છે. સર્વ જીવો આ ભાવના યોગમાં તન્મય બનો એ જ શુભ ભાવના.

## * સૌજન્ય *

**શ્રી સમસ્ત વડોદરા જૈન શ્વે. મૂર્તિ. સંઘ,**

**શિબિર આયોજન સમિતિના ઉદાર સૌજન્યથી**

**આ પુસ્તિકા છપાવી પ્રસિદ્ધ કરવામાં આવી છે.**

પ. પૂ. મુનિરાજ શ્રી અરૂણવિજયજી મહારાજ

— દ્વારા લિખિત અને સંપાદિત —

"શ્રી મહાવીર જૈન સાહિત્ય પ્રકાશન"નું

← પ્રકાશિત વિશિષ્ટ સાહિત્ય →

* "કર્મ તણી ગતિ ન્યારી"–(બીજી આવૃત્તિ)

વિશ્વભરના ધર્મ તથા દર્શનોમાં જૈન ધર્મ કર્મ સાહિત્યના ક્ષેત્રે વિશિષ્ટ સ્થાન ધરાવે છે જૈન કર્મ વિજ્ઞાન જેટલી વિસ્તૃત ઝીણવટભરી સમજણ બીજે ક્યાંય સુલભ નથી. એવા કર્મ વિજ્ઞાનના તત્વજ્ઞાન ઉપર સુરત ચાતુર્માસમાં આયોજિત શિક્ષણ શિબિરની સચિત્ર જાહેર વ્યાખ્યાન-માળામાં પૂજ્યશ્રી અરૂણવિજયજી મહારાજે આપેલા પ્રવચનોની સંકલિત પુસ્તિકા જેમાં કર્મ સિદ્ધાન્તની રૂપરેખા સરલ રીતે રજુ કરાઈ છે.

* ભાવના ભવનાશિનિ — અનિત્યાદિ ૧૨ તથા મૈત્રી આદિ ૪ એમ ૧૬ ભાવનાઓ સમજાવતી ભાવના યોગ સંબંધી વડોદરામાં આયોજિત ચાતુર્માસિક રવિવારીય શિબિરની સચિત્ર જાહેર વ્યાખ્યાનમાળાની સંકલિત પુસ્તિકા.

* રત્નાકર પચ્ચીશી (સાર્થ)
* આત્મનિંદા દ્વાત્રિંશિકા (સાર્થ)
* નિયમ ડાયરી
* બાર વ્રત નોંધ
* શ્રી વિપાકસૂત્ર(મૂળ-ટીકા તથા ગુર્જરાનુવાદ સાથે)
* શ્રી ઉપાસક દશાંગ સૂત્ર - ( ,, ,, ,, )
* શ્રી ભગવતી સૂત્ર (સંપૂર્ણ) - મૂળ તથા ટીકા સાથે ૩ ભાગ (પ્રેસમાં)
* શ્રી અંતકૃતદશા તથા અનુત્તરોપપાતિક દશા સૂત્ર (મૂળ-ટીકા તથા ગુર્જરાનુવાદ સાથે) (પ્રેસમાં)
* શ્રી ભક્તામર સ્તોત્ર (હિન્દી અર્થ સાથે)
* ચોવીશ જિન સ્તુતિ-ચૈત્યવંદન-સ્તવનાદિ.

